जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

શ્રી સિદ્ધર્ષિ વિરચિતા

# ઉપમિતિ ભવપ્રપંચા કથા

## ભાષા અવતરણ.

બીજો વિભાગ, પ્રસ્તાવ ૪-૫.

અનુવાદક અને યોજક


**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

બી, એ; એલ્ એલ્, બી.

સોલિસિટર અને નોટરી પબ્લીક,

હાઇકોર્ટ, મુંબઈ.



આ શ્રી કૈલાસસાગર સૂરિ [illegible]

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

ના. ક.



પ્રસિદ્ધકર્તા

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,**

ભાવનગર.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦.

વીરાત્ ૨૪૫૦. વિક્રમ ૧૯૮૦. ઇ. સ. ૧૯૨૪.

મૂલ્ય રૂ. ૩-૦-૦.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पृष्टोऽनेनैको महावैद्यः । दत्तस्तेनोपदेशः । सम्यगवधारितोऽनेन । गृहीतमुपकरणम् । गतो रात्रौ शिवायतनम् । इतश्च बृहतीं वेलां नाटयित्वा वठरगुरुं श्रान्ता इव प्रसुप्तास्ते तस्मिन्नवसरे धूर्ततस्कराः । ततः प्रविष्टो माहेश्वरः । प्रज्वालितोऽनेन शिवमन्दिरे प्रदीपः । ततो दृष्टोऽसौ वठरगुरुणा माहेश्वरः । तथाभव्यतया च सञ्जातखेदेन याचितोऽसौ जलपानः । माहेश्वरः प्राह । भट्टारक ! पिबेदं तत्त्वरोचकं नाम सत्तीर्थोदकं । पीतमनेन । ततः प्रनष्टः क्षणादुन्मादो निर्मलीभूता चेतना विलोकितं शिवमन्दिरं दृष्टास्ते धूर्ततस्कराः । किमेतदिति पृष्टो माहेश्वरः । कथितोऽनेन शनैः शनैः सर्वोपि वृत्तान्तः ।······ततः प्रविघाटितश्चित्तापवरकः । प्रकटीभूतं कुटुम्बकं । आविर्भूता रत्नराशयः । प्रविलोकिता सर्वापि निजशिवमन्दिरविभूतिः । सञ्जातः प्रमोदातिरेकः ।

श्री सिद्धर्षि–पंचम प्रस्ताव.

(જુઓ પૃ. ૧૨૭૬-૭૭.)

---

આ ગ્રંથ શ્રી મુંબઈમાં નિર્ણયસાગર પ્રેસમાં રામચંદ્ર યેસૂ શેડગેએ
મુદ્રિત કર્યો અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર)ના
પ્રમુખ શેઠ કુંવરજી આણંદજીએ પ્રસિદ્ધ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુરબ્બી કાકાશ્રી

# કુંવરજી આણંદજી.

ભાવનગર.

આપના જૈન ધર્મના દઢ સંસ્કાર, દ્રવ્યાનુયોગનો ચાલુ ઊંડો અભ્યાસ, સંસ્કારી ધાર્મિક જીવન, ધર્મપ્રકાશન અને અભ્યાસ કરાવવાની તિવ્ર ઇચ્છા, અનેક શુભ પ્રવૃત્તિઓમાં અર્પેલી જીંદગી, જાહેર કાર્યોમાં માનસિક સરળતા અને સમાનતા, જૈન ધર્મ પ્રસારકસભા સાથેનો આપનો આત્મીકૃત સંબંધ, અનેક ગ્રંથોને શુદ્ધ રીતે પ્રકાશ કરવાનો ભગીરથ અને અનુકરણીય પ્રયત્ન, નિરભિમાનવૃત્તિ, સાદું સરળ જીવન, મારા ઉપર આપની મમતા, બાળકાળથી અભ્યાસ કરાવવાની ચીવટ અને મારા સર્વ લેખો કે પુસ્તકોને અંગે ધાર્મિક અને કળાની દૃષ્ટિએ કરાતાં અનેક સૂચવનો આદિ અનેક કારણોથી આકર્ષાઇ આ મારો લઘુ પ્રયત્ન આપના ચિરસ્મરણીય નામ સાથે જોડવાની આજ્ઞા માગું છું તો આપ મારૂં અર્ધ્ય સપ્રેમ સ્વીકારી શુભાશીર્વાદ આપશોજી.

સેવક,

મોતીચંદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અબ હમ અમર ભયે ન મરેંગે.

યા કારણ મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગે. અબ. ૧

રાગ દોષ જગ બંધ કરત હૈ, ઇનકો નાસ કરેંગે;

મર્યોં અનંત કાલતેં પ્રાણી, સો હમ કાલ હરેંગે. અબ. ૨

દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;

નાસી જાસી હમ થીરવાસી, ચોખે વ્હૈ નિખરેંગે. અબ. ૩

મર્યોં અનંત વાર બીનસમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;

આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે. અબ. ૪

આનંદઘન.

# પ્રસ્તાવના.

લગભગ ત્રણ વર્ષે આ રૂપક મહાકથાનો બીજો ભાગ બહાર પડે છે. મારી પાસે આખું મેટર લગભગ તૈયાર છે. ત્રીજો ભાગ જલ્દી બહાર પાડવા ઉત્કંઠા છે. ત્રીજા ભાગમાં પુસ્તક પૂર્ણ કરવામાં આવશે.

આ ચોથા અને પાંચમા પ્રસ્તાવમાં ઘણા ચમત્કારો છે. ગ્રંથકર્ત્તાની ખૂબિ ચોથા પ્રસ્તાવમાં જણાઈ આવે છે. તેઓ મહાકવિ તરીકે કેવા પ્રતિભાશાળી હતા તે છ ઋતુનાં વર્ણનો અને બીજા અનેક અલંકારિક ચિત્રોમાં જણાઇ આવે છે. વિમર્શ પ્રકર્ષ ભવચક્ર નગર જોવા જાય છે ત્યાં તેમનો અનુભવ ગ્રંથકર્ત્તાની બારિક અવલોકનશક્તિ બતાવે છે. આખી દુનિયાનો કોઈ પણ વિષય બાકી ન રહે એવી એ યોજના છે. સાત પિશાચીઓ ગ્રંથકર્ત્તાની હકીકતને ટુંકામાં લાવવાની શક્તિ બતાવે છે. બાકી ચિત્તવૃત્તિ અટવીમાં પ્રમત્તતા નદી, તદ્વિલસિત બેટ, ચિત્તવિક્ષેપ મંડપ, તૃષ્ણા વેદિકા અને વિપર્યાસ સિંહાસન ઉપર મોહરાજા, તેનો આખો પરિવાર, એમાં રાગદ્વેષનાં સ્થાન, કષાયોનાં સ્થાન, હાસ્યાદિનાં સ્થાન, સાત કર્મરાજાઓનાં સ્થાન, કર્મપરિણામની મધ્યસ્થતા એક બાજુએ વિચારીએ અને બીજી બાજુએ સાત્વિકમાનસપુરમાં આવેલા વિવેક પર્વતના અપ્રમત્તત્વ શિખરપરનું જૈનનગર, ચિત્તસમાધાન મંડપ, નિઃસ્પૃહતા વેદિકા અને જીવવીર્ય સિંહાસનપર ચારિત્રરાજને જોઇએ ત્યારે શાંત થઈ જઇએ તેવાં કલ્લોલો થાય છે. ગ્રંથકર્ત્તાએ એ મોહ ચારિત્રનાં સ્થાન યોજવામાં કેટલી અસાધારણ કલ્પના દોડાવી હશે તેનો ખ્યાલ આવે છે. કવિ અને લેખક તરીકે તેમના સ્થાનનો વિચાર વિસ્તારપૂર્વક ઉપોદ્‌ઘાતમાં કરવામાં આવશે.

ચોથા પ્રસ્તાવમાં સંસારીજીવ રિપુદારણ તરીકે ઓળખાય છે. ત્યાં એને શૈલરાજ અને મૃષાવાદનો પરિચય થાય છે. આ બન્ને પાપો એને કેટલો ચઢાવે છે અને પાછો પાડે છે તેની વાર્તા ધ્યાનમાં લેવા જેવી છે. રિપુદારણનો ગર્વ, ગુરૂ અને સહાધ્યાયીઓ સાથે અભિમાની વર્તન, રાજસભામાં એની થયેલી હાંસી અને અભિમાનના આવેશમાં એણે અતિ પ્રેમી નરસુંદરીનો કરેલો તિરસ્કાર બહુ સુંદર ચીતર્યા છે. આખરે એ દુષ્ટ વર્તનવાળા અભિમાની જુઠા . છોકરાનો પિતા ત્યાગ કરે છે. વિચક્ષણાચાર્ય ત્યાં આવે છે અને તેઓ રસનાની લંબાણ કથા કહે છે તેમાં વિમર્શ અને પ્રકર્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવચક્રનું વર્ણન કરે છે તે આબાદ છે, કોઇ પણ શિષ્ટ લેખકને કે સહૃદય વાંચકને વિચારમાં નાખી દે તેવું છે અને વર્તમાન કાળમાં આખી દુનિયાનો સમુચ્ચયે ખ્યાલ આપે તેવું છે. એમાં અટવી આદિની યોજનાને અંગે કથા કહીને કેટલોક ઉપયોગી ઉપનય કર્ત્તા પોતે પણ ઉતારે છે. વિવેક પર્વત પરથી મામાભાણેજ અવલોકના કરે છે ત્યારે દુનિયાના મોટા દુર્ગુણોનો ખ્યાલ આવે છે; માંસભક્ષણ, શિકાર, ગણિકા, ધનગર્વ, વિકથા, ચોરી આદિનાં દૃષ્ટાન્તો અને ફળો બહુ ધ્યાન ખેંચે તેવી રીતે દર્શાવી, ચાર અવાંતર નગરોમાં વાંચનારને ફેરવે છે. આ સંસારનો તેથી પૂરો ખ્યાલ આવે છે, ભવપ્રપંચ નજરે પડે છે અને તે ખ્યાલમાં કાંઇ અલ્પતા રહેતી હોય તો સાત પિશાચીઓ તે વાત વધારે ખુલ્લી કરે છે. સાથે વળી મુખ્ય દર્શનકારોનાં ખ્યાલ પણ મળી જાય છે.

આવી રીતે મુંઝવણમાં પડેલ મન જ્યારે ચારિત્રરાજમાં આખા પરિવારનું વર્ણન વાંચે છે ત્યારે તેને જરા શાંતિ થાય છે. આવી રીતે ચોથો પ્રસ્તાવ આખા ગ્રંથના મધ્યબિન્દુ તરીકે કામ આપે છે. તેમાં મુખ્ય વિષય તો મૃષાવાદનાં મીઠાં ફળ, માનથી થતી હાનિઓ અને રસેંદ્રિય લુબ્ધતાનાં ભયંકર પરિણામ છે; પણ ગ્રંથકર્ત્તાએ આ પ્રસ્તાવ બહુ મજાનો બનાવવા પ્રયત્ન કર્યો હોય એવું લાગે છે. આખો ગ્રંથ અનુભવ કરાવે તેવો, આત્મજાગૃતિ કરાવે તેવો, સંસારને ખરા આકારમાં વિશાળ રીતે બતાવે તેવો છે અને તે બાબતમાં સર્વથી ઉચ્ચ સ્થાન આ ચોથા પ્રસ્તાવને મળે છે. એ ભાગ કવિત્વ અને અનુભવનો નમુનો છે, સહૃદય વિચારકને પોતાનાં ખરા સ્થાનકે લાવે તેવો છે, ઘણો સ્પષ્ટ રીતે લખાયલો છે અને ઘણોજ મનનીય છે. આગળ ઉપોદ્ઘાતથી જણાશે કે આ ચોથો પ્રસ્તાવ આખા ગ્રંથના મધ્ય બિન્દુ તુલ્ય અને ભાષાજ્ઞાનની નજરે આખા ગ્રંથમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

સાહિત્યની નજરે પાત્રની રચના અને પ્રસંગોનું વર્ણન વધારે સુઘટ, વધારે સ્પષ્ટ અને ગ્રંથના ભાવને સ્પષ્ટ કરનાર આ ચોથા પ્રસ્તાવમાં છે. આખા ગ્રંથમાં કેન્દ્રસ્થ લક્ષ્ય મોહ અને ચારિત્રનાં સ્થાન બતાવવાનું છે એ વાત જો સ્વીકાર્ય ગણાય તો લક્ષ્ય-મુદ્દો પાર પાડવાની ભવ્ય સામગ્રી સચોટ રીતે આ ચોથા પ્રસ્તાવમાં ભરી છે અને તે પટ્ટભૂમિકા રૂપે આગળ કેવું સારૂં ફળ આપે છે, એના ઉપર કેવા ચિત્રો રચાય છે તે જોવાશે, પણ ભૂમિકાની સ્પષ્ટતા અને તૈયારી બહુ સારી અત્ર કરવામાં આવી છે. એ વાતની સ્પષ્ટતા તો આઠમા પ્રસ્તાવમાં થઈ શકશે પણ એ સાધ્ય લક્ષ્યમાં રહેશે તો વાર્તાપ્રસંગમાં સાથે નવીન રસ જામતો રહેશે જેનો સાક્ષાત્કાર ધીમે ધીમે આગળ થશે અને તેની પરાકાષ્ઠા છેલ્લા પ્રસ્તાવમાં થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રસ્તાવ વાંચતાં એક વાત લક્ષ્યમાં રાખવાની બહુ જરૂર છે. ગ્રંથકર્ત્તાએ ગ્રંથમાં એક શબ્દ પણ વાર્તા માટે લખ્યો નથી, છતાં વાર્તાને એક અદ્દ્ભુત નવલકથા અથવા અદ્દ્ભુત આખ્યાયિકા (romance) ના આકરમાં લખવામાં તેણે ફતેહ મેળવી છે, કથાના પ્રત્યેક શબ્દમાં રૂપક (allegory) કાયમ રાખેલ છે અને તેમાં કોઇ પણ સ્થાને સ્ખલના કરી નથી. આથી આ ગ્રંથ નવલકથા આખ્યાયિકા કથા અને રૂપક કથામા ભાવો એક સાથે બતાવે છે. આ વિષયપર ઉપોદ્દ્ઘાતમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. અત્ર તે વાતપર લક્ષ્ય ખેંચવાની આવશ્યકતા લાગી છે.

ચોથા પ્રસ્તાવમાં એટલા માટે ખાસ લક્ષ્ય રાખીને મેં પ્રકરણો પાડ્યાં છે. પ્રકરણ અને શીર્ષક (headings) ની તથા બાજુપર કરેલા ઉપ-શિર્ષકની જવાબદારી મારી છે. એ દ્વારા એક ચાલુ ગ્રંથને ગ્રંથકર્ત્તાના મૂળ વિભાગમાં કે ગોઠવણમાં ફેરફાર કર્યા વગર નવલકથાનો આકાર આપવા મેં પ્રયત્ન કર્યો છે.

પાંચમાં પ્રસ્તાવનો મુખ્ય મુદ્દો સ્તેય (ચોરી) અને માયાનાં ભયંકર પરિણામો બતાવવાનો છે. ગ્રંથકર્ત્તાએ પ્રાણાતિપાત, મૃષાવાદ, સ્તેય (ચોરી), સ્ત્રીસંયોગ અને પરિગ્રહને ત્રીજાથી સાતમા પ્રસ્તાવમાં અનુક્રમે ચીતર્યા છે, જ્યારે ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રત્યેકને ત્રીજાથી છઠ્ઠા પ્રસ્તાવમાં ચીતર્યા છે. અંતરકથામાં સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રને અનુક્રમે ત્રીજાથી સાતમા પ્રસ્તાવમાં ચીતર્યા છે અને એને વશ પડનારાના અને એમાં આસક્તિ રાખનારના હાલહવાલ ચીતર્યા છે. વામદેવ સંસારીજીવ અત્ર થાય છે અને સ્તેય માયાનાં ફળ બતાવે છે જ્યારે બુધાચાર્યના ચરિત્રમાં 'મન્દ' ઘ્રાણઆસક્તિનાં ફળ બતાવે છે. આ પાંચમાં પ્રસ્તાવમાં વિમળ નામના રાજકુમારનું ચરિત્ર નૈસર્ગિક ઉત્તમ વર્તનવાળાની વિશાળતા અને વિશિષ્ટતા કેવા હોય છે તે ખાસ ધ્યાન ખેંચે છે. એની સરલતાથી એ દુનિયાને કેવી સારી માને છે, એની સહાનુભૂતિ યોગ્ય વખતે ચૂતમંજરીનો કેવો બચાવ કરે છે, એને માર્ગ દર્શન થતાં એ કેવો સરળભાવે સત્ય શોધવા મંથન કરે છે અને સત્સંગતિ થતાં એનું ઉત્થાન કેવું ઉત્તમ થાય છે વિગેરે અનેક મનનીય પ્રસંગો આ પ્રસ્તાવમાં આવે છે.

અવાંતર બાબતોને અંગે બઠરગુરૂનું કથાનક અને ચારિત્રધર્મની સેનાપતિ અને મંત્રી સાથે મંત્રવિચારણા બહુ મનનીય છે. ચારિત્ર મોહનું યુદ્ધ ચોથા પ્રસ્તાવમાં સ્થાપિત કરેલી ભૂમિકા ઉપર પ્રથમ ચિત્ર પાડે છે; એ નાટકનો પ્રથમ પડદો છે જેમાં ચારિત્રરાજની હાર થાય છે. એ પ્ર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંગમાં સદ્બોધમંત્રી સંસારીજીવ ઉપર હારજીતનો આધાર કેટલો રહે છે તેની ચર્ચા કરે છે તે પ્રસંગ બહુ મનનીય છે. છેવટે વામદેવના હાલહવાલ થાય છે તે તેના દુર્ગુણોનું ફળ છે. બુધચરિત્રમાં પંદર બાબતો બહુ વિચારણીય બતાવે છે, સંસારનો તાપ અને સાધુજીવનની શાંતિનો તે સચોટ ખ્યાલ આપે છે.

ચોથા પ્રસ્તાવમાં કેટલાક પ્રસંગે ઘણી લંબાણ નોટો લખી છે. આ ગ્રંથ જૈન ન હોય તેને વાંચવામાં મુશ્કેલી ન પડે તે ધ્યાનમાં રાખ્યું છે, છતાં પારિભાષિક શબ્દ નહિ જ આવ્યા હોય એવો દાવો તો હોઇ શકે નહિ. ચોથા પ્રસ્તાવના ચાર પરિશિષ્ટો લંબાણ નોટને છેવટે રાખવા માટે આપ્યા છે. તેમાં ષટ્પુરના નિર્વૃતિમાર્ગોનું પરિશિષ્ટ ( નં. ૩ ) તદ્દન શુષ્ક વિભાગ છે અને દાર્શનિક બાબતમાં રસ લેનારને જ મજા આપે તેવું છે અને પિંડવિશુદ્ધિનું પરિશિષ્ટ જૈન વાંચકને રસ આપે તેવું છે.

પ્રથમ ભાગ પેઠે અહીં પણ દરેક પ્રસ્તાવની શરૂઆતમાં પાત્રો તથા નગરનું પત્રક વાંચનારની સગવડ માટે મૂક્યું છે અને 'કથાસાર' શરૂઆતમાં લાંબી વાર્તા યાદ કરી જવા અથવા હકીકત સ્પષ્ટ કરવા આપેલ છે. ત્રીજા વિભાગને અંતે પાત્રો તથા સ્થાનોનું અક્ષરાનુક્રમે ઓળખાણ આપનારૂં પત્રક આપવાનો ઇરાદો છે.

ત્રીજો ભાગ સહજ મોટો થશે તો પણ તેમાં ઉપોદ્ઘાત વિગેરે સર્વ આપી ગ્રંથ પૂરો કરવાની ઉમેદ છે. આખો લેખ તૈયાર છે, માત્ર ઉપોદ્ઘાત લખવી બાકીમાં છે. આશા છે કે ત્રીજો વિભાગ ૧૯૨૫ ની આખર સુધીમાં બહાર પાડી શકાશે. છાપખાનાની સત્ત્વરતા ઉપર ઘણો આધાર રહે છે.

આ ગ્રંથની છેવટે શ્રી પ્રભાવકચરિત્રમાંથી આ ગ્રંથના કર્ત્તા શ્રી સિદ્ધર્ષિ ગણિનું ચરિત્ર મૂક્યું છે. એ પ્રભાવકચરિત્ર ગ્રંથ ઘણો વાંચવા યોગ્ય છે. મૂળ બહુ આહ્લાદક છે અને શબ્દ અને અર્થગાંભીર્યયુક્ત છે તેથી મૂળ અને ભાષાંતર બન્ને આપ્યાં છે. એ ચરિત્ર જોવાથી ગ્રંથકર્ત્તાની વિદ્વત્તાનો ખ્યાલ આવશે. એ ચરિત્ર ઉપર ઘણું લખવાનું છે જે ઉપોદ્ઘાતને અંગે ત્રીજા ભાગમાં આવશે. અત્ર તે ચરિત્ર શરૂઆતમાં વાંચવા વિજ્ઞપ્તિ છે એટલે ગ્રંથકર્ત્તાની કાંઈક ઓળખાણ પ્રાચિન પુરુષોની દૃષ્ટિએ થશે.

આખો ગ્રંથ વિચારવા યોગ્ય છે, પ્રત્યેક પ્રકરણ વિચારવા યોગ્ય છે, જીવનના પ્રસંગો સાથે ઓતપ્રોત પોરવાઇ ગયેલ બાબતોથી ભરપૂર છે, જીવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નને નવી દિશાએ દોરે તેવો છે, જીવનનાં સાધ્યો સ્પષ્ટ કરે તેવો છે, વિચારમાં નાખી દે તેવો છે અને તેમાં પણ કેટલાક પ્રસંગો તો હૃદયને પીગળાવે તેવા છે, જાગૃત કરે તેવા છે, દૂર જોવાને બદલે નીચું જોવરાવે તેવા છે, આગળ જોવાને બદલે અંદર જોવાનું કરે તેવા છે, અન્યને બદલે પોતાને જોવરાવે તેવા છે, સામેનો વિચાર કરવાને બદલે પોતાનો ખ્યાલ કરાવે તેવા છે, સ્થૂળ રસિકતાને બદલે સત્ય રસનું ભાન કરાવે તેવા છે અને એકંદરે સંસાર કેવો છે, શામાટે છે, કેટલા વખત સુધીનો છે, કોને માટે છે, કોને માટે નથી અને આ બધી ઘુંચવણોનો નીકાલ કેમ થાય તેનો ખ્યાલ કરાવવા આ ગ્રંથ જેવું અન્ય કોઇ પુસ્તક મારા જોવામાં આવ્યું નથી. ગ્રંથ મોટો છે એમ ધારવા કરતાં એમાંનો કોઇ પણ પ્રસંગ નકામો છે એમ શોધવાની જરૂર છે. એના પ્રત્યેક પ્રસંગપર પ્રકરણો લખાય તેવી તેમાં વિશાળતા અને અર્થગંભીરતા છે.

આ ધમાધમના કાળમાં આવા ગ્રંથો ખરેખર વાંચવાની જરૂર છે. આપણે ક્યાં ઘસડાઇએ છીએ, કોણ ઘસડે છે, શામાટે ઘસડે છે, એવું ક્યાં સુધી ચાલશે, આપણો માર્ગ કયો છે, સાધ્ય શું છે, રસ્તો કયો લીધો છે અને એવી રીતે તણાતાં જતાં કેવા હાલ થયા અને થશે—એનો વિચાર કરવાની જરૂર છે, એનો ખ્યાલ કરવાની જરૂર છે, એની ચોખવટ કરવાની જરૂર છે, એનું પ્રથક્કરણ કરવાની જરૂર છે. આ ગ્રંથ એ બાબતમાં ઘણું અજવાળું પાડશે. બાકી આખી વાર્તા દરમ્યાન વામદેવની જેમ બેસી રહે કે નિષ્પુણ્યકની જેમ ઠીકરાની ચિંતા કરે તો તેને આ ગ્રંથ વાંચવો, ન વાચવો—સરખું જ છે. આ ગ્રંથ જીવનના પ્રત્યેક પ્રસંગને ચીતરનાર હોઇ લગભગ દરેક પ્રસંગે વિચારમાં રાખવા યોગ્ય છે, એને વિચારપૂર્વક વાંચવાથી પ્રત્યેક પ્રસંગે થતું નાટક જોવાશે, મોહરાયના પ્રપંચો અનુભવાશે અને બહુ બહુ જાણવાલાયક મળી આવશે. માત્ર દ્રષ્ટિની સાધ્યતા, સાપેક્ષ્યતા અને સ્પષ્ટતા રાખવાની જરૂર છે, અવલોકનની આવશ્યકતા છે અને પ્રથમ સમુચ્ચય અને પછી પ્રથક્કરણ કરી મનોવિકારોનો ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે. શોધકને આમાંથી નવનીત મળશે, જિજ્ઞાસુને બોધ મળશે, માર્ગશોધકને રસ્તા સૂજી આવશે અને મુમુક્ષુને ઇષ્ટ ચીજ સાંપડશે. આ હકીકતમાં જરા પણ અતિશયોક્તિ નથી. પ્રેમભાવે, સહકારી ભાવે, સાપેક્ષભાવે એનાં વાંચન મનન અને ચિંતવનની જરૂર છે.

આખું અવતરણ મારા કાકા શ્રી કુંવરજી આણંદજી એ તપાસી આપ્યું, પન્યાસશ્રી મેઘવિજયજીએ મૂળ ગ્રંથ સાથે રાખી સુધારી આપી અનેક ઉપયોગી સૂચના કરી તે માટે તેઓશ્રીનો આભાર માનવાની તક લઉં છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારી સભાના પ્રમુખ અને મારા કાકાશ્રીનો મારાપર સતત ઉપકાર ચાલુ છે તેના સ્મરણમાં આ ગ્રંથ તેમના નામ સાથે જોડી આનંદ માનું છું. એમની સતત્ પ્રેરણાનું પરિણામ આ ગ્રંથ છે.

આખી વાર્તાનો મેળ આઠમા પ્રસ્તાવમાં મળશે. એ વિભાગ બહુ મજાનો છે, ઘણોજ મનનીય છે અને આખા ગ્રંથનો સાર બતાવનાર છે. એ વાંચવા ઉધુક્ત થઈ રહેવા વિજ્ઞપ્તિ કરી આ અતિ રસાળ વિભાગમાં પ્રવેશ કરવા પ્રાર્થના કરે છું.

સેવક,

પ્રીન્સેસ સ્ટ્રીટ, મનહર બીલ્ડિંગ. }
મુંબઇ, સં. ૧૯૮૦. ચૈત્રી પૂર્ણિમા. } મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## દ્વિતીય ભાગ.

## પ્રસ્તાવ ૪.

### કથાસાર.

**પ્રકરણ ૧ લું-રિપુદારૂણ અને શૈલરાજ.** સંસારીજીવ પોતાનું ચરિત્ર **સદાગમ** સમક્ષ કહે છે. ત્યાર પછી **સંસારીજીવ સિદ્ધાર્થનગરે નરવાહન** રાજાને ત્યાં **વિમલમાલતીની** કુક્ષીએ જન્મ લે છે. યોગ્ય ઉત્સવ થયા પછી તેનું **રિપુદારૂણ** ( દારણ) નામ પાડવામાં આવે છે. એના જન્મને જ દિવસે **અવિવેકિતા** ધાવે આઠ મુખવાળા **શૈલરાજ** નામના પુત્રને જન્મ આપ્યો, જે તેને અગાઉ **દ્વેષગજેંદ્ર** સાથે થયેલા સંયોગનું પરિણામ હતું. પાંચ વર્ષની વયે રિપુદારૂણ અને **શૈલરાજ**ને મૈત્રી થઇ. **શૈલરાજ**ની અસર ધીમે ધીમે કથાનાયકપર વધારે થતી ચાલી: અક્કડતા વધી, મિથ્યાભિમાન વધ્યું અને અભિમાન ચઢવા લાગ્યું; વિચારો પણ તેવાજ થયા અને વર્તન પણ તેવું જ થતું ચાલ્યું. પિતાએ વળી તે અભિમાનની વધારે પોષણા કરી. આ સર્વ પ્રતાપ **શૈલરાજ**નો છે એમ નાયકે માન્યું. પછી **શૈલરાજે રિપુ**૦ ને ચિત્તસ્તબ્ધ લેપ આપ્યો, તેના ગુણની અનુભવે ખાતરી કરવા કહી તેને હૃદયપર લગાડવા ભલામણ કરી. આથી નાયકનો **શૈલરાજ**પરનો પ્રેમ સુદૃઢ થયો. નાયકે લેપ લગાડ્યો એટલે સર્વ તેને નમવા લાગ્યા. પૃષ્ઠ ૭૦૩-૭૧૧.

**પ્રકરણ ૨ જું-મૃષાવાદ.** કિલષ્ટમાનસ નગરે દુષ્ટાશય રાજાને જઘન્યતા પત્નીથી **મૃષાવાદ** નામનો પુત્ર હતો. ત્યાં રિપુદારૂણ ગયો. મૃષાવાદ સાથે દોસ્તી થઇ. એની દોસ્તીથી નાયક ઘણી નવાઇઓ કરવા લાગ્યો, ખોટી વાતને સાચી કરવા લાગ્યો અને વાંક ગુન્હા બીજાપર ઢોળવા લાગ્યો. અભ્યાસકાળ પ્રાપ્ત થયે કુમારને **મહામતિ** નામના પંડિતને સોંપવા બોલાવ્યો. કુમારે યોગ્ય વિનય ન કર્યો. ગુરૂએ ધાર્યું કે તે સુધરશે પણ અભ્યાસ દરમ્યાન પણ એ તો અભિમાનમાં વધતો જ ચાલ્યો, સર્વ રાજકુમારોને પોતાથી હલકા માનવા લાગ્યો. આથી ગુરૂમહારાજ અભ્યાસ કરાવવામાં શિથીળ થતા ગયા. છેવટે એ ગુરૂમહારાજની બેઠકે ચઢી બેઠો, પૂછતા અસત્ય બોલ્યો, ગુરૂએ નજરે જોયો તો તેના પર પક્ષપાતનું તહોમત મૂક્યું એટલે આખરે ગુરૂએ એને તજી દીધો. પિતાશ્રીએ અભ્યાસ માટે સવાલ કર્યો ત્યારે ખોટી ભળતી વાતો કરી. પિતાએ વધારે અભ્યાસ કરવા પાછો મોકલ્યો ત્યારે ઉપર ઉપરથી વાત સ્વીકારી પણ આખો વખત ભટકવામાં ગાળ્યો. દોસ્ત મૃષાવાદના માન વધ્યા. તેણે **માયા** સાથે ઓળખાણ કરાવી. હવે રાજા માને છે કે ભાઇ ભણે છે અને ભાઇશ્રી તો જુગાર પરદારા અને નીચ સોબતમાં રખડે છે. પૃ. ૭૧૧-૭૨૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૩ જું-નરસુંદરી લગ્ન.** શેખરપુરના રાજા **નરકેસરી** અને રાણી **વસુંધરાને નરસુંદરી** નામની દીકરી હતી, સર્વ વિદ્યાકળામાં અત્યંત કુશળ હતી. યુવાન થતાં તેણે નિશ્ચય કર્યો કે કળાકૌશલ્યમાં પોતાથી વધારે પ્રવીણને પરણવું. તેના માતપિતા તેનો આ નિશ્ચય જાણતા હતા. રાજાએ **રિપુદારણની** ખોટી ખ્યાતિ સાંભળી હતી તે પર આધાર રાખી પુત્રી સાથે પોતે **સિદ્ધાર્થનગરે** આવ્યા અને **નરવાહન** રાજાને પુત્રીની પ્રતિજ્ઞા અને પોતાની ઇચ્છા જણાવી. **નરવાહને રિપુદારણ** અને કળાચાર્યને રાજસભામાં બોલાવ્યા. આ વખતે **પુણ્યોદય** મિત્ર સુકાઇ ગયો હતો. સૌંદર્યશાળી **નરસુંદરી** સભામંડપમાં આવી, **રિપુદારણને** કળાઓ પર વિવેચન કરવા કહ્યું, પછી મુદ્દાના સવાલ પોતે પુછશે એમ પણ જણાવ્યું. કુમાર તો કળાનાં નામો પણ ભૂલી ગયો હતો એટલે ગભરાયો. **નરવાહન** રાજા આશ્ચર્ય પામ્યા, કળાચાર્યને ખુલાસો પૂછતાં તેણે જણાવ્યું કે એ તો બાર વર્ષથી રખડે છે અને **શૈલરાજ મૃષાવાદની** સોબતમાં પડેલો છે. કુમારનો ફજેતો થયો, લોકોમાં અપવાદ થયો, તે વખતે કુમારે શ્વાસ રૂંધ્યો, મૂર્છા આવી હોય તેવો થઇ ગયો, સમય જળવાઈ ગયો, સભા બીજા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવી. નરસુંદરીના પિતા કંટાળ્યા, ચાલી જવા વિચાર કર્યો, ત્યાં **પુણ્યોદય** મિત્રને લાગણી થઇ, તેણે સુંદરીના પિતાના વિચારો ફેરવાવ્યા. હવે પાછા જવામાં બન્ને પક્ષને શરમાવા જેવું થશે એમ લાગ્યું, પરીક્ષાનો વિચાર છોડી દીધો અને **રિપુદારણ** અને **નરસુંદરીના** લગ્ન કરી નાખ્યા. સુંદરીના પિતા વિદાય થયા અને **રિપુદારણ નરસુંદરી** સાથે અલગ ભુવનમાં આનંદ ભોગવવા લાગ્યો. પૃ. ૭૨૫-૭૩૭.

**પ્રકરણ ૪ થું-નરસુંદરીનો પ્રેમ-તિરસ્કાર.** રિપુ૦ અને **નરસુંદરીના** દિવસો આનંદમાં જવા લાગ્યા એટલે **શૈલ** અને **મૃષાવાદમિત્રને** અદેખાઇ આવી એટલે પ્રેમમાં ભેદ પડાવવાનો બન્નેએ સંકેત કર્યો. દરમ્યાન **પુણ્યોદય** પાતળો પડતો ગયો. એક કમનસીબ ક્ષણે સુંદરીએ કુમારને તેને રાજસભામાં થઇ આવેલા ક્ષોભ માટે પ્રશ્ન કર્યો. મૃષાવાદી કુમારે ગોટા વાળ્યા એટલે **નરસુંદરીએ** કળાપર વિવેચન કરવા કહ્યું. **રિપુદારણ** આથી ઉશ્કેરાયો, **શૈલરાજે** એને પ્રેર્યો, લેપ ચોપડ્યો, પત્ની વધારે વિદ્વાન્ હોવાનું ધારે છે એવી બુદ્ધિ કરી એટલે **રિપુદારણે** સુંદરીનો તિરસ્કાર કર્યો, ધમકાવી કાઢી મૂકી. સુંદરીએ ઘણી આજીજી કરી પણ કુમાર ઠંડો પડ્યો નહિ. આથી તિરસ્કૃતા સુંદરી અલગ રાજભુવનમાંથી નીકળી કુમારના પિતાને મહેલે ગઇ. પૃ. ૭૩૭-૭૪૩.

**પ્રકરણ ૫ મું-નરસુંદરીનો આપઘાત.** રિપુદારણપર લેપની અસર ચાલુ જ હતી, સંતાપથી જ્વર પણ આવ્યો, ત્યાં માતા **વિમલમાલતી** તેને સમજાવવા આવ્યા અને **નરસુંદરીના** દુઃખનો પૂરો ખ્યાલ આપ્યો અને તેને માફ કરવા વિજ્ઞપ્તિ કરી. રિપુદારણનો જવાબ એકદમ અભિમાની હતો અને વાત કરતાં એ એટલો ચઢી ગયો કે સ્નેહસંબંધ વિસારી માતાને પાટુ મારી કાઢી મૂકી. માતાએ આ વાત **નરસુંદરીને** કહી ત્યારે તેને તો મૂર્છા આવી ગઇ. આખરે જાતે સમજાવટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા જવાની જરૂર લાગી. સતીએ આવી કુમારની ઘણી ઘણી પ્રાર્થના કરી પણ પ્રેમ અને માન વચ્ચે લટકતો કુમાર ન બોલવાનું બોલી ગયો, વધારે પડતું બોલી ગયો એટલે નરસુંદરી હતાશ થઇ ગઇ, આશા તુટતા ત્યાંથી પાછી ફરી. તે વખતે સૂર્ય અસ્ત થયો. એક ખંડેરમાં જઇ લોકપાળોને ઉદ્દેશી કાંઇક બોલી, પ્રથમ તો રિપુદારણ જે પછવાડે આવ્યો હતો તેને દયા આવી, પણ શૈલરાજનું જોર થયું એટલે આખરે સુંદરીને આપઘાત કરવા દીધો. સુંદરી ગઇ. સાસુ પછવાડે તપાસ કરવા આવ્યા પણ મોડા થયા. એણે સુંદરીને લટકતી જોઇ એટલે પોતે પણ આપઘાત કર્યો. દાસી કુંદલિકા તપાસ કરવા આવી, સર્વ લોકોના જાણવામાં વાત આવી, રિપુદારણનો ફજેતો થયો અને રાજભુવનમાંથી પિતાએ તેને કાઢી મૂકયો અને લોકોએ તેનો તિરસ્કાર કર્યો. ત્યાર પછી રિપુદારણ આખા નગરમાં રખડવા લાગ્યો અને લોકો તરફથી થતાં અપમાન ખમવા લાગ્યો. એમ કરતાં કેટલાંએ વર્ષો વીતી ગયા.

પૃ. ૭૪૩–૭૫૫.

## રસના કથાનક.

**પ્રકરણ ૬ ઠું-વિચક્ષણ-જડ.** એક પ્રસંગે નરવાહન રાજા નગર બહાર ફરવા નિકળ્યા હતા ત્યાં લલિત ઉદ્યાનમાં વિચક્ષણાચાર્ય નામના શાંત સાધુને અનેક શિષ્યથી પરવરેલા જોયા. રાજા સૂરિને નમ્યા, સૂરિએ ઉપદેશ આપ્યો. રાજાએ આટલી લઘુ વયમાં સંસારત્યાગનું કારણ પૂછયું એટલે કાંઇક આનાકાની પછી લાભનું કારણ જાણી આચાર્યશ્રીએ પોતાનું ચરિત્ર કહેવા માંડયું.

**વિચક્ષણ ચરિત્ર.** ભૂતળ નગરમાં મલસંચય રાજા અને તત્પક્તિ રાણીને શુભોદય અને અશુભોદય નામે બે પુત્રો હતા. શુભોદય નિજચારુતાને પરણ્યો તેનાથી આ પેટા કથાનો નાયક વિચક્ષણ પુત્ર થયો અને અશુભોદયને સ્વયોગ્યતા પત્નીથી જડ નામનો પુત્ર થયો. આવી રીતે વિચક્ષણ અને જડ કાકાકાકાના છોકરા થયા. વિચક્ષણ સાધુચરિત્રવાળો હતો, જડ ક્રોધી અભિમાની દુર્ગુણી હતો. નિર્મળચિત્ત નગરના મલક્ષયરાજાને સુંદરતા રાણીથી બુદ્ધિ નામની દીકરી થઇ હતી તેનું લગ્ન વિચક્ષણકુમાર સાથે થયું. એનાથી પ્રકર્ષ નામનો પુત્ર થયો. એ બુદ્ધિદેવીને વિમર્શ નામનો ભાઇ હતો તે બ્હેન પરના હેતથી તેની સાથે રહેતો હતો. વિમર્શ અને પ્રકર્ષ મામાભાણેજ થયા. પૃ. ૭૫૬–૭૬૭.

**પ્રકરણ ૭ મું-રસના-લોલતા.** વિચક્ષણ અને જડ એક વખત વદનકોટર બગીચામાં ફરતા હતા ત્યાં ખીલમાં એક સુંદર સ્ત્રી દાસી સાથે જોવામાં આવી. જડ તો એનું રૂપ જોઇ પ્રેમમાં પડી ગયો, વિચક્ષણે એને પરરમણી ધારી દૂર ખસી જવા ધાર્યું. દાસી લોલતાએ પોકાર કરી કુમારને બોલાવ્યા અને રસના સાથે ઓળખાણ કરાવી. જડ વધારે ફસતો ગયો, વિચક્ષણ વિચારપૂર્વક જોયા કરતો હતો. દાસીએ પૂર્વ પરિચય યાદ આપ્યો, વિકલાક્ષનિવાસ નગરની ઓળખાણ યાદ કરાવી. જડ વધારે ફસતો ગયો, વિચક્ષણ વિચારપૂર્વક જોયા કરતો હતો. જડ તો રસનામાં વધારે વધારે લુબ્ધ થતો ગયો અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહે તે સર્વ કરવા લાગ્યો, ખાનપાન માગે તે આપવા લાગ્યો અને એને તૃપ્ત કરવા લાગ્યો. **વિચક્ષણે** વિચાર કર્યો, ગૃદ્ધિ વગર સહજ રસનાને પોષી, પણ પોતે **લોલતા**થી લેવાઇ ગયો નહિ. **જડ**ના કુટુંબીઓએ **જડ**નું રસના સાથેનું વર્તન પ્રશંસ્યું. **વિચક્ષણ**ના માતપિતાએ તપાસ કરવા સલાહ આપી. **શુભોદયે** સ્ત્રીઓની નૈસર્ગિક અધમતા બતાવી, માતાએ તપાસ કરી નિર્ણય કરવા કહ્યું, પત્ની **બુદ્ધિદેવી**એ વડિલનાં વચનને અનુસરવા કહ્યું. છેવટે રસના કોણ છે તેનું મૂળ શોધવા નિર્ણય થયો. **બુદ્ધિદેવી**ના ભાઇ **વિમર્શે** તે કાર્ય કરવા માથે લીધું, ભાણેજ **પ્રકર્ષ** સાથે જિજ્ઞાસાથી આવવા તત્પર થયો. એક વર્ષની અવધિ કરી મામાભાણેજ **વિમર્શ પ્રકર્ષ** રસનાની મુળશુદ્ધિ કરવા નીકળી પડ્યા. પૃ. ૭૬૭–૭૮૪.

**પ્રકરણ ૮ મું-વિમર્શ-પ્રકર્ષ. શરદ** અને **હેમંત**નો સમય બાહ્ય સૃષ્ટિમાં પસાર થયો. મામાભાણેજ રસનાની શોધમાં બહિઃલોકમાં ઘણા ફર્યા પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. પછી અંતરંગ દેશે ગયા. પ્રથમ **રાજસચિત્ત** નગરે આવ્યા. નગર શૂન્ય જણાયું. **મિથ્યાભિમાન** તેનો અધિકારી હતો. તેની પાસેથી હકીકત મળી કે **રાગકેસરી**નું એ નગર છે. એ રાજા પોતાના **વિષયાભિલાષ** મંત્રી સાથે અને મોટા રાજા અને દાદા **મહામોહ** સાથે **સંતોષ** સામે યુદ્ધ કરવા ગયા છે, કારણ કે પેલો **સંતોષ** મંત્રીના માણસોને હેરાન કરી લોકોને **નિર્વૃતિ** નગરીએ મોકલી દેતો હતો. એ મંત્રીના માણસો પૈકી **રસના**નું નામ પણ મિથ્યાભિમાન બોલ્યો એટલે **રસના**નો કાંઇક પત્તો લાગ્યો એમ મામાને લાગ્યું. વધારે હકીકતની બાતમી આપવા **મિથ્યાભિમાને** ના પાડી.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com

પછી અંતરંગમાં **તામસચિત્ત** નગરે મામાભાણેજ ગયા. ત્યાં કેટલાક માણસ સાથે **શોક** તેમને મળ્યો. વાત કરતાં જણાયું કે એ **મહામોહ**ના બીજા દીકરા **દ્વેષગજેંદ્ર**નું નગર હતું, તે પણ પિતા **મહામોહ** અને મોટા ભાઇ **રાગકેસરી** સાથે **સંતોષ** સામે યુદ્ધ કરવા ગયો છે. દેવી **અવિવેકિતા** તે વખતે ગર્ભ ધારણ કરી રહ્યા હતા તેમને સમજાવી **દુષ્ટાભિસન્ધિ** રાજાના **રૌદ્રચિત્તપુરે** મોકલી આપ્યા. ત્યાં તેમણે એક પુત્રને જન્મ આપ્યો છે. (તે વખતે પ્રજ્ઞાવિશાળાએ જણાવ્યું કે આ પુત્ર તે પ્રકરણ ૧ લામાં જણાવેલો **શૈલરાજ** હતો.) **શોકે** વિશેષમાં જણાવ્યું કે પોતે **મતિમોહ** નામના નગરરક્ષકને મળવા લશ્કરમાંથી ત્યાં આવેલ હતો. આટલી વાત જાણી વધારે પત્તો મેળવવા મામાભાણેજ અટવી તરફ ચાલ્યા.

પૃ. ૭૮૪–૮૦૧.

**પ્રકરણ ૯ મું-ચિત્તવૃત્તિ અટવી.** મામાએ ભાણેજને નદી વચ્ચે આવેલા મંડપમાં સિંહાસનપર બેઠેલા રાજાને દૂરથી બતાવ્યા. મામાએ ભાણેજના કુતૂહળને તૃપ્ત કરવા પ્રથમ અવલોકન કરી લીધું, પછી **ચિત્તવૃત્તિ** અટવીનું, **પ્રમત્તતા** નદીનું, **તદ્વિલસિત** બેટનું, **ચિત્તવિક્ષેપ** મંડપનું, **તૃષ્ણા** વેદિકાનું, **વિપર્યાસ** સિંહાસનનું અને **મહામોહ** મહારાજાનું વિસ્તારથી વર્ણન વિગતવાર કરી બતાવ્યું.

પૃ. ૮૦૨–૮૧૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૧૦ મું-પ્રકર્ષને જાગૃતિ-ભૌતાચાર્ય કથા.** ઉપરનું વિવેચન ચાલતું હતું ત્યારે ભાણેજ કાંઇ બોલ્યો નહિ એટલે મામાએ પૂછ્યું કે વાત બરાબર સમજાય છે? પ્રકર્ષે હા કહી એટલે રહસ્ય સમજાવવા સારૂ મામાએ **ભૌતાચાર્યની કથા** કહી તે આ પ્રમાણે:-

> એક **સદાશિવ** નામનો પુજારી હતો. વૃદ્ધ વયે તેને પોતાના બહેરાપણાનો ઉપાય કરવા વિચાર થયો. એને **શાંતિશિવ** નામનો શિષ્ય હતો, તેને વૈદ્યને ઉપાય પૂછવા મોકલ્યો. તે વખતે કોઇ ગુન્હા માટે વૈદ્યરાજ છોકરાને ખૂબ મારતા હતા. પૂછતાં જણાયું કે 'એ છોકરો બાપનું (વૈદ્યનું) કહેલું સાંભળતો નથી.' શિષ્ય સમજ્યો કે ન સાંભળે તેનો આ ઉપાય લાગે છે એટલે એ તો જઇને સદાશિવને મારવા લાગ્યો. સદાશિવ તો મારથી અધમુઆ થઇ ગયા. એને બીજા ભક્તોએ મુશીબતે છોડાવ્યા. પછી જ્યારે ભક્તો વાત સમજ્યા ત્યારે વૈદ્યને બોલાવ્યો અને ત્યારે બધો ખુલાસો થયો.

આટલી વાત **વિમર્શે** કહી ભાણેજને જણાવ્યું કે તેણે ખુલાસા પૂછવા. નહિ તો **શાંતિશિવ** જેવી વાત બનશે. પછી નદી મંડપ વિગેરેની યોજના કરવા એક બીજી વાર્તા મામાએ કહેવા માંડી તે નીચે પ્રમાણે. પૃ. ૯૧૨-૯૧૮.

**પ્રકરણ ૧૧ મું-વેલ્લહલ કથા-અટવી આદિની યોજના.** સંસારીજીવે આ સર્વ હકીકતનો ખુલાસો વિસ્તારથી સમજાવવા દૃષ્ટાન્તરૂપે પ્રથમ એક **વેલ્લહલની કથા** કહી તે નીચે પ્રમાણે:—

**ભુવનોદર** નગરમાં **અનાદિ** રાજા અને **સંસ્થિતિ** રાણી હતા. તેમને એક **વેલ્લહલ** નામનો પુત્ર હતો. એ છોકરાને ખાવાનો અજબ શોખ હતો. ગમે તેટલું અજીર્ણ થાય, પેટમાં ચુંકો આવે કે પીડા થાય તો પણ એ ખાધા જ કરતો હતો. એને એથી અજીર્ણ વધતું ગયું. પછી વળી એને ગામ બહાર ઉજાણી કરવા ઇચ્છા થઇ. ત્યાં ખૂબ ખાધું એટલે તાવ વધ્યો. **સમયજ્ઞ** વૈદ્યે નાડ જોઇ વ્યાધિનું નિદાન કર્યું, ખાવા ના પાડી, પણ કુમારે માન્યું નહિ. એ તો ખાતો જ ગયો. પછી વમન થયું, કાંઇક વમન સામેના ભોજનમાં પડ્યું. વળી ખાધું તેમાં વમનવાળો ભાગ પણ આવ્યો પણ તેને શરમ ન થઇ. સદર વૈદ્યે વળી તેને ચેતવણી આપી પણ કુમાર તો વધારે ખાતો જ ગયો અને ઉલટો વૈદ્યની નિંદા કરવા લાગ્યો. પછી દોષો ઘણા વધી ગયા, બહુ ઉદ્વેગ થયો, પણ કોઇ તેનું રક્ષણ કરી શક્યું નહિ અને તે કાદવમાં અનંત કાળ લોટ્યા કર્યો.

ઉપર પ્રમાણે **વેલ્લહલની** વાત કરી તેની આખી અર્થઘટના **પ્રજ્ઞાવિશાળાએ** કરી અને તે ઉપરથી **ચિત્તવૃત્તિ** અટવીમાં આવેલ નદી, પુલીન, મંડપ, વેદિકા, સિંહાસન અને અવિદ્યા શરીરની વિસ્તારથી યોજના કરી બતાવી તથા સંક્ષિપ્તમાં પણ કરી. પૃ. ૯૧૮-૯૪૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૧૨ મું-મહામૂઢતા-મિથ્યાદર્શન-કુદૃષ્ટિ. વિમર્શ મામાએ** વિગતવાર અટવી નદી સિંહાસન વિગેરેનું વર્ણન કર્યું પછી **ભાણેજના પૂછવાથી મહામોહના** આખા પરિવારનું વર્ણન કરવા માંડ્યું: એની **મહારાણી મહામૂઢતાને** વર્ણવ્યા. **મિથ્યાદર્શન સેનાપતિને** ઓળખાવ્યો, એ કુદેવ કુધર્મ કુગુરૂમાં કેવી ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરે છે તે જણાવ્યું, એ સેનાપતિ મંડપ વેદિકા સિંહાસનની રચના કેવી રીતે કરે છે તે વર્ણવ્યું અને છેવટે એનો મહિમા વર્ણવ્યો. એ **મિથ્યાદર્શનની કુદૃષ્ટિ નામની ભાર્યા** છે એ દેવ, વાદ, વેશ, કલ્પ, મોક્ષ, વિશુદ્ધિ અને વૃત્તિને અંગે તીર્થીઓમાં કેટલો ભેદ પાડે છે તે વિસ્તારથી મામાએ વર્ણવ્યું અને અનેક મતોનાં નામો આપ્યાં. પૃ. ૮૪૩-૮૬૨

**પ્રકરણ ૧૩ મું-રાગકેસરી-દ્વેષગજેંદ્ર.** પછી મામાએ **વિપર્યાસ સિંહાસન**પર બેઠેલા **મહામોહ** મહારાજાના મોટા પુત્ર **રાગકેસરીનું** વર્ણન કર્યું. જણાવ્યું કે **મહામોહ** વૃદ્ધ થઇ જવાથી તેણે સર્વ રાજકાર્ય **રાગકેસરીને** સોંપેલછે. એ **રાગકેસરીના** ત્રણ મિત્રો છે: દૃષ્ટિરાગ, સ્નેહરાગ, વિષયરાગ. એમનાં બીજાં નામો અનુક્રમે **અતત્ત્વાભિનિવેશ, ભવપાત** અને **અભિષ્વંગ** પણ છે. એ **રાગકેસરીની ભાર્યા મૂઢતા** નામની છે.

**મહામોહનો** નાનો પુત્ર **દ્વેષગજેંદ્ર** ડાબી બાજુ તે જ **સિંહાસનપર** બેઠેલ છે. તેની **અવિવેકિતા** ભાર્યા ઉપર પ્રકરણ ૮ માં બતાવેલાં કારણે ગેરહાજર છે. પૃ. ૮૬૩-૮૬૬.

**પ્રકરણ ૧૪ મું-મકરધ્વજ.** સિંહાસનની પછવાડે રહેલા અત્યંત રૂપવાળા **મકરધ્વજને** મામાએ ત્યાર પછી **પ્રકર્ષને** ઓળખાવ્યો અને એણે મોટા દેવોને કેવા નચાવ્યા છે તેનું વર્ણન કર્યું. એના ત્રણ અનુચરો-**પુંવેદ, સ્ત્રીવેદ, ષંઢવેદને** વર્ણવ્યા અને પછી **મકરધ્વજની પત્ની રતિને** ઓળખાવી. પૃ. ૮૬૭-૮૭૧.

**પ્રકરણ ૧૫ મું-પાંચ મનુષ્ય.** હાસ, **અરતિ**, ભય, **શોક, જુગુપ્સા.** ત્યાર પછી મકરધ્વજની પાસે બેઠેલા પાંચે મનુષ્યનું મામાએ વિસ્તારથી વર્ણન કર્યું. (૧) **હાસ** હસાવે છે, તે તેની પત્ની **તુચ્છતા** સાથે બેઠેલ છે. (૨) બીજી **અરતિ** સ્ત્રી છે તે માનસિક દુઃખ કરાવે છે. (૩) **ભય** કંપાવે છે, એના પરિવારમાં સાત મનુષ્યો છે અને એની સ્ત્રી **હીનસત્ત્વતા** નામની છે. (૪) **શોકને** આપણે ઉપર પ્રકરણ ૮ માં જોયો તે જ છે. એ રડાવે છે અને એની સ્ત્રી **ભવસ્થા** એની સાથે છે. (૫) પાંચમી સ્ત્રી **જુગુપ્સા** છે, એ નાક ચઢાવે છે અને દૂર નસાવે છે. પૃ. ૮૭૨-૮૭૭.

**પ્રકરણ ૧૬ મું-સોળ બાળકો.** પછી મામાએ રાજાના ખોળામાં નાચતા કુદતા સોળ બાળકો ઓળખાવ્યા. એનું નામ **કષાય.** એમાં ચાર **અનંતાનુબંધી** છે, ચાર **અપ્રત્યાખ્યાની** છે, ચાર **પ્રત્યાખ્યાની** છે અને ચાર **સંજ્વલન** છે. એમાંના આઠ **રાગકેસરીના** છોકરા છે અને આઠ **દ્વેષગજેંદ્રના** છે. સોળે **મહામોહ** મહારાજાના પોતરા થાય છે. પૃ. ૮૭૮-૮૮૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૧૭ મું-મહામોહનું સામંતચક્ર.** પછી મામાએ મહામોહના અંગભૂત સેનાનીઓને વર્ણવ્યા. પ્રથમ **વિષયાભિલાષ**નું વર્ણન કર્યું. એને પાંચ છોકરા છે તે વર્ણવ્યું. આખા રાજ્યનું પાલન એ મંત્રી પાંચ છોકરાઓ દ્વારા કેવી રીતે કરે છે તેનો ચિતાર આપ્યો. એ વિષયાભિલાષની પત્ની ભોગતૃષ્ણા છે તેને પણ ઓળખાવી અને દુષ્ટાભિસન્ધિ વિગેરે લડવૈયાઓને પણ બતાવી દીધા.
પૃ. ૮૮૩-૮૮૭.

**પ્રકરણ ૧૮ મું-મહામોહના મિત્રરાજાઓ** (Allies). પછી મિત્રરાજાઓનો પરિચય મામાએ ભાણેજને કરાવ્યો: (૧) **જ્ઞાનસંવરણ** પાંચ મનુષ્યથી પરવરેલ છે; (૨) **દર્શનાવરણ** નવ મનુષ્યોની વચ્ચે બેઠેલ છે; (૩) **વેદનીય** બે મનુષ્યોની વચ્ચે બેઠેલ છે; (૪) **આયુષ્ય** ચાર મનુષ્યોની વચ્ચે વીંટાઇ બેઠેલ છે; (૫) **નામ** બેંતાળીશ મનુષ્યોના મોટા પરિવારમાં છે અને બહુરૂપી બનાવનાર છે; (૬) **ગોત્ર** બે મનુષ્યોની વચ્ચે છે અને (૭) **અંતરાય** પાંચથી પરિવેષ્ટિત છે. ભાણેજે પૂછ્યું કે રાજા દેખાય છે ત્યારે પરિવાર દેખાતો નથી અને પરિવાર દેખાય છે ત્યારે રાજા દેખાતા નથી તેનું કારણ શું? એનો ખુલાસો મામાએ વિગતવાર સમજાવ્યો. એમ કરતાં સાતે રાજાઓના સામાન્ય વિશેષ સ્વરૂપપર મામાએ વિવેચન કર્યું; વળી તેઓમાં અંતર્ગત તફાવત કયો છે અને છતાં ભેદની સ્પષ્ટતા કેવી રીતે થાય છે તે પણ વિસ્તારથી સ્પષ્ટ કરી ભાણેજની જિજ્ઞાસા પૂર્ણ કરી. આવી રીતે મહામોહના આખા પરિવારનું વર્ણન સાંભળીને પ્રકર્ષ બહુ રાજી થયો.
પૃ. ૮૮૭-૮૯૮.

**પ્રકરણ ૧૯ મું-મહામોહસૈન્યને જિતનારા**-હવે ભાણેજે પ્રશ્નપરંપરા ચલાવી. જ્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને મહામોહ રાજાઓ દુઃખ આપનારા જ છે ત્યારે જીવનમાં મજા શી રહી? એવો કોઇ પ્રદેશ છે કે જ્યાં આ રાજાઓનું જોર જ ચાલે નહિ. આનો જવાબ આપતાં મામાએ આખા જગતના સ્વરૂપની વિચારણા બતાવી. સંસાર કેવો ભયંકર છે, ઇંદ્રિયભોગો કેવા ખરાબ છે, સંયોગવિયોગ કેવી રીતે થાય છે તે બતાવી તે પર વિજય મેળવવાની આખી પદ્ધતિનું વર્ણન કર્યું. સાચા નિર્ણય કરી વર્તન કરનારના કાર્યની રચના બતાવી. પ્રથમ મકરધ્વજની અસરથી દૂર કેવી વિચારણાથી થવાય છે તે બતાવતાં સ્ત્રીશરીરની વિચારણા સૂચવી અને સ્ત્રીચિત્તસંબંધમાં ભાવના કેવી ચાલે છે તેનું વર્ણન કર્યું. પછી રતિ, જુગુપ્સાપર વિજયના માર્ગો અને છેવટે જ્ઞાનસંવરણઆદિ રાજાપર જય કેમ મેળવાય છે તેની ચાવીઓ બતાવી. આવી રીતે વિજય મેળવનારા છે ખરા, પણ બહુ થોડા હોય છે એમ છેવટે જણાવી મામા અટકયા એટલે પ્રકર્ષ વિચારમાં પડ્યો.
પૃ. ૮૯૮-૯૦૮.

**પ્રકરણ ૨૦ મું-ભવચક્રનગરને માર્ગે.** વળી ભાણેજે એવા વિજય મેળવનારા મનુષ્યો કયાં રહે છે એમ પૂછતાં મામાએ કહ્યું કે તેવા મનુષ્યો પણ અદ્ભુત વૃત્તાંતવાળા **ભવચક્ર** નગરમાં જ રહે છે. એ નગર અંતરંગ અને બહિરંગ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ને છે કારણ કે એ રાજાઓ યોગી જેવા છે તેથી બન્ને રીતે આવિર્ભાવ પામે છે. આટલું સાંભળતાં ભાણેજને એ **ભવચક્રનગર** જોવાનું કૌતુક થયું. મામાએ કહ્યું કે આપણે **રસના**ના મૂળની શોધ કરી છે; પણ ભાણેજે કહ્યું કે હજુ એક વર્ષનો અવધિ પૂરો થયો નથી એટલે ભાણેજની જિજ્ઞાસા તૃપ્ત કરવા **મામા ભવચક્રને** માર્ગે પડ્યા.

આ વખતે **શિશિર**ઋતુ આવી તેનું અત્રે વર્ણન કરવામાં આવ્યું છે. **રસ્તે** ચાલતાં વળી ભાણેજે **મોહરાજા** અને **કર્મપરિણામ** રાજાના સંબંધપર સવાલો પૂછ્યા. મામાએ જણાવ્યું કે **મહામોહ** દુઃખ આપવામાં મજા માનનાર છે, **કર્મ-**પરિણામ રાજા નાટકપ્રિય છે, બાકી બન્ને ભાઇઓ છે. કર્મપરિણામ સારાં કામો પણ કરે છે. એક રીતે બન્ને રાજાની એકરૂપતા પણ છે. **મહામોહ**ની ખાસ જા-ગીર **રાજસચિત્ત** અને **તામસચિત્ત** નગરો છે. છેવટે જણાવ્યું કે એ બધા રાજ્યોનો ખરો માલેક **મહામોહ** નથી, સંસારીજીવ છે, પણ એ જાગીરો **મહામોહે** પચાવી પાડેલ છે. આવી આવી વાતો કરતાં મામાભાણેજ ભવચક્રપુરે પહોંચ્યા.

પૃ. ૯૦૯-૯૨૦.

## ( ભવચક્રનાં કૌતુકો. )

**પ્રકરણ ૨૧ મું-વસંતરાજ-લોલાક્ષ.** આ વખતે વસંતઋતુ થઇ. અહીં **વસંતઋતુ**નું વર્ણન કરવામાં આવ્યું છે. × × સુરાપાન ચોતરફ ચાલી રહેલ છે અને લોકો નગર બહાર નીકળી પડ્યા છે. આખા વનમાં ધમાલ ચાલી રહી છે, વિલાસી સ્ત્રીપુરૂષો વિલાસ ચારે તરફ કરી રહ્યા છે. આવી રીતે નગરની બહાર ચારે તરફ કૌતુક થઇ રહ્યા છે. × × તે વખતે અનેક સામંતોથી પરવરેલ રાજા નગરમાંથી બહાર આવ્યો એટલે વળી રમતગમતો વધારે જોસથી ચાલવા લાગી.

તે બનાવપર અવલોકન કરી મામાએ ભાણેજને જણાવ્યું કે **મકરધ્વજ** અને **વસંત** મિત્ર થાય છે. હવે **વસંત કર્મપરિણામ** રાજા અને રાણી **કાળપરિણતિ**નો મિત્ર થાય છે. મહેરબાનીના બદલામાં રાજારાણીએ ઠરાવ્યું કે એ **ભવચક્ર**માં આવેલા **માનવાવાસ**માં વસંતે જવું. વસંતે મિત્ર **મકરધ્વજ**ને વાત કરી. બાહ્ય રાજ્ય **વસંત**ને **કર્મપરિણામે** આપ્યું અને **મહામોહે** અંતરંગ રાજ્યપર **મકરધ્વજ**ને નીમ્યો એટલે બન્ને મિત્રોને વિયોગ થયો નહિ. હવે પેલો રાજા આવ્યો હતો તેનું નામ **લોલાક્ષ** હતું તેનાપર **મકરધ્વજે** અંદરથી વિજય કર્યો. ભાણેજે પ્રથમ એ **મકરધ્વજ**ને દીઠો નહિ એટલે મામાએ તેની આંખમાં યોગાંજન (**વિ-મળાલોક** ) આંજી ખરો ખ્યાલ બતાવ્યો. પછી એણે **લોલાક્ષ**પર અંદરથી ફેંકાતાં બાણો બરાબર જોયાં. એ વખતે **મકરધ્વજ**નો મહિમા એટલો હતો કે **મહામોહ**, **વિષયાભિલાષ** વિગેરે એના હુકમ પ્રમાણે કામ કરતા હતા અને હાલ તુરત **દ્વેષગજેંદ્ર** **શોક** વિગેરેને તો દૂર રાખવામાં આવ્યા હતા. આ બધી જમાવટ તો **મહામોહ-**કૃત હતી પણ અત્યારે તેણે રાજીખુશીથી મુખ્ય સ્થાન **મકરધ્વજ**ને આપ્યું હતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સર્વ પરિવાર તેના કહેવા પ્રમાણે જરૂર પડે તેમ કામમાં આવતો હતો. કેટલાક દ્વેષગજેંદ્ર વિગેરે પોતાના કામનો વખત આવવાની રાહ જોઇ જરા દૂર બેઠા હતા. આવું મકરધ્વજનું ટુંક વખતનું દરેક વર્ષે થતું રાજ્ય હતું. મહામોહનું સભાસ્થાન તો આ વખતે પણ અખંડ જ હતું. પૃ. ૯૨૦-૯૩૭.

**પ્રકરણ ૨૨ મું-લોલાક્ષ.** (ભવચક્રનાં કૌતુકો.) (મદ્ય-પરદારા.) **લોલાક્ષ** રાજાએ પ્રથમ દેવીને દારૂ ધર્યો, પછી પોતે ખૂબ પીધો. એને **રિપુકંપન** નામે ભાઇ હતો એણે પણ દારૂ પીધો. દારૂના ઘેનમાં પોતાની સ્ત્રી **રતિલલિતાને** નાચવા હુકમ કર્યો. તે વખતે **મકરધ્વજે** લોલાક્ષને તીર માર્યાં. તે **રતિલલિતાને** પકડવા દોડયો, **સ્ત્રી ચતુર હોવાથી સમજી,** ભાગી, દેવી પછવાડે સંતાઇ ગઇ. આ વખતે **દ્વેષગજેંદ્રને** હુકમ થયો એટલે તેણે અસર જમાવી. **લોલાક્ષ** પછવાડે લાગ્યો, **રતિલલિતાએ** બુમ પાડી, દેવીની મૂર્તિ **લોલાક્ષે** ઉડાવી દીધી. મોટી લડાઇ થઇ જેમાં આખરે **લોલાક્ષ** તેના સગા ભાઈને હાથે મરાયો. આવાં મદ્ય અને પરદારાનાં પરિણામ છે એમ મામાએ ભવચક્રનાં કૌતુકમાં ભાણેજને બતાવ્યું. પૃ. ૯૩૮-૯૪૩.

**પ્રકરણ ૨૩ મું-રિપુકંપન.** (ભવચક્રનાં કૌતુકો.) (મિથ્યાભિમાન.) હવે **લોલાક્ષના** નગર **લલિતપુરનું** રાજ્ય રિપુકંપનનું થયું. એને **મતિકલિતા** નામની બીજી રાણી હતી. એણે ત્યાર પછી તુરતમાં પુત્રને જન્મ આપ્યો. દાસી પ્રિયંવદાએ વધામણી ખાધી. રાજા આનંદમાં આવી ગયો. પોતાને રાજ્ય મળ્યું અને છોકરો પણ થયો એટલે ખૂબ અભિમાનમાં આવી ગયો અને પુત્ર જન્મોત્સવની મોટી ધમાલ કરવા માંડી. ચારે તરફ આનંદ વર્તી રહ્યો છે અને હર્ષના મદમાં રાજા **રિપુકંપન** નાચ પણ કરી રહ્યો છે ત્યાં રાજમહેલમાંથી મોટો પોકાર ઉઠયો, સમાચાર મળ્યા કે નવો જન્મેલો કુંવર મરણ પામ્યો છે. **શોકે** પોતાનો પ્રભાવ વિસ્તાર્યો. પુત્રશોકથી **રિપુકંપન** પણ મરણ પામ્યો. મામાએ **મિથ્યાભિમાન** અને **શોકના** પ્રસંગો પર વિવેચન કર્યું અને એવા શોકસ્થાનેથી મામાભાણેજ જલ્દી બહાર નીકળી પડ્યા. પૃ. ૯૪૩-૯૫૨.

**પ્રકરણ ૨૪ મું-મહેશ્વર અને ધનગર્વ.** (ભવચક્રનાં કૌતુકો.) રાજમંદિરમાંથી મામાભાણેજ તે જ નગરની બજારમાં આવ્યા. ત્યાં **મહેશ્વર** નામનો એક શેઠ પોતાની દુકાનપર બેઠો હતો. એની પાસે હીરા માણેક અને ધનના ઢગલા પડ્યા હતા જેને જોઇ શેઠ રાજી થતા હતા. મામાએ જણાવ્યું કે એ શેઠ ધનગર્વમાં આસક્ત છે, મસ્ત છે, પોતાને મોટો નસીબદાર માને છે અને ધનની અસ્થિરતા જાણતો નથી. **માન** એની પાસે જ રહે છે. તે વખતે **દુષ્ટશીલ** નામનો જાર પુરૂષ મૂલ્યવાન મુગટ લઇ વેચવા આવ્યો. શેઠે એને હેમપુરના રાજાના હજુરીઆ તરીકે ઓળખ્યો, વહેમ પડ્યો કે એ મુગટ ચોરાયલો હોવો જોઇએ, છતાં નામની કિંમતે લોભમાં તણાઇ શેઠે ખરીદ્યો. જાર તો પૈસા લઈ ચાલ્યો ગયો. રાજાના ચર પુરૂષો શેઠની દુકાને આવ્યા. શેઠ ચોરીના માલ સાથે પકડાઇ ગયા અને ગર્વ તો ક્યાંએ ચાલ્યો ગયો. અહીં મામા ધનસ્વરૂપપર મનન કરવા યોગ્ય વિચારણા બતાવે છે. પૃ. ૯૫૩-૯૬૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૨૫ મું-રમણ અને ગણિકા.** (ભવચક્રનાં કૌતુકો.) આ વાત ચાલતી હતી ત્યાં એક દુબળા ભિખારી જેવા જુવાન માણસને મીઠાઇ સારાં કપડાં સુગંધી પાન વિગેરે ખરીદતાં જોયો. મામાના કહેવાથી જણાયું કે એ મોટો વારસો મેળવનાર હતો, સમુદ્રદત્ત શેઠનો પુત્ર હતો, નામે રમણ હતો, કુછંદે ચઢી સર્વ વારસો ગુમાવી બેઠો હતો, મદનમજરીની કુંદકલિકા યુવતીને ફંદે ચઢયો હતો અને અત્યારે કાંઇક રકમ મળેલ છે તેથી પાછો નાયિકા ઘરે જતો હતો. મામાભાણેજ એ રમણ પછવાડે ચાલ્યા. તેની પછવાડે મકરધ્વજને જતો જોયો. મામાને વેશ્યાને જોતાં સુગ ચઢી. રમણ ગણિકાના ઘરમાં દાખલ થયો. હાવભાવ કરી કુંદકલિકાએ એને ભોળવ્યો, ડોકરી એનું સર્વ ધન લઇ ગઇ એટલે કુંદ બોલી કે તે જ વખતે રાજકુંવર ચંડ ત્યાં આવનાર છે. વાત કરે છે ત્યાં તો ચંડ આવ્યો અને યુદ્ધ કરવા આવાહન કર્યું. રમણ ડરી ગયો, ખૂબ માર ખાધો અને આખરે મરણ પામ્યો. અહીં ગણિકાના વ્યસનમાં કેટલાં દુઃખ છે તે પર મામા વિમર્શ વિસ્તારથી વિવેચન કરે છે. પૃ. ૯૬૧-૯૬૭.

**પ્રકરણ ૨૬ મું-વિવેકપર્વત પરથી અવલોકના.** (ભવચક્રનાં કૌતુકો.) એ રાત્રિ વિમર્શપ્રકર્ષે દેવમંદિરમાં ગાળી. પ્રભાતે મામાએ કહ્યું કે જોવાનું ઘણું છે અને વખત ઓછો છે માટે વિવેક પર્વતપરથી અવલોકન કરી સર્વ બાબત જોઇ લેવી ઠીક છે એમ કહી મામા ભાણેજને પર્વતપર લઇ ગયા, ત્યાંથી અનેક આશ્ચર્યો ભાણેજને ભવચક્રમાં બતાવ્યાં.

**(૧) કપોતક અને દ્યૂત.** કુબેર સાર્થવાહના કપોતક પુત્રને જોયો. જુગટામાં એ સર્વ ધન હારી બેઠેલો હતો, છતાં દુર્ગુણ છોડતો ન હોતો. એણે શરતમાં મૂકવાનું કાંઇ ન રહેતાં આખરે પોતાનું માથું મૂક્યું, એમાં પણ એ હાર્યો. જુગટાનાં ભયંકર પરિણામપર મામાએ વિચારો બતાવ્યા.

**(૨) લલન અને મૃગયા.** પછી એક ઘોડા ઉપર બેઠેલો પરસેવાથી થાકેલો હરણ પછવાડે રખડતો ભુખ્યો પુરૂષ વિવેકપર્વતપરથી જોવામાં આવ્યો. મામાએ તેને લલિત નગરના રાજા લલન નામે ઓળખાવ્યો. શિકારના શોખથી રાજકાર્ય વિસરી જતો હોવાથી તેના પુત્રને તેની ગાદીએ બેસાડ્યો હતો અને તેને પદભ્રષ્ટ કર્યો હતો, છતાં એ ટેવ ભૂલતો નથી. પછી મામાએ મૃગયા અને માંસભક્ષણના દોષો પર વિવેચન કર્યું. આટલી વાત કરે છે ત્યાં લલને શિયાળ પછવાડે પડતાં ઘોડો પૂરપાટ દોડાવ્યો, વચ્ચે ખાડો આવ્યો, રાજા અને ઘોડો તેમાં પડ્યા અને લલન મરણ પામ્યો.

**(૩) દુર્મુખ અને વિકથા.** બીજી બાજુએ પર્વતપરથી જોતાં ભાણેજે એક પુરૂષની જીભ ખેંચતાં અને તેને તપાવેલું તાંબું પાતાં જોયો. તપાસ કરતાં મામા બોલ્યા કે એ સુમુખ નામનો શેઠ હતો, કડવી ભાષાથી લોકો એને દુર્મુખ કહેતા હતા. એ નકામી વાતો કર્યા જ કરતો અને જીભપર અંકુશ રાખતો નહિ. ચણકપુરનો તીવ્ર રાજા લડવા ગયો એટલે પેલા દુર્મુખે લોકોને તેની વિરૂદ્ધ ભંભેરી ગામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાલી કરાવ્યું. દુર્મુખના આ રાજ્યવિરૂદ્ધ દ્રોહી વચનોથી તેને ઉપર પ્રમાણે સજા થતી હતી તેને અંગે મામાએ દુર્ભાષાનાં ફળ પર વિવેચન કર્યું.

(૪) **હર્ષ-વિષાદ.** ત્યાં **હર્ષ** જોવામાં આવ્યો. **માનવાવાસમાં વાસવ** શેઠને ઘરે એના પગલાથી ઉત્સવ થઇ રહ્યો હતો. ઘણે વર્ષે શેઠનો મિત્ર **ધનદત્ત** આજે આવ્યો હતો. ભોજન આનંદ કલ્લોલ જામી રહ્યા હતા ત્યાં **વિષાદ** ત્યાં આવ્યો. તે વખતે લંબનક નામનો નોકર દાખલ થયો, શેઠનો એક પુત્ર **વર્ધન** રળવા બહારગામ ગયો હતો ત્યાં લુંટાયો અને અંતે ચોરોથી મરાયો એ સમાચાર કહેવા લંબનક આવ્યો હતો. તેના સમાચારથી હર્ષકલ્લોલને સ્થાને રડારોળ થઇ રહી. આ હર્ષ અને વિષાદ બન્ને પરિણામ વગરના છે અને નકામા છે એપર મામાએ તે વખતે તત્ત્વદૃષ્ટિએ વિસ્તારથી વિવેચન કર્યું. પૃ. ૯૬૮-૯૮૪.

**પ્રકરણ ૨૭ મું-ચાર અવાંતર નગરો.** વિવેકપર્વતપરથી મામાએ ચાર અવાંતર નગરો ભાણેજને બતાવ્યાં: **માનવાવાસ, વિબુધાલય, પશુસંસ્થાન, અને પાપિપંજર** અને એ પ્રત્યેક અંદર અંદર ભળેલા લાગે છે છતાં તદ્દન અલગ છે અને તે પ્રત્યેકમાં કોણ કેવી રીતે રહે છે તેની વિગતવાર વાર્તા કહી બતાવી. પૃ. ૯૮૫-૯૯૩.

**પ્રકરણ ૨૮ મું-સાત પિશાચીઓ.** પછી ભવચક્રમાં રહેલી પ્રાણીઓને દુઃખ આપનાર સાત પિશાચીઓ બતાવી અને પ્રત્યેકપર વિસ્તારથી વિવેચન કર્યું. (૧) **જરા.** ઘડપણ. જીવન શક્તિને મંદ પાડનાર. વિરોધી **યૌવન.** (૨) **રુજા.** વ્યાધિ. એની વિરોધી **નિરોગતા.** (૩) **સૃતિ.** મરણ. એની વિરોધી **જીવિકા.** (૪) **ખલતા.** પાપોદય. કૃતઘ્નપણું વિગેરે. એની વિરૂદ્ધમાં **સૌજન્ય.** (૫) **કુરૂપતા.** કદરૂપાપણું. સામે-**સુરૂપતા.** (૬) **દરિદ્રતા.** અંતરાય. તેની સામે **ઐશ્વર્ય.** (૭) **દુર્ભગતા** કમનસીબપણું. તેની સામે **સુભગતા.** એ સાતેનાં કાર્યો શાં છે, કેમ થાય છે અને તેના પ્રત્યેકના વિરોધી કોણ કોણ છે તેનું મામાએ વિસ્તારથી વર્ણન કર્યું. પૃ. ૯૯૪-૧૦૧૧.

**પ્રકરણ ૨૯ મું-રાક્ષસી દોર અને નિર્વૃતિ.** ભાણેજ તો આવી રાક્ષસીઓની પીડાથી કંટાળી ગયો. પછી એને અટકાવનાર સંબંધી સવાલ કર્યો. મામાએ જણાવ્યું કે એનો વેગ અસ્ખલિત છે. પછી પ્રાણીના પ્રયત્નને કેટલો અવકાશ છે તે વાત કરી, પંચ કારણોની વિશિષ્ટતા વર્ણવી. પછી નિવારણ કરવાના ઉપાય કરવા કે નહિ એ સવાલના જવાબમાં અવશ્ય ભાવીભાવ પર લંબાણ વિવેચન કર્યું, પરિપાટીની વ્યવસ્થા જણાવી અને એ રાક્ષસીનો દોર **નિર્વૃતિ** નગરીમાં જરા પણ ચાલતો નથી એમ બતાવ્યું. પછી ભવચક્રવાસીઓને કંટાળો કેમ નહિ આવતો હોય તેના જવાબમાં **મહામોહનું** જોર કેટલું હોય છે તે મામાએ વર્ણવ્યું. છેવટે ભાણેજની ખાતરી થઇ કે બણી રીતે એ નગરના લોકોનું વર્તન ગાંડાની જેવું છે. પૃ. ૧૦૧૨-૧૦૧૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૩૦ મું-છ નગરની ભેટ.** અવલોકન દિશા હવે ફેરવી. **મિથ્યા-**દર્શન મંત્રી પોતાનું પ્રાબલ્ય કેવી રીતે બતાવે છે તે વાત ભાણેજે પૂછી એટલે મામાએ **માનવાવાસના** છ નગરો બતાવ્યાં: **નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, મીમાંસક અને લોકાયત.** તે ઉપર મિથ્યાદર્શન પોતાનો દોર બરાબર ચલાવે છે. **મીમાંસક** આધુનિક નગર છે તે વેદધર્મની સ્થાપના માટે **જૈ-**મિની મુનિએ રચેલ છે. કેટલાક લોકાયતને ગણતા નથી. એ પાંચ ઉપરાંત છઠું **વિવેક** પર્વતના **અપ્રમત્તત્વ** શિખરપર **જૈન** નગર છે. પાંચ જમીનપર છે અને છઠું શિખર પર છે. પાંચ નગરવાસીઓનું સાધ્ય તો **નિર્વૃતિ** જ છે પણ કલ્પના ખોટી છે. બીજાં નાનાં નાનાં નવાં તો ઘણાં નગરો છે પણ સનાતન અને સાધ્યે પહોંચનાર તો **જૈન** નગર જ છે. પૃ. ૧૦૧૯-૧૦૨૫.

**પ્રકરણ ૩૧ મું-ષટ્પુરનાં નિર્વૃતિમાર્ગો.** પછી ભાણેજના પૂછવાથી મામાએ છએ નગરના નિર્વૃતિમાર્ગો પર બહુ વિસ્તારથી વિવેચન કર્યું. **નૈયાયિક** સોળ તત્ત્વ માને છે. **વૈશેષિકો** છ પદાર્થો માને છે. **સાંખ્યો** પચીશ તત્ત્વ માને છે. **બૌદ્ધોના** ચાર વિભાગ છે. **ચાર્વાક** કાંઇ માનતા નથી. મીમાંસકો ચોદનાલક્ષણ ધર્મ માને છે. જૈનો નવ તત્ત્વ માને છે. એ પ્રત્યેક નિર્વૃતિને અંગે શું કહે છે તેપર વિમર્શે વર્ણન કર્યું પૃ. ૧૦૨૬-૧૦૩૫.

**પ્રકરણ ૩૨ મું-જૈનદર્શન.** હવે **વિવેકપર્વત** જ્યાં મામાભાણેજ ઊભા હતા તેના **અપ્રમત્તત્વ** શિખરપર આવેલ **જૈનપુર** તરફ નજર ઠરી. પછી તેમાં વસનાર સાધુઓનું જીવન કેવું હોય, વર્તન કેવું હોય, આહાર પ્રવૃત્તિ કેવી હોય અને ચિત્તવૃત્તિ અટવી કેવી હોય તે વિમર્શે વિસ્તારથી સમજાવ્યું. તેમાં સાધુનાં મહાવ્રતો, અસંગ યોગની સાધનો અને મહામોહના પ્રત્યેક સેનાનીપર તેમનો વિજય કેમ અને કેવો થાય છે તેપર વિસ્તાર કર્યો. પૃ. ૧૦૩૬-૧૦૪૧.

**પ્રકરણ ૩૩ મું-સાત્ત્વિકમાનસપુર અને ચિત્તસમાધાન મંડપ.** હવે સંતોષને જોવાની પ્રકર્ષે જિજ્ઞાસા બતાવી એટલે મામાએ દૂરથી **ચિત્તસમાધાન** મંડપ બતાવ્યો. પછી બન્ને એ મંડપમાં ગયા. પછી ભાણેજ સંદેહો પૂછતો ગયો અને મામા ખુલાસા કરતા ગયા. વિશાળ મંડપની ભવ્ય રચના જોઇ ભાણેજ રાજી થયો. એના સ્થાનનો નિર્દેશ કરતાં મામાએ કહ્યું કે એક **સાત્વિકમાનસપુર** નામનું અંતરંગ નગર છે, તેમાં એ સુંદર **વિવેકપર્વત** છે. તે સર્વ **ભવચક્રમાં** છે અને **ચિત્તવૃત્તિને** નાકે છે. **સાત્ત્વિકમાનસપુર** સર્વ ગુણોની ખાણ છે અને **નિર્મળચિત્ત** વિગેરે નાનાં ગામોની રાજધાની છે. એની જાગીરદારી **કર્મપરિણામે** પોતાના જ હાથમાં રાખી છે. એના લોકો બહુ ભલા છે. **વિવેકપર્વતપર** ચઢતાં બુદ્ધિ ખીલે છે. એનું **અપ્રમત્તત્વ શિખર** શત્રુને દળવાનાં કામમાં બહુ મદદ કરે છે અને **જૈનપુર** તો ખાસ જોવા લાયક છે, રત્નસમૂહથી ભરપૂર છે, એના લોકો **નિર્વૃતિ** નગરીએ જવાના નિશ્ચયવાળા હોય છે, તેઓનાં કાર્યો તો પાંચ નગરવાસી જેવાં જ હોય છે પણ સાધ્યમાં ઘણો ફેર હોય છે. ત્યાં **ચિત્તસમાધાન** મંડપ જોવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાયક છે, તેમાં વચ્ચે **નિઃસ્પૃહતા** વેદિકા ગોઠવી છે, તેના ઉપર **જીવવીર્ય** સિંહાસન છે. એ સર્વનો આંતર આશય સમજવા યોગ્ય છે તેપર મામાએ ઘણો વિસ્તાર કર્યો. પૃ. ૧૦૪૧-૧૦૫૮.

**પ્રકરણ ૩૪ મું-ચારિત્રધર્મરાજ.** જીવવીર્ય સિંહાસન પર **ચારિત્રધર્મરાજ** બેઠા છે. તેને ચાર મુખ છેઃ (૧) **દાન**મુખ. (૨) શીલમુખ. (૩) તપમુખ. (૪) ભાવમુખ. ચોથામાં બાર ભાવનાનો સમાવેશ થાય છે. એ મહારાજની **વિરતિ** દેવી રાણી છે. એના પાંચ મિત્રો છેઃ **સામાયિક**, છેદોપસ્થાપનીય, **પરિહારવિશુદ્ધિ**, **સૂક્ષ્મસંપરાય** અને **યથાખ્યાત**. પૃ. ૧૦૫૮-૧૦૬૬.

**પ્રકરણ ૩૫ મું-યતિધર્મ-ગૃહિધર્મ.** મામાએ પછી **ચારિત્રધર્મરાજના** બન્ને પુત્રોને ઓળખાવ્યા મોટો **યતિધર્મ** છે. તે દશ મનુષ્યોથી વિંટાયલો છેઃ ૧. **ક્ષમા**. ૨. **માર્દવ**. ૩. **આર્જવ**. ૪ **મુક્તતા**. ૫. **તપ**યોગ. (એના બાર અંગરક્ષકો છે. અનશનાદિ ૭ અને પ્રાયશ્ચિત્તાદિ ૭.) ૬. **સંયમ**. ૭. **સત્ય**. ૮. **શૌચ**. ૯. **આકિંચન્ય**. ૧૦. **બ્રહ્મચર્ય**. એ મોટા પુત્રની વધૂ **સદ્‌ભાવસારતા** છે. બીજો પુત્ર **ગૃહિધર્મ** કહાયો છે. એ બાર મનુષ્યથી પરવરીને બેઠેલો છે. એની પત્નીનું નામ **સદ્‌ગુણરક્તતા** છે. પૃ. ૧૦૬૬-૧૦૮૭.

**પ્રકરણ ૩૬ મું-ચારિત્રરાજનો અન્ય પરિવાર.** ભાણેજને બહુ આનંદ થયો. **ચારિત્રરાજના** અન્ય પરિવારને ઓળખવા ઉત્સુકતા થઇ. મામાએ પ્રથમ **સમ્યગ્‌દર્શન** સેનાપતિ વર્ણવ્યો. એના આસ્તિકય વિગેરે પાંચ દૂતો બતાવ્યા. એની **સુદૃષ્ટિ** ભાર્યાને ઓળખાવી. એ સેનાપતિ **મિથ્યાદર્શનનો** દુશ્મન છે અને એનાં ત્રણ રૂપ છે. એ **ચારિત્રરાજનો** **સદ્‌બોધ** નામનો મંત્રી છે. એ દ્રવ્ય ગુણનો જાણનાર છે, રાજ્યનિષ્ઠ છે અને કર્તવ્યપરાયણ છે. એની **અવગતિ** નામની ભાર્યા છે. એનાં પાંચ મિત્રો છેઃ **આભિનિબોધ**, **સદાગમ**, **અવધિ**, **મનઃપર્યાય**, **કેવળ**. હવે ભાણેજે **સંતોષને** જોવા ઇચ્છા કરી. એ તો માત્ર એક સેનાની ઠર્યો. **મોહરાય** એને ભૂલથી મૂળ રાજા ધારતો હતો. વળી એ સંતોષને **નિષ્પિપાસિતા** નામની ભાર્યા છે. પછી મામાએ **ચારિત્રરાજનું** આખું ચતુરંગ લશ્કર બતાવ્યું. ભાણેજને બહુ આનંદ થયો. સારી રીતે બે માસ સુધી મામા ભાણેજ જૈનપુરમાં રહ્યા. પૃ. ૧૦૮૭-૧૦૯૮.

**પ્રકરણ ૩૭ મું-કાર્યનિવેદન (રિપોર્ટ).** મામા ભાણેજ બે માસ રહ્યા **ગ્રીષ્મવર્ણન**. આનંદ થવાથી વળી બે માસ વધારે ત્યાંજ રહ્યા. **વર્ષાવર્ણન**. પછી ઘર તરફ પાછા ફર્યા. આવીને રાજસભામાં **શુભોદય** સમક્ષ **રસનાની મુળશુદ્ધિ** કરી હતી તેનો વિગતવાર હેવાલ વિમર્શે આપ્યો. **વિચક્ષણ** અને **બુદ્ધિદેવીએ** પણ હેવાલ સાંભળ્યો. પૃ. ૧૦૯૮-૧૧૦૫.

**પ્રકરણ ૩૮ મું-રસના સાથે વિચક્ષણ જડ વ્યવહાર.** હવે પેલો **જડ** તો **રસનાને** ખૂબ પોષતો રહ્યો. એક વખત બકરાને બદલે ગોવાળનું ખૂન રસનાપોષણાને અંગે કરી બેઠો. પછી મનુષ્યમાંસથી **રસનાને** તૃપ્ત કરવા ઇચ્છા થઈ. **લોલતા** રાજી થઇ. એક વાર છોકરાને મારવા **શૂર** ક્ષત્રિયના ઘરમાં પેઠો. ક્ષત્રિયે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીદો. ખૂબ માર્યો અને આખરે પીડાથી મરી ગયો. **વિચક્ષણે** તો મુળશુદ્ધિ જાણી, **રસનાને** ઓળખી એટલે એને દેશવટો આપવા ઇચ્છા કરી. પિતાએ ક્રમે ક્રમે તેને છોડવાની સલાહ આપી. પછી **વિમળાલોક** અંજનથી જૈનપુરનો સાક્ષાત્કાર વિમર્શે તેને કરાવ્યો. પછી **વિચક્ષણે** દીક્ષા લીધી.

**વિચક્ષણાચાર્ય નરવાહન** રાજાને કહે છે કે એજ હું **વિચક્ષણ** અને એ મારી દીક્ષાનું કારણ થયું. આવી રીતે પ્રકરણ ૯ થી શરૂ થયેલી **રસનાની કથા** પૂર્ણ થઇ.
પૃ. ૧૧૦૫-૧૧૧૦.

## રસના કથા સંપૂર્ણ.

**પ્રકરણ ૩૯ મું-નરવાહન દીક્ષા, રિપુદારૂણને રાજ્ય.** વિચક્ષણાચાર્યનું ચરિત્ર સાંભળીને નરવાહનરાજાને ઘણો વૈરાગ્ય થઈ આવ્યો. એણે એ ચરિત્રપર બહુ વિચાર કર્યો. એને એમાં બહુ રહસ્ય દેખાયું. પછી સવાલ કર્યો કે સર્વ જીવોને એવા જ બનાવ બને છે કે કેમ? ત્યારે આચાર્યશ્રીએ સર્વ ચરિત્રોમાં એકસરખાપણું કેટલું હોય છે તે વિગતવાર બતાવ્યું. પછી એના વિચારમાં સ્થિરતા થઇ, પોતે દીક્ષા લેવા ઉદ્યુક્ત થયા. આચાર્યે એને એના નિર્ણયમાં સ્થિર કર્યો. પુત્ર માટે ખેદ થયો. આખરે એને જ રાજ્ય આપવાનો નિશ્ચય કર્યો. શૈલરાજ મૃષાવાદ મુક્તિના ઉપાયો વિચારતાં આચાર્યે જણાવ્યું કે **શુભમાનસમાં શુભાભિસન્ધિ** રાજાની **વરતા** અને **વર્યતા** બે ભાર્યાઓ છે. **વરતાથી** એને **મૃદુતા** નામની દીકરી થઇ છે તેનો મેળ થાય તો શૈલરાજથી મુક્તિ મળે અને **વર્યતાથી સત્યતા** નામની દીકરી થયેલી છે તેનો સંયોગ થાય તો મૃષાવાદથી મુક્તિ મળે. એ વાત કુમારના પ્રારબ્ધપર છોડી **નરવાહને** આનંદથી દીક્ષા લીધી. પૃ. ૧૧૧૧-૧૧૧૯.

**પ્રકરણ ૪૦ મું-રિપુદારણનો ગર્વ અને પાત.** રિપુદારણના રાજ્યથી એના **શૈલ** અને **મૃષાવાદ** મિત્રો રાજી થયા. પુણ્યોદય કાંઇક જાગ્યો. ત્યાં એક વખત **તપન** ચક્રવર્તી આવ્યા. મંત્રીઓએ રિપુદારણને સમજાવ્યો કે ચક્રીને યોગ્ય માન સામા જઇ આપવું જોઇએ પણ **શૈલની** સલાહે ભાઇશ્રી ચઢયા, ના પાડી, **અને મૃષાવાદની** અસરતળે પછવાડે આવવા કહ્યું. **તપનને** તો બાતમીદારોએ વાત જણાવી દીધી, છતાં તેડવા મોકલ્યો. **રિપુદારણ** માન્યો નહિ. મંત્રીઓ ગભરાયા પણ **તપને** તેમને શાંત કર્યા. યોગેશ્વર તંત્રવાદીને બોલાવી તેને મોકલ્યો એટલે એણે યોગચુર્ણ રિપુ૦ ઉપર નાખ્યું. આખે શરીરે બળતરા ચાલી. પછી રિપુદારણ પાસે નાટક કરાવ્યું, પ્રજાજન અને આપ્ત જનમાં ઘણો હલકો પાડયો અને તેની પાસે પગે પડાવી પડાવીને અધમતાનાં ગાનો કરાવ્યાં, છેવટ ઢેઢ અને ભંગીઓને પણ પગે પાડયો. આખરે એ મરણ પામ્યો. પાપિષ્ઠનિવાસને સાતમે પાડે ગયો. **પછી તિર્યંચ જાતિમાં ખૂબ રખડયો અને અધમ કુળોનો સારી રીતે અનુભવ કર્યો, પછી ભવિતવ્યતાએ** બીજી ગોળી આપી **વર્ધમાનપુર** મોકલ્યો. **ગ્રંથકર્ત્તાની સામાન્ય આલોચના** અને પ્રશસ્તિ. પૃ. ૧૧૧૯-૧૧૩૩.

## ચતુર્થ પ્રસ્તાવ સંપૂર્ણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પંચમ પ્રસ્તાવ.

## કથાસાર.

**પ્રકરણ ૧ લું-વામદેવ-માયાસ્તેય પરિચય.** વર્ધમાનપુરમાં **ધવળરાજ** રાજ્ય કરતા હતા. કમળસુંદરીથી એને **વિમળ** નામનો ગુણવાન્ પુત્રો થયો. એજ નગરમાં **સોમદેવ** નામનો શેઠ હતો, તેને કનકસુંદરીથી **વામદેવ** નામનો પુત્ર થયો. આ વામદેવ તે આપણો કથાનાયક **સંસારીજીવ** સમજવો. પુણ્યોદયનો પણ એની સાથે જ જન્મ થયો. એને બે કાળા મનુષ્યોનો પરિચય થયો, એક સ્ત્રી અને એક પુરૂષ હતા. સ્ત્રી તે **માયા** હતી અને પુરૂષ તે **સ્તેય** હતો. બન્ને સાથે વામદેવને ઘણો સ્નેહ થયો અને પરિચય વધતો ચાલ્યો અને પરસ્પર મિત્રાચારીના કોલ અપાયા. **માયાની** સોબતથી સર્વને છેતરવા મન થયા કરે અને **સ્તેયની** અસરથી પારકું પચાવી પાડવાની વૃત્તિ થયા કરે. હવે **વામદેવને** કુમાર **વિમળ** સાથે પણ દોસ્તી થઇ. **વિમળનો** પ્રેમ સાચો અને નિઃસ્પૃહ હતો જ્યારે વામદેવનો સ્વાર્થી હતો. પૃ. ૧૧૪૦-૧૧૪૭.

**પ્રકરણ ૨ જું-નરનારી શરીર લક્ષણ.** બન્ને મિત્રો **વામદેવ** અને **વિમળ** અનુક્રમે યુવાવસ્થા પામ્યા. એકવાર ફરતાં ફરતાં ક્રીડાનંદન વનમાં ખેલવા ગયા ત્યાં દૂરથી કોઈ અવાજ તેમના કાનપર આવ્યો. બન્ને મિત્રો એ વનભાગમાંથી આવતા અવાજ તરફ ગયા. બીચ ઝાડીમાં એક સ્ત્રીપુરૂષનું જોડલું જોયું વિમળે કહ્યું કે એ મહા ઉત્તમ સ્ત્રીપુરૂષ છે, એનાં લક્ષણો બહુ સારાં છે એમ લક્ષણોપર પૂછવાથી વિવેચન કરવા માંડ્યું. પ્રથમ પુરૂષશરીરનાં લક્ષણો કહ્યાં, પછી સ્ત્રીશરીરનાં લક્ષણો કહેતાં કેડ સુધી વર્ણન કર્યું. એ વાત પૂરી થતાં પહેલાં અધુરી રહી.

પૃ. ૧૧૪૮-૧૧૬૩.

**પ્રકરણ ૩ જું-આકાશમાં યુદ્ધ.** **વિમળકુમાર** લક્ષણો સંબંધી વિવેચન કરતો હતો ત્યાં આકાશમાં ઉઘાડી તરવાર સાથે બે પુરૂષો દેખાયા. તેમણે લતાગૃહમાં રહેલા પુરૂષને હાકોટો કરી બોલાવ્યો. લતાગૃહમાં રહેલ પ્રેમી યુગલમાંનો પુરૂષ આકાશમાંના આવ્હાનથી ચેત્યો અને તરવાર ઉઘાડી આકાશમાં દોડ્યો. તે વખતે આકાશમાં મોટું યુદ્ધ ચાલ્યું. હવે આકાશમાં નવા આવેલા બેમાંનો એક લતાગૃહવાળા સાથે લડવા લાગ્યો અને બીજો લતાગૃહમાં પેસી સુંદરીને સતાવવા આવ્યો એટલે એણે ભયભીત થઈ **વિમળનો** આશ્રય માગ્યો. **વિમળે** આશ્રય આપ્યો અને વનદેવતાના જોરથી તે નવો આવનાર થંભી ગયો. આખરે પાછો ચાલ્યો. લતાગૃહવાળો અને આ બન્ને આકાશમાં દૂર થઇ ગયા, લડતાં લડતાં આઘા ચાલ્યા ગયા. અહીં લતાગૃહમાં સુંદરી મુંઝાણી, તેને **વિમળે** ધીરજ આપી. થોડી વારમાં લતાગૃહવાળો પુરૂષ વિજય મેળવી પાછો આવ્યો અને સુંદરીને રક્ષણ આપવા માટે **વિમળનો** આભાર માનવા લાગ્યો. પછી આ સર્વ બાબત શી છે એમ વિમળે પૂછતાં લતાગૃહવાળા વિદ્યાધરે પોતાની હકીકત વિગતવાર કહી.

પૃ. ૧૧૬૪-૧૧૬૭.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૪ થું-રત્નચૂડની આત્મકથા.** વૈતાઢચ પર્વતપર ઉત્તર દક્ષિણ બે શ્રેણી છે. તેમાં સાઠ અને પચાસ વિદ્યાધર નગરો છે. દક્ષિણ શ્રેણીમાં **ગગનશેખર** નામે નગર છે. તેનો **મણિપ્રભ** રાજા અને **કનકશિખા** રાણી છે. તેમને **રત્નશેખર** નામનો પુત્ર છે અને **રત્નશિખા** અને **મણિશિખા** નામની પુત્રીઓ છે. રત્નશિખા એક **મેઘનાદ** નામના વિદ્યાધરને પરણેલી હતી અને મણિશિખાને **અમિતપ્રભ** સાથે પરણાવવામાં આવી હતી. એ રત્નશિખા અને મેઘનાદનો પુત્ર **રત્નચૂડ** ( કથા કહેનાર લતાગૃહવાળો ) હતો. અમિતપ્રભ અને મણિશિખાને **અચળ** અને **ચપળ** નામના બે પુત્રો થયા. એટલે રત્નચૂડ અને એ બન્ને અચળ ચપળ માસી માસીના છોકરા થયા. હવે રત્નશેખર રતિકાન્તાને પરણ્યા તેથી તેમને **ચૂતમંજરી** નામની છોકરી થઇ હતી. એ આ લતાગૃહમાંની કન્યા છે. મેઘનાદ જે રત્નચૂડના પિતા હતા તેને **ચંદન** નામના સિદ્ધપુત્રે જૈનધર્મનું સારૂં જ્ઞાન આપ્યું હતું. પછી રત્નશેખરે સહધર્મી તરીકે ચૂતમંજરીના લગ્ન રત્નચૂડ સાથે કર્યાં, ત્યારથી પેલા અચળ ચપળ તેનો દ્વેષ કરતા રહ્યા અને તેને હેરાન કરવાના માર્ગ શોધતા રહ્યા ત્યાર પછી એમણે કોઇ કાળી વિદ્યા સાધી અને આ બનાવ બન્યો તે જ સવારે તેઓ તૈયાર થઇ ગયા હતા એવી ખબર **મુખર** નામના જાસુસે રત્નચૂડને આપી હતી વળી એક જણ તેની સાથે લડશે અને બીજો ચૂતમંજરીને ઉપાડી જશે એવો સંકેત થયો હતો એ વાત પણ રત્નચૂડના જાણવામાં આવી હતી. રત્નચૂડ બહાદૂર હતો પણ હિંસાથી ડરતો હતો તેથી દૂર થઇ ગયો અને લતાગૃહમાં આવ્યો હતો. તેની શોધ કરતા પેલા અચળ ચપળ આકાશમાં આવ્યા, તે વખતે મોટી લડાઇ થઇ, પ્રથમ રત્નચૂડે અચળને હરાવ્યો, પછી ચપળને હરાવ્યો, પણ તેને આખી લડાઈ દરમ્યાન ચૂતમંજરીનો ખ્યાલ આવ્યા કરતો હતો અને મનમાં દુઃખ થતું હતું. આટલી વાત કરી રત્નચૂડે જરા વિસામો લીધો. પૃ. ૧૧૬૮-૧૧૭૪.

**પ્રકરણ ૫ મું-વિમળ અને રત્નચૂડ-ચૂતમંજરી.** ઉપરની વાત કરી રત્નચૂડે બહુ આનંદ બતાવ્યો અને બદલો વાળવા ઇચ્છા જણાવી. **વિમળ** તો નિઃસ્પૃહી હતો. એણે તો એ વાતને પણ હસી કાઢી. વિમળે અમુલ્ય રત્ન આપવા ઇચ્છા બતાવી અને એના બહુ ગુણો વર્ણવ્યા. વિમળે તો ના જ પાડી. એટલે વળી ચૂતમંજરીએ વધારે પ્રાર્થના કરી, આગ્રહ કર્યો. રત્નચૂડે વિમળને લુગડે રત્ન બાંધી દીધું. વિમળની નિઃસ્પૃહતા આદર્શ હતી. એની આવી ઉદાર શાંતિ જોઇ રત્નચૂડ પણ આશ્ચર્ય પામ્યો. વિમળે કરેલા ઉપકારનો બદલો કેમ વાળવો તેનો ઊંડો વિચાર કર્યો. પૃ. ૧૧૭૪-૧૧૭૮.

**પ્રકરણ ૬ ઠું-વિમળનું ઉત્થાન-દેવદર્શન.** રત્નચૂડને તપાસ કરતાં જણાયું કે વિમળમાં મહાનુભાવતા ઘણી છે, પણ હજુ તેણે કોઇ ધર્મનો સ્વીકાર કર્યો નથી. આ ઉપરથી એને ભગવાનના દર્શન કરાવવા ઇચ્છા થઇ અને તે દ્વારા ધર્મબોધ કરી પ્રત્યુપકાર વાળવા નિર્ણય વિમળે મનમાં કર્યો. એ જ ક્રીડાનંદન વનમાં યુગાદિનાથનો પ્રાસાદ હતો, રત્નચૂડને પૂર્વપરિચિત હતો. ત્યાં વિજ્ઞપ્તિ કરીને વિમળને લઇ ગયો. અદ્‌ભુત સૌંદર્યવાળું મંદિર જોઇને વિમળ ઘણો પ્રસન્ન થયો. મૂર્તિનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનથી એને વીર્યોલ્લાસ થયો, ગુણાનુરાગથી જાતિસ્મરણ જ્ઞાન થયું અને પ્રેમથી મૂર્છા આવી, પોતાના પૂર્વ સુકૃત્યોનું સ્મરણ થયું અને આત્માનું ઉત્થાન થવા લાગ્યું. તે વખતે વિમળે અંતઃકરણથી રત્નચૂડનો આભાર માન્યો અને પોતાના પૂર્વ સ્મરણો અને અંતર આનંદ દર્શાવ્યો અને ફરીવાર રત્નચૂડને પગે પડ્યો

પૃ. ૧૧૭૯-૧૧૮૫.

**પ્રકરણ ૭ મું-વિમળનું ઉત્થાન-ગુરૂતત્ત્વપરિચય.** દેવનો પરિચય થઇ ગયો. માર્ગપ્રાપ્તિ થાય ત્યારે આનંદ કેવો થાય છે, સ્થૂળ આનંદ અને આત્મિક આનંદમાં શો તફાવત છે તે એણે બતાવ્યો. પછી વિમળે ફરી ફરીને રત્નચૂડનો આભાર માન્યો, રત્નચૂડે ઉત્તરમાં લોકાંતિક દેવનો દાખલો આપ્યો, તેનો પણ વિમળે સારો જવાબ આપ્યો. ધર્મની બાબતમાં નિમત્ત થય તે ખરો ગુરૂ છે એમ તેણે જણાવ્યું. વિમળ કુમારની ભાવના વધતી ચાલી અને એણે તો ધર્મ બતાવનાર તરીકે રત્નચૂડને ગુરૂ માની તેનું ગુણગાન કરવા માંડ્યું, સંસારપર નિર્વેદ બતાવ્યો અને સાથે માતાપિતાને પણ બોધ થાય તો સારૂં, એવી ઇચ્છા બતાવી તેની આ ચિંતા દૂર કરવાનો ઉપાય રત્નચૂડે બતાવ્યો. પોતાને બુધાચાર્ય નામના ગુરૂનો પરિચય થયો હતો તેની વાર્તા કરી. થોડા વખત પહેલાં એ જ ક્રીડાનંદન વનમાં તે ગુરૂનો યોગ થયો ત્યારે પોતાના મનમાં કેવી ભાવના થઇ હતી તેનું વર્ણન કરી બતાવ્યું અને જણાવ્યું કે પ્રથમ મંદિરમાં ગયો ત્યારે બહાર અતિ કદરૂપો મનુષ્ય ઉપદેશ આપતો હતો, પાછો આવતાં અતિ કાંતિમાન્ પણ તે જ સ્વરવાળા જોયા. આવું મહાન્ આશ્ચર્ય જોતાં પોતાને ગુરૂની લબ્ધિરૂપ ક્રાંતિનો ખ્યાલ થયો. પછી ગુરૂએ કેવો ઉપદેશ આપ્યો હતો તે વાત કરી અને છેવટે જણાવ્યું કે એ ગુરૂમહારાજ જો અહીં પધારે તો વિમળના માતપિતાને પણ બોધ લાગે. વિમળે રત્નચૂડ પાસે ગુરૂમહારાજને ત્યાં પધારવા વિજ્ઞપ્તિ કરવા કહ્યું તે વાત રત્નચૂડે સ્વીકારી. સજ્જનમેળાપનો આનંદ કેવો છે અને તેમાં કેવી મજા છે તે વાત પર વિવેચન કરતાં મિત્રો છૂટા પડ્યા. આ આખી વાર્તા દરમ્યાન વામદેવ હાજર હતો અને વાત સાંભળતો હતો.

પૃ. ૧૧૮૫-૧૧૯૯.

**પ્રકરણ ૮ મું-દૌર્જન્ય અને સૌજન્ય.** વામદેવ ઉપરની ઊંચી હદની વાતો સાંભળતો હતો પણ તેમાં તેનું ધ્યાન ન હોતું. તેનું મન તો રત્નમાં જ લાગી રહ્યું હતું અને તેને કેમ પડાવી લઇ પોતાનું કરવું તેનો ઘાટ ઘડ્યા કરતું હતું દર્શન કરી બહાર આવી નિઃસ્પૃહી કુમારે એને જમીનમાં દાટી રાખવા કહ્યું. કોઇ વાર ખપ પડશે તો જોઇ લેવાશે. વામદેવે નિશાની રાખી એને જમીનમાં દાટ્યું. બન્ને મિત્રો નગરમાં જઇ પોતપોતાને ઘેર ગયા. વામદેવ રત્નને ચોરવાના વિચારમાં પડ્યો, એણે ઘાટો ઘડ્યા વિમળનો પ્રેમ વિસારી દાટેલી જગ્યાએ ગયો, રત્નને બીજી જગ્યાપર દાટ્યું, અસલ સ્થાને કપડામાં પથ્થર વીંટ્યો અને જમીનમાં દાટ્યો અને પોતે ઘરે આવ્યો. રાત્રે વામદેવને ઉંઘ ન આવી, અનેક વિકલ્પો થયા. પ્રભાતમાં ઉઠી રત્નને લઇ આવવા ક્રીડાનંદનમાં ગયો. હવે વિમળ વામદેવને તેડવા એને ઘરે આવ્યો, ત્યાં ન જોવાથી વનમાં તેની પછવાડે ગયો. તે વખતે ગભરાટમાં આગલે દિવસે રત્નને બીજે ઠેકાણે દાટ્યું હતું તે વાત વામદેવ ભૂલી ગયો. પથ્થરને ખોદી કાઢી લઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધો, ત્યાં **વિમળ**ને જોયો, કેમ જલ્દી આવ્યો છે? એવા પ્રશ્નના ગોટાળા જવાબ આપ્યા, મનમાં બીક લાગી કે **વિમળે** એને જોઇ લીધો છે. પછી દેવદર્શને બન્ને ગયા, **વિમળ** અંદર ગયો, **વામદેવ** બહારથી નાસ્યો. **વિમળે** તો ઉદાર દીલે એની શોધ કરાવી અને આખરે ત્રણ દિવસે શોધ કરનારા સાથે પાછો આવ્યો. કેમ ચાલ્યો ગયો હતો તેના સંબંધમાં તદ્દન બનાવી કાઢેલી જૂઠી વાત કરી, વનદેવતાએ એને શૂળ પેદા કર્યું, સારા કરવા વિમળે રત્નને શોધવા માંડ્યું, ત્યાં વનદેવી પ્રગટી, વાત કરી દીધી, **વામદેવ** પકડાઇ ગયો, પણ **વિમળે** તો ઉદારતાની હદ કરી અને ભયંકર ગુન્હાને નજીવો ગણી કાઢ્યો. પૃ. ૧૨૦૦-૧૨૦૯.

**પ્રકરણ ૯ મું-વિમળે કરેલી ભગવંતસ્તુતિ.** પછી **વિમળ**કુમાર અને **વામ**દેવ દેવદર્શન કરવા ગયા. વિમળે તે વખતે અદ્ભુત સ્તુતિ કરી. ( આ આખી સ્તુતિ અલંકારિક ભાષામાં હોઇ મનન કરવા યોગ્ય છે.)

પૃ. ૧૨૧૦-૧૨૧૬.

**પ્રકરણ ૧૦ મું-મિત્રમેળાપ-સૂરિસંકેતનિર્દેશ.** અધ્યાત્મા **વિમળ** સ્તુતિ કરતો હતો ત્યારે રત્નચૂડ પરિવાર સાથે ત્યાં આવ્યો હતો. વિમળને સ્તુતિ કરતો જોઇ પોતે ચુપચૂપ શાંત રહ્યો, આખા પરિવારને શાંત રહેવા કહી દીધું અને નિઃખાલસ સ્તુતિશ્રવણથી આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. પછી સર્વે મંદિર બહાર આવ્યા. પોતાને ઢીલ થવાનું કારણ કહેતાં જણાવ્યું કે છૂટા પડ્યા પછી એને વિદ્યાઓએ સ્વપ્ન આપ્યું અને વિદ્યાધરનો ચક્રવર્તી થનાર છે એમ જણાવી તેના શરીરમાં પેઠી, બીજે દિવસે એનો રાજ્યાભિષેક થયો, મોટો મહોત્સવ થયો, રાજ્યકાર્ય સંભાળતાં અને વ્યવસ્થા કરતાં વખત થયો. પછી પોતે બુધાચાર્યને મળ્યો અને **વિમળ**ની વાત કરી, સૂરિએ અમુક સંકેત કર્યો છે, તેઓ જરૂર આવશે એ વાત કરી. આટલી વાત **વિમળે** જણાવી ગુરુનો સંકેત **વિમળ**ના કાનમાં કહ્યો. **વામદેવ** સંદેશો સમજ્યો નહિ. મિત્રો છૂટા પડ્યા. પૃ. ૧૨૧૭-૧૨૨૧.

**પ્રકરણ ૧૧ મું-પ્રતિબોધ રચના.** **વિમળકુમાર** તો વિરક્ત ભાવે સંસારમાં રહેવા લાગ્યો. **ધવળરાજ**ને એથી ચિંતા થઇ એને સંસારમાં પ્રેમ લાવવા અને પરણાવવા પોતે પ્રયત્ન કરવા લાગ્યા. એક વખતે તેમણે **વિમળ**ને સંસાર ભોગવવા કહ્યું એટલે **વિમળે** તકનો લાભ લીધો, પ્રજા સુખમાં રાજ્યસુખ છે એમ જણાવ્યું. પોતે **મનો**નંદન ઉદ્યાનમાં રહી દીન દુઃખીને સંભાળશે એવી ઇચ્છા જણાવી અને સર્વ દુઃખીને સુખી કરવા ભાવના જણાવી. આ રીતે પણ જો છોકરો સંસારમાં આવે તો સારૂં એમ ધારી **ધવળરાજે** વાત સ્વીકારી, **હિમભવન**ની યોજના કરી અને રાજ્યના દુઃખી માણસોને ત્યાં લઇ આવવા આજ્ઞા કરી. લોકોને સુખ થાય અને પોતે અલિપ્ત રહે એવી યોજના કરી વિમળ **મનો**નંદન ઉદ્યાનમાં રહ્યો. આમ પ્રતિબોધરચનાનો પ્રથમ પ્રવેશ પૂરો થયો.

પછી ધવળરાજના માણસો એક દીન દુઃખીને લઇ આવ્યા. એને પરદા પછવાડે રાખ્યો. એના કપડાં ફાટેલાં હતાં. એનો આખો દેખાવ દયા ઉપજાવે તેવો હતો, શરીર વ્યાધિથી ભરપૂર હતું, છતાં એ પોતાને દુઃખી માનતો ન હોતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બીજા સર્વને સર્વ પ્રકારે હેરાન થયેલા અને વ્યાધિવાળા માનતો હતો. એને લઇ આવનારને એણે આવી આવી વિચિત્ર વાતો કરી હતી એ સર્વનું સેવકોએ વર્ણન કર્યું. ધવળરાજને એ વાત સાંભળી ઘણી નવાઇ લાગી. પૃ. ૧૨૨૨-૧૨૩૧.

**પ્રકરણ ૧૨ મું-ઉગ્ર-દિવ્ય દર્શન.** આવો આશ્ચર્ય કરનારો પ્રસંગ ચાલી રહ્યો છે. વિમળ મનમાં સંકેતાનુસાર સમજી ગયો કે બુધ આચાર્ય ગુપ્ત વેશે પધાર્યા છે. પોતે તેને માનસિક નમસ્કાર કર્યો અને આચાર્યે મનથી તેને ધર્મલાભ આપ્યો. હવે એ દુઃખીની સ્થિતિ જોઇ લોકો એનાપર હસતા હતા, કોઇ એની દયા ખાતા હતા ત્યાં તો દુઃખીએ ઉગ્ર રૂપ ધારણ કર્યું, સર્વને ૧ વર્ણે કાળા, ૨ ભુખ્યા, ૩ તરસ્યા, ૪ થાકેલા, ૫ તાપ ખમનારા, ૬ કોઢીઆ, ૭ શૂળથી પીડા પામતા, ૮ ઘડપણથી જીર્ણ, ૯ તાવવાળા, ૧૦ ગાંડા, ૧૧ આંધળા, ૧૨ પરતંત્ર, ૧૩ દેવાદાર, ૧૪ ઉંઘનારા અને ૧૫ દરિદ્રી કહ્યા અને પોતે તેવા નથી એમ જણાવ્યું. ધવળરાજ વિચક્ષણ હતા, એણે આંખની ઉગ્રતા જોઇ લીધી, કોઇ સિદ્ધ હોવાની કલ્પના કરી અને પોતે તુરત તેને પગે પડ્યા. ઉઠીને જુએ છે તો કમળપર શાંતમૂર્ત્તિ ભવ્યાત્મા મહાત્માને જોયા. સર્વે ચકિત થયા. આવી રીતે સર્વને દિવ્ય દર્શન થયું. પૃ. ૧૨૩૧-૧૨૩૭.

**પ્રકરણ ૧૩ મું-બુધસૂરિ-સ્વરૂપદર્શન.** આખો દેખાવ ફરી જતા સર્વ ખડા થઇ ગયા. પછી રાજાએ ઉપરની પંદરે બાબતનો વિગતવાર ખુલાસો કરવા કહ્યું એટલે શાંત ગંભીર વાણીથી આચાર્યે સંસારીઓ કેમ કાળા છે અને પોતે કેમ નથી વિગેરે પંદરે બાબતનો વિગતવાર ખુલાસો કહ્યો. (જે આખો વાંચવા યોગ્ય છે.) પૃ. ૧૨૩૭-૧૨૫૫.

**પ્રકરણ ૧૪ મું-પારમાર્થિક આનંદ.** વળી મહાત્માએ પંદરે મુદ્દાઓનો સંક્ષેપ કર્યો, અને તે પર મુદ્દાસરનું વિવેચન કર્યું. પછી જણાવ્યું કે સાધુઓને એ પંદરે પ્રકારનો ત્રાસ હોતો જ નથી, વળી તેઓ અગિયાર સુંદરી સાથે આનંદ કરતા હોય છે. તેઓનાં નામ: ધૃતિ, શ્રદ્ધા, સુખાસિકા, વિવિદિષા, વિજ્ઞપ્તિ, મેધા, અનુપ્રેક્ષા, મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા. તેઓ સર્વ સુખનો જાતે અનુભવ કરે છે અને તે સુખ અનુપમેય છે તે દેવોને કે અન્ય મનુષ્યોને હોતુ નથી. આ ખરો પારમાર્થિક આનંદ છે. પૃ ૧૨૫૬-૧૨૬૦.

**પ્રકરણ ૧૫ મું-બઠરગુરૂ કથાનક.** ઉપરની વાર્તા સાંભળી ધવળરાજે મહાત્માને પ્રશ્ન કર્યો કે પ્રાણી આવું જાણે છતાં યોગ્ય રસ્તો શા માટે લેતા નહિ હોય? એટલે ગુરૂ મહારાજે જણાવ્યું કે મહામોહને વશ પડી વસ્તુતત્ત્વ વિચારતા નથી, બઠરગુરૂપ્રમાણે. એ બઠરગુરૂ કોણ હતો તેમ પૂછતાં મહાત્માએ તેની વાત કરી.

**બઠરગુરૂ દૃષ્ટાન્ત. ભવ** ગામમાં **સ્વરૂપ** નામે શિવમંદિર હતું. એ સર્વ વાતે સમૃદ્ધ હતું. **સારગુરૂ** એનો અધિપતિ હતો પણ એને મંદિરની સમૃદ્ધિનો ખ્યાલ નહિ. પછી ધૂતારાઓએ અને ચોરોએ એની દોસ્તી કરી. ગુરૂ પોતાના કુટુંબને ભૂલી પેલા ચોરોની સોબતમાં પડ્યો રહેવા લાગ્યો. શિવભકતોએ એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણો **સમજાવ્યો** પણ ગુરૂ એકનો બે થયો **નહિ. એણે તો પોતાના ખરા કુટુંબને વચ્ચેના** ઓરડામાં કેદ કર્યું અને તેના ઉપર તાળાં દીધાં. ભકતોએ આથી તેનું **બઠરગુરૂ** નામ પાડ્યું. આ ગુરૂ તો ચોરો સાથે નાચે, રમે, ખેલે અને તાળોટા પાડે. એ ગામમાં ચાર પાડા હતા. પ્રથમ પાડામાં ઠીંકરાનું પાત્ર લઇ ગુરૂએ ભીખ માંગી, ગુરૂએ ત્યાં માર ખાધો; બીજા પાડામાં શરાવળું લીધું, ત્યાં પણ મશ્કરી થઇ; ત્રીજા પાડામાં ત્રાંબાનું પાત્ર લીધું, ત્યાં કાંઇક ભીખ મળી; ચોથામાં રૂપાનું પાત્ર લીધું, ત્યાં ખૂબ ભીખ મળી. આવી રીતે ઘરમાં ઘણી મિલ્કત છતાં ભીખ માટે ચારે પાડામાં બઠરગુરૂ રખડ્યો અને હેરાન થયો અને પોતાના કુટુંબની અવગણના કરી તેમ જ પોતે દુઃખમાં ડૂબેલો રહ્યો. પૃ. ૧૨૬૧-૧૨૬૭.

**પ્રકરણ ૧૬ મું-કથાઉપનય-ઉત્તર વિભાગ.** ઉપરની કથાનો આશય મહાત્માએ પછી સમજાવ્યો. **ભવ** એટલે સંસાર. **જીવનું સ્વરૂપ** તે શિવમંદિર. **રત્નસમૃદ્ધિ** તે આત્માના અદ્ભુત ગુણો. **સારગુરૂ** તે જીવ. સ્વાભાવિક ગુણો તે કુટુંબીઓ. ગુણજ્ઞાનની ગેરહાજરી તે ઘેલાપણું. રાગદ્વેષ તે ધૂતારા. ગીત ગાન તે સંસારનો મોટો કોળાહળ. શિવભકતો તે ઉચ્ચગ્રાહી જૈનદર્શની. **બઠરગુરૂ** એ વિભાવ દશામાં જીવનું ઉપનામ. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પાડાઓ. નરકમાં ઠીકરાનં પાત્ર, તિર્યંચમાં શરાવળું, મનુષ્યમાં ત્રાંબાનું અને દેવમાં રૂપાનું. ભીખ તે વિષયભોગની તૃપ્તિ માટે વલખાં. નરકમાં તો ભોગભોજન મળતું જ નથી, તીર્યંચમાં લુચ્ચાઓથી પીડા પામે છે, ત્રીજામાં ભોજન જરા મળે છે, ચોથામાં વધારે મળે છે. પણ એને પોતાની મિલ્કત તો ખ્યાલ તો આવતો જ નથી, જરા સુખમાં એ રાચી જાય છે પણ તે કોનો પ્રતાપ છે તે જાણતો નથી.

અહીં ધવળરાજે સવાલ કર્યો કે મોક્ષ કેમ થાય?

**કથાનો ઉત્તર ભાગ.** પછી વૈદ્યરાજ મળ્યા. એણે પ્રયોગ બતાવ્યો. રાત્રે ગુરૂ મંદિરમાં ગયો. ચોરો ઉંઘતા હતા તેનો લાભ લીધો. દીવો સળગાવ્યો. તત્ત્વરોચક પાણી પીધું અને ઉન્માદ ગયો. હાથમાં વજ્રદંડ લીધો અને ચોરોને ખૂબ ફટકાર્યા પછી અંદરનો ઓરડો ઉઘાડ્યો તો અઢળક ધન જોયું. પછી એણે ભવગ્રામ છોડી દીધું અને શિવાલય મઠમાં પોતે ગયા. ભાવાર્થ સ્પષ્ટ છે.

પૃ. ૧૨૬૭-૧૨૮૧.

**પ્રકરણ ૧૭ મું-બુધચરિત્ર.** ઉપરનું ચરિત્ર કહી મહાત્માએ કર્તવ્યપ્રેરણા કરી, સંસાર ત્યાગ કરવા સૂચવ્યું અને એવી મહત્ત્વની બાબતમાં ઢીલ ન કરવા સૂચન કર્યું. ધવળરાજે પ્રશ્ન કર્યો કે મહાત્માને પોતાને કોણે ઉપદેશ આપ્યો? આત્મકથા કરવાની રજા નથી છતાં લાભનાં કારણે મહાત્માએ પોતાનું ચરિત્ર કહેવા માંડ્યું:—

**ધરાતળ** નામના નગરે **શુભવિપાક** રાજાને **નિજસાધુતા** રાણી છે તેનાથી **બુધ** નામનો પુત્ર થયો. એ રાજાના ભાઇ **અશુભવિપાકને પરિણતિ** નામની ભાર્યાથી **મન્દ** નામનો પુત્ર થયો. **બુધ** અને **મંદ** ભાઇઓ હતા, પરસ્પર સ્નેહ સારો હતો અને સાથે ફરતા હતા. હવે **વિમલમાનસમાં શુભાભિપ્રાય** રાજાને

ધિષણા નામની પુત્રી હતી તેને બુધ સાથે પરણાવી, તેનાથી બુધને વિચાર નામનો પુત્ર થયો. પૃ. ૧૨૮૨-૧૨૮૬.

**પ્રકરણ ૧૮ મું-ઘ્રાણપરિચય-ભુજંગતાના ખેલો.** હવે પેલા બુધ અને મંદ ક્રીડા કરતા લલાટપટ્ટ નામના પર્વતે ગયા, ત્યાં શિખર ઉપર કબરી નામની ઝાડીમાં નાસિકાનામની ગુફા જોવામાં આવી. એ અંધારી ગુફામાં બે ઓરડા હતા. તેમાંથી ભુજંગતા આવી. તેણે મીઠા શબ્દોમાં ઘ્રાણ મિત્રનો પરિચય કરાવ્યો અને જૂની ઓળખાણ કાઢી. એના ઢોંગ જોઇ મન્દ એમાં લુબ્ધ થયો પણ બુધ તો બધું જોયા કરતો હતો. ભુજંગતાની પ્રેરણાથી મન્દ તો ઘ્રાણનું લાલનપાલન કરવા લાગ્યો, પણ બુધે અવલોકન ચાલુ રાખ્યું. ઘ્રાણને છોડયો નહિ પણ એમાં આસક્તિ રાખી નહિ. મન્દ તો ઘ્રાણ સંબંધમાં જીવનનો લાભ માનવા લાગ્યો. પૃ. ૧૨૮૭-૧૨૯૪.

**પ્રકરણ ૧૯ મું-મોહરાય ચારિત્રધર્મનું યુદ્ધ.** હવે એ બુધનો પુત્ર વિચાર યુવાન થયો, દેશાંતરે નીકળી પડયો, કેટલેક વખતે પાછો આવ્યો, જાણ્યું કે એના પિતા તથા કાકા (બુધ અને મંદ)ને ઘ્રાણ સાથે દોસ્તી થઇ છે એટલે પિતાને એકાંતમાં લઇ જઇ વાત કરી:—

'ઘ્રાણ ઘણો દુષ્ટ છે, સોબત કરવા યોગ્ય નથી. ભવચક્રમાં ફરતાં મને એક સુંદર સ્ત્રી મળી. તપાસ કરતાં તે મારી માસી નીકળી તેનું નામ માર્ગાનુસારિતા. બન્નેનું ઓળખાણ થયું. દેશાટનના લાભો માસીએ વર્ણવ્યા. માસીને મેં કૌતુકો બતાવવા વિજ્ઞપ્તિ કરી. પછી માસીએ મને ભવચક્રમાં ફેરવ્યો, સાત્વિકમાનસપુર, વિવેકપર્વત, જૈનનગર બતાવ્યાં. ત્યાં એક ઘવાયલો રાજપુત્ર દેખાયો. એનું નામ સંયમ. એ યતિધર્મનો માણસ થાય. માસીએ જણાવ્યું કે એને હવે સેનાનીઓ પાછો લઇ જાય છે. તે વખતે ચારિત્રરાજ શું કરે છે તે જોવા અમે ચિત્તસમાધાન મંડપે ગયા. સંયમ સુભટને પડેલા મારથી આખી ચારિત્રરાજની સભામાં મોટો ક્ષોભ થઇ આવ્યો. અમે આ બધું દૂર ઊભા ઊભા જોતા સાંભળતા હતા. સદ્બોધ મંત્રી સર્વને શાંત પાડતો હતો. તે વખતે તપ શૌચ વિગેરે લડવા તૈયાર થઇ ગયા. ચારિત્રરાજે પ્રથમ સેનાપતિ મંત્રી સાથે વિચારણા કરવા માંડી, એકાંતમાં ગયા. સમ્યગ્દર્શન સેનાપતિનો જુસ્સો તો સમાતો ન હોતો, એ તો એક ઘાના બે કટકા કરવાની વાતપર હતો. સદ્બોધ મંત્રી શાણો હતો. એણે આખી રાજનીતિ વર્ણવી, સંધિવિગ્રહના પ્રસંગો વર્ણવ્યા, છેવટે જણાવ્યું કે આપણે મૂળના વાંધા છે, મૂળ સંસારીજીવ આપણે તાબે નથી, એ હજુ મોહને વશ છે, એને સારો માને છે, માટે એ અનુકૂળ થાય નહિ ત્યાં સુધી આપણું ફાવે નહિ. ચિત્તવૃત્તિનો રાજા એ છે. આ વાત તો વખતના વહેવા સાથે બની આવશે. દૂતને મોકલવાથી પણ કાંઇ વળશે નહિ. છેવટે સેનાપતિના આગ્રહથી દૂતને મોકલવાનું ઠર્યું. સત્યને દૂત તરીકે મોહરાયની છાવણીમાં મોકલ્યો. દૂત ચિત્તવૃત્તિમાં આવેલ ચિત્તવિક્ષેપ મંડપે આવ્યો અને વાત માંડી-આ અટવીનો માલેક સંસારીજીવ છે, સ્વામી પણ તે જ છે, માટે એને રાજ્યપર સ્થાપો અને આપણે સર્વ સેવકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છીએ તે સર્વ મળી તેની સેવા કરીએ. આવો સંદેશો સાંભળી **મોહરાય**ના સેવકો સર્વ ઉછળી પડ્યા, લડવા આહ્વાન કર્યું અને વાતને તુચ્છકારી દીધી. પછી **ચિત્તવૃત્તિ** અટવીને છેડે **મોહરાય ચારિત્રરાજ**નું મોટું યુદ્ધ થયું, પ્રકાશ અંધકાર થયો, શોરબકોર થયો અને **ચારિત્રરાજ**નું લશ્કર ભાગવા માંડ્યું. માસીએ આ મોટું યુદ્ધ બતાવી મને કહ્યું કે કલહનું મૂળ વિષયાભિલાષ મંત્રીના **પાંચ માણસોને સંતોષે** કરેલો ત્રાસ છે. એ નામો જણાતાં ઘ્રાણ એ પાંચમાંનો એક છે એમ **સમજાયું**. તો પિતાજી ! આવો **ઘ્રાણ** છે, એ આખી દુનિયાને વશ કરવા માટે નીકળી પડેલો છે, તમારે તેનો પરિચય કરવો સારો નથી.'

**વિચાર**ની વાત સાંભળી **બુધ** પોતાના નિર્ણયમાં ચુસ્ત થયો, ઘ્રાણ સાથે પ્રેમ ઘટાડતો ચાલ્યો. **મંદ** તો દરરોજ ગંધમાં જ રહેવા લાગ્યો. હવે **મન્દ લીલાવતી** બ્હેનને ઘરે ગયો ત્યાં શોકપુત્રને મારવા ઝેરી ગંધનો પડો મૂકી રાખ્યો હતો તે સુંઘતાં તે મરી ગયો.

**બુધ**ને બહુ નિર્વેદ થયો. દીક્ષા લીધી. મહાત્મા કહે છે કે એ **બુધ** હું પોતે છું. પૃ. ૧૨૯૫–૧૩૨૧.

**પ્રકરણ ૨૦ મું–વિમળ દીક્ષા–બુધ**સૂરિએ સ્વચરિત્ર કહી રાજાને નિર્ભય સ્થાનમાં પ્રવેશવા પ્રેરણા કરી. **ધવળ**રાજે સર્વ લોકોને પણ સજ્જ કર્યા, સાથે **વિમળ** કુમાર પણ તૈયાર થયો. રાજાએ તેના વિચાર જાણી આનંદ બતાવ્યો. રાજ્યાસને **કમળ** નામના નાના પુત્રને બેસાડ્યો. અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો અને સર્વત્ર આનંદ પ્રસર્યો. પૃ. ૧૩૨૨–૧૩૨૫.

**પ્રકરણ ૨૧ મું–વામદેવની નાસભાગ.** ઉપદેશ સાંભળનાર સર્વ જીવોને કાંઇ કાંઇ તો લાભ થયો, પણ **વામદેવ** તો જરા પણ સુધર્યો નહિ. એને ચિંતા થઇ કે **વિમળ** એને દીક્ષા અપાવવા આગ્રહ કરશે એટલે પોતે ત્યાંથી પોબારા ગણી ગયો, બીજે બહુ દૂર ભાગી ગયો. **વામદેવ** માટે વિમળે ઘણી તપાસ કરાવી પણ પત્તો ન લાગ્યો. છેવટે એણે પ્રેમને લઇને એના સંબંધી આચાર્યશ્રીને પૂછ્યું એટલે તેઓએ જણાવ્યું કે એ તો નાસી થયો છે, એને ભય હતો કે એને દીક્ષા લેવી પડશે; પછી એ અભવ્ય છે કે કેમ ? અને એનો છૂટકારો ક્યારે થશે ? એમ પૂછતાં આચાર્યશ્રીએ કહ્યું કે **બહુલિકા** અને **સ્તેય**નો પરિચય એ છોડશે ત્યારે એનો છૂટકારો થશે. **વિશદમાનસ** નગરે **શુભાભિસન્ધિ** રાજાની **શુદ્ધતા** અને **પાપભીરૂતા** નામની એ પત્નીઓ છે, **શુદ્ધતા**થી એને **ઋજુતા** નામની દીકરી થયેલી છે અને **પાપભીરૂતા**થી **અચૌર્યતા** દીકરી થયેલી છે. એની સાથે પેલા **વામદેવ**ના લગ્ન થશે ત્યારે એનો છૂટકારો થશે. હાલ તો ધર્મપ્રાપ્તિ માટે એ અયોગ્ય છે.

પૃ. ૧૩૨૫–૧૩૨૯.

**પ્રકરણ ૨૨ મું–વામદેવના હાલહવાલ.** વામદેવ નાસીને **કાંચનપુર** ગયો. ત્યાં **સરળ**શેઠને મળ્યો. શેઠે એને ધીરજ આપી. **બંધુમતી** ભાર્યાને કહી એને પુત્ર તરીકે રાખ્યો. બધો કારભાર તેને સોંપ્યો અને ભવિષ્યનો વારસ ઠરાવ્યો. પણ **વામદેવ** તો **સ્તેય**ની અસરતળે જ હતો અને ચોરી કરવાનો લાગ શોધતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. એક દિવસ **ધંધુલ** મિત્રનું નોતરૂં આવ્યું એટલે શેઠે ત્યાં જવા ઇચ્છા જણાવી અને ઘર સાચવવાનો બોજો વામદેવપર મૂકયો. **વામદેવ** રાત્રે ઉઠયો, દુકાને ગયો, ઝવેરાત વિગેરે જમીનમાં બીજે દાટયા. એને ચોકીદાર જોઇ ગયા હતા અને તેના ઉપર દેખરેખ રાખતા હતા. **સરળશેઠ** સવારે આવ્યા ત્યાં તો વામદેવે હાહારવ કર્યો, લોકો એકઠા થઇ ગયા. **શેઠના** પૂછવાથી વામદેવે કહ્યું કે ચોરો બધું ઉપાડી ગયા છે. અંતે ચોકીદારોએ વામદેવને ઉઘાડો પાડયો, મુદ્દામાલ સાથે પકડયો અને તેનાં કારસ્થાન પ્રકટ કર્યાં. **રિપુસૂદન** રાજાએ એને દેહાંતની સજા કરી. **સરળશેઠે** દયા માગી. રાજાએ એને પોતાપાસે રાખવા કહ્યું. હવે કોઇ ચોરી કરે કે તેનો શક **વામદેવ** ઉપર જાય. એક વખત કોઇ વિદ્યાસિદ્ધે રાજાનું લક્ષ્મીગૃહ તોડયું, એનું તહોમત **વામદેવ**પર આવ્યું અને રાજાએ તેને ફાંસીને લાકડે ચઢાવ્યો.

પછી એ પંચાક્ષપશુસંસ્થાનમાં ઘણું રખડયો અને સ્ત્રીઓનાં રૂપો પણ અનેકવાર લીધાં.

અહીં **પ્રજ્ઞાવિશાળાએ** ચરિત્રપર રહસ્ય વિચારણા કરી.

**ભવ્યપુરૂષે** કેટલાક તર્કો કર્યાં પણ આખું ચરિત્ર પૂરૂં થાય ત્યાં સુધી વાત મુલતવી રાખી. **અગૃહીતસંકેતા** તો એવી ને એવી ભોળી જ દેખાઇ. **સદાગમની** ગંભીરતા ચાલુ રહી.

**ભવિતવ્યતાએ** પતિ **સંસારીજીવને** ખૂબ રખડાવી પુણ્યોદય સાથે આનંદ નગરે મોકલ્યો.

ગ્રંથ કર્ત્તાની સંક્ષિપ્ત પ્રશસ્તિ. પૃ. ૧૩૩૦–૧૩૪૨.

**ઇતિ પંચમ પ્રસ્તાવ કથાસાર.**

---

પરિશિષ્ટ.

| | | |
|---|---|---|
| નં. ૧ | કુદૃષ્ટિને અંગે જૂદા જૂદા મતો. | પૃ. ૧૩૪૩–૧૩૫૨. |
| નં. ૨ | (૧) બ્રહ્માના બાલવિપ્લવ. | |
| | (૨) બ્રહ્મા અને મકરધ્વજ. | |
| | (૩) ગોપી પાદવંદન. | પૃ. ૧૩૫૩–૧૩૬૧. |
| નં. ૩ | ષટ્પુરના નિર્વૃતિમાર્ગો. | |
| | નૈયાયિક. (લોકાયત) | |
| | વૈશેષિક. મીમાંસક. | |
| | સાંખ્ય. જૈન. | |
| | બૌધ. | પૃ. ૧૩૬૧–૧૪૦૪. |
| નં. ૪ | પિંડવિશુદ્ધિના ૪૨ પ્રકાર. | પૃ. ૧૪૦૫–૧૪૨૯. |

---

| | | |
|---|---|---|
| પ્રભાવક ચરિત્રમાંથી શ્રીસિદ્ધર્ષિપ્રબંધ મૂળ. | | પૃ. ૧૪૩૦–૧૪૪૨. |
| સદર | ભાષાંતર | પૃ. ૧૪૪૩–૧૪૬૦. |



જૈનમ્ જયતિ શાસનમ્
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા.

## ચોથો પ્રસ્તાવ.


પ્રકરણ. સંજ્ઞા. પૃષ્ઠ.

૧. રિપુદારણ અને શૈલરાજ. ૭૦૩
૨. મૃષાવાદ ... ... ... ૭૧૧
૩. નરસુંદરી-લગ્ન ... ... ૭૨૫
૪. નરસુંદરીનો પ્રેમ-તિરસ્કાર. ૭૩૭
૫. નરસુંદરીનો આપઘાત ... ૭૪૩

રસના કથાનક.

૬. વિચક્ષણ-જડ. ... ૭૫૬
૭. રસના લોલતા. ... ૭૬૭
૮. વિમર્શ-પ્રકર્ષ.
 શરદ્-હેમંત વર્ણન.
 રાજસચિત્ત નગર.
 તામસચિત્ત નગર. ૭૮૫
૯. ચિત્તવૃત્તિ અટવી
 પ્રમત્તતા નદી.
 તદ્વિલસિત પુલીન.
 ચિતવિક્ષેપ મંડપ.
 તૃષ્ણા વેદિકા.
 વિપર્યાસ સિંહાસન. ૮૦૨
૧૦. પ્રકર્ષને જાગૃતિ. ભૌતાચાર્યકથા. ૮૧૨
૧૧. વેહલકથા. અટવીઆદિની યોજના. ... ... ૮૧૯
૧૨. મહામૂઢતા-મિથ્યાદર્શન-કુદૃષ્ટિ. ૮૪૩
૧૩. રાગકેસરી-દ્વેષગજેન્દ્ર. ... ૮૬૩
૧૪. મકરધ્વજ. ... ... ... ૮૬૭
૧૫. પાંચ મનુષ્યો.
 હાસ, અરતિ, ભય, શોક, જુગુપ્સા. ... ... ... ૮૭૨
૧૬. સોળ બાળકો ... ... ૮૭૮
૧૭. મહામોહનું સામંતચક્ર. ... ૮૮૩
૧૮. મહામોહના મિત્રરાજાઓ. ૮૮૭
૧૯. મહામોહસૈન્યને જિતનારા. ૮૯૮
૨૦. ભવચક્રને માર્ગે.
 શિશિરવર્ણન ૯૦૯
૨૧. વસંતરાજ-લોલાક્ષ.
 વસંતવર્ણન. ... ... ૯૨૦
 ભવચક્રનાં કૌતુકો(પ્ર. ૨૨-૨૬.)
૨૨. લોલાક્ષ. ... ... ૯૩૮
૨૩. રિપુકંપન. ... ... ૯૪૩
૨૪. મહેશ્વર અને ધનગર્વ. ... ૯૫૩
૨૫. રમણ અને ગણિકા. ... ૯૬૧
૨૬. વિવેકપર્વતપરથી અવલોકના.
 (૧) કપોતક અને દ્યૂત.
 (૨) લલન અને મૃગયા.
 (૩) દુર્મુખ અને વિકથા.
 (૪) હર્ષ-વિષાદ. ૯૬૮
૨૭. ચાર અવાંતર નગરો.
 (૧) માનવાવાસ.
 (૨) વિબુધાલય.
 (૩) પશુસંસ્થાન.
 (૪) પાપિપંજર. ... ૯૮૫
૨૮. સાત પિશાચીઓ.
 (૧) જરા.
 (૨) રુજા.
 (૩) મૃતિ.
 (૪) ખલતા.
 (૫) કુરૂપતા.
 (૬) દરિદ્રતા.
 (૭) દુર્ભગતા. ... ૯૯૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્રકરણ. | સંજ્ઞા. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૨૯. | રાક્ષસીદ્વાર અને નિર્વૃતિ ... | ૧૦૧૨ |
| ૩૦. | છ નગરની ભેટ. ... | ૧૦૧૯ |
| ૩૧. | ષટ્પુરના નિર્વૃતિમાર્ગો | |
| | (૧) નૈયાયિક. | |
| | (૨) વૈશેષિક. | |
| | (૩) સાંખ્ય. | |
| | (૪) બૌદ્ધ. | |
| | (૫) મીમાંસક. | |
| | (૬) જૈન ... ... ... | ૧૦૨૬ |
| ૩૨. | જૈન દર્શન. ... ... ... | ૧૦૩૬ |
| ૩૩. | સાત્ત્વિકમાનસપુર અને ચિત્તસમાધાન મંડપ. વિવેકપર્વત દર્શન. અપ્રમત્તત્વ શિખર જૈનપુર. લોકો ચિત્તસમાધાન મંડપ. નિઃસ્પૃહતા વેદિકા. જીવવિર્ય સિંહાસન. | ૧૦૪૨ |
| ૩૪. | ચારિત્રધર્મરાજ. ... ... | ૧૦૫૮ |
| ૩૫. | યતિધર્મ-ગૃહિધર્મ. ... | ૧૦૬૬ |
| ૩૬. | ચારિત્રરાજનો અન્ય પરિવાર. | ૧૦૮૭ |
| ૩૭. | કાર્યનિવેદન-(રિપોર્ટ) ગ્રીષ્મ વર્ણન. વર્ષાવર્ણન. ... ... ... | ૧૦૯૯ |
| ૩૮. | રસના સાથે વિચક્ષણ જડ વ્યવહાર ... ... | ૧૧૦૫ |


## ઇતિ રસના કથાનક.


| પ્રકરણ. | સંજ્ઞા. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૩૯. | નરવાહન દીક્ષા. ... | ૧૧૧૧ |
| ૪૦. | રિપુદારણનો ગર્વ અને પાત | ૧૧૧૯ |


## પ્રસ્તાવ પાંચમો.


| પ્રકરણ. | સંજ્ઞા. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧. | વામદેવ-માયાસ્તેય પરિચય. | ૧૧૪૦ |
| ૨. | નરનારી શરીરલક્ષણ. ... | ૧૧૪૮ |
| ૩. | આકાશમાં યુદ્ધ ... ... | ૧૧૬૪ |
| ૪. | રત્નચૂડની આત્મકથા ... | ૧૧૬૮ |
| ૫. | વિમળ અને રતચૂડ-ચૂતમંજરી | ૧૧૭૪ |
| ૬. | વિમળનું ઉત્થાન-દેવદર્શન. | ૧૧૭૯ |
| ૭. | વિમળનું ઉત્થાન. ગુરૂતત્ત્વ-પરિચય ... ... ... | ૧૧૮૫ |
| ૮. | દૌર્જન્ય અને સૌજન્ય. | ૧૨૦૦ |
| ૯. | વિમળે કરેલી ભગવંતસ્તુતિ | ૧૨૧૦ |
| ૧૦. | મિત્રમેળાપ-સૂરિસંકેતનિર્દેશ | ૧૨૧૭ |
| ૧૧. | પ્રતિબોધરચના ... ... | ૧૨૨૨ |
| ૧૨. | ઉગ્ર-દિવ્ય દર્શન ... ... | ૧૨૩૧ |
| ૧૩. | બુધસૂરિસ્વરૂપ દર્શન ... | ૧૨૩૭ |
| ૧૪. | પારમાર્થિક આનંદ ... | ૧૨૫૬ |
| ૧૫. | બઠરગુરૂ કથાનક ... | ૧૨૬૧ |
| ૧૬. | કથાઉપનય-ઉત્તરવિભાગ. | ૧૨૬૭ |
| ૧૭. | બુધચરિત્ર. ... ... | ૧૨૮૨ |
| ૧૮. | ઘ્રાણપરિચય-ભુજંગતાના ખેલો ... ... ... ... | ૧૨૮૭ |
| ૧૯. | મોહરાય ચારિત્રધર્મનું યુદ્ધ. | ૧૨૯૫ |
| ૨૦. | વિમળ દીક્ષા. ... ... | ૧૩૨૨ |
| ૨૧. | વામદેવની નાસભાગ. ... | ૧૩૨૫ |
| ૨૨. | વામદેવના હાલહવાલ. | ૧૩૩૦ |


## પરિશિષ્ટ.


| | | |
|---|---|---|
| ૧. | કુદૃષ્ટિના મતો ... ... | ૧૩૪૩ |
| ૨. | મકરધ્વજના અદ્ભુતકામો | ૧૩૫૩ |
| ૩. | ષટ્પુરના નિર્વૃતિમાર્ગો ... | ૧૩૬૧ |
| ૪. | પિંડવિશુદ્ધિના પ્રકાર. ... | ૧૪૦૫ |
| | શ્રી સિદ્ધર્ષિ ચરિત્ર મૂળ. ... | ૧૪૩૦ |
| | શ્રી સિદ્ધર્ષિ ચરિત્ર ભાષાંતર.... | ૧૪૪૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनम्,
मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् ।
श्रेयःसंवननं समृद्धिजननं सौजन्यसञ्जीवनम्,
कीर्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥

**સત્ય વચન** વિશ્વાસનું ઘર છે, મુસીબતને દળી નાખનાર છે, દેવતાઓ વડે આરાધન કરાયલું, છે, મોક્ષને માર્ગે ભાતું છે, જળ અને અગ્નિના કોપને શમાવનાર છે, વાઘ અને સર્પને સ્તંભન કરનાર છે, કલ્યાણનું વશીકરણ છે, સમૃદ્ધિને ઉત્પન્ન કરનાર છે, સજ્જનતાને જીવતી રાખનાર છે, યશનું ક્રીડાવન છે, પ્રભાવનું ઘર છે અને જાતે પવિત્ર કરનાર છે. (શાર્દૂલ.)

तमभिलषति सिद्धिस्तं वृणीते समृद्धि-
स्तमभिसरति कीर्तिर्मुच्यते तं भवार्तिः ।
स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं,
परिहरति विपत्तं यो न गृह्णात्यदत्तम् ॥

જે પ્રાણી પારકી ચીજ **(અદત્ત)**ને લેતો નથી તેને માટે મુક્તિ ઇચ્છા કરે છે, એ સંપત્તિને વરે છે, કીર્ત્તિ એની પછવાડે જાય છે, સંસારપીડા તેને મૂકી દે છે, શુભગતિ એની હોંસ કરે છે, દુર્ગતિ એને જોવાનું પણ બંધ કરે છે અને આપત્તિ એને છોડી દે છે. (માલિની.)

यस्मादाविर्भवति विततिर्दुस्तरापन्नदीनां,
यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति ।
यश्च व्याप्तं वहति वधधीधूम्यया क्रोधदावम्,
तं मानाद्रिं परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥

જે **માનપર્વત**માંથી દુઃખે તરી શકાય તેવી આપત્તિ રૂપ નદીની શ્રેણી નીકળે છે, જેમાં શિષ્ટ પુરૂષને રૂચે તેવા ગુણસમૂહનું નામ પણ હોતું નથી, જે વધ કરવાની બુદ્ધિ રૂપ ધુમાડાથી ભરપૂર દવને ધારણ કરે છે અને ઔચિત્ય વૃત્તિવાળાને ચઢવો મુશ્કેલ છે તેનો ત્યાગ કર. (મંદાક્રાન્તા.)

कुशलजननवन्ध्यां सत्यसूर्यास्तसन्ध्याम्,
कुगतियुवतिमालां मोहमातङ्गशालाम् ।
शमकमलहिमानीं दुर्यशोराजधानीम्,
व्यसनशतसहायां दूरतो मुञ्च मायाम् ॥

**માયાને** દૂર કરો: એ કુશળ કરવામાં વાંઝણી છે, એ સત્ય વચન રૂપ સૂર્યને અસ્ત કરનારી સંધ્યા છે, એ કુગતિયુવતિની માળા છે, એ મોહહસ્તીને બાંધવાની શાળા છે, એ શમ રૂપ કમળને હીમ જેવી છે, એ અપયશની રાજધાની છે અને એ સેંકડો વ્યસનને સહાય કરનારી છે. (માલિની.)

JAINSITE.com जैन साइट
जैनं जयति शासनम्

શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## ચતુર્થ પ્રસ્તાવ.

---

### અવતરણ.



JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચતુર્થ પ્રસ્તાવ.

| સ્થળાદિ. | મુખ્ય પાત્રો. | |
| --- | --- | --- |
| **સિદ્ધાર્થ નગર** (બાહ્ય). | **નરવાહનરાજા.** | રિપુદારૂણના પિતા. |
| | **વિમલમાલતી.** | નરવાહનની રાણી. |
| | **રિપુદારૂણ.** | કથાનાયક. નરવાહનનો પુત્ર. સંસારીજીવ. |
| | **નરસુંદરી.** | રિપુદારૂણની પત્ની. |
| (અંતરંગ) | **અવિવેકિતા.** | દ્વેષગજેંદ્રની સ્રી. |
| | **શૈલરાજ.** | માનનું રૂપક. અવિવેકિતાનો પુત્ર. |

**કિલષ્ટમાનસ** નગર.
(અંતરંગ)

**દુષ્ટાશય**............. રાજા.
**જઘન્યતા**. ......... રાણી.
**મૃષાવાદ**....સદરહુ રાજા રાણીનો પુત્ર. રિપુ૰નો મિત્ર
**માયા**.......રાગકેસરી અને મૂઢતાની દીકરી, મૃષાવાદે સ્વીકારેલી બહેન.

| સામાન્ય પાત્રાદિ. | |
| --- | --- |
| **મહામતિ.** | કળાચાર્ય. |
| **નરકેસરી.** | શેખરપુરનો રાજા, નરસુંદરીના પિતા. |
| **વસુંધરા.** | નરકેસરીની રાણી, નરસુંદરીની માતા. |

## વિચક્ષણાચાર્ય ચરિત્ર.

**ભૂતલ નગર.**

| | | |
|---|---|---|
| **મલસંચય.** | ભૂતલ નગરનો રાજા. | (કર્મબંધ) |
| **તત્પક્તિ.** | મલસંચય રાજાની રાણી. | (કર્મસત્તા) |
| **શુભોદય.** | મલસંચય રાજાનો પુત્ર. | (શુભકર્મનો ઉદય) |
| **અશુભોદય.** | મલસંચય રાજાનો પુત્ર. | (અશુભકર્મનો ઉદય) |
| **નિજચારૂતા.** | શુભોદય કુમારની રાણી. | (સ્વાભાવિક ભલાઇ) (Goodness) |
| **સ્વયોગ્યતા.** | અશુભોદય કુમારની રાણી. | (Conceit) |
| **વિચક્ષણ.** | શુભોદય—નિજચારૂતાનો પુત્ર. | (Intelligent) |
| **જડ.** | અશુભોદય—સ્વયોગ્યતાનો પુત્ર. | (Blockhead) |
| **બુદ્ધિ.** | વિચક્ષણની ભાર્યા. | |
| **વિમર્શ.** | નિર્મળચિત્ત નગરના મલક્ષયનો પુત્ર, વિચક્ષણનો સાળો અને પ્રકર્ષનો મામો. | |
| **પ્રકર્ષ.** | વિચક્ષણ અને બુદ્ધિદેવીનો પુત્ર. | |
| **રસના.** | વદન કોટરમાં રહેનાર અને જડની ભાર્યા. | |
| **લોલતા.** | રસનાની દાસી. | |

**નિર્મળચિત્ત નગરે**

(અંતરંગ)

| | |
|---|---|
| **મલક્ષય.** | રાજા. વિચક્ષણનો સસરો. વિમર્શનો પિતા. |
| **સુંદરતા.** | મલક્ષય રાજાની રાણી. વિમર્શની માતા. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## રસના મુળશુદ્ધિ (અંતરંગ દેશે)

| | | | | |
|---|---|---|---|---|
| **રાજસચિત્ત નગર.** | **મિથ્યાભિમાન.** | રાજસચિત્ત નગરનો રખેવાળ. | | |
| | **રાગકેસરી.** | રાજસચિત્ત નગરનો રાજા. | **મહામૂઢતા.** | રાગકેસરીની માતા. |
| | **મહામોહ.** | રાગકેસરીનો વૃદ્ધ પિતા. | | |
| | **વિષયભિલાષ.** | રાગકેસરીનો મંત્રી. | | |
| | **રસના.** | વિષયાભિલાષના સંતાનમાંથી એક. | | |
| **તામસચિત્ત નગર.** | **દ્વેષગજેંદ્ર.** | રાગકેસરીનો ભાઇ, મહામોહનો પુત્ર, તામસચિત્તનો રાજા. | **શોક.** | તામસચિત્ત નગરે આવેલ એક અધિકારી. |
| | **અવિવેકિતા.** | દ્વેષગજેન્દ્રની ભાર્યા, વૈશ્વાનરની માતા. | **દૈન્ય.** | શોકના પ્રધાનો. |
| | **મતિમોહ.** | તામસચિત્ત નગરનો રખેવાળ. શોકનો મિત્ર. | **આક્રંદન.** | શોકના પ્રધાનો. |
| | | | **વિલપન.** | શોકના પ્રધાનો. |

**ભૌતાચાર્ય અંતરકથા.**

| | | | | |
|---|---|---|---|---|
| **ચિત્તવૃત્તિ**...મહાઅટવી. | **મહામોહ.** | ચિત્તવૃત્તિ અટવીમાં વિપર્યાસ સિંહાસને બેસી રાજ્ય કરનાર વૃદ્ધ દાદો. | **સદાશિવ.** | ભૌતાચાર્ય. |
| **પ્રમત્તતા**...નદી. | | | **શાંતિશિવ.** | સદાશિવનો શિષ્ય. |
| **તદ્વિલસિત**...પુલિન-બેટ. | **મહામૂઢતા.** | મહામોહની ભાર્યા. રાગકેસરી અને દ્વેષગજેંદ્રની માતા. | | |
| **ચિત્તવિક્ષેપ**...મંડપ. | | | | |
| **તૃષ્ણા**......વેદિકા. | | | | |
| **વિપર્યાસ**...સિંહાસન. | **મિથ્યાદર્શન.** | મહામોહનો સેનાપતિ. | | |
| | **કુદૃષ્ટિ.** | મિથ્યાદર્શનની ભાર્યા. | | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વૈહલ અંતરકથા.

**ભુવનોદર નગરે.**

| | |
|---|---|
| **અનાદિ.** | ભુવનોદરનો રાજા. |
| **સંસ્થિતિ.** | અનાદિ રાજાની રાણી. |
| **વૈહલ.** | રાજા અનાદિનો ખાઉધરો જિહ્વાલોલુપી પુત્ર. |
| **સમયજ્ઞ.** | વૈદનો પુત્ર. |

| | |
|---|---|
| અતત્ત્વાભિનિવેશ | ઉર્ફે દૃષ્ટિરાગ. |
| ભવપાત | ઉર્ફે સ્નેહરાગ. |
| અભિષ્વંગ | ઉર્ફે વિષયરાગ. |

(ઉપરના ત્રણ) રાગકેસરીના ત્રણ મિત્રો.

| | |
|---|---|
| **રાગકેસરી.** | મહામોહ રાજાનો પુત્ર. (ઉપર રાજસચિત્તનો રાજા કહ્યો છે તેજ પાછો ચિત્તવૃત્તિમાં) |
| **મૂઢતા.** | રાગકેસરી રાજાની પત્ની. |
| **દ્વેષગજેંદ્ર.** | મહામોહનો નાનો પુત્ર. (ઉપર તામસચિત્તનો રાજા કહ્યો છે તેજ પાછો ચિત્તવૃત્તિમાં) |
| **અવિવેકિતા.** | દ્વેષગજેંદ્રની ભાર્યા. |
| **મકરધ્વજ.** | મોહરાજાના પરિવારમાંનો દેવને નચાવનાર નાનો રાજા. (કામદેવ) |
| **રતિ.** | મકરધ્વજની પત્ની. |
| **હાસ.** | મકરધ્વજ પાસે બેઠેલ પ્રથમ પુરુષ. |
| **અરતિ.** | મકરધ્વજ પાસે બેઠેલ પાંચ માણસમાંની એક (સ્ત્રી) |

પુંવેદ, સ્ત્રીવેદ, પંડવેદ. } મકરધ્વજનો પરિવાર.

| | |
|---|---|
| **તુચ્છતા.** | હાસની પત્ની. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| **ભય.** | મકરધ્વજ પાસે બેઠેલ પાંચમાંને એક (પુરૂષ). |
| **શોક.** | મકરધ્વજ પાસે બેઠેલ પાંચમાને એક (પુરૂષ). |
| **કષાય.** | નામના સોળ બાળકો. રાગકે૦ અને દ્વેષગ૦ ના છોકરાઓ. અનંતાનુબંધી ૪. અપ્રત્યાખ્યાની ૪. પ્રત્યાખ્યાની ૪. સંજ્વલન ૪. |
| **વિષયાભિલાષ** | રાગકેસરીને મંત્રી. રસનાનો પિતા. |
| **ભોગતૃષ્ણા** | વિષયાભિલાષની ભાર્યા. |

**સાત રાજાઓ.**

| | |
|---|---|
| **૧. જ્ઞાનસંવરણ.** | પાંચના પરિવારથી યુક્ત રાજા. (મોહરાયનો મિત્રરાજા. મદદગાર). |
| **૨. દર્શનાવરણ.** | નવના પરિવારથી યુક્ત રાજા. (મોહરાયનો મિત્રરાજા. ભાયાત). |
| **૩. વેદનીય.** | બેના પરિવારથી યુક્ત રાજા. (મોહરાયનો મિત્ર રાજા). |
| **૪. આયુ.** | ચારના પરિવારથી યુક્ત રાજા. (મદદગાર મિત્ર રાજા). |
| **૫. નામ.** | બેતાળીશના પરિવારથી યુક્ત (મોહરાયનો મિત્ર રાજા). |
| **૬. ગોત્ર.** | બેના પરિવારથી યુક્ત (મોહરાયનો મિત્ર રાજા). |

| | |
|---|---|
| **હીનસત્વતા.** | ભયની સ્ત્રી. (મનુષ્યભયાદિસાત=ભયનો પરિવાર. |
| **ભવસ્થા.** | શોકની ભાર્યા. |

| | | |
|---|---|---|
| | **૭. અંતરાય.** | પાંચના પરિવારથી યુક્ત. (મહામોહનો મિત્ર રાજા). |
| **ભવચક્રનગર.** | **લોલાક્ષ.** | લલિતપુરનો રાજા. |
| | **રિપુકંપન.** | લોલાક્ષનો નાનો ભાઇ. |
| | **રતિલલિતા.** | રિપુકંપનની ભાર્યા. |
| | **મતિકલિતા.** | રિપુકંપનની બીજી ભાર્યા. (પુત્રનો જન્મ આપનાર). |
| | **ધનગર્વ.** | મિથ્યાભિમાનનો અંગભૂત મિત્ર. |
| | **શેઠ.** | ધનગર્વી મિથ્યાભિમાની વાણિઓ. |
| | **દુષ્ટશીલ.** | શેઠની પાસે આવનાર ચોર. જાર. |
| | **મદનમંજરી.** | વૃદ્ધ ગણિકા. |
| | **કુંદકલિકા.** | યુવાન ગણિકા. મદનમંજરીની દીકરી. |
| | **ચંડ.** | કુંદ૦નો ભોગી-રાજપુત્ર. |
| | **રમણ.** | ગણિકારસિક યુવાન. |

---

| | | |
|---|---|---|
| | **કપોતક ઉર્ફે ધનેશ્વર.** | જુગટાઆસક્ત કુબેર-સાર્થનો પુત્ર. |
| | **લલન.** | લલિતપુરનો પદભ્રષ્ટ થયેલો શિકારમાંસ શોખીન રાજા. |

---

| | | |
|---|---|---|
| | **દુર્મુખ.** | વિકથા આસક્ત ચણકપુરનો સાર્થવાહ. |

ભવચક્રાન્તર નગરે.

માનવાવાસ.

વિબુધાલય.

પશુસંસ્થાન.

પાપીપંજર.

| | | | |
|---|---|---|---|
| વાસવ. | મોટો ધનવાન શેઠ. | ધનદત્ત. | વાસવશેઠનો મિત્ર |
| | | વર્ધન. | વાસવશેઠનો પુત્ર. ચોરોમાં સપડાયેલ. |
| | | લંબનક. | વર્ધનનો દાસ. શેઠને પુત્ર-લુંટના સમાચાર આપનાર. |

---

| | |
|---|---|
| હર્ષ. | રાજકેસરીનો સેનાની—આનંદ કરાવનાર. |
| વિષાદ. | શોકનો મિત્ર. કકળાટ કરાવનાર. |

---

| સાત મહેલિકા—પિશાચીણી. | | વિરોધી સત્ત્વો. | |
|---|---|---|---|
| ૧. જરા. | કાળપરિણતિ પ્રેરિત. પ્રથમા. | યૌવન. | જરાપ્રેરિત યોગી. |
| ૨. રૂજા. | અસાત પ્રેરિત. દ્વિતીયા. | નિરોગિતા. | રૂજાની શત્રુ. વેદનીય પ્રેરિત. |
| ૩. મૃતિ. | આયુઃક્ષય પ્રેરિત. તૃતીયા. | જીવિકા. | મૃતિની શત્રુ. |
| ૪. ખલતા. | પાપોદય પ્રેરિત. ચતુર્થી. | સૌજન્ય. | ખલતાનો શત્રુ. |
| ૫. કુરૂપતા. | નામકર્મ પ્રેરિત. પંચમી. | સુરૂપતા. | કુરૂપતાની વિરોધી. |
| ૬. દરિદ્રતા. | અંતરાય પ્રેરિત. ષષ્ઠી. | ઐશ્વર્ય. | દરિદ્રતાનો દુશ્મન. |
| ૭. દુર્ભગતા. | નામરાજા પ્રેરિત. સપ્તમી. | સુભગતા. | દુર્ભગતાની શત્રુ. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ જૈનેતરના પાંચ નગરો.
- નૈયાયિક.
- વૈશેષિક.
- સાંખ્ય.
- બૌદ્ધ.
- લોકાયત.

જૈન. (વિવેકપર્વતપર) છઠ્ઠું નગર.

સાત્વિકમાનસપુર. ભવચક્રમાં એક નગર. વિવેક પર્વતનો આધાર.

વિવેકપર્વત. સાત્વિકપુરમાં આવેલ ગિરિ.

અપ્રમત્તત્વ. વિવેકપર્વતનું શિખર.

જૈનપુર. વિવેકપર્વતપર આવેલું શહેર.
ચિત્તસમાધાન...મંડપ.
નિઃસ્પૃહતા.......વેદિકા.
જીવવીર્ય......સિંહાસન.

ચારિત્રધર્મ. જૈનપુરમાં ચિત્તસમાધાન મંડપમાં નિઃસ્પૃહતા વેદીપર જીવવીર્ય સિંહાસનસ્થ રાજા.

વિરતિ. ચારિત્રધર્મરાજની પત્ની.

યતિધર્મ. ચારિત્રરાજનો યુવરાજપુત્ર.

[illegible]
1. ક્ષમા.
2. આર્દ્રવ.
3. માર્જવ.
4. મુક્તતા.
5. તપયોગ.
6. સંયમ.
7. સત્ય.
8. શૌચ.
9. અકિંચનત્વ.
10. બ્રહ્મવીર્ય.

ચારિત્રરાજના મિત્રો.
- સામાયિક.
- છેદોપસ્થાપન.
- પરિહારવિશુદ્ધિ.
- સૂક્ષ્મસંપરાય.
- યથાખ્યાત.

શુભમાનસ નગર.

શુદ્ધાભિસંધિ—રાજા.

વરતા. } શુદ્ધાભિસન્ધિની રાણીઓ.
વર્યતા. }

મૃદુતા. શુદ્ધાભિ૦ અને વરતાની દીકરી. શૈલરાજની શત્રુ.

સત્યતા. શુદ્ધાભિ૦ અને વર્યતાની દીકરી. મૃષાવાદની શત્રુ.

| | |
|---|---|
| સદ્ભાવસારતા. | યુવરાજ યતિધર્મની પત્ની. |
| ગૃહિધર્મ. | ચારિત્રરાજનો ફટાયો કુંવર. |
| સદ્ગુણરક્તતા. | ગૃહિધર્મ ફટાયાની પત્ની. |
| સમ્યગ્દર્શન. | ચારિત્રરાજનો સેનાપતિ. |
| સુદૃષ્ટિ. | સમ્યગ્દર્શનની ભાર્યા. |
| સદ્બોધ. | ચારિત્રરાજનો મંત્રી. |
| અવગતિ. | સદ્બોધ મંત્રીની ભાર્યા. |
| સંતોષ. | ચારિત્રરાજનો એડીકાંપ. સંયમનો મિત્ર. |
| નિષ્પિપાસિતા. | સંતોષ તંત્રપાળની ભાર્યા. |
| તપન. | ચક્રવર્તી. રિપુદારણનો ગર્વ ઉતારનાર. |

સદ્બોધ મંત્રીના મિત્રો:

આભિનિબોધ.
સદાગમ.
અવધિ.
મનઃપર્યાય.
કેવળ.

ॐ परमात्मने नमः

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## વિભાગ ૨ જો.

## ચતુર્થ પ્રસ્તાવ.

### અવતરણ.

માન, મૃષાવાદ, રસનેંદ્રિય, વિપાક.

## પ્રકરણ ૧ લું.

### રિપુદારૂણ અને શૈલરાજ.

મનુજગતિ[1] નગરીમાં શ્રીસદાગમ સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સંસારીજીવ પોતાનું ચરિત્ર કહે છે અને તે વખતે પ્રજ્ઞાવિશાલા તથા ભવ્યપુરૂષ પાસે બેઠા છે. સંસારીજીવે ક્રોધ, હિંસા અને સ્પર્શેંદ્રિયનો વિપાક બતાવનાર નંદિવર્ધનના ભવસંબંધી વૃત્તાંત વિસ્તારથી કહ્યો. હવે પોતાનું ચરિત્ર આગળ ચલાવતાં તે કહે છે:—

**સિદ્ધાર્થ નગરે નરવાહન.**
**વિમલમાલતીની પવિત્રતા.**
**રિપુદારૂણનો જન્મ ઉત્સવ.**

[2]અતિશય સુપ્રસિદ્ધ સૌંદર્યવાળું અને પુણ્યશાળી જીવોથી વસાયલું એક **સિદ્ધાર્થ** નામનું નગર હતું. ત્યાં **નરવાહન** રાજા રાજ્ય કરતો હતો. તે રાજા [3]તેજમાં સૂર્યને પણ જીતી જાય તેવો હતો,

૧ જુઓ પૃ. ૨૯૯

૨ બે. રો. એ. સોસાયટિવાળા મૂળ પુસ્તકનું પૃ. ૪૩૬ અહીં શરૂ થાય છે.

૩ **તેજઃ** શ્લેષ-(૧) રાજા પક્ષે કાંતિ, પ્રતાપ; (૨) સૂર્ય પક્ષે પ્રકાશ, ઉષ્ણતા.

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]ગંભીરતામાં મોટા સમુદ્રને જીતી લે તેવો હતો અને [2]સ્થિરતામાં મેરૂ પર્વતથી વધી જાય તેવો હતો. તે રાજા પોતાના ભાયાત વર્ગમાં ચંદ્ર જેવી શાંતિ બતાવતો હતો, શત્રુવર્ગમાં અગ્નિ જેવું ચંડપણું બતાવતો હતો અને પોતાના ધનવડે કુબેરભંડારીપણું નિરંતર બતાવતો હતો. એ નરવાહન રાજાને રૂપમાં, આબરૂમાં, કુળમાં અને વૈભવમાં તેના જેવીજ શોભા આપે તેવી **વિમલમાલતી** નામની પટ્ટરાણી હતી. ચંદ્રિકા જેમ ચંદ્રના અને લક્ષ્મી જેમ કમલના સહવાસથી દૂર રહેતી નથી તેમ રાણી રાજાના હૃદયથી કદિ દૂર થતી નથી. એ નરવાહન રાજા વિમલમાલતી રાણી સાથે અનેક પ્રકારના આનંદવિલાસો કરતાં પોતાનો સમય પસાર કરતો હતો.

અહો **અગૃહીતસંકેતા**! હું મારા પુણ્યોદય મિત્રની સાથે તેમજ મારી સ્ત્રી **ભવિતવ્યતા** સાથે ચાલીને તે રાણીની કુખમાં દાખલ થયો. ગર્ભાવસર સંપૂર્ણ થયે હું પ્રગટરૂપે અને મારો મિત્ર પુણ્યોદય અદૃશ્યરૂપે જન્મ પામ્યા. મારા શરીરનાં સર્વ અવયવો ઘણાં જ સુંદર દેખાતાં હતાં અને મારૂં રૂપ બહારથી જોનારને બહુ ખેંચાણકારક લાગતું હતું. મારો જન્મ થવાથી પોતાને પુત્ર થયો છે એવા ખ્યાલથી મારી માતા વિમલમાલતી બહુ આનંદ પામી. મારા જન્મની મારા તે ભવના પિતા નરવાહન રાજાને ખબર પડતાં તેને પણ આનંદ થયો. આખા નગરને પણ રાજ્યવારસના જન્મથી હર્ષ થયો અને રાજ્યમાં તથા નગરમાં મારા જન્મને અંગે મોટો ઉત્સવ કરવામાં આવ્યો. મારા મનમાં પણ તે વખતે એવી કલ્પના થઇ કે હું એ નરવાહન રાજા અને વિમલમાલતી રાણીનો પુત્ર છું [3]અને તેઓ બન્ને મારા પિતા માતા છે. મારો જન્મ થયા પછી જ્યારે એક મહિનો પૂરો થયો તે વખતે મોટા આનંદ સાથે મારૂં **રિપુદારૂણ** એવું નામ પાડવામાં આવ્યું.

## શૈલરાજનો જન્મ.

નંદિવર્ધનના ભવમાં મારી ધાવ **અવિવેકિતા** નામની હતી એ તને [4]યાદ હશે. તેજ ધાવ માતા પોતાનું દૂધ મને પાવા માટે અને

---

૧ **ગંભીરતાઃ** શ્લેષ-(૧) રાજા પક્ષે હૃદયની વિશાળતા; (૨) સમુદ્ર પક્ષે ઊંડાણ.

૨ **સ્થિરતાઃ** શ્લેષ-(૧) રાજા પક્ષે મનની સ્થિરતા; (૨) મેરૂ પક્ષે એક સ્થાનકે રહેવાપણું.

૩ એક ભવમાં માતા પિતા થાય તે અન્ય ભવે ફરી જાય છે તેથી આ ટુંક વખતનો અભિનિવેશ હતો તે માટે આ વાક્ય મૂકાયલું છે.

૪ જુઓ પૃ. ૩૪૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મને ઉછેરવા માટે અહીં આવી. વાત એમ બની હતી કે એ અવિવેકિતા ધાત્રીને પોતાના વહાલા પતિ દ્વેષગજેંદ્ર સાથે એક વખત સંયોગ થયો અને જોગાનુજોગ બરાબર એવો બની ગયો કે જે વખતે દેવી વિમલમાલતીના ગર્ભમાં હું આવ્યો તેજ વખતે એ અવિવેકિતાએ પણ ગર્ભ ધારણ કર્યો. જે દિવસે મારો જન્મ થયો તેજ દિવસે અવિવેકિતાએ એક મહા દુષ્ટ બાળકને જન્મ આપ્યો. એ બાળકની છાતી બહાર નીકળેલી અને ઊંચી આવેલી હતી અને તેને આઠ [1]મુખ હતાં જેને જોઇને તે (અવિવેકિતા)ને ઘણો આનંદ થયો. પછી એ અવિવેકિતા ધાવ માતા હર્ષપૂર્વક વિચાર કરવા લાગી કે અહો! મારા પુત્રને તો જાણે મોટા પર્વતના જૂદાં જૂદાં શિખરો હોય તેવાં આઠ મુખ થયાં છે એ તો ભારે નવાઇની વાત બની! પછી એ અવિવેકિતાને સુવાવડ આવ્યાને એક માસ થયો ત્યારે તેણે પણ પોતાના પુત્રનું તેના ગુણને ઉચિત શૈલરાજ[2] એવું નામ પાડ્યું.

### પાંચ વર્ષની વયે શૈલરાજસાથે દોસ્તી.
### શૈલરાજે દેખાડેલો કૃત્રિમ સ્નેહ-પ્રેમ.
### શૈલરાજની દોસ્તીની દેખાતી અસર.

એ અવિવેકિતા ધાવમાતા અને શૈલરાજ બન્ને મારા અંતઃકરણમાં તો અનાદિકાળથી રહેલા હતા, પણ ત્યાં સુધી ગુપ્તપણે અંદર રહેતા હતા તેથી મને તેની બરાબર ખબર પડી ન હોતી.

મને ઘણાજ સુખમાં ઉછેરવામાં આવતો હતો, હું પાણી માગું ત્યાં દૂધ હાજર થતું હતું અને એવી રીતે મોટો થતો તેમજ મારા માબાપને આનંદ આપતો હું શૈલરાજની સાથે જ ઉછરવા લાગ્યો.

શૈલરાજનો ઉપરનો પ્રેમ.

મારી પાંચ છ વર્ષની ઉમર થઇ ત્યારે એક વખત કાંઇક સમજણ પૂર્વક શૈલરાજ મારા જોવામાં આવ્યો. અનાદિ કાળથી તેના ઉપર મને ઘણો મોહ અને સ્નેહ હોવાને લીધે તેને જોતાંજ મારા મનમાં તેના ઉપર જે પ્રીતિ થઇ આવી તેનું શબ્દથી વર્ણન કરવું મુશ્કેલ છે. હું તેના ઉપર ઘણા પ્રેમથી જોયા કરતો હતો એવું જાણવાથી તે

---

૧ જાતિ, લાભ, કુળ, ઠકુરાઇ, તપ, રૂપ, બળ અને જ્ઞાન એ આઠ પ્રકારનાં મદ રૂપ આઠ મુખ. **શૈલરાજ** એ અભિમાનનું વ્યક્ત રૂપ છે.

૨ **શૈલરાજઃ** શૈલ એટલે પર્વત. હેતુ મુળ કથામાં જ બતાવ્યો છે (પર્વતના શિખરોને અનુરૂપ આઠ મુખ હોવાપણાને અંગે ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લુચ્ચો છોકરો પોતાના મનમાં લક્ષ્યપૂર્વક વિચાર કરવા લાગ્યો કે આ રાજપુત્ર મારા તરફ પ્રેમની નજરથી જુએ છે તેથી જરૂર તે મારે વશ પડી ગયો હશે. તેથી તે પણ જાણે ઘણોજ અચંબો પામ્યો હોય અને જાણે મારા ઉપર ઘણાજ પ્રેમવાળો હોય તેવી રીતે મારા તરફ હેત દેખાડીને (ઉપર ઉપરથી) લુચ્ચાઇથી મને ભેટી પડ્યો. અત્યંત મોહને લીધે મને પણ તે વખતે મનમાં એવી અસર થવા લાગી કે અહો ! શૈલરાજની સામા પ્રાણીના મનના ભાવો સમજી જવાની શક્તિ આખી દુનિયામાં સર્વેથી વધી જાય તેવી છે. આવો પ્રેમવાળો સમજુ ડાહ્યો છોકરો મારો દોસ્તદાર થઇ રહે છે અને મારા તરફ આટલી બધી લાગણી બતાવે છે તો પછી મારે તેને એક ક્ષણવાર પણ છોડવો ન જોઇએ અને તેની સાથે ખરેખરી દોસ્તી કરી નાખવી જોઇએ: આ પ્રમાણે મેં મારા મનમાં નિશ્ચય કર્યો. એવી રીતે નિર્ણય કર્યા પછી હું તો દરરોજ તેની સાથે બાગબગીચામાં તથા આરામ સ્થાનોમાં ફરવા લાગ્યો અને મારા મનમાં તેની દોસ્તીથી ઘણો જ મલકાવા લાગ્યો, પરંતુ કમનશીબે તે વખતે મોહથી મારૂં મન એટલું બધું ભરમાઇ ગયું હતું કે સ્નેહના આવેશમાં તે શૈલરાજ પરમાર્થથી મારો ખરેખરો દુશ્મન છે એ વાતની મને ખબર પડી નહિ.

વર્તનપર થયેલી અસર.

એવી રીતે જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ શૈલરાજ સાથે મારી દોસ્તી તો વધતીજ ચાલી. અને પરિણામે પછી મારા મનમાં કેવા કેવા વિચારો થવા લાગ્યા અને મારા વર્તન ઉપર તેની કેવી અસર થઇ તેના થોડા નમુના અહીં બતાવું છું: મારા મનમાં થવા લાગ્યું કે અહો ! મારી જાતિ (ક્ષત્રિય) સર્વથી ઉત્તમ છે; મારૂં કુળ સર્વ કુળોથી વધારે ઉત્તમ છે; મારામાં એટલું બધું બળ છે કે ત્રણ ભુવનમાં તેની ખ્યાતિ પ્રસરી રહી છે; મારૂં રૂપ એવું સારૂં છે કે જાણે એ રૂપથી જ ભુવન શોભી રહ્યું છે; મારૂં નશીબદારપણું (સૌભાગ્ય) આખી દુનિયાને આનંદ ઉત્પન્ન કરે તેવું છે; મારૂં ઐશ્વર્ય આખા જગતમાં સર્વથી ચઢી જાય તેવું છે; જ્ઞાન તો ગયા ભવમાં મેં સારી રીતે ભણી રાખેલ હોવાથી મારી આગળ નાચ કરી રહ્યું છે; અને મારી લાભ પ્રાપ્ત કરવાની શક્તિ તો એવી અદ્દભુત છે કે અત્યારે હું ઇંદ્રને કહું કે તારૂં પદ મને આપી દે તો તે બાપડો વગર બોલે ચાલે ખુશીથી પોતાનું સ્થાન મને આપી દે, પણ મારે હાલ તેના સ્થાનનો ખપ નથી; આ દુનિયામાં આ સિવાય બીજા પણ તપ, વીર્ય, ધૈર્ય

JAINSITE .com
જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સત્ત્વાદિ અનેક ગુણો હોય છે તે સર્વે ગુણો અને શક્તિઓ ત્રણ ભુવનને મૂકીને સર્વ મારામાં ઘર કરીને આવી રહેલ છે. પરંતુ એમાં આશ્ચર્ય જેવું શું છે! જેને આવા સારા મિત્ર સાથે દોસ્તી થઇ છે તેના ગુણોના સમૂહનું વર્ણન બરાબર તો કોણ જ કરી શકે? દુનિયામાં સાધારણ રીતે પ્રાણીને એક મુખ હોય છે ત્યારે મારા મિત્રને તો આઠ મુખ છે! એ મારો મિત્ર તો પોતાનાં આઠ મુખથી જ સર્વપર વિજય પ્રાપ્ત કરી શકે તેવો છે. અહો! જેને આવો શૈલરાજ જેવો મિત્ર આ દુનિયામાં પ્રાપ્ત થઇ જાય તેને પછી એવી એક પણ વસ્તુ રહેતી નથી કે જે તેને એકદમ આપોઆપ પ્રાપ્ત ન થાય! આવા આવા સંકલ્પ વિકલ્પો મારા મનમાં આખો દિવસ કરીને મિથ્યાભિમાનથી મારી જે જે વસ્તુઓ હોય તેને ઘણી મોટી માનવા લાગ્યો અને પારકી ઘણી મોટી વસ્તુ હોય તેને નાની માનવા લાગ્યો, મારી જાતને મોટી માનવા લાગ્યો, અન્ય સર્વને હલકાં માનવા લાગ્યો. એવા વર્તનને પરિણામે જ્યારે હું ચાલતો ત્યારે પણ ઊંચીને ઊંચી ડોક રાખીને જાણે આકાશમાં તારા કે નક્ષત્રને જ જોતો હોઉં તેમ અક્કડાઇમાં મારી સામે અને નીચે નજર પણ કરતો નહિ અને જાણે મદ ચઢેલો ગાંડો હાથી હોય તેવું વર્તન કરતો હતો અથવા પવનથી ભરેલી [1]સાર વગરની ભરેલી પખાલ કે ધમણ હોય તેવી રીતે મદથી વ્યાકુળ થઇને કડકાઇમાંજ રહેતો હતો.

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

**અભિમાનના વિચારો.**

અભિમાનને લઇને હું મારા મનમાં દરરોજ વિચાર કરતો કે આ દુનિયામાં કોઇ પણ પ્રાણી મારાથી મોટું ન હોવાને લીધે મારે નમસ્કાર કરવા યોગ્ય કોઇ છે જ નહિ, કારણ કે મારામાં એટલા બધા ગુણો છે કે ગુણથીજ વંદનની યોગ્યતા થતી હોય તો સર્વ પ્રાણીઓ ગુણની બાબતમાં મારાથી નીચા વર્તે છે. મારામાં જેટલા ગુણો છે તેનો અંશ પણ હું તો કોઇનામાં જોતો નથી. મારે વળી [2]ગુરૂ કેવા? મારામાં એટલા ગુણો છે કે ગુણથી હું પોતે જ ગુરૂ છું! કોઇ દેવ પણ એવો જણાતો નથી કે જેનામાં મારાથી વધારે ગુણો હોય! અહો અગૃહીતસંકેતા! તે વખતે હું એટલો બધો અભિમાનમાં આવી

---

૧ સાર વગરની પખાલ કે ધમણ દેખાય મોટી, પણ તેમાં પવન ભરેલો હોય તેથી કાંઇ દમ નહિ; તેવી રીતે હું દેખાવમાં આડંબર ઘણો કરતો પણ અંદર જરા પણ દમ મળે નહિ.

૨ અભ્યાસ કરાવનાર ગુરૂ અથવા વયથી મોટા-એ બન્ને અર્થ લાગુ પડે તેમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો હતો કે જાણે હું પથ્થરનો[1] (શૈલનો) થાંભલો હોઉં તેમ અક્કડને અક્કડજ ઊભો રહેતો હતો અને કોઇની સાથે જરા પણ નમીને ચાલતો ન હોતો. મારી અક્કડાઇ એટલી બધી વધી પડી કે નમસ્કાર કરતા અનેક સામન્ત રાજાઓના મુગુટોનાં કિરણોથી સુશોભિત મારા પિતાશ્રીનાં ચરણકમળને પણ હું નમસ્કાર કરતો નહિ, સર્વ મનુષ્યોને વંદનીય અને જેનો મારા ઉપર સ્નેહ અને ઉપકાર એટલો બધો હતો કે તેનું વર્ણન થઇ શકે નહીં તેવી પ્રેમાળ માતાને પણ કદિ નમસ્કાર કરતો નહિ; એટલુંજ નહિ પણ લૌકિક દેવો અને અમારા કુળદેવો તરફ નમસ્કાર કરવાની ઇચ્છાથી હું નજર પણ કરતો નહિ—તેમની સામું મારી આંખોથી જોતો પણ નહિ.

અભિમાન પોષણ.

મારા પિતા નરવાહન રાજાએ મારા વર્તન ઉપરથી જોઇ લીધું કે મારે શૈલરાજ સાથે ઘણી ગાઢી પ્રીતિ થઇ ગઇ છે અને તે પ્રીતિ દરરોજ વધતી જાય છે; એટલા ઉપરથી તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે અહો! આ મારો પુત્ર માનથી પોતાને ઇશ્વર જેવો માને છે તેથી હવે જો આ લોકો તેની આજ્ઞાનું જરા પણ ઉલ્લંઘન કરશે તો એ છોકરાને મનમાં ઘણો જ ખેદ થશે અને તે પોતાની જાતને અપમાન થયેલું માની આ ઘર અને રાજ્ય છોડીને કોઇ બીજી જગ્યાએ જરૂર ચાલ્યો જશે! જો એમ થાય તો ઘણુંજ ભુંડું થઇ જાય! માટે મારા હાથ નીચેના સર્વ રાજાઓને કુમારના આવા વર્તનના સમાચાર આપીને તેઓ સર્વ કુમારની આજ્ઞા તુરત ઉઠાવી લે એવી સૂચના કરી દઉં. મારા પિતાશ્રીને મારા ઉપર ઘણો સ્નેહ હોવાથી તેમણે મારા સંબંધમાં ઉપર પ્રમાણે વિચાર કર્યો અને પોતે મનમાં જેવું ધાર્યું હતું તેવા હુકમો સર્વને ફરમાવી દીધા. મારા પિતાનો એ પ્રમાણે હુકમ થવાથી હું જોકે તદ્દન નાનો બાળક હતો તો પણ સર્વ રાજાઓ મારે પગે પડવા લાગ્યા અને જાણે મારા નોકરો હોય તેવી રીતે વર્તવા લાગ્યા. મોટા મોટા કુળમાં ઉત્પન્ન થયેલા રાજાઓ અને મોટા બળવાન્ પુરૂષો મારી પાસે "દેવ દેવ" "ખમા ખમા" એવા શબ્દો બોલી મારી અનેક પ્રકારે સેવા કરવા લાગ્યા. મારા મ્હોઢામાંથી હજુ કોઇ શબ્દ નીકળે ત્યાં તો "જય દેવ! જય દેવ!" કહીને તેઓ આદર પૂર્વક તે શબ્દને ઉપાડી લેવા

૧ **શૈલરાજ** શબ્દમાં આવેલ શૈલ શબ્દપર અહીં ભાર (pun) મૂકવામાં આવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યા અને મારા હુકમનો અમલ કરવા લાગ્યા. અગૃહીતસંકેતા! તને કેટલી વાત કહું? ટુંકામાં મારા પિતા, મારી માતા, મારા બંધુઓ અને સગા સંબંધીઓ તેમજ નોકર વર્ગ, સર્વ બાબતમાં હું જાણે પરમાત્માથી અધિક હોઉં તેવી રીતે મારી સાથે વર્તવા લાગ્યા. વાસ્તવિક રીતે મારૂં આટલું બધું માન જળવાતું હતું તેનું કારણ મારો મિત્ર પુણ્યોદય હતો, પરંતુ અત્યંત મોહને લીધે હું તો મારા મનમાં તે વખતે વિચાર કરતો હતો કે અહો! દેવતાઓને મળવો મુશ્કેલ એવો મારો પ્રતાપ હાલમાં સર્વત્ર વર્તી રહ્યો છે તેનું એક જ કારણ મારો પરમ પ્રિય ઇષ્ટ મિત્ર શૈલરાજ છે અને એ સર્વ પ્રતાપ તે જ દોસ્તદારનો છે.

## સ્તબ્ધચિત્ત લેપ.

*શૈલરાજ સાથે થયેલી વાતચીત.*

મારા મિત્રે (શૈલરાજે) મારો પ્રતાપ આટલો બધો વધારી મૂકયો તેથી હું તેના ઉપર બહુજ રાજી થઇ ગયો અને તેનાપર મારો પ્રેમ દરરોજ વધતો ચાલ્યો. અત્યંત સ્નેહમાં આવી જઇને મારા તે શૈલરાજ મિત્રને એક દિવસ હું વિશ્વાસનાં વચનો કહેવા લાગ્યો "મિત્ર! બંધુ! લોકોમાં આટલી બધી મારી ખ્યાતિ થઇ અને મારો હુકમ આટલો બધો હાલમાં ચાલવા માંડ્યો છે તે સર્વ તારો પ્રતાપ છે!"

મારાં એ વચનથી શૈલરાજ પોતાના મનમાં ઘણો ખુશી થયો, પરંતુ ઉપર ઉપરથી ખોટો દેખાવ કરતો તે મને જવાબમાં કહેવા લાગ્યો "કુમાર! આનો પરમાર્થ હું તને હાલ કહું છું: આવા પ્રકારનું સારૂં વચન તું બોલે છે તેનું કારણ તું પોતે જ છે. હકીકત એવી છેકે આ દુનિયામાં જેઓ જાતે દુર્ગુણી હોય છે તેઓ બીજા ગુણથી ભરપૂર પ્રાણીને પોતાના અભિપ્રાય અનુસાર દોષથી ભરેલા જ માને છે અને ભાગ્યશાળી સજ્જન માણસો હોય છે તે અન્ય માણસ દોષથી ભરેલો હોય તોપણ પોતાના વિશુદ્ધ વિચારોને અનુસારે તેને પણ ગુણનું મંદિર માની લે છે. આ પ્રમાણે હોવાથી મારા જેવો તદ્દન ગુણ વગરનો એક સામાન્ય માણસ તારી નજરમાં ગુણથી ભરપૂર લાગે છે તે તારા પોતામાં રહેલ સજ્જનતા બતાવે છે. મેં તો મારા મનમાં નિશ્ચય કર્યો છે કે એ સર્વ પ્રતાપ પણ તારો પોતાનો જ છે અને મારી આબરૂ પણ તારે લઇને જ છે. તારી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની શક્તિથી અમે[1] પણ જરા વિખ્યાતિમાં આવ્યા છીએ, બાકી નહિ તો અમે તે કોણ માત્ર છીએ?"

શૈલરાજનાં આવા પ્રેમાળ વચનો સાંભળીને હું તેના પર વધારે હેતાળ થયો. મેં તે વખતે મારા મનમાં વિચાર કર્યો કે અહો! આ શૈલરાજનો મારા પર કેટલો બધો પ્રેમ છે! અહો એની ચિત્તની ગંભીરતા કેટલી બધી છે! તેની બોલીમાં મીઠાશ પણ કેવી ભારે છે! અને એની ભાવ બતાવવાની રીતિ પણ કેવી આકર્ષક છે! આવી રીતે મનમાં વિચાર કરીને મેં મારા શૈલરાજ મિત્રને કહ્યું "મિત્ર! તારે આવું વિવેકનું વચન મારી પાસે બોલવાની કાંઇ પણ જરૂર નથી, કારણ કે તારામાં કેવી અદ્ભુત શક્તિ છે તે મારા જાણવામાં બરાબર આવી ગયું છે."

મારા તરફથી આવા ઉત્તેજનના શબ્દો સાંભળીને શૈલરાજને બહુ આનંદ થયો. પછી પોતાનું કાર્ય સાધવાના હેતુથી તેણે વાત આગળ ચલાવી "ભાઇ! જ્યારે શેઠ પોતે નોકર પર મહેરબાની કરવા તૈયાર થયેલ હોય છે ત્યારે પછી તેનું તે વળી સારૂં થયા વગર રહે? વળી જો તને એક બીજી વાત કહું: જો મારા જેવા એક સાધારણ માણસ ઉપર તારી આટલી બધી પ્રીતિ થઇ છે તો એક તદ્દન ખાનગી વાત છે તે હું તને આજે કહું છું તે અંગીકાર કર. મારી પાસે શક્તિને વધારનાર હૃદયપર લગાડવાનો લેપ છે તે તારે દરેક ક્ષણે હૃદય ઉપર વારંવાર લગાડ્યા કરવો."

મેં તેને પૂછ્યું "એવો લેપ તને ક્યાંથી મળ્યો? એ લેપનું નામ શું છે? અને હૃદયપર એ લેપને લગાડવાનું પરિણામ શું થાય છે? એ સર્વ બાબત હું સાંભળવા ઇચ્છું છું."

શૈલરાજે ઉત્તરમાં જણાવ્યું "કુમાર! મેં એ લેપ કોઇની પાસેથી મેળવ્યો નથી, પણ મારી પોતાની શક્તિથી જ બનાવ્યો છે. એનું નામ [2]સ્તબ્ધચિત્ત કહેવામાં આવે છે. એનો પ્રભાવ તો જબરો

---

૧ અભિમાન (શૈલરાજ) અત્યારે પણ પોતાને 'અમે' એવા બહુ વચનથી ઉદ્દેશે છે. અભિમાનનું આ લક્ષણ છે. ખોટી નમ્રતા બતાવવી એ પણ અભિમાનનું જ લક્ષણ છે.

૨ **સ્તબ્ધચિત્તઃ** જેનાથી મન જડ થાય તેવો. આ નામ લેપને બરાબર યોગ્ય છે. અભિમાનીનું મન હમેશાં જડ જેવું જ હોય છે. અભિમાનીનું મન સ્તંભિત થઇ જાય છે તેનો અત્ર સાક્ષાત્કાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તે તું અનુભવથી જાણી શકીશ. અત્યારે તેનાપર મોટું વિવેચન કરવાથી શું લાભ છે?"

મેં જવાબમાં જણાવ્યું "જેવી મિત્રની મરજી!"

લેપની અસર.

ત્યાર પછી એક દિવસ શૈલરાજ પોતાની પાસેનો સ્તબ્ધચિત્ત લેપ મારી પાસે લઇ આવ્યો અને મને તે અર્પણ કર્યો. મેં પણ તુરત જ તે લેપને મારા હૃદયપર લગાવ્યો જેને લઇને શૂળીએ લટકાવેલા ચોરની જેવી સ્થિતિ મેં ધારણ કરી. કોઇને નમવાની તો વાત જ મેં છોડી દીધી. મને એવા પ્રકારનો થયેલો જોઇને મારો આખો સામંતવર્ગ અને અધિકારીવર્ગ મને વધારે અને વધારે નમન કરવા લાગ્યો અને વાત એટલે સુધી વધી પડી કે મારા પિતા પણ મારી સાથે બોલે ચાલે તો મને હાથ જોડીને વાત કરવા લાગ્યા અને મારી માતા તો જાણે હું તેનો શેઠ કે માલેક હોઉં નહિ તેમ મારી પાસે નમ્ર વચનથી વિનતિ કરવા લાગી. હૃદયપર લેપ લગાડવાનું આવું સારું પરિણામ આવવાથી મને તે લેપ ઉપર ઘણો વિશ્વાસ ચોંટી ગયો અને શૈલરાજ મારો ખરો ઇષ્ટ મિત્ર અને પરમ બંધુ છે એવી તેના સંબંધમાં ચોક્કસ બુદ્ધિ થઇ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

# પ્રકરણ ૨ જું.

## મૃષાવાદ.

એક દિવસ હું ક્લિષ્ટમાનસ નામના અંતરંગ નગરે ગયો. એ નગર સર્વ દુઃખોનું સ્થાનક હતું, એમાં ધર્મને તિલાંજલી આપનાર પ્રાણીઓ જ વસતા હતા, સર્વ પાપોનું એ કારણભૂત હતું અને દુર્ગતિમાં જવાનાં સીધા દ્વાર જેવું હતું.

તે નગરમાં [1]દુષ્ટાશય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે સર્વ

---

[1] દુષ્ટાશયઃ મૃષાવાદ-અસત્ય હમેશા ખોટા આશય-તુચ્છ વિચારથી ઉદ્ભવે છે તેથી મૃષાવાદના બાપનું સ્થાન દુષ્ટ આશયને યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના દોષોનું જન્મસ્થાન હતો, મહા ભયંકર કર્મોની ખાણ હતો અને સદ્વિવેક રાજાનો તે મોટો જાહેર થયેલો દુશ્મન હતો.

તે દુષ્ટાશય રાજાને **જઘન્યતા**[1] નામની રાણી હતી જે અધમ પ્રાણીઓને ઘણી વહાલી હતી, સમજુ અને ડહાપણવાળા વિદ્વાનોથી નિંદા અને તિરસ્કાર પામેલી હતી અને નિંદા કરવા યોગ્ય સર્વ હલકાં કામોમાં પ્રવર્તન કરાવવાવાળી હતી.

એ દુષ્ટાશય રાજા અને જઘન્યતા દેવીને અત્યંત વહાલો એક **મૃષાવાદ**[2] નામનો છોકરો થયો હતો. એ ભાઈશ્રી સર્વ પ્રાણીઓને અરસ્પરસ જરા પણ વિશ્વાસ હોય તેનો ભંગ કરાવે તેવો હતો અને આખી દુનિયાના સર્વ દોષો તેનામાં આવી રહેલા હોવાથી સમજુ પ્રાણીઓ તેની નિંદા કરતા હતા.

એ નગરમાં શાઠ્ય (લુચ્ચાઈ), પૈશુન્ય (ચાડી ચુગલી), દૌર્જન્ય (દુર્જનતા, અધમપણું), પરદ્રોહ (બીજાનું બૂરું ઇચ્છવું) વિગેરે અનેક ચોરો વસતા હતા. તે સર્વ એ રાજકુમાર મૃષાવાદની મહેરબાની મેળવવાના ઇરાદાથી તેની સેવા કરતા હતા. સ્નેહ, મિત્રતા, પ્રતિજ્ઞા (વચન), અને વિશ્વાસ જેવા સારા સારા લોકોનો એ રાજપુત્ર દુશ્મન હતો, લીધેલ પ્રતિજ્ઞા કે નિયમ (વ્રત)ના લોપનો તે પોષણ કરનાર-પાળક પિતા હતો. નિયમ-મર્યાદાનો તે મોટો દુશ્મન હતો અને કોઈની અપકીર્તિ બોલવા રૂપ ખંજરી વગાડવી હોય તો તેને સામસામી અફાળવામાં તે સર્વદા તૈયાર રહેતો હતો. તેના હુકમને અનુસરનારા કેટલાક નરકમાં જાય છે તેને નરકે જવાનો એ મૃષાવાદ સીધો અને સરળ રસ્તો બતાવી આપે તેવી તેનામાં તાકાત હતી.

## મૃષાવાદ સાથે મૈત્રી.

હવે ઉપર જણાવ્યું તેમ જ્યારે હું ક્લિષ્ટમાનસ નગરે ગયો ત્યારે તે વખતે મેં દુષ્ટાશય રાજાને જોયો અને તેની પાસે બેઠેલી મહાદેવી જઘન્યતાને પણ જોઈ. તેમના પગ પાસે બેસીને સેવા કરનારા પુરૂષને જોતાં મારા મનમાં ખાત્રી થઈ કે એ પિતૃભક્ત મૃષાવાદ હોવો જોઈએ. મેં દુષ્ટાશય રાજાને નમન આદિ વિવેક કર્યો અને ત્યાર પછી કેટલોક વખત હું ત્યાં રહ્યો. મેં ઉપર નગરનું, નગરવાસીઓનું,

---

૧ **જઘન્યતા:** દુષ્ટ આશય સાથે તુચ્છતા મળે ત્યારે જ મૃષાવાદની પ્રવૃત્તિ થાય છે. દુષ્ટ આશય આત્માને લગતો છે (આવરીત આત્માનો) ત્યારે તુચ્છ વૃત્તિ હૃદયની છે. બન્નેને પરિણામે મૃષાવાદને અવકાશ મળે છે.

૨ **મૃષાવાદ:** અસત્ય, ખોટી હકીકત. સ્વરૂપ સ્પષ્ટ સમજાય તેવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા, રાણી અને મૃષાવાદ કુંવરનું જે સ્વરૂપ બતાવ્યું છે તે તો ત્યાર પછી જાણ્યું, પરંતુ જે વખતે હું તેમના ક્લિષ્ટમાનસ નગરે ગયો તે વખતે એ કોઇનું કાંઇપણ સ્વરૂપ મહામોહને લીધે હું જાણી શક્યો ન હોતો. મેં તો તે વખતે પેલા મૃષાવાદને મારો મોટો ભાઇ હોય તેમ ધારીને તેને મારા પરમ ઇષ્ટ મિત્ર તરીકે ગણી લીધો અને થોડા વખતમાં તો તેની સાથે પ્રેમ વધારી દીધો અને વાત એટલી વધી ગઇ કે જાણે તે મારા શરીરથી જરા પણ જૂદો ન હોય અને જાણે હું અને તે એક જ હોઇએ તેમ થઇ ગયું.

### દોસ્તીને પરિણામે વિકલ્પો.
### વધતી જતી દોસ્તીની અસરો.
### પુણ્યપ્રભાવ; પણ સમજાયો નહિ.

મૃષાવાદ સાથે ઘણો સંબંધ જામ્યા પછી તેને હું મારા સ્થાન તરફ સાથે લઇ આવ્યો. તેની સાથે આનંદ વિનોદ કરતાં મારા મનમાં નવા નવા તર્ક વિતર્ક થવા લાગ્યા. જેવા કેઃ મને આવી સર્વ પ્રકારની સંપત્તિ અપાવનારો મૃષાવાદ નામનો મિત્ર મળી ગયો અને તે સ્નેહપૂર્વક હમેશ ને માટે મારા હૃદયમાં રહેવાનો છે તેથી ખરેખર હું ઘણો જ વિચક્ષણ છું, નિપુણ છું, હુશિયાર છું, મને સાર વસ્તુ બરાબર મળી આવી છે અને આ બીજા બધા મૂર્ખ માણસો છે તે તો લગભગ પશુ જેવા છે! મારા મિત્રના પ્રતાપથી હું તો કાંઇ કાંઇ નવાઇઓ કરી બતાવું છુંઃ તદ્દન ખોટા અથવા ન હોય તેવા પદાર્થમાં સાચા અથવા છે જ એવી બુદ્ધિ હું ઉત્પન્ન કરાવું છું અને તેના જ જોરથી સદ્ભુત (સારા, હયાતિ ધરાવનાર) પદાર્થોમાં અસદ્ભુત બુદ્ધિ હું ઉત્પન્ન કરાવું છું. હું જાતે કોઇ મોટું સાહસ ખેડી નાખું છું તો મારા સારા મિત્રની કૃપાથી તેની સર્વ જવાબદારી બીજા માણસ ઉપર એકદમ ઢોળી નાખું છું. મારી મરજી પ્રમાણે ચોરી કરૂં કે પરસ્ત્રી સાથે ગમન કરૂં કે બીજો કોઇ પણ ગુન્હો કરૂં પરંતુ જ્યાં સુધી મૃષાવાદ મારો દોસ્તદાર છે ત્યાં સુધી અપરાધની જરા ગંધ પણ મારા ઉપર આવવા દેતો નથી. જે પ્રાણીઓ પાસે પોતાના સંબંધી તરીકે આ ભાઇસાહેબ (મૃષાવાદ) ન હોય તેમનો એક સ્વાર્થ પણ કેવી રીતે સિદ્ધ થઇ શકે અને તેથી આ સર્વ લોકો મને તો મૂર્ખ જ જણાય છે! કારણ કે (**स्वार्थभ्रंशो हि मूर्खता**) સ્વાર્થનો નાશ કરવો એ મોટામાં મોટી મૂર્ખાઇ છે! હું તો મૃષાવાદની મહેરબાનીથી જ્યાં લડાઇ હોય ત્યાં સલાહ કરાવી શકું છું, જ્યાં સલાહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય ત્યાં નારદનું કામ કરી લડાઇ કરાવી શકુંછું અને આ દુનિયામાં ઘણી મુશ્કેલીએ મળી શકે એવી કોઇ પણ વસ્તુ મેળવવાની હું ચિંતવના કરૂં તે સર્વ મારા સદરહુ મિત્રની કૃપાથી મેળવી શકુંછું. ખરેખર, મારા મોટા પુણ્યના યોગથી જ એ મિત્ર મને મળી ગયો છે! એજ મારો ખરેખરો ઇષ્ટ મિત્ર છે અને જેવાં ઇચ્છે તેવાં ફળ આપનાર એ તો ખરેખર આખી દુનિયાને વંદન કરવા યોગ્ય છે. દુનિયા તેને એટલું બધું માન આપે તેમાં કાંઇ નવાઇ નથી. અહો અગૃહીતસંકેતા! તે વખતે આવા આવા અને બીજા અનેક સાચા ખોટા વિચારો અને કુતર્કો કરીને મોહને લીધે મૃષાવાદ ઉપર મારા મનને બરાબર સ્થાપન કરી દીધું. જો કે તેના સંબંધથી મને ઘણા અનર્થો થતા હતા, કંઇક ન કરવા યોગ્ય કામો હું કરી બેસતો હતો અને શિક્ષાનું પાત્ર થતો હતો, પણ મારી સાથે ગુપ્ત રીતે મારો પુણ્યોદય મિત્ર રહ્યા કરતો હતો તેથી મને આવેલ સંકટ કે જવાબદારી દૂર થઇ જતાં હતાં. પરંતુ મારા મન ઉપર મોહરાજાએ પોતાનું એટલું સામ્રાજ્ય સ્થાપન કર્યું હતું કે હું પુણ્યોદયનો પ્રભાવ કદિ સમજતો જ નહિ અને મૃષાવાદમાં જ જાણે [1]ગુણોની માળાની માળા હોય એમ જ દેખતો હતો !!

### કળાચાર્યને સોંપતી વખત પુત્રનો અવિનય.
### વિદ્યારસિક રાજાએ ગુરૂને કરેલી ભલામણ.
### મહામતિ કળાચાર્યની પોતાની કળાપર શ્રદ્ધા.

આવી રીતે શૈલરાજ અને મૃષાવાદની સાથે આનંદ વિનોદ કરતાં કરતાં હું મોટો થયો એટલે મારે અભ્યાસ કરવાનો સમય પ્રાપ્ત થયો. તેટલા માટે મારા પિતાજીએ કળાચાર્યને પોતાની પાસે બોલાવી તેની પદવીને યોગ્ય તેને માન સન્માન આપી તેની પૂજા કરી ઘણા આનંદપૂર્વક અભ્યાસ કરાવવા માટે મને તેઓશ્રીને સોંપ્યો. સોંપતી વખતે પિતાજીએ મને કહ્યું "વત્સ! આ તને જ્ઞાન ભણાવનાર તારા ગુરૂ છે, માટે તેમને પગે પડીને તું તેમનો શિષ્ય થા." મેં અભિમાનમાં મારા પિતાને જવાબ આપ્યો કે "અરે પિતાશ્રી! તમે આવી વાત મારી પાસે કરો છો તે તમે તદ્દન ભોળા જણાઓ છો! અરે! એ કળાચાર્ય તે મારા કરતાં શું વધારે જાણે છે? અને મને તે શું

૧ દુનિયામાં લુચ્ચાઇ તરકટ કે અસત્ય ભાષણને પરિણામે કોઇવાર પ્રાણી પકડાઇ જતો નથી ત્યારે તેમાં તે પોતાની હુંશિયારી સમજે છે, પોતાનું પુણ્ય આડું આવ્યું છે એમ તેને કદિ લાગતું નથી. પાસા અવળાં પડે ત્યારે જ તે કર્મને દોષ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણાવવાનો છે ? અરે ! એ તો સાધારણ માણસનો ગુરૂ થાય, મારા જેવાને તે વળી કદિ કોઇ ગુરૂ હોય ! હું તો શાસ્ત્ર ભણવા માટે એવા ને પગે કદિ પડવાનો નથી. તમારો હુકમ છે તો હું તેની પાસે સર્વ કળાઓનો અભ્યાસ કરીશ, બાકી તેમનો વિનય કાંઇ પણ કરવાનો નથી.[1] ”

મારા પિતાએ પછી કળાચાર્યને એકાંતમાં લઇ જઇને કહ્યું “આર્ય મારો છોકરો મહા અભિમાનમાં લેવાઇ ગયેલો છે, તેથી એનામાં કોઇ પણ પ્રકારનો અવિનય કે એવું બીજું કોઇ દુષણ જોવામાં આવે તો તેથી તમારે જરા પણ ઉદ્વેગ કરવો નહિ, પરંતુ તમારે એને વિદ્યાકળાનો સારી રીતે અભ્યાસ કરાવવો.”

ઘણી નમ્રતા પૂર્વક મારા પિતાએ આવા શબ્દો કળાચાર્યને કહ્યા તેની કળાચાર્યપર ઘણી અસર થઇ. જવાબમાં ‘જેવો રાજેશ્રીનો હુકમ !’ એટલું તેઓ બોલ્યા. કળાચાર્ય જેમનું નામ **મહામતિ** હતું તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે-જ્યાં સુધી શાસ્ત્રમાં રહેલા સુંદર ભાવો આ ભાઇશ્રી (રિપુદારૂણ)ના ધ્યાનમાં આવ્યા નથી અને જ્યાં સુધી બાળપણ હોવાને લીધે છોકરવાદથી એનું રમત ગમતમાં વધારે મન છે ત્યાં સુધી ખોટા અભિમાનથી લેવાઇ જઇને એ આ પ્રમાણે જેવું તેવું ગર્વનું વચન બોલે છે, પરંતુ એક વખત શાસ્ત્રમાં રહેલ સુંદર ભાવો તેના સમજવામાં આવશે ત્યારે મદને છોડી દઇને તે જરૂર નમ્ર થઇ જશે. કળાચાર્યે આવો નિશ્ચય પોતાના મનમાં કરીને મને પોતાની સાથે લઇ લીધો અને સર્વ પ્રકારના આદર પૂર્વક મને યોગ્ય કળાઓનો અભ્યાસ કરાવવા માંડ્યો.

### અભ્યાસકાળમાં અભિમાન.
### તેની અભ્યાસપર અસર.
### સોબતીએ કરેલો બહિષ્કાર.

એ કળાચાર્યની પાસે બીજા પણ અનેક રાજકુમારો કળાનો અભ્યાસ કરતા હતા પરંતુ તેઓ સર્વ તદ્દન શાંત અને ગુરૂમહારાજનો યોગ્ય વિનય કરવામાં આતુર હતા; પરંતુ મારા સંબંધમાં તો એવું

---

1 મૂળમાં વાક્ય છે કે मदीयविनयो नूनमस्य स्यान्मातृलोहितम् આ એક સોગન ખાવાની રીત છે. બધા લોહી પચે પણ માનું લોહી પચતું નથી. ભાષામાં પણ સોગન ખાતા ‘તમારૂં લોહી’ એમ બોલાય છે. મતલબ એ જણાય છે કે તેમનો વિનય કરવાના તો મને સોગન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્યું કે ગુરૂ મહારાજ જેમ જેમ મારા તરફ વધારે આદર બતાવતા ગયા તેમ તેમ મારો શૈલરાજ મિત્ર મારામાં વધારે વધારે વૃદ્ધિ પામતો ગયો અને એની પરવશતાને લઇને મારા ખુદ ઉપાધ્યાયનું જ જાતિની બાબતમાં, જ્ઞાનની બાબતમાં અને રૂપની બાબતમાં વારંવાર અપમાન કરવા લાગ્યો. મારૂં અભિમાન નિરંતર વધતું જ ગયું, સર્વને સર્વ બાબતમાં ઉઘાડી રીતે હું મારાથી હલકા માનવા લાગ્યો અને શબ્દોમાં તેમજ વર્તનમાં તેવું બતાવવા લાગ્યો.

વિદ્વાન ગુરૂના પક્કા નિર્ણયો.

મારી એવા પ્રકારની સ્થિતિ જોઇને મહામતિ કળાચાર્યે પોતાના મનમાં વિચાર કર્યો કે-કોઇને[1] સન્નિપાત થયેલ હોય તેને જેમ સુંદર ક્ષીરનું ભોજન અપથ્ય હોય છે તેમ આ બાપડા ઉપર શાસ્ત્રઅભ્યાસની મહેનત કરવી તે ઉલટી તેને વધારે નુકશાન કરાવનારી છે અથવા જેમ કોઇને સખ્ત [2]પછાડ લાગ્યો હોય તેને ખટાશ ખવરાવવામાં આવે તો લાભ કરવાને બદલે આખે શરીરે સોજા થઇ આવે છે; તે પ્રમાણે હોવાથી નરવાહનરાજા જો કે પોતાના પુત્ર ઉપરના પ્રેમને લઇને તે છોકરો કોઇ પણ રીતે ગુણ ધારણ કરે તેમ કરવાને ઘણા આતુર રહે છે અને તેમ કરવા માટે ગમે તેમ કરીને મને વારંવાર ઉત્સાહ આપ્યા કરે છે, પરંતુ આ રિપુદારૂણ તદ્દન અપાત્ર જણાય છે અને મારા પોતાના વિચાર પ્રમાણે તો એને સર્વથા છોડી દેવો એજ ઉચિત છે, કારણ કે એ કોઇ પણ પ્રકારના જ્ઞાનદાનને જરા પણ યોગ્ય નથી. એક સાધારણ નિયમ છે કે.

**यो हि दद्यादपात्राय संज्ञानममृतोपमम् ।**
**सः हास्य स्यात् सतां मध्ये भवेच्चानर्थभाजनम् ॥ १ ॥**

**જે અમૃતસમાન જ્ઞાનને યોગ્ય ન હોય તેવા કુપાત્રને જ્ઞાન આપે છે તે પોતાની ફરજ બજાવતો નથી, લોકોમાં હાંસીને પાત્ર થાય છે અને અનર્થના પરિણામો સહન કરવાને લાયક થાય છે.**

---

૧ વાત પિત્ત અને કફની વિષમતાને પરિણામે 'સન્નિપાત' થાય છે જે ઘણો સખ્ત વ્યાધિ છે અને તેથી ઘણા માણસો મરણ પામે છે. એ સન્નિપાતના વ્યાધિવાળાને દૂધ આપવામાં આવે તો આયુર્વેદ વૈદકના નિયમ પ્રમાણે તેના વ્યાધિમાં ઘણો વધારે થઇ જાય છે. (નવીન વૈદક શાસ્ત્ર-એલોપથીમાં આથી ઉલટો જ સિદ્ધાંત છે એવું ડાકટરો કહે છે. તેઓ સન્નિપાતવાળાને દૂધ છુટથી આપે છે.)

૨ પછાડ ઉપર ખટાશ સોજા લાવે છે એટલે કદાચ દેખાવમાં જાડાશ વધારે જણાય છે પણ તે નુકશાનકારક જ છે, તેમ અપાત્રને અભ્યાસ કદાચ ઉપર ઉપરની સોજા જેવી જાડાશ આણે પણ પરિણામે તે તેને નુકશાનકર્તા જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રિપુદારૂણુપર સેંકડો પ્રયત્નો કરવામાં આવે તો પણ જેમ શ્વાનની પૂંછડીને સેંકડો વાર સીધી કરીએ પણ પાછી વાંકીને વાંકી થઇ જાય છે તેમ તે કદિ પણ સુધરે તેવું લાગતું નથી.

એવા એવા વિચાર કરીને મહામતિ કળાચાર્યે તે વખત સુધી મારા અભ્યાસ ઉપર ખાસ ધ્યાન આપતા હતા તે પોતાના પ્રયત્નમાં ધીમા પડી ગયા અને મને ઠેકાણે લાવવા સારૂ જે વ્યવહારોપયોગી ભાષણો મને ખાસ પોતાની પાસે બોલાવીને આપતા હતા તે સર્વ પ્રચાર બંધ કરી દીધો અને મને ધૂળ જેવો ( દરકાર કરવાને અયોગ્ય) ગણી મારી તરફ ઉપેક્ષા બતાવવા લાગ્યા, પરંતુ એમના ઉપર મારા પિતાશ્રીની છાયા ઘણી પડતી હોવાને લીધે પોતાના મ્હોઢા ઉપર મારા તરફની અવગણનાનો જરા પણ વિકાર બતાવતા ન હતા અને મને એક પણ કડવું શુકન કહેતા નહોતા.

તજી દેવાયલો રિપુદારૂણ.

મારી સાથે અભ્યાસ કરનારા બીજા રાજપુત્રો હતા તેઓએ પણ જ્યારે જાણ્યું કે હું શૈલરાજ અને મૃષાવાદની સોબત મૂકી શકું તેમ નથી ત્યારે તેઓ પણ મારાથી દૂર રહેવા લાગ્યા. વાત માત્ર એટલી બની કે પુણ્યોદય મિત્ર મારી સાથે હોવાને લીધે જોકે તેઓ મને હઠાવી દેવાને-પાછો પાડવાને અનેકવાર વિચાર કરતા હતા પણ તેને કદિ અમલમાં મૂકી શકતા નહિ. આ બાજુએ મારા સંબંધમાં એમ થવા માંડ્યું કે જેમ જેમ શૈલરાજ અને મૃષાવાદનો મારાપર સ્નેહ વધતો ગયો અને તેની અસર સ્પષ્ટ જણાવા લાગી તેમ તેમ મારો મિત્ર-પુણ્યોદય ઓછો ઓછો આછો આછો થતો ગયો.

## ગુરૂનું અપમાન-અસત્ય ભાષણ.

ગુરૂને આસને.

મારો પુણ્યોદય મિત્ર એવી રીતે ઘસાતો ચાલ્યો ત્યારે એક વખત મારા મનમાં ગુરૂમહારાજ (કળાચાર્ય)નું ઉઘાડું અપમાન કરવાની ઇચ્છા થઇ આવી. એક વખત એવું બન્યું કે કોઇ કામ સારૂ અમારા ઉપાધ્યાય બહાર ગયા એટલે તેઓને બેસવાના મોટા મૂલ્યવાન [1]આસન ઉપર હું ચઢી બેઠો. ગુરૂના આસનપર બેઠેલો મને મારી

૧ ગુરૂના આસનપર બેસવું એ ગુરૂનું મોટામાં મોટું અપમાન પૌર્વાત્ય નિયમ પ્રમાણે ગણાય છે, એ ગુરૂની આશાતના છે. પાશ્ચાત્ય નિયમ પ્રમાણે પણ ગુરૂની (શિક્ષક કે પ્રોફેસરની) ખુરશીપર વિદ્યાર્થીથી બેસાતું નથી પણ એમાં પવિત્રતાનો ખ્યાલ હોતો નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથેના સહાધ્યાસી રાજપુત્રોએ જોયો એટલે તેઓ મારા એ કામથી ઘણાજ ઝંખવાણા પડી ગયા. તેઓએ ઘણા ધીમા અવાજથી મને કહ્યું "અરે અરે! કુમાર! આ તો તેં ઠીક કામ ન કર્યું! ગુરૂમહારાજનું આ આસન વંદન કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય ગણાય, તેના ઉપર તારા જેવો બેસી જાય એ તો કોઇ પણ રીતે ઉચિત ન જ ગણાય. એના ઉપર (વિદ્યાર્થી છતાં) બેસવાથી કુળને કલંક લાગે છે, સર્વત્ર ગેરઆબરૂ થાય છે, પાપ લાગે છે અને આઉખું ઓછું થાય છે."

**સહાધ્યાયીને દબડાવ્યા.**

એ સર્વ રાજકુમારો જેઓ મારી સાથે બોલતાં પણ કંપતા હતા તેમને મેં જવાબ આપ્યો "અરે! મૂર્ખાઓ! તમે મને શિખામણ આપવા આવનારા કોણ? નીચો! તમે તમારી સાત પેઢીઓને પઢાવતા રહો! જો મને શિખામણ દેવા ફરીવાર આવ્યા તો તમારી વાત તમે જાણ્યા!" મારો આવો ઉત્તર સાંભળીને એ તો બાપડા ચૂપજ થઇ ગયા. ત્યાર પછી ઘણો વખત ગુરૂમહારાજના આસન (ખુરશી)પર બેઠા પછી હું મારી ઇચ્છા પ્રમાણે ચેષ્ટા કરતો કેટલીક વારે ત્યાંથી ઉઠ્યો.

**ખોટો બચાવ.**

થોડા વખતમાં અમારા કળાચાર્ય ત્યાં આવી પહોંચ્યા. સાથેના વિદ્યાર્થીઓએ મારી સર્વ વાર્તા ગુરૂમહારાજને કહી દીધી, જે સાંભળીને ગુરૂમહારાજ પોતાના મનમાં મારા ઉપર ઘણા ગુસ્સે થયા અને મને બોલાવીને એ સંબંધમાં ખુલાસો કરવા જણાવ્યું. જવાબમાં મેં અસૂયા[1] પૂર્વક જણાવ્યું "અરે! શું! હું તે એવું કરૂં? વાહ! આપમાં આટલું બધું શાસ્ત્રનું જ્ઞાન છે! આપ બહુ સારી રીતે માણસની પરીક્ષા કરો છો અને બહુ વિચારપૂર્વક બોલોછો! ધન્ય છે! ધન્ય છે આપના દીર્ઘદર્શીપણાને કે જેથી આપ આવા ખોટું બોલનારા અને મારી ઉપર ઇર્ષ્યા કરનારા તોફાની છોકરાઓનાં વચનથી ભોળવાઇ જઇને મને ઠપકો આપોછો, પણ આપ લુચ્ચા છોકરાઓની મારી સામેની એકસંપીથી છેતરાઇ ગયાછો. આપે આવી રીતે મને ઠપકો આપવો એ ઠીક ગણાય નહિ" આવો જવાબ સાંભળીને ઉપાધ્યાય પોતાના મનમાં જરા ઝંખવાણા પડી ગયા. તેમણે મનમાં વિચાર કર્યો કે એ રાજપુત્રો ખોટું બોલે તેવા નથી અને આ પ્રસંગે ખોટું બોલતા હોય એમ લાગતું પણ નથી અને આ ભાઇશ્રી બીજા ઉપર અસત્યનું આળ

૧ ગુણ ઉપર દોષનો આરોપ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાખી દઈને પોતાનો અપરાધ ઢાંકવા માંગે છે. સારો રસ્તો એ છે કે જાતે જ એને પકડી પાડીને પછી બરાબર શિક્ષા કરવી કે જેથી એ ચોક્કસ ઠેકાણે આવી જાય.

આખરે પકડાઇ ગયો.

ત્યાર પછી એક વખત પોતે બહાર જાય છે એમ કહીને ગુરુમહારાજ અમારા અભ્યાસ કરવાના સ્થાનમાં જ કોઇ જગોએ છુપાઇ રહ્યા અને મારી હીલચાલ ઉપર બરાબર નજર રાખવા લાગ્યા. આચાર્ય બહાર ગયા છે એમ જાણી હું તો લહેરથી તેમના આસન પર ચઢી બેઠો. થોડીવાર હજુ હું આસન ઉપર બેઠો ત્યાં તો ગુરુમહારાજ છુપાવાના સ્થાનથી બહાર નીકળી આવ્યા. મેં જેવા તેમને જોયા કે તેમનું આસન છોડી દઇને હું એકદમ ઊભો થઇ ગયો. પછી અમારી વચ્ચે નીચે પ્રમાણે બોલાચાલી થઇ.

**મહામતિ**—"કુમાર! હવે તું શો ઉત્તર આપે છે? તારો શો ખુલાસો છે?"

**રિપુદારૂણ**—"કઇ[1] બાબતમાં?"

**મહામતિ**—"અગાઉ તને ખુલાસો પૂછ્યો હતો તેજ બાબતમાં."

**રિપુદારૂણ**—"અગાઉ તમે મને કઇ બાબતમાં ખુલાસો પૂછ્યો હતો તે હું જાણતો નથી."

જૈન साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**મહામતિ**—"તું આ વેત્રાસન (ખુરશી-ગુરૂના આસન)પર બેઠો હતો કે નહિ?"

છતાં ધીઠતા છોડી નહિ.

જવાબમાં "અરે, અરે! આપ તે શું બોલ્યા? એવું તે કદિ હોય?" એમ બોલતાં બોલતાં મેં (રિપુદારૂણે) મારા કાન ઉપર હાથ દીધા, અને વળી સ્પષ્ટ રીતે બોલ્યો "અરે! આપ એ છોકરાઓનો મારા ઉપરનો દ્વેષ તો જુઓ! એ લુચ્ચાઓ પોતે ખોટું કામ કરીને મારા ઉપર તેનો આરોપ મૂકે છે."

કળાચાર્યે વિચાર કર્યો કે-અહાહા! મેં એનું અકાર્ય નજરે જોયું છે છતાં પણ એ સામો મને ભોંઠો પાડે છે અને વાત કબૂલ કરતો નથી. એનામાં કેટલી બધી ઉદ્ધતાઇ છે? હવે એના સંબંધમાં કાંઇ

1 જાણે પોતે શી બાબતનો ખુલાસો પૂછાય છે તે પણ ન જાણતો હોય એવો ડોળ અહીં કુમાર ઘાલે છે.

ઉપાય થઇ શકે તેમ નથી. અસત્ય બોલવાની અહીં તો હવે હદ થઇ ગઇ !! પછી મારી સાથે અભ્યાસ કરનારા બીજા રાજપુત્રોએ કળાચાર્યને એકાંતમાં લઇ જઇને કહ્યું "સાહેબ! આ પાપી અભિમાની અસત્યવાદી રિપુદારૂણ એટલો બધો ખરાબ છે કે એનું મ્હોઢું જોવું પણ યોગ્ય નથી. ત્યારે સાહેબ એવા ખરાબ છોકરાને અમારી સાથે શા માટે રાખો છો?" કળાચાર્યે વિચાર કર્યો કે 'આ બાપડા ભલા રાજપુત્રો કહે છે તે વાત તો ખરેખરી છે. રિપુદારૂણ એટલો બધો ખરાબ છે કે હવે તે સજ્જન પુરૂષની સોબતને પણ લાયક રહ્યો નથી. દુનિયામાં જૂદા જૂદા પ્રકારના દુર્ગુણોને વશ પડી ગયેલા પ્રાણીઓને ઠેકાણે લાવવાના જૂદા જૂદા રસ્તા હોય છે: લોભીઆને ધન આપવાથી ઠેકાણે લવાય છે, ક્રોધી માણસ પાસે મીઠા વચન બોલવાથી તે ઠેકાણે આવે છે, માયાવી કપટી માણસ તરફ સ્પષ્ટ અવિશ્વાસ બતાવવાથી તે ઠેકાણે આવી પોતાની ભૂલ સમજી જાય છે, અભિમાની માણસનો વિનય કરવાથી-તેની તરફ જરા નમ્રતા બતાવવાથી તે ઠેકાણે આવી જાય છે, ચોરની સામે રક્ષણ કરવાના પાકા ઉપાયો લેવાથી તે ઠેકાણે આવી જાય છે, પરસ્ત્રી સાથે ભ્રમણ કરનારને સારી બુદ્ધિ આપવાથી તે ઠેકાણે આવી જાય છે-આવી રીતે દુર્ગુણને માર્ગે ઉતરી ગયેલાને ઠેકાણે લાવવાના જૂદા જૂદા માર્ગો હોય છે; જો કે આવા અન્ય દોષો સેવનારને માર્ગપર લઇ આવવાના એવા જૂદા જૂદા ઉપાયો વિદ્વાનોએ શોધી કાઢ્યા છે, પરંતુ જે ખોટું બોલનાર-અસત્ય ભાષણ કરનાર હોય છે તેને ઠેકાણે લાવવાનો એકપણ ઉપાય ત્રણ ભુવનમાં મળી શકતો નથી અને તેથી તેવા( ખોટું બોલનાર ) ને તો [1]યમથી ડસેલો જ કહેવામાં આવે છે, કારણ કે આ દુનિયામાં સારા અથવા ખરાબ જે કોઇ વ્યવહારો પડેલા છે તે સર્વનો આધાર સત્ય ઉપર રહેલો છે અને જેનામાં તે (સત્ય) નથી તે આ લોકથી તદ્દન વિલક્ષણ માણસ છે એમ સમજવું. આથી વ્યવહારકુશળ માણસોને હમેશાં સત્ય ઘણુંજ પ્રિય હોય છે અને જે અધમ પ્રાણી સત્ય વગરનો હોય છે તેને તેઓ પોતાથી હમેશાં દૂર જ રાખે છે-

સત્ય પ્રશંસા.

---

૧ **યમથી ડસેલો** એટલે જેને બચવાનો કાંઇ ઉપાય નથી તેવો, તજી દેવાયલો. કાંઠે આવેલા અસાધ્ય કોટિના પ્રાણીને માટે આ શબ્દ વપરાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે હોવાથી રિપુદારૂણમાં સત્યનો અંશ પણ ન હોવાને લીધે જે સજ્જન પુરૂષોનું વિશુદ્ધ વર્તન સ્પષ્ટ રીતે જણાઇ ગયેલું છે તેમની વચ્ચે વસવાને માટે તે કોઇ પણ રીતે યોગ્ય નથી. અથવા તો એક રીતે જોતાં એમાં એ બાપડાનો કાંઇ દોષ નથી. એ તો પેલા એના અધમ મિત્ર શૈલરાજની પ્રેરણાથી આવા અવિનયનાં કાર્યો કરે છે અને વળી એના બીજા મિત્ર મૃષાવાદની પ્રેરણાથી સાચું ખોટું બોલ્યા કરે છે. માટે હવે કોઇ પણ રીતે એ બન્ને ખરાબ મિત્રોની સોબત એ છોડી દે એવી તેને શિખામણ આપું.

સમજાવ્યો, ન સમજ્યો.

ઉપરના વિચારને પરિણામે મારા ઉપર પ્રેમ બતાવી શિખામણ આપવા સારૂ કળાચાર્યે મને પોતાના ખોળામાં બેસાડ્યો[1] અને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા કે "કુમાર! મારી શાળામાં મારે આવાઓનું[2] (શૈલરાજ-મૃષાવાદનું) કામ નથી. માટે તારે કાંતો ગમે તેમ કરીને એ બન્ને પાપી મિત્રોને તજી દેવા અને નહિ તો કુમારે આ સ્થાનકે ફરીવાર આવવું નહિ." ગુરૂના આવાં વચન સાંભળતાં મારો મીજાજ ગયો અને હું બોલ્યો "તું તારા બાપને તારૂં સ્થાનક આપજે, મારે તેની શી પરવા છે? અમે તો તારા સ્થાનક વગર અને તારા વગર પણ ચલાવી લેશું. પણ તું જોઇ લેજે, ભામટા!" આવી રીતે કળાચાર્યનું અપમાન કરી તેમની સામે ડોકી ઊંચી કરી આકાશ સામી ઊંચી નજર રાખી[3] અને છાતી પહોળી કરીને અને બહાર કાઢીને ધબ ધબ પગ પછાડતો અને મારા હૃદયપર શૈલરાજનો સ્તબ્ધચિત્ત લેપ લગાડતો લગાડતો ઉપાધ્યાયના અભ્યાસગૃહથી બહાર નીકળ્યો. ઉપાધ્યાયે મારી સાથે અભ્યાસ કરનારા બીજા રાજપુત્રોને કહ્યું "અરે જુઓ! પેલો દુરાત્મા રિપુદારૂણ હાલ તો અહીંથી વિદાય થઇ ગયો છે. એના સંબંધમાં મને એકજ વાત જરા ખટકે છે અને તે એ છે કે આપણા પ્રતાપી નરવાહન રાજાને પોતાના પુત્ર ઉપર ઘણો સ્નેહ છે અને નિયમ એવો છે કે જેઓ સ્નેહથી અંધ થયેલા હોય છે તેઓ પોતાનો જેનાપર સ્નેહ હોય છે તેનામાં રહેલા દોષોને જોઇ શકતા નથી, તેનામાં જે ગુણો

---

૧ ખોળામાં બેસાડવાથી વાત્સલ્ય બતાવાય છે.

૨ તારા જેવાનું એવો પણ એમાં ભાવ છે. શૈલરાજ અને મૃષાવાદની દોસ્તી કરે એવા વિદ્યાર્થીનું મારે કામ નથી એવો આચાર્યના કહેવાનો આશય છે.

૩ અહીં બં. રો. એ. સોસાયટિવાળા મૂળ પુસ્તકનું પૃ. ૪૫૧ શરૂ થાય છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ન હોય તે પણ તેનામાં છે એવો ખોટો આરોપ કરે છે, તેને પસંદ ન પડે તેવું કામ કરનાર અન્ય માણસ ઉપર ગુસ્સો કરે છે, તેને પસંદ ન આવે તેવું કામ અન્ય માણસ શામાટે કરતો હશે તેનું કારણ વિચારવાની તસ્દી લેતા નથી, અમુક સ્થાને[1] રહેલને અમુક માન મળવું કે ન મળવું જોઇએ તેનો તફાવત ધ્યાનપર લઇ શકતા નથી અને પોતાના માની લીધેલા મનુષ્યથી કોઇ જરા પણ ઉલટો ચાલે તો તેને સામા મોટી મુશ્કેલીમાં મૂકી દેછે. આ પ્રમાણે હોવાથી, તમારે હવે આ બાબતમાં ચૂપ રહેવું. કદાચ નરવાહન રાજા અહીંથી રિપુદારૂણને કાઢી મૂકવાના સંબંધમાં સવાલ કરશે તો હું તેનો યોગ્ય જવાબ આપીશ." ઉપાધ્યાય મહામતિનાં આ સર્વ વચનોનો સર્વ કુમારોએ સ્વીકાર કર્યો.

### પિતા પાસે ખોટું વર્ણન.
### અભ્યાસમાં અસંતોષની જરૂર.
### કળાચાર્યનું શરમરખાપણું.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

મારી અને મહામતિઆચાર્યની વચ્ચે ઉપર પ્રમાણે ટપાટપી થયા પછી તેમના સ્થાનથી નીકળીને હું મારા પિતાજી પાસે ગયો. મારા પિતાશ્રીએ 'તારો અભ્યાસ કેવો ચાલે છે?' એવો સ્વાભાવિક પ્રશ્ન કર્યો. તે વખતે શૈલરાજનો મારા હૃદયપર લેપ લગાડેલ હોવાથી અને મૃષાવાદનો મને મોટો ટેકો હોવાથી મેં મારા પિતાજીને કહ્યું "પિતાજી! સાંભળો: હું તો જાણે શરૂઆતથી જ સર્વ કળા વિજ્ઞાન જાણતો હતો. આપ હાલ જે પ્રયત્ન કરતા હતા તે તો માત્ર હું જાણતો હતો તેથી પણ વધારે કળા જાણું એવી ઇચ્છાથી કરતા હતા. પણ હકીકત એમ છે કે દસ્તાવેજ લખવાની કળામાં, ચિત્રો પાડવાની કળામાં, શસ્ત્રકળામાં, મનુષ્યાદિનાં લક્ષણ જાણવાની કળામાં, ગાત્રાની કળામાં, હાથીને શિક્ષા આપવાની કળામાં, પાંદડાની કોરણીની કળામાં, વૈદકની કળામાં, વ્યાકરણમાં, તર્કમાં, ગણિતની સર્વ બાબતોમાં, [2]ધાતુવાદમાં, કૌતુકમાં, અષ્ટાંગ નિમિત્તોમાં અને લોકોમાં બીજી જે જે કળાઓ સારી રીતે પ્રસિદ્ધ થયેલી છે તે સર્વમાં, પિતાજી! મારી ઘણીજ

*પ્રવીણતાના ખોટા દાવો.*

---

૧ Status.

૨ Minerology, અમુક જગ્યાએ અમુક પ્રમાણમાં અમુક ધાતુ નીકળશે વિગેરે ભુસ્તર વિદ્યા તેમ જ metalorgy નો આ ધાતુવાદમાં સમાવેશ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવીણતા છે અને તે એટલી બધી છે કે આ ત્રણ લોકમાં મારા જેવો અથવા જેટલો બીજો કોઇ હુશિયાર હોય એમ મને જણાતું નથી.”

પોતાના પુત્ર ઉપર (મારા ઉપર) ઘણો સ્નેહ હોવાથી પિતાજીએ જ્યારે ઉપર પ્રમાણે હકીકત સાંભળી ત્યારે તેમને ઘણો જ આનંદ થયો અને મારૂં[1] માથું સુંઘીને મને કહેવા લાગ્યા “પુત્ર! બહુ સારૂં કર્યું! તેં ભણવા ગણવા માટે ઘણો સારો પ્રયત્ન કર્યો પણ મારે તને હજુ એક વાત કહેવાની છે તે સાંભળઃ--

વ્યવહારૂ સૂચનાઓ.

विद्यायां ध्यानयोगे च, स्वभ्यस्तेऽपि हितैषिणाः
सन्तोषो नैव कर्तव्यः, स्थैर्यं हितकरं तयोः ।

જે પ્રાણી પોતાનું સારૂં કરવા ઇચ્છતા હોય તેમણે વિદ્યા પ્રાપ્ત કરવામાં અને ધ્યાનયોગની સિદ્ધિ કરવામાં ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય તો પણ તેમાં સંતોષ વાળી દેવો નહિ, કારણ કે એમાં અભ્યાસ વધારી જેટલી વધારે સ્થિરતા પ્રાપ્ત કરવામાં આવે તેટલી હિત કરનારી થાય છે.[2] આ પ્રમાણે હોવાથી જેટલી કળા તેં અત્યાર સુધીમાં પ્રાપ્ત કરી છે તેને સ્થિર કરવામાં તથા હજુ કરવી બાકી રહી છે તેને પ્રાપ્ત કરવામાં તારો આ બાલ-કાળ (કુમાર અવસ્થા) પસાર કરીને તું મારા સર્વ મનોરથો પૂરા કર.” પિતાશ્રીની એ હકીકત મેં કબૂલ કરી એટલે તેઓ મારી ઉપર

---

૧ વડીલ તરફથી સ્નેહ સાથે અભિનંદન આપવાની આ પ્રાચીન પદ્ધતિ બંગાળામાં અત્યારે પણ વિદ્યમાન છે.

૨ હંસરત્ન મુનિએ ગુજરાતી સંક્ષેપ અવતરણમાં આ પ્રસંગે એક લક્ષ્યમાં રાખવા લાયક શ્લોક મૂકયો છેઃ

शास्त्रं सुनिश्चितधिया परिचिन्तनीय
माराधितोऽपि नृपतिः परिशंकनीयः ।
अङ्कस्थितापि युवतिः परिरक्षणीया,
शास्त्रे नृपे च युवतौ च कुतः स्थिरत्वम् ॥

“સમજુ માણસે શાસ્ત્ર સંબંધમાં વારંવાર ચિંતવના કર્યા કરવી, વશ થયેલ રાજા હોય તોપણ તેનાથી નિરંતર ચેતતા રહેવું, ખોળામાં બેઠેલી સ્ત્રીની બાબતમાં પણ સંભાળ રાખવી; કારણ કે શાસ્ત્ર, રાજા અને યુવાન સ્ત્રીમાં સ્થિરતા કયાંથી હોઇ શકે?”

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા રાજી થયા અને ભંડારીને હુકમ કર્યો કે "મહામતિ કળાચાર્યના ઘરમાં ધનધાન્યસુવર્ણ સારી રીતે એટલું ભરી દો કે સર્વ પ્રકારના ઉપભોગની સામગ્રી ત્યાં મળવાથી કુમાર કોઇ પણ પ્રકારની વ્યગ્રતા વગર અભ્યાસ આગળ વધારી શકે."

રાજાના ભંડારીઓએ રાજાના હુકમનો અમલ કર્યો તે વખતે મહામતિ કળાચાર્યના મનમાં એમ થયું કે–રાજાને જો કુમારના ખરેખરા ચરિત્રની ખબર પડશે તો તેમને મનમાં નકામો સંતાપ થશે, માટે મારે તેમને કાંઇ કહેવું જ નહિ. આમ વિચારીને તેમણે કુમાર સંબંધી કાંઇ પણ હકીકત રાજાને કહી નહિ. પિતાએ છેવટે મને કહ્યું "પુત્ર! અત્યાર સુધીમાં આચાર્ય પાસેથી જે જે કળાઓ તેં પ્રાપ્ત કરી છે તેને તું બરાબર પાકી કર અને ઉપાધ્યાયને જ ઘરે રહીને બીજી અપૂર્વ કળાઓ બરાબર શીખ. વળી અભ્યાસમાં ચોક્કસ ધ્યાન રહે તેટલા માટે તારે અહીં મને મળવાને પણ આવવું નહિ." મેં પિતાશ્રીની એ વાત સ્વીકારી.

**રખડ્યો અને મૃષાવાદી થયો.**
**માયાનો મેળાપ કરવા નિર્ણય કર્યો.**
**અનેક દુર્ગુણોમાં વધતો ચાલ્યો.**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ત્યાર પછી હું મારા પિતાશ્રી પાસેથી બહાર નીકળી ગયો અને તુરત જ મારા મિત્ર મૃષાવાદને કહ્યું "મિત્ર! અરે તું તો ભારે જબરો! તારામાં કોના ઉપદેશથી આટલી હુંશિયારી આવી ગઇ કે જેના પ્રતાપથી તારે લીધે મેં પિતાશ્રીને આટલો બધો (ખોટો) આનંદ ઉપજાવ્યો, કળાચાર્યની સાથે મારે મોટો કજીઓ થયો તે સર્વ વાત છુપાવી દીધી અને પિતાશ્રીની પાસેથી તદ્દન છટકી ગયો! તારામાં તો ભારે કુશળતા જણાય છે!"

મૃષાવાદે જવાબમાં કહ્યું "કુમાર! મિત્ર! સાંભળ. **રાજસચિત્ત** નગરમાં **રાગકેસરી** નામનો એક રાજા છે. તેને **મૂઢતા** નામની સ્ત્રી-પટ્ટરાણી છે. તેને એક [1]**માયા** નામની પુત્રી છે. એ **માયાને** મારી મોટી બહેન તરીકે મેં સ્વીકારી છે અને એ માયાનો પોતાના પ્રાણથી પણ વધારે મારા ઉપર સ્નેહ છે. એ મારી બહેનના ઉપદેશથી મારામાં આ સર્વ કુશળતા આવી છે. તેને જોકે મેં તો મારી મોટી બહેન તરીકે સ્વીકારી છે પણ જાણે તે મારી માતા જ હોય નહિ તેમ સમ-

---

૧ મૃષાવાદ સાથે માયા અંતરમાં જરૂર રહે છે. એકલી માયાનું સ્વરૂપ પાંચમા પ્રસ્તાવમાં આવશે. તેનું સગપણ બરાબર ધ્યાનમાં રાખવા જેવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીને જ્યાં જ્યાં હું જાઉં છું ત્યાં ત્યાં મારી ઉપરના પ્રેમને લીધે છુપાઇને તે મારી સાથે આવે છે, એક ક્ષણવાર પણ મને છૂટો મૂકતી નથી.” મેં આવી માયાની વાર્તા સાંભળીને મારા મિત્રને કહ્યું “અરે ભાઇ! તારી બહેન સાથે મને કોઇ વાર મેળાપ તો જરૂર કરાવજે.” મૃષાવાદે તે વાત કબૂલ કરી.

ત્યાર પછી તો વેશ્યાના ભુવનોમાં, જુગારખાનામાં અને એવાં એવાં બીજાં દુષ્ટ વાંછાઓ પૂરી થાય તેવાં દુષ્ટ ચેષ્ટાઓવાળાં અધમ સ્થાનોમાં અને નમ્રતાને દૂરથી નમસ્કાર થાય તેવાં હલકાં ઠેકાણાઓમાં મારી મરજી આવે તેમ હું ભટકવા લાગ્યો, છતાં મારા મૃષાવાદ મિત્રના જોરથી લોકોમાં હું એવી અસર ફેલાવતો રહ્યો કે જાણે અભ્યાસ કરવામાં જ હું મારો બધો વખત પસાર કરૂં છું અને જાણે મારામાં ગુણોનો વધારો થાય તેવા માર્ગોપર જ ચાલુંછું; અને વળી મેં બીજી એવી પણ યુક્તિ કરી કે મારા પિતાજીને મ્હોઢું પણ દેખાડવું બંધ કરી દીધું. એવી રીતે મેં બાર વરસ પસાર કર્યાં. દરમ્યાન ભોળા લોકોમાં એવી વાર્તા મેં ચલાવી દીધી કે ‘રિપુદારૂણ કુમાર (હું પોતે) સર્વ કળાઓમાં ઘણો જ કુશળ થયો છે.’ મારી એવી વિખ્યાતિ મેં દેશપરદેશમાં પણ સારી રીતે ફેલાવી દીધી. અનુક્રમે હું જુવાનીના બરાબર મધ્યકાળમાં દાખલ થયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૩ જું.

## નરસુંદરી-લગ્ન.

શેખરપુર નામના નગરમાં નરકેસરિ નામે રાજા હતો. તેની વસુંધરા નામની રાણીના ઉદરથી નરસુંદરી નામની પુત્રી થઇ હતી. તેનામાં દુનિયાને આશ્ચર્યચકિત કરે તેવું અદ્દભુત રૂપ હતું અને વિદ્યાકળામાં તે એટલી પ્રવીણ થઇ હતી કે તેની જોડીની સ્ત્રી ત્રણ ભુવનમાં મળવી મુશ્કેલ હતી. અનુક્રમે નરસુંદરી યુવાવસ્થા પામી.

૧ માયા અને મૃષાવાદને આવો ખાસ સંબંધ હોવાથી ‘માયામૃષાવાદ’ નામનું સત્તરમું પાપ સ્થાનક જૂદું ગણવામાં આવ્યું છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નરસુંદરીની પ્રતિજ્ઞા.
## માતા પિતાની ચિંતા.
## મારી ખ્યાતિથી ફસામણ.

એ નરસુંદરીએ મનમાં એવો નિશ્ચય કર્યો હતો કે કળાકૌશલ્યમાં પોતા કરતાં વધારે પ્રવીણ હોય તેવો કોઇ પ્રધાન પુરૂષ મળે તો જ તેની સાથે પરણવું, બીજા કોઇની સાથે પરણવું નહિ. આ પોતાનો નિશ્ચય તેણે પોતાના પિતા નરકેસરિ રાજાને અને વસુંધરા માતાને જણાવી દીધો હતો.

માતપિતાના મનમાં ઘણો વિચાર થતો હતો કે આ પુત્રીની સાથે વિદ્યાકળામાં સરખો ઉતરે તેવો પણ કોઇ પુરૂષ મળવો મુશ્કેલ છે તો પછી તેનાથી વધારે પ્રવીણ પુરૂષ તો કેવી રીતે પ્રાપ્ત કરવો? આવા ખ્યાલથી તેઓના મનમાં આકુળતા થયા કરતી હતી.

હું ( રિપુદારૂણ ) વિદ્યાકળામાં ઘણો કુશળ થયો છું એવી મારી ( ખોટી ) વિખ્યાતિ તેમના સાંભળવામાં આવી. નરકેસરિ રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે પોતાની દીકરીની ઇચ્છા પોતાથી અધિક કુશળ માણસને પરણવાની છે અને એ રિપુદારૂણ કુમાર કદાચ તેનાથી વધારે કુશળ હશે ખરો! વળી નરવાહન રાજાના કુટુંબ સાથે વિવાહ સંબંધ જોડવો એ પણ બધી રીતે યોગ્ય છે, કારણ કે તેનું કુળ ઘણું ઊંચું છે અને તે રાજા પણ જાતે ઉદાર મનનો છે અને મહાનાગદેવને જેમ માથા ઉપર એકજ અમૂલ્ય મણિ[1] હોય તેવી રીતે છોકરા વગરના મારે એકની એક પુત્રી ( નરસુંદરી ) છે તો તેને યોગ્ય સ્થાને જોડવી તે મારૂં કામ છે. પછી દીકરી ઉપર અત્યંત પ્રેમ હોવાને લીધે તેણે ( નરકેસરિ રાજાએ ) ત્યાર પછી વિચાર કર્યો કે આ મારી એકની એક દીકરીને સાથે લઇ હું નરવાહન રાજાના સિદ્ધાર્થપુર નગરે જઉં અને ત્યાં રિપુદારૂણની જાતે પરીક્ષા કરી તેની સાથે નરસુંદરીને પરણાવું, જેથી મારા જીવને નિરાંત થાય.

---

૧ અહીં મૂળમાં રત્નસૂચિ શબ્દ છે. નાગને માથે એક જ મણિ હોય છે. તે જો ગોળ હોય તો તેને ' મણિ ' કહેવામાં આવે છે અને લાંબો સોઇ જેવો હોય તો તેને 'રત્નસૂચિ' કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સિદ્ધાર્થપુરે નરસુંદરી.
## રિપુદારૂણની પરીક્ષા.
## તે માટે મંડપાદિ રચના.

પછી નરકેસરિ રાજા પોતાના તમામ લશ્કરને તેમજ પોતાની દીકરી નરસુંદરીને પણ સાથે લઇને સિદ્ધાર્થપુરે આવ્યા. નરવાહન રાજાને તેના આવી પહોંચવાના સમાચાર અગાઉથી પહોંચાડવામાં આવ્યા. તેના આગમન સમાચાર સાંભળીને નરવાહન રાજાને પોતાના મનમાં ઘણો આનંદ થયો. નરકેસરિ રાજાને યોગ્ય સત્કાર આપવા માટે આખા નગરમાં ધ્વજાપતાકાઓ બંધાવવામાં આવી અને બહુ હર્ષપૂર્વક મોટા સામૈયાની ધામધુમ સાથે નરકેસરિ રાજાને સિદ્ધાર્થપુર નગરમાં પ્રવેશ કરાવ્યો અને બહુ સુંદર ઉતારો તેને આપવામાં આવ્યો.

નરસુંદરી સાથે રાજકુમાર રિપુદારૂણની કળાકૌશલ્યની બાબતમાં પરીક્ષા થોડા વખતમાં જાહેર રીતે થશે એવી હકીકત લોકોમાં પણ બહુ વિસ્તારથી ફેલાવવામાં આવી. એક સારો દિવસ જોઇને તે દિવસ માટે સ્વયંવરમંડપ તૈયાર કરવામાં આવ્યો. ત્યાં લોકોને બેસવા માટે માચડાઓની રચના કરવામાં આવી. રાજ્યનો સર્વ અધિકારી વર્ગ, ભાયાતવર્ગ અને પ્રજાજનનો મોટો સમૂહ સ્વયંવરમંડપમાં તે દિવસે એકઠો થયો. મારા પિતા નરવાહન રાજા પોતાના આખા પરિવાર સાથે ત્યાં આવીને બેઠા. ત્યાર પછી ત્યાં મને (રિપુદારૂણ કુમારને) અને કળાચાર્યને બોલાવવામાં આવ્યા. ત્રણે મિત્રો (પુણ્યોદય શૈલરાજ અને મૃષાવાદ) ની સાથે હું પિતાશ્રી પાસે બેઠો અને કળાચાર્ય મારા સહાભ્યાસી રાજકુમારો સાથે ત્યાં આવીને બેઠા.

હવે કમીનશીબે એવું બન્યું કે મારો મિત્ર પુણ્યોદય મારી ખરાબ ચેષ્ટાઓ જોઇને મનમાં બહુ ખેદ પામીને શરીરે ઘણો સુકાઇ ગયો હતો, પાતળો પડી ગયો હતો, તેની સ્ફૂર્તિ બહુ ઓછી થઇ ગઇ હતી અને તે મંદ પ્રતાપવાળો થઇ ગયો હતો.

## રિપુદારૂણની પરીક્ષા અને ફજેતો.

હું સ્વયંવર મંડપમાં આવીને મારા પિતાજીની નજીક બેઠો. મારા કળાચાર્ય પણ તેમની પાસે બેઠા. મારા પિતા નરવાહન રાજા જેઓ સ્વાભાવિક રીતે જ વિનયથી અત્યંત નમ્ર હતા તેમણે અમારા કળાચાર્યને સિદ્ધાર્થપુરમાં નરકેસરિ રાજાને આવવાનું કારણ કહી સંભ-

સર્વેનું મંડપમાં આગમન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યું. એ હકીકત સાંભળીને મને તો મારા મનમાં ઘણો જ આનંદ થયો. ઉપાધ્યાયને પોતાના હૃદયમા જરા હાસ્ય થયું, તે સમજી ગયા કે અહીં હવે જરૂર રિપુદારૂણનો ફજેતો થવાનો છે, પરંતુ મ્હોઢેથી કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર ચૂપ રહ્યા.

અમે સર્વે આવીને બેઠા પછી નરકેસરિ રાજા આવી પહોંચ્યા. યોગ્ય સન્માનપૂર્વક તેને બેસવા માટે મહા મૂલ્યવાન સિંહાસન નરવાહન રાજાએ આપ્યું. તેનો આખો પરિવાર ત્યાર પછી યોગ્ય જગોએ ગોઠવાઇ ગયો. ત્યાર પછી પોતાના લાવણ્ય અમૃતના પ્રવાહથી મનુષ્યના [1]હૃદયસરોવરને પૂરતી, કાળી ઓળેલી અને સ્નિગ્ધ ગુચ્છાદાર વેણીથી સુંદર મોરની[2] કળાનો પણ તિરસ્કાર કરતી, મુખરૂપ ચંદ્રથી ચારે દિશાઓને પ્રકાશમાન કરતી, લીલાપૂર્વક નાખેલા વિલાસના કટાક્ષોથી કામીજનોનાં ચિત્તને ભમાવતી, પોતાના સ્તનની શોભાથી હાથીના કુંભસ્થળોના વિભ્રમને ઉત્પન્ન કરતી, વિસ્તારવાળા જઘનપ્રદેશથી કામદેવ રૂપ હાથીને મદોન્મત્ત કરી બંધનો તોડાવતી,[3] બન્ને પગોવડે ચાલતાં બે રાતા કમળના જોડલાની લીલાને વિડંબણા પમાડતી, કામદેવના આલાપોને બોલતી વખત સુંદર કોયલના મધુર ટહુકાને પણ હસી કાઢતી, સુંદર વેશ, આભૂષણ, માળા, તાંબુલ કસ્તુરીની યોગ્ય ઘટનાથી મોટા મુનિઓને પણ કુતૂહળ ઉપજાવતી, પોતાની અનેક દાસીઓના પરિવારથી પરવરેલી માતા વસુંધરાને સાથે રાખીને **નરસુંદરી** સ્વયંવર મંડપમાં દાખલ થઇ.

સૌંદર્યશાળી નરસુંદરી.

અદ્દ્ભુત રૂપ કાંતિ લાવણ્ય અને તેજથી ભરપૂર નરસુંદરીને જોતાં જ મને મારા મનમાં ઘણો આનંદ થયો. મારાં મિત્ર અજ્ઞાવક્ર શૈલરાજે પણ તે વખતે મને સારી રીતે ઉત્સાહ આપ્યો અને વળી મારા હૃદય ઉપર સ્તબ્ધચિત્ત લેપ સારી રીતે મેં લગાવ્યો. ત્યાર પછી

નરસુંદરી પર વ્યામોહ.

૧ સરોવર જેમ જળથી ભરાય છે તેમ મનુષ્યનાં હૃદય રૂપ સરોવરો નરસુંદરીના લાવણ્યઅમૃત-હાવભાવથી ભરાઇ જાય છે.

૨ મોર કળા પૂરે ત્યારે તેની અદ્દ્ભુત શોભા થાય છે. આના ચોટલાની શોભા મોરની કળાને પણ તિરસ્કાર કરે તેવી હતી, તેથી પણ વધારે હતી.

૩ આ ઉપમાનના બે અર્થ બેસે છે. (૧) હાથી કાંઠો જોઇને જેમ ગાંડો થાય છે તેમ વિસ્તીર્ણ યોનીના ભાગ રૂપ કાંઠાવડે તે મદન(કામદેવ)ને ઉદ્ધત બનાવે છે. (૨) કામદેવ રૂપ હાથીની સાંકળો તે તોડી નાંખે છે. મદવાળા હાથીની સાંકળ તોડવા પછી શું પરિણામ થાય તે કલ્પી શકાય તેવું છે. મતલબ એનો જઘનપ્રદેશ યુવાનને અત્યંત આકર્ષક અને ઉદ્ધત બનાવનાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શૈલરાજની અસરમાંજ મેં મારા મનમાં વિચાર કર્યો કે અરે મારા સિવાય આ નવયુવતીને પરણવાને બીજો કોણ યોગ્ય હોઇ શકે? મકરધ્વજ (કામદેવ)ને છોડીને [1]રતિ બીજા કોઇની પાસે જતી નથી અને બીજાને કદિ પરણતી નથી, પરણવાનો વિચાર પણ કરતી નથી.

નરસુંદરીએ આવીને મારા પિતાને અને પોતાના પિતાને યોગ્ય વિનય પૂર્વક નમસ્કાર કર્યો. પછી નરકેસરિ રાજાએ પોતાની પુત્રીને ઉદ્દેશીને કહ્યું "પુત્રી! અહીં બેસ, લાજ છોડી દે અને તારી જે જે ઇચ્છાઓ છે તે તે સર્વ પૂરી કર. કળાકૌશલ્યની બાબતમાં તને જે ગમે તે બાબતના સવાલ કુમાર રિપુદારૂણને કર." નરસુંદરીએ તે વખતે હર્ષમાં આવીને કહ્યું "જેવી પિતાજીની આજ્ઞા. કળાસંબંધી હકીકત વડીલજનો સમક્ષ હું જણાવું તે મને ઠીક લાગતું નથી, તેથી કુમાર રિપુદારૂણ જ સર્વ કળાઓના સંબંધમાં બોલે. દરેક કળાના સંબંધમાં તેઓ જ્યારે વિવેચન કરતા જશે ત્યારે તે કળાને અંગે જે ખાસ મુદ્દાના સવાલ હશે તે હું તેમને પૂછતી જઇશ. તેનો [2]કુમારશ્રીએ જવાબ આપવો અને તે વાત પૂર્ણ કરવી." આવી દરખાસ્ત સાંભળીને નરવાહન રાજા, નરકેસરિ રાજા અને બન્ને બાજુના રાજ્યદ્વારી પુરૂષો તથા પ્રજાજનોને ઘણો આનંદ થયો. મારા પિતા (નરવાહન રાજા) એ ત્યાર પછી મને કહ્યું "રાજકુમારી નરસુંદરીએ યોગ્ય વાત કરી છે; માટે હવે તું સર્વ કળાનું વિવેચન કરી કુંવરીના મનોરથ પૂરા કર, મને પણ આનંદ થાય તેવું કર; આપણા કુળની કીર્તિને વધારે નિર્મળ કર અને વિજયપતાકા ધારણ કર. તારામાં આટલું બધું જ્ઞાન છે તેની અત્યારે બરાબર કસોટી થવાની છે."

*નરસુંદરીનો યોગ્ય વિવેક.*

મારી તો તે વખતે એવી દશા થઇ ગઇ કે હું તો કળાનાં નામો પણ ભૂલી ગયો તેથી મારા અંતઃકરણમાં તો ગોટે ગોટા વળવા લાગ્યા, મારૂં શરીર ધ્રુજવા લાગ્યું, અંગપર પરસેવાની ઝરીઓ આવવા લાગી, આખા શરીર-

*ફજેતો.*

---

૧ રતિ કામદેવની સ્ત્રી થાય છે.

૨ અહીં નરસુંદરીના મુખમાં રિપુદારૂણ માટે આર્યપુત્ર શબ્દ ગ્રંથકર્ત્તાએ મૂકયો છે. આ શબ્દ પતિ માટે જ વપરાય છે, તેથી હજુ સંબંધ જોડવાનો નિર્ણય પણ થયો નથી તે વખતે **આર્યપુત્ર** શબ્દ વાપરવો યોગ્ય એટલા પૂરતો જ ગણાય કે નરસુંદરી પણ મનમાં રિપુદારૂણને પરણવાનો નિશ્ચય કરી બેઠેલી હતી. હકીકત એવી જણાતી નથી. આર્યે એટલે અહીં સસરા સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરનાં રૂંવાડાં ઊભાં થઇ ગયાં, દેવી સરસ્વતી તો મારાથી દૂર જ નાસી ગયા અને આંખો ચકળવકળ થવા લાગી.

## કળાચાર્યના વિચારણીય ખુલાસા.

આવો બનાવ જોઇને મારા પિતાજી તો ઘણા જ દીલગીર થઇ ગયા અને કળાચાર્યે મહામતિ સામું જોઇ રહ્યા. મહામતિએ પણ મારા પિતાશ્રીને પૂછ્યું "કેમ મહારાજ! શું હુકમ છે?" એટલે મારા પિતાશ્રીએ મહામતિને પૂછ્યું "અરે કળાચાર્ય! આ કુમારના શરીરે શું થઇ ગયું?" તે કેમ કાંઇ બોલતો નથી? કળાચાર્ય મારા પિતાશ્રીની નજીક આવ્યા અને તેઓ બન્ને વચ્ચે કોઇ ન સાંભળે તેવી રીતે નીચે પ્રમાણે વાતચીત મારા સંબંધમાં થઇ.

કળાચાર્ય—"મહારાજ! એ તો કુમારના મનમાં ઘણો ગભરાટ થઇ ગયો છે તેનો આ વિકાર છે, બીજું કાંઇ નથી."

**નરવાહન**—"અત્યારે આવે અણીને વખતે કુમારના મનમાં આટલો બધો ક્ષોભ થઇ જવાનું કાંઇ કારણ?"

કળાચાર્ય—"એનું કારણ એ જ કે હાલ જે બાબતમાં વાતચીત ચાલે છે તેમાં કુમારનું તદ્દન અજ્ઞાન છે. **અરસ્પરસ સ્પર્ધા સાથે જ્યારે વિદ્વાનો પોતાની વાણીના આયુધો છોડી મૂકી સભામાં** વાદવિનોદ કરતા હોય છે તે વખતે જેને જ્ઞાનનો ટેકો હોતો નથી **તેવાઓને જરૂર મોટો ક્ષોભ જ થઇ આવે છે."**

**નરવાહન**—"પણ આર્ય! આ કુમારમાં અજ્ઞાનનો સવાલ જ ક્યાં છે? કુમારે તો સર્વ કળાઓમાં ઘણીજ હુશિયારી મેળવીને પ્રધાનપદ પ્રાપ્ત કર્યું છે."

તે વખતે મારી અત્યંત ખરાબ વર્તણુક યાદ આવવાથી કળાચાર્યને જરા ક્રોધ આવી ગયો તેથી સહજ મોટે સ્વરે તે બોલી ઉઠ્યા "મહારાજ! કુમારે તો **શૈલરાજ** ( અભિમાન ) અને **મૃષાવાદ**ની રચેલી કળામાં હુશિયારી મેળવી પ્રધાનપદ પ્રાપ્ત કર્યું છે, બીજી કોઇ કળામાં તેણે પ્રવીણતા મેળવી નથી."

**નરવાહન**—"એ વળી તમે કહી તે બે કળાઓ કઇ?"

કળાચાર્ય—"એક તો દુર્વિનય[1] કરવો અને બીજું જુઠું બોલવું. એને શૈલરાજ અને મૃષાવાદ નામના બે મિત્રો થયા છે તેમણે એ

1 અવિનય, અપમાન, આપવડાઇ વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કળા કુમારને શીખવી છે અને એ કળામાં કુમાર ઘણો કુશળ થઇ ગયો છે. બાકી બીજી કળાઓનો તો ગંધ માત્ર પણ તે જાણતો નથી.”

**નરવાહન**—“એમ શામાટે અને કેવી રીતે થયું?”

**કળાચાર્ય**—“અમારા મનમાં એવો ભય રહ્યા કરતો હતો કે આપની પાસે સાચેસાચી વાત કરવાથી આપશ્રીના મનમાં ઘણો સંતાપ થશે તેથી અત્યાર સુધી અમે આપની પાસે એ સંબંધમાં કાંઇ પણ વાત ઉચ્ચારી નથી. કુમારનું ચરિત્ર-વર્તન લોકના સામાન્ય નિયમોથી પણ એટલું બધું વિપરીત છે કે અત્યારે પણ આપની સમક્ષ તે સંબંધી વાત કરતાં મારી જીભ ઉપડતી નથી.”

**નરવાહન**—“જેવી હકીકત બની હોય તેવી કહી સંભળાવવામાં તમારો કોઇ પણ પ્રકારનો વાંક ગુન્હો થવાનો નથી માટે આર્ય! કોઇ પણ પ્રકારની શંકા રાખ્યા વગર તમારા મનમાં જે હકીકત મને કહેવા જેવી હોય તે સ્પષ્ટ રીતે કહો.”

એટલા ઉપરથી કુમારે જૂદે જૂદે પ્રસંગે પોતાના હુકમનું કેવું અપમાન કર્યું, પોતાના આસનપર કેટલીવાર બેઠો, છેવટે પોતાનો કેવા શબ્દોમાં તિરસ્કાર કરીને ચાલી નીકળ્યો-વિગેરે મારા વર્તનની સર્વ બાબત મુદ્દાસર સંક્ષેપમાં મારા પિતા પાસે તેમણે કહી સંભળાવી. એ સર્વ હકીકત સાંભળી મારા પિતાએ કહ્યું “આર્ય! આપ પોતે મારા કુમારનું આવા પ્રકારનું ચરિત્ર અને અજ્ઞાનપણું જાણતા હતા છતાં એવા કુલખંપણ છોકરાને આ રાજસભામાં પરીક્ષા આપવા સારૂ શામાટે લઇ આવ્યા? અરે એ પાપીએ તો અમને અત્યાર સુધી ખરેખરા છેતર્યા!”

**કળાચાર્ય**—“સાહેબ! હું એને અહીં લઇ આવ્યો નથી. મારા કળાભુવનમાંથી તો એ બાર વરસથી નીકળી ગયો છે, ત્યાર પછી ત્યાં એ આવ્યો જ નથી. આજે સવારે એકદમ આપશ્રી તરફથી મને બોલાવવાનું કહેણ આવતાં હું આપની સમક્ષ હાજર થયો છું. કુમાર કાંઇ મારી સાથે આવ્યો નથી, તે તો કોઇ બીજા સ્થાનેથી અહીં આવ્યો છે.”

**નરવાહન**—“આર્ય! આ કુપાત્રચૂડામણિ રિપુદારણમાં કોઇ પણ પ્રકારના ગુણોની યોગ્યતા ન હોવાને લીધે તમે તેને તજી દીધો ત્યારે એના જન્મથી માંડીને અત્યાર સુધી એને કલ્યાણપરંપરા પ્રાપ્ત થઇ તેનું કારણ શું? અને અત્યારે જ બરાબર અણીને વખતે લોકોમાં એનું અપમાન થવાનો પ્રસંગ આવ્યો તેનો હેતુ શો?”

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કળાચાર્ય**—" મહારાજ! એ કુમારને અંતરંગ રાજ્યમાં એક પુણ્યોદય નામનો મિત્ર છે; અત્યાર પહેલાં કુમારને અનેક કલ્યાણ-પરંપરા પ્રાપ્ત થઇ તે પુણ્યોદય મિત્રે કરેલી હતી: જેમ કે એ પુણ્યોદય મિત્રના પ્રભાવથી એ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો, એના ઉપર માત-પિતાનો ઘણો જ પ્રેમ થયો અને એને અનેક પ્રકારનાં સુખસૌભાગ્ય ધનેશ્વરપણું પ્રાપ્ત થયાં અને એનું રૂપ સુંદર થયું. આવી આવી સર્વ અનુકૂળતાઓ એને પુણ્યોદય મિત્રના પ્રસંગથી પ્રાપ્ત થઇ."

**નરવાહન**—"ત્યારે એનો પુણ્યોદય મિત્ર હતો તે હાલ ક્યાં ચાલ્યો ગયો?"

**કળાચાર્ય**—"એ કોઇ જગોએ ગયો નથી, તે અહીં જ કુમારમાં જ ગુપ્ત રીતે (ન દેખી શકાય તેવી રીતે) રહેલો છે; પણ બન્યું છે એમ કે એણે જ્યારથી રિપુદારણનાં ખરાબ ચરિત્રો અને નિંદ્ય વર્તનો જોવા માંડ્યાં ત્યારથી એને મનમાં ઘણી જ ગ્લાનિ થઇ ગઇ છે અને તેથી થોડા વખતથી ચિંતાને લીધે એ બાપડો ક્ષીણ થઇ ગયો છે, એનું શરીર દુબળું થઇ ગયું છે અને એ ઉઘાડી રીતે નરમ પડી ગયેલો દેખાય છે.[1] એના દુબળા શરીરને લીધે જે જે આપત્તિઓ કુમારપર આવી પડે છે તેનું અગાઉ પ્રમાણે સર્વ અંશે નિવારણ કરવાને હવે એ શક્તિવાન થતો નથી."

**નરવાહન**—" અરેરે! હવે આ બાબતમાં કાંઇ પણ ઉપાય નથી. અહો! આ મૂર્ખ દીકરાએ તો સર્વ લોકોની સમક્ષ મારી ભારે ફજેતી કરાવી!"

## લોકોમાં અપવાદ.

આ પ્રમાણે બોલતાં જાણે ચંદ્રમાનું મુખ રાહુએ ગળી લીધું હોય નહિ તેમ મારા પિતાશ્રીનું મુખ કાળું શ્યામ થઇ ગયું. આથી કળાચાર્ય અને મારા પિતાશ્રી વચ્ચે જે ખાનગી વાતચિત ચાલતી હતી તેનો પરમાર્થ લોકો મનમાં બરાબર સમજી ગયા. એને પરિણામે મારા પિતાશ્રી અને સગાસંબંધીઓ ભોંઠા પડી ગયા અને પ્રધાન-વર્ગ ગ્લાનિ પામી ગયો; ગામના મશ્કરા લોકો અંદર અંદર હસવા લાગ્યા અને મારી મશ્કરી કરવા લાગ્યા; બીચારી **નરસુંદરી** તો આવો બનાવ જોઇને ઘણો જ ખેદ પામી ગઇ અને **નરકેસરિ** રાજાની

૧ એનું પુણ્ય ઓછું થઇ ગયું છે, જમે મુંડી ઘણી ખરચાઇ ગઇ છે-એવો ભાવાર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે તેનો પ્રધાનવર્ગ અને સંબંધીવર્ગ આવ્યો હતો તે ઘણો આશ્ચર્ય પામી ગયો. અમારા ગામના લોકો મારા પિતાશ્રી ન સાંભળે તેમ અરસપરસ ધીમે ધીમે વાત કરવા લાગ્યા. “અરે! આ રિપુદારૂણ અભિમાનમાં ચઢી ગયો છે, પણ તદ્દન મૂર્ખ જણાય છે! જેમ ધમણમાં પવન ભર્યો હોય તેમ એ ભાઇશ્રી અભિમાનથી જ ફૂલી ગયેલા જણાય છે–જો કે અંદર કાંઇ દમ નથી, પણ ખાલી ખોટી વિખ્યાતિ પામી ગયેલ છે. કોઇ માણસ ભણવામાં મીંડું હોય પણ વાચાળ હોવાને પરિણામે કદાચ બાહ્ય વાણીના આડંબરથી લોકોમાં મોટાઇ મેળવી જાય, પરંતુ તેવાને જયારે કસોટિએ ચઢવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને અનેક પ્રકારની હેરાનગતી પ્રાપ્ત થાય છે અને લોકોમાં આ રિપુદારૂણ કુમારની પેઠે મશ્કરી કરાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.”

**કુમારને શરીરે એકાએક વ્યાધિ થઇ આવ્યો.**
**આખરે પુણ્યોદય શરમાયો અને બહાર પડ્યો.**
**વિચારી બાજી ગોઠવી અને નરસુંદરી અપાવી.**

મારા પિતાશ્રી અને કળાચાર્ય એક બીજાને કાને લાગીને અંદર અંદર વાત કરતા હતા. તે વખતે તેઓ વાત શી કરે છે તે મારા સમજવામાં ન આવવાથી મનમાં મને એક વિચાર સુઝયો; મને એમ થયું કે મારા પિતા અને કળાચાર્ય ગમે તેમ કરીને જોર વાપરીને પણ મારી પાસે કળાસંબંધી વાત બોલાવશે. આવા વિચારથી મારા મનમાં ઘણો ભય પેસી ગયો જેને પરિણામે મારી ગળાની નાડીનું જાળું એકદમ અટકી ગયું અને પરિણામે શ્વાસોશ્વાસ લેવાનો માર્ગ રોકાયો. એ વખતે જાણે હું મરી જતો હોઉં એવી મારી દશા થઇ ગઇ. એટલે ‘અરે પુત્ર! અરે મારા બાપ! દીકરા! તને આ શું થઇ ગયું’ એમ બોલતી મારી માતા વિમલમાલતી દૂરથી આવીને મારે શરીરે વળગી પડી, અમારો આખો સંબંધીવર્ગ એકદમ આકુળવ્યાકુળ થઇ ગયો, રાણી વસુંધરા (નરસુંદરીની માતા) ઝાંખાઝબ થઇ ગયાં અને નરકેસરી રાજા આશ્ચર્યમાં પડી ગયા.

શ્વાસ રૂંધાયો.

એ વખતે યોગ્ય અવસર જોઇને મારા પિતાશ્રીએ કહ્યું “અરે લોકો! આજે તો તમે વિદાય થઇ જાઓ! આજે કુમારને શરીરે સારૂં નથી. કુમારની પરીક્ષા હવે પછી બીજે વખતે થશે.” રાજા નરવાહનના આવા શબ્દો સાંભળી લોકો ત્યાંથી બહાર નીકળી ગયા અને ત્રણ રસ્તાના સંગમપર

સમય જાળવ્યો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર રસ્તાઉપર તથા બીજે આડે અવળે ટોળેટોળાં એકઠાં થઇ કુમારના ( મારા ) પંડિતપણાપર અંદર અંદર હસવા લાગ્યા. તેઓ ચુપચુપ વાતો કરવા લાગ્યા કે ' વાહ ! કુમારનું પંડિતપણું તો ભારે જબરૂં ! એ તો સભામાં એક અક્ષર પણ બોલી શક્યો નહિ !! ' આવી રીતે લોકોમાં મારી પુષ્કળ હાંસી થઇ. મારા પિતાશ્રીએ લજ્જાથી નીચું માથું કરીને કળાચાર્યને અને નરકેસરી રાજાને પણ ત્યાંથી વિદાય કરી દીધા.

સુંદરીપિતા સમજ્યો.

નરકેસરી રાજાએ પોતાના ઉતારાપર જઇ વિચાર કર્યો કે જોવાનું હતું તે તો જોઇ લીધું ! વાતમાં કાંઇ માલ જણાતો નથી ! માટે કાલે સવારે અહીંથી પ્રયાણ કરી જવું.

ભય દૂર થયો.

જ્યારે લોકો વિખરાઇ ગયા અને નરકેસરી રાજા વિગેરે વિદાય થઇ ગયા ત્યારે મારા જીવમાં જીવ આવ્યો અને શરીરે કાંઇક સ્વસ્થતા થઇ. મને જે ભય થયા કરતો હતો તે ત્યારે જ ઓછો થયો.

પિતાની ચિંતા.

મારા પિતાશ્રીને તો એવું ભારે થઇ પડ્યું કે જાણે તેઓ પોતાનું આખું રાજ્ય જ ખોઇ બેઠા હોય નહિ અથવા તો જાણે તેમનાપર કોઇએ વજ્રનો સખ્ત પ્રહાર કર્યો હોય નહિ ! આવી રીતે તે આખો દિવસ મારા પિતાએ અત્યંત ચિંતાયુક્ત વ્યગ્ર દશામાં પસાર કર્યો. તેમના મનમાં એટલો બધો ખેદ થયો કે દરરોજ સાંજે નિયમસર કચેરી કરતા હતા તે પણ તેમણે કરી નહિ. રાત્રિ પડી એટલે તેઓએ કોઇ પણ પુરૂષને પોતાની પાસે આવવાનો નિષેધ કરી દીધો અને પોતે સુઇ ગયા. પોતાના મનમાં જે ચિંતા હતી તેને પરિણામે બીલકુલ નિદ્રા આવી નહિ અને આખી રાત લગભગ વ્યાકુળતામાં જ પસાર કરી.

પુણ્ય જાગ્યું.

હવે તે વખતે મારા મિત્ર પુણ્યોદયને કાંઇક લાજ આવી. તેણે વિચાર કર્યો કે—

**यस्य जीवत एवैवं, पुंसः स्वामी विडम्ब्यते ।**
**किं तस्य जन्मनाप्यत्र जननीक्लेशकारिणः ॥**

અહો પ્રાણી જીવતો હોય તે છતાં તેનો સ્વામી કે તેનો સંબંધી આવી રીતે હેરાનગતિ પામે-લોકોમાં અપમાન પામે તો તેવા પ્રાણીના જન્મનું સાર્થકત્વ શું ? એવો પુરૂષ તો જન્મવાથી માત્ર પોતાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માતાને ભાર રૂપ જ થાય છે! કુમારનું અત્યારે જે મોટું અપમાન થયું છે તેથીએ મારે ઘણું જ શરમાવા જેવું થયું છે અને હવે જો નરકેસરી રાજા ચાલી ચલાવીને અહીં સુધી પોતાની દીકરી કુમારને આપવા આવ્યો અને દીકરી આપ્યા વગર પાછો ચાલ્યો જાય તો તો પછી કુમારની સાથે હું રહ્યો, મેં તેની દોસ્તી કરી–એ સઘળું ફોકટ જાય, તેથી મારે આ બાબતમાં બેદરકારી કરવી એ કોઇ રીતે યોગ્ય નથી. જો કે આવી સુંદર સુંદરીને કુમાર રિપુદારૂણ કોઇ પણ રીતે યોગ્ય નથી તો પણ હવે નામ રાખવા ખાતર પણ ગમે તેમ કરીને તેને આવેલી કન્યા અપાવું. એમ ન કરૂં તો મારૂં પોતાનું ખોટું કહેવાય અને કુમારનો અને મારો સંબંધ વગોવાય.

પિતાને સ્વપ્ન.

અહીં આવી રીતે પ્રસંગ ચાલતો હતો તે વખતે મારા પિતાશ્રીને રાત્રિ જરા બાકી રહી ત્યારે સહજ ઉંઘ આવી. અહો ! અગ્રહીત-[1]સંકેતા ! તે વખતે પુણ્યોદયે અત્યંત મનોહર રૂપ ધારણ કરીને મારા પિતાશ્રીને સ્વપ્નમાં દર્શન આપ્યાં. મારા પિતાએ સ્વપ્નમાં એક સુંદર આકારને ધારણ કરનાર શ્વેત વર્ણવાળો પુરૂષ જોયો. આ શ્વેત પુરૂષે કહ્યું "અરે રાજન્! ઉંઘે છે કે જાગે છે?" પિતાશ્રીએ જવાબમાં કહ્યું "જાગું છું." શ્વેત પુરૂષે કહ્યું "જો એમ છે તો ચિંતા છોડી દે, તારા દીકરા રિપુદારૂણને નરસુંદરી અપાવીશ ! તું ગભરાઇશ નહિ." પિતાશ્રીએ જવાબમાં કહ્યું "ઘણી કૃપા થઇ !"

કાલનિવેદક.

આ વખતે પ્રભાતકાળની નોબત વાગી એટલે મારા પિતાશ્રી જાગૃત થયા. [2]વખત જણાવનારે કહ્યું "પોતાનો પ્રતાપ[3] ઓછો થઇ જવાથી જગતની સમક્ષ જે સૂર્ય અગાઉ (ગઇ કાલે સાંજે) અસ્ત પામી ગયો હતો તે અત્યારે ઉદયને પ્રાપ્ત કરીને લોકોને કહે છે કે—

---

૧ **સંસારીજીવ** સદાગમ આગળ પોતાનું ચરિત્ર કહે છે.

૨ **કાલનિવેદકઃ** વખત જણાવનાર એક રાજ્યપુરૂષ (ઓરીસર) હોય છે. આવા ગ્રંથોમાં એ જ્યારે બોલે છે ત્યારે તેનું બે ભાવાર્થવાળું વચન નીકળે છે. થવાનું હોય તેવાં શુકન વચન નીકળે છે એવી પ્રાચીન માન્યતા છે. (–**સરખાવોઃ** શુકનપે શબ્દ આગળાં.)

૩ આ અન્યોક્તિ છે. શબ્દો સૂર્ય અને રિપુદારૂણને લાગુ પડે તેમ શ્લોકમાં વાપર્યાં છે. **પ્રતાપઃ** (૧) તેજ. (૨) રાજ્યકાંતિ. **અસ્તઃ** (૧) આથમવું. (૨) પુણ્યહીન થઇ અંધકારમાં જવું તે. **ઉદયઃ** (૧) ઉગવું તે. (૨) સારૂં નશીબ. બાકીનો અર્થ સ્પષ્ટ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**यदा येनेह यल्लभ्यं, शुभं वा यदि वाऽशुभं ।**
**तदाऽवाप्नोति तत्सर्वं, तत्र तोषेतरौ वृथा ॥ १ ॥**

**આ દુનિયામાં જ્યારે જે પ્રાણીને અમુક વસ્તુ પ્રાપ્ત થવાની હોય છે તે વસ્તુ સારી અથવા તો ખરાબ ગમે તેવી હોય પણ તે વખતે તેને તે જરૂર મળે છે, માટે તે સંબંધમાં સંતોષ ધારણ કરવો કે અસંતોષ ધારણ કરવો એ તદ્દન નકામો છે.**

અન્યોક્તિનો અર્થ.

કાલનિવેદકનાં આવાં વચન સાંભળીને મારા પિતાએ (નરવાહન રાજાએ) વિચાર કર્યો કે-ખરેખર! મારે હવે આ બાબતમાં શોક કે દીલગીરી કરવા જેવું રહ્યું નથી, કારણ કે મને એમ લાગે છે કે કુમાર (રિપુદારૂણ) જરૂર નરસુંદરીને પ્રાપ્ત કરશે. એક તો કોઇ દેવતા આવીને મને ચોખી રીતે સ્વપ્નમાં તે વાત કહી ગયો છે કે રિપુદારૂણને નરસુંદરી અપાવીશ અને બીજું આ કાલનિવેદક દ્વારા મારા નશીબે પણ મને એ જ ઉપદેશ આપ્યો હોય એમ જણાય છે. એના કહેવાની મતલબ એ જણાય છે કે જે પુરૂષ જે વખતે કોઇ સુંદર અથવા તો ખરાબ વસ્તુ મેળવવાને યોગ્ય થાય છે તે વસ્તુ તે પુરૂષને નશીબના યોગે જ એકાએક મળી આવે છે, માટે સમજુ માણસે વસ્તુપ્રાપ્તિ અપ્રાપ્તિને અંગે કોઇ પણ પ્રકારનો હરખ કે શોક કરવો નહિ. આવા વિચારથી મારા પિતા જરા સ્વસ્થ થયા.

વિચાર વધ્યા.

પુણ્યોદયનો પ્રભાવ તો વિચારણામાં પણ આવી શકે તેવો નથી. તેણે (પુણ્યોદયે) મારા પક્ષપાતી થઇને નરકેસરી રાજાના મનમાં વિચાર ઉત્પન્ન કર્યો કે-અહો! આ નરવાહન (રિપુદારણના પિતા) ખરેખર એક મોટા મનવાળો ઉદાર રાજા છે. હું અહીં શા કાર્ય માટે આવ્યો છું તે હકીકત તેના આખા રાજ્યમાં તો જણાયલી છે પણ તે ઉપરાંત બીજા પણ અનેક રાજાઓના જાણવામાં આવી ગઇ છે. હવે જો નરસુંદરીને આપ્યા વગર હું પાછો મારે દેશ ચાલ્યો જઇશ તો મારા પક્ષને અને નરવાહન રાજાના પક્ષને બન્નેને ઘણું શરમભરેલું થઇ પડશે, લોકોમાં અને અન્ય રાજ્યોમાં એને લઇને કઇક ખોટી વાતો ચાલશે, માટે હવે તો કોઇ પણ રીતે દીકરી (નરસુંદરી)નું મન મનાવીને એનો સંબંધ રિપુદારૂણ કુમાર સાથે જોડીને જઉં તો જ ઠીક. આવો વિચાર કરીને નરકેસરી રાજાએ પોતાની પટ્ટરાણી વસુંધરા સમક્ષ નરસુંદરીને અંગે પોતાનો જે વિચાર થયો હતો તે કહી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભળાવ્યો. નરસુંદરીએ પણ મારા પુણ્યોદયના પ્રભાવથી પોતાનું મન મારી તરફ વાળ્યું અને તેના પિતાએ જે વિચારો જણાવ્યા તે તેને બરાબર યુક્તિવાળા અને તદ્દન વ્યાજબી લાગ્યા જેથી તેણે પણ તે વાત સ્વીકારી. પોતાની પુત્રીએ નિર્ણય ફેરવીને પોતાની વાત સ્વીકારી તેથી નરકેસરી રાજાને આનંદ થયો.

ગોઠવણ-લગ્ન.

ત્યાર પછી તુરત જ નરકેસરી રાજા નરવાહન રાજાને મળ્યો અને કહ્યું કે "હવે વારંવાર પરીક્ષા કરવાનું શું પ્રયોજન છે? લોકોને એકઠા કરવાની ભાંજગડમાં ઉતરવાની જરૂર નથી. નરસુંદરી પોતે રાજી ખુશીથી કુમાર રિપુદારૂણને વરવા ઇચ્છે છે. વધારે સ્પષ્ટ કહું તો તે અમારે દેશથી આવી ત્યારથી જ તેને વરી ચૂકેલી છે. માટે હવે આ બાબતાં ઝાઝી બડાઇ મારવાથી કે મોટો પડારો કરવાથી શું? એમ કરવામાં તો ઉલટું હલકા માણસોને બોલવાનો અવકાશ આપવા જેવું થશે. માટે હવે આ કુમાર બીજી વધારે પરીક્ષામાં ઉતર્યા વગર જ મારી પુત્રીનું પાણિગ્રહણ કરે એમાં મને કાંઇ વાંધો લાગતો નથી." મારા પિતા (નરવાહન રાજા)એ એ હકીકતનો સ્વીકાર કર્યો. ત્યાર પછી તુરત જ સારો દિવસ જોવરાવવામાં આવ્યો અને મહાન્ ઉત્સવ પૂર્વક નરસુંદરી મારી સાથે પરણી.

આનંદ-વિદાય.

નરસુંદરીને ત્યાં મૂકી નરકેસરી રાજા પોતાને દેશ વિદાય થયા. કોઇ પણ પ્રકારના અંતરાયવિના નિરાકુળ આનંદ ભોગ ભોગવી શકાય તે માટે એક મોટો વિશાળ રાજ્યમહેલ મારે માટે પિતાશ્રીએ મને આપ્યો.

---

# પ્રકરણ ૪ થું.

## નરસુંદરીનો પ્રેમ-તિરસ્કાર.

મારા અને નરસુંદરીનાં લગ્ન થઇ ગયાં, નરસુંદરીના પિતા પોતાને દેશ ગયા. ત્યાર પછી નરસુંદરીની સાથે આનંદ કરતાં કેટલાએ દિવસો પસાર થઇ ગયા. પુણ્યોદયે અમારો બન્નેનો પ્રેમ બહુ સારી રીતે જોડી આપ્યો, અમારા બન્નેમાં અરસ્પરસ પૂર્ણ વિશ્વાસ

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન કર્યો, અમારા બન્નેની સારી રીતે દોસ્તી પણ જામી ગઇ, તેને લઇને આનંદના અનેક પ્રસંગો તેણે અમને ઉત્પન્ન કરી આપ્યા, અમારા પ્રેમમાં વધારો કરી આપ્યો અને અમારા ચિત્તને અરસ્પરસ મેળવીને અમને અગાધ આનંદસાગરમાં ડૂબકીઓ મરાવી. જેવી રીતે સૂર્ય પોતાની પ્રભા (કાંતિ–તેજ)ને એક જરા પણ દૂર મૂકે નહિ, અથવા તો જેમ ચંદ્રમા પોતાની ચંદ્રિકાને એક ક્ષણ પણ વીલી મૂકે નહિ અથવા તો શંકર જેમ પાર્વતીને એક પળ પણ દૂર કરે નહિ તેમ હું મારી વહાલી નરસુંદરીને એક ક્ષણવાર પણ દૂર રાખતો નહિ. એ મુગ્ધા નવોઢા સુંદરી પણ ભ્રમરીની પેઠે મારા મુખ રૂપ કમળના રસનો સ્વાદ લેવામાં એટલી બધી આતુર રહેતી કે કેટલો વખત પસાર થયો છે કે થાય છે તેનું પણ તેને ભાન રહેતું નહિ.

દંપતી-નો પ્રેમ.

## પ્રેમને અંગે મિત્રોની અદેખાઇ.
## પ્રેમનો છેદ કરાવવાનો સંકેત.

મારી અને નરસુંદરી વચ્ચે આવો સુંદર આકર્ષક પ્રેમભાવ અને ખેંચાણકારક સ્નેહબંધન કે જે સાધારણ રીતે દેવોને પણ દુર્લભ હોય છે તેને જોઇને ઉપર ઉપરથી મારા મિત્ર તરીકે જાણીતા થયેલા પણ પરમાર્થે મારા ખરેખરા દુશ્મન પેલા મૃષાવાદ અને શૈલરાજના હૃદયરૂપ અગ્નિમાં તેલ હોમાણું. તેઓ તો વિચાર કરવા લાગ્યા કે–આ વળી નવું સાલ ક્યાંથી આવ્યું? એણે તો મિત્ર રિપુદારણને વશ કરી લીધો! હવે એ પાપી રિપુદારણ અને મુગ્ધા નરસુંદરીનો વિયોગ કેવી રીતે થાય તેની બરાબર યોજના કરવી જોઇએ. એ વિચારને પરિણામે શૈલરાજે મૃષાવાદને કહ્યું "ભાઇ મૃષાવાદ! તું હાલ નરસુંદરીની સાથે જોડાઇ તેના મનમાં વિક્ષેપ ઉત્પન્ન કર, ત્યાર પછી જ્યારે બરાબર અવસર આવશે ત્યારે એ બાબત પાર પાડવા માટે હું પણ યોગ્ય ભાગ લઇશ. જ્યારે મારા જેવો પ્રેમનો વિયોગ કરાવવાનું કામ હાથમાં લે ત્યારે પછી પ્રેમબંધન[1] કેવું અને વાત કેવી?" તુરત જ મૃષાવાદે જવાબમાં કહ્યું "ભાઇ શૈલરાજ! તારે વળી મારા જેવાને વારંવાર ઉત્સાહ આપવાની કે પ્રેરણા કરવાની તે જરૂર હોય? તું જોઇશ એટ-

પ્રેમચ્છેદનો સંકેત.

---

૧ અભિમાન અને પ્રેમ એકીસાથે રહી શકતા નથી, કારણ અભિમાન ઇર્ષ્યા ઉત્પન્ન કરે છે અને ઇર્ષ્યાથી પ્રેમપર ફટકો પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષામાં તો હું એના (નરસુંદરીના) ચિત્તમાં મોટો ભેદ પાડી દઇશ, તું એમ જ જાણ કે એ કામ તો થઇ જ ગયું છે." આવી રીતે નરસુંદરીનો અને મારો વિયોગ કરાવવા માટે મારા બન્ને મિત્રોએ (?) પોતાના મનમાં ચોક્કસ નિશ્ચય કરી દીધો અને તેને માટે કેવી રીતે કામ લેવું તેની સર્વે વ્યવસ્થા બરાબર વિચાર કરીને તેમણે અંદર અંદર ગોઠવી લીધી.

## અભણ કુમારનો સુંદરીપર મોહ.
## લોકોનો કુમારસુંદરીના સંબંધપર વિચાર.

પ્રેમાસક્ત કુમાર.

જ્યારથી મને નરસુંદરી મારી પત્ની તરીકે પ્રાપ્ત થઇ ત્યારથી હું તો મારા મનમાં એમ જ માનતો હતો કે ત્રણ લોકમાં સારામાં સારી જે વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે તે મને મળી ગઇ છે. આવા વિચારને પરિણામે પોતાનાં ભવાં ચઢાવીને આંખોને વાંકી કરીને પોતાનાં હૃદય ઉપર શૈલરાજનો આપેલો લેપ લગાડતો લગાડતો હું મારા મનમાં વિચાર કરતો હતો કે-મને ખરેખર એક સંપૂર્ણ સુંદર સૌભાગ્યશાળી નિપુણ પત્ની મળી છે તેથી મારા જેવો આ દુનિયામાં બીજો કોઇ ભાગ્યશાળી પ્રાણી નથી; આવા વિચારથી હું તેના પ્રેમમાં વધારે ને વધારે ગાઢ આસક્ત થઇ ગુરૂમહારાજને વંદન કરવા પણ ન જઉં, દેવને પણ નમસ્કાર કરવા ન જઉં અને મારા વડીલ સગાસંબંધીઓને માન આપવા પણ બહાર નીકળું નહિ, એટલું જ નહિ પણ મારા નોકરોને પૂરા હુકમો પણ આપું નહિ અને દુનિયાને મ્હોં પણ દેખાડું નહિ. મારૂં આવું દુષ્ટ વર્તન જોઇને મારો પુણ્યોદય મિત્ર જેને વારંવાર મારે માટે લાગણી થઇ આવતી હતી તેને મનમાં ઘણો જ ખેદ થયો અને પરિણામે તે બાપડો મારી ખાતર દુર્બળ થતો ગયો.[1] મારા સગાસંબંધી અને પરિજન પણ મારૂં એવા પ્રકારનું વર્તન જોઇને મારી તરફ ઓછા રાગવાળા થઇ ગયા અને અંદર અંદર મારી હાંસી કરતા વાતો કરવા લાગ્યા-"અહો! નસીબ તો જુઓ! દૈવ કેવી વિચિત્ર યોજના કરે છે! વાહ! શું વિધાતાએ આ કાગડાની કોટે રત્ન બાંધ્યું છે! આવી રત્ન જેવી સ્ત્રીને આવા મૂર્ખા સાથે ગોઠવી દીધી! પહેલાં તો પોતાની મૂર્ખાઇથી એ રિપુદારૂણ ગર્વથી ભરેલો હતો, એનામાં મૂર્ખતાનું

સંબંધીઓનો મત.

---

૧ મતલબ મારૂં પુણ્ય ખવાઇ જવાથી ઓછું થવા લાગ્યું, જમે પુંજી વપરાવા લાગી અને વધારાના માર્ગ મેં જાતે જ બંધ કરી દીધા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિમાન હતું અને હાલ આવી નિપુણ કન્યા પ્રાપ્ત કરીને પાછો બીજા પ્રકારના અભિમાનથી અંધ થયો છે. લોકોમાં કહેવાય છે તે બરાબર જ છે કે 'એક તો જાતે [1]વાંદરો અને વળી તેના વૃષણપર વીંછીએ ચટકો માર્યો! પછી તેના તોફાનમાં કહેવું શું? ખરેખર! આવા ગધેડાને હાથણી જેવી સર્વ અવયવે સુંદર નરસુંદરી જેવી પત્ની ઘટે નહિ!! વિધાતા ખરેખર વિચિત્ર રીતે કામ કરે છે!"

## સુંદરીની પ્રેમપરીક્ષા.
### સુંદરીનો કળાવ્યામોહ.
### સાધારણમાં વાત વટકી.

એક દિવસ નરસુંદરી જેનું ચિત્ત સદ્‌ભાવથી ભરપૂર હતું તેણે પોતાના પતિનો પોતાપર કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. તેને મનમાં એમ થયું કે રિપુદારૂણનો મારા ઉપર ખરેખરો સાચો સ્નેહ છે કે નહિ તે જોવું જોઇએ. અમુક માણસનો આપણા ઉપર બરાબર સ્નેહ છે કે નહિ તે છુપી વાત કહેવાથી જણાઇ આવે છે. એને કાંઇક ગુપ્ત હકીકત પૂછું, પછી તે તેનો બરાબર જવાબ આપે છે કે કાંઇક છુપાવે છે તેથી પણ તેનો મારા ઉપર સ્નેહબંધ કેવા પ્રકારનો છે તે જાણવામાં આવી જશે. આ પ્રમાણે નરસુંદરીએ વિચાર કર્યો. ત્યાર પછી વિચાર કરતાં કરતાં નરસુંદરીને ધ્યાનપર એક વાત આવી કે કોઇ ખરેખરી ગુહ્ય હકીકત પતિને પૂછવી. છેવટે તે નિશ્ચયપર આવી ગઇ. તેને યાદ આવ્યું કે પોતાના પતિ સુંદર શરીરવાળા છે પણ રાતા [2]અશોક વૃક્ષની પેઠે સર્વ કળાઓમાં કુશળતા મેળવવારૂપ ફળથી તદ્દન રહિત છે, કારણ કે જ્યારે હું આ સિદ્ધાર્થ નગરમાં આવી અને સભા સમક્ષ તેમની પરીક્ષા કરવાની શરૂઆત થઇ તે વખતે પોતામાં કોઇ પણ પ્રકારનું વિશેષ જ્ઞાન ન હોવાને લીધે તેમના મનમાં જે ભય થઇ આવ્યો હતો તે સ્પષ્ટ રીતે તેમના શરીરપર જણાઇ આવતો હતો. હવે ત્યારે મારે આર્યપુત્રને એવો જ સવાલ પૂછવો કે તે દિવસે તેમને મનમાં એટલો બધો ક્ષોભ થઇ આવ્યો તેનું કારણ શું? જો એનો એ

પ્રેમની કસોટિ.

---

૧ વાંદરાને વૃષણપર વીંછી ચટકાવે ત્યારે તે બહુ ગાંડો થાય છે, મર્કટ ને વળી મદિરા પીએ-એના જેવું તોફાન જામે છે.

૨ અશોક વૃક્ષ બહુ મોટું અને દેખાવમાં આંબા જેવું સુંદર હોય છે, પણ તેને ફળ હોતાં નથી. પતિ (રિપુદારણ) પણ રૂપાળા છે પણ અભણ ઇટાળા છે, કળારૂપ ફળ વગરના છે. શ્લેષ બહુ સુંદર અને બંધબેસતો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીધો જવાબ આપશે તો હું જાણીશ કે આર્યપુત્રનો મારા ઉપર ખરેખરો સાચો સ્નેહ છે અને જો તેનો સીધો જવાબ નહિ આપે તો પછી તેમનો અભિપ્રાય શો છે તે મારા જાણવામાં બરાબર આવી જશે.

## અભણ અભિમાનીના ગોટા.

આવી રીતે વિચાર કરીને પ્રેમપરીક્ષા કરવા સારૂ નરસુંદરીએ મને એક દિવસ પૂછયું "વહાલા! આર્યપુત્ર! તે દિવસે જ્યારે રાજસભામાં તમારી સાથે પ્રથમ વાતચીત થઇ ત્યારે તમારે શરીરે શી અડચણ થઇ આવી હતી?–" આવો યુક્તિસર સવાલ નરસુંદરીએ મને પૂછયો. તે વખતે પોતાનો અવસર બરાબર જાણીને મૃષાવાદે પોતાની યોગશક્તિનો મારા ઉપર બરાબર પ્રયોગ કર્યો. તે અદૃશ્ય થઇને ખાનગી રીતે મારા મુખમાં પેસી ગયો. જવાબમાં મારા મૃષાવાદ મિત્રની પ્રેરણાથી મેં કહ્યું "તમને મારે માટે તે વખતે શું લાગ્યું હતું તે તમે જ કહોને!"

ગોટાળીઆ જવાબ.

નરસુંદરી—"આર્યપુત્ર! હું તો તે વખતે બરાબર હકીકત જોઇ શકી નહોતી તેમ જ જાણી પણ શકી ન હોતી; તે વખતે મારા મનમાં એટલી શંકા ઉત્પન્ન થઇ હતી કે આર્યપુત્રને શરીરે કોઇ સાચી અડચણ થઇ આવી છે કે કળાકલાપમાં કુશળતા આર્યપુત્રમાં (આપનામાં) નથી તે છુપાવવા ખાતર ખાલી બ્હાનું કાઢ્યું છે!"

રિપુદારૂણ—"સુંદરી! તારે એવો વિચાર કરવાનું કાંઇ પણ કારણ નથી. મારા હૈયા ઉપર સર્વ કળાઓ તો તરી રહેલી છે. એ બાબતમાં જરા પણ વાંધો છે જ નહિ અને હતો પણ નહિ. વળી મારે શરીરે તે વખતે કોઇ ખાસ અડચણ પણ થઇ ન હોતી. મારા પિતા માતાએ મારા પરના ખોટા મોહથી તે વખતે ખાલી નકામી ધમાધમ કરી મૂકી. એવી નકામી ધાંધલને લીધે હું સ્થિર થઇને બોલ્યા ચાલ્યા વગર બેસી રહ્યો." આ હકીકત સાંભળીને નરસુંદરીને મનમાં ખાત્રી થઇ ગઇ કે–હું મુદ્દાની બાબતમાં ચોક્કસ ગોટા વાળું છું–તેથી તેણે વિચાર કર્યો કે–અહો! આર્યપુત્ર મને કેવી છેતરે છે! એને એમ કરવામાં જરા શરમ પણ આવતી નથી! કેવી ધીઠાઇ! એને પોતાને માટે કેટલું અભિમાન છે અને મનમાં પોતાને કેટલા મોટા માને છે! પછી તેણે વાત આગળ ચલાવી:—



જૈન સાઇટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નરસુંદરી**—“ આર્યપુત્ર! જો તેમ જ હતું તો હજુ પણ મને આપની પાસેથી કળાકલાપનું સ્વરૂપ સાંભળવાની ઘણી પ્રબળ ઇચ્છા છે. મારા ઉપર મોટી મહેરબાની કરીને કળાઓ સંબંધી સર્વ હકીકત મને કહી સંભળાવો.”

નરસુંદરીનો આવો સવાલ સાંભળીને મારા મનમાં એમ થયું કે આ નરસુંદરીને પોતાની પંડિતાઇનું ઘણું જ અભિમાન જણાય છે અને તેથી તે મારો પરાભવ કરી મને હલકો પાડવાની ઇચ્છાથી મારી હાંસી કરે છે. આ વખતે શૈલરાજે પોતાનો અવસર સાધીને ગુપ્ત રીતે દેખાવ આપી દીધો અને સ્તબ્ધચિત્ત નામના લેપને મારા હૃદય ઉપર એકદમ પોતાને હાથે ચોપડી દીધો. લેપ લાગ્યા પછી વળી મેં વધારે વિચાર કર્યો કે ખરેખર! આ નરસુંદરી જાણે પોતે કેવીક પંડિતા હોય એમ માનીને મારો પરાભવ કરી મારી મશ્કરી કરવા તત્પર થઇ છે તો એ પાપિણીને અહીં રાખવાથી શું?

## નરસુંદરીનો તિરસ્કાર.

ઉપરની સર્વ બાબતનો વિચાર કરતાં તથા મારા હૃદયપર લેપ લગાડતાં જરા પણ વખત લાગ્યો નહિ. એક ક્ષણમાં સર્વ વિચારો મારા મનમાં આવી ગયા અને સ્તબ્ધચિત્ત લેપ પણ લાગી ગયો. મેં શૈલરાજની ધૂનમાં તુરત જ અત્યંત તિરસ્કારથી નરસુંદરીને કહ્યું “અરે પાપી! રંડા! કુટિલા! ચાલ, નીકળ અહીંથી! મારી નજર પાસેથી એકદમ દૂર થા! મારા રાજમહેલમાંથી બહાર નીકળ! તારા જેવી મોટી વિદ્વાન અને પોતાની જાતને પંડિતા માનનારી સ્ત્રીને મારા જેવા મૂર્ખ [1]માણસ સાથે રહેવું શોભે નહિ.”

## તિરસ્કૃતા સુંદરીની સ્થિતિ.

મારાં આવાં વચન સાંભળવાથી એકદમ ગભરાટમાં પડી જઇને નરસુંદરીએ મારી સામું જોયું. તેને તુરત જ જણાયું કે અગાઉ મારો તેના તરફ પ્રેમ હતો, પરંતુ તે વખતે તો હું માનભટના તાબામાં પડી ગયો હતો અને કોઇ પણ રીતે તેના તરફ આકર્ષાઉં તેવો પ્રકાર જણાતો નહોતો. તેથી તે વખતે જાણે મંત્રથી હણાઇ ગયેલી [2]નાગણી

---

૧ આખી વક્રોક્તિ છે.

૨ નાગણીનું જોર ઘણું હોય છે, પણ ગારૂડી મંત્રથી તેનું જોર તદ્દન નરમ પડી જાય છે એવી લોકકથા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, મૂળમાંથી ખેંચી કાઢેલી જાણે મોટા વૃક્ષની લતા[1] હોય, ભાંગી નાખેલ આંબાની માંજર હોય અથવા તો [2]અંકુશથી ખેંચેલી જાણે હાથણી હોય તેવી એકદમ શોકાતુર દીન મુખવાળી અને ભયના ભારથી ભરપૂર હૃદયને [3]ધારણ કરતી તેમ જ અવાજ કરતા રત્નના કંદોરાની ઘુઘરીના કોલાહલ તેમ જ પગના ઝાંઝરના અવાજથી સ્નાન કરવાની વાવડીમાંથી કલહંસો(બતકો)ને પોતાના તરફ ખેંચતી બહુ જ મંદ પગલે નરસુંદરી મારા ભુવનમાંથી બહાર નીકળી અને મારા પિતાના ભુવન તરફ ચાલી ગઇ.

---

# પ્રકરણ ૫ મું.

## નરસુંદરીનો આપઘાત.

જૈન साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

નરસુંદરી મારા ભુવનમાંથી ચાલી નીકળ્યા પછી પણ જ્યાં સુધી શૈલરાજે મારા હૃદયપર લગાડેલો લેપ સુકાયો નહિ ત્યાં સુધી હું પથ્થરના થાંભલાની જેમ તેની તેજ સ્થિતિમાં રહ્યો. જ્યારે એ લેપ થોડો થોડો સુકાઇ ગયો ત્યારે મારા મનમાં પસ્તાવો થવા લાગ્યો, અગાઉ નરસુંદરી ઉપર મને સ્નેહ મમતા હતાં તે પીડા કરવા લાગ્યાં, તેને લીધે મારા મનમાં દુઃખ થવા લાગ્યું, કાંઇક ચિંતા પણ થવા લાગી, છેવટે મન તદ્દન શૂન્ય (ખાલી) થઇ જતું હોય એમ જણાવા લાગ્યું, મનમાં વિહ્વળતા પણ થવા લાગી અને અનેક પ્રકારના વિકારો શરીરપર અને મનપર થવા લાગ્યા, વળી કાંઇક કામજ્વર[4] આવ્યો હોય એમ શરીરમાં ગરમી પણ વધી જતી દેખાઇ. મારા

પશ્ચાત્તાપ
કામજ્વર.

---

૧ લતાનું સૌંદર્ય તે ઝાડ સાથે વળગેલી હોય ત્યાં સુધી જ છે, ઝાડથી છૂટી પડ્યા પછી તે ચીમળાઇ જાય છે.

૨ હાથી હાથણીને કબજામાં રાખવાની નાની આંકણી.

૩ અત્યંત પાછા પડતી વખતે સમજુના મનની સ્થિતિ આવાજ પ્રકારની થાય છે.

૪ કામદેવનો તાવ. મદનજ્વરઃ એ મોહાતુરને થાય છે. એમાં પ્રેમ કરતાં મોહનું તત્ત્વ ઘણું વધારે હોય છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મનનો તાપ ઓછો કરવા હું પલંગપર પડ્યો. પલંગપર પણ મને બગાસાં આવવા લાગ્યાં, આખું શરીર ભાંગવા માંડ્યું અને [1]ખદિરના બળતા કાષ્ઠની વચ્ચે એક માછલાને મૂક્યો હોય તેમ ચારે તરફથી બળી ઝળી જતો પલંગપરથી હું ઉઠવા લાગ્યો. એટલામાં મારી માતા વિમલમાલતી અત્યંત દીલગીરીથી ભરેલા ચહેરા સાથે મારા ભુવનમાં મારી પાસે આવી.

### માતા વિમલમાલતીની સમજાવટ.
### તેણે કરેલ નરસુંદરીની અવસ્થાનું વર્ણન.
### અને છેવટે સાધુ પુરૂષના વર્તનપર વિવેચન.

મારી માતાને મારી પાસે આવતી જોઇને મારા મનમાં જે ચિંતા હતી અને તેનો જે આકાર મારા ચ્હેરા પર દેખાતો હતો તે મેં છુપાવી દીધો. મારી માતા પોતાની મેજે ભદ્રાસનપર બેસી ગઇ. હું પણ પલંગપર જ બેસી રહ્યો. મારી માતાએ વાત શરૂ કરી "ભાઇ! પેલી બાપડી નરસુંદરીને તેં આકરા વચનો કહી તિરસ્કાર કરીને હાંકી મૂકી તે જરા પણ ઠીક ન કર્યું. જો સાંભળ. અહીંથી તે ગઇ ત્યાર પછી તે બાપડીને શું શું થયું તે હું કહી બતાવું છું." મેં જવાબમાં કહ્યું "જે કહેવું હોય તે કહો."

પછી મારી માતાએ વાત ચલાવી.–"અહીંથી નરસુંદરી ગઇ ત્યારે આંખમાં આવેલા અશ્રુની ધારાથી તેના ગાલ ભરાઇ ગયેલા હતા. આવી અવસ્થામાં મેં તેને જોઇ. એ પણ રડતી રડતી આવી મારે પગે પડી. મેં કહ્યું 'અરે નરસુંદરી! આ શું? તે બાપડીએ જવાબમાં કહ્યું 'માતાજી! કાંઇ નહિ! એતો મારા શરીરે દાહજ્વર (સખ્ત તાપ) થઇ આવ્યો છે તેની પીડા થાય છે.' આટલા ઉપરથી જ્યાં વધારે પવન આવે તેવા સ્થાનપર હું તેને લઇ ગઇ અને તેને માટે ત્યાં પલંગ બિછાવ્યો અને તેને ત્યાં સુવાડી હું તેની પાસે બેઠી. તે વખતે જાણે મોટા મુદ્ગર વડે કોઇ તેને મારતું હોય,[2] સખ્ત અગ્નિમાં જાણે તે બળી જતી હોય, જંગલનો ભયંકર સિંહ જાણે તેને

---

૧ ખદિરનાં લાકડાંનો તાપ સર્વ લાકડા ( fuel )થી વધારે હોય છે.

૨ અહીં નરસુંદરીની અવસ્થા વર્ણવી છે તેવે પ્રસંગે શરીરની અને મનની સ્થિતિ થાય તેવી સ્થિતિ બતાવી છે. વસ્તુ અને ક્રિયાપદ એવા યુક્તિસર ગોઠવ્યાં છે કે તે સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય. ધાતુઓ લાગુ પડતા છે તે પર ધ્યાન ખેંચવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાઇ જવાની તૈયારીમાં હોય, મોટો મગરમચ્છ જાણે તેને ગળી જતો હોય, મોટો પર્વતનો ભાર જાણે તેનાપર પડતો હોય, યમદેવની કાતરથી જાણે કપાઇ જતી હોય, કરવતથી જાણે વેરાઇ જતી હોય, નરકની સખ્ત અગ્નિમાં જાણે રંધાઇ જતી હોય તેમ શય્યા ઉપર આ પડખેથી પેલે પડખે અને પેલે પડખેથી આ પડખે પછાડા મારતી આળોટવા લાગી. તેની આવી સ્થિતિ જોઇને મેં (વિમલમાલતીએ) તેને પૂછ્યું 'અરે નરસુંદરિ! તને આવો સખ્ત દાહજ્વર શા કારણે ઉત્પન્ન થયો તે કહે?' મારો આવો પ્રશ્ન સાંભળીને બાપડીએ ઊંડો નિસાસો નાખ્યો પણ કાંઇ જવાબ દઇ શકી નહિ.[1] એટલા ઉપરથી પુત્ર! મેં મારા મનમાં વિચાર કર્યો કે એને કોઇ મનની પીડા હોય એવું જણાય છે. નહિ તો મને પણ બરાબર ખુલાસા સાથે વાત કેમ ન કહે? મારા એવા વિચાર પછી મેં ઘણો જ આગ્રહ અને દબાણ નરસુંદરીપર કર્યા ત્યારે જે હકીકત બની હતી તે ઘણા સાદા આકારમાં નરસુંદરીએ મને કહી સંભળાવી. પછી એના શરીરે ટાઢા ઉપચાર કરવા સારૂ કદલિકા દાસીની યોજના કરીને મેં નરસુંદરીને કહ્યું 'જો એમ જ છે તો તું જરા ધીરજ રાખ, અત્યારે તને જે આટલો બધો ખેદ થઇ આવેલો છે તે મનમાંથી દૂર કર અને હિંમત રાખ. હું અહીંથી હાલ તુરત જ રિપુદારૂણ પાસે જઉં છું અને ગમે તેમ કરીને તે તને અનુકૂળ થઇ આવે એમ કરી આપીશ, પછી તારે કાંઇ વાંધો છે? પણ જો, તને એક વાતની ખબર નહિ તેથી આ બધો ગોટાળો થયો હોય એમ મને લાગે છે અને તે હકીકત એ છે કે મારા દિકરામાં (રિપુદારૂણમાં) માનને લઇને મોટાઇ કાંઇક વધારે આવી રહેલી છે તેથી તેની વિરૂદ્ધ ભાષણ કરવામાં અથવા તેને ચીડવવામાં કાંઇ માલ નથી. હવે તેની આ ખાસીઅત તારા ધ્યાનમાં આવી છે તો હવે જીવતાં સુધી કદિ પણ તેને ન પસંદ આવે તેવું વાણી કે વર્તનથી કોઇ પણ આચરણ તારે કરવું નહિ અને જાણે તે તારો પરમાત્મા હોય તેમ ગણીને તેની આરાધના કરવી.' મારાં આવાં વચન સાંભળીને એ નરસુંદરી જાણે વિકાસ પામેલી કમલિની હોય, જાણે ફૂલ આવેલી ડોલરની લતા હોય, જાણે પાકીટસ થઇ જવાથી રમ્ય થઇ ગયેલી આંબાની માંજર હોય, જાણે મદ ઝરવાથી અતિ સુંદર લાગતી

---

૧ આ પ્રમાણે નરસુંદરીની સ્થિતિ થઇ એમ વિમલમાલતી રિપુદારણને કહે છે–એ રિપુદારણના ભવસંબંધીની સર્વ વાર્તા સંસારીજીવ અગ્રહીતસંકેતા પાસે કહી બતાવે છે અને સામે સદાગમ બેઠા છે અને બાજુમાં પ્રજ્ઞાવિશાળા અને ભવ્યપુરૂષ બેઠા છે. આ વાત ખ્યાલમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]હાથણી હોય, જાણે પાણી પાઇને પ્રફુલ્લ કરેલી વેલડી હોય, જાણે અમૃતરસનું પાન કરીને તૃપ્ત થયેલી નાગદેવની પત્ની હોય, આકાશના વાદળનાં આવરણો ખસી ગયા પછી સુંદર શોભતી જાણે ચંદ્રમાની લેખા હોય, પતિથી છૂટી પડી ગયેલી ફરીવાર પતિને મળતી જાણે ચક્રવાકી હોય, તેમ એકદમ આનંદસાગરમાં ડૂબી ગઇ અને જેનું વર્ણન ન કરી શકાય તેવી સુંદર અવસ્થાનો અનુભવ કરતી એકદમ શય્યામાંથી બેઠી થઇ, મારે પગે પડી અને બોલી કે 'આપની મોટી કૃપા થઇ! આપના આવા વચનથી મારા ઉપર મોટો અનુગ્રહ થયો. માટે આપ જરૂર એક વાર તસ્દી લઇ મારા પતિ મને અનુકૂળ થાય એવું કરી આપો, ત્યાર પછી સ્વપ્નમાં પણ—એકવાર પણ—જો હું મારા નાથને પ્રતિકૂળપણે વર્તું તો પછી આખી જીંદગી સુધી તમે મારી સાથે બોલશો નહિ, મારી સામું પણ જોશો નહિ. હું તમને ખાત્રી આપું છું કે હું સર્વ રીતે આર્યપુત્રને અનુકૂળ જ રહીશ.' મેં નરસુંદરીને કહ્યું કે 'જો એમ છે તો હું હમણાં જ જઉં છું.' નરસુંદરીએ ફરી વાર મારો આભાર માન્યો. પુત્ર! આ પ્રમાણે હકીકત હોવાથી હું તારી પાસે આવી છું.

"પુત્ર![2] વાતનો સાર એ છે કે તારી તેના તરફ પ્રતિકૂળતા છે એમ માલૂમ પડવાથી એ બાપડી સળગી જાય છે—બળી જાય છે અને જ્યારે તે એમ જાણશે કે તું તેને અનુકૂળ થયો છે ત્યારે તે રાજી રાજી થઇ જશે; કુમારને (તને) તે વહાલી છે એમ સાંભળશે તો તેના મનમાં અમૃતપાન કરવા જેટલો આનંદ થશે અને કુમારને તે પસંદ નથી, તેના તરફ પ્રેમ નથી એમ જાણશે તો મહા નારકીનું દુઃખ અનુભવશે; તારો તેના ઉપર હજુ જરા પણ રોષ રહ્યો છે એમ તે જાણશે તો બાપડી મરી જશે અને તને હવે તેના તરફ સંતોષ થયો છે એમ જો તે હકીકત જાણશે તો જ તે જીવી શકશે. કદાચ નાની ઉમર અને અણસમજ હોવાથી સ્નેહના વશથી એ બાપડીએ કાંઇ ભૂલથી તારો અપરાધ કર્યો હોય તો તેના પ્રેમ ખાતર તારે સર્વની માફી આપવી જોઇએ.

---

૧ મદ નરહાથીને ઝરે છે, હાથણીને ઝરતો હોય એમ જાણવામાં નથી.

૨ સંસારીજીવ કહે છે કે મારી રિપુદારણના ભવની માતા મારી પાસે આ પ્રમાણે નરસુંદરીની સ્થિતિ જણાવતાં મને સમજાવતા હતા. હજુ માતા વિમલમાલતીનું સંભાષણ ચાલુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रणतेषु दयावन्तो, दीनाभ्युद्धरणे रताः ।
सस्नेहार्पितचित्तेषु, दत्तप्राणा हि साधवः ॥ १ ॥

સાધુ પુરૂષો જેઓ તેમને નમતા આવે છે (તેણે ગમે તેટલા અપરાધ કર્યા હોય તો પણ) તેના ઉપર દયા રાખે છે, દીન ગરીબનો ઉદ્ધાર કરવામાં સર્વદા તૈયાર રહે છે અને સ્નેહથી જેઓ તેમને મન આપે છે ચિત્ત સોંપી દે છે તેની ખાતર પોતાના પ્રાણ પણ આપે છે. આવું સાધુ પુરૂષોનું વર્તન હોય છે, માટે તારે તે પ્રમાણે વર્તવું યોગ્ય છે.”

### રિપુદારૂણનો અભિમાની જવાબ.
### વાત્સલ્યશીળ માતા પગે પડી તેને પાટુ.
### હતાશ માતા અને નરસુંદરીના હૃદયનો બળાપો.

મારા ઉપર નરસુંદરીનો પ્રેમ કેવો અવિચળ હતો અને તેના મનમાં મારે માટે કેટલી સારી લાગણી હતી એ સંબંધી મારી માતાનું વિવેચન સાંભળીને હું નરસુંદરી તરફના સ્નેહથી કાંઇક નમ્રતા ધારણ કરવાની તૈયારીમાં હતો અને કાંઇક તેના તરફ સીધો થઇ જઉં એવા અનુકૂળ સંયોગો મારા મનમાં થતા હતા ત્યાં તો મારા મિત્ર શૈલરાજે ભવાં ચઢાવીને માથું હલાવ્યું અને મારા હૃદય ઉપર સ્તબ્ધચિત્ત લેપ પોતાને હાથે લગાવી દીધો.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

એ પ્રમાણે થતાં નરસુંદરીએ મારી નજરે મારો જે મોટો અપરાધ કર્યો હતો તે મારી સ્મૃતિમાં બરાબર ખડો થયો અને મારા મનપર એથી ઘણી ઉલટી અસર થઇ આવી; જેથી મેં મારી માતાને કહ્યું “મારૂં અપમાન કરનાર એ શંખણીનું મારે કાંઇ પણ કામ નથી.” માતા વિમલમાલતીએ કહ્યું “અરે ભાઇ! એમ બોલ નહિ. જો કે એણે તારો મોટો [1]અપરાધ કર્યો છે, પણ મારી ખાતર એકવાર તું એને માફી આપ.” આટલું બોલી મારી માતા મારે પગે પડી. મેં કહ્યું “જા, નીકળ! તે નાલાયકનો પક્ષ ખેંચનાર! તું પણ અહીંથી નીકળ. મેં કાઢી મૂકેલી શંખણીને તું સંઘરે છે તો જા! નીકળ! મારે તારૂં પણ કામ નથી.” આ પ્રમાણે કહીને મેં મારી માતાને મારા પગવડે પાટુ મારી.[2]

૧ નરસુંદરીએ કાંઇ દમ જેવો અપરાધ કર્યો નહોતો, પણ અભિમાની પુત્રને રાજી રાખવા વાત્સલ્યશીળ માતાને આમ કહેવું પડયું. અભિમાનથી કેટલું વિપરીત પરિણામ થાય છે તે હવે બરાબર ધ્યાન રાખી વાંચવા ભલામણ છે.

૨ અભિમાનની હદ જોજો! માતા પગે પડી તેને પાટુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહાહા ! અગૃહીતસંકેતા ! આવી રીતે જ્યારે મેં પાપી શૈલરાજની અસરતળે મારી માતાને પગથી લાત મારી અને તેનો મોટો તિરસ્કાર કર્યો ત્યારે તે સમજી ગઇ કે હું મારો આગ્રહ મૂકી દઇ કરેલા નિશ્ચયમાં ફેરફાર કરૂં તેમ નથી. આથી તે બાપડી તદ્દન નિરાશ થઇ ગઇ અને આંખોમાંથી આંસુ પાડતી જેવી આવી હતી તેવી પાછી ચાલી ગઇ અને જઇને નરસુંદરીને સર્વ બનાવ યથાસ્થિત કહી સંભળાવ્યો. એ હકીકત સાંભળીને જાણે તેના ઉપર વજ્રપાત થયો હોય નહિ તેમ મૂર્છા ખાઇને નરસુંદરી જમીનપર પડી. તેનાપર ચંદનના અને શીતળ જળના ઉપચાર કર્યા અને પંખાવડે પવન નાંખ્યો. એટલે કેટલીક વારે તેને જાગૃતિ (શુદ્ધિ) આવી પણ તુરત જ તે મોટે સ્વરે રડવા લાગી.

**નરસુંદરીની જાત સમજાવટ.**
**અત્યંત નમ્રતા સાથે પ્રેમભિક્ષા.**
**રિપુદારૂણનો અભિમાની જવાબ.**

નરસુંદરીને રડતી જોઇ માતા (સાસુ) વિમલમાલતી બોલ્યા 'દીકરી ! શું કરવું ? એ પુત્ર તો ખરેખર વજ્ર જેવા કઠણ હૃદયનો થયો છે, પણ છતાં તું રડ નહિ, શોક છોડી દે. હવે તો મન જરા મજબૂત કરીને એક છેવટનો ઉપાય અજમાવ. તું જાતે જ પતિને સમજાવવા માટે જા. તું જાતે જઇશ તો જરૂર તેનું પ્રથમ તારા તરફ જે હૃદય હતું તે પાછું આવશે અને તેથી કદાચ તે તારા ઉપર કૃપા કરશે, કારણ કે ક્રોધી પુરૂષોનાં હૃદય નમ્રતાથી વશ કરી શકાય છે. એવી રીતે કરતાં પણ જો તે તારા ઉપર પ્રસન્ન ન થાય તો પણ તને મનમાં એટલી અબળખા તો નહિ રહી જાય કે એક છેવટનો ઉપાય જાતે ન કર્યો. લોકોમાં પણ કહેવાય છે કે પોતાના પ્રિય પુરૂષને સારી રીતે સમજાવવાથી તેની સાથે પ્રેમમાં ભેદ થતો નથી અને તે સંબંધમાં પ્રયત્ન ન કર્યો એવો ઓરતો રહેતો નથી.

નરસુંદરીએ પોતાની સાસુની આજ્ઞા માથે ચઢાવી અને તુરત જ મને રાજી કરવાના હેતુથી મારી પાસે આવવા ચાલી નીકળી. નરસુંદરીનું મારી પાસે આવ્યા પછી શું થાય છે તેનો વિચાર થવાથી તેની પછવાડે ગુપ્ત રીતે મારી માતા પણ નીકળી આવી. નરસુંદરી મારી પાસે મારા ભુવનની અંદર આવી; બહારના દરવાજા નજીક માતા વિમલમાલતી ગુપ્ત રીતે ઊભી રહી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરસુંદરીએ મને કહેવા માંડ્યું "મારા નાથ! વલ્લભ! વહાલા! સ્વામી! મારા જીવન! પ્રેમસાગર! આ અભાગણી સ્ત્રી ઉપર કૃપા કરો! શરણે આવેલા પર પ્રેમ રાખનાર! મારા પ્રભુ! આપના મનને જરા પણ દુઃખ થાય એવું કામ ભવિષ્યમાં કદિ પણ કરીશ નહિ! હે નાથ! ત્રણ ભુવનમાં તમારા સિવાય મારે શરણ લેવા યોગ્ય બીજું કોઇ સ્થાન નથી."

સતીની પ્રાર્થના.

આવી રીતે અત્યંત નમ્રપણે બોલતી અને ઉષ્ણ અશ્રુધારાની વૃષ્ટિ કરતાં બે ચપળ નેત્રોવડે મારાં ચરણોને ભીંજાવતી નરસુંદરી મારે પગે પડી. તેને આવી સ્થિતિમાં જોઇ મારા હૃદયની બહુ વિચિત્ર સ્થિતિ થઇ ગઇ: નરસુંદરીનો પૂર્વકાળનો મારા પરનો અપૂર્વ સ્નેહ સંભારતાં મારૂં હૃદય કમળ જેવું કોમળ થઇ જવા લાગ્યું અને વળી શૈલરાજ(અભિમાન)ની તેનાપર નજર પડતાં તે પત્થર જેવું કઠોર થઇ ગયું: જ્યાં સુધી મનપર પ્રિયા નરસુંદરી સંબંધી વિચારો આવતા ત્યાં સુધી હૃદય માખણ જેવું પોચું રહેતું અને જ્યાં મનમાં શૈલરાજનો વિચાર આવતો ત્યાં પાછું વજ્રથી પણ વધારે સખ્ત થઇ જતું હતું-આવી રીતે મારૂં મન તે વખતે બરાબર હીંડોળે ચઢ્યું તેથી મારે કરવા યોગ્ય શું છે અને શું નથી તેનો જરા પણ યોગ્ય નિશ્ચય કરવાની સ્થિતિમાં તે રહી શક્યું નહિ. આખરે મોહરાજાની મારા પર વધારે અસર થઇ અને પેલા શૈલરાજને વહાલો કરી તે દીન બાળિકા નરસુંદરીનો મેં તિરસ્કાર કર્યો. "અરે પાપિણી! ચાલ, જા, નીકળ, આવી ઉપર ઉપરનું બોલવાની ખોટી ચતુરાઇ છોડી દે, એવા વચનના આડંબરથી તું આવા રિપુદારૂણ જેવા મહાપુરૂષને છેતરી શકીશ નહિ તે તારે ચોક્કસ સમજવું. તું સર્વ કળાઓમાં ઘણી હુંશિયાર છો તેથી બીજાને છેતરવામાં ઘણી જ ચાલાક હોઇશ એમાં શક નથી, પણ મારા જેવા [1]મૂર્ખાને તો કદિ છેતરી શકીશ જ નહિ. જ્યારે તારી જેવી વિદુષીને હસવાનું સ્થાન હું થઇ પડ્યો ત્યારે પછી હવે તું ગમે તેટલું આડું અવળું બોલે તેમાં શું વળે? હું તારો નાથ કેવી રીતે થઇ શકું તે તો તું વિચાર."

પ્રેમ અને માન વચ્ચે.

આ પ્રમાણે અતિ કડવાં વચન હું બોલી રહ્યો તે વખતે મારાં

---

૧ વક્રોક્તિમાં આ પ્રમાણે બોલે છે.



www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

શરીરનાં સર્વ અવયવો તદ્દન જડ-સખ્ત થઇ ગયાં અને શૈલરાજનો પ્રેરાયલો હું નિર્જન જંગલમાં ધ્યાન ધરતા એક મુનિની માફક મૌન ધારણ કરી રહ્યો.

### હુતાશ સુંદરીનો આપઘાત.
### છેલ્લે કરેલો જાહેર એકરાર.
### પતિમાં છેવટે શૈલનું જોર.

આશા તુટી. મારો આવો અણધારેલો, અભિમાનથી ભરપૂર, કડક અને અડગ નિશ્ચયવાળો જવાબ સાંભળીને આકાશમાં વિચરવાની પોતાની ઉડવાની વિદ્યા[1] ભૂલી ગયેલી જાણે વિદ્યાધરી હોય, [2]સમાધિ કરવાના યોગસામર્થ્યથી ભ્રષ્ટ થયેલી જાણે યોગિની હોય, પાણીમાંથી બહાર કાઢી અતિ તપેલી[3] ભૂમિ ઉપર નાંખેલી જાણે માછલી હોય, પહેલા રત્નનો ભંડાર[4] પ્રાપ્ત કરીને પછી તેને ખોઇ બેઠેલી જાણે ઉંદરડી હોય, તેમ આશાના સર્વ બંધો ત્રુટી જતાં, તે નરસુંદરી એકદમ શોકસાગરમાં ડૂબી ગઇ અને મનમાં વિચાર કરવા લાગી કે-અહો મારા નાથથી આવી રીતે સર્વ પ્રકારનો તિરસ્કાર પામેલી મારે જીવન ધારણ કરવાનું પ્રયોજન શું બાકી રહે છે? આવા જીવન કરતાં તો મરવું વધારે સારૂં. પોતાના મનમાં આવો વિચાર કરીને નરસુંદરી મારા ભુવનમાંથી બહાર નીકળી.

સૂર્ય અસ્ત. હવે એ શું કરે છે એ જોઉં તો ખરો-એવા વિચારથી શૈલરાજની સાથે ધીમે ધીમે પગ દેતો હું (રિપુદારૂણ) તેની પછવાડે ઘરથી બહાર નીકળી પડ્યો. તે વખતે મારૂં દુષ્ટ વર્તન જોઇને તદ્દન ખેદમાં આવી ગયેલો સૂર્ય આ ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં ચાલ્યો ગયો (અસ્ત પામ્યો).

---

૧ **વિદ્યા.** શ્લેષ: (૧) વિદ્યાધરી પક્ષે ઉડવાની શક્તિ; (૨) નરસુંદરી પક્ષે તેની રીઝવવાની શક્તિ.

૨ **સમાધિયોગ.** શ્લેષ: (૧) યોગિની પક્ષે યોગસમાધિ; (૨) નરસુંદરી પક્ષે મનની સમસ્થિતિ.

૩ **તપેલી ભૂમિ.** શ્લેષ: (૧) માછલી પક્ષે ઊની જગ્યા; (૨) નરસુંદરી પક્ષે ઉકળાટ કરે તેવું સ્થાન

૪ **રત્નભંડાર.** શ્લેષ: (૧) ઉંદરડી પક્ષે રત્નનો ભંડાર; (૨) નરસુંદરી પક્ષે રત્નભંડાર જેવા પતિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંડેરમાં સુંદરી.

સૂર્ય અન્ય ક્ષેત્રમાં જોવાયાન્તુરતમાં જ ચારે તરફ અંધારૂં વ્યાપી ગયું. નગરના મોટા જાહેર રસ્તાઓ ઉપર લોકોનો અવર જવર ઓછો થવા લાગ્યો. એવે વખતે એક તદ્દન શૂન્ય ( ખાલી પડેલા-ખંડેર જેવા ) ઘરમાં નરસુંદરી દાખલ થઇ. તે વખતે બીજી બાજુએ ચંદ્રમા ઉદય પામ્યો. ઉગતા ચંદ્રના રૂપેરી મંદમંદ પ્રકાશમાં એ( નરસુંદરી )ને જોતો હું પણ એ શૂન્ય ઘરના દરવાજા સુધી તેની પછવાડે ગયો અને દરવાજાની નજીકમાં કોઇ ન જાણી શકે તેવી રીતે ઊભો રહ્યો. ત્યાર પછી નરસુંદરીએ ચારે દિશાએ નજર ફેરવી અને એક જગોએ ઈંટોનો ઢગલો પડેલો હતો તેની મદદથી ઊંચી ચઢીને પોતાનું ઉપર પહેરવાનું વસ્ત્ર (સાડી) તેણે ભીંતના મધ્યભાગ સાથે બાંધી અને તેની સાથે પોતાની ડોક લટકાવી. પછી નરસુંદરી મોટેથી બોલી "અરે લોકપાળો! તમે સાંભળો! બરાબર ધ્યાન આપીને સાંભળો! અથવા તો હે પૂજ્યો ! તમને દિવ્ય જ્ઞાન હોવાથી તમે સર્વ જોઇ જાણી રહેલા જ છો! જુઓ! આજે મારા પતિ સાથે કોઇ વાર્તાલાપ થતાં એવો પ્રસંગ આવી ગયો કે મેં તેમને કળાઓની હકીકત જણાવવા વિનતી કરી, પણ તેમ કરવામાં મારો હેતુ તેમનું જરા પણ અપમાન કરવાનો નહોતો. કમનશીબે એ પ્રસંગને લીધે તેઓ માનપર્વત ઉપર આરોહણ કરવા તૈયાર થઇ ગયા અને આ કમનશીબ બાળાનો તેમણે સર્વથા તિરસ્કાર કર્યો."

ખુલાસાનો વિપરીત અર્થ.

નરસુંદરીનાં આવાં વચન સાંભળીને મેં મારા મનમાં વિચાર કર્યો કે આ બાપડી અંતઃકરણથી મારૂં અપમાન કરવાની ઇચ્છા રાખતી હતી એમ તો જણાતું નથી, પણ આ તો પ્રેમનો જ અપરાધ છે એટલે પ્રેમગોષ્ટિ કરતાં મને ગુસ્સો આવ્યો હોય એમ જણાય છે. ત્યારે એ વાત તો મેં બરાબર ઠીક કરી નહિ; માટે અત્યારે એને આપઘાત કરતી અટકાવું-આવા વિચારથી તેણે ગળામાં નાખલો પાસ કાપી નાખવા હું આગળ વધતો હતો ત્યાં વળી તેણે આગળ બોલવા માંડ્યું "અહો લોકપાળો! તેટલા માટે તમે મારા પ્રાણ ગ્રહણ કરો. મારા હવે પછીના બીજા જન્મારામાં આવો બનાવ[1] બનવા ન પામે એટલી મારી વિનતિ છે." તે વખતે શૈલરાજે

---

૧ મારા ઉપર મારા પતિ ગુસ્સે થાય એવો બનાવ ન બનો એમ કહેવાનો આશય સ્પષ્ટ છે, છતાં રિપુદારૂણ એને કેવા અર્થમાં લઇ જાય છે તે જુઓ!

જૈનમ્ જયતિ શાસનમ્

મારા કાનમાં કહ્યું "સાંભળ્યું? આવતા જન્મારામાં પણ તારો સંબંધ આ નરસુંદરી ઇચ્છતી નથી." કમનશીબે મેં શૈલરાજની સૂચના માન્ય કરી. મેં વિચાર્યું કે આવો બને છે તેવો બનાવ ન બનવા માટે તેણે ઇચ્છા બતાવી અને પ્રસ્તુત બનાવ તો મારા સંબંધમાં જ બનેલો છે તેથી તે મારો સંબંધ ઇચ્છતી નથી. માટે મરવા દો એને! એવી પાપી શંખણીનું મારે શું કામ છે?

તે વખતે શૈલરાજે પોતાના લેપવાળો હાથ મારા હૃદયપર મૂક્યો. તે વખતે લેપના પ્રભાવથી જાણે મારે તેના પ્રત્યે કાંઇ કર્તવ્ય જ ન હોય તેમ લાકડાની માફક હું તો સ્તબ્ધ જ રહ્યો. પછી નરસુંદરીએ હું દૂરથી જોતો હતો ત્યાં પોતાની ડોક બરાબર પાસામાં પરોવી દીધી, પાસો પૂરો કર્યો અને લટકી પડી. તુરત જ તેની આંખો બહાર નીકળી પડી, શ્વાસનો માર્ગ રૂંધાઇ ગયો, ડોક ઊંધી-વાંકી થઇ ગઇ, નાડીની જાળીઓ ખેંચાઇ ગઇ, અંગો સર્વ બરફ જેવાં ઠંડાગાર થઇ ગયાં, ઇંદ્રિયો શૂન્ય થઇ ગઇ, મ્હોટેથી ઘરેડો ચાલવા લાગ્યો.[1] જીભ બહાર નીકળી પડી અને તુરત જ બાપડી પ્રાણ વગરની-ચેષ્ટા વગરની થઇ ગઇ.

અભિમાનનો ભોગ.

## માતા (વિમલમાલતી)નો આપઘાત.

હવે જ્યારે મારા ભુવનમાંથી નરસુંદરી બહાર નીકળી હતી તે વખતે તેને બહાર જતી અને મને તેની પછવાડે જતો મારી માતાએ જોયો હતો. તેણે અમારા બે વચ્ચે થયેલી વાત કાંઇ સાંભળી ન હોતી તેથી તેણે એમ ધાર્યું કે મારી વહુ (પુત્રવધૂ)નું કાંઇ પ્રેમમાં અપમાન અગાઉ થયેલું હતું તેથી રીસાઇને જાય છેઅ ને મારો પુત્ર તેને મનાવવા માટે તેની પછવાડે જાય છે. અમે થોડે દૂર ગયા ત્યાર પછી અમારી પછવાડે મારી માતા પણ પેલા શૂન્ય ખંડેર નજીક આવી પહોંચી અને પહોંચતાંની સાથે જ તેણે નરસુંદરીને લટકતી જોઇ એટલે તેણે ધાર્યું કે 'ગજબ થયો! આ હકીકત પણ મારા અભિમાની છોકરાએ જ [2]કરેલી હોવી જોઇએ, જો એમ ન થયું હોય તો આ (બાપડી નરસુંદરી) આવી રીતે આપઘાત કરે અને બાજુમાં ઊભો ઊભો એ જોયા કરે એમ કેમ જ બને? મારી

---

૧ અથવા શ્રોતસ્ એટલે મળદ્વારો ખુલ્લાં થઇ ગયાં; એટલે આંસુ, સેડા, પેશાબ થઇ ગયા અને મુખરૂપ ગુફા અવાજ વગરની થઇ ગઇ.

૨ માતાએ એમ ધાર્યું કે પુત્રવધૂને ફાંસો છોકરાએ લગાવ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માતા આવો વિચાર કરી રહી હતી તે વખતે શૈલરાજે મારા હૃદયપર સારી રીતે અવલેપન કરેલ હોવાથી મને મનમાં એમ જ થયા કરતું હતું કે-મારી માતા આવી અધમ સ્ત્રી જે કોઇના સ્નેહ કે પ્રેમને પાત્ર નથી તેની ઉપર અયોગ્ય સ્થાને ખોટો પ્રેમ કરી રહી છે! એવા નિર્ણયથી તેની સમજણ માટે મને મારા મનમાં અંતઃકરણથી ધિક્કાર છૂટતો હતો. એ વખતે અત્યંત શોકના ભારથી અંધ થઇ જઇને મારી માતાએ પણ એવી જ રીતે એ જ શૂન્ય ઘરમાં જઇને આપઘાત કર્યો અને હું ઊભો ઊભો જોઇ રહ્યો.

સ્ત્રીને અને માતાને આવી રીતે જીવન વગરનાં નિશ્ચેષ્ટ થયેલા જોઇ કાંઇક ભયથી અને કાંઇક સંતાપથી મારા હૃદયપર સ્તબ્ધચિત્ત લેપ લાગેલો હતો તે જરા સુકાયો, મારા મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો અને શોકનો ભાર પણ મને વધારે થયો. કુદરતી રીતે માતા તરફ અને મોહથી પત્ની તરફ મને જે પ્રેમ થવો જોઇએ તેણે આખરે મારા મનપર એટલો બધો કાબુ મેળવ્યો કે તેને લીધે આખરે વિહ્વળ થઇ જઇ તાણી તાણીને મોટા સાદથી મેં રડવા માંડ્યું, પણ તે મારૂં રડવું માત્ર એક ક્ષણવાર જ પહોંચ્યું. તુરત જ શૈલરાજે પોતાની શક્તિનો અદ્ભુત ચમત્કાર મારા ઉપર બતાવવા માંડ્યો અને મારા મનપર ખરેખરી અસર કરતાં મેં વિચાર્યું કે અરે! લોકો બાયડી (સ્ત્રી)ના નાશથી તે શા માટે રડતા હશે!! આવા વિચારથી હું પાછો ચૂપ રહી ગયો.

JAINSITE
जैनम् जयति शासनम्

### રિપુદારૂણની ફજેતી.
### રાજ્યભવન ત્યાગનો હુકમ.
### લોકોનો સખ્ત તિરસ્કાર.

હવે મારા પિતાના રાજભુવનમાં દાસી કંદલિકાએ વિચાર કર્યો કે-આટલો બધો વખત થયો તો પણ હજુ રાણીસાહેબ પાછા કેમ ન પધાર્યા? માટે ચાલ તેમને બહાર જઇને શોધી આવું! કાંઇક પત્તો લાગવાથી કંદલિકા તેજ ખંડેર જેવા શૂન્ય ઘરમાં આવી પહોંચી અને ત્યાં આવી પહોંચતાં જ નરસુંદરી અને વિમલમાલતીને લટકતાં જોઇને તેને એકદમ ધ્રાસકો પડ્યો અને તેણે મોટેથી હાહારવ કરી મૂક્યો. તુરતમાં જ મારા પિતા અને નગરના લોકો મોટી સંખ્યામાં ત્યાં આવી પહોંચ્યા અને ત્યાં તો મોટો કોળાહળ થઇ ગયો. બધા કંદલિકાને પૂછવા લાગ્યા કે 'આ શું થયું? આ હકીકત કેમ બની?' એના ઉત્તરમાં જેટલી હકીકત તે જાણતી હતી તેટલી તેણે બરાબર કહી સંભળાવી. તે વખતે ચંદ્રનો પ્રકાશ વધ્યો હતો અને તેથી અજ-

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

વાળું વધારે થયું હતું, તેથી મારી માતા અને નરસુંદરીને લટકતી લોકોએ બરાબર જોઇ. વળી તેજ અજવાળાને લીધે લોકોએ મને પણ ત્યાં જોઇ લીધો. તે વખતે મારા પોતાનાં કરેલાં કર્મના ત્રાસથી મારાં ટાંટીઆં ભાંગી ગયાં હતાં અને મ્હોંમાં બોલવાની તાકાત પણ રહી નહોતી અને એ શૂન્ય ઘરનાં એક વિભાગમાં ખૂણે હું છુપાઇ રહ્યો હતો. આવી સ્થિતિમાં લોકોએ મને જોયો. બરાબર જોતાં લોકોને ખાતરી થઇ કે આ અનર્થનું મૂળ હું જ છું, એટલે તેઓએ મને અત્યંત-ધિક્કારી કાઢ્યો, મારા ઉપર ફીટકાર વરસાવ્યો અને મારૂં ઉઘાડી રીતે અપમાન કર્યું. મારા પિતાએ મારી માતુશ્રી અને નરસુંદરીનાં અગ્નિસંસ્કાર વિગેરે સર્વ ઉત્તરકાર્ય કર્યાં.

ઉપર જણાવ્યું તેવું મારૂં અત્યંત ભયંકર કામ જોઇને મારા પિતાશ્રીનાં મનમાં ઘણો જ શોક થયો અને તેઓ મારા સંબંધમાં વિચાર કરવા લાગ્યા કે—અહો ! આ કુલાંગાર પુત્ર તો અનર્થોનો ભંડાર છે! એ ખરેખર કુળને મોટું દૂષણ લગાડનાર છે ! એ ચોક્કસ સર્વથી અધમ છે અને પાપીઓનો સરદાર છે ! એ સર્વ આપત્તિઓ(દુઃખો)નું મૂળ છે, લોકના સામાન્ય માર્ગનું પણ ઉલંઘન કરનાર છે અને ખરેખર એ એક કટ્ટા દુશ્મન જેવો છે ! આવા અત્યંત અધમ દુરાત્મા પુત્રનું મારે કાંઇ પણ કાર્ય નથી, એવા પુત્રને રાખવાથી શો લાભ છે? આવો વિચાર કરીને મને દૂર કરવાનો મારા પિતાએ પોતાના મનમાં નિર્ણય કરી દીધો. ત્યાર પછી મારો અત્યંત તિરસ્કાર કરીને પિતાએ મને રાજભુવનથી કાઢી મૂક્યો.

આવી રીતે મારી સર્વ પ્રકારની મોટાઇનો એકદમ છેડો આવી ગયો અને હું અનેક પ્રકારનાં દુઃખો ખમતો નગરમાં અહીં તહીં ભટકવા લાગ્યો. મારા પોતાના દુષ્ટ વર્તનથી નાના નાના બાળકો પણ મારો તિરસ્કાર કરવા લાગ્યા, લોકો ઉઘાડી રીતે મારે મ્હોઢે ચઢીને નિંદા કરવા લાગ્યા. તેઓ મને સ્પષ્ટ રીતે કહેતા કે "અરે ! આ રિપુદારૂણ મહા પાપી છે, અત્યંત ખરાબ વર્તનવાળો છે, એનું મ્હોઢું પણ દેખવાલાયક નથી, અત્યંત મૂર્ખ છે, એના મહા પ્રતાપી કુળમાં એ કાંટા જેવો જાગ્યો છે, સર્વ પ્રકારે ઝેરના ઢગલા જેવો છે; એણે માનને તાબે થઇને પોતાના અત્યંત પૂજ્ય ગુરૂ કળાચાર્યનું પણ અપમાન કર્યું; પોતે શંખચક્રચુડામણિ—તદ્દન મૂર્ખ હોવા છતાં જાણે મોટો પંડિત હોય તેવો ડોળ રાખ્યો; એણે અભિમાનને વશ થઇને માતા અને સ્ત્રીનાં ખૂન કર્યાં; એવા અત્યંત અધમ પાપી અભિમાની રિપુદારૂણનું મ્હોઢું પણ કોણ જુએ? અમે તો પ્રથમથી જ કેહેતા

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા કે આવા અધમ પાપી દુરાત્માને પેલી કળાકૌશલ્યના ભંડાર જેવી સર્વાંગસુંદર નિપુણ નરસુંદરી યોગ્ય નથી. એ પાપીને નરસુંદરીથી વિયોગ થયો તે તો ઘણું સારૂં થયું, તદ્દન યોગ્ય થયું, પણ એ બાપડી સુંદર રૂપસૌભાગ્યવાળી ગુણીયલ સ્ત્રી અકાળે મરણ પામી એ સારૂં ન થયું." વિગેરે વિગેરે અનેક પ્રકારનાં આકરાં વચનો લોકો બોલતાં હતાં તે સર્વ મારે સાંભળવાં પડતાં હતાં. [1]અગૃહીતસંકેતા! લોકો આવી રીતે મારે માટે બોલતા હતા છતાં અત્યંત મોહને લીધે મારૂં જ્ઞાન તદ્દન નાશ પામવાની અણી ઉપર આવી ગયેલું હોવાથી હું તો મારા મનમાં વિચાર કરતો હતો કે–અરે! ભલે લોકો મારી વિરૂદ્ધ ગમે તેવી વાતો કર્યા કરે અને ભલેને મારા પિતા મારો ત્યાગ કરે, પણ હજુ મારૂં સારૂં ઇચ્છનાર વિપત્તિમાં મદદ કરનાર મૃષાવાદ અને શૈલરાજ મારી સાથે છે, તેઓ મારા ખરા બંધુઓ છે, દુઃખમાંથી ઉગારનારા છે અને મારાપર સાચો સ્નેહ રાખનારા છે. એમની કૃપાથી અત્યાર સુધી મેં ઘણીએ મજાઓ ઉડાવી છે, અનેકપર આધિપત્ય (શેઠાઇ) મેળવેલ છે અને વળી ભવિષ્યમાં કંઇકની ઉપર પ્રાધાન્ય મેળવીશ અને તેઓની સોબતનાં રૂડાં (?) ફળ ચાખીશ–એ બાબતમાં મારા મનમાં જરા પણ શંકા જેવું નથી.

દરેક ક્ષણે અને દરેક વખતે લોકો તરફથી અનેક પ્રકારની નિંદા સાંભળતો, તિરસ્કારાતો અને ભોંઠો પડતો હું દુઃખસમુદ્રની વચ્ચે કેટલાંક વર્ષો સુધી તે નગરમાં રખડતો રખડતો પડી રહ્યો. મારો પુણ્યોદય નામનો ત્રીજો મિત્ર હતો તે તો મારા વર્તનથી ઘણો જ કોપ કરી રહયો હતો અને તદ્દન નબળો થઇને એકદમ દુર્બળ થઇ ગયો હતો અને જો કે એ બાપડાને મારા ઉપર કોઇ કોઇ વાર લાગણી થઇ આવતી હતી પણ મારા વર્તનને લીધે તેની દુર્બળતા વધતી જતી હતી તેથી તે મારે માટે કાંઇ કરી શકતો નહિ. આવી સ્થિતિમાં દુઃખમાં મેં કેટલાંક વર્ષો એ નગરમાં ગાળ્યાં.[2]

---

૧ આ વાર્તા **સંસારીજીવ** જે અત્યારે **રિપુદારૂણ** છે તે પોતાના વીતક તરીકે કહે છે, અને **અગૃહીતસંકેતા** સાંભળે છે, સામે **સદાગમ** બેઠા છે અને બાજુમાં **પ્રજ્ઞાવિશાળા** અને **ભવ્યપુરૂષ** બેઠા બેઠા સર્વ સાંભળે છે.

૨ **રિપુદારૂણ**નું ચરિત્ર જે માન મૃષાવાદનું પરિણામ બતાવનાર છે તેનાંપર વધારે વિવેચન હવે આ પ્રસ્તાવના છેલ્લા બે પ્રકરણમાં થશે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# રસના કથાનક.

## પ્રકરણ ૬ ઠું.

### વિચક્ષણ—જડ.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

લલિત ઉદ્યાનમાં વિચક્ષણાચાર્ય.
નરવાહન રાજાની પ્રશસ્ય જીજ્ઞાસા.
વિચક્ષણ સૂરિનો વિચારણીય ઉપદેશ.

× × ×

સિદ્ધાર્થપુરના નરવાહન રાજા—(મારા પિતા) ઘોડા ખેલાવવા માટે પોતાના રાજ્ય પરિવારને સાથે લઇને એક વખત નગરની બહાર નીકળી પડ્યા. ગામના લોકો પણ રાજા ઘોડા કેવા ખેલાવે છે તે જોવાને માટે ટોળેટોળાં નીકળી પડ્યા અને તેમની સાથે હું (રિપુદારણ) પણ જોવા સારૂં નગર બહાર નીકળી પડ્યો. રાજાએ મોટા મેદાનમાં બલ દેશના, કંબોજ દેશના અને તુર્કસ્તાનના (આરબી) ઘોડાઓને અનેક રાજલોકોના દેખતાં સારી રીતે ખેલાવ્યા. પછી પોતાને થાક લાગ્યો—પરિશ્રમ થયો તે દૂર કરવા માટે અને આરામ લેવા માટે લલિત નામનો બાજુમાં બગીચો હતો તેમાં તેમણે પ્રવેશ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લલિત ઉદ્યાન.**

અનેક પ્રકારનાં અશોકનાં મોટાં ઝાડો, નાગરવેલનાં વૃક્ષો, જાયફળનાં ઝાડો, તાડનાં વૃક્ષો અને હિંતાલ (એક પ્રકારનાં તાડ)નાં મોટાં મોટાં તરૂઓથી એ લલિત[1] ઉદ્યાન શોભી રહ્યું હતું; વળી તેમાં ગજપીપર (પ્રિયંગુ), ચંપક (ચંપો), અંકોલ અને કેળનાં અનેક મોટાં મોટાં વનો શોભતી રીતે ગોઠવેલાં હતાં; ત્યાં કેવડાની મોહક સુગંધથી ભમરાનાં ટોળેટોળાં આનંદથી ગુંજારવ કરી રહ્યા હતા. ટુંકામાં કહીએ તો વનરાજીના સર્વ ગુણોથી એ ઉદ્યાન એટલું શોભતું હતું કે એ સ્વર્ગના નંદનવનની ઉપમાને તદ્દન યોગ્ય લાગતું હતું.

**વિચક્ષણાચાર્ય.**

એવા સુંદર લલિત ઉદ્યાનમાં નરવાહન રાજાએ એક જગ્યાએ વિસામો લીધો. ત્યાર પછી વનની લીલાથી ઘણો આનંદ પામી મનમાં હર્ષ લાવી પોતાના સામન્તો સાથે પોતાની કમળ જેવી સુંદર ને ચપળ આંખો ઉઘાડીને વનશ્રી (ઉદ્યાનની શોભા) જોવા માંડી. તે વખતે ફરતાં ફરતાં રાજાએ એક રાતા અશોક વૃક્ષની નીચે સાધુને યોગ્ય જગ્યાએ વિશુદ્ધ સાધુસમૂહની મધ્યમાં ધર્મદેશના દેતા વિચક્ષણ[2] નામના આચાર્યને દીઠાઃ તેઓ સુંદર કાંતિથી ભરપૂર નક્ષત્રો અને ગ્રહોના સમૂહથી ઘેરાયલા અને ચોતરફ પોતાનો શાંત પ્રકાશ ફેલાવતા સાક્ષાત્ [3]ચંદ્ર જેવા શોભતા હતા; તેમના સુંદર શરીરની આજુબાજુએ રાતાં અશોકવૃક્ષનો મોટો જથ્થો ચોતરફ આવી રહેલો હતો; સર્વ ઇષ્ટ [4]ફળને આપનારા હોવાથી તેઓશ્રી સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ જેવા જણાતા હતા; મોટા કુળશૈલ પર્વતપર આવેલ

---

૧ **લલિતઃ** ઉદ્યાનનું નામ ઘણું આકર્ષક છે. એ ઇંદ્રિયોને આનંદ આપે તેવું નામ વ્યવહારથી બતાવે છે, અધ્યાત્મદૃષ્ટિએ આત્માને રમણ કરવાને બગિચો ચારિત્રધર્મ છે એને તે ઉદ્દેશે છે.

૨ **વિચક્ષણઃ** એટલે સાચી સમજણવાળા. એના નામનું સાર્થકત્વ આગળ જણાશે.

૩ ચંદ્ર સાથે નક્ષત્રો ૨૭ અને ગ્રહો ફરતા હોય છે તેમ અહીં આચાર્ય સાથે બીજા અનેક સાધુઓ ફરતા હતા. ચંદ્ર જેમ ઉદ્યોત કરે છે તેમ સાધુ પણ જ્યાં જાય ત્યાં જ્ઞાનનો અને શાસનનો ઉદ્યોત કરે છે.

૪ **ફળ** શ્લેષઃ (૧) કલ્પવૃક્ષ-સ્થૂળ વસ્તુઓ આપે છે અને (૨) આચાર્ય મોક્ષફળ આપે છે.



જૈનમ્ જયતિ શાસનમ્
JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]વિબુધોના આવાસ જેવા તેઓ લાગતા હતા; સોનાના જેવા ચોકખા વર્ણવાળા દેખાતા હતા; સુખ આપનાર જણાતા હતા; જાણે ચાલતા મેરૂપર્વત હોય તેવા જણાતા હતા; કુવાદીઓ રૂપ મદપર ચઢેલા હાથીઓના મદને ઉતારી નાખે તેવા દેખાતા હતા અને ગંધવારણ હાથીની પેઠે અનેક સારા હાથીઓથી વીંટળાઇ વળેલા હોવા છતાં મદ[2] વગરના દેખાતા હતા. દેખાવ માત્રથી જ મહાત્મા હોવાનો ખ્યાલ ઉત્પન્ન કરનાર અને પૂજ્યભાવ પ્રાદુર્ભાવ કરનાર તેમ જ નિર્મળ અંતઃકરણની સામાપર છાપ પાડનાર મુનિમહારાજને જોઇને જેમ કોઇ ભાગ્યવાનને પુણ્યોદયે રત્નથી ભરપૂર નિધાનની પ્રાપ્તિ થવાથી અવર્ણનીય આનંદનો અનુભવ થાય તેમ નરવાહન રાજાના મનમાં ઘણો જ આનંદ થયો.

નૃપતિજિજ્ઞાસા.

[3]વિચક્ષણ આચાર્યને જોતાં જ નરવાહન રાજાને મનમાં નિશ્ચય થયો કે-જેવા આ તપસ્વી મહાત્મા છે તેવા કોઇ બીજા નરરત્ન ત્રણ ભુવનમાં મારા જોવામાં આવ્યા નથી. દેવતાઓની કાંતિને પણ હઠાવી દે તેવી આ મહાત્માની [4]આકૃતિ જ જાણે તેમાં અનેક પ્રકારના ગુણો ભર્યા હોય એમ જોનારને ખાત્રી કરી આપે છે. અહાહા! આવા મહાત્મા પુરૂષે આવી ભરયુવાવસ્થામાં કામદેવને હઠાવી દીધો છે! તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઇ સંસાર તજવાનું આટલી નાની વયમાં શું કારણ મળ્યું હશે? યુવાન વયમાં આવા તીવ્ર તપથી શા માટે દેહદમન કરતા હશે? હું એ મહાત્મા પાસે જઇ તેમનાં ચરણકમળને પ્રણામ કરીને મારી જાતને પવિત્ર કરૂં અને પછી એ મહાત્માને સંસારપર વૈરાગ્ય થઇ આવવાનું કારણ શું બન્યું તે પણ જાતે જ પૂછું. આ પ્રમાણે વિચાર કરીને રાજા નરવાહન (મારા પિતા) સૂરિમહારાજ તરફ ચાલ્યા અને તેમના પવિત્ર ચરણકમળમાં મસ્તક નમાવી વંદના કરી. આચાર્ય મહારાજે રાજાને (ધર્મલાભ રૂપ) આશીર્વાદ આપ્યો એટલે રાજા શુદ્ધ જમીનપર બેઠો. રાજાને અનુસરીને રાજપુરૂષો તથા નગરના લોકો પણ સર્વે

---

૧ **કુળશૈલ** પર્વતો હેમવંત વિગેરે છ છે. તેનાપર વિબુધ (૧) એટલે દેવોના રહેઠાણો છે; આ આચાર્ય પણ વિબુધ એટલે (૨) વિદ્વાનના આશ્રયસ્થાન હતા.

૨ **મદઃ** (૧) હાથીનો મદ અને (૨) અભિમાન.

૩ અહીં બેં. રો. એ. સોસાયટિવાળા છાપેલા પુસ્તકનું પૃ. ૫૭૬ શરૂ થાય છે.

૪ કહ્યું છે-यत्राकृतिस्तत्र गुणा वसन्ति જ્યાં સુંદર આકૃતિ હોય છે ત્યાં ગુણો વાસ કરીને રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય મહારાજને નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાનકે જમીનપર બેસી ગયા. અહો અગૃહીતસંકેતા! તે વખતે મારામાં તો મિત્ર શૈલરાજનું જોર હોવાથી અને હું તેને તદ્દન વશ થઇ ગયેલ હોવાથી એવા ધુરંધર મહાત્મા આચાર્યને પણ હું નમ્યો નહિ કે તેમને પગે પણ પડ્યો નહિ અને જાણે પથ્થરથી ભરેલ એક કોથળો હોઉં તેમ સીધો અક્કડ રહીને જરા પણ નીચો નમ્યા વગર માત્ર સંખ્યા ગણાવવા ખાતર જમીનપર બેસી ગયો.[1]

પછી મેઘની જેવા ગંભીર સ્વરથી વિચક્ષણસૂરીએ ધર્મ સંબંધી ઉપદેશ આપવા માંડ્યો. તે આ પ્રમાણેઃ—

સૂરિનો ઉપદેશ.

× × ×

"એક મોટા વિશાળ મહેલના અંદરના ભાગમાં આગ લાગી "હોય તે અવસરે તેમાં ઘેરાઇ ગયેલ મનુષ્યોની જેવી ભયંકર "સ્થિતિવાળો આ સંસાર છે. એ શારીરિક માનસિક વિગેરે અનેક "પ્રકારનાં દુઃખોનું ઘર છે. ડાહ્યા માણસોએ અહીં એક ક્ષણ પણ "પ્રમાદ કરવો ઉચિત નથી. અલ્પમાત્ર પ્રમાદના પરિણામો પણ ઘણાં "ભયંકર આવે છે. આ મનુષ્યનો ભવ ફરી ફરીને મળવો ઘણો જ "મુશ્કેલ છે. એમાં મુખ્યતાએ પરલોકનું સાધન કરી લેવું એ ખાસ "કર્તવ્ય છે. આ સંસારમાં જે જે વિષયો ભોગવવામાં આવે છે તે "ભોગવતી વખતે તો મીઠા લાગે છે પરંતુ તે સર્વે પરિણામે ઘણા "કડવા થઇ પડે છે. મનોવાંછિત જે જે સંયોગો હોય છે તે સર્વેનો "આખરે વિયોગ થાય છે. આયુષ્ય પૂર્ણ થઇ જવાનો ભય નિરંતર "રહે છે પણ તે ક્યારે પૂર્ણ થશે તે જાણી શકાતું નથી અને તેવી "સ્થિતિ સર્વદા રહે છે.[2] આવી પરિસ્થિતિ હોવાથી આ અગ્નિમય "સંસારને ઓલવવા માટે ઘણો પ્રયત્ન કરવો અને તેને માટે જરૂરી "સઘળી તજવીજ કરવી. એમ કરવામાં સિદ્ધાન્ત (તત્ત્વજ્ઞાન)ની

---

1 पाषाणभृतमुक्तोलिसन्निभो लोकपूरणः લોકની સંખ્યા પૂરવા માટે પથ્થરની ભરેલી એક ગુણ (મુક્તોલિ) હોય તેમ અક્કડ થઇને જમીનપર બેસી ગયો. માત્ર ત્યાં હાજર થયેલામાંનો એક હું હતો તેમ વગર વિચારે માત્ર જમીનપર હું બેસી ગયો, મારો ઇરાદો સાંભળવાનો કે સાર લેવાનો હતો જ નહિ. ચેષ્ટા જોવા જનાર સાધ્ય કે હેતુના અજ્ઞાની ઉપરથી દેખાતા શ્રોતાને આ વર્ણન બરાબર લાગુ પડે છે.

૨ દેવગતિ સિવાય અન્યત્ર આયુષ્ય કયારે પૂરૂં થશે તે જણાતું નથી, પણ શરીર પડવાનું છે તે તો ચોક્કસ છે-આથી ભય માથે ઊભો રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વાસનાયુક્ત ધર્મનો વરસાદ વરસાવવો એ મુખ્ય સાધન છે. એટલા "માટે સિદ્ધાન્તની વાસનાની જરૂર હોવાથી તેનો (સિદ્ધાન્તનો-આ- "ગમનો) બરાબર સ્વીકાર કરવો; તેમાં જે જે આજ્ઞાઓ ફરમાવી "હોય તે સર્વની બરાબર આસેવના કરવી; સંસારને મુંડમાળા[1] "સાથે સરખાવ્યો છે અર્થાત્ તેની જેવો અસાર કહ્યો છે તે ભાવના "વારંવાર ભાવ્યા કરવી. જે વસ્તુ સર્વદા રહેવાની નથી, જે વસ્તુતઃ "અસત્ (નહિ જેવી) છે તેની કોઇ પણ પ્રકારની અપેક્ષા રાખવી "નહિ; જે જે આજ્ઞા (સિદ્ધાન્તમાં) કરી હોય તેને પ્રધાનપણે "અનુસરવામાં બરાબર તત્પર રહેવું; તેમાં વિશેષ એકાગ્રતા રાખવી "અને તેને સાધુ-મહાત્માઓની સેવના કરી વિશેષ પુષ્ટ કરવી; પ્રવ- "ચન-શાસનને કોઇ પણ પ્રકારની મલીનતા ન લાગે-તેની અકારણ "નિંદા ન થાય તે માટે ખાસ સંભાળ રાખવી. બતાવેલી વિધિ પ્ર- "માણે જે પ્રાણી પ્રવૃત્તિ કરે છે તે સર્વે ઉપર જણાવેલી બાબતો "મેળવી શકે છે, તેથી સર્વ બાબતોમાં શાસ્ત્રમાં બતાવેલી વિધિ અ- "નુસાર પ્રવૃત્તિ કરવી. એવી રીતે પ્રવૃત્તિ કરીને સૂત્ર-સિદ્ધાન્તમાં "આત્માનું સ્વરૂપ બતાવ્યું છે તે બરાબર સમજવું; પ્રવૃત્તિ કરતી "વખતે આજુબાજુના જે જે નિમિત્તો-પ્રસંગો આવે તેને બરાબર "ઓળખી તેને અનુકૂળ થઇને વર્તવું; જે જે યોગો પ્રાપ્ત થઇ શક્યા "ન હોય તે તે યોગોને મેળવવા માટે ખાસ પ્રયત્ન કરવો; પ્રમાદને "માટે ખાસ સંભાળ રાખવી; એ થવાનો પ્રસંગ આવે તે પહેલાં "બહુ સંભાળ રાખીને તેની સામેના ઉપાયો પ્રથમથી યોજી રાખવા- "આવી રીતે જે પ્રાણીઓ વર્તન કરે છે તેના [2]સોપક્રમ[3] કર્મનો

Jainsite.com જૈન સાહિત્ય

---

૧ **મુંડમાળાઃ** કાચી માટીનું વાસણ. 'કાયા કાચો કુંભ છે' એ હકીકત, શરીરને કાચા કુંભની ઉપમા શાસ્ત્રમાં ઘણી જગ્યાએ આપી છે. કાચા કુંભને પાણી લાગે કે ટકોરો લાગે કે બીજો કોઇ પણ પ્રકારનો આઘાત લાગે તો તે સહેજે તૂટી જાય છે. આ આખું વાકય **શ્રી લલિતવિસ્તરા** ગ્રંથમાંથી લીધું છે. આવું એક બીજું વાકય આવે છે તે માટે જુઓ પ્રસ્તાવ. ૭ મૂળ પૃ. ૧૦૧૨. લલિતવિસ્તરા (દે.-લા. માળા પૃ. ૧૧૬માં વાકય સાથે સરખાવવું.) આ સંબંધમાં જુઓ ઉપોદ્ઘાત.

૨ **ઉપક્રમઃ** જેમ ફાનસમાં રાખવામાં આવેલો દીપક પવનનો ઝપાટો હોવા છતાં તેલની હયાતિ સુધીમાં બુઝાતો નથી પરંતુ તેલ સંપૂર્ણ થયા પછી જ બુઝાય છે અને બહાર ઉઘાડો રાખવામાં આવેલો દીપક પવનનો ઝપાટો લાગતાં બુઝાઇ જાય છે તેમ જે કર્મો બહારની અસરથી ખસી જાય છે તેને સોપક્રમ કહેવામાં આવે છે અને તેથી ઉલટાને નિરૂપક્રમ કહેવામાં આવે છે.

૩ **સોપક્રમઃ** શબ્દ અન્ય સાથે બહુધા વપરાતો નથી, પણ આયુષ્ય સાથે વપરાય છે. સોપક્રમ કર્મ એટલે નિકાચિત નહિ એવાં કર્મો સમજવાં. એવાં કર્મો પ્રદેશઉદયથી ભોગવી ખેરવી શકાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"નાશ થાય છે અને [1]નિરૂપક્રમ કર્મનો અનુબંધ થતો અટકે છે. "તમારે પણ એ પ્રકારે યત્ન કરવો એ તમારી ભાવી પ્રગતિ માટે "ખાસ જરૂરતું છે."

## સૂરિના ઉપદેશની અસર.

### રાજાનો પ્રશ્ન.

આવી રીતે વિચક્ષણસૂરિ મહારાજે સુંદર શબ્દોમાં ઉપદેશ આપ્યો તે સાંભળીને પરિષદ્‌માંના કેટલાક ભવ્ય જીવોને ચારિત્ર લેવાના સુંદર પરિણામ થઇ આવ્યાં, કઇકને દેશવિરતિ (શ્રાવકનાં વ્રત) લેવાના ભાવ થઇ આવ્યા, કઇક જીવોનું મિથ્યાત્વ નાશ પામ્યું, કેટલાક જીવોના રાગદ્વેષ વિગેરે વિકારો પાતળા પડી ગયા, કઇક જીવોને ભદ્રક ભાવ પ્રાપ્ત થયો. એવી રીતે આચાર્ય ભગવાનના ઉપદેશનો લાભ લઇ સર્વે તેઓશ્રીને પગે પડ્યા અને બોલવા લાગ્યા "इच्छामो अणुसट्ठिम्[2] આપ સાહેબ આજ્ઞા કરો! જેમ કહો તેમ કરવા અમે તૈયાર છીએ."

હવે તે વખતે મારા પિતા નરવાહન રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે આવા યુવાન અને રૂપવંત કુમારે બાલ વયમાં શા કારણથી દીક્ષા લીધી હશે તે સંબંધી સવાલ પૂછવાનું મેં ધાર્યું હતું તે પ્રમાણે હવે હું પ્રશ્ન કરૂં. પછી પોતાના બે હાથ જોડી મસ્તક નમાવી વંદના કરીને મારા પિતાશ્રી બોલ્યા "મહાત્મન્! મનુષ્યોમાં આપનું અસાધારણ સુંદર રૂપ છે અને આપનો ચ્હેરો જોતાં આપ મહા ઐશ્વર્યવાન્ જણાઓ છો, છતાં ભગવન્! આપ પૂજ્ય મહાત્માએ ભર યુવાવસ્થામાં આવો વૈરાગ્ય આદર્યો છે તો તેમ થવાનું કારણ શું બન્યું તે કૃપા કરીને અમને જણાવો!"

આચાર્ય મહારાજે કહ્યું "રાજન્! મને સંસારપરથી વૈરાગ્ય આવવાનું કારણ શું થયું હતું તે જાણવાનું તમને કૌતુક છે તો હું મને વૈરાગ્ય થવાનું કારણ તમોને કહું છું તે બરાબર સાંભળો. પરંતુ રાજન્!

आत्मस्तुतिः परनिन्दा, पूर्वक्रीडितकीर्तनम् ।
विरुद्धमेतद्राजेन्द्र ! साधूनां त्रयमप्यलम् ॥ १ ॥

જોકે સાધુઓને માટે ત્રણ બાબતનો[3] ખાસ નિષેધ કરવામાં આવ્યો

---

૧ નિરૂપક્રમ કર્મ એટલે નિકાચિત કર્મ. આવાં કર્મ ઉદયમાં ભોગવવાં જ પડે છે, પણ શુદ્ધ માર્ગે વર્તન કરવાથી એવાં કર્મનો નવીન બંધ થતો નથી અને નવીન બંધ અટકે તો પણ ઘણું છે.

૨ સર્વવિરતિ કે દેશવિરતિ લેવામાં પણ ગુરૂઆજ્ઞાની જરૂર છે. આ વાત તેના અધિકારીઓ સમજે છે.

૩ વર્તમાન કાળમાં આ બાબત બહુધા વીસરાઇ જતી જોવામાં આવે છે તે પર લક્ષ્ય રાખવું એના અધિકારીઓને યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેઃ (૧) આત્મસ્તુતિ (૩) પારકી નિંદા અને (૩) પૂર્વકાળમાં આનંદ-ક્રીડા કરી હોય તેની કથા અન્ય પાસે કરવી તે. આ ત્રણે બાબત સાધુના આચારથી વિરૂદ્ધ છે અને મારૂં ચરિત્ર કહેવામાં એ આત્મ-સ્તુતિ, પરનિંદા અને પૂર્વક્રીડિતનું કીર્તન થઇ જાય તેમ છે તેથી મારૂં ચરિત્ર કહેવું એ એક રીતે મને યોગ્ય લાગતું નથી.”

**નરવાહન**—“સાહેબ! આ પ્રમાણે કહીને તો આપનું ચરિત્ર સાંભળવા માટે મને જે જિજ્ઞાસા થઇ હતી તેમાં આપે ઘણો જ વધારો કર્યો છે, માટે હવે તો મારા ઉપર કૃપા કરીને આપનું ચરિત્ર જરૂર કહો.

રાજાનો આવો આગ્રહ જાણીને અને પોતાના વૈરાગ્યનું કારણ કહી સંભળાવવાથી રાજાને તેમજ બીજાને પ્રબોધ થવાનું કારણ જાણીને મધ્યસ્થ વૃત્તિએ આચાર્ય મહારાજે પોતાનું ચરિત્ર કહેવા માંડ્યું.

---

## [1]વિચક્ષણાચાર્ય ચરિત્ર.

# રસના પ્રબંધ.

JAINSITE.com જૈન સાઈટ

અગૃહીતસંકેતા! ત્યાર પછી હું (રિપુદારણ) પણ સાંભળું તેવી રીતે મારા પિતા **નરવાહન** સમક્ષ **વિચક્ષણાચાર્યે** પોતાનું ચરિત્ર નીચે પ્રમાણે કહ્યું:—

### પરિવાર પરિચય.

| | | | |
|---|---|---|---|
| **ભૂતળ નગરે.** | મલસંચય } તત્પક્તિ } | રાજા રાણી. તેના પુત્રો | શુભોદય. } અશુભોદય. } |
| | શુભોદય–નિજચારૂતા પુત્ર | ... ... | વિચક્ષણ. |
| | અશુભોદય–સ્વયોગ્યતા પુત્ર | ... ... | જડ. |
| **નિર્મળચિત્ત નગરે.** | મલક્ષય } સુંદરતા } | રાજા રાણી–તેનો પુત્ર ... તેની પુત્રી ... | વિમર્શ. } બુદ્ધિદેવી. } |
| | વિચક્ષણ–બુદ્ધિદેવીનો પુત્ર | | પ્રકર્ષ. |
| | વિમર્શ પ્રકર્ષ. | ... ... | મામા ભાણેજ. |

---

૧ અહીંથી રસનાની કથા બહુ રસથી શરૂ થાય છે. તેમાં **વિમર્શ** પ્રકર્ષને જગતનું અદ્‌ભુત સ્વરૂપ બતાવશે. **રિપુદારણની** હકીકત હવે છેલ્લાં બે પ્રકરણમાં આવશે. આખા ગ્રંથમાં આ **વિચક્ષણાચાર્યનું** ચરિત્ર–રસનાપ્રબંધ સર્વથી વધારે રસિક છે એમ મારૂં માનવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ લોકમાં અનેક પ્રકારના [1]વૃત્તાંતોથી ભરપૂર આદિ અને અંત[2] વગરનું અત્યંત સુંદર [3]ભૂતળ નામનું નગર છે. એ નગરમાં [4]મલસંચય નામના રાજા રાજ્ય કરે છે. એ રાજા ત્રણ ભુવનમાં ઘણી વિખ્યાતિ પામેલ છે, દેવતાઓના પણ નાયક છે. એનો પ્રતાપ એટલો ઉગ્ર છે કે એ જે કાંઇ હુકમ ફરમાવે તે સર્વેને માન્ય કરવો પડે છે. સારાં અથવા ખરાબ કામોમાં સર્વદા ધ્યાન રાખનારી એ રાજાને તત્પક્તિ[5] નામની મહાદેવી સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. એ મલસંચય રાજા અને તત્પક્તિ રાણીને પોતાના સુંદર વર્તનથી દુનિયાને આનંદ ઉપજાવનારો એક શુભોદય[6] નામનો જગપ્રખ્યાત પુત્ર છે, તેમ જ સર્વ લોકોને અત્યંત સંતાપ કરનાર એ જ રાજા રાણીનો બીજો અશુભોદય નામનો પણ જગપ્રખ્યાત પુત્ર છે.

એ શુભોદય કુમારને પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખનારી, પતિવ્રતા, અત્યંત રૂપાળી અને લોકપ્રિય, કમળ જેવી ચપળ અને સુંદર આંખોવાળી [7]નિજચારૂતા નામની સ્ત્રી છે; તેમ જ અશુભોદય

---

૧ **વૃત્તાંત** શ્લેષ છે: (૧) નગર પક્ષે હકીકત; (૨) સામાન્ય વાર્તામાં બનાવો. એ નગરમાં અનેક બનાવો બન્યા કરતા હતા.

૨ **નિધન**નો અર્થ અંત થાય છે. મુળમાં 'अनादिनिधनं' એવો પાઠ છે એટલે આદિ અને અંતવગરનું. કહેવાની મતલબ એ છે કે એ નગર (શાશ્વત) સર્વકાળ છે જ, જગત્ છે ત્યાંસુધી એ નગર પણ છે જ.

૩ **ભૂતળ:** એટલે પૃથ્વીતળ. એ નગર આ પૃથ્વીપર કોઇ પણ જગ્યાએ કલ્પી લો તો ચાલે તેવું છે. આગળ ચાલતાં આ નામની સત્યતા સ્પષ્ટ સમજાશે.

૪ **મલસંચય:** એ કર્મરૂપ મેલનો સંચય બતાવે છે. કર્મ શુભ કે અશુભ એકઠાં થયાં હોય તે દેવોપર પણ આધિપત્ય ભોગવે છે અને તેની આજ્ઞા—તેનું ફળ ઉલ્લંઘી શકાય નહિ તેવા જ પ્રકારનું હોય છે.

૫ **તત્પક્તિ:** એ કર્મની પરિપાક સ્થિતિને અત્ર રાણી બનાવી છે. **મલસંચય** એ **કર્મબંધ** છે; **શુભોદય અશુભોદય** એ તેનો ઉદય છે અને **તત્પક્તિ** પરિપાક દશા છે.

૬ **શુભોદય, અશુભોદય:** આ બન્ને પુત્રો સારાં અને ખરાબ કર્મનો **ઉદય** સૂચવે છે,.

૭ **નિજચારૂતા:** સારાપણાની નિશાની છે. સ્વતઃ સારી જ છે અને સારી જણાય છે. (good by self). એને ગુજરાતીમાં **'આપભલાઇ'** નામ આપવામાં આવ્યું છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારને સર્વપ્રાણીઓને મોટો સંતાપ કરનાર અત્યંત ભયંકર [1]**સ્વયોગ્યતા** નામની સ્ત્રી છે.

સમય સંપૂર્ણ [2]પરિપક્વ થયે **નિજચારૂતા** સાથે **શુભોદય**નો સંબંધ થતાં તેઓથી [3]**વિચક્ષણ** નામના પુત્રનો જન્મ થયો અને તેવી જ રીતે કાળ બરાબર પૂરો થતાં **સ્વયોગ્યતા** સાથે **અશુભોદય**નો યોગ થવાથી [4]**જડ** નામનો અત્યંત અધમ પુત્ર જન્મ્યો.

**વિચક્ષણ.**

હવે એ વિચક્ષણ કુમાર વયમાં વધતો વધતો પોતાના સદ્‌ગુણોમાં દરેક ક્ષણે વધારો કરતો ગયો. [5]માર્ગાનુસારીમાં જે ગુણો હોય તે સર્વથી તે વાકેફગાર હતો, ગુરૂવર્ગની તે નિરંતર પૂજા (ભક્તિ) કરનારો હતો, મહા બુદ્ધિશાળી હતો, ઉત્કૃષ્ટ ગુણ તરફ પ્રેમવૃત્તિવાળો હતો, ઘણો હુશિયાર હતો, પોતાનું સાધ્ય શું છે તે બરાબર સમજેલો હતો, પોતાની ઇંદ્રિયોપર તેણે વિજય પ્રાપ્ત કરેલ હતો, ઉત્તમ આચારો પાળવામાં તે તત્પર રહેનારો હતો, ઘણી ધીરજવાળો હતો, સારી વસ્તુઓનો ભોગ કરનારો હતો, મિત્રતા કર્યા પછી બરાબર વળગી રહે તેવો હતો, સુદેવની હોંસથી પૂજા કરનારો હતો, મોટો દાનેશ્વરી હતો, પોતાના અને પારકા મનના ભાવોને તુરત જાણી જાય તેવો હતો, સત્ય બોલનાર હતો, ઘણો જ નમ્ર હતો, પોતાપર પ્રેમ રાખનાર ઉપર વાત્સલ્ય ભાવવાળો હતો, ક્ષમાની મુખ્યતા રાખનાર હતો, મધ્યસ્થ વૃત્તિએ સર્વ કામ કરનાર હતો, પ્રાણીઓની ઇચ્છા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ **સ્વયોગ્યતાઃ** પોતામાં લાયકાત ન છતાં માનનારી, લાયકાત સ્થાપન કરનારી, મોટી વાતો કરવાવાળી (a braggard, asserting oneself).

૨ કર્મ સત્તામાં હોય પણ પરિપાક થાય-વિપાકકાળ પ્રાપ્ત થાય ત્યારે જ તેનો ઉદય થાય છે. અહીં પોતાની ચારૂતા-શુભકર્મનો ઉદય થવાનો પ્રાપ્ત થતાં **વિચક્ષણ** કુમારનો જન્મ થાય છે.

૩ **વિચક્ષણઃ** વિદ્વાન, ઊંડી સમજણ કુશળતાવાળો. એના ચરિત્રથી નામની સાર્થકતા જણાશે.

૪ **જડઃ** અક્કલ વગરનો, દીર્ઘદૃષ્ટિ વગરનો, મૂર્ખ. આવા પ્રાણીનું રૂપક છે. એના ચરિત્રથી એ નામની પણ સાર્થકતા આગળ જણાશે.

૫ સમ્યકત્વ પ્રાપ્ત થાય તે પહેલાં પ્રાણી **માર્ગાનુસારી** થાય છે-રસ્તાપર આવે છે. એનાં ૩૬ ગુણો છે. એ પર વિવેચન શ્રી યોગશાસ્ત્રના પ્રથમ પ્રસ્તાવમાં છે, એ ગુણોમાંના ઘણા ખરા ગુણો આ **વિચક્ષણ** કુમારમાં છે એમ અત્ર બતાવ્યું છે. જુઓ-હેમચંદ્ર-યોગશાસ્ત્ર પ્ર. ૧ શ્લોક ૪૭ થી ૫૬. એ શ્લોકો ઉપર 'શ્રાદ્ધ ગુણ વિવરણ' નામનો સ્વતંત્ર ગ્રંથ શ્રી જિનમંડન ગણીએ બનાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવો હતો, ધર્મ ઉપર એક દૃઢ નિષ્ઠા રાખનાર હતો, શુદ્ધ આત્મજીવન ગાળનાર હતો, કોઇ પણ પ્રકારની આફત આવી પડે ત્યારે પણ બીલકુલ ખેદ કરનાર ન હોતો, સ્થાનોની કિંમત અને તેના તફાવતનો જાણકાર હતો, કદાગ્રહ (હઠવાદ)થી રહિત હતો, સર્વ શાસ્ત્રના તત્ત્વોનો સારી રીતે જાણકાર હતો, બોલવામાં બહુ કુશળ હતો, નીતિના સર્વ માર્ગોમાં ઘણી પ્રવીણતા મેળવેલ હોવાને લીધે શત્રુઓપર મોટો ત્રાસ પાડનાર હતો, પોતાના ગુણોનો કદિપણ ગર્વ નહિ કરનાર હતો, પરનિંદાથી સર્વથા મુક્ત હતો, ગમે તેટલી સંપત્તિ મળી આવે તો પણ તેથી હર્ષમાં ન આવી જાય તેવો હતો અને જાણે પારકાની ખાતર જ જન્મ્યો હોય નહિ તેવો ખરેખરો પરોપકારી હતો. એ વિચક્ષણ કુમારનું વધારે શું વર્ણન કરવું? ટુંકામાં કહીએ તો મનુષ્યમાં જે સદ્ગુણોનું અનેક સ્થાને વર્ણન કરવામાં આવે છે તે સર્વ સદ્ગુણો આ વિચક્ષણ કુમારમાં ભરેલા હતા.

**જડ.**

હવે પેલા અશુભોદયનો છોકરો જડ કુમાર વધતો વધતો કેવો થયો તે હકીકત પણ સાંભળો: તે તદ્દન વિપરીત મનવાળો, સત્ય પવિત્રતા અને સંતોષથી તદ્દન રહિત, વારંવાર માયા કપટ કરનારો, ચાડી ખાનારો, બાવલા જેવો, સાધુઓની નિંદા કરનારો, વારંવાર ખોટી પ્રતિજ્ઞા કરનારો, અત્યંત પાપાત્મા, ગુરૂ અને દેવની નિંદા કરનારો, જુઠું બોલનારો, લોભીપણાને લીધે તદ્દન અંધ થઇ ગયેલો, પારકાના ચિત્તને ભેદી નાખનારો ( અન્યને ખેદ કરાવનારો ), મનમાં કાંઇક, બોલવામાં કાંઇક અને ચેષ્ટા તદ્દન જૂદા પ્રકારની–એવી ઉલટી સુલટી રીતે સર્વ વિચાર વર્તન અને ઉચ્ચાર કરનારો, પારકાની સંપત્તિ જોઇને બળી મરનારો, પારકાને આપત્તિ થતી જોઇને આનંદ માનનારો, અભિમાનથી પોતાને ઘણો મોટો માની ફુલાઇ ગયેલો, નિરંતર ક્રોધથી ધમધમતો, દરેકની તરફ દાંત કચકચાવીને બોલવાની ટેવવાળો, નિરંતર પોતાની બડાઇઓ હાંકવાવાળો, વારંવાર રાગ અને દ્વેષને વશ પડનારો અને એવી રીતે સર્વ બાબતમાં એટલો ખરાબ માર્ગે ઉતરી ગયેલો કે તેનું વર્ણન જ કરી શકાય નહી; ટુંકામાં કહીએ તો એક ખરાબમાં ખરાબ દુર્જનમાં જેટલા દોષો કલ્પી શકાય તેટલા સર્વ દોષો આ જડ કુમારમાં એક સાથે આવીને વાસો કરી રહ્યા હતા.

એ વિચક્ષણ કુમાર અને જડ કુમાર પોતપોતાનાં ઘર ( ભુવન )-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં સારી રીતે લાલનપાલન કરાતા ઉછરતા ગયા અને વૃદ્ધિ પામતાં યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા.

બુદ્ધિ-વિચક્ષણનું લગ્ન.

સર્વ લોકોમાં પ્રસિદ્ધ, ઉત્તમ ગુણરત્નોના ઉત્પત્તિસ્થાનરૂપ એક **નિર્મળચિત્ત**[1] નામનું ઉત્તમ નગર છે. આ અંતરંગ નગરમાં **મલક્ષય**[2] નામના રાજા રાજ્ય કરે છે. એ અનેક સદ્‌ગુણરત્નોને જન્મ આપનાર અને સર્વ રત્નોનું પોષણ કરનાર છે. એ મલક્ષય રાજાને અત્યંત વહાલી [3]**સુંદરતા** નામની પટ્ટરાણી છે જે સર્વ અંગે અત્યંત સુંદર અને ઉપર જણાવેલા સદ્દરત્નો ( સદ્‌ગુણો )ને વધારનારી છે. એ મલક્ષય રાજા અને સુંદરતા રાણીને સમય પરિપાક થયે એક કમળપત્રની જેવી આંખોવાળી ગુણના ભંડાર રૂપ અને કુળની આબરૂને વધારનારી [4]**બુદ્ધિ** નામની પુત્રી ઉત્પન્ન થઇ. એ રાજારાણીએ બહુ વિચાર કરીને પોતાની દીકરી બુદ્ધિને તેને યોગ્ય ગુણ અને રૂપવાળા કુમાર વિચક્ષણ તરફ મોકલી આપી અને તે બુદ્ધિ પણ બરાબર તપાસ કરીને પોતાની હોંસથી કુમાર **વિચક્ષણ**ને સ્વેચ્છાથી વરી. એ વિચક્ષણ કુમારે મહાન્ આડંબર અને હર્ષપૂર્વક બુદ્ધિ કન્યા સાથે પાણિગ્રહણ કર્યું. તે સદ્‌ગુણશીલ ભાર્યા ઉપર તેને બહુ પ્રીતિ થઇ.

વિમર્શ-પ્રકર્ષ.

વિચક્ષણ કુમાર મનનાં અનેક પ્રકારનાં ( માનસિક ) સુખો બુદ્ધિ પત્ની સાથે ભોગવતો આનંદમાં દિવસો પસાર કરે છે. હવે એ મલક્ષય રાજાને [5]**વિમર્શ** નામનો પુત્ર છે. તેને રાજાએ પોતાની બુદ્ધિ દીકરીની તપાસ કરવા-તેના ખબર અંતર પૂછવા સારૂ મોકલ્યો. એ વિમર્શ કુમારને પોતાની બહેન બુદ્ધિ ઉપર ઘણો સ્નેહ હોવાથી તેની પાસે આવીને

---

૧ **નિર્મળચિત્તઃ** એટલે પાપ વગરનું મન. વિશુદ્ધ મન. એ અંતરંગ સૃષ્ટિમાં નગર છે.

૨ **મલક્ષયઃ** કર્મ મેલનો ક્ષય-નાશ. નિર્જરા. અંતરંગ રાજ્યનું રૂપક. નિર્મળચિત્તમાં તો મળનો-પાપનો ક્ષય જ થાય.

૩ **સુંદરતાઃ** સૌંદર્ય. આંતર વિશુદ્ધિ. નિર્મળચિત્તમાં મલક્ષય રાજાને ઘરે સૌંદર્યરૂપ પત્ની હોય તે સ્પષ્ટ સમજાય તેવું છે.

૪ **બુદ્ધિઃ** મનની નિર્મળતાથી પાપનાશને પરિણામે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે, તેનો જન્મ થાય છે. તે અંતરંગ સૃષ્ટિ છે એટલું ધ્યાનમાં રાખવું.

૫ **વિમર્શઃ** એટલે વિચાર. નિર્મળચિત્તમાંથી મલક્ષય થઇ ગયા પછી બુદ્ધિની સામે જ્યારે વિચાર આવે ત્યારે વિચક્ષણતામાં ખામી રહે નહિ. આ અત્યંત ઊંચો ભાવ છે તે સમજવા યત્ન કરશો.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા આનંદથી તેની સમીપે રહ્યો. બુદ્ધિને પણ પોતાના વિમર્શ બંધુ ઉપર બહુ સ્નેહ હોવાથી અને વળી પતિ તરફથી તેને બહુ સન્માન મળતું હોવાથી તથા પોતાપર તેનો ઘણો પ્રેમ હોવાથી તેના મનમાં તેના આવવાથી ઘણો આનંદ થયો હતો. એવી સુંદર પરિસ્થિતિમાં બુદ્ધિદેવીએ ગર્ભ ધારણ કર્યો. સંપૂર્ણ સમય થતાં ગર્ભ પરિપાક-દશાને પામ્યો, એટલે તેણે એક અત્યંત દીપતા શરીર-અવયવોવાળા પુત્રને જન્મ આપ્યો. એનું [1]પ્રકર્ષ નામ રાખવામાં આવ્યું. બુદ્ધિ-દેવીનો આ પ્રકર્ષ નામનો પુત્ર દીવસે દીવસે વધતો ગયો, ગુણોમાં તે તેના પિતા વિચક્ષણ જેવો જ હતો અને તેના મામા વિમર્શનો તેના ઉપર ઘણો પ્રેમ હતો.[2]

---

# પ્રકરણ ૭ મું.

## રસના-લોલતા.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**વદન કોટરમાં આવેલા બીલનું વર્ણન.**
**તેમાં દાસી સાથે રહેલ સુંદર લીંવના.**
**તેણે જડ વિચક્ષણપર કરેલી અસર.**

એક દિવસ વિચક્ષણ કુમાર અને જડ કુમાર પોતાના મનોહર [3]વદનકોટર નામના બગીચામાં સાથે ગયા. ત્યાં પોતાની હોંસમાં આવે તે પ્રમાણે ખાતા પીતા લહેર કરતાં ખુશીથી તેઓ કેટલોક કાળ રહ્યા. એ વદનકોટર બગીચામાં મોગરાના જેવા ધોળા આડા

---

૧ **પ્રકર્ષ**: ઉચ્ચતા, આગળ વધવાપણું ( Progressive excellence ).

૨ **બુદ્ધિ** અને **વિચક્ષણતા**નો પુત્ર, **નિર્મળચિત્ત** નગરના **મલક્ષય** અને **સુંદરતા**નો પૌત્ર-એટલે પછી ગુણ અને ગુણવૃદ્ધિમાં ખામી હોય જ નહિ, તેમાં વળી નામે અને ગુણે **પ્રકર્ષ** એટલે દિવસાનુદિવસ સર્વ બાબતમાં ઉત્કર્ષ મેળવનાર હોય તેમાં નવાઇ નથી.

૩ **વદનકોટર**: પોતાના મ્હોંનું કોટર એટલે કાણું. મતલબ તેઓ જીભની નજીક આવ્યા. અલંકારિક ભાષામાં આખી વાર્તા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવળા ચીરાવાળા સુંદર [1]ઝાડોની બે મજાની હારો તેઓના જોવામાં આવી. તેઓ કૌતુકથી એ ઝાડની બેવડી ઘટાની અંદર પેઠા તો ત્યાં તેઓએ એક મોટું [2]બીલ ( રાફડો-ગુફા ) જોયું અને તે એટલું ઊંડું હતું કે એનો છેડો ક્યાં હશે તે જણાતું પણ ન હોતું. આવું જબરજસ્ત બીલ જોઇને તે શું હશે તે આંખો ફાડી ફાડીને આશ્ચર્યથી બન્ને કુમારો જોવા લાગ્યા. ઘણા વખત સુધી એ બીલને ધારી ધારીને જોતાં તેમાંથી એક રાતા વર્ણવાળી મનોહર લલના-સ્ત્રી પોતાની દાસી સાથે બહાર નીકળી આવતી તેઓના જોવામાં આવી. આવી રીતે એકાએક બહાર આવતી ઘણી સુંદર સ્ત્રીને જોઇને જડ કુમાર પોતાના મનમાં ઘણો હર્ષ પામ્યો અને વિપરીત અંતઃકરણવાળો થઇ તે વિચાર કરવા લાગ્યો-અરે ! આ તો કોઇ અપૂર્વ સ્ત્રી છે ! આવી ઉત્તમ સ્ત્રી મેં કદિ જોઇ નથી ! અહો ! શી એની સુંદરતા ! કેવી રમણીય આકૃતિ ! કેવું મનોહર રૂપ ! કેવા સુંદર આકર્ષક ગુણો ! અરે એ તે શું કોઇ દેવની દેવી સ્વર્ગથી ભ્રષ્ટ થઇ આ મૃત્યુલોકમાં આવેલી હશે અથવા તો શું પાતાળમાંથી નીકળીને નાગકન્યા અહીં આવી હશે ! અથવા તો નહિ નહિ ! મારો એ વિચાર બરાબર નથી ! સ્વર્ગમાં અથવા પાતાળમાં પણ આવી સુંદર સ્ત્રી ક્યાંથી હોય ? અને મૃત્યુલોકમાં તો આવી સ્ત્રીની વાર્તા પણ ક્યાંથી થઇ શકે ? મને તો એમ લાગે છે કે એને સારામાં સારાં પરમાણુઓ વડે વિધિ ( નસીબ-બ્રહ્મા )એ મારે માટે ખાસ મારા ઉપર સંતુષ્ટ થઇને બનાવી છે ! વળી એ બાળાની સાથે કોઇ પુરૂષ જણાતો નથી અને તે બાળા ચપળ દૃષ્ટિથી મારી સામું વારંવાર જોયા કરે છે તેથી મારે માટે જ તેને બનાવીને આ વનમાં મૂકી હશે !! માટે હવે એ બાલિકાની નજીક જઇને એના નામની બરાબર પરીક્ષા કરૂં અને તેને સ્વીકારી લઉં ! બીજો આડો અવળો વિચાર કરવો શા કામનો ?

*રમણીની જડપર અસર.*

વિચક્ષણ કુમારે પણ વદનકોટરમાં આવેલા મોટા બીલમાંથી નીકળતી એ સુંદર બાળાને જોઇ કે તરત તેના મનમાં વિચાર આવ્યો કે-એક તો આ પારકી સ્ત્રી છે, એકલી છે, જંગલમાં છે અને મનોહર છે-એવી સ્થિતિમાં એની સામું રાગથી જોવું યોગ્ય નથી તેમ-

*રમણીએ કરેલી વિચક્ષણપર અસર.*

---

૧ મ્હોંમાં દાંતની બે હારો છે તેનું આ રૂપક છે.

૨ તાળવું અને નીચેના ભાગનો પોલાણનો દાંતોની પછવાડેનો ભાગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી એકાંત સ્થિતિમાં એકલી પારકી સ્ત્રી સાથે ભાષણ કરવું પણ ઉચિત નથી, કારણ કે—

> यतः सन्मार्गरक्तानां, व्रतमेतन्महात्मनः ।
> परस्त्रियं पुरो दृष्ट्वा, यान्त्यधोमुखदृष्टयः ॥ १ ॥

ઉત્તમ માર્ગે ચાલનારા મહાત્મા પુરૂષોનું એ વ્રત હોય છે કે જ્યારે પણ તેઓ પોતાની સામે પારકી સ્ત્રીને જુએ છે ત્યારે નીચે મ્હોંએ જમીન તરફ નજર કરીને તેઓ ચાલ્યા જાય છે. માટે હવે આ સ્થાનેથી ચાલ્યા જવું એ સારૂં છે, એ બાબતમાં બીજો વિચાર કરવામાં સાર નથી—આવો વિચાર કરી તેણે જડ કુમારનો હાથ ખેંચ્યો અને ચાલવા માંડ્યું. વિચક્ષણ કુમાર કાંઇક બળવાન હોવાથી તેણે જ્યારે જડનો હાથ ખેંચ્યો અને ત્યાંથી પસાર થવાની સંજ્ઞા કરી ત્યારે જાણે પોતાનું સર્વ નાશ પામી ગયું હોય નહિ તેમ જડકુમારને મોટો ખેદ થયો.

**દાસીએ પાથરેલી જાળ.**
**કુમારોને પાછા બોલાવ્યા.**
**રસના સાથે કરાવેલ પરિચય.**
**પોતાની વાત પણ કરી નાખી.**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

હવે વિચક્ષણ અને જડ કુમાર જરા દૂર ગયા ત્યાં તો પેલી સુંદર સ્ત્રી સાથે જે દાસી હતી તે તેઓની પછવાડે દોડતી આવી, અને દૂરથી જ પોકાર કરી કહેવા લાગી.

**દાસી**—"બચાવો ! મારા પ્રભુ ! મને બચાવો ! અરે ! હું મંદ ભાગ્યવાળી મરી જઉં છું ! મારો બચાવ કરો, બચાવ કરો !"

જડ કુમારે તેના તરફ પાછા વળીને જોયું અને તેને કહ્યું "સું-દરી ! જરા પણ ભય રાખ નહિ ! તને કોનાથી ભય થયો છે તે મને જણાવ."

**દાસી**—"અરે સાહેબ ! આપ બન્ને ગૃહસ્થો મારી શેઠાણીને મૂકીને ચાલતા થયા એટલે એ બાપડીને તો મૂર્છા આવી ગઇ છે અને મરવા પડી છે. એ તો અત્યારે ભોંભેગી (જમીન સરસી) થઇ ગઇ છે. મહેરબાની કરીને પ્રથમ આપ બન્ને એની નજીક આવો. તમે તેની પાસે રહેશો એટલે મારી શેઠાણીની તબીઅત બરાબર થઇ જશે. એમની તબીઅત સારી થઇ ગયા પછી હું જરા નિશ્ચિંત થઇને તમારી પાસે એનું સર્વ સ્વરૂપ બરાબર જણાવીશ."

જડે વિચક્ષણ કુમાર તરફ જોઇને કહ્યું "ચાલો, આપણે એની શેઠાણી પાસે જઇએ. તેને સ્વસ્થ થવા દો. પછી આ દાસી પણ નિશ્ચિંત થઇને એણે હમણા જણાવ્યું તેમ એની શેઠાણીની સર્વ હકીકત આપણને જણાવશે. એમાં શું વાંધો છે?"

વિચક્ષણ કુમારે પોતાના મનમાં વિચાર કર્યો કે-આ વાત મને તો ઠીક લાગતી નથી, આ દાસી મને તો ઘણી લુચ્ચી અને ધુતારી જણાય છે. વળી એ સ્વભાવે ઘણી ચંચળ દેખાય છે તેથી તે જરૂર અમને છેતરશે. અથવા ચાલ ને, જોઉં તો ખરો કે એ ત્યાં જઇને શું બોલે છે? મને તો કદિ પણ છેતરી શકે એવું નથી; માટે ચાલ, જઉં. મારે શંકા રાખવાનું કાંઇ કારણ નથી. આ પ્રમાણે મનમાં વિચાર કરીને વિચક્ષણ કુમારે જડની તરફ જોઇ રસના પાસે જવાનું કબૂલ કર્યું. ત્યાર પછી વિચક્ષણ કુમાર અને જડ કુમાર પાછા વળ્યા અને રસના પાસે ગયા. તેઓ પાછા આવ્યા એટલે રસના જરા સ્વસ્થ થઇ. એને બરાબર શુદ્ધિમાં આવેલી જોઇને તેની દાસી આ બન્ને કુમારોને પગે પડી અને બોલી "આપે ઘણી કૃપા કરી! બહુ જ ઉપકાર કર્યો! આપે મારી શેઠાણીને જીવાડી અને તેથી મને પણ જીવતર આપ્યું."

જડ—"અરે સુંદરી! આ તારી શેઠાણીનું નામ શું છે?"

દાસી—"મારી શેઠાણીનું પ્રભાતમાં લેવા યોગ્ય રસના[1] નામ છે."

જડ—"તું ક્યા નામથી ઓળખાય છે?"

દાસી—(લજ્જા પૂર્વક)—"લોકો મને [2]લોલતા નામે ઓળખે છે. આપને અને મારે તો ઘણા લાંબા સમયથી ઓળખાણ છે, પણ આપ આજે એ વાત વીસરી ગયા જણાઓ છો! મારૂં એ કમનસીબ છે! ખરેખર! હું શું કરૂં?"

જડ—"અરે! મારે તારી સાથે ઘણા વખતનો પરિચય કેવી રીતે છે?"

લોલતા દાસી—"એજ હકીકત મારે આપશ્રીને જણાવવાની છે."

જડ—"બરાબર સારી રીતે જણાવ."

---

૧ રસનાઃ એટલે જીવ્હા-જીભ. રસેન્દ્રિય. હાલનો પ્રબંધ આ બીજી ઇન્દ્રિયનો ચાલે છે.

૨ લોલતાઃ મીઠાશ-તેમાં આસક્તિ. રસથી સબડકા લેતાં અને પ્રેમથી મીઠાઇ જમતાં જે સ્થૂળ આનંદ સંસારરસિક જીવોને થાય છે તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લોલતા દાસી**—"આ મારી શેઠાણી પરમ યોગિની છે. એ ભૂત અને ભવિષ્યના સર્વ બનાવો બરાબર જાણે છે અને સમજે છે. તેની મારા ઉપર ઘણી મહેરબાની હોવાથી હું પણ તેમના જેવી જ થઇ છું. (ભૂત ભવિષ્ય બરાબર જાણું છું.) જુઓ, વાત આ પ્રમાણે છે: [1]કર્મપરિણામ રાજાના રાજ્યમાં એક [2]અસંવ્યવહાર નામનું નગર છે. તમે બન્ને એ અસંવ્યવહાર નગરમાં ઘણો વખત રહ્યા હતા. ત્યાર પછી એ કર્મપરિણામ રાજાના હુકમથી તમે બન્ને [3]એકાક્ષનિવાસ નગરે આવી પહોંચ્યા [4]અને ત્યાર પછી તમે બન્ને [5]વિકલાક્ષનિવાસ નગરે આવ્યા. એ વિકલાક્ષનિવાસ નગરમાં ત્રણ પાડાઓ છે અને તમને યાદ હોય તો તેના પહેલા પાડામાં દ્વિહૃષીક (બે ઇંદ્રિય) નામના કુળપુત્રો વસે છે.[6] એ કુળપુત્રોમાં જ્યારે તમે વસતા હતા ત્યારે કર્મપરિણામ મહારાજનો બરાબર હુકમ ઉઠાવવાને લીધે રાજાએ તમારા ઉપર રાજી થઇને આ વદનકોટર નામનો બગીચો તમને ઇનામમાં આપ્યો, તમારી જીવાઇ માટે તમને તે અર્પણ કર્યો અને તે બગીચાના તમને માલીક બનાવ્યા. એ બગીચામાં આ એક મોટું બીલ તો સાધારણ રીતે જ રહેલું છે. આ તો મારી ઉત્પત્તિની પૂર્વકાળની વાર્તા થઇ. ત્યાર પછી વિધિ (નસીબ) એ વિચાર કર્યો કે આ બન્ને બાપડા બાઇડી વગરના છે તેથી તેઓ સુખે રહી શકતા નથી, તેથી તેઓને સુંદર સ્ત્રી પરણાવી આપું. દયા કરવામાં નિરંતર તત્પર રહેતા એ વિધિએ ત્યાર પછી તમારે માટે એ મહાબીલમાં મારી શેઠાણી (રસના)ને બનાવીને મૂકી દીધી અને મને (લોલતાને) તેની દાસી તરીકે બનાવી. આ પ્રમાણે હકીકત આપને વિદિત થાય."

જુની ઓળખાણ.

જડ કુમારે ઉપરની સર્વ હકીકત સાંભળીને વિચાર કર્યો કે—અહો! આતો હું ધારતો હતો તેવી જ વાત નીકળી. આ રસનાને વિધિએ અમારે જ માટે બનાવી છે! સાબાશ છે મારી બુદ્ધિને! કેવી હકીકત મને એકદમ માલૂમ પડી આવી!!

---

૧ કર્મપરિણામ રાજાના સ્વરૂપ માટે જુઓ પૃ. ૨૫૮-૨૬૨ નોટ્સ.

૨ જુઓ પૃષ્ઠ ૩૦૦ પરની નોટ. ના. ૨

૩ **એકાક્ષનિવાસ** નગરના વર્ણન માટે જુઓ પૃ. ૩૧૩.

૪ આ હકીકત બીજા પ્રસ્તાવમાં વિસ્તારથી બતાવાઇ ગઇ છે. જુઓ સદરહુ પ્રસ્તાવનું પ્રકરણ આઠમું.

૫ વિકલાક્ષનિવાસ અને તેના પાડાઓના વર્ણન માટે જુઓ પૃ. ૩૨૦

૬ જુઓ પૃ. ૩૨૧.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વિચક્ષણ કુમારે મનમાં વિચાર કર્યો કે—આ વિધિ તે વળી કોણ છે? બરાબર સમજાય છે! એ તો મહારાજ [1]કર્મપરિણામ જ હોવા જોઇએ! બીજા તે કોનામાં આટલી બધી શક્તિ હોઇ શકે?

જડ (લોલતાને ઉદ્દેશીને)–"વારૂ ત્યાર પછી શું થયું? તારી વાત આગળ ચલાવ."

પૂર્વ સ્મરણો.

લોલતા દાસી—"કુમાર! ત્યાર પછી મારી સાથે મારી શેઠાણી તમારી બન્નેની સાથે નાના પ્રકારના ખાવાના સારા સારા પદાર્થો ખાતી, જૂદા જૂદા રસથી ભરપૂર પીણાંઓ પીતી અને મરજી આવે તેવી ચેષ્ટાઓ કરતી તમારી સાથે એ વિકલાક્ષનિવાસ નગરના ત્રણે પાડાઓમાં રહી અને ત્યાર પછી [2]પંચાક્ષનિવાસમાં આવેલ મનુજગતિ નગરમાં તથા તેવાં જ અન્ય સ્થાનોમાં પણ તમારી સાથે વિચરી. આવી રીતે ઘણા કાળથી એ રસનાદેવી તમારી સાથે છે તેથી તમારો એક ક્ષણ કાળ પણ વિરહ સહન કરી શકતી નથી અને કદાચ તમે એ આપડીનો જરા પણ તિરસ્કાર કરો છો તો એને એકદમ મૂર્છા આવી જાય છે એટલો બધો તેને તમારા ઉપર પ્રેમ છે. આટલા માટે હું કહું છું કે મારે તમારી સાથે ઘણા કાળથી ઓળખાણ પીછાન છે. હવે આપને બન્નેને એ વાત બરાબર ધ્યાનમાં આવી હશે."

## જડકુમારની રસના લુબ્ધતા.

જડ કુમારે લોલતાની એવી વાર્તા સાંભળી ત્યારે તે તો મનમાં ઘણો જ રાજી થઇ ગયો અને જાણે પોતાના સર્વ મનોરથ પરિપૂર્ણ થયા હોય એમ માનવા લાગ્યો. પછી તેણે લોલતા દાસીને કહ્યું "સુંદરી! તું કહે છે તેમ હોય તો ભલે! તારી શેઠાણીને અમારા નગરમાં પ્રવેશ કરાવ. અમારા એક ભવ્ય રાજમહેલમાં પોતાનો નિવાસ કરીને તારી શેઠાણી ભલે તેને પવિત્ર કરે. પછી ઘણા કાળસુધી ત્યાં તારી શેઠાણી સાથે સુખે રહીશું."

---

૧ **વિધિઃ** નસીબ. બ્રહ્મા. તે પોતાનાં કર્મોનો ઉદય જ છે. ટુંકામાં બહુ મુદ્દાની વાત કરી છે.

૨ **પંચાક્ષનિવાસઃ** અગાઉ પૃષ્ઠ ૩૨૪ માં **પંચાક્ષપશુસંસ્થાન** નગરનું વર્ણન આવ્યું છે તે પણ **પંચાક્ષનિવાસ** નગરનો ભાગ છે. **મનુજગતિ** નગરીનું વર્ણન પૃષ્ઠ ૨૫૨-૨૫૭ માં આવ્યું છે તે જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લોલતા દાસી**—“ નહિ સાહેબ ! આપ એવો હુકમ ન કરો. મારી શેઠાણી આ વદનકોટર બગીચાની બહાર કદિપણ નીકળેલ નથી અને તમે અગાઉ પણ એને અહીં ને અહીં જ પાળી પોષી છે, માટે હવે પણ એને એ જ ઠેકાણે રાખીને એની લાલના પાલના તમારે કરવી જોઇએ. કદિ બહાર નીકળેલ ન હોવાથી મારી શેઠાણી અન્યત્ર કોઇ પણ જગ્યાએ જઇ શકે તેમ નથી. ”

જડ કુમાર—“ તું જેમ કહીશ તેમ કરવામાં આવશે. આ બાબતમાં તારૂં વચન સર્વથા પ્રમાણ છે, માટે તારી શેઠાણીને જે વાત ગમતી હોય તે તારે મને જણાવવી-કહી બતાવવી, જેથી તે પ્રમાણે સર્વ ગોઠવણ-વ્યવસ્થા કરવામાં આવશે.”

**લોલતા દાસી**—“ બહુ કૃપા થઇ ! એમાં હવે મારે કહેવા જેવું શું બાકી રહે છે ? તમે બન્ને મારી શેઠાણીની સારી રીતે લાલના પાલના કરી તેને રાજી રાખીને અસ્ખલિત અમૃતમય સુખનો અનુભવ કરો.

**વદનકોટરમાં રસનાને સ્થાન.**
**લોલતાનું ખાદ્યપાનમાં આકર્ષણ.**
**સ્વાદતૃપ્તિમાં માનેલી સુખસંપૂર્ણતા.**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ખાદ્યપાનમાં.

આ પ્રમાણે નિર્ણય કર્યા પછી જડકુમાર ( પોતાના ) વદનકોટરમાં રહેલી રસના દેવીને અત્યંત મોહથી લાલવા પાળવા લાગ્યોઃ તેને વારંવાર દૂધપાક, શેરડી, ખાંડ, દહીં, ઘી, ગોળ, સુંદર પકવાન્નો અને તેના બનાવેલાં સુંદર ખાદ્ય પદાર્થો, તેમજ દ્રાક્ષાદિના સુંદર પીણાઓ (દારૂ વિગેરે), વિચિત્ર પ્રકારનાં મદ્ય, માંસ, મધથી અને લોકોમાં બીજા જે પ્રખ્યાત રસ ભરપૂર ખાણાં અને પીણાં મનાતાં હોય તે સર્વથી સારી રીતે હોંસથી મોહપૂર્વક ખાઇ પીને તેને આનંદ પમાડવા લાગ્યો. જ્યારે લાગ મળે ત્યારે સારૂં સારૂં ખાવું પીવું અને આનંદ કરવો એ જ માર્ગ તેણે રાખ્યો. એમ કરવામાં કદાચ કોઇ વખતે જરા તેનામાં ઓછાશ જણાય કે તરત જ લોલતા દાસી તેને પ્રેરણા કરીને કહેતી કે “મારી શેઠાણી અને આપની વહાલી સ્ત્રી દરરોજ આપને કહે તે પ્રમાણે તમે માંસનો આહાર કરો, દારૂ પીઓ, અને સુંદર મીઠાઇઓ જમો, એને સુંદર સ્વાદિષ્ટ શાક વિગેરે આપો-કારણ કે એવી વસ્તુઓ મારી શેઠાણીને બહુ ગમે છે.” આવી રીતે લોલતા જે કહે તે સર્વ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જડકુમાર અમલમાં મૂકવા લાગ્યો અને તે જે ફરમાવે તે જાણે પોતાની ઉપર મહેરબાની કરતી હોય એમ માનતો હોંસથી અને આનંદથી સર્વ કરતો ગયો.

ઉપાધિમાં આનંદ.

આવી રીતે રસના ભાર્યા ઉપર આસક્ત થઇ જવાથી જડ કુમારને દરરોજ અનેક પ્રકારની ઉપાધિ કરવી પડતી હતી, અનેક ખટપટો ઉઠાવવી પડતી હતી, કંઇક જાતની ગોઠવણો કરવી પડતી હતી, છતાં મોહને લીધે તે એમ જ માનતો હતો કે–અહો ! હું ઘણો પુણ્યશાળી છું, ખરેખરો ભાગ્યશાળી છું, મારૂં કામ બરાબર થઇ ગયું છે, અત્યારે આવી સુંદર સ્ત્રી મને પુણ્યોદયથી પ્રાપ્ત થઇ છે તેથી હું સુખરૂપ દરિયામાં ડૂબકી મારૂં છું ! હાલમાં મારે જેવું સુખ છે તેવું ત્રણ ભુવનમાં કોઇને પણ સુખ નથી, કારણ કે આવી સુંદર સ્ત્રી વગર દુનિયામાં સુખ શું હોઇ શકે?

**यतोऽलीकसुखास्वादपरिमोहितचेतनः ।**
**तदर्थं नास्ति तत्कर्म, यदर्थं नानुचेष्टते ॥**

કહ્યું છે જે: તદ્દન ખોટા સુખના સ્વાદમાં લંપટ થયેલા અને મોહમાં આસક્ત થઇ ગયેલા પ્રાણીને ખોટા સુખની પ્રાપ્તિની ખાતર એવું કોઇ પણ કામ નથી કે જે કરવામાં તેને કોઇ પણ પ્રકારે આંચકો આવતો હોય. આવી રીતે તે સ્ત્રીની લાલનાપાલનામાં આખો વખત પસાર કરતો જોઇને લોકો જડની મશ્કરી કરવા લાગ્યા કે "ખરેખર ! આ જડકુમાર તો [1]જડભરત જેવોજ લાગે છે.

**यतो धर्मार्थमोक्षेभ्यो, विमुखः पशुसन्निभः ।**
**रसनालालनोद्युक्तो न चेतयति किञ्चन ॥**

કહ્યું છે જે: રસના ઇંદ્રિયમાં લંપટ થયેલો પ્રાણી તેનું જ લાલન પાલન કરવામાં તત્પર થઇ ધર્મ, અર્થ અને મોક્ષ એ ત્રણે પુરૂષાર્થોને છોડી દઇને પશુની માફક મનમાં કોઇ પણ બાબતનો જરા પણ વિચાર કરતો નથી. માટે ખરેખર એ જડ જ જણાય છે." લોકો આવી રીતે અનેક પ્રકારે હાંસી કરે, નિંદા કરે, તેની દરકાર કર્યા વગર જડકુમાર તો એ રસનામાં લુબ્ધ થઇ જઇને કોઇ પણ રીતે જરા પણ પાછો હઠ્યો નહીં અને પોતાનો બધો વખત રસનાની સેવામાં ગાળવા લાગ્યો.

---

૧ **જડભરતઃ** હાલે ચાલે નહિ તેવો. અક્કલ વગરનો. મંદ. એના હેવાલ માટે જુઓ ભાગવત–પંચમ સ્કંધ–અધ્યાયઃ ૯–૧૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિચક્ષણ અને રસના.

વિચક્ષણની વિચારણા.

લોલતાએ અગાઉ જણાવ્યું તે પ્રમાણે ભાષણ કર્યું અને તેની સાથે જડકુમારે સવાલ જવાબ કર્યા તે સાંભળીને મધ્યસ્થ મન રાખીને વિચક્ષણકુમારે પોતાના મનમાં વિચાર કર્યો કે-આ (રસના) મારી સ્ત્રી છે તે વાત તો નિઃસંશય સાચી જણાય છે, કારણ કે તે મારા વદનકોટર વનમાં [1]દેખાય છે, પરંતુ આ દાસી રસનાની લાલનાપાલના કરવાની મને સૂચના કરે છે તે બાબત રીતસર બરાબર તપાસ કર્યા વગર અંગીકાર કરવા યોગ્ય નથી. કહ્યું છે જેઃ—

**यतः स्त्रीवचनादेव, यो मूढात्मा प्रवर्तते ।**
**कार्यतत्त्वमविज्ञाय, तेनानर्थो न दुर्लभः ॥**

**હકીકતનો સાર બરાબર સમજવા વગર જે મૂર્ખ પ્રાણી સ્ત્રીના વચનપર આધાર રાખીને પ્રવૃત્તિ કરે છે તેને અનર્થ થવો અશક્ય કે અસંભવિત નથી.** તેથી લોલતા દાસી જ્યારે જ્યારે કાંઇ ખાવાના પદાર્થની માગણી કરે ત્યારે તેને ખાવાનું અનાદરથી આપવું અને તેવી રીતે વખત પસાર કરીને તેની બરાબર તપાસ કરવી-એટલે આ વાતમાં ખરેખરો સાર શું છે તે જણાઇ આવે.

વિચક્ષણે આદરેલ માર્ગ.

ત્યાર પછી વિચક્ષણ કુમારે વિચારને પરિણામે નિર્ણય કર્યો કે એ રસના પોતાની સ્ત્રી છે તો તેને આહાર સાધારણ રીતે આપીને તેની પરિપાલના તો કરવી, પણ તેના ઉપર કોઇ પ્રકારનો રાગ રાખવો નહિ અને તેને અંગે લોલતા (લોલુપતા-ગૃદ્ધિ)નો બીલકુલ આદર કરવો નહિ, તેમ જ એ સ્ત્રી ઉપર જરા પણ વિશ્વાસ મૂકવો નહિ અને માત્ર ચાલુ વ્યવહાર જાળવવા ખાતર પોતાની જરા પણ નિંદા ન થાય તેવા સીધા માર્ગને અનુસરીને રસનાને પોષવી, પણ તેને જરા પણ મોટું સ્થાન આપવું નહિ. એ પ્રમાણે કરેલા નિર્ણયને પરિણામે વિચક્ષણકુમાર ધર્મ, અર્થ, અને કામ ત્રણે પુરૂષાર્થ એક સાથે સાધવા લાગ્યો; જડની જેમ સર્વ સંબંધીઓને તેણે વિસારી ન દીધા; એને લઇને વિદ્વાન્ અને સમજુ વર્ગ એના તરફ પૂજ્ય ભાવથી જોવા

---

૧ દરેકને મુખમાં જીભ હોય છે. જીભ હોવાથી નુકસાન નથી, પણ તેમાં લુબ્ધતા થવાથી દોષવૃદ્ધિ થાય છે. આ બાબત સમજી વિચારવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યો. વિચક્ષણ કુમારે એવી રીતે કેટલોક વખત આનંદમાં પસાર કર્યો. એ વિચક્ષણ કુમારને કોઇ પણ પ્રકારની ઇચ્છા વગરનો જાણીને તેમ જ પરાક્રમી જોઇને લોલતા દાસી એની પાસે કોઇ પણ પ્રકારની યાચના કરતી જ નહિ, કારણ કે તે વિચક્ષણ કુમારનો અંદરનો ભાવ બરાબર સમજતી હતી. આવી રીતે લોલતા રહિત વિચક્ષણ કુમાર રસનાને પાળતો હતો, તેનો નિર્વાહ કર્યે જતો હતો, તો પણ તેને કોઇ પણ પ્રકારનો કલેશ થતો ન હોતો અને [1]નિરાંતે આનંદથી રહેતો હતો; કારણ કે દુરાત્મા જડને રસના (જીભ)ની લાલનાપાલના કરવામાં જે દોષો અને દુઃખો ઉત્પન્ન થતાં હતાં તેનું કારણ લોલતા-તેમાં ગૃદ્ધિ હતું અને વિચક્ષણ કુમારે તો લોલતા જ એકદમ દૂર કરી દીધી હતી તેથી જો કે તે રસનાનું પાલન કરતો હતો તો પણ તેને દોષ પ્રાપ્ત થતો ન હતો અને તેને કોઇ પણ અનર્થ પણ પ્રાપ્ત થતા ન હોતા.

## જડના કુટુંબીઓની સલાહ.

હવે જડકુમારે એક દિવસ પોતાની માતા સ્વયોગ્યતા અને પિતા અશુભોદયની પાસે રસના નામની સ્ત્રી પોતાને પ્રાપ્ત થઇ છે તે સંબંધી સર્વ હકીકત કહી બતાવી. તેઓએ જ્યારે પોતાના પુત્રને રસના ભાર્યા ( લોલતા દાસી સાથે ) મળવાની હકીકત જાણી ત્યારે તેમને ઘણો [2]આનંદ થયો. પછી પુત્રપર મનમાં ઘણો જ પ્રેમ લાવીને તેમણે બન્નેએ જડને કહ્યું-"પુત્ર! અત્યારે તારા ખરેખરા પુણ્યનો ઉદય થયો છે, તેથી તારે યોગ્ય સ્ત્રી તને મળી આવી છે અને વળી એ સ્ત્રીની લાલનાપાલના કરવાનું કામ તેં શરૂ પણ કરી દીધું છે-એ કામ તેં ઘણું સારૂં કર્યું! આ સુંદર [3]સ્વરૂપવાળી તારી સુભાર્યા તને ઘણું સુખ આપે તેવી છે, તેથી પુત્ર! તારે રાતદિવસ તેની લાલના-પાલના કરવી."

---

૧ આસક્તિ રહિત ભોજનમાં પરિણામે દુઃખ નથી, કેમકે આ સંસારમાં શરીર હોય ત્યાં સુધી ખાવા પીવાની તો જરૂર પડે જ છે; તેથી કાંઇ રસનાની અનર્થજનક પોષણા થતી નથી; પણ જો ગૃદ્ધિપૂર્વક રસ સાથે જિંહાને પોષવામાં આવે તો શારીરિક દુઃખો પણ ઘણાં થાય છે. વિચાર કરવાથી સમજી શકાય તેવી આ હકીકત છે.

૨ અશુભોદયને આનંદ જ થાય તેમ છે, કારણ રસનામાં પડી જાય તો પ્રાણી અશુભ કર્મની નિર્જરા પણ કરી શકે નહિ અને તેથી તેમને પૂરતો અવકાશ મળે. પોતાને યોગ્ય માનનાર (સ્વયોગ્યતા)ને અંગે આજ સ્થિતિ થાય છે.

૩ અશુભોદયના દૃષ્ટિબિન્દુથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે જડકુમાર પોતે એક તો સ્ત્રીની લાલનાપાલના કરવામાં તૈયાર થઇ રહ્યો હતો અને તેજ ધંધો લઇને બેઠો હતો અને તે ઉપરાંત વળી તેના માતપિતાએ પણ તેવી પ્રેરણા કરી, પછી વાતમાં બાકી શું રહે? એક તો સ્ત્રી પોતે જ મદનના (કામદેવના) ઉન્માદથી ભરપૂર હોય અને તેમાં વળી તેવા જ પ્રસંગે મોર ટહુકા કરે, પછી ઉન્માદમાં બાકી શું રહે? આથી જડકુમાર રસનાની લાલનાપાલના કરવામાં ઘણો જ વધારે આસક્ત થયો અને તેને પ્રસન્ન કરવા ખાતર પોતે અનેક પ્રકારની વિટંબણા સહન કરવા લાગ્યો.

## વિચક્ષણ કુમારે રસના સંબંધી કુટુંબીઓ સાથે ચલાવેલી ચર્ચા.

હવે વિચક્ષણ કુમારે પોતાની માતા નિજચારૂતા અને પિતા શુભોદય પાસે રસનાની પ્રાપ્તિ સંબંધી સર્વ હકીકત એક દિવસ કહી સંભળાવી. તે વખતે તેની ભાર્યા બુદ્ધિદેવી, પુત્ર પ્રકર્ષ અને સાળો વિમર્શ પણ સાથે જ હતા. તેમને પણ રસના ભાર્યાની પ્રાપ્તિ સંબંધી સર્વ હકીકત જણાવી.

જૈન સાઈટ JAINSITE

### સ્ત્રી સંબંધી શુભોદયના વિચારો.

તે વખતે[1] શુભોદયે કહ્યું કે "પુત્ર! તને શું કહેવું? તું વસ્તુતત્ત્વ બરાબર સમજે છે અને તેથી જ તું ખરેખરો વિચક્ષણ (ડાહ્યો-સમજુ-દીર્ઘદૃષ્ટિ) કહેવાય છે; છતાં કુદરતી રીતે તને મારા તરફ બહુમાન છે તેથી તને ઉપદેશ આપવાની મને તે (બહુમાન) પ્રેરણા કરે છે માટે હું કહું છું તે બરાબર સાંભળ: સર્વ સ્ત્રીઓ પવનની જેવી ચંચળ[2] હોય છે, સંધ્યાકાળના આકાશની પંક્તિ જેવી ક્ષણવારે [3]રક્ત અને પછી વિરક્ત હોય છે, નદીની પેઠે પર્વત જેવા ઊંચા સ્થાનથી ઉત્પન્ન થઇ [4]નીચગામિની હોય છે, કાચ (દર્પણ)માં

૧ ઉપર અશુભોદયના રસના સંબંધી વિચાર સાથે આ વિચારો સરખાવો.

૨ ચંચળ. શ્લેષ છે: (૧) સ્ત્રી પક્ષે-સ્થિર નહિ તેવી; (૨) પવન પક્ષે-ચાલતો.

૩ રક્ત. શ્લેષ છે: (૧) સ્ત્રી પક્ષે-આસક્ત, પ્રેમ બતાવનારી; (૨) આકાશ પક્ષે-રાતું. વિરક્ત. શ્લેષ છે: (૧) સ્ત્રી પક્ષે-પ્રેમવગરની; (૨) આકાશ પક્ષે-રંગવગરનું. સંધ્યાનો રંગ જરા વખત રહી ઊડી જાય છે.

૪ નીચગામિની. શ્લેષ છે: (૧) સ્ત્રીપક્ષે-અધમ પુરૂષ તરફ જનારી, તેની સાથે સંબંધ કરનારી; (૨) નદી પક્ષે-નીચે જનારી. નદીઓ પર્વત જેવા ઊંચા સ્થાનથી નીકળી નીચી નીચી જ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાખલ કરેલ મુખની પ્રતિમાની જેવી દુર્ગ્રાહ્ય[1] હોય છે, ઘણી [2]કુટિલતાથી ભરપૂર નાગોને (સર્પોને) રાખવાના કરંડિયા છે, કાળકૂટ જેવા મહા સખ્ત વિષની વેલડી સમાન એકદમ [3]મરણને ઉત્પન્ન કરે તેવી છે, નરકના અત્યંત ભયંકર અગ્નિ જેવો સંતાપ કરનારી છે, મોક્ષને પ્રાપ્ત કરાવે તેવા શુભ ધ્યાન ખરેખરી દુશ્મન છે, મનમાં તે કાંઇક જૂદા જ કાર્યની ચિંત કરતી હોય છે, માયા કપટથી બોલે છે કાંઇ બીજું જ, કરે છે કાંઈ ત્રીજું જ, અને તે સર્વ વખત પુરૂષ પાસે જાણે તે પતિવ્રતા શુદ્ધ સાધ્વી હોય તેવો દેખાવ કરે છે, ઇંદ્રજાળની વિદ્યાની પેઠે તે દૃષ્ટિને સારી રીતે [4]આચ્છેદન કરે છે, અગ્નિના પિંડની પેઠે મનુષ્યના ચિત્તરૂપ લાખને [5]દ્રાવ કરાવનારી (પીગળાવનારી) હોય છે, સ્વાભાવિક પ્રકૃતિથી જ સર્વ પ્રાણીને અરસ્પરસ વિરોધ કરનારી છે, બુદ્ધિમાન પુરૂષોએ તેટલા માટે સ્ત્રીઓને સંસારચક્રને ચલાવવાના કારણભૂત કહી છે, કોઇએ દિવ્યામૃત જેવા અન્નનું ભોજન કર્યું હોય પણ જો તેમાં એક માખી આવી જાય તો તે જેમ સર્વ ખાધેલ અન્નને વમન કરાવી બહાર કાઢે છે તેવી રીતે એ પુરૂષના સર્વ વિવેકામૃતભોજનનું વમન કરાવી દે છે, અસત્ય ભાષણ, સાહસિકપણું, કપટવૃત્તિ, લજ્જારહિતપણું, અતિ લોભીપણું, નિર્દયપણું, અપવિત્રપણું–એ ગુણો(?) સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતેજ હોય છે; વત્સ! તને વધારે વિવેચન કરીને શું કહેવું? ટુંકામાં કહું તો આ દુનિયામાં જે કાંઇ દોષોના સમૂહો રહેલા છે તે સર્વ એકઠા કરીને સ્ત્રીરૂપ ભંડારમાં સર્વદા ભરી રાખ્યા છે; તેટલા માટે જે પ્રાણી પોતાનું હિત ઇચ્છતો હોય તેણે પોતાનો આત્મા એ સ્ત્રીઓને ભરોસે ન રાખવો. હકીકત સ્પષ્ટ કરવા માટે આટલી લંબાણુથી તને વાત કહી બતાવી. તને આ

---

૧ **દુર્ગ્રાહ્ય.** શ્લેષ છેઃ (૧) સ્ત્રી પક્ષે–જેને માપી–કળી ન શકાય તેવી; (૨) દર્પણગત પ્રતિમા પક્ષે–જેને પકડી ન શકાય તેવી.

૨ **કુટિલતા.** શ્લેષ છેઃ (૧) સ્ત્રીપક્ષે–વક્રતા, વાંકાઇ; (૨) સર્પ પક્ષે–ઝેરીલાપણું.

૩ **મરણ.** શ્લેષઃ (૧) સ્ત્રી પક્ષે–નાશ; (૨) સર્પ પક્ષે–મૃત્યુ.

૪ **આચ્છેદન.** શ્લેષ છેઃ (૧) સ્ત્રી પક્ષે–કાપવું, છેદવું તે; (૨) ઇંદ્રજાળ પક્ષે–બળાત્કારે છીનવી લેવું તે. અથવા **આચ્છાદન**–પાઠાંતર છે તેવો અર્થ–નજરબંધ–થાય છે.

૫ **દ્રાવ.** શ્લેષ છેઃ (૧) સ્ત્રી પક્ષે–ઉશ્કેરણી; (૨) લાખ પક્ષે–પીગળવું તે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસના નામની ભાર્યા લોલતા દાસી સાથે મળી ગઇ છે તે મને તો સારી લાગતી નથી. તારો તે વળી એની સાથે જોગ ક્યાંથી થયો? હજુ તો એ ક્યાંથી આવી છે અને કોણ છે તે પણ જાણવામાં આવ્યું નથી, માટે એને સંઘરવા પહેલાં એના મૂળ સ્થાનની બરાબર તપાસ કર.

अत्यन्तमप्रमत्तोऽपि, मूलशुद्धेरवेदकः।
स्त्रीणामर्पितसद्भावः प્रयाति निधनं नरः॥

પ્રાણી ગમે તેવો ખબરદાર હોય, પણ જો તે સ્ત્રીના મૂળ વની બરાબર તપાસ કરતો નથી, તેને બરાબર ઓળખતો નથી, અને છતાં જો તેને પોતાનો હૃદયભાવ અર્પી દે છે તો આખરે તે જરૂર હેરાન થાય છે, નાશ પામે છે અને પૂરો પસ્તાય છે."

## નિજચારૂતા માતાના વિચારો.

નિજચારૂતા માતાએ કહ્યું "વત્સ વિચક્ષણ! તારા પિતાએ જે વાત કરી છે અને જે સલાહ આપી છે તે તદ્દન યોગ્ય છે. આ રસનાની ઉત્પત્તિ ક્યાંથી થઇ છે તેની બરાબર તપાસ કર. એમાં વાંધા જેવું શું છે? એનાં કુળ, શીળ અને સ્વરૂપ બરાબર જાણવાથી એને અનુસરવાનું કાર્ય વધારે સગવડતા ભરેલું થઇ પડશે. મતલબ કે એને ક્યારે અને કેટલું અનુસરવું એનો નિર્ણય કરવા માટે વિશેષ સાધનો મળી આવશે."

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## બુદ્ધિદેવી વિગેરેની સલાહ.

[1]બુદ્ધિદેવીએ કહ્યું-"આર્યપુત્ર! વડીલો જેમ આજ્ઞા કરે તેમ કરવું તે આપશ્રીને ઉચિત છે.

अलङ्घनीयवाक्या हि गुरवः सत्पुरुषाणां भवन्ति।

"સજ્જન પુરૂષો વડીલના વાક્યનું કદિ પણ ઉલ્લંઘન કરતા નથી."

પ્રકર્ષ (પુત્ર) કહેવા લાગ્યો. "પિતાજી! મારી માતા બુદ્ધિ દેવીએ યોગ્ય વાત કહી છે."

---

૧ **વિચક્ષણ** આચાર્ય પોતાની સર્વ વાતો કહે છે તે રિપુદારણ પણ સાંભળે છે. સંસારીજીવ પોતાના રિપુદારણના ભવની સર્વ વાત **સદાગમ** સમક્ષ **અગૃહીત**સંકેતાને ઉદ્દેશીને કહે છે. બુદ્ધિદેવી બાળ પ્રદેશમાં **વિચક્ષણ** કુમારની પત્ની છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વિમર્શ કહેવા લાગ્યો–"આમાં અયોગ્ય બોલતાં જ કોને આવડે છે! ભોળી વાત કરે તેવા કોણ છે? યોગ્ય પરીક્ષાપૂર્વક કરવામાં આવેલું સઘળુ સુંદર જ હોય છે"

**વિચારને પરિણામે રસનાની મૂળ-**
**શુદ્ધિ કરવા માટે થયેલો નિર્ણય.**
**તે માટે વિમર્શની થયેલી પસંદગી.**
**પ્રકર્ષનું મામા સાથે સહગામિત્વ.**

વિચક્ષણ કુમારે પોતાના મનમાં વિચાર કર્યો કે–આ સર્વ સંબંધી વર્ગ જે સલાહ આપે છે તે બરાબર છે. વાત ખરી છે કે વિદ્વાન્ માણસે જે સ્ત્રીના કુળસંબંધી, શીળ સંબંધી અને આચારસંબંધી સર્વ હકીકત જાણી ન હોય તેને સંઘરવી યોગ્ય નથી, તેની સાથે પરિચય કરવો ઉચિત નથી અને તેનાપર વિશ્વાસ મૂકવામાં લાભ નથી. હવે આ રસનાની ઉત્પત્તિ ક્યાંથી થઇ છે તે સંબંધી હકીકત[1] મને લોલતાએ અગાઉ કહી છે તો ખરી, વળી એના શીલ અને આચાર કેવા છે તે સંબંધમાં પણ હમણા મારા જાણવામાં આવ્યું છે કે એ રસનાને સારૂં સારૂં ખાવા પીવાનું બહુ જ ગમે છે, તેની દાસી લોલતા પણ એ જ સલાહ આપે છે; પરંતુ કોણ ડાહ્યો માણુસ કુળવાન સ્ત્રીના વચન પર પણ વિશ્વાસ મૂકે? સાપણની ગતિની જેમ સ્ત્રીઓની ચિત્તવૃત્તિ નિરંતર વાંકીચુંકી જ હોય છે, તેથી તેના ઉપર ભરોસો કેમ રાખી શકાય? જ્યારે કુળવાન ગૃહસ્થસ્ત્રીના વચનપર પણ વિશ્વાસ ન મૂકાય તો પછી આવી એક દાસીના બોલવા ઉપર ભરોસો રાખવો એ તો ઠીક નહિ જ. શીલ અને આચાર સાથે વસવાથી ઘણે કાળે જ જાણી શકાય છે, એક બે વાર લબકઝબક (સહેજ સાજ) મળવાથી શીલ અને આચારની કાંઇ ખરી ખબર પડતી નથી. વળી મારે આવો વધારે વિચાર શા માટે કરવો? મારા પિતાજી વિગેરેએ જે પ્રમાણે સલાહ આપેલ છે તે જ પ્રમાણે કરૂં અને આ રસનાની મૂળશુદ્ધિ બરાબર મેળવું. એની ઉત્પત્તિ ક્યાંથી છે એ હકીકત સમજીને ત્યાર પછી જેમ યોગ્ય લાગશે તેમ કરીશ.

કુલશીળઆચારની તપાસજરૂરીલાગી.

[1] જુઓ પૃ. ૭૬૮–૭૦. ત્યાં લોલતાએ વિકલાક્ષ નગરથી રસનાનો પરિચય બતાવ્યો છે.

JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર પ્રમાણે વિચાર કરીને પછી વિચક્ષણકુમારે તેના પિતાને કહ્યું કે "જેવી પિતાજીની આજ્ઞા!" પરંતુ રસનાની ઉત્પત્તિ શોધી કાઢવા માટે મોકલવા યોગ્ય કોણ છે? કોણ એની તપાસ બરાબર કરી શકશે? એ હકીકત પણ આપશ્રી જ જણાવો."

શોધકાર્યમાં વિમર્શની ખાસ યોગ્યતાનાં કારણો.

શુભોદય—"વત્સ! આ તારો સાળો વિમર્શ જે મહત્વનું કાર્ય કરવાનું છે તેનો ભાર ઉપાડવાને સમર્થ છે.

युक्तं चायुक्तवद्भाति, सारं चासारमुच्चकैः ।
अयुक्तं युक्तवद्भाति, विमर्शेन विना जने ॥ १ ॥

"એનું નામ વિમર્શ[1] એટલે વિચાર-સુતર્ક છે. વિમર્શ વગર "કામ કરવા જેવું હોય તે ન કરવા જેવું લાગે છે, સારૂં હોય તે "અસાર લાગે છે અને જે કામ ન કરવા જેવું હોય તે કરવા યોગ્ય "લાગે છે. એ વિમર્શ જે પ્રાણીને અનુકૂળ હોતો નથી તેને હેય કાર્ય "ઉપાદેય લાગે છે અને ઉપાદેય કાર્ય હેય લાગે છે એટલે તજવા "યોગ્ય કાર્ય કર્તવ્યરૂપ-આદર કરવા યોગ્ય જણાય છે અને તેથી "ઉલટું આદર યોગ્ય કર્તવ્ય ત્યાજ્યરૂપ જણાય છે. કોઇ ઘણું ગહન "કામ હોય અને જેમાં બુદ્ધિ બરાબર પ્રથક્કરણ કરી શકે તેમ ન "હોય તેવા ઊંડા કામમાં પણ આ વિમર્શ સર્વ હકીકતપર વિવેચન "કરીને એક સરખો નિર્ણય કરાવી શકે છે. એમ થવાનું કારણ એ "છે કે એ વિમર્શ પુરૂષનાં અને સ્ત્રીનાં રહસ્ય સમજે છે, દેશની, "રાજ્યની અને રાજાઓની વ્યવસ્થા જાણે છે, રત્નોની પરીક્ષા કરી "શકે છે, લોકધર્મનું રહસ્ય જાણે છે, સર્વ ભુવનનાં તત્ત્વ તેનાં "જાણવામાં આવેલાં છે, દેવનું તત્ત્વ તે જાણે છે, સર્વ શાસ્ત્રોનાં "રહસ્ય તેના લક્ષ્યમાં રહેલાં છે, ધર્મ અને અધર્મની વ્યવસ્થામાં "રહસ્ય શું છે તે બરાબર તેના ખ્યાલમાં છે. આવી સર્વ બાબતનાં "તત્ત્વો જાણનાર વિમર્શ વગર આ દુનિયામાં બીજો કોઇ નથી. "વત્સ! જે પ્રાણીઓને માર્ગ બતાવનાર તરીકે એ વિમર્શ સાથે પરિ- "ચય થાય છે તેઓ સર્વ બાબતનું અંતર રહસ્ય સમજીને સુખી "થાય છે. ખરેખર, તારે આવો વિમર્શ જેવો સગો-સાળો મળ્યો છે

---

[1] **વિમર્શ:** વિચાર-વિતર્ક-વિચાર વગરનાં કામ નકામાં. તપાસ કરવામાં **વિચાર** અને વિતર્કની ખાસ જરૂર છે. સમજણ વગરની તપાસ નકામી છે. **વિમર્શનો**-વિચારનો જે ઉપયોગ અત્ર બતાવ્યો છે તે અનુભવથી સમજાય તેવો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી તું ભાગ્યશાળી છો; ઓછા નસીબવાળા પ્રાણીઓને ચિંતામણિ રત્નની પ્રાપ્તિ કદાપિ પણ થતી નથી. તારે રસનાની ઉત્પત્તિની શોધ કરવાના કામ માટે એને જ મોકલવો. સૂર્ય જ રાત્રીના અંધકારને દૂર કરવાને શક્તિમાન્ છે.”

વિચક્ષણ—“ જેવી પિતાશ્રીની આજ્ઞા!”

વિચક્ષણે એટલું કહીને વિમર્શના મુખ સામું જોયું. ( તે રસનાના મૂળની શોધ કરવાનું કામ ઉપાડી લેવા રાજી છે કે નહિ તેનો નિર્ણય જાણવા માટે. )

વિમર્શ-“ મારા ઉપર ઘણી કૃપા કરી. આપને જે કહેવું હોય તે કહો. હું કરવા તૈયાર છું.”

વિચક્ષણ—“ જો એમ જ છે તો પછી પિતાશ્રીને હુકમ જલ્દી અમલમાં લાવો-મતલબ રસનાની મૂળશુદ્ધિ કરવા માટે જાઓ.”

વિમર્શ—“ બહુ સારૂં. હું તો તૈયાર જ છું. માત્ર એક વાત પૂછવાની છેઃ પૃથ્વી ઘણી વિશાળ છે, દેશો અનેક છે, તેમાં રાજ્યો ઘણાં છે, તેથી મારે કદાચ વધારે વખત રોકાવું પડે, માટે તમે વખતનો નિર્ણય કરો કે મારે કેટલા વખતમાં પાછા ફરવું.”

વિચક્ષણ—“ભદ્ર ! તમને એક વર્ષનો વખત[1] આપવામાં આવે છે.”

વિમર્શ—“ બહુ કૃપા !”

આ પ્રમાણે કહીને પ્રણામ કરીને વિમર્શે ચાલવાની તૈયારી કરી.

પ્રકર્ષનું સાહચર્ય.

એ વખતે પ્રકર્ષ ઉઠીને પોતાના પિતામહ (દાદા) શુભોદયને પગે પડ્યો, નિજચારૂતા પિતામહી ( દાદી )ને વંદન કર્યું અને પોતાના માતા પિતા ( વિચક્ષણકુમાર અને બુદ્ધિદેવી )ને પ્રણામ કર્યા અને પછી બોલ્યો કે “ જો કે મને મારા માતા પિતાનો વિરહ થશે એવા વિચારથી મારા મનમાં નિવૃત્તિ થતી નથી તો પણ મારા મામા ( વિમર્શ )ની સાથે સહચારીપણું હોવાથી મારા અંતઃકરણમાં તેમનું બહુ જ ખેંચાણ રહે છે. જન્મથી તેમની સાથે જ રહેલ હોવાને લીધે મામા વગર તો એક ક્ષણવાર પણ હું જીવી શકું તેમ નથી. માટે આપ મને જરૂર રજા આપો તો મારા મામા જાય છે તેની સાથે હું પણ જાઉં.”

પુત્રપ્રશંસા.

પુત્રના આવાં વચન સાંભળીને પુત્ર પરના સ્નેહથી વિચક્ષણકુમારનું હૃદય ઉછળ્યું, આંખમાં આનંદનાં આંસું આવી ગયાં અને તેણે પોતાના જમણા હાથની આંગળીઓથી પ્રકર્ષ પુત્રનું મુખકમળ ઊંચું કરી તેના ઉપર

૧ આ એક વર્ષનો અવધિ લક્ષ્યમાં રાખવો, એના શેષકાળનો આગળ ઉપયોગ થવાનો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ચુંબન કર્યું અને [1]માથું સુંઘ્યું. પછી "બહુ સારૂં ભાઇ!" એમ કહીને તેને પોતાના ખોળામાં બેસાડ્યો. પછી વિચક્ષણ કુમારે પોતાના પિતા શુભોદય સામું જોઇને કહ્યું "પિતાજી! આ પ્રકર્ષ નાનો બાળક છે છતાં તેનો વિનય જોયો? એની બોલવાની યુક્તિસરની પદ્ધતિ જોઇ? એના વચનમાં ઉભરાઇ જતો સ્નેહ જોવામાં આવ્યો?"

શુભોદયે જવાબમાં કહ્યું "વત્સ! એમાં નવાઇ જેવું શું છે? તારા અને બુદ્ધિ-દેવીના છોકરાનું તો એવું જ વર્તન હોવું જોઇએ. પણ ભાઇ! છોકરાની વહુ (બુદ્ધિદેવી)ના સંબંધમાં કે પૌત્ર (પ્રકર્ષ)ના સંબંધમાં પ્રશંસા કરવી એ અમને યોગ્ય નથી અને ખાસ કરીને તારી પાસે અમારે તે વાત કરવી ન જ જોઇએ; કારણ કે વ્યવહારમાં કહે છે કેઃ—

प्रत्यक्षे गुरवः स्तुत्याः, परोक्षे मित्रबान्धवाः ।
भृतकाः कर्मपर्यन्ते, नैव पुत्रा मृताः स्त्रियः ॥

ગુરૂની તેમની સમક્ષ સ્તુતિ કરવી, મિત્ર અને સગાની તેમની ગેરહાજરીમાં સ્તુતિ કરવી, નોકરના સંબંધમાં કામ થઇ રહ્યા પછી તેને છેડે તેનાં વખાણ કરવાં, પુત્રનાં વખાણ ન જ કરવાં અને સ્ત્રીનાં વખાણ તેના મરણ પછી કરવાં. છતાં એ પુત્રવધૂ અને પૌત્રના અતિ મહાન્ ગુણો જોઇને તેઓના વખાણ કર્યા વગર મારાથી રહી શકાતું નથી. તારી ભાર્યા આ બુદ્ધિદેવી ચંદ્રની ચંદ્રિકાની માફક સુંદર રૂપવાળી છે, તારા જેવી જ છે, ગુણમાં વધારો કરનારી છે, ઘણી ભાગ્યશાળી છે, પતિ ઉપરના સ્નેહમાં તત્પર છે, ચાલાક છે, સર્વ કાર્યમાં અત્યંત કુશળ છે, બળ સંપાદન કરી આપે તેવી છે, ઘરનો ભાર ઉપાડવામાં ઘણી શક્તિવાળી છે, એની દૃષ્ટિ ઘણી વિશાળ[2] છે છતાં એને સૂક્ષ્મ દૃષ્ટિવાળી કહેવામાં આવે છે અને સર્વાંગ સુંદર હોવા છતાં [3]જડાત્માના મનમાં

બુદ્ધિ પ્રશંસા.

---

૧ માથું સુંઘવાનો રિવાજ અત્યારે પણ બંગાળામાં પ્રચલિત છે. એ ઘણો વાત્સલ્ય ભાવ બતાવે છે. પિતા માતા કે વડીલો પુત્રનું માથું સુંઘે છે.

૨ વિરોધાભાસ છેઃ વિશાળ–લાંબી નજરવાળી છે અને સાથે સૂક્ષ્મ–બારીકીથી હકીકત સમજનારી છે.

૩ સુંદર દેહવાળી સ્ત્રી તરફ કોઇને દ્વેષ થવો ન જોઇએ, પ્રેમ થવો જોઇએ; પણ જડ પ્રાણીઓને સ્વાભાવિક રીતે બુદ્ધિ તરફ દ્વેષ હોય છે, બુદ્ધિના વાંધા હોય છે. આ વિરોધાભાસ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વેષ ઉત્પન્ન કરે તેવી છે. વળી નિર્મળમાનસ નગરના મલક્ષય રાજા અને[1] સુંદરતા દેવી જે પુત્રીને જન્મ આપે તેનું વર્ણન કરવાને કોણ સમર્થ થઇ શકે? એવી પુત્રીમાં કહેવા જેવું હોય પણ શું? આ પ્રમાણે હોવાથી પ્રકર્ષનું વર્ણન પણ અત્યારે બહુ કરવાની જરૂર નથી. એની માતાવડે (બુદ્ધિદેવીવડે) એ પણ અનંત ગુણને ધારણ કરનાર થતો જાય છે. વત્સ વિચક્ષણ! વધારે તો શું કહું? પણ ટુંકામાં કહું તો લોકોમાં તું ખરેખર ભાગ્યશાળી છે, કારણ કે તને આવું મહાભાગ્યશાળી સુંદર કુટુંબ પ્રાપ્ત થયું છે. પુત્ર! આટલા માટે જ તને હમણા હમણા રસનાનો-લાભ થયો છે એ હકીકત સાંભળીને અમારા મનમાં ઘણી ચિંતા થઇ આવી છે, કારણ કે અમારા ધારવા પ્રમાણે એ સ્ત્રી કોઇ પણ રીતે તારે યોગ્ય નથી અને અમને એમ લાગે છે કે આ રસના શોક્ય તરીકે કામ કરીને બુદ્ધિદેવીનો નાશ કરનારી અથવા તેને હેરાન કરનારી રખે થઇ ન પડે! અને કદાચ ખાસ કરીને પોતાની શોક્યના પુત્ર પ્રકર્ષને આગળ વધતો અટકાવી ન દે! આથી અમે ઘણા ચિંતામાં પડી ગયા છીએ; પણ હાલ કાળ વિલંબ ન કરો અને પ્રસ્તુત કાર્યની તૈયારી કરો. રસનાની મૂળશુદ્ધિ જાણ્યા પછી જેમ યોગ્ય લાગશે તેમ કરી લેવાશે. વળી પ્રકર્ષ કુમારને તેના મામા ઉપર ઘણો સ્નેહ છે તેથી વિમર્શ સાથે તેને મોકલવાનો વિચાર કર્યો તે પણ બહુ ઠીક કર્યું છે. એ કામ તો દૂધમાં સાકર મેળવવા જેવું થયું છે. હવે એ વિમર્શ અને પ્રકર્ષ-મામા ભાણેજ રસનાની મૂળશોધ કરવા માટે ભલે જાય. તમારે એના સંબંધમાં જરા પણ ચિંતા કરવા જેવું નથી એમ મને લાગે છે.”

વિદાય થયા.

વિચક્ષણ કુમારે અને બુદ્ધિદેવીએ શુભોદય પિતાનાં આ વચનો માથે ચઢાવ્યાં. ત્યાર પછી વિમર્શ અને પ્રકર્ષ વડીલને પગે પડ્યા, ઉચિત ક્રિયા સર્વ કરી અને રસના સંબંધી શોધ કરવા-ખાસ કરીને તેની મૂળ ઉત્પત્તિની ખરી હકીકત મેળવવા મામા ભાણેજ વિદાય થયા.

---

૧ બુદ્ધિ દેવીની ઉત્પત્તિ માટે જુઓ પૃષ્ઠ. ૭૬૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૮ મું.

## વિમર્શ–પ્રકર્ષ.

શરદ્‌હેમંત વર્ણન.
રાજસચિત્ત નગર.
તામસચિત્ત નગર.

**શરદ્‌વર્ણન**[1]

આ વખતે શરદ્ ઋતુનો સમય વર્તતો હતો.

[2]शस्यसम्भारनिष्पन्नभूमण्डलो, मंडलाबद्धगोपालरासाकुलः ।
साकुलत्वप्रजाजातसारक्षणो, रक्षणोद्युक्तसच्छालिगोपप्रियः ॥ १ ॥

ભૂમંડલ ઉપર ધાન્ય તૈયાર થઇ ગયું છે, ગોળ ટોળાં વળી ગોવાળીયાઓ રાસડા ગાઇ રહ્યા છે, ધાન્ય માટે આકુળ પ્રજાને સારો વખત આવી લાગ્યો છે, [3]ગોપાંગનાઓ સુંદર શાલિક્ષેત્રનું રક્ષણ કરી રહી છે. ૧.

એ શરદ્ કાળમાં—

[4]जलवर्जितनीरदवृन्दचितं, स्फुटकाशविराजितभूमितलम् ।
भुवनोदरमिन्दुकरैर्विशदं, कलितं स्फटिकोपलकुम्भसमम् ॥ २ ॥

જળરહિત વાદળાંનાં ટોળેટોળાં આકાશમાં દેખાય છે, ચારે તરફ ફેલાયલા [5]કાસથી જમીનનું તળીયું છવાઇ રહ્યું છે, પૃથ્વીનો અંતર ભાગ ચંદ્રનાં શિતળ ઉજ્જવળ કિરણોથી જાણે સ્ફટિક રત્નનો કુંભ હોય તેવો જણાય છે. ૨ વળી—

---

૧ સંસ્કૃત વર્ણન અતિ સુંદર હોવાથી વાંચનારની જાણખાતર તે પણ સાથે આપેલ છે.

૨ સ્રગ્વિણી છંદ છે.

૩ શરદ્ ઋતુમાં શાલ–ભાત વધે છે, તેનો પાક ત્યાર પછી ઉતરે છે. ગોપાળ–સ્ત્રીઓ તેનું તે ઋતુમાં રક્ષણ કરે છે. (પાણી પાઇને, પક્ષીથી બચાવીને–વિગેરે અનેક રીત.)

૪ ત્રોટક છંદ છે.

૫ એક જાતનું ઘાસ–ખડ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]शिखिविरावविरागपरा श्रुतिः, श्रयति हंसकुलस्य कलस्वनम् ।
न रमते च कदम्बवने तदा, विषमपर्णरता जनदृष्टिका ॥ ३ ॥
लवणतिक्तरसाच्च पराङ्मुखा, मधुरखाद्यपरा जनजिह्विका ।
स्फुटमिदं तदहो प्रियताकरो, जगति शुद्धगुणो न तु संस्तवः ॥ ४ ॥

કલહંસનો મીઠો મધુર સ્વર સાંભળતાં કર્ણયુગળ મોરના મધુર ટહુકાથી વિરાગી થયા છે; લોકોની નજર ઊંચા નીચા ખાખરાના ઝાડોમાં આસક્ત રહી કદંબના મોટાં વનોમાં રમણ કરતી નથી; લોકોની જીભ ખારૂં તીખું ખાતી નથી, પણ મિષ્ટ ભોજનમાં તત્પર થઇ છે-આટલા ઉપરથી એમ જણાય છે કે દુનિયામાં લોકોને શુદ્ધ-સાચો ગુણ[2] પસંદ આવે છે, પણ ખુશામતવાળી સ્તુતિ (પરિચય) રૂચિકર નથી ૩-૪.

[3]स्वच्छसन्नीरपूरं सरोमण्डलं, फुल्लसत्पद्मनेत्रैर्दिवा वीक्षते ।
यन्नभस्तत्पुनर्लोकयात्रेच्छया, रात्रिनक्षत्रसल्लोचनैरीक्षते ॥ ५ ॥
नन्दितं गोकुलं मोदिताः पामराः, पुष्पितो नीपवृक्षो निशा निर्मला ।
चक्रवाकस्तथापीह विद्राणको, भाजनं यस्य यत्तेन तल्लभ्यते ॥ ६ ॥

ચોખ્ખા નિર્મળ જળથી ભરાઇ ગયેલાં સરોવરો વિકાસ પામેલાં કમળરૂપ [4]નેત્રોવડે દિવસે જોઇ રહે છે. આકાશ પણ લોકયાત્રા કરવાના ઇરાદાથી પૂરતા તારામંડળ અને નક્ષત્રરૂપ સુંદર આંખોવડે પૃથ્વીને રાત્રીએ અવલોકી રહે છે. ગોકુળ[5] આનંદમાં લહેર કરે છે. હલકા ( મજુરવર્ગ ) લોકો પણ રાજી રાજી થઇ ગયા છે. કદંબનાં વૃક્ષોને ફૂલ આવી રહ્યાં છે. રાત્રીઓ તદ્દન નિર્મળ થઇ છે. આટલું છતાં પણ ચક્રવાક પક્ષી હજુ ગભરાટમાં જ પડી રહેલ છે-તેનો વિરહકાળ પૂરો થતો નથી. જેવું જેને યોગ્ય હોય છે, જે જેને લાયક હોય છે-તે તેને મળે છે. ૫-૬.

---

૧ द्रुतविलम्बित છંદ છે. ૩-૪

૨ ચોમાસામાં મોર (શિખી)નો અવાજ પસંદ આવતો હોય છે તે પરિચય મૂકી હવે લોકોના કાન કલહંસના મધૂર અવાજને પસંદ કરે છે; ચોમાસામાં કદંબનાં વનો ગમતાં હતાં, હવે વિષમ પાંદડાં ગમે છે ( સાતપાન-સપ્તપર્ણ નામનાં ઝાડ-શરદૃઋતુમાં બહુ ખીલે છે.); ચોમાસામાં ખારૂં ખાટું વધારે ભાવે છે, શરદૂમાં મધુર રસ ગમે છે અને લાભકારક લાગે છે.

૩ स्रग्विणी છંદ છે. ૫-૬

૪ સરોવરમાં સૂર્યવિકાસી કમળો તેની આંખો જેવાં લાગે છે. મતલબ સરોવરમાં કમળ ખીલી રહ્યાં છે.

૫ ગાયનો સમૂહ અથવા ઇંદ્રિય સમૂહ. ગાયને સારો ચારો મળવાથી આનંદ થયો. ઇંદ્રિયોને પુષ્ટિ મળે તેવો પૃથ્વીનો દેખાવ મજા કરાવે છે.

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * * * *
* * * *
* * *

## મામા ભાણેજ બાહ્ય સૃષ્ટિમાં.

વિમર્શ અને પ્રકર્ષ–મામા ભાણેજ એવા શરદ્ સમયમાં અત્યંત મનોહર બગીચાઓને જોતાં, કમળખંડોથી વિભૂષિત સરોવરોને અવલોકતાં, નાનાં મોટાં હર્ષમાં આવી ગયેલાં ગામો ખાણો અને શહેરોને નીહાળતાં, ઇંદ્રમહોત્સવ[1] જોઇને હર્ષ પામતાં, દિવાળીનો મહોત્સવ અનેક સ્થાનોએ જોઇને રાજી થતાં અને કાર્તિક માસનો કૌમુદી મહોત્સવ જોઇ સંતોષ પામતાં અનેક બાહ્ય પ્રદેશોમાં ફર્યા, અનેક માણસોનાં હૃદયની પરીક્ષા કરી અને પોતે જે કામ માટે બહાર નીકળી પડ્યા હતા તેની સિદ્ધિ માટે અનેક ઉપાયોની યોજના કરી; પરંતુ ત્યાં તેમને રસનાની ઉત્પત્તિ સંબંધી હકીકત મળી નહિ, તેના મૂળનો કાંઇ પણ પત્તો લાગ્યો નહિ. આવી રીતે વિશાળ પૃથ્વીમાં તેઓ ફરતા હતા તેવામાં હેમંતઋતુ આવી પહોંચી.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

* * * * *
* * * *

## હેમંત વર્ણન.

[2]अर्घितचेलतैलवरकम्बलरल्लकचित्रभानुको,
विकसिततिलकलोध्रवरकुन्दमनोहरमल्लिकावनः ।
शीतलपवनविहितपथिकस्फुटवादितदन्तवीणको,
जलशशिकिरणहर्म्यतलचन्दनमौक्तिकसुभगताहारः ॥ १ ॥

---

૧ ઇંદ્રમહોત્સવ: આસો શુદ ૧૫ થી ઘણી જગ્યાએ આઠ દિવસનો ઇંદ્રમહોત્સવ થાય છે. નગરવાસી સ્ત્રીપુરૂષો નગર બહાર ઉજાણીએ જાય છે અને આનંદ કલ્લોલમાં વખત કાઢે છે.

૨ પ્રથમ પંક્તિવાળાની કિંમત વધે છે, બીજી પંક્તિવાળા વિકાસ પામે છે. ત્રીજી પંક્તિમાં જણાવેલ બનાવો બને છે અને ચોથી પંક્તિવાળાનું સૌભાગ્ય ચાલ્યું જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્ર, તેલ, કામળ, રજાઇ અને અગ્નિ કાંઇક કિંમતી દેખાય છે; તિલક લોધ્ર કુંદ મોગરો વિગેરે અનેક જાતિનાં પુષ્પવનો ખીલી રહ્યાં છે; ઠંડો પવન મુસાફરોના દાંતની વીણા વગાડે છે (ઠંડા પવનથી દાંત સામસામા ધ્રુજીને અથડાય છે) અને એ ઋતુ જળ, ચંદ્ર, કિરણ, મહેલની અગાશી, ચંદન અને મોતીની [1]સુભગતાને હરણ કરે છે.

એ હેમંત ઋતુમાં (કાર્તિક-માગસર માસમાં) દુર્જન માણસોની સોબતની પેઠે દિવસો[2] ટુંકા થાય છે, સજ્જનની મિત્રતાની પેઠે રાત્રીઓ લાંબી થાય છે, વિશુદ્ધ જ્ઞાનની પેઠે અનાજનો [3]સંગ્રહ કરવામાં આવે છે, જાણે કાવ્યની પદ્ધતિ હોય તેમ મનોહર વેણીઓની રચના[4] કરવામાં આવે છે, જાણે સજ્જનનાં હૃદયો હોય તેમ

---

૧ **સુભગતાઃ ભગ** શબ્દના બહુ અર્થ થાય છે. ઉત્કૃષ્ટપણું તે બતાવે છે. દરેક સાથે તેનો અર્થ ઘટાવીએઃ—

**જળઃ** અહીં **ભગ**નો અર્થ 'પ્રીતિ' કરવો. ઠંડું પાણી શિયાળામાં બહુ ભાવતું નથી.

**શશિઃ** ચંદ્ર. અહીં ભગનો અર્થ 'તેજ' કરવો. હેમંતમાં ચંદ્રનું તેજ ઓછું હોય છે.

**કિરણઃ** અહીં ભગનો અર્થ 'શોભા' કરવો. શિયાળામાં કિરણોમાં કાંઇ શોભા-દમ રહેતા નથી. અથવા ચંદ્રકિરણ સાથે લેવાથી 'તેજ' અર્થ વધારે બંધબેસતો આવશે.

**મહેલની અગાશીઃ** (હર્મ્યતલ). અહીં **ભગ**નો અર્થ 'પ્રેમ' કરવો. અગાશીમાં ઠંડીને લીધે બેસવું ગમે નહિ.

**ચંદનઃ** અહીં ભગનો અર્થ 'શક્તિ.' ગરમી ન હોય ત્યારે ચંદનનો કોઇ ભાવ પૂછે નહિ.

**મૌક્તિકઃ** અહીં **ભગ**નો અર્થ 'શોભા' થાય છે. મોતી ઠંડા લાગે તેથી પહેરવાં ગમે નહિ.

૨ કાર્તિક માગશરમાં દિવસ તદ્દન ટુંકા થઇ જાય છે, છેવટે લગભગ ૧૦ કલાક ૫૫ મીનિટના થાય છે. દુર્જનની સોબત પણ થોડો વખત જ ચાલે છે, ટુંકી થતી જાય છે.

૩ જ્ઞાની-સમજુ માણસો આગામી ચિંતા કરી જરૂરી વસ્તુ સંઘરી રાખે છે અથવા જ્ઞાનના સંગ્રહમાં જેમ સંતોષ થતો નથી તેમ અનાજ સંઘરવાનો સમય આ હેમંત ઋતુ હોઇને અનાજસંગ્રહથી સંતોષ થતો નથી.

૪ અહીં શ્લેષ **રચના** સાથે જ છે. કાવ્યની રચના કરવામાં આવે છે તેમ વેણી ગુંથવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખ[1] સ્નેહથી ભરપૂર થઇ જાય છે, શત્રુના સૈન્યનો અવાજ રણક્ષેત્રમાં સાંભળીને સામા આવી પડનાર સુભટો (સોવનીઓ) હોય તેમ અત્યંત દૂર દેશમાં ગયેલા પંથીજનો પોતાની સ્ત્રીઓની વિપુલ જંઘા અને સ્તનની (ઠંડીને દૂર કરે તેવી) ગરમીના સ્મરણથી પાછા પોતાના દેશમાં આવે છે.[2] તેમજ

प्रतापहानिः संपन्ना लाघवं च दिवाकरे;

अथवा ।

दक्षिणाशावलम्नस्य सर्वस्यापीदृशी गतिः ।

સૂર્યનો પ્રતાપ ઓછો થઇ ગયો છે અને તેનામાં કાંઇક લઘુત્વ-નાનાપણું પ્રાપ્ત થયું છે; અથવા તો જે કોઇ દક્ષિણા આશાનું અવલંબન કરે તે સર્વની એવી જ ગતિ થાય છે. સૂર્ય 'દક્ષિણા આશા' એટલે દક્ષિણ દિશાનું અવલંબન કરે છે તેથી તેના પ્રતાપની હાનિ થાય છે અને તે લઘુતાને ધારણ કરે છે (હેમંત ઋતુમાં સૂર્ય સંપૂર્ણ દક્ષિણ દિશામાં હોય છે, તે ઋતુ પૂરી થતાં તે ઉત્તર દિશામાં આવે છે તેથી ઉત્તરાયણ કહેવાય છે.) અને જે પ્રાણીઓ 'દક્ષિણા'-બક્ષિસની આશા ઉપર બેસી રહેનારા હોય છે તે સર્વની એવી જ હાલત થાય છે, તેઓનો પ્રતાપ ઓછો થાય છે અને તેઓ લઘુતા પામે છે.

अयं हेमन्तो दुर्गतलोकान्

[3]प्रियवियोगभुजङ्गनिपातितान्, शिशिरमारुतखण्डितविग्रहान् ।
पशुगणानिव मुर्मुरराशिभिः, पचति किं निशि भक्षणकाम्यया ॥

પોતાના પ્રિય જનના વિયોગરૂપ સર્પથી નીચે પડેલા અને ઠંડા [4]પવનથી શરીરે હેરાન થઇ જતા પીડિત અવસ્થામાં આવી પડેલા લોકોને જાણે તેઓ પશુ જ હોય નહિ તેમ એ હેમંત ઋતુ અગ્નિવડે ખાઇ જવાના ઇરાદાથી રાત્રે જાણે રાંધતો હોય નહિ તેમ લાગે છે.

* * * * *

* * * *

---

૧ સ્નેહ-શ્લેષ છે: (૧) સજ્જનનાં હૃદય સાથે તે 'પ્રેમ' સૂચવે છે; અને (૨) મ્હોઢાં સાથે તે તેલની 'ચીકાશ' સૂચવે છે.

૨ ખરો લડવૈયો રણહાક સાંભળીને જેમ રણક્ષેત્ર તરફ જાય છે તેમ પોતાની વહાલી સ્ત્રીનાં ગરમી આપનાર આકર્ષક અવયવો સંભારી મુસાફર આ ઋતુમાં પોતાના સ્વદેશ તરફ પાછો ફરે છે.

૩ દ્રુતવિલંબિત છંદ છે.

૪ લોકો શિયાળાની રાત્રીએ તાપણી કરીને બેસે છે તેનાપર ઉત્પ્રેક્ષા છે.

૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અંતરંગદેશે રસનાની મૂળશુદ્ધિ.
## રાજસચિત્ત નગરે મામા ભાણેજ.
## રાગકેસરી અને મિથ્યાભિમાન.

રાજસચિત્ત નગરે.

હવે એવી રીતે લગભગ ત્રણ માસ મામા ભાણેજ બાહ્ય પ્રદેશોમાં ફર્યા પણ તેઓને રસનાના મૂળનો કાંઇ પણ પત્તો લાગ્યો નહિ એટલે તેઓ અંતરંગ દેશમાં દાખલ થયા અને ત્યાં રસનાની મૂળશુદ્ધિ માટે જૂદા જૂદા પ્રદેશમાં તેઓ ફર્યા. એવી રીતે ફરતાં ફરતાં તેઓ એકદા રાજસચિત્ત[1] નગરે આવી પહોંચ્યા.

એ નગર જાણે મોટું જંગલ હોય નહિ તેવું લાંબું પણ ઘણા લોક વગરનું અને ધનધાન્યથી ભરપૂર માત્ર ઘરોવાળું પણ કોઇક જ સ્થળે ઘરનું રક્ષણ કરનાર ચોકીદારવાળું જોવામાં આવ્યું. આ નગરમાં આવતાં મામા ભાણેજ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

પ્રકર્ષ—“ મામા ! આ નગરમાં તો એટલા બધા ઓછા માણસો છે કે જાણે તે તદ્દન સ્મશાન જેવું શૂન્ય દેખાય છે-તેનું કારણ શું હશે ? આ નગર આવું કેમ થઇ ગયું હશે ? ”

વિમર્શ—“ આ આખું નગર સંપત્તિથી ભરપૂર દેખાય છે, તેમાં મોટી મોટી હવેલીઓ આવી રહેલી છે, માત્ર તેમાં લોકોની વસ્તી જોઇએ તેટલી જણાતી નથી, તેથી એમ જણાય છે કે આ નગરમાં કોઇ જાતનો ઉપદ્રવ નથી, માત્ર તે નગરનો રાજા કોઇ પ્રયોજનને લઇને બહાર ગયો જણાય છે અને તેની સાથે તેનો પરિવાર પણ ગયો જણાય છે એવું અનુમાન થાય છે.”

પ્રકર્ષ—“ આપે જે અનુમાન કર્યું તે મને પણ ઠીક લાગે છે.”

વિમર્શ—“ ભાઇ ! એમાં તે શી મોટી વાત કરી ! જે સર્વ વસ્તુ દેખાય છે-તે સર્વનું અંદરનું તત્ત્વ હું જાણું છું, તેથી તને બીજી કોઇ પણ બાબતમાં કાંઇ પણ શંકા થાય ત્યારે તારે મને ખુશીથી પૂછ્યા કરવું.”

---

૧ ત્રીજા પ્રસ્તાવમાં બોધના કહેવાથી પ્રભાવ સ્પર્શનની મૂળશુદ્ધિ કરવા ગયો હતો. ત્યાં પૃષ્ઠ ૩૮૬-૭ માં રાજસચિત નગર સંબંધી તેમ જ રાગકેસરી સંબંધી થોડી હકીકત આવેલ હતી તેપર ધ્યાન ખેંચવામાં આવે છે. ત્યાં સાધારણ વાત કરી હતી, અહીં વિસ્તારથી સર્વ હકીકત આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકર્ષ—"મામા! ત્યારે તો એક બે વાત હમણા જ પૂછી લઉં. બીજી વળી પ્રસંગે પૂછીશ. જુઓ! આ નગરનો નાયક પણ તેમાં નથી અને લોકો પણ આ નગર છોડીને હાલ તો બહારગામ ગયા જણાય છે, છતાં નગર પોતાની શોભા છોડતું નથી, સૌંદર્યને જરા પણ ઓછું કરતું નથી-તેનું કારણ શું?"

વિમર્શ—"આ નગરમાં કોઇ મહા પ્રભાવવાળો પુરૂષ રહે છે તેના પ્રતાપથી આ નગરની શોભા બની બની રહી છે."

પ્રકર્ષ—"મામા! જો એમ છે તો આપણે આ નગરના અંદરના ભાગમાં જઇને એ પુરૂષને જોઇએ તો ખરા."

વિમર્શ—"ભલે ચાલો! એમ કરીએ."

**મિથ્યાભિમાન અધિકારી.**

ત્યાર પછી તેઓ બન્ને મામા ભાણેજ નગરમાં દાખલ થયા અને રાજમહેલ સુધી આવી પહોંચ્યા. ત્યાં તેઓએ મિથ્યાભિમાન નામનો અધિકારી[1] પુરૂષ જોયો. એ અધિકારીની આસપાસ અહંકાર વિગેરે થોડાક પુરૂષોનો પરિવાર બેઠેલો હતો. વિમર્શે હવે ભાણેજને ઉદ્દેશીને કહ્યું "ભાઇ! આ રાજસચિત્ત નગરની અત્યારે જે શોભા જણાય છે તે આ અધિકારી પુરૂષને લઇને છે."

પ્રકર્ષ—"જો એમ છે તો આપણે એ અધિકારીની પાસે જઇને તેની સાથે વાતચીત કરીએ અને તેને બધી હકીકત પૂછીએ."

વિમર્શ—"ભલે, ચાલો! એમ કરીએ."

ત્યાર પછી મામા ભાણેજે મિથ્યાભિમાનની પાસે જઇને તેની સાથે કેટલીક વાતચીત કરી અને પછી પૂછ્યું કે "ભદ્ર! શા કારણથી આ નગરમાં હમણા માણસો બહુ જ ઓછા રહ્યા હોય એમ જણાય છે?"

મિથ્યાભિમાન—"અરે! આ વાત તો સારી રીતે જાહેર થયેલી છે. તમને શું એ વાતની ખબર જ નથી?"

વિમર્શ—"ભદ્ર! આપ કોપાયમાન ન થશો. અમે બન્ને તો મુસાફર છીએ તેથી અમને એ વાતની ખબર નથી. વળી અમને આ હકીકત જાણવાની ઘણી જિજ્ઞાસા છે તેથી તમે અમને એ હકીકત જણાવો."

---

1 રાજ્યનો ઓફીસર, રખેવાળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મિથ્યાભિમાન**—"આ નગરના સ્વામી [1]**રાગકેસરી** નામે છે એની પ્રસિદ્ધિ ત્રણ ભુવનમાં થયેલી છે અને એ પ્રભાતમાં નામ લેવા યોગ્ય મહાપુરૂષ ગણાય છે. એ રાગકેસરીના પિતાનું નામ **મહામોહ**[2] છે. એ પિતા પુત્રના [1]વિષયાભિલાષ વિગેરે અનેક મંત્રીઓ અને અધિકારીઓ છે. તેઓ આ દેશમાંથી પોતાના આખા લશ્કર સાથે લડાઇ કરવા માટે નીકળી પડેલા છે તે વાતને અનંતો કાળ થયો. અહીંથી રાજા તથા આખું લશ્કર બહાર ગયેલું છે તેથી આ નગરમાં માણસો ઓછા દેખાય છે."

**વિમર્શ**—"ભદ્ર મિથ્યાભિમાન! એ રાગકેસરી રાજાને કોની સાથે લડાઇ ચાલે છે?"

**મિથ્યાભિમાન**—"એક દુરાત્મા [3]**સંતોષ** નામનો પાપી માણસ છે તેની સાથે તેમને લડાઇ ચાલે છે."

**વિમર્શ**—"એની સાથે લડાઇનું શું કારણ ઉત્પન્ન થયું?"

**મિથ્યાભિમાન**—"વાત એમ છે કે પહેલાં મહારાજા રાગકેસરીના હુકમથી મંત્રી વિષયાભિલાષે પોતાના માણસો સ્પર્શન રસના વિગેરે પાંચ જણને જગતને વશ કરવા માટે મોકલ્યા હતા અને એ પાંચે જણાએ લગભગ આખા જગતને વશ કર્યું હતું; તેવામાં પેલા પાપી સંતોષે એ પાંચેને હઠાવી દઇને કેટલાક લોકોને બચાવી લીધા અને નિર્વૃત્તિ નામની નગરીએ પહોંચાડી દીધા. આ હકીકતની જ્યારે મહારાજા રાગકેસરીને ખબર પડી ત્યારે તે હકીકત સાંભળતાં તેમને પાપી સંતોષ ઉપર ઘણો ગુસ્સો થઇ આવ્યો અને એને હઠાવવા માટે રાજા પોતે જ નીકળી પડ્યા. લડાઇનું મૂળ કારણ આ છે."

**વિમર્શે**—વિચાર કર્યો કે–અહો! રસનાના નામનો તો કાંઇક પત્તો લાગ્યો. એનું મૂળ ક્યાંથી શરૂ થાય છે તે હકીકત નામથી તો જાણવામાં આવી! બાકી એના ગુણ સંબંધી હકીકત તો વિષયાભિ-

---

૧ **રાગકેસરી**ની કાંઇક હકીકત પૃ. ૩૮૯ માં આવી છે. **વિષયાભિલાષની હકીકત** પણ એજ પૃષ્ઠમાં છે. (પ્ર. ૩. પ્ર. ૪ થું.)

૨ પ્રભાવના રિપોર્ટમાં **મહામોહ** પિતાનું વર્ણન પૃ. ૩૯૧-૩૯૩ સુધી છે.

૩ **સંતોષ**ની શરૂઆતની હકીકત માટે પ્રભાવનો રિપોર્ટ જુઓ. પ્રસ્તાવ ૩ પ્રકરણ ૪. ત્યાં માત્ર **સંતોષ** સાથે તેઓ લડવા ગયા એટલી જ વાત આવી છે. પૃ. ૩૯૬ માં જણાવ્યું છે કે **સંતોષ** સંબંધી વધારે હકીકત તે જાણતો નથી. અહીં તે હકીકત આગળ જતાં વિસ્તારથી આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાપને મળશું ત્યારે જાણવામાં આવશે. ઘણે ભાગે છોકરાંઓ પોતાના બાપ જેવાં જ હોય છે તેથી જ્યારે હું વિષયાભિલાષ મંત્રીને જોઇશ ત્યારે એ વાતનો નિર્ણય બહુધા તો થઇ જશે. આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને વિમર્શે કહ્યું "અરે ભદ્ર! જો હકીકત તમે કહી તે પ્રમાણે છે તો પછી તમે પોતે અહીં કેમ રહ્યા છો? તમે લડવા કેમ ગયા નથી."

**મિથ્યાભિમાન**—"જ્યારે અમારૂં લશ્કર અહીંથી કુચ કરવા તૈયાર થયું ત્યારે હું પણ સર્વે સાથે તૈયાર થઇ બહાર નીકળ્યો હતો; પણ અમારા રાજા રાગકેસરીએ મને લશ્કરના મુખભાગમાં જોઇને પાછો બોલાવ્યો અને કહ્યું 'આર્ય મિથ્યાભિમાન! તમારે તો આ નગરને મૂકીને બહાર જવું જ નહિ. અમે આ નગરથી બહાર જશું તો પણ જો તમે અહીં રહેલા હશો તો તેની શોભામાં જરા પણ ઓછાશ આવશે નહિ અને તેના ઉપર કોઇ ચડાઇ પણ લઇ આવશે નહિ. વસ્તુતઃ જાણે અમે પોતે જ અહીં (રાજસચિત્ત નગરમાં) [1]હાજર હોઇએ–એમ બની આવશે કારણ કે તમે જ આ નગરનું રખેવાળું કરવાની શક્તિવાળા છો.' અમારા રાજા રાગકેસરીનો આ હુકમ મેં માથે ચઢાવ્યો અને તેથી મારૂં અહીં રહેવું થયું."

**વિમર્શ**—"ત્યારે તમારા રાજા લડવા ગયા છે તેમની તબીઅત વિગેરેની તેમજ લડાઇના સમાચાર સંબંધી કાંઇ હકીકત તમને ત્યાર પછી મળી છે કે નહિ?"

**મિથ્યાભિમાન**—"અરે હારે હા! ઘણી હકીકત મળી છે. અમારા રાજાનાં દૈવી સાધનોથી લડાઇમાં લગભગ તો તેમની જીત થઇ ગઇ છે, પરંતુ પંચાત એ થઇ છે કે પેલા પાપી સંતોષને સર્વથા હઠાવી શકાતો નથી. તે લુચ્ચો વચ્ચે વચ્ચે અમારા રાજાને થાપ આપી દે છે અને કોઇ કોઇ મનુષ્યને નિર્વૃત્તિ નગરીએ ઘસડી જાય છે. આથી જોકે રાગકેસરી રાજા પોતે લડવા ગયા છે અને સંતોષને હઠાવવાના કામમાં મંડી રહ્યા છે છતાં પણ આટલો વખત થયો છે."

**વિમર્શ**—"ત્યારે હાલ તમારા રાજા ક્યાં સંભળાય છે?"

આવો સવાલ સાંભળીને મિથ્યાભિમાનના મનમાં શંકા થઇ આવી કે કદાચ આ બે જણા (વિમર્શ–પ્રકર્ષ) દુશ્મનોના બાતમી-

---

૧ **રાજસી** પ્રકૃતિમાં મોટું **અભિમાન** મુખ્ય ભાગ બજાવે છે, તેથી કદાચ **વિષય અભિલાષા** સત્તામાં હોય તો પણ અભિમાન એ પ્રકૃતિને જાળવી રાખે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાર દૂતો હશે અને ગુપ્તચર તરીકે હકીકત મેળવવા આવ્યા હશે. આવા વિચારથી તેણે વાત ઉડાવી. જવાબમાં તેણે કહ્યું કે "મને એ બાબતની ચોક્કસ ખબર નથી. અહીંથી જ્યારે રાગકેસરી રાજા વિદાય થયા ત્યારે તેઓ તામસચિત્ત નગર તરફ જવાના હતા એમ તેમના બોલવા પરથી જણાતું હતું. કદાચ હાલ પણ તેઓ ત્યાં જ હશે."

**વિમર્શ**—"અમને જે હકીકત જાણવાનું કુતૂહળ થયું હતું તે તમારા જવાબથી પૂર્ણ થયું. તમે અમને સર્વ હકીકત જણાવી અને તમારી-સજ્જનતા બતાવી બહુ સારૂં કર્યું. હવે અમે જશું."

**મિથ્યાભિમાન**—"બહુ સારૂં તમારી ફતેહ થાઓ."

**વિમર્શ**-આ વચન સાંભળી રાજી થયો, અરસ્પરસ બન્નેએ માથું સહજ નમાવ્યું અને ત્યાર પછી વિમર્શ અને પ્રકર્ષ રાજસચિત્ત નગરની બહાર નીકળ્યા.

* * * *
* * *

## તામસચિત્તપુરે મામા ભાણેજ.
## દ્વેષગજેંદ્ર અને અવિવેકિતા.
## રાજારાણીની ગેરહાજરી.

JAINSITE जैन साईट

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! આપણે આ મિથ્યાભિમાન પાસેથી વાત સાંભળી તે પરથી એટલું જણાયું કે વિષયાભિલાષના મોકલેલા માણસોમાં રસના એક છે. હવે આપણે જાતે વિષયાભિલાષને મળીને એ રસનાનું ગુણથી સ્વરૂપ કેવું છે તેનો નિશ્ચય કરીએ. અને ચાલો! તેટલા માટે આપણે હવે [2]તામસચિત્ત નગરે જઇએ."

**પ્રકર્ષ**—"જેવી મામાની મરજી."

* *

### તામસચિત્ત નગર.

ત્યાર પછી તુરત જ મામા ભાણેજ **તામસચિત્તપુર**[3] નગર તરફ જવા સારૂં નીકળ્યા.

---

૧ અહીં એ. સો. એ. સોસાયટિવાળા મૂળ છાપેલ પુસ્તકનું પૃ. ૫૦૦ શરૂ થાય છે.

૨ આ પ્રમાણે વિચક્ષણાચાર્ય સર્વ હકીકત સિદ્ધાર્થપુરમાં નરવાહન રાજા સમક્ષ કહે છે. સંસારીજીવ આખી વાર્તા જેવી પોતે રિપુદારણના ભવમાં સાંભળેલી તેવી અગ્રહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહે છે.

૩ **તામસચિત્તપુર.** આ નગરની હકીકત અગાઉ પૃ. ૫૭૫ માં આવે છે. ત્યાં દ્વેષગજેંદ્રની ભાર્યા અવિવેકિતા ગયેલી બતાવી છે. અહીં તેનું વિસ્તારથી વર્ણન છે.

नाशिताशेषसन्मार्गमामूलतस्तेन दुर्गं न लङ्घ्यं परेषां सदा ।
सर्वदोद्योतमुक्तं च तद्वर्तते चौरवृन्दं तु तत्रैव संवर्धते ॥
वल्लभं तत्सदा पापपूर्णात्मनां निन्दितं तत्सदा शिष्टलोकैः पुरम् ।
कारणं तत्सदानन्तदुःखोदधेर्वारणं तत्सदाशेषसौख्योन्नतेः ॥

એ નગરના સર્વ સારા રસ્તાઓ[1] મૂળથી નાશ પામી ગયા હતા, તેને લીધે એ નગરના [2]શત્રુઓથી તેનો કિલ્લો એકદમ ઓળંગી શકાય તેવો ન હોતો; વળી તે નગર હમેશાં [3]પ્રકાશથી મુક્ત હતું (અંધકારમય હતું ) અને [4]ચોર લોકો ત્યાં સારી રીતે આશ્રય પામી વધી શકે તેમ હતું; પાપથી ભરેલા આત્માઓને તે નગર સદા બહુ વહાલું હતું, સારા માણસોને તે નગર તરફ તિરસ્કાર આવતો હતો, અનંત દુઃખસમુદ્રને પોષણ કરવાનું તે નગર કારણભૂત હતું, કોઇ પણ પ્રકારના સુખની ઉન્નતિને તે નિવારણ કરે તેવું હતું.

વિચક્ષણાચાર્ય કહે છે કે–એ નગર એવું હોવા છતાં વિમર્શ પ્રકર્ષને કેવું દેખાયું તે તમને જણાવું છું: મોટો દાવાનળ લાગવાથી એકદમ કાળું થઇ ગયેલું મોટું જંગલ હોય નહિ તેવું તે નગર તેમને જણાયું. એ નગરમાં પણ ઘણા લોકો ન હોવા છતાં રાજસચિત્ત નગરની પેઠે તે નગરે પણ પોતાની શોભાને મૂકી ન હોતી–આવું તે નગર મામાભાણેજના જોવામાં આવ્યું.

પ્રકર્ષે પોતાના મામાને પૂછ્યું "મામા! આ નગરમાં પણ કોઇ રખેવાળ છે ખરો કે?"

વિમર્શે જવાબમાં કહ્યું "આ નગરનો ખાસ રખવાળ હોય તેમ તો જણાતું નથી, પણ નાયકના જેવા આકારને ધારણ કરી સાધારણ રીતે તેવું કામ કરનાર કોઇ માણસ જણાય છે."

મામાભાણેજ આ વાત કરતા હતા તે વખતે એક શોક[5] ના-

---

૧ રસ્તાઓ બેવડા અર્થમાં છે. નગરમાં શેરીઓ, રસ્તાઓ અને અધ્યાત્મમાં સારા માર્ગો.

૨ એ નગરના શત્રુઓમાં સંતોષ, શમ, દમ વિગેરે સમજવા. તેઓને આ નગર ભેદવાનું કામ મુશ્કેલ પડે તેવું હતું.

૩ પ્રકાશઃ (૧) નગરમાં અજવાળું; (૨) તામસચિત્તમાં અંધકાર જ હોય એ એનો આધ્યાત્મિક ભાવ.

૪ ચોર લોકો તે ક્રોધાદિક સમજવા.

૫ શોકઃ દિલગીરી. તામસી પ્રકૃતિનું પરિણામ છે. આ તામસચિત્ત નગરમાં એ અગ્રપદ ભોગવે છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મનો મોટો અધિકારી તેમના જોવામાં આવ્યો, તેની આસપાસ દૈન્ય[1] આક્રન્દન, વિલપન વિગેરે હજુરીઆઓ ચાલી રહ્યા હતા અને તે અધિકારી તામસચિત્ત નગરમાં દાખલ થવાની ઇચ્છા રાખતો હોય એમ જણાતું હતુ. વિમર્શ પ્રકર્ષે તેની સાથે પ્રથમ સહજ વાતચીત કરી અને પછી પૂછ્યું કે “ભદ્ર! આ નગરનો રાજા કોણ છે?”

દ્વેષગજેંદ્ર.

**શોક**—“અરે! આ નગરના રાજા તો ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ છે–જાણીતા છે. જુઓ! જે મહામોહ રાજાનો દીકરો રાગકેસરી રાજાનો ભાઇ અને અવિવેકિતાનો પતિ-તે અહીંનો રાજા તો ઘણો પ્રસિદ્ધ છે. તેના પ્રતાપથી તેના સર્વ શત્રુઓ હણાઇ ગયા છે અને તે હણાયલા શત્રુઓ ભયથી ધ્રૂજી જઇને સ્વર્ગમાં પાતાળમાં અને મર્ત્યલોકમાં રહ્યા સતા તેનું નામ વારંવાર જપ્યા કરે છે. એનું નામ મહારાજા [2]દ્વેષગજેન્દ્ર છે. તે અદ્ભુત શક્તિવાળા છે, મોટા પરાક્રમવાળા છે અને અપરંપાર વીર્ય-તેજવાળા છે. એ મોટા રાજાનું નામ લેવાની કે પૂછવાની પણ કોની તાકાત છે? અરે એ મહારાજા તો બાજુએ રહો–એમની તો જૂદી વાત! પણ એ મહારાજાને વહાલી અતિ પ્રખ્યાત દેવી [3]અવિવેકિતા છે કે જે પોતાની શક્તિથી ત્રણે ભુવનને મુંઝવી નાખે છે. એ અવિવેકિતા મહામોહ સસરાનો હુકમ બરાબર અમલમાં મૂકે તેવી અને વડીલ તરફ પ્રેમ રાખનારી છે અને પતિના વડીલ બંધુ રાગકેસરીની પત્ની મહામૂઢતાના કહ્યાંમાં બરાબર રહેનારી છે. વળી તે કદાપિ પણ પોતાના જેઠ રાગકેસરીના હુકમનું અપમાન કરતી નથી અને તેની સ્ત્રી–(પોતાની જેઠાણી–મહામૂઢતા) સાથે જાણે પોતાને ખાસ બહેનપણાં હોય નહિ તેવો પ્રેમ દેખાડે છે. વળી પોતાના પતિ દ્વેષગજેન્દ્ર ઉપર તેને ઘણો પ્રેમ છે અને તેનામાં ઘણી આસક્ત રહે છે, તેથી એવી પતિપરાયણ ભાર્યા તરીકે તેણે લોકોમાં સારી વિખ્યાતિ પ્રાપ્ત

---

૧ શોકની સાથે **દૈન્ય** (દીનતા–ગરીબાઇ–રાંકાઇ), **આક્રન્દન** (મોટેથી રડવું) અને **વિલપન** (વિલાપ કરવો) હોય છે.

૨ **દ્વેષગજેન્દ્ર**–એનું નામ પૃ. ૫૭૫ માં સૂચવ્યું છે. ધ્યાનમાં રાખવું કે એ **મહામોહ**નો દીકરો છે અને **રાગકેસરી**નો ભાઇ છે. મોહથી રાગ અને દ્વેષ થાય છે એ લક્ષ્યમાં લેવું.

૩ **અવિવેકિતા.** એ **નંદિવર્ધન**ની ધાવ માતા હતી અને **વૈશ્વાનર**ની માતા થાય. એની ઓળખાણ પૃ. ૩૪૬ માં થઇ ગઇ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી છે. અરે ભલા માણસ! આ અમારા રાજા અને રાણી તો એવી રીતે ત્રણ ભુવનમાં સારી રીતે વિખ્યાતિ પામેલા છે, છતાં આજે વળી એ કોણ છે એવું પૂછવા તમે તે ક્યાંથી નીકળી પડ્યા?"

વિમર્શે જવાબમાં કહ્યું, "ભદ્ર! તમે અમારા ઉપર કોપાયમાન ન થશો, કારણ કે **આ દુનિયામાં સર્વ પ્રાણી સર્વ હકીકત જાણે તે તો કદિ બની શકે તેવું નથી.** અમે તો ઘણા દૂર દેશથી હમણાજ ચાલ્યા આવીએ છીએ, તેથી આ તમારૂં નગર અમે જોયું જ નથી. બાકી તમારા રાજારાણીનું નામ તો અમે સાંભળ્યું હતું, પરંતુ દ્વેષગજેન્દ્ર રાજા પોતે હાલ અહીં છે કે કોઇ બીજે નગરે ગયા છે તે વાતની અમને બરાબર ચોક્કસ ખબર નહોતી, તેથી માત્ર જાણવા ખાતર મનનો સંદેહ આપને પૂછ્યો હતો. માટે ભાઇ! હવે અમને તમે જણાવો કે દ્વેષગજેંદ્ર રાજા હાલ અહીં છે કે બહારગામ ગયેલા છે? અને અમે એ રાજેશ્રીને ક્યાં મળી શકીએ?"

રાગદ્વેષ રણે ચઢ્યા છે.

**શોક**—"આ હકીકત તમે પૂછો છો તે પણ સર્વેના જાણવામાં સારી રીતે આવી ગયેલી છે. તમે એવી જગજાહેર વાત પણ શું જાણતા નથી? જુઓ મહારાજા મહામોહ, તેમના જ્યેષ્ઠ પુત્ર રાગકેસરી અને અહીંના રાજા દ્વેષગજેંદ્ર (મહામોહના બીજા પુત્ર) પોતપોતાનું આખું લશ્કર લઇને પેલા હરામખોર સંતોષ નામના ચોટ્ટાને સારી ઉખેડી નાખવાનો પાકો ઠરાવ કરીને નીકળી પડ્યા છે અને તે વાતને તો ઘણો વખત થઇ ગયો. અરે! આ વાતની પણ તમને ખબર નથી?"

**વિમર્શ**—"એમ છે તો ભાઇ! તમે અહીં શા માટે આવ્યા છો? અને દેવી અવિવેકિતા તો હાલ આ જ નગરમાં છે ને?"

**શોક**—"ભાઇ! દેવી અવિવેકિતા હાલ આ નગરમાં પણ નથી અને મહારાજા દ્વેષગજેંદ્ર સાથે રણક્ષેત્રમાં પણ નથી. એમ થવાનું કારણ શું છે તે હું તમને કહું છું તે ધ્યાન રાખીને સાંભળો. જે વખતે તમને ઉપર જણાવ્યું તેમ મહારાજા મહામોહ તથા રાગકેસરીએ સંતોષ નામના ચોરનો નાશ કરવાનો નિર્ણય કર્યો અને આખું લશ્કર લઇને ચાલવા તૈયાર થયા ત્યારે આ નગરના રાજા દ્વેષગજેંદ્ર પણ તેમની સાથે મદદમાં લડવા જવા તૈયાર થયા. રાજા દ્વેષગજેંદ્રે જ્યારે કુચ કરવાની તૈયાર કરી ત્યારે દેવી અવિવેકિતા પણ તેમની સાથે જવાને તૈયાર થયા. રાજા દ્વેષગજેંદ્રે પોતાની વ્હાલી પત્નીને તે વખતે કહ્યું 'દેવી! અત્યારે તમારૂં શરીર રણક્ષેત્રમાં જવા યોગ્ય નથી. લડાઇ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણો લાંબો વખત અને જોરથી ચાલશે તેમ જણાય છે. અત્યારે તમે ગર્ભ ધારણ કર્યો છે અને તે ગર્ભના ભારથી મુક્ત થવાને આ છેલ્લો માસ છે તેથી રણક્ષેત્રમાં તમને સાથે લઇ જવા યુક્ત નથી. માટે તમે તો અહીં જ રહો. હાલ તો અમે એકલા જ લડાઇમાં જઇશું.' આના જવાબમાં દેવી અવિવેકિતાએ કહ્યું. 'નાથ ! તમારા વગર[1] આ નગર (તામસચિત્ત) માં હું એકલી રહી શકું તેમ નથી, માટે કૃપા કરીને મને સાથે જ લઇ જાઓ.' આવો ઉત્તર સાંભળી રાજા દ્વેષગજેંદ્રે ફરીવાર કહ્યું 'તમારે અહીં ન રહેવું હોય તો પણ ભારે શરીરે લડાઇના મેદાનમાં આવવું એ તો કોઇ પણ રીતે યોગ્ય નથી; માટે તમે હાલ રૌદ્રચિત્તપુરે[2] જાઓ. ત્યાંનો [3]દુષ્ટાભિસન્ધિ નામનો રાજા તમારી સારી રીતે સારસંભાળ કરશે. એ રાજા મારા સૈન્યનો માણસ છે અને પવિત્ર છે. તે કોઇ પણ પ્રકારની ચિંતા તમને ન રહે તેવી સર્વ સગવડો કરી આપશે.' દેવીએ જવાબમાં કહ્યું 'અમારે આપશ્રીને શું કહેવું ? કરવા યોગ્ય સઘળું આપ જાણો છો.'

અવિવેકિતાને રૌદ્રચિત્તપુરે મોકલાવી આપ્યા છે.

"આ પ્રમાણે વાતચીત થયા પછી યોગ્ય ભલામણ કરીને રાજા દ્વેષગજેંદ્ર તો મહામોહ વિગેરેની સાથે લડાઇના મેદાન તરફ વિદાય થયા અને તેમના હુકમથી દેવી અવિવેકિતા [4]રૌદ્રચિત્તપુર નગરે ગયા. ત્યાર પછી એ અવિવેકિતા દેવી કોઇ કારણને લઇને હાલ બહિરંગ પ્રદેશમાં રહ્યા છે, કારણ કે કયે વખતે શું કરવું તે દેવી બરાબર સમજે છે. દેવી અહીંથી ગયા ત્યાર અગાઉ તેમણે એક પુત્રને[5] જન્મ આપ્યો હતો અને પતિની સાથે યોગ થવાથી હમણા વળી તેમણે એક[6] બીજા પુત્રને જન્મ આપ્યો છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે. આટલા માટે અવિવેકિતા દેવી હાલ અહીં નથી. હવે મારૂં અહીં આવવાનું કારણ શું છે એમ તમે પૂછતા હતા તેનો જવાબ પણ સાંભળો—"

---

૧ દ્વેષવગર અવિવેક કાંઇ કરી શકતો નથી.

૨ રૌદ્રચિત્તપુર નગરના વર્ણન માટે જુઓ પૃ. ૫૭૧-૭૨.

૩ દુષ્ટાભિસન્ધિ રાજાના વર્ણન માટે જુઓ પૃ. ૫૭૨-૭૩.

૪ રૌદ્રચિત્તપુર નગરમાં અવિવેકિતાદેવી આવ્યા હતા એવી વાત પૃ. ૫૭૬ પર કરી છે. એનું કારણ ત્યાં જણાવ્યું ન હોતું તે અત્ર સ્પષ્ટ થાય છે.

૫ આ પુત્ર **વૈશ્વાનર** હતો તે વાંચનાર સમજી જશે. જુઓ પૃ. ૩૪૬.

૬ આ બીજો પુત્ર **શૈલરાજ** આઠ માથાવાળો છે. એના જન્મની હકિકત માટે જુઓ પૃ. ૭૦૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * * *

* * *

## આંતર ખુલાસો.

{આ પ્રમાણે **સંસારીજીવ** પોતાના ચરિત્રની સર્વ હકીકત મહાત્મા **સદાગમ** સમક્ષ સંભળાવતો હતો તે વખતે **અગૃહીતસંકેતાને** તેની બહેનપણી **પ્રજ્ઞાવિશાળાએ** કહ્યું—"વહાલી બહેન ! આ **સંસારીજીવે** જે વખતે **નંદિવર્ધનના** ભવમાં **વૈશ્વાનર** સંબંધી હકીકત કહી હતી તે વખતે [1]**હિંસાની** સાથે લગ્ન થતી વખતે **વૈશ્વાનરની** મૂળ તપાસને અંગે અગાઉ [2]જણાવ્યું હતું કે-'એ **તામસચિત્ત** નગર કેવું છે, એ **દ્વેષગજેંદ્ર** રાજા કેવો છે, તેની **અવિવેકિતા** રાણી કેવી છે અને **તામસચિત્ત** નગરથી **રૌદ્રચિત્તપુર** નગરમાં એ **અવિવેકિતાને** જવાનું કારણ શું બન્યું હતું તે સર્વ અમે આગળ જતાં કહીશું-' તે હકીકત અત્યારે **સંસારીજીવે** જણાવી તે તારા સમજવામાં આવી હશે?"

**અગૃહીતસંકેતાએ** કહ્યું "હા ! બહેન ! તેં મને ઠીક યાદ આપ્યું ! હું તે હકીકત હવે બરાબર સમજી."

ત્યાર પછી **પ્રજ્ઞાવિશાળાએ** **સંસારીજીવને** કહ્યું "ભદ્ર ! જે વખતે **વિચક્ષણાચાર્ય** **નરવાહન** રાજાની સમક્ષ ઉપરની **વિમર્શ** **પ્રકર્ષની** સર્વ હકીકત કહી સંભળાવતા હતા અને **રિપુદારૂણ** તરીકે તું તે સભામાં બેસી સર્વ હકીકત સાંભળતો હતો તે વખતે એ **અવિવેકિતાનું** પૂર્વ ચરિત્ર તને જણાયું હતું ? અને તને ખબર પડી હતી કે તારા અગાઉના ( **નંદિવર્ધન** તરીકેના) ભવના મિત્ર **વૈશ્વાનરની** જે માતા **અવિવેકિતા** હતી અને જે તારી તે વખતે ધાવમાતા હતી તેજ **અવિવેકિતા** **રિપુદારણના** ભવમાં **શૈલરાજ** નામના તારા મિત્રની માતા હતી ? કે એ હકીકત તારા સમજવામાં તે વખતે આવેલી જ નહિ ?"

**સંસારીજીવે** જવાબમાં **પ્રજ્ઞાવિશાળાને** કહ્યું "મને તે વખતે કાંઇ પણ વાત સમજવામાં આવી ન હોતી. મને આ કહેવામાં આવતો મારો એક પછી એક અનેક અનર્થો સાથેનો સંબંધ મારા અજ્ઞાનનું જ પરિ-

---

૧ **હિંસા** પુત્રીના વર્ણન માટે જુઓ પૃ. ૫૭૪-૫.

૨ જુઓ પૃ. ૫૭૬. ત્યાં એજ શબ્દોમાં વર્ણન મુલતવી રાખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ણામ હતું. હું તો તે વખતે એમ જ વિચારતો હતો કે એ સાધુ ( **વિ-ચક્ષણાચાર્ય** ) મારા પિતાને કોઇ મજાની કથા કહે છે. એ **વાર્તાની** અંદર રહેલ ભાવાર્થ કે રહસ્યને જેમ અત્યારે **અગૃહીતસંકેતા સમ-**જતી નથી તેમ હું પણ જરાએ સમજતો ન હોતો. ”

**અગૃહીતસંકેતાએ** કહ્યું, “ ત્યારે શું આ વાર્તા કહો છો તેમાં અંદર કાંઇ ખાસ રહસ્ય છે ? કોઇ ઊંડો ભાવાર્થ રહેલો છે ? ”

**સંસારીજીવે** જવાબમાં કહ્યું “ હા, એમાં ઘણો ભાવાર્થ રહેલો છે.[1] **મારા ચરિત્રમાં ઘણે ભાગે ગૂઢાર્થ વગરનું એક પણ વાક્ય નથી.** માટે તારે વાર્તા માત્ર સાંભળીને તેટલાથી સંતોષ ન પકડી લેવો, પણ તેનો ગૂઢાર્થ પણ સમજવો. એનો ગૂઢાર્થ બરાબર સ્પષ્ટ રીતે સમજાય તેવો જ છે, છતાં પણ **અગૃહીતસંકેતા** ! જો કોઇ જગ્યોએ એ ભાવાર્થ તારા સમજવામાં ન આવે તો તારે **પ્રજ્ઞાવિશાળાને** પૂછી જોવું. તે મારા વચનનો ભાવાર્થ બરાબર સમજે છે. ”

**અગૃહીતસંકેતાએ** કહ્યું કે, “ ઠીક, એમ કરીશ, પણ હાલ તો ચાલુ વાત આગળ ચલાવો. ”}

* * * * * *

ત્યાર પછી **વિચક્ષણસૂરિએ** જે પ્રમાણે હકીકત કહી હતી તે પ્રમાણે **સંસારીજીવે અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા** સાંભળે તેમ સદાગમ સમક્ષ વાર્તા આગળ ચલાવી—

* *

શોકે **તામસચિત્ત** નગરમાં રાજા રાણી ( **દ્વેષગજેન્દ્ર** અને **અવિવે-કિતા** ) નથી તેનું કારણ જણાવ્યા પછી પોતાને (શોકને) તે નગરે આવ-વાનું કારણ મામા ભાણેજને કહી સંભળાવ્યું હતું તે હવે સાંભળો—

## શોકનું તામસચિત્તપુરે આગમનકારણ.
## અતિમોહનું તામસચિત્તમાં સ્થાન.

[2]**વિમર્શ**—“ હા ભાઇ ! આપનું અહીં આવવાનું કારણ હવે અમને જણાવવાની કૃપા કરો. ”

---

૧ આખી કથામાં કોઇ ભાગ નકામો નથી, કોઇ વાક્ય નકામું નથી. ધ્યાન રાખો. ન સમજાય તો **પ્રજ્ઞાવિશાલોને** ( પોતાથી વધારે સમજુ-જ્ઞાનીને ) પૂછી ભાવાર્થ સમજો.

૨ આનો સંબંધ પૃ. ૭૯૮ ના છેડા સાથે છે. ત્યાંથી વાત આગળ ચાલુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોક—"આ નગરમાં મારો એક ખાસ જીવજાન દોસ્તદાર [1]મતિમોહ નામનો મહાબળવાન્ અધિકારી છે. મારો તેના ઉપર ઘણો જ પ્રેમ છે અને તે ઘણો જબરો છે. ભદ્ર! અમારા મહારાજાના જબરજસ્ત સૈન્યને મહા અટવી( મોટા જંગલ )માં મૂકીને હાલ મારા તે મિત્રને મળવા સારૂં હું અહીં આવ્યો છું."

વિમર્શ—"ત્યારે તે ( મતિમોહ ) તમારા સ્વામી સાથે સૈન્યમાં કેમ ગયો નથી?"

શોક—"મહારાજાએ ( દ્વેષગજેન્દ્રે ) એને આ નગરમાં જ સ્થાપન કર્યો છે. એને મહારાજાએ સૈન્યમાં જતી વખતે કહ્યું હતું કે 'તારે આ નગરને કદિ પણ છોડવું નહિ, કારણ કે આ નગરનું રક્ષણ કરવામાં તું ખાસ શક્તિમાન્ છે.' રાજા દ્વેષગજેંદ્રનો હુકમ કબૂલ કરીને એ મતિમોહ અહીં જ રહેલ છે અને એને મળવા માટે હું અહીં આવ્યો છું. તેથી હવે હું તેને મળવા માટે નગરમાં પ્રવેશ કરૂં છું."

વિમર્શ—"ભલે! તમને તમારા કામમાં ફતેહ મળો."

શોક પ્રસન્ન થઇ ( તામસચિત્ત ) નગરમાં ગયો.

## મામાભાણેજનું અટવી તરફ પ્રયાણ.

હવે મામા ભાણેજે વાત કરવા માંડી. મામાએ કહ્યું "ભાઇ! હમણા આપણને શોકે વાત કરી તે પરથી જણાય છે કે મહામોહ વિગેરેનું મોટું લશ્કર મહા અટવીમાં છે, તો આપણે એ મહા અટવીમાં જઇને રાગકેસરીને અને તેના મંત્રી ( વિષયાભિલાષ )ને બરાબર જોઇ લઇએ." પ્રકર્ષે પણ મામાની એ સૂચના પસંદ કરી એટલે મામા ભાણેજ હર્ષપૂર્વક તુરત જ મહા અટવી તરફ ચાલ્યા.

---

1 મતિમોહ-અજ્ઞાન. તામસચિત્તમાં અજ્ઞાનનું જ પ્રાધાન્ય હોય છે. રાજસી પ્રકૃતિમાં જે કામ અભિમાન કરે છે તે તામસી પ્રકૃતિમાં અજ્ઞાનતિમિર કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૯ મું.

## ચિત્તવૃત્તિ અટવી.

**ચિત્તવૃત્તિ મહાટવી.**
**તદ્વિલસિત પુલીન.**
**ચિત્તવિક્ષેપ મંડપ.**
**તૃષ્ણા વેદિકા.**
**વિપર્યાસ સિંહાસન.**

વિમર્શ અને પ્રકર્ષને પોતાનું કાર્ય જલ્દી આટોપવાનું હતું તેથી તેઓ પવનવેગે આગળ વધ્યા અને રસ્તો કાપતાં તેઓ થોડા વખતમાં અટવીના મધ્ય ભાગમાં આવી પહોંચ્યા. તેઓને આ પ્રદેશમાં શોધખોળ બરાબર કરવાની હતી તેથી અહીં આવી તેમણે શું જોયું અને તેમના વચ્ચે કેવી કેવી વાતચીત અને કેટલા ખુલાસા થયા તે હવે વિસ્તારથી જણાવું છું.

**મહામોહ દર્શન.**
**ભાણેજની જિજ્ઞાસા.**
**મામાની વિચારણા.**

મહા અટવીમાં આવતાં તેઓએ **મહામોહ** રાજાને **રાગકેસરી** અને દ્વેષગજેંદ્રની ચતુરંગ સેના સાથે મોટી નદીના રેતીવાળા મનોહર બેટ પર રચેલા એક મોટા મંડપની વચ્ચે તૈયાર કરેલી વેદિકા[1] ઉપર કરોડો સૈનિકોથી વીંટાયલા સિંહાસન ઉપર બેઠેલા જોયા. તેઓએ જરા દૂર પોતાની જગ્યા લઇને એ સભાસ્થાન સંબંધી સર્વ હકીકત જોઇ એટલે

સભાસ્થાનનું દૂરથી દર્શન.

વિમર્શ બોલ્યો "ભાઇ પ્રકર્ષ ! આપણે જે જગ્યોએ આવવાની ઇચ્છા કરી હતી ત્યાં આપણે આવી પહોંચ્યા છીએ. આપણે મોટી અટવીને ઉલ્લંઘન કરી ગયા અને મહામોહ રાજાનું લશ્કર આપણે જોયું. આપણે આ સભાસ્થાન જોયું અને તેમાં બેઠેલા **રાગકેસરી** રાજાને, **મહામોહ**

---

1 વેદિકાઃ ઓટલો, પ્લાટફોર્મ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાને તેમજ તેના પરિવારને પણ અવલોક્યા. હવે હાલ આપણે આ રાજસભાસ્થાનમાં દાખલ થવું સારૂં નથી, કારણ કે સભાસ્થાનમાં બેઠેલા લોકોએ આપણને અહીં અગાઉ કદિ જોયેલા નથી તેથી પહેલ વહેલાં જોશે તો તેઓનાં મનમાં આપણે માટે કાંઇક શંકા ઉત્પન્ન થશે અને તેમ થશે તો પછી આપણે જે શોધખોળ કરવા નીકળી પડ્યા છીએ તેમાં અગવડ ઊભી થશે. આમ થવા દેવું સલાહકારક નથી. વળી આપણે આટલે દૂર ઊભા ઊભા પણ આખું સભાસ્થાન બરાબર જોઇ શકીએ છીએ, તેથી એમાં શું હશે એવા કુતૂહળથી પણ એ સભાસ્થાનમાં પ્રવેશ કરવાની જરૂર નથી."

પ્રકર્ષે જવાબમાં કહ્યું "ભલે એમ કરો, પણ મામા! આ મોટી અટવી! આ મોટી નદી! આ નદીનો કાંઠો! આ મોટો મંડપ! આ એમાંની વેદિકા! આ મહા સિંહાસન! એ મહામોહ નામના મોટા રાજા!

જિજ્ઞાસા પ્રશ્ન.

આ એની પાસેના મોટા પરિવારથી પરવરેલા બીજા રાજાઓ-આ સર્વ બાબત અપૂર્વ છે, મેં કદિ જોયેલી નથી, તેથી મને તો આ જોઇને બહુ આશ્ચર્ય થાય છે, અને એ સર્વ શું હશે તે જાણવાનું મોટું કુતૂહળ થાય છે! માટે જો એમાંના પ્રત્યેકનું તમે વર્ણન કરો તો તે સર્વ સાંભળવાની મને ઘણી જ ઇચ્છા થયેલી છે. જુઓ મામા! તમે જ મને અગાઉ કહ્યું હતું કે[1] તમે જે જે વસ્તુઓ જુઓ છો તે સર્વનું યથાસ્થિત તત્ત્વ બરાબર સમજો છો-જાણો છો, તો આ સર્વ વસ્તુનું તત્ત્વ મને બરાબર સમજાવો."

મામાએ જવાબ આપ્યો "હા ભાઇ! મેં તને એમ કહ્યું હતું

ઉત્તર પહેલાં અવલોકન.

ખરૂં, પણ તે અત્યારે જે સવાલ કર્યો છે તે તો એક સાથે ઘણી બાબતોનો છે અને જવાબ દેતાં ઘણો વિચાર કરાવે તેવો છે, તેથી સર્વ બાબતનો મારા મનમાં બરાબર નિર્ણય કરીને પછી હું તને તેનો ઉત્તર આપું છું."

પ્રકર્ષે એ બાબતમાં બરાબર નિરધાર કરવાની મામાને વિજ્ઞપ્તિ કરી, એટલે મામાએ એ મહા અટવીનું ચારે તરફથી અવલોકન કરી લીધું, મહા નદીનું નિરીક્ષણ કરી લીધું, નદીની વચ્ચે આવેલો બેટ જોઇ લીધો, મહામંડપ વિગતવાર ધ્યાનમાં લઇ લીધો, વેદિકાનો

---

૧ જુઓ પૃ. ૭૯૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચાર કરી લીધો, મહાસિંહાસનનું વિલોકન કરી લીધું, **મહામોહ રાજા** સંબંધી મનમાં ચિંતવન કરી લીધું, બીજા સર્વ રાજાઓને અને **તેના** પરિવારને વિગતવાર લક્ષ્યમાં લઈ લીધા, ત્યાર પછી પોતાના **હૃદય** દ્વારા ધ્યાન કર્યું, ઇન્દ્રિયના સર્વ વ્યાપારોને શમાવી દઇ, વૃત્તિને **દૃઢ**-કરી, આંખોને સ્થિર કરી દઇ એકાગ્ર ધ્યાને કેટલોક વખત પોતે **રહ્યો**[1] અને ત્યાર પછી માથું ચલાવીને જરા સ્મિત હાસ્ય કર્યું.

**પ્રકર્ષે** પૂછ્યું "મામા ! એ શું ?"

મામાએ કહ્યું "ભાઇ ! બધું મારા સમજવામાં આવી ગયું **તેથી** સહજ આનંદ થયો. હવે તારે એ સિવાય પણ બીજું જે પૂછવું હોય તે ખુશીથી પૂછ."

પ્રકર્ષે કહ્યું, "બાહુ સારૂં ! એમ કરીશ, પરંતુ **પ્રથમ** તો મેં જે પ્રશ્નો આપને કર્યા છે તેના ઉત્તર આપો" પછી મામાએ એક પછી એક સર્વેનું વર્ણન કરવા માંડ્યું તે આ પ્રમાણેઃ—

## [2]ચિત્તવૃત્તિ મહાટવી.

"ભાઇ પ્રકર્ષ ! આ અતિ વિસ્તારવાળી મોટી અટવી છે તેમાં "જૂદા જૂદા પ્રકારના અદ્ભુત બનાવો નિરંતર બન્યા જ કરે છે. એ "અટવી સર્વ સુંદર રત્નોની ઉત્પત્તિભૂમિ-મૂળસ્થાન તરીકે સારી "રીતે જાણીતી થયેલી છે. એ એવી નવાઇઓથી ભરપૂર છે કે જેમ "તે સર્વ રત્નોની ઉત્પત્તિભૂમિ છે તેમ જ લોકોને અનેક પ્રકારના ઉ-"પદ્રવ કરનાર મોટા અનર્થ પિશાચોની કારણભૂત પણ એજ મહા "અટવીને કહેવામાં આવી છે. અંતરંગમાં જે સર્વ લોકો રહે છે તે "દરેકનાં નગરો ગામો અને સ્થાનો આ મહા અટવીમાં આવી "રહેલાં છે. જો કે જ્ઞાનીઓ જ્ઞાનચક્ષુથી કોઇ કારણ દેખીને કોઇ "વખતે બહિરંગ પ્રદેશમાં પણ તેમનાં સ્થાનનો નિર્દેશ કરે છે, પરંતુ "પરમાર્થથી તો એ સર્વ અંતરંગ જનો આ મહા અટવીમાં હંમેશાં

---

૧ વિમર્શની કાર્યપદ્ધતિ વિચાર કરવાની છે, તે વિચાર કરીને જ બોલે છે.

૨ **વિમર્શ** અટવી વિગેરેનું વર્ણન ભાણેજ **પ્રકર્ષ** પાસે કરે છે, **વિચક્ષણ** આચાર્ય સર્વ વાર્તા રાજા **નરવાહન** સમક્ષ કહી સંભળાવે છે તે **રિપુદારૂણ** તરીકે **સં**-સારીજીવ સાંભળે છે અને તે **સર્વ** **અનુભવ** **સદાગમ** સમક્ષ **કહે** છે.

**ચિત્તવૃત્તિ** એટલે મનનાં જૂદા જૂદા ભાવો-સારા અથવા ખરાબ-આ યોજનાનો ખુલાસો હવે પછીના પ્રકરણ ૧૧ માં આવશે. (ચાલુ પ્રસ્તાવ.)

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"રહેલા જાણવા; કારણ કે **અંતરંગના કોઇ પણ લોકનું સ્થાન એ "ચિત્તવૃત્તિ મહા અટવીને મૂકીને બહિરંગ પ્રદેશમાં કોઇ પણ જગ્યાએ "નથી જ** એમ તારે બરાબર લક્ષ્યમાં રાખવું. તેથી અંતરંગમાં સારા "અથવા ખરાબ જે કોઇ માણસો છે તે એને છોડીને બીજી કોઇ "પણ જગ્યાએ કદિ પણ રહેતા નથી. વળી જો વિપરીત રીતે એ "અટવીની આસેવના કરવામાં આવે[1] તો એ અટવી મહા પાપ "કરાવનાર થઇને પ્રાણીને મહા ભયંકર સંસારઅરણ્યમાં ભટકાવનાર "થઇ પડે છે અને જો [2]સારી રીતે એ અટવીની આસેવના કરવામાં "આવે તો અનંત આનંદથી ભરપૂર મોક્ષનું સંપૂર્ણ કારણ પણ એ "અટવી જ થાય છે. એ અટવીનું વધારે વર્ણન શું કરવું? ટુંકામાં કહીએ "તો સારી અને ખરાબ સર્વ બાબતોનું કારણ એ મહા અટવી જ છે.[3]

## પ્રમત્તતા નદી.[4]

"ભદ્ર! ત્યાર પછી એ મહા અટવીમાં જે મોટી નદી દેખાય "છે તેને ડાહ્યા માણસો **પ્રમત્તતાના** નામથી ઓળખે છે: એ નદીની "બન્ને બાજુએ નિદ્રા (ઊંઘ) નામના કાંઠાઓ-તટો આવેલા છે, "તથા એમાં [5]કષાય નામનું પાણી નિરંતર વહ્યા કરે છે, દારૂના જેવા "સ્વાદવાળી [6]વિકથારૂપ પાણીના પ્રવાહનો તો એ ભંડાર જ છે, "એ નદી વિષયના ચંચળ મહા તરંગોથી સદા ભરપૂર રહે છે, અનેક "વિકલ્પરૂપ મોટા મત્સ્યો એ નદીમાં ભરેલા છે-મતલબ કે ચાલુ "મોટી નદીની પેઠે એમાં નિરંતર પાણી વહેછે, તરંગો થાય છે અને

---

૧ ચિત્તમાં મિથ્યાત્વનું જોર થાય તો (પરિભાષામાં).

૨ ચિત્તમાં સમ્યક્ત્વની વાસના રહે તો.

૩ સ્થૂળ બાબતો કરતાં માનસિક બાબત જ પ્રાધાન્ય ભોગવે છે. मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः એ સૂત્રનું અત્ર સ્પષ્ટ દર્શન કરાવ્યું છે. અંતરંગની સર્વ બાબતોનો આધાર ચિત્ત-મન પર રહે છે. કોઇ વખત ક્રોધ-માનાદિ અંતરંગ વિષયો બાહ્ય પ્રદેશમાં સ્થૂળ રૂપે જણાય તો પણ તેનો મૂળ દેશ તો અંતરંગમાં જ છે.

૪ **પ્રમત્તતા:** પ્રમાદ. આળસ. આત્મિક બાબતો તરફ બેદરકારી. સંસારમાં ઉદ્યોગ હોય તે પણ પ્રમત્ત અવસ્થા છે. પ્રમત્તપણામાં સ્થૂલ આસક્તિ અને અજ્ઞાન વિશેષ ભાગ ભજવે છે.

૫ નદીમાં પાણી હોય છે તે દર વખત ચાલ્યા જ કરે છે. અહીં પાણીનું કામ કષાયો કરે છે. આવી રીતે આખા વર્ણનમાં યોજના કરી લેવી.

૬ **વિકથા:**—રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનકથા.

૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" તેમાં મોટા મોટા સત્ત્વો ઘણી મોટી સંખ્યામાં રહે છે. જો કોઇ બુદ્ધિ
" વગરનો પ્રાણી એ નદીને કાંઠે પણ ઊભો રહે તો તેને ખેંચી લઇને
" એ મહાનદી પોતાના મહાન્ આવર્તમાં તેને પટકી પાડે છે; વળી
" જો કોઇ મૂઢ પ્રાણી એ નદીના પ્રવાહમાં એક વખત પણ પેઠો તો
" તે જીવતો રહેવા પામતો જ નથી; કદાપિ જો તે એક ક્ષણવાર
" પણ જીવે તો તે નવાઇની વાત સમજવી. ( મતલબ કે આત્મિક
" દૃષ્ટિએ તે મરવા જેવો જ થઇ જાય છે. ) અગાઉ તેં રાગકેસરી
" રાજાનું નગર જોયું હતું ( રાજસચિત્તનગર[1] ) અને ત્યાર પછી
" દ્વેષગજેંદ્ર રાજાનું નગર જોયું હતું ( તામસચિત્તનગર[2] ), તે નગ-
" રમાંથી આ નદી નીકળે છે; ત્યાંથી આ અટવીમાં પ્રવેશ કરીને
" છેવટે તે ઘોર સંસારસમુદ્રને મળે છે. મતલબ જેમ સાધારણ નદીઓ
" કોઇ જગ્યોએથી નીકળી અટવીમાં થઇ સમુદ્રને મળે છે, તેવી જ
" સ્થિતિ આ નદીની પણ છે; પરંતુ એમાં વાત એમ થાય છે કે જે
" પ્રાણી એ નદીમાં પડે છે તે તેના આવર્તના ચક્કરમાં પડી છેવટે
" પેલા ઘોર સંસારસમુદ્રમાં જોરથી ઘસડાઇ જાય છે અને તેને વચ્ચે
" બચવાનું સાધન મળવું પણ મુશ્કેલ પડે છે. જે પ્રાણીઓ સંસાર-
" સમુદ્રમાં જવાની હોંસવાળા હોયછે તેઓને આ પ્રમત્તતા નદી બહુ
" પસંદ આવે છે; બાકી જે પ્રાણીઓ એ ઘોર સંસારસાગરથી ભય
" પામતા હોય છે તેઓ તો આ મહાનદીને દૂરથી છોડી દઇ તેનાથી
" આઘાને આઘા નાસતા ફરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## તદ્વિલસિત બેટ.[3]

" હવે ત્યાર પછી ભાઇ પ્રકર્ષ ! એ નદીની વચ્ચે તદ્વિલસિત
" નામનો બેટ-દ્વીપ છે તેનું વર્ણન સાંભળ: એ બેટમાં હાસ્ય અને
" ખોટા ચાળા રૂપ રેતી છે, એ તટમાં વિલાસ, નાચ અને સંગીતરૂપ
" હંસ અને સારસ પક્ષીઓ અહીં તહીં ઉડી રહ્યા છે, એ સ્નેહપાશરૂપ
" આકાશથી ઘેરાયલો હોવાથી ધોળો લાગે છે અને ઘસઘસાટ જોરથી

---

૧ જુઓ પૃ. ૭૯૦.

૨ જુઓ પૃ. ૭૬૪.

૩ નદીમાં પાણી ચાલી ગયા પછી વચ્ચે બેટ જેવી જગ્યા થઇ જાય છે તેને પુલિન કહેછે. તદ્વિલસિતઃ વિલાસ. પ્રમાદમાં વિલાસ કરવો. પુલિનનો અર્થ શબ્દચિંતામણિ કોશમાં (૧) દ્વીપ. બેટ અથવા (૨) સમુદ્ર વિગેરેનું પાણી આવી ગયા પછી કોરી પડેલી જમીન અથવા (૩) નદી વિગેરેની મધ્યનો તટ-એમ કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આવતી નિદ્રારૂપ મદિરાથી[1] એ દુર્જન પ્રાણિઓને મત્ત કરી દે છે,
"એ બેટ મૂર્ખ જીવોને ખેલ કરવા માટે બહુ મજાનું સ્થાન છે અને
"વિશુદ્ધ ચારિત્રવાળા તત્ત્વરહસ્યના જાણકાર સમજુ પ્રાણીઓ એ
"દ્વીપથી દૂર જ નાસતા ફરે છે.

## ચિત્તવિક્ષેપ મંડપ.

"ભદ્ર ! તારી પાસે તદ્વિલસિત બેટનું એ પ્રમાણે[2] વર્ણન કર્યું. "હવે ચિત્તવૃત્તિ અટવીમાં આવેલ પ્રમત્તતા નદીની વચ્ચે રહેલા "તદ્વિલસિત બેટમાં એક મોટો મંડપ[3] કરવામાં આવેલો છે તેનું "અને તેમાં રહેલા તે મંડપના નાયકનું વર્ણન કરૂં છું તે બરાબર "ધ્યાન રાખીને સાંભળ. એ મંડપને સમજુ માણસો 'ચિત્તવિક્ષેપ' "ના નામથી ઓળખે છે. કારણ કે સર્વ પ્રકારના દોષસમૂહનું એ "ઘર છે-રહેઠાણ છે-એવા એનામાં ગુણ હોવાથી એને સદરહુ "નામ આપવામાં આવ્યું છે. અહીં પ્રાણી જરા પ્રવેશ માત્ર કરે છે "ત્યાં તો તે પોતાના ગુણો એકદમ ભૂલી જાય છે અને મોટાં ગમે "તેવા અધમ પાપ કરવા તરફ અને તેનાં સાધનો યોજવા તરફ "તેની બુદ્ધિ પ્રવર્તે છે. અહીં જે મહામોહ વિગેરે મોટા રાજાઓ "દેખાય છે તેમને માટે સ્રષ્ટાએ આ મંડપ બંધાવી રાખ્યો છે. જો ! "જે રાજાઓ માટે આ મંડપ બંધાવ્યો છે તે મહામોહાદિ રાજાઓ "પણ અહીં જ દેખાય છે તેઓને હું તને હવે પછી ઓળખાવીશ. "આ મંડપ તે રાજાઓ માટે છે છતાં તેમાં કોઇ કોઇ જગ્યાએ "બહિરંગ લોકો પણ મહામોહને વશ થઇને દાખલ થયેલા તને જણાશે. "હવે એવા બહારના લોકોને બરાબર જોઇશ તો તને જણાશે કે "મંડપના દોષને લઇને તેઓ વિભ્રમમાં પડી જાય છે, તેઓને અનેક

---

1 મદિરા શ્લેષ છે: (૧) નિદ્રાસાથે તેનો મદ્ય અર્થ થાય છે; (૨) બેટ સાથે માંડુ ખંજનપક્ષી એવો અર્થ થાય છે. મતલબ મત્ત ખંજનપક્ષીઓ અહીં ઘણાં છે અને પ્રમાદી લોકો નિદ્રામાં અહીં વિલાસ કરે છે.

2 વાંચનાર ધ્યાનમાં રાખશે કે આ વર્ણન મામા કરે છે ત્યારે પ્રકર્ષ ભાણેજ એક અક્ષર પણ વચ્ચે બોલતો નથી.

3 માંડવો. Pendal અથવા Amphi-Theatre. નદીની વચ્ચે બેટ હોય તેમાં આ માંડવો તૈયાર થયેલો છે. કલ્પનાશક્તિને બરાબર દોડાવજો. જાણે કૉંગ્રેસમાં અથવા સીનેમામાં બેઠા હોય તેવી કલ્પના કરવી. નદીના મધ્યભાગમાં બેટ છે, બેટની વચ્ચે મંડપ છે અને તેની અંદર વેદિકાની ગોઠવણ છે. બરાબર કલ્પના કરી રાખવા ખાસ ભલામણ છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

"પ્રકારના સંતાપો થાય છે, તેઓનાં મનમાં મોટો ઉન્માદ થાય છે "અને વ્રત નિયમથી તેઓ એકદમ ભ્રષ્ટ થઇ જાય છે; આવી જે "તેઓની સ્થિતિ થાય છે તે આ મહામંડપને લીધે થાય છે. પેલા "મહામોહ વિગેરે રાજાઓ છે તેઓ તો સ્વાભાવિક રીતે એ મંડપ "પાસે આવીને અને તેને પ્રાપ્ત કરીને મનમાં ઘણો આનંદ પામે છે; "બાકી બહિરંગ લોકો મોહને વશ પડી જ્યારે જ્યારે એ મંડપમાં "દાખલ થાય છે ત્યારે ત્યારે ખરાબ માનસિક સ્થિતિમાં આવી જઇ "દુઃખસમુદ્રમાં ડૂબી જાય છે તેનું કારણ એ છે કે એ બહિરંગ "લોકોને અનંત સુખ આપનાર 'એકાગ્રતા' જે મનને અત્યંત શાંતિ "આપનાર છે તેને એ મંડપ પોતાની શક્તિથી હણી નાખે છે. એમાં "મોટા કમનસીબની બાબત તો એ છે કે એ બાપડા બહિરંગ લોકો "આ મંડપમાં કેટલી અદ્ભુત ઉચ્છેદક શક્તિ છે તે જાણતા નથી "અને તેથી મોહને લઇને વારંવાર આ મંડપમાં બીચારા દાખલ "થયા કરે છે. જે પુણ્યશાળી પ્રાણીઓ આ મંડપની શક્તિને બરાબર "સમજી જાય છે તેઓ તો ફરીવાર આ મંડપમાં કદાપિ પણ પ્રવેશ "કરતા નથી. એવા ભાગ્યશાળી પ્રાણીઓ તો પછી પોતાના ચિત્તને "બરાબર શાંતિમાં રાખીને 'એકાગ્રતા'નો આશ્રય લે છે અને આ જ "જન્મમાં સતત આનંદનો અનુભવ કરેછે. આવી આ મંડપની "યૌગિક અદ્ભુત શક્તિ છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## તૃષ્ણાવેદિકા.[1]

"ભદ્ર પ્રકર્ષ ! આવી રીતે ચિત્તવિક્ષેપ મંડપના ગુણદોષનું તારી "પાસે વિસ્તારથી વર્ણન કર્યું. એજ મંડપની મધ્યમાં એક વેદિકા "છે તેનું વિવેચન પણ બરાબર સાંભળ. એ વેદિકા મહામોહ "મહારાજા માટે તૈયાર થયેલી છે અને લોકોમાં તે તૃષ્ણાના "નામથી સારી રીતે પ્રસિદ્ધિમાં આવેલી છે. એ મહારાજાને માટે "તૈયાર કરેલી છે એમ કહેવાનું કારણ તું બરાબર બારીકીથી "જોઇશ તો તને જણાશે કે મોહરાજાએ પોતાના કુટુંબની "અંદર જે જે લોકો છે તે સર્વેને એ વેદિકા ઉપર દાખલ "કરી દીધા છે. વળી તું વધારે સારી રીતે જોઇશ તો તને

---

૧ **વેદિકા**-એટલે માચડો. મંડપમાં રાજાને પ્રમુખને તથા મોટા માણસોને બેસવા માટે જે ઊંચી જગ્યા બાંધવામાં આવે છે તે. (Platform) **તૃષ્ણા**: વધારે મેળવવાની અંતરંગ ઇચ્છા; લોભવૃત્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"જાણુશે કે એ રાજા (મોહરાજા) ના સામંત રાજાઓ[1] (Feudatory "chiefs or Allies) બીજા છે તે આ મંડપમાં આજુબાજુ છૂટા છૂટા "બેસી ગયા છે, જ્યારે મોહરાજાનું કુટુંબ તો એ વેદિકા ઉપર જ બેઠું છે. "આ વેદિકા મોહરાજાને અને તેના કુટુંબીઓને તો ખાસ કરીને બહુ જ "વહાલી છે. એ વેદિકા ઉપર બેસીને મોહરાજા અત્યંત ગર્વિષ્ટ નજરથી "સર્વ લોકો ઉપર દૃષ્ટિપાત કરે છે અને જાણે પોતાનું સર્વ કાર્ય સિદ્ધ "થઇ ગયું હોય તેમ મનમાં મલકાયા કરે છે. એ વેદિકા પણ પોતાની "ઉપર બેઠેલાં મહામોહ રાજાના આખા કુટુંબને પોતાના સ્વભાવથી "જ પ્રસન્ન કરે છે. ભદ્ર! બહિરંગ લોકો એ વેદિકા ઉપર બેસવા "આવે અને બેસી જાય તો પછી એના શા હાલ થાય તે કહેવાની "શી જરૂર છે? એવાનું દીર્ઘ (આત્મિક) જીવન તો ક્યાંથી જ રહે? "વળી એક બીજી મોટા આશ્ચર્યની વાત એ છે કે આ તૃષ્ણાવેદિકા "અહીં રહી રહી પોતાની શક્તિથી આખી દુનિયાને ચક્રપર ચઢાવે "છે અને સર્વને ભમાવે છે.

## વિપર્યાસ સિંહાસન.[2]

"ભદ્ર! આવી રીતે વેદિકા સંબંધી હકીકત તને કહી સંભ- "ળાવી. સંસારઅટવીમાંથી વહેતી પ્રમત્તતા નદીની વચ્ચે આવી રહેલા "તદ્વિલસિત બેટમાં જે ચિત્તવિક્ષેપ નામનો મંડપ દેખાય છે તેમાં "રહેલી ઉપર વર્ણવેલી તૃષ્ણાવેદિકા ઉપર વિપર્યાસ નામનું સિંહા- "સન છે તેની હકીકત તને હવે જરા વિસ્તારથી કહું છું તે "બરાબર લક્ષ્યમાં લે. એ વિપર્યાસ સિંહાસનની રચના મહામોહ "રાજાને માટેજ વિધિએ કરેલી છે. એ મોહરાજાનું આવડું મોટું લોકોમાં "પ્રસિદ્ધિ પામેલું રાજ્ય છે અને એ રાજાની બીજી જે જે સંપત્તિ "દેખાય છે તેનું કારણ એ સિંહાસન છે. જ્યાં સુધી એ મહામોહ "રાજા પાસે એ સિંહાસન છે ત્યાં સુધી મારા માનવા પ્રમાણે તેનું "રાજ્ય છે અને તેની રાજ્યસંપત્તિ પણ[3] ત્યાં સુધી જ છે. જ્યાંસુધી "એ મહારાજા આ સિંહાસનપર બેઠા હોય છે ત્યાંસુધી તેના સર્વ

---

૧ આ સર્વ રાજાઓનું વર્ણન પ્રકરણ અઢારમાં આગળ આવે છે. એ રાજાઓ વેદિકા પર બેસતા નથી પણ ચિત્તવિક્ષેપ મંડપમાં છૂટા છૂટા બેસે છે એવી કલ્પના કરવી.

૨ વિપર્યાસઃ ઉલટા સુલટા વિચારો, ગડબડગોટા. સિંહાસન એટલે રાજ્યા- સન. The chair. પ્રમુખસ્થાનની ખુરશી–આસન.

૩ મનમાંથી વિપર્યાસ નીકળી ગયા એટલે સંસારનો અંત નજીક આવતો જાય છે.

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" શત્રુઓ એકઠા મળી સામે થાય તો પણ તેઓ તેને એકલાને પહોંચી " શકતા નથી, પરંતુ એક વખત એ મહારાજા એ સિંહાસન પરથી " નીચે ઉતરી બીજી જગ્યાપર બેસે એટલે ગમે તેવો નબળો કાચો " પોચો પુરૂષ હોય તે પણ તેના ઉપર જય મેળવી શકે છે. ભદ્ર! " બહિરંગ લોકો એ સિંહાસન સામે જ્યારે પણ જુએ ત્યારે એ " સિંહાસન તે લોકોને મોટો અનર્થ કરે છે, ભયંકર આપદાઓ તેને " માથે નાખે છે અને સખ્ત હેરાનગતિઓ કરે છે. જ્યાં સુધી લોકો " (બહિરંગ) એ સિંહાસન ઉપર નજર નાખતા નથી—તેની સામું " જોતા નથી ત્યાં સુધી જ તેઓની સુંદર બુદ્ધિ સારે અને સાચે " રસ્તે પ્રવર્તે છે, પરંતુ એકવાર આ સિંહાસન ઉપર દૃષ્ટિ પડી અને " તેમાં મન પરોવાયું એટલે બાપડાઓની સારી બુદ્ધિ રહી શકતી " નથી અને આખરે તેઓ મહા પાપિષ્ટ વૃત્તિ અને વર્તનવાળા થઇ " જાય છે. અગાઉ તારી પાસે (પ્રમત્તતા) નદી, (તદ્વિલસિત) બેટ, " ચિત્તવિક્ષેપ મંડપ, અને (તૃષ્ણા) વેદિકાની શક્તિ વર્ણવી તે સર્વે " શક્તિ અહીં કેંદ્રસ્થ થઇને આવી રહેલી છે, આ સિંહાસનમાં એ " નદી બેટ વિગેરે સર્વેત્ર શક્તિઓ સ્થાન પામેલી છે. વિપર્યાસ " સિંહાસન આવા પ્રકારનું છે તે તું બરાબર લક્ષ્યમાં લેજે.

**મહામોહ રાજા.**

" ભાઇ પ્રકર્ષ! હવે તું એ સિંહાસનપર બેઠેલા **મહામોહ** રાજાનું " વર્ણન ખાસ લક્ષ્ય દઇને સાંભળજે: એ મોહરાજાનું[1] અવિદ્યા નામનું " શરીર છે. જો કે ઘડપણને લીધે તે ઘણું જીર્ણ થઇ ગયું છે તો પણ " એ દુનિયામાં સારી રીતે પ્રખ્યાતિ પામેલું છે. મોહરાજાનું એ " અવિદ્યા શરીર જો કે તદ્દન ઘરડું ખખ થઇ ગયું છે તો પણ " પોતાની શક્તિથી આ દુનિયામાં તે શું શું કરી શકે છે તે તું હવે " બરાબર ધ્યાન દઇને સાંભળ: અનિત્ય વસ્તુઓમાં તે નિત્યપણાનું " ભાન કરાવે છે, અપવિત્ર વસ્તુઓને તે મહા પવિત્ર અને શુદ્ધ " મનાવે છે, દુઃખથી ભરપૂર વસ્તુઓને તે સુખરૂપ બતાવે છે, " અનાત્મ વસ્તુઓમાં આત્મરૂપપણું દેખાડી આપે છે, એટલું જ નહિ " પણ શરીર વિગેરે પુદ્ગલના સમૂહોમાં તે મમતા ઉત્પન્ન કરી જાણે " તે પ્રાણીનાં પોતાનાં હોય તેવો ભાવ ઉત્પન્ન કરે છે. આવી રીતે

---

૧ **મહામોહનું અવિદ્યામય** શરીર છે. અજ્ઞાન જ મોહનું કારણ છે. દેખીતું જ્ઞાન હોય તો પણ સમ્યગ્ બોધ વગરનું જ્ઞાન અજ્ઞાન જ છે. **મોહરાજાનું અવિદ્યા શરીર** બતાવવામાં ઘણી ચતુરાઇ વાપરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"પર વસ્તુઓમાં પોતાપણાની બુદ્ધિને ઉત્પન્ન કરીને પરિણામે પ્રાણી-
"ઓને તે પરભાવ તરફ એટલા બધા આસક્ત બનાવી દે છે કે પ્રાણી
"પોતાનું (આત્મ) સ્વરૂપ નહિ ઓળખીને નકામા અનેક પ્રકારના
"કલેશો પામે છે. એ મોહરાજાનું અવિદ્યા શરીર ઘડપણથી આવી
"રીતે તદ્દન જીર્ણ થઇ ગયું છે તો પણ તેનામાં એટલી બધી શક્તિ
"હોવાને લીધે તે નિરંતર મહાપરાક્રમી રહે છે. ભદ્ર! આ રાજેંદ્ર
"મોટા રાજા આખા જગતની ઉત્પત્તિ કરનાર હોવાથી ડાહ્યા માણસો
"એને પિતામહ (દાદા)નું નામ આપે છે અને તેથી એ મહામોહદાદા
"અથવા મહામોહ પિતામહના નામથી ઓળખાય છે. એનું જોર
"એટલું બધું છે કે મોટા મોટા રૂદ્ર[1], ઉપેન્દ્ર, નાગેન્દ્ર, ચંદ્ર અને
"વિદ્યાધરો તથા તેવાજ બીજા મોટાઓ પણ એ દાદાની આજ્ઞાનું
"જરા પણ ઉલ્લંઘન કરી શકતા નથી. અહાહા! જે મહામોહ દાદો
"પોતાની શક્તિરૂપ દંડ વડે કુંભારની પેઠે આ જગદ્રૂપ ચાકડાને
"ફેરવીને જૂદા જૂદા કાર્યરૂપ વાસણો રમત માત્રમાં બનાવી શકે
"છે તે અચિંત્ય શક્તિવાળા મહામોહ રાજાના હુકમનું અપમાન કરવાને
"અથવા તેનું ઉલ્લંઘન કરવાને દુનિયામાં કોણ શક્તિમાન છે? ભાઇ પ્રકર્ષ!
"આવી રીતે મહામોહ રાજાનું તારી પાસે વિસ્તારથી વિવેચન કર્યું,
"તેના ગુણો કેવા પ્રકારના છે તે તને બતાવ્યું. હવે એ રાજાનો
"પરિવાર કેવો છે તે તને કહી સંભળાવું છું તે બરાબર ધ્યાન દઇને
"સાંભળ."

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આટલું કહી વિમર્શમામા જરા ચુપ રહ્યા.[2]

---

૧ રૂદ્ર એટલે શંકર, શિવ. ઉપેન્દ્ર એટલે વિષ્ણુ. નાગેન્દ્ર એટલે શેષનાગ. શંકર, વિષ્ણુ વિગેરેની કથાઓ વાંચવાથી જણાશે કે તે સર્વ મોહને વશ છે.

૨ આ કથાનો સંબંધ પ્રકરણ ૧૨ સાથે થશે. વચ્ચેનાં દશમા અગીઆરમા પ્રકરણમાં આંતરકથાની યોજના બતાવી છે તે ઘણી ઉપયોગી છે, પરંતુ જેને એકદમ વાર્તાના રસમાં ચાલ્યા જવું હોય તે કદાપિ હાલ દશમું તથા અગીઆરમું પ્રકરણ નહિ વાંચે તો પણ કથાસંબંધ ચાલ્યો આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૦ મું.

## પ્રકર્ષને જાગૃતિ–ભૌતાચાર્ય કથા.

વિચક્ષણાચાર્ય નરવાહન રાજા સમક્ષ રિપુદારણના સાંભળતાં વાત આગળ ચલાવતાં કહેવા લાગ્યા કે જે વખતે મામા વિમર્શે ચિત્તવૃત્તિ અટવીથી માંડીને મોહરાજાના વર્ણન સુધીની હકીકત વિસ્તારથી કહી સંભળાવી તે વખતે આખી વાતમાં વચ્ચે એકપણ સવાલ પ્રકર્ષે પૂછ્યો નહિ, તેથી મામાને વિચાર થયો કે પ્રકર્ષ કાં તો વાત સમજ્યો નથી, કાં તો કાંઇ બીજા વિચારમાં પડી ગયો છે કે ગમે તેમ, પણ વાતમાં તેનું બરાબર ધ્યાન હોય એમ જણાતું નથી. પછી મામા ભાણેજ વચ્ચે નીચે પ્રમાણે વાત થઇ.

* * *

પ્રકર્ષને જાગૃતિ.
બોધ સારૂં હાસ્ય.
પ્રશ્ન કરવાની જરૂર.

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! હું આ સર્વ વાત તને કહું છું પણ તું તો કાંઇ વિચારમાં પડી ગયો છે, તેથી કાંઇ સવાલ પણ પૂછતો નથી અને હોંકારો પણ દેતો નથી અને હું જે વાત કહું છું તે તારા સમજવામાં બરાબર આવી હોય તેમ પણ દેખાતું નથી; કારણ કે આખી વાત કહી તે દરમ્યાન એક વાર માથું પણ તેં હલાવ્યું નથી તેમ જ નખની ચપટી સરખી પણ તેં વગાડી નથી. તું તો તારી આંખોને સ્થિર કરીને માત્ર મારી સામું ટગર ટગર જોયા જ કરે છે, પણ કોઇ પ્રકારનો ભાવ મુખપરથી બતાવતો ન હોવાને લીધે મને ખબર પડતી નથી કે મારી કહેલી વાત તું સમજ્યો છે કે તારા સમજવામાં કાંઇ પણ આવ્યું જ નથી?"

જૈન સાઈટ JAINSITE નમો જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકર્ષ—"મામા! એવું બોલો નહિ. આપની કૃપાથી આ દુનિયામાં એક પણ વાત એવી નથી જે મારા સમજવામાં બરાબર ન આવે."

વિમર્શ—"ભાઇ! મને ખાતરી જ હતી કે હું જે કહું છું તે તું બરાબર સમજે છે. આ તો મેં જરા તારી સાથે હાસ્ય કર્યું. કારણ કે—

**विज्ञातपरमार्थेऽपि, बालबोधनकाम्यया।**
**परिहासं करोत्येव, प्रसिद्धं पण्डितो जनः॥**

પંડિતજનો નાના બાળકોને બોધ આપવાના હેતુથી તે પરમાર્થ સમજતો હોય તો પણ તેની સાથે જરાક હાસ્ય કરે છે અને મારા જેવાએ તો તારા જેવા ભાણેજને જેમ બને તેમ વિનોદ કરાવવો જ જોઇએ, એટલે મેં જરા હાંસી કરી તેથી તારે ગુસ્સે ન થવું. વળી એક બીજી વાત કહું તે સાંભળ: જો કે મેં વાત કહી તે બધી તારા સમજવામાં આવી છે તો પણ મારા મનમાં ઉત્સાહ વધે અને આનંદ થાય તેટલા સારૂં તારે વાતવાતમાં વચ્ચે કાંઇ પણ સવાલ કરવા જોઇએ. જ્યારે ચાલતી બાબતમાં તું પ્રશ્ન કરે ત્યારે વાત કહેવામાં મજા આવે. વળી જે બાબત ચાલે છે તેનું આંતર રહસ્ય બરાબર તો તું મારી સાથે ચર્ચા કરીશ તો જ તારા સમજવામાં આવશે, માત્ર મારી વાત સાંભળી જવાથી તને વસ્તુની અંદરનું સ્વરૂપ સમજવામાં આવશે નહિ. માટે ભાઇ! આ સર્વ બાબતનું રહસ્ય તારે બરાબર યત્ન કરીને સમજવાની જરૂર છે, નહિ તો ખરો અર્થ સમજ્યા વગરના [1]ભૌતાચાર્ય વાળી વાત થશે."

પ્રકર્ષ—"એ ભૌતાચાર્યની વાત શું છે?"

વિમર્શ—"ભદ્ર! સાંભળ:—

## ભૌતાચાર્ય કથા.

કોઇ નગરમાં જન્મથી માંડીને બહેરો એક સદાશિવ નામનો ભૌતાચાર્ય (શિવનો પુજારી) હતો. એ બાપડો વૃદ્ધ વયને લીધે જ્યારે ઘરડોખખ દેખાવા લાગ્યો ત્યારે કોઇ મશ્કરા છોકરાએ તેને સંજ્ઞા કરીને કહ્યું કે 'ગુરૂરાજ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:—

૧ ભૌતનો અર્થ 'ગાંડો' થાય છે, પુજારી થાય છે અથવા વ્યંતરાદિ હલકા રાક્ષસોની પૂજા કરનાર એવો અર્થ પણ થાય છે. 'શિવના પુજારી'ને પણ ભૌતાચાર્ય કહે છે અને સંબંધ પરથી એ અર્થ વધારે બંધબેસતો લાગે છે.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**विषं गोष्ठी दरिद्रस्य जन्तोः पापरतिर्विषम् ।**
**विषं परे रता भार्या विषं व्याधिरुपेक्षितः ॥**

'[1]દરિદ્રની સાથે ગોષ્ઠી કરવી એ પ્રાણીને ઝેર સમાન છે, પ્રાણીમાં પાપ કરવા તરફ પ્રેમભાવ હોય તે ઝેર જેવો છે, પોતાની સ્ત્રી પારકા પુરૂષ ઉપર આસક્ત હોય તે ઝેર જેવી છે અને થયેલ વ્યાધિની બેદરકારી કર્યા કરવી તે ઝેર જેવું છે. માટે ભટ્ટારક! તમે આ તમારા કાનના વ્યાધિને કેમ મારી મૂકો છો (વિસારી મૂકો છો)? તમારે એની તુરતમાં દવા કરવી જોઇએ. આપે આવા જન્મથી થયેલા વ્યાધિને ઉવેખી મૂકવો સારો નથી.' પોતાના વિદ્યાર્થીની આવી વાત સાંભળીને એ ભૌતાચાર્યને પણ આગ્રહ થયો કે ગમે તેમ કરીને વ્યાધિને મટાડવો તો ખરો!

હવે આચાર્યની પાસે એક શાંતિશિવ નામનો શિષ્ય હતો તેને બોલાવીને આચાર્યે કહ્યું 'અરે શાંતિશિવ! તું વૈદ્યને ઘરે જઇને મારા બહેરાપણાનું ઔષધ લઇ આવ, વૈદ્યને સર્વ હકીકત જણાવીને તે જે દવા બતાવે તે લઇને જલદી પાછો આવ. હવે આ બાબતમાં વધારે વખત કાઢીને મારે વ્યાધિને વધવા દેવો નથી.' આચાર્યના હુકમ પ્રમાણે શાંતિશિવ વૈદ્યને ઘેર ગયો.

વૈદ્યને ઘેર પહોંચતા દૂરથી શાંતિશિવે વૈદ્યને જોયો. હવે તે વખતે એમ બન્યું કે વૈદ્યનો છોકરો ઘણો વખત રખડી રખડીને તેજ વખતે આવ્યો. વૈદ્યરાજ છોકરાઉપર ઘણા જ ગુસ્સે થઇ ગયા અને હાથમાં એક સખ્ત [2]વાળની બનાવેલી દોરડી લીધી અને તેના વડે મોટેથી રાડો પાડતાં તેમણે પોતાના છોકરાને થાંભલા સાથે બાંધ્યો. છોકરો રાડો પાડતો હતો એટલે તો વળી વૈદ્યરાજે હાથમાં એક લાકડી લીધી અને તેનાથી છોકરાને મારવા માંડ્યો. એવી રીતે અત્યંત ઘાતકીપણે છોકરા ઉપર લાકડીનો વરસાદ વરસતો જોઇ શાંતિશિવ, જે પોતાના ગુરૂ સારૂ દવા લેવા આવ્યો હતો તેને લાગણી થઇ આવવાથી તેણે વૈદ્યને પૂછ્યું 'અરે! વૈદ્યરાજ! તમે આ છોકરાને આટલો બધો કેમ ફટકાવવા માંડ્યો છે?

વૈદ્યે ઉત્તરમાં કહ્યું 'અરે એ પાપી બીલકુલ સાંભળતો જ નથી.'

---

૧ દરિદ્રઃ લક્ષ્મી અને ગુણ બન્નેથી રહિતને દરિદ્રી ગણ્યો છે. અતિ આળસુને પણ દરિદ્રી કહેવામાં આવે છે. અહીં ગુણરહિતપણાની મુખ્યતા જણાય છે.

૨ વાળની દોરડી શણની દોરડીથી વધારે સખ્ત હોય છે અને બહુ વાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આટલી વાત ચાલે છે ત્યાં તો હાહારવ કરતી વૈદ્યની સ્ત્રી ત્યાં આવી પહોંચી અને વૈદ્યને છોકરાને માર મારતાં અટકાવવા સારૂ તેના હાથે વળગી પડી. ત્યારે વળી વૈદ્યરાજ મોટેથી રાડો પાડીને કહેવા લાગ્યા 'તું આઘી જા! હું આટઆટલું કરૂં છું તો પણ આ (છોકરો) સાંભળતો નથી તેથી મારે એ દુરાત્માને બરાબર મારવો જ જોઇએ. માટે તું આઘી ખસ! નહિ તો તારા પણ એવા જ હાલ થશે.'

વૈદ્યે એટલું કહેવા છતાં પણ જ્યારે તે પાછી ન હઠી ત્યારે તેને પણ ફટકાવી.

આ સર્વ બનાવ જોઇએ શાંતિશિવે વિચાર કર્યો કે—અહો! આપણા આચાર્ય માટે ઓસડ લેવું છે તે તો બરાબર જણાઇ ગયું, માટે હવે આ વૈદ્યને મ્હોઢે તે સંબંધમાં પૂછવાનું પણ શું કામ છે?' (ન સાંભળે તેને ફટકાવવા એ સાંભળતાં કરવાનો ઉપાય છે એમ શાંતિશિવે વગર પૂછયે પોતાના મનમાં નિર્ણય કરી લીધો.)

ત્યાર પછી ત્યાંથી નીકળીને શાંતિશિવ શિવભક્ત શેઠીઆને ઘેર ગયો અને તેની પાસે દોરડાની માગણી કરી. શેઠીઆએ તેને એક શણનું દોરડું આપ્યું; પણ શાંતિશિવે જણાવ્યું કે તેને તો વાળની બનાવેલી સખ્ત દોરડીનો ખપ હતો. આ પ્રમાણે કહીને શણની દોરડી પાછી આપી.

શિવભક્તે તેને વાળની સખ્ત દોરડી આપીને પૂછ્યું 'અરે ભાઇ! આ દોરડીનું શું કામ છે?'

શાંતિશિવે જવાબમાં કહ્યું 'આ દોરડીથી આપણા માનવંતા આચાર્યશ્રીનું ઓસડ કરવાનું છે.'

આપ્રમાણે કહીને દોરડી લઇને શાંતિશિવ પોતાના (આચાર્યના) મઠ તરફ ગયો.

મઠમાં આવીને ગુરૂ મહારાજને (આચાર્યને) જોતાં જ પ્રથમ તો શાંતિશિવે પોતાના મ્હોંપર ગુસ્સાના આવેશમાં આવવાથી ચઢે તેવાં સખ્ત ભવાં ચઢાવ્યાં અને મુખ ભયંકર બનાવી દીધું; ત્યાર પછી આચાર્ય મહારાજ તો ખૂબ મોટેથી બુમ મારતાં રહ્યા અને તેમને મઠની વચ્ચે આવી રહેલા એક થાંભલા સાથે પેલી દોરડી વડે મજબૂત બાંધ્યા. ત્યાર પછી શાંતિશિવે એક મોટી લાકડી લીધી અને ગુરૂ મહારાજને ખૂબ જોરથી લાકડીના પ્રહાર એક પછી એક દેવા માંડ્યા.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

હવે આ બાજુએ શિવભક્તોએ વિચાર કર્યો કે—ચાલો ને, આપણા આચાર્યના ઔષધની કાંઇ ક્રિયા ચાલતી જણાય છે તો આપણે પણ નજીકમાં રહીએ, કાંઇ કામ પડે તો નજીક હોશું તો ઉપયોગમાં આવશું. આવા વિચારથી તેઓ પણ મઠ પાસે આવ્યા. ત્યાં તો શાંતિશિવ આચાર્યને ખૂબ જોરથી નિર્દયપણે મારતો તેઓના જોવામાં આવ્યો. તેઓ પોકાર કરીને કહેવા લાગ્યા 'અરે અરે શાંતિશિવ! તું આ શું કરે છે?' શાંતિશિવે (પેલા વૈદ્યરાજનું અનુકરણ કરતાં) જવાબમાં કહ્યું 'આ પાપી ઘણી મહેનત કરવા છતાં કાંઇ પણ સાંભળતો જ નથી.' એ વખતે સદાશિવ આચાર્યે મરતાં મરતાં પ્રાણી આરડે તેવો અત્યંત ભયંકર શબ્દ કર્યો અને પોતાને ઘણી સખ્ત વેદના થાય છે અને છુટશે નહિ તો મરી જશે એમ બતાવ્યું. એટલે શિવભક્તો હાહારવ કરતાં શાંતિશિવને વારવા લાગ્યા.

શિવભક્તોને વચ્ચે પડતાં જોઇ [1]શાંતિશિવે કહ્યું 'હું આટઆટલું કરૂં છું તો પણ આ દુરાત્મા સાંભળતો નથી તો મારે એને હજુ પણ વધારે મારવો પડશે. તમે બધા વચ્ચેથી દૂર ખસી જાઓ! દૂર ખસી જાઓ! નહિ તો તમારા સર્વના પણ એવા જ હાલ થશે.' આટલું કહેવા છતાં પણ જ્યારે પેલા શિવભક્તો એને વારવા લાગ્યા ત્યારે તેમને સર્વને પણ એ લાકડીના ફટકાઓ મારવા લાગ્યો; પરંતુ શિવભક્તો ઘણા હતા, તેઓએ 'એના હાથમાંથી લાકડી લઇ લો લઇ લો!' એમ બોલતાં તેના હાથમાંથી લાકડી ખુંચવી લીધી. પછી તેઓએ વિચાર્યું કે જરૂર આ (શાંતિશિવ) ને કાંઇ ચેટક વળગ્યું છે. પછી તેઓએ શાંતિશિવને ખૂબ માર્યો અને હાથને પછવાડે લઇ પાંચમોડીએ બાંધી લઇને પછી સદાશિવ આચાર્યને છૂટા કર્યા. થોડી વારે તેનામાં સ્ફુર્તિ આવી અને માત્ર દૈવકૃપાથી જ આચાર્ય મહારાજ બચી ગયા.

પછી સર્વ શિવભક્તોએ શાંતિશિવને પૂછ્યું 'અરે ભલા માણુસ! તેં આ આપણા ભગવાનને (આચાર્યશ્રીને) શું કરવા માંડ્યું હતું?'

જવાબમાં શાંતિશિવે કહ્યું 'અરે ભલા માણસો! એ તો કાનના બહેરા માટે વૈદ્યરાજે જે ઓસડ ઉપદેશેલું હતું તે આપણા ગુરૂ મહારાજને કરતો હતો. તમે મને છૂટો કરી દો અને આપણા આચાર્યના વ્યાધિના સંબંધમાં બેદરકારી ન બતાવો.'

---

૧ અહીં વળી ફરી વાર શાંતિશિવ વૈદ્યનું સમજ્યા વગર અનુકરણ કરે છે. જ્યારે વૈદ્યની સ્ત્રી વચ્ચે પડી ત્યારે વૈદ્ય પણ એને મળતાં શબ્દ અગાઉ બોલ્યો હતો તે ઉપર જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિવભક્તોએ વિચાર કર્યો કે શાંતિશિવને તો જબરૂં ચેટક વળગ્યું હોય એમ જણાય છે. પછી તેઓએ શાંતિશિવને કહ્યું કે 'જો ફરી વાર આવું કામ ન કરે તો તને છૂટો કરીએ.' શાંતિશિવે કહ્યું 'અરે ભલા માણસો! શું તમારા કહેવાથી હું આપણા ગુરૂમહારાજના વ્યાધિનું ઓસડ પણ ન કરૂં? હું તો પેલા મોટા વૈદ્યરાજ કહેશે તેમ કરીશ; તમારા કહેવાથી જરા પણ પલટાવાનો નથી.'

શાંતિશિવના એવાં વચન સાંભળીને શિવભક્તોએ પેલા વૈદ્યરાજને બોલાવ્યા અને તેને સર્વ હકીકત કહી સંભળાવી. વૈદ્યરાજ પ્રથમ તો પોતાના મનમાં હસ્યા અને પછી કહેવા લાગ્યા કે 'ભાઇ! મારો છોકરો બહેરો છે જ નહિ. વાત એમ છે કે મેં બહુ મહેનત લઇને વૈદકનાં મોટાં મોટાં પુસ્તકોનો એની પાસે પરાણે પાઠ કરાવ્યો, પરંતુ એ છોકરાને રમવાની અને રખડવાની એટલી બધી લત પડી ગઇ છે કે હું ગમે તેટલું કરૂં છું અને વારંવાર સમજાવું છું તો પણ જે વૈદકશાસ્ત્રનો એણે પાઠ કર્યો છે તેના અર્થ મારી પાસે તે ધારી લેતો નથી; તેથી મેં તેના ઉપર ગુસ્સે થઇને તેને માર્યો હતો. એ કાંઇ બહેરાપણાનું ઓસડ નથી. તમારી કૃપાથી એ (છોકરો) એ જ ઓસડથી હવે સમજી ગયો છે. પણ તમારે મારા વચનથી તમારા આચાર્યનું આવું ઓસડ કદિ કરવું નહિ.'

શાંતિશિવે જવાબમાં કહ્યું 'ભલે! એમ નહીં કરીએ' મારે તો ગમે તેમ કરીને ભટ્ટારક[1] સારા થાય તેનું કામ છે. જો તેઓ બીજી રીતે સારા થતા હોય તો પછી આ ઓસડનું શું કામ છે?

આ પ્રમાણે વાત થયા પછી શાંતિશિવને છૂટો કરવામાં આવ્યો.

### ભાવાર્થ પ્રશ્ન.

મામા **વિમર્શ** કહે છે—"ભાઇ **પ્રકર્ષ**! આવી રીતે માત્ર હું જેટલું કહું તે સાંભળે અને તેનો ભાવાર્થ ન વિચારે તો આ ભૌતાર્યની કથા જેવું તારે થાય તેટલા માટે હું તને પ્રેરણા કરીને કહું છું કે તારે મારા કહેવાનો ભાવાર્થ મને વખતો વખત પૂછ્યા કરવો."

**પ્રકર્ષ**—"મામા! આપે બહુ સારી વાત કરી. હવે મારે કાંઇક પૂછવાનું છે તે પૂછી લઉં."

**વિમર્શ**—"ભલે ખુશીથી તારે જે પૂછવું હોય તે પૂછી લે."

---

1 વૈદ્ય છોકરાની વાત કરે છે ત્યારે શાંતિશિવ ગુરૂની વાત કરે છે. હજુ ગોટાળો તો રહ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકર્ષ—" જુઓ મામા ! આપે સર્વથી પ્રથમ તો ચિત્તવૃત્તિ નામની મહા અટવીનું વિવેચન કર્યું તેમાં એમ જણાવ્યું કે તે સર્વ અંતરંગ લોકની આધારભૂત છે અને બહિરંગ લોકોને જે જે સારી અથવા ખરાબ બાબતો બને છે તે તે સર્વને બનાવનાર પણ એજ અટવી છે એ હકીકત તો મારા સમજવામાં બરાબર આવી ગઇ; પરંતુ ત્યાર પછી આપે મહાનદી, નદીનો બેટ, મહામંડપ, વેદિકા, સિંહાસન મોહરાજાનું શરીર અને મોહનરેંદ્ર (મહારાજા) વિગેરેની વાતો કરી અને તેમાં આપે પ્રમત્તતા નદી કહી, તદ્વિલસિત નામનો બેટ કહ્યો, ચિત્તવિક્ષેપ નામનો મંડપ બતાવ્યો, તૃષ્ણા નામની વેદિકા વર્ણવી વિપર્યાસ નામનું સિંહાસન જણાવ્યું, અવિદ્યા રૂપ શરીર સમજાવ્યું અને મહામોહ નામના રાજાને નિવેદન કર્યો-તે સર્વનો ભાવાર્થ મારા સમજવામાં બરાબર ન આવ્યો. જો કે વિચારતાં મારી કલ્પનામાં એમ આવે છે કે એ સઘળાં નામથી (શબ્દમાત્રથી) ભિન્ન છે પરંતુ અર્થથી તો બધાં એકસરખાં જણાય છે. કેમકે એ સઘળાં અંતરંગ લોકોની પુષ્ટિ કરવામાં અને બહિરંગ લોકોને અનર્થ કરવામાં લગભગ સમાન છે. છતાં એમનામાં જો કાંઇ પરસ્પર અર્થભેદ હોય તો આપ કૃપા કરી દર્શાવો."

વિમર્શ—" ભાઇ ! જ્યારે મેં એ દરેકના સંબંધમાં વર્ણન કર્યું ત્યારે તેઓના સંબંધમાં શો શો તફાવત છે તે પણ તને બરાબર વિવેચન કરીને સમજાવ્યું હતું, છતાં જો તે હકીકત તારા સમજવામાં બરાબર આવી ન હોય તો તે ફરીવાર અર્થસહિત સમજાવું છું."

આ પ્રમાણે કહીને પ્રકર્ષ મામાએ નદી વિગેરે દરેકનો ભાવાર્થ વિસ્તારપૂર્વક ભાણેજને કહી સંભળાવ્યો એટલે તે દરેક હકીકત સ્પષ્ટતાપૂર્વક પ્રકર્ષના સમજવામાં આવી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૧૧ મું.

## વેલ્લહલ કથા—અટવી આદિની યોજના.

નરવાહન રાજાએ[1] વિચક્ષણાચાર્યને કહ્યું, "મહારાજ! એ મામાએ પોતાના ભાણજને જે ભાવાર્થ કહી સંભળાવ્યો તે આપ અમને સર્વને પણ બરાબર સંભળાવો." નરવાહન રાજાએ આવો પ્રશ્ન કર્યો એટલે વિચક્ષણસૂરિએ પેલી મહાનદી વિગેરેનો સર્વ ભાવાર્થ વિસ્તારથી કહી સંભળાવ્યો.

અહીં[2] અગૃહીતસંકેતા સંસારીજીવને કહે છે, 'ભાઇ સંસારજીવ! જો એમ છે તો એ મહાનદી વિગેરે વસ્તુઓના અર્થમાં જે જાણવા જેવું હોય તે સર્વ તારે મને જણાવવા યોગ્ય છે, માટે કૃપા કરીને તે સર્વ મને સમજાવ.'

સંસારજીવે કહ્યું 'કોઇ એક સ્પષ્ટ દૃષ્ટાન્ત લીધા વગર એ પ્રત્યેકનું જૂદેજૂદું સ્વરૂપ તને સમજાવવું ઘણું મુશ્કેલ પડે તેમ છે, માટે તને એક દૃષ્ટાન્ત આપીને એના ઉપરથી એ મહાનદી વિગેરેનો ભાવાર્થ બરાબર બતાવવા વિવરણ પાડીને કહી બતાવું.'

અગૃહીતસંકેતાએ આભાર માનવાપૂર્વક તેમ કરવામાં પોતાની સંમતિ જણાવી એટલે હકીકત સમજાવવા માટે સંસારજીવે પ્રથમ દૃષ્ટાન્ત કહેવા માંડ્યું.[3]

---

૧ જુઓ પૃ. ૭૬૨. નરવાહન રાજા પાસે વિચક્ષણાચાર્ય સર્વ વાત કરે છે.

૨ જુઓ પૃ. ૨૯૯. સંસારીજીવ જે રિપુદારણનો જીવ છે તે સર્વ વાર્તા સદાગમ સમક્ષ કહે છે.

૩ આ આખું પ્રકરણ પ્રકર્ષને વિમર્શે કહેલું છે, ભાવાર્થ પ્રશ્નના જવાબમાં હોવાથી કદાચ વિચક્ષણસૂરિ કે સંસારીજીવ તે છોડી દે એમ લાગવાથી આટલી પ્રસ્તાવના કરી છે. મતલબ કે વાત ચાલુજ છે અને તે હકીકત આ પ્રકરણને છેડે સ્પષ્ટ થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * * *

## વેલ્લહલ કથા.

એક[1] ભુવનોદર નામનું નગર હતું. સ્વાભાવિક રીતે તેની રચના એવા પ્રકારની હતી કે આ દુનિયામાં બને તેવા બનાવો તે નગરમાં બનતા હતા. તે નગરમાં [2]અનાદિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજામાં એવી શક્તિ હતી કે સમર્થ બ્રહ્મા, વિષ્ણુ કે શંકરને પણ તે દરેક બાબતમાં હઠાવી શકતો હતો, તેમનું નિવારણ કરી શકતો હતો અને તેમના પર પણ પોતાની પ્રભુતા ચલાવી શકતો હતો. એ રાજાને સંસ્થિતિ[3] નામની રાણી હતી. તે નીતિમાર્ગમાં ઘણી કાબેલ હતી અને કોઇ ખોટી સાચી યુક્તિઓ કરીને કાંઇ મિથ્યા (અસત્ય) વચન બોલે તેનો એકદમ નાશ કરવામાં ઘણી કુશળતા ધરાવનારી હતી.

એ **અનાદિ** રાજા અને **સંસ્થિતિ** રાણીને એક ઘણો હૃદયવલ્લભ **વેલ્લહલ** નામનો છોકરો હતો. એ છોકરાને ખાવા પીવાનો એવો અભખરો લાગ્યો હતો કે રાત દિવસ જૂદા જૂદા પ્રકારના ખાવાના અને પીવાના પદાર્થો મ્હોમાં નાખ્યા કરે, પણ કદિ ખાવા પીવાની બાબતમાં તેને તૃપ્તિ થાય જ નહિ. ઘણું ખાવા પીવાથી એ છોકરાને સખ્ત અજીર્ણ થયું, પેટના દોષો વધી પડ્યા અને જીર્ણજ્વર પણ લાગુ પડી ગયો. વારંવાર ઓડકાર આવ્યા કરે, પેટમાં ગડબડાટ થાય, અને ઉલટી થયા કરે. આવી રીતે અત્યંત દુઃખી થયો તો પણ સારા સારા નવા નવા પદાર્થો ખાવાની તે છોકરાની ઇચ્છા જરા પણ ઓછી થતી નહિ અને હજુ જાણે વ્યાધિમાં કાંઇ ન્યૂનતા હોય તેમ વળી એ છોકરાને બહાર બગીચામાં જઇને ઉજાણી કરવાની ઇચ્છા થઇ. એ ઇચ્છા પૂર્ણ કરવા સારૂ અનેક પ્રકારની ખાસ વાનીઓ તૈયાર કરાવવામાં આવી. પછી એ તૈયાર કરેલી વાનીઓને જોતો જાય અને આ ખાઉં કે પેલી ખાઉં એવી એવી તેના મનમાં હોંસ થયા કરે અને મન ચકડોળે ચઢે. સર્વ વસ્તુઓ બહુ ભાવતી હોવાથી એ તૈયાર કરેલી વસ્તુઓમાંથી દરેક થોડી થોડી એ ભાઇસાહેબે ખાધી. ત્યાર

---

૧ **ભુવનોદરઃ** સંસારનું બીજું નામ છે.

૨ **અનાદિ** રાજા. **સંસ્થિતિ** રાણી. અનાદિ કાળથી ચાલી આવતી પરિસ્થિતિ પર રૂપક છે.

૩ **વેલ્લહલ.** સ્વચ્છંદી, વ્યભિચારી અથવા જાર પુરુષ માટે આ શબ્દ વપરાય છે. વાર્તા વાંચતાં અને વિચારતાં સર્વ સ્પષ્ટ થઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી પોતાના સર્વે મિત્ર મંડળના પરિવારસહિત તેમ જ અંતઃપુરની પોતાની સુંદરીઓને સાથે લઇને પોતે બગીચામાં જવા નીકળ્યો. રસ્તામાં બંદી લોકો તેની બિરૂદાવળી બોલતા હતા અને તે સર્વને દાન આપતો હતો. મહા આડંબરપૂર્વક અનેક પ્રકારના વિલાસ કરતો અને આનંદનો અનુભવ કરતો તે સુંદર બગીચામાં સર્વની સાથે પહોંચ્યો.

બગીચામાં પહોંચ્યા પછી પોતે એક સારા આસનપર નિરાંતે બેઠો. પછી ઉજાણી માટે આણેલ ભોજનની જૂદી જૂદી વાનીઓ તેની સમક્ષ પીરસવામાં આવી. એમાંથી પણ એણે થોડો થોડો આહાર કરી લીધો. દરેક વસ્તુ થોડી થોડી ખાધી. તે વખતે જંગલનો પવન પણ તેને લાગ્યો. તે સર્વ કારણને લઇને તેનો તાવ વધી ગયો. હવે તે વખતે તેની સાથે **સમયજ્ઞ**[1] નામનો વૈદ્યનો દિકરો જે વૈદ્યકના ધંધામાં ઘણો કુશળ હતો તે આવ્યો હતો તેણે જોઇ લીધું કે કોઇ પણ કારણથી વેલ્લહલકુમાર રોગી થયો જણાય છે, તેને કોઇ જાતની પીડા જરૂર થાય છે પણ તે બોલતો નથી. આ પ્રમાણે વિચાર કરીને તેણે કુમારના લમણે ( કપાળની બાજુનાં હાડકાંએ ) હાથ દીધો અને નાડ જોઇ તુરત જ નિર્ણય કરી લીધો કે કુમારના શરીરમાં તાવ ભરાઇ આવ્યો છે.

ઉપર જણાવ્યો તેવો નિશ્ચય થતાં જ સમયજ્ઞે કુમારને કહ્યું "દેવ! તમારે હવે કાંઇ પણ ખાવું યોગ્ય નથી, તેમ કરવાથી તમને ઘણું નુકસાન થશે. જુઓ ! અત્યારે જ તમારૂં શરીર અંદરખાનેથી ધગધગી જાય છે અને તમને તાવ આવી ગયો હોય તેમ ચોખ્ખું જણાય છે, તમારી આંખો માંદા માણસની પેઠે લાલ થઇ ગઇ છે, મુખ પણ તેજસ્વી અને લાલચોળ થઇ ગયું છે, લમણાંમાંથી ધડધડ અવાજ થાય છે, નાડીઓ જોસબંધ ચાલે છે, બહારની ચામડી જાણે બળતી હોય તેવી થઇ ગઇ છે, હાથમાં જાણે અંગારા ઉઠે છે અને એ સર્વ સખ્ત તાવ આવ્યાનાં ચિહ્નો છે, તેથી તમે હવે ભોજન આરોગવાનું છોડી દો, આ સામેના પવન ન આવે એવા બંધ ઓરડામાં જાઓ અને ત્યાં જઇને તદ્દન આરામ લો, એકદમ લાંઘણ કરો, ઉકાળેલું પાણી પીઓ અને આ અજીર્ણ અને તાવનાં કારણોની પ્રતિકૂળ ક્રિયાઓ છે—

---

૧ **સમયજ્ઞ**: સમય એટલે (૧) વખત અને (૨) શાસ્ત્ર. વખત જાણનાર—રાજાની—કુમારની દૃષ્ટિએ અને રહસ્ય સમજનાર શાસ્ત્રાર્થ દૃષ્ટિએ. આગળ ભાવાર્થ વાંચતાં આ ભાવ સ્પષ્ટ થશે.

૧૭

JAINSITE.com
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તેને મટાડવાના ઉપાયો છે, તે સર્વે બરાબર કરો, એમ કરવામાં જો જરા પણ ગફલતી કરશો તો તમને તુરત જ [1]સન્નિપાત થઇ જશે.”

વૈદ્યના દીકરાએ વેલ્લહલ કુમારને આ પ્રમાણે કહ્યું તે વખતે પણ કુમારની નજર તો પોતાની સમક્ષ પીરસેલા ભોજન ઉપર જ હતી અને હું આ ખાઉં કે પેલું ખાઉં એમ સર્વ પદાર્થો ઉપર એક પછી એક તે નજર નાંખ્યા કરતો હતો. જમવાના પદાર્થો ઉપર તેનું અંતઃકરણ એટલું બધું સચોટ લાગી રહ્યું હતું કે વૈદ્યના દિકરાએ આટલું બધું કહ્યું તે વાત સાંભળવાની પણ તેણે દરકાર કરી નહિ, વૈદ્યનો દિકરો પોતાને જે કહેતો હતો તે હકીકત પોતાને ખાસ હિત કરનાર છે તે વાત તેના ધ્યાનમાં પણ આવી નહિ અને એ પોતાને ખાતો અટકાવવા માટે શરીરે વળગી વળગીને હાથને થોભી થોભીને ના કહેતો હતો તેની તરફ પૂરૂં લક્ષ્ય પણ તેણે આપ્યું નહિ. એવી રીતે એ સમયજ્ઞ વૈદ્યપુત્ર તેને વચનથી વારતો રહ્યો અને તેના હાથ થોભતો રહ્યો, છતાં વેલ્લહલ કુમાર તો તેના દેખતાં જ-તેની હાજરીમાં જ-વધારે વધારે આહાર કરતો ગયો. એને સમયજ્ઞની હાજરીની જરા પણ શરમ આવી નહિ. વેલ્લહલના શરીરમાં અજીર્ણ ઘણું સખ્ત થયેલું હોવાને લીધે અને વિશેષ ભોજન કરતાં દરમિયાન તાવ પણ ઘણો વધી ગયેલો હોવાને લીધે તે ભાઇશ્રી જે કાંઇ ખાતાં તે કેમે કરતાં ગળે ઉતરતું નહિ તો પણ બળ કરીને જોરથી થોડો ઘણો આહાર તો તેણે ગળા નીચે ઉતાર્યો. પરિણામે તેનું હૃદય ઉછળવા લાગ્યું, પેટમાં ગડબડાટ થઇ ગયો, ખાધેલું પાછું ગળે આવવા માંડ્યું, ઉલટી થવા લાગી અને છેવટે પોતાની સમક્ષ જે સર્વ ભોજન પડેલું હતું તેમાં પણ વમનનો થોડો ભાગ પડવાથી તે પણ ઉલટીથી મિશ્ર થઇ ગયું. આવો વિચિત્ર પ્રકાર જોઇને વેલ્લહલ કુમારે વિચાર કર્યો કે ખરેખર, મારા પેટમાં ઘણી જ ભુખ લાગી છે અને ભુખથી પેટ ખાલી થઇ ગયેલ હોવાથી તે વાયુથી ભરાઇ ગયું છે[2] અને તેથી જ આ ઉલટી (વોમીટ) થઇ આવી છે. આ ઉલટી ભુખને લીધે જ થઇ આવી જણાય છે. મને તો એમ લાગે છે કે મારો કોઠો અત્યારે ખાલી પડી ગયો છે અને તેમાં જો વધારે વાયુ ભરાશે તો મને હેરાન હેરાન કરી મૂકશે, માટે ફરીવાર પણ ભોજન કરીને એને (પેટને) બરાબર ભરી દઉં કે

---

૧ વાત, પીત્ત અને કફનું વિષમપણું. ત્રિદોષના વિકારથી પેદા થયેલ તાવ.

૨ વાયુથી ખાલી પેટ પર અસર થાય છે, પણ વાયુથી વમન થતું નથી. પેટમાં પવન ભરાય ખરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેથી એ ખાલી પડી રહે નહિ ને તેમાં વાયુ ભરાય નહિ. હવે તે વખતે બીજું ભોજન તૈયાર ન હોવાથી પોતાની સામે પડેલું વમનથી મિશ્ર થયેલું ભોજન કુમારે આરોગવા માંડ્યું અને તેમ કરવામાં તેને જરા પણ શરમ આવી નહિ.

આવો નિર્લજ્જ અને એકાંત હાનિકારક બનાવ જોઇને [1]સમયજ્ઞ વૈદ્યપુત્રે પોકાર કરીને કહ્યું "દેવ દેવ! તમારે આવું કાગડા જેવું[2] વર્તન કરવું યોગ્ય નથી. પ્રભુ! આ તમારૂં આવડું મોટું રાજ્ય, તમારૂં સારૂં શરીર અને ચંદ્ર જેવો નિર્મળ તમારો યશ એક દિવસના ભોજન વાસ્તે નકામો હારી જાઓ છો; આ તમે બહુ ખોટું કરવા બેઠા છો. વળી મારા પ્રભુ! આ ભોજન તમારી પાસે પડેલ છે તે તદ્દન અપવિત્ર છે, ઘણા દોષથી ભરપૂર છે, મોટો ઉદ્વેગ કરાવે તેવું છે અને ડાહ્યા માણસોની નિંદાને પાત્ર છે કારણ કે એમાં ઉલટી (વોમીટ) ભરેલ છે, તો તે તો તમારે ખાવું–આરોગવું કોઇ પણ રીતે ઉચિત નથી. દેવ! આ ભોજન અનેક દુ:ખોથી ભરપૂર છે અને ખાસ કરીને તમારી જેવા માણસો જેમને શરીરમાં અનેક પ્રકારના દોષો ઉત્પન્ન થઇ ગયેલાં હોય તેમને તો સર્વ વ્યાધિઓને વધારે કોપાયમાન કરે, જાગૃત કરે અને વધારી મૂકે તેવું છે. અરે! એવાં બાહ્ય પુદ્‌ગલમય તુચ્છ ભોજન ઉપર તમારા જેવાને આસક્તિ હોય જ કેમ? એ તે કદિ ઘટે પણ ખરી! માટે મારા પ્રભુ! એને છોડી દઇને તમારી જાતની (તમારા આત્માની) યત્નપૂર્વક રક્ષા કરો."

જૈનમ્ જયતિ શાસનમ્

સમયજ્ઞ વૈદ્યપુત્રે આવી રીતે આજીજીપૂર્વક રાજપુત્રને ભોજન કરતાં વાર્યો તો પણ પોતાનાં મનમાં મનમાની ઘડ વાળતાં રાજપુત્રે વિચાર કર્યો કે–ખરેખર! આ સમયજ્ઞ તો કોઇ મોટો મૂર્ખો જણાય છે! એ બાપડો મારી પ્રકૃતિને સમજતો નથી, મારી અવસ્થા જાણી શકતો નથી અને મને કઇ બાબતથી હિત થશે અને કઇ બાબતથી અહિત થશે તેનો નિર્ણય કરી શકતો નથી, છતાં પોતાનું ડહાપણ બતાવવા માટે મને શિખામણ આપવા નીકળી પડ્યો છે. [3]અત્યારે મારા

---

૧ સમયજ્ઞના સર્વ શબ્દો માર્મિક છે તે વિચારવાથી અને તેની યોજના હવે પછી કરી છે તે વાંચવાથી સ્પષ્ટ થશે.

૨ કાગડાની ચપળતા ઘણી હોય છે, વળી કાગડો સારા પદાર્થ છોડીને વિષ્ટા પર બેસે છે એ પણ કાકચેષ્ટા કહેવાય છે; અથવા કાગડો ગમે તેવા સારા કે ખરાબ પદાર્થમાં ચાંચ નાખે છે તેને કાકચેષ્ટા કહેવામાં આવે છે.

૩ નિષ્પુણ્યકને પ્રથમ પ્રસ્તાવમાં પોતાના ભોજનને અંગે જે વિચારો થતા હતા તે જરા અહીં સરખાવવા જેવા છે. જુઓ પૃ. ૩૩–૩૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરમાં વાયુનું ઘણું જોર થઇ ગયું છે અને તેને લઇને મને ઘણી આકરી ભુખ લાગી છે ત્યારે એ ભાઇશ્રી મને ભોજન કરતો અટકાવવા માગે છે અને આવું દેવતાઓને પણ દુર્લભ ભોજન છે તેને પણ એ દોષયુક્ત ઠરાવે છે. ધન્ય છે એની અક્કલને ! અરે એવા અક્કલ વગરના માણસો ગમે તેવું બોલે તેની મારે શા માટે દરકાર કરવી જોઇએ? હું તો આ ભોજન જરૂર કરી લઉં. મારે તો ગમે તેમ કરીને મારો સ્વાર્થ સાધવાનો છે. મારે બીજી ચિંતા કરવાનું કામ જ શું છે?

એવા વિચાર કરીને સમયજ્ઞ વૈદ્યપુત્ર અને અન્ય મિત્રપરિવાર વારતો રહ્યો છતાં કુમાર વેલ્લહલે તો ભોજન આરોગવા માંડ્યું. આવા તેના કર્મને પરિણામે તેના શરીરમાં સર્વ દોષો એકદમ વધી ગયા અને ભોજન લીધા પછી થોડા વખતમાં તેને મહા આકરો સન્નિપાત થઇ આવ્યો. તે જ જમીન જે અગાઉ વમન (ઉલટી)ને લઇને ખરડાયલી હતી તેની ઉપર ચેષ્ટા વગરનો થઇને કુમાર ઢળી પડ્યો અને અત્યંત અધમ વમનના કાદવમાં આળોટવા લાગ્યો અને મોટે સ્વરે ઘુરઘુર અવાજ કરતો રહ્યો. તેનું ગળું કફથી તદ્દન ભરપૂર થઇ ગયું. લોકો સર્વ જોતાં રહ્યાં અને તે અત્યંત ઉદ્વેગ ઉત્પન્ન કરે તેવી તેમજ ઉપાય ન થઇ શકે તેવી ઘણી ખરાબ અવસ્થાને પામ્યો. એ અવસ્થા એટલી ખરાબ હતી કે તેનું વર્ણન કરવું લગભગ અશક્ય જેવું છે. એવી અવસ્થામાંથી હવે તેને સમયજ્ઞ બચાવી શકે તેમ નથી, સગાવહાલાં કે નોકરચાકરો તેનું રક્ષણ કરી શકે તેમ નથી, રાજ્ય તે અવસ્થામાંથી તેનો ઉદ્ધાર કરી શકે તેમ નથી, તેમ જ દેવો કે દાનવો તે અવસ્થામાંથી બહાર નીકળવામાં તેને સહાય કરી શકે તેમ નથી. અત્યંત અપવિત્ર કાદવમાં એ જ અવસ્થામાં એ પ્રાણી પોતાનાં કર્મનાં ફળ ભોગવતો અનંત કાળ સુધી લોટ્યા કરશે.

* * * *

[1]ભદ્ર અગૃહીતસંકેતા ! તને સર્વ વસ્તુઓના ભેદ સ્પષ્ટ રીતે સમજાવવા સારૂં આ વેલ્લહલની વાર્તા તારી પાસે કરી છે તે તારા સમજવામાં આવી?

---

૧ કથા પૃ. ૮૨૦ થી શરૂ થઇ. ચિત્તવૃત્તિ અટવી વિગેરેની યોજના સમજાવવા આ વાર્તા કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગૃહીતસંકેતા તો આ વાર્તા સાંભળીને મનમાં વધારે મુંઝવણમાં પડી ગઇ અને બોલી "અરે સંસારીજીવ! તેં તો ચિત્તવૃત્તિ અટવી અને બીજી વસ્તુઓનો ભેદ મને સમજાવવા સારૂં વાર્તા કહેવા માંડી હતી અને તેમાં આ વાત કરી! તારી આ વાત સાંભળતાં તો આગળ પાછળનો કાંઇ મેળ મળતો નથી. તેં આ વાર્તા કરી તેને અને તારી મૂળ વાતને તો[1] ઊંટ અને આરતી જેવું અસંબદ્ધપણું મને લાગે છે! આ તો ઘોડા ખેલાવવાનું ક્યાં અને ઊંટપર બેસવાનું ક્યાં? જો તારી આ વાર્તામાં અને અગાઉ ચિત્તવૃત્તિ વિગેરેની વાત તેં કરી હતી તેમાં કાંઇ સંબંધ જેવું હોય તો મને સમજાવ અને તું બરાબર ફોડ પાડીને કહે કે મારા ખ્યાલમાં સર્વ બાબત આવી જાય."

અગૃહીતસંકેતાનું સંશ સમાધાન.

હવે સંસારીજીવ જે સદાગમ સમક્ષ પોતાની વીતક વાર્તા કરતો હતો તે વાત કહેતાં કહેતાં જરા થાકી ગયો હતો તેથી તેને આરામ લેવાની ઇચ્છા થઇ હતી તેથી તેણે અગૃહીતસંકેતાની સખી પ્રજ્ઞાવિશાળાને સૂચના કરી "અરે પ્રજ્ઞાવિશાળા! મેં હમણા જે વાર્તા કહી તેને મારી પ્રસ્તુત હકીકત સાથે જે સંબંધવાળી અર્થઘટના છે તે તારા પોતાના શબ્દોમાં અગૃહીતસંકેતાને સમજાવ."

પ્રજ્ઞાવિશાળાએ સંસારીજીવને કહ્યું "ભલે! બહુ સારૂં! હું સર્વ યોજના બરાબર સમજાવું." પછી પોતાની સખીને કહ્યું કે—જો બહેન અગૃહીતસંકેતા! તું જરા લક્ષ્ય રાખજે. આ ભાઇએ કહેલી હકીકત આ પ્રમાણે સમજી લેવાની છે:—

*   *   *

## વેલ્લહલ કથા યોજના. ( અર્થઘટના. )

પ્રથમ તો વાર્તામાં જે વેલ્લહલ કુમાર કહેવામાં આવ્યો તે કર્મના સંબંધમાં આવેલો કર્મના ભારથી ભારે થયેલો જીવ સમજવો. એવા જીવો ભુવનોદર નામના નગરમાં જ ઉત્પન્ન થાય છે. અનાદિ રાજા અને સંસ્થિતિ રાણીનો પુત્ર જે કહ્યો તે પણ એ કર્મબંધનસંયુક્ત થયેલો જીવ જ સમજવો.

વેલ્લહલ કોણ?

1 અરસપરસ તદ્દન સંબંધ વગરની વાત. ઊંટને અને આરતીને સંબંધ શો? ઊંટની કે ઊંટથી આરતી હોય જ નહિ. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી—એવો ભાવ સમજવો. એક વિદ્વાન કહે છે કે निराजना એટલે 'ઘુરખો.' ઊંટને વળી ઘુરખો શો? ઊંટને કોઇની નજર લાગતી નથી. ભેંસ આગળ ભાગવત જેવું.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

( અહીં ભુવનોદર એટલે સંસાર, તેમાં અનાદિ કર્મપ્રવાહ અને તેની સ્થિતિ-એથી આ જીવ સંસારમાં ભમ્યા કરે છે એ સર્વ પરિસ્થિતિ સમજી લેવી ). એ પ્રાણીના અનંત પ્રકારના રૂપો હોવાથી ( વિશેષ રૂપની અપેક્ષાએ ) એને બહિરંગ લોક કહેવામાં આવે છે અને સામાન્ય રૂપને ઉદ્દેશીને એક કહેવામાં આવ્યો છે એમ સમજી લેવું. બહેન ! જ્યારે એ પ્રાણી મનુષ્યભવ પામે છે ત્યારે તે સર્વ કર્મો ઉપર પ્રભુતા મેળવવાની સ્થિતિમાં આવે છે, તેથી તે કુમાર ( જીવ ) મહારાજાનો દિકરો છે એમ કહેવામાં આવ્યું છે, કારણ કે જે રાજપુત્ર હોય છે તેજ સર્વનો પ્રભુ થાય છે તેમ અહીં પ્રાણી કર્મનો પ્રભુ થઇ શકે છે.

ચિત્તવૃત્તિ અટવીની સમજણ.

ત્યાર પછી જે ચિત્તવૃત્તિ[1] નામની મોટી અટવીની વાર્તા કરી તે આ જીવના સંબંધમાં જ સમજવી. એ પ્રાણીને સારી અથવા તો ખરાબ કોઇ પણ બાબત થાય તે સર્વનું કારણ એ મહા અટવી જ છે. હવે અહીં બરાબર સમજજે: જ્યાં સુધી પેલો પ્રાણી આત્માને બરાબર પીછાનતો નથી ત્યાં સુધી જ એ ચિત્તવૃત્તિ મહા અટવી ઉપર આવીને મહામોહ તથા તેના સેનાનીઓ ધમસાણુ કરી મૂકે છે અને આખી અટવીને પાયમાલ કર્યા કરે છે, પરંતુ જેવો પ્રાણી કોઇ પણ પ્રકારે પોતાના આત્માને બરાબર જાણે છે-પીછાને છે કે તુરત જ તેઓ તે આત્માનું બળ ( વીર્ય-અનંત શક્તિ ) જોઇને દૂર નાસી જાય છે. આવી રીતે તેનું પોતાનું (આત્માનું) જોર ન થતાં જ્યાં સુધી તેમાં મહામોહ અને બીજા લશ્કરીઓનું જોર રહે છે ત્યાં સુધી તે ચિત્તવૃત્તિ અટવીમાં ઉપર કહી તે સર્વ મહાનદી વિગેરે વસ્તુઓ થયા જ કરે છે, કારણ કે મહામોહ અને તેના સંબંધી જે બીજા રાજાઓ છે તે સર્વને ક્રીડા કરવાનું ઠેકાણું એ મોટી નદીમાં છે, પરંતુ જો પેલા રાજાઓને ( મહામોહ અને બીજા લશ્કરીઓને ) જ ત્યાં આવવાનું કારણ રહે નહિ અથવા આવવાનો પ્રસંગ બને નહિ તો એ મહાનદી વિગેરે ક્રીડાસ્થાનોનો તો આપોઆપ નાશ થઇ જાય છે.[2] પરંતુ હકીકત એવી છે કે જ્યાં સુધી પ્રાણી પોતાનું સ્વરૂપ બરાબર સમજતો નથી અને તેને પરિણામે જ્યાં સુધી મહામોહ રાજા અને બીજા સેનાનીઓ

---

૧ જુઓ પૃ. ૮૦૪-૫.

૨ સર્વ કર્મોના બંધસ્થાનનો સંબંધ મનઉપર-ચિત્તવૃત્તિ ઉપર રહે છે, તેથી કર્મબંધનના સંબંધમાં તેનું જોર વધારે છે. તે જો અનુકૂળ હોય તો અશુભ કર્મબંધ થતો નથી એટલે પછી રાજાઓનાં ક્રીડાસ્થાનો આપોઆપ ઉડી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના રાજ્યપ્રતાપના પૂર દમામમાં એ ચિત્તવૃત્તિ અટવીમાં રહે છે અને વિકાસ પામ્યા કરે છે ત્યાં સુધી એ મહાનદી વિગેરે વસ્તુઓ પણ ફાલ્યા ફુલ્યા કરે છે, વધારે વિકાસ પામે છે, હોય તેનાથી વધારે વધે છે અને આ પ્રાણી એ સર્વ બાબતને ઘણી અગત્યની ગણે છે. એવી સ્થિતિમાં એ પોતાની જાતનો એટલો મોટો શત્રુ થઇ પડે છે કે પોતે કેવી ભૂલ કરે છે અને કેવી રીતે ખોટે રસ્તે દોરવાય છે તે વાત પણ તે જરાએ સમજતો નથી. હવે આવી વિષમ અવસ્થામાં પ્રાણી પોતાની શક્તિથી જે કાર્યો અને વર્તનો જૂદાં જૂદાં પ્રકારના કરે છે તેને સ્પષ્ટપણે સમજાવવા સારૂં તને વેલ્લહલની કથા કહી સંભળાવવામાં આવી છે. તેને અને આ મહા અટવી નદી વિગેરેને ગાઢ સંબંધ છે. હવે એ વાતને નદી વિગેરે બાબતોનો ભેદ સમજવા માટે કેવી રીતે જૂદી પાડવી તેની તને બરાબર યોજના કરી બતાવું છું તે તું સાંભળ.

**કુમારને અજીર્ણ.** એ વેલ્લહલ[1] કુમારને જેમ અનેક પ્રકારનો આહાર કરવાની ઇચ્છા થયા કરતી હતી તે પ્રમાણે વિષયલંપટ આ જીવના સંબંધમાં પણ એમ જ સમજવું, મતલબ આહાર કરવાની પ્રબળ ઇચ્છા જેમ તે કુમારને થતી હતી તેમ વિષય ભોગવવાની પ્રબળ ઇચ્છા આ જીવને વારંવાર થયા કરે છે. ઘણું ભોજન વારંવાર કર્યા કરવાથી જેમ તે વેલ્લહલ કુમારને સખ્ત અજીર્ણ થઇ આવ્યું હતું તેમ આ જીવને પણ વારંવાર કર્મનું સખ્ત અજીર્ણ થઇ આવે છે. પાપ અને અજ્ઞાનમય તે કર્મ ઘણું ભયંકર છે જેમાંથી પ્રમત્તતા (પ્રમાદપણું) ઉત્પન્ન થાય છે અને તેને ઉત્પન્ન કરનાર વળી પેલા બે નગરો (તામસચિત્ત અને રાજસચિત્ત) છે. જેમ જેમ પેલો કુમાર ભોજન આરોગતો ગયો તેમ તેમ તેને અજીર્ણ વધતું ગયું અને શરીરપર તાવ ચઢતો ગયો, તેવી રીતે આ પ્રાણીની વિષય તરફ લંપટતા વધતી જાય છે તેમ રાગ વધતો જાય છે અને તે સર્વ જ્વર (તાવ)ને વધારનાર થાય છે. એવા સખ્ત અજીર્ણ અને તાવની વચ્ચે પણ જેમ પેલા વેલ્લહલ કુમારને વધારે વધારે ભોજન કરવાની ઇચ્છા થયા કરતી હતી તેમ આ કમનસીબ

**પ્રમત્તતા નદીની યોજના.** પ્રાણીને પણ વિષયસેવનની ઇચ્છા થાય છે. તમે એક મનુષ્યભાવ પામેલા એટલે માણસ થયેલા પ્રાણીને જોશો તો ઘણી ખરીવાર તમને જણાશે કે એને કર્મનું અજીર્ણ ઘણું આકરૂં થયેલું છે, ઉપરાંત

૧ અત્ર પ્રમત્તતા નદીનું વર્ણન પૃ. ૮૦૫-૬ થી પ્રથમ વાંચી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનામાં રાગદ્વેષ એટલા વધારે વધારે કોપ પામતાં જણાશે કે તેની મૂઢતાને લઇને તેના ચિત્તપર એક જાતનો તાવ આવ્યો હોય તેમ સ્પષ્ટ જણાઇ આવશે. હકીકત એવી બને છે કે વસ્તુસ્વરૂપ બરાબર ન સમજતો હોવાથી પ્રાણી બરાબર સમજી શકતો નથી કે એના રાગદ્વેષના વધવાથી જ એનો જ્વર વધતો જાય છે અને તેથી તે જ્યારે સુખની ઇચ્છા કરતો હોય છે ત્યારે તેને મેળવવાના પ્રયત્નમાં જ તે પોતાને અહિત થાય-પરિણામે દુઃખ થાય એવે રસ્તે ઉતરી જાય છે. સુખ મેળવવા તે જે માર્ગો લે છે (અને જેને પરિણામે તેને કર્મબંધનથી દુઃખ થાય છે) તેના થોડા દાખલા જુઓઃ તે દારૂ પીએ છે, તેને નિદ્રા ઘણી વહાલી લાગે છે, અનેક પ્રકારની કલ્પનાઓ યુક્ત [1]વિકથા તેને બહુ સુંદર લાગે છે, એને ક્રોધ ઘણો ઇષ્ટ થઇ પડે છે, માન એને પ્રિય થઇ પડે છે, માયા એને હૃદયવલ્લભા જેવી થઇ પડે છે અને લોભ તો એને પોતાના પ્રાણ જેવો લાગે છે, રાગદ્વેષ તો જાણે એનું ખૂદ મન જ હોય નહિ તેવા થઇ જાય છે, સ્પર્શ (સુંદર સ્ત્રી કે સુંવાળા પદાર્થ સાથે) તેને વહાલો લાગે છે, અનુકૂળ રસમાં તેને રસ આવે છે, સુગંધ તરફ તે લલચાઇ જાય છે, સુરૂપ તરફ તેની આંખો દોડી જાય છે અને મધુર અવાજ સાંભળી કાન ઊભા થઇ જાય છે, એને સારાં સારાં વિલેપનો (ointments) શરીરે લગાડવાં બહુ જ ગમે છે, પાનસોપારી વિગેરે ખાવાં તરફ મન લલચાયા કરે છે, શરીરપર સારાં ઘરેણાંઓ પહેરવાની હોંસ થયા કરે છે, સારૂં ભોજન કરવાની ઇચ્છા થયા કરે છે, ગળામાં ફૂલની માળાઓ પહેરવાની હોંસ થાય છે, સારી સ્ત્રીઓ સાથે વિલાસ કરવાનો ભાવ ઉઠ્યા કરે છે, સારાં કપડાં પહેરીને લટાર મારવા મન થયા કરે છે, એને સારાં સારાં આસનો (સિંહાસન વિગેરે), વાહન (રથ વિગેરે), સુવાની પથારીઓ, દ્રવ્યનો સંચય, ખોટી કીર્ત્તિ અને એવી એવી સ્થૂળ બાબતો બહુ જ પ્રિય લાગે છે. એની ચિત્તવૃત્તિ રૂપ અટવીમાં આવી રીતનું કામ કરતી **પ્રમત્તતા**[2] નામની નદી અતિ વેગથી નિરંતર વહન કર્યા કરે છે.

---

૧ **વિકથાઃ** રાજ્યસંબંધી કથા, દેશસંબંધી કથા, સ્ત્રીસંબંધી વાતો, ભોજનકથા-આ ચારને વિકથા કહેવામાં આવે છે.

૨ પ્રમત્તતા નદીના સંબંધમાં એક બાબત ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય જણાય છે. પૌદ્ગલિક સર્વ ભાવોમાં રમણ કરવું તે પ્રમાદ છે. પ્રમાદ એટલે આળસ એવો અર્થ નથી, પણ પ્રમાદ એટલે આત્મિક બાબતમાં પરાઙ્મુખપણું. આ અર્થ વારંવાર ધ્યાનમાં રાખવાની જરૂર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી પેલા રાજકુમાર વેલ્લહલને[1] બહાર બગીચામાં ઉજાણી કરવાની ઇચ્છા થઇ આવી, ત્યાં જવા સારૂ ભોજનની અનેક પ્રકારની વાનીઓ તૈયાર કરાવી, તેમાંથી ચાખવાને બ્હાને થોડી થોડી તેણે ખાઇ લીધી, ત્યાર પછી વિલાસથી તે ઘરની બહાર નીકળ્યો, બગીચામાં આવી પહોંચ્યો, દિવ્ય સિંહાસન ત્યાં લાવવામાં આવ્યું, તેના પર કુમાર બેઠો અને તેની સન્મુખ નાના પ્રકારની વાનીઓ પીરસવામાં આવી–એ સર્વ વાત પ્રથમ કરી હતી તેનો ઉપનય આ પ્રમાણે: પ્રમાદમાં પડેલા એ પ્રાણીને કર્મના અજીર્ણથી મહા આકરો મનનો તાવ આવેલો હોવાથી તેના મનમાં વારંવાર અનેક પ્રકારનાં વિચારનાં મોજાં આવ્યાં કરે છે કે અહો! ખૂબ પૈસા એકઠા કરીને સારી રીતે મોજ ઉડાવું, મારા અંતઃપુરને તો દેવતાના વૈભવસ્થાન જેવું બનાવી દઉં, સુંદર મનને આનંદ આપનાર રાજ્યને સારી રીતે ભોગવું, મોટા મોટા રાજ્યમહેલ બંધાવું, સારા સારા બગીચાઓ તૈયાર કરાવું, મોટો વૈભવ પ્રાપ્ત કરીને તેમ જ શત્રુઓનો ક્ષય કરીને દુનિયામાં સર્વ લોકોની પ્રશંસા પામી, સર્વ મનોરથ સંપૂર્ણ કરી પાંચે ઇંદ્રિયોના વિષયસંબંધી સુખસાગરમાં મારા મનને તરબોળ કરી નિરંતર આનંદની મસ્તીમાં રહ્યા કરૂં. અરે! આવી રીતે ખાવું, પીવું, ભોગ ભોગવવા ને ઇંદ્રિયોને તૃપ્ત કરવી એ જ [2]મનુષ્યપણું પ્રાપ્ત કરવાનું ફળ છે. આ સિવાય મનુષ્યદેહ પામ્યાનું બીજું કાંઇ જ ફળ નથી–આવી આવી જે ચિત્તવૃત્તિ પ્રાણીને નિરંતર થયા કરે છે તે પેલા વેલ્લહલ કુમારને ઉદ્યાનમાં જવાની ઇચ્છા સાથે સરખાવવા યોગ્ય છે. બહેન! તારા સમજવામાં હવે કાંઇક હકીકત આવી હશે એમ હું ધારૂં છું. જો, હવે એવી રીતે વિચાર કરવાને પરિણામે પ્રાણી મહા આરંભ[3] કરે છે અને તેથી દૈવયોગે

ઉદ્યાન ગમનનો ઉપનય.

---

૧ અહીં **તડ્વિલસિત** બેટની હકીકત પૃષ્ઠ ૮૦૬–૭ માંથી પ્રથમ વાંચી લેવી.

૨ અહીં બેઃ રો. એ. સોસાયટીવાળા છાપેલ મૂળ ગ્રંથનું પૃ. ૫૨૬ શરૂ થાય છે.

૩ **મહા આરંભઃ** મોટાં મોટાં પાપનાં કામો કરવાની શરૂઆતઃ મીલ ઉઘાડવી. રેલ્વે ગોઠવવી, નહેરો ખોદવી, પાપવ્યાપાર આદરવા વિગેરે જેમાં એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિયપર્યંત અનેક જીવોનો નાશ થાય છે તેને **'મહા આરંભ'** કહેવાય છે.

આ મહા આરંભમાં ખાસ કરીને પંદર કર્માદાનોનો સમાવેશ થાય છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે પ્રણીત શ્રીયોગશાસ્ત્ર (તૃતીય પ્રકાશ) અનુસારે તેનું જાણવાલાયક સ્વરૂપ અત્ર પ્રસ્તુત છે. સ્વજન કુટુંબની આજીવિકા એવા ધંધા ઉપર જ હોય તો એને માટે જૂદી વાત રહે, પણ ધનસંચય કરવા–તીજોરી ભરવા માટે એમાંના કોઇ પણ ધંધા કરવા શ્રાવકને માટે ઉચિત નથી. (નોટ ચાલુ પૃ. ૮૩૦ માં)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પાંચકર્મ.**

૧ **અંગારકર્મઃ** કોલસા પાડવા, ભાડભુંજાનો ધંધો કરવો, કુંભારનો ધંધો કરવો, લુહાર, સોની, કંસારા, ઇટ પાડનારા એ સર્વનો સમાવેશ આ અંગારક કર્મમાં થાય છે. (આ કાર્યો જુની રીતે કે સાંચા કામથી થાય તે સર્વ અંગારકર્મમાં આવે.)

૨ **વનકર્મઃ** ફળફૂલ પાન છેદવા અને તેનો વેપાર કરવો. ઘંટીથી દાણા દળવાનો વેપાર, પાણીથી વાટવાનો વેપાર એ સર્વ વનકર્મ. (દળવાની વીજળીબળથી ચાલતી ઘંટી–આટાની મીલો?)

૩ **શકટકર્મઃ** ગાડાં, ઘોડાગાડી બનાવવાં, તેનાં ચક્રો ઘડવાં, ચઢાવવાં, ખેડવાં, વેચવાં, બળદનાં જોતરાં વેચવાં વિગેરે (મોટર વેચવી, લોરીઓ ભાડે ફેરવવી, ટેક્સીઓ ભાડે ફેરવવી, ગાડીઓ ભાડે ફેરવવી ?)

૪ **ભાટકકર્મઃ** ગાડાં, બેલ, ઊંટ, ખચ્ચર, ઘોડા, ગધેડા ઉપર ભાર ભરી તેમની દ્વારા જે ઉત્પન્ન થાય તેમાંથી ભરણપોષણ કરવું તે. (માણસને માથે ભાર ઉપડાવવા માટે તેને રોકવો અને તે વ્યાપારમાં નફો કરી તેનાથી આજીવિકા કરવી?)

૫ **સ્ફોટકકર્મઃ** તળાવ કુવા વાવ ખોદવાથી, પથ્થર ફોડવાથી અથવા ખાણો ખોદવાથી આજીવિકા કરવી તે.

**પાંચ વાણિજ્ય.**

૧ **દંતવાણિજ્યઃ** હાથીદાંત, ચમરી ગાયના વાળ, અન્ય જીવોનાં નખ, શંખનાં હાડકાં, વાઘચિત્તાનાં ચામડાં, હંસ વિગેરેના રોમનો વ્યાપાર કરવો. તેમના ઉત્પત્તિસ્થાને જઇ ખરીદી તેનો વ્યાપાર કરવો. (હાલ પક્ષીઓનાં પીછાંનો વ્યાપાર થાય છે તેનો અત્ર સમાવેશ થાય છે.)

૨ **લાક્ષાવાણિજ્યઃ** લાખ, મણશીલ, ગળી, ધાવડી, ટંકણખાર વિગેરેનો વ્યાપાર. (આ વ્યાપારમાં ઘણી જીવહિંસા થાય છે.)

૩ **રસવાણિજ્યઃ** માખણ, ચરબી, મધ અને દારૂનો વ્યાપાર. માખણમાં જીવોત્પત્તિ બહુ છે, ચરબી અને મધ જીવહિંસાથી ઉત્પન્ન થાય છે અને દારૂ કામને ઉત્પન્ન કરે છે અને નીશો લાવે છે.

૪ **કેશવાણિજ્યઃ** માણસ તથા જનાવરનો વેપાર. દાસદાસી (slaves) અગાઉ વસ્તુની જેમ વેચાતાં હતાં. જાનવર કે માણસને એને પરિણામે ભુખ તરસ લાગે તેથી દુઃખ થાય વિગેરે અનેક દોષો આથી આવે છે.

૫ **વિષવાણિજ્યઃ** અફીણ સોમલ વછનાગ આદિ ઝેરી વસ્તુઓ, તરવાર બંદુક વિગેરે હથિયારો, હળ વિગેરે યંત્ર (મશીનરી ?) અને હરતાળ વિગેરે જીવ લેનારી વસ્તુઓનો વ્યાપાર.

**પાંચ સામાન્ય.**

૧ **યંત્રપીડાઃ** તલ વિગેરે પીલવાની ઘાણી, શેરડીનો ચીચુડો, અરઘટ્ટઘટિ વિગેરે. (આમાં મીલ, ફેક્ટરી, પ્રેસ, જીન, ડાયનેમા વિગેરે નવીન મશીનરીનો સમાવેશ થાય ?) (ચાલુ પૃ. ૮૩૧ નોટ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધન એકઠું થઇ જાય છે તો પછી પોતાની હોંસ પ્રમાણે તે અંતઃપુર વિગેરે વસાવે છે, બંધાવે છે, તૈયાર કરે છે અને શબ્દાદિ પાંચે ઇંદ્રિયના વિષયો જેમાં તેણે સુખ માન્યું છે તેનો કાંઇક સ્વાદ પણ લે છે. અહો મૃગલોચના! આ પ્રાણી પ્રથમ તૈયાર કરેલા શુદ્ધ ભોજનમાંથી થોડું થોડું ભક્ષણ કરે છે એમ જે અગાઉ કહેવામાં આવ્યું હતું તેનો આ પ્રમાણે હેતુ તારે સમજી લેવો. ત્યાર પછી અનેક પ્રકારના કુસંસર્ગોથી ખોટા સંકલ્પોને લઇને જે બાબતમાં આ પ્રાણી સુખ માની બેઠો છે તેવા અનેક પ્રકારના વિલાસો, નાચો, સંગીતો, હાસ્યો અને ચાળાચટકામાં પડી જાય છે અને ખોટા આનંદ રસમાં એવો જોડાઇ જાય છે કે ત્યાર પછી તે નીચ વ્યસનીઓની સાથે જુગટાની રમત, દારૂનું પાન, સ્ત્રી સાથે વિષયસંભોગ અને એવી એવી સ્થૂળ બાબતોમાં રસ લેવા માંડે છે. આથી તે [1]સન્માર્ગ રૂપ નગરથી દૂર ચાલતો જાય છે અને દૌઃશીલ્ય નામના બગીચામાં આવે છે. મતલબ એ સારા માર્ગથી ભ્રષ્ટ થઇ ખરાબ વર્તન તરફ ઉતરી પડે છે. ઉપર વેલ્લહલની કથામાં તે કુમારને નગરની બહાર નીકળી ઉદ્યાનમાં જવાની ઇચ્છા થઇ અને ત્યાર પછી આનંદપૂર્વક તે નગરથી નીકળી ઉદ્યાનમાં આવ્યો એમ કહ્યું હતું તેની યોજના અત્ર બરાબર થઇ ગઇ. મતલબ એ સન્માર્ગથી ભ્રષ્ટ થઇ ખરાબ ચારિત્રને અનુસરનારો થાય છે તેની અત્ર યોજના થઇ છે અને તે સર્વનું કારણ આરંભ સમારંભથી મેળવેલ ધનનો ઉપભોગ કરવાની તુચ્છ વાસના છે. એવી રીતે (સન્માર્ગ)

તદ્વિલસિત બેઠની યોજના.

---

૨ **નિર્લાંછનકર્મ:** બેલ પાડા વિગેરેનાં નાક વીંધવાં, ઘોડા વિગેરેની ખાંસી કરવી, બળદ ગાઇને આંકવા, ઊંટની પીઠ ગાળવી, ગાયોના કાન કંબલનો છેદ કરવો અને તે દ્વારા આજીવિકા કરવી.

૩ **અસતીપોષણ:** ધનને માટે શુક સારિકા, મેના પોપટ, બીલાડા કુતરા પાળવા. (સરકસનો આખો વ્યાપાર આમાં આવે?)

૪ **દવદાન:** વગર કારણે અથવા પુણ્યબુદ્ધિથી વનને દાવાનળ દેવો, સળગાવી મૂકવું. (કોઇના ઘરને પોતાના લાભ સારૂ આગ મૂકવી તે?)

૫ **સરઃશોષણ:** તળાવનું પાણી નહેર કરાવી ખેંચી લેવું, તળાવને સુકાવી નાખવું. તેથી અંદરના જીવોનો નાશ થાય છે.

ઉપર કૌંસમાં મૂકી ? આવું ચિહ્ન કર્યું છે તેનો સમાવેશ મારા વિચાર મુજબ એ વિભાગમાં થાય, પણ તે બાબતો નવીન કાળની છે તેથી હજુ વધારે ચર્ચાને પરિણામે તેમને નિશ્ચિત સ્થાન આપી શકાશે.

૧ નગર બહાર ઉદ્યાનમાં જાય છે એટલે સારે રસ્તેથી ઉતરી જઇ ખરાબ વર્તનમાં પડી જાય છે. રૂપક બહુ સુંદર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરથી નીકળીને પ્રાણી (દૌઃશીલ્ય) બગીચામાં આવી પહોંચે છે અને ત્યાં આવ્યા પછી જે મહાન્ આસનપર કુમાર બેઠો તે મિથ્યા અભિનિવેશ[1] નામનું આસન સમજવું. ત્યાર પછી તેની આસપાસ રહેલા તેના પરિવારે પ્રમાદનાં ઉપર જે દૃષ્ટાન્તો આપવામાં આવ્યાં હતાં તેવાં અનેક પ્રકારનાં ભોજનો જે ઉપર ઉપરથી મનને હરણ કરે તેવાં હોય છે તે પીરસી દીધાં અને ભાઇસાહેબે તેનો પ્રથમ પણ સ્વાદ લીધેલો હોવાથી અત્યારે પણ અતિ લોલુપતાથી તેને તે બહુ સુંદર માને છે. આ પ્રમાણે હકીકત થઇ તે પ્રમત્તતા નદીની વચ્ચે આવેલા તદ્વિલસિત બેટની સાથે સરખાવાની છે.[2] આ તદ્વિલસિત બેટ સર્વે હકીકતનું કારણ છે.

[3]ચિત્તવિક્ષેપ-મંડપની યોજના.

ત્યાર પછી ભદ્રે! પેલા વેલ્લહલ કુમારે વળી પાછું થોડું ભોજન ખાધું તેથી તેમજ જંગલનો પવન લાગવાથી તાવ થોડો હતો તે એકદમ વધી ગયો. કુમારને એવી રીતે તાવ વધતો જતો હતો તે તેની પાસે રહેલા સમયજ્ઞ નામના વૈદ્યપુત્રે તેના લક્ષણપરથી જોઇ લીધું, અને રાજકુમારને વધારે ભોજન કરતાં અટકાવવા માંડ્યો, પરંતુ કુમારનું મન ભોજન તરફ એટલું બધું આકર્ષાયેલું હતું કે તે તો વૈદ્યપુત્રની વાત પણ સાંભળતો નહોતો—આ પ્રમાણે વાર્તા કહેવામાં આવી હતી તેની યોજના હવે તું બરાબર સમજ: આ પ્રાણીને પણ કર્મના અજીર્ણને લીધે મનનો તાપ આવેલ હોય છે તેમાં (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા રૂપ) પ્રમાદમાં પડવાથી તેમ જ અજ્ઞાનરૂપ વાયુના સ્પર્શથી એકદમ વધારો થઇ જાય છે—તાપ વધી જાય છે. પ્રાણીનો કર્મજ્વર આવી રીતે વધતો હોય છે તે હકીકત સમય (શાસ્ત્ર)ના જાણનાર મહા વૈદ્ય જેવા મોટા બુદ્ધિશાળી ધર્માચાર્યો બરાબર જુએ છે અને પ્રાણીને વિશેષ પ્રમાદમાં પડતો અટકાવે છે, તેને વસ્તુસ્વરૂપ સમજાવે છે અને તેમ કરતાં સ્પષ્ટ રીતે કહે છે કે—"ભદ્ર! આ અનાદિ સંસારરૂપ મોટી ભયાનક

---

૧ **અભિનિવેશઃ** ખરી બાબતનો ઉલટો નિર્ણય. ખોટી વાતને સત્ય માનવારૂપ ખરાબ નુકસાનકારક નિર્ણય. એ મિથ્યાત્વ ભાવ છે.

૨ આ સ્થાન કોઇપણ બાબતમાં ઘણું અગત્યનું સ્થાન ભોગવે છે. પ્રમત્તતા નદીમાં તદ્વિલસિત બેટ છે તે મોહ વિગેરેનું ક્રીડા સ્થાન છે.

૩ અહીં પૃષ્ઠ ૮૦૭-૮ માંથી **ચિત્તવિક્ષેપ** મંડપની હકીકત પ્રથમ વાંચી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટવીમાં રખડતાં રઝળતાં મોટા રાજ્યની પેઠે આ મનુષ્યભવ પામવો ઘણો જ મુશ્કેલ છે, તમે કોઇ સુંદર યોગથી તે પામી ગયા છો છતાં કર્મના અજીર્ણથી ઉત્પન્ન થયેલ જ્વર તમને લાગુ પડ્યો છે માટે તમે પ્રમાદનો બીલકુલ ત્યાગ કરો. આવો વ્યાધિ હોય તેવે અવસરે તમારે એ પ્રમાદ જરા પણ સેવવો નહિ, કારણ કે મહામોહ રૂપ સન્નિપાતનું એ તો કારણ છે, એથી તમારો મનોજ્વર અત્યંત વધી જશે અને સન્નિપાત થઇ આવશે. તમને થોડો તાપ આવ્યો છે તે દૂર કરવાનો ઉપાય કરો, એને વધારવાના રસ્તા ન લ્યો. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર પેલા મનોજ્વરનું અમોઘ ઔષધ છે. એ ઔષધ સર્વજ્ઞ જિનેશ્વર મહારાજાએ દર્શાવ્યું છે, એનો ઉપયોગ કરવાથી તમારા ચિત્તપર જે તાપ ચઢ્યો છે તેનો સર્વથા નાશ થઇ જશે, તેથી એ ઔષધનું વિધિપૂર્વક સેવન કરો, એમ કરવાથી તમને બહુ પ્રકારના લાભ થશે એમાં જરા પણ સંદેહ જેવું નથી." ધર્માચાર્યો આવી રીતે આ પ્રાણીને અતિ વિસ્તારપૂર્વક ઉપદેશ આપે છે, પણ આ પ્રાણીનું ચિત્ત પ્રમાદભોજન ઉપર એટલું બધું આસક્ત હોય છે કે એવી સારી શિક્ષાને આ પાપી પ્રાણી સમજતો નથી, વિચારતો નથી, હૃદયમાં ઉતારતો નથી અને ઉલટો જાણે દારૂ પીધેલ હોય, મદ ચઢેલ હોય, મગરમચ્છથી પકડાઇ મરવાની અણી ઉપર આવેલો હોય, ગાઢ નિદ્રાના ઘેનમાં પડી ગયેલો હોય, તેની માફક તે બાવરો બની ગુરૂમહારાજ કહે છે તે જાણે સાંભળતો જ ન હોય તેમ તદ્દન ઉલટી રીતે જ વર્તન કરે છે-આ સર્વ હકીકત પેલી પ્રમત્તતા નદીમાં આવેલ તદ્વિલસિત બેટમાં ગોઠવાયલા **ચિત્તવિક્ષેપ** મંડપને લગતી સમજવી. આ આખી હકીકત સંસારી પ્રાણીના સંબંધમાં વારંવાર બન્યા જ કરે છે.

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

તૃષ્ણા વેદિની યોજના.

સખિ [1]અગૃહીતસંકેતા! એ રાજપુત્ર વેલ્લહલને તેના ભોજન ઉપર એટલો બધો પ્રેમ હતો કે અજીર્ણને લીધે તે ભોજન તેને ગળે ઉતરતું ન હોતું તો પણ તેના પરની લોલુપતાને લીધે ગમે તેમ કરીને તે જોરથી ગળે ઉતારતો હતો અને ત્યાર પછી છેવટે તે રાજકુમારને પેલાં ભોજનમાં જ સખત વોમીટ (ઉલટી) થઇ એ વાત કહી હતી તે હકીકત આ જીવના સંબંધમાં પણ એ જ પ્રકારે બને છે તે તું હવે બરાબર સમજી લેઃ આ પ્રાણીને એક તો કર્મના અજીર્ણથી

૧ અહીં તૃષ્ણા વેદિની હકીકત પૃ. ૮૦૮-૯ માંથી પ્રથમ વાંચી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્તજ્વર રહેવાથી તેનું મન સદા વિહ્વળ રહ્યા કરતું હોય છે તેમ જ વૃદ્ધાવસ્થાના કારણે શરીરમાંથી લોહી માંસ સૂકાઇ જવાથી શરીરમાં ક્ષીણતા હોય છે અને વળી પાછા એ શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થયા હોય છે તેને લઇને કોઇ પણ પ્રકારના ભોગો ભોગવી શકે તેવી સ્થિતિમાં તે હોતો નથી, છતાં પણ એને વધારે વધારે ભોગો ભોગવવાની અને એનાં સાધનો યોજવાની ઇચ્છા થયા કરે છે, પરંતુ તેના ત્યાગ માટે સહજ વિચાર પણ તેને આવતો નથી. [1]આવી અવસ્થામાં વર્તતો હોય છે ત્યારે પણ એને પ્રમાદ ભોજન ઉપર એટલી બધી લોલુપતા હોય છે કે તે ઉપર ગણાવ્યાં તે સર્વ પ્રમાદ-ભોજનોનું સેવન કર્યાં જાય છે અને તેમ કરતાં કોઇ વિવેકી પ્રાણી તેને અટકાવે તો તેનું કહેવું એ ભાઇ જરા પણ સાંભળતો નથી. એને તો [2]સો પ્રાપ્ત થાય એટલે હજાર મેળવવાની ઇચ્છા થાય છે, હજાર મળે એટલે લાખ એકઠા કરવાની રૂચિ થાય છે, લાખ એકઠા થયે કરોડ ભેગા કરવાની બુદ્ધિ થાય છે, કરોડ ભેગા થયે રાજ્યની વાંછા થાય છે, રાજ્ય મળે એટલે દેવ થવાની ઇચ્છા થાય છે, દેવપણું મળે એટલે શક્ર (ઇંદ્ર)પણું મેળવવા હોંસ થાય છે અને શક્રપણું મળી જાય તો

---

૧ ભર્તૃહરિ કહે છે કે–

> कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलः ।
> क्षुधाक्षामो जीर्णः पिठरककपालार्दितगलः ॥
> व्रणैः पूयक्लिन्नैः कृमिकुलशतैराविलतनुः ।
> शुनीमन्वेति श्वा हतमपि च हन्त्येव मदनः ॥

શરીરે તદ્દન ખરખર બોરડી થઇ ગયો હોય, આંખે કાણો હોય, પગે લુલો હોય, કાને બહેરો હોય, પુંછડી રહિત થઇ ગયેલો હોય, ભુખડી બારસ જેવો હોય, તદ્દન ઘરડો ખખ થઇ ગયેલો હોય, ગળામાં ભાંગી તૂટી માટીની હાંસડી પડેલી હોય, શરીરમાં અનેક ચાંદાં પડેલાં હોય, તેમાંથી પરૂ નીકળતું હોય, ચામડી ઉપર સેંકડો જીવાતો અને ગીંગોડાઓ ચોંટેલા હોય–આવો કૂતરો હોય છતાં પણ તે કૂતરીને શોધે છે–તેની પછવાડે જાય છે. ખરેખર ! કામદેવ તો મરેલાને પણ મારે છે ! !

આ વિચાર ઉપરના અભિપ્રાય સાથે સરખાવવા યોગ્ય છે.

૨ સરખાવો.

> જીરે મારે નિરધનને શત ચાહ, શત ચાહે સહસે લોઢીએ જીરેજી;
> જીરે મારે સહસ લહે લખ લોભ, લખ લાભે મન કોટિએ જીરેજી.
> જીરે મારે કોટીશ્વર નૃપ ઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું જીરેજી,
> જીરે મારે ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિ સુખ ઘણાં જીરેજી.
>
> યશો૦ ઉપાધ્યાય–લોભ સ્વાધ્યાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તેની ઇચ્છા પૂરી થતી નથી; એને ગમે તેટલા સુપુત્રો થાય, ધારણા કરતાં પણ વધારે સારી પ્રેમી સદ્‌ગુણી સ્રીઓ મળે, સર્વ પ્રકારની ઇચ્છિત વસ્તુઓ મળી જાય અને કરોડો પ્રકારના પદાર્થોનો ભોગ પ્રાપ્ત થાય તો પણ તેની વિશેષ પ્રાપ્ત કરવાની વાંછાનો છેડો કદિ પણ આવતો નથી. એને તો જેમ જેમ સ્થૂળ પદાર્થો વધારે વધારે મળતા જાય છે તેમ તેમ તેનાવડે વિશેષ સુખ મેળવવાની ઇચ્છાથી તે સર્વેનો સંગ્રહ કરતો જ જાય છે. પછી જેમ તાપ આવેલ માણસ વધારે ભોજન કરે તો તેથી તેના તાપમાં વધારો જ થાય છે તેમ એ સ્થૂળ પદાર્થોનો વધારે સંગ્રહ કરવાનું પરિણામ એ પ્રાણીના દુઃખમાં જ આવે છે, એની વધારે સુખ મેળવવાની ઇચ્છા તો ઇચ્છામાં જ રહે છે અને ઉલટાં જળના ઉપદ્રવો, અગ્નિના ઉપદ્રવો, સગાઓના ઝગડા, ચોરના ઉપદ્રવો અને રાજ્યસત્તા પેલા દ્રવ્યરૂપ ભોજનનું તેને બળાત્કારથી વમન કરાવે છે એટલે ખાધેલ-એકઠા કરેલ પદાર્થોનું એક અથવા બીજા કારણે વમન કરવું પડે છે અને ઉલટું જ્યારે કોઇ પણ કારણથી એ પદાર્થો જાય છે ત્યારે તેને હૃદયમાં અત્યંત દુઃખ થાય છે અને એવા વિલાપયુક્ત પોકાર કરે છે કે એવે અવસરે એ પ્રાણી વિવેકી પુરૂષોને કૃપાનું પાત્ર થઇ પડે છે એટલે વિવેકીઓને તેનાપર દયા આવે છે. બહેન અગૃહીતસંકેતા ! ઉપર જે ચિત્તવિક્ષેપ મંડપમાં આવેલી તૃષ્ણા નામની વેદિકા કહી હતી તે આવા પ્રકારની મનની સ્થિતિ સમજી લેવી.

**વિપર્યાસ સિંહાસન યોજના.**

ત્યાર પછી પેલો[1] વેલ્લહલ કુમાર વિચાર કરતો હતો કે પોતાનું શરીર વાયુથી ભરાઇ ગયું છે તેથી તેને ઉલટી થઇ આવી છે અને જો એને વધારે વખત ખાલી રહેવા દેવામાં આવશે તો વાયુથી ભરાઇ તે વિનાશ પામી જશે, માટે ફરી વાર વધારે ભોજન કરી લઇને તેને ભરી દઉં કે જેથી એનું રક્ષણ થાય. બહેન અગૃહીતસંકેતા ! આ પ્રાણી પણ એવા જ પ્રકારના વિચારો કર્યા કરે છે તેની હકીકત તને કહું તે લક્ષ્યમાં રાખજે: પોતે એકઠો કરેલ વૈભવ પાપરૂપ જ્વરથી જ્યારે નાશ પામી જાય છે, પોતાના નજીકના સગા સંબંધી સ્રી કે પુત્ર મરણ પામે છે અથવા હૃદયના અત્યંત પ્રતિબંધથી પોતાના હૃદયપર આઘાત કરનાર બીજો કોઇ પણ પદાર્થ વિનાશ પામે છે ત્યારે આ ભાઇશ્રી પોતાનાં મનમાં ઘડ વાળે છે કે હું બરાબર નીતિથી-યુક્તિથી વર્ત્યો

[1] અહીં વિપર્યાસ સિંહાસનની હકીકત ૮૦૯-૧૦ માંથી પ્રથમ વાંચી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ, અથવા તો મેં બરાબર પુરૂષાર્થ કર્યો નહિ, અથવા તો મેં સમર્થ સ્વામીનો આશ્રય લીધો નહિ અથવા તો થયેલ વ્યાધિનું મેં બરાબર ઓસડ કર્યું નહિ–આથી મારૂં સર્વ ચાલ્યું ગયું અથવા મારી સુંદર પત્ની મરણ પામી ગઇ અથવા તો મારા દેખતાં મારા છોકરાઓ કે ભાઇઓ–સંબંધીઓ વિસરાળ થઇ ગયા, પણ હવે તેઓના વિરહથી ક્ષણભર પણ હું રહી શકું નહીં, એ તો વળી ફરીવાર તૈયાર થવું જોઇએ અને જરા પણ નાસીપાસ થયા વગર પૂરતા ઉત્સાહથી પૂર્વનો સર્વ વૈભવ ખડો કરવો જોઇએ, બરાબર યુક્તિ પ્રયુક્તિ લગાવીને આ વખતે હું અગાઉનો આખો વૈભવ પાછો ઉત્પન્ન કરીશ અને ખાસ સંભાળ રાખીને એ સર્વનું પાછું રક્ષણ કરીશ અને જો એમ ન કરૂં, હીંમત હારીને બેસી જઉં તો તો બકરીના ગળે વળગેલાં સ્તન (આંચળ)ની પેઠે મારૂં જીવતર ફોકટ થાય, હું જન્મ્યો ન જન્મ્યા બરાબર થઉં! માટે હવે એકવાર ફરી સર્વ બાબત નવે નામે જમાવું. બહેન અગૃહીતસંકેતા! આ પ્રકારે પ્રાણી ચેષ્ટા કરે છે તેને તારે વિપર્યાસ સિંહાસન જેનું વર્ણન અગાઉ આવી ગયું છે તેની સાથે સરખાવવી.

जैन साइट
JAINSITE

**વમન કરેલ આહારને પાછો ખાવાની યોજના.**

ત્યાર પછી[1] પેલા વેલ્લહલ કુમારે સર્વ પ્રકારની શરમ છોડી દઇને પેલા વમન કરેલા ભોજનથી મિશ્ર થયેલા ભોજનને લોલુપતાથી ખાવા માંડ્યું. બીજા લોકો તો તેના બે-શરમપણા તરફ જોઇ રહ્યા અને તે વખતે તેનો પરિવાર તેમ જ પેલો સમયજ્ઞ વૈદ્યપુત્ર તેને પોકાર કરી કરીને અટકાવતો જ રહ્યો, તેની પાસે ભોજનના દોષો વર્ણવતો જ રહ્યો, છતાં એ કુમાર તો પેલા ભોજનના માની લીધેલા ગુણ ઉપર એટલો બધો લેવાઇ ગયેલો હતો અને તેના ઉપર તેની એટલી બધી લોલુપતા થઇ ગઇ હતી કે પેલો વૈદ્યપુત્ર પોકાર કરતો રહ્યો અને ભાઇ તો વમનમિશ્ર ભોજન ચપાટતા જ ગયા. એમ અગાઉ વેલ્લહલની કથામાં વાત કરી હતી એ પ્રમાણે સુંદરી! આ જીવ પણ ભોગવીને ફેંકી દીધેલા પદાર્થો તરફ પાછો એ જ પ્રમાણે વર્તે છે. એ પ્રાણીને કર્મનો મેલ એટલો સખ્ત લાગેલો હોય છે કે તે તદ્દન બેશરમ માણસના જેવું જ વર્તન કરે છે. આ હકીકત કેવી રીતે બને છે તે બરાબર સમજવા જેવી છેઃ શબ્દ વિગેરે પાંચે ઇંદ્રિયના સ્થૂળ ભોગના પદાર્થો પુદ્ગળ પરમાણુના બનેલા

૧ જુઓ પૃષ્ઠ ૮૨૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, તે તો તારા ધ્યાનમાં બરાબર આવી જાય તેવી હકીકત છે. હવે એ પદાર્થોનો પ્રાણીમાત્ર ઉપભોગ કરે છે એટલે દરેક પ્રાણી એ પુદ્ગળ પરમાણુઓનો ઉપભોગ કરે છે એમ થયું. પૂર્વે અનંતા ભવ થયા તેમાં પ્રાણીએ એ દરેક પરમાણુને ઘણી વાર ગ્રહણ કર્યા છે અને ભોગવીને મૂકી દીધા છે એમ તું થઇ ગયેલા પછવાડેના અનંતા ભવોની નજરે જોઇશ તો તુરત તારા ધ્યાનમાં આવી જશે. આથી ભોગવીને વમન કરી નાખેલા એ સર્વ શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શવાળા પદાર્થો છે એમ હે પવિત્ર બ્હેન! તને જણાશે અને આ સંસારમાં પ્રાણીના મનને પ્રેમ પમાડી રોકી રાખનાર અને ખેંચાણ કરનાર જે કોઇ પણ બાબત–વસ્તુ કે પદાર્થ હોય તો તે સર્વ પુદ્ગળમય જ છે; એટલે આ પ્રાણીને સંસારમાં રોકનાર કે ખેંચી લાવનાર તો પુદ્ગળ પરમાણુના બનેલા પદાર્થો જ છે અને એ સર્વને તો એણે અનેક વાર ભોગવીને ફેંકી દીધેલા છે છતાં આ પાપી પ્રાણી એ જ પરમાણુના બનેલા પદાર્થોપર પોતાનું મન વારંવાર લગાડીને કાદવમાં રગદોળાય છે, ભોગવીને ફેંકી દીધેલા પરમાણુઓને ફરીવાર હોંસથી ભોગવે છે અને તેના તેવા અત્યંત બેશરમ વર્તન તરફ વિમળાત્માઓ (શુદ્ધ–મેલવગરના–આત્માર્થી પ્રાણીઓ) જોયા કરે છે, છતાં તે શરમાતો નથી. મહાત્મા ધર્માચાર્યો જેઓનું મન અન્ય પ્રાણીઓ ઉપર કૃપા કરવામાં ઘણું જ લાગી રહેલું હોય છે તેઓ ભોગરૂપ કચરામાં લંપટ થઇને પડેલા આ પ્રાણીને પ્રયત્નપૂર્વક વારંવાર વારે છે અને તેમ કરતાં તેને જણાવે છે—

અરે ભાઇ! તમે પોતે તો અનંત જ્ઞાન અનંત દર્શનરૂપ છો, તમારામાં ન કળી શકાય તેવી અદ્દભુત શક્તિ છે અને તમારો અંદરનો (આત્મિક) આનંદ અવર્ણ્ય છે અને એ સર્વમય તમે પોતે છો. ખરેખર, તમે દેવ જેવા છો, દેવરૂપ છો, પોતે જ સાક્ષાત્ દેવ છો! તમારે આવા ભોગ ભોગવવામાં પડી જઇ તમારી જાતનું (આત્મિક) ગૌરવ ઘટાડવું એ તમારી જેવાને શોભતું નથી. તમને એક બીજી વાત કહીએ. આ ભોગો–ભોગના પદાર્થો એક અથવા બીજા આકારમાં તમારી પાસે ફરી ફરીને આવ્યા જ કરે છે, એક વખતે ભોગવેલ પદાર્થ પાછો પોતે જ બીજું રૂપ ધારણ કરીને તમારી પાસે આવે છે અને એવા પદાર્થોપર મનને બાંધી દેવું એ તો તમારા જેવાને માટે ઘણું હલકું કામ છે. જેઓ વસ્તુતત્ત્વ બરાબર સમજેલા હોય છે તેવા તત્ત્વજ્ઞ મહાત્માઓ એ પદાર્થોને અપવિત્ર ઉલટી (વોમીટ)ની સાથે તદ્દન વાસ્તવિક રીતે સરખાવે છે અને

૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમે તો મોટા દેવ છો તેથી તમારે એવા અપવિત્ર પદાર્થોનો ઉપભોગ કરવો એ કોઇ પણ રીતે ઉચિત નથી. એ પદાર્થોને પ્રાપ્ત કરવામાં પ્રથમ તો મોટું દુઃખ થાય છે, એ પોતે મહા દુઃખ રૂપ જ છે અને ભવિષ્યમાં થનારાં અનેક દુઃખોનું કારણ છે, તેથી સમજુ પ્રાણીએ એ પદાર્થોનો એકદમ ત્યાગ કરી દેવો જોઇએ. જે પદાર્થો બાહ્ય પરમાણુથી બનેલા હોય છે, જે તદ્દન તુચ્છ હોય છે અને જેમાં [1]આત્મિકભાવ જરા પણ હોતો નથી તેવા પદાર્થો ઉપર પોતાના આત્મસ્વરૂપને સમજનાર ક્યો ડાહ્યો માણસ રાગ કરે? એવા તુચ્છ પદાર્થો આત્મધનવાળા વિશિષ્ટ પ્રાણીઓના રાગને પાત્ર પણ ગણાય ખરા? માટે ભાઇ! મારા કહેવાથી એ ભોગના પદાર્થો ઉપર કે બીજા કોઇ પણ પ્રમાદના વિષયમાં તમારે હવે પડવું યોગ્ય નથી.

**અવિદ્યા શરીરની યોજના.**

ગુરૂમહારાજ પ્રાણીને આવા ન્યાયથી અને દલીલથી ભરપૂર શબ્દોમાં જ્યારે ઉપદેશ આપી તેને વિષય ભોગોનો ઉપભોગ કરતો અટકાવે છે ત્યારે પ્રમાદભોજન કરવામાં અત્યંત લોલુપ થયેલો આ પ્રાણી વિચાર કરે છે કે-ખરેખર! આ ધર્માચાર્ય તદ્દન મૂર્ખ લાગે છે, એ વસ્તુતત્ત્વને કાંઇ જાણતા હોય તેમ લાગતું જ નથી, કારણ કે તદ્દન મૂર્ખ માણસ હોય તે જ આવા અત્યંત આનંદ આપનાર પદાર્થોની નિંદા કરે. આ દુનિયામાં મદ્યનું પાન કરવું, સુંદર સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કરવા, માંસભક્ષણ કરવું, ગાંધર્વગીતનું શ્રવણ કરવું, સુંદર ભોજનનો સ્વાદ લેવો, ગળામાં સુગંધી પુષ્પની માળાઓ પહેરવી, મોઢામાં તાંબૂળ ચાવવું, સુંદર કપડાંઓ પહેરવાં, સારાં સારાં આસનોપર આનંદથી બેસવું, ઘરેણાંથી શરીર શોભાવવું, ત્રણ ભુવનમાં અમૃત સમાન ઉજ્જ્વળ પોતાની કીર્તિનો ફેલાવો કરવો, સુંદર રત્નોનો મોટો સંગ્રહ કરવો, ચતુરંગ મહા સૈન્યના સ્વામી થવું, અનેક સામન્ત રાજાઓના સ્વામીત્વયુક્ત મોટા રાજ્યને પ્રાપ્ત કરવું, એ અને એવી બીજી જે જે સ્થૂળ સંપત્તિઓની ઇચ્છા થાય તે સર્વને પ્રાપ્ત કરવાની બાબતને પણ જો દુઃખ કહેવામાં આવે તો પછી આ દુનિયામાં સુખનું કારણ બીજું શું છે? કેટલાક બાપડાઓ ખોટા સિદ્ધાન્તોથી ફસાઇ ગયેલા, પોતાની શુષ્ક પંડિતાઇના અભિમાનમાં પડી ગયેલા

૧ આત્મિકભાવ અને પુદ્‌ગળભાવને સ્પષ્ટ વિરોધ જ હોય છે. સ્વપરમાં સ્વ એ આત્મા અને પરભાવમાં મોટે ભાગે પુદ્‌ગળભાવોનો જ સમાવેશ થાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મગજના ઠેકાણા વગરના આ લોકમાં ભોગરૂપ ભોજનના સાધન વગરના હોય છે તેઓ ધર્મઘેલા હોઇ પોતે ઠગાઇ ભોગ ભોગવી શકતા નથી અને ખાસ પ્રયાસ કરીને ભોજનનો ઉપભોગ કરી શકે તેવા સંયોગોમાં બીજા પ્રાણીઓ હોય છે તેઓના ઉપભોગનો પણ હાથે કરીને નાશ કરાવે છે. સમજુ માણસોએ આવા ધર્મઘેલાઓનો કદિ સંગ કરવો ન જોઇએ. જુઓને! પેલા શુષ્ક પંડિતો જે સંસાર-ભોગોને બંધન કહે છે તેનો હેતુ તો માત્ર મોક્ષ મેળવવું તે છે અને મોક્ષમાં તો કોઇ પણ પ્રકારના ભોગો ભોગવવાના હોતા નથી. તો આવા મોક્ષનો ઉપદેશ એ એક પ્રકારની ઠગાઇ જ છે, માટે આવા મોક્ષની ખાતર અમૃત જેવું સુખ કયો સમજુ માણસ ત્યજી દે?

આવી આવી કલ્પનાઓ કરીને ગુરૂ મહારાજ જે શુદ્ધ સત્ય ઉપદેશ આપતા હોય છે તેનાથી આ ભાઇશ્રી દૂર દૂર નાસતા જાય છે, તેની વિરૂદ્ધ વર્તન કરે છે અને પેલા ભોજનમાં તો અપૂર્વ ગુણોની નવી નવી કલ્પનાઓ કર્યા જાય છે. એ માને છે કે-આ ભોજનનાં સાધનો સ્થિર છે, નિરંતર રહેનારાં છે, તદ્દન પવિત્ર છે, સુખ આપનાર છે અને વાસ્તવિક રીતે તે મારા રૂપ જ છે, હું અને તે તદ્દન અભિન્ન છીએ, તે મારાં જ છે, મારે માટે જ નિર્માયેલાં છે-માટે હવે મારે બીજી કોઇ બાબતનો જરા પણ ખપ નથી. જો મને એ ભોગ અને તેનાં સાધનો મળતાં હોય તો બહુ સારૂં, આપણે પેલા મોક્ષનું કે કહેવાતા પ્રશમસુખ (શાંતિસામ્રાજ્ય)નું કાંઇ પણ કામ નથી અને ધર્માચાર્ય કે બીજા કોઇ એવાં એવાં મોટાં મોટાં અર્થ વગરનાં શબ્દો કે વાક્યો વાપરે તેથી હું કાંઇ મારી જાતને છેતરૂં તેમ પણ નથી. આ પ્રમાણે વિચાર કરીને આ પ્રાણી ત્યાર પછી પ્રમાદરૂપ અશુચિના કીચડમાં રગદોળાય છે અને શુદ્ધ ધર્મ શું છે? પ્રાણીની ફરજ શી છે? વિગેરે બાબતો સમજાવતાં ગુરૂમહારાજ તો મોટેથી આ પ્રાણીના હિત ખાતર પોકાર કરતા દૂર રહી જાય છે. બહેન અગૃહીતસંકેતા! મહામોહ રાજાની[1] અવિદ્યા નામની શરીરસ્થિતિ ઉપર જણાવી હતી તે પ્રાણીની આવા પ્રકારની મનની ભાવના સમજવી.

સન્નિપાતની યોજના.

પેલા વેલ્લહલ કુમારે (તેની કથામાં ઉપર કહ્યું તે પ્રમાણે) પેલું ભોજન ખૂબ ઠાંસી ઠાંસીને ફરીને ખાધું અને ત્યાર પછી પાછું ઓકવા માંડ્યું અને છેવટે તેને આકરો સન્નિપાત થઇ ગયો, આખરે તેનું ભાન પણ ચાલ્યું ગયું અને તે જમીનપર પડી ગયો; જમીનપર પડ્યા

---

૧ જુઓ પૃ. ૮૧૧. ત્યાં અવિદ્યા શરીરનું વર્ણન કરવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી આમ તેમ આળોટતાં તે મોટેથી બુમો મારવા લાગ્યો અને ન વર્ણવી શકાય તેવી અત્યંત ભયંકર અવસ્થાને પામ્યો. આવી તેની ખરાબ અવસ્થામાં અહો સર્વાંગસુંદરી! તેનું કોઇએ પણ રક્ષણ કર્યું નહિ. તેવી રીતે આ જીવના સંબંધમાં પણ તે જ પ્રમાણે હકીકત સમજવી. બરાબર ધ્યાન રાખીને આ વાત સમજી લેજે: હકીકત એમ છે કે જ્યારે આ પ્રાણી પ્રમાદયુક્ત હોય છે, અને પ્રમાદમાં વિલાસ કરવા તત્પર થયેલો હોય છે, તેના મનમાં અનેક પ્રકારના વિક્ષેપો થયા કરતા હોય છે, તૃષ્ણાથી તે પીડિત હોય છે, મનમાં અનેક વિપર્યાસો થયા કરતાં હોય છે તેમજ અવિદ્યાથી અંધ થઇ ગયેલ હોય છે, સંસારરૂપ કાદવમાં આસક્ત થઇ ગયેલ હોય છે[1] અને વિષયસુખોમાં અનેક ગુણો છે એવો તેણે પોતાના મનથી આરોપ કરી દીધો હોય છે તે વખતે તેને ધર્માચાર્ય અથવા તો કોઈ ખરેખરા સર્વજ્ઞરૂપ સાચા વૈદ્ય આવીને તેને કચરામાં પડતો અટકાવવા વારંવાર યત્ન કરે તો તેને એ ભાઇશ્રી મૂર્ખ અને અક્કલ વગરના માને છે એ વાત તો બરાબર બેસે તેવી છે. ત્યાર પછી એ ભાઇએ દૃઢ પાપ બાંધેલાં હોય છે તેથી તેને દુઃખ ભોગવવા રૂપ જ્વર ( તાવ ) આવે છે જેની સરખામણી બરાબર વમન સાથે થાય છે. તેને વશ પડી જઇને પેલા ધર્માચાર્ય કે સર્વજ્ઞની શિક્ષા ન માનતાં તે ખોટા પ્રમાદમાં પડી જાય છે અને પ્રમાદમાં પડ્યો એટલે તો પછી એના મનમાં સર્વ દોષોનો ભાર ભરાઇ જાય છે અને તે વખતે એનામાં મહામોહ રાજા જેનું વર્તન બરાબર સન્નિપાત જેવું છે તે આવીને તેના મનપર કાબુ મેળવે છે. એક વખત આ પ્રાણી મહામોહને તાબે પડી ગયો એટલે તેનું તદ્દન આવી બન્યું સમજવું. પછી સુંદરલોચને! વિવેકી પ્રાણીઓના દેખતાં આ પ્રાણી ( આત્મિક ) ચેષ્ટારહિત થાય છે, બીજા તેને ચલાવે તેવી પરકૃત ચેષ્ટાને આધીન થઇ જાય છે અને પછી અતિ પાપોદયને પરિણામે મુત્ર, આંતરડાં, વિષ્ટા, કચરો, ચરબી અને લોહીથી ભરાયેલા અને વમનથી લેપાયલા નરકમાં તરબોળ સીધે સીધો પડે છે અને ત્યાં મોટા શબ્દે પોકાર કરતો અહીં તહીં ગબડ્યા કરે છે, આર્ત સ્વરે રડ્યા કરે છે તેમ જ વચનથી વર્ણવી ન શકાય તેવાં ભયંકર દુઃખો ત્યાં સહન કરે છે. સુંદર અવયવવાળી બહેન! તપરૂપ ધનવાળા અને શુદ્ધ દૃષ્ટિવાળા ઉત્તમ પ્રાણીઓ ( મહાત્માઓ ) એ પ્રાણીને ઉપર જણાવેલી રીતે ચેષ્ટા કરતો પોતાની

---

૧ ચિત્તવૃત્તિ અટવીથી, નદી, બેટ, સિંહાસન વિગેરેના સર્વ વિશેષણો અહીં આ વાક્યમાં આવી ગયાં તે સમજી લેવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનદૃષ્ટિથી જુએ છે, પરંતુ તેઓ જાતે એવી બાબતના મોટા વૈદ્યો હોવાથી જોઇ લે છે કે આ પ્રાણી[1] સન્નિપાતથી સંપૂર્ણ લેવાઇ ગયેલો છે અને એવી અવસ્થામાં આવી ગયો છે કે તેની હવે કોઇ પણ પ્રકારની દવા થઇ શકે તેવું નથી. આવું તે પ્રાણીના સંબંધમાં નિદાન કરી એ મહાબુદ્ધિશાળી પુરૂષો એ પ્રાણીનો ત્યાગ કરે છે, એને છોડી દે છે, એના સંબંધમાં ઉપેક્ષા કરે છે. હવે હે ચપળ નેત્રોવાળી બહેન! એવી અવસ્થામાં ઘોર સંસારમાં પ્રાણી ડૂબી ગયેલો હોય છે ત્યારે એમાંથી એનું કોણ રક્ષણ કરે? એને એ સમુદ્રમાંથી ડૂબતો કોણ બચાવે? અને વળી કમનસીબે હે અલ્પ બોલનારી બહેન! એવી અવસ્થામાં આ પ્રાણી વર્તતો હોય છે તો પણ પેલા પ્રમાદભોજન ઉપર તેને જે લોલુપતા લાગેલી હોય છે તેને એ ભાઇ જરા પણ છોડતો નથી, મૂકતો નથી, ઓછી કરતો નથી; આથી એના દોષો વધતા જ જાય છે અને તેથી આખરે તે ચેતના છોડી દે છે અથવા તેની ચેતના ઘણી ઓછી થતી જાય છે અને મહામોહના સન્નિપાતથી તે ઘેરાતો જાય છે. આ પ્રમાણે હોવાથી હે બહેન! આ સંસારચક્ર જે રોગ, જરા (વૃદ્ધાવસ્થા-ઘડપણ) અને મરણથી આકુળવ્યાકુળ થયેલ છે તેમાં અનંતકાળથી બેઠેલો પેલો મહા બળવાન મહામોહ આ પ્રાણીની સાથે એવી રીતે વર્તન કરે છે કે તેનાથી પ્રાણીના જે કોઇ શુદ્ધ ધર્મબંધુઓ હોય તે એને છોડીને ચાલ્યા જાય છે અને પછી પોતે તેનાપર કાબુ મેળવીને જાણે તેને ભયંકર સન્નિપાત થયો હોય તેવા પ્રકારનાં સર્વ વિપરીત વર્તનો તેની પાસે કરાવે છે. મહામોહમાં એટલી અદ્ભુત શક્તિ છે કે તે પોતાના પરાક્રમથી પ્રાણીઓને સંસારમાં પોતાના હાથમાં મરજી આવે તે પ્રમાણે રમાડે છે અને તેને વશ પડીને પ્રાણી પોતાની જાતને તદ્દન ભૂલી જાય છે. સુલોચને! તું બરાબર ધ્યાનમાં રાખજે કે પેલી પ્રમત્તતા નદી વિગેરે સર્વને ચલાવનાર, ગતિમાં મૂકનાર અને તેનાથી વૃદ્ધિ પામનાર આ મહામોહ મહારાજા છે.[2]

## સંક્ષિપ્ત અર્થ યોજના.

અગૃહીતસંકેતાને ઉદ્દેશીને પ્રજ્ઞાવિશાળા કહે છે-બહેન! મહાનદી (પ્રમત્તતા) વિગેરેનો ભેદ સમજાવવા અને સ્પષ્ટ કરવા માટે

1 વૈદ્યકના નિયમ પ્રમાણે જ્યારે પ્રાણીને ઘણો આકરો સન્નિપાત થયો હોય ત્યારે પછી તેની દવા કરવી નકામી છે, પછી એ વ્યાધિ અસાધ્ય કોટિમાં આવે છે.

૨ એ સર્વને પ્રવૃત્તિ કરાવનાર કારણભૂત મોહરાજા છે તેમ જ તેના કાર્યભૂત પણ મોહરાજા છે. મોહથી એ સર્વની ઉત્પત્તિ છે અને એમનાથી વળી મોહ વૃદ્ધિ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તને આ પ્રમાણે વેલ્લહલ કુમારનું દૃષ્ટાન્ત કહી બતાવ્યું તેથી તારા ધ્યાનમાં સર્વ હકીકત બરાબર આવી ગઇ હશે! તે સર્વ બાબતો તને સંક્ષેપથી ફરી કહી જાઉં છું તે શાંતિથી સાંભળ.

આ પ્રાણીની વિષયભોગ તરફ જે વૃત્તિ રહે છે, તેને ભોગવવાની જે ઇચ્છા–સન્મુખતા રહે છે તે **પ્રમત્તતા નદી સમજવી.**

પાંચે ઇંદ્રિયના ભોગો તરફ પ્રવૃત્તિ કરવી, ભોગ ભોગવવા તે **તદ્વિલસિત** બેટ સમજવો.

ઇંદ્રિયભોગોમાં પ્રવૃત્તિ કરવા માંડ્યા પછી વિષયલોલુપતાને લીધે મનમાં જે એક પ્રકારની શૂન્યતા આવી જાય છે, ગમ્ય, અગમ્ય, ભક્ષ્ય, અભક્ષ્ય, પેય. અપેય વિગેરે સંબંધી વિચારરહિતપણું થાય છે તેને હે મૃગાક્ષી! **ચિત્તવિક્ષેપ** નામનો મંડપ સમજવો.

એ ભોગોને ગમે તેટલા ભોગવવામાં આવે તો પણ તૃપ્તિ થાય જ નહિ અને ઉત્તરોત્તર વધારે વધારે ભોગો ભોગવવા માટે મનમાં ઇચ્છા થયા જ કરે તેને તત્ત્વજ્ઞ માણસો **તૃષ્ણા** નામની વેદિકા કહે છે.

પાપના ઉદયથી ભોગોનો લાભ મળી શકે નહિ અથવા મળેલા ભોગોનો નાશ થઇ જાય તે વખતે તે ભોગોને પ્રાપ્ત કરવા માટે જે બાહ્ય (સ્થૂળ) પ્રયત્નો કરવામાં આવે–જેને દુનિયાદારીમાં એક પ્રકારનો પુરૂષાર્થ કહેવામાં આવે છે તેને–**વિપર્યાસ** નામનું સિંહાસન કહેવામાં આવ્યું છે.

આ સંસારના સર્વ પદાર્થો અનિત્ય છે અને અપવિત્ર છે, દુ:ખથી ભરપૂર છે અને જીવથી તદ્દન જૂદા છે–તેવા પદાર્થો વિષે તેથી ઉલટી બુદ્ધિ થવી એટલે તેમને સ્થિર રહેનાર માનવાં, પવિત્ર ગણવાં, તેમાંથી સુખ મેળવવાની ઇચ્છા રાખવી અને પોતે જાણે તન્મય જ છે એવો વિચાર કરવો તેનું નામ **અવિદ્યા** (અજ્ઞાન) સમજવું.

એ સર્વ વસ્તુને પ્રવર્તાવનાર તેમ જ એમનાથી જ ઉત્પન્ન થનાર **મહામોહરાજા** કહેવાય છે.

બહેન અગૃહીતસંકેતા! આવી રીતે મહાનદી વિગેરે સર્વ વસ્તુઓ એક બીજાથી તદ્દન જૂદી છે તે બરાબર યત્નપૂર્વક સમજી લેવું.[1]

---

૧ પ્રજ્ઞાવિશાળાએ આ પ્રકરણની શરૂઆતથી **વેલ્લહલ** કથા કહેવા માંડી તે ભાવાર્થ સાથે અહીં તેણે પૂરી કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગૃહીતસંકેતાએ કહ્યું "બહેન! બહુ સારી વાત કરી. હવે મને બરાબર ખાત્રી થઇ કે તું સાચેસાચી **પ્રજ્ઞાવિશાલા** જ છે. (વિશાળ બુદ્ધિવાળી બહેન છે.) તારૂં જેવું નામ છે તેવા જ તારામાં ગુણો છે. હવે તને ઘણી તકલીફ પડી છે તેથી તું આરામ લે, અને આ સંસારીજીવ પોતાનું ચરિત્ર આગળ ચલાવે. ભાઇ સંસારીજીવ! વિચક્ષણસૂરિએ જે ચરિત્ર નરવાહન રાજા સમક્ષ કહી સંભળાવ્યું અને હાલ વિમર્શે પ્રકર્ષને કહી સંભળાવ્યું એમ તું વાત કરતો હતો તે હવે આગળ ચલાવ."

સંસારીજીવે પોતાની વાર્તા આગળ ચલાવી.[1]

# પ્રકરણ ૧૨ મું.[2]

## મહામૂઢતા-મિથ્યાદર્શન-કુદૃષ્ટિ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સંસારીજીવે ચરિત્ર આગળ ચલાવતા કહ્યું:—

નરવાહન રાજા સમક્ષ રિપુદારૂણના સાંભળતા વિચક્ષણસૂરિ કહે છે:—

* * *

ત્યાર પછી વિમર્શ મામાએ ભાણેજને કહ્યું "ભાઇ પ્રકર્ષ! હવે તને નદી વિગેરેનો ભાવાર્થ બરાબર સમજાયો હશે. બોલ, હજુ પણ વધારે ખુલાસો કરવાની જરૂરીઆત છે ખરી?"

---

૧ નવમા પ્રકરણને અંતે મોહરાજાના પરિવારનું વર્ણન વિમર્શ મામો શરૂ કરતો હતો તે હવે આગળ ચાલશે. આ સર્વ વાત **નરવાહન** રાજા સમક્ષ **વિચક્ષણસૂરિ** કહેતા હતા તે રિપુદારૂણ સાંભળતો હતો અને વાતની શરૂઆતમાં જણાવ્યું તેમ **સંસારીજીવ** તરીકે તે સર્વ **સદાગમ** સમક્ષ કહી બતાવતો હતો.

૨ પ્રકરણ નવમાને અંતે મામાએ **મોહરાયના કુટુંબનું** વર્ણન કરવા માંડતા ભાવાર્થની વાત ચાલી હતી. હવે મોહરાજાનો પરિવાર વર્ણવે છે. પ્રકરણ ૧૨ થી ૧૬ સુધી **મોહરાજાના પરિવારનું** વર્ણન ચાલશે. એ પાંચે પ્રકરણો ઉક્ત મુખ્ય વિષય (**મોહરાજાનો પરિવાર**)ના પેટાવિભાગ સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકર્ષ**—"મામા ! મારા સમજવામાં પ્રમત્તતા નદી વિગેરે સર્વ આવી ગયાં. હું એનાં નામ પણ બરાબર સમજ્યો છું અને એના ગુણો પણ મારા લક્ષ્યમાં આવી ગયા છે; હવે આપ મને એ મોહરાજાના આખા પરિવારનો પરિચય કરાવો, એ સર્વને બરાબર ઓળખાવો. આ રાજસિંહાસનપર સુંદર સ્ત્રી આવીને બેઠેલી છે જે શરીરે કાંઇક વધારે સ્થૂળ દેખાય છે તેનું નામ શું છે અને તેના ગુણો ક્યા ક્યા છે–તે સર્વ મને સમજાવો.

## દેવી મહામૂઢતા.

**વિમર્શ**—"એ તો અનેક ગુણની ખાણ જેવી સુપ્રસિદ્ધ મહારાજા મહામોહની સૌભાગ્યવતી ભાર્યા **મહામૂઢતા** નામની છે. જેમ ચંદ્રથી ચંદ્રિકા જૂદી નથી, જેમ સૂર્યથી તેની પ્રભા જૂદી નથી, તેમ એ રાજપત્ની પોતાના પતિ મહામોહથી શરીરના અભેદે જ રહે છે એટલે બન્નેનું શરીર એક જ છે. આ પ્રમાણે હોવાથી એ મહારાજાના જે જે ગુણો અગાઉ વર્ણવ્યા હતા તે સર્વ આ તેમની ભાર્યા **મહામૂઢતામાં** છે એમ તારે સમજી લેવું."

## [1]મિથ્યાદર્શન સેનાપતિ.

**પ્રકર્ષ**—"વારૂ, મામા ! એ વાત સમજ્યો. હવે જુઓ. એ મહામોહ રાજાની બાજુમાં તેમની નજીક બેઠેલ પેલો કાળા રંગનો અને ભયંકર આકૃતિવાળો રાજપુરૂષ જણાય છે જે આખા રાજને તથા રાજસભાના સભાસદોને વાંકી નજરે જોઇ રહ્યો છે તે કયો રાજા છે ?"

**વિમર્શ**—"આ આખા રાજ્યનો નાયક મહામોહ મહારાજાનો એ **મિથ્યાદર્શન** નામનો વડો પ્રધાન અથવા સેનાપતિ છે. એ મહારાજા જે મોટા રાજ્ય ઉપર પોતાનું રાજ ચલાવે છે તેનો સામટો કારભાર એ વડો પ્રધાન ચલાવે છે. અહીં જે બીજા ઘણા રાજાઓ છે તેમને સર્વને પણ એ ઘણું બળ આપનાર છે. હવે એ અહીં રહ્યો રહ્યો, બાહ્ય પ્રદેશમાં રહેલા પ્રાણીઓને શું શું કરી શકે છે તેની ટુંકામાં વાત કરી દઉં તે બરાબર તું લક્ષ્યમાં લઇ લે. એ આ અંતરંગ પ્રદેશમાં રહીને પોતાની શક્તિથી બાહ્ય પ્રદેશના પ્રાણીઓને જે **દેવ ન હોય તેવામાં દેવપણાની બુદ્ધિ** ઉત્પન્ન કરે છે, **અધર્મમાં ધર્મની માની-**

---

[1] **મિથ્યાદર્શન** માટે કર્ત્તાએ 'મહત્તમ' શબ્દ વાપર્યો છે, તેનો અર્થ વડો પ્રધાન પણ થઇ શકે. એ સેનાપતિનું તેમજ વડા પ્રધાનનું કામ કરે છે. બન્ને અર્થ બંધબેસતા જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નતા ઉત્પન્ન કરે છે, જે તત્ત્વ ન હોય તે તત્ત્વ છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે, જે અપાત્ર કે કુપાત્ર હોય તેને તે પાત્ર મનાવે છે, ગુણની તદ્દન ગેરહાજરી હોય ત્યાં ગુણોનો સમૂહ સમજાવે છે અને જે સંસાર વધવાના હેતુઓ હોય તેને તે નિર્વાણ (મોક્ષ)ના હેતુઓ હોવાની ભ્રાન્તિ કરાવે છે. આવું અજબ કામ એ કેવી રીતે કરે છે તે તને સહજ વિવેચનપૂર્વક જણાવું:[1]—

અદેવે દેવપણાની બુદ્ધિ.

"જે હસવામાં[2], ગાવામાં, ચાળા કરવામાં અને નાટક ચેટક "વિગેરે આડંબરોમાં તત્પર રહે છે, જે સ્ત્રીઓના "કટાક્ષથી હણાઇ જતા હોય છે, જેઓ પોતાની "બાજુમાં સ્ત્રીનું અર્ધું શરીર ધારણ કરતા હોય "છે,[3] જેઓ કામાન્ધ હોય છે, જેઓનું મન પર- "સ્ત્રીમાં આસક્ત રહેતું હોય છે, જેઓને વ્યવહારૂ માણસ રાખે "તેટલી શરમ પણ[4] હોતી નથી, જેઓ ક્રોધથી ભરેલા હોય છે, "આયુધો ( હથિયારો ) ધારણ કરનારા હોય છે, દેખાવમાં જ ભયંકર "[5]લાગતા હોય છે, શત્રુને મારવા માટે તત્પર રહેલા હોય છે, શ્રાપ "અને આશીર્વાદથી જેમનું ચિત્ત મલીન થએલું હોય છે[6]—આવા "આવાને એ મિથ્યાદર્શન લોકોમાં દેવ તરીકે સ્થાપન કરે છે. હવે "એની સામે વિચાર કરો તો જે તદ્દન રાગદ્વેષ વગરના હોય છે,[7]

દેવમાં અદેવપણાની બુદ્ધિ.

"જે સર્વજ્ઞ-સર્વ વસ્તુને એક સાથે જાણી શકે તેવા "હોય છે, જે શાશ્વત સુખને ઐશ્વર્યપૂર્વક અનંત "કાળ સુધી ભોગવનારા હોય છે, અત્યંત આકરા "કર્મરૂપ મેલનો જેમણે સર્વથા નાશ કરેલો હોય

---

૧ હવે પછી અદેવમાં દેવબુદ્ધિ વિગેરે કાર્યો મિથ્યાદર્શન વજીર કેવી રીતે કરે છે તે બતાવવામાં આવ્યું છે.

૨ આ વર્ણન શ્રીકૃષ્ણને ઘણે દરજ્જે લાગુ પડે છે.

૩ ભીલડીમાં આસક્ત શીવને આ વર્ણન લાગુ પડે છે.

૪ વ્યવહારમાં સ્ત્રીસાથે જાહેરમાં ફરાતું નથી એવો આર્યાવર્તનો શિષ્ટાચાર હતો. એ શિષ્ટાચારને મૂકી જે જાહેરમાં પણ સ્ત્રીસાથે મૂર્તરૂપે દેખાય છે તે રાધા-કૃષ્ણ કે સીતારામ સમજાય છે.

૫ ઘોર આકૃતિવાળી કાલિકાદેવી અને શત્રુ મારવા તત્પર ભૈરવની ભીષણ મૂર્તિ જણાય છે.

૬ કોઇ પણ શ્રાપ આપનાર કે આશિષ્ આપનાર દેવને આ હકીકત લાગુ પડે છે.

૭ આ વર્ણન શ્રી જિનેશ્વર દેવને લાગુ પડે છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" છે, જેઓ સર્વ પ્રકારના પ્રપંચ વગરના હોય છે, જેઓ મહાબુદ્ધિ-
" શાળી હોય છે, જેઓનો ક્રોધ સર્વથા શાંત થઇ ગયો હોય છે,
" જેઓને ખોટો આડંબર કરવાનો કદિ પણ પ્રસંગ જ આવતો નથી,
" જેઓએ હાસ્ય, સ્ત્રી અને અસ્ત્ર ( હથિયાર )ને સર્વથા તિલાંજલિ
" આપેલી હોય છે, જેઓ આકાશની જેમ સર્વથા નિર્મળ હોય છે,
" જેઓ તદ્દન ધીર-શાંત હોય છે, જે મોટા ભાગ્યથી યુક્ત હોય છે,
" જે હમેશાં ઉપદ્રવરહિત હોય છે, જેઓ કોઇને કોઇ પણ પ્રકારનો
" શાપ આપતા નથી તેમ જ કોઇને આશીર્વાદ પણ આપતા નથી
" એટલે જેઓ શાપ ( દ્વેષજન્ય ) અને પ્રસાદ ( રાગજન્ય )થી
" મુક્ત થઇ ગયેલા છે, છતાં પણ જેઓ અન્ય પ્રાણીને શિવ (મોક્ષ-
" પરમપદ ) પ્રાપ્ત કરવાના કારણભૂત થાય છે, જે ત્રણ કોટિએ[1]
" શુદ્ધ શાસ્ત્રાર્થનો ઉપદેશ આપનાર હોય છે, જેઓ પરમ ઐશ્વર્યના

---

૧ ત્રણ કોટિઃ આ પારિભાષિક શબ્દ છે. એના ઘણા અર્થો બેસે છે તે વિચારવા.

૧ કરવું, કરાવવું અને અનુમોદવું.

૨ હનન, પચન અને ક્રયણ.
**હનનઃ** કોઇને મારવો નહિ, હણવો નહિ.
**પચનઃ** કોઇ વસ્તુ રાંધવી નહિ.
**ક્રયણઃ** કોઇ વસ્તુ ખરીદવી નહિ.

૩ શાસ્ત્રાર્થ કરનારા ત્રણ કોટિ માને છે. જુઓ ન્યાયનો ગ્રંથ. એમાં પ્રમાણ વિગેરેની વિચારણાનો સમાવેશ થાય છે.

૪ કષ, છેદ અને તાપ. એ ત્રિવિધ શુદ્ધિ છે.

**કષઃ** विधिप्रतिषेधौ कषः
વિધિ અને પ્રતિષેધનું બતાવવું તે કષશુદ્ધિ. દાખલા તરીકે રાગ વિગેરેના વિનાશક ધ્યાનાદિને કરવા (વિધિ) અને આત્માને મલીન કરનાર જીવહિંસાદિ ન કરવા (પ્રતિષેધ). શુદ્ધનો વિધિ અને અશુદ્ધનો નિષેધ.

**છેદ.** तत्संभवपालनाचेष्टोक्तिश्छेदः
વિધિ પ્રતિષેધના ઉપાયભૂત સમિતિ ગુપ્તિ વિગેરે અનુષ્ઠાનોનું બતાવવું તે છેદશુદ્ધિ. ટુંકામાં કહીએ તો બની શકે તેવા આચારને દર્શાવવો તે છેદશુદ્ધિ.

**તાપ.** उभयनिबन्धनभाववादस्तापः
બંધ મોક્ષ વિગેરે સદ્ભાવના કારણભૂત આત્મા વિગેરે ભાવોને દર્શાવવા તે તાપશુદ્ધિ. અથવા વિધિનિષેધ પૈકી સંભવિત પદાર્થની પ્રરૂપણા કરવી તે તાપશુદ્ધિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ઘણી છે, જેઓ સર્વે દેવોને પણ પૂજવા યોગ્ય છે, જેઓ સર્વે "મોટા મોટા યોગીઓને પણ ધ્યાનનો વિષય થનારા હોય છે, જે- "ઓની આજ્ઞાને અનુસરવાથી જ જેમની આરાધના કરી શકાય તેવા છે "અને આરાધના સદરહુ રીતે બરાબર કરવાથી જેઓ દુઃખના અંશથી "પણ રહિત સદાનંદમય સુખરૂપ વિશુદ્ધ ફળ આપનારા હોય છે "એવા ખરેખરા સાચા દેવને એ મિથ્યાદર્શન સેનાપતિ એવી રીતે "છુપાવી દે છે કે એની તાબેદાર પ્રજા તે મહાગુણી અક્ષય સુખદાયી "દેવોનાં સાચાં સ્વરૂપને જાણી શકતી નથી અને તેથી તેમને "ઓળખી શકતી નથી અને તે દેવોની હયાતીનું પણ તેમને ભાન "રહેતું નથી.

અધર્મમાં ધર્મબુદ્ધિ.

" "તમે વારંવાર સોનાનાં દાન [1]આપો, ગાયનાં દાન આપો, "પૃથ્વીનાં દાન (ઇનામમાં જમીન) આપો, વારં- "વાર સ્નાન કરો, ધુમાડાનું પાન કરો, પંચાગ્નિ "તપ કરો, ચંડિકા વિગેરે દેવીઓનું તર્પણ કરો, "મોટા મોટા તીર્થોપર જઇ ભેરવજવ ખાઓ,[2] "સાધુઓને એક ઘરનો પિંડ આપો,[3] ગાવા વજાડવામાં અત્યંત આ- "દર કરો, તમારાથી બને તેટલી વાવો બંધાવો, કુવાઓ ખોદાવો, "તળાવો તૈયાર કરાવો, મોટા મોટા યજ્ઞોમાં મંત્રના પ્રયોગપૂર્વક "પશુઓનો હોમ કરો અને ભોગ આપો-આવા આવા અનેક પ્રકારના "પ્રાણીવિઘાતના સાધનભૂત શુદ્ધ ભાવરહિત જે જે ધર્મો આ દુનિયામાં "દેખવામાં આવે છે તે સઘળા પેલા બળવાન્ મિથ્યાદર્શન નામના "સેનાપતિએ પ્રપંચથી લોકોને ઠગીને તેઓમાં ફેલાવ્યા છે. વાત એ છે "કે એણે (મિથ્યાદર્શન પ્રધાને-સેનાપતિએ) ભોળા લોકો ઉપર "પ્રપંચ કરીને દુનિયામાં ઉપર જણાવી તેવી બાબતોને ધર્મો તરીકે "ચલાવી છે. વળી આ દુનિયામાં બીજા પણ ધર્મો હોય છે જેઓ કહે છે

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ **સુવર્ણદાન, ગોદાન, પૃથ્વીદાન** બ્રાહ્મણને આપવામાં ઘણું પુણ્ય મનુસ્મૃતિમાં કહ્યું છે. બાકીના ઘણા માર્ગો વ્યવહારથી સમન્વય તેવાં છે, દરરોજ જોવામાં આવે તેવાં છે.

૨ **ભેરવજવઃ** અગાઉ મોટા ગિરનાર જેવા પર્વતપરથી નીચે જમીનપર દુઃખથી કે ધર્મબુદ્ધિથી પડી માણસ આત્મઘાત કરતા હતા તેમાં પુણ્ય માનવામાં આવતું હતું. હાલ તો સરકારે એ આત્મઘાતની પ્રવૃત્તિ બંધ કરી છે. ભેરવજવની જગ્યા ગિરનારપર હાલ પણ દૂરથી જોઇ શકાય છે.

૩ એક ઘેરથી આખી ગોચરી કરી લેવી તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મમાં અ-ધર્મબુદ્ધિ.

"કે તમે ક્ષમા રાખો, નરમાશ રાખો, સંતોષ ધારણ કરો, પવિત્રતા ધારણ કરો, સરળતા શીખો, લોભને દેશવટો આપો, તપ કરો, સંયમમાં મન પરોવો, સત્ય બોલો, બ્રહ્મચર્ય ધારણ કરો, શાંતિ રાખો, ઇંદ્રિયોને દમો, પ્રાણીવધ (હિંસા)નો ત્યાગ કરો, પરવસ્તુ લઇ લેવાની વૃત્તિ છોડી દો, શુદ્ધ ધ્યાન કરો, સંસારપર વિરાગ રાખો, ઉપકારી પૂજ્યપાદ ગુરૂમહારાજની ભક્તિ કરો, જરા પણ પ્રમાદ સેવો નહિ, મનની સર્વદા એકાગ્રતા કરી દો, નિગ્રંથપણામાં (મુનિપણામાં) તત્પરતા રાખો-આવા આવા ચિત્તને નિર્મળ કરનાર જે જે અમૃત જેવા શુદ્ધ ઉપદેશો હોય, જેઓ સાચા શુદ્ધ ધર્મના નામને યોગ્ય હોય અને જે જગતને આનંદ કરાવવાના હેતુભૂત હોય અને સંસાર સમુદ્ર ઓળંગવામાં સેતુ ( bridge ) જેવા હોય તેને એ મહામોહ રાજાનો સેનાપતિ છુપાવ્યા કરે છે, તેની આડો આવ્યા કરે છે, અને તેની અપ્રસિદ્ધિ કેવી રીતે થાય, તે લોકોના જાણવામાં ઓછા કેમ આવે તેની નિરંતર ગોઠવણ રાખ્યા કરે છે અને તેવા ધર્મને અધર્મ ગણાવવાનો પણ પ્રયત્ન કરે છે.

અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ.

" "આત્મા શ્યામાક[1] કે તંદુલ (ચોખા)ના આકારને ધારણ કરનાર (તેના જેવડો) હોય છે, આત્મા પાંચશે ધનુષ્ય પ્રમાણ હોય છે, આખા વિશ્વમાં[2] એક જ આત્મા હોય છે, આત્મા નિત્ય જ હોય છે અને આત્મા આખી દુનિયામાં વિભુ (વ્યાપીને રહેલો) છે, આત્મા ક્ષણસંતાનરૂપ[3] છે, આત્મા લલાટ (કપાળ)માં રહે છે,[4] આત્મા હૃદયમાં રહે છે, આત્મા જ્ઞાન માત્ર જ છે-બીજું કાંઇ નથી, ચર અને અચર જે સઘળું દેખાય છે તે સઘળું શૂન્યમાત્ર છે, આત્મા પંચભૂતનો સમૂહ છે, બ્રહ્માથી થયેલ છે, (બ્રહ્મમય છે)

---

૧ શ્યામો નામનું અનાજ ખેતરમાં થાય છે, બંટી જેવું હોય છે.

૨ શંકરનો અદ્વૈત મત આત્માને એક નિત્ય અને સર્વવ્યાપી માને છે.

૩ બૌધો આત્માને ક્ષણિક માને છે. જુઓ સર્વદર્શનસંગ્રહ પૃ. ૧૨.

૪ આત્માની જૂદી જૂદી રીતે વિવેચના જૂદા જૂદા દર્શનકારો અને સંપ્રદાયો કરે છે. એના વિવેચન માટે સર્વદર્શનસંગ્રહ, ષડ્દર્શનસમુચ્ચય, સિદ્ધાન્તસાર વિગેરે ગ્રંથો જોવા. એ હકીકતનું દોહન કરી એક લેખ આનંદઘન પદ્યરત્નાવળી (પ્રથમ ભાગ) પૃ. ૩૮૭-૪૧૨ માં આપેલ છે તેથી અત્ર તેપર ફરી વિવેચન કરવામાં આવ્યું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"દેવતાએ રચેલ છે, મહેશ્વરે બનાવેલ છે–આવા આવા આત્માને "અંગે અનેક પ્રકારનાં ખોટાં તત્ત્વો મનાતાં હોય છે, પ્રમાણુની "સાથે જ્યારે તેને વિચારવામાં આવે ત્યારે તેમાં અનેક પ્રકારની "બાધાઓ આવતી જણાય છે. તેવાં તત્ત્વોવિષે પણ એ મિથ્યાદર્શન "સેનાપતિ પ્રાણીની સદ્બુદ્ધિ કરાવે છે. એ એવાં તત્ત્વો આદરવા "આ પ્રાણીને સમજાવે છે; જ્યારે[1] જીવ, અજીવ, પુણ્ય, પાપ,

તત્ત્વ તરફ અ રૂ ચિ.

"આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ "તત્ત્વો બરાબર સાચાં છે, પ્રતીતિથી સિદ્ધ થાય "તેવાં છે અને પ્રમાણોની કોટિમાંથી જરા પણ "દૂર જતાં નથી અને કોઇ પણ બાધવિના સ્થાપિત "થઇ શકે તેવાં છે તેને એ મિથ્યાદર્શન પ્રધાન છૂપાવી દે છે, એને "વશ પડેલા પ્રાણીઓને તે તત્ત્વો જાણવા દેતો નથી.

ગુરૂતત્ત્વમાં ગોટાળો.

"સાધુવેશ ધારણ કરવા છતાં ગૃહસ્થાવાસમાં રહેલા, સ્ત્રીઓના "અંગોપાંગનું મર્દન કરનારા વિષયાસક્ત, પ્રાણીઓનો "ઘાત કરનારા, હિંસક, અસત્ય પ્રતિજ્ઞાવાળા, પ્રતિ-"જ્ઞાનો ઘાત કરનારા પાપીઓ, ધનધાન્યાદિ પરિ-"ગ્રહમાં રચી પચી રહેલા, સારી રસોઇઓ આ-"રોગનારા, મદિરા (દારૂ)નું પાન કરનારા, પરસ્ત્રીનું સેવન કરનારા, "ધર્મમાર્ગને દૂષણ લગાડનારા, ગુરૂના રૂપમાં તપાવેલાં લોઢાના "ગોળાનો આકાર ધારણ કરનારા[2]–આવા આવા અધર્મ આચરણ "કરનારાઓ પ્રત્યે પણ તે મિથ્યાદર્શન સેનાપતિ (પ્રધાન) લોકોમાં "પાત્રબુદ્ધિ ધારણ કરાવે છે, તેઓને સત્પાત્ર (લાયક) મનાવે છે, "એટલે તેઓ માન સન્માનને યોગ્ય છે, તેઓનો ઉપદેશ સાંભળવા "યોગ્ય છે અને તેઓ સર્વ રીતે પાત્ર છે એમ' તે ઠરાવે છે; "ત્યારે બીજા કેટલાક ગુરૂઓ અને ઉપદેશકો સત્ય જ્ઞાનને જાણનારા, "વિશુદ્ધ ધ્યાનમાં રક્ત, શુદ્ધ ચારિત્રનો ખપ કરનારા, તપ તપનારા "અને સારે રસ્તે શક્તિનો ઉપયોગ કરનારા હોય છે, ગુણરત્નોને "ધારણ કરનારા હોય છે, મહા ધૈર્યવાન્ હોય છે, તદ્દન શાંત હોય "છે, હાલતાં ચાલતાં કલ્પવૃક્ષોની જેવા હોય છે, (તેમને) દાન આ-"પનારને સંસારસમુદ્ર ઉતારનારા હોય છે, ચિંતવનમાં પણ ન

---

૧ જૈનદર્શનકારોના પ્રરૂપેલાં આ નવ તત્ત્વો છે. સામાન્ય બોધ માટે નવ-તત્ત્વ ગ્રંથ જોવો.

૨ દેખાવમાં જ ક્રોધી, જાજ્વલ્યમાન મૂર્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“ આવી શકે તેવી વસ્તુઓના વહાણ તુલ્ય હોઇ ( સંસારસમુદ્રને ) “ સામે પાર જનારા હોય છે–આવા નિર્મળ ચિત્તવાળા મહાત્મા પુ- “ રૂષો ઉપર એ મહામોહનો મિથ્યાદર્શન પ્રધાન (સેનાપતિ) અપાત્ર- “ પણાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે.

સાધુપણાની માનીનતામાં ફેરફાર.

“ “ કેટલાક સાધુનો વેશ ધારણ કરનારા સૌભાગ્ય માટે રાખોડું “ દે છે ( કૌતુક ), કેટલાક ગારૂડી વિદ્યા અથવા “ જાદુગરીના પ્રયોગો કરે છે, કેટલાક મંત્રોનો ઉપ- “ યોગ કરે છે, કોઇ ઇંદ્રજાળના ખેલો કરવામાં “ રસ લે છે, કેટલાક રસાયણ કરે છે, કેટલાક “ ઝેર ઉતારવાનું કામ કરે છે ( નિર્વિષીકરણ ), કેટલાક ઔષધની “ મેળવણી કરે છે (તંત્ર), કેટલાક અંજનથી અદૃશ્ય થવાનું કામ “ કરે છે ( અંતર્ધાન ), કેટલાક [1]અષ્ટાંગ નિમિત્ત કહે છે: ઉત્પાત, “ આંતરિક્ષ, દિવ્ય, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન અને ભૌમ સંબંધી “ નિમિત્તો કહે છે, કેટલાક શત્રુનો નાશ કરવા માટે કામણ ટુમણ “ વૈરપૂર્વક કરે છે ( ઉચ્ચાટન ), કેટલાક વૈદ્યકશાસ્ત્રનો અભ્યાસ કરી “ દવા કરવાના કામમાં પડી જાય છે ( આયુર્વેદ ), કેટલાક નવી “ સંતતિના શુભઅશુભ દેખાડી આપનારાં ચક્રો બનાવવા ( જાતકો “ તૈયાર કરવા )ના કામમાં રસ લેછે, કેટલાક જ્યોતિષના વિષયમાં “ પડી જાય છે, કેટલાક ગણિત ગણવામાં તત્પર હોય છે, કેટલાક “ ચૂર્ણની મેળવણી કર્યા કરે છે તથા કેટલાક યોગના લેપો તૈયાર કર્યા “ કરવામાં વખત પસાર કરે છે—આવા આવા પાપશાસ્ત્રના નવા નવા “ જૂદા જૂદા પ્રકારના વિશેષો પ્રાણીઓને આશ્ચર્ય ઉત્પન્ન કરનારા થાય છે “ જેના ઘણા પ્રકારો છે–એ અને એવા એવા પ્રાણીનું ઉપમર્દન કરે “ તેવા અને શઠતાનો ધ્વજાગરો ઉડાડે તેવા અનેક હેતુઓ હોય છે “ તેને જે વેશધારીઓ સારી રીતે જાણતા હોય છે અને તેનો જેઓ

---

૧ અષ્ટાંગ નિમિત્ત–ભવિષ્ય કથન નીચે પ્રમાણે:—

૧ **ઉત્પાતઃ** તારા વિગેરે ખરવાથી સારા નરસા ફળનું કથન કરવું.
૨ **આંતરિક્ષઃ** ગ્રહોના ઉદય અને અસ્તથી સારા ખોટા ફળનું કથન કરવું.
૩ **દિવ્યઃ** તપાવેલા તેલમાં હાથ બોળવા, અગ્નિપર ચાલવું વિગેરે શપથ.
૪ **અંગઃ** પુરૂષ સ્ત્રીનાં જમણા ડાબા અંગના ફરકવાથી શુભાશુભ ચેષ્ટાઓ જાણવી તે.
૫ **સ્વરઃ** પક્ષી વિગેરેના સ્વરથી શુભાશુભ ફળનું કથન કરવું.
૬ **લક્ષણઃ** હાથ પગની રેખા ઉપરથી શુભાશુભ ફળનું કથન કરવું.
૭ **વ્યંજનઃ** મસા, તલ વિગેરે ઉપરથી શુભાશુભ ફળનું કહેવું.
૮ **ભૌમઃ** ધરતીકંપથી શુભાશુભ ફળનું કહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગ કરનારા હોય છે અને જે લુચ્ચાઓ-ધર્મઠગો પાપપરા-
"યણુ હોઈ એવા કામ કરવામાં અથવા એવી નજીવી તુચ્છ બાબ-
"તોમાં વખત કાઢવામાં ધર્મસંબંધી જરા પણુ વાંધો ધરાવતા નથી
"તેવાઓને એ મિથ્યાદર્શન આ પૃથ્વીતળપર ગુણુવાન્ તરીકે
"બતાવે છે, ધીરવીર તરીકે દર્શાવે છે, પૂજવા યોગ્ય તરીકે મનાવે
"છે, ઊંચા પ્રકારના મનવાળા ( મનસ્વી ) તરીકે જણાવે છે, તેઓ જ
"ખરા લાભ કરાવી આપનારા છે એમ સૂચવે છે અને મુનિઓમાં
"તેઓ જ સર્વોત્તમ છે એમ વારંવાર સૂચવે છે. એ મિથ્યાદર્શનમાં
"એવી શક્તિ છે કે એવા બાહ્ય જનો જાણે સર્વથા સર્વ માનને ઉ-
"ચિત છે એમ પોતાની શક્તિના જોરથી પ્રાણીઓને મનાવે છે. હવે
"બીજા એવા જ કેટલાક પ્રાણીઓ હોય છે કે જેઓને એવા અનેક
"પ્રકારના મંત્રો તથા તંત્રો અને બીજી વિદ્યાઓ સારી રીતે આવડતી
"હોય છે છતાં અતિ નિઃસ્પૃહીપણાથી જેઓ એવા પ્રકારની લોક-
"યાત્રાથી તદ્દન નિવૃત્ત થયેલા હોય છે અને જેઓને ધર્મના વિષયમાં
"જરા પણુ ઉલ્લંઘન (અતિક્રમ) થઇ જાય તે માટે બહુ જ ભય લાગતો
"હોય છે, જેઓ પારકાની બાબતમાં જાણે મુંગા બ્હેરા કે આંધળા
"હોય તેમ નકામી બાબત સાંભળતા બોલતા કે જોતા નથી, જેઓ
"પોતાના ગુણુની વૃદ્ધિ થાય તે માટે જ નિરંતર તત્પર રહેનારા
"હોય છે, જેઓ પોતાના શરીર ઉપર પણ જરાએ આસક્તિ
"નહિ રાખનારા હોય છે, તો પછી ધન સ્ત્રી આદિ પર પદાર્થોની તો
"વાત જ શી કરવી ? જેઓ કોપ, અહંકાર અને લોભને નવગજના
"નમસ્કાર દૂરથી જ કરનારા હોય છે, જેઓના સર્વ સ્થૂળ વ્યાપારો
"તદ્દન શાંત થઇ ગયેલા હોય છે, જેઓને અન્ય કોઇની અપેક્ષા
"હોતી નથી, જેઓ તપને ખરેખરૂં ( આત્મ )ધન માનનારા હોય છે,
"જે કદિ દિવ્ય[1] બતાવતા નથી, જેઓ જાદુગરીની વાતો કે પ્રયોગો
"કરતા નથી, જેઓ મંત્રાદિ કોઇ પણુ પ્રકારનું અનુષ્ઠાન કરતા નથી,
"જેઓ નિમિત્ત બતાવતા નથી, જેઓ લોકોના ઉપર ઉપરના બાહ્ય
"ઉપચારોનો સુખપૂર્વક ત્યાગ કરે છે અને નિરંતર જ્ઞાન ધ્યાન અભ્યાસ
"અને યોગપ્રક્રિયામાં આત્માને આસક્ત રાખતા હોય છે-આવા
"આવા વિશિષ્ટ પુરૂષો હોય છે, મહાત્મા પુરૂષો હોય છે, સાધુઓ
"હોય છે તેને એ મિથ્યાદર્શન નિર્ગુણી તરીકે ગણાવે છે, લોકવ્યવ-
"હારથી વિમુખ જણાવે છે, મૂર્ખ તરીકે પ્રસિદ્ધ કરે છે, સુખભોગથી

---

૧ જુઓ છેલ્લી નોટના પેટા નં. ૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વંચિત થયેલા જણાવે છે, અપમાનથી હણાયલા દર્શાવે છે, ગરીબ-
"દીન છે એમ સમજાવે છે, ખરા જ્ઞાનની સમજણ વગરના જાહેર
"કરે છે, શ્વાન જેવા છે એમ મશ્કરી કરે છે-આવી રીતે પોતાની
"શક્તિથી સાધુ પુરૂષોને તદ્દન ઉલટા રૂપમાં પ્રસિદ્ધ કરવામાં એ
"આનંદ લે છે.

કર્મવિભાગ-માં વિચિત્રતા.

" "[1]તમે કન્યાઓનાં લગ્ન કરો, પુત્રો ઉત્પન્ન કરો, શત્રુઓને "મારી નાંખો, કુટુંબનું પરિપાલન (પોષણ) કરો- "આવાં આવાં કામો જે ઘોર સંસારવૃદ્ધિનાં કારણો "છે તેને વિશુદ્ધ ધર્મ તરીકે તેના તરફથી બતા- "વવામાં આવે છે અને જણાવવામાં આવે છે કે "એવાં કાર્યો કરવાથી આ સંસારસમુદ્ર તરી જવાય છે; ત્યારે જે "માર્ગ જ્ઞાનદર્શનચારિત્રરૂપ રત્નત્રયથી ભરપૂર છે અને જેનાથી મુક્તિ "પ્રાપ્ત થાય છે તે માર્ગનો એ લોકશત્રુ મિથ્યાદર્શન સર્વથા નાશ કરે "છે-લોપ કરે છે.

" "ભાઇ પ્રકર્ષ ! આવી રીતે એ મોટી શક્તિવાળા સેનાપતિ મિથ્યાદર્શનમાં કેટલી અદ્ભુત શક્તિ છે તેનું મેં તારી પાસે વિસ્તારથી વર્ણન કરી બતાવ્યું. મેં તને અગાઉ [2]જણાવ્યું હતું કે તે મિથ્યાદર્શન જે દેવ ન હોય તેનામાં દેવપણાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે, અધર્મમાં ધર્મની માનીનતા ઉત્પન્ન કરે છે, જે તત્ત્વ ન હોય તે તત્ત્વ છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે, જે અપાત્ર કે કુપાત્ર હોય તેને તે પાત્ર મનાવે છે, ગુણની તદ્દન ગેરહાજરી હોય ત્યાં ગુણોનો સમૂહ સમજાવે છે અને જે સંસાર વધવાના હેતુઓ હોય તેને તે નિર્વાણ (મોક્ષ)ના હેતુઓ હોવાની ભ્રાન્તિ કરાવે છે. એ સર્વના સંબંધમાં વિવેચનપૂર્વક સર્વ હકીકત તારી પાસે નિવેદન કરી; બાકી ખરેખરા વિસ્તારથી તો એ પ્રધાનના પરાક્રમોની વાત કોણ કરી શકે?

---

૧ કન્યાનાં લગ્નને સ્મૃતિકારે ધર્મ માનેલ છે. અપુત્રની ગતિ નથી, સ્વર્ગ તેને મળતું નથી એમ સ્મૃતિકાર બતાવે છે. શત્રુનો નાશ પણ મનુસ્મૃતિમાં ફરજ તરીકે ગણાવેલ છે. વૃદ્ધ માબાપ સાધ્વી સ્ત્રી અને નાના પુત્રને સેંકડો અકાર્ય કરીને પણ પાળવા પોષવાની ફરજ ગૃહસ્થને માથે મનુસ્મૃતિમાં નાખવામાં આવી છે. સ્થૂળ દષ્ટિએ આ કર્તવ્યો લાગશે પણ તેને આત્મિક દષ્ટિથી જોવાની જરૂર છે. સમ્યગ્દર્શનમાં દષ્ટિની જ શુદ્ધિ હોય છે એ લક્ષ્યમાં રાખવું.

૨ જુઓ પૃ. ૮૪૪-૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"એ મહામોહ રાજાનો સેનાપતિ મિથ્યાદર્શન ઘણો જ અભિમાની છે અને તેથી પોતાના મનથી એમ જ માની લે છે કે મહામોહ રાજાના આખા રાજ્યનો ભાર તેને જ માથે છે અને પોતે જ જાણે આખા રાજ્યનો નિમાયેલો નાયક છે એમ ધારીને કામ લે છે. આવી રીતે આખા રાજ્યનો ભાર પોતાને માથે માની લઇને પછી એ સેનાપતિ સાહેબ પોતાના મનમાં વિચાર કરે છે કે મહારાજાનો મારા ઉપર સંપૂર્ણ ભરોસો છે માટે મારે પણ અન્ય કાર્યોમાં ચિત્ત ન રાખતાં હમેશાં એમના હિતમાં જ એકાંતે પ્રવૃત્તિ કરવી જોઇએ. આવા પ્રકારની પોતાની ફરજ સમજીને એ સેનાપતિ ચિત્તવિક્ષેપ નામનો મંડપ તૈયાર કરે છે, તૃષ્ણા નામની વેદિકા બનાવે છે અને વિપર્યાસ નામનું સિંહાસન તેનાપર ગોઠવે છે. આવી જાતની ગોઠવણ કરીને તે બાહ્ય લોક પ્રત્યે શું પરિણામ નીપજાવી શકે છે તે ભાઇ પ્રકર્ષ! હું તને જણાવું છું તે તારા ધ્યાનમાં બરાબર રાખજે.

સેનાપતિ મંડપાદિની રચના કરે છે.

### મંડપ રચનાનું રહસ્ય.
### વેદિકાપરના ભાવો.
### સિંહાસનનો ઊંડો આશય.

"“આ બાપડો પ્રાણી એક ગાંડા કે પીધેલા માણસની પેઠે "અથવા ભૂતથી વળગાડ લાગેલા માણસના પેઠે ધર્મપણાની બુદ્ધિએ "ત્યાં આંટા માર્યા કરે છે અને અહીં તહીં એ રચનાને લઇને "ગભરાયા કરે છે. એવું અત્યંત વિચિત્ર પરિણામ તે કેવી રીતે "ઉત્પન્ન કરે છે તે તું સમજી લે: પ્રાણી પોતે ધર્મ કરે છે "એમ માનીને ધર્મબુદ્ધિથી ભૈરવજવ[1] ખાય છે, [2]મહાપંથને રસ્તે "જાય છે, માહ માસમાં પાણીમાં અવગાહન કરીને ટાઢથી મરી "જાય છે,[3] પંચાગ્નિ[4] તપ કરી આતાપના લેવાને "નિમિત્તે વગર કારણે અગ્નિથી બળ્યા કરે છે, ગાય "પીપળા આદિને વંદન કરવા વિગેરેમાં નકામાં

ચિત્તવિક્ષેપમંડપ.

---

૧ ભૈરવજવ માટે જુઓ પૃ. ૭૫૫ ઉપરની નોટ. તીર્થાંતર નિપાતન એ ભૈરવજવ છે.

૨ હિમાલયની ઉત્તર દિશામાં સ્વર્ગમાં ચઢવાનો રસ્તો.

૩ આ સર્વ અજ્ઞાનકષ્ટો (શારીરિક) હઠયોગના માર્ગો છે. જૂદા જૂદા આકારમાં તે હજુ પણ ઘણા ખરા પ્રચલિત જણાય છે.

૪ ચાર બાજુ સખ્ત અગ્નિ અને માથે સૂર્યની સખ્ત ગરમી લેવી એને પંચાગ્નિ આતાપના કહેવામાં આવે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" માથાં પછાડ્યાં કરે છે,[1] કુમારી કન્યા અને બ્રાહ્મણને ( અપાત્રને ) " મોટી રકમનું દાન આપીને નકામો નિરધની થઇ જાય છે, પો- " તાને શ્રદ્ધાવાળો અને પાપથી પવિત્ર થયેલો માની અનેક પ્રકારના " દુઃખો સહન કરે છે, માની લીધેલાં તીર્થોની યાત્રા કરવાની ઇચ્છાથી " પોતાનાં ઘર, ધન અને બંધુવર્ગને છોડી દઇને અનેક દુઃખો સહન " કરતો પરદેશમાં જ્યાં ત્યાં રખડ્યા કરે છે, પોતાના મરણ પામેલા[2] " પિત્રીઓને તર્પણ કરવાના ઇરાદાથી અથવા દેવનું આરાધન કર- " વાના હેતુથી પ્રાણીઓની હિંસા કરે છે ( પશુનો યજ્ઞ કરે છે ) અને " આવી અનેક બાબતોમાં પૈસાનો વ્યય કરે છે, ત્યાર પછી ભક્તિ- " રસમાં પોતાના મનને લીન કરી દઇને જે પ્રાણીઓ[3] તપાવેલા " લોઢાના ગોળા સમાન હોય છે તેઓને માંસ ખવરાવીને, દારૂ " પાઇને, ધન આપીને અને ખાવાની વસ્તુઓ અર્પણ કરીને રાજી " કરવા મથે છે અને એવાં એવાં બીજાં કામો ધર્મબુદ્ધિથી લેવાઇ " જઇને કરે છે, મનમાં માને છે કે પોતે સાચો ધર્મ કરે છે અને " એ રીતે વિવેકી સમજુ પ્રાણીઓના હસવાને પાત્ર પોતે બને છે " અને તેની બુદ્ધિ ધર્મના ખોટા ખ્યાલથી એવી બહેર મારી જાય " છે કે એવાં કામોમાં કેટલા પ્રાણીઓનો નકામો નાશ થાય છે, " પોતાનું ભવિષ્ય કેટલું બગડતું જાય છે, પોતે કેટલો હસવા પાત્ર " થતો જાય છે અને પૈસાનો કેટલો ખોટો વ્યય કરે છે તે બાબત " તેના લક્ષ્યમાં જરા પણ રહેતી નથી. તત્ત્વમાર્ગથી [illegible] વળી " ગયેલા લોકો આવી રીતે પોતાના રાગદ્વેષથી ઉત્પન્ન થ[illegible] " વિશુદ્ધિ કરવા માટે અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે અને [illegible] " ધર્મનો સાચો ઉપાય નહિ જાણતા હોવાથી અનેક જીવોનુ મર્દન " કરે છે અને હાથીના બચ્ચાને ન મેળવતાં તેને બદલે ગધેડાને " બાંધે છે.[4] આખરે 'તારા તલ યજ્ઞમાં નાખ્યા, અગ્નિમાં તારી ખીર " બાળી'–એવું એવું કહીને ધુતારાઓ પારકું ધન ઉડાવતા રહે છે " અને આવા મૂર્ખ માણસો તેને અનુસરતા રહે છે.[5] વળી તે વખતે

૧ ગાય, પીપળાને વાંદીને ( પગે લાગીને ) પોતાનું માથું નકામું ફોડે છે– અથડાવે છે.

૨ અહીં શ્રાદ્ધસંબંધી સૂચવન છે.

૩ આ દેવીભક્તોને સૂચવે છે.

૪ હાથીને બદલે ગધેડો વહોરે છે, 'આદમજી ગયા ને ગધેડો વસાવી આવ્યા' એને મળતી આ કહેવત છે.

૫ તલનો હોમ કરી યજમાનને જણાવ્યું કે તારાં પાપ બળી ગયાં; આમ કરી લોકોના પૈસા ઉડાવે છે અને લોકોના મનમાં ખોટા ભાવ ઉત્પન્ન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કોઇ સાચા સરળ માર્ગનો ઉપદેશ આપનાર માણસ એ પ્રાણી પાસે "પોકાર કરતો હોય છે, વારંવાર મોટેથી ઉપદેશ આપતો હોય છે "તો તેની આ ભાઇશ્રી જરા પણ દરકાર કરતા નથી અને ઉલટા "એવા ઉપદેશ આપનારને મૂર્ખમાં ગણી કાઢે છે. મિથ્યાદર્શન નામના "સેનાપતિએ જે ચિત્તવિક્ષેપ મંડપ બનાવ્યો છે તેનું આવા પ્રકારનું "વર્તન થાય છે-આવું પરિણામ થાય છે એમ ભાઇ પ્રકર્ષ! તારે "સમજી લેવું.[1]

તૃષ્ણાવેદિકા.

" "ભાઇ પ્રકર્ષ! આ પ્રાણીને કામભોગના વિષય તરફ જે લંપટ- "પણું હોય છે તેને તે મરતાં છતાં પણ મૂકતો "નથી અને તેની ખાતર અનેક પ્રકારની વિડંબનાઓ "સહન કરે છે એ સુપ્રસિદ્ધ હકીકત છે તેનો ખુ- "લાસો તને સમજાવું છું: દાખલા તરીકે અવલોકન કરવાથી તને "જણાશે કે પ્રાણી અપ્સરાને મેળવવાને માટે નંદા (ગૌરી-પાર્વતી)ના "કુંડમાં પ્રવેશ કરે છે,[2] તે જ ભવના પતિને ફરીવાર મળવા "માટે તેની સાથે અગ્નિમાં બળી આત્મઘાત કરે છે,[3] સ્વર્ગ પ્રાપ્ત "કરવાની ઇચ્છાથી, પૈસા પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કે પુત્ર કે સ્ત્રી "મેળવવાની ઇચ્છાથી [4]અગ્નિહોત્ર યજ્ઞ અને તેવી જ જાતનાં બીજાં "અનુષ્ઠાનો કરે છે, દાન આપે છે અને મનમાં ઇચ્છા કરે છે કે પોતે "મરણ પામે ત્યારે તે દાનના બદલામાં અમુક વસ્તુ પોતાને મળે, "પરંતુ એવાં અનુષ્ઠાનોના બદલામાં કલેશથી રહિત મોક્ષલક્ષણ "ફળની ઇચ્છા રાખતો નથી અને પામતો પણ નથી, જે કાંઇ કર્માનુ- "ષ્ઠાન કરે છે તે પોતાને પરલોકમાં અર્થ અથવા વિષયભોગની "પ્રાપ્તિ માટે થાય એવા નિયાણાથી[5] કરે છે તેથી તે સર્વ દોષવાળું

---

૧ મતલબ ચિત્તમાં આવા આવા પ્રકારના વિક્ષેપો થાય છે તેનું અત્ર દિગ્-દર્શન કરાવ્યું.

૨ આ **નંદાકુંડ**માં મૂળ અર્થ ( classical allusion ) શું છે તે ધ્યાનમાં નથી, આશય તો સ્પષ્ટ છે.

૩ સતી થવાના રીવાજપર આ ઉલ્લેખ છે.

૪ દરરોજ ઘરમાં પંચયજ્ઞ અમુક ઇચ્છાથી કરવામાં આવે છે તે પર આ ઉલ્લેખ છે.

૫ **નિયાણું:** હું જે આ ધર્મકાર્ય કરૂં છું તેનું મને અમુક ફળ મળે એવી ઇચ્છા. આ નિયાણું (claiming the reward of penitential acts )નો જૈનશાસ્ત્ર-કારો સર્વથા નિષેધ કરે છે. તીર્થંકરની માનતા કરવી એ પણ લોકોત્તર મિથ્યાત્વ જ છે. કેશરીઆજી કે મલ્લિનાથની માનતા માનનારે આ તૃષ્ણાવેદિકા વિચારવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"જ થાય છે-આવું જે બને છે તે સર્વેનું કારણ તૃષ્ણાવેદિકા સમ-
"જવી અને વેદિકાને બનાવનાર અને સંચલન કરનાર પેલો મિથ્યા-
"દર્શન વજીર છે એમ સમજવું.

"વળી ભાઇ પ્રકર્ષ! આ પ્રાણીને મોક્ષમાં જવાનું મન હોય છે "છતાં રસ્તાઓ તેથી તદ્દન જ ઉલટા લે છે અને "જાણે દિગ્મૂઢ થઇ ગયેલા જેવો તે દેખાય છે. "દાખલા તરીકેઃ સર્વજ્ઞ અને સર્વદર્શી દેવ શ્રી "જિનેશ્વર ભગવાનની એ મૂર્ખ નિંદા કરે છે જ્યારે કોઇ પણ પ્રકા-"રના પ્રમાણની વિચારણા, તુલના કે સમજણ વગર વેદને પ્રમાણ "માને છે; અહિંસાલક્ષણ વિશુદ્ધ (જૈન) ધર્મને દોષ આપે છે, "ખરાબ કહે છે જ્યારે પશુના નાશથી ભરપૂર યજ્ઞયાગવાળા ધર્મને "વધારે વિખ્યાતિ આપે છે અને સારો કહે છે; અસત્ય તત્ત્વની "પીડામાં પડી જઇને જીવ અજીવ[1] વિગેરે શુદ્ધ સત્ય તત્ત્વોને છુપાવે "છે, નિંદે છે, ખોટા કહે છે જ્યારે તેને બદલે પંચભૂત[2] (પૃથ્વી, "પાણી, તેજ, વાયુ અને આકાશ) રૂપ તત્ત્વનું સ્થાપન કરે છે "અથવા [3]શૂન્યવાદની સ્થાપના કરે છે, તેના વખાણ કરે છે અને "તેને સત્ય કહે છે; શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્રના ઉપાસક વિશુદ્ધ પાત્રની "એ પ્રાણી નિંદા કરે છે અને સર્વ પ્રકારના આરંભમાં જે પડી "રહેલા હોય છે તેને પાત્ર માનીને એ ભાઇશ્રી રાજીખુશીથી સારી "પેઠે દાન આપે છે; એ તપ, ક્ષમા અને અનિચ્છાને નબળાઇ ગણી "દોષરૂપ માને છે જ્યારે લુચ્ચાઇ, ખરાબ ચેષ્ટા અને રંડીબાજીને "ગુણ માને છે; સાચા જ્ઞાનનો વિશુદ્ધ માર્ગ હોય છે તેને તે ધુતારા-"ઓએ ચલાવેલો ખરાબ માર્ગ ગણે છે જ્યારે [4]તાંત્રિક જેવા શાક્ત "મતોને તે મોક્ષ જવાનું સાધન માને છે; ગૃહસ્થાશ્રમના ધર્મને તે "ખાસ કરીને મોટું માન આપે છે અને તેને અતુલ્ય કહી વર્ણવે છે "જ્યારે સર્વ પ્રકારના રાગદ્વેષાદિ વિપરીત ભાવોના ઉચ્છેદ કરનાર "યતિધર્મ (સાધુઓનો ધર્મ-સંન્યસ્તાશ્રમ)ને તે નિંદી કાઢે છે-આવી "રીતે એ મિથ્યાદર્શને તૈયાર કરેલ **વિપર્યાસ** નામનું સિંહાસન પો-"તાનો ભાવ બરાબર ભજવે છે એમ ભાઇ પ્રકર્ષ! તારે સમજવું.

વિપર્યાસસિંહાસન

---

૧ જૈન મત પ્રમાણે જીવાજીવાદિ સાત અથવા નવ તત્ત્વ છે.

૨ પંચભૂતાત્મક જગત્ એ જૈમિની સિદ્ધાંત છે.

૩ શૂન્યવાદ બૌધનો છે.

૪ કૌલ માર્ગ, શક્તિના ઉપાસકો, માર્ગી પંથના. સર્વ સ્ત્રીઓમાં સ્વપરનો ભેદ નહિ માનનારા, દારૂ પીનારા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાદર્શન મહિમા.

" "[1]વળી એ મિથ્યાદર્શનને લીધે લોકો અજ્ઞાનને વશ પડી જઇ "બીજાં જે જે કામો કરે છે તે તને કહી સંભળાવું "તે જરા ધ્યાન રાખીને સાંભળ: જેઓ તદ્દન "ઘરડાખખ થઇ ગયા હોય, જેમના તરફ જોઇને "યુવાન સ્ત્રીઓ મશ્કરી કરતી હોય, જેમનાં શરીર-"પર [2]વળીઆં, પળીઆં, માથામાં તાલ અને અંગપર ચાઠાંઓ સ્પષ્ટ "દેખાઇ આવતાં હોય તેવાઓને પણ કામવિકાર ભોગવવાનો એવો "રસ લાગેલો હોય છે કે તેઓ ઘડપણની વાતથી પણ શરમાય "છે, કોઇ તેમને તેઓનો જન્મ ક્યારે થયો એવો સવાલ પૂછે "તો જાણે પોતે હજુ તો તદ્દન જુવાન જ છે એવો નજીકનો "વખત બતાવે છે, અનેક પ્રકારની વસ્તુઓનો યોગ એકઠો કરીને "પોતાના વાળ ઉપર કાળાશ લાવવાને માટે કલપ લગાવે છે "અને જાણે અંધકારથી પોતાના હૃદયને કાળપ લગાડતા હોય તેમ "તેને [3]કાળા કરે છે, શરીરપર વારંવાર જૂદા જૂદા પ્રકારનાં "તેલો લગાવીને સુંવાળપ લાવવા પ્રયત્ન કરે છે, તેમ જ ગાલપ-"રની શિથિળતા યત્નપૂર્વક છૂપાવે છે (એટલે ગાલપર લાલી હજુ "પણ રહી છે એમ બતાવવા માટે તેને પણ રંગ લગાડે છે), ઘરડા "હોવા છતાં જુવાન હોય તેવી ચાલ ચાલવાનો ડોળ કરે છે–જુવાની "ટકાવી રાખવા માટે અનેક પ્રકારની દવાઓ અને રસાયણો ખાય "છે, પોતાનું મુખડું કાચમાં વારંવાર જોયા કરે છે, પોતાની શરીરની "છાયાને પાણીમાં જોયા કરે છે, શરીરની શોભા કરવા સારૂ તેનાં "સાધનો મેળવવા અને લગાડવામાં અનેક પ્રકારની ઉપાધિઓ ખુશીથી "સહન કરે છે, સુંદર લલનાઓ તેને બાપા બાપા કે તાત તાત[4] "કહીને બોલાવે ત્યારે જો કે પોતે તેના દાદા થવાને યોગ્ય હોય તો "પણ તેઓના તરફ કામવિકારની નજરથી જુએ છે અને લપટાવા "વલખા મારે છે, પોતે બીજાઓને હુકમ અને પ્રેરણા કરે તેવા "સારા સંયોગોમાં હોવા છતાં જાતે જ મશ્કરી ઠઠ્ઠા અને ટોળ ટચકાં

---

૧ આ પણ વિપર્યાસજન્ય પરિણામો છે.

૨ ઘડપણનાં ચિહ્નો.

૩ ઘરડા ન દેખાવા કાળો રંગ (કલપ) વાળને લગાડવાનો રીવાજ જાણીતો છે.

૪ **તાત** શબ્દ પ્રેમ અને કાંઇક વડીલપણાનો ભાવ બતાવે છે. આ ભાઇશ્રી એવા સંબોધનની દરકાર ન કરતાં પોતાને તાત કહેનાર લલનાને પણ ફસાવે છે અથવા ફસાવવા યત્ન કરે છે. આવું કાર્ય સર્વ પ્રકારે નિંદ્ય ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કરીને લોકોની મશ્કરીને પાત્ર થાય છે-આવી રીતે ઘડપણથી જર્જર
"થયેલા શરીર ઉપર આટલી આટલી વિડંબના એ સેનાપતિ કરે છે
"તો પછી ગદ્ધાપચીશીવાળી જુવાનીમાં તો તે શા શા હાલ કરતો
"હશે તે તારે જ વિચારી લેવું. આવી રીતે જે શરીર શ્લેષ્મ (લીંટ),
"આંતરડાં ચરબી અને કચરાથી ભરપૂર છે તેમાં અત્યંત આસક્ત
"રહીને બાપડા જીવે ત્યાં સુધી અનેક પ્રકારના ખેદ પામ્યા કરે
"છે અને એવી રીતે શરમ વગરના થઇને અને ધર્મનાં સાધનો
"છોડી દઇને અનંત ભવોમાં દુર્લભ મનુષ્યનો ભવ તદ્દન વ્યર્થ
"બનાવી દે છે, ભવિષ્યમાં શું થવાનું છે તે સંબંધી અવલોકન
"કરતા નથી, દેહતત્ત્વને પીછાનતા નથી, શરીરતત્ત્વ અને આત્મ-
"તત્ત્વનો ભેદ જાણી શકતા નથી અને માત્ર ખાવા, પીવા, ઉંઘવા
"અને કામભોગ સેવવાની પીડામાં જ પશુવત્ જીવન વહન કરે
"છે. આવા પ્રાણીઓ અપાર સંસારસમુદ્રમાં પડી તળીએ જતાં
"હોય તેઓને ઉપર લાવવાનો ઉપાય શો? અનેક્યાંથી હોઇ શકે?
"કેમકે તેમાંથી બચાવનાર ઉત્તમ ધાર્મિક આચારોનો તેમણે બીલકુલ
"વિનાશ કરી નાંખ્યો હોય છે. ભાઇ પ્રકર્ષ! મિથ્યાદર્શને બનાવેલ
"વિપર્યાસ સિંહાસન આ રૂપમાં પણ દુનિયામાં દેખાવ દે છે તે
"તારે ધ્યાનમાં રાખવું. ભાઇ! તને કેટલી વાત કહું! જે નિયમોમાં
"શાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહેલું હોય છે અને જે સર્વ બાબતમાં
"સારભૂત હોય છે તે નિયમોમાં પણ આ વિષયપરવશતાના પાસમાં
"પડેલો જડ પ્રાણી દુઃખ માને છે એટલે એવા નિયમોથી પોતાને
"દુઃખ થશે એમ ધારી લે છે, જ્યારે જે વિષયભોગો અત્યંત તુચ્છ
"હોય છે, દુઃખથી ભરપૂર હોય છે અને થોડા વખતમાં ચાલી
"જનારા હોય છે તેમાં પરવશતાથી તે સુખ માને છે એટલે તે
"ભોગોથી પોતાને સુખ થશે એમ તે ધારી લે છે. એટલા માટે એ
"મિથ્યાદર્શન નામનો સેનાપતિ જે આ દુનિયામાં પ્રખ્યાત છે તે
"બાહ્ય જનોને આવા અનેક પ્રકારના અનર્થો ઉપજાવે છે. આવી
"રીતે ભાઇ પ્રકર્ષ! મિથ્યાદર્શન સેનાપતિના સંબંધમાં જાણવાજોગ
"હકીકત તને ટુંકામાં કહી સંભળાવી."

## કુદૃષ્ટિ.

મામાને આ પ્રમાણે વિવેચન કરતાં સાંભળી રહ્યા પછી નિર્મળ-આત્મા ભાણેજ પ્રકર્ષ અતિ પ્રસન્ન થયો અને પોતાનો જમણો હાથ ઊંચો કરી મામાને કહ્યું "મામા! મામા! તમે એ વિસ્તારપૂર્વક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શાવ્યું તે તો બહુ સારૂં કર્યું. હવે પણ આ સેનાપતિના અડધા આસનપર એક સુંદર સ્ત્રી બેઠી છે તે કોણ છે તે સમજાવો."

મામા વિમર્શે કહ્યું "ભાઇ! પોતાના પતિ જેટલા જ સાહસ કરનારી અને તેના જેવું જ ફળ આપનારી એ મિથ્યાદર્શન સેનાપતિની સ્ત્રી (ભાર્યા) કુદૃષ્ટિના નામથી સારી રીતે પ્રસિદ્ધ થયેલી છે. બહિરંગ લોકમાં જે પાખંડીઓ ખોટા માર્ગ ચલાવનારા કેટલાક જોવામાં આવે છે તે સર્વેનું કારણ પણ એ મિથ્યાદર્શનની સ્ત્રી કુદૃષ્ટિ છે. એ પાખંડીઓનાં નામો હું અહીં તારી પાસે વર્ણવું છું. તેઓના દેવ વિગેરે જૂદા જૂદા પ્રકારના હોવાથી એક બીજાથી તેઓ જૂદા પડે છે એમ તારે સમજી લેવું. તેઓનાં નામો નીચે પ્રમાણે છે.[1]

" શાક્ય, ત્રિદંડીઆ, શૈવ, [2]ગૌતમ, ચરક, સામાનિક, સામપરા, વેદધર્મીઓ, ધાર્મિકો, આજીવિકમતવાળા[3], શુદ્ધો, વિદ્યુદ્દન્ત, ચુંચુણ, માહેંદ્રો, ચારિકો, ધૂમો, બદ્ધવેશી, ખુંખુકો, ઉલ્કા, પાશુપત મતવાળા[4], કણાદમતવાળા[5] ચર્મખંડવાળાઓ, સયોગીઓ, ઉલૂકો[6], ગોદેહ,

---

1 આ મતોમાંના કોઇ કોઇપર નોટ આપી છે, દરેકપર વિસ્તારથી નોટ આપવા માટે શોધ ચાલે છે. આ વિભાગનું પરિશિષ્ટ આ પ્રસ્તાવને અન્તે જોવું. પરિશિષ્ટ નં. ૧.

2 **ગૌતમ દર્શન:** એ ન્યાય દર્શનનું બીજું નામ છે. એ દર્શન સોળ પદાર્થને માને છે, એમાં અનુમાનથી ઇશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં આવે છે, દેહમાં આત્મબુદ્ધિ થવાથી રાગદ્વેષરૂપ મોહનો આવિર્ભાવ થાય છે, એથી પાપની કે પુણ્યની પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિથી ધર્માધર્મ ઉત્પન્ન થાય છે, પ્રવૃત્તિ ત્યાજ્ય ગણતાં તેનું મૂળ અજ્ઞાન સમજાય છે અને તેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરતાં મિથ્યાજ્ઞાન, દોષ, પ્રવૃત્તિ, જન્મ અને દુઃખનો અનુક્રમે નાશ થાય છે. ઇશ્વરપ્રસાદને આ દર્શન આવશ્યક માને છે. ( સ. દ. સં. )

3 આ મત ગોશાળકનો હતો. જુઓ કલ્પસૂત્ર.

4 **પાશુપત:** આ મતના સ્થાપનાર નકુલીશ છે. આ મતને અને યોગને નિકટનો સંબંધ જણાય છે. કાનફટા યોગીઓ આ મતના છે. મત્સ્યેન્દ્રનાથ આ મતના આચાર્ય હતા. એનું વિસ્તારથી વર્ણન સર્વદર્શનસંગ્રહ ગ્રન્થમાં છે. હઠયોગ આ મતનો ખાસ વિષય છે.

5 **કણાદમતવાળા:** આ મત વૈશેષિક દર્શનના નામથી પ્રસિદ્ધ છે. એના સ્થાપક કણાદ હતા. એ મતવાળા 'વિશેષ'ને પદાર્થ માનતા હોવાથી તેનું નામ વૈશેષિક દર્શન કહેવાય છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એ સાત પદાર્થને માને છે. તત્વજ્ઞાન એટલે પદાર્થવિવેક પ્રાપ્ય હોવાથી તેના સંબંધમાં શાસ્ત્રવ્યવસ્થા કરવામાં આવે છે. આત્યંતિકી દુઃખનિવૃત્તિને અત્ર મોક્ષ માનવામાં આવે છે. ( સ. દ. સં. )

6 **ઉલૂક** એ વૈશેષિક દર્શનનું જ નામ છે. જુઓ ઉપરની નોટ. એ મતનું નામ ઔલૂક્ય પણ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યજ્ઞતાપસો, ઘોષપાશુપતો, કંદછેદો, દિગંબરો, કામર્દકો, કાળમુખો, પાણિલેહો, ત્રિરાશીઆ, કાપાલિક મતવાળા, ક્રિયાવાદીઓ, ગોવ્રતો, મૃગચારીઓ. લોકાયતમતવાળા, શંખ ધમનારા, સિદ્ધવાદીઓ, કુલંતપો, તાપસો. ગિરિરોહીઓ, શુચિઓ, રાજપિંડવાળાઓ, સંસારમોચકો, સર્વાવસ્થો. અજ્ઞાનવાદીઓ, શ્વેતભિક્ષુઓ, કુમારવ્રતીઓ, શરીરશત્રુઓ, ઉક્તંદો, ચક્રવાળો, ત્રપુઓ, હસ્તિતાપસો, ચિત્તદેવો, બિલવાસીઓ, મૈથુનચારીઓ, અંબરો, અસિધારીઓ, માઠરપુત્રો, ચંદ્રોદ્ગમિકો, ઉદકમૃત્તિકો, એક એક થાળીવાળા, મંખલોકો, પક્ષાપક્ષ મતવાળાઓ, ગજધ્વજો, ઉલૂકપક્ષીઓ, માતૃ(દેવી)ભક્તો અને કંટકમર્દકો વિગેરે વિગેરે. ભાઇ પ્રકર્ષ! તને કેટલાનાં નામો ગણાવવાં? એ સર્વ જૂદા જૂદા પ્રકારના અભિપ્રાયો ધારણ કરનારા હોવાથી જૂદાં જૂદાં નામ ધારણ કરનારા પાખંડીઓ સમજવા. [1]તેઓ (૧) દેવતત્ત્વમાં ભેદ હોવાથી (૨) વાદ-કારણતત્ત્વની માન્યતાને અંગે ભિન્નતા હોવાથી (૩) તેમના ઉપદેશકોના વેશ જૂદા જૂદા હોવાથી (૪) ખપતી ન ખપતી વસ્તુઓના વિવેકમાં-કલ્પનામાં ફેરફાર હોવાથી (૫) મોક્ષનો વિચાર જૂદા જૂદા પ્રકારનો હોવાથી (૬) વિશુદ્ધિ કોનું નામ કહેવાય તેનો ખ્યાલ જૂદો હોવાથી તેમજ (૭) ખાવાપીવાની રીતભાતમાં ફેરફાર હોવાથી તેઓ એક બીજાથી જૂદા પડે છે તે આ રીતેઃ

દેવ. (૧) ઉપરના મતમતાંતરોવાળા કોઇ રૂદ્ર (શિવ)ને દેવ માને છે, કોઇ ઇંદ્રને દેવ માને છે, કોઇ ચંદ્રની પૂજા કરે છે, કોઇ નાગને દેવ માને છે, કોઇ બુદ્ધ ભગવાનને સેવે છે, કોઇ વિષ્ણુની મહત્તા માને છે, કોઇ ગણેશની આસેવના કરે છે અને એવી એવી રીતે જેના મનમાં જેમ આવ્યું તેમ પોતાના મત પ્રમાણે જૂદા જૂદા ઇષ્ટ દેવોને દેવ માની લઇને તેની સેવાપૂજા કરે છે અને તેથી કરીને એક બીજાથી તેઓ જૂદા પડે છે.

વાદ. (૨) એ મતોમાં અનેક પ્રકારના વાદ હોય છે અને તેથી પણ તે મતો એક બીજાથી જૂદા પડે છે. કોઇ ઇશ્વરને કર્ત્તા માને છે અને તેના વગર આ સૃષ્ટિ અશક્ય માને છે, કોઇ તેની જરૂરીઆત નકામી માને છે અને ભાવીભાવને મુખ્ય કરે છે, કોઇ કર્મવાદી થઇ જઇ કર્મપર આ સૃષ્ટિનો

૧ દર્શનકારોનો ભેદ સાત કારણોમાંથી એક અથવા વધારે કારણોને લઇને પડે છે. આ પ્રથક્કરણ ઘણું સુંદર છે. મેં તેનું ભાષાન્તર ઘણી છૂટથી કર્યું છે. સાત ભેદકારણનાં નામો આ પ્રમાણેઃ દેવ, વાદ, વેશ, કલ્પ, મોક્ષ, વિશુદ્ધિ, વૃત્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિકાસ કલ્પે છે, કોઇ વસ્તુસ્વભાવ જ એવા પ્રકારનો છે એમ જણાવી [1]સ્વભાવવાદને પ્રાધાન્ય આપે છે, કોઇ દ્રવ્યને મુખ્યતા આપી જે કાળે જે થવાનું હોય તે તે જ કાળે થાય છે એમ કહે છે; જેમકે જે વૃક્ષોને જે ઋતુમાં પુષ્પ ફળ વિગેરે આવવાનાં હોય તે તે જ ઋતુ આવ્યેથી આવી શકે છે, અન્ય ઋતુમાં નહીં; આવી રીતે દરેક વસ્તુઓના સંબંધમાં કાળ કાર્ય બજાવે છે, માટે કાળ જ કર્તા છે. આવા આવા જૂદા જૂદા વાદથી ધર્મનો ભેદ પડે છે અને નવા નવા મતો નીકળે છે.

(૩) કેટલાક ત્રિદંડીનો વેશ ધારણ કરે છે, કોઇ હાથમાં કમંડલુ લે છે, કોઇ માથે મુંડન કરાવે છે, કોઇ વલ્કલ ધારણ કરે
વેશ. છે, કોઇ કપડામાં ભેદ પાડે છે-આવી રીતે વેશની ભિન્નતા દરેક મતમાં જોવામાં આવે છે અને તેથી વેશને લઇને પણ તેઓ સર્વે એક બીજાથી જૂદા પડે છે.

(૪) અમુક વસ્તુ ખાવી કે ન ખાવી, ખાવા યોગ્ય ગણાય કે નહિ એવી રીતે ભક્ષ્ય અભક્ષ્યનો વિષય દરેક તીર્થીઓનો જૂદો
કલ્પ. પડે છે, દરેક મતવાળા પોતાની બુદ્ધિમાં આવે તેમ ભક્ષ્યાભક્ષ્યનો ભેદ પાડે છે અને તે રીતે પણ એક બીજાથી જૂદા પડે છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

(૫) એ પાખંડી મતોમાં સુખદુઃખથી રહિત અને ઓલવાઇ ગયેલા દીવા જેવો મોક્ષ પણ દરેકનો જૂદા જૂદા પ્રકારનો હોય છે એટલે કોઇ મોક્ષને શૂન્ય રૂપ માને છે, કોઇ
મોક્ષ. નિર્વૃત્તિરૂપ પણ અભેદ સ્વરૂપે માને છે, કોઇ ઉપાધિત્યાગ રૂપે માને છે-જાણે સુખદુઃખ કાંઇ ન હોય અને દીવો ઓલવાઇ ગયો હોય એવા વિચિત્ર ખ્યાલથી મોક્ષનું લક્ષણ બાંધવામાં આવે છે, એમાં પણ એકતા જોવામાં આવતી નથી. આવી રીતે તે મતો એક બીજાથી મોક્ષના ખ્યાલમાં પણ જૂદા પડે છે.

(૬) પ્રાણી અમુક પાપ કરે તેની વિશુદ્ધિનો ખ્યાલ દરેક તીર્થવાળા નવી નવી રીતે કરે છે અને પ્રાયશ્ચિત્તાદિમાં બહુ
વિશુદ્ધિ. પ્રકારના ભેદ રાખે છે, જેમ જેના વિચારમાં આવે તેમ વિશુદ્ધિના માર્ગો બતાવે છે અને તેને અનુસરવાથી પ્રાણી

---

1 Laws of Nature.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે તેવા પાપથી મુક્ત થઇ જાય છે એમ જણાવે છે. આ વિશુદ્ધિના પ્રકારમાં પણ સર્વે તીર્થીઓ એક બીજાથી જૂદા પડે છે.

વૃત્તિ.

(૭) કેટલાક કન્દમૂળ ફળ વિગેરે જંગલમાં તૈયાર મળે તે ઉપર પોતાની વૃત્તિ કરી લે છે, કેટલાક અનાજ ખાઇને તેપર જ નિર્વાહ કરવાનો ઉપદેશ કરે છે, કેટલાક અમુક ખોરાકપર જ વૃત્તિ કરવાનું જણાવે છે. આવી રીતે દરેકની વૃત્તિનો ભેદ હોવાથી તે દ્વારા પણ દરેક તીર્થીઓ એક બીજાથી જૂદા પડે છે.

એ કુદૃષ્ટિની શક્તિથી શુદ્ધ ધર્મના બોધ વિનાના શુદ્ધ ધર્મમાર્ગથી બહાર રહેલા આ પ્રાણીઓ બાપડા ભવસમુદ્રમાં અહીં તહીં અફળાય છે, કુટાય છે, ધમાય છે. **तत्त्वमार्गमजानन्तो, विवदन्ते परस्परम् । स्वाग्रहं नैव मुञ्चन्ति, रुष्यन्ति हितभाषिणे ॥** તત્ત્વ માર્ગને તેઓ જાણતા નથી છતાં અરસ્પરસ નકામી ચર્ચા કર્યા કરે છે, વાદવિવાદ કર્યા કરે છે અને તત્ત્વનો પાર ન પામતાં ફોકટની તકરારો કરે છે. વળી પોતાના કરેલા નિર્ણયમાં એટલા બધા ચુસ્ત રહે છે કે લીધેલી બાબતનો આગ્રહ કોઇ રીતે મૂકતા નથી અને કોઇ તેઓના હિતની ખાતર સાચી વાત સમજાવે તો તેના ઉપર ઉલટા ગુસ્સે થાય છે, તેના ઉપર રોષ કરે છે અને તેનાપર ખીજાય છે. આવી રીતે ભાઇ પ્રકર્ષ! એ કુદૃષ્ટિ બાઇ જે મિથ્યાદર્શનની પ્રાણવલ્લભા છે તે બહિરંગ પ્રાણીઓ તરફ વર્તન કરે છે અને તેના એવા પ્રકારના કાર્ય માટે જ તે ત્રણ ભુવનમાં જાણીતી થયેલી છે, તેને એવા કામમાં જ આનંદ અને મોજમજા આવે છે અને તે જ તેના વિલાસનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૩ મું.

## રાગકેસરી—દ્વેષગજેન્દ્ર.

વિમર્શ મામાએ મોહરાજાના પરિવારનું વિસ્તારથી વર્ણન પોતાના ભાણેજ પ્રકર્ષ પાસે આગલા પ્રકરણમાં શરૂ કર્યું હતું, ત્યાં તેણે મોહરાજાની પત્ની, સેનાપતિ અને સેનાપતિની ભાર્યાનું વર્ણન અને તેનાં કાર્યો ગણાવ્યાં અને ખાસ કરીને મિથ્યાદર્શન સેનાપતિ (પ્રધાન)નું વિસ્તારથી વર્ણન કરી બતાવ્યું. હવે મોહરાયના પરિવારને અંગે તેના બે પુત્રોનો પરિચય ભાણેજને કરાવતાં મામાશ્રી જણાવે છે:—

જૈન સાઈટ JAINSITE .com ...નમ્ જયતિ શાસનમ્

### [1]રાગકેસરી.

“ભાઇ પ્રકર્ષ! પેલા વિપર્યાસ નામના ઊંચા સિંહાસન ઉપર બેઠેલ જણાય છે તે તારા જાણવામાં આવેલ સુપ્રસિદ્ધ **રાગકેસરી** છે. **મહામોહ** રાજાએ એને રાજ્યગાદી ઉપર સ્થાપન કરીને પોતાને માથેથી રાજ્યની ચિંતાનો ભાર ઓછો કર્યો છે અને તેથી પોતે નિવૃત્ત થયેલ હોય તેમ રહે છે. મહામોહ મહારાજાએ પોતાનું આખું રાજ્ય તેને સોંપી દીધું છે તો પણ વિનય કરવામાં કુશળ રાગકેસરી પિતાની સર્વ પ્રકારની વિવેક મર્યાદા ખાસ કરીને જાળવે છે, પિતાને સર્વ રીતે યોગ્ય માન આપે છે અને અગત્યની સર્વ બાબતોમાં તેમની સલાહ લે છે. વળી પિતા મહામોહ પણ સર્વની પાસે પોતાના રાગકેસરી કુમારના વખાણ કરે છે અને તે જ આ રાજ્યનો પ્રભુ છે એમ જાહેર રીતે ઘણીવાર કહે છે. આવી રીતે પુત્રનો વિનય અને પિતાની કદર

૧ **રાગકેસરી**નું વર્ણન શરૂઆતમાં **પ્રભાવના** હેવાલમાં પ્રસ્તાવ ૩-પ્રકરણ ૪ માં આવે છે. પછી **રાજસચિત્ત** નગરનું વર્ણન પૃ. ૭૯૦-૪ માં આવે છે ત્યાં તેને એ નગરના રાજા તરીકે વર્ણવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા વત્સલતા બન્નેને એક બીજા તરફ પૂર્ણ સ્નેહથી બંધાયલા રાખે છે. તેઓના આવા ગાઢ સંબંધને લઇને બન્ને જણા થઇને આખા જગતને વશ કરવાને શક્તિમાન્ થાય છે. જ્યાં સુધી એ રાગકેસરી રાજાનો પ્રતાપ દુનિયામાં તપે છે ત્યાં સુધી બહિરંગ લોકને [1]સુખની ગંધ પણ ક્યાંથી આવી શકે? કારણ કે એ રાજા સંસારમાં આવી રહેલ બાહ્ય પદાર્થો ઉપર બહિરંગ પ્રાણીઓમાં અતિશય પ્રીતિ ઉત્પન્ન કરે છે અને ક્લેશમય પુણ્ય (પાપાનુબંધી પુણ્ય)થી ઉત્પન્ન થયેલ, જાતે ક્લેશમય અને ભવિષ્યમાં ક્લેશને ઉત્પન્ન કરનાર ભાવો સાથે એ પ્રાણીને બરાબર મજબૂત સ્નેહબંધનમાં નાંખી દે છે.

## રાગકેસરીના ત્રણ મિત્રો.
### દૃષ્ટિરાગ-સ્નેહરાગ અને વિષયરાગ.

"વળી ભાઇ પ્રકર્ષ! પેલા રાતા વર્ણવાળા અને ઘણા સ્નિગ્ધ શરીરવાળા ત્રણ પુરૂષો રાગકેસરીની પાસે બેઠેલા જણાય છે તેમને રાગકેસરી મહારાજાએ પોતાની શક્તિથી પોતાના શરીરથી અભેદપણે પોતાના ખાસ દોસ્તદારો-મિત્રો બનાવી દીધેલા છે. એ ત્રણે પુરૂષો બરાબર નીહાળી નીહાળીને જોવા લાયક છે. તે કોણ કોણ છે તે હું તને કહું છું તે લક્ષ્યમાં રાખજે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**દૃષ્ટિરાગ.**

(૧) એ ત્રણમાં પ્રથમ **અતત્ત્વાભિનિવેશ**[2] શ્રેષ્ઠ મનુષ્ય છે તેને કેટલાક વિદ્વાન્ સાધુઓ [3]'દૃષ્ટિરાગ' એવું નામ પણ આપે છે. એ ભાઇશ્રી જૂદા જૂદા તીર્થ (મત) વાળાઓની પાસે પોતપોતાના દર્શનમાં અત્યંત આગ્રહ ઉત્પન્ન કરાવે છે અને તે જે આગ્રહ ઉત્પન્ન કરે છે તે સાધારણ રીતે એટલો સખ્ત હોય છે કે એકવાર થયા પછી તે છૂટવો ઘણો મુશ્કેલ પડે છે.

**સ્નેહરાગ.**

(૨) રાગકેસરી પાસે જે બીજો પુરૂષ દેખાય છે તેનું નામ **ભવપાત** છે અને તેને કેટલાક વિદ્વાન આચાર્યો 'સ્નેહરાગ'નું નામ પણ

૧ આ સત્ય આત્મિક સુખ સમજવું.

૨ **અતત્ત્વાભિનિવેશઃ** જે વસ્તુ તત્ત્વ ન હોય તેને તત્ત્વ તરીકે માની તે બાબતનો ખોટો આગ્રહ રાખવો તેને અભિનિવેશ મિથ્યાત્વ કહેવામાં આવે છે.

૩ **દૃષ્ટિરાગ**-એટલે દર્શનનો રાગ, મિથ્યાદર્શનપર ઘણો આગ્રહ. કેટલાક લોકો ઓળખાણવાળા તરફ પક્ષપાતને દૃષ્ટિરાગ કહે છે તે ખોટું છે-એ **સ્નેહરાગ છે.** દૃષ્ટિરાગનો વિષય દર્શન-મતો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપે છે. એ મહાપુરૂષ ધન ઉપર, સ્ત્રી ઉપર, પુત્રપુત્રી ઉપર, સગા સંબંધીઓ ઉપર, પરિવાર ઉપર અને અન્ય વસ્તુઓ ઉપર અત્યંત રાગ અને અતિશય મૂર્છા ઉત્પન્ન કરે છે અને મનને તેની સાથે ગાઢ બંધાયલું રાખે છે.

વિષય રાગ.

(૩) ત્યાર પછી જે ત્રીજો પુરૂષ એ રાજાની પાસે બેઠેલ છે તે [1]'અભિષ્વંગ નામનો છે અને તેનું નામ કેટલાક વિદ્વાન્ આચાર્યો [2]'વિષયરાગ' પણ આપે છે. એ ભાઇશ્રી આ લોકમાં અનેક પ્રકારની ઉદ્દામ લીલાઓપૂર્વક ભ્રમણ કરતો શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શના વિષયોમાં પ્રાણીઓને લોલતા ઉત્પન્ન કરે છે.

એ ત્રણે મિત્રોની શક્તિથી રાગકેસરી રાજાએ આ આખા જગતને જીતી લીધું છે એમ હું તો માનું છું. એ રાગકેસરી રાજાએ પોતાની શક્તિથી આખા રાજ્યભુવનને ( ત્રણ લોકને ) પોતાના પગતળે દાબી રાખ્યું છે અને તેનામાં એટલું બધું વીર્ય છે કે જેથી સન્માર્ગરૂપી મદોન્મત્ત હાથીઓના કુંભસ્થળ ભેદી નાખવાને પણ એ પૂરતી શક્તિ ધરાવે છે અને તેથી એણે પોતાના રાગકેસરી નામને સફળ કર્યું છે.

## રાગકેસરીની ભાર્યા-મૂઢતા.

"[3]વળી એ જ સિંહાસનપર તેની સાથે જે સ્ત્રી બેઠેલી જણાય છે તે રાગકેસરીની લોકપ્રસિદ્ધ ભાર્યા મૂઢતા છે એમ તારે જાણવું. જે જે ગુણો રાગકેસરીમાં છે તે સર્વ એ રાજપત્ની મૂઢતામાં પણ સારી રીતે આવીને વસેલા છે એમ તારે લક્ષ્યમાં રાખવું. શંકર જેમ પાર્વતીને પોતાના શરીરમાં અરધા અંગ તરીકે સાથે જ રાખે છે અને તેનું અને પાર્વતીનું શરીર એક જ ગણાય છે તેમ આ રાગકેસરી રાજા પોતાની મૂઢતા પત્નીને શરીરમાં જ રાખે છે. જેમ તેઓનું એક બીજાનું શરીર એક બીજામાં એકમેક થઇને રહેલ છે તેમ તેમના ગુણો પણ એક બીજાથી જરા પણ ભેદ પડ્યા વગર એક થઇને રહેલા છે.

* * *

## દ્વેષગજેંદ્ર.

"એ રાગકેસરી રાજાની ડાબી બાજુએ સિંહાસનપર બેઠેલ જે

---

૧ અભિષ્વંગઃ ભેટવું, વળગી પડવું તે.

૨ શાસ્ત્રમાં એ કામરાગના નામથી પણ ઓળખાય છે.

૩ અહીં જે. રો. એ. સોસાયટિવાળા મૂળ છાપેલ પુસ્તકનું પૃ. ૫૫૧ શરૂ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરૂષ દેખાય છે તે દ્વેષગજેંદ્ર નામનો પુરૂષ છે એને તું ઘણું કરીને પીછાને છે. એ દ્વેષગજેંદ્ર મહામોહ રાજાનો પુત્ર થાય છે અને રાગકેસરીનો ભાઇ થાય છે. એનામાં પણ એટલા બધા ગુણો છે કે તેના ઉપર પણ તેના પિતા મહામોહની ઘણી જ પ્રીતિ છે અને તે સપુતને જોઇને તેના પિતાની આંખ ઠરે છે અને મનમાં નિરાંત થાય છે; કારણ એમ છે કે જન્મથી તો એ દ્વેષગજેંદ્ર તેના ભાઇ રાજા રાગકેસરીથી નાનો છે છતાં તાકાતમાં-શક્તિમાં રાગકેસરીથી તે ઘણો વધારે છે અને તેને લોકોમાં તેવી જ રીતે ઓળખવામાં આવે છે અને તે હકીકત આવી રીતે બને છેઃ રાગકેસરીને જોઇને લોકોને જરા પણ બીક લાગતી નથી, જ્યારે આ દ્વેષગજેંદ્રને જોતાં જ તેઓ ભયથી થરથરી જાય છે; વળી જ્યાં સુધી એ ભાઇશ્રી દ્વેષગજેંદ્ર ચિત્ત-અટવીમાં ફરતા હોય છે ત્યાં સુધી બહારના લોકોને (બહિરંગ લોકોને) કોઇ જાતનું સુખ મળે એવી આશા રાખવી તદ્દન ફોકટ છે; જે લોકો એક બીજાના ખાસ મિત્ર હોય છે અને જેઓનું મન એક બીજા તરફના સ્નેહથી ભરેલું હોય છે તેઓનાં મનને પણ એ ભાઇશ્રી પોતાના જાતિસ્વભાવથી જૂદાં પાડી નાખે છે, બન્નેમાં આંતરો પડાવી દે છે અને દુશ્મનાવટ ઊભી કરે છે; જ્યારે જ્યારે એ ભાઇશ્રી ચિત્ત-અટવીમાં આવીને હીલચાલ કરે છે ત્યારે ત્યારે (બહિરંગ) પ્રાણીઓ ઘણા જ દુઃખી દુઃખી થઇ જાય છે, અને એવી રીતે દુઃખી થઇને જ પડ્યા રહે છે એટલું જ નહિ પણ વધારામાં તેઓને એક બીજા ઉપર એટલો સખ્ત તંત બંધાઇ જાય છે કે તેને લઇને વૈર બાંધીને મહા ભયંકર વેદનાવાળી નરકમાં જઇને પડે છે અને ત્યાં પણ પોતાનું વૈર ભૂલતા નથી. ખરેખર ભાઇ પ્રકર્ષ! એ દ્વેષગજેંદ્રનું જેવું આકરૂં નામ છે તેવો જ તે ભયંકર છે તેથી તેના નામ જેવા તેનામાં ગુણો છે એમ તારે સમજવું. જેમ ગંધહસ્તીની ગંધથી બીજા હાથીઓ નાસી જાય છે તેમ આ દ્વેષગંધહસ્તીની ગંધથી વિવેકરૂપ હાથીઓ દૂરથી જ પલાયન કરી જાય છે. તેની સ્ત્રી [1]અવિવેકિતા નામની છે તે હાલ અત્રે હાજર નથી, તેની વાત તો અગાઉ શોકે જણાવી હતી તે તારા ધ્યાનમાં હશે.”

---

૧ અવિવેકિતાનું પ્રથમ દર્શન ત્રીજા પ્રસ્તાવની શરૂઆતમાં વૈશ્વાનરની માતા તરીકે થાય છે. જુઓ પૃ. ૩૪૬. ત્યાર પછી શૈલરાજની માતા તરીકે આ પ્રસ્તાવમાં તેને પૃ. ૭૦૫ માં વર્ણવી છે. તામસચિત્ત પુરમાં મામા ભાણેજ જતા હતા ત્યારે અવિવેકિતા સંબંધી શોકે સર્વ વાત વિસ્તારથી કહી હતી-જુઓ પૃ. ૭૯૬-૯૮.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

# પ્રકરણ ૧૪ મું.

## મકરધ્વજ.

પ્રકર્ષપાસે ચિત્તવૃત્તિઅટવીના મંડપમાં સિંહાસનપર બેઠેલા મહામોહ મહારાજાના પરિવારનું વર્ણન મામા વિમર્શ કરી રહ્યા છે; અંગત પરિવાર વર્ણવાય છે તેનું વર્ણન સાંભળતાં પ્રકર્ષને બહુ આનંદ થયો, ઘણું જાણવા જેવું મળ્યું. તે વખતે મહામોહ મહારાજાની પછવાડે એક અદ્‌ભુત સ્વરૂપવાળા પુરૂષને જોતા પ્રકર્ષની જિજ્ઞાસા જાગી અને તેણે સવાલ કર્યો—

"મામા! એ મોટા સિંહાસનઉપર આ મહારાજ રાગકેસરીની બરાબર પછવાડે એક નાના રાજા જેવો બેઠેલો દેખાય છે, જેની સાથે ત્રણ માણસોનો પરિવાર છે, જેના શરીરનો રંગ લાલ છે, જેની આંખો ઘણી ચપળ છે, જેનામાં વિલાસના ચિહ્નો સ્પષ્ટ દેખાય છે, જેની પીઠ પર બાણ રાખવાનું ભાથું બાંધેલું જણાય છે, જેના હાથમાં ધનુષ્ય દેખાય છે, જેની પાસે પાંચ બાણો જોવામાં આવે છે, વિલાસ કરતી અને તેજ લાવણ્યથી ભરપૂર સુંદર સ્ત્રી ભ્રમણ કરતા ભમરાઓના ઝંકારથી પણ વધારે સુંદર ગીતથી જેને વિનોદ કરાવી રહી છે, એવો એ સ્ત્રીને આલિંગન કરવાની અને તેના મુખ ઉપર ચુંબન કરવાની લાલસાવાળો સુંદર આકૃતિ ધારણ કરનાર કયો રાજા છે? તે મને બરાબર સમજાવો."

### મકરધ્વજની ઓળખાણ.
### એનાં અદ્‌ભુત પરાક્રમ.

વિમર્શમામાએ જવાબ આપ્યો "ભાઇ પ્રકર્ષ! એ તો આ દુનિયામાં મોટું આશ્ચર્ય ઉત્પન્ન કરનાર ઘણો સુપ્રસિદ્ધ અને મહા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરૂષાર્થવાળો છે. એનું નામ મકરધ્વજ છે. એની જેવાં અદ્ભુત કામો કરનારને જો તેં આ દુનિયામાં બરાબર ઓળખ્યો નથી તો હજુ સુધી ભાઇ! તેં કાંઇ પણ જાણ્યું જ નથી એમ તારે સમજવું. એનાં કામો કેવાં કેવાં અદ્ભુત છે તે તું સાંભળ: જે આ દુનિયામાં મોટા પરમાત્મા અને દાદા કહેવાય છે તે બ્રહ્માની પાસે એણે (મકરધ્વજે) પાર્વતીના લગ્નપ્રસંગે બાળકની જેવા ચાળા કરાવ્યા;[1] એજ બ્રહ્માની પાસે જ્યારે અપ્સરાએ નાચ કરવા માંડ્યો ત્યારે તેનાં રૂપથી લલચાઇ જઇને બ્રહ્માને પાંચ મુખ કરવા પડ્યા એ પણ આ મકરધ્વજનાં કામ સમજવાં;[2] આ આખી દુનિયામાં વ્યાપી રહેનાર જે કેશવ (કૃષ્ણ)ના નામથી ઓળખાય છે તેને એ ભાઇશ્રીએ એવી કફોડી સ્થિતિમાં મૂક્યા કે એને ગોપીઓને પગે પડવું પડ્યું;[3] વળી એજ ભાઇએ મહેશ્વર (શિવ)ના પણ એવા હાલ કર્યા કે તેની વાત કરતાં પણ મન પાછું હઠી જાય એટલે કે એણે પાર્વતીના વિરહથી તેને હેરાન કરીને તેનું અરધું શરીર જ પાર્વતીને અપાવી દીધું;[4] વળી એજ શંકર જ્યારે નંદનવનમાં પોતાના મોટા લિંગને વિસ્તારી રહ્યા હતા તે વખતે આ મકરધ્વજે એને એવા બેહાલ કરી દીધા કે કામદેવની સ્ત્રી રતિને ક્ષોભ પમાડવાની લાલસામાં એની પાસે નાટક કરાવ્યું;[5] વળી એજ શંકરને વિષય સેવવામાં તૃષ્ણા ઉત્પન્ન કરાવીને એવા હાલ બેહાલ કરી દીધા કે એક હજાર વરસ સુધી તે વિષય સેવવામાં રહે એવું કરી દીધું[6]; એણે બીજા પણ અનેક દેવોને તેમજ દાનવોને અને અનેક મુનિઓને પોતાને વશ કરીને જાણે તે તેના ગુલામ હોય તેવા કરી દીધા છે. વળી જેની પાસે પોતાના મહાપરાક્રમથી પ્રાપ્ત કરેલા આ ત્રણ અનુચરો છે તેવા મકરધ્વજની આજ્ઞા લોપવાને આ ત્રણ લોકમાં કોણ શક્તિમાન્ છે?

## પુંવેદ–સ્ત્રીવેદ–પંઢવેદ.

"એમાંનો જે પહેલો પુરૂષ ત્યાં બેઠેલો જણાય છે તે ઘણી મોટી

---

૧ આના સંબંધમાં જુઓ આ પ્રતાવનું પરિશિષ્ટ ના. ૨. ત્યાં આ વાર્તા આધાર સાથે લખી છે, વિભાગ પ્રથમ (૧).

૨ જુઓ સદર–વિભાગ દ્વિતીય (૨).

૩ આ વાર્તા સંબંધમાં જુઓ સદર પરિશિષ્ટ–વિભાગ (૩).

૪ આ વાર્તા સંબંધમાં જુઓ સદર પરિશિષ્ટ–વિભાગ (૪).

૫ આ વાર્તા સંબંધમાં જુઓ સદર પરિશિષ્ટ–વિભાગ (૫).

૬ આ વાર્તા સંબંધમાં જુઓ સદર પરિશિષ્ટ–વિભાગ (૬).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્તિવાળો છે, પોતાની તાકાતથી જાણીતો થયેલો છે અને [1]પુંવેદના નામથી ઓળખાય છે. એના વીર્યથી બહારના પ્રદેશના (બહિરંગ) લોકો પરદારામાં આસક્ત થાય છે અને પોતાના કુટુંબને મોટું દૂષણ લગાડે છે.

"ત્યાર પછી બીજો જે પુરૂષ ત્યાં દેખાય છે અને જેનું ઘણું મોટું તેજ દેખાય છે તેમજ આખા ભુવનને જેણે ભ્રષ્ટ કર્યું છે તેને વિદ્વાન્ આચાર્યો સ્ત્રીવેદના નામથી ઓળખાવે છે; એ ભાઇશ્રીના પ્રતાપથી સ્ત્રીઓ સર્વ પ્રકારની લાજ શરમ છોડી દઇને અને પોતાના કુળની ઉત્તમ મર્યાદા મૂકી દઇને પરપુરૂષમાં આસક્ત થાય છે.

"ત્યાર પછી એ મકરધ્વજના પરિવારમાં જે ત્રીજો પુરૂષ દેખાય છે તેનું નામ પંઢવેદ (નપુંસકવેદ) છે, એ પણ પોતાના તેજથી બહિરંગ લોકોને હેરાન કરી બાળી મૂકે છે, ત્રાસ પમાડે છે. એનામાં શક્તિ કેટલી છે તે આ દુનિયામાં જણાવવું પણ ઘણું મુશ્કેલ પડે તેવું છે, કારણ કે તેથી નપુંસકો દુનિયામાં મહા નિંદાપાત્ર બને છે. એ સંબંધી વધારે બોલવાથી સર્યું. ભાઇ પ્રકર્ષ ! એ મકરધ્વજ એ ત્રણે પુરૂષોને આગળ કરીને આ દુનિયામાં પ્રવર્તે છે અને એનામાં એટલું બધું બળ છે કે બીજા માણસો એના બળની કલ્પના પણ બરાબર કરી શકતા નથી.

## મકરધ્વજપત્ની રતિ.

"ત્યાર પછી એ મકરધ્વજની પાસે પદ્મપત્રની જેવી આંખોવાળી અને રૂપસૌભાગ્યનાં મંદિર તુલ્ય એક બહુ સૌંદર્યવાળી એને અતિ પ્રિય સ્ત્રી બેઠેલી જણાય છે તે એ મકરધ્વજ (કામદેવ)ની ભાર્યા છે અને તે લોકમાં રતિના નામથી ઓળખાય છે. પેલા મકરધ્વજે પોતાના જોરથી જે જે લોકોને જીતી લીધા છે તેઓનાં મનમાં એ સ્વાભાવિક રીતે સુખમયતાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે એટલે કે જે લોકો મકરધ્વજથી જીતાઇ જઇને તેના ગુલામ થઇને વાસ્તવિક રીતે દુઃખ ભોગવતા હોય છે તેઓ પાસે એવી માન્યતા કરાવે છે કે– અહો ! આ મકરધ્વજ તો અમને ઘણોજ આનંદ ઉત્પન્ન કરનાર છે !

1 **પુરૂષવેદ:** સ્ત્રી ભોગવવાની ઇચ્છા. એ મોહનીય કર્મની એક પ્રકૃતિ છે. **સ્ત્રીવેદ** એ પુરૂષ ભોગવવાની ઇચ્છા છે, તેમજ **પંઢવેદ** એ નપુંસકવેદ છે, તેમાં સ્ત્રી અને પુરૂષ બન્નેને ભોગવવાની ઇચ્છા થાય છે. એમાં કામેચ્છા અનુક્રમે તરણાની અગ્નિ સરખી, છાણાની અગ્નિ સરખી અને નગરદાહની અગ્નિ સરખી હોય છે. (કર્મગ્રંથ પ્રથમ–ગાથા ૨૨ મી.)



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આ મકરધ્વજ અમારૂં ખરૂં હિત સાધનાર છે! જેઓ એ કામદેવથી ઉલટી રીતે-વિરૂદ્ધપણે વર્તનારા હોય છે તેઓને જરા પણ સુખ કેવી રીતે હોઇ શકે?-આવી આવી માન્યતા એ રતિ લોકોનાં મનમાં ઉત્પન્ન કરે છે અને પછી તો લોકોનાં મન રતિને એટલાં બધાં વશ થઇ જાય છે કે જરા પણ અપવાદ વગર સર્વ કોઇ મકરધ્વજના નોકર જેવા થઇ જાય છે અને પરિણામે તેના હુકમને વશ થઇને પોતાની જાતને અનેક પ્રકારની હેરાનગતીઓ ઉત્પન્ન કરે છે અને સમજુ માણસોને હસવાનું સ્થાન થઇ પડે છે. એ (લોકો) કેવી વિચિત્ર ચેષ્ટા કરી વિડંબનાઓ ખમે છે તેના તને કેટલાક દાખલાઓ આપું તો તને પણ ઘણી નવાઇ લાગશેઃ જેથી સ્ત્રીઓનાં ચિત્ત પ્રસન્ન થાય તેવા પોતાને શરીરે અનેક પ્રકારના વેશ પહેરે છેઃ મોહમાં મુંઝાઇ શરીર પર અનેક પ્રકારનાં ઘરેણાંગાંઠાં પહેરે છે; સ્ત્રીઓ કટાક્ષ મારીને અડધી ચપળ આંખે તેની સામું આડકતરી રીતે જુએ છે ત્યારે મનમાં રાજી થઇ જાય છે, જ્યારે સ્ત્રીઓ તેની સાથે સુંદર મનોહર વાતો કરે છે ત્યારે તેના પ્રત્યે તેના મનમાં ઘણી પ્રીતિ ઉત્પન્ન થાય છે અને પોતે આનંદમાં આવી જાય છે, ચાલે છે ત્યારે પણ (પોતાની જુવાની બતાવવા) મજબૂતપણે પગ મૂકીને અને ડોકને ઊંચી રાખીને દમ બાંધીને ગતિ કરે છે અને સ્ત્રીઓ જ્યારે તેના ઉપર કટાક્ષ ફેંકે છે ત્યારે જાણે પોતે કેવોય ભાગ્યશાળી છે એમ માની અભિમાનમાં લેવાઇ જાય છે, કુલટા (વ્યભિચારિણી)નાં ચિત્તને પોતાની તરફ આકર્ષણ કરવાના કામમાં લંપટ થઇને તેવી સ્ત્રીઓના જોવામાં આવે તેવી રીતે કોઇ પણ જાતના કારણવગર મોહાન્ધ થઇ જઇને દાંતને કચકચાવે છે, હાથના ચાળા કરે છે, અહીં તહીં દોડાદોડ કરી મૂકે છે, ખાલી ધમાલ કરી પોતાનું પરાક્રમ બતાવે છે અને તેઓનાં મનને જે કાંઇ અનુકૂળ લાગે એવી સર્વ ચેષ્ટાઓ કરે છે, તેઓની ખુશામતનાં કામો કરે છે, તેઓનો નોકર હોય તેવી રીતે વાતો કરે છે, તેઓને પગે પડે છે, વગર માંગ્યે તેમનો કામ કરનારો થઇ જાય છે, એવી લંપટ સ્ત્રીઓ પોતાના પગવડે ભાઇશ્રીના માથા ઉપર લાત લગાવે તો તેને પણ સહન કરી લે છે, એવી લાતને પણ મોહને લીધે જાણે તે સ્ત્રી પોતાના ઉપર મહેરબાની કરતી હોય તે તરીકે માને છે, સ્ત્રીઓએ પોતાના મુખમાં લીધેલો [1]દારૂનો કોગળો પોતાના

[1] મોઢામાં દારૂનો કોગળો ભરીને સ્ત્રી પોતાના તરફ પ્રેમ બતાવનારના મોઢામાં પાછો ઠેલવે અને પ્રેમી તે પી જાય તેને આનંદનું કારણ માનવામાં આવતું હતું. દરેક જમાનામાં સુરતની રીતિ ફરતી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થુંક સાથે મેળવીને એ ભાઇશ્રીના મુખમાં પાછો આપે છે ત્યારે તેને પીતાં પીતાં સ્વર્ગથી પણ વધારે સુખનો અનુભવ થાય છે, જે પ્રાણીઓ ઘણા બળવાન્ વીર્યવાળા હોય છે તેવાઓને પણ લલનાઓ લીલામાત્રમાં પોતાના દૃષ્ટિપાતથી કે ભમરને વાંકી વાળવાથી તદ્દન કચરામાં રોળાતાં કરી મૂકે છે, તેવી સ્ત્રીઓની સાથે સંયોગ કરવા માટે બળી રહે છે, તેની સાથે ભોગ ભોગવતાં કદિ પણ સંતોષ પામતા નથી, તેનો જરા પણ વિરહ થાય તેટલામાં તો અડધા લેવાઇ જાય છે અને શોકથી વિહ્વળ થઇ બ્હાવરા બની મરણ પણ પામે છે, એવી સ્ત્રીઓ એને હડધૂત કરે અથવા એનો આદર ન કરે તો ભાઇશ્રી ખેદ પામે છે, એવી સ્ત્રીઓ એનો બહિષ્કાર (તિરસ્કાર) કરે તો રડવા બેસે છે, વળી પરપુરૂષમાં આસક્ત પોતાની સ્ત્રી એને મહા દુઃખસાગરમાં ડૂબાવે છે, મરણપર્યંતની પીડાઓ કરે છે અને પોતાની સ્ત્રીનું રક્ષણ કરવામાં ખાસ ઉદ્યમી થઇને ઇર્ષ્યાને પરિણામે અનેક પ્રકારની પીડાઓ ખમે છે-આવી આવી અનેક વિડંબનાઓ આ ભવમાં પ્રાણી રતિ અને કામદેવના પ્રભાવથી મોહવશ થઇને પામે છે અને પરભવમાં એવા રતિની શક્તિથી મકરધ્વજના નોકર થઇ ગયેલા પ્રાણીઓ ભયંકર સંસારસમુદ્રમાં પડે છે. બહિરંગ મનુષ્યોમાંના ઘણા ખરા, ભાઇ પ્રકર્ષ! આવા પ્રકારના જ હોય છે એમ તારે સમજવું, બાકી એ મકરધ્વજ અને રતિના હુકમને તાબે નહીં થનારા બુદ્ધિશાળી પ્રાણીઓ તો બહુજ થોડા હોય છે. ભાઇ! તેં આ મકરધ્વજનું સ્વરૂપ મને પૂછ્યું હતું તેની હકીકત મેં તને વિસ્તારથી કહી સંભળાવી અને સાથે તેના પરિવારનું પણ વર્ણન કર્યું તે હવે તારા લક્ષ્યમાં બરાબર આવી ગયું હશે.”

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૫ મું.

## પાંચ મનુષ્ય.

હાસ. અરતિ. ભય. શોક. જુગુપ્સા.

મામા વિમર્શ અત્યારે બરાબર વાતને રસે ચઢ્યા હતા અને ભાણેજ પણ યોગ્ય શ્રોતા થઇ મામાનો વાત કહેવાનો રસ જમાવતો રહેતો હતો. મામાને તે જિજ્ઞાસાપૂર્વક એવા સવાલ કરતો હતો કે મામાનું એક વર્ણન પૂરૂં થાય ત્યાં બીજા માટે શરૂઆત કરવાની હોય જ. મોહરાજાના પરિવારનું વર્ણન થઇ રહ્યું, એની પાસેનો રૂપાળો રાજા (મકરધ્વજ) વર્ણવાઇ ગયો એટલે વળી પ્રકર્ષે નવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

પાંચ મનુષ્યોનો પરિચય.
પ્રત્યેકનાં વર્ણ અને કાર્યો.
મોહસૈન્યમાં દરેકનું સ્થાન.

પ્રકર્ષ—"મામા ! તમે મકરધ્વજનું આટલું સારૂં વિવેચન કર્યું તે તો ઘણુંજ સારૂં કર્યું. હવે હું બીજી પણ શંકાઓ પૂછું છું તેનો તમે ખુલાસો કરવા મહેરબાની કરશો. એ મકરધ્વજની પાસે સિંહાસન ઉપર પાંચ મનુષ્યો નજીક નજીકમાં બેઠા છે તેમનાં નામો શું છે અને તેઓના પ્રત્યેકના ક્યા ક્યા ગુણો છે તે મને જણાવો."

* * *

<u>હાસ.</u> ૧

વિમર્શ—"એ પાંચ મનુષ્યોમાં જે એક ધોળા રંગનો માણસ દેખાય છે તે એક મહા આકરો અને આકરા કામ કરનારો હાસ નામનો છે એમ તારે જાણવું. એ હાસ નામના મનુષ્યની એવી પદ્ધતિ છે કે બહિરંગ પ્રદેશમાં રહેલ પ્રાણીઓનાં મુખને વિના કારણે પોતાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્તિથી વાચાળ બનાવે છે; કાંઇ કારણ મેળવીને અથવા કારણ વગર પણ તે મોટો બહાદુર લડવૈયો પોતાની શક્તિ પ્રગટ કરે છે અને જ્યારે એવી રીતે એ ભાઇશ્રી પોતાની શક્તિ બતાવે છે ત્યારે પ્રાણીઓ ખડખડ અવાજ કરીને હસે છે અને એવી વિચિત્ર સ્થિતિ ઉત્પન્ન કરે છે કે જેથી તેઓ અતિ ખરાબ મુખવિકારપૂર્વક કહ કહ ધ્વનિથી[1] હસે છે અને શિષ્ટ પુરૂષોમાં નિંદાપાત્ર થાય છે. વળી એવી રીતે મુખવાજીંત્રને વગાડતાં તે તુચ્છ પ્રાણીઓ લોકોમાં લઘુતા પામે છે અને વગર કારણે લોકોમાં તેઓ શંકાનું કારણ બની જાય છે, વિનાકારણ બીજામાં પરસ્પર વૈર ઉત્પન્ન કરે છે અને લોકોનાં મુખેથી ઉઘાડી રીતે ભ્રાંતિનું કારણ થઇ પડે છે.[2] એવા પ્રાણીઓ પોતાના હાંસીના સ્વભાવથી માખી મચ્છર જેવા ક્ષુદ્ર પ્રાણીઓને પણ બેહાલ કરે છે, માણસોને પણ હેરાન કરે છે અને કેટલીક વાર તેમના તેવા કૌતુકી સ્વભાવથી તે બીચારા રાંક પ્રાણીઓનો વિનાશ પણ કરે છે. આવી આવી અનેક પ્રકારની વિચિત્રતાઓ આ લોકમાં એ હાસ નામનો પ્રથમ મનુષ્ય ઉત્પન્ન કરે છે અને પરલોકમાં ભયંકર કર્મબંધનાં પરિણામો પ્રાપ્ત કરાવે છે. એ હાસને પોતાના પતિનું હિત કરવામાં તત્પર તુચ્છતા[3] નામની એક ઉત્તમ સ્ત્રી મળી ગયેલી છે જેને માત્ર ગંભીર હૃદયના સમજુ માણસો જ જોઇ શકે છે. એ તુચ્છતા સ્ત્રી પોતાના પતિના શરીરમાં જ રહે છે (હાસ્યની સાથે તુચ્છતા જોડાયલી જ હોય છે) અને ભાઇ પ્રકર્ષ! એ સ્ત્રી કોઇ પણ પ્રકારના કારણ વગર હલકા લોકમાં પોતાની મરજી માફક દરરોજ એને જાગૃત રાખ્યા કરે છે, પ્રેરણા કરે છે અને એને વધાર્યા કરે છે. તારા સમજવામાં તો છે જ કે **यतो गंभीरचित्तानां, निमित्ते सुमहत्यपि । मुखे विकारमात्रं स्यान्न हास्यं बहुदोषकम् ॥ १ ॥** હસવાનું ગમે તેવું મોટું કારણ પ્રાપ્ત થાય તો પણ ગંભીર ચિત્તવાળા મનુષ્યો તો માત્ર મુછમાંજ હસે છે, મ્હોં જરા માત્ર મલકાવે છે, પરંતુ અત્યંત કનિષ્ટ ખડખડ હાસ્ય કદિ પણ કરતા નથી.

*          *          *

**અરતિ.**                    ૨

"એ પાંચ મનુષ્યોમાં સ્ત્રી જોવામાં આવે છે, જેનું આખું શરીર

---

૧ હા હા હા નો અવાજ (હસતી વખત ઘણા અવાજ કરે છે તે.)

૨ ઘણું હાસ્ય કરનારના આ હાલ થાય છે તે અવલોકન કરવાથી જણાશે. નિમિત્ત વગર ખડખડ હસનારપર શંકા આવે છે અને ભ્રાંતિ પણ તેવા પ્રાણી જરૂર ઉત્પન્ન કરે છે.

૩ **તુચ્છતાઃ** એને ગુજરાતી સંક્ષેપ કરનાર **મસ્તાઇ**ના નામથી ઓળખાવે છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

શ્યામ છે અને જેનો દેખાવ ઘણોજ ખરાબ લાગે છે તે અરતિ નામથી સુપ્રસિદ્ધ છે અને તેં પ્રથમ જે પાંચ મનુષ્યમાટે વાર્તા પૂછી તેમાંની એ એક છે. કોઇ પણ કારણને લઇને પોતે હોંશમાં આવી જઇ બહિરંગ પ્રાણીઓમાં તે ન સહન થઇ શકે એવું માનસિક દુઃખ ઉત્પન્ન કરે છે. એનું ક્રીડાસ્થાન અન્યને દુઃખ ઉત્પન્ન કરવાનું કાર્ય છે.

* * *

**ભય.** ૩

"એ પાંચ મધ્યે જે ત્રીજો મનુષ્ય દેખાય છે, જેનું શરીર ધ્રૂજ્યા જ કરે છે તે મહા દુઃખદાયી જાણીતો ભય નામનો પુરૂષ છે. એ ભાઇશ્રીની વળી ઘણીજ વિચિત્ર રીત છે; એ ભાઇ ચિત્તવૃત્તિ મહા અટવીમાં જ્યારે જ્યારે વિચરે છે ત્યારે ત્યારે લીલા માત્રથી બહિરંગ પ્રદેશના પ્રાણીઓને તદ્દન બીકણ ડરકુ બનાવી દે છે તે આવી રીતેઃ–[1]અન્ય મનુષ્યને જોઇને તેઓ ત્રાસ પામે છે, પશુ જનાવરનાં ટોળાં જોઇને તેઓ કંપવા–ધ્રૂજવા મંડી જાય છે, પૈસા જરા ખોઇ બેસે કે લુંટાઇ જાય અથવા તો ધન ઓછું થવાનો પ્રસંગ કલ્પના માત્રમાં જ આવે ત્યાં તો અત્યંત બાયલા બની જઇ એકદમ દૂર નાસવા મંડી જાય છે, કોઇ પણ અકસ્માત–અગ્નિ, જળ, ધરતિકંપાદિ ભય આવી પડશે અને હાય શું થશે! એવા વિચારથી આંખ અને મ્હોં ચપળ બનાવી દે છે અને જાણે પોતે કેવી રીતે જીવશે, હવે શા હાલહવાલ થશે–એવા વિચારથી નકામા ભયમાં રહ્યા કરે છે, 'અરે મરી ગયા, મરી ગયા' એવા વિચારથી ભય પામ્યા કરે છે અને કોઇ કોઇ તો તેવા ભયથી તદ્દન સત્ત્વ વગરના થઇને જીવનનો ત્યાગ પણ કરી બેસે છે, લોકોમાં પોતાની અપકીર્તિ કોઇ પણ પ્રકારે ન થાઓ એવા વિચારના ભયમાં પોતાને કરવાયોગ્ય ખાસ કામો પણ કરી શકતા નથી. આવા પ્રકારના ભયની પીડામાં પ્રાણી નિરંતર રહ્યા કરે છે અને હેરાન થાય છે. ઉપર જણાવ્યા તે [1]સાત પુરૂષના પરિવારથી (સાત ભય) પરવરીને ભય નામનો ત્રીજો પુરૂષ બહિરંગ પ્રાણીઓમાં આનંદ–લહેર કરે છે અને પોતાનું સ્વરૂપ ભજવી બતાવી તેમાં મોજ માને છે. તે આવી રીતેઃ–એ ભયના હુકમથી અધમ પુરૂષો લાજ શરમ મૂકીને રણક્ષેત્રમાંથી પલાયન કરી જાય છે,

---

૧ શાસ્ત્રકાર સાત પ્રકારનાં ભય વર્ણવે છેઃ—(૧) મનુષ્યને મનુષ્યનો ભય, (૨) મનુષ્યને હિંસક પશુનો ભય, (૩) ધનનાશ ભય, (૪) અકસ્માત્ ભય, (૫) જીવનચિંતા ભય, (૬) મરણ ભય, (૭) અપયશ ભય–કીર્તિનાશ ભય. આ સાત પ્રકારના ભયનું અહીં વર્ણન કર્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીનતા બતાવે છે, દુશ્મનને પગે પડે છે. વળી એ ભયની એવી શક્તિ છે કે જે આ ભવમાં એને વશ પડી જાય છે તેને તે નચાવીને પરભવમાં પણ એવા લાંબા કરી મૂકે છે કે તેઓ ભયંકર સંસારસમુદ્રમાં રખડે છે અને એવા ઊંડા ઉતરી જાય છે કે એનો પત્તો પણ ખાતો નથી. એ ભયને વળી એક પોતાના શરીરમાં રહેલી [1]હીનસત્વતા નામની સ્ત્રી છે જે પોતાના પતિ તરફ અત્યંત પ્રેમ રાખે છે અને પોતાના કુટુંબનું સારી રીતે પોષણ કરે છે. એ પોતાની વહાલી સ્ત્રીને ભય પોતાનો શરીરથી જરા પણ વેગળી મૂકતો નથી અને એના ઉપર એ ભયને એટલો બધો પ્રેમ છે કે પોતાની વહાલી સ્ત્રી જો પાસે ન હોય તો તે મરણ પામે છે. મકરધ્વજ પાસે બેઠેલ પાંચ પુરૂષોમાંનો આ ત્રીજો પુરૂષ કોણ છે તે તારા સમજવામાં હવે આવ્યું હશે.

*        *        *

**શોક.**                    ૪

"ભાઇ પ્રકર્ષ! પેલો ચોથો પુરૂષ ત્યાર પછી જોવામાં આવે છે તેને તું ઓળખતો નથી? પેલા[2] નગરમાં આપણે દાખલ થવાનો વિચાર કરતા હતા તે વખતે જે આપણને મળ્યો હતો અને જેણે ચિત્ત અટવીની સર્વ વાર્તા આપણને કહી હતી તે જ આ શોક છે અને અત્યારે તે પાછો મહામોહ રાજાના લશ્કરમાં જોડાઇ ગયો છે. કોઇ કોઇ કારણને મેળવી લઇને બહિરંગ પ્રદેશના લોકોમાં એ ભાઇશ્રી દીનતા ઉત્પન્ન કરે છે, રડાવે છે અને આક્રંદ કરાવે છે. જે પ્રાણીઓ પોતાના વહાલાંથી વિયોગ પામેલા હોય છે, મહા આપત્તિમાં પડી ગયેલા હોય છે અને જેનાથી દૂર રહેવાની ઇચ્છા રાખતા હોય તેવી જ બાબતો સાથે જોડાઇ ગયેલા હોય છે તેઓ જરૂર એને વશ પડી જાય છે અને તે વખતે બાપડાઓની એવી ખરાબ સ્થિતિ થાય છે કે આ શોક તેમનો મિત્ર નથી પણ મોટો ભયંકર દુશ્મન છે. એ પણ તેઓ સમજી શકતા નથી. એવી સાચી સમજણની ગેરહાજરીમાં એ જડ પ્રાણીઓ બાપડા મોઢેથી પોક મૂકે છે, રાડો પાડે છે અને દુઃખી થાય છે. તેઓ પોક મૂકતાં મનમાં એમ માને છે કે એ શોક તેઓને તેમનાં દુઃખથી છોડાવશે, પરંતુ આ ભાઇશ્રી

---

૧ **હીનસત્વતાઃ** બાયલાપણું, શૂરવીરપણાનો અભાવ-એને અને ભયને **જીવન**-સંબંધ છે. **ભય** એના વગર જીવી શકતો નથી, રહી શકતો નથી.

૨ **તામસચિત્ત** નગર **વર્ણન**-જુઓ પૃષ્ઠ ૭૯૪. ત્યાં શોકની પ્રથમ ઓળખાણ મામા ભાણેજને થઇ હતી. પૃષ્ઠ ૮૦૧ માં તે **મહામોહના લશ્કરને** અટવીમાં મૂકીને **તામસચિત્ત** પુરે આવવાનું કારણ પણ કહે છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

તો એવા લક્ષણવાળા છે કે તે દુઃખ ઘટાડવાને બદલે ઉલટું ઘણું વધારી મૂકે છે. એથી પરિણામ એ થાય છે કે એ પ્રાણીઓનો જે સ્વાર્થ હોય છે તે તેઓ જરા પણ સાધી શકતા નથી અને ઉલટા ધર્મથી ભ્રષ્ટ થાય છે અને એવી મૂર્છામાં પડી જાય છે કે કોઇ વાર શોકમાંને શોકમાં મૂર્છાથી આંખો મીંચી દઇને પ્રાણ પણ છોડી દે છે. સાધારણ રીતે પણ શોકને વશ પડીને તેઓ માથાં કૂટે છે, પોતાના વાળ ખેંચી કાઢે છે, છાતી કુટે છે, જમીનપર પછાડી ખાઇને પડે છે, મોટા ગભરાટમાં પડી જાય છે, પોતાને ગળે દોરડું બાંધીને આત્મઘાત કરવા લટકી પડે છે, નદી, સરોવર, સમુદ્ર વિગેરેમાં પડતું મૂકે છે, અગ્નિમાં ઝંપલાવે છે, પર્વતના શિખરપરથી ભૈરવજવ ખાય છે, ભયંકર કાળકૂટ ઝેર ખાય છે, પોતાના શરીરપર હથિયાર મારી મરવા તૈયાર થઇ જાય છે, મોઢેથી રડવા મંડી જાય છે, ગાંડાઘેલા જેવા દેખાય છે, ઘણા ગભરાટમાં પડી જાય છે, ગરીબાઇથી રાંકની જેમ બોલે છે, સાધારણ રીતે બોલતા હોય તેથી વધારે ઝીણા કરૂણાજનક સ્વરથી બોલે છે, અંદર મનમાં તાપથી બળી જાય છે અને શબ્દ વિગેરે પાંચે ઇંદ્રિયોના સુખથી છેતરાય છે (એમને એ સુખો મળી શકતા નથી). આવી રીતે શોકને વશ પડીને પ્રાણીઓ આ ભવમાં અનેક પ્રકારનાં દુઃખો પામે છે અને મોટા દુઃખદાયી કર્મનો બંધ તે કારણે બાંધીને પરભવમાં ભયંકર દુર્ગતિ પામે છે. આવી રીતે એ શોક નામનો ચોથો પુરૂષ છે તે બહિઃપ્રદેશના પ્રાણીને બહુ દુઃખ આપનાર છે તેનું સંક્ષેપમાં ભાઇ પ્રકર્ષ! મેં તારી પાસે વર્ણન કરી બતાવ્યું. વળી એ શોકના શરીરમાં ભવસ્થા[1] નામની મહાદારૂણ સ્ત્રી રહે છે જે શોકની પત્ની થાય છે અને એના ઘરનાં સર્વ કાર્યની એ નાયક થઇને રહેલી છે. એ ભાઇને સર્વ પ્રકારનું પોષણ આપનાર એ સ્ત્રી છે, એના વગર શોક જીવી પણ શકતો નથી અને તે કારણને લઇને પોતાની એ ભાર્યાને શોક સર્વદા પોતાના શરીરમાં જ ધારણ કરી રાખે છે.

* * *

**જુગુપ્સા. ૫**

ત્યાર પછી તે પાંચ મનુષ્યોમાં પેલી ચપટા બેસી ગયેલા નાકવાળી કાળા રંગની સ્ત્રી શોકની બાજુમાં બેઠેલી દેખાય છે તેને વિદ્વાન્

---

૧ **ભવસ્થાઃ** સંસાર-આ ભવમાં અત્યંત પ્રીતિ અથવા તુચ્છ રાગ એ જ શોકનું કારણ છે. ભવપર પ્રીતિ-રાગ ન હોય તો શોક થાય જ નહિ. ગુજરાતી સંક્ષિપ્તકાર એને **ભાવઠ**ના નામથી ઓળખાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યો જુગુપ્સાના[1] નામથી ઓળખે છે. વસ્તુસ્વરૂપ નહિ સમજનારા બહિરંગ પ્રદેશમાં રહેનારા પ્રાણીઓનાં મનમાં એ સ્ત્રી તદ્દન વિપરીત ભાવ ઉત્પન્ન કરે છે અને તે કેવી રમત કરે છે તે ભાઇ પ્રકર્ષ! તું ધ્યાન રાખીને સાંભળઃ-કોઇના શરીરમાંથી અત્યંત લોહી તથા પરૂ વહેતું હોય, ઘણા કૃમિ-જીવો ખદખદતા હોય અને દુર્ગંધ ઉડતી હોય એવા શરીરને તથા એવી દુર્ગંધી તથા ખરાબ દેખાતી બીજી વસ્તુઓને જોઇને પોતે જાણે કેવાય ચોખ્ખા હોય તેમ એકદમ માથું ધુણાવવા મંડી જાય છે, નાક ચઢાવી દે છે, દૂરથી નાસવા માંડે છે, આંખો પણ બંધ કરવા મંડી પડે છે, મ્હોમાંથી 'હું હું હું' એવો અવાજ નાકદ્વારા કાઢે છે, ખભા ચઢાવી દે છે, મોટી પવિત્રતાનો ફાંકો રાખીને કપડાં સહિત તરબોળ પાણીમાં પડે છે, વારંવાર નાક છીંકે છે, અનેકવાર મુખમાંથી થુંક્યા કરે છે, રસ્તા ઉપર જતાં જરા તેનાં લુગડાંને અડી જવાય તો ગુસ્સે થઇ જાય છે અને વારંવાર સ્નાન કરે છે, અન્યની છાયા પણ પોતાનો જરાએ સ્પર્શ ન કરે એમ અંતઃકરણથી ઇચ્છે છે અને આવા [2]'શૌચવાદ'ને લઇને વૈતાળની[3] જેમ હેરાન હેરાન થયા કરે છે. આવી રીતે જુગુપ્સાને વશ પડીને કેટલાક પ્રાણીઓ જાતે જ જાણે પ્રથમથી ઉન્મત્ત (ગાંડા) જેવા હોય છે અને મનના એવા એવા વિચિત્ર ખ્યાલથી વધારે ઉન્મત્ત થતા જાય છે અને તત્ત્વદર્શનથી તદ્દન રહિત હોઇને પરભવમાં તદ્દન અજ્ઞાનથી અભિભૂત થઇ ભયંકર સંસારરૂપ કેદખાનામાં પડે છે. આવી રીતે બહિરંગ લોકને બહુ દુઃખ દેનારી એ પાંચમી જુગુપ્સા નામની સ્ત્રીનું મેં તારી પાસે કાંઇક વિસ્તારથી વર્ણન કર્યું."

---

૧ **જુગુપ્સાઃ** કોઇ અનિષ્ટ વસ્તુ તરફ તિરસ્કાર બતાવવો તે. વર્ણન વાંચતાં સ્વરૂપ સ્પષ્ટ થઇ જશે.

૨ **શૌચવાદઃ** બાહ્ય વસ્તુનો સ્પર્શ થતાં ન્હાવું, કુવાનું સ્પર્શ વગરનું પાણી પીવું-એવા પ્રકારના નિયમ જેને હાલ 'મરજાદ' કહેવામાં આવે છે તે શૌચવાદ છે. એનું લક્ષણ અત્ર યોગ્ય શબ્દોમાં ગ્રંથકર્ત્તાએ જ પૂરતું આપ્યું છે.

૩ **વૈતાળઃ** સ્વાભાવિક રીતે જ બહુ દુઃખી હોય છે, પવનરૂપ હોય છે અને તેને આખો વખત રખડવાનું હોય છે. એક બીજો ભાવ પણ બેસે છે. એક **શુચિપિશાચ** જાતના બ્રાહ્મણો થાય છે, તેઓ સર્વ જળાશયોને પણ અપવિત્ર ધારી બેટમાં જાય છે, ત્યાં નિર્વાહ ન થવાથી દુઃખી થાય છે. મતલબ પોતાને હાથે દુઃખ વહોરી લેનારની દશા સૂચવે છે-આવો આશય જણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# પ્રકરણ ૧૬ મું.

## સોળ બાળકો.

મકરધ્વજ અને તેની સ્ત્રી રતિ અને પાસે બેઠેલા પાંચ મનુષ્યોનું અદ્‌ભુત વર્ણન પ્રકર્ષે સાંભળ્યું. તે [1]સર્વને બરાબર ઓળખ્યા ત્યાં તો સિંહાસન આગળ ધમાલ કરી રહેલા સોળ બાળકોને એણે જોયા. જિજ્ઞાસુ ભાણેજ આ તકનો પૂરતો લાભ લેતો હતો અને મામા પણ વાતને રસે ચઢ્યા હતા. જેવું મામાએ પાંચ મનુષ્યોનું વર્ણન પૂરૂં કર્યું કે ભાણેજે પૂછ્યું:—

"મામા! મારી સામે પેલા સોળ છોકરાઓ રાજાના ખોળામાં જ્યાં ત્યાં બેસી ગયા દેખાય છે, ઘડીક વારમાં વળી તોફાની છોકરાઓની પેઠે અત્યંત ભયંકર ચેષ્ટા કરે છે, અને જેઓ ખાસ કરીને ઘણુ ધમાલ કરનારા સ્પષ્ટ દેખાઇ આવે છે અને જેઓનો રંગ કાંઇક લાલ અને કાંઇક કાળો છે તે કોણ છે? તેઓનાં નામ પણ મને કહો અને તેઓના પ્રત્યેકના કેવા ગુણો છે તે પણ મને બરાબર ચોખવટ કરીને કહો. મને તે સાંભળવાની ઘણી ઇચ્છા છે, કારણ કે એ સોળે છોકરાઓ ઘણા વિચિત્ર લાગે છે."

---

૧ ઉપર નવ નોકષાય (કષાયને ઉત્પન્ન કરનાર)નું વર્ણન થયું. મકરધ્વજને અંગે ત્રણ વેદ અને રતિ એમ ચાર નોકષાયનો સમાવેશ કર્યો અને બાજુમાં હાસ્યાદિ પાંચ મનુષ્ય વર્ણવ્યા. છેલ્લા બે પ્રકરણોમાં એ રીતે **નવ નોકષાય** વર્ણવ્યા. હવે **સોળ કષાય** વર્ણવે છે. આ રીતે સર્વથી ભયંકર **મોહનીય કર્મના** દર્શન મોહનીયને અંગે ૨૫ ભેદ છે તે પૂરા થશે. આ કર્મને સમજવાની બહુ જરૂર છે, એને સમજવા સાથે સંસારપ્રપંચનો મોટો ભાગ ખ્યાલમાં આવી જાય છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સોળ કષાય.
## બાળકોનું જોર.
## સંજ્ઞા અને શક્તિ.

**અનંતાનુબંધી ૪.** (૧)

**વિમર્શ** મામાએ જવાબમાં કહ્યું "ભાઇ **પ્રકર્ષ**! મોટા મોટા આચાર્ય મહાત્માઓએ અગાઉ એ સોળેને સામાન્ય રીતે [1]'કષાય એવું નામ આપ્યું છે અને સંસારમાં તે નામથી તેઓ ઓળખાય છે. હવે એમનું વિશેષ રૂપ પણ તને સમજાવું છું તે બરાબર લક્ષ્યમાં રાખજે. એ સોળમાં જે ચાર વધારે આગળ પડતાં અને મહાદુષ્ટ દેખાય છે તે સ્વભાવથી ઘણા ભયંકર છે અને તેમને **અનંતાનુબંધી**[2]ની સંજ્ઞા આપવામાં આવી છે. પેલો મિથ્યાદર્શન નામનો સેનાપતિ છે તે એ ચારે અનંતાનુબંધી નામનાં બાળકોને પોતાનાં બાળકો જેવાંજ ગણે છે અને જાણે તે પોતે જ હોય અથવા પોતારૂપ જ તે હોય એમ માની લે છે અને એ ચારે બાળકો પણ બહિરંગ પ્રદેશના લોકોને મિથ્યાદર્શન સેનાપતિના ભક્તો બનાવી દે છે અને તેમ કરવામાં પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરે છે. એનો હેતુ એ છે કે જ્યાં સુધી [3]ચિત્તવૃત્તિ મહાઅટવીમાં એ ચાર છોકરાઓ લહેર કરતા હોય છે ત્યાં સુધી બાહ્ય મનુષ્યો એ મિથ્યાદર્શન વજીર તરફ એકચિત્ત રાખીને અને બીજા મનુષ્યો કાંઇ સમજણ આપે તે તરફ તદ્દન બેદરકાર રહીને ભક્તિપૂર્વક તેની ઉપાસના કર્યા જ કરે છે, તેના સેવક થઇને રહે છે અને તેમાં સંપૂર્ણ આનંદ લે છે. આ હકીકતનું પરિણામ એ થાય છે કે જ્યાં સુધી એ ચાર અનંતાનુબંધી બાળકો ચિત્તવૃત્તિ મહા-

---

૧ કષ એટલે સંસારનો આય એટલે લાભ જેનાથી થાય તેને **કષાય** કહે છે. કષાયથી સંસારપર્યટન ઘણુંજ વધી પડે છે. **ક્રોધ, માન, માયા** અને **લોભ** એ ચાર કષાય છે અને એ પ્રત્યેકના **અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણીય** અને **સંજ્વલન** એવા ચાર ચાર ભેદ હોવાથી સોળ થાય છે.

૨ **અનંતાનુબંધીઃ** સર્વથી આકરા કષાય, મિથ્યાત્વ સ્થિતિમાં હોય છે અને મિથ્યાદર્શનનું કારણ પણ તે જ છે. અનંતાનુબંધી કષાયવાળા મિથ્યાત્વમાં અનંત કાળ રખડ્યા કરે છે. આ કષાય જાવજ્જીવ રહે છે અને આખરે નરક ગતિનું કારણ બને છે. એના વિશેષ સ્વરૂપ માટે જુઓ કર્મગ્રંથ પ્રથમ–ગાથા ૧૮–૨૦ મી અને તે પરની ટીકા.

૩ પ્રત્યેક પ્રાણીની ચિત્તવૃત્તિ અલગી જૂદી હોય છે તેથી આ વાત બરાબર બેસતી આવે છે. જેની ચિત્તવૃત્તિમાં આ ચાર બાળકો લીલા કરતા હોય છે તે મિથ્યાદર્શનનો ભક્ત છે એમ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટવીમાં અમન ચમન કરી રહ્યા હોય છે ત્યાં સુધી બહિરંગ મનુષ્યો ભાવપૂર્વક તત્ત્વમાર્ગને-સાચા રસ્તાને કદિ પણ પામી શકતા નથી. આ પ્રમાણે હોવાથી અગાઉ મિથ્યાદર્શનના જે જે દોષો આગલા પ્રકરણમાં વર્ણવ્યા છે અથવા તો મિથ્યાદર્શનને આશ્રયીને જે દોષો રહેલા છે એમ બતાવ્યું છે તે દોષો બાહ્ય પ્રદેશમાં રહેનારા (બહિરંગ) લોકોમાં આવે છે અને તેનું કારણ એ ચાર બાળકો ઘણે ભાગે બને છે.

**અપ્રત્યાખ્યાની ૪. (૨)**

"એ ચાર અનંતાનુબંધી નામનાં બાળકો કરતાં જરા નાના રૂપનાં બીજાં ચાર બાળકો તેની બાજુમાં દેખાય છે તેને પંડિત માણસો [2]**અપ્રત્યાખ્યાની** નામથી ઓળખે છે. એ ચાર બાળકો વળી પોતાની શક્તિના જોરથી બહિ:પ્રદેશમાં રહેલા લોકોને પાપમાં પ્રવૃત્તિ કરાવે છે અને કદાચ કોઇ તેમાંથી પાછા હઠવા માંગે એટલે કે પાપમાર્ગથી ઓસરવા માંગે તો તેમને તેમ કરતાં અટકાવે છે. તને એ ચારે બાળકની કેટલી વાત કરૂં! ટુંકામાં કહું તો જ્યાં સુધી એ અપ્રત્યાખ્યાની નામનાં ચાર બાળકો ચિત્તવૃત્તિ મહા અટવીમાં રહેલાં હોય છે ત્યાં સુધી પ્રાણીઓ પાપથી એક તલ માત્ર પણ પાછા હઠી શકતા નથી. જોકે એ બાળકોમાં અને પ્રથમના અનંતાનુબંધી બાળકોમાં એક મોટો ફેર છે અને તે એ છે કે આ બાળકો ચિત્તવૃત્તિમાં હોય તો પણ પ્રાણીઓ તત્ત્વમાર્ગને આદરે છે ખરા, અને તેને લઇને કાંઇક કાંઇક સુખ તેઓને મળે છે પણ ખરૂં, પણ તેઓ કોઇ પણ પ્રકારનો ત્યાગ જેને શાસ્ત્રીય પરિભાષામાં 'વિરતિ' કહેવામાં આવે છે તેને આદરી શકતા નથી અને ત્યાગ ન કરવાને પરિણામે આ ભવમાં પણ તેઓ બળ્યાઝળ્યા રહે છે અને અનેક પ્રકારનાં પાપોનો સમૂહ એકઠો કરીને પરભવમાં જતાં સંસારરૂપ જંગલમાં રખડી પડે છે અને ત્યાં તેઓનો થાક લાગતો નથી ( અર્થાત્ છેડો આવતો નથી ).

**પ્રત્યાખ્યાનાવરણીય ૪. (૩)**

"એ ચાર અપ્રત્યાખ્યાની બાળકો પછી તેનાંથી પણ સહજ વધારે નાનાં ચાર બાળકો તેમની બાજુમાં દેખાય છે તેમને સમજુ

---

૧ જુઓ પૃ. ૮૪૪-૮૫૯. ( પ્રકરણ ૧૨ મું-ચાલુ પ્રસ્તાવ )

૨ **અપ્રત્યાખ્યાની:** કષાયની મુદત સાધારણ રીતે એક વરસની હોય છે; એ દેશવિરતિ ચારિત્રનો ઘાત કરે છે, પ્રાયે તિર્યંચગતિનું કારણ બને છે. જુઓ પ્રથમ કર્મગ્રંથ ગાથા ૧૮ મી અને તે પરની ટીકા. એની બરાબર ઓળખાણ ત્યાં આપી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાળકો [1]પ્રત્યાખ્યાનાવરણીયના નામથી પીછાને છે. જ્યાં સુધી એ ચાર બાળકો આ મહામંડપનો આશ્રય કરીને રહેલાં હોય છે ત્યાં સુધી પ્રાણીઓ પાપને સર્વથા મૂકી શકતા નથી, એટલે કદાચ કેટલુંક પાપ ઓછું કરે છે પણ તેનો સંપૂર્ણપણે ત્યાગ કરી શકતા નથી. હકીકત એમ બને છે કે એ બાળકો જ્યાં સુધી ચિત્તવૃત્તિ મહા અટવીમાં વિલાસ કરતાં હોય છે ત્યાં સુધી પ્રાણીઓ પાપનો કાંઇક કાંઇક તો સારી રીતે ત્યાગ કરે છે, પરંતુ સંપૂર્ણપણે તેને છોડી શકતા નથી. તેને લઇને એ બાળકો પણ પ્રાણીને સંતાપ કરનારા થાય છે અને પ્રાણીનું કાંઇક કાંઇક કલ્યાણ તો જોકે એ બાળકો હોવા છતાં થાય છે તેનું કારણ પ્રાણીએ કરેલ અમુક પ્રકારનો વિરતિભાવ-ત્યાગભાવ છે, પરંતુ સંપૂર્ણ લાભ મળતો નથી તેનું કારણ એ છે કે તે સર્વથા ત્યાગ કરી શકતો નથી, સર્વવિરતિ આદરી શકતો નથી.

<u>સંજ્વલન ૪.</u> (૪)

"ભાઇ પ્રકર્ષ! એ પ્રત્યાખ્યાની બાળકોથી પણ વધારે નાનાં અને માત્ર ગર્ભ જેવડાં જ દેખાતાં ચાર બાળકો તેની બાજુમાં દેખાય છે તેને મહાત્મા મુનિઓ **સંજ્વલનના**[2] નામથી ઓળખાવે છે. એ બાળકો લીલા કરવામાં આનંદ માનનારા અને સ્વાભાવિક રીતે ઘણા ચપળ અને ચંચળ છે અને તેથી જે પ્રાણીઓ સર્વ પાપથી વિરતિભાવ લઇને બેઠેલા હોય છે તેમને (સર્વવિરતિ આદરનાર સાધુઓને) પણ પોતાના કબજામાં લઇ લે છે અને વારંવાર તેમનામાં દેખાવ દઇ તેઓ સાથે ચેડા કાઢે છે અને તેવા વિશાળ હૃદયના પ્રાણીઓને પણ અનેક પ્રકારે મનમાં આહટ્ટદોહટ્ટ કરાવે છે, આથી તેમણે સર્વ પાપોનો નાશ કરવાનો જે નિર્ણય કર્યો હોય છે તેમાં દૂષણ આવી પડે છે અને આ બાળકોના જોરથી તેમના શુદ્ધ માર્ગમાં [3]અતિચારો આવી પડે છે. જોકે બહિ:રંગપ્રદેશમાં રહેલા પ્રાણીઓને એ બાળકો બહુ નાના રૂપવાળાં લાગે છે તો પણ સર્વ સંસારી પ્રાણીઓને માટે

---

૧ **પ્રત્યાખ્યાનાવરણીય** કષાયની મુદત સાધારણ રીતે ચાર માસની હોય છે. એ સર્વવિરતિને રોકે છે અને પ્રાયે મનુષ્યગતિની પ્રાપ્તિનું કારણ બને છે. એના સ્વરૂપ માટે પણ જુઓ સદર કર્મગ્રંથ ગાથા ૧૮ ની ટીકા.

૨ **સંજ્વલન:** કષાયની ઉત્કૃષ્ટ મુદત પંદર દિવસની હોય છે, એ **યથાખ્યાત**-ઉત્કૃષ્ટ ચારિત્રનો અટકાવ કરે છે, પ્રાયે એ કષાય દેવગતિનું કારણ બને છે. **દૃષ્ટાન્તસહિત** સોળે કષાયનું વર્ણન પ્રથમ કર્મગ્રંથમાં આપેલ છે. જુઓ ગાથા ૧૮ મી **અને તે**પરની ટીકા.

૩ **અતિચાર:** નિયમમાં દૂષણ. એનો ઉપાય ક્ષમા માગવામાં અને પશ્ચાત્તાપ કરવામાં અને ભવિષ્યમાં દોષ ન કરવાના સાચા નિર્ણયમાં સમાઇ જાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

એ સુંદર તો નથી જ; એનું કારણ એ છે કે એ ચારે બાળકો મોટા મોટા મુનિઓનાં મનને પણ કિંચિત્ કિંચિત્ ક્ષોભ પમાડે છે.

"ભાઇ પ્રકર્ષ! એ પ્રત્યેક ચાર ચાર બાળકોનાં ચારે સમૂહનું મેં તારી પાસે કાંઇક વિસ્તારપૂર્વક વિવેચન કર્યું; બાકી એની તો ઘણી વિશેષ વાતો છે તે સર્વેનું વર્ણન કરવાને તો કોણ શક્તિમાન્ થઇ શકે? વળી આગળ ઉપર કોઇ વખત મને નિરાંતે અવકાશ આવશે ત્યારે કોઇ પ્રસંગ હાથ ધરીને એ સર્વનાં નામો અને તેની ખાસ હકીકત તથા દરેકની શક્તિ કેટલી છે તે વિસ્તારથી કહી બતાવીશ. એ સોળે બાળકના સંબંધમાં હાલ તને એક હકીકત કહી દેવાની જરૂર છે અને તે એ છે કે એ સોળમાંથી આઠ બાળકો રાગકેસરી આગળ નાચ કરી રહ્યાં છે અને આઠ દ્વેષગજેંદ્ર આગળ નાચ કરી રહ્યાં છે. બરાબર ધ્યાન રાખીને જોવાથી તારા અવલોકનમાં તે હકીકત આવી જશે. એમાંના જે આઠ બાળકો રાગકેસરી પાસે નાચી કુદી રહ્યાં છે અને મસ્તી તથા ધમાધમ કર્યા કરે છે તે [1]રાગકેસરી અને તેની પત્ની મૂઢતાનાં બાળકો છે, અને બીજાં આઠ બાળકો દ્વેષગજેંદ્રની પાસે વારંવાર ક્રીડા કરતાં દેખાય છે તે મહારાજ દ્વેષગજેંદ્ર અને તેની ભાર્યા અવિવેકિતાનાં બાળકો છે. તેમને જન્મ આપનાર દ્વેષગજેંદ્ર અને અવિવેકિતા છે અને તે બાળકો તેમના માતાપિતાને ઘણા વહાલાં છે.[2] આ પ્રમાણે હોવાથી એ સોળે બાળકો **મહામોહ રાજાના પોતરાઓ** (દીકરાના દીકરા) થાય છે એટલે તેઓ એ મહારાજાના પ્રસિદ્ધ દીકરાના દીકરાઓ થાય છે તે તારા સમજવામાં બરાબર આવ્યું હશે. એ સોળે બાળકોને એમના માબાપે મોઢે ચઢાવી એવાં તો ચીબાવલાં અને શક્તિવાળાં બનાવી દીધાં છે કે આ લોકમાં તેની શક્તિનું વર્ણન હજાર જીભોથી પણ થવું અશક્ય છે. ભાઇ પ્રકર્ષ! એ છોકરાઓની ઉદ્ધતાઇ તો તું જો! એ બાળકો પોતાની ચેષ્ટાથી આ બીજા સર્વે રાજાઓ બેઠા છે તેમને પણ માથે ચઢી બેસે છે. આવી રીતે ભાઇ પ્રકર્ષ! મેં તારી પાસે સંક્ષેપથી [3]મહામોહ રાજાના અંગત પરિવારનું વર્ણન કર્યું તે તેં બરાબર લક્ષ્ય આપીને સાંભળ્યું હશે."

---

૧ રાગકેસરીના વર્ણન માટે જુઓ પૃ. ૮૬૩-૪ તથા મૂઢતાના વર્ણન માટે જુઓ પૃ. ૮૬૪.

૨ **ક્રોધ** અને **માન** 'દ્વેષ'થી ઉત્પન્ન થાય છે અને **માયા** તથા **લોભ** 'રાગ'થી ઉત્પન્ન થાય છે એ બાબત આ વિવેચનમાં બતાવી છે.

૩ **મહામોહના અંગત પરિવારનું વર્ણનઃ** પ્રકરણ ૧૨ થી શરૂ થયું તે અહિં પૂર્ણ થાય છે. આવતા પ્રકરણમાં એનું લશ્કરી બળ કેટલું છે તે બતાવશે અને પછી તેના મિત્રરાજાઓ (allies) નું વર્ણન ત્યાર પછીના પ્રકરણમાં થશે. આથી મહામોહના લશ્કરી બળનો બરાબર ખ્યાલ આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૭ મું.

## મહામોહનું સામંતચક્ર.

મામા આજે બરાબર ખીલ્યા હતા. મહામોહનો આખો અંગત પરિવાર વર્ણવી ગયા, એના ખાસ સેનાપતિ, છોકરા, છોકરાના છોકરા અને મકરધ્વજપરિવાર તથા પાંચ ઘરના મનુષ્યો વર્ણવ્યા. ત્યાર પછી એ મહારાજાના પોતાના લશ્કરી બળનું તેમજ તેનાં મિત્રરાજ્યોના બળનું વર્ણન કરવું રહ્યું તે પણ તે ચૂક્યા નહિ. હજુ પ્રકર્ષ કાંઇ સવાલ પૂછે ત્યાં તો મામાએજ વાત આગળ ચલાવી:-

"હવે ભાઇ પ્રકર્ષ! એ મહામોહ રાજાને બેસવાના સિંહાસનની નજીક જે રાજાઓ દેખાય છે તે મહામોહ રાજાના ખાસ અંગભૂત લશ્કરીઓ-સેનાનીઓ છે તેનું વર્ણન હવે તારી પાસે સંક્ષેપમાં કરૂં છું તે સાંભળ:-

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### વિષયાભિલાષ મંત્રી.

"ત્યાર પછી રાગકેસરીની પાસે બેઠેલ જે રાજા જેવો દેખાય છે, જેણે સુંદર લલનાની સાથે બાથ ભીડેલી જણાય છે (સ્પર્શેંદ્રિયનો વિષય), મુખમાં સુગંધીવાળું સુંદર પાન ચાવી રહ્યો છે (રસેંદ્રિયનો વિષય), જેની આજુબાજુ ઝણઝણાટ કરતા ભમરાઓની પંક્તિ ઉત્કટ મનોહર સુગંધીનું સૂચવન કરતી રહી હોઇ જે કમળની સુગંધીને વારંવાર લીધા કરે છે (ઘ્રાણેંદ્રિયનો વિષય), જે પોતાની સ્ત્રીના સુંદર મુખકમળ ઉપર પોતાની નજર અચૂકપણે નાખી રહેલો છે (ચક્ષુરિંદ્રિયનો વિષય), જે વીણા, ઝાંઝર તથા કાકલી[1] જેવાં વાજિંત્રના અવાજમાં ઘણો આસક્ત થયેલો દેખાય છે (શ્રોત્રેંદ્રિયનો

---

[1] કાકલીઃ એક જાતનું વાજિંત્ર છે. અમુક ઘરનો માણસ જાગે છે કે નહિ તેની પરીક્ષા કરવા સારૂ એ. વાજિંત્રનો ઉપયોગ ચોર લોકો ઘણો કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષય ) અને જે આવી રીતે પાંચે ઇંદ્રિયના વિષયમાં આસક્ત રહી તેને ભોગવવામાં આખી દુનિયાના સર્વ પદાર્થો જાણે પોતાની મુઠ્ઠીમાં હોય એમ માનીને જ કામ લે છે તે પેલા રાગકેસરી રાજાનો મંત્રી જેની પ્રખ્યાતિ આપણે ઘણીવાર સાંભળી હતી અને જેને જોવા માટે આપણે અહીં ખાસ આવ્યા છીએ તે **વિષયાભિલાષ** છે.

"તને યાદ હશે કે આપણને મિથ્યાભિમાને કહ્યું હતું[1] કે વિષયાભિલાષને પાંચ છોકરાઓ છે જેના જોરથી એ મંત્રી આ આખી દુનિયાને પોતાને વશ કરીને રહે છે અને સર્વને પોતાની જેવા વિષય ભોગવતા બનાવી મૂકે છે. જો! તેની સાથે એ પાંચે છોકરાઓ પણ દેખાય છે. એ **વિષયાભિલાષ** મંત્રીએ હુકમ કરેલા[2] જે જે પ્રાણીઓ જોવામાં આવે છે તેઓ સર્વે સ્પર્શ, રસ, સુગંધ, રૂપ અને શબ્દમાં આસક્ત થઇ જાય છે અને એક વાર એને વશ પડી જાય છે એટલે પછી અમુક કામ કરવા જેવું છે કે નહિ તે જાણતા નથી, અમુક બાબત પોતાને હિત કરનારી છે કે નુકસાન કરનારી છે તે વિસરી જાય છે, અમુક વસ્તુ ખાવા યોગ્ય છે કે તજવા યોગ્ય છે તે સમજતા નથી અને ધર્મ અને અધર્મના વિચારને તો તેઓ દેશવટો આપી દે છે. એ તો માત્ર એ પ્રેરણા કરનારા મનુષ્યોની દોસ્તીમાંજ આનંદ માને છે અને સર્વ વખત તેમાંજ રાચી માચી રહે છે અને જાણે તદ્દન જડ હોય નહિ તેમ બીજા કોઇને દેખતા નથી, બીજાને મળતા નથી, બીજાની વાત સાંભળતા નથી, અને જેવો આપણો [3]જડ કુમાર છે તેવાજ પ્રાયે થઇ જાય છે. રસનાને ઉત્પન્ન કરનાર આ **વિષયાભિલાષ** જ છે એમ એના દર્શનપરથી નિર્ણય થાય છે અને બુદ્ધિપૂર્વક વિચાર કરતાં એ બાબત ચોક્કસ થાય છે. એનામાં ઘણી વિશાળ બુદ્ધિ હોવાને લીધે એ એકલો રાગકેસરી રાજાનું રાજ્ય અનેક ખટપટો કરીને ચલાવે છે અને એમાં એ કોઇથી જરા પણ ગાંજ્યો જતો નથી. [4]બહિરંગ પ્રદેશમાં રહેલા મનુષ્યો ત્યાં સુધી જ પંડિત છે અને ત્યાં સુધી જ પોતાના વ્રતોમાં દૃઢ રહી શકે છે કે જ્યાં સુધી એ **વિષયાભિલાષ**

---

૧ જુઓ પૃ. ૭૯૨.

૨ **હુકમ કરેલાઃ વિષયા**ભિલાષની અસર તળે આવેલા.

૩ **વિચક્ષણ** અને **જડ** બન્ને ભાઈ છે, વિચક્ષણનો સાળો **વિમર્શ** થાય છે અને મામા ભાણેજ **રસનાના** મુળની શોધ કરવા અહીં આવ્યા છે-એ વાત અત્ર લક્ષ્યમાં રાખવી.

૪ આ તદ્દન બાહ્ય દૃષ્ટિવાળા માટે સમજવું. એને જીતનારનું વર્ણન આગળના પ્રકરણોમાં આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી તેઓને ઉપાડીને કોઇપણ બાબતમાં આજુબાજુ (ભેખડે) ચઢાવી દેતો નથી, પરંતુ જેવો એ મહાબુદ્ધિશાળી પ્રધાન કોઇપણ વખતે પોતાની શક્તિનો પ્રયોગ બહિરંગ મનુષ્યો ઉપર આદરી બેસે છે એટલે એનાથી હણાઇ ગયેલા તેઓ તો બાપડા જાણે બાળક હોય તેમ પોતાનાં વ્રતોનો આગ્રહ છોડી દઇને અને સર્વ પ્રકારની લાજ શરમ પણ મૂકી દઇને આ ભાઇસાહેબના નોકર થઇને રહે છે, તેને તાબે પડી જાય છે, તેને વશ થઇ રહે છે. અહીં જે રાજાઓ છે તે સર્વનું પ્રાણીઓ ઉપરનું જે સામ્રાજ્ય (રાજ્ય–સત્તા) છે તેને એ વિષયાભિલાષ વજીર ઘણું જ વધારી મૂકે છે અને તેથી બહિરંગ પ્રદેશમાં રહેનારા પ્રાણીઓને એ અમાત્ય હમેશા ઘણું જ દુઃખ દેનાર થાય છે, કારણ કે એ મંત્રીવરના હુકમથી બાહ્ય પ્રદેશમાં રહેલા પ્રાણીઓ પાપ કરે છે અને એવી રીતે તેઓ જે પાપ કરે છે તે પાપ તેમને આ ભવમાં અને પરભવમાં દુઃખ દેનાર થાય છે; તેથી પાપની પ્રેરણા કરનાર તે આ પ્રાણીને ખરેખર દુઃખ દેનાર છે એમ સમજવું. એ વિષયાભિલાષ નીતિના જૂદા જૂદા માર્ગોમાં ઘણો જ કાબેલ છે, દૂષણ વિનાના મહાન્ પુરૂષાર્થવાળો છે, પારકા માણસોનાં મનને ભેદી નાખવાના ઉપાય ખોળવાના કાર્યમાં બહુ હુશિયાર છે, મનભંગના વ્યાધિનો ઉપાય કરવામાં કુશળ છે, સર્વ હકીકતથી સંપૂર્ણ માહિતગાર છે, કોઇની સાથે લડાઇ કે સુલેહ કરાવવી હોય તો તે કામમાં પણ પ્રવીણ છે અને ટુંકામાં કહીએ તો દરેક કામમાં કુશળ અને અનેક બાબતમાં પહોંચી વળે તેવો છે. આના જેવો આખી દુનિયામાં બીજો કોઇ મંત્રી છે જ નહિ. એની ઘણી વાત શી કરવી! સંક્ષેપમાં કહું તો રાજ્યપદ્ધતિનું કામકાજ ચલાવનાર એ મંત્રી છે ત્યાંસુધી જ પેલા રાજાઓનું રાજ નભે છે અને એ મંત્રી વગર એ રાજાઓનાં રાજ્યમાં બધે અંધેર થઇ જાય એટલામાં તારે બધું સમજી જવું.”

બુદ્ધિનો દિકરો.

પ્રકર્ષ અત્યંત આનંદમાં આવીને બોલ્યો “બહુ સારૂં, મામા! ઘણું સારૂ, તમે તો ઘણો જ સારો નિર્ણય બતાવ્યો અને તે વાત એટલી ચોક્કસ જણાય છે કે તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલી પણ ફરી શકે તેમ લાગતું નથી. આપ કહો છો તેવા જ પ્રકારનો વિષયાભિલાષ મંત્રી જણાય છે તેમાં જરા પણ શંકા કરવા જેવું હોય તેમ મને લાગતું નથી; કારણ કે એને મેં જ્યારે પ્રથમ જોયો ત્યારે એની આકૃતિ ઉપરથી જ એનામાં આપે વર્ણવ્યા તેવા સર્વે ગુણો છે એમ મારા મનમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યું હતું અને આપે કરેલા તેના વર્ણનથી એ વાત બરાબર સાચી પડે છે."

વિમર્શ—"તારા જેવા ચાલાક માણસો એક માણસને જોતાં જ તેનામાં કેટલા ગુણો છે અને કેટલા અવગુણો છે એ તેના આકાર ઉપરથી નિર્ણય કરે તો તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. કારણ કે:-

ज्ञायते रुपतो जातिर्जातेः शीलं शुभाशुभम् ।
शीलाद्गुणाः प्रभासन्ते, गुणैः सत्वं महाधियाम् ॥

'બુદ્ધિશાળી મનુષ્યોને પ્રાણીના રૂપથી એની જાતિ જણાઇ આવે છે, જાતિથી એના સારા ખરાબ વર્તનની ખબર પડી જાય છે, વર્તનથી ગુણો જણાઇ આવે છે અને ગુણથી સત્ત્વ પરખાઈ જાય છે.

મોરનાં ઇંડાંને ચીતરવા પડતા નથી.

"ભાઇ! તેં આ મંત્રીને જોઇને તેના જ ગુણો ધ્યાનમાં લીધા છે એવું નથી પરંતુ આ સર્વ રાજાઓને જોતાં જ તેઓમાં ક્યા ક્યા ગુણ અવગુણ છે તે તારા લક્ષ્યમાં આવી ગયું છે. તું મારી બહેન બુદ્ધિદેવીનો પુત્ર છે તેથી નિર્ણય કરતાં તને વખત ન જ લાગવો જોઇએ અને હું જાણું છું કે તું મને સવાલ કરે છે એ તો એક તારી જાતવાનપણાની નિશાની છે, મોટાને માન આપવાની ઉદાર રીતિ છે અને તારી એક પ્રકારની મહત્તા છે."

## ભોગ તૃષ્ણા.

પ્રકર્ષ—"ઠીક મામા! ઠીક, એ મંત્રીની પાસે [1]મુગ્ધ ચક્ષુવાળી લલના બેઠી છે તે એની સ્ત્રી જેવી જણાય છે તેનું નામ શું છે અને તે કેવી છે તે આપ મને બરાબર જણાવો."

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ! એ ભોગતૃષ્ણાના નામથી ઓળખાય છે. એના સર્વ ગુણો એના પતિ વિષયાભિલાષને બરાબર મળતા છે.

## મોહરાયના લડવૈયાઓ.

"વળી એ મહામંત્રીની આજુબાજુમાં તથા આગળ અને પાછળ રાજા જેવાં કપડાં પહેરીને જે પુરૂષો ઊભેલા દેખાય છે અને જેઓએ

1 ભોગતૃષ્ણામાં મુગ્ધતા એટલે બેવકુફાઇ અને સાદાઈ બન્ને હોય છે તેથી આ વિશેષણ તેને બરોબર યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનાં મસ્તકો મંત્રીને નમાવ્યાં છે તે [1]દુષ્ટાભિસંધિ વિગેરે મોટા લડવૈયાઓ છે અને તેઓ સર્વે મોહરાજાના ખાસ અંગત સેનાનીઓ છે. એ સર્વ સેનાનીઓ મહામોહ રાજાને ઘણા વહાલા છે, રાગકેસરીના માનીતા છે અને દ્વેષગજેન્દ્રની સેવામાં સર્વે વખતોવખત હાજર રહે છે. વિષયાભિલાષ મંત્રી જેવો હુકમ કરે કે તેઓ સર્વ અથવા જેનો ખપ હોય તે રાજ્યની સેવામાં પ્રવર્તવા મંડી જાય છે અને તેનો હુકમ થતાં સુધી તે કામમાંથી જરા પણ પાછા હઠતા નથી. બાહ્ય લોકમાં રહેનાર પ્રાણીઓને હલકા પ્રકારની પીડા કરનાર જે જે અંતરંગના રાજાઓ છે તે સર્વ પણ આ રાજાઓમાં જ છે અને તે આ (તૃષ્ણા) વેદિની પાસે બધા આવીને બેઠેલા છે તેમને તું જોઇ લે. વળી બાહ્ય લોકમાં હલકા હલકા ઉપદ્રવ કરનાર કેટલીક સ્ત્રીઓ પણ છે અને કેટલાંક બાળકો પણ છે તે સર્વ એ રાજાની વચ્ચે આવીને રહેલા છે તે જોવાથી બરાબર દેખાઇ આવે છે. તે એટલા બધા છે કે તેમની સંખ્યાનું માપ પણ થઇ શકે તેમ નથી, તો પછી તે સર્વનું નિવેદન તો કેવી રીતે કરી શકાય? તે સર્વમાં જે અગત્યના પરિવારભૂત હતા તેમની હકીકત મેં તને ટુંકમાં કહી સંભળાવી છે. એ સર્વ રાજા જેવા દેખાય છે તે મોહરાયના સેનાનીઓ છે."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૧૮ મું.

## મહામોહના મિત્રરાજાઓ. ( Allies )

મામાએ મહામોહ રાજાનો પરિવાર બતાવી આપ્યો, મોહરાજાના પુત્ર રાગકેસરીના મંત્રી વિષયાભિલાષને અને તેની સ્ત્રીને ઓળખાવ્યા, એના મોટા લશ્કરી બળનો ખ્યાલ આપ્યો. એ ઉપરાંત મોહરાયના મિત્રરાજાઓ કેટલાક હતા તે સર્વ ત્યાં હાજર હતા. તેની ઓળખાણ કરાવતાં મામાભાણેજ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

૧ પૃષ્ઠ ૫૭૨ (પ્ર. ૩ પ્ર. ૨૧) માં રૌદ્રચિત્તપુરના વર્ણનમાં ત્યાંના રાજા તરીકે આ દુષ્ટાભિસંધિનું વર્ણન આવી ગયું છે તે જુઓ.

પ્રકર્ષ—"મામા! આપે વેદિકાની અંદર રહેલાઓનું વિવેચન તો ઠીક કર્યું. હવે એ વેદિકાના દરવાજાની બહાર બીજા સાત રાજાઓ દેખાય છે જે સર્વે મોટા વિશાળ મંડપમાં બેઠેલા છે, જે દરેકની સાથે વળી જૂદો જૂદો નાનો મોટો પરિવાર છે અને જેઓનાં રૂપ ગુણો પણ સ્પષ્ટ જૂદા જૂદા પ્રકારના જણાય છે તે સર્વ રાજાઓનાં શું શું નામો છે અને પ્રત્યેકના શું શું ગુણો છે તે મને સમજાવો."

## મોહરાયના બહિર્ભૂત સેનાનીઓ.
## સાત રાજાઓ અને તેમનો પરિવાર.

વિમર્શ—"એ સાતે મોટા રાજાઓ છે અને **મહામોહ** રાજાના લશ્કરમાં બાહ્ય લશ્કરીઓ છે એટલે તેઓનો સમાવેશ મહામોહના લશ્કરમાં થાય છે, પણ તે મહામોહના અંગીભૂત સેનાનીઓ નથી, બહારથી મદદ આપવા માટે આવેલા ભાયાત રાજાઓ જેવા છે.

**જ્ઞાનસંવરણ.** ૧

"એ રાજાઓમાં સર્વથી પ્રથમ રાજા જે દેખાય છે અને જે [1]પાંચ મનુષ્યોથી પરવરેલ છે તે ઘણો જાણીતો મહારાજા છે અને **જ્ઞાનસંવરણ**ના નામથી પ્રસિદ્ધિ પામેલો છે. એનામાં એટલી જબરી શક્તિ છે કે તે જાતે તો અહીં રહે છે છતાં પોતાની શક્તિથી બાહ્ય પ્રદેશમાં રહેલા પ્રાણીઓને જ્ઞાનરૂપી પ્રકાશ વગરના એકદમ અંધ બનાવી મૂકે છે, એટલે લોકોની સમજણ-વિચારણા-દીર્ઘદૃષ્ટિ વિગેરે સર્વ બહેરી કરી મૂકે છે. એ રાજા ગાઢ અજ્ઞાનઅંધકાર વડે લોકોને મુંઝવી નાંખે છે તેથી શિષ્ટ લોકો એને મોહનું ઉપનામ પણ આપે છે.

**દર્શનાવરણ.** ૨

"ત્યાર પછી બીજો રાજા જેની આજુબાજુ [2]નવ મનુષ્યો બેઠેલા

---

૧ **મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ** અને **કેવળજ્ઞાનાવરણ** (કર્મગ્રંથ પ્રથમ ગાથા ૪ થી ૯ સુધી ટીકા જુઓ). જ્ઞાન આત્મિક ગુણ છે. આ રાજા તેના ઉપર આવરણ કરે છે તેથી પ્રાણીનો આંતર પ્રકાશ ઘટતો જાય છે. એના પાંચ પ્રકાર બહુ સમજવા યોગ્ય છે.

૨ **દર્શનાવરણીય** કર્મની **નવ** પ્રકૃતિ છેઃ **ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ; નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા,** અને **થિણદ્ધિ** (કર્મગ્રંથ પ્રથમ-ગાથા ૧૦ મી). છેલ્લા પાંચ નિદ્રાના પ્રકાર છે. દર્શન એટલે જોવું. એ પણ જ્ઞાનની પેઠે આત્માનો ગુણ છે અને તેનાપર ઉક્ત રાજા આવરણ કરે છે. પાંચ નિદ્રાને સ્ત્રી રૂપક આપ્યું છે અને ચાર પ્રકૃતિને પુરૂષાકાર આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખાય છે તેનું નામ દર્શનાવરણ છે. એ નવ મનુષ્યોમાં જે પાંચ સુંદર સ્ત્રીઓ દેખાય છે તે પોતાની શક્તિવડે આખી દુનિયાને ઉંઘતી કરી મૂકે છે અને તેની પાસે જે ચાર પુરૂષો ઊભેલા જણાય છે તેના જોરથી એ આખી દુનિયાને તદ્દન અંધ બનાવી મૂકે છે.

**વેદનીય.**　　　૩

"ભાઇ પ્રકર્ષ! ત્યાર પછી [1]બે માણસના પરિવારયુક્ત રાજા દેખાય છે તે વિખ્યાત પુરૂષાતનવાળો **વેદનીય** નામનો રાજા છે. એમાંનો પ્રથમ પુરૂષ દુનિયામાં **સાતા**ના નામથી પ્રસિદ્ધિ પામેલ છે, તે સર્વ દેવમનુષ્યાદિને અનેક પ્રકારના આનંદ કરાવે છે અને ત્રણ ભુવનને લહેરથી હસતા કરી મૂકે છે જ્યારે તેની સાથે બીજો પુરૂષ દેખાય છે તે **અસાતા**ના નામથી દુનિયામાં ઓળખાય છે અને તે સર્વને અનેક પ્રકારના સંતાપ કરે છે, દુઃખ આપનાર થાય છે.

**આયુષ્ય.**　　　૪

"ભાઇ! ત્યાર પછી મોટાં નાનાં ચાર[2] છોકરાંના આકારવાળા માણસોથી પરવરેલો રાજા તારા જોવામાં આવે છે તેને દુનિયાનાં સર્વ માણસો **આયુષ્ય**ના નામથી ઓળખે છે તે પ્રત્યેક ભવમાં તે છોકરાંઓનાં તેજ વડે સમયનો નિર્ણય કરી આપે છે, એટલે તે તે ભવમાં પ્રાણીઓને રહેવાની સ્થિતિનું પ્રમાણ કરી આપે છે.

**નામ.**　　　૫

"ત્યાર પછી ભદ્ર! જે [3]બેંતાળીશ મનુષ્યોના પરિવારથી પર-

---

૧ **વેદનીય** કર્મના બે ભેદ છેઃ **સાતા** અને **અસાતા** (પ્રથમ કર્મગ્રંથ ગા. ૧૨ મી). વેદનીય કર્મ સુખદુઃખ(શારીરિક)નો અનુભવ કરાવે છે.

૨ આયુઃ કર્મના ચાર ભેદ છેઃ **દેવગતિઆયુષ્ય**, **મનુષ્યઆયુષ્ય**, **તિર્યંચઆયુષ્ય અને નારકઆયુષ્ય**, (પ્ર. કર્મ. ગા. ૨૩ મી), પ્રત્યેક ગતિમાં કેટલો વખત જીવવું તે મુકરર કરવાનું કાર્ય આ રાજાના હાથમાં છે.

૩ ગતિ, જાતિ, શરીર, ઉપાંગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અનુપૂર્વી, વિહાયોગતિ (એ ચૌદ **પિંડપ્રકૃતિ**). ૧૪

પરાઘાત, ઉસાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ, ઉપઘાત (**એ આઠ પ્રત્યેક પ્રકૃતિ**) ૮

ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, જશ (**એ ત્રસદશક**) અને તેથી ઉલટા સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્તા, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ (એ **સ્થાવરદશક**). ૨૦

એવી રીતે ૪૨ પ્રકૃતિ નામકર્મની થઇ. એના વર્ણન માટે જુઓ પ્રથમ કર્મગ્રંથ. વિસ્તારથી પિંડ પ્રકૃતિના ભેદો ગણતાં તેના ૧૦૩ ભેદ થાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વરેલો રાજા દેખાય છે તેનું નામ **નામ** છે અને તે પણ ઘણો જ પ્રસિદ્ધિ પામેલો છે અને બહુ બળવાન્ છે. એની પાસે જે માણસો છે તેના જોરથી સ્થિર અને ચર સર્વ પ્રાણી વર્ગને એ એટલી જાતની વિડંબનાઓ આપે છે કે તેનું વર્ણન કરવું લગભગ અશક્ય છે. તમે આ દુનિયામાં જોતા હશો કે કેટલાક પ્રાણીઓને દેવ બનાવવામાં આવે છે, કેટલાકને મનુષ્ય બનાવવામાં આવે છે, કેટલાકને નારક બનાવવામાં આવે છે અને કેટલાકને પશુનું રૂપ ધારણ કરાવવામાં આવે છે (એ ગતિ નામકર્મનું પરિણામ છે), કેટલાક એક બે ત્રણ ચાર અથવા પાંચ ઇંદ્રિયો ધારણ કરે છે ( એ જાતિ નામકર્મનું પરિણામ છે ) તથા જૂદા જૂદા પ્રકારનાં શરીરોમાં આવીને રહે છે ( એ શરીર નામકર્મનું પરિણામ છે), વળી તેના પ્રભાવથી પ્રાણીઓને જૂદા જૂદા પ્રકારનાં શરીર સાથે નવા નવા પુદ્ગલોનો સંબંધ કરે છે ( **બંધન** નામકર્મનું પરિણામ છે ) અંગોપાંગો થાય છે ( એ ઉપાંગ નામકર્મનું પરિણામ છે ), તેઓને શરીરસંબંધી સંઘાતન[1] કરવામાં ઉદ્યુક્ત થયેલા જોવામાં આવે છે ( એ **સંઘાતન** નામકર્મનું પરિણામ છે ), તેઓ જૂદા જૂદા પ્રકારના [2]સંઘયણો ધારણ કરે છે ( એ **સંઘયણ** નામકર્મનું પરિણામ છે), તેઓ જૂદા જૂદા પ્રકારના સંસ્થાનવાળા[3] દેખાય છે (એ **સંસ્થાન** નામકર્મનું પરિણામ છે), તથા પ્રાણીઓ રૂપમાં, ગંધમાં, રસમાં અને સ્પર્શમાં જૂદા પડે છે ( એ **વર્ણાદિ ચતુષ્ક** નામકર્મનું પરિણામ છે ), પ્રાણીઓ ભારે હળવાપણામાં પ્રમાણોપેત, ન્યૂન કે અધિક હોય છે, ( એ **અગુરૂલઘુ** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે ), કેટલાક પોતાના શરીરથી જ અથવા અંગોથી જ દુઃખ ખમનારા થાય છે ( એ **ઉપઘાત** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે ), કેટલાક ગમે તેવા બળવાનની સામે પણ ફતેહમંદ થઇ શકે છે ( એ **પરાઘાત** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે ), પોતપોતાને યોગ્ય સ્થાને જઇને જન્મ ધારણ કરે છે ( એ **અનુપૂર્વી** નામની પિંડ પ્રકૃતિનું પરિણામ છે ), કેટલાક શ્વાસોશ્વાસ લેવા વિગેરે તંદુરસ્તીની બાબતમાં ઘણા સુખી હોય છે અને શરીરે સ્વસ્થ હોય છે ( એ **ઉચ્છ્વાસ** નામની પ્રત્યેક

---

૧ **સંઘાતનઃ** ઔદારિક વિગેરે શરીરોના પુદ્ગળોને દંતાળાની પેઠે એકઠા કરવા તેનું નામ **સંઘાતન** કહેવામાં આવે છે ( પ્ર. ક. ગ્રં. ગા. ૩૬ ).

૨ **સંઘયણઃ** હાડકાના સમૂહની ગોઠવણ તે સંહનન-**સંઘયણ** કહેવામાં આવે છે.

૩ **સંસ્થાનઃ** શરીરની અમુક પ્રકારની આકૃતિ હોવી તેને સંસ્થાન કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિનું પરિણામ છે ), કેટલાક પોતે શીતળ શરીરવાળા હોવા છતાં પર પ્રાણીઓ ઉપર પોતાનાં કિરણોથી તાપ સારી રીતે લગાવી શકે છે ( એ **આતપ** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે ), કેટલાક પોતાનાં શાંત કિરણો ચોમેર ફેલાવી સર્વત્ર શાંતિ ઉત્પન્ન કરે છે ( એ **ઉદ્યોત** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે-ચંદ્રકિરણો એનું દૃષ્ટાન્ત છે), કેટલાકની ચાલ ઘણી સુંદર હોય છે અને કેટલાકની ઊંટ જેવી હોય છે ( એ શુભ અથવા અશુભ **વિહાયોગતિ** નામની પિંડ પ્રકૃતિનું પરિણામ છે), [1]કેટલાક પ્રાણીઓ **ત્રસ** (બેથી પાંચ ઇંદ્રિયવાળા) થાય છે ત્યારે કેટલાક **સ્થાવર** ( એક ઇંદ્રિયવાળા ) થાય છે, કેટલાક પ્રાણીઓનાં શરીર ચર્મચક્ષુથી દેખાય નહિ તેવા **સૂક્ષ્મ** થાય છે ત્યારે કેટલાકના **બાદર** ( ચર્મચક્ષુથી દેખી શકાય તેવા ) થાય છે, કેટલાક પોતાને યોગ્ય [2]પર્યાપ્તિ પૂરી કરી **પર્યાપ્તા** કહેવાય છે જ્યારે કેટલાક તે પૂરી કરી શકતા નથી તેવી સ્થિતિમાં તેઓ **અપર્યાપ્તા** કહેવાય છે, કેટલાક જીવો પોતપોતાના જૂદાં જૂદાં શરીરવાળા (**પ્રત્યેક**) થાય છે ત્યારે કેટલાક અનંત જીવોને રહેવા યોગ્ય એક સાધારણ શરીરવાળા (**સાધારણ**) થાય છે, એટલે એક સાધારણ શરીરમાં અનંત જીવો સાથે રહે છે, કેટલાકનાં દાંત હાડકાં વિગેરે સ્થિર ( **સ્થિર** નામકર્મથી ) થાય છે ત્યારે જીહ્વા, પાંપણ વિગેરે અસ્થિર (**અસ્થિર** નામકર્મથી) થાય છે, કેટલાકનો નાભિ ઉપરનો ભાગ સુંદર થાય છે (**શુભ**) જ્યારે કેટલાકનો નાભિ નીચેનો ભાગ અપ્રિય થાય છે (**અશુભ**), કેટલાક સૌભાગ્યશાળી હોય છે તેથી જ્યાં જાય ત્યાં પૂજા પ્રતિષ્ઠા પામે છે ત્યારે કેટલાક તેથી ઉલટી રીતે તદ્દન દુર્ભાગી હોય છે, તેથી તે જેને ત્યાં જાય તેને ત્યાં ધાડ પડે છે અને બેસે ત્યાં જમીન ખોદવી પડે છે એટલે દરેક સ્થળે અપમાન પામે છે તેવા કમનસીબ હોય છે ( **સુભગ** ને **દુર્ભગ** ), કેટલાકનો સ્વર એવો મધુર હોય છે કે તે ભાષણ કરે ત્યારે અથવા વાતો કરે ત્યારે સર્વને પ્રિય લાગે છે જ્યારે કેટલાક બોલવામાં તદ્દન કઠોર હોય છે, (**સુસ્વર** ને **દુસ્વર**) કેટલાકનાં વચનો દેશાંતરોમાં પણ માનનીય થઇ પડે છે ત્યારે કેટલાકનાં વચનો પોતાના ઘરમાં પણ આદરણીય થતાં નથી ( **આદેય** અને **અનાદેય** કર્મ ) કેટલાકની

---

૧ અહીંથી ત્રસદશક અને સ્થાવરદશકના ભેદો અરસ્પરસ મેળવીને લઇ લીધા છે. એના વિવેચન માટે જુઓ પ્રથમ ક. ગ્રંથ ગા. ૨૬-૨૭.

૨ **પર્યાપ્તિ** ૭ છે: આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ પૈકી એકેંદ્રિયને ચાર, બે ત્રણ ચાર ઇંદ્રિયવાળાને પાંચ તથા સંજ્ઞીને ૭ પર્યાપ્તિ હોય છે. ( જુઓ નવતત્ત્વ ગાથા ૫ મી ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]કીર્તિ સર્વત્ર ફેલાય છે અને દરરોજ વધતી રહે છે જ્યારે કેટલાકની આબરૂને બદલે ગેરઆબરૂ વધારે ફેલાય છે (**યશ ને અપયશ**), કેટલાકનાં શરીરનાં અંગોપાંગ જ્યાં જોઇએ ત્યાં યોગ્ય રીતે ગોઠવાયલાં હોય છે. (**નિર્માણ** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે), વળી આ દુનિયામાં કોઇ કોઇ મહાત્મા પુરૂષો તીર્થંકર થાય છે જેમનાં ચરણકમળો નમન કરી રહેલા દેવતાઓના મુગટોની શ્રેણીથી પૂજાતાં હોય છે અને જેઓ આ સંસારને ભેદી તેનો અંત પામે છે ( એ **તીર્થંકર** નામની પ્રત્યેક પ્રકૃતિનું પરિણામ છે )—આવી આવી જે અનેક પ્રકારની રચના જગતમાં થાય છે, જૂદા જૂદા પ્રકારની ગોઠવણો સારી ને ખરાબ થાય છે તે સર્વ આ **નામ** નામનો મહાબળવાન્ મહારાજા પોતાનાં મનુષ્યોનાં પરાક્રમથી ચારે તરફ ફેલાવે છે.

**ગોત્ર.** ૬

"ત્યાર પછી ભાઇ પ્રકર્ષ! તેની આગળ જે એક રાજા બેઠેલ દેખાય છે, જેની પાસે [2]બે આત્મીય પુરૂષો બેઠેલા છે તે તું જો. તેમાં એક તો **ઉચ્ચ ગોત્ર** છે અને બીજો **નીચ ગોત્ર** છે. એ રાજાને આ દુનિયામાં ગોત્રના નામથી ઓળખવામાં આવે છે અને પ્રાણીઓને સારા અથવા ખરાબ ગોત્રવાળા બનાવવાનું કારણ એ મહારાજા બને છે.

**અંતરાય.** ૭

"ત્યાર પછી સાતમો રાજા દેખાય છે જેની આજુબાજુ [3]પાંચ મનુષ્યો જાણે તેનાં પોતામય હોય તેવા દેખાય છે તે પણ જબરો પરાક્રમી છે અને તે આ દુનિયામાં **અંતરાય**ના નામથી ઓળખાય છે. એ રાજા બાહ્ય પ્રદેશમાં રહેલા મનુષ્યોને પોતાની શક્તિના જોરથી દાન આપવા દેતો નથી, ભોગ ઉપભોગમાં કોઇ વસ્તુ લેવા દેતો નથી, કોઇ વસ્તુઓનો લાભ થવા દેતો નથી અને પ્રાણીમાં જોર હોય તો પણ તેનો ઉપયોગ ન થઇ શકે તેવી કફોડી સ્થિતિમાં તેને મૂકી દેવાનું કામ કરે છે.

---

૧ **કીર્તિ** દિગંત પર્યંત જાય છે, જ્યારે **યશ** પોતાના નાના વર્તુળમાં રહે છે.

૨ ગોત્રકર્મની બે પ્રકૃતિ છે: **ઉચ્ચગોત્ર** અને **નીચગોત્ર**.

૩ આ **અંતરાય** કર્મની પાંચ પ્રકૃતિ છે: **દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય,** ( કોઇવાર વપરાશમાં લેવાની વસ્તુને ભોગ્ય વસ્તુ કહે છે ), **ઉપભોગાંતરાય** ( વારંવાર ઉપયોગમાં લેવાની વસ્તુને ઉપભોગ્ય કહે છે ) અને **વીર્યાંતરાય**.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભાઇ પ્રકર્ષ! આવી રીતે એ સાતે રાજાઓ સંબંધી સંક્ષેપમાં હકીકત તને કહી સંભળાવી, બાકી એ પ્રત્યેકની શક્તિ કેટલી છે અને કેવાં કેવાં કામો કરી શકે તેવા છે તે સંબંધી જો વિસ્તારથી વાત કહેવા માંડું તો તો મારૂં આખું જીવન જ પૂરૂં[1] થઇ જાય એટલી તેઓ સંબંધી વાતો છે."

મામાના આવા ગંભીર શબ્દો સાંભળીને પ્રકર્ષને મનમાં ઘણો આનંદ થયો અને બોલવા લાગ્યો, "મામા! તમે બહુ સારૂં કર્યું! એ સર્વ રાજાઓનું વર્ણન કરીને તમે મને આજે મોહના પાંજરામાંથી છોડાવી મૂક્યો એમ હું માનું છું."

**સાત રાજાઓને અંગે પ્રકર્ષનો ગંભીર પ્રશ્ન.**
**ખુલાસાપૂર્વક મામાનો વિચારણીય જવાબ.**
**મુખ્ય અને અંતર્ગત ધર્મોની પ્રધાનતા-ગૌણતા.**

મામાનો ઘણો ગંભીર ખુલાસો સાંભળીને પ્રકર્ષને ઘણો હર્ષ થયો, એને જિજ્ઞાસા તૃપ્ત કરવાની પ્રબળ ઇચ્છા વધતી ગઇ અને તેણે હર્ષપૂર્વક મામાને પૂછ્યું "મામા! મારા મનમાં એક શંકા રહેલ છે તે જો આપશ્રીની રજા હોય તો પૂછીને તેનો નિર્ણય કરી લઉં."

ભાણેજનો આવો પ્રશ્ન સાંભળીને મામા વિમર્શે તેના તરફ ઘણો સંતોષ બતાવ્યો અને તેને જે કાંઇ શંકા હોય તે ખુશીથી પૂછી લેવાની આજ્ઞા કરી, એટલે પ્રકર્ષે પૂછ્યું "મામા! તમે જે સાતે રાજાઓનું વર્ણન કર્યું તેઓના સંબંધમાં મને એક ઘણી નવાઇ ઉપજે તેવી હકીકત દેખવામાં આવી છે અને તે એ છે કે મંડપમાં બેઠેલા એ રાજાઓને જ્યારે ધારી ધારીને જોઉં છું ત્યારે તે પ્રત્યેકનો પરિવાર મારા જોવામાં આવતો નથી, વળી જરા વધારે બારિકીથી એના પરિવારને જોઉં છું ત્યારે તે રાજાઓ જોવામાં આવતા નથી[2] અને તમે

---

૧ એક કર્મના વિષય પર વિચાર કરતાં જીવન પૂરૂં થઇ જાય તે ખરેખરી વાત છે. કર્મનો સિદ્ધાંત જૈન સાહિત્યમાં બહુ વિસ્તારથી વૈજ્ઞાનિક નજરે ચર્ચાયલો છે. એના ખાસ ગ્રંથો कर्मग्रन्थ, कम्मपयडी અને पंचसंग्रह છે. તદુપરાંત સિદ્ધાન્ત અને પ્રકરણના લગભગ દરેક ગ્રન્થમાં એ સંબંધી વાતો આવે છે. જૈન યોગની વિચારણામાં પણ કર્મના બંધ ઉદયના વિચારો અગ્ર સ્થાન ભોગવે છે. ગુણસ્થાનમાં કર્મનો જ વિચાર છે અને જીવાદિ નવ પદાર્થ જાણે તેને સમ્યકત્વ હોય છે એમ કહ્યું છે ત્યાં પણ કર્મની વાત અગ્ર સ્થાન ભોગવે છે. કર્મનો વિષય સમજવો એટલે જૈન દર્શનના જ્ઞાનની ચાવી પ્રાપ્ત કરવી એમ સમજવું.

૨ બન્ને એકી વખતે દેખાતા નથીઃ રાજાને જોઉં છું તો પરિવાર દેખાતો નથી, પરિવારને અવલોકીને જોઉં છું તો રાજા દેખાતો નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે ઉપર વર્ણન કર્યું ત્યારે તો તે દરેકનાં નામો તથા ગુણો જૂદાં જૂદાં બતાવ્યાં હતાં, તેથી રાજાઓ અને તેમનો પરિવાર જૂદો હોય એમ મને લાગ્યું હતું. ત્યારે એ હકીકત વાસ્તવિક રીતે કેમ છે તે આપ મને બરાબર સ્પષ્ટ કરીને સમજાવો."

વિમર્શ મામાએ જવાબમાં કહ્યું "ભાઇ! આ બાબતમાં તારે જરા પણ વિસ્મય પામવા જેવું નથી. જેમ તું એકી વખતે એ( નાયક અને તેના પરીવાર )ને દેખી શકતો નથી તેમ જ બીજો કોઇ પણ અહીં એકી વખતે બેને દેખી શકે એવો નથી; કારણ કે એ બન્નેને જાણનાર જે હોય છે તેઓ જાણે જ છે કે એકી સાથે-એક વખતે તે બન્ને હોતા નથી, પણ તે વખતે મનમાં એવો ભાવ થાય છે કે બીજા પણ છે. દાખલા તરીકે કોઇ પણ પ્રકારના આવરણ વગરના સંપૂર્ણ જ્ઞાનવાળા સર્વજ્ઞ કેવળીઓ પણ એ રાજા અને તેમનો પ્રત્યેકનો પરિવાર એક સમયે એક સાથે નથી એ પ્રમાણે જાણે છે; એનું કારણ એ છે કે એ સાતે રાજાઓ ( જેને વર્ણવવામાં આવ્યા છે તે ) [1]સામાન્ય રૂપે છે અને એમનો પરિવાર છે તે [2]વિશેષ રૂપે છે. આથી તારા સમજવામાં આવ્યું હશે કે અવયવને ધારણ કરનાર ( અવયવી ) તે અહીં સામાન્ય છે અને તેના અવયવો વિશેષ રૂપ છે, અથવા બીજી રીતે કહીએ તો એ સાતે રાજાઓને અંશીઓ-અંશો ધારણ કરનારા અથવા અંશવાળા કહેવાય ત્યારે એના પરિવારને અંશ કહેવાય. એમાં સૂક્ષ્મ દૃષ્ટિથી સમજવા જેવી હકીકત એ છે કે સામાન્ય અને વિશેષ બન્ને કોઇ પણ પ્રાણીને એકી વખતે જ્ઞાનગોચર થઇ શકતા નથી, કારણ કે તેવી રીતે એકી વખતે જ્ઞાનગોચર ન થવું એ સામાન્ય અને વિશેષની ખાસ પ્રકૃતિ છે-તેનો સ્વભાવ જ એવો છે કે બન્ને એકી વખતે એક જ સાથે જ્ઞાનનો વિષય ન થાય; એ બન્નેમાં દેશથી અથવા કાળથી અથવા તો સ્વભાવથી જરા પણ કોઇ-પણ પ્રકારનો ભેદ નથી, કારણ કે બન્ને તાદાત્મ્ય રૂપે-એક રૂપે સાથે રહે છે, તેથી હે ભાઇ! તે બન્ને તને એક રૂપ જ દેખાય છે. એક દાખલો હું તને બતાવું તો તેથી તારા લક્ષ્યમાં આ હકીકત બરાબર આવી જશે તે તું ધ્યાન રાખીને સમજી લે.

સાત રાજાનું સામાન્ય વિશેષ સ્વરૂપ.

---

૧ ન્યાયની પરિભાષામાં એને **જાતિ** કહેવામાં આવે છે. પાશ્ચાત્ય લૉજીકમાં એને Genus કહેવામાં આવે છે.

૨ ન્યાયની પરિભાષામાં એને **વ્યક્તિ** કહેવામાં આવે છે. પાશ્ચાત્ય લૉજીકમાં એને Species કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામાન્ય વિશેષનું સ્વરૂપ.

"એક જંગલ છે. તેમાં ધાવડા,[1] આંબા અને [2]ખદિર (ખેર) નાં ઝાડો છે. હવે ઝાડથી ભેદ પાડે-જૂદા પડે એવા ત્યાં કયા ધાવડા આંબા કે ખદિર છે? અને ધાવડા આંબા અને ખદિર વગર ત્યાં કયાં ઝાડ છે તે પણ વિચારી જો. બન્ને વાત એક જ છે, પણ એક વખત ઝાડ રૂપ સામાન્ય ઉપર લક્ષ્ય છે અને બીજી વખત ધાવડા આદિ વિશેષ પર લક્ષ્ય છે.[3] એક બીજો દાખલો વિચારીએ: શ્રુતસ્કંધ વગર[4] અધ્યયન હોવાનો સંભવ નથી અને અધ્યયન વગર શ્રુતસ્કંધ નથી. માત્ર વાત એટલી છે કે એકી વખતે બન્નેને જોઇ શકાતા નથી માટે તે દેખાતા જ નથી એમ નહિ પરંતુ જૂદા જૂદા વખતની અપેક્ષા ધ્યાનમાં લઇને વાત કરીએ તો તેઓ દેખી શકાય છે. મતલબ એક વખતે જો જોઇએ તો એક જ જણાય છે, પણ જૂદે જૂદે વખતે પ્રથક્ પ્રથક્ જણાય છે, પણ એક વખતે બન્ને દેખાતા નથી. એક

---

૧ ધવ પ્રસિદ્ધ છે, એને મોટાં પાંદડાં થાય છે.

૨ ખદિરને મોટાં પાદડાં હોય છે તેનાં પતરાળાં (પાતળ) બને છે.

૩ ખદિરમાં ખદિરપણું અને વૃક્ષપણું બન્ને રહેલાં છે તેમ ધવમાં ધવપણું અને વૃક્ષપણું, આમ્રમાં આમ્રપણું અને વૃક્ષપણું, વડમાં વડપણું અને વૃક્ષપણું-આવી રીતે દરેક વૃક્ષમાં આવા બે બે ધર્મો રહેલા છે. તેમાં વૃક્ષપણું દરેકમાં છે અને ખદિરપણું ખદિરમાં, ધવપણું ધવમાં, આમ્રપણું આમ્રમાં, વડપણું વડમાં એ એકેકમાં જૂદું જૂદું રહેલું છે. આમાં વૃક્ષપણું સામાન્ય ધર્મ કહેવાય છે અને ખદિરપણું, ધવપણું વિગેરે વિશેષ ધર્મ કહેવાય છે. આ સંબંધી જ્યારે વિચારીએ ત્યારે જણાય છે કે ખદિરાદિપણું વૃક્ષપણાને છોડીને રહેતું નથી તેમજ વૃક્ષપણું પણ ખદિરાદિપણાને છોડીને રહેતું નથી. હવે જ્યારે એક ધર્મનો મુખ્યપણે વિચાર કરીએ છીએ ત્યારે બીજો ગૌણપણે ઢંકાયલો રહે છે. જેમકે એક બાગમાં ખદિરાદિ વૃક્ષો રહેલાં છે તેમાં જ્યારે વૃક્ષપણા રૂપ ધર્મનો વિચાર કરવામાં આવે ત્યારે આ વૃક્ષ આ વૃક્ષ આ વૃક્ષ એમ સઘળાંની વૃક્ષપણામાં સમાપ્તિ થાય પણ ખદિરપણાદિ તરીકે કોઇ જૂદું ન થાય. તેમજ ખદિરપણું વિગેરે ધર્મનો વિચાર કરવામાં આવે ત્યારે આ ખદિર, આ ધવ, આ આમ્ર, આ વડ, વિગેરેમાં સમાપ્તિ થાય પરંતુ આ સિવાય કોઇ એકાદે ખાસ વૃક્ષ તરીકે જ જૂદું ન પડે—આમ જો કે હરકોઇ વખતે બન્ને ધર્મો દરેકમાં રહેલા છે છતાં એકને મુખ્ય તરીકે જ્યારે વિચારણામાં આવે ત્યારે બીજો ધર્મ ગૌણપણે રહે છે અને બીજાને જ્યારે મુખ્યપણે વિચારવામાં આવે ત્યારે પ્રથમનો ગૌણપણે રહે છે. એકી વખતે બે ધર્મો મુખ્યપણે ન હોય.

૪ **શ્રુતસ્કંધ:** અનેક અધ્યયનોનો સમુદાય. આપણે અત્યારે જોઇએ તો પુસ્તક વગર પ્રકરણો નહિ અને પ્રકરણો વગર પુસ્તક નહિ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર ધ્યાન હોય ત્યારે બીજો નથી એમ જણાય છે. દાખલા તરીકે બહુ દૂરથી તમે જંગલ સામે નજર કરતા હો તો તમને ઝાડો દેખાશે, વૃક્ષોની ઘટા દેખાશે, પણ તેમાં ધાવડા, આંબા કે ખદિર દેખી શકાશે નહિ અને તમે તેને જૂદાં જૂદાં જાણી પણ શકશો નહિ. ત્યાર પછી તમે નજીક જશો ત્યારે તે જ વૃક્ષો તમને ધાવડા, આંબા તથા ખદિર દેખાશે પરંતુ વૃક્ષ તરીકે કોઇ જૂદું દેખાશે નહીં. હવે તેવી રીતે ધાવડા વિગેરે દેખાશે તેનાથી ઝાડ જૂદા નથી એ તો સહજ સમજાય તેવું છે. જો કાળની અપેક્ષા લઇને બોલીએ તો તમે બે વસ્તુ દેખી છે એમ કહી શકાય, કારણ કે તમારી ચક્ષુઓએ જૂદે જૂદે વખતે જૂદાં જૂદાં રૂપો દેખ્યાં: ઝાડો દેખ્યાં અને પછી થોડે વખતે ધાવડા, આંબા દેખ્યા. આવી રીતે વખતના ભેદ સાથે ગણીએ તો જૂદી જૂદી વસ્તુઓ તમે જોઇ તેથી તેની જૂદી જૂદી વ્યાખ્યા કરી શકાય. હવે જો તમે એમ કહો કે વખતના ભેદે વસ્તુભેદ થયો પણ વસ્તુતઃ ભેદ નથી તો અમારે જવાબમાં એટલુંજ કહેવાનું છે કે જે દ્રવ્યો ખરેખર અભિન્ન જ હોય તે [1]કાળભેદે પણ જૂદા ભિન્નભિન્ન કદિ પણ દેખાય નહિ, સર્વથા અભિન્ન હોય તે તો સર્વ કાળે અભિન્ન જ રહેવા જોઇએ.

અંતર્ગત તફાવત.

"હવે એ બાબતનો ખુલાસો તને સ્પષ્ટ રીતે સમજાવું તે લક્ષ્યમાં રાખજે. સામાન્ય અને વિશેષનો જો કે સ્વભાવ વિગેરે બાબતમાં તદ્દન અભેદ છે એટલે સ્વભાવ ગુણ પ્રકૃતિ વિગેરે સામાન્યનાં હોય તેવા વિશેષનાં હોય છે તો પણ તેઓમાં સ્પષ્ટ રીતે ચાર બાબતનો તફાવત હોય છે: એટલે કે (૧) તેઓની સંખ્યામાં ફેર હોય છે (૨) તેઓની સંજ્ઞા-તેઓના નામનિર્દેશમાં ફેર હોય છે, (૩) તેઓનાં લક્ષણ—ઓળખવાનાં ચિહ્નો જૂદાં હોય છે, અને (૪) તેઓનું કાર્ય જૂદું હોય છે. આ ચાર બાબતને લઇને તેઓમાં તફાવત પડે છે એટલે એ ચારને લઇને તેઓ જૂદા પડે છે. જે તત્ત્વજ્ઞાન ભેદાભેદ પરિસ્થિતિનો સ્વીકાર કરતું હોય એટલે જ્યાં સ્યાદ્વાદ શૈલી આદરવાની વિશાળતા બતાવાયલી હોય છે ત્યાં આવી રીતે સંજ્ઞા સંખ્યા વિગેરે દ્વારા ભેદનો વ્યવહાર કરવામાં કોઇપણ પ્રકારનું દૂષણ આવતું નથી.

---

૧ જૂદે જૂદે વખતે જૂદા જણાય તો તેમાં ભિન્નતા તો સ્પષ્ટ થઇ. દાખલા તરીકે ઘટને પટ જૂદા છે તથા પ્રથમ વસ્તુઓમાં સામાન્ય રીતે આવી જાય છે પણ વ્યક્તિ રૂપે જૂદા પડી જાય છે, ભિન્ન છે—એમ વખતને લઇને ભાન થાય તેટલા માટે પણ એ રીતે તો ભિન્ન જ ગણાવા જોઇએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હવે એ ઉપર કહેલી ચાર બાબતમાં ભેદ કેવી રીતે પડે છે તે તને બતાવું. તે આ પ્રમાણે છેઃ—(૧) સંખ્યાથી

ભેદ સ્પષ્ટતા.

જોઇએ તો ઝાડ. એ નામથી એક જ છે જ્યારે ખદિર, આંબા વિગેરે નામથી ઘણાં છે તેથી સામાન્ય અને વિશેષની સંખ્યામાં તફાવત પડ્યો; (૨) ત્યાર પછી તેઓનાં નામ-તેઓની સંજ્ઞા વિચારીશ તો તેમાં પણ ભેદ સ્પષ્ટ જણાઇ આવશે. સામાન્ય ઝાડ છે તે 'ઝાડ' શબ્દથી સંજ્ઞિત થાય છે જ્યારે વિશેષ રૂપ છે તે 'ધાવડા'ના નામથી, 'આંબા'ના નામથી, 'ખદિર'ના નામથી તથા તેવાંજ બીજા નામોથી ઓળખાય છે. આથી સંજ્ઞાની નજરે જોઇએ તો પણ બન્નેમાં તફાવત દેખાય છે; (૩) ત્યાર પછી લક્ષણો તપાસીશ તો તેમાં પણ એક મોટો ભેદ જોવામાં આવશે. ઝાડ સામાન્ય સર્વત્ર જોવામાં આવે છે, એટલે ઝાડ સામાન્ય તરીકે સર્વમાં એકતા છે, જ્યારે ધાવડા ખદિર અને આંબા સર્વત્ર જોવામાં આવતા નથી એટલે આંબા વિગેરે વિશેષ તરીકે તેઓમાં પરસ્પર ભેદ દેખાય છે, એટલે જે ધાવડો છે તે આંબો નથી અને આંબો છે તે ખદિર નથી. સામાન્ય ઝાડોમાં સર્વત્ર સજાતીયતા જોવામાં આવે છે ત્યારે વિશેષ વૃક્ષોમાં એક બીજાથી અન્યપણું જોવામાં આવે છે; (૪) ત્યાર પછી તેઓના કાર્ય-પરિણામની અપેક્ષાએ જોઇએ તો તેમાં પણ ભેદ સ્પષ્ટ જણાઇ આવશે. સામાન્ય તરીકે ઝાડનું કાર્ય જોઇશું તો છાયા કરવા રૂપ સર્વ વૃક્ષોમાં એક સમાન કાર્ય જણાશે જે કાર્ય વિશેષ વૃક્ષોનાં કાર્યથી તદ્દન જૂદું છે. દરેક ઝાડ વિશેષ તરીકે ભિન્ન ભિન્ન કાર્ય કરે છે; જેમ કેઃ અમુક અમુક ફળ આપે છે, અમુક અમુક જાતનાં ફૂલો આપે છે; દાખલા તરીકે આંબા કેરીઓ આપે છે. હવે આ દરેક જાતિ વૃક્ષ એટલે વિશેષ વૃક્ષ તરીકેનું જે કાર્ય છે તેથી સામાન્ય ઝાડનું કાર્ય તદ્દન જૂદું જ પડી ગયું. આ સર્વ ભેદ પાડતાં સામાન્યની વાત હોય ત્યારે સામાન્યની મુખ્યતા હોવાથી સામાન્ય દૃષ્ટિગોચર થાય છે અને વિશેષની ગૌણતા હોવાથી વિશેષ દૃષ્ટિગોચર થતું નથી, તેમજ જ્યારે વિશેષની વાત હોય ત્યારે વિશેષની મુખ્યતા હોવાથી વિશેષ દૃષ્ટિગોચર થાય છે અને સામાન્યની ગૌણતા હોવાથી સામાન્ય દૃષ્ટિગોચર થતું નથી. તેવીજ રીતે શ્રુતસ્કંધના સંબંધમાં જોશું તો ત્યાં પણ એ ચારે પ્રકારનો સંબંધ જણાશે તેથી તેના અધ્યયન[1] ઉદ્દેશા વિગેરેમાં જૂદો જ પ્રકાર દેખાશે. (શ્રુતસ્કંધની સંખ્યા એક જ, અધ્ય-

---

૧ **અધ્યયનઃ** અનેક ઉદ્દેશાઓનો સમુદાય.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

યનોની ઘણી છે. નામ પણ બન્ને વિભાગોનાં જૂદાં જૂદાં જ હોય છે. એમાં સજાતીયતા અને પ્રથક્‌પણું તો સ્પષ્ટ દેખાઇ આવે છે અને કાર્ય બન્નેનાં જૂદાંજ હોય છેઃ શ્રુતસ્કંધના સમુદાયથી અંગ બને છે અને અધ્યયનના સમુદાયથી શ્રુતસ્કંધ બને છે.)

જિજ્ઞાસા તૃપ્તિ.

"ભાઇ પ્રકર્ષ! આવી રીતે સંજ્ઞા સંખ્યા વિગેરેના જે ભેદો પડે છે તે ખાસ મનપર રાખીને અને દેશ કાળ તથા સ્વભાવને લઇને સામાન્ય રાજાઓ અને તેના પરિવાર વચ્ચે અભેદ છે તેને થોડા વખત માટે બાજુએ રાખીને એ રાજાઓને અને તેના પરિવારને મેં જૂદાં જૂદાં તારી પાસે વર્ણવ્યાં છે અને તેટલા સારૂ મેં તેમનાં નામો અને ગુણો જૂદાં જૂદાં છે એમ તને બતાવ્યું છે. એવી રીતે જો કે તેઓમાં એટલે રાજાઓમાં અને તે પ્રત્યેકના પરિવારમાં ભેદ છે, તો પણ તેઓ એકી વખતે એક બીજાથી જૂદા જણાતા નથી તેથી તારે વિસ્મય પામવાનું કાંઇ પણ કારણ રહેતું નથી. [1]બીજી કોઇ પણ જગ્યાએ મેં સામાન્ય અને વિશેષનો ભેદ કહ્યો હોય તો તેઓનાં લક્ષણ સમજી જઇને તારે તેમાં જરા પણ આશ્ચર્ય પામવું નહિ."

મામાના આ ખુલાસાપર પ્રકર્ષ ઊંડો વિચાર કરતો આગળ સવાલ કરવા લાગ્યો તે હવે આપણે આગળ જોશું.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૧૯ મું.

## મહામોહસૈન્યને જિતનારા.

પ્રકર્ષે મામાને પ્રથમ સંશય પૂછ્યો કે નાયકને જોતાં પરિવાર દેખાતો નથી અને પરિવારને જોતાં નાયકો જણાતા નથી તેનો ખુલાસો મામાએ વિસ્તારથી કર્યો, સામાન્ય વિશેષ સ્વરૂપ બતાવ્યું, સંખ્યા સંજ્ઞા અંક અને કાર્યથી ભેદ બતાવ્યો, ન્યાયનાં સૂત્રો સમજાવ્યાં અને અતિ સુંદર લક્ષણા બાંધી આપી. જિજ્ઞાસુ ભાણેજે પોતાની પ્રશ્નાવળિ આગળ ચલાવતાં નીચે પ્રમાણે વાતચીત મામા ભાણેજ વચ્ચે થઇ.

૧ મોહનીય કર્મમાં, વેદના લક્ષણમાં અને એવી રીતે બીજે પણ આ પ્રમાણે વિમર્શ કર્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### પ્રાણીઓના ચાર મોટા દુશ્મન.
### સંસારસ્વરૂપવિચારણાનો અવસર.
### મકરધ્વજને અંગે ખાસ વિચારો.

પ્રકર્ષનો બીજો ગંભીર પ્રશ્ન.

**પ્રકર્ષ**—"મામા! આપશ્રીએ જે ખુલાસો કર્યો તેથી મારા મનમાં જે મોટો સંશય થયો હતો તે તો દૂર થઇ ગયો, પણ હવે વળી મારા મનમાં એક બીજી જ શંકા ઉત્પન્ન થાય છે તે આપને પૂછવાની રજા લઉં છું. અહીં જે સાત[1] રાજાઓ દેખવામાં આવે છે તેઓમાં જે ત્રીજો (વેદનીય), ચોથો (આયુ), પાંચમો (નામ) અને છઠ્ઠો (ગોત્ર) મળીને ચાર રાજાઓ છે તે તમારા વર્ણન પ્રમાણે પ્રાણીઓને કોઇ વાર સુખ આપે છે અને કોઇ વાર દુઃખ આપે છે એટલે એ ચારે રાજાઓ લોકોનું સારૂં અથવા ખરાબ કરનારા થાય છે એમ જોવામાં આવે છે એટલે કે તેઓ લોકોનું એકાન્તે ખરાબ જ કરનારા-લોકો ઉપર ત્રાસ જ વર્તાવનારા હોય એમ જણાતું નથી, પરંતુ બાહ્ય લોકોમાં તેઓ કોઇ કોઇને સુખનું કારણ પણ થઇ આવે છે; ત્યારે પેલા પ્રથમ (જ્ઞાનાવરણીય), બીજા (દર્શનાવરણીય) અને છેલ્લા (અંતરાય નામના) રાજાઓ છે તે તો પ્રાણીઓને એકાંતે નિરંતર દુઃખ દેનાર જ થાય છે. પોતાના જબરા પરિવાર સાથે મહામોહ મહારાજા અને આ[2] ત્રણ છેલ્લા જણાવ્યા તે રાજાઓ પ્રાણીઓના જીવનના સારભૂત જ્ઞાનાદિ ગુણોનું હરણ કરી લે છે તો પછી પ્રાણીઓનું જીવન જ ક્યાં રહ્યું? ત્યારે મામા! આવા ચાર જબરા દુશ્મનોથી જેમને જરા પણ કદર્થના-પીડા ન થાય એવા કોઇ પ્રાણીઓ બાહ્ય પ્રદેશમાં હશે કે એવા પ્રાણીઓ હોવાનો સંભવ જ નથી? હું એવા પ્રકારના પ્રાણીઓ માટે સવાલ કરૂં છું કે જેઓની આગળ આ ચારે દુશ્મનોનું જોર ચાલી શકતું ન હોય, પરંતુ જેઓ તે રાજાઓપર વિજય કરનારા તરીકે પ્રસિદ્ધિ પામેલા હોય."

---

૧ રાજાઓની સંખ્યાનો નંબર અહીં આપ્યો છે તે સંખ્યામાં ઉપર વર્ણન થયું. સંખ્યા યાદ રાખવી. ૧ જ્ઞાનાવરણ. ૨ દર્શનાવરણ. ૩ વેદનીય. ૪ આયુ. ૫ નામ. ૬ ગોત્ર. ૭ અંતરાય.

૨ પ્રથમ જણાવ્યા તે **ચાર** રાજાઓને **અઘાતી કર્મ** કહે છે, જ્યારે પાછળના ચાર રાજાઓ **ઘાતી કર્મ** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુશ્મનપર વિજય કરનાર.

વિમર્શ (પોતાના ભાણેજના ઉપર પ્રમાણે વચન સાંભળી આદરપૂર્વક મધુર સ્વરે)—"તું એવા પ્રકારના પ્રાણીઓ માટે સવાલ કરે છે કે જેઓએ એ ચારે દુશ્મનોનો પોતાના વીર્યથી નાશ કર્યો હોય? એવા પ્રાણીઓ બાહ્ય લોકોમાં પણ હોય છે તો ખરા, પણ તે બહુ થોડા હોય છે. જો, બાહ્ય પ્રદેશમાં રહેલા જે મહા બુદ્ધિશાળી પ્રાણીઓ યથાર્થ ભાવના રૂપ મંત્ર અને તંત્રો જેમાં બતાવેલ છે એવા શાસ્ત્રોનું અધ્યયન કરીને શાસ્ત્રરૂપ બખ્તર પોતાના આત્મા ઉપર ધારણ કરી રાખે છે અને કોઇ પણ વખત જરા પણ પ્રમાદ[1] કરતા નથી તેવાઓને એ મહામોહ વિગેરે રાજાઓ સર્વે એકઠા થાય તો પણ જરાએ ઉપદ્રવ કે સંતાપ કરી શકતા નથી. એમ થવાનું કારણ એ છે કે એવા ધીરવીર પ્રાણીઓ જેઓની બુદ્ધિ વિશુદ્ધ શ્રદ્ધાથી શુદ્ધ થયેલી હોય છે તે પોતાના નિર્મળ મનમાં જગતનું સ્વરૂપ યથાસ્થિત રૂપે વિચારે છે તે આવી રીતેઃ—

જગત્સ્વરૂપ વિચારણા.

"આ સંસારસમુદ્ર આદિ અને અંત વગરનો છે, મહા ભયંકર
"છે, તરવો ઘણો મુશ્કેલ છે. તેવા સંસારમાં મનુ-
"ષ્યપણું પ્રાપ્ત કરવું એ રાધાવેધ સાધવા જેટલું
"મુશ્કેલ છે, દુર્લભ છે, અતિ વિષમ છે. આ સંસા-
"રમાં જે જે કાર્યો બને છે તે સર્વેનું મૂળ એક જ
"છે અને તે આશાના દોરડા સાથે અવલંબીને રહે છે એટલે પોતે
"ધારેલ પરિણામ જરૂર નીપજાવી શકશે અથવા આવી જશે એવી
"આશાના ખ્યાલથી પ્રાણી કામો કરવાનો આરંભ કર્યા કરે છે. આ
"જીવતર જોત જોતામાં નાશ થઇ જાય તેવું પાણીના પરપોટા જેવું
"ચંચળ છે. એની સાથે શરીર અત્યંત બિભત્સ છે, મળમૂત્ર વિગેરે
"અશુચિથી ભરપૂર છે, કર્મનું પરિણામ છે, [2]આત્માથી તદ્દન જૂદું
"છે, રોગરૂપી પિશાચોને રહેવાનું સ્થાન છે અને ક્ષણભંગુર છે.
"જુવાનીમાં માણુસ રાતોમાતો થઇને મદમાં મ્હાલે છે પણ તે
"જુવાની સંધ્યાકાળે થતાં લાલરંગના વાદળ જેવી ચપળ છે,
"થોડી વારમાં તેનો રંગ ઉડી જાય તેવી છે અને તે અનુભવનો વિ-

---

૧ પ્રમાદઃ (૧) દુશ્મનની અપેક્ષાએ ગફલતી કે આળસ (૨) શાસ્ત્રની અપેક્ષાએ પરભાવમાં રમણુતા.

૨ શરીર નામકર્મની પ્રકૃતિથી શરીર બંધાય છે તે આત્માથી તદ્દન વ્યતિરિક્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ષય છે, અનેક પ્રકારની બાહ્ય સંપત્તિઓ દેખાય છે તે સખ્ત આ-
"કરા પવનથી ઘસડાઇ જતાં વાદળાંની હારો જેવી છે, પવનના
"ઝપાટાથી વાદળાં જેમ અન્યત્ર ઘસડાઇ જાય તેવા સ્વભાવવાળી છે.
"[1]શબ્દવિગેરે પાંચે ઇંદ્રિયોના ભોગો શરૂઆતમાં જરા જરા આનંદ
"આપે છે અને કિંપાક વૃક્ષનાં[2] ફળની પેઠે જોકે ખાતી વખતે તો
"સારાં-મીઠાં લાગે છે પણ પરિણામે બહુ ભયંકર નીવડે છે. માતા,
"ભાઇ, પિતા, પત્ની અને પુત્ર વિગેરે સંબંધમાં આ અનાદિ ભવ-
"ચક્રમાં સર્વ પ્રાણીઓ સર્વની સાથે આવી જાય છે એટલે માતા
"હોય તે કોઇવાર સ્ત્રી થાય છે, પિતા થાય છે, પુત્ર થાય છે,
"ભાઇ થાય છે, બાપ થાય છે, વળી સ્ત્રી થાય છે, વળી માતા
"થાય છે-એમ અનેકવાર અનેક સંબંધોમાં આવે છે એવી અરઘટ્ટ-
"ઘટ્ટી ચાલ્યા જ કરે છે. એક વૃક્ષ ઉપર રાત્રે એકસાથે અ-
"નેક પક્ષીઓ સુએ છે અને કલકલ કરે છે, પણ પ્રભાત થતાં
"જેમ જ્યાં ત્યાં ચાલ્યા જાય છે તેમ આ સંસારમાં સગા સંબંધીઓ
"અમુક નિર્મિત વખત સુધી અહીં સાથે રહે છે અને પોતપોતાનો
"વખત પૂરો થતાં સર્વે ઊઠી ઊઠીને છૂટા છૂટા વિશાળ વિશ્વમાં ચાલ્યા
"જાય છે. આ સંસારમાં વિયોગરૂપી અગ્નિથી બળતા પ્રાણીઓને
"પોતાનો વહાલાં પ્રાણીઓ અથવા પસંદ આવે તેવી ચીજો સાથે
"સમાગમ થાય છે તે સ્વપ્નમાં મળેલ ભંડાર જેવો સમજવો, કારણ
"કે એ સર્વ સમાગમો અવશ્ય વિનાશી સ્વભાવવાળા હોય છે એટલે
"સમાગમને અંતે જરૂર વિયોગ થવાનો હોય છે જ, એટલે સમાગમની
"મીઠાશ કરતાં વિયોગની કડવાશ આખરે વધારે આકરી થઇ પડે
"છે. સર્વ પ્રાણીઓને ઘડપણ-વૃદ્ધાવસ્થા બુઢ્ઢા બનાવ્યા કરે છે, ખર-
"ખર બોરડી જેવા બનાવી મૂકે છે અને છેવટે ભયંકર મૃત્યુરૂપ પર્વત
"સર્વ પ્રાણીઓના ચૂરેચૂરા કરી નાખે છે."

"ભાઇ પ્રકર્ષ! જે પ્રાણીઓ આવા પ્રકારની ભાવનાનો અભ્યાસ પાડીને વારંવાર તેમાં રમણ કર્યા કરતા હોય છે, જે પ્રાણીઓનાં મન એવી ભાવનાથી અત્યંત નિર્મળ થયેલાં હોય છે અને જેઓનો અજ્ઞાનઅંધકાર નાશ પામી ગયેલ હોય છે તેવા પ્રાણીઓને એ મોહરાજા,

વિજયની
પદ્ધતિ.

---

૧ અહીં બં. રો. એ. સોસાયટિવાળા મૂળ પુસ્તકનું પૃષ્ઠ ૫૭૯ શરૂ થાય છે.

૨ કિંપાક વૃક્ષનાં ફળ ખાતાં બહુ મીઠાં હોય છે પણ પેટમાં ગયા પછી આંતરડાં ચીરી નાખે છે.

૨૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એની મહામૂઢતા નામની સ્ત્રી અથવા તો એના રાગકેસરી કે દ્વેષગજેંદ્ર પુત્રો અને તે બન્નેની મૂઢતા તથા અવિવેકિતા પત્નીઓ જરા પણ પીડા આપી શકતા નથી, હેરાનગતિ કરી શકતા નથી, ત્રાસ દઇ શકતા નથી–એટલું જ નહિ પણ મોહરાયના પરિવારમાંથી બીજા શોક, અરતિ, ભય કે દુષ્ટાભિસંધિ પ્રમુખ કોઇ પણ એવા પ્રાણીને અડચણ કરી શકતા નથી. આ સોળે છોકરાઓ ( કષાયો ) કે બીજા કોઇ પણ જે તેના જેવા હોય તે સદરહુ પ્રાણીઓ જેમણે ભાવનારૂપ શસ્ત્રોથી પિતા ( મોહરાય ) અને બન્ને પુત્રો ( રાગકેસરી અને દ્વેષગજેંદ્ર )ને જીતી લીધા છે તેમને કોઇ પણ પ્રકારની હેરાનગતિ કરી શકતા નથી. આથી એવા પ્રાણીઓને મોહરાજાના પુત્રો કે સંબંધીઓ તરફથી પીડા પામવાનું કારણ રહેતું નથી.

*પરિવારથી બાધાનો અભાવ.*

"વળી એવા પ્રાણીઓ કે જેઓ સર્વજ્ઞ મહારાજે બતાવેલ આગમમાં બુદ્ધિપૂર્વક વિચાર કરીને સાચા નિર્ણયપર આવેલ હોય છે અને તેથી વિશુદ્ધ શ્રદ્ધાવાળા થયેલા હોય છે, વળી જેઓ પોતાના આત્મા ઉપર કોઇ કોઇ પાપ ચોંટી રહેલ હોય છે તેને સુંદર વિચાર રૂપ જળવડે ધોયા કરતા હોય છે અને જેઓ સર્વજ્ઞ મહારાજના આગમનું સુંદર ચિંતવન વારંવાર કરીને તેને પરિણામે પોતાના ચિત્તને એક સ્થિરતામાં રાખ્યા કરતા હોય છે અને જેઓ મૂર્ખ નવીન તીર્થીઓનું ખોટે માર્ગે દોરાવાપણું બરાબર વિચારપૂર્વક જોઇ રહ્યા હોય છે તેવા નિર્મળ બુદ્ધિવાળા પ્રાણીઓ ઉપર પેલો મોહરાજાનો વજીર મિથ્યાદર્શન પણ પોતાનો દોર ચલાવી શકતો નથી એટલું જ નહિ પણ એ મિથ્યાદર્શનની અત્યંત શક્તિવાળી સ્ત્રી કુદૃષ્ટિ[1] જેનું અગાઉ વિવેચન થઇ ગયું છે તે પણ આ પ્રાણીના વીર્યને જોઇ વિચારી જાણીને દૂરથી જ નાસતી ફરે છે.

"[2]વળી એવા પ્રાણીઓ પોતાના અંતરાત્માને તદ્દન મધ્યસ્થ રા-

---

૧ કુદૃષ્ટિનું વર્ણન પૃ. ૮૫૮ થી શરૂ થાય છે.

૨ કામદેવપર વિજય મેળવવાની ખાસ મુશ્કેલી હોવાથી તેનાપર કવિએ અહીં ખાસ પૃથક વિવેચન કર્યું હોય તેમ જણાય છે. કામદેવ વર્ણન માટે જુઓ પૃ. ૮૯૭ થી. અહીં પ્રથમ સ્રીશરીર સંબંધી ભાવના છે અને પછી તેના ચપળ ચિત્તપર ભાવના છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મકરધ્વજ પર વિજયનો માર્ગ.

ખીને સ્ત્રીઓનાં શરીર અને ચપળચિત્ત સંબંધી પરમાર્થથી વિચાર કરે છે તે આવી રીતે:— "[1]સ્ત્રીઓની રક્ત કમળ જેવી કાંઇક શ્વેત અને કાંઇક "શ્યામ રંગવાળી બે વિશાળ આંખોને તું ચોક્કસ "માંસના ગોળાઓ છે એમ ચિંતવ. સારી આકૃતિવાળા, માંસળ, "સારી રીતે વળગી રહેલા અને મુખના ભૂષણ જેવા લાગતાં સુંદર "કાનો તને દેખાય છે તે લાંબી લટકેલી બે વાધરો છે એમ વિચાર. "જે સ્ત્રીના ઝગમગતા તેજસ્વી કપોલ (ગાલ-ગંડ) જોઇને તારૂં મન "રંજન પામે છે તે સ્થૂળ હાડકાં માત્ર છે અને તેના "ઉપર સારૂં ચામડું મઢી દીધેલું છે એમ વિચારી "લે. વળી જે કપાળ તારા હૃદયને ઘણું વલ્લભ લાગે "છે તે પણ હાડકુંજ છે અને તેના ઉપર ચામડું "મઢેલ છે તે તું જોઇ લે. વળી સ્ત્રીની દીર્ઘ અને ઊંચી સારી આ- "કારવાળી નાસિકા છે તે પણ ચામડાનો જ કકડો છે એમ તું સમજી "લે. તને સ્ત્રીના અધર (હોઠ) મધ જેવા લાગે છે તે માંસના "બે કકડા છે, તદ્દન સ્થૂળ છે અને લાળ અને થુંકના કચરાથી અપ- "વિત્ર થયેલ છે. સ્ત્રીઓનાં જે દાંતો મોગરાની કળિ જેવા દેખાઇ "તારા ચિત્તનું હરણ કરે છે તે હાડકાંના કકડાઓ છે અને માત્ર "પદ્ધતિસર ગોઠવાયેલા છે એમ તું લક્ષ્યમાં લે. સ્ત્રીના વાળનો ભ- "મરના વર્ણસમાન શ્યામ કાંતિવાળો ચોટલો હોય છે તે ખરેખરી "રીતે સ્ત્રીઓનાં હૃદયનો સ્પષ્ટ અંધકાર છે એમ સમજ.[2] સ્ત્રીનાં "હૃદયપર આવી રહેલ સોનાનાં મોટા કુંભનો વિભ્રમ ઉત્પન્ન કરે "તેવાં બે સ્તનો છે તે તો જાડા જાડા માંસના પિંડાઓ છે. સ્ત્રીની "બે ભુજા રૂપી બે લતાઓ જે ઘણી સુંદર લાગે છે અને તારા ચિ- "ત્તને નચાવ્યા કરે છે તે તો ચામડાથી ઢાંકેલ બે હાડકાં છે એમ "સમજી લે અને વળી તે ચળ છે, સ્થિર નથી એમ પણ સાથે મ- "નમાં ધારી લેજે. અશોકના પલ્લવના આકારને ધારણ કરનાર "હાથો તને ઘણા મનોહર લાગે છે તે હાડકાંના બનાવેલા છે, ઉપર

સ્ત્રીશરીર વિચારણા.

---

૧ શૃંગારવૈરાગ્યતરંગિણીમાં આવા વિચાર બતાવેલ છે તે વાંચવા યોગ્ય છે. (જુઓ પ્રકરણ રત્નાકર ભાગ બીજો પૃષ્ઠ ૨૧૭ થી. ભર્તૃહરિનો સ્તનૌમાંસગ્રંથી વાળો શ્લોક જાણીતો શ્લોક આવાજ ભાવાર્થનો છે. અનેક વૈરાગ્ય ગ્રંથોમાં આવા વિચારો બતાવેલ હોય છે. ભાવનામાં પણ આ વિષય સારી રીતે આવે છે.

૨ અંધકારનો રંગ અને કેશપાશનો રંગ એકસરખો જ હોય છે તે પર આ ઉત્પ્રેક્ષા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ચામડું મઢેલ છે, પણ વાસ્તવિક રીતે તે હાડકાં જ છે એમ જાણજે.
" સ્ત્રીનું પેટ તેના ઉપર ત્રણ આવળિઓ પડતી હોવાથી તારા ચિત્તનું
" રંજન કરી રહેલ છે તે હે મુર્ખ! વિષ્ટા, મુત્ર, આંતરડાં અને
" મળથી ભરપૂર છે. સ્ત્રીની વિશાળ કેડ (કમર) તારા મનને ખેંચે છે
" તે અનેક પ્રકારની અશુચિઓને રાખી મૂકવાની કોથળી છે એમ તું
" વિચાર. સ્ત્રીનાં બે સાથળને મૂઢ પુરૂષોએ સોનાના બે સ્તંભની કલ્પના
" કરી છે અને તેનાપર આકર્ષણ થાય છે તે તો ચરબી, મજ્જા અને
" અશુચિથી ભરેલા બે નળ છે એમ તું સમજ. સ્ત્રીના પગો જ્યારે
" તે ચાલતી હોય ત્યારે હાલતાં ચાલતાં રાતાં કમળ જેવા સુંદર લાગે
" છે પરંતુ બરાબર જોઇશ તો તને જણાશે કે સ્નાયુઓવડે બાંધેલાં
" હાડકાંઓનાં એ બે પાંજરાં જ છે. વળી ભાઇ! તને કામદેવના વચ-
" નને બોલતું સ્ત્રીનું મંદ મંદ ભાષણ કાનને અમૃત જેવું લાગે છે તે
" વાસ્તવિક રીતે તને એકદમ મારી નાખે તેવું હાળાહળ ઝેર છે
" એમ તું સમજી લેજે. જો, તારી ઘણી ગેરસમજ થાય છે. સ્ત્રીઓનું
" શરીર શુક્ર અને લોહીથી ઉત્પન્ન થયેલું છે, જેમાંથી મોટાં મોટાં
" નવ[1] છિદ્રોવાટે મળ નીકળ્યો જાય છે, તે માત્ર હાડકાંઓની સાંકળ
" રૂપ છે. વળી ભાઇ! તારૂં પોતાનું શરીર પણ એનાથી જરાએ
" જૂદું નથી, એના જેવું જ છે, હાડકાંનું બનેલું છે અને મળથી ભર-
" પૂર છે; ત્યારે આવી સાચી હકીકત સમજવા પછી કયો ડાહ્યો
" માણસ હાડપિંજરનો મેળાપ કરે! સ્ત્રીશરીરને તારૂં શરીર મળે-
" ભેટે એમાં હાડકાં ને ચામડાંનો મેળાપ થાય છે એમાં તે ભલા
" માણસ! તું શું રાચીમાચી રહે છે! પ્રચંડ પવ-

સ્ત્રીચિત્ત ભાવના.

" નથી ઉડતી ધ્વજાના છેડાના અગ્રભાગ જેવું સ્ત્રી-
" ઓનું ચિત્ત ચપળ હોય છે; એવા હૃદયપર કયો
" સમજુ માણસ રાગ કરવાનું સાહસ ખેડે! સરોવરમાં વિલાસ કરતા
" અનેક ચપળ તરંગોની શ્રેણીથી ચલાયમાન થતા પાણીમાં પડતું
" ચંદ્રનું પ્રતિબિંબ પકડી લેવાનો પ્રયત્ન જેમ સર્વદા નિષ્ફળ જ નિવડે
" છે તેમ સ્ત્રીનાં હૃદયને વશ કરવાનો પ્રયાસ પણ તદ્દન નિષ્ફળ થાય
" છે. સ્ત્રીઓ સ્વર્ગ અને મોક્ષના સાચા માર્ગની જાણે કુદરતી રીતે
" ગોઠવાઇ ગયેલી આડી ભુંગળ જેવી છે. વળી સ્ત્રીઓ ખરેખર નર-
" કના દ્વારને બતાવનાર છે. એને ભોગવવામાં સુખની ગંધ નથી, એના
" સંબંધમાં સંતોષ નથી, એના વિયોગમાં આનંદ નથી, એની હયા-

---

૧ નવછિદ્રઃ બે આંખ, બે કાન, બે નાસિકા, મુખ, ગુદા અને યોનિ એ નવ દ્વારો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તીમાં હર્ષ નથી અને ટુંકામાં કહીએ તો એ કોઇપણ પ્રકારે આ "પ્રાણીને ખરા આનંદનો અંશ પણ તે આપે તેમ નથી. આવી રીતે "સ્ત્રીઓ અનેક પ્રકારના અનર્થોને કરનાર હોવાથી તેમ જ સુખમાર્ગના "દ્વારની આડી અર્ગલા (આગળીઆ) રૂપ હોવાથી તેના ઉપર સ્નેહ "કરવાનો ખ્યાલ કરવો એ આપણા ગૌરવથી હલકું છે, તદ્દન તુચ્છ "છે, અકર્તવ્ય છે. આવા પ્રકારની ખરેખરી સ્થિતિ હોવા છતાં મા-"ણસોનું સ્ત્રીઓ તરફ વર્તન જોઉં છું ત્યારે મારા મનમાં એ વર્તન "કેવા પ્રકારનું લાગે છે તે હું હવે જરા કહું છું: સ્ત્રીઓનું હસવું તે "કોઇ મોટો મશ્કરો બીજા તરફ હસતો હોય અથવા વિડંબના કરતો "હોય તેના જેવું લાગે છે: સ્ત્રીઓનાં બેદરકારીનાં રૂસણાં તે કોઇ "ફાંસીએ જનારની પાસે પડહો (ઢોલ) વગાડવાના ચાળા સમાન "લાગે છે; સ્ત્રીઓનું નાટક તે પ્રેરણા સમાન લાગે છે; સ્ત્રીઓનાં "ગાયન રૂદન સમાન લાગે છે; સ્ત્રી પોતા સામું જુએ તે વિવેકી "પ્રાણીઓની કરૂણાદૃષ્ટિ સમાન લાગે છે; સ્ત્રીની સાથે વિલાસ કરવા "તે સન્નિપાતવાળા પ્રાણીઓએ અપથ્ય ભોજન કરવા જેવા લાગે "છે અને સ્ત્રીની સાથે બાથ ભીડવી કે વિષયસેવન કરવું એ તો એક "ખરેખરૂં નાટક જ જણાય છે!—આવા પ્રકારની સુંદર ભાવનાઓ જે મહાત્માઓ ભાવે છે અને તેથી જેમનો આત્મા પવિત્ર થયેલ હોય છે તેવા સજ્જન પુરૂષો એ મકરધ્વજને જીતે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**રતિહાસવિજય.** "ત્યાર પછી મેં તારી [1]રતિનું વર્ણન કર્યું હતું અને તે પ્રસંગે તને જણાવ્યું હતું કે એ કામદેવની પત્ની રતિ પણ ઘણી શક્તિવાળી જબરી સ્ત્રી છે તેને પણ એવા મહાપુરૂષો પોતાની ભાવનાના બળથી જીતી લે છે. એવા મહાત્મા પુરૂષો જેઓનું ચિત્ત સદ્ભાવનામાં અત્યંત આસક્ત રહેલું હોય છે તેઓથી પેલો [2]હાસ નામનો મોહરાજાનો પાંચમાંનો એક માણસ તો અત્યંત દૂર નાસે છે.

**જુગુપ્સાવિજય.** "વળી ભાઇ પ્રકર્ષ! (મામા ભાણેજને આગળ જણાવે છે) એવા મહાત્મા પુરૂષો જેઓનું મન સદ્ભાવના રૂપ નિર્મળ જળથી ધોવાઇને મેલ વગરનું થયેલ હોય છે અને તેથી જેઓ બનતા સુધી કોઇપણ પ્રકારનું વિ-

---

૧ રતિ વર્ણન માટે જુઓ પૃ. ૯૬૯-૭૨.
૨ જુઓ પૃ. ૯૭૨-૭૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરીત આચરણ કરતા નથી તેવા પ્રાણીઓને [1]જુગુપ્સા પણ કોઇ પણ પ્રકારની બાધા પીડા કરી શકતી નથી. એવા મહાપુરૂષોએ નિર્ણય કરેલ હોય છે કે આખું શરીર અશુચિથી ભરપૂર અને અશુચિમય છે તેથી પાણીથી વારંવાર શરીરને ધોઇને સાફ રાખ્યા કરવું એ વાત તેઓને ( એવા મહાત્માઓને ) કોઇ પણ રીતે ખાસ કરીને પ્રિય હોતી નથી. તદ્દન અશુચિથી ભરપૂર હોય એને ઉપરથી જળ લગાડવાથી શું શૌચ થવાનું હતું? જે હકીકત કોઇપણ પ્રકારના અપવાદ વગર મનની શુદ્ધિ કરનાર હોય છે તેજ ખરેખરૂં શૌચ છે–સફાઇ આણનાર છે એવી તેમના અંતઃકરણની દૃઢ માન્યતા હોય છે–કહ્યું છે કેઃ–

[2]सत्यं शौचं तपः शौचं, शौचमिन्द्रियनिग्रहः ।
सर्वभूतदया शौचं जलशौचं तु पञ्चमम् ॥

"સત્ય એ શૌચ છે, તપ શૌચ છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ શૌચ છે, સર્વ પ્રાણીપર દયા કરવી એ શૌચ છે અને જળથી ( પાણીથી ) સાફ કરવું એ પાંચમું શૌચ છે."

"આથી જળશૌચને તો પાંચમું સ્થાન આપવામાં આવ્યું છે, જ્યારે સત્ય ઇંદ્રિયનિગ્રહ આદિને તેથી વધારે અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રમાણે હોવાથી પાણીથી કાંઇ ખાસ કામ નથી, તેમજ પાણીનું કાંઇ કામ નથી એમ પણ નથી, પણ જો પાણીથી કામ લેવું જ પડે તો આવી રીતે લેવું: પાણીવડે અથવા બીજી રીતે એવા પ્રકારનું શૌચ કરવું જોઇએ કે જેથી અન્ય જીવોનો નાશ ન થાય અથવા તેમને કોઇ પણ પ્રકારની પીડા ન થાય. એનું કારણ એ છે કે જળ તો બાહ્ય મળની વિશુદ્ધિ માટે થાય છે, પરંતુ અંદર અંતરંગમાં જે મળ રહેલ હોય છે તેને તે ધોઇ શકતું નથી અને તેટલાજ માટે સુજ્ઞ વિદ્વાનો કહી ગયા છે કેઃ–

चित्तमन्तर्गतं दुष्टं, न स्नानाद्यैर्विशुध्यति ।
शतशोऽपि हि तद्धौतं, सुराभाण्डमिवाशुचि ॥

"અંતરંગમાં રહેલ દુષ્ટ ચિત્ત અથવા ચિત્તના અંતર્ગતમાં રહેલ દુષ્ટ ભાવો સ્નાન વિગેરે વારંવાર કરવાથી વિશુદ્ધ થઇ શકતા નથી, સાફ થઇ શકતા નથી, પવિત્ર થઇ શકતા નથી, જેવી રીતે અપવિત્ર થયેલ દારૂનું વાસણ સો વાર ધોવાથી પણ સાફ થઇ શકતું નથી તે પ્રમાણે. અંતરંગ ચિત્તની એવી સ્થિતિ છે."

---

૧ જુગુપ્સાના વર્ણન માટે જુઓ પૃ. ૮૭૬. એ પણ પાંચ મનુષ્યમાંથી એક છે એ સ્મરણમાં રાખવું.

૨ આ શ્લોક કોઇ સ્મૃતિનો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ઉપર પ્રમાણે સમજુ વિદ્વાનોએ જે નિર્ણય કરેલો છે તેનો હેતુ એ છે કે પ્રાણીઓ જળથી સ્નાન આદિ કરે તેથી શરીરપર લાગેલ મેલ હોય છે તે એક ક્ષણવારને માટે અથવા તુરતને માટે દૂર થાય છે પણ સદાને માટે દૂર થઇ શકતો નથી, કારણ કે મનુષ્યના શરીરોમાં[1] સંખ્યાબંધ રોમરાયરૂપ કુવાઓ છે તેને ગમે તેટલા ધોવામાં આવે તો પણ અંદરથી તે ઝર્યા જ કરે છે અને કદિ પણ હંમેશને માટે પવિત્ર થઇ શકતા નથી. દેવતા અથવા [2]અતિથિનું પૂજન કરવાનું હોય તેવા કોઇ કોઇ પ્રસંગે અથવા ભક્તિને કારણે (દેવનું દ્રવ્યપૂજન કરવા માટે) કોઇવાર સ્નાન કરવું પડે તો તે તદ્દન અયોગ્ય નથી–એવે પ્રસંગે જળથી યતનાસહિત વિધિપૂર્વક સ્નાન કરવામાં આવે તેમાં વાંધો લેવાનો નથી. કહેવાનો આશય એ છે કે તત્ત્વ સમજનાર સુજ્ઞ વિદ્વાને પાણીથી કરેલ પવિત્રતા અથવા સ્નાન માટે ખાસ આગ્રહ ધરવો કોઇ પણ રીતે યોગ્ય નથી અને એ પ્રમાણે આગ્રહ ધરવો એ એક પ્રકારની મૂર્ખતા છે. આવી રીતે મહાત્મા પુરૂષો જેઓની બુદ્ધિ વિશુદ્ધ થયેલી છે, જેઓ વિશુદ્ધ જ્ઞાનથી ભરપૂર છે અને જેઓ યોગ્ય પ્રસંગે જળથી સ્નાન કરતા પણ હોય છે તેઓના સંબંધમાં પેલી જુગુપ્સા જે આ ભવ પરભવમાં અનેક પ્રકારનાં દુઃખ આપનારી છે અને જેનું વર્ણન અગાઉ થઇ ગયું છે તે લગભગ નાશ પામેલી હોવાને લીધે જરાપણ દુઃખ આપી શકતી નથી.

જૈનમ્ જયતિ શાસનમ્

"વળી ભાઇ પ્રકર્ષ! પેલા બાહ્ય રાજાઓમાંથી જ્ઞાનાવરણ નામનો રાજા તથા દર્શનાવરણ નામનો રાજા જેઓ જગતના મોટા શત્રુ છે તે પણ એવા મહાત્મા પુરૂષો જેઓના આત્મા સર્વજ્ઞ મહારાજે બતાવેલા આગમના અભ્યાસની વાસનાથી વાસિત થયેલા હોય છે અને જેઓ કોઇ પણ પ્રકારનો પ્રમાદ કરનારા હોતા નથી તેમને જરા પણ કદર્થના કરી શકતા નથી, હેરાન કરી શકતા નથી, ત્રાસ આપી શકતા નથી. વળી એ રાજાઓમાં છેલ્લો અંતરાય નામનો રાજા મેં તને બતાવ્યો હતો જે પ્રાણીને દાન આપવા દેતો નથી, લાભ થવા દેતો નથી વિગેરે બાબતમાં જાણીતો છે એમ તને જણાવ્યું હતું તે પણ આવા આશાપાસ વગરના, ઇચ્છા વગરના, દાન દેનારા, અતુલ્ય વીર્ય પરા-

જ્ઞાનાવરણાદિપર વિજય.

---

૧ જૈનશાસ્ત્રપ્રમાણે એક મનુષ્યના શરીરમાં સાડા ત્રણ કરોડ રોમના કુવાઓ છે.

૨ **અતિથિપૂજનઃ** સાધુના સત્કારમાટે ન્હાઇ ધોઇ જવું તે અતિથિપૂજન જૈનશાસ્ત્ર સંમત છે. જુઓ શ્રી હરિભદ્રસૂરિનું બીજું સ્નાનાષ્ટક.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ક્રમી માણસોના સંબંધમાં શું કરી શકે? વળી એ ઉપરાંત બીજી પણ કેટલીક સ્ત્રીઓ છોકરાંઓ વિગેરે આ મોહરાયના લશ્કરમાં રહેલાં છે તેમાંનો કોઇ પણ એવા પ્રાણીને બાધા પીડા કરી શકતો નથી. વળી બાહ્ય રાજાઓમાં બાકીના ચાર રાજાઓ રહ્યા (વેદનીય, આયુ, નામ અને ગોત્ર) તે તો બાપડા આવા પ્રાણીઓનું સારૂં જ કરે છે એટલે તેઓ તો આ પ્રાણીને ત્રાસ આપવાને બદલે અનુકૂળપણેજ વર્તે છે.

બાકીના ચાર રાજાઓ.

## જીતનારાનો સદ્ભાવ પણ વિરલતા.

"ભાઇ પ્રકર્ષ! એવા મહાત્મા પુરૂષો અંતરંગ લશ્કરપર વિજય મેળવીને પોતાની શક્તિના જોરથી નિરંતર આનંદમાં વર્તે છે, કોઇથી બાધાપીડા વગરના રહે છે અને ચિત્તવૃત્તિને ઘણી જ શાંત રાખતા ફરે છે. હકીકત એમ છે કે એ મહામોહ મહારાજા પોતાના સર્વ સાધન સાથે બાહ્ય પ્રદેશના પ્રાણી ઉપર આક્રમણ કરે છે અને તેઓને આ ભવમાં અને પરભવમાં ઘણું દુઃખ દેનારો થાય છે. આમ હોવાથી જે પ્રાણીઓ સદ્ભાવના રૂપ અસ્ત્રો (હથિયારો) નો ઉપયોગ કરીને એ મહારાજાને પોતાને તાબે કરી લે છે તેઓને પછી દુઃખ ક્યાંથી ઉત્પન્ન થાય? દુઃખ ઉત્પન્ન થવાનાં કારણનો સમૂળગો નાશ કરવાને પરિણામે તેઓને તો કોઇ પણ પ્રકારની ધુંચ વગરની સુખપરંપરા પ્રાપ્ત થાય છે. વાત એમ છે કે ભાઇ પ્રકર્ષ! બહિરંગ મનુષ્યોમાં એવા પ્રકારના માણસો ઘણા જ થોડા હોય છે અને તેથી લોકો કહે છે કે:-

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे।**
**साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥ १ ॥**

"દરેક પર્વતમાં માણેક હોતાં નથી, દરેક હાથીનાં ગંડસ્થળમાં મોતી હોતાં નથી, દરેક વનમાં ચંદનનાં વૃક્ષો હોતાં નથી, તેમ સાધુઓ પણ ઠેકાણે ઠેકાણે હોતા નથી."

"આટલા ઉપરથી ભાઇ પ્રકર્ષ! તારા ધ્યાનમાં આવ્યું હશે કે એવી રીતે મોહરાયપર વિજય મેળવનારા અને તેના અભિમાનને ઉતારનારા પ્રાણીઓ હોય છે તો ખરા, પણ તેવા બહુ થોડા હોય છે."

મામાના આ લાંબા જવાબને સાંભળી પ્રકર્ષ ઊંડા વિચારમાં પડી ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૦ મું.

## ભવચક્ર નગરને માર્ગે.

### શિશિર વર્ણન.

મામા વિમર્શે મોહરાય વિગેરેપર વિજય મેળવનારાઓનું વર્ણન કર્યું, તેઓનાં અભ્યાસ અને વિચારણા સ્પષ્ટ કર્યા, તેઓનો સદ્‌ભાવ સૂચવ્યો અને સાથે તેની અલ્પતા (વિરલતા) જણાવી. જિજ્ઞાસુ ભાણેજ પૂરેપૂરી હકીકત સમજવા અને જોવા આતુર હતો. તેણે મામાના જવાબપર વિચાર કરી પાછો નવો પ્રશ્ન પૂછ્યો:—

ભવચક્ર નગરનો પ્રસ્તાવ.
સેનાનીઓની સાર્વત્રિક સ્થિતિ.
અંતરંગ લોકોની યોગશક્તિ.
ભાણેજનો જિજ્ઞાસાતૃપ્તિઆગ્રહ.

પ્રકર્ષ—"મામા! જે મહાત્માઓએ[1] આવડા મોટા શત્રુના લશ્કરપર વિજય મેળવ્યો છે અથવા તો જેમણે શત્રુઓમાં વિક્ષેપ ઉત્પન્ન કર્યો છે તેઓ ક્યાં રહે છે?"

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ! સાંભળ. મેં ખાસ જ્ઞાની પુરૂષ પાસેથી અગાઉ સાંભળ્યું હતું કે સર્વ [2]વૃત્તાંતપરંપરાના આધારભૂત, [3]આદિ અંત વગરનું અને અનેક પ્રકારની અદ્‌ભુતતાના ઉત્પત્તિસ્થાન રૂપ એક

---

૧ ઉપરના પ્રકરણ ૧૯ માં વર્ણવેલા—મોહરાયપર વિજય પ્રાપ્ત કરનારા.

૨ સર્વ વૃત્તાંતો—બનાવો તે ભવચક્ર નગરમાં બને છે તેથી તેના આધારભૂત.

૩ દરેક નગરની આદિ હોય છે, અમુક વખતે તે વસેલ હોય છે. આ નગર આદિ અંત વગરનું છે.



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભવચક્ર**[1] નામનું નગર ઘણું જ મોટું અને લાંબા વિસ્તારવાળું હોવાથી તે નગરમાં બીજાં અનેક નાનાં નાનાં [2]શહેરો- ગામો આવેલાં છે, તે નગરને અનેક પરાંઓ છે, વળી તેમાં અનેક પાડાઓ છે તથા અનેક પ્રકારનાં ઘરોની હારોની હારો આવી રહેલી છે અને વળી ત્યાં અનેક દેવાલયો ( દેવકુલો ) પણ આવી રહેલાં છે. ત્યાં એટલી જાતના લોકો વસે છે કે તેઓની સંખ્યાની ગણત્રી કરવી પણ તદ્દન અશક્ય છે. મને એમ લાગે છે કે જે બહિરંગ લોકોએ પોતાના વીર્યથી આ મહામોહ મહારાજા પ્રમુખ મોટા શત્રુ વર્ગને હાલકલોલ કરી મૂકયો છે તે લોકો ત્યાં જ વસતા હોવા જોઇએ."

**પ્રકર્ષ**—"ત્યારે મામા! તમે જે નગરની વાત કરી તે અંતરંગ નગર છે કે બહિરંગ નગર છે?

**વિમર્શ**—"એક અપેક્ષા ધ્યાનમાં લઇને એ નગરને અંતરંગ કે બહિરંગ કહી શકાય તેમ નથી, કારણકે એ નગરમાં જેમ બહિરંગ પ્રાણીઓ છે તેમ અંતરંગ લોકો પણ ત્યાં જ વસે છે: હકીકત એમ છે કે આ મોહરાજાનો સમોવડીઓ **સંતોષ**[3] નામનો દુશ્મન છે તે પણ એ જ નગરમાં વસે છે અને આ મોહરાયનું લશ્કર એ જ નગરને ઘેરો ઘાલીને પડેલું છે."

**પ્રકર્ષ**—"મામા! આ મોહરાજાના લશ્કરીઓ તો અહીં ચિત્તવૃત્તિ અટવીમાં છે છતાં **ભવચક્ર** નગરમાં પણ વળી તે કેવી રીતે હોઇ શકે? બે જગ્યાપર એક સાથે કેમ રહી શકે?"

**વિમર્શ**—"ભાઇ! એ મહામોહ રાજા વિગેરે અંતરંગ લોકો તો યોગી જેવા છે, ખરેખર યોગી જ છે; તેથી તેઓ અહીં પણ દેખાય છે અને ત્યાં પણ રહે છે તેમાં કોઇપણ પ્રકારનો વાંધો આવતો નથી. કારણ કે યોગીની પેઠે તેઓ ધારે તેવાં અને ધારે તેટલાં રૂપ કરી શકે છે, પારકા[4] પુરમાં પ્રવેશ કરી શકે છે, મરજી આવે ત્યારે અંત-

---

૧ **ભવચક્ર**: આખો સંસાર. અરઘટ્ટઘટ્ટિની આખી રચના આ નગરમાં સમાય છે. માત્ર મોક્ષના જીવો જ એ નગરની બહાર છે.

૨ મનુજગતિ આદિ નગરી કહેવાય, તેના ભરતાદિ વિભાગો પરાંઓ, તેમાંના ગામ શહેરો તે પાડાઓ અને દેવકુળો તે બાર દેવલોકાદિ દેવસ્થાનો એમ બેસે છે. ભા. ક.

૩ આ **સંતોષ** મોહરાયનો મોટો દુશ્મન છે. તેની હકીકત અગાઉ ઘણી વખત આવી છે. દાખલા તરીકે જુઓ પૃષ્ટ. ૩૮૯-૩૯૭.

૪ **પરપુરપ્રવેશ**: અન્યના શરીરમાં આત્માએ પ્રવેશ કરવો. આ યોગનો વિષય છે. જુઓ યોગશાસ્ત્ર-પ્રકાશ પાંચમો-શ્લોક ૨૬૦-૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્વનિ થઇ જાય છે, વળી ધ્યાન પહોંચે ત્યારે ગમે તે સ્થાનકે પ્રગટ થઇ આવે છે અને એ પ્રમાણે હોવાથી એ મહામોહ આદિ સર્વ સેનાનીઓ અજબ શક્તિ અને માહાત્મ્યવાળા છે. પોતાની મરજી આવે ત્યાં તેઓ જઇ શકે તેવા હોવાથી એવી કોઇ જગ્યા નથી કે જ્યાં તેઓ ન વસતા હોય. આ પ્રમાણે અંતરંગ અને બહિરંગ સર્વ લોકોનો પોતામાં સમાવેશ કરનાર તે ભવચક્ર નગર હોવાથી તેને બહિરંગ પણ કહી શકાય અને અંતરંગ પણ કહી શકાય તેમ છે."

જિજ્ઞાસુ ભાણેજ.

**પ્રકર્ષ**—"ત્યારે તો ત્યાં સંતોષ પણ વસતો હોય અને આવા મહા અભિમાની રાજાઓના ગૌરવને તોડનાર મહાત્મા પુરૂષો પણ વસતા હોય એવું તે ભવચક્ર નગર છે તો તો તે ઘણું જ જોવા લાયક હશે! મને તો તે જોવાનું ઘણુંજ કુતુહળ થયું છે તો મારા ઉપર કૃપા કરીને તે નગર તો મામા! મને જરૂર બતાવો. આપણે હવે તે જ નગરે જઇએ."

કાર્યસિદ્ધિ.

**વિમર્શ**—"ભાઇ! આપણે જે કામ[1] માટે આવ્યા છીએ તે કામ સિદ્ધ થઇ ગયું છે. આપણે વિષયાભિલાષ મંત્રીને જોયો. એ રસનાનો પિતા છે એટલે તેને ઉત્પન્ન કરનાર છે એ પણ આપણે નિશ્ચયથી જોઇ લીધું. આથી આપણે રસનાના મૂળની શોધ કરી લીધી એટલે જે કાર્ય કરવા માટે આપણને રાજ્યઆજ્ઞા થઇ હતી તે કાર્ય આપણા ધ્યાનમાં બરાબર આવી ગયું અને કામ પૂરૂં થઇ ગયું. માટે હવે આપણે જ્યાં ત્યાં જવાનું શું કામ છે? આપણે આપણા સ્વસ્થાન તરફ જ પાછા ફરવું યોગ્ય છે, કારણ કે આપણો સંદેશો આપણે પૂરો કર્યો છે.

કુતુહળ તૃપ્તિ.

**પ્રકર્ષ**—"નહિ મામા! નહિ! એમ ન બોલો. તમે ભવચક્રનગરનું વર્ણન કરીને તે નગર જોવાનું મારા મનમાં મોટું કૌતુક ઉત્પન્ન કર્યું છે, તેથી હવે એવું મજાનું નગર બતાવ્યા વગર પાછા ચાલ્યા જવું એ તો કોઇપણ રીતે યોગ્ય નથી. વળી આપને યાદ હશે કે રસનાના મૂળની શોધ કરવા માટે પિતાજીએ આપણને એક વરસની મુદત આપેલી છે અને આપણે ત્યાંથી વિદાય થયા ત્યાર પછી તો માત્ર

---

૧ વાંચકને યાદ કરાવવું જોઇએ કે તેઓ વિચક્ષણની ઇચ્છાથી રસનાની મૂળશુદ્ધિ નિહાળવા નીકળી પડ્યા છે અને તે કામ કરવા માટે એક વરસની તેમને મુદત આપવામાં આવી છે. જુઓ પૃ. ૭૮૨.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

[1]શરદ્ અને હેમંત એ બે જ ઋતુઓ પસાર થઇ છે અને હાલ શિશિર ઋતુનો કાળ વર્તે છે. જુઓઃ—

## શિશિર વર્ણન.

[2]પ્રિયંગુની લતાઓ ઉપર સુંદર માંજરો આવી ગઇ છે. [3]રોધ્ર (લોધ્ર) નામના વૃક્ષોની વલ્લરીઓ વિકાસથી જાણે હસતી હોય તેવી સુંદર લાગે છે. [3]તિલકનાં વનોમાં અત્યારે કળીઓ અને માંજરો ભરાઇ ભરાઇ નીકળેલી દેખાય છે. વળી—

शिशिरतुषारकणकनिर्दग्धमशेषसरोजमण्डलं,
[4]सहकिसलयविलाससुभगेन महातरुकाननेन भोः।
पथिकगणं च शीतवातेन विकम्पितगात्रयष्टिकं,
ननु खलसदृश एष तोषादिव हसति कुन्दपादपः॥[5]

શિશિર ઋતુના હીમના કણીઆઓથી સર્વ કમળો બળી ગયેલાં છે (શિશિર ઋતુમાં કમળના ડાંડા જ દેખાય છે, કમળ વસંત ઋતુમાં પાછા ખીલી નીકળે છે.) મોટાં મોટાં ઝાડવાળાં જંગલો કિસલયના વિલાસથી સુંદર-સૌભાગ્યવાન્ દેખાય છે. મુસાફરોનાં શરીરો ઘણા સખ્ત ઠંડા પવનથી ધ્રુજી રહેલાં હોય છે. [6]મોગરો એ બધી હકીકત જોઇને લુચ્ચા માણસની પેઠે આનંદથી હસતો જણાય છે.

जैन साहित्य
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

[7]नूनमत्र शिशिरे विदेशगाः,
सुन्दरीविरहवेदनातुराः[8]।
शीतवातविहताः क्षणे क्षणे,
जीवितानि रहयन्ति मूढकाः॥

---

૧ શરદ્ ઋતુ ભાદરવા આસોમાં હોય છે. હેમંતના માસ કાર્તક માગશર છે. શિશિરની શરૂઆત પોષ માસથી થાય છે.

૨ પ્રિયંગુઃ રાયણનું ઝાડ. ગજપીપરના નાના વૃક્ષને પણ પ્રિયંગુ કહે છે.

૩ રોધ્રઃ વૃક્ષ વિશેષ. એનું ગુજરાતી નામ મળી શક્યું નથી. તિલકને તલ પણ કહે છે.

૪ सहजं मुलनविलाससुभगेन એ પ્રમાણે પાઠાંતર છે.

૫ એનાં દરેક ચરણમાં ૨૯ માત્રા છે એથી માત્રામેળનો છંદ જણાય છે. એના નામ માટે કોઇ છંદશાસ્ત્રનો ગ્રંથ જોવો.

૬ મોગરાને ફૂલ શિશિર ઋતુમાં આવે છે. પારકાને ઠરી જતાં જોઇ લુચ્ચા માણસો આનંદ પામે છે તેમ મોગરો બીજાને ઠરી જતાં જોઇ હસતો જણાય છે.

૭ આ 'રથોદ્ધતા' છંદ છે.

૮ शराः (तुराः ને બદલે) પાઠાંતર. શરનો અર્થ તીર છે. વીરહમાં તીર લાગતા નથી તેથી આ પાઠ બરાબર લાગતો નથી. છેલ્લી પંક્તિમાં जीविता विरहयन्ति क्षणका એવો પાઠ છે. આ પાઠ બરાબર જણાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શિશિર ઋતુમાં પરદેશ ગયેલા મૂઢ પતિઓ પોતાની પ્રેમાળ સુંદરીઓના વિરહથી આતુર થઇ જાય છે અને ઠંડા પવનથી વારંવાર દરેક ક્ષણે પોતાના જીવનને જાણે છોડી દેતા હોય તેવા નરમ બની જાય છે.

**पश्य माम कृतमुत्तरायणं,**
**भास्करेण परिवर्धितं दिनम् ।**
**शर्वरी च गमितेषदूनता,**
**पूर्वरात्रिपरिमाणतोऽधुना ॥**

મામા ! જુઓ, સૂર્ય હવે [1]ઉત્તરાયણનો થયો છે તેથી દિવસ મોટા થવા લાગ્યો છે. રાતો થોડી થોડી નાની થઇ છે અને તેથી કરીને પ્રથમની રાતો કરતાં ટુંકી થવા માંડી છે.

**बहलागरुधूपवरेपि[2] गृहे,**
**वररल्लककम्बलतूलियुते ।**
**बहुमोहनृणां शिशिरेऽत्र सुखं,**
**नहि पीन[3]वपुर्ललनाविरहे ॥**

જે ઘરોમાં [4]રલ્લક નામના હરણના રોમની તળાઇઓ હોય અને જ્યાં અગરના ધૂપથી વાતાવરણ મઘમઘાયમાન રહેતું હોય તેવાં ઘરોમાં પણ આ શિશિરઋતુમાં મોહપરવશ પ્રાણીને પુષ્ટ શરીરવાળી લલનાના વિરહમાં જરા પણ સુખ મળતું નથી.

[5]**अथाभिवर्धितं तेजो, महत्त्वं च दिवाकरे ।**
**अथवा  विमुक्तदक्षिणाशेऽकिं; म्लानिलाघवकारणम् ॥**

સૂર્યનું તેજ વધી ગયું છે અને તે મહાન પદને પામેલ છે અથવા જેણે [6]દક્ષિણાશા છોડી દીધી હતી તેની વધારે મ્લાનિ[7] થવાનું શું

૧ સંક્રાન્તથી સૂર્ય ઉત્તરાયણનો થાય છે, ત્યારથી દિવસ મોટા થવા માંડે છે અને રાતો ટુંકી થતી જાય છે.

૨ धूपवरे ને બદલે धूपपरे પાઠ છે. (ત્રોટક છંદ છે.)

૩ पीनને બદલે पीत પાઠ છે. 'પીન'નો અર્થ પાંડુ વર્ણવાળી સ્ત્રી થાય છે.

૪ અથવા રલ્લક એટલે રજાઇ પણ થાય. નીચે તળાઇ, ઉપર રજાઇ આ સર્વ શરદીમાંથી બચવાના ઉપાય છે.

૫ 'અનુષ્ટુપ્' વૃત્ત છે अथापि वर्धितं એવો પાઠ શરૂઆતમાં અન્યત્ર છે.

૬ **દક્ષિણાશાઃ** શ્લેષ (૧) દક્ષિણા આશા. દક્ષિણ દિશા. સૂર્ય આ ઋતુમાં ઉત્તરાયણનો થાય છે. આશા એટલે દિશા (૨) દક્ષિણા-બક્ષિસની આશા. એને જે બ્રાહ્મણ મૂકી દે. જુઓ પૃ. ૭૮૯.

૭ **મ્લાનિઃ** (૧) સૂર્યપક્ષે-ઓછો પ્રકાશ (૨) માગનાર પક્ષે-લઘુતા, હલકાઇ.

જૈન साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ રહે છે?' ( સૂર્યે દક્ષિણદિશાનો સંબંધ છોડી દીધો છે તેથી તેનામાં જે અલ્પ પ્રકાશરૂપ લઘુતા થતી હતી-થયા કરતી હતી તે દૂર થઇ; ભીક્ષાવૃત્તિ કરનાર માણસ જ્યારે દક્ષિણાની આશા છોડી દે એટલે પછી એને માનહાનિરૂપ લઘુતા થવાનું બીજું શું કારણ છે?)

[1]कार्यभारं महान्तं निजस्वामिनो,
यान्त्यनिष्पन्नमेते विमुच्याधुना ।
पश्य माम स्वदेशेषु दुःसेवकाः,
शीतभीताः स्वभार्याकुचोष्माशया ॥

જુઓ મામા! ( પરદેશમાં કામ કરવા મોકલેલા ) સ્વામીદ્રોહી સેવકો ( આ ઋતુમાં ) ઠંડીથી ડરી જઇને પોતાના સ્વામી( શેઠ )નું જે મહાન કામ કરવા ગયેલ હોય છે તેને અરધે રસ્તે અધુરૂં મૂકી દઇને પોતાની પ્રેમાળ પત્નીના દીર્ઘ સ્તનની ગરમીની આશાએ સ્વદેશ તરફ પાછા ફરે છે.

ये दरिद्रा जराजीर्णदेहाश्च ये,
वातला ये च पान्था विना कन्थया ।
भोः कदा शीतकालोऽपगच्छेदयं,
माम जल्पन्ति ते शीतनिर्वेदिताः ॥

મામા! જુઓ, જેઓ જાતે ગરીબ હોય છે, જેઓનાં હાડ ઘડપણને લીધે ખડખડ થઇ ગયેલાં હોય છે, જેઓના શરીરમાં વાતનું જોર થઇ ગયેલ હોય છે, જે મુસાફરીમાં હોય છે અથવા જેઓની પાસે ઓઢવા માટે કંથા ( ફાટેલ ગોદડી ) પણ હોતી નથી, તેઓ ઠંડીની પીડાને લીધે 'આ શીતકાળ તે હવે ક્યારે પતશે?' એમ બોલ્યા કરે છે.

यावमश्वादिभक्ष्याय लोलूयते,
भूरिलोकं तुषारं तु दोदूयते ।
दुर्गतापत्यवृन्दं तु रोरूयते,
जंबुकः केवलं माम! कोकूयते ॥

મામા! ઘોડા વિગેરેના ભક્ષણ માટે [2]જવની કાપણી કરવામાં આવે છે, સખ્ત ઠંડી ઘણા પ્રાણીઓને ત્રાસ આપે છે. દુઃખી દરિદ્રી લોકોનાં છોકરાં શીતના દુઃખથી રૂએ છે, માત્ર એક [3]શિયાળવાં જ આનંદના અવાજો કર્યા કરે છે.

---

૧ 'સ્રગ્વિણી' છંદ છે. તેજ છંદ આ પછીના બે શ્લોકમાં પણ છે.
૨ જવનો પાક માઘમાસે થાય છે.
૩ શિયાળોને આ ઋતુ બહુ અનુકૂળ છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'वहन्ति यन्त्राणि महेक्षुपीलने,'
हिमेन शीता च तडागसन्ततिः ।
जनो महामोहमहत्तमाज्ञया,
तथापि तां धर्मधियावगाहते ॥

મોટી મોટી શેરડી પીલવાના વાઢોમાં ચીચુડાઓ ચાલુ થઇ ગયા છે, તળાવો હિમથી તદ્દન ઠંડા થઇ ગયાં છે, છતાં પણ લોકો મહામોહના મોટા વજીર ( મિથ્યાદર્શન )ની આજ્ઞાથી તેમાં ધર્મબુદ્ધિથી પડે છે, માની લે છે કે સખ્ત ઠંડીમાં અણગળ પાણીમાં સ્નાન કરવાથી તેમને ધર્મ પ્રાપ્તિ થશે.

* * *

ચાલુ માગણી.

“મામા! આ શિશિર કાળ હવે તો લગભગ પૂરો થવા આવ્યો છે આપણને ઘર છોડ્યાને તો હજુ છમાસ જ લગભગ પૂરા થવા આવ્યા છે, ત્યારે આપશ્રી એટલા થોડા વખતમાં તે શા સારૂં ત્રાસ પામી જાઓ છો? મારા ઉપર મહેરબાની કરીને આપ ભવચક્ર નગર તો મને જરૂર બતાવો. ત્યાર પછી આપને જેમ રૂચે તેમ કરજો.”

આખરે સ્વીકાર.

ભવચક્ર નગરે જવાની બાબતમાં ભાણેજનો દૃઢ આગ્રહ જોઇને મામાએ સંમતિ આપી એટલે મામા ભાણેજ ભવચક્ર નગરે જવાને તૈયાર થયા. જતાં જતાં તેઓએ મહામોહ મહારાજાનું ચતુરંગ બળ જોઇ લીધું: એ લશ્કરમાં મિથ્યાદર્શન વિગેરે અનેક રથો હતા, તેમાં મમત્વ વિગેરે અનેક હાથીઓ ગર્જના કરી રહ્યા હતા, અજ્ઞાન વિગેરે ઘોડાઓ હેષારવ કરી રહ્યા હતા અને દીનતા, ચપળતા, લોલુપતા વિગેરે પાળાઓથી તે ભરપૂર હતું. એવી રીતે રથ, હાથી, ઘોડા અને પાળાઓના એ જબરજસ્ત મોટા લશ્કરને ચારે તરફથી બરાબર જોઇ લઇને મામા ભાણેજ એ ચિત્તવૃત્તિ અટવીથી બહાર નીકળ્યા.

* * * * *
* * * *
* * *
* *

---

૧ 'वंशस्थविल' વ્રત છે.

૨ બીજાને એવો પણ પાઠ છે. બીજી પંક્તિમાં सन्तति ને બદલે पद्धति પાઠ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભવચક્રને માર્ગે.**

**મામા ભાણેજ વચ્ચે સુંદર ચર્ચા.**
**મહામોહ કર્મપરિણામનો સંબંધ.**
**એક નાનો ભાઇ-બીજો મોટો ભાઇ.**
**ખંડણી. જાગીર. વારસાહક્ક. સમય.**

ચિત્તવૃત્તિ અટવીમાં આવીને પડાવ નાખીને પડેલા મોહરાયના મોટા લશ્કરને બરાબર જોઇને વિમર્શ અને પ્રકર્ષ કુચમુકામ કરતાં ભવચક્ર નગરને માર્ગે પડી ગયા. મજલ દડમજલ રસ્તો કાપતાં તેઓ આગળ વધ્યા જતા હતા, દરમ્યાન રસ્તો ટુંકો કરવા માટે ભાણેજે મામાને રસ્તામાં કેટલાક અગત્યના સવાલો પૂછ્યા અને વાતચીત શરૂ કરી.

પ્રકર્ષ—“ મામા ! આ દુનિયામાં સર્વનો ઉપરી સાર્વભૌમ જેવો જે કર્મપરિણામ[1] રાજા ગણાય છે, જેની વાત અગાઉ થઇ ગઇ છે અને જેણે પોતાના પ્રતાપથી આખા રાજ્યને વ્યાપ્ત કરી દીધું છે તેનો હુકમ આ મહામોહ મહારાજા ઉપર પણ ચાલે છે કે નહિ ? તે સંબંધમાં મારા મનમાં શંકા થાય છે. આપ તેનો નિર્ણય સમજાવો.”

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

વિમર્શ—“ ભાઇ પ્રકર્ષ ! એ બન્ને રાજાઓમાં પરમાર્થથી જોઇએ તો જરા પણ ભેદ (તફાવત વિરોધ) નથી. સાધારણ રીતે એમ કહી શકાય કે એ કર્મપરિણામ રાજા મોટો ભાઇ અને આ મહામોહ રાજા છે તે નાનો ભાઇ હોઇને તેને આ ચિત્તવૃત્તિ અટવીનું રાજ્ય સોંપવામાં આવ્યું છે. એમ કહેવાનું કારણ એ છે કે આ મહામોહ નરાધિપ છે તે એક રીતે ચોર જેવો છે અને અંધારામાં ઘા કરનારો છે તેથી તેને અટવીમાં સ્થાપન કરવામાં આવ્યો છે તે બરાબર યોગ્ય છે. આ અટવીમાં બીજા રાજાઓ તારા જોવામાં આવ્યા હતા તે સર્વ આ મહામોહ રાજાના પાળાઓ છે-સેનાનીઓ છે એમ ગણવું તદ્દન યોગ્ય છે. તેમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે તે એ છે કે પેલો કર્મપરિણામ રાજા જે આનો મોટો ભાઇ છે તે પ્રકૃતિથી એવો છે કે કોઇ વખત પ્રાણીઓને [2]સારૂં લાગે તેવું પણ કામ કરે છે અને

---

૧ કર્મપરિણામ રાજા સંબંધી હકીકત પૃ. ૨૫૮ થી આવે છે. ત્યાં સારો વિસ્તાર છે (પ્રસ્તાવ દ્વિતીય-પ્રકરણ-દ્વિતીય.)

૨ કર્મ શુભ અને અશુભ બન્ને પ્રકારનાં હોય છે. જ્યારે મોહનીય કર્મ જે કર્મનો એક પ્રકાર છે તે તો પ્રાણીને ત્રાસ જ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઇ વખત ખરાબ લાગે તેવું પણ કરે છે, જ્યારે આ ( મહામોહ ) ભાઇશ્રી તો એવા છે કે તે તો લોકોને તદ્દન ખરાબ લાગે, હેરાનગતિ કરે અને ત્રાસ આપે એવાં જ કામો કરે છે. વળી એક બીજી પણ વાત છે: આ ( મહામોહ ) મહારાજા લડાઇ કરી જીત મેળવવાની ઇચ્છાવાળો છે ત્યારે પેલો ( કર્મપરિણામ ) રાજા બહુ નાટકપ્રિય છે, એને નવા નવા ખેલ જોવા બહુ ગમે છે. આ પ્રમાણે હોવાથી પેલા સર્વ નાના મોટા રાજાઓ છે તે સર્વે મહામોહ રાજાની સેવના હમેશાં કર્યા કરે છે, છતાં લોકોમાં તો એમ જ કહેવાય છે કે એ કર્મપરિણામ રાજા જે આ મોહરાયના ભાઇ થાય છે તે જ મોટા રાજા છે, કારણ કે એનો રાજ્યવિસ્તાર મોહરાજાના કરતાં પણ વધારે છે. આ પ્રમાણે હોવાથી મોહરાજા પોતે અને તેને સેવનારા સર્વ રાજાઓ કર્મપરિણામ રાજાની પાસે વારંવાર જઇને તેના આનંદમાં વધારો કરવા માટે નાટક કરી આવે છે. એ રાજાઓ જ્યારે કર્મપરિણામ રાજા પાસે નાટક કરવા જાય છે ત્યારે તેઓમાંના કોઇ તો જાતે ગાનારાઓનું કામ કરે છે, કેટલાક વીણા વિગેરે વગાડે છે અને કેટલાક પોતે જાતે જ મૃદંગ વિગેરે વાજિત્રોનું રૂપ ભક્તિપૂર્વક ધારણ કરી લે છે. સંક્ષેપમાં કહું તો જે આ સંસારનાટક ચાલે છે તેમાં મહામોહ વિગેરે સર્વે રાજાઓ હેતુપણું પામે છે એટલે કે નાટક કરનારાઓ થાય છે અને એ કર્મપરિણામ મહારાજા પોતાની કાળપરિણતિ સ્ત્રીસાથે બેસીને એ સંસારનાટક જોઇને આનંદ મેળવે છે અને મોજ માણે છે. આટલા માટે આ સર્વ રાજાઓનો તે કર્મપરિણામ રાજા ઉપરી-સ્વામી છે એટલુંજ નહિ પણ એ ઉપરાંત બીજા જે જે અંતરંગ રાજાઓ છે તે સર્વનો લગભગ ઉપરી એ જ મહારાજા છે. એમાં સાર એટલો જ છે કે કર્મપરિણામ મહારાજ આખા સમુદાયનો ઉપરી છે-સારા અને ખરાબ સર્વે રાજાઓનો નાયક છે અને આ મહામોહરાય તો તેના એક વિભાગનો જ ઉપરી છે અને કર્મપરિણામ મહારાજાના હુકમને ઉઠાવનારો છે.

નાટકપ્રિય કર્મપરિણામ. ત્રાસ આપનાર મોહરાય.

"એ બાબત હજુ પણ વધારે સ્પષ્ટ રીતે તારે સમજવા યોગ્ય છે તેથી હું કહું છું તે બરાબર લક્ષ્યમાં રાખી લે. જે જે અંતરંગ લોકો પ્રાણીઓનું સારૂં અથવા ખરાબ કરનારા છે તે સર્વને પ્રવર્તાવનાર ઘણે ભાગે એ કર્મપરિણામ મહારાજા જ છે. નિર્વૃત્તિ નગરી બાદ કરીને બાકી જેટલી નગરીઓ અથવા શહેરો અંતરંગ પ્રદેશમાં



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

બન્ને રાજાઓની એક રૂપતા.

છે તેના બાહ્ય ભાગનો એ જ રાજા છે એમાં જરા પણ સંશય જેવું નથી. તેં અહીં જે રાજાઓ જોયા હતા તે સર્વનો સ્વામી મોહરાય છે, પણ તે તેનું સ્વામીપણું કર્મપરિણામ મહારાજના હુકમને લઇને છે અને કર્મપરિણામ હુકમ કરે ત્યાં સુધી ચાલે તેવું છે. જેમ હાથ નીચેના ખંડીઆ રાજા ખંડણી આપે તેમ આ મહામોહ રાજા પોતાની શક્તિથી જે કાંઇ ધન ઉપાર્જન કરે છે તે સર્વ મસ્તક નમાવીને કર્મપરિણામને અર્પણ કરી દે છે અને એવી રીતે મોહરાજાએ જે ધન ઉપાર્જન કરેલું હોય તેની સારી ખરાબ વસ્તુઓમાં યોગ્ય વહેંચણી કર્મપરિણામ રાજા કરે છે.[1] આ મોહરાજા હમેશાં જીત મેળવવાને તત્પર અને લડાઇ કરવાને ઘણો જ આતુર રહે છે, તેના વિષયભૂત પ્રાણી ઉપર તે એકદમ હુમલો લાવે છે; જ્યારે કર્મપરિણામ મહારાજા તો ભોગ ભોગવવામાં આનંદ માને છે, નાટક જોવામાં મોજ લે છે અને લડાઇની વાત કદિ જાણતો પણ નથી. આ પ્રમાણે હોવાથી કર્મપરિણામ મહારાજા મોહરાયને આજ્ઞા કરે છે અને મોહરાજાના મનમાં તેને માટે ઘણી ભક્તિ છે તેથી આજ્ઞાને અનુસરવા સર્વ પ્રયત્નો તે જરૂર કરે છે અને કર્મપરિણામ મોહરાયથી જરા પણ જૂદાઇ માનતો નથી, જાણે તે અને પોતે એકરૂપ જ હોય એમ માની લે છે.

"વળી ભાઇ પ્રકર્ષ! તેં જે પ્રથમ [2]રાજસચિત્ત અને [3]તામસચિત્ત નામનાં બે શહેરો જોયાં હતાં તે બન્ને આ મોહરાજાને એ મોટા કર્મપરિણામ રાજાએ જાગીરમાં આપ્યાં છે. આથી આ મોહરાયનું કેટલુંક વફાદાર લશ્કર તે બન્ને નગરમાં રહે છે અને બાકીનું સઘળું ચિત્તવૃત્તિ અટવીમાં રહે છે અને વિગ્રહ કરવાને-લડાઇ લડવાને નિરંતર તૈયાર રહે છે."

પ્રકર્ષ—"મામા ! ત્યારે તમને એક બીજો સવાલ પણ સાથે જ પૂછી લઉં ! કર્મપરિણામ અને મોહરાજાનાં રાજ્યો છે તે તેઓના વડિલો-

---

૧ મોહરાય પ્રાણી પાસે કર્મ બંધાવે છે, પણ તેની વહેંચણ સર્વ પ્રકૃતિઓમાં થાય છે, તેમાં સંક્રમણાદિ પણ થાય છે તે સર્વ સામાન્ય કર્મોપર આધાર રાખે છે. કર્મ જાતિ છે અને મોહનીય કર્મ તેનો એક ભેદ છે. સર્વ કર્મનો વટ અમુક નિયમોને અનુસરીને થાય છે. આ વસ્તુ સમજવા માટે પંચસં કર્મપ્રકૃતિ, કર્મગ્રંથઆદિ ગ્રંથોના અભ્યાસની જરૂર છે.

૨ જુઓ પૃ. ૭૯૦.

૩ જુઓ પૃ. ૭૯૪.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્જિત હોઇ ક્રમસર તેઓ પાસે આવેલ છે કે તે રાજ્યો કોઇ બીજાનાં છે અને આ લોકોએ જબરાઇથી પચાવી પાડ્યાં છે?"

બળાત્કારથી રાજા બન્યા.

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ! એ કાંઇ એ લોકોના બાપદાદાનું રાજ્ય નથી અને એ તેમની પાસે ક્રમસર આવેલું પણ નથી; એ તો પારકું રાજ્ય છે અને એ લોકોએ બળાત્કારથી પચાવી પાડેલ છે. કારણ કે જ્યાં સુધી પ્રાણી કર્મથી આવૃત્ત હોય છે અને તેથી જ્યાં સુધી બહિરંગ પ્રદેશમાં રહેતો હોય છે ત્યાં સુધી મેં તને અગાઉ જણાવેલ છે તેમ તે સંસારીજીવ કહેવાય છે. એવા પ્રાણીની ચિત્તવૃત્તિરૂપ મહા અટવીમાંથી એને બહાર કાઢી મૂકી તે અટવીનું રાજ્ય ખુંચવી લઇને પોતાની શક્તિથી એ લોકો [1]તે અટવીપર રાજ્ય કરે છે."

પ્રકર્ષ—"એવી રીતે પારકા રાજ્યને પચાવી પાડ્યાને કેટલો વખત થયો? તે મામા! મને સાથે સાથે જણાવી દો."

પચાવી પાડવાનો સમય.

વિમર્શ—"ભાઇ! એ રાજ્ય બન્ને રાજાઓએ ક્યારે લીધું તેની શરૂઆત (આદિ)[2] હું જાણતો નથી, પણ એ બાબતમાં મુદ્દાની અંદરની હકીકત શું છે તે હું તને બરાબર સમજાવું એટલે તારા મનમાં જે સંશય છે તે તદ્દન દૂર થઇ જશે. હકીકત એમ છે કે કર્મપરિણામ રાજા છે તે હમેશાં કેટલાકને કાંઇ આપે છે અને વળી કેટલાકને કાંઇ આપ્યું હોય તે તેની પાસેથી ખુંચવી લે છે એવો તેનો સ્વભાવ છે, તેના સર્વ સામંતોના મુગટો તેના પગ આગળ નમન કરી રહેલા છે અને તે એવા સારા સંયોગોમાં સ્થિત થયેલો છે કે તેના પ્રભાવમાત્રથી તેનાં સર્વ કાર્યનો વિસ્તાર સિદ્ધ થઇ જાય છે. તે રાજાધિરાજ છે, મોટો રાજા છે અને રાજ્યસિંહાસનનો માલીક છે. હવે આ જે મહામોહ મહારાજા કહેવાય છે તે તેના સૈન્યનું બરાબર રક્ષણ કરનાર અને સંભાળ લેનાર છે, તેણે આપેલ ખાનગી સલાહ પ્રમાણે તેની સેવા કરનાર અને તેનું કામ ઉઠાવનાર છે, તેના ખજાનામાં વધારો કરનાર છે અને જો કે તેની આજ્ઞાનો અમલ કરનારો છે તો પણ તેનામાં પુરૂષાતન ઘણું છે તેથી રાજકાર્યમાં પોતાની મરજી આવે તે પ્રમાણે તે તેની પરિપાલના કરે છે. લોકોમાં આ પ્રમાણે વાતો

૧ અટવીનો અસલ માલીક જીવ પોતે જ છે. તેને ત્યાંથી દૂર રાખી ચિત્તવૃત્તિપર પેલા રાજા કબજો મેળવે છે. જરા કલ્પના વાપરવાથી સમજાઇ જાય તેવી હકીકત છે.

૨ જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલે છે કે મોહરાજા પરાક્રમી છે, લડવૈયો છે અને કર્મપરિણામને નાટક ઘણું ગમે છે તેને લઇને પંડિતોએ મહાસિંહાસન ઉપર બેઠેલ ઉપરના રાજા તરીકે મહામોહને ગણાવ્યો છે. બાકી વાસ્તવિક રીતે જોતાં ભાઇ પ્રકર્ષ! એ બન્ને રાજામાં કાંઇ પણ ભેદ નથી અને ખરી રીતે તો આ એક જ રાજ્ય છે એમ તારે સમજવું. કહેવાનો આશય એ છે કે કાર્યના પરિણામને લઇને અને વ્યવહારમાં મોહનું પ્રાબલ્ય વધારે હોવાથી તેને ખાસ રૂપક આપી બતાવેલ છે, બાકી તેનું રાજ્ય અને કર્મપરિણામનું રાજ્ય તેટલા પૂરતું તો એક જ છે."

વસ્તુતઃ એક રાજ્યતા.

પ્રકર્ષ—"મામા! મારા મનમાં જે શંકા ઉત્પન્ન થઇ હતી તે હવે નાશ પામી ગઇ છે. આપશ્રી જેવા જ્યારે મારી નજીક હોય ત્યારે સંશય વધારે વખત ટકી રહે એ બનવા જેવું જ નથી!"

આવી રીતે જ્ઞાનગોષ્ઠિ અને વિદ્વત્તાભરેલી ચર્ચા કરતાં મામા ભાણેજ ભવચક્ર નગરને માર્ગે આગળ વધ્યા જતા હતા તેથી રસ્તાનો થાક તેમને જરા પણ જણાતો ન હોતો. એ પ્રમાણે મુસાફરી કરતાં કેટલેક દિવસે તેઓ ભવચક્રનગરે આવી પહોંચ્યા.

---

## પ્રકરણ ૨૧ મું.

### વસંતરાજ—લોલાક્ષ.

#### વસંતવર્ણન.

વિમર્શ અને પ્રકર્ષ જ્યારે ભવચક્રનગરે આવી પહોંચ્યા તે વખતે શિશિર ઋતુ પૂરી થઇ ગઇ હતી અને કામદેવને અત્યંત વહાલી અને લોકોને અનેક પ્રકારના ઉન્માદ કરાવનારી વસંત ઋતુ શરૂ થઇ હતી. હવે મામા ભાણેજ એ ભવચક્રનગરની બહાર ઉદ્યાનોમાં ફરતા હતા તે વખતે તેમણે[1] વસંતનો કેવો અનુભવ કર્યો તે સાંભળો:—

---

૧ વસંતને ઋતુ તરીકે ગુજરાતીમાં સ્ત્રીલિંગે પણ બોલાવાય છે. સંસ્કૃતમાં તો વસંત નરજાતિમાં જ વપરાય છે. આથી અત્ર બન્ને લિંગમાં અવારનવાર તે શબ્દ વાપર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વસંત વર્ણન.**

**કુદરતની બલીહારી.**
**સુરાપાન ગોષ્ટિવર્ણન.**
**વિલાસિનીઓની શોભા.**

**नृत्यन्निव दक्षिणपवनवशोद्वेल्लमानकोमललतावाहुदण्डैर्गायन्निव मनोज्ञविहङ्गकलकलकलविरुतैर्महाराजाधिराजप्रियवयस्यकमकरकेतनस्य राज्याभिषेके जयजयशब्दमिव कुर्वाणो मत्तकलकोकिलाकुलकोलाहलकण्ठकूजितैस्तर्जयन्निव विलसमानवरचूतककलिकातर्जनीभिराकारयन्निव रक्ताशोककिसलयदललिततरलकरविलसितैः प्रणमन्निव मलयमारुतान्दोलितनमच्छिखरमहातरूत्तमाङ्गैर्हसन्निव नवविकसितकुसुमनिकराट्टहासै रुदन्निव त्रुटितवृन्तबन्धननिपतमानसिन्दुवारसुमनोनयनसलिलैः पठन्निव शुकसारिकास्फुटाक्षरोल्लापजल्पितेन सोत्कण्ठक इव माधवीमकरन्दबिन्दुसन्दोहास्वादनमुदितमत्तमधुकरकुलझणझणायितनिर्भरतया**

"આ ઋતુમાં દક્ષિણદિશાના પવનના જોરથી ચાલતી કોમળ લતાઓરૂપ બાહુદંડથી જાણે તે (વસંતઋતુ) નાચ કરતી હોય એમ લાગતું હતું; મહારાજાધિરાજ (મોહરાય)ના અત્યંત વહાલા મિત્ર મકરધ્વજ (કામદેવ)નો હાલમાં રાજ્યાભિષેક થવાનો હોવાથી તે પ્રસંગે જાણે 'જય જય' શબ્દનો ઉચ્ચાર કરતી હોય નહિ એવી કોકિલાઓના સમૂહના મધુર કંઠમાંથી નિકળતાં મધુર અવાજથી તેમજ બીજા નાના પ્રકારનાં પક્ષીઓનાં કલકલ અવાજથી જાણે વસંતઋતુ ગાયન કરી રહી હોય તેમ લાગતું હતું; વિલાસ કરતાં સુંદર આંબાની કળિઓ રૂપ તર્જની (અંગુઠા પાસેની) આંગળીવડે જાણે બીજાઓનો તિરસ્કાર કરતી હોય તેમ લાગતું હતું; રાતા અશોકનાં નવીન સુકોમળ પત્રના સમૂહોરૂપ સુંદર ચપળ હાથોની નિશાનીથી જાણે બોલાવતી હોય એમ લાગતું હતું; મલયદેશ (મલબાર–દક્ષિણદિશા)ના પવનથી હાલી રહેલાં અને નમી જતાં મોટાં મોટાં શિખરોપર આવેલાં મોટાં વૃક્ષોરૂપ મસ્તકોથી જાણે તે ઋતુ નમસ્કાર કરતી હોય એમ લાગતું હતું; નવા વિકાસ પામેલાં પુષ્પોના સમૂહથી અટ્ટહાસપૂર્વક જાણે હસતી હોય એમ લાગતું હતું; [1]સિન્દુવાર જાતિનાં પુષ્પો પોતાનાં વિંટ(લિંગ)માંથી બંધનમુક્ત થઇ છૂટાં પડી જમીનપર પડતાં

---

૧ વૃક્ષોનાં પાંદડાં જમીનપર પડી જાય છે ત્યારે તેના મૂળમાંથી દૂધ જેવું જળ નીકળે છે.

હતાં તેની આંખોમાંથી નીકળતાં પાણીરૂપ જળવડે જાણે તે ઋતુ રડતી હોય તેમ લાગતું હતું; શુક અને સારિકાઓના કલકલ મધુર ધ્વનિરૂપ પ્રગટ અક્ષરોવડે જાણે પાઠ કરતી હોય તેમ જણાતું હતું; મધુના બિન્દુઓનો સ્વાદ લેવાથી આનંદમાં આવી ગયેલ મસ્ત ભ્રમરોના ગણુગણાટથી ચારે તરફ અવાજ કરતી હોવાથી જાણે રતિબંધ (ઉત્કંઠ) યુક્ત હોય અથવા ઉત્સાહવાળી થયેલી હોય એવી દેખાતી હતી.[1]

[2]इति नर्तनरोदनगानपरः
पवनेरितपुष्पजधूलिधरः ।
स वसन्तऋतुर्ग्रहरूपकरः,
कलितो नगरोपवनान्तचरः ॥

એવી રીતે નર્તન રોદન ગાન આદિ નવ ભાવોમાં વસંતઋતુ પરાયણ થઇ ગઇ છે તેથી જાણે (નવ)[3] ગ્રહો રૂપ તેના નવ હાથો હોય તેવી દેખાય છે, પવનથી ફૂલોમાં રહેલ સુગંધી પરાગને ચારે તરફ ફેલાવી રહી છે અને ઘણી સુંદર રીતે નગરમાં અને નગરની બહાર ઉપવન-ઉદ્યાનોમાં વિસ્તરી રહી છે." પછી વિમર્શ મામાએ કહ્યું "ભાઇ પ્રકર્ષ! તને ભવચક્રનગર જોવાનું કુતૂહળ બરાબર યોગ્ય વખતે થયું છે કારણ કે આ નગરનું સુંદરમાં સુંદર સ્વરૂપ આ ઋતુમાં જ દેખાય છે, માટે એની સર્વ સૌંદર્યલીલા જોવાનો આ બરાબર વખત છે. જો! નગર બહારના બગીચાઓમાં લહેર કરવાને નીકળી પડેલા આ નગરવાસી જનોની કેવી અવસ્થા વર્તે છે!

[4]सन्तानकवनेषु परिमुह्यति धावति बकुलवृक्षके,
विकसितमाधवीषु धृतिमेति विलुभ्यति सिन्दुवारके ।
पाटलपल्लवेषु न च तृप्यति नूनमशोकपादपे,
चूतवनेषु याति चन्दनतरुगहनमथावगाहते ॥

લોક [5]સંતાનક નામના વૃક્ષોનાં વનોમાં મોહી રહ્યા છે, બકુલવૃક્ષ તરફ દોડે છે, વિકસ્વર થયેલા મોગરામાં શાંતિ પ્રાપ્ત કરે છે,

---

૧ વસંતઋતુમાં નવ ભાવ બતાવ્યા તે સર્વ કામદેવના કલહપ્રપંચો છે. નવ ભાવો આ છેઃ નર્તન, ગાન, તર્જન, આકર (બોલાવવું તે), પ્રણમન, હસન, રૂદન, પઠન, ઉત્કંઠ (રતિબંધ). આ સર્વ ભાવો ગદ્ય વર્ણનમાં આવી ગયા.

૨ 'ત્રોટક' છંદ.

૩ નર્તન વિગેરે નવ માટે જુઓ ઉપરની નોટ નં. ૧. આ નવ કાર્યરૂપ નવ હાથની કલ્પના કવિએ કરી છે. ગ્રહનો અર્થ 'ગાંડો માણસ' એમ પણ થાય છે.

૪ આના દરેક પાદમાં ૨૮ માત્રા છે.

૫ ઇંદ્રની અમરાવતીમાં આવેલું એક જાતનું વૃક્ષવિશેષ. એને કલ્પવૃક્ષ પણ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિંદુવાર (નગોડનાં ઝાડ)માં લોભાય છે, [1]પાટલના પલ્લવોની લીલા નીહાળતાં તો તેઓને તૃપ્તિ થતી જ નથી અને તેવીજ સ્થિતિ અશોક વૃક્ષની સાથે થાય છે. વળી તેઓ આંબાનાં મોટાં મોટાં વનોમાં જાય છે અને ચંદનનાં વૃક્ષોની ઝાડીમાં પણ બહુ આનંદથી પ્રવેશ કરે છે.

[2]इति मधुमासविकासिते रमणीयतरे द्विरेफमालिकेव,
एतेषां खलु दृष्टिका विलसति सुचिरं वरे तरुप्रताने ॥

એ લોકોની નજર જાણે ભમરાઓની હાર હોય નહિ તેમ ચૈત્ર માસમાં વિકાસ પામેલા અતિ સુંદર વૃક્ષના વિસ્તારમાં સારી રીતે વિલાસ કરી રહી છે.

[3]बहुविधमन्मथकेलिरसा दोलीरमणसहेन ।
एते सुरतपराश्च गुरुतरुमधुपानमदेन ॥

એ લોકો [4]હીંચકો ખાવાના આનંદ સાથે અનેક પ્રકારની કામદેવની રમતોના રસમાં ડૂબી ગયા છે અને મોટા વૃક્ષપર થતાં મધનું પાન કરવા સાથે વળી તેઓ કામક્રીડામાં પણ મસ્ત થઇ ગયા છે. વળી—

[5]विकसिते सहकारवने रतः
कुरुबकस्तवकेषु च लम्पटः ।
[6]मलयमारुतलोलतया वने,
सततमेति न याति गृहे जनः ॥

इदमहो पुरलोकशताकुलं, प्रवरचूतघनावलिमध्यगम् ।
विलसतीह सुरासवपायिनां, ननु विलोकय भद्र! कदम्बकम् ॥

मणिविनिर्मितभाजनसंस्थितं-
रतिविनीतजनप्रविढौकितैः ।[7]
प्रियतमाधरमृष्टविदंशनै-
श्चषकरत्नमयूखविराजितैः ॥

---

૧ પાટલનો અર્થ પુન્નાગ થાય છે. ગુલાબને મળતો એ વેલો હોય એમ જણાય છે.

૨ આર્યા ગીતિ છંદ છે.

૩ છંદ સમજાતો નથી.

૪ વસંતમાં વૃક્ષસાથે હીંચકો બાંધી હીંચકવાનો આનંદ હાલ પણ માનવામાં આવે છે. નગરબહાર ઉજાણીઓ પણ હોળીની સાથે જોડાયલી ઘણી જગોપર જોવામાં આવે છે.

૫ આ અને પછીના ત્રણ શ્લોકનો રાગ દ્રુતવિલંબિત છંદ છે.

૬ मलतमारुत પાઠાંતરે છે, તે કરતાં मलयमारुत પાઠ વધારે સારો છે.

૭ प्रविलोकितैः પાઠાંતર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुरभिनीरजगन्धसुवासितैः, सुवनितावदनाम्बुरुहार्पितैः ।
विविधमद्यरसैर्मुखपेशलैः, कृतमिदं तदहो मदनिर्भरम् ॥

લોકો વિકાસ પામતાં આંબાઓનાં મોટાં વનોમાં આસક્ત થઇને તેમજ કુરબક નામનાં ઝાડોમાં લોલુપ થઇને અને મલય (દક્ષિણ-દિશાના) દેશના પવનમાં આનંદ માનીને નિરંતર વનોમાં અને ઉદ્યાનોમાં ભ્રમણ કર્યા જાય છે અને પોતાને ઘરે પાછા જતા નથી. ભાઇ! સુંદર આંબાનાં વૃક્ષોની હાર વચ્ચે આવી રહેલા આ કદંબ વૃક્ષને તો તું જો! એની ફરતા સેંકડો નગરવાસી જનો ફરી વળેલા છે, અને દારૂ અને આસવ પાનારા અને પીનારાને તે અનેક પ્રકારનાં વિલાસો કરાવી રહેલ છે. રત્નના બનાવેલાં સુંદર મૂલ્યવાન્ વાસણોમાં રાખેલ,[1] પ્રેમથી સુસંસ્કારિત થયેલા માણસોએ સન્મુખ કરેલ, વહાલી પ્રિયતમાના સુંદર હોઠ લાગવાથી પવિત્ર થયેલ, મદ્યના પાત્રમાં રહેલ રત્નોનાં કિરણથી વિરાજિત થયેલ, સુગંધી કમળની આકર્ષક ગંધથી સુવાસિત થયેલ અને સુંદર રમણીય પત્નીના વદનકમળથી અર્પણ થયેલ, તેમજ મુખને ઘણું સ્વાદિષ્ટ બનાવનાર જૂદા જૂદા પ્રકારના મદ્ય-સુરાના રસથી એ કદંબ વૃક્ષને મદથી ભરપૂર કરી દે છે.

* * * *

અને ભાઇ પ્રકર્ષ! તું આ સુરાપાન [2]ગોષ્ટિમાં લોકો કેવા વિલાસ માની રહ્યા છે તે તો જો!

[3]पतन्ति पादेषु [4]लुठन्ति मोदिताः
पिबन्ति मद्यानि रणन्ति गायनाः ।
रसन्ति वक्त्राम्बुरुहाणि योषिता-
मनेकचाटूनि च कुर्वते जनाः ॥

वदन्ति गुह्यानि सशब्दतालकं, मदेन [5]दृप्यन्ति लुठन्ति चापरे।
विघूर्णमानैर्नयनैस्तथापरे, मृदङ्गवंशध्वनिना विकुर्वते ॥

स्वपूर्वजोल्लासनगर्वनिर्भरा,
धनानि यच्छन्ति जनाय चापरे ।
भ्रमन्ति चान्ये विततैः पदक्रमै-
रितस्ततो यान्ति विना प्रयोजनम् ॥

---

૧ આ સર્વ દારૂ-મદ્યના વિશેષણો છે.
૨ A drinking party.
૩ આ ત્રણે શ્લોકમાં 'વંશસ્થ' છંદ છે.
૪ पठंति मोदिताः પાઠાંતર. તેનો મદમાં આવીને બોલે છે-એવો અર્થ થાય છે.
૫ नृत्यन्ति પાઠાંતર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]લોકો આનંદમાં આવી જઇ એક બીજાને પગે પડે છે, અહીં તહીં અફળાય છે, દારૂ પીએ છે, ગાયનો ગાય છે, સ્ત્રીઓનાં વદન-કમળને ચુંબન કરે છે, અનેક પ્રકારનાં ચાળા અને વિચિત્ર ચેષ્ટાઓ કરે છે, અરસ્પરસ એક બીજાની બિભત્સ મશ્કરી કરે છે, તાલ-પૂર્વક શબ્દો બોલતાં મદમાં આવી જઇને નાચ કરે છે, બીજા વળી જ્યાં ત્યાં આળોટે છે, વળી કેટલાક સુરાપાનથી ઘુર્ણાયમાન આંખો-વાળા ઢોલકી અને વાંસળીના અવાજથી વિકાર બતાવે છે, પોતાના વડિલની આબરૂના ગર્વથી ભરપૂર કેટલાક માણસો લોકોમાં ધન વહેંચે છે, દાન આપતા જણાય છે અને કેટલાક તો પહોળા પગ કરી ઉતા-વળી ચાલે અહીંથી તહીં કાંઇ પણ કારણ વગર ભટક્યા કરે છે. જાણે આનંદમાં આવી જઇ લહેર કરતા હોય અને બીજી કોઇ પણ વાતની ચિંતા જ ન હોય તેવા સર્વે લોકો દેખાય છે."

આવી રીતે દારૂ પીવાનાં સ્થાનને મામાજી પોતાના ભાણેજને બતાવી રહ્યા હતા અને તેમાં ભાગ લેનારા લોકોનું વર્ણન કરી રહ્યા હતા તે વખતે પ્રકર્ષની નજર જે સાધારણ રીતે જ કમળપત્રમાં વિ-લાસ કરવાની ટેવવાળી હતી તે મોગરાના વેલાના બનાવેલા મંડપપર પડી એટલે તેણે મામાશ્રીને કહ્યું "મામા! આ પાનગોષ્ટિ ( દારૂ પીનારાની મંડળી ) તો વળી તમે બતાવી તે કરતાં પણ વધારે વિ-લાસ કરી રહેલ છે."

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

વિમર્શ મામાએ કહ્યું, "વસન્તસમય નજીક આવવાથી હર્ષ પા-મેલા નગરવાસીઓ આવી રીતે અનેક પ્રકારની પાનગોષ્ટિ કરે છે તે આ સમયમાં ભવચક્રનગરમાં ઘણી જગ્યાએ મળી આવશે. આ વખ-તમાં જૂદા જૂદા લોકો એકઠા થઇ અનેક જગ્યાએ પાનગોષ્ટિ કર્યા કરે છે. તું પેલી ચંપાની હાર જોઇશ, દ્રાક્ષના વેલાઓના મંડપો દેખીશ, સેવતીનાં ઝાડના ઊંડા વનવિભાગો વિલોકીશ, મોગરાનાં ઝાડોનાં સમૂહનું નિરીક્ષણ કરીશ, રાતાં અશોક વૃક્ષોની ઘટાઓ અવ-લોકીશ અથવા બકુલનાં ઝાડોના ગહનભાગો સાક્ષાત્ કરીશ તો તને એ હકીકતની પ્રતીતિ થશે; તેમાંનો એક પણ ભાગ તારા જોવામાં એવો નહિ આવે કે જ્યાં વિલાસ કરતી યુવાન સ્ત્રીઓનાં ટોળાંથી પરિવરેલા ધનવાન્ નાગરિકોએ જમાવેલ પાનગોષ્ટિ થતી ન હોય, જો એવી એક પણ જગ્યા આ નગર બહારના ઉદ્યાનમાં તારા જો-વામાં આવે કે જ્યાં પાનગોષ્ટિ ન થતી હોય તો તારે મારાં અન્ય

૧ દારૂ-મદ્યપાનની અસરનું આબેહૂબ વર્ણન છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચનો ઉપર પણ વિશ્વાસ ન કરવો, કારણ કે એ ઉપરથી તને એમ લાગે કે હું વાત કહેવામાં તને કાંઇક પણ છેતરૂં છું."

પ્રકર્ષ—"મામા! તમે કહોછો તે વાતમાં જરા પણ સંદેહ કરવા જેવું છે જ નહિ. આ પ્રદેશમાં રહ્યા રહ્યા જાણે એ સર્વ વનના વિભાગો આપે કહેલ સ્થિતિ મુજબ દષ્ટિગોચર થાય છે. જુઓ મામા! આપે બતાવ્યા તે ઉદ્યાનના વિભાગો વિવિધ પ્રકારના મધુપાનમાં મસ્ત થયેલાઓના મોટા શબ્દો, શૃંગારચેષ્ટા અને ઉલ્લાસશબ્દો સાથે અનેક લોકોના આનંદધ્વનિના અવાજથી ગાજતા જણાય છે એટલું જ નહિ પણ—

[1]क्वचिद्रसन्नूपुरमेखलागुणै-
र्नितम्बबिम्बातुलभारमन्थरैः ।
तरुप्रसूनोच्चयवाञ्छयागतैः,
[2]सभर्तृकैर्भान्ति विलासिनीजनैः ॥

क्वचित्तु तैरेव विघट्टिताः स्तनैर्महेभकुम्भस्थलविभ्रमैरिमे ।
विभान्ति दोलापरिवर्तिभिः कृताः, सकामकम्पा इव माम! शाखिनः ॥

क्वचिल्लसद्रासनिबद्धकौतुकाः,
क्वचिद्रहःस्थाननिबद्धमैथुनाः ।
इमे क्वचिन्मुग्धविलासिनीमुखै-
र्न पद्मखण्डादधिका न शोभया ॥

ઉદ્યાનના કોઇ વિભાગો અવાજ કરતાં ઝાંઝર અને કંદોરાથી સુશોભિત તેમજ નિતમ્બના મોટા ભારથી મંદગતિવાળી અને વૃક્ષોનાં ફૂલોની હોંસથી આવી પહોંચેલી વિલાસી સ્ત્રીઓના સમુદાયથી શોભી રહ્યા છે અને સાથે તેઓના પુરૂષો આનંદમાં ભાગ લેતા જણાય છે. મોટા હાથીઓનાં કુંભસ્થળનો વિભ્રમ ઉત્પન્ન કરતાં સ્તનોવાળી હીંચકામાં હીંચકતી સ્ત્રીઓ ઝાડોને એવા કંપાવી રહી છે કે જાણે તેમના સ્તનના સંઘટ્ટથી વૃક્ષોને પણ જાણે કામદેવનો પ્રવેશ થવાથી કંપ થતો હોય તેવાં તે (વૃક્ષો) દેખાય છે—આવી સ્ત્રીઓવડે કેટલાક વનવિભાગો છૂટા પડી ગયેલા છે. કોઇ વનવિભાગોમાં દીપતો રાસ મનને કૌતુકથી આકર્ષી રહેલ છે; કોઇ વિભાગોમાં એકાંત જગ્યાએ સ્ત્રીપુરૂષનાં જોડલાંઓ અરસપરસ

---

૧ આ ત્રણે શ્લોકમાં 'વંશસ્થવિલ' છંદ છે.

૨ सनतर्कैर्भाति એવો પાઠ પ્રતમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેટીને બેસી ગયા છે, અને કોઇ વનવિભાગો યુવાન વિલાસીનીઓના મુખવડે કમળખંડથી પણ વધારે શોભાવાળા નથી એમ નથી એટલે કમળવનખંડથી પણ વધારે શોભા સ્ત્રીમુખકમળને લીધે ધારણ કરી રહ્યા છે."

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ ! તેં બહુ સારી રીતે અવલોકન કરી લીધું. એ સર્વ ભાગ તારા કૌતુકને તૃપ્ત કરે તેવા છે. બાકીના વનવિભાગો પણ સર્વે એવી જ જાતના છે. તેટલા જ માટે મેં તને કહ્યું હતું કે બરાબર યોગ્ય વખતે તને આ ભવચક્રનગર જોવાનું કૌતુક થયું છે, કારણ કે આ વખતે જ એ નગર તેના પૂર બહારમાં હોય છે. હવે તેં નગરની બહારના વિભાગો ઉદ્યાનો વિગેરે તો જોઇ લીધાં, આપણે હવે નગરમાં પ્રવેશ કરીએ. નગરની શોભા કેવી છે તે હવે આપણે બરાબર જોઇ લઇએ એટલે તારા મનનું કૌતુક પૂરૂં કરવાનો જે મનોરથ તને થયો છે તે તૃપ્ત થઇ જાય."

**પ્રકર્ષ**—"મામા ! બહિ:પ્રદેશમાં રહેલા આ લોકોના વિલાસ તો ખાસ જોવા લાયક હોય એમ મને લાગે છે. નગર બહારનો આ પ્રદેશ ઘણો સુંદર છે, વળી મને રસ્તાનો થાક પણ લાગ્યો છે, તેથી આપ મારા ઉપર કૃપા કરો અને હજુ થોડો વખત વધારે અહીં જ થોભો. થોડા વખત પછી આપણે નગરમાં દાખલ થઇશું."

**વિમર્શ**—"ભલે, એમ કરો !"

* * * * *
* * * *
* * *

**ભવચક્રનાં કૌતુકો.**[1]

**વસંતરાજ-લોલાક્ષ રાજા.**[2]
**લોકોમાં મોટી ધમાધમ.**
**નવરસમાં મગ્નતા.**

આ પ્રમાણે મામા ભાણેજ વાત કરતા હતા ત્યાં એક અતિ અદ્ભુત બનાવ બન્યો.

---

૧ અહીંથી ભવચક્રનાં કૌતુકો શરૂ થાય છે તે બરાબર વિચારવા. તે પ્રકરણ ૩૭ ના અંત સુધી ચાલશે.

૨ બાહ્ય પ્રદેશનો રાજા લોલાક્ષ છે. વસંત આવેલ છે અને અંતરંગ રાજ્ય વસંતકાળમાં મકરધ્વજનું થવાનું છે તે આગળ જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રથના ગડગડાટથી ગાજી રહેલ, હાથીઓના મોટા સમુદાયથી મોટા વાદળાના વિભ્રમને ઉત્પન્ન કરનાર, તીક્ષ્ણ ભાલાઓના ચળકાટથી વિજળી જેવા ચમકાર કરતો, ચાલતા તેજસ્વી શ્વેત અશ્વોથી મોટા બગલાઓનું નિદર્શન કરાવતો, હાથીઓના ઝરતા મદરૂપી જળથી મનોહર લાગતો, હર્ષના આવેશને લીધે ઊંચા નીચા થઇ જતા લોકોથી સેવાતો, સુંદરીવર્ગના મનમાં મહા ઉન્માદ કરનાર મકરધ્વજનું રૂપ ધારણ કરતો, મોટા રાજવર્ગ અને નગરવાસી લોકોથી પરિવેષ્ટિત રાજા ચૈત્રમાસની શોભા જોવા માટે પોતાના આખા લશ્કર સાથે તે વખતે બહાર નીકળી પડ્યો; બંધુબુદ્ધિથી જાણે મહા મેઘ[1] આવતો હોય તેવો તે લાગતો હતો. તેની બાજુમાં જાણે સેંકડો ભમરાઓ ગુંજારવ કરતા હોય તેમ મર્દલ નામનાં વાજિત્રો વાગી રહ્યા હતા તેમજ વિલાસ કરતી ઝાંઝો અને વીણાના ધ્વનિ ઉત્પન્ન થઇ રહ્યા હતા તેમજ ગાનતાન અને નાચ પણ ચાલી રહ્યા હતા.

તે વખતે મોટા સામન્તોના પરિવારથી પરિવરેલો, મોટા શ્રેષ્ઠ હાથી ઉપર બેઠેલો અને જેના મસ્તકપર વિકાસ પામતા સુંદર ધવળ કમળના મંડળથી શ્વેત રંગના મોટા છત્ર જેવી છાયા થયેલી છે તેવો તે રાજા પ્રકર્ષ અને વિમર્શના જોવામાં આવ્યો. તે રાજા દેવતાઓના સમૂહની વચ્ચે રહેલો અને ઐરાવણ હાથીપર બેઠેલો ઇંદ્ર હોય તેવો શોભતો હતો. તેની આગળ હર્ષથી આનંદનો કલકલ અવાજ કરતો અનેક શ્વેત છત્રોને ધારણ કરતો લોકોનો મોટો સમુદાય જોવામાં આવતો હતો, તે જાણે મહાધ્વનિમય અનેક ફીણના પિંડોથી શોભાયમાન મોટો દરિયો હોય અથવા તો હાલતી ચાલતી કેળ (ધ્વજા) રૂપ હજારો હાથોવડે હરીફાઇથી ત્રણ ભુવનને પણ અવગણતો હોય એવો દેખાતો હતો.

એ રાજા નગરમાંથી બહાર નીકળીને ઉદ્યાન (બગીચા)ના નાકાઉપર આવ્યો એટલે ભમરાઓ વિશેષ ગુંજારવ કરવા મંડી ગયા, મૃદંગો વાગવા લાગ્યાં, વેણુમાંથી મધુર સ્વર નીકળવા લાગ્યો, કાંસીઓ ઉલ્લાસ પામી (ખૂબ વાગવા લાગી), મંજીરાઓમાંથી રણરણાટ અવાજ થવા લાગ્યો, તાલસુરના આલાપો થવા લાગ્યા, મશ્કરા (તમાસો જોનારા) લોકોનો મોટો કોળાહળ થવા લાગ્યો, જયજયકારના શબ્દો ચોમેરથી

---

૧ મેઘ-વરસાદ વસંત ઋતુમાં પોતાના ભાઇ વસંતની શોભા જોવા આવ્યો હોય નહિ તેવો તે રાજા લાગે છે. આની સાથે ઉપરના સર્વ વિશેષણો લાગશે. મેઘસાથે ગડગડાટ ચમકારા વિગેરે સર્વ હોય છે.

JAINSITE જૈન સાહિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલાવા લાગ્યા, ભાટભવાયા વિગેરે મોટેથી બિરૂદાવળીઓ બોલવા લાગ્યા, ગણિકાઓ પોતાના નૃત્ય વિગેરે કાર્યમાં જોડાઇ ગઇ, જોનાર વર્ગમાં એકદમ ખળભળાટ થઇ ગયો અને ચોતરફ રમત ગમતો વધારે જામવા લાગી.

ત્યાર પછી તે સમુદાયમાં તો કોઇ લોકો નાચે છે, કોઇ કૂદે છે, કોઇ દોડે છે, કોઇ આનંદના અવાજો કરે છે, કોઇ કટાક્ષ ફેંકે છે, કોઇ આળોટે છે, કોઇ અરસ્પરસ મશ્કરી કરે છે, કોઇ ગાય છે, કોઇ વગાડે છે, કોઇ હર્ષ પામે છે, કોઇ મોટેથી બૂમો પાડે છે,[1] કોઇ આનંદમાં આવી જઇ કાખલી કૂટે છે અને કોઇ અરસ્પરસ સોનાની પીચકારીઓ હાથમાં લઇ તેમાં સુખડકેશરમિશ્ર જળ ભરીને ફેંકે છે.[2] આવી રીતે અનેક પ્રકારે કોઇ પણ જગ્યોએ નહિ સાંભળેલા વિલાસમાં લોકો પડી ગયા હતા અને સર્વે કામદેવની અગ્નિથી ઉત્તેજિત થઇ રહ્યા હતા—એવી અવસ્થામાં તે સર્વ લોકો મહા વિદ્વાન્ અને બુદ્ધિશાળી (વિમર્શ)ના જોવામાં આવ્યા તે વખતે તેણે તેમને માટે શું વિચાર કર્યો તે હવે આપણે જોઇએ.

### વિમર્શનું ચિંતવન.
### પ્રકર્ષનો સાદો પ્રશ્ન.
### વિમર્શનું અંતર્ધાન.

ચૈત્ર માસમાં રસમાં લસબસ થયેલા લોકોએ મચાવેલી તેવા પ્રકારની ધમાલ જોઇને વિમર્શમામાએ પોતાના મનમાં વિચાર કર્યો—અહો! મોહરાયનું સામર્થ્ય તો ભારે આશ્ચર્યકારક જણાય છે! અહો! રાગકેસરીનો વિલાસ પણ જબરો દેખાય છે! અહો! વિષયાભિલાષ મંત્રીનો પ્રતાપ પણ ભારે જણાય છે! મકરધ્વજ કામદેવનું માહાત્મ્ય પણ આશ્ચર્ય ઉપજાવે તેવું જણાય છે! કામદેવની સ્ત્રી રતિની ક્રીડા પણ ભારે જબરી જણાય છે! મહાસુભટ હાસ્યનો ઉલ્લાસ પણ જેવો તેવો નથી! પાપી કાર્યો કરવામાં આ લોકોની હિમત પણ હદ બહાર છે![3] પ્રમાદ પણ કેટલો! એ લોકોનું પ્રવાહની સાથે વહેવાપણું[4] પણ ભારે નવાઇ જેવું છે! તેઓની દીર્ઘદૃષ્ટિનો અભાવ

1 હુરે હુરે જેવા અવાજ કરે છે.

2 રસ અને રંગો ફેંકવા એ હુતાશનિ વખતનો સામાન્ય બનાવ છે. નગર બહાર જઈ આનંદ કરવો, ઉજાણી કાઢવી એ રિવાજ હાલ પણ પ્રચલિત છે.

3 મદિરાપાન વિગેરે.

4 વિષયરૂપ નદીના પ્રવાહમાં નીચે નીચે ઉતરતા ચાલ્યા જવું તણાવાપણું.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તેવા જ આશ્ચર્ય ઉત્પન્ન કરે એવા છે! તેઓનાં મનના વિક્ષેપો પણ એવા જ વિચિત્ર જણાય છે! આગળ પાછળનો વિચાર ન કરવાની પદ્ધતિ પણ તેઓની ખાસ ધ્યાન આપવા લાયક છે! ઉલટા સુલટા વિચારો અને ગોટાળાઓનો તો અહીં પાર રહ્યો જણાતો નથી! તેઓની ખરાબ ભાવના તરફની પ્રીતિ પણ અસાધારણ જણાય છે! ભોગ ભોગવવાની તૃષ્ણાની અધમ ચાહના પણ અત્યંત છે! અને અવિદ્યાથી હણાયલા તેઓના ચિત્તની દશા પણ શોચનીય છે!

તે વખતે પ્રકર્ષ એ સર્વ લોકોના વિલાસો ઉઘાડી આંખે નીરખી નીરખીને જોઇ રહ્યો હતો તેને તેના મામાએ કહ્યું કે "ભાઇ પ્રકર્ષ! આ સર્વ બહિરંગ પ્રદેશમાં રહેનારા પ્રાણીઓ છે. જે મહામોહ વિગેરે રાજાઓ સંબંધી મેં તારી પાસે અગાઉ વર્ણન કર્યું હતું તે રાજાઓનો આ સર્વ પ્રતાપ છે."

પ્રકર્ષ—"મામા! કઇ હકીકતને લઇને અને ક્યા રાજાના પ્રતાપથી આ લોકો એવા પ્રકારની ચેષ્ટાઓ કરે છે?"

વિમર્શ—"ભાઇ! હું એ હકીકતનો વિચારીને જવાબ આપું છું, જરા સબુરી પકડ."

પછી વિમર્શમામાએ ધ્યાન ધર્યું, આંખો બંધ કરી, વિચાર કરીને મનમાં બરાબર ધારણા કરી, પછી ભાણેજને કહેવા માંડ્યું:—

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## વસંતમાં મકરધ્વજ.

### વસંત મકરધ્વજ મૈત્રી.

"ભાઇ પ્રકર્ષ! સાંભળ. તું યાદ કર. પેલી ચિત્તવૃત્તિ મહા અટવીમાં પ્રમત્તતા નદીમાં જે ચિત્તવિક્ષેપ નામનો મંડપ તારા જોવામાં આવ્યો હતો તેમાં મહામોહ રાજાની જે તૃષ્ણા નામની જુદી વેદિકા હતી તેમાં એક સિંહાસનપર બેઠેલા તે [1]મકરધ્વજને તેં જોયો હતો. એ મકરધ્વજનો આ વસંત ખાસ મિત્ર થાય છે. વાત એમ બની કે જ્યારે શિશિર ઋતુ લગભગ પૂરી થવા આવી ત્યારે આ ભાઇ વસંત પોતાના મિત્ર મકરધ્વજ પાસે કાંઇ કામે ગયો હતો અને તેની સાથે આનંદવાર્તા કરીને થોડો વખત તેની પાસે રહ્યો હતો. આ વસંત પેલા કર્મપરિણામ મહારાજા અને કાળપરિણતિ મહારાણીનો ખાસ નોકર છે. એ વસંતે પોતાની એક ખાસ ખાનગી વાત પોતાના અંગત

1 જુઓ પૃ. ૮૭૭ થી શરૂ થયેલો કામદેવનો હેવાલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિત્ર મકરધ્વજને જણાવી કે 'ભાઇ! મહારાણી ([1]કાળપરિણતિ)ના હુકમથી ભવચક્રનગરમાં આવેલ માનવાવાસ નામનું અંતર નગર છે ત્યાં મારે હાલ જવાનું છે, આથી મારે તારી સાથે કેટલોક વખત વિરહ રહેશે તેથી હું તને મળી લેવા અહીં આવ્યો છું.' વસંતનાં આવાં વચન સાંભળી મકરધ્વજે જવાબમાં આનંદપૂર્વક જણાવ્યું કે 'મિત્ર! ગયા વરસમાં આપણે એ માનવાવાસ નગરમાં સાથે હતા ત્યારે આખો વખત કેટલી મજા ઉડાવી હતી તે સર્વ વાત શું તું ભૂલી જ ગયો કે અત્યારે મારા વિરહની આશંકાથી આટલો બધો ખેદ કરે છે? મારી સાથે તારે વિરહ થશે અને તેથી તારા મનમાં અત્યારે ખેદ થાય છે એ તદ્દન ગેરસમજુતીનું પરિણામ છે. જો! જ્યારે જ્યારે મહારાણી કાળપરિણતિ તને માનવાવાસપુરે જવાનો હુકમ આપે છે ત્યારે ત્યારે પેલા મહામોહ મહારાજા મને એ નગરનું રાજ્ય આપે છે તે તું કેમ ભૂલી ગયો? તેથી હવે વિરહ થવાનું કારણ તો છે જ નહિ, છતાં તારા મનમાં મારો વિરહ થશે એવી શંકા કેમ થઇ?' વસંતે જવાબ આપ્યો 'ભાઇ મકરધ્વજ! તેં એ સુંદર વાતની યાદી આપીને મને નવી જીંદગી આપી છે. નહિ તો એ વાત હું તદ્દન વીસરી જ ગયો હતો. જ્યારે વગર અવસરે એકદમ કોઇ ચિંતા આવી પડે છે ત્યારે મિત્રવિરહની આશંકાથી પ્રાણી પોતાના હાથમાં લીધેલ બાબતને પણ ઘણીવાર ભૂલી જાય છે–વિસરી જાય છે. તેથી તેં બહુ સારી વાત કરી. ત્યારે હવે હું તો વિદાય થાઉં છું. તું પણ મારી પછવાડે જરૂર વહેલો આવજે.' મકરધ્વજે પોતાના મિત્રનો વિજય ઇચ્છ્યો. પછી તુરત જ વસન્તરાજ આ માનવાવાસપુર નામના નગરે આવ્યો. એણે જૂદા જૂદા ઉદ્યાન બગીચાઓમાં પોતાનો વિલાસ કેવો જમાવ્યો છે તે તો ભાઇ પ્રકર્ષ! મેં તને હમણા જ બતાવ્યું.

## મકરધ્વજનો રાજ્યાભિષેક.

"ભાઇ પ્રકર્ષ! વસંતરાજ વિદાય થયા પછી મકરધ્વજે વિષયાભિલાષ મંત્રીને વિજ્ઞપ્તિ કરી કે તેના ઉપર કૃપા કરીને લાંબા વખતની ચાલી આવતી સ્થિતિનું બરાબર પાલન કરવું; પછી તેણે વસંત સંબંધી સર્વ હકીકતની યાદી આપી અને વસંત કાળપરિણતિ દેવીના

---

[1] વસંતનો કાળ–સમય આવે ત્યારે જ તે તૈયાર થાયછે તેથી અહીં મહારાણીનો હુકમ કહ્યો જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હુકમથી માનવાવાસપુરે ગયો છે તે વાત પણ જણાવી. વિષયાભિલાષ મંત્રીશ્વરે તે વખતે તેજ પ્રમાણે સર્વ હકીકત મહારાજા રાગકેસરીને નિવેદન કરી અને રાગકેસરીએ પોતાના પિતાશ્રી મહામોહ રાજાને સર્વ હકીકત જણાવી. મહામોહ રાજાએ વિચાર કર્યો કે-અહો! દરેક વર્ષે જ્યારે જ્યારે વસંતને માનવાવાસ નગરે મોકલવામાં આવે છે, ત્યારે ત્યારે તે નગરનું આંતર રાજ્ય મકરધ્વજને આપવામાં આવે છે, માટે આ વખતે પણ તે નગરનું રાજ્ય મકરધ્વજને આપવું જોઇએ, કારણ કે અમારા જેવા સ્વામીએ જે ઉચિત પરિસ્થિતિ ચાલતી હોય તે કદિ પણ ઉલ્લંઘવી ન જોઇએ અને લાંબા વખતથી જે નોકરો આપણને વળગી રહ્યા હોય તેમને બરાબર પાળવા જોઇએ અને તેનો ઉત્કર્ષ વધારવો જોઇએ. મહામોહ રાજાએ આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને પોતાની રાજસભાના સર્વ રાજાઓને એકઠા કર્યા. પછી તેમને જણાવ્યું કે 'તમે સર્વ આ હકીકત સાંભળો. ભવચક્ર નગરમાં જે પેલું માનવાવાસ નામનું આંતર નગર છે તેનું રાજ્ય મારે થોડા વખત માટે મકરધ્વજને આપવાનું છે. તમારે સર્વેએ તેની નજીકમાં જ રહેવું, એ મકરધ્વજના જાણે તમે સેનાનીઓ છો એવો ભાવ તમારે ધારણ કરવો, એ મકરધ્વજને રાજ્યાભિષેક કરવો, એનો હુકમ તમારે સર્વેએ ઉપાડી લેવો, યોગ્ય રીતે સર્વ રાજ્યકાર્યો બરાબર કરવાં અને સર્વ ઠેકાણે જરા પણ પાછા હઠ્યાવગર કર્તવ્ય બજાવવું; હું પોતે પણ એ મકરધ્વજના રાજ્યમાં એક પ્રધાન[1] તરીકે જ કામ કરવાનો છું. માટે તમે સર્વે તૈયાર થઇ જાઓ. આપણે સર્વે એ નગરે જઇએ.' સર્વ રાજાઓએ જમીન સુધી પોતાનાં મસ્તકો નમાવી મહારાજા મોહરાયનાં તે વચનો અંગીકાર કર્યાં. ત્યાર પછી મહામોહરાજાએ મકરધ્વજને જણાવ્યું કે 'ભદ્ર! તારે પણ માનવાવાસપુરની ગાદીએ બેસીને બીજા રાજાઓ છે તેઓની આવક લઇ ન લેવી, અગાઉ સર્વના જે જે હક્કો છે તે સર્વને લેવા દેવા અને પુરાણી પ્રીતિથી સર્વની સાથે તારે રીતસર વર્તવું.' મકરધ્વજે મોહરાયનો એ હુકમ માથે ચઢાવ્યો. ત્યાર પછી સર્વે રાજાઓ આ માનવાવાસપુરે આવ્યા, બધાએ એકઠા થઇને ત્યાં મકરધ્વજને રાજ્યાભિષેક કર્યો અને બાકીના સર્વ રાજાઓએ પોતપોતાને યોગ્ય તેનો અમલ સ્વીકાર્યો.

૧ મુખ્ય અધિકારી હોદ્દેદાર (ઓફીસર). પોતે મોટા રાજા પણ થોડા વખત માટે હાથ નીચેના અધિકારી બની જવાનું કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## લોલાક્ષપર મકરધ્વજનો અદૃષ્ટ વિજય.

"ભાઇ પ્રકર્ષ ! હમણા જે રાજાને તેં હાથીની પીઠ ઉપર અંબાડીમાં બેઠેલો જોયો તે આ માનવાવાસ નગરની અંદર રહેલ એક લલિતપુર નામના નગરનો લોલાક્ષ[1] નામનો બહિરંગ પ્રદેશનો રાજા છે. હવે મકરધ્વજને માનવાવાસપુરનું રાજ્ય આપવામાં આવ્યું હતું તેણે એ રાજાના લશ્કરને અને નગરવાસી જનોને હઠાવી દઇને પોતાની શક્તિથી એ રાજાને જીતી લીધો છે અને આ બહારના ઉદ્યાનમાં કાઢી મૂક્યો છે, પરંતુ આ બાપડો ( લોલાક્ષ ) એવો અક્કલ વગરનો છે કે પોતાને મકરધ્વજે જીતી લીધો છે એમ હજુ તેના સમજવામાં પણ આવ્યું નથી અને આ લોકો જેને રાજા સાથે નગરની બહાર કાઢવામાં આવ્યા છે તેઓ પણ પોતે મકરધ્વજથી જીતાયલા છે એમ માનતા નથી. આટલા ઉપરથી ભદ્ર ! તારા સમજવામાં આવ્યું હશે કે મહામોહ રાજાની સહાયથી અને મકરધ્વજના પ્રતાપથી આ લોકો તને બતાવ્યું તે પ્રમાણે વિચિત્ર ચેષ્ટાઓ કરી રહ્યા છે."[2]

જૈન સાઇટ JAINSITE जैनम् जयति शासनम्

## યોગાંજનથી અંતરંગ દર્શન.

પ્રકર્ષ—"ત્યારે મામા ! એ મકરધ્વજ હાલ ક્યાં છે ?"

વિમર્શ—"અરે ભાઇ પ્રકર્ષ ! એ તો પોતાના આખા પરિવાર સાથે અહીં પડોશમાં જ છે અને તે એવી રીતે રહીને આ સર્વની પાસે નાટક કરાવે છે."

પ્રકર્ષ—"ત્યારે તે અહીં દેખાતો કેમ નથી ?"

વિમર્શ—"ભાઇ ! મેં તને અગાઉ જણાવ્યું છે તેમ એ અંતરંગ લોકો વારંવાર અંતર્ધાન અદૃશ્ય થઇ શકે છે અને યોગીઓની પેઠે [3]પરપુરુષપ્રવેશ પણ કરી શકે છે. તે સર્વે આ લોકોના શરીરમાં પેઠા છે, પોતાના વિજયથી ઘણો હર્ષ પામે છે અને તેમના

---

૧ **લોલાક્ષઃ** નો અર્થ ચપળ આંખવાળો થાય છે. બાહ્ય પ્રદેશનો રાજા ચપળ નેત્રવાળો હતો તે તેના વર્તનપરથી જણાય છે. **ભવચક્ર**નગરમાં આવેલ **માનવાવાસ** અને તેમાં આવેલ **લલિતપુર** નગર તે સંસારચક્રની મનુષ્યગતિમાં આવેલ લલિતપુર નામનું બહિરંગ નગર સમજવું.

૨ આટલી હકીકત અંતર્ધાન. એકતા કરી મામાએ ભાણેજને કહી એટલે તે પર હવે ભાણેજની પ્રશ્નાવલિ ચાલી.

૩ જુઓ પૃ. ૯૧૦. નોટ નં. ૪



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતાપથી જે નાટક લોકો કરી રહ્યા છે તે આનંદમાં આવી અંદર બેઠા બેઠા જોયા કરે છે."

પ્રકર્ષ—"ત્યારે એ લોકો તો એવી રીતે અંદર બેઠેલા છે તેને આપ કેવી રીતે સાક્ષાત્ જોઇ શકો છો?"

વિમર્શ—"ભાઇ! મારી પાસે વિમળાલોક[1] નામનું અંજન છે. એ આંખમાં આંજવાથી એ સર્વને હું બરાબર જોઇ શકું છું."

પ્રકર્ષ—"મને પણ એ યોગાંજન આંજવાની કૃપા કરો કે જેથી હું પણ એ મકરધ્વજ રાજા આદિ સર્વને બરાબર અવલોકી શકું."

પ્રકર્ષની આવી માગણીથી મામાએ તેની આંખોમાં યોગાંજન આંજ્યું અને પછી સ્પષ્ટ રીતે કહ્યું કે "હવે તું તેઓનાં હૃદયપ્રદેશ જો. હૃદય જોઇશ એટલે સર્વ તને જણાઇ આવશે."

પ્રકર્ષ હર્ષમાં આવી જઇને કહેવા લાગ્યો કે—"અહો મામા! હવે તો રાજ્યાભિષેક થયેલો અને મહામોહ વિગેરેથી પરિવરેલો મકરધ્વજ મને બરાબર દેખાય છે. અહાહા! મામા જુઓ તો ખરા! હાથમાં ધનુષ્ય લઇને એ (મકરધ્વજ) મહારાજા તો સિંહાસનઉપર બેઠે બેઠે જ પોતાના કાનસુધી બાણોને ખેંચીને લોકોને ભેદી નાખે છે. અરે જુઓ તો! એ લોકો એના બાણથી વિહ્વલ થઇ ગયા છે અને રાજા (લીલાક્ષ) પણ એવી રીતે બાણો લાગવાથી જર્જર થઇ ગયો છે અને તેમને સર્વને એવી વ્યાકુળ વિકારયુક્ત અવસ્થામાં આવી પડેલા જોઇને એ કામદેવ તો પોતાની સ્ત્રી રતિ સાથે મોઢેથી ખડખડ હસે છે અને અરસપરસ તાળીઓ આપીને મજા કરે છે! વળી એના નોકરો અને દાસો પણ મોટે સ્વરે બોલે છે કે-'અહો ભારે લગાવ્યા! ઠીક બાણ માર્યા! ખૂબ પ્રહાર કર્યા!!' વિગેરે, અને મહામોહ વિગેરે પણ મકરધ્વજની સમક્ષ ઊભા રહીને હસે છે. અહાહા! મામા! તમે તો મને બહુ સારી જોવા જેવી હકીકત આજે બતાવી. હું બહુ શું બોલું? આવી રાજ્યની લીલા ભોગવતો કામદેવ તમે મને બતાવીને ખરેખર મારા ઉપર મોટી કૃપા કરી છે!!"

## મહામોહાદિ સર્વનો મકરધ્વજકૃત નિયોગ.

વિમર્શ—"અરે ભાઇ! હજુ આમાં તે શું છે? આ ભવચક્ર નગરમાં તો તારે હજુ બીજું ઘણુંએ જોવાનું છે! આ નગરમાં તો ઘણા જોવાલાયક તમાસાઓ થાય છે!!"

---

૧ વિમળાલોક અંજનનો ખુલાસો પ્રથમ પ્રસ્તાવમાં આપેલો છે. જુઓ પૃ. ૨૫ તથા જુઓ પૃ. ૧૨૯-૩૦ (પ્રથમ પ્રસ્તાવ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકર્ષ—“ મામા ! જ્યારે તમે મારા ઉપર આવી અનેક હકીકતો બતાવવાની મહેરબાની કરવા લાગ્યા છો ત્યારે મારી જિજ્ઞાસા હવે કાંઇ પૂરી થયા વગર રહેવાની હતી ? પણ મામા ! એક વાત જરા પૂછી લઉં તેનો જવાબ આપજો. આ મકરધ્વજની સમીપે મહામોહ, રાગકેસરી, વિષયાભિલાષ, હાસ્ય વિગેરે પોતાની સ્ત્રીઓ સાથે દેખાય છે ત્યારે પેલા દ્વેષગજેંદ્ર, અરતિ, શોક વિગેરે દેખાતા નથી તેનું મામા સાહેબ ! શું કારણ હશે ? શું તેઓ મકરધ્વજના રાજ્યાભિષેકમાં આવ્યા નહિ હોય ? ”

વિમર્શ—“ ભાઇ પ્રકર્ષ ! તેઓ સર્વે મકરધ્વજના રાજ્યમાં આ ભવચક્ર નગરે આવેલા છે એમાં તારે જરા પણ આશંકા કરવા જેવું નથી, પરંતુ તને યાદ હોય તો પ્રથમથીજ મેં તને જણાવેલું છે કે એ અંતરંગ લોકો કોઇ વાર ઉઘાડા દેખાય છે અને વળી કોઇવાર અંતર્ધાન થઇ જાય છે—એવી તેઓની પ્રકૃતિ છે. અત્યારે એ દ્વેષગજેંદ્ર, શોક વિગેરે સર્વે અંતર્ધાન થઇને આ મકરધ્વજના રાજ્યમાં વસે છે, પણ પોતે રાજાની સેવા કરવાના અવસરની વાટ જોઇ રહ્યા છે. અત્યારે મહામોહ વિગેરેને સેવા કરવાનો અવસર મળ્યો છે તેથી તેઓ મકરધ્વજની સભામાં પ્રગટ થઇને પોતાની ફરજ બજાવી રહ્યા છે. તારે એટલું બરાબર ધ્યાનમાં રાખવું કે એ મકરધ્વજ મહારાજ સખ્ત હુકમ કરનારો અને તેને બરાબર અમલમાં મૂકનારો છે તેથી એના રાજ્યમાં જે જે માણસોને જે જે કામ સોંપાયું હોય તેટલું જ તેણે તે તે પ્રસંગે કરવાનું છે, જેનું જેટલું માહાત્મ્ય હોય તેટલું તેણે બતાવવાનું છે અને જેણે પોતાને ખાતે જેટલી આવક કરવાની હોય તેટલી જ કરવાની છે, તેમાં જરા વધારો પણ તે કરી શકે નહિ અને અને ઘટાડો પણ કરી શકે નહિ. જો હું તને આ વાત દાખલો આપીને બરાબર સ્પષ્ટ કરીને સમજાવું: આ લોલાક્ષ નામનો બહિરંગ પ્રદેશનો રાજા છે તેને અને તેના રાજમંડળને તથા સર્વ પ્રજાને પેલા મકરધ્વજે જીતી લીધેલા છે છતાં તે લોકોને એ વાતની જરાએ ખબર પણ પડી શકતી નથી એટલું જ નહિ પણ એ સર્વે બાહ્ય લોકો મકરધ્વજને પોતાના ભાઇ જેવો સગો ગણે છે. એ સર્વ મહામોહરાજે જમાવટ કરી છે, મહામોહની એ કામ ઉપર જ યોજના થયેલી છે, તેનું માહાત્મ્ય અને તેણે પોતાને ખાતે એટલી જ આવક કરવાની છે એવો મહારાજા મકરધ્વજનો હુકમ છે. એ સર્વ (બાહ્ય) લોકો એક બીજા ઉપર પ્રીતિ રાખીને અરસ્પરસ વળગે છે અને તેમ કરવામાં પોતાની જાતને પૂરી ભાગ્યશાળી સમજે છે તે જમાવટ રાગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેસરીએ કરેલી છે, રાગકેસરીની એ પરિણામ નિપજાવવા માટે યોજના થયેલી છે, એટલું જ તેનું માહાત્મ્ય છે અને તેણે પોતાને ખાતે એટલી જ આવક કરવાની છે. વળી એ લોકો (બાહ્ય) શબ્દાદિ ઇંદ્રિયના વિષય તરફ લોભાઇ જાય છે, ખેંચાય છે અને તેને લઇને સેંકડો પ્રકારના વિકારો કરી બતાવે છે તે જમાવટ વિષયાભિલાષ મંત્રીશ્વરની છે, વિષયાભિલાષની એ પરિણામ નિપજાવવા માટે યોજના થયેલી છે, એટલું જ તેનું માહાત્મ્ય છે અને તેણે પોતાને ખાતે એટલી જ આવક કરવાની છે. ઉપરાંત એ લોકો ખડખડાટ હસે છે, અરસપરસ એક બીજાના ચાળા કરે છે તે સર્વ પ્રકાર હાસનો નિપજાવેલો છે. એવીજ રીતે મહામોહની પત્ની (મહામૂઢતા), વિષયાભિલાષની પત્ની, (ભોગતૃષ્ણા), હાસની પત્ની (તુચ્છતા) વિગેરે સર્વ તેમને સોંપેલ કામો જ કરે છે અને આપેલ પરિણામ નિપજાવી આપે છે, તેમજ બીજા રાજાઓ અને પેલા સોળ છોકરાઓ વિગેરે સર્વ પોતપોતાને સોંપેલ કામ કરે છે, પોતાનું માહાત્મ્ય બતાવે છે અને પોતાને ખાતે તેટલી આવક જમે કરે છે. એ સર્વની બરાબર ચોક્કસ કામોપર જ નીમણુક થયેલી છે. હવે એ લોકો શબ્દાદિ ઇંદ્રિયના ભોગો ભોગવે છે, અત્યંત આનંદપૂર્વક પોતાની રીસાયલી સ્ત્રીઓને અનુકૂળ થવા પ્રાર્થના કરે છે, તેઓના મ્હોઢાં ચાટે છે, તેઓને ચુંબન લે છે, તેઓનાં શરીરને ભેટે છે, તેઓની સાથે મૈથુન સેવે છે-વિગેરે વિગેરે જે કામો થાય છે તે સર્વ કામની યોજના ઉપર મકરધ્વજે બીજા કોઇની નીમણુંક કરી નથી પણ એ કામ તો એ રાજાએ પોતાની સ્ત્રી રતિની સાથે પોતાના જ હાથમાં રાખ્યું છે; એમ કરવાનો હેતુ એ છે કે એ કામ કરવાની તાકાત એ મકરધ્વજમાં જ છે, બીજા કોઇમાં નથી. ભાઇ પ્રકર્ષ એવી રીતે અહીં દ્વેષગજેંદ્ર, શોક વિગેરે પણ તેઓને જે કામ સોંપવામા આવેલું છે તે બજાવવાના વખતની તેઓ હાલ રાહ જોઇ[1] રહ્યા છે, તેથી હાલ તેઓ પ્રગટપણે દેખાતા નથી."

## અંતરંગ લોકોનાં અનેક રૂપો.

પ્રકર્ષ—"મામા! જ્યારે સર્વ અહીં આવેલા છે ત્યારે ચિત્તવૃત્તિ અટવીમાં પેલો મહામોહ રાજાનો જે મંડપ આપણે જોયો હતો તે તો તદ્દન ખાલી પડ્યો હશે?"

૧ કામ પડશે એટલે દેખાશે. એનું કામ આવતા પ્રકરણમાં જ પડશે ત્યારે એ લોકો અવસરે હાજર થઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમર્શ—"નારે ભાઇ! એવું કાંઇ નથી. મેં તને અગાઉ પણ જણાવ્યું હતું કે એ અંતરંગ લોકો તો ધારે તેટલાં રૂપ કરી શકે તેવાં છે; તેથી જો કે તેઓ આ મકરધ્વજના રાજ્યમાં અત્યારે અહીં આવ્યા છે તો પણ તેઓ સર્વે તેં પૂર્વે જોઇ તે જ અવસ્થામાં મહામોહના સભાસ્થાનમાં બેઠેલા જ છે. આ મકરધ્વજનું રાજ્ય તો થોડા દિવસ ચાલવાનું છે તેથી તે ક્ષણિક કહેવાય અને પેલું મહામોહનું રાજ્ય છે તે તો ઘણા કાળથી સ્થાપિત થયેલું છે, અનંત કલ્પોથી પ્રવૃત્ત થયેલું છે અને અનંત કાળ રહેવાનું છે, તેથી ત્યાંથી તેઓ ખસે એવો તો ખ્યાલ પણ શા માટે લાવવો જોઇએ? વળી એ મહામોહનું રાજ્ય તેં જોયું હતું તે તો આખા ભુવનમાં વિસ્તરેલું છે અને આ મકરધ્વજનું રાજ્ય તો માત્ર [1]માનવાવાસમાં જ છે. આ તો એ મહામોહ રાજાનો એવો સ્વભાવ છે કે જે જૂની પરિસ્થિતિ નિપજાવેલી હોય તેને હમેશાં નિભાવ્યા કરવી, તેથી પોતાને મોટું રાજ્ય હોવા છતાં પણ પોતાના એક સેનાની મકરધ્વજની પાસે પોતે નોકરનો ભાવ ધારણ કરીને રહે છે. બાકી એ મહામોહનું સભાસ્થાન તો હજુ પણ વિજયવંતજ વર્તે છે અને [2]અહીં જેઓ દેખાય છે તેઓ અત્યારે પણ એ રાજ્યમાં તો બરાબર અસલ સ્વરૂપે જ વર્તે છે."

પ્રકર્ષ—"મામા! તમારો વિગતવાર ખુલાસો સાંભળીને મારા મનમાં જે શંકા થઇ હતી તે હવે બરાબર દૂર થઇ."

१ વસંતોત્સવ મનુષ્યગતિમાં જ શક્ય છે, તેમાં પશુપક્ષીઓ ભાગ લે તો તે મનુષ્યના પેટાભાગમાં આવે, મહોત્સવની જમાવટ તેઓ કરતા નથી.

૨ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃષ્ઠ ૬૦૧ શરૂ થાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# પ્રકરણ ૨૨ મું.

## લોલાક્ષ.

### ( મદ્ય–પરદારા. )

ભવચક્રનગરનાં કૌતુકો. (ચાલુ)

જીજ્ઞાસુ ભાણેજને નવું નવું જોવાનો બહુ ઉત્સાહ હતો, પિતાએ આપેલ સમય હજુ પહોંચતો હતો અને આંતરતત્ત્વવેદી મામા તેની સર્વ જિજ્ઞાસાઓ સંતોષકારક રીતે પૂરતા હતા. પ્રકર્ષે તેથી ભવચક્રનગરનાં કૌતુકો પૂર હોંસથી જોવા માંડ્યા અને મામાએ જાણવાલાયક ખુલાસા કર્યા.

**લોલાક્ષ રાજા અને સુરાપાન.**

**દારૂની અસરમાં વિવેક નાશ.**

લોલાક્ષ રાજાને અગાઉ હાથીની અંબાડી ઉપર બેઠેલ જોવામાં [1]આવ્યો હતો તે હવે હાથી ઉપરથી નીચે ઉતર્યો અને સામેજ ચંદિકા દેવીનું મંદિર હતું તેમાં દાખલ થયો. પ્રથમ તો એણે ચંદિકા દેવીને મદિરાથી સારી રીતે તૃપ્ત કરી, પછી દેવીની પૂજા કરી અને ત્યાર પછી એ દેવીની સામે જ દારૂ પીવા માટે મોટી ખુલ્લી ચોગાન જેવી જગ્યા હતી ત્યાં બેઠો. તેની સાથે બીજા રાજપુરૂષો અને પ્રજાજનો આવ્યા હતા તેમણે સુરાપાન કરવા માટે મંડળની યોજના કરી. તે કાર્ય માટે નાના પ્રકારનાં રત્નોનાં બનાવેલાં દારૂ પીવાનાં પાત્રો તેઓએ પાથર્યાં અને દરેક મનુષ્યની પાસે સોનાનાં મદ્યપાત્રો સંખ્યાબંધ મૂકી દીધાં. પછી સુરાપાન કરવાનો ક્રમ ચાલ્યો. એક પછી એક સર્વ મદ્ય પીવા લાગ્યા; કોઇ વધારે હર્ષમાં આવીને આનંદથી વધારે દારૂ પીએ છે, કોઇ વધારે કેફ ચઢાવવા સારૂ હિંદોળ રાગ ગાય છે, વળી તેના

[1] પૃ. ૯૩૩.

જૈન સાઈટ JAINSITE .com નમામિ ... શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર લાલ રંગના મદ્યનો એક પ્યાલો ચઢાવે છે, કોઇ વાદ્ય વગાડનારને આગ્રહ કરીને દારૂ પીવરાવે છે, નાચ ચાલી રહ્યો છે, કોમલ હસ્ત રૂપ કિસલયો વડે મદ્યપાત્રો લઇ જવામાં આવે છે, વહાલી પત્નીના અધરઓષ્ઠનું પાન કરવામાં આવે છે, આવેશમાં દંતપંક્તિથી અધરોષ્ઠ કરડાય છે, દારૂના મદમાં છાકટાપણાની સ્થિતિ વધારે વધારે જામતી જાય છે, નાના મોટાની લાજ મર્યાદા અને સારા ખરાબ કામની આશંકા છૂટતી જાય છે, સ્ત્રીઓના સુંદર મુખ તરફ નજર ખેંચાઇ જાય છે, ગંભીરતા નાશ પામતી જાય છે, મોટા મોટા માણસો નાના બાળકો જેવી ચેષ્ટાઓ કરે છે અને સર્વ પ્રકારનાં અકાર્યની બરાબર વ્યવસ્થા થાય છે એટલે ન કરવાનાં સર્વ કામો થાય છે.

### રતિલલિતાનો નાચ.
### લોલાક્ષનું કામાંધપણું.
### વિવેકભ્રષ્ટતાની હદ.

હવે એ લોલાક્ષ રાજાને રિપુકંપન[1] નામનો એક નાનો ભાઇ હતો, તે હાલ યુવરાજ પદપર હતો અને આ વખતે લોલાક્ષ રાજા સાથે તે પણ નગર બહાર આવેલ હતો, ખૂબ દારૂ પીને મસ્ત થવાથી તે તદ્દન પરવશ બની ગયો હતો, તેથી પોતે કાર્ય અકાર્યની તુલના કરી શકે તેવી સ્થિતિમાં રહ્યો નહોતો. એવી પીધેલ અવસ્થામાં તેણે પોતાની પત્ની રતિલલિતાને હુકમ કર્યો—"અરે વહાલી! નાચ કર, નાચ કર—" પોતાના વડિલવર્ગ સમક્ષ નાચવામાં ઘણી શરમ લાગતી હોવા છતાં પોતાના પતિના હુકમનો અનાદર કરવાની તેનામાં તાકાત નહોતી તેથી પોતાની મરજીવિરૂદ્ધ રતિલલિતા નાચવા લાગી.

રતિલલિતાનો મર્યાદાભંગ.

તેનું શરીર અત્યંત લાવણ્યવાળું અને નમણું હોવાને લીધે અને દારૂનો મદ પીધા પછી ઘણો વિકાર કરે તેવો હોવાને લીધે જેવી તે નાચવા માંડી કે તે જ વખતે પેલા રાજા લોલાક્ષ ઉપર મકરધ્વજે પોતાનાં સેંકડો તીરો માર્યાં અને તેને તદ્દન પોતાના તાબામાં લઇ લીધો, જેને લઇને તે રાજા એકદમ એ ભાઇની સ્ત્રી ઉપર અત્યંત રાગવાળો થઇ ગયો, પરંતુ તેના રાગની તૃપ્તિ કરવા શું કરવું તે બાબતનો કેટલાક વખત સુધી તે નિર્ણય કરી શક્યો નહિ. એવી રીતે મકરધ્વજહત દશામાં ત્યાં ને ત્યાં ઘણો વખત બેસી રહ્યો.

---

૧ **રિપુકંપન**: આ લોલાક્ષ રાજાના નાના ભાઇને આપણા કથાનાયક **રિપુદારૂણ** સાથે ભેળવી ન નાખવાની સંભાળ રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ઘણો દારૂ પીધેલ હોવાથી એનું આખું રાજ્યમંડળ મદમાં મસ્ત થઇ ગયેલુ હતું અને તેની અસરથી તદ્દન હીલચાલ વગરનું થઇ ગયું હતું. સર્વે લોકો જમીનપર લેટી ગયા હતા. કોઇ કોઇ ઉલટી કરતા હતા અને કોઇ ઝોકાં ખાતા હતા. ઉલટીને લીધે એ જમીન અપવિત્ર કાદવથી ચીકાસવાળી થઇ ગઇ હતી. કાગડાઓ તે ઉપર પડ્યા, કૂતરાઓ ચારે તરફથી દોડી આવ્યા, અને લોકોનાં મ્હોઢાં ચાટવા મંડ્યાં. આવે વખતે રિપુકંપન ઉંઘતો હતો, માત્ર રતિલલિતા જાગતી હતી. એ પ્રસંગે મહામોહ રાજાને બરાબર વશ થયેલો, રાગકેસરીએ ખોળામાં બેસાડેલો, વિષયાભિલાષે પ્રેરણા કરેલો, રતિના સામર્થ્યથી હારી બેઠેલો, કામદેવે મર્મભાગમાં સેંકડો તીરોથી વીંધેલો લોલાક્ષ રાજા પોતે મરવા પડ્યો હોય તેમ પોતાના સ્વરૂપને ન જાણતો રતિલલિતાને પકડવા માટે ચાલ્યો. પોતાના આવેગને છેવટે તે ન જ રોકી શક્યો અને રતિલલિતાની પાસે આવી પહોંચ્યો. નજીક આવીને પોતાના હાથ પહોળા કર્યા. રતિલલિતા પોતાના મનમાં વિચાર કરવા લાગી કે-આ તે શું હશે? સ્ત્રીઓની નૈસર્ગિક (કુદરતી) બુદ્ધિશક્તિથી એકદમ તે સમજી ગઇ, સમજીને ચોંકી, મનમાં એકદમ બ્હી ગઇ, મોટો ભય નજીકમાં હોય એવી આંતર પ્રેરણા થઇ ગઇ એટલે દારૂનો મદ એકદમ ઉતરી ગયો; એટલે ભય વિચારીને તે એકદમ ત્યાંથી નાસવા લાગી. લોલાક્ષ રાજાએ તેને પકડી પાડી. એ અબળાએ જોર કરી પોતાની જાતને વિષયી રાજાના પાસમાંથી છોડાવી અને પાછી દોડવા લાગી. વળી રાજાએ તેને પકડી પાડી. વળી જરા ખેંચતાણ કરી છૂટી અને દોડતી ચંડિકાના મંદિરના અંદરના ભાગમાં દાખલ થઇ ગઇ અને ભયથી આખા શરીરે ધ્રૂજતી ચંડિકાદેવીની પછવાડે છુપાઇ ગઇ.

લોલાક્ષનો મર્યાદાલંગ.

### દ્વેષગજેંદ્રનો અવસર.
### દારૂની અસરમાં ઘમસાણ.
### નિર્દોષોના પ્રાણનો નાશ.

એ વખતે દ્વેષગજેંદ્રને મહારાજા મકરધ્વજ તરફથી પોતાની અસર બતાવવા અને વખતસરની જમાવટ કરવા હુકમ મળ્યો, એટલે તે પ્રગટ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકર્ષે[1] દ્વેષગજેંદ્રને જોઇ લીધો અને બોલ્યો. "મામા! જુઓ દ્વેષગજેંદ્ર આવ્યો અને વળી સાથે પોતાના આઠ નાના બાળકોને પણ લેતો આવ્યો જણાય છે (ક્રોધ અને માન)." વિમર્શે ભાણેજને જવાબમાં કહ્યું કે "હા ભાઇ! હવે દ્વેષગજેંદ્રનો અવસર આવ્યો છે તેથી તે પોતાની ફરજ બજાવશે. હવે તું એની રમતનું બરાબર અવલોકન કરજે." પ્રકર્ષ ભાણેજે ચોતરફ નજર ફેરવતાં ફેરવતાં બરાબર અવલોકન કરવા માંડ્યું.

હવે પેલા દ્વેષગજેંદ્રે રાજ્યહુકમને બરાબર સંભાળી લીધો. પોતે લોલાક્ષ રાજામાં દાખલ થઇ ગયો. લોલાક્ષે દ્વેષગજેંદ્રને વશ થઇને વિચાર કર્યો કે-એ પાપિણી (રતિલલિતા)ને મારી જ નાખું, જ્યારે એ દુષ્ટાને મારા ઉપર પ્રીતિ થતી નથી અને ઉલટી મને તજીને આમ નાસતી ફરે છે તો તેને હમેશાંને માટે જીવવા જ દેવી ન જોઇએ.-આવો વિચાર આવતાં સાથે જ તેણે હાથમાં તરવાર લીધી અને ચંડિકાના મંદિરના ગર્ભાગારમાં તરવાર સાથે દાખલ થયો. દારૂના કેફમાં તે એટલો બધો ચકચૂર થયેલો હતો કે પોતે શું કરે છે તેનું તેને ભાન ન રહ્યું અને રતિલલિતાને બદલે ચંડિકાદેવીની પ્રતિમાને તરવારથી ઉડાવી દીધી.[2] રતિલલિતા ત્યાંથી નાઠી અને મંદિર બહાર આવી. તેણે 'આર્યપુત્ર! રક્ષણ કરો, રક્ષણ કરો; બચાવો, બચાવો', એવો મોટેથી હાહારવ કરી મૂક્યો. એનો હાહારવ સાંભળીને રિપુકંપન ઉંઘમાંથી એકદમ જાગૃત થઇ ગયો અને બીજા લોકો પણ જાગૃત થઇ ગયા. રિપુકંપને દોડતાં દોડતાં આવીને પૂછ્યું 'વહાલી! તને કોનાથી ભય થયો છે?' તેના ઉત્તરમાં લોલાક્ષે પોતાની સાથે કેવું અધમ વર્તન ચલાવ્યું હતું તે સંક્ષેપમાં પણ મુદ્દાસર રતિલલિતાએ કહી સંભળાવ્યું.

રતિલલિતા પાસેથી તે હકીકત સાંભળી એટલે રિપુકંપન ઉપર પણ દ્વેષગજેંદ્રનું જોર થઇ ગયું. તેણે અત્યંત સ્પર્ધાપૂર્વક અને તિરસ્કાર સાથે પોતાના ભાઇને લડવા માટે હાકોટો કર્યો. એકદમ સર્વ સેનાનીઓમાં ખળભળાટ થઇ ગયો, આખા વનમાં જ્યાં દારૂગોષ્ટિ જામેલી હતી અને લોકો ઉંઘતા હતા ત્યાં સર્વ જાગૃત થઇ ગયા, ગડબડ મચી રહી, ધામધુમ થઇ રહી અને ચારે પ્રકારનું લશ્કર ચોતરફથી એકઠું થવા લાગ્યું, મોટી ધમાલ મચી રહી. બીજા લોકોને તો

---

૧ હવે રાગને બદલે દ્વેષ દાખલ થાય છે તે પોતાના દોર ચલાવશે. એનો અવસર હવે આવે છે.

૨ દારૂની અસર નીચે આ મહા અકૃત્ય કર્યું. દેવીની મૂર્તિ ઉડાવી દેતાં રાજાને પશ્ચાતાપ પણ થયો નહિ એ એનું ચકચૂરપણું બતાવે છે.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

હકીકત શી બની છે તેની પૂરતી ખબર પણ ન હોતી અને દારૂને લીધે પરવશ થઇ ગયા હતા, છતાં વાતાવરણ એવું થઇ ગયું કે રાજાની પ્રેરણાને લઇને બીકણુ માણસો બીકણુની સાથે, શૂરવીરો શૂરવીરોની સાથે, ખચ્ચરવાળા ખચ્ચરવાળાની સાથે, ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે, ઊંટવાળાઓ ઊંટવાળાઓની સાથે, રથીઓ રથીઓ સાથે અને હાથીવાળા હાથીવાળાની સાથે લડીને અરસપરસ એક બીજાનો નાશ કરવા લાગ્યા. એકદમ અચાનક લોકોનો મોટી સંખ્યામાં ઘાણુ નીકળી ગયો.

ભાઈનો મર્યાદાનો ભંગ.

હવે તે વખતે રિપુકંપને હાકોટો કરેલો હતો તેના જવાબમાં લોલાક્ષ રાજા પોતાના ભાઇની સામે ચાલ્યો. બન્ને ઉપર દ્વેષગજેંદ્રે પોતાનું રાજ્ય બરાબર સ્થાપન કરી દીધું હતું, તેથી પોતે એક બીજાના ભાઇઓ છે તે હકીકતને ભુલી જઇને દારૂની કેફમાં મસ્ત થયેલા તેઓ તરવારથી પટ્ટાબાજી ખેલવા લાગ્યા. આખરે અત્યંત ક્રોધથી રિપુકંપને પોતાના મોટા ભાઇ લોલાક્ષને જમીનપર પછાડ્યો[1] જે બનાવ જોઇને લોકોમાં ભારે ખળભળાટ થઇ ગયો.

* * *

## દારૂ અને પરદારાનાં ભયંકર પરિણામ.

આ પ્રમાણે સર્વ હકીકત જોઇને મામા ભાણેજ નગરમાં દાખલ થયા અને જ્યાં એવા પ્રકારની કાંઇ ગડબડ ન થતી હોય એવે ઠેકાણે આરામ લેવા બેઠા. પછી વિમર્શ મામાએ વાત શરૂ કરીઃ—

**વિમર્શ**—" ભાઇ પ્રકર્ષ ! દ્વેષગજેંદ્રનું માહાત્મ્ય જોયું ?"

**પ્રકર્ષ**—" મામા ! બહુ સારી રીતે જોયું. આવા વિલાસોનું આવું પરિણામ આવે છે તે બરાબર અવલોકી લીધું."

**વિમર્શ**—" ભાઇ ! દારૂ પીનારાના એવા જ હાલ થાય છે. દારૂના કેફની અસર નીચે પડેલા પ્રાણીઓ જેની તરફ નજર પણ ન કરવી જોઇએ તેના તરફ વિષયબુદ્ધિથી ગમન કરે છે, પોતાની સામે કોણ ઊભેલ છે તે તેના લક્ષ્યમાં પણ રહેતું નથી, પોતાના સગા બંધુ જેવા નજીકમાં નજીકના વહાલા સગાઓનું પણ તેઓ ખૂન કરી બેસે છે, વગર અવસરે મોટો અકસ્માત્ હાથે કરીને ઉપજાવી કાઢે છે, સર્વ પ્રકારનાં અધમમાં અધમ પાપોનું પણ આચરણ કરે છે, આખા

[1] અહીં મૂળ ગ્રંથમાં આ પ્રમાણે હકીકત છે. લોલાક્ષને જમીનપર પછાડ્યો એટલે મારી નાંખ્યો એમ સમજાય છે અને તેની ગાદીપર **રિપુકંપન** ચઢી બેઠો એમ આગળની વાર્તાથી અનુમાન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જગતને અનેક પ્રકારનો સંતાપ આપનાર થાય છે, કારણ વગર આખરે જમીનપર પટકાઇને મરણ પામે છે, ભવ હારી બેસે છે અને દુર્ગતિએ જાય છે. એમાં ભાઇ! નવાઇ જેવું શું છે? સમજુ માણસો કહી ગયા છે કે 'જે અધમ પ્રાણીઓ મદ્યમાં અથવા પરસ્ત્રીમાં આસક્ત હોય છે તેઓના સંબંધમાં એવાં માઠાં પરિણામ જ આવે છે અને તેઓને એવા જ અનર્થો સહન કરવા પડે છે.' એમાં સવાલ જેવું શું છે? દારૂ માટે સુજ્ઞ માણસો ઘણું જ ખરાબ બોલે છે, સર્વ સમજુઓ દારૂની નિંદા કરે છે, દારૂ અનેક કલેશોનું કારણ છે, દારૂ સર્વ પ્રકારની આપત્તિઓનું મૂળ છે અને દારૂ સેંકડો પાપોથી ભરપૂર છે. જે પ્રાણી દારૂનું અથવા પરસ્ત્રીલંપટપણાનું વ્યસન છોડી શકતો નથી તે આખરે આ લોલાક્ષ રાજાની પેઠે ક્ષય પામે છે, હારીને હેઠો બેસે છે, ત્રાસ પામીને સંસારમાં વધારે પાત પામે છે. હે ભાઇ! જે પ્રાણીઓ દારૂનો અને પરસ્ત્રીનો દૂરથીજ ત્યાગ કરે છે તેજ ખરા સમજુ અને પંડિત છે, તે પુણ્યશાળી છે, તે ભાગ્યશાળી છે અને તે ખરા કૃતાર્થ થયેલા છે."

પ્રકર્ષ—"મામા! આપ દારૂ તથા પરદારા માટે કહો છો તે સર્વ બરાબર તેમ જ છે. એ અધમ પાપોનાં ફળો આપણે તો બરાબર જોયાં."

---

# પ્રકરણ ૨૩ મું.

## રિપુકંપન.

### (મિથ્યાભિમાન.)

ભવચક્રનગરનાં કૌતુકો. (ચાલુ)

મધ અને પરદારાનાં ફળ અનુભવી લોલાક્ષ જમીનપર પટકાઇ પડ્યો તેને સ્થાને રિપુકંપન આવ્યો. એ બનાવપર મામા ભાણેજ વચ્ચે વાતચીત થઇ ગઇ. ત્યાર પછી મામા ભાણેજ (વિમર્શ-પ્રકર્ષ) માનવાવાસમાં આવેલા લલિતપુરનું અવલોકન કરવાની ઇચ્છાથી ફરવા લાગ્યા. જે જે બનાવો અસાધારણ લાગે તે નીરખી ભાણેજ તે પર જિજ્ઞાસાપૂર્વક સવાલો પૂછે અને મામા તેના ખુલાસા કરે.

JAINSITE.com જિનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### લલિતપુરે મિથ્યાભિમાન.
### તેનું ઓળખાણ અને સ્થાન.
### રાજમહેલમાં મામાભાણેજ.

હવે એ માનવાવાસપુરના લલિતપુર નગરમાં મામાભાણેજ થોડા દિવસ ફર્યા. એક દિવસ તેઓ બન્ને રાજકુળની નજીકમાં ફરતા હતા ત્યાં તેમણે એક પુરૂષને જોયો.

પ્રકર્ષ—"અરે મામા! આ તો પેલો [1]મિથ્યાભિમાન જણાય છે."

વિમર્શ—"હા ભાઇ! એ મિથ્યાભિમાન જ છે."

પ્રકર્ષ—"મામા! એ ભાઇસાહેબને તો રાજસચિત્ત નગરમાં હમેશને માટે સ્થાપન કરવામાં આવેલા હતા તે પોતાની કાયમની નિમણુક છોડીને અહીં કેમ પધારેલા છે?"

વિમર્શ—"મહામોહ રાજાની મકરધ્વજપર એટલી બધી મહેરબાની છે કે એના રાજ્યમાં તેની રાજ્યઋદ્ધિ વધારવા માટે જેઓની કાયમની નિમણુક અન્યત્ર થયેલ છે એવા લશ્કરને પણ મોહરાજાએ અહીં આણેલું છે. આ મિથ્યાભિમાન મતિમોહ[2] વિગેરે અહીં આવેલા છે, પણ તેઓ યોગીની પેઠે ધારે તેટલા રૂપ કરી શકે તેવા છે તેથી અહીં છે છતાં તેઓ રાજસચિત્ત અને તામસચિત્ત નગરમાં પણ પરમાર્થથી રહેલા જ છે એમ સમજવું.

જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકર્ષ—"મામા! હાલ એ ક્યાં જવા તૈયાર થયેલો છે?"

વિમર્શ—"ભાઇ! સાંભળ. તેં અગાઉ રિપુકંપનને બહારના બગીચામાં જોયો હતો તે તને યાદ હશે. તેના મોટા ભાઇ લોલાક્ષ રાજાના મરણથી તેનો હાલ રાજ્યાભિષેક થયો છે અને અત્યારે આ લલિતપુરનો તે રાજા થયેલો છે. આ રિપુકંપન રાજાનું આ રાજ્યભુવન છે. કોઇ કારણ કે બ્હાનું લઇને આ ભાઇશ્રી મિથ્યાભિમાન એ રાજાના મહેલમાં પ્રવેશ કરવા ઇચ્છતો હોય એમ જણાય છે."

પ્રકર્ષ—"મામા! એ રાજાનો મહેલ મને પણ બતાવો!"

વિમર્શ—"ભલે ચાલો!"

મામા ભાણેજ રિપુકંપન રાજાના મહેલમાં દાખલ થયા.

---

1 આપણે મિથ્યાભિમાનને રાજસચિત્ત નગરે પ્રથમ જોયો હતો. તે એ નગરનો સ્થાપિત અધિકારી છે. જુઓ પૃ. ૭૯૧.

2 તામસચિત્ત પુરનો અધિકારી. જુઓ પૃ. ૮૦૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### મતિકલિતાને પુત્ર જન્મ.
### મિથ્યાભિમાનથી મહોત્સવ.
### હર્ષના પ્રસંગની ધમાલો.

**હર્ષ-શોકનો અવસર.**

હવે એ રિપુકંપન રાજાને એક મતિકલિતા નામની બીજી રાણી હતી. જે વખતે મામા ભાણેજે રાજ્યમહેલમાં પ્રવેશ કર્યો તે જ વખતે એ મતિકલિતા રાણીએ એક છોકરાને જન્મ આપ્યો. છોકરાનો જન્મ થતાં જ સૂર્યનો ઉદય થતાં જેમ કમળ વિકાસ પામે અથવા ગગનતળમાંથી સર્વ અંધકારસમૂહનો નાશ થઇ જાય અથવા તો સુંદરજનના નયનો ઉંઘ ઉડી ગયા પછી જેવી શોભા આપે અથવા તો સ્વધર્મકર્મના વ્યાપારમાં તત્પર એક સુંદર ઘર હોય તેમ તે આખું રાજભુવન શોભવા લાગ્યું; સર્વત્ર આનંદ આનંદ પ્રસરી રહ્યો, ચોતરફ મણિઓના દીવાઓનો ઝગઝગાટ થવા લાગ્યો, મંગળ સમયે બતાવવાના આરિસાની માળાઓ (હારો) ચોતરફ વિસ્તારવામાં આવી, અનેક પ્રકારનાં રક્ષાનાં વિધાનો કરવામાં આવ્યાં, ધોળા સરસવથી નંદાવર્તની સેંકડો રેખાઓ પૂરીને સાથીઆઓ કરવામાં આવ્યા, વિલાસી સ્ત્રીઓના હાથમાં ધોળા ચામરો આપી તેમને ઠેકાણે ઠેકાણે સ્થાપન કરવામાં આવી અને પ્રિયંવદા નામની દાસી સભાસ્થાનમાં બેઠેલા મહારાજા પાસે પુત્રજન્મની વધામણી દેવા સારૂ ચાલી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રિયંવદાની વધામણી.**

એ વધામણી ખાવા જનાર દાસીનું ચાલવું ઉતાવળને લઇને જોરવાળું હતું, તેના પગો ધબધબ જમીનપર પડતા હતા, ચાલતા ચાલતા પગમાં ઝાંઝર પહેરેલા હોવાને લીધે વચ્ચે-વચ્ચે તેની ગતિ જરા જરા સ્ખલિત થતી હતી, પગના ચાલવાને લીધે તેની ચાલના તાલમાં સ્તનો ઊંચાં નીચાં થતાં હતાં, સ્તનના કંપને લીધે નિતંબો પણ ધોળાઇ રહ્યા હતા, ફરફર થતા કુલાઓથી કંદોરામાંથી ઘુઘરીઓનો ઘમકાર થતો હતો, કંદારોના હાલવાની સાથે સ્તનપરનું કપડું ખસી જતું હતું, કપડું ખસી જવાને લીધે મુખપર લજ્જા થઇ આવતી હતી અને વદનરૂપ ચંદ્રમાથી ભુવનમાં ચોતરફ ઉદ્યોત ફેલાઇ રહેતો હતો. નિતમ્બ અને સ્તનોનાં ભારે ભારથી લચી ગયેલી તે બાલિકા હાલવામાં ઘણી મંદ હતી તો પણ આનંદના આવેશથી ઉતાવળમાં વેગથી દોડતી આગળ વધી જતી હતી. અનુક્રમે તે સભાસ્થાનમાં પહોંચી અને તેણે આનંદથી મહારાજા રિપુકંપનને

પુત્રજન્મની વધામણી આપી. રાજાએ તે સમાચાર સાંભળ્યા તે વખતે આનંદથી તેના આખા શરીરપર રોમરાજી વિકસ્વર થઇ ગઇ.

આ પ્રમાણે હકીકત બની રહી છે તે વખતે ત્યાં મિથ્યાભિમાન દાખલ થયો અને તેણે રિપુકંપનના શરીરમાં પ્રવેશ કર્યો. તે વખતે રિપુકંપન અભિમાનથી એટલો ફુલાઇ ગયો કે જાણે તે પોતાના અંતઃકરણમાં કે શરીરમાં સમાઇ શકતો ન હતો એટલું જ નહિ પણ ત્રણ જગતમાં પણ સમાઇ શકતો ન હોતો. આનંદના આવેશમાં વિચારો આવવાને લીધે ભાઇસાહેબ વિચારવા લાગ્યા કે-અહો! હું ખરેખરો ભાગ્યશાળી છું! મારો વંશ-મારૂં કુળ ઘણી ઉન્નત દશાને પામેલ છે! અહાહા! મારા ઉપર દેવતાઓની કૃપા પણ જબરી છે! અહો મારી સર્વ લક્ષણસામગ્રી કેવી સુંદર છે! અહાહા! મારૂં રાજ્ય! મારૂં સ્વર્ગ! ખરેખર, આજે પુત્રપ્રાપ્તિથી જન્મનું ફળ મળ્યું! મારો આ જગતમાં જન્મ સફળ થયો! આજે કલ્યાણમાળા મળી! હું ખરેખર ધન્ય છું! મારાં સર્વ મનોવાંછિત આજે સિદ્ધ થયાં. મારે અત્યાર સુધી છોકરો ન હોતો તેથી હું અનેક માનતાઓ કરતો હતો, તે આજે કુલનંદન પુત્ર મને પ્રાપ્ત થયો! આજે મને નિરાંત થઇ. આ પ્રમાણે વિચાર કરતાં

મિથ્યાભિમાનીના વિચારો.

રાજાએ અતિ હર્ષપૂર્વક વધામણી દેનાર દાસીને પોતાનાં કડાં, બાજુબંધ, રતિબંધ, હાર, કુંડળ, મુગટપરની કલગી અને એક લાખ સોનામહોર વધામણીમાં આપ્યાં. રાજાના સર્વ અવયવોમાં આનંદનો રસ વહેવા લાગ્યો તે વખતે તેણે આનંદથી ગદ્ગદ થતી વાચા વડે સર્વ પ્રધાનમંડળને હુકમ કર્યો કે-'પુત્રજન્મનો મહોત્સવ આનંદપૂર્વક સર્વત્ર ઉજવો.' પ્રધાન મંડળે રાજાનો આવો હુકમ સાંભળીને રાજ્યભુવનમાં એક ક્ષણમાત્રમાં અનેક પ્રકારની શોભાઓ કરી નાખી. પવનને લીધે ઊંચાનીચા થતા પાણીના સમૂહ વચ્ચે રહેલ જલજંતુઓનાં ટોળાંઓ પોતાનાં પૂછડાં ઊંચાં ઉછાળી મોજાઓની હારની હાર જેમાં ઉત્પન્ન થઇ છે તેવા મહાસમુદ્રમાં જેવો ઊંડો અને ગંભીર અવાજ કરે તેવો નોબત શરણાઇ વિગેરે વાજિત્રોનો અવાજ આખા રાજમંદિરમાં સર્વત્ર વ્યાપી રહ્યો. મલય ( મલબાર દેશ )ના ચંદનની રજથી અને કેસર, અગર, કસ્તુરી અને કપૂરના સુગંધીદાર પાણીઓના છાંટણાથી સર્વ સ્થાન સુગંધી કીચડમય થઇ ગયું અને તેની સુગંધ આવવાથી પવન પણ એવો સુંદર લાગતો હતો કે તેથી સર્વ પ્રાણીઓને પ્રમોદ થવા લાગ્યો અને રાજ્યમંદિરમાં ચોતરફ રત્નોનો એવો ઉદ્યોત પ્રકાશમાન

પુત્રજન્મોત્સવ.

JAINSITE જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઇ રહ્યો કે તેથી જાણે સૂર્યની પ્રભાને અંદર આવવાની જરૂરીઆત જ બંધ થઇ ગઇ હોય એમ જણાયું.

એ મંદિરમાં ચારે તરફ વામણાઓ અને કુબડાઓ નાટક કરવા લાગ્યા, જનાનખાનાના નોકરો સર્વત્ર હાસ્ય કરવા લાગ્યા, લોકોને રત્નના સમૂહ વધામણીમાં મળવા લાગ્યા, અમૂલ્ય કિમતવાળા મોતીના હારોને તોડીને ચારે તરફ મોતીઓ ઉડાડવામાં આવ્યા, સુભટવર્ગે આડંબરપૂર્વક નવા નવા પ્રકારના વેશ પહેરીને સર્વત્ર અવરજવર કરવા લાગ્યો, સ્ત્રીઓ આખા મંદિરમાં સર્વત્ર રાસડા વિગેરે વિલાસો કરવા લાગી, મંદિરમાં આવનારા લોકોને અનેક પ્રકારનાં ભોજન, અને પાન (પીવાના પદાર્થોઃ મદિરા, જળ વિગેરે) આપવામાં આવ્યાં. સર્વત્ર આનંદ ને હર્ષમાં ઘણો વધારો થઇ રહ્યો. આવી રીતે ચોતરફ પુત્ર જન્મની વધામણીનો આનંદ ફેલાઇ રહ્યો હતો અને સર્વ નોકરવર્ગ આનંદથી નાચ કરી રહ્યો હતો તે વખતે અત્યંત આનંદમાં આવી જવાથી હર્ષવડે હાથ ઊંચા કરીને રાજા રિપુકંપન પણ નોકરોની સાથે નાચવા લાગ્યો.

હર્ષમાં રિપુકંપનનો નાચ.

**બનાવપર વિચારણા.**
**મિથ્યાભિમાનનું જોર.**
**વાસ્તવિક રિપુકંપન.**

JAINSITE .com જૈન સાહિત્ય જયતિ શાસનમ્

ઉક્ત પ્રકારની ધામધુમ સર્વત્ર જોઇને પ્રકર્ષને મનમાં કાંઇક શંકા ઉત્પન્ન થઇ, તેથી તેણે મામાને પૂછવા માંડ્યું-“મામા! આ લોકો છૂટે મ્હોઢે મોટેથી હર્ષના ઉદ્ગાર કરી રહ્યા છે. સર્વ આનંદની ચેષ્ટામાં ઉછળી રહ્યા છે તેનો હેતુ શો છે તે જાણવાનું મને કુતૂહળ થયું છે । આપ તે મને બરાબર સમજાવો. [1]વળી કેટલાક લોકો પોતાનાં શરીર ઉપર મટોડાંનો ભાર વહન કરી રહ્યા છે, [2]કેટલાક લાકડાની સાથે ચામડાને મઢીને તેને જોરથી વગાડે છે અને પેલી વિષ્ટાના સમૂહથી ભરપૂર [3]મોતીની માળાઓ મંદમંદ ચાલે છે તે સર્વેનું કારણ શું

૧ આ કસ્તુરી આદિના વિલેપન માટે હોય એમ જણાય છે

૨ મૃદંગ ઢોલ વિગેરે વગાડવામાં આવે છે તેનું આ વર્ણન છે.

૩ મોતી માછલીની વિષ્ટા છે તે પર આ વ્યાજોક્તિ લાગે છે. મૂળમાં મુક્તો-: શબ્દ છે તેનો અર્થ મેં મોતીની માળા કર્યો છે, પણ તત્સંબંધે હું ચોક્કસ નથી. વેષ્ટા થી ભરપૂર શરીરને ઉપાડવાની વાત પણ સંભવિત લાગે છે. જન્મઅવસરે વેષ્ટા ઉડાડવાની કાંઇ વાત જણાય છે, પણ પાછી માળાઓ ચાલે છે એવી વાત એટલે નિર્ણય થતો નથી.

છે? અને વળી સર્વથી વધારે નવાઇ જેવું તો એ છે કે આ રાજભુવનનો નાયક અને આ પૃથ્વીનો રાજા એક બાળકને પણ હાંસી ઉત્પન્ન કરે એવા ચાળાઓ કરી રહ્યો છે તેનું કારણ શું છે? એનો હેતુ શો છે? અને એમાં આશય શો સમાયલો છે? એ મારા સમજવામાં નહિ આવે ત્યાં સુધી મને મહા કૌતુકનું કારણ રહેશે."

**વિમર્શ**—"ભાઇ! એ સર્વ બાબતનું કારણ તને બરાબર સમજાવું. સાંભળ: આ સર્વ બાબતોનો પ્રવર્તાવનાર એક જ માણસ છે. તને યાદ હશે કે જ્યારે આપણે આ રાજમંદિરમાં દાખલ થયા ત્યારે તે જ વખતે મિથ્યાભિમાન દાખલ થયો હતો. એ મિથ્યાભિમાનને પ્રથમ આપણે રાજસચિત્ત નગરે જોયો હતો. આ સર્વ ચાળા કરાવનાર એ મિથ્યાભિમાન ભાઇસાહેબ છે. પોતાને આજે છોકરાની પ્રાપ્તિ થઇ છે એ વિચારથી આ રિપુકંપન રાજા ઘણો આનંદમાં આવી ગયો છે અને એને હરખ એટલો બધો થઇ ગયો છે કે તે તેના શરીરમાં પણ સમાતો નથી તેમજ ઘરમાં અને રાજમંદિરમાં પણ સમાતો નથી. એ રાજાનું ચિત્ત મિથ્યાભિમાને વિહ્વળ કરી નાંખ્યું છે અને તેને લઇને આ રાજા પોતે વિડંબના કરે છે અને લોકો પાસે કરાવે છે. એમાં ખૂબી એ છે કે એ લોકોને જે વિડંબનાઓ થાય છે તે તેઓ બાપડા સમજી શકતા નથી. કારણ કે મિથ્યાભિમાન પાસે આખી દુનિયા રાંકડી બની જાય છે અને તે આખી દુનિયાને રાંકડી માને છે."

જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રકર્ષ**—"મામા! જો એમ હોય તો આ સર્વ લોકોને આટલી બધી વિડંબનાઓ કરનાર આ મિથ્યાભિમાન તો લોકોનો ખરેખરો દુશ્મન જણાય છે?"

**વિમર્શ**—"ભાઇ! એ બાબતમાં શંકા જેવું શું છે? ખરેખર, આ મિથ્યાભિમાન લોકોનો મોટો દુશ્મન જ છે, છતાં લોકોને તે જાણે પોતાનો ભાઇ હોય તેવો વહાલો લાગે છે."

**પ્રકર્ષ**—"ત્યારે મામા! જે રિપુકંપન એટલે દુશ્મનોને કંપાવનાર રાજા મિથ્યાભિમાનને વશ પડી ગયો છે તેને ખરેખરો રિપુકંપન કેમ કહી શકાય?"

**વિમર્શ**—"ભાઇ! એ [1]ભાવ રિપુકંપન નથી, કારણ કે એ પોતાના દુશ્મનોને જરા પણ કંપાવે તેવો નથી. બાકી બહારના

૧ ખરેખરો શત્રુને હઠાવનાર હોય અને ખરા શત્રુને હઠાવનાર હોય તો ભાવ રિપુકંપન કહેવાય, બાહ્ય શત્રુને હઠાવનારને દ્રવ્ય રિપુકંપન કહેવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુશ્મનો છે તેની સાથે લડવામાં તે શુરવીર હોવાથી તેનું નામ રિપુ-કંપન કહેવામાં આવે છે. એટલે એ દ્રવ્ય રિપુકંપન છે.

यो बहिः कोटीकोटीनामरीणां जयनक्षमः।
प्रभविष्णुर्विना ज्ञानं, सोऽपि नान्तरवैरिणाम् ॥

તું બરાબર સમજ. જે પ્રાણી બહારના કરોડો શત્રુઓપર વિ-જય મેળવવાને શક્તિવાળો હોય છે તે પણ જ્ઞાન વગર અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવવાને શક્તિવાળો થતો નથી. ભાઇ! એમાં આ (રિપુકંપન)નો પણ ખરેખરી રીતે કાંઇ દોષ નથી તેમજ બીજા પ્રા-ણીઓનો પણ દોષ નથી, કારણ કે વાસ્તવિક રીતે જોઇએ તો તેઓમાં જે જ્ઞાનની ગેરહાજરી છે તેનો જ એમાં ખરેખરો દોષ છે અને તે જ આ લોકોને આડે રસ્તે પ્રવર્તાવે છે; અજ્ઞાનરૂપ નેત્રનો રોગ થવાથી તેઓને એવો પડદો આવી જાય છે કે કોઇ કારણ મળે છે કે તુરત તેઓ મિથ્યાભિમાનને વશ પડી જાય છે અને એકવાર મિથ્યાભિમાનને વશ પડ્યા એટલે તેઓ બીજા માણસની સાથે બા-ળકની જેવી ચેષ્ટાઓ કરે છે અને પોતાની જાતને હાથે કરીને અનેક પ્રકારની વિડંબનાઓ ઉત્પન્ન કરે છે જેનો દાખલો આ રિપુકંપન પોતે જ છે. બાકી જ્ઞાનવડે જે પ્રાણીઓની બુદ્ધિ પવિત્ર થયેલી હોય છે તેમને પુત્ર મળે, રાજ્યપ્રાપ્તિ થાય કે મહાન ધનપ્રાપ્તિ થાય અથવા ગમે તેવું લોકોમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું મહાન કારણ મળે તો પણ તેવા પુણ્યશાળી મધ્યસ્થ બુદ્ધિવાળા પ્રાણીઓનાં હૃદયમા આ મિથ્યા-ભિમાન રૂપ આંતરિક શત્રુ જરા પણ સ્થાન મેળવી શકતો નથી."

### શોક મતિમોહ પ્રવેશ.
### કુંવરને અસાધ્ય જ્વર.
### ઉપાય છતાં અંતે મરણ.

મામા ભાણેજ આ પ્રમાણે વાતો કરતા હતા તેવામાં રાજ્યમંદિરના દરવાજા પર બે માણસો આવી પહોંચ્યા. પ્રકર્ષે એ બન્ને નવા આવ-નાર માણસો કોણ છે એમ સવાલ પૂછવાથી મામાએ જણાવ્યું કે એ નવા આવનાર પુરૂષ શોક અને મતિમોહ છે, જેમને તેઓએ પ્રથમ તામસચિત્ત નગરે જોયા હતા.[1]

આ વખતે સુવાવડના ઓરડામાંથી (સુતિકાગૃહમાંથી) કરૂણા-જનક કોલાહલયુક્ત મોટો પોકાર ઉઠ્યો. એકદમ દાસીઓ હાહારવ કરતી

૧ પૃષ્ઠ ૭૯૬ અને ૮૦૧. તામસી પ્રકૃતિનું પરિણામ મતિના મોહમાં આવે છે. શોક તામસી ગુણ છે, હર્ષ રાજસી ગુણ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરપતિ સન્મુખ દોડાદોડ કરવા લાગી. આનંદની ધમાલ ચાલી રહી હતી તે એકદમ શાંત થઇ ગઇ અને અરે આ શું છે? એમ ત્રાસ પામી જઇને રાજાએ વારંવાર પૂછવા માંડ્યું. પેલી દાસીઓ બોલી "કૃપા કરો, દેવ! બચાવો! મહારાજ! કુમારની આંખો એકદમ તણાતી જાય છે, એના પ્રાણ એકદમ ગળે આવી રહ્યા છે. દેવ! દોડો દોડો! કોઇ ઉપાય કરો!" દાસીઓનાં આવાં વચન સાંભળીને જાણે પોતાની ઉપર વજ્રનો ઘા પડ્યો હોય તેમ રાજા આકુળવ્યાકુળ થઇ ગયો, છતાં જેમ તેમ હિંમત રાખીને પોતાના પરિવારને સાથે લઇ સુતિકાગૃહે પહોંચ્યો. ત્યાં જઇને જુએ છે તો પોતાના શરીરનું જાણે પ્રતિરૂપ જ હોય નહિ તેવો અને પોતાના તેજથી આખા ભુવનની ભીંતોને પ્રકાશમાન કરતો કુંવર દીઠો, પણ તેને જોતાંજ જણાયું કે તેના પ્રાણ કંઠે આવી ગયા છે અને જીવન થોડુંક જ બાકી રહ્યું છે. આખા નગરના વૈદ્યમંડળને તુરતજ ત્યાં બોલાવી મંગાવવામાં આવ્યું. તે વૈદ્યોમાં જે મુખ્ય વૈદ્ય હતો તેને પૂછ્યું કે 'આ વ્યાધિ કયો છે?' વૈદ્યમુખ્યે કહ્યું "મહારાજ! આ કુમારને એકદમ જીવનનો અંત લાવે તેવો કાળીઓ તાવ આવ્યો છે. જેમ સખ્ત પવન આવે ત્યારે ગમે તેવો દીવો પણ તેના ઝપાટાથી બુઝાઇ જાય છે તેમ આપણે મંદભાગ્યો જોઇ રહીશું અને એ તાવ આ સુકોમળ પુષ્પને એક સપાટામાં ઉપાડી જશે." રાજાએ કહ્યું "અરે લોકો! સર્વ પોતપોતાની શક્તિનો બનતો ઉપયોગ કરો. જે કોઇ આ કુમારને જીવાડશે તેને હું મારૂં રાજ્ય આપી દઇશ અને હું તેનો નોકર થઇને રહીશ." લોકોએ આદરપૂર્વક ઘણાં ઔષધો આપ્યાં, મંત્ર જંત્ર કર્યાં, માંદળીઆં બાંધ્યાં, રક્ષામંત્રો લખ્યાં, અનેક દેવદેવીઓને તર્પણ કરવાનાં કાર્યો કર્યાં, વિદ્યાના પાઠો કર્યા, મંડળો બનાવ્યાં, દેવદેવીઓના જાપ કર્યા અને અનેક તંત્રો કર્યાં, પરંતુ આટઆટલી સાધનાઓ કરવા છતાં થોડી જ વારમાં કુમાર મરણ પામ્યો.

### શોકથી રિપુકંપનનું મરણ.

આ વખતે શોકે અને મતિમોહે મતિકલિતા રાણી રિપુકંપન રાજા અને તેમના સર્વ પરિવારના શરીરમાં પ્રવેશ કર્યો. તેથી "અરે હું મરી ગઇ, મારી સર્વ આશાઓ ભાંગી ગઇ, હું લુંટાઇ ગઇ! અરે દેવ! મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો." એ પ્રમાણે મુખેથી બોલતી રાણી કુમારને હીલચાલ વગરનો જોઇને એકદમ જમીનપર પડી ગઇ અને જાણે વજ્રપ્રહારથી કોઇએ તેને મારી હોય તેમ અત્યંત વિહ્વળ અને આકુળવ્યાકુળ થઇ ગઇ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અરે દીકરા! મારા વહાલા! મારા બાપા!" એમ બોલતો રિપુકંપન રાજા પણ જમીનપર મૂર્છા ખાઇને પડ્યો અને તેણે તો તુરત જ શોકને લીધે પોતાના પ્રાણ છોડી દીધા.

તે વખતે ત્યાં મોટો હાહારવ થઇ ગયો, ભયંકર આક્રંદ થવા લાગ્યો અને હૃદય ભેદી નાખે તેવો લોકોનો છાતી કૂટવાનો અવાજ થવા લાગ્યો. રિપુકંપનની મતિકલિતા અને રતિલલિતા રાણીના માથાના ચોટલાઓ છૂટા થઇ ગયા, ભાંગી ગયેલા [1]આભૂષણો લલાટ સાથે અફળાવીને તેઓ માથાં કૂટવા લાગી અને એવી સેંકડો રીતે રાણીઓએ રડારોળ કરી મૂકી. આખા મુખમાં લાળ ભરાઇ ગઇ, જમીનપર દીન બની જઇ તેઓ લેટવા લાગી, માથાના બાલ ચુંટી ચુંટીને તોડવા લાગી અને મોટેથી પોક મૂકીને કોળાહળ કરવા લાગી. લોકો પણ ચારે તરફ 'હાહા હાહા' એવા કરૂણાસ્વર કરવા લાગ્યા.

*   *   *

## મામાભાણેજની રહસ્યવિચારણા.

આવો બનાવ જોઇને બુદ્ધિદેવીનો દીકરો મામાને કહેવા લાગ્યો "અરે મામા! અત્યાર સુધી આ લોકો નાચતા હતા, કૂદતા હતા, તે પ્રકારનો નાચ મૂકી દઇને આ બીજા જ પ્રકારનો નાચ આ લોકોએ કેમ આદર્યો?"

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ! તેં હમણા રાજ્યમંદિરમાં બે પુરૂષોને (શોકને અને મતિમોહને) પ્રવેશ કરતા જોયા હતા તેમણે પોતાની શક્તિથી આ સર્વ રચના કરી છે. મેં તને અગાઉ પણ જણાવેલ છે કે આ નગરના લોકો પોતાની મરજીમાં આવે તે પ્રમાણે સ્વતંત્રપણે કોઇ પણ કામ કરી શકતા નથી; પરંતુ તેઓમાં રહેલ અંતરંગ માણુસો તેમની પાસે જેવું સારૂં કે ખરાબ કામ કરાવે છે તે પ્રમાણે આ બાપડાઓ કરે છે. પહેલાં મિથ્યાભિમાને આવીને તેઓ પાસે એક પ્રકારનું નાટક કરાવ્યું, હવે આ શોકે અને મતિમોહે આવીને નવા પ્રકારનું નાટક શરૂ કરાવ્યું-એમાં એ બિચારાઓ શું કરે?

**सद्‌ज्ञानपरिपूतानां, मतिमोहो महात्मनां।**
**बाधां न कुरुते ह्येष, केवलं शुभचेतसाम् ॥ १ ॥**
**नापि शोको भवेत्तेषां, बाधको भद्र भावतः।**
**यैरादावेव निर्णीतं, समस्तं क्षणभङ्गुरम् ॥ २ ॥**

એ પ્રાણીઓમાં જેઓ શુભ ચેતનાવાળા છે અને સદ્‌જ્ઞાનથી પૂર્ણ પવિત્ર છે તેવા મહાત્માઓને એ મતિમોહ જરા પણ બાધા કરી

[1] ચૂડા ભાંગવાનો સંભવ છે.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

શકતો નથી; એ પ્રાણીઓ તો વસ્તુસ્વભાવનો પ્રથમથી જ નિર્ણય કરીને બેઠેલ હોય છે કે આ સર્વ સંસારરચના ક્ષણભંગુર છે, થોડો વખત રહેનારી છે, અને આખરે નાશ પામનારી છે. આવો તેમનો શરૂઆતથી નિર્ણય હોવાને લીધે શોક તેમના ઉપર કોઇ પણ પ્રકારની બાધા ઉત્પન્ન કરી શકતો નથી. આ રિપુકંપન રાજા પુત્રના સ્નેહથી મરણ પામ્યો કારણ કે તેને અત્યંત મતિમોહ થઇ ગયો હતો. હવે શોક એ સર્વ લોકોની પાસે કરૂણાવિલાપ કરાવે છે.”

પ્રકર્ષ—“ મામા ! આ રાજ્યમંદિરમાં ક્ષણમાત્રમાં આવો મોટો ફેરફાર થઇ ગયો, એક જરા વખતમાં તો હર્ષને સ્થાને વિલાપ થઇ ગયો તેવું આજે જ બન્યું છે કે એવું કોઇ કોઇ વાર બનતું હશે?”

વિમર્શ—“ ભાઇ પ્રકર્ષ ! આ સંસારચક્રમાં એવા બનાવો અસંભવિત કે દુર્લભ નથી. આ નગર એવા એક બીજાથી તદ્દન ઉલટા બનાવોથી અને વિચિત્ર ખેલોથી ભરેલું છે. હવે અહીંઆ રાજાના ને તેના પુત્રના મૃતકને બહાર લઇ જવાનો પોકાર થશે, લોકો ભયંકર રીતે છાતી કૂટી પોક મૂકશે, ભયંકર રંગના શોક દર્શાવનાર કાળા વાવટાઓ ચોતરફ ચઢશે અને ઢોલમાંથી હૃદયને ભેદી નાખે તેવો વિષમ મરણસૂચક ધ્વનિ નીકળશે—એવી એવી ભયંકર રીતિઓ અત્ર થશે. એ બધી રીતિઓ લોકોને અત્યંત તાપ ઉત્પન્ન કરે તેવી હોય છે અને તેથી તને તે નકામો ખેદ કરાવશે; માટે આ મૃતક(મડદા)ને રાજ્યમંદિરમાંથી બહાર લઇ જવામાં ન આવે ત્યાં સુધીમાં આપણે અહીંથી ચાલ્યા જઇએ, આવો હૃદયભેદક બનાવ જોવો આપણને યોગ્ય નથી. **परदुःखं कृपावन्तः सन्तो नोद्वीक्षितुं क्षमाः। સંત લોકો પારકાના દુઃખ દયાળુ નજરે જોઇ શકતા નથી.**

[1]આ પ્રમાણે વિચાર કરીને મામાભાણેજ રાજમંદિરની બહાર નીકળી ગયા અને બજારમાં આવ્યા.[2] એ વખતે રિપુકંપનને મરેલ જાણીને તેનું સ્નાન કરવા માટે સૂર્ય પણ પશ્ચિમસમુદ્રમાં દાખલ થયો.[3]

---

૧ ભાણેજ નાનો કાચી છાતીવાળો છે તે પણ મામાના મનમાં ઊંડું કારણ હોય. બાળકોને આવા પ્રસંગો બતાવવાથી જોખમ થઇ જાય છે તે જાણીતી વાત છે.

૨ **ભવચક્ર નગરનાં કૌતુકો** બતાવવાનું મામાએ ચાલુ રાખ્યું છે. મદ્ય પરદારાનાં પરિણામો આગલા પ્રકરણમાં જોઇ ગયા. આ પ્રકરણમાં મિથ્યાભિમાનનાં પરિણામો અને હર્ષ-શોકના પ્રસંગો જોયાં. આગળનાં કેટલાંક પ્રકરણો નવાં નવાં ભવચક્રનાં કૌતુકો ચીતરે છે તે લક્ષ્યપૂર્વક વિચારવાં.

૩ સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં દાખલ થયો એટલે સૂર્ય અસ્ત પામ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૪ મું.

## મહેશ્વર અને ધનગર્વ.

ભવચક્રનગરનાં કૌતુકો. (ચાલુ)

સાયંકાળ વર્ણન.

રાજમંદિરમાંથી મામાભાણેજ નીકળ્યા તે વખતે સૂર્ય અસ્ત થયો, અંધકારથી આખી દુનિયા કાળી મશ જેવી થઇ ગઇ, દીવાઓ કરવામાં આવ્યા, ગાયો તથા ભેંસો પોતપોતાને સ્થાનકે પાછી આવી ગઇ, પક્ષીઓ માળામાં આવીને બેસી ગયા, વૈતાળો ભયંકર દેખાવ આપવા લાગ્યા, ઘુવડ ચારે તરફ સંચાર કરવા લાગ્યા, કાગડાઓ તદ્દન ચૂપ થઇ ગયા, સૂર્યવિકાસી કમળો નિદ્રા પામી ગયાં (મીંચાઇ ગયાં), બ્રહ્મચારી મુનિઓ પોતપોતાની આવશ્યક ક્રિયામાં લાગી ગયા, પોતાની વહાલીના વિરહથી ચક્રવાકો રડવા લાગ્યા, જાર લોકો ઉલ્લાસ પામવા લાગ્યા અને સ્ત્રીઓ મનમાં મલકાવા લાગી. આવો સંધ્યાસમય થયો અને લોકોનાં મન આનંદ પામવા લાગ્યાં. તેવા વખતે મામાભાણેજે એક [1]મહેશ્વર નામના શેઠીઆને પોતાની દુકાનના બારણા આગળ જોયો.

### શેઠનો મિજાસ.

[2]શેઠ સાહેબ દુકાનમાં નાખેલ એક મોટી ગાદી ઉપર તકીઆને અઢેલીને બેઠા હતા. તેની આજુબાજુ અનેક નમ્ર વિનયી અને વિચ-

---

૧ **મહેશ્વરઃ** શેઠ આને માટે **મહેશ્વર** શબ્દ મૂળમાં છે. તેનો અર્થ શેઠ થાય છે, તે તેનું નામ પણ હોય આ પ્રકરણમાં આપણે તેને બન્ને રીતે ઓળખશું.

૨ આ પ્રકરણ સાથે શ્રીઅધ્યાત્મકલ્પદ્રુમના **ધનમમત્વમોચનાધિકાર** વાંચી જવા ભલામણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષણુ વણિકપુત્રો બેઠા હતા. શેઠીઆની સામે માણેક, હીરા, શનિ, વૈડૂર્ય અને પરવાળાનો મોટો ઢગલો પડેલો હતો, જે આજુબાજુના અંધકારને પણુ હઠાવી રહ્યો હતો. તે શેઠની બરાબર સામે સોના મહોર અને લગડીઓ તથા ચાંદી અને રૂપિયા વિગેરેના મોટા ઢગલા પડ્યા હતા. એ સર્વને જોઇને શેઠ મનમાં બહુ મલકાતા હતા અને અભિમાનથી ફુલાઇ જતા હતા. આ બનાવ જોયા પછી મામા ભાણેજ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

## પ્રકર્ષનું અવલોકન અને પ્રશ્ન.

**પ્રકર્ષ**—"મામા ! એ મહેશ્વર શેઠ પોતાનાં ભવાં ચઢાવીને અને ચક્ષુને સ્તબ્ધ જેવી કરીને આમ શું જોઇ રહ્યો છે? વળી એની પાસે કોઇ વસ્તુના અર્થી કાંઇ માંગતા દેખાય છે તેના બોલવા તરફ એ ભાઇશ્રી બહેરા ન હોવા છતાં જરાએ ધ્યાન પણુ આપતા નથી. પેલા બીચારા આદરપૂર્વક વિનયથી તેની તરફ જોઇને બોલે છે, પણુ ભાઇશ્રી એના તરફ લક્ષ્ય પણુ આપતા નથી તેનું કારણુ શું છે? બીચારા કેટલાએ માણસો અત્યંત નમ્રપણે તેની આગળ આવીને ઊભા રહે છે, તેની ખુશામત કરે છે અને તેને પ્રણામ કરે છે તેના તરફ તે જોતો પણુ નથી અને તેઓને એક તરખલા જેવા ગણે છે તેમાં તેનો હેતુ શો છે? અને વળી એ રત્નોને વારંવાર જોઇને તે મનમાં કાંઇક ધ્યાન કરતો હોય અને પછી આખે શરીરે સ્તબ્ધ થઇ જતો હોય અને અંદર મલકાતો હોય એવો એ દેખાય છે તેનું કારણુ શું છે? તે જણાવો."

## ધનગર્વ પર મામાના વિચારો.
### લક્ષ્મીની ચળ પ્રકૃતિ અને અંધતા.
### અનંતાનુબંધી માનનો જણાતો મહિમા.

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! સાંભળ. આપણે રાજમહેલમાં હમણા જે મિથ્યાભિમાનને જોયો તેનો અંગભૂત એક ધનગર્વ નામનો ખાસ મિત્ર છે. એ ધનગર્વે આ ભાઇશ્રીમાં અત્યારે ઘર કરી દીધું છે. **જે પ્રાણીઓમાં એ ધનગર્વ ઘર કરી બેસે છે તે સર્વેની આવી જ સ્થિતિ થાય છે.** એ મહેશ્વર શેઠ મનમાં અત્યારે એમ માની બેઠા છે કે એ હીરા માણેક સર્વ તેનું પોતાનું જ છે અને પોતે તેનો સ્વામી છે અને તેમ હોવાને લીધે પોતે ખરેખરો ભાગ્યશાળી છે. એ તો એમ જ સમજી ગયો છે કે એના જન્મનું એને ખરેખરૂં ફળ પ્રાપ્ત થયું છે અને પોતાનો જન્મ જ જાણે સફળ થયો છે. તે માને છે કે તેની પાસે આખું ભુવન રાંકડું છે, ગરીબ છે, બીચારૂંબાપડું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા વિચાર રૂપ વિકારોને આધીન થઇને એ ભાઇશ્રી ઊંચે આકાશમાંજ ઉડ્યા કરે છે, ધનનું કેવું અસ્થિર સ્વરૂપ છે તે જરાએ લક્ષ્યમાં પણ લેતો નથી, ધનનું પરિણામ કેવું આવશે તેનો જરા વિચાર પણ કરતો નથી, ભવિષ્યમાં શું થશે તેની લગાર માત્ર પણ આલોચના કરતો નથી, સર્વ બાબતમાં વસ્તુતત્ત્વ શું રહેલું છે તેનો લગાર પણ ખ્યાલ કરતો નથી અને દરેક વસ્તુ ક્ષણિક છે, નાશ પામનારી છે એમ ગણનામાં પણ લેતો નથી."

પ્રકર્ષ—"રાગકેસરીનાં બાળક જેવાં જે આઠ રૂપો હતાં તેમાં જે પાંચમો છોકરો મેં જોયો હતો (અનંતાનુબંધી માન[1]) તે આ ભાઇ શેઠસાહેબની તદ્દન પાસે હોય એમ દેખાય છે."

વિમર્શ—"બરાબર એમ જ છે. અહીં એ રાગનો પાંચમો છોકરો પણ આવેલો છે. હવે જે હકીકત બને તે બરાબર લક્ષ્ય રાખીને જોજે."

**માન અને લોભમાં મહેશ્વર શેઠ લલચાયો.**
**લોભનો થોભ નહિ ત્યાં શોભા જાય.**
**સર્વગુણવિનાશનં લોભાત્. એનો ચિતાર.**

મામા ભાણેજ દૂર ઊભા ઊભા આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં એક જારપુરૂષ આવ્યો અને શેઠ મહેશ્વરની પાસે બેઠો. તેણે શેઠીઆને જણાવ્યું કે તે શેઠની સાથે કાંઇ ખાસ વાત તદ્દન ખાનગીમાં કરવા માગે છે. શેઠે તેની વાત કબૂલ કરી. બન્ને ઓરડામાં ગયા. ત્યાં તદ્દન એકાંત હતી. એકાંત સ્થળમાં ગયા પછી પેલા જારપુરૂષે એક મહામૂલ્યવાન્ મુગટ શેઠને બતાવ્યો. એ મુગટ અનેક મહા મૂલ્યવાન્ રત્ન હીરા માણેકનો બનાવેલો હતો અને અંધારામાં પોતાના તેજથી દિશાઓને પ્રકાશિત કરતો હતો. શેઠે એ જારપુરૂષને તુરત ઓળખી લીધો કે એ તો હેમપુર નગરના રાજા વિભીષણનો હજુરીઓ છે અને તેનું નામ દુષ્ટશીલ છે. વિચક્ષણ વાણીઓ મનમાં સમજી ગયો કે એ લુચ્ચા હજુરીઆએ મુગટને જરૂર ચોરી લીધેલો હોવો જોઇએ. હવે તે વખતે પેલો રાગકેસરીનો છોકરો જે શેઠની નજીક રહેતો હતો (માન[1]) તે એ વખતે શેઠના શરીરમાં દાખલ

દુષ્ટશીલની વ ક તા.

---

૧ આ સ્થાને માન સમજવો કે લોભ તે મને શંકાસ્પદ લાગે છે. રાગકેસરીનો દીકરો હોય તો લોભ સંભવે, પ્રકરણ 'ગર્વ'નું છે તે જોતાં 'માન' સંભવે. મને તો માન અને લોભનું મિશ્રણ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઇ ગયો. એના પ્રતાપથી શેઠે પોતાના મનમાં વિચાર કર્યો કે-એણે એ મુગટ ચોર્યો હોય કે ગમે ત્યાંથી આણ્યો હોય તેનું મારે શું કામ છે? મારે તો એ મુગટને ગમે તેમ કરીને એની પાસેથી પડાવી લેવો.

શેઠે મુગટ પડાવી લીધો.

મહેશ્વર શેઠે પોતાના મક્કમ વિચારનો અમલ કરવા મનમાં નિર્ણય કરી દીધો. તુરત જ તેણે દુષ્ટશીલને કહ્યું "ભાઇ! તારે શું કહેવું છે?" પેલા જારપુરૂષે કહ્યું "આની યોગ્ય કિંમત આપી તમે એને લઇ લો." વાણીઓ મનમાં ખુશી થયો અને સાધારણ રકમ આપીને દુષ્ટશીલને રાજી કરી દીધો. દુષ્ટશીલ પણ જે મળી તે રકમ રોકડી હાથમાં લઇને ત્યાંથી એકદમ વિદાય થઇ ગયો.

મુદ્દામાલ સાથે મોટા શેઠ પકડાઇ ગયા.

દુષ્ટશીલ ત્યાંથી વિદાય થયો અને તુરત જ તેને પગલે શોધવા નીકળેલા ચરલોકો સાથે વિભીષણ રાજાના સેવકો ત્યાં આવી પહોંચ્યા. તેઓને તપાસ કરતાં ગમે ત્યાંથી મુગટની મહેશ્વર શેઠે ખરીદી કરી છે એ વાતનો પત્તો લાગી ગયો. તેઓએ શેઠને ચોરીના મુદ્દામાલ સાથે તુરત પકડ્યા અને પંચ સમક્ષ સાક્ષીઓ રાખીને શેઠને મુદ્દામાલ સાથે આગળ કર્યા. એક ક્ષણમાત્રમાં શેઠની પાસે બીજો જે હીરામાણેકસોનાનો ઢગલો હતો તે પણ તે રાજસેવકોએ કબજે કરી લીધો.[1] શેઠ તો બૂમો પાડતા જ રહ્યા અને તેમને રાજસેવકોએ બાંધી લીધા. નોકરો અને વણિક્પુત્રો જે શેઠની પાસે બેઠા હતા તે તો સર્વે મુંઝાઇ ગયા અને શેઠના બંધુમંડળ વિગેરેની સાથે સર્વે ત્યાંથી ગછંતિ કરી ગયા.[2] આવી રીતે મહેશ્વર શેઠનું સર્વ લુંટાઇ ગયું અને તેના સગા તથા સંબંધીઓ પણ તેની પાસેથી રસ્તે પડી ગયા. ધન અને સંબંધી વગરના શેઠના ગળામાં ચોરીનો મુદ્દામાલ લટકાવવામાં આવ્યો, શેઠને ગધેડાપર બેસાડવામાં આવ્યા, આખા શરીરે રાખ ચોપડવામાં આવી અને બરાબર ચોર હોય તેવો તેમનો વેશ બનાવવામાં આવ્યો.[3] લોકો પણ કહેવા લાગ્યા કે-આ તો ભાઇ રાજાનું પણ ચોરનાર મોટો ભરેડી નીકળ્યો! ચારે તરફ શેઠની નિંદાના અવાજોથી દિશાઓ ભરાઇ જવા લાગી. રાજાના માણસો તેની

૧ ચોરી કરનારનાં ઘરબાર લુંટી લેવાનો રિવાજ અસલ હતો.

૨ સંપત્તિના મિત્રો અને સગાઓ વિપત્તિ વખતે છોડી જાય છે એવા સ્વાર્થી જગત્નો આ દાખલો છે.

૩ મુદ્દામાલ સાથે શેઠ પકડાયા હતા તેથી ઇનસાફ પણ પ્રથમથી જ થયો એમ જણાય છે.

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારી રીતે લાત લાકડીથી ખબર લેતા હતા અને શેઠનું મ્હોં તદ્દન શંકડું થઇ ગયું હતું, એની સર્વ આશાઓ પડી ભાંગી હતી. આવી અત્યંત બૂરી દશામાં આવી પડેલા શેઠને જોઇને પ્રકર્ષે મામાને પૂછ્યું–
"મામા! આ તો ભારે નવાઇ જેવી વાત જોવામાં આવી! આ તે સ્વપ્ન છે કે ઇંદ્રજાળ છે કે કાંઇ મારી બુદ્ધિમાં ભ્રમ થઇ ગયો છે!! આ તો એક ક્ષણવારમાં આ શેઠીઆની લીલા પણ ન રહી! અને ધન પણ સર્વ પગ કરીને ચાલી ગયું! એની ખુશામત કરનારાઓ તથા સગાસંબંધીઓ પણ જણાતા નથી! અરે! સઘળો લોકવર્ગ જાણે બદલાઇ જ ગયો છે! એનું તેજ પણ ઉડી ગયું! એનું અભિમાન પણ બેસી ગયું! અને એનામાં જે પુરૂષાતન દેખાતું હતું તે પણ ખસી ગયું!"

* * * *

### [1]ધનસ્વરૂપપર વિમર્શ.

વિમર્શમામાએ પ્રકર્ષને કહ્યું "તેં જોઇ તે વાત બરાબર સાચી છે. એમાં તારી બુદ્ધિમાં જરાએ ભ્રમ થયેલો નથી. તેં જોયું છે તે તદ્દન બરાબર છે. અને તેટલાજ માટે મહા બુદ્ધિશાળી માણસો "પૈસાનું જરા પણ અભિમાન કરતા નથી. દ્રવ્ય ઉનાળાના સખ્ત "તાપથી તપેલા[2] પક્ષીના ગળા જેવું ચંચળ છે, ધન ગરમ ઋ-"તુની ગરમીથી હુંફાયલા સિંહની જીભ જેવું અસ્થિર છે, દોલત "ઇંદ્રજાળની પેઠે અનેક પ્રકારના અદ્ભુત વિભ્રમોને ઉત્પન્ન કરી "મનને ચકડોળે ચઢાવે છે, લક્ષ્મી પાણીના પરપોટાની પેઠે "ક્ષણવારમાં જોત જોતામાં હતી ન હતી થઇ જાય છે. એ વાણીઆમાં "અપ્રમાણિકપણાનો અને અવિવેકનો એટલો મોટો દોષ હતો કે તેને "લઇને જે મોટી માનની જગ્યા એ ભોગવતો હતો તે ક્ષણવારમાં ખોઇ "બેઠો અને તેનું ધન ફનાફાતીઆ થઇ ગયું. પૈસા તો એવી ચીજ છે "કે જે પ્રાણીઓ કોઇ પણ પ્રકારના દોષના સંબંધમાં ન આવતા "હોય તેમની પાસેથી પણ ચાલ્યા જાય અને સામું ભયનું કા-"રણ ઉત્પન્ન કરી આપે. જેઓ ફુંકી ફુંકીને [3]જમીન ઉપર પગ "મૂકતા હોય છે તેવાઓની પાસેથી પણ પૈસા એક ક્ષણવારમાં "ચાલ્યા જાય છે એમાં જરા પણ શંકા જેવું નથી. ધનના દોષથી

---

૧ અહીં વિમર્શમામા ધનની ફીલસુફી સમજાવે છે તે ખાસ મનન કરવા યોગ્ય છે.

૨ ગરમીના વખતમાં પક્ષીનું ગળું ચંચળ રહે છે, ચાલ્યા કરે છે. કબૂતર વિગેરેને ધ્યાન રાખી જોવાથી આ વાત ખ્યાલમાં આવી જશે.

૩ એક ડગલું ભરે તે પણ જોઇ વિચારીને મૂકે તેવા સંભાળ રાખનાર સાવધ માણસો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ધનવાન્ પ્રાણીઓ જળથી ભય પામે છે, અગ્નિની પીડા ખમે છે, " લુંટારાથી નિરંતર ભયમાં રહે છે, રાજા તરફથી લુંટાઇ જવાના નિ- " માસણમાં રહે છે, ભાઇઓ કે સગાઓ તરફથી ભાગલાગની પંચા- " તિમાં પડે છે, ચોરથી ચોરાવાના ભયમાં આવી પડે છે-એવી રીતે " ધનથી અનેક પ્રકારની ઉપાધિઓ આવે છે અને તેથી તે અનેક " દુઃખો સહન કરે છે. વળી ભાઇ પ્રકર્ષ! જેમ એક સખત પવનનો " ઝપાટો આવે ત્યારે જેમ ઘણાં એકઠાં થયેલાં વાદળાંઓ તરત " વિખરાઇ જાય છે તેમ જ્યારે પૈસા જવા બેસે છે ત્યારે તે (પૈસા) " જેની પાસે પૈસા હતા તેના રૂપને જોતા નથી, તેની સાથે ઘણા " કાળનો સંબંધ હતો કે ઓળખાણ હતી તેને ગણતા " નથી, તે માણસની કુલીનતા તરફ નજર પણ " ફેંકતા નથી, તેના કુળનો કેવો સારો ક્રમ છે " તેનું અનુસરણ કરતા નથી, તેના શીલ (વર્તન)ની ગણના કરતા " નથી, તેનામાં કેટલી પંડિતાઇ છે તેની અપેક્ષા રાખતા નથી, તે- " નામાં કેટલી સુંદરતા છે તેની આલોચના (વિચાર) કરતા નથી, " તે પ્રાણી કેટલો ધર્મપરાયણ છે તેનો ખ્યાલ પણ કરતા નથી, " તે કેટલું દાન આપે છે અને તેની અન્ય ઉપર ઉપકાર કરવાની " કેવી તત્પરતા છે તે વાત લક્ષ્યમાં લેતા નથી, તેનામાં કેટલું વિશેષ " જાણકારપણું છે તેનો વિચાર કરતા નથી, તેનું સદાચાર તરફ કેટલું " સુંદર વલણ છે તે ધ્યાનમાં રાખતા નથી, તેની સાથે ઘણા વખ- " તનો સ્નેહભાવ છે તેની પરિપાલના કરતા નથી, તે પ્રાણી અન્ય " પ્રાણીઓથી કેટલો સત્ત્વવાન્ છે તે મગજપર લેતા નથી, તે પ્રા- " ણીના શરીરનાં લક્ષણો કેવાં ઉત્તમ છે તેનું પ્રમાણ પણ કરતા " નથી અને આકાશમાં સાક્ષાત્ નગરના જેવો દેખાવ દેખાય છે, હાથી " ઘોડા મનુષ્ય વિગેરેની દોડધામ થતી માલૂમ પડે છે અને દેખ- " દેખતાં ક્ષણવારમાં જેમ તે છિન્નભિન્ન થઇ જાય છે તેમ તે (પૈસા) " ચાલ્યા જાય છે અને તે ક્યાં ગયા અને કેટલા થોડા વખતમાં કેવી " રીતે ગયા તે પણ પ્રાણી જાણી શકતો નથી. સંસારી પ્રાણીઓ " બાપડા મહા ક્લેશ કરીને બહુ પ્રયાસે પૈસા મેળવે છે અને પો- " તાના જીવની તેમ તેને જાળવી રાખે છે, છતાં ચાલ્યા જાય છે " ત્યારે જાણે નટ નાચ[1] કરતો હોય નહિ તેમ જોતજોતામાં પગ

ધનની અસ્થિરતા.

[1] નટ નાચે ત્યારે જરા વાર રાજા થાય, વળી બીજો વેશ લે, એમ એના ભાવો બદલાયા જ કરે છે. નટના નાચમાં સ્થિરતા કે ચાલુપણું જોવામાં આવતું નથી તેમ ધન માટે સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ફરીને ખલાસ થઇ જાય છે. આ પ્રમાણે હોવા છતાં પણ મહા-
"મોહથી હણાયલા બીચારા રાંક પ્રાણીઓ એવા ધન ઉપર પણ
"અનેક ચિંતાયુક્ત સ્થિતિમાં આશાબદ્ધ થઇને સખ્ત થઇ બેસે છે
"અને વળી ધનનું ખોટું અભિમાન કરીને અનેક પ્રકારના વિકારો
"પેલા શેઠીઆની પેઠે કરે છે. ભાઇ! આ જન્મમાં પૈસાનું-દોલતનું
"આવું પરિણામ થાય છે અને પરલોકમાં વળી મહા ભયંકર દુઃખ-
"પરંપરા પ્રાપ્ત થાય છે તે વધારામાં સમજવી."

પ્રકર્ષ—"મામા! એ પૈસા એક જ ઠેકાણે ટકે, એનું પરિણામ સારૂં આવે અને એનું ફળ પણ ઠીક થાય એવો આ દુનિયામાં કોઇ ઉપાય છે કે છે જ નહિ."

વિમર્શ—"એવો ઉપાય આ દુનિયામાં સંભવે છે તો ખરો, પણ તેનો યોગ કોઇ ભાગ્યશાળીને જ થાય છે. એને પુણ્યાનુબંધી પુણ્ય[1] કહેવામાં આવે છે, પુણ્ય એટલે શુભનો અનુભવ અને એ અનુભવ થતી વખતે જે પાછો પુણ્યનો અનુબંધ કરાવે, પુણ્યનો સંચય કરાવે
"તેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે. [2]એવું પુણ્ય પૈસાને
"વધારે છે, સ્થિર કરે છે અને ન હોય તો મેળવી પણ આપે છે.
"પરંતુ એવા પ્રકારનું પુણ્ય ઘણું જ દુર્લભ છે. ઘણાખરાને પાપાનુ-
"બંધી પુણ્ય જ હોય છે એ તારે ધ્યાનમાં રાખવું. પ્રાણી ઉપર દયા
"રાખવી, સંસારપર વૈરાગ્ય રાખવો, વિધિપૂર્વક દેવગુરૂની પૂજા કરવી
"અને વિશુદ્ધ શીલમાં અનુવૃત્તિ રાખવી. આથી પુણ્યાનુબંધી પુણ્ય એકઠું

---

૧ આ પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય ઉપર ધન્યકુમાર ચરિત્રની શરૂઆતમાં ગુણસાર અને વિશ્વભૂતિનાં સુંદર ચરિત્રો છે તે ખાસ વાંચવા યોગ્ય છે. જુઓ સદર ગ્રંથનું ભાષાંતર પૃષ્ઠ ૪-૩૪.

૨ એ બાબતના ત્રણ શ્લોકો નીચે પ્રમાણે મૂળ ગ્રંથમાં છે તે લક્ષ્યમાં રાખવા યોગ્ય છેઃ—

करोति वर्धनस्थैर्यं, अजातं जनयेद्धनम् ।
अत्यन्तदुर्लभं भद्र!, पुण्यं पुण्यानुबन्धि यत् ॥

यथा ।

दया भूतेषु वैराग्यं विधिवद्गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥

अथवा ।

परोपतापविरतिः परानुग्रह एव च ।
स्वचित्तदमनं चैव पुण्यं पुण्यानुबन्ध्यदः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુણ્યાનુબંધી પુણ્ય પાપાનુબંધી પુણ્ય.

" થાય છે. વળી અન્ય પ્રાણીઓને કોઇ પણ પ્ર-" કારનો ત્રાસ કે હેરાનગતિ ન કરવાથી, અન્ય " ઉપર બને તેટલી કૃપા કરવાથી અને પોતાનાં " મનનું દમન કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય એકઠું " થાય છે. પૂર્વના ભવમાં જે પ્રાણીઓએ એવું પુણ્ય ઉપાર્જન કરેલું " હોય છે અથવા આ ભવમાં જે એવું પુણ્ય એકઠું કરે છે તેઓની " પાસે જે ધન આવે છે તે મેરૂ પર્વતના શિખરની પેઠે સ્થિર રહે " છે. એવા મહાત્મા પ્રાણીઓ પોતાના પુણ્યાનુબંધી પુણ્યના પરિણામે " જે ધન પ્રાપ્ત કરે છે તેને તેઓ તદ્દન બાહ્ય, સ્વથી પર, તદ્દન " તુચ્છ, વિષ્ટાસમાન અને ક્ષણવારમાં નાશી જનાર અસ્થિર સમજીને " તેનો સારે માર્ગે વ્યય કરે છે અને પોતે તેનો સારી રીતે ઉપભોગ " કરે છે; પરંતુ એવા બુદ્ધિશાળી લોકો ધન ઉપર જરા પણ મૂર્છા " કરતા નથી, એના ઢગલા જોઇને રાજી રાજી થઇ જતા નથી અને " એને એકઠું કરવામાં ગાંડાઘેલા થઇ જતા નથી. આવા પુણ્યશાળી " માણસો જેમનો જન્મ પણ પવિત્ર ગણાય છે તેવા વિશુદ્ધ બુદ્ધિ-" વાળા પ્રાણીઓના સંબંધમાં ધન સારૂં પરિણામ પણ લાવી આપે " છે. બાકી જે સાધારણ માણસો એવા બાહ્ય, નિંદા કરવા યોગ્ય " અને મહા અનર્થનાં કારણભૂત ધનઉપર મૂર્છા કરી રહેલા હોય છે, " તેને પકડીને બેસી રહેલા હોય છે, જેઓ તેનું કોઇ પણ પ્રકારનું " દાન પણ કરી શકતા નથી અને જાતે ઉપભોગ પણ કરી શકતા " નથી તેઓ આ ભવમાં મોટો ચિત્તસંતાપ પામે છે અને પર-" ભવમાં મોટી અનર્થપરંપરા પ્રાપ્ત કરે છે તેમાં ભાઇ! શું નવાઇ " જેવું છે? આ સર્વ હકીકતનો સાર એ છે કે રહસ્ય સમજનાર ડાહ્યા " માણસોએ પોતાની પાસે પૈસા હોય ત્યારે તેના ઉપર મૂર્છા ન " કરવી અને તેનું અભિમાન ન કરવું તેમજ બને તેટલી તેની સખા-" વત કરવી અને જાતે ઉપભોગ કરવો. જે પ્રાણી એવી રીતે દાન-" ભોગ કરતો નથી તે બાપડો નકામી મજુરી કરનારો વગર પૈ-" સાનો નોકર થાય છે અને છેવટે પસ્તાવો પામે છે. વળી જે કાંઇ " પણ હકીકત સમજતો હોય તેણે પૈસાને અંગે ચોરી અને લુચ્ચા-" ઇની ગંધ પણ પોતામાં દાખલ ન થાય તે માટે ખાસ ધ્યાન " રાખવું અને જો ધનને ચોરી દ્વારા કે અપ્રામાણિકપણે મેળવવાની " ઇચ્છા થઇ તો સમજવું કે પરિણામે પેલા વાણીઆ શેઠની પેઠે " મોટું કષ્ટ ઊભું થવાનું છે."

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૨૫ મું.

### રમણ અને ગણિકા.

ભવચક્રનાં કૌતુકો. (ચાલુ)

પ્રકર્ષ અને વિમર્શ ધનના સંબંધમાં વાતો કરતા હતા અને ધનનું તત્ત્વજ્ઞાન વિચારતા હતા તે વખતે એક બીજો ઘણો અગત્યનો બનાવ બન્યો.[1] એક તદ્દન દુબળો થઇ ગયેલો, મલીન શરીરવાળો, શરીરે અશક્ત થઇ ગયેલો અને શરીરપર જીર્ણ કપડાં ધારણ કરેલો જુવાન માણસ બજારમાં કોઇ ઠેકાણેથી આવી પહોંચ્યો એમ મામાભાણેજે જોયું. તેણે દુકાન ઉપર ગાંઠ છોડી થોડા રૂપીઆ કાઢ્યા અને તે વડે થોડા લાડવા ખરીદ્યા, એક હાર લીધો, થોડાં પાન લીધાં, સુગંધી પદાર્થો વેચાતા લીધા અને બે કપડાં ખરીદ કર્યાં. ત્યાર પછી બજારની નજીકમાં એક પાણીની વાવ હતી તેમાં ઉતરીને તેને પગથીએ બેસીને ખરીદ કરેલા લાડવા ખાઇ લીધા, પાન સાથે લઇ આવ્યો હતો તે ખાધું અને એવી રીતે પેટ ભરીને પછી સ્નાન કર્યું, પછી મસ્તકે ફૂલનો મોડ[2] બાંધ્યો, આખા શરીરે સુગંધી તેલ અત્તર લગાવ્યા, નવાં ખરીદેલાં વસ્ત્રો શરીરપર ધારણ કર્યાં અને જાણે પોતે મોટા બડેજાવ મહારાજા હોય તેમ ત્યાંથી આડંબરપૂર્વક ચાલ્યો. ચાલતાં ચાલતાં તે વારંવાર પોતાના શરીર તરફ અભિમાનથી જોતો જાય છે, આમોટ (ચોટલો) સમારતો જાય છે, ખસી જતાં બાલને ગોઠવતો જાય છે અને નાકવડે સુગંધી સુંઘી સુંઘીને મનમાં રાજી થતો જાય છે.

ઇશ્કી ટટ્ટુ.

૧ જે દિવસે રિપુકંપનને ત્યાં પુત્રનો જન્મ થયો, મરણનો શોક થયો તે જ રાત્રે શેઠીઆની દશા વિચિત્ર થઇ અને આ પ્રકરણનો બનાવ પણ તે જ રાત્રે બને છે.

૨ મોડઃ આમોટ, ફૂલનો તોરો, કલગી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## રમણ અને ગણિકા.

આવો વિચિત્ર દેખાવ અને ભિખારી છતાં ઇશ્કી દેખાવાનો પ્રયત્ન કરનારને જોઇ પ્રકર્ષે સવાલ પૂછ્યો.

**પ્રકર્ષ**—" મામા ! એ યુવાન માણુસ કોણુ છે? એ ભાઇસાહેબ ક્યાં જવા નીકળ્યો છે? અને શામાટે એ આવા પ્રકારના વિકારો બતાવે છે? "

### ધનવાન બાપનો પુત્ર.
### ઇશ્કમાં સર્વ ગુમાવ્યું.
### છતાં શોખ ગયો નહિ.

**વિમર્શ**—" ભાઇ ! એની કથા તો ઘણી લાંબી છે, પણુ તને એની હકીકતમાંથી થોડી મુદ્દાસરની હકીકત કહી સંભળાવું તે ધ્યાન રાખીને સાંભળ: આ નગરના રહેવાસી સમુદ્રદત્ત નામના શેઠનો એ છોકરો છે, એનું નામ રમણ છે, એ યુવાન છે, ભોગ ભોગવવામાં તત્પર છે, બહુ નાનપણુથી ગણિકાને છંદે લાગેલો છે અને એવો મૂર્ખ છે કે ગણિકા સિવાય બીજી કોઇ બાબતનો જરા પણુ વિચાર કરતો નથી. એ સમુદ્રદત્તનું ઘર ધન, ધાન્ય, સુવર્ણ, રત્ન વિગેરેથી ભરપૂર હતું અને જાણે કુબેર ભંડારીની સ્પર્ધા કરતું હોય તેવું લાગતું હતું. એવા ધનાઢ્ય ઘરને આ ભાઇસાહેબે ગણિકાના છંદમાં પડીને ધન ધાન્ય વગરનું કરી મૂક્યું છે અને ભાઇશ્રી ખાવે પીવે ટળી ગયા છે. હવે એ પાપી તદ્દન નીરધનીઓ થઇ ગયો છે, તદ્દન ચીંથરેહાલ થઇ ગયો છે, પારકી નોકરી કરે છે, દુનિયામાં હલકો પડી ગયો છે અને એવી રીતે પોતાનાં કર્મને પરિણામે મહા દુઃખી થઇ ગયો છે. પારકું કામ કરતાં આજે એને કોઇ જગ્યોએથી અનાયાસે પૈસા મળી ગયા છે એટલે વ્યસને એના ઉપર પાછું પોતાનું જોર ચલાવ્યું છે. તેથી એણે શું શું કર્યું તે તો ભાઇ ! તેં સર્વ જોયું. આ નગરમાં એક મદન-મંજરી નામની પ્રખ્યાત ગણિકા છે તેને અત્યંત રૂપાળી અને જુવાન કુંદકલિકા નામની દીકરી છે. એ કુંદકલિકામાં આસક્ત થઇને આ રમણે પોતાનો ધનનો જે કાંઇ સંચય હતો તે આખોને આખો પૂરો કરી દીધો અને જેવો એ ધન વગરનો થયો એટલે એ મદનમંજરીએ એને ઘરની બહાર કાઢી મૂક્યો. છતાં આ રમણુ હજુ પણુ કુંદકલિ-કાનો સ્વાદ મૂકી શકતો નથી; આજે જેવું તેવું ન ઇચ્છવા જોગ પારકું કામ કરીને એ થોડાક રૂપીઆ લઇ આવ્યો છે એટલે તુરત જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ રૂપિયા સાથે લઇને પોતાની વિષયઇચ્છા તૃપ્ત કરવા સારૂ એ કુંદકલિકાના ઘર તરફ જવા માટે નીકળી પડ્યો છે. ત્યાં જવા પહેલાં પોતે સારો લાગે, રૂપાળો લાગે, તે સારૂ આ બધી ટાપટીપ કરી છે. હવે ચાલો આપણે પણ એની પછવાડે જઇએ."

**મકરધ્વજનો ભયસાથે પ્રવેશ.**

**કામદેવના ભયંકર તીરો.**

**કુંદકલિકાનું બાહ્યાંતર રૂપ.**

એ વખતે એક માણુસ પોતાના અનુચરો સાથે દૂરથી આવતો અને પોતાના ભાથામાંથી ભયંકર તીરો ખેંચીને ફેંકતો તેમના જોવામાં આવ્યો. એનો સુંદર દેખાવ જોઇને પ્રકર્ષે મામાને પૂછ્યું "અરે મામા! મામા! જુઓ તો ખરા, એ રમણને પેલો પુરૂષ દૂરથી ઘણી સખ્ત રીતે તીર મારે છે, એને આપ અટકાવો." મામાએ જવાબ આપ્યો "ભાઇ! એ તો મકરધ્વજ છે અને આ રાત્રીના વખતે પોતાના મિત્ર ભય સાથે આનંદથી નગરચર્ચા જોવાને નીકળી પડ્યો છે. આખા નગરમાં કોણ પોતાની આજ્ઞા બરાબર પાળે છે, કોણ પોતાની વિરૂદ્ધ છે તેની એ બરાબર પરીક્ષા કરે છે અને તેટલા માટે દરેક પ્રાણીઓ શું બોલે છે, તેનો વેષ કેવો છે, તેઓ મનમાં શો વિચાર કરે છે, તે બધું તે બરાબર તપાસે છે. એ મકરધ્વજ પોતાની શક્તિથી તીર ફેંકીને ઘાયલ કરી પેલા રમણને ગણિકાને ઘરે લઇ જાય છે. એમાં આપણે એ મકરધ્વજને વારીએ તેવું કાંઇ છે જ નહિ કારણ કે મકરધ્વજનો એ જ ધંધો છે. રમણ અત્યારે પોતાના મનમાં જે અનુભવ કરે છે તે સર્વ આ મકરધ્વજને લઇને જ છે. હવે એના કેવા સંસ્કાર થાય છે તે આપણે જોઇએ. ચાલ! આ કૌતુક જોવાની ભારે મજા આવશે!"

પુષ્પધન્વાનું કાર્ય.

આ પ્રમાણે વાતચીત કરીને મામા ભાણેજ ગણિકાના ઘર તરફ ગયા, ત્યાં તેઓએ ઘરના દરવાજા પાસે ઠાઠમાઠ કરીને બેઠેલ કુંદકલિકાને જોઇ, એને જોઇને વિમર્શે પોતાનું [1]નાક મરડ્યું, મ્હોંથી થુંક નાખ્યું, ડોકું હલાવ્યું અને મ્હોઢું બગાડી ડોક બીજી બાજુ વાળી દીધી. પોતાના મામાને આવી રીતે એકદમ વ્યાકુળ થઇ ગયેલા અને મુખેથી હાહા ઉચ્ચાર

મામાનો ઉદ્વેગ.

૧ આ નાક મરડવાની હકીકત અને તેનું કારણ કવિએ વખતસર બહુ યોગ્ય રીતે દાખલ કર્યું છે, વિચાર કરવાથી આ પ્રસંગની ખૂબિ સમજાઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા જોઇને પ્રકર્ષે તેમને એકદમ એવા ઉદ્વેગનું કારણ પૂછયું "મામા! આમ એકદમ આપને ખરાબ શું લાગ્યું? આપના ચેહરા ઉપર આવો એકદમ ફેરફાર કેમ થયો?" મામાએ જવાબ આપ્યો "ભાઇ! આ ગણિકાના આકારમાં સુંદર કપડાંથી છવાયલી અને ફૂલ અને ઘરેણાંથી શોભાવેલી અશુચિની કોઠી છે તે શું તું જોઇ શકતો નથી? મને તો એનામાંથી એટલી બધી (ખરાબ) ગંધ આવે છે કે તે હું સહન કરી શકતો નથી; માટે આપણે એનાથી જરા દૂર ઊભા રહીએ એટલે એવી જગ્યોએ જઇએ કે જ્યાં એના શરીરની દુર્ગંધ ન આવતી હોય અને એટલા દૂર રહી અહીં જે બનાવ બને તે આકુળતા વગર બરાબર જોઇ શકીએ. સાધારણ અશુચિની કોઠી તો કેટલીક છિદ્ર વગરની હોય અને આ તો મોટા મોટા નવ[1] દ્વારો દ્વારા આખો વખત અશુચિ બહાર કાઢ્યા કરે છે. તેથી એની નજીકમાં તો એક ક્ષણવાર પણ ઊભા રહેવું મને પસંદ આવતું નથી અને હું ઊભો રહી પણ શકતો નથી. આ દુર્ગંધથી મારૂં તો માથું ફરી જાય છે."

પ્રકર્ષે જવાબમાં કહ્યું "આપ કહો છો તે વાત તો ખરી છે. એ ગંધ એટલી ખરાબ અસર કરે છે કે મારી નાસિકામાં પણ એ ભરાઇ ગયેલ છે અને મને મુંઝવણ કરે છે. માટે ચાલો, જરા દૂર ખસી જઇએ."

આ પ્રમાણે વાત કરીને પ્રકર્ષ વિમર્શ ત્યાંથી દૂર ખસી ગયા અને બધું બરાબર દેખી શકાય એટલા નજીકના દૂર ભાગમાં જઇને ઊભા રહ્યા.

JAINSITE .com

**ગણિકાના ઘરમાં રમણ.**
**કામદેવથી મરાયલો રમણ.**
**ગણિકાથી લુંટાયલો રમણ.**
**ભયથી ત્રાસ પામેલો રમણ.**
**વ્યસનથી મરણ પામેલો રમણ.**

હવે તે વખતે રમણ ગણિકાના ઘરમાં આવી પહોંચ્યો. તેની બરાબર પછવાડે હાથમાં ખેંચેલાં બાણયુક્ત અને ભયને સાથે લઇને મકરધ્વજ ચાલ્યો આવતો હતો અને વખતોવખત બાણ છોડતો જતો હતો. મંદિરના દ્વારમાં જ રમણે કુંદકલિકાને જોઇ. જોતાં જાણે પોતાને નવીન જીંદગી મળી હોય, જાણે અમૃતનું પોતા

[1] બે આંખ, બે નાસિકા, મુખ, બે સ્તન, યોની અને ગુદા એ રીતે નવ ગણ્યાં છે એમ લાગે છે. સામાન્ય રીતે સ્ત્રીઓનાં બાર દ્વાર ગણાય છે તેમાં કાન અને મુત્રાશય વધારે છે. જુઓ નોટ પૃ. ૬૭૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખા શરીરે સિંચન કરવામાં આવ્યું હોય, જાણે પોતાને હીરા માણેક રત્નનો ભંડાર મળી ગયો હોય અથવા તો મોટા રાજ્ય ઉપર પોતાનો અભિષેક થયો હોય તેવો મોટો આનંદ રમણને થયો. હવે તેજ વખતે મદનમંજરી ઘરની બહાર નીકળી, તેણે રમણને ઘર બહાર ઊભેલો જોયો, ચાલાક હોવાથી તુરત સમજી ગઇ કે આજે ભાઈ પાસે કાંઇથી થોડા પૈસા આવ્યા લાગે છે. એ પ્રમાણે તેને થોડા ધનવાળો જોતાં જ તેણે પોતાની યુવાન દીકરીને નિશાની કરી સંજ્ઞાદ્વારા જણાવ્યું કે રમણ આવ્યો છે અને તેને લુંટવો છે. સંજ્ઞા થતાં જ કુંદકલિકાએ ઉપરના હાવભાવથી સુંદર લાગતી મીઠી નજરે રમણ તરફ જોયું એટલે રમણ તો રાજી રાજી થઇ ગયો. આ વખતે મકરધ્વજે પોતાનો અવસર જોઇ ધનુષને ઠેઠ પોતાના કાનસુધી ખેંચીને એક તીવ્ર બાણ ફેંક્યું અને તેનાથી રમણની છાતી આરપાર વીંધી નાખી એટલે એણે કુંદકલિકાને પોતાની છાતીએ વળગાડી, તેને ભેટયો અને તેને સાથે લઇને તેના મંદિરમાં દાખલ થયો. મદનમંજરી ડોકરી તે વખતે ત્યાં આવી, તેને રમણે પોતાની પાસે હતા તે સર્વ રૂપિયા અને ચીજો સોંપી દીધાં. મદનમંજરીએ સર્વ ગ્રહણ કર્યું અને કપડાં વિગેરે સર્વ ઉતારી લઇને તે જન્મ્યો ત્યારે જેવો હતો તેવો નાગો કરી મૂકયો. પછી મદનમંજરી બોલી "છોકરા ! તું અહીં આવ્યો એ તો બહુ સારૂં કર્યું, દીકરી કુંદકલિકા તને વારંવાર યાદ કરતી હતી; પણ જોને, આપણા રાજાનો છોકરો ચંડ હમણા જ અહીં આવવાનો છે માટે હાલ તું જરા છુપાઇ જા. તને એ દેખશે તો ઘણો ગુસ્સે થઇ જશે અને કદાચ તને પૂરો કરી મૂકશે."

ભયનો અવસર.

આ હકીકત સાંભળતાં રમણના શરીરમાં ભયે[1] પ્રવેશ કર્યો. એજ વખતે ગણિકાના દરવાજા પર ચંડ ( રાજપુત્ર ) આવી પહોંચ્યો. એને આવી પહોંચેલો જોઇ ભય વધારે જોરમાં આવ્યો. રમણ ખખડી ગયો, ડર ખાઇ ગયો, મુંઝાઇ ગયો. ચંડ તો એકદમ સીધો મંદીરમાં ચાલ્યો આવ્યો. ચંડે એને નજરે જોયો એટલે એ તો એકદમ ગુસ્સે થઇ ગયો અને પોતાની તરવાર ખેંચી કાઢી અને રમણને કહ્યું કે એનામાં તાકાત હોય તો ખુશીથી દ્વંદ્વયુદ્ધ કરે. રમણ તો બાપડો દીન થઇ ગયો, લાજ વગરનો થઇ ગયો, તદ્દન નપુંસક જેવો થઇ ગયો,

૧ પરસ્ત્રીલંપટ પુરૂષોને નિરંતર ભયમાં રહેવું પડે છે. બળવાન્ હોય તે પણ એ વખતે નિર્વીર્ય થઇ જાય છે. આ હકીકત વ્યવહારૂ રીતે બનતી જોઇ શકાય અથવા કલ્પી શકાય તેવી છે.



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

બીકથી તદન ગાભરો થઇ ગયો અને પોતાનાં આંગળાં મ્હોમાં નાખીને ચંડની પાસે અષ્ટાંગ નમસ્કાર કરી જમીનપર લેટી ગયો અને 'અરે પ્રભુ! મારૂ રક્ષણ કરો, રક્ષણ કરો!' એમ બોલતાં તેની આંખમાં આંસુ આવી ગયાં.

ચંડનું પ્રચંડત્વ.

ચંડને દયા આવી તેથી તેણે રમણને મારી નાખ્યો નહિ, પણ તેનો ચોટલો કાપી નાખ્યો, નાક કાપી નાખ્યું અને કાન પણ કાપી નાખ્યા, તેમજ દાંત તોડી નાખ્યા, નીચેનો હોઠ તોડી નાખ્યો, બન્ને ગાલને કદરૂપા બનાવી દીધા, એક આંખ ફોડી નાખી, પોતાના પગથી મોઢા ઉપર લાત મારી ધક્કો માર્યો અને ઘરથી બહાર કાઢી મૂકયો. એના આવા હાલ થતા હતા તે જોઇને મદનમંજરી ડોકરી અને યુવાન કુંદકલિકા મોઢેથી ખૂબ હસતા હતા. એ બન્ને એવાં મીઠાં વચનો બોલતી હતી અને સાથે ચંડની એવી ખુશામત કર્યે જતી હતી કે એથી ચંડ એના તરફ વધારેને વધારે ખેંચાતો હતો. રમણ તો મહા મુશીબતે બહાર નીકળ્યો, માર વાગવાથી આખા શરીરે મહા વેદના પામ્યો, રાજલોકોએ વળી તેને વધારે માર માર્યો. આવી રીતે કૂટાતાં પીટાતાં નારકી સમાન દુઃખ સહન કરીને બહુ કષ્ટે (તેજ રાત્રીએ) મરણ પામ્યો.

રમણનું મરણ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

* * *

## ગણિકા વ્યસનનાં પરિણામ.

પ્રકર્ષ—"અહાહા મામા! આતો ભારે નવાઇ જેવો બનાવ બન્યો! મકરધ્વજની શક્તિ ઘણી અજબ! ભયનો વિલાસ પણ એવોજ જબરો! અને પેલી ડોકરી (મદનમંજરી) નો પ્રપંચ પણ એવોજ ખૂબિવાળો! ખરેખર, આ રમણનું ચરિત્ર તો ઘણી કરૂણા ઉત્પન્ન કરે તેવું અને હાસ્યજનક નાટક જેવું જણાય છે. એ રમણની મૂર્ખતા પર હસવું આવ્યા વગર રહે તેમ નથી અને એના હાલ જોતાં એની દયા ખાધા વગર પણ રહેવાય તેમ નથી."

વિમર્શ—"બીજા પણ જે મનુષ્યો ગણિકાના વ્યસનમાં આસક્ત હોય છે તેઓનાં ચરિત્ર પણ આવા જ પ્રકારના હોય છે એમાં જરા પણ સંશય જેવું નથી. "ગણિકાનાં સુંદર વસ્ત્રો, ખેંચાણ કરનારાં આભૂ-
"ષણો, રક્ત વર્ણનાં પાન, સુગંધી દ્રવ્યો, સુવાસિત પુષ્પની માળાઓ
" અને આકર્ષક વિલેપનના ગંધથી એ બાપડાઓની ઇંદ્રિયો એવી બહેર
"મારી જાય છે કે એનામાં કુદરતી રીતે અશુચિ ભરેલી છે અને
"એ ન ઇચ્છવા લાયક અપવિત્ર પદાર્થોની કોથળી છે એ હકીકત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તેઓ જોઇ જ શકતા નથી. એવા મૂર્ખ લોકો જીવતી જાગતી
"જંગમ વિષ્ટાની મોટી કોઠી સાથે આલિંગન કરવા ઇચ્છે છે અને
"તેટલા સારૂ મહા મહેનતે એકઠા કરેલ પૈસાનો વ્યય કરે છે. એ પ્રમાણે
"કરીને પોતાના કુળને મોટું કલંક લગાડે છે, આખરે લગભગ
"ભિખારી જેવા ચીંથરેહાલ થઇ જાય છે અને અત્યંત ખરાબ
"અવસ્થામાં આવી પડે છે તો પણ એક વખતે ગણિકાના કુછંદે
"લાગ્યા પછી તેના પરની આસક્તિ છોડી શકતા નથી. એટલે ત્યાર પછી
"વેશ્યાના વ્યસનને લઇને અનેક પ્રકારનાં નાટકો ભજવીને આવા
"પ્રકારનાં અનેક દુઃખો પામે છે એમાં ભાઇ પ્રકર્ષ! નવાઇ જેવું
"શું છે? ભાઇ! કુળવાન્ સ્ત્રીઓ પણ પ્રકૃતિથી ચળ ચિત્તવાળી
"હોય છે તો પછી વેશ્યા જેવી કુલટા સ્ત્રીઓ તો તદ્દન ચપળ જ
"હોય! તેઓ એકને છોડીને બીજાને વળગે તેવી હોય, તેમાં સવાલ
"જ શો છે? કુળવાન્ સ્ત્રીઓ પણ માયાના કરંડીઆ જેવી છે, ગુપ્ત-
"પણે કપટ કરનારી હોય છે તો પછી જે પાકી અનુભવી વેશ્યા હોય
"તેની માયાના સંબંધમાં તો વાત જ શી કરવી! બીજી કુળવાન
"કહેવાતી સ્ત્રીઓ પણ સ્નેહને તદ્દન જલાંજલિ દેનારી હોય છે તો
"પછી ગણિકાના સ્નેહ ઉપર વિશ્વાસ રાખે તે માણસને તો મૂર્ખ
"શિરોમણિજ ગણવો જોઇએ. એક માણસને અમુક વખતે મળ-
"વાનો સંકેત આપે છે, બીજાની સામે તે જ વખતે પ્રેમથી જુએ
"છે, ઘરમાં તેજ વખતે ત્રીજો માણસ મોજુદ હોય છે, પોતાના
"ચિત્તમાં લગની તે વખતે કોઇ ચોથાની લાગેલી હોય છે અને
"પોતાનાં પડખામાં કોઇ અન્યને લઇને સુતેલી હોય છે- આવાં
"ગણિકાનાં ચરિત્ર હોય છે! જ્યાં સુધી એનો સ્વાર્થ સધાય છે ત્યાં
"સુધી તો તે અનેક પ્રકારની ખુશામત કરે છે, મીઠાં વચનો બોલે
"છે, પ્રેમ દેખાડે છે, પરંતુ જેવો પ્રાણીમાંથી ધનરૂપ [1]રસ ચુઇ જાય
"છે કે તુરતજ લાખરૂપ રસ ચુઇ ગયેલ અળતાની પેઠે તેને તજી દે છે.
"વેશ્યાઓ ખરેખર નગરના જાજરૂ જેવી છે. જે એના ઉપર પણ
"આસક્ત થઇ જાય છે તેને ખરેખર કૂતરા સમજવા, તે મા-
"ણુસ તો ન જ ગણાય. જે પાપી માણુસો ગણિકાના વ્યસનમાં આ-
"સક્ત હોય છે અથવા થાય છે તેઓની દશા બહુ બુરી થાય છે."

---

**૧ રસ** શબ્દ શ્લેષ છે. ગણિકાસક્ત માણુસ પાસેથી ધનરૂપ રસ જાય એટલે તેને ગણિકા છોડી દે છે; કેરીનો રસ લઇ લીધા પછી ગોઠલા છોતરાને ફેંકી દેવામાં આવે છે તે પ્રમાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૬ મું.

## 'વિવેક[1]પર્વત પરથી અવલોકના.'[2]

ભવચક્રનગરનાં કૌતુકો. (ચાલુ)

### (૧)

### કપોતક અને દ્યૂત.

વિમર્શ પ્રકર્ષે બાકીની રાત્રિ કોઇ દેવમંદિરમાં પસાર કરી. ત્યાર પછી આકાશની શોભા માંદી પડેલ બાળિકાની પેઠે ગળતા તારાઓ વાળી, પડી ગયેલ અંધકારરૂપ કેશવાળી હોઇ તદ્દન પાંડુર વર્ણની થઇ ગઇ.[3] પોતાની શક્તિથી એ આકાશલક્ષ્મીની

---

1 વિવેક એટલે સત્યાસત્યનો વિચારપૂર્વક નિર્ણય. અમુક હકીકત સાચી છે કે નહિ, આદરવા યોગ્ય છે કે નહી તેનો નિર્ણય વિવેક કરે છે. વિવેક વગર સારો ઇરાદો હોય તો પણ નકામો છે. સારાસાર નિર્ણય કરવાની મામાની ચાતુરી તો અગાઉ ઘણીવાર જોઇ. આ વિવેકપર્વતપર આવી મુદ્દાની કેટલીક બાબતોનું અવલોકન મામા ભાણેજ કરશે.

૨ સાત મોટાં વ્યસન છે તે આ પ્રમાણેઃ જુગટું, ચોરી, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર, મદ્ય અને માંસ. આ પ્રકરણમાં જુગટું (દ્યૂત) અને મૃગયા (શિકાર) પર વિવેચન થશે. વેશ્યાગમનપર વર્ણન ૨૫ માં પ્રકરણમાં થયું, મદ્ય અને પરદારાપર વિવેચન ૨૨ માં પ્રકરણમાં થયું. ચોરીપર વિવેચન ૨૪ માં પ્રકરણમાં થયું. માંસ વ્યસનપર વિવેચન મૃગયાના પેટામાં આજ પ્રકરણમાં લીધેલ છે. આવી રીતે ભવચક્રપુરમાં સપ્ત વ્યસનાસક્ત પ્રાણીની દશા કેવી થાય છે તેનો મુખ્યત્વે કરીને ખ્યાલ આપ્યો છે. એ વિવેચન કથા સાથે એવું સુંદર મિશ્રણ કરીને મૂક્યું છે કે વિષય શુષ્ક ન લાગે અને મુદ્દામ રીતે બરાબર અસર કરે.

૩ જેમ માંદી પડેલી બાળા તદ્દન પીળી પચકેલ (પાંડુ રંગની) થઇ જાય છે તેમ આકાશ સફેત અને પીળા રંગ (પાંડુર) મિશ્ર થયું. માંદી બાળિકાની કીકીઓ (તારાઓ) ગળતી જણાય છે તેમ આકાશમાંથી તારાઓ ગળવા માંડ્યા અને માંદી બાળિકાના કેશ (મવાળા) ખરતા જાય છે તેમ આકાશનો અંધકાર ખસવા લાગ્યો. અહીં તારા, કેશ અને પાંડુર એ ત્રણે શ્લેષો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસલ મહત્તા પાછી લઇ આવવા માટે કરૂણા લાવીને પોતે સૂર્ય જાતે વૈદ્યરાજ થઇ ગયા. (વૈદ્ય ગયેલી તંદુરસ્તી અને તેજ પાછું લાવી આપે છે તેમ આકાશનું ગયેલ તેજ પાછું લઇ આપવાનું કામ સૂર્ય રૂપ વૈદ્યે હાથમાં ધર્યું.) તે વખતે પૂર્વ દિશાનું આકાશમંડળ અરૂણની કાંતિથી તદ્દન જૂદું પડી ગયું, વાદળના સમૂહો લાલ રંગના થઇ ગયા, ચંદ્રમા તદ્દન કાંતિ વગરનો થઇ ગયો, ચોર લોકો છુપાઇ ગયા, કુકડા કુકડેકુકનો મોટો અવાજ કરવા લાગ્યા, ઘુવડો તદ્દન ચૂપ થઇ ગયા, ટીટોડીઓ મોટેથી બોલવા લાગી અને આકાશલક્ષ્મીના આરોગ્યને માટે આખું જગત્ જાણે પોતપોતાના કર્મ અને ધર્મના વ્યાપારમાં ઉદ્યુક્ત થઇ જતું જણાયું.[1] હવે એવી રીતે આકાશલક્ષ્મીની આરોગ્યજનક સ્થિતિ વૃદ્ધિ પામ્યા પછી થોડી વારમાં સૂર્યનો ઉદય થયો, કમળો વિકસ્વર થયાં, ચક્રવાકનાં મિથુનોનો વિયોગકાળ પૂર્ણ થયો હોઇ તેમનો સંયોગ થયો અને લોકો ધર્મપરાયણ થઇ પ્રભુનામોચ્ચારણ કરવા લાગ્યા.

પ્રભાતવર્ણન.

## વિવેકપર્વતપર.

એવા શાંત પ્રભાતસમયે મામાએ પ્રકર્ષને કહ્યું "ભાઇ તને ! તો નવું નવું જોવાનું કૌતુક બહુ થાય છે અને આ ભવચક્ર નગર તો ઘણું મોટું છે અને તેમાં અનેક નવા નવા પ્રકારના બનાવો નિરંતર બન્યા કરે છે. આપણે પાછા ફરવાનો સમય ઘણો નજીક આવતો જાય છે, હવે વખત થોડો બાકી રહ્યો છે, જોવાનું હજુ ઘણું બાકી છે, તેથી આપણે દરેકે દરેક સ્થાનકને અંદર બારીકીથી જોઇ શકીએ એ બની શકે તેવું નથી; માટે ભાઇ ! હું કહું છું તેમ કર, જેથી થોડા વખતમાં તને જે અનેક બાબત જોવાનું કુતૂહળ થયેલ છે તે પણ પૂરૂં થાય અને આપણે વખતસર પાછા તારા પિતા પાસે પહોંચી જઇએ. જો, પેલો છેટે એક પર્વત દેખાય છે, એ ઘણો ઊંચો છે, તદ્દન ધોળો છે, સ્ફટિકરત્નની જેવો તદ્દન નિર્મળ છે, મોટા પ્રભાવવાળો છે, ઘણા વિસ્તાર વાળો છે અને દુનિયામાં તે

1 શરીરમાં લાલાશ આવવી, ચોરરૂપ વ્યાધિની શક્તિ ઓછી થવી, દરેકનું રૂપાંતર થવું, કુકડેકુક આનંદધ્વનિ થવા, અસાધારણ દુઃખો દૂર થઇ જવા અને સુંદર અવાજો બહાર આવવા તેમજ સ્વકર્મ અને ધર્મવ્યાપારમાં કામે લાગવું એ સર્વ તંદુરસ્તીની નિશાની છે. આકાશલક્ષ્મીના મંદવાડની જે ભાવના શરૂ કરી છે તે આખા પ્રભાતવર્ણનમાં ચાલુ રાખી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેકના[1] નામથી સારી રીતે જાણીતો થયેલો છે; એ પર્વત ઉપર ચઢીને આપણે જોશું તો આ ભવચક્ર નગરમાં જે જે બનાવો બને છે તે સર્વે જોવામાં આવી જશે, તે સર્વનો ઉપર ઉપરનો ખ્યાલ જણાઇ આવશે અને બરાબર અવલોકન થઇ જશે. માટે ભાઇ ! ચાલ, એ પર્વતપર ચઢી જા, ત્યાં જઇને સર્વે બાબતનું સારી રીતે અવલોકન કરી લે, અને એમાં કોઇ બાબત તારા સમજવામાં ન આવે તો હું તારી સાથે જ છું, મને પૂછી જોજે. આવી રીતે આ ભવચક્ર નગરનો સમગ્ર બનાવ સમુચ્ચયે તારા જોવામાં આવી જાય તો પછી આગળ જતાં તારા મનમાં ઉત્સુકતા ન રહે " પ્રકર્ષને પણ મામાની આ સૂચના ઘણી પસંદ આવી. પછી મામા ભાણેજ બન્ને વિવેક પર્વત પર ચઢી ગયા.

## જુગટું.[2]

પ્રકર્ષ—(વિવેકપર્વત પર) "અહોહો ! મામા ! આ તો ઘણો રમણીય પર્વત દેખાય છે ! વળી અહીંથી આખું ભવચક્ર નગર ચારે બાજુથી સારાથી દેખી શકાય છે ! મામા ! તમે યુક્તિ તો ઘણી સુંદર બતાવી ! હવે મામા ! જરા હકીકત પૂછું તે આપ સમજાવો. જુઓ પેલા દેવળમાં એક માણસ દેખાય છે, એ તદ્દન નાગો જણાયછે, ધ્યાનમાં પડી ગયેલો લાગે છે, એની ચારે બાજુ માણસો ફરી વળેલા છે, એ તદ્દન કંગાળ જેવો જણાય છે, ભુખ્યો તરસ્યો જણાય છે, એના મવાળા છૂટાછવાયા અને આડાઅવળા થઇ ગયેલા છે, એ જાણે ત્યાંથી નાશી જવા ઇચ્છતો હોય એમ એના મુખ પરથી જણાય છે, અને તેટલા માટે એ ચારે તરફ ચકળવકળ જોયા કરતો જણાય છે, એના હાથ ચાક (ખડી) જેવા તદ્દન ધોળા ફક થયેલા છે અને જાણે તદ્દન પિશાચના આકારને ધારણ કરી રહેલો હોય એવો એ દેખાય છે. મામા ! એ પુરૂષ કોણ છે ?"

---

૧ વિવેકને આ પાંચે વિશેષણો બરાબર લાગુ પડે છે. એ લોકપ્રવાહથી ઊંચે રહે છે, તદ્દન સફેદ છે, એમાં કોઇ જાતનો મળ કે ગોટાળો નથી, એની શક્તિ અદ્ભુત છે અને એનો વિસ્તાર સમગ્ર વિશ્વવસ્તુઓપર છે.

૨ જુગટાના વિષયને અને સટ્ટાને કેટલું સામ્ય છે તે વિચારવા યોગ્ય છે. ઉપર ઉપરના શબ્દોની જાળમાં ન ફસાઇ જવાય તો સટ્ટો એમાં ઉપર ઉપરનો નફો તોટો લેવા દેવાનો હોય છે તેમાં અને જુગારમાં જરા પણ ફેર લાગતો નથી; માત્ર જુગારમાં નફા નુકશાનનો નિર્ણય તુરત થાય છે અને સટ્ટામાં રાહ જોવી પડે છે. સટ્ટાનો મોટો ભાગ જુગારમાં જ સમાઇ જાય છે તેમાંના કેટલાકને કાયદેસર રૂપ આપેલા (કરેલા) હોય છે. આ બાબત બહુ વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુગારમાં ફસાયલો.
મિત્રોવડે હરાયલો.
ધનાદિથી વંચાયલો.

**વિમર્શ**—" અઢળક ધન સંપત્તિવાળા બહુ પ્રખ્યાત કુબેર સાર્થવાહ નામના શેઠનો કપોતક નામનો એ દીકરો છે. એના બાપે એની તે વખતની સ્થિતિ અનુસારે 'ધનેશ્વર' એવું તેનું નામ પાડ્યું હતું અને 'યથાનામા તથા ગુણા' પ્રમાણે તે તે વખતે ઘણા ધનનો માલિક હતો. હવે અત્યારે એને વર્તમાન સ્થિતિ પ્રમાણે [1]કપોતકનું નામ આપવામાં આવ્યું છે અને એ નામને એ ભાઇશ્રીએ સાચું કરી આપ્યું છે. એના બાપનું ઘર મહા મૂલ્યવાળાં અનેક રત્નો અને સોનાથી ભરેલું હતું, એને આ મહા પાપી પુત્રે તદ્દન સ્મશાન જેવું કરી મૂક્યું છે. એને જુગટાનો એવો રસ લાગ્યો છે કે એ એના મનમાં બીજી કોઇ બાબતનો જરા પણ વિચાર જ કરતો નથી, કાળે અકાળે જુગટું રમવાનો જ વિચાર કર્યા કરે છે. એ જ્યારે પોતાની સર્વ પુંજીને પરવારી બેઠો ત્યારે તે ચોરી કરીને જુગટું રમવા માટે પૈસા એકઠા કરવા લાગ્યો છે. એક દુર્ગુણ અનેક દુર્ગુણોને લઇ આવે છે એ જાણીતી વાત છે અને એની પણ એજ સ્થિતિ થઇ છે. આ નગરમાં એણે ઘણીવાર ચોરી કરી છે અને ચોરી કરતાં પકડાઇ પણ ઘણીવાર ગયો છે અને અત્યંત કદર્થના પામ્યો છે. માત્ર તે મોટા માણસનો છોકરો હોવાથી રાજાએ તેને મારી નાખ્યો નથી, પણ એ ભાઇ પોતાનાં લક્ષણ છોડતાં નથી. આજે રાતના જુગટું રમતાં રમતાં તો એ પોતાની પાસેનાં સર્વ કપડાં સુદ્ધાંત હારી બેઠો, પણ એને રમતમાં એવો રસ લાગ્યો કે છેવટે પોતાની પાસે શરતમાં મૂકવા કાંઇ વસ્તુ ન રહેવાથી આખરે પોતાનું માથું મૂક્યું. આ મહાધુતારા જુગટીઆઓ જે તેની આજુબાજુ ઊભા છે તેમણે એને એ છેલ્લી રમતમાં પણ જીતી લીધો અને એનું માથું લેવા ખાતર હવે એ લોકો એને નચાવી રહ્યા છે. એ ભાઇસાહેબ પણ પોતાના પાપથી એવો ભરાઇ ગયો છે કે ત્યાંથી નાસીને પણ છૂટી શકતો નથી અને ઊભો ઊભો મનમાં અનેક પ્રકારના હલકા તર્કવિતર્કો કરી ઉદ્વેગ પામે છે. એ ત્યાંથી નાસી શકે તેવા સંયોગો તેને મળતા નથી અને પેલા જુગારીઓ તેને ત્યાંથી છોડતા પણ નથી."

---

[1] **કપોતક**: કબૂતર જેવો નરમ. અથવા કપુત-કુપુત્ર વંઠી ગયેલ-કખડી ગયેલ છોકરો. એની વર્તમાન સ્થિતિને લઇને એનું આ નામ યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * *

## દ્યૂતદોષ પર પર્યાલોચના.

### કપોતકના અંતે હાલહવાલ.

પ્રકર્ષ—"મામા! એ બાપડાને એટલી પણ ખબર નહિ હોય કે આ દુનિયામાં જુગટું પ્રાણીને સર્વ પ્રકારના અનર્થો નિપજાવનાર છે, ધનનો ક્ષય કરનાર છે, અત્યંત નિંદાને પાત્ર છે, માણસના ઉત્તમ કુળને અને આચારને મોટું દૂષણ છે, સર્વ પાપોનો જન્મ આપનાર છે, લોકોમાં અત્યંત લઘુતા ઉત્પન્ન કરવાનું કારણ છે, મનમાં અનેક પ્રકારના ક્લેશો ઉત્પન્ન કરવાનું મૂળ છે અને સર્વ પ્રાણીઓ તે રમનારનો જરા પણ વિશ્વાસ ન કરે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવાનાં કારણભૂત છે તથા પાપી માણસો-એજ એવા જુગટાની પ્રવૃત્તિ કરાવી છે, સારા માણસોનું એ કામ નથી-એ હકીકત શું એ જાણતો નહિ હોય?"

વિમર્શ—"એ બાપડો મહામોહ મહારાજાના સૈન્યને તાબે પડી ગયેલો છે તેથી એ શું કરી શકે? કારણ કે જે પ્રાણીઓ જાતે અધમ હોય વિશેષ કરી તે મહામોહ રાજાને વશ પડ્યા હોય છે, તેઓ જ જુગાર રમે છે, તેમાં રસ આનંદ લે છે અને જુગટાનાં કડવાં ફળો સારી રીતે ભોગવે છે."

વિમર્શ મામા આ પ્રમાણે વાત કરતા હતા તેવામાં પેલા જુગારીઓએ કપોતકનું માથું ઉડાવી દીધું. પ્રકર્ષ આવો ભયંકર દેખાવ જોઇ બોલી ઉઠ્યો "અહાહા! મામા! મહા અનર્થને કરનાર જુગટું જે પ્રાણીઓ રમે છે તેમનાં અહીંજ આવા હાલ થાય છે!"

વિમર્શ—"ભાઇ! તેં બરાબર અવલોકન કર્યું, સાચી હકીકત જાણી લીધી. જે પ્રાણીઓ જુગટું રમવામાં આસક્ત હોય છે તેમને આ ભવમાં કે પરભવમાં જરાએ સુખ મળતું નથી.

## (૨)

### લલન અને મૃગયા.[1]

એ વખતે નીલ કમળપત્રમાં નૃત્ય કરનારી (એવા પત્ર જેવી) પ્રકર્ષની નજર એક મોટા જંગલ ઉપર પડી. એ જંગલ તરફ પોતાનો હાથ લાંબો કરીને તેણે પોતાના મામાને કહ્યું "મામા! જુઓ દૂર એક પુરૂષ દેખાય છે, એ ઘોડાપર બેઠેલો છે, એને આખે શરીરે પરસેવો થયેલો છે, એ તદ્દન થાકી ગયેલો જણાય છે, એણે હાથમાં હથિયારને ઊંચું ધરી રાખેલ છે, એ પ્રાણીને મારી

૧ મૃગયાઃ શિકાર. અંતર્ગત માંસભક્ષણના દોષો પણ આવી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]નાખવા તૈયાર થઇ ગયેલ હોય એમ જણાય છે અને તદ્દન પાપી હોય એવો દેખાવપરથી જણાય છે, દુઃખવડે ચારે તરફથી ઘેરાયલો હોવા છતાં અરણ્યમાં રહેનારા પ્રાણીઓને દુઃખ દેવા તૈયાર થયેલો હોય એવો જોવામાં આવે છે, અત્યારે ખરો મધ્ય દિવસ થયેલો છે તે વખતે પણ હજુ એણે કાંઇ ખાધું ન હોય એવો ભુખ્યા ડાંસ જેવો જણાય છે, તરસથી એનું ગળું છીપાઇ જતું હોય એમ જણાય છે, છતાં એ શિયાળને આગળ કરીને તેની પાછળ દોડ્યો જાય છે-એ પુરૂષ કોણ છે?"

વિમર્શ—"માનવાવાસ નગરની અંદર એક લલિત નામનું અંતર નગર છે તેનો લલન નામનો આ રાજા છે. એને શિકારનો મોટો શોખ લાગેલો છે અને એ દુર્વ્યસનમાં પડી જઇને તે બીજી કોઇ બાબતનો જરા પણ વિચાર કરતો નથી. એ મોટા જંગલમાં રાત દિવસ પડ્યા રહેવા લાગ્યો અને લાગ જોઇને શિકાર કરવા દોડ્યો જવા લાગ્યો અને તેને તેના સામંત રાજાઓએ, સગાઓએ, આગેવાન પ્રજાજનોએ અને મોટા મંત્રીઓએ વારંવાર વાર્યો અને શિકાર કરવાના કામથી અટકવા સલાહ આપી, પણ એ ભાઇને માંસ ખાવાની એવી લાલસા લાગી હતી કે કોઇ ગમે તેટલું કહે તેને એ જરા કાને પણ ધરતો નહિ. પછી એના રાજ્યનાં સર્વ કામો બગડવા લાગ્યા, એનું રાજમંડળ એનાથી વિરૂદ્ધ થઇ ગયું અને એવી સ્થિતિ ઉત્પન્ન થયેલી જોઇને તે રાજ્યના મુત્સદીવર્ગે વિચાર કર્યો કે આ શિકારી રાજા હવે રાજ્યને યોગ્ય રહ્યો નથી, કારણ કે તેનું ચિત્ત રાજકાર્ય ઉપર નથી અને જે રાજા રાજ્યચિંતા ન કરે તે કોઇ પણ પ્રકારે રાજ્ય કરવા લાયક રહે નહિ. એવો વિચાર કરીને એ લલન રાજાના પુત્રનો રાજા તરીકે અભિષેક કર્યો અને એને રાજ્યમાંથી અને મહેલમાંથી હાંકી કાઢ્યો. આ પ્રમાણે તેની અત્યંત ખરાબ સ્થિતિ થઇ, રાજ્ય ગયું, હાંસી થઇ, છતાં પણ શિકારનો તેને હજી એટલો બધો શોખ છે અને માંસ ઉપર તેને એટલે બધી આસક્તિ છે કે એ નરપિશાચ જંગલમાં એકલો છે, મહા દુઃખી અવસ્થા ભોગવે છે તો પણ પોતાનો ચસકો છોડતો નથી. 'હાલ જાય, હવાલ જાય, પણ અંદેકા ખેલ ન જાય' એ કહેવત એણે સાચી કરી આપી છે.

* * *

## મૃગયાનો દોષ.
## માંસભક્ષણ દોષ.

1 અહીં મૂળ ગ્રંથનું પૃષ્ઠ ૬૧૭ શરૂ થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અન્ય હિંસકોએ મારેલા જીવોનું પણ માંસ જે પ્રાણી ખાય "છે, ખાવાનો વિચાર કરે છે તે આ ભવમાં અને પરભવમાં અનેક "દુઃખપરંપરાનો ભાજન થાય છે, અનેક પ્રકારની પીડાઓ "સહન કરે છે અને મહા ત્રાસ પામે છે તો જે મહા ઘાતકી "પાપી પ્રાણી પોતે જ અન્ય જીવોને કાપે છે, જીવતા જાગતા "પ્રાણીઓ ઉપર તરવાર, તીર કે કરવત ચલાવે છે અને તેનું માંસ "ખાય છે તેને આ ભવમાં એવા જ પ્રકારનાં દુઃખો પ્રાપ્ત થાય છે "એટલુંજ નહિ પણ પરભવમાં તે ભયંકર નારકીમાં પડે છે એમાં "જરા પણ સંશય જેવું નથી. ભાઇ! માંસને જોયું હોય તો તે "અત્યંત ખરાબ હોય છે, ઉલટી કરાવે તેવું હોય છે, અપવિત્ર "વસ્તુનો પિંડ છે, અત્યંત નિંદાને પાત્ર છે, મહારોગનું કારણ છે અને "નાની નાની જીવાતોનો સમૂહ છે, છતાં એવા માંસને રાક્ષસોની "જેવા મનુષ્યો ખાય છે અથવા ખાનારા ખરેખરા રાક્ષસો જ છે! "વળી કેટલાક એવા મૂર્ખ પણ જોવામાં આવે છે કે જેઓ એ "માંસ ખાવામાં જાણે ધર્મ કરતા હોય એમ સમજે છે, ધર્મ- "ક્રિયામાં માંસ ખાવાની પોતાની ફરજ સમજે છે અને ધર્મ- "બુદ્ધિથી સ્વર્ગ મેળવવાની ઇચ્છાએ માંસનું ભક્ષણ કરે છે તેવાઓ "ખરેખર વધારે જીવવાની ઇચ્છાથી જાણે ભયંકર તાલપુટ ઝેર "ખાય છે, સમજતા નથી કે તાલપુટ ખાનાર તુરત મરી જાય છે "અને તે લેવાથી જીવનકાળ વધવાને બદલે તેનો જલ્દી છેડો "આવે છે, તેવી જ રીતે માંસ ખાનારને સ્વર્ગ મળતું નથી, પણ "ઉલટો મહા ભયંકર નરકપાત થાય છે. अहिंसा परमो धर्मः। જીવ- "હિંસા ન કરવી એ ઉત્કૃષ્ટ ધર્મ છે-તે માંસનું ભક્ષણ કરવામાં કેવી "રીતે જળવાઇ શકે? અને જો હિંસાથી ધર્મ થતો હોય, થઇ "શકતો હોય તો તો અગ્નિ બરફ જેવો ઠંડો પણ સંભવે ખરો. માંસ- "ભક્ષણના કેટલા દોષો વર્ણવવા? ધર્મની બુદ્ધિએ અથવા રસની "ગૃદ્ધિથી જે પ્રાણીઓ માંસ ખાય છે અથવા તે સારૂ પ્રાણીનો "નાશ કરે છે તે આખરે નરકની અગ્નિથી રંધાય છે અને મહા "દુઃખ પામે છે. આ લલન અત્યારે શિયાળને મારવા માટે નકામો હેરાન થઇ રહ્યો છે, ત્રાસ સહન કરે છે, ભુખ્યો તરસ્યો જંગલે જંગલે ભટકે છે, તેવી જ રીતે શિકારના શોખીન સર્વે પ્રાણીઓ આવી રીતે હેરાન થાય છે, દુઃખી થાય છે અને ત્રાસ પામે છે[1]"

૧ વર્તમાનકાળમાં ગાડામાં રખડનાર, જંગલમાં દોડનાર, મોટા હોદ્દેદારો, રાજાઓ વિગેરે કેટલી હેરાનગતિ ભોગવે છે, કેવા દુઃખી થાય છે અને કેવા કમોતે મરણશરણ થાય છે તે દરરોજના અનુભવનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૃગયા ફળ.

એવી રીતે વિમર્શમામા ભાણેજ પાસે લલન સંબંધી હકીકત પર વિવેચન કરતા હતા અને તેની બરાબર ઓળખાણ આપતા હતા તે વખતે લલનના સંબંધમાં શું હકીકત બની તે બરાબર લક્ષ્યમાં રાખો. શિયાળની પછવાડે દોડતાં દોડતાં તેને પકડી પાડી તેનો શિકાર કરવા માટે તે પૂરપાટ ઘોડો દોડાવી મૂકે છે, શિયાળ આગળ અને ઘોડેસ્વાર રાજા પાછળ એવી રીતે ધમાલ મચી રહી છે, ઊંચી નીચી જમીન પર રાજા ઘોડા ઉપર સપાટાબંધ દોડ્યો જાય છે, તેવામાં એક મોટો ખાડો આવ્યો તે તેના જોવામાં ન આવ્યો, અને રાજા અને ઘોડો બન્ને એ જબરા ખાડામાં પડી ગયા. તેઓ એવી ખરાબ રીતે પડ્યા કે રાજાનું માથું નીચું અને શરીર ઉપર. એવી રીતે પડવાથી એના શરીરના ચૂરેચૂરા થઇ ગયા અને વળી તેના ઉપર ઘોડો પડ્યો તેના પગના અફાળવાથી અને ભારથી રાજા દબાતો જતો હતો. એવી સ્થિતિમાં લલને ઘણી બૂમ પાડી, મોટા પોકાર કર્યા, પણ કોઇ તેની મદદે આવી શક્યું નહિ, તેથી મહા વેદના સહન કરીને તેજ ખાડામાં પડ્યો પડ્યો આર્તધ્યાન કરતો તે મરણ પામ્યો.

પ્રકર્ષે કહ્યું—"શિકાર કરવાના વ્યસનનું ફળ, મામા! આને તો અહીંને અહીં તુરત જ મળી ગયું!".

વિમર્શે જવાબમાં કહ્યું "ભાઇ! એ ફળ કાંઇ નથી; એ તો માત્ર પુષ્પ છે; હજુ એનાં ફળ તો આવતા ભવમાં મહા ભયંકર નારકીમાં જઇને ત્યાં ઘણી ખરાબ રીતે લાંબા વખત સુધી ભોગવવાં પડશે ત્યારે જણાશે. આવાં ભયંકર પાપોનાં ફળ એટલાં ટુંકામાં પતી જતાં નથી. નવાઇની વાત તો એ છે કે આ પ્રમાણે થતાં ભયંકર પરિણામને જોવા જાણવા છતાં પણ પ્રાણીઓ માંસ ખાય છે અને અન્ય પ્રાણીની હિંસા કરે છે."

## ( ૩ )

## [1]દુર્મુખ અને વિકથા.

તે વખતે મામા ભાણેજે બીજી બાજુએ જોયું તો એક પુરૂષ

૧ ચાર પ્રકારની વિકથા છેઃ રાજ્યદ્વારી બાબતની ખટપટની વાતો (રાજકથા), લડાઇ, તાર સમાચાર આદિ દેશસંબંધી વાતો (દેશકથા), સ્ત્રીસંબંધી વાતો (સ્ત્રીકથા) અને ભોજનના ગુણદોષ તૈયારી આદિ સંબંધી વાતો (ભક્તકથા). જુઓ પૃ. ૮૨૮ ની નોટ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊભો છે, તેની બાજુમાં રાજાના નોકરો ઊભા છે, એ ભયંકર રાજપુરૂષો પેલા પુરૂષની જીભ ખેંચી કાઢીને તેને તપાવેલું તાંબુ પાતાં હોય એમ દેખાય છે. આવો ઉશ્કેરનારો બનાવ જોઇને પ્રકર્ષને મનમાં ઘણીજ લાગણી થઇ આવી.

**દુર્મુખની વિકથાની ભયંકર ટેવ.**
**રાજાવિરૂદ્ધ ચલાવેલી વાતો.**
**ગળામાં તપાવેલું તાંબું રેડાયું.**

ઉપરનો બનાવ જોઇ લાગણીવાળા ભાણેજે સવાલ કર્યો—

"અહો અહો! મામા! મામા! આ માણસને પેલા રાજપુરૂષો નિર્દય રીતે શામાટે આવી ભયંકર પીડા આપે છે?"

**વિમર્શ**—"માનવાવાસની અંતરમાં એક ચણકપુર નામનું નાનું નગર છે તેમાં રહેનાર એ સુમુખ નામનો મોટો ધનવાન સાર્થવાહ છે, મોટો વેપારી છે, ઘણો સાહસિક છે, પણ બહુ નાની વયથી જ એનામાં એક મોટો દોષ ઉત્પન્ન થયો છેઃ એની ભાષામાં ઘણીજ કડવાશ અને કઠોરતા છે અને એ બાબતની એને એવી લત લાગી છે કે ઘણાની શિખામણ છતાં એ પોતાની ટેવ છોડી શકતો નથી. લોકોએ આખરે એનું સુમુખને બદલે દુર્મુખ નામ સ્થાપી દીધું કારણ કે એનાં મ્હોંમાં કડવાશ, નકામી વાત અને કચવાટ ભરેલાં હતાં તેથી તે દુર્મુખ નામને જ યોગ્ય હતો. એને સાધારણ રીતે જ એવી ટેવ હતી કે કોઇ સ્ત્રીઓ સંબંધી વાત કરે તો તે તેને બહુ પસંદ આવે, કોઇ ભોજનની વાતો કરે તો તે તેને ઘણી ગમે, રાજ્યચર્ચા કોઇ ચલાવે તો તેના મનમાં ઘણો આનંદ થાય અને કોઇ દેશકથા કરે તો તેના હૃદયમાં હર્ષ ઉભરાઇ જાય, અને એવી કોઇ રાજ, દેશ, સ્ત્રી કે ભોજનકથા કરવાનો પ્રસંગ મળી જાય તો પછી પોતાના મ્હોંને વશ રાખવાને-કબજામાં કે અંકુશમાં રાખવાને તેનામાં જરાએ શક્તિ નહોતી.

"હવે એ ચણકપુરનો **તીવ્ર** નામનો રાજા હતો. એ રાજાને પોતાના કોઇ શત્રુ સાથે લડાઇ કરવાનો વખત આવ્યો. તીવ્ર રાજા અને દુશ્મનોને લડાઇ થઇ તેમાં આખરે શત્રુઓને તીવ્ર રાજાએ જીત્યા. હવે એ તીવ્ર રાજાએ દુશ્મનો તરફ કૂચ કરી ત્યાર પછી લોકોમાં આ દુર્મુખ સાર્થવાહે વાત ચલાવી કે-અરે આપણા રાજાના શત્રુઓ તો ઘણા જ બળવાન્ છે, તેઓ જરૂર આપણા રાજાને હઠાવી દેશે અને તેઓ ચોક્કસ આપણું નગર લુંટવા સારૂ અહીં આવશે, માટે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેનામાં શક્તિ હોય તેણે અહીંથી નાસી છૂટવું સારૂં છે. આવી વાત સાંભળીને આખા નગરના સર્વ લોકો ત્યાંથી નાસી ગયા, નગર આખું ઉજડ થઇ ગયું. તીવ્ર રાજા તો લડાઇમાં શત્રુને જીતીને પાછો ચણકપુર આવ્યો ત્યાં ખબર મળી કે ચણકપુર તો આખું ઉજડ થઇ ગયું છે. પછી રાજાએ એ પ્રમાણે હકીકત કેવી રીતે બની તે સંબંધી વિગતવાર તપાસ કરી. તપાસ દરમ્યાન કોઇ માણસે રાજાને જણાવી દીધું કે દુર્મુખે ઉપર પ્રમાણે વાત ચલાવી તેને લીધે લોકો ગભરાઇને અહીંથી નાસી ગયા હતા. આ હકીકત સાંભળીને રાજા દુર્મુખ ઉપર ઘણો ગુસ્સે થયો. રાજાની કુનેહથી ત્યાર પછી આખું નગર ફરીવાર વસી ગયું, પરંતુ દુર્મુખે કેવો ભયંકર અપરાધ કર્યો હતો, રાજ્યવિરૂદ્ધ કેવી ખોટી હકીકત ચલાવી હતી તે લોકોમાં સારી રીતે જાહેર કરીને તપાસને પરિણામે રાજાએ આ દુર્મુખને એવી શિક્ષા કરી કે જેને લઇને એના ગળામાં અત્યારે તપાવેલું શીશું રેડવામાં આવે છે."

*                    *                    *

## વિકથા ( દુર્ભાષા ) ફળપર પર્યાલોચના.

**પ્રકર્ષ**—"અહો મામા! માત્ર ખોટી વાત ચલાવવામાં આ દુર્મુખ આવું ભયંકર કષ્ટ પામે છે!! એ તો બહુ આકરી હકીકત થઇ કહેવાય!"

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! એવું કાંઇ નથી. જેની વૃત્તિ નકામી વાતો કરવામાં અને ફેલાવવામાં આસક્ત હોય છે અને જેઓને જીભ ઉપર જરાએ કાબુ હોતો નથી તે દુરાત્માઓને આટલી પીડા થાય તે તો કોણુ માત્ર છે? વાણીને જો એવી રીતે તદ્દન મોકળી મૂકી હોય તો તે પ્રાણીઓ સાથે કારણ વગર મોટું ઝેર ઉત્પન્ન કરે છે અને વિનાકારણ લોકોમાં મોટો સંતાપ પેદા કરે છે. "જેઓ બોલવા યોગ્ય જ માપીને બોલનારા હોય, જેઓની ભાષા તદ્દન "સત્યથી ભરપૂર હોય, જેઓનાં વચન દુનિયાને આનંદ આપ"નાર હોય, જેઓ યોગ્ય કાળે જ બોલતા હોય, જેઓ બુદ્ધિપૂર્વક "વિચારીને જ બોલતા હોય-આવા સર્વ ગુણોથી યુક્ત જેઓની "વાણી હોય તેવા પ્રાણીઓ ભાગ્યશાળી છે, મહાત્મા છે, પ્રશંસા ક"રવા યોગ્ય છે, ખરેખરા શાણા છે, સાચી રીતે વંદન કરવા યોગ્ય "છે, સાચી બાબતમાં દૃઢ સત્ત્વવાળા છે અને જગત્‌માં અમૃતની "ઉપમાને યોગ્ય છે. બાકી જેઓ પોતાની જીભડીને તદ્દન છૂટી મૂકી "દે છે, ગમે તેવું વખતે કવખતે ભરડી નાખે છે, તેઓને આ દુર્મુખને "થયા તેવા અનર્થો થાય તો તેમાં કાંઇ નવાઇ જેવું લાગતું નથી.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

" પ્રાણી જો પ્રમાણોપેત, મધુર અને હિતકર ભાષા સાથે સંબંધ
" કરે છે તો તે ભાષા પ્રાણીને ( કષ્ટ કે ત્રાસથી ) છોડાવે છે
" અને જો પ્રાણી ઉદ્ધતપણે મોકળે મ્હોંઢે જે આવે તે ફેંકયે રાખે
" છે તો તેને પાંચમોડીએ સારી રીતે બંધાવાનો વખત આવી લાગે છે.
" વિકથા કરવાની ટેવને પરિણામે ખરાબ ભાષા વાપરવાનું એ દુર્મુખને
" આ ભવમાં આવું ફળ થયું, ઉપરાંત હજુ પરભવમાં તેની દુર્ગતિ થશે."

## ( ૪ )
## હર્ષ–વિષાદ.

આ પ્રમાણે વિકથાપર તત્ત્વચર્ચા મામા ભાણેજ વચ્ચે ચાલતી હતી તે વખતે પ્રકર્ષની નજર મોટા રાજમાર્ગ પર પડી, ત્યાં તેણે એક ઘણા શુક્લ ( ધોળા ) રંગના વસ્ત્રવાળો એક માણસ જોયો, એટલે એ પુરૂષ કોણ છે એવો સાધારણ સવાલ તેણે પોતાના મામાનેપૂછ્યો.

**વાસવ અને ધનદત્ત.**
**મિત્રમેળાપથી હર્ષ.**
**પ્રસંગનું ઉજવવું.**

**હર્ષ.**

**વિમર્શ**—( જવાબમાં )–" એ રાગકેસરીનો એક સેનાની છે અને એનું નામ **હર્ષ** છે. જો ભાઇ ! સાંભળ. આ **માનવાવાસ** નગરમાં એક [1]**વાસવ** નામનો વાણીઓ વસે છે. અનેક પ્રકારના ધનધાન્યથી ભરપૂર આ એ વાસવ વણિકનું ઘર રહ્યું. એ વાસવ શેઠને બહુ નાની ઉમરમાં એક ધનદત્ત નામના મિત્ર સાથે દોસ્તી થઇ હતી, બન્નેને ઘણો સ્નેહ હતો, પણ ત્યાર પછી એ બન્નેનો કોઇક કારણોથી વિયોગ થયો હતો. આજે ઘણે વરસે તેઓ એકઠા મળ્યા છે, તેઓનો વિયોગકાળ પૂર્ણ થયો છે અને વાસવને મિત્ર ઉપર ઘણી પ્રીતિ હોવાથી આજ તે બહુ હર્ષમાં આવી ગયો છે. આ કારણને લઇને આ શેઠના ઘરમાં **હર્ષ** અત્યારે દાખલ થાય છે. હવે ત્યાં આવીને એ શું શું કાર્ય ભજવે છે તે તું જો."

**હર્ષ** માનવાવાસે આવીને કેવાં કૌતુકો ઉત્પન્ન કરે છે તે હકીકત જિજ્ઞાસાથી પ્રકર્ષ આંખ ફાડીને જોવા લાગ્યો. હવે

**હર્ષ પ્રસંગો.**

તે વખતે ધનદત્ત અને વાસવનો મેળાપ થયો અને તે જ વખતે પેલો હર્ષ નામનો રાગકેસરીનો સેનાની

૧ **વાસવ**નો ખરો અર્થ ઇંદ્ર થાય છે. દેવના પતિ ઇંદ્ર જેવી ઋદ્ધિને ભોગવનાર હોવાથી સાર્થવાહનું **વાસવ** નામ આપ્યું જણાય છે.

જૈન साईट JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ વાસવશેઠના શરીરમાં અને તેના આખા કુટુંબમાં દાખલ થયો જેને પરિણામે એ વાસવશેઠનું ઘર આનંદ મહોત્સવનું સ્થાન થઇ ગયું. પોતાના મિત્રને મળવાના હર્ષમાં તેણે પોતાના સર્વ ભાઇઓને એકઠા કર્યા અને મોટો મહોત્સવ આદર્યો. પછી તો ત્યાં નાચ થવા માંડ્યા, ગાયકો ગાન કરવા મંડી ગયા અને આનંદનાં વાજાંઓ અને ઢોલ તાંસાઓ ચારે બાજુએ વાગવા માંડ્યાં, ધનદત્તમિત્ર ઘણા વર્ષે મળ્યો તેના આનંદમાં વાસવશેઠના ઘરમાં આનંદ પ્રસરી રહ્યો, એના કુટુંબના સર્વે માણસોએ ઉત્તમ આભૂષણો અને ઉજ્જવળ વેષ ધારણ કર્યાં, હર્ષ ઉત્પન્ન કરે તેવું સુંદર ભોજન સર્વેને આપવામાં આવ્યું અને ધનદત્તના સમાગમથી આનંદ અને સુખ સર્વત્ર થઇ રહ્યું. એક ક્ષણમાત્રમાં આટલો બધો આનંદકલ્લોલ થઇ જવાથી બુદ્ધિદેવીના પુત્ર(પ્રકર્ષ)ના મનમાં તો ઘણું વિસ્મય ઉત્પન્ન થયું અને તેને જે જે નવી નવી બાબત જોવાનું કૌતુક થયા કરતું હતું તે બરાબર પૂરૂં થયું અને તેને મનમાં સંતોષ થયો કે નવું નવું જોવાનું તો મળ્યા જ કરે છે. પછી એ કૌતુકમિશ્ર આનંદમાં આવી તેણે મામાને કહ્યું, "મામા! આ વાસવશેઠનું ઘર હર્ષકલ્લોલમાં થનગનાટ કરી રહ્યું છે અને મોટી ધમાલમાં પડી ગયું છે તેવા પ્રકારનું નાટક શું પેલા હર્ષે કર્યું છે કે?" મામાએ શાંતિથી જવાબ આપ્યો "ભાઇ! તેં જે નિર્ણય કર્યો છે તે તદ્દન સાચો છે. જ્યારે કારણ વગર કોઇ પણ જગ્યાએ એકદમ આવો આનંદદાયી પ્રસંગ આવી પડે છે ત્યારે સમજવું કે તેનું કારણ હર્ષ જ છે.

जैनम् जयति शासनम् JAINSITE .com

**વિષાદ.**[1]

આ પ્રમાણે આનંદ કલ્લોલ અને ધમાલ વાસવશેઠના ઘરમાં મચી રહ્યાં હતાં તે વખતે તેના ઘરના બારણામાં અત્યંત ભયંકર આકૃતિવાળો એક તદ્દન કાળો માણસ દાખલ થતો હોય એમ પ્રકર્ષના જોવામાં આવ્યું. એને જોઇને પ્રકર્ષે મામાને પૂછ્યું "મામા! આ અત્યંત અધમ પુરૂષ વળી કોણ આવી પહોંચ્યો?"

વિમર્શે જવાબમાં કહ્યું "ભાઇ! એ તો શોકનો ખાસ દોસ્તદાર **વિષાદ** નામનો અત્યંત આકરો અને ભયંકર પુરૂષ છે. તું જો, પેલો દૂર એક મુસાફર ચાલ્યો આવે છે તે આ વાસવશેઠના ઘરમાં પેસવાનો છે અને જેવો એ મુસાફર જે ઘણે દૂરથી ચાલીને અહીં આવ્યો

---

૧ વિષાદનો અર્થ નાઉમેદી. હર્ષથી ઉલટો શોક-દીલગીરીનો પ્રસંગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તે આ ઘરમાં પ્રવેશ કરશે તેની સાથે આ વિષાદ પણ ઘરમાં દાખલ થવાનો ઇરાદો રાખે છે."

### રંગમાં પડેલો ભંગ.
### પુત્ર મરણ સમાચાર.
### હર્ષવિષાદપર પર્યાલોચના.

મામા ભાણેજ વિવેક પર્વત ઉપર દૂર ઊભા ઊભા આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં તો પેલો મુસાફર વાસવશેઠના ઘરમાં દાખલ થયો અને શેઠને ખાનગીમાં લઇ જઇને તેની પાસે તેણે પોતાના મનની ખાનગી વાત કહી સંભળાવી. મુસાફરે જેવી શેઠને વાત કરવા માંડી તેજ વખતે તેના શરીરમાં પેલો વિષાદ દાખલ થઇ ગયો. શેઠે પેલા મુસાફરની વાત સાંભળી એટલે તુરતજ તેને મૂર્છા આવી ગઇ અને પોતે (શેઠ) જમીનપર પડી ગયા. તે વખતે સર્વ લોકો અને કુટુંબીઓ જેઓ આનંદમાં લહેર કરતા હતા તેઓ એકદમ ભયથી ગભરાઇ જઇને ત્યાં દોડી આવ્યા અને શું છે શું છે? એમ મુખેથી હાહારવ કરતાં મોટેથી પૂછવા લાગ્યા. શેઠને ત્યાર પછી

શેઠનો કકળાટ.

પવન નાંખવામાં આવ્યો, બીજા ઠંડા પ્રયોગ કરવામાં આવ્યા એટલે એનામાં ફરીવાર ચેતના આવી. મૂર્છા વળી ગઇ એટલે તેમણે મોટેથી પ્રલાપ કરવા માંડ્યો, રડવા માંડ્યું: "અરેરે દીકરા! મારા બાપ![1] અરે મારા અતિ સુકુમાર કુલડા! અરેરે ભાઇ! મારાં કર્મે તારી આવી અવસ્થા ક્યાંથી થઇ! અરેરે છોકરા! મેં તને ઘણોએ વાર્યો તો પણ મારા પાપને લીધે તું ઘેરથી નીકળી ગયો અને દયાવગરના દૈવે તારી આવી સ્થિતિ કરી! અરેરે હું મરી ગયો! મારી સર્વ આશાઓ ભાંગી ગઇ! અરેરે હું લુંટાઇ ગયો! મારી સર્વ કળાઓ અસ્ત થઇ ગઇ! અરે ભાઇ! તારા આવા હાલ થયા છતાં મારૂં જીવતર હવે શું જોઇને રહેતું હશે! હું પણ કેમ મરી ન ગયો?"

ઘરમાં રડારોળ.

આવી રીતે શેઠ મોટેથી વિલાપ કરવા લાગ્યા એટલે પેલો ભયંકર પુરૂષ વિષાદ સર્વ સગાસંબંધીઓનાં શરીરમાં દાખલ થઇ ગયો. એ વખતે વાસવશેઠના સગાસંબંધીઓ પણ વિષાદની શક્તિથી હાહારવ કરવા લાગ્યા, મોટેથી રડવા લાગ્યા, પોક મૂકવા લાગ્યા અને સર્વેએ મોટો ઉદ્વેગ કરી મૂક્યો. આવી રીતે એક ક્ષણવારમાં તો એ ઘર

૧ રડતી વખત દીકરાને માટે આવું સંબોધન પણ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે અત્યાર સુધી એકદમ હર્ષના આવેશમાં નાચી રહ્યું હતું તે તદ્દન આનંદ વગરનું થઇ ગયું, તદ્દન ગરીબડા અને મુંઝાયલા લોકોનું સ્થાન થઇ ગયું અને સ્ત્રીઓ અને નોકરો પણ રડવા લાગ્યાં, તેથી સંપૂર્ણ શોકનું સ્થાન થઇ ગયું. આવો બનાવ જોઇને પ્રકર્ષને સાધારણ રીતે તે સંબંધી સવાલ પૂછવાનું કૌતુક થયું.

**પ્રકર્ષ**—" મામા! આ ઘરમાં એકદમ ઉલટું જ નાટક થઇ ગયું તેનું કારણ શું? આ તો જોતજોતામાં બાજી ઉલટી થઇ ગઇ, આનંદને બદલે રડારોળ ચાલી અને હવે ઢોલ તાંસાને બદલે છાતી કૂટવાના અવાજો સંભળાય છે! શા કારણે આવો ઓચીંતો મોટો ફેરફાર થઇ ગયો?"

**વિમર્શ**—" ભાઇ પ્રકર્ષ! મેં તને પ્રથમથી જ કહ્યું છે કે આ જે બાહ્ય મનુષ્યો છે તેમનો બધો આધાર પેલા અંતરંગ માણસો ઉપર છે. જો, અહીં એમ થયું કે પહેલાં તો હર્ષે આવી અહીં આનંદનું નાટક કરાવ્યું અને હવે આ વિષાદ આવી પહોંચ્યો

અંતરંગ ધક્કેલા.

છે તે સર્વને તેથી ઉલટું નાટક કરાવે છે. આવી રીતે ઘડીકવારમાં હર્ષ આનંદ કરાવે છે, વળી થોડી વારમાં વિષાદ શોક કરાવે છે, ત્યારે આ દુનિયાના બહિરંગ લોકો તે બાપડા શું કરે? એમાં તેઓનું કાંઇ ચાલતું નથી. એમને તો હર્ષ કે વિષાદ જેમ ધક્કેલા મારે તેમ તેઓ આડા અવળા ધક્કા ખાધા કરે છે, પડે છે, ઉઠે છે અને વળી પડે છે—આવા તેમના હાલ થાય છે. [1]**હર્ષ અને વિષાદ તેમને જરા જરા વારમાં વિડંબના આપ્યા કરે છે.**"

**પ્રકર્ષ**—" પણ મામા! પેલા મુસાફરે આવીને વાસવશેઠના કાનમાં એવી શું વાત કરી જેને લઇને શેઠ અને આખું કુટુંબ આવા મોટા વિષાદમાં પડી ગયું?"

**વિમર્શ**—" ભાઇ પ્રકર્ષ! સાંભળ! આ શેઠને એક વર્ધન નામનો એકનો એક છોકરો થયો હતો. પિતાને તેના ઉપર

વિષાદકારણ.

ઘણોજ પ્રેમ હતો, ભર જુવાનીમાં મલકતો હતો અને શરીરે ઘણોજ મનોહર હતો. કરોડો માનતાઓ રાખ્યા પછી તે શેઠને ત્યાં જન્મેલો હતો અને બાળપણથી

---

૧ દુનિયામાં આ પ્રમાણે દરરોજ લગભગ થાય છે. હર્ષના પ્રસંગો ચાલતા હોય છે ત્યાં એકદમ શોક થઇ આવે છે. અવલોકન કરનારને આ વાતનું સત્ય બરાબર જણાઇ આવશે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિતાનો તથા સર્વનો વિનય કરવામાં ઘણોજ તત્પર હતો. એને એક વખત પોતાનું જાતિપરાક્રમ કરી પૈસા ઉપાર્જન કરવાની મરજી થઇ, બાપના પૈસા ઉપર રાચવા માચવાનું પસંદ આવ્યું નહિ અને પિતાએ તેને ઘણો વાર્યો તો પણ આખરે એક મોટો સાર્થ તૈયાર કરીને પૈસા કમાવા માટે દેશાંતર ગયો. એ વાતને ઘણો વખત થઇ ગયો. ત્યાર પછી એ પરદેશમાં ઘણું ધન કમાયો અને જ્યારે એની ઇચ્છા તૃપ્ત થઇ ત્યારે તે સ્વદેશ તરફ આવવા માટે નીકળ્યો. પાછા આવતાં વચ્ચે [1]કાદંબરી નામની મોટી અટવિ આવી તેમાં તેને ચોરોએ પકડ્યો. ચોરો તેનું સર્વ ધન લુંટી ગયા, એના સર્વ સંબંધીઓ સાથે આખા સાર્થને હટાવી દીધો અને ધન લુંટવાની ઇચ્છાવાળા ચોરોએ સર્વને પકડી પાડ્યા અને બાંધી લીધા-બંદીવાન કર્યા. એવી રીતે આખા સાર્થને પકડ્યો તેની સાથે ધનના અર્થી ચોરોએ શેઠના પુત્ર વર્ધનને પણ પકડ્યો. એ શેઠના પુત્રને પકડીને તેઓ એને પોતાની [2]પલ્લિમાં લઇ ગયા અને ત્યાં તેને અનેક પ્રકારનાં દુઃખ આપીને ધનની ઇચ્છાથી હેરાન હેરાન કરી નાખ્યો અને બહુ પીડાઓ આપી. આ પુરૂષ જે હાલ મુસાફર તરીકે અહીં આવ્યો છે તે તેના ઘરનો દાસ છે, શેઠના નિરંતર પગ ધોનાર છે, નિમકહલાલ છે અને તેનું નામ લંબનક છે. પોતાના શેઠને ચોર તરફથી થયેલ ભયંકર પીડાઓ જોઇને ગમે તેમ કરીને એ નાસી છૂટ્યો અને તેણે ઘેર આવીને સર્વ હકીકત શેઠને એકાંતમાં નિવેદન કરી. એણે જ્યારે વાસવ શેઠને એ હકીકત જણાવી ત્યારે તેના શરીરમાં અને મનમાં કેવા કેવા ફેરફારો થયા અને આનંદને બદલે મૂર્છા આવી ગઇ વિગેરે સર્વ હકીકત ભાઇ પ્રકર્ષ! તેં તારી નજરે હમણા જ જોઇ છે."

પ્રકર્ષ—"મામા! ત્યારે આ લોકો આટલા બધા રડે છે, મોટેથી કૂટે છે અને કકળાટ કરે છે તેથી પેલા વર્ધનનો કાંઇ બચાવ થવાનો કે?"

પરિણામ વગરના હર્ષ વિષાદ.

વિમર્શ—"ના રે ભાઇ! આ લોકો ગમે તેટલું રડે, કૂટે કે માથાં પછાડે, એમાં વર્ધનને કાંઇ લાભ થવાનો સંભવ જ નથી અને એ લોકો જાણે છે પણ ખરા કે તેઓ ગમે તેટલા રડે કૂટે તેથી પુત્રની સ્થિતિમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ ફેરફાર થવાનો નથી, છતાં એ લોકોને તો વિષાદ જેમ નચાવે છે તેમ તેઓ સર્વ

1 કદંબ-સરસવનાં ઝાડો જેમાં ઘણાં હોય તેને કાદંબરી અટવિ સામાન્ય રીતે કહેવાય છે; અથવા કોકીલ પક્ષીવાળી અટવિ. 2 ચોરનું ગુપ્ત રહેઠાણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાચે છે અને હાથે કરીને નકામા હેરાન હેરાન થાય છે. તું જો તો ખરો, એ લોકોએ ધનદત્તના આગમનના સમાચાર સાંભળ્યા ત્યારે જેવા તેઓ હર્ષમાં આવી ગયા હતા, તેવાજ જ્યારે તેઓએ વર્ધનની આપત્તિના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ દીલગીરીમાં આવી ગયા છે. એ બાપડા હર્ષ અને વિષાદથી વારંવાર અનેક જાતની પીડાઓ અને હેરાનગતિઓ પામ્યા જ કરે છે કે જેથી એમને વિચાર કરવાનો કે પોતાની અક્કલનો ઉપયોગ કરવાનો સમય પણ મળી શકતો નથી. એ તો બાપડાઓ હર્ષ અને વિષાદને વશ પડીને વસ્તુતત્ત્વની જરા પણ વિચારણા કરતા નથી તેમજ પોતાને દરેક બાબતથી હિત કેટલું થશે અને નુકશાન કેટલું થશે તેનો ખ્યાલ પણ કરતા નથી અને નકામા પોતાની જાતને વિડંબના પમાડ્યા કરે છે. ભાઇ પ્રકર્ષ! તને એક બીજી વાત કહું: આ હર્ષ અને વિષાદ વાસવશેઠના ઘરમાં જ આવું નાટક કરાવી રહ્યા છે એમ તારે ન ધારવું. એ તો એવા જબરા છે કે એક કે બીજું કારણ મેળવીને દરરોજ લોકોને ઘરે ઘરે નચાવ્યા જ કરે છે. કારણ કે "અજ્ઞ પ્રાણીઓ જેઓની નજર "ઘણી ટુંકી હોય છે તેઓ પુત્રને પ્રાપ્ત કરીને, રાજ્ય મેળવીને, "ધન એકઠું કરીને, મિત્રને મળીને અથવા એવા બીજા સુખના "કારણને પ્રાપ્ત કરીને એને વશ થઇ જાય છે. પછી સદ્બુદ્ધિ વગરના "થઇને અને હર્ષને પરવશ પડીને એ માણસો એવાં એવાં આ-"ચરણો અને ચેષ્ટાઓ કરે છે કે વિવેકી માણસો તો તેને જોઇને "કે વિચારીને મનમાં હસ્યા જ કરે છે; પરંતુ એ મૂઢ માણસો વિ-"ચારી શકતા નથી કે પુત્ર, રાજ્ય, ધન, મિત્ર કે બીજી સુખ આપે "તેવી વસ્તુઓ તેમને મળી છે તેનું કારણ માત્ર પૂર્વ જન્મમાં "કરેલી સારી કરણી જ છે અને જમે કરેલ પુંજીનો જ આ વ્યય "છે; તો પછી એવી રીતે કર્મ ઉપર આધાર રાખનાર, અત્યંત "તુચ્છ, તદ્દન બાહ્ય અને થોડા વખતમાં પાછી નાશ પામી જનાર "કોઇ સાધારણ વસ્તુ કે સ્નેહી મળી જાય તો એમાં હર્ષ તે શેનો "કરવો? આવો વિચાર તેઓ બાપડા રાગકેસરીના સેનાની હર્ષને "વશ પડીને કરતા નથી. તેમજ પોતાના કોઇ પ્રેમી પાત્ર સાથે "વિયોગ થઈ જાય અથવા પોતાને જે પસંદ ન હોય તેની સાથે "સંયોગ થઈ જાય અથવા તો પોતાને કે પોતાના સ્નેહીને કાંઇ "વ્યાધિ થઇ આવે તો તરત વિષાદને વશ પડી જાય છે અને તે "વખતે તે મૂઢ પ્રાણીઓ વિષાદની અસર તળે મોટેથી રડવા કૂટવા "મંડી જાય છે, મનમાં સંતાપ પામે છે અને જાણે ગરીબ રાંક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હોય તેવા બની જાય છે, પરંતુ એવે વખતે તેઓ વિચાર કરતા "નથી કે આ સર્વ જે પ્રતિકૂળ સંયોગ વિયોગ થાય છે તે સર્વ "પૂર્વ ભવમાં કરેલા સંચિતનું ફળ છે, તેના ઉપર પોતાનો કોઇ "જાતનો અંકુશ નથી અને તેને લઇને શોક કરવો તે તદ્દન મૂર્ખતા "છે. વળી તેઓ એમ પણ વિચારતા નથી કે એવી રીતે વિષાદ "કરવાથી તો પ્રાણીઓને દુઃખ થતાં હોય તેમાં ઘટાડો થવાને "બદલે ઉલટો વધારો થાય છે, પણ એથી દુઃખમાંથી જરા પણ "છૂટકારો મળતો નથી અને જો દુઃખમાંથી રાહત મળવાનો કાંઇ "પણ ઉપાય હોય તો તે તો માત્ર શુભ પ્રવર્તન જ છે. કારણ કે "ભાઇ! દુઃખનું મૂળ પાપ છે અને સારા વર્તન અને ચેષ્ટાથી "સર્વ પાપો નાશ પામી જાય છે, તો પછી કારણ (પાપ)નો નાશ "થવા પછી કાર્ય (દુઃખ)નો સંભવ જ ક્યાંથી રહે?

પ્રકર્ષ—"મામા! સારા વર્તનની આવી સારી અસર હોય અને તેનું પરિણામ આટલું સુંદર આવતું હોય તો લોકોએ તેને માટે યત્ન કરવો જોઇએ અને આ વિષાદના તાબામાં એ લોકો વારંવાર પડી જાય છે તેના શાસનમાંથી તેઓએ બહાર નીકળી જવું જોઇએ."

વિમર્શ—"ભાઇ! તેં ઘણી સારી વાત કરી, પરંતુ એ હકીકત આ ભવચક્ર નગરમાં રહેનાર લોકો હજુ બરાબર સમજતા નથી."

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૭ મું.

## ચાર અવાંતર નગરો.

માનવાવાસ.
વિબુધાલય.
પશુસંસ્થાન.
પાપિ પંજર.

### વિવેકપર્વતપરથી વિશેષ અવલોકના.

जैन साईट JAINSITE

વિવેક પર્વતપર ઊભા ઊભા મામા ભાણેજ ભવચક્ર નગરની અનેક પ્રકારની ચેષ્ટાઓ જોઇ રહ્યા છે અને તેના સંબંધમાં ભાણેજ જે સવાલો પુછે તેનો મામા ઉત્તર આપતા જાય છે અને દરેક હકીકતપર યોગ્ય પ્રકાશ પાડે છે. પછી મામાએ કહ્યું "ભાઇ પ્રકર્ષ! આ ભવચક્ર નગર તો એટલું મોટું લાંબું અને વિશાળ છે કે એનાં દરેક કૌતુકો તો તને સીધી રીતે કેટલાં બતાવું! એ તો તું જ્યાં નજર કરીશ ત્યાં કાંઇ કાંઇ નવીનતા તારા જોવામાં જરૂર આવશે. તને આ નગરનું સ્વરૂપ જાણી લેવાની ઘણીજ જિજ્ઞાસા થઇ છે માટે હું તને ટુંકામાં કેટલીક હકીકત સમજાવી દઉં. આજે આપણે આ વિવેક નામના અત્યંત નિર્મળ પર્વત ઉપર ચઢ્યા છીએ, માટે તું બધી હકીકત તારી આંખ સન્મુખ જોઇ શકે છે અને તેથી રૂપથી તો તેનું ફરીવાર વર્ણન કરવાની કે નિવેદન કરવાની જરૂર મને લાગતી નથી અને આ ભવચક્રપુર સંબંધી ગુણથી તો હું વિવેચન કરતો જઉં છું તે તું સાંભળે છે. હવે સંક્ષેપમાં બીજી કેટલીક વાત કરી દઉં છું તે તું સાંભળ. તું તારી આંખે જે જોઇ શકે તેનું મારે વર્ણન કરવાની જરૂર નથી, એના ગુણો કહેવાની જરૂર છે તે તને કહી સંભળાવેલ છે અને વળી

પશુઓનો પરિચય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી સંભળાવીશ તે બરાબર લક્ષ્યમાં રાખજે. એ **ભવચક્ર** નગરમાં નાનાં નાનાં અનેક પેટાનગરો (પરાંઓ) છે એ બધાંનું વર્ણન કરવું તો ઘણું મુશ્કેલ છે. તે બધાંની વાત કરતો નથી, પણ તેમાં ચાર મુખ્ય વિભાગો છે, પેટાનગરો છે તેની હકીકત તને કહી સંભળાવું તે ધ્યાનમાં રાખજે. એ ચાર પરાંઓમાં પ્રથમનું નામ **માનવાવાસ** છે, બીજાનું નામ **વિબુધાલય** છે, ત્રીજાનું નામ **પશુસંસ્થાન** છે અને ચોથાનું નામ **પાપિપંજર** છે. આ **ભવચક્ર**નગરમાં એ ચાર મુખ્ય પેટાનગરો છે અને એવી રીતે વ્યાપીને રહ્યાં છે કે એ પોતાના પેટામાં એ **ભવચક્ર**માં રહેનાર સર્વને લઇ લે છે. એ ચાર નગરોનું વર્ણન તને સંભળાવું છું. એ ચાર પરાં ( પેટાનગરો ) તદ્દન જૂદાં જૂદાં છે, અંદરથી ભેળસેળ થયેલાં લાગે છે, પણ એ ચારે તદ્દન અલગ છે અને તેના રહેવાસીઓ તદ્દન જૂદા પડી જાય તેવા છે.

## [1]માનવાવાસ.

"પ્રથમનું પેટાનગર **માનવાવાસ** નામનું છે તે મહામોહ વિગેરે અંતરંગ પ્રાણીઓથી વ્યાપ્ત છે, વિંટળાયલું છે અને તેઓને લીધે આખો વખત ધમાધમવાળું રહે છે અને જીવતું જાગતું હોય તેવું બાહ્ય નજરથી લાગે છે. એમાં કેવી કેવી ધમાધમ મચી રહી છે એ તું જોઇ લે! એમાં કેટલાક મનુષ્યો કોઇ જગ્યાએ પોતાના વહાલાનો મેળાપ થવાથી અત્યંત આનંદમાં આવેલા હોય છે તેથી તે હર્ષથી ભરપૂર દેખાય છે; કોઇ જગ્યાએ બહુ દ્વેષ ઉત્પન્ન થાય એવા મનુષ્યોનો સંયોગ થઇ જવાથી અત્યંત વ્યગ્રચિત્તવાળું અને દુર્જનથી ભરપૂર જણાય છે; કોઇ જગ્યાએ તેમાં રહેનાર મનુષ્યોને જરા માત્ર ધનની પ્રાપ્તિ થઇ જવાથી પણ અત્યંત આનંદ ઉપજાવી રહ્યું જણાય છે; કોઇ જગ્યાએ પાસેના પૈસાનો નાશ થવાને લીધે ઉદ્ભવેલા મોટા સંતાપથી ગરમાગરમ થઇ ગયેલું જણાય છે; કોઇ જગ્યાએ ઘણી મોટી વયે એકના એક પુત્રનો જન્મ થવાથી મોટો મહોત્સવ થઇ રહેલો દેખાય છે; કોઇ જગ્યાએ હૃદયના અત્યંત વહાલા સ્નેહી સંબંધી કે સગાનાં મરણથી ભયંકર શોકની ગર્જનાઓ ઉઠી રહેવાને લીધે અસ્ત-

---

૧ **માનવાવાસ**માં મનુષ્યગતિના સંજ્ઞી અસંજ્ઞી જીવોનો સમાવેશ થાય છે. મનુષ્યની વસ્તી તીર્છા લોકમાં જંબુદ્વીપ, ધાતકી ખંડ અને પુષ્કર અર્ધમાં એટલે અઢીદ્વીપમાં અને ૫૬ અંતર્દ્વીપમાં હોય છે. મહાવિદેહમાં સર્વથા ચતુર્થ આરક વર્તે છે, ભરત ઐરવતમાં છ આરા ઉલટા સુલટા આવે છે. છપ્પન અંતર્દ્વીપ અને ૬ યુગલીક ક્ષેત્રમાં યુગળધર્મ નિરંતર પ્રવર્તે છે. આ સિવાય બીજી કોઇ પણ જગ્યાએ મનુષ્યની ઉત્પત્તિ થતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યસ્ત સ્થિતિવાળું જણાય છે; કોઇ જગ્યાએ લશ્કરી સેનાનીઓએ મોટું યુદ્ધ શરૂ કરેલ હોવાને લીધે ઘણું ભયંકર લાગે છે; કોઇ જગ્યાએ એહી મિત્રના ઘણે કાળે મળવાથી આંખોમાંથી હર્ષના આંસુ ચાલ્યા જાય છે; કોઇ જગ્યાએ લોકો ગરીબાઇ અને કમનસીબને લીધે અને કોઇ જગ્યાએ વ્યાધિઓની અનેક પ્રકારની પીડાને લીધે હેરાન ગતિ પામતા જોવામાં આવે છે; કોઇ જગ્યાએ શબ્દ રૂપ રસ ગંધ વિગેરે ઇંદ્રિયની તૃપ્તિનાં કારણો પ્રાપ્ત કરીને મનમાં માની લીધેલાં ખોટાં સુખથી ભરપૂર મનુષ્યો દેખાય છે; કોઇ જગ્યાએ સાચા અને સારા રસ્તાથી દૂર ગયેલા અને મહા પાપ કરનારા પાપી પ્રાણીઓથી ભરપૂર દેખાય છે અને વળી કોઇ જગ્યાએ ધર્મબુદ્ધિ છતાં પણ તેનાથી તદ્દન ઉલટી રીતીએ (ધર્મવિરૂદ્ધ) વર્તન કરનારા માણસોથી નગર વ્યાપ્ત દેખાય છે. ભાઇ! તારી પાસે મારે કેટલી હકીકત કહેવી? તને સંક્ષેપમાં કહું તો મહામોહ વિગેરે રાજાઓનાં જે જે ચરિત્રોની હકીકત મેં તારી પાસે વર્ણવી હતી, તેઓ સંબંધી જે જે હકીકત તને જણાવી હતી તે તે સર્વ ચરિત્રો અને હકીકતો આ નગરમાં ખાસ કરીને પ્રાપ્ત થાય છે, જૂદાં જૂદાં કારણો અને પ્રસંગો પ્રાપ્ત કરીને આ માનવાવાસ નગરમાં એ સર્વ બાબતો બન્યા કરે છે. આ પ્રમાણે માનવાવાસ નગર સંબંધી હકીકત તને ટુંકામાં કહી સંભળાવી. હવે વિબુધાલય નામના બીજા નગરની હકીકતને કહી સંભળાવું છું તે લક્ષ્યમાં રાખજે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## [1] વિબુધાલય.

"આ વિબુધાલય પેટા નગરને તારે સ્વર્ગરૂપ સમજવું. એમાં અનેક પારિજાત વૃક્ષો છે, સુંદર પારિભદ્ર (આકડાને મળતાં) વૃક્ષો છે, અનેક કલ્પવૃક્ષો છે અને સુંદર વૃક્ષોનાં મોટાં મોટાં વનોથી એ ભરેલું છે. એમાં સુરપુન્નાગ (સોરંગી)ના ઝાડોની સુગંધી ચારે તરફ ઉડી રહી છે, તેમજ ચંદન વૃક્ષોની ખુશબો ચોતરફ ફેલાતી હોય છે,

૧ **વિબુધાલય**માં દેવ અને અસુરનો સમાવેશ થાય છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વૈમાન, નવ લોકાંતિક એ સર્વનાં સ્થાનો ઉપરના લોકમાં છે. ભુવનપતિ, વ્યંતર અને વાણવ્યંતરનાં સ્થાનો તીર્છા અને અધોલોકમાં છે. તીર્યગ્જૃંભક દેવો સેવા ચાકરી કરનાર છે. દેવગતિમાં સુખ વધારે છે, પણ ધર્મપ્રાપ્તિ બહુ થોડાને થાય છે, ઘણે ભાગે જમે પુંજી ખાઇ જવાનો વ્યવહાર વધારે બને છે. અહીં વિબુધાલયનું વર્ણન કર્યું છે તેમાં મુખ્યત્વે કરીને બાર દેવલોકના દેવોને આશ્રયીને કરેલ હોય એમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિરંતર પાણીમાં રહેનાર ધોળાં કમળ અને કુમુદના સમૂહથી તે નગર સુંદર દેખાય છે અને તેમાં માણેક, રત્નિ, લસણીઆ, પરવાળાંના ઢગલાઓ ચોતરફ એટલા દેખાય છે કે તેની શોભાનું વર્ણન કરવું મુશ્કેલ થઇ પડે; એમાં દિવ્ય સોના વડે અનેક નાનાં નાનાં પરાંઓ બનાવવામાં આવેલાં છે; સુશોભિત તેજસ્વી મણિઓની પ્રભાથી એ નગરમાં રહેલ સર્વ અંધકાર દૂર થઇ ગયો છે; અનેક પ્રકારના ચિત્ર વિચિત્ર રત્નોનાં કિરણોથી તેમાં મોટો પ્રકાશ થઇ રહેલો છે; એ નગરમાં જ્યાં જુઓ ત્યાં દિવ્ય આભૂષણો તૈયાર દેખાય છે, સુગંધીઓનો પાર જ નથી, પુષ્પમાળા તો ચોતરફ ફેલાયલી હંમેશાં દેખાય છે અને સુંદર ભોગનાં સર્વ સાધનો હાજર હોય છે; એ નગરમાં ઊંચા પ્રકારનું મનને આનંદ આપે તેવું અને નિયમસરનું નૃત્ય ચાલ્યા જ કરતું દેખાય છે, હૃદયને અસર કરે તેવું ગાન નિરંતર થયા જ કરે છે અને નિરંતર આનંદમાં વધારો કર્યા કરે છે તેથી એ નગરમાં રહેનારા લોકો નિરંતર આનંદમાં રહેનારા છે, દેવતાઓ નિરંતર સુખ ભોગ ભોગવનારા છે, તેજમાં સૂર્યને પણ હઠાવી દે તેવા છે, અત્યંત પ્રકાશ આપનારા કુંડળ (કાનનાં ઘરેણાં) કેયૂર (બાજુબંધ) મુગુટ (માથે પહેરવાનો) અને હારથી પોતાના કાન, હાથ, મસ્તક અને છાતી દીપાવી રહેલા છે, અનેક ભમરાઓને આકર્ષણ કરે તેવી સુંદર મંદારપુષ્પોની કદિ ન કરમાય તેવી માળા તેમણે ધારણ કરેલી છે અને સુંદર વનમાળાથી નિરંતર સુંદર આશયવાળા તેઓ લાગે છે, તેઓ આનંદસમુદ્રમાં કલ્લોલ કરતાં રોલતાં જણાય છે અને બધી ઇંદ્રિયોને બરાબર તૃપ્ત કરતા જણાય છે. આવા લોકોથી વિબુધાલય ભરેલું છે. તેની ભૂમિ પણ શ્રેષ્ઠ છે અને તેમાં રહેનાર પણ એવા જ સુખી છે. તને જો યાદ હોય તો મોહરાજાના મંડળમાં મેં [1]વેદનીય રાજાનો એક [2]સાત નામનો માણસ છે એમ તને જણાવ્યું હતું. હવે હકીકત એમ છે કે કર્મપરિણામ મહારાજાએ એ સાત નામનો માણસ જે સર્વ લોકોને ઘણો આનંદ આપે છે તેને આ આખા વિબુધાલયનો નાયક બનાવ્યો છે. એ સાત નામનો પુરૂષ આ નગરને નિરંતર સુંદર ભોગોથી ભરપૂર રાખે છે, અનેક પ્રકારના આહ્લાદ ઉપજાવે તેવાં સાધનોથી સંપન્ન રાખે છે અને સારી રીતે સુ-

---

૧ જુઓ પૃ. ૮૯૯.

૨ વેદનીય રાજા સાત અને અસાત નામના બે પુરૂષથી વીંટાઇને બે છે એમ જણાવ્યું છે. જુઓ પૃ. ૮૯૯. દેવગતિમાં સાતા વેદનીયનું પ્રાબલ્ય હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવસ્થિત રાખે છે. એવો સારો નાયક નીમાયો છે તેથી આ નગરની સર્વ પ્રજાને ઘણું સુખ થાય છે.”

**પ્રકર્ષ**—“ મામા ! આપ કહો છો કે આ વિબુધાલય આટલું બધું સુંદર છે ત્યારે પેલા મહામોહ વિગેરે રાજાઓ છે તેઓનો અહીં કાંઇ દોર ચાલતો નથી? અને એ વિબુધાલય સુખી હોવાનું કારણ શું છે તે સમજાવો.”

**વિમર્શ**—“ ના રે ભાઇ! તું એમ જરાએ સમજતો નહિ, અહીં પણ આંતર રાજાઓ પૂર જોસમાં પ્રવર્તે છે અને પોતાની શક્તિ અજમાવે છે. જો! આ વિબુધાલયમાં અરસ્પરની ઇર્ષા, સ્પર્ધા, શોક, ભય, ક્રોધ, લોભ, મોહ, મદ અને ભ્રમ પોતાના પૂર જોરમાં પ્રવર્તે છે, વિબુધાલયના લોકોમાં ઘર કરીને રહેલા છે અને જ્યારે લાગ મળે છે ત્યારે પોતાની શક્તિ બતાવી આપે છે. આ નગરમાં અંતરંગ રાજાઓનું જોર ચાલતું નથી એમ તારે સમજવું નહિ.”

**પ્રકર્ષ**—“ ત્યારે જો મામા ! એમ જ છે તો પછી અહીં સુખ તે કેવું? અને અહીં ઘણું સુખ છે એવું તમે વર્ણન કેમ કર્યું?”

**વિમર્શ**—“ ભાઇ ! તારો સવાલ તદ્દન સાચો છે અને શંકા પણ સાધારણ છે. સાંભળઃ હકીકત એમ છે કે એ લોકો જેને સુખ માને છે તે પરમાર્થથી વસ્તુતત્ત્વે તો જરા પણ સુખ નથી અને તત્ત્વદૃષ્ટિથી જોતાં આ વિબુધાલય નગરમાં કાંઇ ખાસ સુંદર હોય તેવું પણ લાગતું નથી; પરંતુ વિષયની અભિલાષા કરનારા, તેમાં જીવનની પરિસમાપ્તિ માનનારા અને તેવાં સ્થૂળ સુખમાં જીવનનું સાધ્ય સમજનારા જેઓ મુગ્ધબુદ્ધિવાળા હોય છે, જેઓ વધારે સારૂં અને સાચું-ટકે તેવું સુખ ક્યાં અને ક્યારે મળે છે તેના જ્ઞાનથી નિર્ભાગી રહેલા હોય છે તેઓને વિબુધાલયમાં મળતી સ્થિતિ ઘણી મોટી અને ઊંચા પ્રકારની લાગે છે, અત્યંત ભાગ્યથી મળેલી જણાય છે અને તેથી તે ઘણી સુંદર છે એમ મેં તેઓની નજરે તને કહી સંભળાવ્યું અને તે પ્રમાણે વર્ણવ્યું. બાકી તો જ્યાં મોહરાજા પોતાના પરિવાર સાથે રાજ્ય કરતો હોય ત્યાં લોકના ખરા સુખની વાત કેવી? એ બન્નેનો સંયોગ જ અશક્ય છે. મતલબ જ્યાં મોહરાજા કે એના પરિવારનો એક પણ માણસ રાજ્ય ભોગવતો હોય ત્યાં સાચા સુખનો એક અવાજ પણ આવે એ દુર્ઘટ ઘટના છે, ઘણી અશક્ય જેવી છે અને તેનાં કારણો મેં તને અગાઉ



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

વિસ્તારથી જણાવ્યાં છે. અહીં જે આનંદ થાય છે, દેખાય છે અને અહીં રહેનારા માને છે, તે માત્ર સ્થૂળ, ઉપર ઉપરનો અને ખરા સુખના ખ્યાલ વગરનો છે, ખરી રીતે વિચારતાં એમાં કાંઇ સાર નથી, દમ નથી અને એ સુખના નામને યોગ્ય પણ નથી. ભાઇ! આવી રીતે મેં તારી પાસે વિબુધાલયનું ટુંકામાં વર્ણન કર્યું, હવે ત્યાર પછી પશુસંસ્થાન નામનું ત્રીજું અવાંતર નગર આવે છે તેની હકીકત તને સંક્ષેપમાં કહી સંભળાવું છું તે તું ધ્યાન રાખીને સાંભળ.

## પશુસંસ્થાન.[1]

"એ પશુસંસ્થાનમાં જે પ્રાણીઓ રહે છે તેઓ નિરંતર ભુખથી પીડાય છે, અરતિથી હેરાન થાય છે, અનેક સંતાપથી દુણાય છે, તૃષાથી ત્રાસ પામે છે, અનેક જાતની વેદના–પીડાઓ ખમે છે, તેઓને વારંવાર દાહ થયા કરે છે, અનેક પ્રકારે પાણી તથા આહારનો શોષ થાય છે, શોક તથા ભયનો તો કાંઇ પાર નથી, વારંવાર ઉદ્વેગ થયા કરે છે, અનેકવાર બંધાય છે, ઉપરથી માર પડ્યા કરે છે અને એવી રીતે એ પશુસંસ્થાનમાં રહેનારા લોકો હમેશાં દુઃખમાં જ રહે છે અને તેમને મહામોહ વિગેરે અનેક પ્રકારનાં દુઃખો અને ત્રાસો આપ્યાં કરે છે, તેથી તેઓ તદ્દન દીન ગરીબ અનાથ જેવા લાગે છે અને તેમને કોઇનો આશ્રય કે શરણ પણ મળતું નથી. ઉપરાંત તેઓમાં ધર્મ કે અધર્મનો, ફરજ કે જવાબદારીનો, કર્તવ્ય કે અકર્તવ્યનો જરા પણ વિવેક હોતો નથી, તેઓ ક્લેશમય જીંદગી ગુજારે છે. એ

૧ **આ પશુસંસ્થાન** નગરને પરિભાષામાં તિર્યંચ ગતિ કહેવામાં આવે છે. પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચોમાં જળચર સ્થળચર અને ખેચરો આવે છે. જળચરમાં જળમાં રહેનારા મગરમચ્છ, માછલા વિગેરેનો સમાવેશ થાય છે. સ્થળચરમાં હાથી, ઘોડા, ઉંટ, ગાય, ભેંસ, નોળીઆ, સર્પ વિગેરે જમીનપર રહેનારા જીવોનો સમાવેશ થાય છે. ( નોળીઆ અને સર્પને ભુજપરિસર્પ અને ઉરપરિસર્પ કહેવામાં આવે છે ). ખેચરમાં હંસ, કબૂતર, પોપટ વિગેરે આકાશમાં ઉડનાર પક્ષીઓનો સમાવેશ થાય છે. આ સર્વ પંચેંદ્રિય તિર્યંચ કહેવાય છે. અહીં જે વર્ણન કર્યું છે તે પંચેંદ્રિય તિર્યંચને વધારે લાગુ પડે છે. એના વિશેષ વિવેચન માટે **પંચાક્ષપશુસંસ્થાન**ની હકીકત દ્વિતીય પ્રસ્તાવમાં આવી છે તે જુઓ ( પૃષ્ઠ ૩૨૪ થી આગળ ). એ ઉપરાંત ચાર ઇંદ્રિયવાળા વીંછિ, ભમરી, તીડ વિગેરે તેમજ ત્રણ ઇંદ્રિયવાળા માંકડ, જુ, ગીંગોડા, કિડી વિગેરે, તેમજ બે ઇંદ્રિયવાળા શંખ કોડા, જળો વિગેરે જેને બીજા પ્રસ્તાવમાં વિકલેંદ્રિય સંસ્થાનના જીવો તરીકે વર્ણવ્યા છે તે પણ તિર્યંચ કહેવાય છે ( જુઓ પૃ. ૩૨૦ થી આગળ ). ઉપરાંત અસંવ્યવહાર અને સંવ્યવહાર નગરના એકેંદ્રિયો પણ તિર્યંચગતિમાં જ આવે છે. ( જુઓ પૃ. ૩૦૫ થી ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરના લોકોની અનંત જાતિઓ હોય છે, એ એટલી બધી છે કે તેનો પાર આવે તેમ નથી. આવી રીતે મેં તારી પાસે પશુસંસ્થાન નગરનું વર્ણન કર્યું. હવે ચોથા પાપિપંજર નગર સંબંધી હકીકત તને ટુંકામાં કહી સંભળાવું છું તે બરાબર ધ્યાન રાખીને સાંભળી લેજે.

**[1]પાપિપંજર.**

"મહાપાપના જોરથી ભરપૂર થયેલા જે પાપી પ્રાણીઓ આ **પાપિપંજર** નગરમાં આવીને વસે છે તેઓને થતાં દુઃખનો તેઓને ત્યાં રહેવું પડે ત્યાં સુધી અંત આવવાનો જરા પણ સંભવ જ નથી. પેલા સભામંડપના વર્ણન વખતે મેં તારી પાસે **વેદનીય** નામના ત્રીજા રાજાનું વર્ણન કર્યું હતું તે તને યાદ હશે. તે વખતે મેં તેના [2]**અસાત** નામના એક માણસની હકીકત તને કહી સંભળાવી હતી; એ અસાત ઉપર એક વખતે રાજી થઇને જમીનદારીમાં ઇનામ તરીકે આ આખું પાપિપંજર નગર તેને **મહામોહ** રાજાએ આપ્યું છે. એ અસાત પણ [3]**પરમાધામી** નામના પુરૂષોદ્વારા અહીં રહેનારા સર્વ લોકોને અનેક પ્રકારની કદર્થનાઓ કરાવે છે. એ પરમાધામીઓ પ્રાણીને કેવા કેવા ત્રાસ આપે છે તેનું વર્ણન કરવું પણ મુશ્કેલ છેઃ તેઓ આપડા પાપિપંજરમાં વસનારા લોકોને ગરમ તાંબું પાય છે, તેઓના સંકડો ટૂકડાઓ કરીને તેને કાપી નાખે છે, તેઓનું (વસનારાઓનું) પોતાનું માંસ તેમને ખવરાવે છે, સખ્ત અગ્નિવડે તેઓને બાળવામાં આવે છે,[4] તેઓને વજ્રના કાંટાવાળા શાલ્મલિ

---

૧ આ નરકગતિનું નામ છે. નારકી સાત છે; ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધુમ્રપ્રભા, ૬ તમઃપ્રભા, ૭ તમસ્તમપ્રભા. તેનાં ગોત્રનામો સાત છે તે આ પ્રમાણેઃ ધમા, વંસા, સેલા, અંજના, રિઠ્ઠા, મઘા અને માઘવઇ. ક્ષેત્રની પીડા, અન્યોન્યકૃત પીડા અને પરમાધામીકૃત પીડા નિરંતર થયા કરે છે, દુઃખનો પાર નથી, સુખનો અંશ નથી અને છુટવાનો ઉપાય નથી. કલ્પનામાં ન આવે તેવાં દુઃખો અસંખ્ય વરસો સુધી એ ચોથી ગતિમાં થાય છે. એનું સ્થાન નીચેના સાત રાજલોકમાં છે.

૨ જુઓ પૃ. ૮૮૯.

૩ **પરમાધામીઃ** અધમ જાતિના અસુરો. તેઓને અન્યને દુઃખ દેવામાં જ આનંદ આવે છે. ત્રણ નારકી સુધી તેઓ હોય છે.

૪ નારકીના જીવોના શરીર પારા જેવા હોય છે; કાપે, બાળે કે તોડે તો પણ પીડા થયા પછી શરીર એકઠું થઇ જાય છે, આયુષ્ય નિકાચિત હોય છે તેથી પૂરૂં થતાં સુધી તેને ત્યાં રહેવું જ પડે છે, મરીને પણ એ દુઃખથી મુક્તિ થઇ શકે તેમ નથી, માત્ર આયુષ્ય પૂરૂં થયે જ મરણ આવી શકે છે, આપઘાત થઇ શકતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામના ભયંકર વૃક્ષપર ચઢાવવામાં આવે છે જ્યાં તે વજ્રના કાંટાની ભયંકર દારૂણ પીડા પામે છે, વળી લોહીના ગારાથી ભરેલી વૈતરણી નામની નદી તેઓ પાસે તરાવવામાં આવે છે, એ દયા વગરના અધમ રાક્ષસો તેઓને અસિપત્ર વનમાં ચલાવી તેમનાં અંગો છેદે છે, ભાલા મારે છે, બરછીઓ ઠોકે છે, લોહમય બાણો (નારાચ) લગાવે છે, ખડ્ગથી કૂટે છે, ગદાઓ લગાવે છે, કુંભીપાકમાં રાંધવામાં આવે છે, કરવતથી વેરવામાં આવે છે અને કાદંબરી અટવીની રેતીમાં જાણે એ ચણા હોય તેમ તેઓને શેકવામાં આવે છે. પરમાધામી દેવો અથવા અત્યંત અધમ અસુરો આ નારકીના જીવોને એવી એવી કદર્થનાઓ કરે છે, એટલો ત્રાસ આપે છે અને એટલી હેરાનગતી કરે છે કે તેની હકીકત સાંભળતાં કે જોતાં મનમાં મોટો ત્રાસ થયા વગર રહે નહિ. એ અસુરોનો આનંદ જ નારકીના જીવોને દુઃખ દેવામાં છે અને તે કાર્યને તેઓ સારૂં માને છે.

"એ પાપિપંજર પેટાનગરમાં સાત પાડાઓ (નરકો)-વિભાગો-છે એમાંના પ્રથમના ત્રણ પાડાઓનાં (પ્રથમની ત્રણ નારકીમાં) ઉપર જણાવ્યું તેવા પ્રકારે અનેક દુઃખો પરમાધામી દેવો-અસુરો આપે છે; એ ઉપરાંત વળી એ ત્રણે પાડાઓમાં જીવો અરસ્પરસ એક બીજાને ઘણુંજ દુઃખ આપે છે, કદર્થના કરે છે, મારે છે, કૂટે છે અને લડાલડી કર્યા કરે છે, ચોથા પાંચમા અને છઠ્ઠા પાડાઓમાં પરસ્પર કરેલી પીડા થાય છે અને સાતમા પાડામાં વજ્રના જેવા કાંટા તેઓને ભોંકાય છે. વળી એ ઉપરાંત નારકીના પ્રાણીઓ ભૂખથી સતત હેરાન થયા કરે છે, તરસથી પીડા પામ્યા કરે છે, ઠંડી એવી સખ્ત હોય છે કે તેનાથી તદ્દન લાકડા જેવા થઇ જાય છે અને તેની વેદનાથી તેઓ તદ્દન ગભરાઇ જાય છે, મુંઝાઇ જાય છે, ગાંડાઘેલા થઇ જાય છે, ક્ષણવારમાં તદ્દન પ્રવાહી જેવા પોચા થઇ છે, ક્ષણવારમાં તદ્દન હાલે ચાલે નહિ તેવા સ્થિર થઇ જાય છે, ઘડિમાં શરીરથી તદ્દન જાણે છૂટા પડી ગયેલા જણાય છે અને ક્ષણવારમાં પાછા શરીર સાથે એકમેક થઇ જાય છે. તેઓનાં શરીર પારા જેવા હોવાથી તેઓ આ સર્વ સ્થિતિ અનુભવે છે, પણ મરી જતા નથી. વૈક્રિય શરીરને લઇને એમ થાય છે. અનેક પ્રકારની વિક્રિયા કરી શકે એવું તેમનું શરીર હોય છે. એ પાપિપંજર નગરમાં રહેનારા લોકોને એટલી પીડા થાય છે કે તેનું વર્ણન કરવાને બૃહસ્પતિ પણ શક્તિમાન્ થઇ શકે નહિ. આ પાપિપંજર નગર છે તે માત્ર દુઃખમય છે, દુઃખથી ભરપૂર

જૈન સાઈટ JAINSITE .com જૈન જ્ઞાન પ્રચાર પ્રસાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, દુ:ખથી ચોતરફ વ્યાપ્ત છે. એ નગરની સંક્ષેપમાં હકીકત ભાઇ પ્રકર્ષ! મેં તને કહી સંભળાવી. આ પાપિપંજર નગરમાં ખાસ કરીને ત્રણ પ્રકારની વેદના થાય છે: ૧ અન્યોન્યકૃત વેદના, ૨ ક્ષેત્ર વેદના, ૩ પરમાધામીકૃત વેદના. આ સર્વ વેદનાઓ ઘણી ભયંકર છે અને એકંદરે આ પાપિપંજર નગર દુ:ખસંતાપથી વ્યાપ્ત છે.

"આ પ્રમાણે મેં તારી પાસે માનવાવાસ, વિબુધાલય, પશુસંસ્થાન અને પાપિપંજર-ચારે પેટાનગરોનું વર્ણન કરી બતાવ્યું. આ ચાર નગરને જો તેં બરાબર જાણ્યા તો આખું ભવચક્ર બરાબર [1]જોઇ લીધું એમ તારે જાણવું."

મામાનાં આવાં વચન સાંભળીને પ્રકર્ષે ભવચક્રનગર તરફ સંભ્રાન્તથી પોતાની નજર આદરપૂર્વક ફેરવી લીધી.

જૈન સાઈટ JAINSITE.com

1 ભવચક્રમાં ચાર ગતિ હોય છે: દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, અને નરકગતિ. સંસારી સર્વ જીવોનો આ ચાર ગતિમાં સમાવેશ થાય છે તેથી જો આ ચાર ગતિને બરાબર સમજવામાં આવે તો આખા ભવચક્રને એટલે સંસારને સમજી જવાય. તિર્યંચગતિમાં એકથી ચાર ઇંદ્રિયવાળા જીવોનો પણ સમાવેશ થાય છે. મુખ્ય હકીકત અત્ર પાંચ ઇંદ્રિયવાળા જીવોને આશ્રયીને લખી છે, પરંતુ પૃ. ૯૯૦ માં લખેલી નોટથી જણાશે કે અત્ર સર્વ જીવોનો સમાવેશ કરવાનો ઇશારો છે. ભવચક્રનાં આ ચારે નગરો જોઇ લીધાં એટલે વાસ્તવિક રીતે આખું ભવચક્ર જોવાઇ ગયું એમ સમજવું. તે ઉપરાંત તો નિર્વૃત્તિનગરીના જીવો જ બાકી રહે છે જેને ભવચક્ર-સંસાર સાથે કાંઇ સંબંધ નથી.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## પ્રકરણ ૨૮ મું.

### સાત પિશાચીઓ.

| સપ્ત મહેલિકા. | | | વિરોધી સત્ત્વો. |
|---|---|---|---|
| જરા. | ૧. | ૧. | યૌવન. |
| રુજા. | ૨. | ૨. | નિરોગતા. |
| મૃતિ. | ૩. | ૩. | જીવિકા. |
| ખલતા. | ૪. | ૪. | સૌજન્ય. |
| કુરૂપતા. | ૫. | ૫. | સુરૂપતા. |
| દરિદ્રતા. | ૬. | ૬. | ઐશ્વર્ય. |
| દુર્ભગતા. | ૭. | ૭. | સુભગતા. |

મામા ભાણેજ વાતો કરતા હતા, ભાણેજ આદરપૂર્વક વિશેષ અવલોકન કરતો હતો, મામાના ખુલાસા સાંભળી આનંદ પામતો હતો અને અનેક નવા નવા સવાલો કૌતુકથી પૂછતો જતો હતો. એવી રીતે ભવચક્ર ઉપર તેની નજર પડી રહી હતી, અવલોકના ચાલતી હતી અને આંખ ફેરવી ફેરવીને કૌતુકથી તે ચોતરફ જોયા કરતો હતો, અને પ્રશ્ન પૂછી ખુલાસા મેળવતો હતો તે વખતે ઘણું વિચિત્ર અને ભયંકર દૃશ્ય તેની નજરે પડ્યું.

<u>**સાત મહેલિકા-પિશાચીઓ.**</u>

**ભયંકર આકાર અને ઉગ્ર સ્વરૂપ.**
**પ્રત્યેકને ગતિમાં મૂકનાર પ્રેરક બળ.**
**પ્રત્યેકની પીડા-ત્રાસના અધિકારીઓ.**
**પ્રત્યેકના શત્રુકાર્ય કરનાર વિપરીત અંગભૂતો.**

એ દૃશ્ય જોઇ પ્રકર્ષ એકાએક ચોંકી ગયો અને તેની મુખમુદ્રા ઉપર ખેદની નિશાનીઓ સ્પષ્ટ દેખાવા લાગી અને બાવરો બની જઇ મામાને પૂછવા લાગ્યો. " અરેરે મામા! જુઓ તો ખરા!

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં પેલી સાત સ્ત્રીઓ દેખાય છે! તે તો ખરેખર એકદમ ધ્યાન ખેંચે તેવી છે! દેખાવમાં ઘણોજ ભયંકર આકાર ધારણ કરનારી છે, પીડા આપનારી હોય તેવી જણાય છે, એણે સર્વ જગ્યાઓ ઉપર પોતાનો દોર ચલાવ્યો હોય એવા ઉગ્ર સ્વરૂપવાળી જણાય છે, રૂપમાં તદ્દન કાળી શાહી જેવા રંગની છે, દેખાવમાં ઘણી ખરાબ જણાય છે અને વૈતાળની સ્ત્રીઓની પેઠે એનું નામ લેવાથી પણ લોકોને ધ્રુજાવી નાખે તેવી લાગે છે! મામા! એ સાતે સ્ત્રીઓ કોણ છે? એઓનું કામ શું છે? એને ગતિમાં મૂકનાર-પ્રેરણા કરનાર કોણ છે? એમનું બળ કેટલું છે? તેમની સાથે તેમનો બીજો પરિવાર કોણ છે? અને દેખાય છે તેવા દૃઢ નિશ્ચયથી તેઓ કોને પીડા કરવા તૈયાર થયેલી છે? જ્યાં સુધી આ સર્વ હકીકત આપ મને સમજાવો નહિ ત્યાં સુધી મને લાગે છે કે ભવચક્રનું વર્ણન હજુ અધુરૂં જ છે. માટે મામા! મારા ઉપર મહેરબાની કરીને એ સાતે ભયંકર સ્ત્રીઓની હકીકત સમજાવો!"

વિમર્શમામાએ હર્ષથી જવાબ આપતાં કહ્યું "ભાઇ! એ સાતે સ્ત્રીઓની હકીકત વિગેરે જે જે તેં મને પૂછ્યું તે વિસ્તારથી તને સમજાવું છું તે બરાબર ધ્યાન રાખીને સાંભળજે. એ સાતે સ્ત્રીઓ જે દેખાવમાં ઘણી ભયંકર છે તેઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે: જરા ( ઘડપણ ), રૂજા ( રોગ, વ્યાધિ, મંદવાડ ), મૃતિ ( મરણ ), ખલતા ( લુચ્ચાઇ ), કુરૂપતા ( કદરૂપાપણું ), દરિદ્રતા ( ગરિબાઇ, દીનપણું, ભીખારીપણું ), ને દુર્ભગતા ( કમનસીબ, હતભાગ્યતા ). હવે સાતે પિશાચણીઓ સંબંધી તેં જે જે સવાલો પૂછ્યા છે તેના ઉત્તર તને કહું છું તે લક્ષ્યમાં લેજે:—

## ૧ જરા.

"ભાઇ પ્રકર્ષ! તને યાદ હશે કે મૂળ રાજા તો કર્મપરિણામ છે, તે મહારાજાને દેવી કાળપરિણતિ નામની રાણી છે. એ દેવી સર્વ બાબત વખતસર કરે છે. એ મહાદેવીએ આ જરા ( ઘડપણ-વૃદ્ધાવસ્થા-જીર્ણપણું ) ને આ ભવચક્ર નગરમાં મોકલી આપેલ છે. એ જરાને ગતિમાં મૂકનાર બીજા બાહ્ય પદાર્થો પણ લોકો વર્ણવે છે; દાખલા તરીકે [1]લવણ-લુણ (મીઠું) વિગેરે પદાર્થો ઘડપણને જલ્દિ લાવે છે. હવે એ જરાની શક્તિ કેવી છે તે તને કહું: એ જ્યારે પ્રાણીને ભેટે

[1] મીઠાના ઉપયોગથી ઘડપણ જલ્દી આવે છે એમ વૈદકની માન્યતા છે. આનો આધાર મળી શક્યો નથી. નિષ્ણાત વૈદ્યને પૂછવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે ત્યારે તે પ્રાણીના સર્વ સુંદર વર્ણને, રૂપને, લાવણ્યને અને બળને એકદમ હરી લે છે. વળી ત્યાર પછી એ પ્રાણીને વધારે જોરથી ભેટે છે ત્યારે એના મગજને પણ ઉલટું બનાવી દે છે[1] અને બળવાન પ્રાણીઓને અતિ શોચનીય દશામાં લાવી મૂકે છે. એના પરિવારમાં વળીઆ (કપાળમાં કરચલી વિગેરે), પળીઆ (ધોળા બાલ), તાલ (માથામાં), શરીરપર તલ વિગેરેનાં કાળાં ચિહ્નો, (વળી ગયેલી કેડ વિગેરે) અસ્તવ્યસ્ત અવયવો, કદરૂપાપણું, કંપ (ધ્રુજવું તે), ખડબચડાપણું, શોક, મોહ, શિથિળતા, રાંકપણું, ચાલવાની શક્તિનો નાશ અથવા અલ્પભાવ, અંધપણું, બહેરાપણું, દાંત પડી જવાપણું, દાંત ખરી જવાપણું વિગેરે છે તે તેની સાથે દેખાય છે અને એમાં વાયુ[2] સર્વથી આગળ ચાલે છે. જરાની સાથે એ સર્વ આવે છે અને યોગ્ય વખતે પોતાની અસર બતાવતા જાય છે. વાયુ એમાં સર્વથી વધારે આગળ પડતો ભાગ લે છે. જીવનશક્તિ[3] મંદ પડતી જાય છે એટલે શરીરમાં વાયુનું જોર વધતું જાય છે. એ સર્વ પરિવારથી પરવરીને એ જરા બેઠેલી છે અને જાણે મસ્ત થયેલી મદવાળી હાથણી હોય નહિ તેમ ચારે તરફ મ્હાલે છે અને આનંદ કરે છે. આવો જરાનો પરિવાર છે તે તારા સમજવામાં આવ્યું? હવે એ જરા જે મહા શત્રુનું કામ કરે છે તે દૃઢ નિશ્ચયપૂર્વક કોને પીડા કરે છે તે તારા સવાલનો જવાબ આપું છું તે સાંભળઃ—

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

"એ કાળપરિણતિ દેવીનો એક મોટી શક્તિવાળો અને પ્રબળ પુરૂષાર્થવાળો દીવાળીઘોડા જેવો યૌવન (જુવાની) નામનો એક ચાકર છે. એ યૌવન યોગી છે અને જરાના હુકમથી પ્રાણીઓનાં શરીરમાં પ્રવેશ કરે છે અને પોતાની યોગશક્તિ વડે તેઓમાં બળ દાખલ કરે છે, શક્તિ પૂરે છે અને તેઓને સુંદર સ્વરૂપ આપે છે. ત્યાર પછી તે યૌવન નામનો યોગી પ્રાણી પાસે અનેક પ્રકારના વિલાસો કરાવે છે, વારંવાર હસાવે છે,[4] ચાળાચસ્કા કરાવે છે, ઉલટા સુલટા વિચારો કરાવે છે અને એવી રીતે પોતાનું પરાક્રમ બતાવે છે; તથા તેઓ પાસે ઠેકડા

યૌવન.

---

૧ 'સાઠી બુદ્ધિ નાઠી' વાળી કહેવત અત્ર લાગુ પડે છે.

૨ વાયુના જોરથી સાંધામાં દુઃખાવો થાય છે. (gout, rheumatism)

૩ vitality ઓછી થાય છે.

૪ ગપ્પાં પચીશીની આ સર્વ ધમાલ અવલોકવા જેવી છે, દરરોજના અનુભવનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મરાવે છે, કુદકા મરાવે છે, ઉલ્લાસ કરાવે છે, નાચ કરાવે છે, દોડાદોડી કરાવે છે અને તે સર્વમાં યૌવનનો મદ દેખાડી આપે છે; વળી તેઓ પાસે અભિમાન કરાવે છે, પરાક્રમ કરાવે છે, ભાંડચેષ્ટા[1] કરાવે છે, સાહસ કરાવે છે અને એવાં એવાં અનેક ઉદ્ધતાઇ ભરેલાં વર્તનો તેની પાસે કરાવે છે. આવા આવા પોતાની સાથે સેનાનીઓને લાવીને એ યૌવન, લોકોને આ દુનિયામાં નચાવે છે. લોકો પણ એવા વિચિત્ર છે કે જ્યારે એ યૌવનના સંબંધમાં પોતે આવે છે ત્યારે ભોગસંભોગના સુખથી પોતાને ઘણા જ ભાગ્યશાળી માને છે અને એવી રીતે એ કાળપરિણતિ મહાદેવીએ મોકલેલો યોગી થોડો વખત લોકોને નચાવે છે. ત્યાર પછી પેલી જરા જાણે સાક્ષાત્ રાક્ષસી જ હોય નહિ તેમ હાથમાં ખડ્ગ લઇને પેલા યૌવન નામના ચાકરને તેના પરિવાર સહિત પોતાની શક્તિથી ચૂરી નાખે છે, તેના કકડે કકડા કરી નાખે છે અને તેને જાણે તદ્દન હતવીર્ય કરી નાખે છે. એવી સ્થિતિ થાય છે એટલે લોકોની જુવાની ખલાસ થઇ જાય છે અને તેઓમાં ઘડપણ આવે છે એટલે તેઓ બાપડા હજારો દુ:ખના ભોગ થઇ પડે છે, અને અત્યંત ગરીબ રાંક જેવા થઇ જાય છે, તેમની પોતાની સ્ત્રીઓ તેમને હડધૂત કરે છે, તેમના કુટુંબીઓ તેમનો તિરસ્કાર કરે છે, તેમનાં બાળબચ્ચાંઓ તેમની મશ્કરી કરે છે, જુવાન સ્ત્રીઓ તેમના તરફ ધિક્કાર બતાવે છે, તેઓ વારંવાર અગાઉ ભોગવેલા ભોગોને દીલગીરીપૂર્વક યાદ કરતા રહે છે, વારંવાર ઉધરસ ખાધા કરે છે અને ભાંગી ત્રુટી ખાટલીમાં પડ્યા આળોટે છે, તેઓનાં નાકમાંથી લીટ ચાલ્યું જતું હોય છે, વાતવાતમાં સામા ઉપર તેઓ ગરમ થઇ જાય છે, મીજાજ ખોઇ બેસતા જરા પણ વખત લાગતો નથી, અન્યના અનાદરથી અસંતોષ પામી ક્રોધાયમાન થાય છે અને એવી રીતે જરાથી પરાભવ પામેલા પ્રાણીઓ ગતિહીન થવાથી દિનરાતભર સુઇ રહે છે.

## ૨ રુજા.

"ભાઇ પ્રકર્ષ! તારી પાસે મેં લોકોને પીડા કરવામાં તત્પર રહેનારી જરાનું વર્ણન કરી બતાવ્યું. હવે એ સાત સ્ત્રીઓમાં બીજી રુજા[2] નામની ભયંકર સ્ત્રી છે, રાક્ષસી જેવી દારૂણ દેખાવમાં લાગે છે-તેની હકીકત કહી સંભળાવું તે સમજી લે. જો એ રુજા (વ્યાધિ-

1 મશ્કરાપણું.

૨ રુજાઃ રોગપીડા, વ્યાધિ, મંદવાડ.



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

મંદવાડ ) જરાની જમણી બાજુએ બેઠેલી છે. તને યાદ હશે કે પેલા સાત રાજાઓના વર્ણન કરતી વખતે વેદનીય રાજાનું વર્ણન કર્યું ત્યારે તેની સાથે તેના મિત્ર તરીકે અસાત [1]નામના માણસનું વર્ણન કર્યું હતું. એ દુરાત્મા અસાતે પ્રેરણા કરીને આ રુજાને અહીં મોકલી આપેલી છે. એને પ્રેરણા કરનાર ખરેખરો તો તે અસાત જ છે. કેટલાક આચાર્યો એ રુજાને પ્રેરણા કરનાર તરીકે બીજા બહારના નિમિત્તો પણ બતાવે છેઃ દાખલા તરીકે તેઓ કહે છે કે બુદ્ધિ, ધીરજ અને યાદશક્તિના નાશથી વ્યાધિ થાય છે,[2] કાળ ( અવસર ) અને કર્મનો યોગ મળવો,[3] પોતાને પ્રતિકૂળ વસ્તુઓનો ઉપયોગ કરવો-એ પણ વ્યાધિનાં કારણો છે, તેમજ [4]વાત, પિત્ત અને કફમાં જે વિષમતા કરે તેને પરિણામે અને રજસ્ કે તમસ્‌નું જોર વધી જાય તેથી વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. આવાં આવાં બાહ્ય કારણોથી રુજાને પ્રેરણા મળે છે એ ખરી વાત છે, પણ એ બાહ્ય કારણોને પ્રેરણા કરનાર પણ તેજ અસાત નામનો પુરૂષ છે અને તેથી રુજાનું પરંપરાએ મૂળ કારણ અને પ્રેરક એ અસાત જ છે. એ રુજા પણ યોગી હોવાથી મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે અને ત્યાર પછી પોતાની શક્તિથી એની તંદુરસ્તી અને સ્વસ્થતાનો નાશ કરીને મંદવાડ લાવી મૂકે છેઃ તાવ, અતિસાર ( મરડો ), કોઢ, હરસ, પરમીઓ, પ્લીહ ( બરોળ-એ વ્યાધિમાં ડાબા પડખામાં રહેલ માંસખંડ વધી પડે છે), ધુમક, ( હરસ ? ), અમ્લક (?), સંગ્રહણી (ઝાડાનો વ્યાધિ,), પડખામાં શૂળ, હેડકી, શ્વાસ, ક્ષયરોગ, ભમરી ( વાઇ ), ગુલ્મ ( વાયુ. પેટની ડાબી બાજુમાં થતો રોગ. ગોળો ), હૃદયરોગ ( છાતીનો દુઃખાવો-હાર્ટ ડીઝીઝ ), મૂર્છા, સખત હેડકી, ગ્રહણી, ગ્રુજ, ખસ ( ખરજ ), કોઢ, ધાધર ( દરાજ ), અરૂચિ ( અપચો ), શોફ ( સોજા-જેમાં હાથ પગ સૂજીને થાંભલા જેવા થઇ જાય છે ), ભગંદર, ગળાના વ્યાધિ ( કંઠમાળ વિગેરે ), ચળ ( ખરજ ), જલોદર, સનેપાત, શોષ ( પાણીની

---

૧ જુઓ પૃ. ૮૮૯. ત્યાં સાત અને અસાત બેથી વેદનીય રાજા પરવરેલ બતાવેલ છે. મિત્ર તરીકે જણાવ્યો નથી.

૨ વૈદ્યકનો કોઇ પણ આધારભૂત ગ્રંથ જોવાથી જણાશે કે બુદ્ધિનાશથી અથવા સ્મૃતિનાશથી વ્યાધિ થાય છે.

૩ આ કર્મવાદીઓનો મત છે. કર્મ પરિપાકદશા પામે ત્યારે વ્યાધિ થાય છે.

૪ શરીરમાં વાત પિત્ત અને કફ ભરેલાં છે, તે અમુક પ્રમાણમાં છે, તેમાં જરા વિષમતા થાય, તે ઓછા વધારે થાય ત્યારે વ્યાધિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સખ્ત ન છીપે તેવી તરસ ), શરદી, આંખના અનેક પ્રકારના રોગો, માથાનાં અનેક પ્રકારના રોગો તેમજ વિદ્રધિ ( એક જાતનો રોગ જેમાં ચામડી લાલ થઇ જાય છે-ધનુર્વાને મળતો રોગ ) વિગેરે એ રાજાના પરિવારના માણસો-સેનાનીઓ છે, તેઓના પ્રતાપથી એ રાજા ઉપર જય મેળવવો ઘણો મુશ્કેલ છે.

નિરોગતા.

"પેલા વેદનીય રાજાના સાત નામના સેનાનીએ એ ભવચક્ર નગરમાં એક નિરોગતા નામની સ્ત્રીને મોકલી આપેલ છે, તે સ્ત્રીનું કામ ઘણું સારૂં છે. તે લોકોને સારો વર્ણ આપે છે, બળવાળા કરે છે, સુંદર શરીરવાળા બનાવે છે, બુદ્ધિમાન્ બનાવે છે, ધીરજવાળા કરે છે, સ્મૃતિ (યાદશક્તિ )વાળા બનાવે છે, હુશિયાર બનાવે છે અને એવી રીતે અનેક પ્રકારના સુખથી તેઓને આનંદ પમાડે છે. એ નિરોગતાને આ ભયંકર રાજા ક્ષણવારમાં હણી નાખે છે અને જોતજોતામાં તો પ્રાણીઓનાં શરીરમાં અને મનમાં અનેક પ્રકારની ભયંકર પીડાઓ ઉપજાવે છે. ભાઇ ! એ નિરોગતાને હણી નાખવા માટે આ રાજા પ્રાણીઓને એવી સખ્ત રીતે વળગે છે અને એક વખતે પ્રાણી ઉપર પોતાનો હલ્લો કર્યા પછી તેની પાસે એવી એવી ચેષ્ટાઓ કરાવે છે, એવા એવા ચાળા અને ચીસો પડાવે છે કે એનું વર્ણન કરતાં પાર આવે નહિ: દાખલા તરીકે જ્યારે રાજા તરફથી હલ્લો થાય છે ત્યારે પ્રાણી કરૂણા ઉપજાવે તેવા દીન સ્વરે રડે છે, વિકારવાળા સ્વરથી કકળાટ કરે છે, ઊંડા નિસાસા નાખીને મોટા સ્વરથી રોવા બેસે છે અને વિહ્વળ થઇ જઇને આરડે છે, તદ્દન રાંક વચનો બોલે છે, વારંવાર લાંબી ચીસો પાડે છે, અહીંથી તહીં અને તહીંથી અહીં તળાઇમાં કે જમીનપર આળોટે છે અને પોતાની બાજુમાં શું થાય છે તેની પણ તે બાપડાને ખબર પડતી નથી, અચેતન જેવા થઇને પડે છે-આવી રીતે તેઓ નિરંતર મંદવાડની પીડામાં પચેલા રહે છે, દરરોજ દીલગીરીમાં ખિન્નતાવાળા રહે છે, ગભરાઇ ગયેલા દેખાય છે અને જાણે તેમનું રક્ષણ કરનાર કોઇ છે જ નહિ એવા દીન અનાથ જેવા દેખાય છે, ભયથી-બીકથી બાવરા બની ગયેલા દેખાય છે, અને જાણે ખરેખર નરકમાં રહેલા નારકીના જીવો હોય તેવો ચોખ્ખો દેખાવ અહીં બતાવી આપે છે. આવી રીતે આ ભવચક્રનગરમાં એ પાપી રાજા નિરોગતાને હણી નાખીને પ્રાણીઓને અનેક પ્રકારની પીડાઓ આપે છે અને પ્રાણીઓ તેનાથી પીડાય છે, દબાય છે, કચરાય છે અને ભારે દુ:ખી થાય છે.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

## ૩. મૃતિ.

"આવી રીતે ભાઇ! મેં તારી પાસે રુજા નામની બીજી ભયંકર દેખાવવાળી પિશાચીનું વર્ણન સંક્ષેપમાં કર્યું, ત્યાર પછી ત્રીજી દારૂણ દેખાવની સ્ત્રી જેનું નામ મૃતિ (મરણ-મૃત્યુ) છે અને જેણે પોતાના પગ તળે આખા ભવચક્રને કચરી નાખેલું-દાબી દીધેલું છે તેની હકીકત તને કાંઇક કહી સંભળાવું એટલે તે કોણ છે એ પણ તારા સમજવામાં આવી જાય. તને યાદ હશે કે ચિત્તવિક્ષેપ મંડપમાં મેં તને સાત રાજાઓ બતાવ્યા હતા તેમાં એક આયુ નામનો રાજા હતો[1] અને તેની સાથે ચાર માણસનો પરિવાર હતો. એ આયુ રાજાનો ક્ષય (તત્ક્ષય) એ આ મૃતિને પ્રવર્તાવનાર છે. આ મૃતિ અથવા મૃત્યુ બહારનાં સેંકડો કારણોને લઇને પ્રવર્તે છે એ વાત ખરી છે: દાખલા તરીકે ઝેર ખાવાથી, અગ્નિ લાગવાથી, શસ્ત્ર (હથિયાર) વાગવાથી, પાણીના પુરમાં ડૂબવાથી, મોટા પર્વતપરથી ભેરવજવ ખાવાથી, મોટી બીક લાગી જવાથી, અત્યંત ભુખ લાગવાથી, મોટા વ્યાધિનો ભોગ થઇ જવાથી, ઝેરી સર્પના કરડવાથી, હાથીના પગતળે કચરાવાથી, ઘણી તરસ લાગવાથી, અત્યંત સખ્ત ઠંડી લાગવાથી, અસહ્ય ગરમી થઇ જવાથી અથવા લુંટાઇ જવાથી, ઘણો ભારે શ્રમ કરવાથી, ઘણી વેદના થઇ આવવાથી, ઘણો આહાર કરવાને પરિણામે સખ્ત અપચો થઇ જવાથી, લાંબા વખત સુધી દુર્ધ્યાન થઇ જવાથી, થાંભલા ભીંત વિગેરે સાથે અફળાવાથી, અત્યંત મોટો શ્રમ થઇ જવાથી, શ્વાસોશ્વાસ ગુદામળ અથવા પવનના એકદમ અટકી જવાથી અથવા તેવાં તેવાં બીજાં અનેક કારણોથી મરણ આવતું જણાય છે, પરંતુ એ સર્વને પ્રેરણા કરનાર, એ બહારનાં કારણોને એકઠાં કરી આપનાર તો તે આયુરાજનો ક્ષય જ હોય છે. તેટલા ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે એ આયુનો ક્ષય એ મૃતિનો પ્રવર્તાવનાર છે. હવે એ મૃતિમાં શક્તિ કેટલી છે તે કહું છું તે સાંભળ: એ પ્રાણીઓના શ્વાસોશ્વાસને લઇ લે છે, હરી લે છે, બંધ કરી દે છે, તેમની ભાષાને બંધ કરી દે છે, તેઓની સર્વ ચેષ્ટાઓ અને હીલચાલ અટકાવી દે છે, તેઓના લોહીનું પાણી કરી મૂકે છે, તેઓનાં શરીર અને મ્હોં તદ્દન વિકારવાળાં બનાવી દે છે અને તદ્દન લાકડાજેવાં બનાવી દે છે, વળી તે પ્રાણીનાં શરીરને થોડીવારમાં દુર્ગંધથી ભરપૂર કરી મૂકે છે અને પ્રાણીને દીર્ઘ નિદ્રામાં સુવાડી દે છે.

---

૧ જુઓ પૃ. ૯૮૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બીજી પિશાચીઓને પોતાની સહાયમાં મોટો પરિવાર રાખવો પડે છે ત્યારે આ મૂર્તિબાઇ તો પોતાની સાથે પરિવારમાં કોઇને રાખતી જ નથી અને પરિવારની તેને દરકાર કે જરૂર પણ રહેતી નથી, કારણ કે એ એવી જબરી છે કે તદ્દન એકલી હોય તો પણ પોતાના સર્વ કામને પહોંચી વળી શકે તેવી છે. એ પિશાચી એકલી તીવ્ર શક્તિથી બધું કામ પાર પાડી લે છે; એનું કારણ એ છે કે એના નામ માત્રથી સ્થાવર અને જંગમ ત્રણે ભુવનના લોકો અને ખુદ દેવેંદ્ર અને ચક્રવર્તી પણ મનમાં થરથરી જાય છે અને ધ્રુજી ઊઠે છે, મોટી મોટી શક્તિ, બળ અને ત્રણભુવનપ્રસિદ્ધ ક્ષાત્ર તેજવાળા મોટા રાજા રાણા કે શેઠો પણ તેનું નજીકમાં નામ સાંભળે ત્યાં તો બીકથી તદ્દન કાયર બની જાય છે. આવો જ્યાં તેનો પોતાનો દોર ચાલતો હોય ત્યાં પછી એને પરિવારની શી જરૂર પડે? તે તો દુનિયામાં સંભળાતાં અત્યંત અદ્ભુત કાર્યો છેટે રહીને પણ તદ્દન એકાકી હોઇને કરી શકે છે અને તે પ્રમાણે હોવાથી જોસથી પોતાનું કામ કરનારી આ પિશાચણી પોતાના ઐશ્વર્યના ઠાઠમાં પોતાની મરજીમાં આવે ત્યાં વિચરે છે, હરે છે, ફરે છે, પોતાનો દોર બરાબર સર્વત્ર ચલાવે છે અને તેમ કરવામાં કોઇની જરા પણ અપેક્ષા રાખતી નથી, કોઇની દરકાર કરતી નથી. ભવચક્રનગરમાં રહેનાર કોઇ પણ પ્રાણી પછી ભલે તે મોટો ચક્રવર્તી શેઠ કે રાજા હોય અથવા તદ્દન ભીખારી હોય, ગમે તો અવસ્થામાં ઘરડો થયેલો હોય અથવા તદ્દન જુવાન હોય, ગમે તો મોટો બળીઓ હોય અથવા તદ્દન દુબળો દમલેલ હોય, ગમે તો મોટો બહાદુર હોય અથવા દયા ઉપજાવે તેવો હોય, ગમે તો આનંદલીલા કરતો હોય અથવા મોટી આપત્તિમાં આવી પડેલો હોય, ગમે તો સગો ભાઇ હોય અથવા મોટો દુશ્મન હોય, ગમે તો જંગલમાં તપ કરનાર તાપસ હોય અથવા તો સંસારી ગૃહસ્થ હોય, ગમે તો સરખો ભલો લાયક પ્રાણી હોય અથવા તો સરખાઇ વગરનો ગોટાળીઓ પ્રાણી હોય–ટુંકામાં કહીએ તો ગમે તેવી અવસ્થામાં રહેનારો અથવા રહેલો ભવચક્રનો પ્રાણી હોય તેના ઉપર તે પોતાનો દોર બરાબર ચલાવે છે.

"ઉપર જણાવેલ આયુ રાજાની એક જીવિકા નામની બહુ સારી સ્ત્રી છે, તે આયુરાજાની અંગભૂત છે, તેના મય છે અને તે ઘણી સારી રીતે જાણીતી થયેલી છે. એ જીવિકા લોકોને આનંદ આપવામાં અને રાજી કરવામાં ઘણી કુશળ છે અને તે કામ તે દરરોજ બજાવતી રહે છે

જીવિકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એ જીવિકાના જોરથી લોકો પોતપોતાનાં સ્થાનમાં સુખેથી રહે છે અને આવી રીતે લોકોનું તે હિત કરનારી હોવાથી સર્વને ઘણી વહાલી લાગે છે. આવી સુંદર જીવિકાને મારી નાખીને-તેનું ખૂન કરીને એ ભયંકર પિશાચણી મૃતિ લોકોને બાપડાઓને પોતાને ઠેકાણેથી ખસેડીને બીજે ધકેલી મૂકે છે અને તેવું કામ કરવામાં એ પાપી રાક્ષસીને આનંદ આવે છે. વળી લોકોને બીજે મોકલી આપે છે એટલું જ નહિ પણ તે એવી ખરાબ રીતે મોકલે છે કે તેઓ પાછા પોતાને અસલ સ્થાને આવી શકે જ નહિ, અથવા શોધ્યા દેખાય પણ નહિ: પેલા [1]રિપુકંપનને જેમ કાઢી મૂક્યો તેમ તેઓને દૂર લઇ જાય છે. અને વળી ખાસ વાત તો એ છે કે મૃતિના આદેશથી લોકો બીજી જગ્યાએ જાય છે ત્યારે અહીનાં ધન, ઘરબાર, સગાસ્નેહીઓ અને સંબંધીઓ સર્વને અહીં મૂકીને તદ્દન એકલા જ ચાલ્યા જાય છે, તે સર્વ મેળવવા માટે ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય છતાં પણ તે સર્વને મૂકીને ચાલ્યા જાય છે અને પોતાની સાથે લાંબી મુસાફરીમાં ભાથા તરીકે માત્ર ખરાબ કે સારાં કૃત્યોનેજ[2] લેતા જાય છે અને એવી રીતે સુખ દુઃખથી ભરપૂર મોટે રસ્તે પડી જાય છે. ત્યાર પછી તેના છોકરા કે સગાઓ થોડો વખત રડવા કૂટવાની ધમાલ કરે છે અને પછી થોડા વખતમાં પોતપોતાને કામે લાગી જાય છે, ખાય છે, પીવે છે અને સર્વ વ્યવહાર કરે છે, મરનારના ધનના ભાગ પાડે છે, તેને માટે પરસ્પર લડે છે, અને જેમ કૂતરાને એક માંસનો ટુકડો મળે તો અરસ્પરસ સામસામી ખેંચતાણ કરે તેવો દેખાવ કરી મૂકે છે. હવે એવા પૈસા એકઠા કરવામાં જે પ્રાણીએ પાપના થોકડાઓ બાંધ્યા હોય છે તે તો મરીને મૃતિના આદેશથી અન્ય સ્થાને ગયેલા એકલા પોતે અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે અને પછવાડે રહેનારા તેના ધનને માટે લડી મરે છે, પણ મરનારની પીડામાં ભાગ લેવા કોઇ આવતું નથી. આવી અત્યંત ત્રાસજનક સ્થિતિ એ મૃતિ નામની ત્રીજી પિશાચણી ઉત્પન્ન કરે છે.

**૪. ખલતા.**

"જૂદા જૂદા આકારનાં સ્થાનોમાં આ નગરમાં પ્રાણીઓને ઘુમાવતી મૃતિ નામની પિશાચણીની હકીકત મેં તને કહી સંભળાવી. એ ભવચક્રમાં લોકોને એક ઠેકાણેથી બીજે અને બીજેથી ત્રીજે એમ

૧ જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૨૩ મું. રિપુકંપન ત્યાં પુત્રમરણથી મરણ પામે છે. પૃષ્ઠ ૯૫૧. એ રિપુકંપનને કથાનાયક રિપુદારણ સાથે ભેળવી ન નાખવો.
૨ પાપ અને પુણ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં તહીં ફેરવે છે; હવે તને જ્યારે બધી હકીકત સાંભળવાનું કૌતુક થયું છે તો ચોથી [1]ખલતા નામની પિશાચણી છે તેની હકીકત પણ બરાબર સમજાવું છું. મૂળ રાજા( કર્મપરિણામ )નો પાપોદય નામનો એક સેનાની છે તે આ ખલતાને ભવચક્રનગરમાં પ્રેરણા કરીને મોકલે છે. દુર્જનનો સંગ, તેની સાથે સંબંધ એથી પણ એ ખલતા પ્રેરાતી હોય એમ દેખાય છે, પણ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરવામાં આવશે તો જણાશે કે એનો અસલ હેતુ તો પાપોદય જ છે, કારણ કે એવો દુર્જનસંગ પણ પાપોદયને લીધે જ થાય છે. એ ખલતા જ્યારે શરીરમાં વર્તતી હોય છે ત્યારે તે પોતાની શક્તિ અનેક પ્રકારે બતાવે છેઃ પ્રાણીઓનાં મનને તે પાપ તરફ ઢળતું કરે છે, પાપ કરવાની ઇચ્છાવાળું કરે છે અને પાપ તરફ પ્રેમવાળું બનાવે છે. લુચ્ચાઇ, ચાડીચુગલી, ખરાબ વર્તન, પારકાં અપવાદ, ગુરૂ મહાત્માનો દ્રોહ, મિત્રનો દ્રોહ, કરેલા ગુણને વિસારી અપકાર કરવાપણું ( કૃતઘ્નપણું ), લજ્જારહિતપણું, અભિમાન, અદેખાઇ, પરમર્મઉદ્ઘાટન ( ખોલવાં તે ), ધીઠાઇ ( ધૃષ્ટતા ) પરપીડન તેમજ ઇર્ષા વિગેરે એ ખલતાના સહચારીઓ જાણવા.

સૌજન્ય.

મૂળ મહારાજા કર્મપરિણામનો એક બીજો મહા ઉત્તમ સદ્ગુણી સેનાની છે તેનું નામ પુણ્યોદય છે. આ પુણ્યોદય નામના સેનાનીએ પોતાના તરફથી સૌજન્ય[2] નામના મહા ઉત્તમ માણસને આ ભવચક્રનગરમાં મોકલી આપેલો છે. સૌજન્ય વળી પોતાની સાથે સારી શક્તિ, ધીરજ, ગંભીરતા, વિનય, નમ્રતા, સ્થિરતા, મીઠાં વચન, પરોપકાર, ઉદારતા, દાક્ષિણ્ય, કૃતજ્ઞત્વ ( કરેલ ગુણોની બુઝ ), સરળતા વિગેરે અનેક સેનાનીઓને લઇને આવે છે. તે જ્યારે મનુષ્યના સંબંધમાં આવે છે ત્યારે તે માણસનાં મનને એકદમ મનોહર બનાવી દે છે અને તેને સારા અમૃત જેવું સુંદર કરી મૂકે છે; તે ઉપરાંત વળી એ સૌજન્ય વિશુદ્ધ ધર્મની અને લોકોની મર્યાદા મુકરર કરે છે, લોકોમાં સુંદર આચાર પ્રવર્તાવે છે, લોકોમાં મિત્રતા વધે તેવી સલાહ આપે છે અને લોકોમાં અરસપરસ સાચી રીતે સારો વિશ્વાસ બેસે એવી ઘણી

---

૧ ખલતાઃ લુચ્ચાઇ, દગો, દુર્જનતા.

૨ સૌજન્યઃ સજ્જનતા. સારા માણસ હોવાપણું. સૌજન્ય ઉપર એક ઘણો લાંબો લેખ શ્રી જૈન ધર્મ પ્રકાશમાં ભા. ૬. એ લખ્યો છે ત્યાંથી તે વિચારી જવો. એ લેખ થોડા વખતમાં પુસ્તકાકારે બહાર પડશે.

જૈન साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુંદર ઘટના કરી આપે છે. એની વધારે સારી બાબત તો એ છે કે આ ભવચક્રમાં જ પ્રાણીઓમાંના કેટલાકને તો પોતાના અત્યંત સૌંદર્યના યોગે તે મિથ્યાત્વને દૂર કરી એટલી બધી સારી બુદ્ધિ આપે છે કે પ્રાણી સામાન્ય જનપ્રવાહથી ઘણો ઊંચો ચઢી જાય, આગળ નીકળી આવે અને અનુકરણયોગ્ય થઇ જાય. આવું ઘણું સુંદર કામ સૌજન્ય આ ભવચક્રમાં કરે છે તે સૌજન્યની સાથે એ પિશાચણી ખલતા મોટી દુશ્મનાઇ રાખે છે, એનું કારણ ઉઘાડું છે: એ (સૌજન્ય) અમૃત છે ત્યારે આ બાઇશ્રી ખરેખર કાળકુટ વિષથી પણ અધિક છે. એ પાપી સ્ત્રી પોતાના પરાક્રમથી સૌજન્યનું ખૂન કરે છે અને પછી આ (ભવચક્ર) નગરના માણસોને પોતાના પરિવાર સહિત એ એવી તો સખ્ત રીતે વળગી પડે છે, ભેટી પડે છે કે કાંઇ વાત કરવાની નહિ! વળી વધારામાં એ પોતાની સાથે પોતાના પરિવારને પણ લેતી આવે છે. એના સંબંધમાં આવવાથી અલબત સૌજન્ય તો ચાલ્યું જ જાય છે, અને ત્યાર પછી પ્રાણીઓ જે ચેષ્ટા કરે છે તે વાત તો કાંઇ બોલવા જેવી નથી, માત્ર ટુંકામાં તને એની અસર તળે માણસો કેવાં કેવાં વર્તનો કરે છે તે કહી જઉં: ખલતાની અસર નીચે આવ્યા પછી માણસો અનેક પ્રકારનાં કપટો કરે છે, અન્યને છેતરવા તૈયાર થઇ જાય છે, દ્વેષયંત્રથી દબાઇ જાય છે, દ્વેષમય થઇ જાય છે, સ્નેહસંબંધને તિલાંજલિ આપી દે છે, ઉઘાડા લુચ્ચા થઇ જાય છે, એક પણ સારૂં કામ તેમને અડે તો તેઓ અભડાઇ જાય એવી સ્થિતિ તેમની થઇ જાય છે, કોઇ તેમના પરિચિત હોય તેની સામે કુતરાની જેમ ઉલટા તેઓ ઘુરકતા-ભસતા જાય છે પોતાના ખાસ સંબંધીઓને પણ ખાઇ જઇને[1] કુતરાથી પણ વધે છે. પોતાના જ્ઞાતિવર્ગ કે વિભાગના રિવાજોથી ઉપરાંઠા થઇને ચાલે છે, અન્યનાં છિદ્રો-ગુહ્ય બાબતો ઉઘાડાં પાડે છે, સ્થિર માણસોને કે વસ્તુઓને નીચે પાડે છે, અસ્થિર બનાવી દે છે, સ્થિર કાર્યની હારને તોડી નાખતાં એ ખળરૂપ ઊંદરો[2] સર્વત્ર ઉદ્વેગ ઉદ્વેગ કરી મૂકે છે, વાતાવરણ આખું વિષમય બનાવી દે છે અને જીવનને બોજારૂપ કરી મૂકે છે, ચિત્તમાં કોઇ જૂદીજ બાબતનો વિચાર કરતા હોય છે, વચનથી વાત તદ્દન બીજી જ કરે છે અને એ લુચ્ચાઓ લુચ્ચાઇની અસરતળે

---

૧ કુતરા પોતાના વર્ગના પ્રાણીને ભસે છે પણ તેમને ખાઇ જતા નથી અને ખલતાયુક્ત પ્રાણીઓ-ખળો તો સામાને ખાઇ પણ જાય છે.

૨ ઊંદરો ગોઠવેલી વસ્તુની હારને દોડાદોડમાં પાડી નાખે છે તે દરરોજના અનુભવનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્ય તદ્દન ત્રીજું જ કરે છે, કોઇ વખત અનુકૂળ પડે તેમ લુચ્ચાઇથી ગરમ થઇ જાય છે, કોઇ વખત તદ્દન ઠંડાગાર બની જાય છે, કોઇ વખત મધ્યમ સ્થિતિ ધારણ કરે છે એટલે બહુ ગરમ નહિ બહુ ઠંડી નહિ તેવી સ્થિતિ લઇ લે છે, સારાંશ કે તેઓ કોઇ માણસને સખ્ત તાવમાં સન્નિપાત થયો હોય તેમ એક સરખી સ્થિતિ–એક રૂપ રાખી શકતા નથી, વારંવાર દુર્જનતાને ફાવે તેવાં રૂપો ધારણ કરે છે.[1] આવી રીતે આ ચોથી પિશાચણીનું અને તેને વશ પડેલાઓનું વર્ણન તને કરી બતાવ્યું, માત્ર તને તેની હકીકત સાંભળવાની ઘણી ઇચ્છા હતી તેથી જ એની વાત કરી બતાવી, બાકી મને તો એ પિશાચણી કે એને વશ પડેલાઓનાં નામ લેવાનું પણ મન થતું નથી.

## ૫. કુરૂપતા.

"ભાઇ પ્રકર્ષ! એ ચોથી પિશાચણી (ખલતા)નું તારી પાસે સંક્ષેપમાં વર્ણન કરી બતાવ્યું. હવે તને ટુંકામાં કુરૂપતા નામની પાંચમી દારૂણ સ્ત્રી છે તેની હકીકત કહી સંભળાવું છે. અગાઉ ચિત્તવિક્ષેપ મંડપનું તારી પાસે વર્ણન કર્યું તે વખતે બેંતાળીશ માણસના પરિવારથી પરવરેલા નામ નામના પાંચમા રાજાનું તારી પાસે વર્ણન કર્યું હતું[2] તે તને યાદ હશે. એ નામ નામનો રાજા અતિ દુષ્ટતાપૂર્વક આ કુરૂપતા(કદરૂપાપણું)ને ભવચક્ર નગરમાં મોકલી આપે છે.[3] એ કુરૂપતાને પ્રેરણા કરનાર બહારનાં ઘણાં કારણો દેખાય છે અને તેને લઇને કુરૂપતા થતી જણાય છે: દાખલા તરીકે અનિયમિત અને ખરાબ આહાર અને વિહાર (ગમન કરવું વિગેરે)ને પરિણામે શરી-

[1] દુર્જનતાનાં રૂપો માટે જેટલું વર્ણન કરવામાં આવે તેટલું ઓછું છે. જેટલી ખરાબ સ્થિતિઓ દુનિયામાં થઇ શકે તેની કલ્પના કરવામાં આવે તો તે સર્વ આ ખલતામાં આવે છે. લુચ્ચા માણસની રીતિ જ એવી વિચિત્ર હોય છે કે એના ઉપર જેમ અવલોકન કરવામાં આવે તેમ વધારે ઊંડાણમાં લુચ્ચાઇ મળે. સજ્જન પુરૂષો એ રીતિ સમજી પણ શકતા નથી અને સમજવા પ્રયત્ન કરવો એ તેમને ગમતું પણ નથી.

[2] જુઓ પૃ. ૫૬૯.

[3] નામકર્મ પૈકી **નિર્માણ** નામકર્મથી અવયવો યોગ્ય સ્થાને ધાટસર થાય છે, **સંસ્થાન** નામ કર્મથી સારી આકૃતિ થાય છે, **શુભ વિહાયોગતિથી** સારી ગતિ થાય છે, **શુભ** નામકર્મથી સારૂં શરીર થાય છે. અંગ ઉપાંગ અને અંગોપાંગ પણ સારાં થવાં એ પુણ્યોદય છે અને નામકર્મપ્રેરિત છે. એથી ઉલટાં કર્મોથી સર્વ કદરૂપું થાય છે. નામકર્મનું સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથમાં વિસ્તારથી આપવામાં આવ્યું છે. પુણ્ય અને પાપ તત્ત્વ (નવ તત્ત્વ)નો વિસ્તાર નવતત્ત્વમાંથી સાધારણ પ્રકારે મળી આવે છે તે જુઓ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રમાં રહેલ કફ વિગેરે પ્રકોપ પામે છે અને તેને પરિણામે કદરૂપતા થાય છે, પણ એ સર્વ બહારનાં કારણ છે; તાત્ત્વિક કારણ તો એ નામકર્મ રાજાની પ્રેરણા જ છે. હવે એ પિશાચણીની શક્તિ કેટલી છે તે તું સમજી લેઃ એ જ્યારે મનુષ્યના દેહમાં વર્તતી હોય છે ત્યારે એ પ્રાણીનું આંખને મહા ઉદ્વેગ થાય તેવું રૂપ કરે છે, ઉપરાંત વળી તે પોતાની સાથે (પ્રાણીમાં) લંગડાપણું લાવે છે, પ્રાણીને અશીણી એદા જેવા બનાવે છે, ઠીંગણા વામનજી જેવા બનાવે છે, આંધળા કરે છે, દમલેલ કરે છે, શરીરે ખોડખાંપણવાળા કરે છે અથવા લાંબા તાડ જેવા કરે છે. આ સર્વ લંગડાપણું, નબળાઇ, કુબડાપણું, વામનજીપણું, લાંબાપણું વિગેરે એ કુરૂપતાના પરિવારમાં હોય છે અને તે તેની સાથે આવે છે. પોતાના પરિવારની સાથે આવીને એ[1] પિશાચણી આનંદથી વિલાસ કરે છે અને મનમાં મલકાયા કરે છે.

સુરૂપતા.

"વળી વધારે ખૂબીની વાત તો એ છે કે એજ **નામ** મહારાજાએ હોંસમાં આવીને એક સુરૂપતા[2] નામની દાસીને પ્રેરણા કરીને આ ભવચક્રમાં મોકલી આપી છે. જોકે સુરૂપતા (સારૂં રૂપ હોવાપણું)ને ઉત્પન્ન કરનાર કેટલાંક બાહ્ય કારણો પણ જણાવવામાં આવે છે, જેમકે સારા અને નિયમિત આહાર વિહારથી પ્રાણીને સુંદર રૂપ-આકૃતિ થાય છે, પણ એનું તાત્ત્વિક કારણ તો એ **નામ** મહારાજાપ્રેરિત સુરૂપતા જ છે. એ જ્યારે આ પ્રાણીના સંબંધમાં આવે છે ત્યારે તેને એવો સુંદર બનાવે છે કે કોઇ તેની સામું જુએ તો જોનારની આંખ ઠરે અને હર્ષમાં આવી જાય, એનો દેખાવ ઘણો જ પ્રસન્નતા કરે તેવો તે બનાવે છે, એની આંખો તે કમળ જેવી બનાવે છે અને એનાં શરીરનાં પ્રત્યેક અવયવ યોગ્ય જગ્યાએ શોભે તેવાં તેટલાં લાંબાં ટુંકાં જાડાં પાતળાં બનાવી આપે છે, જાણે એક હાથી ચાલતો હોય તેના જેવી તેની રમણીય ચાલ બનાવે છે અને જાણે સાક્ષાત્ દેવકુમાર હોય તેવું તેનું રૂપ બનાવી દે છે અને આવું સુંદર રૂપ બનાવીને તે લોકોને આનંદ આપનારી સુરૂપતા કૃતાર્થ થાય છે. એ સુરૂપતા અને કુરૂપતાને કુદરતી રીતે જ મોટી દુશ્મનાઇ છે. એ સુરૂપતાને મારી નાખીને રાક્ષસી કુરૂપતા યોગિનીની માફક પ્રાણીઓનાં શરીરમાં પ્રગટ થાય છે. પછી બાપડા પ્રાણીઓ સુંદર રૂપ આકૃતિ વગરના તદ્દન કદરૂપા થઇને એવા ખરાબ લાગે છે કે લોકો તેમની સામું જુએ તો તેમની નજરને પણ

---

૧ અહીં બેંગાલ રો. એ. સોસાયટિવાળા મૂ૰ પુસ્તકનું પૃ. ૬૫૨ શરૂ થાય છે.

૨ જુઓ સદર નં. ૩. પૃષ્ઠ ૧૦૦૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્વેગ થઇ આવે, એથી તેઓ [1]આદેય નામકર્મ વગરના, પોતાની હીનતા થઇ જશે એવી શંકામાં નિરંતર રહેનારા અને મશ્કરી હાંસીનાં સ્થાનભૂત થઇ પડે છે, પોતાના રૂપથી ગર્વ કરનારા બાળ જીવો તેને જોઇને હસે છે, તેની કદરૂપતા ઉપર ટીકા કરે છે. વળી એ ઉપરાંત એક બીજી વાત પણ યાદ રાખવાની છે કે એવા વામનજી કે કુબડાઓ હોય છે તે ઘણે ભાગે તદ્દન ગુણવગરના હોય છે, વર્તનમાં બહુ સારા જવલ્લે જ હોય છે, કારણ કે **आकृतौ च वसन्त्येते, प्रकृत्या निर्मला गुणाः । સામાન્ય રીતે નિર્મળ ગુણો સારી આકૃતિમાં જ સ્થાન પામે છે-વસે છે-રહે છે,**[2] આવી રીતે એ કુરૂપતા આ દુનિયામાં અનેક પ્રકારે વિડંબના કરનારી છે તે ભાઇ પ્રકર્ષ ! તારા સમજવામાં આવ્યું હશે.

**૬. દરિદ્રતા.**

"ભાઇ પ્રકર્ષ ! લોકોને વિડંબના કરનારી કુરૂપતા સંબંધી હકીકત તને સંક્ષેપમાં કહી બતાવી. હવે દરિદ્રતા સંબંધી હકીકત તને કહું છું તે તું લક્ષ્ય રાખીને સાંભળ. વત્સ ! આ દરિદ્રતાને પ્રેરણા કરીને મોકલનાર તો પેલો પાપોદય નામનોજ સેનાપતિ છે. જે [3]ખલતાને ભવચક્રમાં મોકલે છે તેજ પાપોદય આ દરિદ્રતાને પણ મોકલી આપે છે. દરિદ્રતાને અહીં મોકલતી વખતે એ પાપોદય અંતરાય[4] નામના સાતમા રાજાને આગળ કરે છે. એ પાપોદય દરિદ્રતાનો ખરેખરો કારણભૂત છે, બાકી બાહ્ય નજરે લોકો તો એ ગરીબાઇનાં ઘણાં કારણો યોજે છે અને તેજ તેનાં કારણો છે એમ માને છે. એ બાહ્ય કારણો ક્યાં ક્યાં છે તે પણ તને કહી સંભળાવું છું: જળ (પાણીનું પૂર, અતિવૃષ્ટિ વિગેરે), અગ્નિ (આગ થવી), લુંટારા, રાજા, સગાં, ચોર, મદ્ય (દારૂ, ભાંગ, ગાંજો), દ્યૂત (જુગાર, સટ્ટો, તેજીમંદી, વાયદા વિગેરે), ભોગીપણું, વેશ્યાગમન, ખરાબ ચાલચલગત અને એ સિવાય બીજાં જે કોઇ કારણો ધનહાનિને પોતાના મિત્ર બનાવ-

---

૧ **આદેયનામકર્મ**ના ઉદયથીનું પ્રાણીનું વચન લોકોમાં માનનીય થઇ પડે છે, તે જે બોલે તે વાતને લોકો ટેકો આપે છે અને તે જાહેરમાં સર્વાનુમતે પોતાની હકીકત અત્યંત આનંદપૂર્વક અલ્પ પ્રયાસે પસાર કરાવી શકે છે.

૨ आकृतिर्गुणान्कथयति એ સામાન્ય ઉક્તિ છે. અનુભવથી પણ એમજ જણાય છે; છતાં કદરૂપા માણસો હમેશા તદ્દન નિર્ગુણી હોય એવું નથી. એકંદરે ગ્રંથકર્તાએ 'પ્રાયે-ઘણે ભાગે' એવો શબ્દ મૂક્યો છે તે યોગ્ય છે.

૩ જુઓ પૃ. ૧૦૦૩.

૪ અંતરાય રાજાની હકીકત માટે જુઓ પૃ. ૯૯૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારાં હોય એટલે જેથી ધનની હાનિ થતી હોય એ સર્વ દરિદ્રતાને પ્રેરણા કરનાર હેતુઓ તારે સમજવા, પરંતુ તત્ત્વદષ્ટિથી વિચારવામાં આવશે તો પાપોદય નામનો સેનાપતિ અંતરાય નામના રાજાને લઇને એ સર્વને અમલમાં મૂકે છે અને દરિદ્રતાનું વાસ્તવિક કારણ એ પાપોદય જ છે. હવે એ દરિદ્રતા પ્રાણીની કેવી સ્થિતિ કરે છે તે તારે ધ્યાનમાં રાખવા યોગ્ય છેઃ એ પ્રાણીને ધનની ગંધ પણ જેને ન હોય તેવો નિર્ધન બનાવી દે છે અને આગળ ઉપર ધનના ઢગલા પોતાને મળશે એવી ખોટી આશાના પાશમાં નાંખી મૂઢ બગુચક જેવો બનાવે છે. એ દરિદ્રતાના પરિવારમાં દીનતા, પરિભવ ( તિરસ્કાર, અનાદર ), મૂઢતા, [1]અતિસંતતિ હોવાપણું, હૃદયની ઓછપ ( નબળાઇ-પાછા પડી જવાપણું), ભિક્ષા માગણી, લાભ (પ્રાપ્તિ)નો અભાવ, ખરાબ ઇચ્છાઓ, ભુખ, અત્યંત સંતાપ, કુટુંબીઓની વેદના પીડા કકળાટ વિગેરે હોય છે એટલે જ્યાં દરિદ્રતા રાક્ષસી આવે છે ત્યાં તેની સાથે દીનતા, ભિક્ષા અને ભુખ સાથે જ આવે છે.

ઐશ્વર્ય.

"હવે એક બીજી વાત કહું. કર્મપરિણામ રાજાના બીજા સેનાપતિ પુણ્યોદયે આ દુનિયામાં પોતાની તરફથી એક ઐશ્વર્ય નામનો ઉત્તમ માણસ જે લોકોને અત્યંત આહ્લાદ કરાવનારો છે તેને મોકલી આપેલો છે. એ ઐશ્વર્યની સાથે સારાપણું-ભલમનસાઇ, ઘણોજ હર્ષ, હૃદયનો વિશાળ ભાવ, ગૌરવ, સર્વજનપ્રિયપણું, લલિતપણું, મોટી શુભ ઇચ્છાઓ વિગેરે આવે છે અને એ પ્રાણીને ઘણા પૈસાના સમૂહથી ભરપૂર કરી દે છે, જન સમૂહમાં તેને મોટો બનાવે છે, સુખી બનાવે છે, લોકમાન્ય બનાવે છે અને એ સર્વ સુંદર પરિસ્થિતિ ઐશ્વર્ય લીલામાત્રમાં કરે છે. દરિદ્રતા પોતાના પરિવાર સાથે આવવાની ઇચ્છા કરે છે ત્યારે આ ઐશ્વર્ય નામના આહ્લાદ કરાવનાર નરોત્તમને મૂળથી ઉખેડી નાખવાની ચતુરાઇ ધરાવે છે, કારણ કે દરિદ્રતા અને ઐશ્વર્ય બન્ને એક જગોએ એકી સાથે ઘડિવાર પણ ટકી શકતા નથી, રહી શકતા નથી અને ઐશ્વર્ય પેલી દરિદ્રતાના ત્રાસથી નાસીને દૂર ભાગી જાય છે. આવી રીતે ઐશ્વર્યને દૂર કાઢ્યા પછી પ્રાણી તદ્દન સંપત્તિ વગરનો થઇ જાય છે, દુઃખથી ભરપૂર થઇ જાય છે અને તદ્દન વિકળ મનવાળો થઇને ઘણો નાસીપાસ થઇ જાય છે અને આગળ જતાં ધન મળશે એવી ખોટી આશાના પાશથી બંધાઇને થોડા ઘણા

૧ અતિસંતતિઃ બહુ છોકરાં એ દરિદ્રતાની નિશાની છે. અન્યત્ર પણ આવા વિચારો નીતિજ્ઞ બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૈસા મેળવવાની લાલચે જૂદા જૂદા ઉપાયો અજમાવે છે અને ધનવાન્ થવાની આશામાં રાતદિવસ દુઃખી થાય છે, અનેક રીતે ધન મેળવવાનાં ફાંફાં મારે છે. એ બાપડો ધન મેળવવાના અનેક ઉપાયો કરે છે ત્યારે પેલો પાપોદય જેમ પવનનો સપાટો વાદળાંઓને વિખેરી નાંખે તેમ જોસથી તેના સર્વ પ્રયત્નોને ઉલટા પાડી નાખે છે એટલે એના પૈસા મેળવવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ કરે છે; પછી એ ભાઇશ્રી રડવા બેસે છે, મનમાં વધારે વધારે ખેદ પામે છે, જે પૈસા પેદા કરવા ધાર્યા હતા તે જાણે પોતાના જ હતા એમ માની લઇને તે ન મળતાં શોક કરે છે અને પારકા પૈસા ઉઠાવી લેવાના કે પચાવી પાડવાના પ્રયત્નો આદરે છે. પોતાની પાસે એક ફૂટી બદામ પણ ન હોવાથી કાલે ઘી ક્યાંથી લાવશું? ક્યાંથી તેલ લાવશું? ક્યાંથી અનાજ લાવશું? ક્યાંથી સરપણ (બળતણ) લાવશું? એ સર્વ લાવવાના પૈસા ક્યાંથી મળશે? એવી કુટુંબચિંતાથી આપડાને રાત્રીએ જરાએ ઉંઘ પણ આવતી નથી. એવી ચિંતાને પરિણામે જેમ તેમ કરીને પૈસા મેળવવા માટે અનેક ન કરવા યોગ્ય કામો કરે છે, પોતે ધર્મકાર્ય કરવાથી તદ્દન વિમુખ થઇ જાય છે, મનમાં માને છે કે ધર્મ કરવામાં કાંઇ સાર નથી કારણ કે (તેની નજરે) ધર્મ કરનાર દુઃખી દેખાય છે જ્યારે ધર્મ ન કરનાર સુખી દેખાય છે, પરિણામે લોકોમાં હલકાઇ પામે છે અને તરખલાથી પણ તેની ઓછી કિમત થાય છે. તેમની સ્થિતિ જોઇ હોય તો તેઓ બીજાનું કામકાજ કરનારા, સંદેશા લઇ જનારા લાવનારા, તદ્દન દીન દેખાવવાળા, ભુખથી તદ્દન લેવાઇ ગયેલા હાડપિંજર જેવા, મેલથી ભરપૂર, દેખાવ માત્રથી જ અનેક દુઃખોથી પીડિત આકૃતિ બતાવનારા અને જાણે પ્રત્યક્ષ નારકીના જીવો હોય તેવા દેખાય છે. આવી રીતે દરિદ્રતા ઐશ્વર્યને હણીને પ્રાણીને ભેટે છે ત્યારે તેને જીવતા છતાં મરવા જેવો કરી મૂકે છે.

૭. દુર્ભગતા.

"વત્સ પ્રકર્ષ! તારી પાસે એવી રીતે દરિદ્રતા સંબંધી હકીકત કહી સંભળાવી. હવે સાતમી પિશાચણી દેખાય છે તેનું નામ દુર્ભગતા છે તેના સંબંધી હકીકત કહી સંભળાવું છું તે પણ સાંભળી લેઃ સદરહુ નામમહારાજાએ પ્રાણીઓમાંના કોઇ કોઇ ઉપર નારાજ થઇને એ દુર્ભગતાને આ ભવચક્રનગરમાં મોકલી આપી છે. દુર્ભગતા એટલે કમનસીબપણું. એને પ્રેરણા કરનાર કેટલાંક બહારનાં કારણો પણ દેખાય છેઃ દાખલા તરીકે વિરૂપતા (ખરાબ રૂપપણું), ખરાબ સ્વભાવ, ખરાબ કર્મો અને ખરાબ વચનથી કમનસીબપણું થતું દેખાય છે, પણ તે

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેનાં મૂળ કારણો નથી, વસ્તુતઃ એ દુર્ભગતાનું કારણ તો દૌર્ભાગ્ય નામ કર્મ જ છે એમ તારે સમજવું. તત્ત્વરહસ્ય બરાબર સમજી ગયેલા વિદ્વાન પુરૂષો એની શક્તિ વર્ણવતાં કહે છે કે એ દુર્ભગતા પ્રાણીને એકદમ અપ્રિય, વહાલો ન લાગે તેવો અને ઘણોજ દ્વેષ કરવા યોગ્ય બનાવી મૂકે છે. એ દુર્ભગતાના પરિવારમાં દીનતા (ગરીબાઇ), અભિભવ (અપમાન), બેશરમી, મનમાં અત્યંત દુઃખ, ઓછપ (ઉણાશ—ન્યૂનતા), હલકાઇ (લઘુતા), વેશમાં તુચ્છતા, સમજણમાં અલ્પતા, કરેલ કાર્યનાં ફળમાં અલ્પાંશ અથવા રહિતપણું વિગેરે તુચ્છ ભાવો જોવામાં આવે છે એટલે જ્યાં જ્યાં એ દુર્ભગતા આ નગરમાં ફરે છે-જાય છે ત્યાં ત્યાં એ દીનતા વિગેરે એનો પરિવાર પણ સાથે જાય છે; મતલબ દુર્ભગતાની સાથે દીનતા વિગેરે આવે છે.

સુભગતા.

"હવે એ નામ નામના મહારાજાએ ભવચક્રમાં એક સુભગતા (ભાગ્યવાનપણું) નામની લોકોને આનંદ આપનારી પરિચારિકા પણ મોકલી આપી છે, એ પણ સારી રીતે પ્રસિદ્ધિ પામેલી છે અને જ્યારે નામ મહારાજા પ્રસન્ન થયેલા હોય છે ત્યારે જ સુભગતાને હુકમ આપે છે. એ સુભગતા જ્યારે આવે છે ત્યારે પોતાની સાથે શરીર સુખાકારી, તંદુરસ્તી, મનનો સંતોષ, ગર્વ, ગૌરવ, હર્ષ, સુંદર આશાજનક ભવિષ્ય, તિરસ્કારનો અભાવ[1] વિગેરેને પરિવારમાં લેતી આવે છે. એ જ્યારે પ્રાણીના સંબંધમાં ભવચક્રમાં વિલાસ કરતી હોય છે ત્યારે તે પ્રાણીને આનંદરસથી ભરપૂર કરી દે છે, તેને સુખી બનાવે છે, તેનું વચન માનનીય કરે છે, સર્વ પ્રાણીઓ તેના તરફ પ્રેમ રાખે એવો તેને જનવલ્લભ બનાવે છે, અને એવી રીતે પ્રાણીનું તે સર્વ પ્રકારે નસીબ પ્રકટ કરે છે. દુર્ભગતા અને આ સુભગતાને સ્વાભાવિક રીતેજ શત્રુતા છે, ઉઘાડો વિરોધ છે અને તેથી જેમ હાથણી વૃક્ષલતા વિગેરેને મૂળથી ઉખેડી નાખે તેમ તે દુર્ભગતા પેલી સુભગતાને જડમૂળથી ઉખેડી નાખે છે. પછી જે બિચારા પ્રાણીઓના સંબંધમાં એ હિત કરનારી સુભગતાને ઉખેડી નાખવામાં આવે છે તે પ્રાણીઓ સાધારણ રીતે જ લોકોમાં તદ્દન અપ્રિય થઇ જાય છે અને વાત એટલે સુધી આવી પડે છે કે તેઓ પોતાના સ્વામીને પણ પસંદ આવતા નથી, શેઠને તેના ઉપર અપ્રીતિ થઇ જાય છે, પોતાની સ્ત્રી જ તેને હડધૂત કરે છે, છોકરાઓ તેના કહેવામાં રહેતા નથી, બાંધવો તેને

૧ ભવિષ્યમાં પરાભવ ન પામે તેવી સ્થિતિ એટલે ભવિષ્ય વિચારીને દીર્ઘ દૃષ્ટિથી કામ કરવાપણું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોવાની ઇચ્છા રાખતા નથી–આવી રીતે જેને પોતાનાં માનવામાં આવે તેઓ તરફનો પ્રેમ પણ પ્રાણીને મળતો નથી તો પછી બીજા અન્ય પ્રાણીઓ તરફથી તેમને કેવો આદર મળે એ તો સમજાઇ જાય તેવી વાત છે; એટલે સુધી કે એના સગા ભાઇઓ એની સાથે બોલતા નથી અને આવી અવસ્થામાં પછી જે કોઇ કાર્ય તેઓ કરે તેમાં તેઓનું ખરાબ નસીબ બે ડગલાં આગળ ને આગળ રહે છે: શત્રુઓ તેના ઉપર વિજય મેળવી જાય છે, પોતાના ખાસ પ્રેમીઓ હોય તેના જ તેઓ દુશ્મન થઇ પડે છે, મિત્રો અને સગાંઓ આપત્તિમાં તેમને તજી જાય છે અને તેઓ બાપડા પોતાની જાતને નીંદતા, મનુષ્યપણા ઉપર શ્રાપ વરસાવતા અને જીવનને બોજા રૂપ ગણતાં સર્વ વખત કલેશમાં પૂરો કરે છે. આવી રીતે પ્રાણીને દુર્ભગતા હાલહવાલ કરી નાખે છે. ભાઇ પ્રકર્ષ! આ સાતમી અને છેલ્લી પિશાચણી દુર્ભગતા જે અગાઉ નામ માત્રથી તેને નિવેદન કરી હતી તે સંબંધી હકીકત તને ટુંકામાં કહી સંભળાવી.'

"આ પ્રમાણે ભાઇ પ્રકર્ષ! મેં તારી પાસે ૧ જરા, ૨ રુજા, ૩ મૃતિ, ૪ ખલતા, ૫ કુરૂપતા, ૬ દરિદ્રતા, અને ૭ દુર્ભગતા સંબંધી હકીકત અનુક્રમે કહી સંભળાવી, એ દરેકને પ્રેરણા કરનાર કોણ છે, તે દરેકની શક્તિ કેટલી છે, તેમના પરિવારમાં કોણ કોણ આવે છે, તેઓ કોને કોને કેવા કેવા પ્રકારની પીડા આપે છે તે પણ અનુક્રમે મેં તને બતાવ્યું, વળી તે દરેકના પ્રતિપક્ષી શત્રુઓ કોણ છે, તેનો તેઓ કેવી રીતે ક્ષય કરે છે, તેની સાથે લડીને તેઓ લોકોને પીડા આપવાના પોતાના કાર્યમાં આ ભવચક્રનગરમાં કેવી રીતે જોડાય છે એ સર્વ હકીકત પણ તને મુદ્દાસર રીતે ટુંકામાં જણાવી."[1]

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

---

૧ આ સાત રાક્ષસીઓમાં એવી યુક્તિથી કર્તાએ ગોઠવણ કરી છે કે મનુષ્યગતિની ખાસ કરીને સર્વ અગત્યની બાબતોનો સમાવેશ તેમાં થઇ જાય. એમાં **દુર્ભગતા** અને **કુરૂપતા** એવી રીતે યોજાયેલ છે કે એમાં નામકર્મની સર્વ પ્રકૃતિનો તથા ગોત્રકર્મનો સમાવેશ થઇ જાય, **જરા** અને **રૂજા**માં વેદનીય કર્મનો, **મૃતિ**માં આયુષ્યનો, **દરિદ્રતા**માં અંતરાય કર્મનો અને **ખલતા**માં સામાન્ય પાપોદયનો સમાવેશ કર્યો છે, તેના વિપક્ષોમાં સર્વ શુભ પ્રકૃતિનો સમાવેશ કર્યો છે. પુણ્ય અને પાપની લગભગ સર્વ મોટી મોટી પ્રકૃતિનો અત્ર સમાવેશ કર્યો છે. બા. ક.

૨ વિમર્શે સાત પિશાચીનું વર્ણન પૃ. ૯૯૪ થી શરૂ કર્યું હતું તે અત્ર પૂર્ણ થયું.

# પ્રકરણ ૨૯ મું.

## રાક્ષસી દોર અને નિર્વૃત્તિ.

પ્રકર્ષ સાત પિશાચણીઓનો વિસ્તારથી હેવાલ સાંભળી રહ્યો, તેને પ્રેરનાર આંતર બળોની શક્તિ તેણે જાણી, તેના વિરોધી તત્ત્વોપર ગવેષણા તેના હૃદયમાં થતી જતી હતી. મામાએ વર્ણન પૂરું કર્યું એટલે ભાણેજે તેપર વિસ્તારથી ચર્ચા ચલાવી અને વસ્તુસ્વભાવ બરાબર સ્ફુટ કરાવ્યો. એ આખી હકીકત કેવી રીતે બની અને મામાએ કેવા ખુલાસાઓ કર્યા તે લક્ષ્યમાં લેવા લાયક છે.

**સાત પિશાચીઓ સંબંધી ચર્ચા.**
**તેમનો અસ્ખલિત વેગ.**
**પ્રતિકારની અશક્યતા.**

પ્રકર્ષ—" મામા ! એ રાક્ષસીઓ ભવચક્રનગરના લોકોને આટલી બધી પીડા આપે છે ત્યારે શું રાજા વિગેરે કોઇ આ નગરના લોકપાળો કે કોટવાળો નહિ હોય ? અને હોય તો તેઓ શું કરે છે ?"

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ ! રાજા વિગેરે કોઇ પણ એ પિશાચીઓને રોકવાને શક્તિવાળા નથી, કોઇમાં એને રોકવાની તાકાત નથી-તેનું કારણ પણ તને કહી બતાવું છું તે તું લક્ષ્ય રાખીને સાંભળી લે. આ રાજભુવનમાં-ભવચક્રમાં કેટલાક મહાબળવાન્ પ્રભુઓ-રાજાઓ છે તેઓના ઉપર પણ એ પિશાચીઓ બળથી પોતાનો પ્રભાવ બતાવી શકે છે. એ સાતે રાક્ષસીઓ એવી બળવાન્ છે કે સર્વ જગોએ પોતે વિચરે છે, જાય આવે છે અને રમતમાત્રમાં અહીંથી તહીં ફરે હરેછે અને જેમ મદ ચઢેલા હાથીને પકડવો અશક્ય થઇ પડે છે અને મહા ભયંકર હાથીને પકડનાર મલ્લ મળી શકતો નથી તેમ એરાક્ષસીઓને અંકુશમાં લાવનાર ત્રણ જગતમાં કોઇ સમર્થ નથી. એથી પોતાને જે કાર્ય કરવાનું છે તેને માટે તેઓમાં અત્યંત શક્તિ હોવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને નિરંકુશપણે તેઓ સર્વત્ર ફરતી હોવાથી ત્રણે ભુવનમાં તેઓને રોકવાને કોણ શક્તિમાન્ થઇ શકે ?"

પ્રકર્ષ—"ત્યારે મામા ! એ રાક્ષસીઓને દૂર કરવા માટે કોઇ પણ પ્રાણીએ ઉપાય ન જ કરવો ?"

વિમર્શ—"વત્સ ! નિશ્ચયથી જો બરાબર હકીકત જોઇએ તો તો પ્રયત્ન ન જ કરવો જોઇએ, કારણ કે એ રાક્ષસીઓનો દોર જો અવશ્ય થવાનો નિર્માણ થયેલો હોય છે તો તેને રોકવાને કોઇ પણ શક્તિમાન્ થતું નથી અને વિચારશીળ માણસે જે વાત બની શકે તેવી ન હોય તેવી બાબતમાં શામાટે પ્રયત્ન કરવો જોઇએ ? એ રાક્ષસીઓ જ્યારે કર્મપરિણામ (કર્મ), કાળપરિણતિ (સમય), સ્વભાવ, લોકસ્થિતિ અને ભવિતવ્યતા વિગેરે સર્વ સંપૂર્ણ કારણભૂત સામગ્રીના બળ સાથે પ્રવર્તતી હોય છે અને તે જરૂર પ્રવર્તે એવાં સર્વ નિમિત્તો એકઠાં થઇ ગયાં હોય છે ત્યારે એ રાક્ષસીઓને અથવા તો એવાં જ બીજાં કાર્યોને રોકવા માટે કોઇ માણસ પ્રયાસ કરે તો તેને પ્રયાસ સિવાય બીજું કાંઇ ફળ મળતું નથી, તેનો સ્વાર્થ સરતો નથી અને કામ કાંઇ થતું નથી."

પ્રેરકની વિશિષ્ટતા.

પ્રકર્ષ—"મામા ! વળી એ વાતમાં તો એક મોટો સવાલ ઊભો થયો. તમે જ્યારે એ સાતે રાક્ષસીઓનાં કારણો અને પ્રવર્તકો બતાવ્યાં ત્યારે તામસ, પાપોદય, અસાત, નામરાજા વિગેરેને પ્રેરક તરીકે બતાવ્યાં હતાં તેમજ તેનાં બાહ્ય કારણો પણ જૂદાં જૂદાં બતાવ્યાં હતાં અને આપે હમણા છેલ્લા ઉત્તરમાં તો કારણ સામગ્રી તરીકે પ્રવર્તનાર કર્મપરિણામ વિગેરે બીજાઓનાં જ નામો આપ્યાં, ત્યારે વાતમાં વળી આમ ફેરફાર કેમ થયો ? હું તે વાત બરાબર સમજ્યો નહિ."

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ ! એમાં હકીકતમાં જરાએ ફેરફાર નથી. તને એ રાક્ષસીઓનાં પ્રેરક તરીકે બાહ્ય અને આંતર કારણો અગાઉ મેં જણાવ્યાં હતાં તે ખાસ તે પ્રત્યેકનાં વિશેષ કારણો હતાં અને તેથી તેઓની મુખ્યતા કરીને તેમની હકીકત તને કહી હતી, બાકી પરમાર્થથી વિચાર કરતાં તને સમજાશે કે અગાઉ પણ તને જણાવ્યું હતું તેમ કર્મપરિણામ, કાળપરિણતિ, સ્વભાવ, લોકસ્થિતિ અને ભવિતવ્યતા રૂપ પાંચે કારણોના સમૂહના વ્યાપાર વગર આ દુનિયામાં એક આંખનો પલકારો મારવા જેટલું નાનામાં નાનું કામ પણ બની શકતું નથી."

૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિવારણના ઉપાયો કરવો કે?

પ્રકર્ષ—"ત્યારે મામા! એમ ધારો કે એ રાક્ષસીઓ કોઇ પ્રાણી ઉપર આવી પડેલી હોય અથવા નજીકના સંબંધી ઉપર આવી પડેલી હોય અથવા તો આવી પડવાની તૈયારીમાં હોય તો તે વખતે એનાથી બચવા માટે કાંઇ પણ ઉપાય કોઇ પ્રાણીએ કરવો જ નહિ? ત્યારે શું જરા કે રૂજા કે મૃત્તિ વિગેરે નજીક આવતાં જણાય તે વખતે વૈદ્યને બોલાવવો નહિ, ઓસડ ખાવાં નહિ, કાંઇ મંત્ર જંત્ર કરવાં નહિ, રસાયણ ખાવું નહિ અથવા સામ દામ દંડ ભેદરૂપ ચાર પ્રકારની નીતિનો આશ્રય કરીને દુર્ભગતા દરિદ્રતા આદિને અટકાવવાં નહિ? શું એવો પ્રસંગ આવે ત્યારે હાથ જોડીને કે પગ લાંબા કરીને બેસી જ રહેવું? અમુક વસ્તુ કે કાર્ય તજવા યોગ્ય છે કે કરવા યોગ્ય છે એમ જાણી શકાય તો પણ પ્રાણી તદ્દન કાંઇ ન જ કરી શકે એવો વીર્યહીન નપુંસક જેવો છે? શું તે બાયલો છે? નકામો છે? પોતાને યોગ્ય લાગે તે તજવામાં કે ગ્રહણ કરવામાં તે તદ્દન શક્તિ વગરનો જ છે? એમ જો હોય તો તો ઉઘાડી રીતે તે ગેરવાજબી અને નહિ બનતું હોય તેવું લાગે છે, કારણ કે પોતાને હિત થાય તેવી બાબત ગ્રહણ કરવામાં અને પોતાને અહિત થાય તેવી બાબતો દૂર કરવામાં માણસોને આપણે પ્રવર્તતાં તો વારંવાર જોઇએ છીએ, એટલું જ નહિ પણ એવી રીતે પ્રવૃત્તિ કર્યા પછી તેઓ પોતાનું હિત થાય તેવી બાબત પ્રાપ્ત કરે છે અને પોતાને નુકસાન થાય તેવી બાબતો દૂર પણ કરી શકે છે; ઉપાય કરવાથી ધારેલ પરિણામ નીપજાવતાં પ્રાણીઓ પણ દેખાય છે."

JAINSITE जैन साईट

### વ્યવહાર નિશ્ચય.
### અવશ્ય ભાવીભાવ.
### પરિપાટી વ્યવસ્થા.

**વિમર્શ**—"ભાઇ! જરા ઠંડો પડ! બહુ ઉતાવળો ન થઇ જા! મારા વચનમાં રહેલ ઊંડા અર્થપર તું બરાબર વિચાર કર! મેં તને શરૂઆતમાં જ કહ્યું છે **નિશ્ચયથી જોઇએ** તો પ્રયત્ન-પુરૂષાર્થ ન જ કરવો જોઇએ, એ વાત તો નિશ્ચયથી થઇ; બાકી **વ્યવહારથી જોઇએ** તો તો એવા પ્રકારની પ્રવૃત્તિ કરવાની બાબતમાં કોણ અટકાયત કરે છે? **પ્રાણીએ પોતાનાં અપરાધ (પાપ) રૂપ મળને સારાં અનુષ્ઠાન ( વર્તન-ક્રિયા ) રૂપ નિર્મળ પાણીવડે વારંવાર ધોવાં એ તદ્દન યોગ્ય છે** અને તે માટે તે કાંઇ કાંઇ પ્રવૃત્તિ કર્યા જ કરે છે. એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાનું કારણ એ છે કે જ્યારે પ્રાણી એ પ્રમાણે પ્રવૃત્તિ કરતો હોય છે ત્યારે ભવિષ્યમાં અમુક કાર્યનું પરિણામ કેવું આવવાનું છે તે તે જાણતો હોતો નથી અને તેથી વ્યવહારથી તજવા યોગ્ય સર્વ બાબતોના ત્યાગનાં સાધનો તે યોજે છે અને આદરવા યોગ્ય સર્વ બાબતોને આદરવાનાં સર્વ સાધનો યોજે છે. કારણ કે તે વખતે તે પોતાના મનમાં વિચાર કરે છે કે જો પોતે તે વખતે કાંઇ પ્રવૃત્તિ નહિ કરે–પ્રયાસ નહિ લે તો પણ પ્રવૃત્તિ નહિ કરનારના સંબંધમાં એ કાર્યપરિણામ તો પ્રવર્ત્યા વગર રહેશે નહિ અને ઉલટા કર્મપરિણામ વિગેરે કારણસામગ્રીને પ્રાપ્ત કરીને એ તો વૈતાળની જેમ વધારે જોરથી જરૂર પ્રવર્તશે જ. વળી તે વિચાર કરે છે કે માણસ કાંઇ તદ્દન જ ન કરી શકે તેવો નથી અને બરાબર વિચારીએ તો તો તેજ ખરો મુખ્ય છે, કારણ કે કર્મપરિણામ વિગેરે જે પ્રવર્તે છે તેનું ઉપકરણ (સાધન) તો તે પોતે જ છે. એવે વખતે તદ્દન હાથ જોડીને બેસી રહેવું એમાં પણ કાંઇ માલ નથી, કારણ કે વ્યવહારથી માણસ પોતાનાં હિત અને અહિતને પ્રવર્તાવી તથા અટકાવી શકે છે અથવા તેમ કરવાની તેનામાં શક્તિ છે એમ ધારવામાં આવે છે અને નિશ્ચયથી જોતાં તો સર્વ કારણોનો સમૂહ એકઠો મળે તો અમુક કાર્ય પરિણામ રૂપે બરાબર પ્રાપ્ત થાય છે. બીજી રીતે જોઇએ તો પહેલાં પ્રાણીએ બરાબર વિચાર કર્યો હોય છતાં તેનું ધારવા કરતાં તદ્દન ઉલટું જ પરિણામ આવ્યું હોય તો પછી વચ્ચેનાં પ્રયોજનો (સાધનો)-ના સંબંધમાં જરા પણ હર્ષ કે શોક કરવો નહિ, તેવું પરિણામ આવતાં તેણે નિશ્ચયમતનો અભિપ્રાય અવલંબવો અને એ બાબત એવીજ રીતે થવાની હતી, એનું એવુંજ પરિણામ આવવાનું હતું, એવો વિચાર કરી મધ્યસ્થભાવ ધારણ કરવો. છતાં તેણે કદિ એવો તો વિચાર ન જ કરવો કે 'જો મેં આ પ્રમાણે કર્યું હોત તો આવું પરિણામ ન જ આવત,' કારણ કે જે હકીકત અવશ્ય બનવાની હોય છે, જે પરિણામ ચોક્કસ નીપજવાનું હોય છે તેને તેથી ઉલટું બનાવવાની અથવા બીજું પરિણામ લાવવાની વાત કેવી રીતે બની શકે? આ સંસારમાં બનવાની અને બનતી અંતરંગ અને બાહ્ય કાર્યની પર્યાયમાળા નિશ્ચયદષ્ટિથી તપાસીએ તો અમુક નિર્ણય કરેલા કારણની સામગ્રીને મેળવીને સર્વ કાળને માટે નિર્મિત થઇ ચૂકેલી છે અને અનંતા કૈવલ્ય જ્ઞાનવાળા સર્વજ્ઞ જીવોને તે બરાબર જ્ઞાનગોચર પણ છે અને તેજ પ્રમાણે કાર્યપરિણામો અવશ્ય બન્યાં જ કરે છે. એ કાર્યપર્યાયમાળાને જે અનુક્રમથી ગોઠવાયલી જોઇ હોય છે અને જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણોને અવલંબીને તે પ્રગટ થવાની હોય છે તે જ સંકલના પ્રમાણે અને તે જ કારણોને અવલંબીને તે પ્રગટ થાય છે, એમાં જરા પણ ફેરફાર કે આઘુંપાછું થતું નથી. આટલા માટે ભૂતકાળમાં જે કાંઇ વાત બની ગઇ હોય તે સંબંધી ચિંતા કરવી એ મોહરાજાના વિલાસમાત્રજ છે વ્યવહારથી પણ પોતાનું હિત સાધવાને ઉદ્યુક્ત થયેલા અને પોતાને થતાં કે થનારાં અહિતને દૂર કરવાને ઉદ્યુક્ત થયેલા વિચારશીળ પુરૂષે ઔષધ મંત્ર તંત્ર રસાયન દંડનીતિ (સામ દામ દંડ ભેદ) વિગેરે સાધનો જેઓ અવશ્ય હિતકારી પરિણામ આપી શકશે એવી ખાતરી વિનાના અથવા જેનાથી સંપૂર્ણ શુભ પરિણામ આવી ન શકે તેવાં તે ઉપર બહુ આદર ન કરવો જોઇએ, પણ તેને બદલે એવું સાધન શોધવું જોઇએ કે જે અપવાદ વગરનું એક જ હોય એટલે તેના જેવું સંપૂર્ણ લાભદાયી ફળ આપનાર બીજું કોઇ પણ સાધન ન હોય અને જે હમેશાને માટે હિતને સાધે તેવું અને કદિ નિષ્ફળ ન થાય તેવું હોય.[1] મારા કહેવાની મતલબ એ છે કે સુંદર અનુષ્ઠાનરૂપ ઉપાય કરીને પ્રાણીએ એવા સ્થાનકે જવું કે જ્યાં એ જરા રૂજા વિગેરે સર્વ રાક્ષસીઓનો કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ જ થઇ શકે નહિ."

**પ્રકર્ષ**—"મામા! એવું સ્થાન કયું છે કે જ્યાં એ જરા રૂજા વિગેરે સાતે રાક્ષસીઓનો દોર જરા પણ ચાલતો ન હોય?"

## નિર્વૃત્તિ નગરી.

**વિમર્શ**—"હા ભાઇ! એવું સ્થાન છે. એ **નિર્વૃતિ** નગરીના નામથી સારી રીતે પ્રસિદ્ધ થયેલ છે; એ નગરી અનંત આનંદથી ભરપૂર છે અને એક વખતે પ્રાપ્ત થયા પછી વિનાશ વગરની છે એટલે એ સ્થાને ગયા પછી પાછું રાક્ષસીઓના દોરવાળા સ્થાનમાં આવવાનું થતું જ નથી. એ નગરી સર્વ ઉપદ્રવોથી તદ્દન રહિત હોવાને લીધે તેમાં રહેનારા પ્રાણીઓ ઉપર એ જરા રૂજા વિગેરે રાક્ષસીઓ પોતાનો જરા પણ દોર ચલાવી શકતી નથી. એ નગરીમાં જે પ્રાણી જવાની ઇચ્છા રાખતો હોય તેણે પોતાની શક્તિ (વીર્ય)ના વિકાસ અને વધારા

---

૧ આ **પરિપાટીવ્યવસ્થાનો** વિષય ઘણોજ શાસ્ત્રીય છે. એનાપર બહુ
લખી શકાય તેમ છે, પણ અત્ર એવો લેખ લખવો તે અસ્થાને લાગે છે.
યના મોટા નિયમો આ બાબતમાં કામ કરે છે. મતલબ એ છે કે વ્ય
ઉપાયો કરવા, પણ તેમાં રાચી જવું નહિ અને પરિણામ ન ઇચ્છવા જેવું
તો સમજી લેવું કે એવું જ પરિણામ આવવાનું હતું. નિરંતર ચારિત્ર ઊંચા
રનું રાખવું એટલે ભવિષ્યમાં દુઃખપ્રસંગો ન આવે અથવા ઓછા આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે સુંદર તત્ત્વનો બોધ (સમ્યક્ જ્ઞાન) કરવો જોઇએ, શુદ્ધ શ્રદ્ધા રાખવી જોઇએ (સમ્યગ્ દર્શન), અને વિશુદ્ધ ક્રિયાઓનું આરાધન (સમ્યગ્ ચારિત્ર) કરવું જોઇએ. આવી રીતે તત્ત્વબોધ શ્રદ્ધાન અને સદનુષ્ઠાનથી જે પ્રાણીઓનું વીર્ય વૃદ્ધિ પામે છે તેઓ તે નગરીએ પહોંચ્યા ન હોય, તેના[1] માર્ગમાં જ રસ્તે ચઢેલા હોય તો પણ તેઓને પેલી રાક્ષસીઓ સંબંધી જે પીડા થતી હોય છે તે ઘણી ઓછી થઇ જાય છે અને ઘણું સુખ મળે છે. બાકી આ ચાર નગરોથી સંકુચિત ભવચક્ર નગર છે તે તો એ સાતે રાક્ષસીઓ અને બીજા મહા ભયંકર આકરા ઉપદ્રવોથી ભરપૂર છે, મહા ત્રાસનું કારણ છે અને તેમાં એટલા બધા તુચ્છ ઉપદ્રવ કરનારા પ્રસંગો અને હેતુઓ છે કે તેની સંખ્યા પણ કોણ ગણી શકે? કારણ કે આ સ્થાન જ એવા પ્રકારનું છે.”

પ્રકર્ષ—“મામા! ત્યારે તમારા કહેવાની મતલબ તો મને એવી જણાય છે કે આ (ભવચક્ર) નગર તો અત્યંત દુઃખથી જ ભરેલું છે.”

વિમર્શ—“વત્સ! પ્રકર્ષ! તેં બરાબર કહ્યું! મારા કહેવાનો ભાવાર્થ તું બરાબર સમજી ગયો છે એમાં હવે શક જેવું નથી. આ આખા ભવચક્ર નગરનો જે સાર[2] છે તે તારા સમજવામાં બરાબર આવી ગયો.”

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

### ભવચક્રવાસીઓને નિર્વેદ કેમ નહિ.
### ઠગારા ચોરોએ કરેલા વિપર્યાસો.
### મહામોહાદિનું જોર=નિર્વેદ અભાવ.

પ્રકર્ષ—“ત્યારે મામા! આ નગરમાં રહેનારા પ્રાણીઓને સંસાર ઉપર કોઇ વખત ખેદ કે કંટાળો આવતો હશે કે નહિ તે મને આપ નિવેદન કરો.”

વિમર્શ—“ભાઇ! આ ભવચક્રમાં રહેનારા પ્રાણીઓને સંસાર ઉપર નિર્વેદ (ખેદ-કંટાળો) આવતો નથી તેનું કારણ તું સાંભળઃ

---

૧ ગુણસ્થાનકમારોહ અહીં વિચારવા યોગ્ય છે. ગુણમાં વધારો થતો જાય, મોક્ષ સન્મુખ આવતું જાય, તેમ દુઃખો ઓછાં થતાં જાય એમ રહસ્ય છે.

૨ જૈન શાસ્ત્રોનો સાર આ જ છે- સંસારમાં માનેલ સુખ પૌદ્ગલિક છે, પરભાવનું છે, આત્મસ્વભાવ સ્વીય છે, તેને પ્રગટ કરી દુઃખનો નાશ કરવો એ કર્તવ્ય છે, પરમ સ્વાર્થ છે અને તેમાંજ સુંદર અનુષ્ઠાનોની પરિસમાપ્તિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એઓ અહીં નિરંતર રહે છે, દુઃખ ખમે છે, છતાં તેઓને જરાપણુ કંટાળો આવતો નથી, કારણુ કે મેં અગાઉ તારી પાસે જેમહામોહ વિગેરે રાજાઓનું વર્ણન કર્યું હતું તેઓ અંતરંગ પ્રદેશમાં રહીને પોતાની મહાન્ શક્તિથી આખા ભવચક્રના લોકોને પોતાને વશ કરે છે તેઓ પોતાનો દોર માનવાવાસ વિબુધાલય પશુસંસ્થાન અને પાપીપંજર ઉપર ચલાવે છે. વળી તેઓમાં આ આખા જગતને પોતાને વશ કરવાનું અદ્ભુત કૌશલ્ય છે અને પોતાની શક્તિનો ઉપયોગ તેઓ પ્રાણીઓને મુંઝવવામાં જ કરે છે. પ્રાણીઓ તેઓને વશ પડીને પછી કાંઇ સમજતા પણુ નથી અને સંસારથી કંટાળતા પણુ નથી, અને એ રાજાઓ મોટા લુંટારા છે, ભારે ઠગારા છે, ખરેખરા પ્રાણીના શત્રુઓ છે અને પ્રાણીને મોટું દુઃખ આપનારા છે. છતાં વળી વધારે તાજુબીની વાત તો એ છે કે ભવચક્રમાં રહેનારા પ્રાણીઓ તે રાજાને પોતાના ખરેખરા મિત્ર સમજે છે, પોતાના હિતેચ્છુ તરીકે ગણે છે, પોતાના પર પ્રેમ રાખનાર તરીકે તેમને લેખવે છે અને પોતાના ખરા સુખના કારણભૂત તેમને માને છે. એ પ્રમાણે મોહથી વિપર્યાસ પામેલા ચિત્તને લઇને તેઓ માની બેઠેલા છે. ભાઇ! આ ભવચક્રનગર અનેક પ્રકારનાં દુઃખોથી જ ભરપૂર છે, છતાં વધારે નવાઇની વાત તો એ છે કે એમાં રહેનારા ઘણાખરા પ્રાણીઓ તેને સુખસમુદ્ર તરીકે માને છે, દુઃખમાંથી કેવી રીતે છૂટવું તેની ચિંતા કદિ કરતા નથી, અહીં જ પડી રહેવામાં મોજ માને છે અને મહામોહ વિગેરેને પોતાના બંધુઓ જેવા ગણી તેમના સંબંધથી આનંદ માને છે. વળી કોઇ સમજુ પ્રાણી તેઓને મળી આવે અને તે તેમને આ ભવચક્રની ઉપાધિથી મુક્ત થવાની સલાહ સમજણુ કે ઉપદેશ આપે તેને તેઓ પોતાનું સુખ લઇ લેનારો ઠગ માને છે અને તેનો ઉપકાર માનવાને બદલે ઉલટા તેના ઉપર રોષ કરે છે,[1] એટલું જ નહિ પણ અહીં રહીને તેઓ એવાંજ કામો અને ક્રિયાઓ કરે છે અને સર્વથા પ્રયત્ન પણ એવી જ દિશામાં કરે છે કે તેના પરિણામે પાપકર્મ ઉપાર્જન કરીને આ ભવચક્રનગરમાં તેઓનો પોતાનો વાસ વધારે સ્થિર અને દીર્ઘ કાળ માટે થાય. આવી રીતે મહામોહ વિગેરે ભયંકર શત્રુઓ તેમને વળગી પડેલા છે અને તેમને અહીં પટકી પાડવામાં તેઓ પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કર્યા કરે છે એ સર્વ

૧ પ્રસ્તાવ પહેલામાં ધર્મબોધકરને પ્રાણી લુંટારો જ જાણે છે. તે હકીકત અહીં વિચારવા જેવી છે. જુઓ પૃ. ૩૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હકીકત એ બાપડા જાણતા નથી, સમજતા નથી અને સમજવા યત્ન પણ કરતા નથી, એટલુંજ નહિ પણ શબ્દવિગેરે ઇંદ્રિયના ભોગો તદ્દન તુચ્છ છે, દુઃખથી ભરપૂર છે, એમ છતાં પણ એ સર્વને તે અમૃત જેવા ગણે છે, અને તેમાં સુખ માને છે. જ્યાં સુધી એ મહામોહ વિગેરે રાજાઓનું આ પ્રાણીઓ ઉપર આવી રીતે જોર ચાલે છે ત્યાં સુધી પ્રાણીઓને સંસાર ઉપર જરા પણ નિર્વેદ આવતો નથી.”

પ્રકર્ષ—“ મામા! આ ભવચક્રના લોકો આ પ્રમાણે ગાંડા ઘેલા ઉન્મત્ત જેવા દુરાત્મા હોય તો પછી આપણે તેમની ગમે તેટલી ચિંતા કરીએ કે તેઓના હિતનો વિચાર કરીએ તે પણ શા કામનો છે? ખરેખર, એ લોકોની સ્થિતિ ઘણી વિચારણીય છે.”

## પ્રકરણ ૩૦ મું.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

### છ નગરની ભેટ.

વિવેક પર્વત ઉપર ઊભા રહીને મામા ભાણેજ આખા ભવચક્રની અવલોકના કરી રહ્યા છે, પ્રકર્ષ અનેક સવાલો કરે છે, વિમર્શ ખુલાસાઓ આપે છે અને સર્વ હકીકત ટુંકામાં મુદ્દાસર રીતે સ્ફુટ થતી જાય છે. સાત રાક્ષસીઓની હકીકત સ્પષ્ટ થયા પછી શાસ્ત્રીય નજરે પરિપાટીવ્યવસ્થા બતાવી. રાક્ષસીઓનો દોર ક્યારે અને ક્યાં તૂટે તે જણાવાઇ ગયું એટલે બીજી દિશાએ અવલોકના ચાલી. ભાણેજ ઘણો જિજ્ઞાસુ હોઇ બને તેટલું સમજી લેવા યત્ન કરતો હતો અને મામા પણ અત્યારે બરાબર ખીલ્યા હતા.

#### મિથ્યાદર્શનની શક્તિ.
#### લોકોપર તેની અસર.

પ્રકર્ષ—“ મામા! મહામોહ વિગેરે રાજાઓનું ભવચક્ર ઉપર કેટલું જોર છે તે આપે બરાબર જણાવ્યું તે મારા લક્ષ્યમાં આવી ગયું. પણ મામા! તમે પહેલાં એ મોહરાજાના મંત્રીનું વર્ણન કર્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું, તેનું નામ [1]મિથ્યાદર્શન આપ્યું હતું, તેને આપે [2]કુદૃષ્ટિના પતિ તરીકે વર્ણવ્યો હતો અને જણાવ્યું હતું કે તે મહા ભયંકર છે; તે મિથ્યાદર્શન પોતાની શક્તિવડે આ ભવચક્રમાં શું કરે છે, કેવી અસર નીપજાવે છે અને કેવા સંયોગોમાં કામ કરે છે તે હજુ આપે મને જણાવ્યું નથી. લોકો એ મિથ્યાદર્શનને વશ પડે છે ત્યારે તેમનું વર્તન કેવા પ્રકારનું થાય છે તે બરાબર જાણવાની હું હોંસ રાખું છું અને તેના સંબંધી ખુલાસાવાર હકીકત તમારી પાસેથી સાંભળવા ઇચ્છું છું."

**વિમર્શ**—"વત્સ પ્રકર્ષ! તેં સવાલ એવો પૂછ્યો છે કે તેના જવાબમાં તને ઘણી વિસ્તારથી હકીકત સમજાવવી પડે. જો, આ આખું ભવચક્રનગર ઘણે ભાગે એ મિથ્યાદર્શનને વશ રહે છે એમાં સંશય જેવું નથી. જેમ કે મેં એ ભવચક્રનગરમાં માનવાવાસ, વિબુધાલય, પશુસંસ્થાન અને પાપીપંજર રૂપ ચાર પેટાનગરો વર્ણવ્યાં હતાં એ ચારે નગરના લોકો પ્રાયે એ મિથ્યાદર્શનને વશ રહે છે. હવે એમાં એ મિથ્યાદર્શનની આજ્ઞામાં ખાસ કરીને રહેનારા જે પ્રાણીઓ છે તેનાં મોટાં મોટાં સ્થાનકો તને બતાવી દઉં" (આટલું બોલીને વિમર્શમામા પોતાનો જમણો હાથ ઊંચો કરીને આંગળીવડે મિથ્યાદર્શનના તાબાનાં નગરો બતાવે છે અને પછી પાછા ખુલાસો કરતા આગળ બોલે છે) "ભાઇ! એ માનવાવાસ નામના પેટાનગરમાં જે છ અંતર શહેરો દેખાય છે તે મિથ્યાદર્શનની અસર તળે રહેલા લોકોનાં સ્થાનો છે એમ તારે સમજવું. એ છ આંતર શહેરોના લોકોનાં ચિત્તને પેલા મિથ્યાદર્શન મંત્રીશ્વરે પોતાને વશ કરેલાં છે."

**પ્રકર્ષ**—"મામા! એ છ એ આંતર શહેરોનાં નામ શું શું છે? અને તેની અંદર રહેનારા લોકો ક્યા નામથી જાણીતા થયેલા છે? તે આપ મને બરાબર જણાવો."

## છ આંતર શહેરો અને લોકો.

**વિમર્શ**—"વત્સ! બરાબર લક્ષ્ય રાખીને સાંભળ.[3]

"એ છ નગરમાં પ્રથમ નગરને **નૈયાયિક** નગર કહે છે અને તેની અંદર જે લોકો વસે છે તેને 'નૈયાયિક' કહેવામાં આવે છે.

---

૧ મિથ્યાદર્શન મંત્રીના વર્ણન માટે જુઓ પૃ. ૮૪૪–૮૫૨.

૨ કુદૃષ્ટિના વર્ણન માટે જુઓ પૃ. ૮૫૩–૮૫૬.

૩ છ દર્શનની ચર્ચા ખુલાસા સાથે આજ પ્રકરણમાં આગળ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"એ છ નગરમાં બીજું નગર છે તેને **વૈશેષિક** નગરના નામથી ઓળખવામાં આવે છે અને તેમાં જે લોકોની વ્યવસ્થા કરવામાં આવી છે તેને 'વૈશેષિક' કહેવામાં આવે છે.

"છ નગરમાં ત્રીજું નગર છે તેને **સાંખ્ય** નગર કહેવામાં આવે છે અને તેમાં જે લોકો રહે છે તેને 'સાંખ્ય'ના નામથી બતાવવામાં આવે છે.

"છ નગરમાં ચોથા નગરને **બૌદ્ધ** સંજ્ઞાથી ઓળખવામાં આવે છે અને તે નગરમાં જે લોકો વસે છે તે 'બૌદ્ધ'ના નામથી પ્રખ્યાત થયેલા છે.

"છ નગરમાં પાંચમું નગર **મીમાંસક**ના નામથી જાણીતું થયેલ છે અને તેમાં જે લોકો વસે છે તે 'મીમાંસક' તરીકે જાણીતા થયેલા છે.

"છ નગરમાં છેલ્લું નગર **લોકાયત** અથવા ચાર્વાકના નામથી પ્રસિદ્ધ છે અને તે નગરમાં રહેનારા લોકો 'નાસ્તીક' અથવા 'બાર્હસ્પત્ય'ના નામથી જણાયલા છે (બૃહસ્પતિ નામના આચાર્યે જે તત્ત્વજ્ઞાન શીખવ્યું તે નીચામાં નીચી હદનો જડવાદ હતો તેથી જડવાદીઓને અથવા નાસ્તીકોને બાર્હસ્પત્ય નામથી ઓળખવામાં આવે છે.)

એ નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, મીમાંસક અને લોકાયત નગરમાં જે લોકો રહે છે તેના ઉપર મિથ્યાદર્શન પોતાનું શાસન બરાબર ચલાવે છે. એ મિથ્યાદર્શન પોતાની સ્ત્રી કુદૃષ્ટિ સાથે જે જે વિલાસો કરે છે એમ મેં તને અગાઉ બતાવ્યું હતું તે તે સર્વ એ છ આંતર શહેરના લોકોમાં જોવામાં આવે છે."

## છઠ્ઠા નગર સંબંધી ચર્ચા.

પ્રકર્ષ—"ત્યારે મામા! લોકવાર્તામાં આ મંડપમાં જે 'છ દર્શનો' કહેવાય છે તેનું વર્ણન તમે કર્યું?"

વિમર્શ—"ઉપર તને છ નગરનાં નામો કહેવામાં આવ્યાં તે નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, મીમાંસક અને લોકાયત કહ્યાં, તેમાં એક મીમાંસક નગરને બાદ કરીને બાકીનાં પાંચ નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ અને લોકાયત રહ્યાં તે પાંચે દર્શનો છે. છઠ્ઠું જે મીમાંસકપુર કહેવામાં આવ્યું છે તે થોડા નજીકના વખતમાં થયેલું નવું નગર છે અને તેથી લોકો તેને દર્શનની સંખ્યામાં ગણતા નથી. હકીકત એમ છે કે જૈમિનિ નામના એક આચાર્યે જ્યારે જોયું કે વેદ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મનો નાશ થતો જાય છે અને લોકો અયોગ્ય પ્રવૃત્તિ કરે છે ત્યારે વેદોનું રક્ષણ કરવા માટે અને પ્રવર્તતાં દૂષણોને દૂર કરવા માટે તેણે વેદ ઉપર મીમાંસા રચી. એ મીમાંસાને જૂદા દર્શન તરીકે ગણવાની જરૂર રહેતી નથી. એ કારણને લઇને મીમાંસકપુર સિવાય બાકી પાંચ નગરો રહ્યાં તેને લોકો દર્શનની સંખ્યામાં ગણે છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી."[1]

પ્રકર્ષ—"જો આપ કહો છો તે પ્રમાણે હકીકત છે તો પછી લોકો જેને છઠ્ઠું દર્શન કહે છે તે ક્યાં આવેલું છે તે આપ મને બતાવો."

લોકોત્તર જૈનદર્શન.

વિમર્શ—"ભાઇ પ્રકર્ષ! આપણે આ વિવેક પર્વત ઉપર ઊભા છીએ તેના ઉપર પેલું જે તદ્દન નિર્મળ મહાવિસ્તારવાળું શિખર દેખાય છે અને જેનું નામ અપ્રમત્તત્વ[2] કહેવામાં આવે છે તેના ઉપર એ છઠ્ઠું જૈનદર્શન આવી રહેલ છે. એ નગર પણ મોટું વિસ્તારવાળું છે અને એની રચના વિગેરે સર્વ લોકોત્તર (અસાધારણ) છે તે જો તું બરાબર અવલોકના કરીશ તો તારા ધ્યાનમાં આવી જશે. બીજાં બધાં દર્શનથી એ દર્શનમાં ખાસ વધારે અસાધારણ ગુણો છે તેનું હું તને આગળ વિસ્તારથી વર્ણન કરી બતાવીશ,[3] છતાં લોકરૂઢિથી એને પણ સર્વની સાથે એક (છઠ્ઠા) દર્શન તરીકે જ ઓળખવામાં આવે છે. વળી એમાં ખાસ હકીકત લક્ષ્યપર લેવા જેવી એ છે કે એ જૈનપુરમાં જે લોકો વસે છે તેમના ઉપર પેલ મિથ્યાદર્શન નામન મંત્રીનું જરા પણ જોર ચાલતું નથી અને તે લોકો એના કબજામાં જરા પણ રહેતા નથી."

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૧ દર્શનની ગણનામાં ઘણો મતભેદ છે. વેદના અનુયાયીઓ નૈયાયિક, વૈશેષિક, સેશ્વર સાંખ્ય, નિરીશ્વર સાંખ્ય, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા એમ છ દર્શન માને છે. તેઓ વેદને અનુસરનાર ન હોય તેને નાસ્તીકમાં ગણી તેમની દર્શનમાં ગણના કરતા નથી. છ ની સંખ્યા રાખવા છતાં જૈન મતાનુયાયીઓ સેશ્વર અને નિરીશ્વર સાંખ્યનો એક સાંખ્યમાં જ સમાવેશ કરે છે મીમાંસાને અર્વાચીન ગણી બન્નેને ઉડાવી દે છે અને એ ત્રણ ને સ્થાનકે બૌદ્ધ, જૈન અને લોકાયતનો સમાવેશ કરી છ દર્શનમાં આર્યાવર્તના સર્વ દર્શનનો સમાવેશ કરે છે.

૨ મામા ભાણેજ વિવેકપર્વત ઉપરથી અવલોકના કરે છે તે યાદ આપવાની જરૂર નથી. પ્રમાદરહિતપણે આળસનો ત્યાગ કરી આત્માની સ્વભાવમાં રમણતા કરાવવી એ જૈન ધર્મનો ઉદ્દેશ છે. વિવેકી પ્રાણીઓ સાચા ખોટાની પરીક્ષા કરી અપ્રમાદી પણે આત્મધર્મ સાધે છે તેથી વિવેક પર્વતના અપ્રમત્તત્વ શિખરની અત્ર વ્યાખ્યા કરી છે.

૩ એને માટે જુઓ હવે પછીનું આ પ્રસ્તાવનું પ્રકરણ ૩૨ મું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકર્ષ**—"મામા! જે લોકો જમીન ઉપર રહ્યા છે તેના ઉપર પેલા **મિથ્યાદર્શન** મંત્રીનો દોર ચાલે છે અને જે આ **અપ્રમત્તત્ત્વ** શિખરપર રહેલા છે તેના ઉપર તે કોઇ પણ પ્રકારની બાધા પીડા કરી શકતો નથી તેનું કારણ શું?"

**પંચ નગરવાસીઓનું સાધ્ય.**
**સાધ્યપ્રાપ્તિ સારૂ કલ્પના.**
**તેમાં થતી બેવડી ભૂલો.**
**અન્ય નગરોની અસ્તિતા.**

**વિમર્શ**—"જો ભાઇ પ્રકર્ષ! એનું બહુ મજાનું કારણ છે. લોકમાં એક **નિર્વૃતિ** નામની ઘણી મનોહર નગરી છે અને તેમાં એક વાત તો આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી છે: તે વાત એ છે કે એ નગરી ઉપર મહામોહ વિગેરે રાજાઓનું જરા પણ જોર ચાલતું નથી; તેઓનો એ નગરી ઉપર કાંઇ દોર રહેતો નથી અને એ નગરીમાં તેઓથી પ્રવેશ પણ થઇ શકતો નથી. એ નગરીમાં કોઇ પણ પ્રકારના દુઃખનો બીલકુલ અભાવ છે, તેમાં સંપૂર્ણ આનંદ અનંત કાળપર્યંત રહેલો છે અને તે નગરીમાં વ્યાધિ ચોર શત્રુ કે પરમાધામી તરફથી કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ થઇ શકતો નથી. એ નગરી એવી મનોહર અને ઉપદ્રવ રહિત છે એ હકીકત એ સર્વ નગરવાસીઓના સાંભળવામાં આવેલી છે અને એક લોકાયતો(નાસ્તિકો)ને મૂકીને બાકીના સર્વ નગરવાસીઓ એ નગરીએ પહોંચવાની પોતાનાં મનમાં હોંસ રાખ્યા કરે છે; પરંતુ એમાં વાંધો એ આવે છે કે એ નગરીએ પહોચવાના અંતરંગ રસ્તાઓ તેઓ પોતપોતાની કલ્પના પ્રમાણે ગોઠવી લે છે અને તેથી તે રસ્તાઓમાં પરસ્પર ઘણો વિરોધ રહે છે. પરિણામ એ થાય છે કે જમીનપર જે લોકો રહે છે તેમણે નિર્વૃતિ નગરીએ જવાના જે માર્ગોની યોજના કરી છે તે યુક્તિથી ઘટતા નથી, ન્યાયની નજરે એ માર્ગોમાં ઉઘાડો વિરોધ દેખાઇ આવે છે અને તર્કની કોટિપાસે તે ટકી શકતા નથી. હવે વિવેકપર્વત ઉપર આવી રહેલા અપ્રમત્તત્ત્વ શિખર ઉપર જે શહેર આવેલું છે ત્યાંના લોકોએ **નિર્વૃતિ**નો જે માર્ગ દીઠો છે તે સાચો છે અને ઘણો મનોહર છે, વિરોધ વગરનો જણાય છે અને ન્યાયની દલીલો પાસે બરાબર ટકી તેવો છે. એ માર્ગે જવાથી લોકો જરૂર **નિર્વૃતિ**નગરીએ પહોંચે એમાં જરા પણ શંકા જેવું નથી. આ હકીકત હું તને કહું છું એમાં જરા પણ પક્ષપાત કરતો નથી. વળી તને બીજી પણ વાત

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કહ્યું: આ જમીનપર જે લોકો વસે છે તેના ઉપર **મિથ્યાદર્શન** પોતાનો દોર ચલાવી શકે છે પરંતુ આ ડુંગરના શિખરપર રહેલા નગરપર તે પોતાનો દોર ચલાવી શકતો નથી. વાત એવી છે કે એ જમીનપર રહેનારા લોકો નિર્વૃતિનગરીનો સાચો માર્ગ જાણી શકતા નથી તે પણ એ ભાઇશ્રી મિથ્યાદર્શનનો જ પ્રતાપ છે અને વળી તેઓની સમજશક્તિ એવી બહેર મારી જાય છે કે તત્ત્વદષ્ટિએ નિર્વૃતિનગરીએ લઇ જવાને બદલે તેથી ઉલટી દિશાએ લઇ જાય તેવો જે માર્ગ હોય તેને તેઓ સાચો મોક્ષમાર્ગ માની બેસે છે. આવી રીતે તેઓ મોક્ષનો સાચો માર્ગ જાણતા નથી અને વળી ખોટા માર્ગને સાચા તરીકે માને છે. આ બન્ને ભૂલભરેલી બાબતો વિવેકપર્વતપર રહેલા લોકોના સંબંધમાં બનતી નથી; તેઓ મોક્ષનો સાચો માર્ગ જાણે છે અને ખોટા માર્ગને સાચો માનવાનો ભૂલાવો કદિ ખાતા નથી અને તેથી તેઓ મિથ્યાદર્શનની અસરથી દૂર રહે છે.

"વળી ભાઇ પ્રકર્ષ ! આ નજીકમાં રહેલાં જે નગરો મેં તને બતાવ્યાં તેટલાં જ નગરો આ ભવચક્રમાં છે એમ તારે સમજવું નહિ. એના ઉપલક્ષણથી મિથ્યાદર્શનને વશ પડેલાં બીજાં પણ અનેક નગરો છે એમ તારે સમજી લેવું. એવાં એવાં તો ઘણાં નગરો છે, કારણ કે જમીનપર જે જે નગરો આવી રહેલાં છે તેવાં દેશ કાળ અનુસારે બીજાં ઘણાં નગરો થયેલાં છે અને થવાનાં છે. વખત ફરતો જાય છે તેમ અનેક એવાં નવાં પુરો થવાનાં છે અને થયાં પણ ઘણાં છે.[1]

---

૧ આવાં જમીનપર રહેલાં અને મિથ્યાદર્શનના દોરને વશ પડેલાં અનેક ભારતવર્ષીય સંપ્રદાયો પણ છે. **સર્વદર્શનસંગ્રહકાર** શ્રીમન્ **માધવાચાર્યે** એવા ઘણા સંપ્રદાયો વર્ણવે છે. પુરાણ ધર્મોના તે ચાર મોટા વિભાગ પાડે છે: **શૈવ, વૈષ્ણવ, શાક્ત** અને **પ્રકીર્ણ**. (૧) **શૈવ** સંપ્રદાયોના ચાર મોટા વિભાગ છે: **પાશુપત, શૈવ, પ્રત્યભિજ્ઞ** અને **રસેશ્વર**. (૨) **વૈષ્ણવ** સંપ્રદાયોના પદ્મપુરાણને આધારે ચાર સંપ્રદાયો તે વર્ણવે છે: **શ્રી**સંપ્રદાય, **માધવી** સંપ્રદાય, **રૂદ્ર** સંપ્રદાય અને **સનકાદિ** સંપ્રદાય. (૩) **શાક્ત** સંપ્રદાયમાં દક્ષિણાચાર અને વામાચાર એ બે વિભાગો છે. (૪) **પ્રકીર્ણ** સંપ્રદાયોમાં અનેકનો સમાવેશ થાય છે: **ગાણપત્ય, સૌરપત્ય** વિગેરે. આમાંના કેટલાક સંપ્રદાયોનું વર્ણન એ **સર્વદર્શનસંગ્રહ** ગ્રંથમાં બતાવ્યું છે. એ ઉપરાંત **મિથ્યાદર્શન** મંત્રીની અસર તળે બીજા અનેક નવીન મતોની ગણના થાય છે. **ક્રીશ્ચીઅન** ધર્મના અનેક વિભાગો અને પેટા વિભાગો, **મુસલમાનોના** શીઆ સુન્ની આદિ વિભાગો અને **યહુદ્દમઝહબ** ઝોરોએસ્ટ્રીઅન વિગેરે તેમજ વર્તમાન કાળમાં બ્રહ્મસમાજ પ્રાર્થનાસમાજ, આર્યસમાજ વિગેરે અનેક મતો ઉત્પન્ન થયા છે. એ **સર્વ** દર્શનો અને સંપ્રદાયો **મિથ્યાદર્શનની** અસર નીચે છે. કેટલાક નિર્વૃતિને બીલકુલ સ્વીકારતાજ નથી, કેટલાક સ્પષ્ટ ખ્યાલ વગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકી પેલા અપ્રમતત્ત્વ શિખર ઉપર જે જૈનપુર તને બતાવવામાં આવ્યું છે તેનો કદી વિનાશ થયો નથી તેમ તે કદિ ઉત્પન્ન થયું નથી. આદિ અંત વિનાનું હોવાથી એ નગર પરમાર્થથી સર્વ કાળ શાશ્વતુ છે એમ તારે સમજવું. બીજાં અનેક નગરો વસે છે અને નાશ પામે છે, વળી અનેક નવીન નગરો ઉદ્ભવે છે પણ તે સર્વ જમીનપર જ રહે છે, થોડો કાળ ધમાલ કરી પાછા ભૂલાઇ જાય છે અને નામશેષ રહી જાય છે. અત્યારે જે દર્શનો જમીનપરના ગણવામાં આવે છે તેમાંનાં કેટલાકનાં તો નામમાત્ર જ ગણાય છે, તેના અનુયાયી કોઇ નથી;[1] પણ શિખરપર રહેલ મનોહર જૈનપુર તો સર્વકાળ પરમાર્થે જીવતું રહે છે અને સાચો નિર્વૃતિનો માર્ગ બતાવ્યા કરે છે"

પ્રકર્ષ—"આ લોકોએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે નિર્વૃતિનગરીએ જવાના જે જે માર્ગો કલ્પી રાખ્યા છે તે બરાબર હું જાણવાની ઇચ્છા રાખું છું, મને એ વાત સાંભળવાનું ઘણું કુતૂહળ થાય છે. મામા! એવા નિર્વૃતિના માર્ગો તેઓ કેવી રીતે કલ્પી અથવા વિચારી શક્યા છે તે જાણવામાં ઘણો આનંદ આવશે એમ મને લાગે છે, માટે મારા ઉપર કૃપા કરીને એ હકીકત મને બરાબર કહી સંભળાવો."

વિમર્શ—"જો એમ છે તો તારા મનને બરાબર સ્થિર કરીને સાંભળ, દરેક દર્શનકારે નિર્વૃતિના માર્ગો કેવા બતાવ્યા છે તે હું તને સ્પષ્ટ કરીને કહી સંભળાવું છું."[2]

---

તેને સ્વીકારે છે અને કેટલાકના માર્ગો તદ્દન તેથી ઉલટી દિશાના હોય છે. આ કાળમાં બીજાં અનેક દર્શનો અને સંપ્રદાયો જોવામાં આવે છે: કબીર, ચૈતન્ય, શીખ, વિગેરે. આ સર્વ જમીનપર રહેનારા સંપ્રદાયો મતો અને વિભાગો છે એમ સમજવું.

૧ હાલ વૈશેષિક નૈયાયિક કોઈ નથી, કોઇ કોઇ તેનો અભ્યાસ કરે છે. યોગને અંગે પણ લગભગ તેવી જ સ્થિતિ છે.

૨ દર્શનકારોમાં મુખ્ય તફાવત તત્ત્વ અને દેવ સંબંધી હોય છે. મોક્ષનો નિર્ણય અને તે પ્રાપ્તિના ઉપાય—એ સંબંધી બાબતોનો સમાવેશ પણ તત્ત્વચર્ચામાં થઇ જાય છે. અહીં છ મુખ્ય દર્શનો ઉપર આ બાબત સંક્ષેપમાં બતાવવામાં આવી છે. એ સંબંધી કેટલીક હકીકત આનંદઘનપદાવલી પ્રથમ વિભાગ પૃ. ૩૮૫ થી ૪૧૨ સુધીમાં લખી છે તે પણ જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૩૧ મું.[૧]

## ષટ્પુરના નિર્વૃતિમાર્ગો.

૧. નૈયાયિક.
૨. વૈશેષિક.
૩. સાંખ્ય.
૪. બૌદ્ધ.
૫. મીમાંસક.
૬. જૈન.

પ્રકર્ષની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે મામાએ છ નગરના નિર્વૃતિમાર્ગોનું મુદ્દાસર રીતે અને ઘણા સંક્ષેપમાં વિવેચન કર્યું તે ખાસ વિચારવા યોગ્ય છે, અનેક ગ્રંથના સાર ભૂત છે અને વિશેષ ચર્ચા કરવા યોગ્ય છે. મામા હવે તત્ત્વજ્ઞાનને માર્ગે ઉતર્યાં, ભાણેજને દાર્શનિક વિષયમાં નિષ્ણાત કરવાના અતિ આનંદદાયક પ્રસંગમાં પડી ગયા અને ભાણેજને વિષયની મહત્તાનો ખ્યાલ આપવા સારૂ સાવધાન કરી આગળ વધ્યા. ભાણેજ પણ આ અતિ આકર્ષક વિષય સમજવા સારૂ એકાગ્ર ચિત્તે મામાને સાંભળવા લાગ્યો:—

### (૧)

### નૈયાયિક.

"[૨]ભાઇ પ્રકર્ષ ! નૈયાયિકોએ નિર્વૃતિમાર્ગની આ પ્રમાણે કલ્પના કરી છે. તત્વ સોળ છેઃ ૧ પ્રમાણ, ૨ પ્રમેય, ૩ સંશય, ૪ પ્રયોજન,

---

૧ આ પ્રકરણ વિસ્તારથી લખ્યું. પછી તે જરા આકરૂં લાગ્યું તેથી તે આખો વિભાગ પરિશિષ્ટ ના. ૩ માં દાખલ કર્યો છે. જેમને દર્શન સંબંધી વિષયનો રસ હોય તેમણે તે વાંચવો. એ વિભાગ ઘણા વાંચન પછી લખ્યો છે. અહીં મૂળમાં જે હકીકત છે તેનું ભાષાંતરજ આપ્યું છે. વિસ્તાર માટે સદરહુ પરિશિષ્ટ જોવું. જેમને અઘરૂં લાગે તેમણે આ પ્રકરણ અને સદરહુ પરિશિષ્ટ કોઇ જ્ઞાતાની લઇને વાંચવું.

૨ આ આખું પ્રકરણ શરૂઆતથી છેડા સુધી મામા વિમર્શના મુખ બોલાયલું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ દૃષ્ટાન્ત, ૬ સિદ્ધાન્ત, ૭ અવયવ, ૮ તર્ક, ૯ નિર્ણય, ૧૦ વાદ, ૧૧ જલ્પ, ૧૨ વિતંડા, ૧૩ હેત્વાભાસ, ૧૪ છલ, ૧૫ જાતિ અને ૧૬ નિગ્રહસ્થાન. એ સોળ તત્ત્વના જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ સોળના લક્ષણુ કહે છે.

૧. પદાર્થના જ્ઞાનનું કારણુ તે 'પ્રમાણુ.' તે ચાર પ્રકારે છેઃ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ. ઇંદ્રિય અને પદાર્થોના સંબંધથી ઉત્પન્ન થનાર વચનદ્વારા કથન ન કરી શકાય એવું વ્યભિચાર દોષથી રહિત નિશ્ચયાત્મક જે જ્ઞાન તે પ્રત્યક્ષ. પ્રત્યક્ષ પૂર્વક ઉત્પન્ન થનાર જ્ઞાન તે અનુમાન. તે ત્રણુ પ્રકારે છેઃ પૂર્વવત્, શેષવત્, સામાન્યતોદૃષ્ટ. કારણુથી કાર્યનું અનુમાન-જેમકે આકાશમાં કાળાં વાદળાંઓ ચઢી આવવાથી વરસાદ થવાનું અનુમાન કરવું તે પૂર્વવત્. કાર્યથી કારણુનું અનુમાન કરવું-જેમકે નદીમાં પૂર આવવાથી મથાળે વરસાદ થયો હશે એમ અનુમાન કરવું તે શેષવત્. દેવદત્ત વિગેરે ગતિ કરવાથી દેશાંતરમાં જાય છે તે જોઇને સૂર્યની પણુ દેશાંતર પ્રાપ્તિ ગતિપૂર્વક છે એવું અનુમાન કરવું તે સામાન્યતો દૃષ્ટ. આ પ્રમાણે બીજું પ્રમાણુ (અનુમાન) જાણવું. જાણીતી વસ્તુના સાધર્મ્યથી અપ્રસિદ્ધ વસ્તુનું સાધન કરવું તે ઉપમાન; જેમકે જેવી ગાય દેખાય છે તેવાજ બળદ હોય છે. આપ્ત પુરૂષોનો ઉપદેશ તે શબ્દ. આવી રીતે ચાર પ્રકારનું પ્રમાણુ કહેવાય છે.

૨. 'પ્રમેયઃ' આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, (પૂર્વના દેહાદિ ત્યાગ કરી નવા સંઘાતનું ગ્રહણુ કરવું તે), ફળ, દુઃખ, અપવર્ગ-આ બાર પ્રમેય છે.

૩. આ શું હશે? આ તે થાંભલો છે કે પુરૂષ તે 'સંશય'.

૪. 'પ્રયોજનઃ' જેના અર્થે એટલે જેની અભિલાષાથી પ્રવૃત્તિ થાય તે પ્રયોજન.

૫. જેના સંબંધમાં વાદી પ્રતિવાદીને પરસ્પર વિવાદ હોતો નથી તે 'દૃષ્ટાન્ત.'

૬. 'સિદ્ધાન્ત' ચાર પ્રકારે છેઃ સર્વતંત્રસિદ્ધાન્ત, પ્રતિતંત્રસિદ્ધાન્ત, અધિકરણુ સિદ્ધાન્ત, અભ્યુપગમ સિદ્ધાન્ત.[1]

[1] આ અને બીજી બાબતોનો વિસ્તૃત અર્થ પરિશિષ્ટ નં. ૩ માં જોઇ શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. 'અવયવઃ' પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ અવયવ છે.

૮. 'તર્કઃ' સંશયને દૂર કરવા માટે અન્વયધર્મનું અન્વેષણ કરવું-દાખલા તરીકે આ તે ઝાડનું ઠુંઠું (સ્થાણુ) હશે કે પુરૂષ હશે વિગેરે તે તર્ક.

૯. 'નિર્ણયઃ' સંશય અને તર્ક પછી જે નિશ્ચય થવો તે નિર્ણય. જેમકે આ સ્થાણું જ છે અથવા આ પુરૂષ જ છે વિગેરે-તે નિર્ણય.

૧૦. કથા ત્રણ પ્રકારની છેઃ વાદ, જલ્પ અને વિતંડા. તેમાં ગુરૂ અને શિષ્ય વચ્ચે પક્ષ અને પ્રતિપક્ષનો સ્વીકાર કરી અભ્યાસ માટે જે કથા કહેવામાં આવે છે તે 'વાદ' કથા.

૧૧. માત્ર પરસ્પર વિજયની ઇચ્છાથી જ છલ, જાતિ, નિગ્રહસ્થાન વિગેરે દૂષણોના આરોપવાળી કથા તે 'જલ્પ' કથા.

૧૨. એજ જલ્પમાં જ્યારે પ્રતિપક્ષની ગેરહાજરી હોય ત્યારે તે 'વિતંડા' કહેવાય છે.

૧૩. હેતુ ન હોવા છતાં હેતુ જેવા દેખાય તે 'હેત્વાભાસ'.

૧૪. 'નવકંબલવાળો દેવદત્ત' વિગેરે 'છળ' કહેવાય છે.

૧૫. દૂષણાભાસો તે 'જાતિ' કહેવાય છે.

૧૬. સામો માણસ વાદ કરતો બંધ પડે તે 'નિગ્રહસ્થાન'. નિગ્રહ એટલે પરાજય અને સ્થાન એટલે કારણ. એના બાવીશ ભેદ છે, (એ સર્વપરનું વિવેચન સદરહુ પરિશિષ્ટમાં જોઇ શકાશે) તે આ પ્રમાણેઃ ૧ પ્રતિજ્ઞાહાનિ, ૨ પ્રતિજ્ઞાંતર, ૩ પ્રતિજ્ઞાવિરોધ, ૪ પ્રતિજ્ઞાસંન્યાસ, ૫ હેત્વન્તર, ૬ અર્થાન્તર, ૭ નિરર્થક, ૮ અવિજ્ઞાતાર્થ, ૯ અપાર્થક, ૧૦ અપ્રાપ્તકાલ, ૧૧ ન્યૂન, ૧૨ અધિક. ૧૩ પુનરૂક્ત, ૧૪ અનનુભાષણ, ૧૫ અપ્રતિજ્ઞાન, ૧૬ અપ્રતિભા, ૧૭ કથાવિક્ષેપ, ૧૮ મતાનુજ્ઞા, ૧૯ પર્યનુયોજ્યોપેક્ષણ, ૨૦ નિરનુયોજ્યાનુયોગ, ૨૧ અપસિદ્ધાન્ત, ૨૨ હેત્વાભાસ.

આ પ્રમાણે પ્રમાણ વિગેરે સોળ પદાર્થો છે.

એ પ્રમાણે નૈયાયિક દર્શનનો સંક્ષેપ દર્શાવ્યો.

(૨)

## વૈશેષિક.

ભાઇ પ્રકર્ષ! વૈશેષિકોએ નિર્વૃતિનગરીએ જવાના માર્ગની આ પ્રમાણે કલ્પના કરી છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમવાય એ છ પદાર્થના તત્ત્વજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ઉપર જણાવેલી નિર્વૃતિનગરી તે આ મોક્ષરૂપ જાણવી.

એ છ પદાર્થો પૈકી 'દ્રવ્યો' નવ જાણવાં: પૃથ્વી, અપ્, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન.

બીજા પદાર્થ 'ગુણ'ના પચીશ પ્રકાર છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ, વેગ અને શબ્દ.

'કર્મો' પાંચ છે: ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, પ્રસારણ, આકુંચન અને ગમન.

'સામાન્ય' બે પ્રકારે છે: પર અને અપર. પર છે તે સત્તાલક્ષણ છે અને દ્રવ્યત્વ વિગેરે અપર સામાન્ય છે.

નિત્ય દ્રવ્યમાં (અણુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મનમાં) રહેનાર અંત્ય તે 'વિશેષ' પદાર્થ જાણવો.

અયુતસિદ્ધ એટલે તંતુમાં રહેલા પટની પેઠે અન્ય આશ્રયમાં નહિ રહેનારા એવા આધારઆધેય ભાવવાળા બે પદાર્થોનો પરસ્પરનો સંબંધ જે ઇહપ્રત્યયનો હેતુ છે તે 'સમવાય' નામનો છઠ્ઠો પદાર્થ જાણવો.

આ દર્શનમાં પ્રત્યક્ષ અને અનુમાન ( લૈંગિક ) બે પ્રમાણો માનવામાં આવે છે.

આ પ્રમાણે વૈશેષિક દર્શનનો ટુંકામાં અર્થ જાણવો.

---

(૩)

## સાંખ્ય.

સાંખ્યોએ પોતાની બુદ્ધિથી નિર્વૃતિનગરીનો માર્ગ આ પ્રમાણે કલ્પ્યો છે—પચીશ તત્ત્વોના યથાર્થ જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તે પચીશ તત્ત્વો આ પ્રમાણે:—

ગુણો ત્રણ છે: સત્ત્વ, રજસ્, તમસ્. તેમાં પ્રસન્નતા, લઘુતા, સ્નેહ, અનાસક્તિ, અદ્વેષ અને પ્રીતિ એ સત્વનું કાર્ય જાણવું; તાપ, શોક, ભેદ, સ્તંભ, ઉદ્વેગ, ચલચિત્તતા એ રજોગુણનું કાર્ય જાણવું; મરણ, સાદન, બીભત્સ, દૈન્ય, ગૌરવ વિગેરે રજોગુણનાં ચિહ્નો જાણવાં. એ ત્રણે ગુણોની સામ્યાવસ્થા એટલે તુલ્ય પ્રમાણવાળી અવસ્થા



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે 'પ્રકૃતિ'. પ્રકૃતિમાં એ ત્રણે તત્ત્વો તુલ્ય પ્રમાણમાં હોય છે. એ પ્રકૃતિનું બીજું નામ 'પ્રધાન' પણ કહેવાય છે.

પ્રકૃતિથી 'મહાન્' ઉત્પન્ન થાય છે તેને 'બુદ્ધિ' પણ કહેવામાં આવે છે. બુદ્ધિથી 'અહંકાર' ઉત્પન્ન થાય છે.

અહંકારથી અગિયાર ઇંદ્રિયો અને પાંચ તન્માત્રા મળી સોળ તત્ત્વો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે: સ્પર્શન એટલે ચામડી, રસન એટલે જિહ્વા, ઘ્રાણ એટલે નાસિકા, ચક્ષુ એટલે આંખો અને શ્રોત્ર એટલે કાન-એ પાંચ 'બુદ્ધિ ઇંદ્રિયો' કહેવાય છે. વચન, હાથ, પગ, ગુદા અને સ્ત્રી અથવા પુરૂષચિહ્ન એ પાંચ કર્મેન્દ્રિય અને છઠ્ઠું મન એ રીતે અગીઆર થયા તથા તેજ અહંકારથી જ્યારે તેમાં તમસનું જોર થાય છે ત્યારે પાંચ તન્માત્રા થાય છે તે સ્પર્શ, રસ, રૂપ, ગન્ધ અને શબ્દલક્ષણ છે.

એ પાંચ તન્માત્રાથી પૃથ્વી વિગેરે (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ) પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે.

આવી રીતે (પ્રધાન, બુદ્ધિ, અહંકાર, પાંચ બુદ્ધિઇંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, પાંચ તન્માત્રા અને પાંચ મહાભૂતો રૂપ) ચોવીશ તત્ત્વરૂપ પ્રકૃતિ છે. તેનાથી જૂદો 'પુરૂષ' છે, ચૈતન્ય સ્વરૂપ છે, પચીશમું તત્ત્વ છે. જન્મમરણનો નિયમ દેખવાથી તથા ધર્મ વિગેરેમાં જૂદા જૂદા પ્રકારની પ્રવૃત્તિ કરનાર હોવાથી તે (પુરૂષ) અનેક છે. શબ્દ વિગેરેના ઉપભોગ માટે પુરૂષ અને પ્રકૃતિનો સંયોગ આંધળા અને પાંગળાના સંયોગ સમાન છે. શબ્દાદિની પ્રાપ્તિ થવી તે ઉપભોગ છે. ગુણ અને પુરૂષનો આંતર ઉપભોગ છે (?).

આ દર્શનમાં પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણ છે.

આ પ્રમાણે સાંખ્ય દર્શનની વાત સંક્ષેપમાં કરી.

---

## (૪)

## બૌદ્ધ.

ભદ્ર! નિર્વૃતિનગરીના રસ્તાની કલ્પના બૌદ્ધોએ આ પ્રમાણે કરી છે: તેઓ કહે છે કે બાર 'આયતનો' છે તે આ પ્રમાણે: પાંચ ઇંદ્રિયો, શબ્દ વિગેરે પાંચ (શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ) મન ધર્માયતન. ધર્મો એટલે સુખ દુઃખ વિગેરે તેનું આયતન એટલે તે શરીર સમજવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ પ્રત્યક્ષ અને અનુમાન એવાં બે પ્રમાણ કહે છે. આ પ્રમાણે બૌદ્ધોના મતનો સંક્ષેપમાં અર્થ જાણવો.

એ બૌધ મતમાં વૈભાષિક, સૌતાંત્રિક, યોગાચાર અને માધ્યમિક એવી ચાર શાખાઓ છે.

વૈભાષિક: તેમાંની વિભાષિક શાખાની હકીકત આ પ્રમાણે છે: પદાર્થ ક્ષણિક છે, તે આ પ્રમાણે: જન્મ ઉત્પન્ન કરે છે, સ્થિતિ સ્થાપન કરે છે, જરા જર્જરિત કરે છે, વિનાશ નાશ પમાડે છે–આત્મા પણ તેવો ક્ષણિક છે અને તે પુદ્ગલ કહેવાય છે.

સૌતાંત્રિક: સૌતાંત્રિક મત આ પ્રમાણે છે: રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર એ પાંચ સ્કંધ શરીરી માને છે, પરંતુ આત્મા એ નામનો કોઇ પદાર્થ નથી. પરલોકમાં જનારા એ સ્કંધો જ છે. સંસ્કાર માત્ર ક્ષણિક છે, સ્વલક્ષણ એજ પરમાર્થ છે, અન્ય અપોહ એટલે ઇતર પદાર્થની વ્યાવૃત્તિ તે શબ્દાર્થ. નૈરાત્મ્ય ભાવનાથી જ્ઞાનસંતાનનો ઉચ્છેદ તે મોક્ષ.

યોગાચાર: યોગાચારનો મત આ પ્રમાણે છે: આ સઘળું ભુવન તે વિજ્ઞાનમાત્ર. એ સિવાય કોઇ બાહ્ય પદાર્થ નથી. જ્ઞાનરૂપ એક અદ્વૈત માત્ર તાત્ત્વિક છે. તેનાં સંતાનો અનેક છે. વાસનાના પરિપાકથી નીલ પીતાદિનો પ્રતિભાસ થાય છે. આલયવિજ્ઞાન તે સર્વ વાસનાનો આધારભૂત છે અને આલયવિજ્ઞાનની વિશુદ્ધિ તેજ અપવર્ગ એટલે મોક્ષ.

માધ્યમિક: માધ્યમિક મત પ્રમાણે: આ સઘળું શૂન્ય છે અને પ્રમાણ પ્રમેયનો વિભાગ તે માત્ર સ્વપ્ન સમાન છે. શૂન્યતા દૃષ્ટિ તેજ મુક્તિ છે અને તેને માટે સર્વ ભાવનાઓ છે.

બૌદ્ધ દર્શનના વિશેષ ભેદો ઉપર તે પ્રમાણે સંક્ષેપમાં વિચારણા કરી.

---

**[1]ચાર્વાક.**

ચાર્વાકોને લોકાયત અથવા બાર્હસ્પત્ય પણ કહેવામાં આવે છે. (નિર્વિચાર સામાન્ય માત્ર તે લોક કહેવાય. લોકની માફક જે આચરણ કરે તે 'લોકાયત' તથા બ્રહસ્પતિએ એ મતની પ્રરૂપણા કરી તેથી

---

૧ મેં ચાર્વાકને સંખ્યા આપી નથી. કેટલાક મીમાંસકોને આધુનિક ગણી ચાર્વાકને દર્શનસંખ્યામાં ગણે છે. ચાર્વાકોને મોક્ષજ નથી, કર્મ નથી, પરભવ નથી તેને દર્શનગણનામાં લેવા મને યોગ્ય લાગ્યા નથી. એ સંબંધી ખુલાસો સદરહુ પરિશિષ્ટમાં પણ લખ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ બાર્હસ્પત્ય પણ કહેવાય છે. ) ભાઇ ! ચાર્વાકો માને છે કે નિર્વૃતિનગરી જ નથી. તેઓ કહે છે કે મોક્ષ નથી, જીવ નથી, પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી વિગેરે. ત્યારે છે શું ? માત્ર પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ–એ ચાર તત્ત્વો છે. એ ચાર તત્ત્વોના સમુદાયમાં જ શરીર, ઇંદ્રિય, વિષય એ સંજ્ઞા છે. જેમ મદ્યના અંગોમાં રહેલી મદશક્તિ તે સઘળાં અંગો એકઠા થવાથી પ્રકટ થાય છે તેમ એ ચારે ભૂતના સંયોગથી દેહરૂપ જે પરિણતિ તેમાં ચૈતન્ય પેદા થાય છે. તથા જળમાં જેમ પરપોટા ઉત્પન્ન થાય છે ( અને પાછા પાણીમાંજ સમાય છે ) તેમજ ભૂતસમુદાયમાંથી ચૈતન્ય ( જેને જીવ કહેવામાં આવે છે તે ) ઉત્પન્ન થઇ ભૂતમાંજ વિલય પામે છે.

[1]પ્રવૃત્તિ અને નિર્વૃતિથી સાધ્ય જે પ્રીતિ તે પુરૂષાર્થ. એ પુરૂષાર્થ તે એક 'કામ'જ છે, પરંતુ અન્ય મોક્ષાદિ નથી. આ ઉપરથી જોયું હશે કે પૃથ્વી જળ અગ્નિ અને વાયુ એ ચાર સિવાય અન્ય કોઇ તત્ત્વ નથી માટે દૃષ્ટ એટલે પ્રત્યક્ષ અનુભવાતાં આ લોક સંબંધી વિષયાદિ સુખનો ત્યાગ કરી નહિ દેખેલાં એવાં ( અદૃષ્ટ ) પરલોકનાં સુખ જે તપશ્ચરણ આદિ કષ્ટક્રિયાસાધ્ય ગણવામાં આવે છે તેમાં પ્રવૃત્તિ કરવી તે યોગ્ય નથી.

આ મત પ્રમાણે પ્રત્યક્ષ એકજ પ્રમાણ છે.

આ પ્રમાણે લોકાયત મતનો સંક્ષેપ કર્યો.

---

## ( ૫ )

## મીમાંસક.

ભદ્ર ! મીમાંસકોનો માર્ગ આ પ્રમાણે છેઃ—

અતીંદ્રિય પદાર્થને સાક્ષાત્ જોનાર કોઇ સર્વજ્ઞ નથી માટે નિત્ય ( સદાકાળસ્થાયી ) વેદવાક્યોથી યથાર્થપણાનો નિશ્ચય થાય છે; તો પ્રથમ વેદપાઠ કરવો. ત્યાર પછી ધર્મ સંબંધી જિજ્ઞાસા કરવી ( એટલે કે ધર્મ અતીંદ્રિય તે ક્યા પ્રમાણથી જાણી શકાશે એવા પ્રકારની ધર્મસાધનના ઉપાયભૂત ઇચ્છા કરવી ). ત્યાર પછી તેના નિમિત્તની પરીક્ષા કરવી. નોદના ( પ્રેરણા ) તે નિમિત્ત જાણવું. કહ્યું છે કે **चोदनालक्षणोऽर्थो धर्मः** નોદનાલક્ષણ અર્થ તે ધર્મ જાણવો. નોદના એટલે ક્રિયામાં પ્રવૃત્તિ કરાવનાર વેદવાક્ય. જેમકેઃ 'જેને સ્વર્ગની અભિલાષા હોય તે અગ્નિહોત્ર હોમ કરે' વિગેરે.

---

૧ અહીં મૂળમાં કાંઇ અશુદ્ધિ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે નોદનાથી ધર્મ જણાય છે, પરંતુ બીજા કોઇ પ્રમાણથી નહિ. કારણ કે પ્રત્યક્ષાદિ પ્રમાણો તો વિદ્યમાનને જ ગ્રહણ કરનારાં છે પરંતુ ધર્મ કર્તવ્યતા રૂપ છે અને કર્તવ્યતા તે ત્રિકાળશૂન્યાર્થ રૂપ છે.

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ, શબ્દ અને અભાવ એ છ પ્રમાણો મીમાંસકો માને છે.

આ પ્રમાણે મીમાંસક દર્શન સંબંધી ટુંકો સાર કહ્યો.

---

(૬)

## જૈન.

ભાઇ પ્રકર્ષ ! આ વિવેક મહાપર્વત ઉપર આરૂઢ થયેલા અને તે પર્વતના અપ્રમત્તત્ત્વ શિખરપર રહેલા જૈન લોકોએ નિર્વૃતિનગરીએ જવાનો માર્ગ આ પ્રમાણે દીઠો છેઃ—

જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા, મોક્ષ એ તત્ત્વો છે. તેની હકીકત આ પ્રમાણે છેઃ

તેમાં સુખદુઃખજ્ઞાનાદિ પરિણામને પામનાર તે જીવ જાણવો.

તેનાથી વિપરીત લક્ષણવાન્ (એટલે સુખદુઃખજ્ઞાનાદિ પરિણામને પામે નહિ) તે અજીવ જાણવો.

મિથ્યાદર્શન અવિરતિ કષાય અને યોગ એ (કર્મ)બંધના હેતુ છે; તેજ **આસ્રવ** છે.

આસ્રવનું કાર્ય તે **બંધ** છે.

આસ્રવથી વિપરીત તે **સંવર**.

સંવરનું ફળ નિર્જરા.

નિર્જરાનું ફળ મોક્ષ.

એ સાત પદાર્થો છે.

તેમાં વિધિ અને નિષેધ બતાવ્યા છે, અનુષ્ઠાનો જણાવ્યાં છે અને પદાર્થદર્શનનો પરસ્પર વિરોધ નથી.

આ જૈન દર્શનમાં સ્વર્ગની ઇચ્છા હોય તેમણે તપધ્યાન વિગેરે આચરવાં જોઇએ (આ વિધિમાર્ગ સમજવો).

'સર્વ જીવોને હણવા ન જોઇએ' એવું વચન છે (એ પ્રતિષેધ સમજવો).

હમેશા (સાધુએ) સર્વ ક્રિયાઓમાં સમિતિ અને ગુપ્તિ પાળવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઇએ અને તેનાંથી શુદ્ધ ક્રિયા આચરવી જોઇએ ( અનુષ્ઠાન ). **શાસ્ત્ર-વચન** એવું છે કે 'સમિતિ ગુપ્તિથી શુદ્ધ ક્રિયા હોય તે **અસપત્ન** યોગ કહેવાય છે.'

ઉત્પાદ વિગમ ( નાશ ) અને ધ્રૌવ્ય ( સ્થિતિ ) યુક્ત હોય તે **સત્** કહેવાય છે.

એક દ્રવ્યના અનંતા પર્યાય થાય છે અને અર્થની એ વ્યાખ્યા છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણ છે.

એ પ્રમાણે જૈન મતનું દિગ્દર્શન માત્ર થયું.

---

ભાઇ **પ્રકર્ષ**! પ્રથમના ચાર ( નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને બુદ્ધ ) વાદીઓ નિર્વૃતિમાર્ગને જાણતાં જ નથી. એનું કારણ એ છે કે ત્યાં જનાર પુરૂષ ( નૈયાયિક મતે ) એકાન્ત અને નિત્ય છે, બીજા વળી તેને સર્વત્ર રહેનાર માને છે, બીજા ( બૌદ્ધો ) તેણે ક્ષણવિનાશી ઇચ્છે છે. હવે જો એ નિત્ય હોય તો તે અવિચલ હોઇને કેવી રીતે જાય? અને જો તેને સર્વત્ર રહેનાર ( સર્વવ્યાપી ) કહેવામાં આવે તો પછી તે ક્યાં જાય? અને ક્યાંથી જાય? હવે જો ત્યાં જનાર ક્ષણવિનાશી હોય તો તે ત્યાં જવાને ઇચ્છતોજ નથી-માટે એ બાપડાઓ નિર્વૃતિનગરના માર્ગો કોઇ જાણતા જ નથી.[1]

વળી જે લોકાયતો ( નાસ્તિકો, ચાર્વાકો ) છે તે તો નિર્વૃતિ-નગરીથી દૂર જ રહે છે, કારણ કે પાપથી હણાયલા હૃદયવાળા બિચારાઓ એ નગરીનો તિરસ્કાર જ કરી રહ્યા છે. સમજુ માણસોએ આ નાસ્તિકોના મતને તો મહા પાપના સમૂહ તરીકે જાણવો જોઇએ, કારણ કે જેની સાથે સરખામણી ન થઇ શકે તેવા અદ્વિતીય સુખથી ભરપૂર એવી નિર્વૃતિનો તેઓ તો સર્વથા નિષેધ જ કરી રહ્યા છે. એ નાસ્તિક દર્શન છે તે તો અત્યંત અધમ સત્ત્વોએ ચિંતવેલું જણાય છે, જાતે પાપશ્રુત છે અને દુષ્ટ આશયને ઉત્પન્ન કરનાર છે તેથી ધીર પુરૂષોએ સર્વદા વર્જવા યોગ્ય છે.

અને ભાઇ! પરમાર્થદૃષ્ટિએ વિચાર કરીએ તો મીમાંસકોને પણ એ નગરી ઇષ્ટ હોય એમ જણાતું નથી; કારણ કે એ બાપડાઓએ તો સર્વજ્ઞની હયાતી કે શકયતાનો અનાદર કરીને માત્ર એક વેદનું જ પ્રમાણિકપણું અથવા આધારભૂતહોવાપણું સ્વીકાર્યું છે.

---

૧ આ મુદ્દાપર શ્રીષડ્દર્શન સમુચ્ચયની ટીકામાં બહુ વિસ્તાર છે. જુઓ શ્લોક ૫૧ પરની ટીકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે જમીનપર રહેનારા એ પાંચે નગરવાસીઓ સદરહુ કારણને લઇને મિથ્યાદર્શનથી મોહવાળા થઇ ગયેલા છે, મિથ્યાદર્શનમાં મુંઝાઇ ગયેલા છે એમ કહેવામાં આવ્યું છે.

હવે જે પેલા શિખર ઉપર ચઢેલા લોકો છે અને તેના ઉપર આવેલા શહેરમાં રહેનારા (જૈનો) છે તેઓ જે નિર્વૃતિનગરીનો માર્ગ બતાવે છે તે બરાબર સાચો અને વાંધાવગરનો રસ્તો છે. એની હકીકત એમ છે કે પેલો મિથ્યાદર્શન મંત્રી ગમે તેવો બળવાન્ હોય તો પણ જેઓ સાચા રસ્તાને હોય તેવા રૂપમાં (બરાબર) જાણનારા હોય છે અને વળી જેઓ જાતે વીર્ય(શક્તિ)વાળા હોય છે તેના ઉપર તે કોઇ પણ પ્રકારની બાધા પીડા કરી શકતો નથી. એ શિખરપર આવેલા નગરમાં રહેલા લોકો પણ જ્ઞાન અને શ્રદ્ધાથી પોતાની જાતને પવિત્ર કરીને સંસારબંદિખાનાથી તદ્દન નિઃસ્પૃહ રહે છે અને ચારિત્રરૂપ વાહનમાં બેસીને નિર્વૃતિનગરીએ જાય છે. અને ભાઇ! આ સાચો રસ્તો કેવા પ્રકારનો છે અને (નિર્વૃતિનગરીના) બીજા રસ્તાઓ તે પ્રકારના કેમ નથી એ સંબંધી જો તારી પાસે હું વિચારણા કરૂં તો તો મારો આખો જન્મારો પૂરો થઇ જાય પણ એ સંબંધી વિચારણાનો છેડો આવે નહિ; માટે તને ટુંકામાં જ કહી દઉં છું તે તું સમજી લેજે: જ્ઞાનદર્શનચારિત્ર લક્ષણવાળો જે આ આંતર મત છે તેને વિદ્વાનોએ સ્પષ્ટ રીતે નિર્વૃતિના માર્ગ તરીકે ગણાવ્યો છે અને તે ખરેખર તેવો જ છે. એ નિર્વૃતિનો રસ્તો છે તે પર્વત ઉપર રહેનારા લોકોએ જ (જૈનોએ જ) જોયો છે અને જમીન ઉપર રહેનારા લોકોએ જોયો નથી.

આવી રીતે ભાઇ! ભવચક્રની અંદર મિથ્યાદર્શન નામના–મંત્રીએ વિડંબના કેવી કેવી અને કોને કોને કરેલી છે તેનું તારી પાસે ટુંકામાં વર્ણન કરી બતાવ્યું.”

આ પ્રમાણે લંબાણ વિવેચન કરીને વિમર્શમામા જરા અટક્યા.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

# પ્રકરણ ૩૨ મું.

## જૈનપુરદર્શન.

મિથ્યાદર્શન નામના મોહરાજાના મંત્રીથી લોકોને વિડંબના કરવામાં આવે છે તેના અમલ તળે રહેલા નગરોનું મામાએ વર્ણન કર્યું, સાથે જણાવ્યું કે 'એ નગરીના માર્ગનું જો સંપૂર્ણ વિસ્તારથી વર્ણન કરવામાં આવે તો આખો જન્મ પૂરો થઇ જાય' અને છેવટે સૂચવ્યું કે 'વિવેક પર્વતપર આવેલા અપ્રમત્ત શિખરપર જે છઠું (જૈન) નગર છે તે નિર્વૃતિમાર્ગને સાધનાર છે, બાકીના ભૂમિ ઉપર રહેલા પાંચે નગરો નિર્વૃતિનગરીએ જવાને યોગ્ય નથી અને તેથી તેમાં રહેલા લોકો અનેક પ્રકારની વિડંબનાઓ પામે છે અને પરિણામે સંસારમાં ભટકયા કરે છે.' આટલી હકીકત સાંભળ્યા પછી છઠ્ઠા નગર સંબંધી વિશેષ હકીકત જાણવાની જિજ્ઞાસા પ્રકર્ષને થઇ આવી તેને અંગે જે ઘણી અગત્યની વાર્તા મામા ભાણેજ વચ્ચે થઇ તે બહુ મહત્વની છે અને તેના પર ખાસ લક્ષ્ય આપવા યોગ્ય છે.

સંસારીજીવ ભવ્યપુરૂષ સાંભળે તેમ અગ્રહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળાની હાજરીમાં સદાગમ સમક્ષ પોતાનું ચરિત્ર આગળ ચલાવતાં કહેછે કે વિચક્ષણ આચાર્યે રિપુદારૂણના પિતા નરવાહન સમક્ષ પોતાની હકીકત કહેતાં આગળ જણાવ્યું કે ત્યાર પછી મામા ભાણેજ વચ્ચે નીચે પ્રમાણે વાર્તા આગળ ચાલી. (રસનાની મૂળ ઉત્પત્તિ શોધી લાવવા વિમર્શને શુભોદય રાજાએ મોકલેલ છે અને તેની સાથે તેનો ભાણેજ પ્રકર્ષ જિજ્ઞાસાથી આવેલ છે. રસનાની શોધ થઇ ગઇ, પણ તેઓને એક વરસનો અવધિ આપેલ હોવાથી તેમાં બાકી રહેલા વખતમાં પ્રકર્ષની જિજ્ઞાસા તૃપ્ત કરવા સારૂ મામા તેને ભવચક્રના અનેક કૌતુકો બતાવે છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

{વિચક્ષણાચાર્ય નરવાહનને કહે છે કે-'આ હકીકત ઘણી ઉપયોગી ! મામા ભાણેજ વચ્ચે પછી વાર્તા ચાલી.'}

### રસિક જીજ્ઞાસુ ભાણેજનું યોગ્ય કુતૂહળ.
### જીતનારાઓના દર્શનની જિજ્ઞાસા.
### જૈનપુર તરફ તે માટે પ્રયાણ.

**પ્રકર્ષ**—"મામા ! તમારી કૃપાથી આ ભવચક્ર નગર મેં ઘણું ખરૂં બરાબર જોયું, વળી અંતરંગના રાજાઓમાં કેટલી શક્તિ છે તે પણ મારા સમજવામાં આવી ગઇ, પણ મામા ! મને એક વાત તો બહુ હસવા જેવી લાગે છેઃ લોકોમાં નાના છોકરાઓ પણ વાત કહે છે એવી વાત થઇઃ મોટી જાન લઇને કન્યા પરણવા સારૂં ગયા તે કન્યાને જ પાછા વળતી વખત ભૂલી આવ્યા ! આપણે પણ એવુંજ કૌતુક કર્યું જણાય છે ! જુઓ મામા ! મહામોહ વિગેરે રાજાઓને જિતનારા જે મહાત્મા મનુષ્યો હોય છે અને જે સંતોષની સાથે રહેલા હોય છે તેઓને જોવા માટે આપણે ખાસ કરીને આ ભવચક્ર નગરમાં આવ્યા હતા[1] અને આપણે એ મહાત્માઓને તો જોયા જ નહિ, સંતોષરાજા પણ દેખાયા નહિ, ત્યારે જે હેતુથી આપણે અહીં આવ્યા હતા તે હેતુ તો જરા પણ પાર પડ્યો નથી; મતલબ આપણો અહીં આવવાનો મૂળ મુદ્દો હજુ ઊભોજ છે; માટે મામા ! મારા ઉપર મહેરબાની કરીને એ મહાત્માઓ અને એ સંતોષ રાજા જે સ્થાનકે રહેતા હોય ત્યાં મને લઇ જાઓ અને તેઓને સારી રીતે ઓળખાવી બતાવો."

**વિમર્શ**—"ભાઇ ! આ વિવેકપર્વત જેના ઉપર આપણે ઊભા છીએ તેના અપ્રમત્તત્વ શિખર ઉપર જૈનપુર દેખાય છે, તેમાં એવા મહાત્માઓ વસે છે અને જે રાજાનું નામ તેં આપ્યું તે પણ ત્યાં છે. તો આપણે ત્યાં ચાલો, હું તને તે સર્વ બતાવું. જ્યારે તું તેઓને બરાબર સાક્ષાત્ તારી નજરે જોઇશ એટલે સર્વ હકીકત તને સ્વયમેવ સમજાઇ જશે."

### સાધુદર્શન-સાધુવર્તન.
### સાધુઆહાર-સાધુજીવન.
### સાધુ સંબંધી ચિત્તવૃત્તિઅટવી.

પ્રકર્ષે જૈનપુર તરફ જવાની હા પાડી એટલે મામા ભાણેજ તે

---

૧ જુઓ પૃ. ૬૧૦. ભવચક્રનગર જોવા જવાનો હેતુ ત્યાં આપ્યો છે. (પ્રકરણ ૨૦ મું-ચાલુ પ્રસ્તાવ.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગર તરફ ચાલ્યા. એ નગરમાં જતાં જ તેઓએ અત્યંત નિર્મળ મનવાળા [1]સાધુઓનાં દર્શન કર્યાં.

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! આ તે લોકો છે કે જે મહાત્માઓએ "પોતાના પ્રચંડ વીર્યથી મહામોહ વિગેરે રાજાઓને હઠાવી દીધા છે "પાછા પાડી દીધા છે, શક્તિ વગરના કરી મૂક્યા છે. એ મહાત્માઓ "સર્વ ત્રસ અને સ્થાવર જંતુઓના બંધુ છે અને સર્વ પ્રાણીઓ "એમના ભાઇ થાય છે,[2] એ મહાત્માઓ મનુષ્ય દેવતા કે તિર્યંચની "સર્વ સ્ત્રીઓને પોતાની માતા તુલ્ય ગણે છે અને એવા ઉત્તમ પુ-"રૂષો ખરેખર સર્વ સ્ત્રીઓના વહાલા પુત્રો જ હોય તેવા જણાય છે. "એ મહાત્મા પુરૂષોનાં ચિત્ત બાહ્ય કે અંતરંગ પરિગ્રહ ઉપર જરા "પણ લાગતા નથી, બાહ્ય પરિગ્રહમાં ધનધાન્ય મિલકતનો સમાવેશ "થાય છે, અંતરંગ પરિગ્રહમાં ક્રોધ માન વિગેરે અંતરંગ શત્રુઓનો "સમાવેશ થાય છે, એ સર્વમાં તેમનું મન રહેતું નથી, તેના ઉપર આસક્તિ "થતી નથી, એટલુંજ નહિ પણ પોતાનાં શરીર ઉપર પણ તેમને આ-"સક્તિ થતી નથી એટલે જેવી રીતે કમળ કાદવમાંથી ઉત્પન્ન થાય "છે અને જળથી વૃદ્ધિ પામે છે છતાં કાદવ જળથી કમળ તદ્દન ન્યારૂં "રહે છે તેમ તેઓ કર્મથી ઉત્પન્ન થા છે અને ભોગજળથી વૃદ્ધિ "પામે છે છતાં તે સર્વથી દૂર રહે છે અને તેઓની સર્વ પ્રક્રિયા-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧ જૈન સાધુ-ભિક્ષુઓને જોતાં જ તેઓના વેશથી પણ તેઓની પવિત્રતા દેખાઇ આવે છે.

૨ સાધુ દીક્ષા લેતી વખત પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત લે છે. એનો વિસ્તાર આ વિભાગમાં થયો છે. પ્રથમ **પ્રાણાતિપાત વિરમણવ્રત**ને લઇને સાધુઓ સર્વ જીવને બંધુસમાન ગણે છે, કોઇનો ઘાત કરતા નથી, કોઇની લાગણી પણ દુઃખવતા નથી. એ વ્રતને અંગે કોઇ જીવનાં વધ, બંધન તાડન કે મારણનો મુનિને સર્વથા ત્યાગ હોય છે.

૩ સાધુ પંચ મહાવ્રત લે છે તેમાં ચતુર્થ વ્રત **મૈથૂનવિરમણ** છે. એને લઇને તેઓ સર્વ પ્રકારે સ્ત્રીસંયોગ કે સંબંધનો ત્યાગ કરે છે, બ્રહ્મચર્યની નવ વાડો પાળે છે અને ૧૮૦૦૦ શિલાંગો ધારણ કરે છે. રંભા, ઉર્વશી કે અપ્સરા અથવા સુંદરી કે દેવી સામી આવી ભોગ માટે પ્રાર્થના કરે તેમની સામે એ મહાત્માઓ નજર પણ કરતા નથી, તેવીના ભોગની પણ તેમને ઇચ્છાજ થતી નથી તો પછી મનુષ્ય તિર્યંચ, સાથે સંયોગ કરવાની ઇચ્છા તો તેઓ કેમ જ કરે? તેઓ સ્ત્રી સંબંધી વાત કે વિચાર પણ કરતા નથી. એવીજ રીતે સાધ્વીઓની પુરૂષ સંબંધી ભાવના જણાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વર્તના સાક્ષી ભાવે જ જણાય છે.[1] એ મહાત્મા પુરૂષો સાચું વચન "બોલે છે, પ્રાણીઓનું હિત થાય તેવું જ વચન બોલે છે, ઉચ્ચાર "કરે ત્યારે જાણે તેમના મુખમાંથી અમૃત ઝરતું હોય તે પ્રમાણે "બોલે છે, સારાસારની બરાબર પરીક્ષા કરીને બોલે છે, કામ હોય "તો જ બોલે છે અને જરૂર હોય તેટલું જ બોલે છે, નકામી વાત "પણ કરતા નથી.[2] એ મહાત્મા પુરૂષો અસંગ યોગની સાધના કરે "છે, કોઇ પ્રાણી કે વસ્તુનો સંગ સર્વથા ન રહે તે સ્થિતિ પ્રાપ્ત કર-"વાની તેઓની ઇચ્છા હોય છે અને તેની સિદ્ધિ માટે જ તેઓ સર્વ "પ્રકારના દોષો રહિત આહાર લે છે અને એવી રીતના દોષ વગરના "આહારમાં[3] પણ તેઓ જરા પણ લોલુપતા રાખતા નથી. ભાઇ "પ્રકર્ષ! હું તને કેટલી વાત કહું? ટુંકામાં કહું તો એ મહાત્માઓની "સર્વ ચેષ્ટાઓ અને વર્તનો એવા પ્રકારનાં હોય છે કે એથી મહા-"મોહ વિગેરે રાજાઓ તદ્દન દબાઇ જાય છે, જરા પણ જોર કરી "શકતા નથી અને આખરે તદ્દન હાર પામી ચાલ્યા જાય છે.

"હવે ભાઇ પ્રકર્ષ! એવા મહાત્મા પુરૂષોના સંબંધમાં પેલી ચિત્તવૃત્તિ અટવી વિગેરે કેવા પ્રકારનું વર્તન કરે છે તે પણ તું સમજી લે: જે પ્રમત્તતા નદીનું વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે અને જે ચિત્તવૃત્તિ અટવીમાં તેં બરાબર જોઇ હતી[4] તે તેઓના સંબંધમાં તદ્દન સુકી થઇ જાય છે એટલે તેમાં પાણી રહેતું નથી; એ નદીમાં જે

जैन साईट JAINSITE नमः स्याद्वाद शासनम्

૧ સાધુ પંચ મહાવ્રત લે છે તેમાં પાંચમું વ્રત **પરિગ્રહવિરમણ** વ્રત છે. ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ (મકાન), રૂપું, સોનું, અન્ય ધાતુ, દ્વિપદ અને ચતુષ્પદ એ નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ હોય છે. મૂર્છાને પરિગ્રહ કહેવામાં આવે છે એટલે સાધુને કોઇ વસ્તુ ચારિત્રનિર્વાહ માટે રાખવી પડે તો પણ તેના ઉપર આસક્તિ રાખતા નથી.

૨ સાધુઓનું બીજું વ્રત **મૃષાવાદવિરમણ** છે. તેઓ ખોટું બોલતા નથી, સત્ય, મિત પ્રિય, હિત અને તથ્ય વચન બોલે છે. આ વર્ણનમાં ત્રીજા **અદત્તાદાન વિરમણ** વ્રત સંબંધી હકીકત રહી ગઇ જણાય છે. ચોરીના ત્યાગ ઉપરાંત કોઇની રજા વગર પણ કોઇની વસ્તુનો સાધુ ઉપયોગ કરતા નથી.

૩ આહારના બેતાલીશ દોષ છે. વિસ્તાર માટે જુઓ પ્રવચનસારોદ્ધાર ગ્રંથ (પ્ર. રત્નાકર-ભાગ ત્રીજો-પૃ. ૧૬૯-૨૦૮) આ બેતાલીશ દોષ આહારના ખાસ સમજવા યોગ્ય છે. સંક્ષેપમાં તેનું વિવેચન પરિશિષ્ટ ના. ૪ માં કર્યું છે. સાધુધર્મમાં કેટલી વિશાળતા અને ઉંડાણ છે તથા તેપર કેટલું વિગતવાર લક્ષ્ય અપાયું છે તેનો આ હકીકત એક સાદો નમુનો છે.

૪ જુઓ પૃ. ૮૦૫-૬.

તદ્વિલસિત નામનો બેટ બતાવવામાં આવ્યો હતો[1] તે આવા મહાત્માઓના સંબંધમાં તદ્દન શૂન્ય જણાય છે; એ બેટની વચ્ચે જે ચિત્તવિક્ષેપ નામનો મંડપ ઊભો કરેલો તેં જોયો હતો[2] તે આવા મહાત્માઓના સંબંધમાં ભાંગી ગયેલો જણાય છે; એ ચિત્તવિક્ષેપ મંડપમાં જે તૃષ્ણા નામની વેદિકા જોવામાં આવી હતી[3] તે તદ્દન ઉડાડી મૂકેલી એઓના સંબંધમાં દેખાય છે, એ તૃષ્ણા વેદિકા ઉપર જે વિપર્યાસ નામનું સિંહાસન જોવામાં આવ્યું હતું[4] તે તદ્દન ભાંગી ગયેલું અને વિંખાઇ ગયેલું તેઓના સંબંધમાં દેખવામાં આવે છે; એ મહામોહ રાજાનું શરીર અવિદ્યા રૂપ તારા જોવામાં આવ્યું હતું[5] તે શરીર રૂપ લાકડીને એ મહાત્માઓએ તદ્દન ભાંગી ચૂરો કરી નાંખેલ જણાય છે; મહામોહ રાજાને એ મહાત્માઓએ તદ્દન પાતળો—ચેષ્ટાશૂન્ય કરી મૂકયો દેખાય છે; એના મિથ્યાદર્શન નામના મંત્રીપિશાચને તેમણે ખેંચીને દૂર ફેંકી દીધેલો દેખાય છે; એ મોહરાજાના પુત્ર રાગકેસરીને તેમણે તદ્દન નાશ પમાડી દીધો છે; એ મોહરાજાના બીજા પુત્ર દ્વેષગજેન્દ્રનો તેઓએ ભેદ કરી નાખ્યો હોય તેવો તે દેખાય છે; એ મોહરાજાના એક અગ્રગણ્ય સેનાની અને નાના સરખા રાજા જેવા મકરધ્વજને તે મહાત્માઓએ જમીનપર પટકી પાડ્યો હોય તેમ દેખાય છે; રાગકેસરીના મંત્રી વિષયાભિલાષને તેમણે ફાડી નાખ્યો હોય તેવો જણાય છે; એ મહામોહ રાજાની મહામૂઢતા ભાર્યા છે તેને એ મહાત્માઓએ ધક્કા મારીને કાઢી મૂકી હોય તેમ જણાય છે; એ મોહરાજાના હાસ્ય[6] નામના સુભટને તેમણે મારી નાંખ્યો જણાય છે; જુગુપ્સા[7] અને અરતિ[8] તેમણે છેદી નાંખી જણાય છે; ભય[9] અને શોક[10]નો તેમણે વિનાશ કરી નાખ્યો દેખાય છે; દુષ્ટાભિ-

---

૧ જુઓ પૃ. ૮૦૬–૭.

૨ જુઓ પૃ. ૮૦૭–૮.

૩ જુઓ પૃ. ૮૦૮–૯.

૪ જુઓ પૃ. ૮૦૯.

૫ જુઓ પૃ. ૮૧૦–૧૧.

૬ હાસ્યની ઓળખાણ માટે જુઓ પૃ. ૮૭૨.

૭ જુગુપ્સાની ઓળખાણ પૃ. ૮૭૭ માં થાય છે.

૮ અરતિની ઓળખાણ પૃ. ૮૭૪ માં થાય છે.

૯ ભયની ઓળખાણ પૃ. ૮૭૪ માં થાય છે.

૧૦ શોકની ઓળખાણ પૃ. ૮૭૫ માં થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંધિ વિગેરને તેમણે દળી નાખ્યા છે; છોકરાંનાં[1] રૂપોને ( સોળ કષાયોને ) તેઓએ દૂર નસાડી મૂક્યાં જણાય છે; [2]જ્ઞાનસંવરણ ( જ્ઞાનાવરણ ) વિગેરે ત્રણ અત્યંત ખરાબ રાજાઓ છે તેમનો તે મહાત્માઓએ વિનાશ કરી નાખ્યો દેખાય છે; સાત રાજાઓમાંથી બાકીના ચાર વેદનીય[3] વિગેરે રાજાઓ રહ્યા તેમને એ મહાત્માઓએ પોતાને અનુકૂળ કરી દીધેલા હોય તેમ દેખાય છે; એ મોહરાજાનું ચારે પ્રકારનું[4] લશ્કર તેઓના સંબંધમાં જાણે તદ્દન નાશ પામી ગયેલું હોય તેમ દેખાઇ આવે છે; તેઓના ચાળાચટકા તદ્દન શાંત થઇ ગયેલા દેખાય છે, વિલાસો તેઓના સંબંધમાં ગળી ગયેલા દેખાય છે અને સર્વ પ્રકારના વિકારો તેઓના સંબંધમાં તદ્દન અદશ્ય થઇ ગયા હોય છે.

"ભાઇ પ્રકર્ષ! તારી પાસે કેટલું વર્ણન કરૂં? સંક્ષેપમાં કહું તો મેં તને અગાઉ કહ્યું હતું કે ચિત્તવૃત્તિ મહા અટવીમાં સર્વ વસ્તુ પ્રાણીઓને બાહ્ય રૂપે ઘણી જ દુઃખ દેનારી થાય છે અને પ્રાણીઓ તેની અસરતળે અનેક પ્રકારના ત્રાસો પામ્યા કરે છે. તે સર્વ વસ્તુઓને મહાત્મા પુરૂષો આ ભવચક્રમાં બેઠા બેઠાજ લગભગ નાશ પામેલી જુએ છે, જાણે તે વસ્તુઓ હોય જ નહિ એમ તે મહાત્માઓના સંબંધમાં બનતું જોવામાં આવે છે. ખરેખર એ મહાત્માઓ મોટા બુદ્ધિશાળી છે! એ મહાત્માઓમાં ધ્યાનયોગ એવો બળવાન હોય છે કે તેને લઇને તેઓની ચિત્તવૃત્તિ અટવી સર્વ પ્રકારના ઉપદ્રવોથી રહિત જણાય છે, તદ્દન શ્વેત થઇ ગયેલી દેખાય છે અને અનેક પ્રકારનાં રત્નો ( જ્ઞાનાદિ )થી ભરપૂર દેખાય છે. મેં જે મહાત્માઓનું તારી પાસે પૂર્વે વર્ણન કર્યું તે સર્વ તપોધનો ( મહાત્મા-સાધુઓ-પ્રગતિ પામેલા વીર પુરૂષો ) દેખાય છે તેમને તું બરાબર ધારી ધારીને જોઇ લે."

---

૧ સોળ છોકરાની ઓળખાણ પૃ. ૮૭૮ થી થાય છે.

૨ સાત રાજાઓની ઓળખાણ પ્રકરણ ૧૮ માં પૃ. ૮૮૮ થી શરૂ થાય છે. તેમાં જ્ઞાનસંવરણ દર્શનાવરણ અને અંતરાયનામના ત્રણ રાજાઓ અત્યંત દુષ્ટ છે.

૩ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. બાકી આઠમો મોહરાજા રહ્યો તેની હકીકત ઉપર આવી ગઈ છે.

૪ ચાર પ્રકારના બંધ સમજવા અથવા અંગત લશ્કર, સામંતચક્ર, સામંતોનો પરિવાર અને મિત્ર રાજાઓ.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

# પ્રકરણ ૩૩ મું.

## સાત્ત્વિકમાનસ પુર અને ચિત્તસમાધાન મંડપ.

વિવેક પર્વત દર્શન.
અપ્રમત્તત્વ શિખર.
જૈનપુર-તેના લોકો.
ચિત્તસમાધાન મંડપ.
નિઃસ્પૃહતા વેદિકા.
જીવવીર્ય સિંહાસન.

હવે પ્રકર્ષને ભારે મજા આવી, તેની જિજ્ઞાસા તૃપ્ત થવાના પ્રસંગો વધતા ચાલ્યા, વળી એને આનંદ આવે તેવી સુંદર વસ્તુઓ અને લોકોના દર્શન થવા લાગ્યા અને આખા જગતનું તત્ત્વ જ્ઞાનચક્ષુ સમક્ષ ખુલવા લાગ્યું. તે વખતે એને નવીન જિજ્ઞાસા થઇ એટલે એણે પ્રશ્ન પરંપરા શરૂ કરી.

### ચિત્તસમાધાન મંડપમાં પ્રવેશ.

પ્રકર્ષ—“ મામા ! આપે બહુ સારૂં કર્યું, મારા ઉપર ઘણી કૃપા કરી ! મહાત્મા પુરૂષોનાં (સાધુઓનાં) દર્શન કરાવીને મારાં પાપોને આપે ખેરવી નાખ્યાં, મને ઘણો પવિત્ર કર્યો, મારા અંતઃકરણને શાંત કર્યું, મારી આંખો આજે ખરેખરી પાવન થઇ, આનંદ રૂપ અમૃત મારા શરીરપર છાંટીને મારા આખા શરીરને તમે ઠંડુ કરી દીધું. હવે મામા ! તમે મને પ્રથમથી અહીં સંતોષ રાજાના દર્શન કરાવવા લઇ આવ્યા છો તેને બતાવવો બાકી રહ્યો છે, એ સંતોષ રાજા આપ મને બતાવો એટલે આપણો અહીં આવવાનો પ્રયાસ બરાબર સફળ થાય.”

વિમર્શ—“ ભાઇ પ્રકર્ષ ! જો પેલો દૂર એક ઉજ્જવળ ચિત્તસ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માધાન[1] નામનો મંડપ દેખાય છે, એને જોવાથી જ આંખોને ઘણી શાંતિ મળી જાય છે અને એ મંડપ ઘણો જ વિશાળ દેખાય છે, વળી એ મંડપ આ જૈનપુર નગરમાં રહેનાર સર્વ લોકોને ઘણો વહાલો છે. એ મંડપને તું જો! ખરેખર, સંતોષ રાજા એ ચિત્તસમાધાન મંડપમાં જ હોવા જોઇએ."

પ્રકર્ષ—"મામા! જો એમજ હોય તો આપણે એ ચિત્તસમાધાન મંડપમાં દાખલ થઇ સંતોષ રાજાને જોઇએ."

વિમર્શ—"ભલે ભાઇ! એમ કરીએ."

## વિશાળ મંડપની ભવ્ય રચના.

આ પ્રમાણે વાતચીત કરી મામા ભાણેજ તે ચિત્તસમાધાન મંડપમાં યોગ્ય સ્થળેથી દાખલ થયા એટલે તેઓના જોવામાં આખો મંડપ અંદરથી આવી ગયો. એ મંડપ જોતાં જ તેમને જણાયું કે એ પોતાના પ્રભાવથી વિક્ષેપ પામેલા લોકોના સંતાપને દૂર કરે તેવો સુંદર છે. એ મંડપની વચ્ચે એક ચાર મુખવાળા રાજા તેમના જોવામાં આવ્યા. તે આખા મંડપમાં રાજ્યમંડળની બરાબર વચ્ચે બેઠેલ હતા, પોતાના તેજથી તેણે અંધકારનો વિનાશ કરી નાખેલ જણાતો હતો, તેમની આસપાસ અનેક લોકો વીંટાઇને બેઠેલા જણાતા હતા, તે સત્ ચિત્ત અને આનંદને આપનાર દેખાતા હતા, એક મોટી વિશાળ[2] વેદિકા ઉપર આવી રહેલા અત્યંત સુંદર સિંહાસન ઉપર તે રાજા બેઠેલા દેખાતા હતા. આવા મોટા રાજાને સુંદર રીતે મંડપમાં બેઠેલ મામાભાણેજે જોયા. એ રાજાને જોતાં પ્રકર્ષના મનમાં અત્યંત આનંદ થયો, ઘણોજ હર્ષ થઇ આવ્યો અને પૂર્ણ પ્રેમ પ્રગટ થયો. તેની પ્રકૃતિ સાધારણ રીતે નવું નવું જાણવાની બાબતમાં કૌતુકવાળી હોવાને લીધે તે વખતે તેને કેટલાક પ્રશ્નો પૂછી હકીકત સમજવાની ઇચ્છા તેના સ્વભાવ પ્રમાણે થઇ આવી. પછી તેણે મામાને પોતાના સંદેહો એક પછી એક પૂછવા માંડ્યા.

---

૧ **ચિત્તસમાધાન:** સારું ચિત્ત. નકામી કલ્પના, કુવિકલ્પો, વિકળતા, વૈમનસ્યરહિત સ્થિરતાવાળું પવિત્ર મન. એવા મનમાં જ સંતોષની હાજરી સંભવે છે. ચિત્તનું સમાધાન-સમતોલપણું જ્યાં થાય તેને અહીં સારા મનરૂપ મંડપ જણાવવામાં આવ્યો છે.

૨ વેદિકા, સિંહાસન, ચતુર્મુખ વિગેરે બાબત વિસ્તારથી આજ પ્રકરણમાં સ્પષ્ટ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાત્વિકમાનસ પુર.**

**તેનું સ્થાન, તેની જમીનદારી.**
**તેના હક્કો, તેના તાબાનાં નગરો.**
**કર્મપરિણામ અને શુભાશય રાજાઓ.**

**પ્રકર્ષ**—“ અહો મામા ! જે જૈનપુરનો આવો મોટો સ્વામી છે જ્યાં આવો સારો મંડપ છે અને જ્યાં આવા સુંદર લોકો વસે છે તે નગર તો ઘણું સુંદર અને રમણીય જણાય છે. ત્યારે મામા ! જે નગર આવા સુંદર વિવેક પર્વતપર આવી રહેલું છે તે શું સર્વ દોષોથી ભરેલા ભવચક્રમાં આવેલ છે? ભવચક્રમાં તે આવા સુંદર મંડપને શી રીતે સ્થાન હોઇ શકે?”

**વિમર્શ**—ભાઇ ! આ વિવેક નામનો પર્વત કેવી રીતે અને કઇ જગ્યાએ આવી રહેલો છે તે સ્થાન સંબંધી હકીકત કહું તે તું બરાબર સમજી લે. વાત એમ છે કે એ ચિત્તસમાધાન મંડપ જે વિવેક પર્વતપર આવી રહેલ છે તે ખરી રીતે તો ચિત્તવૃત્તિ અટવીમાં જ આવી રહેલ છે, બાકી વિદ્વાનો ઉપચાર માત્રથી એને [1]ભવચક્ર નગરમાં આવી રહેલ ગણે છે; કારણ કે અહીં સારા ઉત્તમ લોકોથી વસાયેલ એક મોટું વિસ્તારવાળું સાત્વિકમાનસ નામનું અંતરંગ નગર છે, એ નગરમાં એ સુંદર વિવેકગિરિ આવેલો છે. હવે એ સાત્વિકમાનસપુર ભવચક્રમાં છે અને તે સાત્વિકમાનસપુરમાં વિવેક પર્વત આવેલ છે, તેથી પરસ્પર બન્નેને આધારઆધેય સંબંધ છે. ભવચક્રમાં સાત્વિકપુર અને તેમાં વિવેકપર્વત હોવાને લીધે તે જૈનપુરને પણ ભવચક્રમાં આવી રહેલું[2] ગણવામાં આવ્યું છે.”

**પ્રકર્ષ**—“ મામા ! જો આપ કહો છો તેમ છે તો પછી આ વિવેક પર્વતના આધારભૂત આપે જે સાત્વિક માનસપુર કહ્યું, એની સેવના

---

૧ ભવચક્ર નગર બાહ્ય છે, ચિત્તવૃત્તિ અટવિનું સ્થાન અંતરંગમાં છે. મોહરાયના વર્ણનમાં પણ બન્નેનાં સ્થાનો અલગ રાખ્યાં છે તે લક્ષ્યમાં હશે. જૈનપુરનું સ્થાન ખરેખરૂં તો અંતર દેશમાં જ છે, પણ ઉપચારથી બાહ્ય નજરે તેને બાહ્ય પ્રદેશમાં પણ ગણી શકાય એ આ હકીકતનું રહસ્ય છે.

૨ હકીકત બહુ સાદી છે. બાહ્ય અને અંતરંગ અથવા દ્રવ્ય અને ભાવ જૈનનો તફાવત સ્પષ્ટ થતો વ્યવહાર અને નિશ્ચય બન્ને દૃષ્ટિ જાળવવા ખાતર ચિત્તવૃત્તિમાં જૈનપુરનું વાસ્તવિક સ્થાન છતાં તેને ભવચક્રમાં ઉપચારથી વ્યવહાર નજરે ગણવામાં આવ્યું છે. સાત્વિકપુર આધાર છે અને વિવેક આધેય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરનારા-એને આશ્રયીને રહેલા જે બહિરંગ લોકો છે તે, આપે આજે મહાન્ વિવેક પર્વત કહ્યો તે, ત્યાર પછી આપે એ વિવેકપર્વતનું અપ્રમત્તત્ત્વ શિખર બતાવ્યું તે, આપે ત્યાર પછી જે જૈનપુર જણાવ્યું તે, એ જૈનપુરમાં વસનારા બહિરંગ માણસો કહ્યા તે, વળી આપે જે આ ચિત્તસમાધાન નામનો મહામંડપ બતાવ્યો તે, મંડપમાં રહેલી વેદિકા બતાવી તે, એ વેદિકા ઉપર મૂકેલું સિંહાસન જણાવ્યું તે, એ સિંહાસનપર બેઠેલ આ મહારાજાને આપે બતાવ્યા તે, મહારાજાની પાસે બેઠેલ પરિવાર બતાવ્યો તે-અને એ સર્વ હકીકત મારે મન તો તદ્દન નવીન જ છે, આ જન્મમાં કોઇ દિવસ મેં તે બરાબર જાણી નથી, તદ્દન અપૂર્વ હકીકત છે અને એ સર્વ બાબત ઘણી જાણવાલાયક હોય એમ જણાય છે. તો મારા ઉપર કૃપા કરીને એ દરેક બાબતને વધારે વિસ્તારથી બરાબર સ્પષ્ટપણે સમજાવો!"

વિમર્શ—"ભાઇ! તને નવીન હકીકત જાણવાનું અને સમજવાનું ઘણું કૌતુક છે અને આ સર્વ હકીકત ખાસ સમજવા લાયક છે તો તું બરાબર લક્ષ્ય રાખીને સમજી લે. આ વિવેકપર્વતના આધારભૂત જે સાત્ત્વિકમાનસ નગર કહેવામાં આવ્યું છે તે વાસ્તવિકરીતે સર્વ અંતરંગ રત્નો (જ્ઞાનાદિ મહાન્ ગુણો)ની ખાણ જેવું છે. જો કે એ નગર અનેક પ્રકારના દોષોથી ભરેલા ભવચક્રની વચ્ચે વસાવવામાં આવ્યું છે તો પણ એનું સ્વરૂપ એવું સુંદર છે કે એ [1]દોષોના સંબંધમાં આવતું જ નથી, ભવચક્રમાં રહ્યા છતાં તે દોષથી મુક્ત રહે છે. વાત એમ બને છે કે ભવચક્રનગરમાં જે કમનસીબ પ્રાણીઓ રહેલા હોય છે તેઓ પોતાની પાસે રહેલા આ સુંદર સાત્ત્વિકમાનસપુરને તેના અસલ સ્વરૂપે કદિ જોઇ શકતા જ નથી. એ આંતરભૂમિમાં નિર્મળચિત્ત વિગેરે અનેક નાનાં નાનાં નગરો અને શહેરો છે તે સર્વ આ સાત્ત્વિકમાનસપુરના તાબામાં છે એમ તારે સમજવું અને અંતરંગમાં આવેલા નિર્મળચિત્ત વિગેરે પેટા નગરોની એ રાજધાની છે એમ સમજવું. તને યાદ હશે કે [2]રાજસચિત્ત નગરની જમીનદારી કર્મપરિણામરાજાએ રાગકેસરીને આપી છે, [3]તામસચિત્તની જમીનદારી દ્વેષગજેંદ્રને આપી છે અને મહામોહનો હુકમ સર્વત્ર ફેલાવ્યો છે, પણ

---

૧ અહીંથી એ. શે. એ. સોસાયટિવાળા મૂળ મુદ્રિત ગ્રંથનું પૃ. ૬૭૬ શરૂ થાય છે.

૨ જુઓ પૃ. ૭૯૨.

૩ જુઓ પૃ. ૭૯૬.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ કર્મપરિણામ મહારાજા જે સર્વનો ઉપરી મોટો રાજા છે તેણે આ **સાત્ત્વિકમાનસપુરની** કે તેના હાથ નીચેના **નિર્મળમાનસ આદિ** કોઇ પણ નગરની જમીનદારી કોઇને આપી નથી, આ નગરની જમીનદારી અને આવકનો ઉપભોગ તો તે કર્મપરિણામ રાજા પોતે જ કરે છે અને તેની આવકનો કેટલોક વિભાગ શુભાશય વિગેરે રાજાઓને આપે છે.[1] એને પરિણામે આ સાત્ત્વિકમાનસપુર અને તેના તાબાના સર્વ નગરો ઉપર મહામોહ વિગેરે રાજાઓ કે તેના સેવકોનું કાંઇ જોર ચાલતું નથી. આ **સાત્ત્વિકમાનસપુર** આખા જગત્‌ના સારભૂત છે, એ સર્વ પ્રકારના ઉપદ્રવોથી તદ્દન રહિત છે, એ સર્વ પ્રાણીઓને અનેક પ્રકારના આહ્લાદ ઉત્પન્ન કરે તેવું સુંદર છે એને બાહ્ય મનુષ્યોનાં મનને પોતાના તરફ હરણ કરે તેવું છે. આવી રીતે એ સાત્ત્વિકમાનસપુર સંબંધી હકીકત ભાઇ પ્રકર્ષ! તારી પાસે મે સંક્ષેપમાં જણાવી તે તારા લક્ષ્યમાં આવી હશે, હવે એ નગરમા વસનારા લોકો કેવા સુંદર છે તેનું વર્ણન કરૂં છું તે તું લક્ષ્ય દઇને સાંભળ અને ચિત્તમાં ધારણ કર!

जैन साईट JAINSITE

## સાત્ત્વિકપુરના લોકો.

" આ [2]સાત્ત્વિકમાનસનગરમાં જે બાહ્ય લોકો વસે છે તેઓમ શૂરવીરપણું, બળવાનપણું વિગેરે ગુણો હોય છે અને જે બહિરંગ લોકો આ સાત્ત્વિકપુરમાં આવીને વસે છે તેઓ આ નગરના માહાત્મ્યને લઇને જ વિબુધાલય( દેવલોક )માં જાય છે. એ ઉપરાંત વળી જે લોકો અહીં રહેતા હોય છે તેઓની દૃષ્ટિ સન્મુખ વિવેક પર્વત આવી જાય છે, કારણ કે સાત્ત્વિકપુરથી તે પર્વત ઘણો જ નજીક છે અથવા બરાબર કહીએ તો સાત્ત્વિકપુરમાં જ તે આવેલો છે. હવે એ સાત્ત્વિકપુરમાં રહેનારા લોકોમાંથી જે કોઇ એ વિવેકપર્વતને દેખીને તેના ઉપર આરોહણ કરે છે તેઓ જરૂર જૈનપુરને પ્રાપ્ત કરે છે

૧ સાત્ત્વિક મનમાં મોહ-રાગ કે દ્વેષનું સામ્રાજ્ય પ્રવર્તતું નથી, કર્મ તો હજુ રહ્યાં છે, પણ તે શુભ હોય છે. આ વાત આ જ પ્રકરણમાં આગળ વધારે સ્પષ્ટ કરી છે.

૨ સાત્ત્વિકપુરમાં વસનારા સર્વ લોકો જૈનધર્મ આદરનાર જ હોય છે એમ નથી. આ હકીકત સ્પષ્ટ કરવામાં ગ્રંથકર્ત્તાએ નિષ્પક્ષપાતપણું બતાવ્યું છે. સાત્ત્વિકભાવ જૈનેતરમાં પણ સંભવે છે અને તેને વિબુધાલયમાં ( દેવલોક સુધી ) લઇ જાય છે. મોક્ષ જવા માટે શુદ્ધ સદ્દહણા જોઇએ. આ હકીકત લક્ષ્યપૂર્વક વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ખરેખરા સુખના ભાજન થાય છે.[1] આ પ્રમાણે બનવાથી પરિણામ એ થાય છે કે એક તો આ નગરના પ્રભાવથી જ તે લોકો સ્વભાવે સુંદર હોય છે અને પછી વળી વિવેક પર્વતના શિખર ઉપર ચઢે એટલે (હોય છે તેથી પણ) વધારે સુંદર થાય છે. વળી આ ભવચક્રનિવાસી પ્રાણીઓમાં જે પાપી હોય છે તેમને આ જૈનપુર એવું સુંદર લાગતું નથી, એ સુખ આપનાર છે એમ તેમને જણાતું નથી અને એની વિશિષ્ટતા તેઓના ખ્યાલમાં બરાબર આવતી નથી. જેઓ સાત્ત્વિકમાનસપુરમાં આવી એ પર્વતપર ચઢે છે તેઓને આ જૈનપુર અતિ સુંદર ભાસે છે, માટે જેઓનું ભવિષ્યમાં બહુ કલ્યાણ થવાનું છે અને જેઓ સન્માર્ગે ગમન કરનારા છે એવા લોકો આ સ્વાભાવિક સુંદર નગરમાં રહે છે. આવી રીતે એ સાત્ત્વિકપુરમાં વસનારા લોકો સંબંધી હકીકતનું વિવેચન તારી પાસે કર્યું. હવે એ વિવેકગિરિ સંબંધી હકીકત તને જણાવું છું તે પણ સમજી લે.

## વિવેકગિરિ.

"ભવચક્રમાં રહેનારા પ્રાણીઓ જ્યાં સુધી આ વિવેક મહાગિરિને જોતા નથી ત્યાં સુધી જ તેઓ અનેક પ્રકારનાં દુઃખોમાં સબડતા હોય છે. જેવું એક વખત તેઓને આ વિવેકપર્વતનું દર્શન થાય છે કે તુરત જ ત્યાર પછી તેઓની બુદ્ધિ ભવચક્ર તરફ થતી જ નથી, ભવચક્ર ઉપર તેમને પ્રેમ પણ રહેતો નથી અને ભવચક્ર તરફ આકર્ષણ પણ થતું નથી. છેવટ એ વિવેકગિરિદર્શનનું પરિણામ એ થાય છે કે તેઓ ભવચક્રને છોડી દેઇને વિવેક પર્વત ઉપર ચઢી જાય છે અને સર્વ પ્રકારના દુઃખોથી રહિત થઇ અલૌકિક આનંદના ભોગવનારા થાય છે. સંપૂર્ણ આનંદ હમેશને માટે પ્રાપ્ત કરવાનો માર્ગ તેઓને વિવેકપર્વત ઉપર ચઢ્યા પછી દેખાય છે. એમ થવાનું કારણ એ છે કે તેઓ વિવેક પર્વત ઉપર ચઢે એટલે ત્યાંથી તેઓ આખા ભવચક્ર નગરને પોતાની હથેળીમાં રહેલા પદાર્થની માફક જોઇ શકે છે. તેઓ એ પર્વત ઉપરથી બરાબર જોઇ શકે છે કે એ ભવચક્રમાં તો અનેક બનાવો વારંવાર બન્યા જ કરે છે, એ નગર

---

૧ સાત્ત્વિકપુર એટલે સમ્યગ્ જ્ઞાનવગર પણ કર્મનિર્જરા કરવાની પ્રવૃત્તિ. આ વાત વિમર્શ આગળ આ જ પ્રકરણમાં સ્પષ્ટ કરશે. જેઓ આગળ વધી કર્મનો નાશ કરી પ્રગતિ કરે છે તે વિવેક પ્રાપ્ત કરી કર્મગ્રંથિ છેદી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. આ ખરેખરો વિકાસક્રમ છે અને યોગદૃષ્ટિએ વિચારણીય છે.

અનેક દુઃખોથી ભરેલું છે. તેની પરિપાટિની રચના જોતાં તેઓને એ નગર તરફ વૈરાગ્ય આવે છે અને એ નગરથી દૂર જવાનો નિર્ણય થાય છે. એક વખતે એ ભવચક્ર ઉપર વૈરાગ્ય આવ્યો એટલે સ્વાભાવિક રીતે જ તેઓને પેલા વિવેકગિરિ ઉપર પ્રેમ આવે છે, કારણ કે તેમને જણાય છે કે તેઓના વાસ્તવિક સુખનું કારણ એ મહાન પર્વત છે. આવા નિર્ણયને લઇને પછી તો એક ઘણી સારી વાત બને છે અને તે એ છે કે એ વિવેકપર્વતના માહાત્મ્યથી એ લોકો ભવચક્રમાં થોડો વખત રહે ત્યાં સુધી પણ તેઓ ઘણા સુખી થાય છે, વાસ્તવિક આનંદ પામે છે અને અત્યંત ઉન્નત દશાના માર્ગપર આવી જાય છે.

## અપ્રમત્તત્વ શિખર.

"ભાઇ પ્રકર્ષ! તારી પાસે વિવેકપર્વત સંબંધી હકીકત વિસ્તારથી સ્પષ્ટ કરી. હવે એ વિવેકગિરિનું મોટું શિખર અપ્રમત્તત્વ નામનું છે તે સંબંધી હકીકત તને સમજાવું છે તે ધ્યાનમાં રાખી લે. આ અપ્રમત્તત્વ શિખર સર્વ દોષોને નાશ કરનાર છે અને અંતરંગ રાજ્યમાં રહેલા સર્વ દુષ્ટ રાજાઓને મોટો ત્રાસ કરનાર થઇ પડેલું છે. એમ થવાનું કારણ એ છે કે એ મહા(વિવેક)ગિરિપર ચઢેલા લોકોને ઉપદ્રવ કરવા સારૂ પેલા મહામોહ વિગેરે શત્રુઓ આવી ચઢે છે તો તે પર્વત ઉપરના લોકો પેલા અપ્રમત્તત્વ શિખર[1] ઉપર ચઢીને તેઓના ઉપર એવો સખ્ત મારો ચલાવે છે કે આખરે પેલા શત્રુઓ પર્વતપરથી ગબડતા ગબડતા નીચે જમીનપર પડી જાય છે, અને તેઓના (શત્રુના) શરીરના અવયવો ભાંગીને ભૂક્કો થઇ જાય છે, જેથી ભયમાં ને ભયમાં શિખર તરફ જોતાં જોતાં તેઓ દૂર નાસી જાય છે. આ અપ્રમત્તત્વ શિખર ઉપર કોઇ પણ પ્રકારના પ્રમાદ[2] થતા જ નથી. વિવેક પર્વતપર રહેનારા પ્રાણીઓના શત્રુભૂત અંતરંગ રાજાઓને દળી નાખવા સારૂં જ એને બનાવવામાં આવ્યું હોય તેમ જણાય છે. ભાઇ! એ શિખર ઉજ્જવળ છે, ઘણું વિશાળ છે, બહુ ઊંચું છે, સર્વ લોકોને સુખ આપનારૂં છે અને ઘણું જ સુંદર છે.

---

૧ એક તો વિવેકી અને વળી પ્રમાદ રહિત એટલે એવા જાગૃત પ્રાણીઓના શત્રુઓ નાશ પામે તેમાં નવાઇ નથી. વળી ડુંગરના શિખર પરથી લડનારને ઘણી સગવડ સ્થાનની પણ મળે છે. આ સર્વ બાબત બહુ વિચારવા યોગ્ય છે.

૨ પ્રમાદઃ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનપુર.

"ભાઇ! એવી રીતે 'અપ્રમત્તત્વ' શિખર સંબંધી હકીકત તને સંક્ષેપમાં કહી સંભળાવી. હવે જૈનપુર સંબંધી હકીકત તને કહી સંભળાવું છું તે બરાબર ધ્યાન દઇને સાંભળ. આ જૈનપુર એક ઘણું ઉત્તમ નગર છે, નિરંતર આનંદ પ્રાપ્ત કરવાનું કારણ છે અને પુણ્ય વગરના પ્રાણીઓ ભવચક્રમાં ગમે તેટલો કાળ ભટક્યા કરે પણ તેમને ઘણું જ દુર્લભ છે, મળવું મુશ્કેલ છે, નજરે પડવું પણ અશક્ય છે; કારણ કે અનંતકાળ સુધી ભવચક્રનગરમાં રખડપટ્ટી કરતાં કરતાં (જ્યારે પ્રાણી ઓઘદૃષ્ટિ છોડી યોગદૃષ્ટિમાં આવે છે ત્યારે) તે મહા મુશ્કેલીએ સાત્વિકમાનસનગરે આવે છે. ઘણાખરા તો અનેક ભવો ભવચક્રમાં કરે, પણ તેમની નજરે સાત્વિકમાનસપુર આવતું જ નથી.[1] કદાચ તેમને કોઇ વખત એવી રીતે સાત્વિકમાનસપુર મળી જાય તોપણ તેઓ ત્યાં થોડો વખત રહી વળી પાછા ભવચક્રમાં ચાલ્યા જાય છે અને ત્યાં તો અનંત નગરો હોવાથી પછી તેમનો એકદમ પત્તો ખાતો નથી.[2] એવા પ્રાણીઓ વિવેકપર્વતનાં દર્શન જ કરતા નથી. આવી રીતે પ્રાણીઓ અનેક વાર સાત્વિકમાનસપુરમાં આવે, વળી ભવચક્રમાં ભટકે, વળી આવે ને જાય એમ કરતાં કરતાં કોઇ વખત તેમની નજરમાં વિવેકપર્વત આવે છે. કેટલાક પ્રાણીઓ તો પોતાની જાતના એવા શત્રુ હોય છે કે તેઓ પોતાની નજરે આવો સુંદર વિવેકપર્વત જુએ તો પણ અને હકીકત સમજે છતાં પણ એ સુંદર પર્વત ઉપર ચઢતા નથી અને પાછા ભવચક્રમાં ચાલ્યા જાય છે; વળી કેટલાક પ્રાણીઓ એ વિવેકપર્વતપર ચઢ્યા છતાં પણ અતિ સુંદર પરંતુ મહાદુર્લભ પેલા અપ્રમત્તત્વ શિખરને જોઇ શકતા નથી. કેટલાક એ શિખરને જુએ છે તો પણ એના

---

૧ સંસારપરિપાટિમાં જ્યારે પ્રાણી ધર્મસન્મુખ થાય છે ત્યારે છેલ્લાં પુદ્ગળપરાવર્તમાં એની દશા સુધરતી જણાય છે તે વખતે તે યોગદૃષ્ટિમાં આવે છે. આ હકીકત "જૈન દૃષ્ટિએ યોગ" નામના ગ્રંથમાં વિસ્તારથી બતાવી છે તેથી અત્ર લંબાણ નોટ લખી નથી. વાતનો સાર એ છે કે વિકાસક્રમમાં ક્રમે ક્રમે સુધારો થતો જાય છે. જે પ્રાણી પ્રગત થવાનો હોય તે મિથ્યાત્વ દશામાં હોય ત્યારે તેને પ્રથમ સાત્વિકપુર મળે છે, ત્યાં નિર્જરા કરીને વિવેક પ્રાપ્ત કરે છે. વિવેક વગર યથાસ્વરૂપ જૈનદર્શન પ્રાપ્ત થતું નથી.

૨ કેટલાક પ્રાણી સાત્વિક માનસ સુધી આવે, પણ પાછો વિકાસ અટકી પડે તો વળી ભવચક્રના ફેરામાં પડી જાય છે.

જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર ચઢવાની મહેનત લેતા નથી અને આળસ કરીને ભવચક્રમાં જ આનંદ માની બેસે છે. પર્વતપર અને તેના શિખરપર ચઢવામાં મહેનત પડે તે ભયથી તેઓ ભવચક્રનાં દુઃખમાં આનંદ માની જમીનપર જ પડ્યા રહે છે. જે ભાગ્યશાળી પ્રાણીઓ આ મનોહર અપ્રમત્તત્ત્વ શિખર ઉપર ચઢી જાય છે તેઓ ત્યાર પછી જૈનપુરને જુએ છે, બાકી એ જૈનપુરના દર્શન કરાવે તેવી સામગ્રીઓ મળવી ભવચક્રમાં ઘણી જ દુર્લભ છે. એવી સામગ્રી ભવચક્રનગરમાં છે જ નહિ એવું કાંઇ નથી, પણ મળવી ઘણી મુશ્કેલ છે. આ પ્રમાણે હોવાથી મેં તને અગાઉથી જ કહ્યું છે કે ભવચક્રમાં ફરનારા પ્રાણીઓને એ અત્યંત સુંદર અને સતત આનંદ આપનાર જૈનપુર મળવું ઘણું જ મુશ્કેલ છે. એ જૈનપુર અનેક સુંદર રત્નસમૂહોથી ભરપૂર છે, એ સર્વ પ્રકારના સુખોની ખાણ છે, અને આખી દુનિયામાં સારભૂત વસ્તુઓ હોય તેના પણ સાર જેવું એ નગર છે.

## જૈનપુરના લોકો.

આવી રીતે સંક્ષેપમાં તારી પાસે જૈનપુરનું વર્ણન કરી બતાવ્યું, હવે એ જૈનપુરમાં રહેનારા લોકો કેવા છે તેની હકીકત તને કહું છું તે તું લક્ષ્યમાં રાખી લે. આ જૈનપુરમાં રહેનારા સજ્જન લોકો નિરંતર આનંદમાં મ્હાલ્યા કરે છે, તેઓ સર્વ પ્રકારની બાધા પીડાથી રહિત થયેલા હોય છે અને એમ હોવાનું કારણ એ નગરનો જ પ્રભાવ છે. તેઓએ સર્વેએ નિર્વૃતિ (મોક્ષ)નગરીએ જવાનો નિર્ણય કરેલો હોય છે અને તેને માટે તેઓ નિરંતર પ્રયાણ કરી રહ્યા છે અને પ્રયાણ કરતાં-મુસાફરી કરતાં વચ્ચે વચ્ચે વળી તેઓ કોઇ જગ્યાએ મુકામ પણ કરે છે. એવી રીતે તેઓ મુકામ કરે ત્યારે પણ વિબુધાલયમાં આનંદ ભોગવે છે અને જ્ઞાનયુક્ત હોવાથી ત્યાં પણ મોક્ષનો માર્ગ સરળ કરતા જાય છે. એ લોકોને પણ મહામોહ વિગેરે શત્રુઓ તો છે જ, પણ તેઓનાં શક્તિ બળ અને ધીરજ જોઇને ભયથી તે શત્રુઓ દૂર નાસી જાય છે અને એમનાથી (જૈનોથી) દૂર જ તેઓ ફર્યા કરે છે."

પ્રકર્ષ—"મામા ! આપ કહો છો તેવું તો તદ્દન લાગતું નથી, કારણ કે ભવચક્રના લોકો જેવી રીતે મહામોહ વિગેરેમાં આસક્ત થયેલા દેખાતા હતા તેમ આ જૈનપુરના લોકો પણ મહામોહ વિગેરે આંતર શત્રુઓમાં આસક્ત જણાય છે; કારણ કે આ જૈન લોકો પણ સર્વ કાર્યો કરતાં જણાય છેઃ જેમકે એ ભવચક્રના લોકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" અન્ય સુંદર શબ્દાદિ વિષયો ઉપર [1]મૂર્છા રાખે છે તો આ (જૈન) " લોકો પણ ભગવાનના બિંબ ઉપર મૂર્છા રાખે છે; ભવચક્રના લોકો " જેમ ધનવિગેરે બાહ્ય પદાર્થો ઉપર પ્રીતિ રાખે છે તેમ આ જૈન " લોકો સ્વાધ્યાય-અભ્યાસ કરવા ઉપર પ્રીતિ રાખે છે; ભવચક્રના " લોકો જેમ પોતાનાં સાંસારિક સગાં કે પુત્રાદિ ઉપર સ્નેહ રાખે છે " તેમ આ જૈનપુરના લોકો પોતાના સ્વધર્મ ( સાધર્મી ) બંધુઓ " ઉપર ઘણો સ્નેહ રાખે છે; ભવચક્રના લોકો જેમ પ્રપંચ વિગેરે " કરી પ્રસન્ન થાય છે તેમ આ જૈનપુરવાસીઓ સુંદર ધર્માનુષ્ઠાનો " કરવાથી રાજી થાય છે; ભવચક્રના લોકો પોતાના સગા પ્રેમી કે " સંબંધીને જોઇને જેમ સંતોષ પામે છે તેમ આ જૈનપુરવાસીઓ " પોતાના ગુરૂમહારાજને જોઇને સંતોષ પામે છે; ઇચ્છિત વસ્તુની " પ્રાપ્તિ થતાં જેમ સંસારીઓને હર્ષ થઇ આવે છે તેમ આ જૈનોને " પણ સાચી હકીકત પ્રાપ્ત થાય-સમજાય ત્યારે એટલે જ્ઞાનપ્રાપ્તિમાં " આનંદ થાય છે; ભવચક્રનિવાસીઓ જેમ વિરોધી શત્રુ કે ઉલટા " ભાવોને જોઇ તે ઉપર દ્વેષ કરે છે તેમ આ જૈનપુરવાસીઓ પો-" તાનાં વ્રતોમાં કાંઇ દૂષણ ( અતિચાર ) આવી જાય તો તેવાં " દૂષણો ઉપર દ્વેષ કરે છે; જેમ ભવચક્રના મનુષ્યો પોતાની આજ્ઞાનો " લોપ કરનારા ઉપર ક્રોધ કરે છે તેમ જૈનપુરવાસીઓ જે પ્રાણીઓ " [2]સમાચારીનો લોપ કરે એટલે ધર્મશાસ્ત્રની આજ્ઞાનો લોપ કરે " તેમના ઉપર ક્રોધ કરે છે; જેમ સંસારી પ્રાણીઓ પોતાના વિરો-" ધીઓ ઉપર રોષ કરે છે તેમ જૈનપુરવાસીઓ શાસ્ત્ર( જૈન " પ્રવચન )ના વિરોધીઓ ઉપર રોષ કરે છે; પોતાને વિલાસયોગ્ય " અનુકૂળ વસ્તુઓની પ્રાપ્તિ થતાં જેમ ભવચક્રના પ્રાણીઓ મદ કરે " છે તેમ જૈનપુરવાસીઓ પોતાનાં કર્મની નિર્જરામાં[3] મદ કરે છે; " સંસારી પ્રાણીઓ પોતાની ઉત્તમ જાતિ, કુળ, બળ વિગેરે અનેક " બાબતમાં અહંકાર ( અભિમાન ) કરે છે તેમ જૈનપુરવાસીઓ પોતે " જે જે બાબતની પ્રતિજ્ઞા ( બાધા, નિયમ ) લીધેલ હોય તેનો નિ-

---

૧ અહીંથી ઉપરથી વિરોધ પણ અંદર શ્લેષ છે. પ્રશસ્ત અપ્રશસ્ત ભાવ બતાવવા સુંદર ચર્ચા કરી છે. અર્થ જરા વિચારવાથી બરાબર સમજાઇ જાય તેવો છે.

૨ **સમાચારીઃ** સાધુના આચાર ગ્રંથને 'સમાચારી' કહેવામાં આવે છે. સમાચારી લોપવી એટલે એ ગ્રંથમાં બતાવેલ આચારથી ઉલટા ચાલવું.

૩ **નિર્જરાઃ** ભોગવ્યા વગર કર્મને આત્મપ્રદેશથી તપદ્વારા ખેરવી નાખવાં તેને 'નિર્જરા' કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“ વાહ કરવા માટે મનમાં અભિમાન[1] લાવે છે; ભવચક્રનિવાસી જેમ
“ અન્ય ઉપર આધાર વિશ્વાસ રાખે છે, પ્રતિકૂળ પ્રસંગોમાં બીજાની
“ સહાય ઉપર મદાર બાંધે છે તેમ આ જૈનપુરવાસીઓ [2]પરીષહો
“ ઉપર (અન્યની સહાય વિના પ્રસન્ન ચિત્તથી પ્રતિકૂળ પ્રસંગોને સહન
“ કરવા) પોતાની સાધ્યપ્રાપ્તિનો આધાર રાખે છે; સંસારી પ્રાણીએ
“ પોતાના નિર્બળ વિરોધી તરફ અનાદર કરે છે અથવા તેને જોઇને
“ કોઇક હાંસી કરે છે તેમ આ જૈનપુરવાસીઓ ઉપર કોઇ પ્રકારના
“ દેવકૃત ઉપદ્રવો થાય છે તો તેના તરફ તેઓ તદ્દન બેદરકારીવાળા
“ રહે છે અથવા તેમને કાંઇક હાંસીની દૃષ્ટિથી જુએ છે; સંસારી
“ પ્રાણીઓ જેમ પોતાની એબ છુપાવે છે તેમ એ જૈનપુરવાસીઓ
“ પણ જૈનશાસનની મલીનતા થાય-હલકાઇ જણાય એવી બાબતોને
“ છુપાવી દે છે; સામાન્ય સર્વ પ્રાણીઓ જેમ બીજા નિર્દોષ પ્રાણીઓને
“ છેતરે છે તેમ આ જૈનપુરવાસી જનો પોતાની ધુતારી ઇંદ્રિયોને
“ વારંવાર છેતરે છે, ઇંદ્રિયોને આત્મદ્રોહના માર્ગે જતી અટકાવી
“ આત્મસાધનના માર્ગમાં જોડે છે; પ્રાકૃત સર્વ પ્રાણીઓ જેમ
“ (ધનસંપત્તિ મેળવવાનો કે કીર્તિપ્રાપ્તિ કરવાનો) લોભ રાખે છે
“ તેમ એ જૈનપુરવાસીઓ તપસ્યા કરવાનો તથા ચારિત્ર પાલન કર-
“ વાનો લોભ રાખે છે; સાધારણ સર્વ પ્રાણીઓ શારીરિક સુખનાં
“ સાધનોની બાબતોમાં અત્યંત આસક્ત થઇ જાય છે તેમ એ
“ જૈનલોકો મહાપુરૂષોનું વૈયાવચ્ચ[3] કરવામાં આસક્ત થઇ જાય
“ છે; સંસારી પ્રાણીઓ જેમ પૌદ્ગલિક વસ્તુઓનું રક્ષણ કરે છે
“ તેમ એ જૈનપુરવાસીઓ સુંદર ધ્યાનયોગની સારી રીતે રક્ષા કરે
“ છે; સંસારી પ્રાણીઓ જેમ પરદ્રવ્યાદિ અનેક બાબતોની તૃષ્ણા કરે
“ છે, મેળવવાનો લોભ રાખે છે તેમ એ જૈનપુરવાસીઓ પરોપકાર
“ કરવાની બાબતમાં તૃષ્ણા રાખે છે; સંસારીપ્રાણીઓ સ્વાર્થવશ
“ થઇ અનેક જીવોનો વિનાશ કરે છે તેમ આ જૈનપુરવાસીઓ પ્ર-
“ માદ (મદ્ય-વિષય-કષાય-વિકથા અને નિદ્રા) રૂપ ચોરોનો વિનાશ

---

૧ આ સામાન્ય વચન જણાય છે. પ્રતિજ્ઞાનો નિર્વાહ થતાં આનંદ થાય છે એ જ આશય અત્ર હોવો જોઇએ.

૨ **પરીષહઃ** ક્ષુધા, તૃષા આદિ બાવીસ પરીષહો છે. જુઓ નવતત્ત્વમાં સંયમ તત્ત્વ. એથી કર્મ આવતાં અટકી પડે છે. સાધુઓ સર્વ પરીષહો સહન કરે છે.

૩ **વૈયાવચ્ચઃ** વડીલોની સેવા કરવી, તેમની ચાકરી ઉઠાવવી, તેમની માવજત કરવી વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કરે છે; સંસારી પ્રાણીઓ અનેક બાબતોમાં [1]ભય પામ્યા કરે છે "તેમ આ જૈનપુરવાસી પ્રાણીઓ ભવચક્રમાં ભ્રમણ કરવાની "બાબતથી વારંવાર ભય પામ્યા કરે છે; જેમ સંસારી પ્રાણીઓને "અનેક ખરાબ પદાર્થો જોતાં કે એદી આળસુનો સંગ થતાં તે તરફ "જુગુપ્સા થાય છે તેમ આ જૈનપુરવાસીઓને પણ ખરાબ રીતીએ "ચાલનારની બાબતમાં જુગુપ્સા થાય છે; જેમ ભવચક્રના ભવા- "ભિનંદી લોકો અનેક ભવભ્રમણની બાબતમાં રમણ કરે છે તેમ "આ જૈનપુરવાસીઓ પણ નિર્વૃતિનગરીને માર્ગે રમણ કરે છે; "વ્યવહારૂ માણસો જેમ મૂર્ખ મનુષ્યોની મૂર્ખતાની હાંસી કરે છે, "મજાક કરે છે, તેમ એ જૈનો વિષયસુખ ભોગવનારાઓને જોઇને "તેના તરફ હસે છે; સંસારી પ્રાણીઓ પોતાને અપ્રિય વસ્તુના "સંયોગમાં ઉદ્વેગ પામે છે તેમ આ જૈનપુરવાસીઓ આચારની "બાબતમાં શિથિળતા જોઇને ઉદ્વેગ પામે છે; સાધારણ પ્રાણીઓ "જેમ પ્રિય પદાર્થના વિયોગમાં દીલગીરિ (શોક) કરે છે તેમ આ "જૈનપુરવાસીઓ ભૂતકાળમાં થયેલા પોતાના ખરાબ ચરિત્રને યાદ "કરીને મનમાં વારંવાર શોચ કરે છે, પશ્ચાત્તાપ કરે છે, દીલગીર "થાય છે; ભવચક્રના લોકો બીજાના દુરાચાર તરફ તિરસ્કાર બતાવે "છે તેમ એ જૈનપુરવાસીઓ પોતાના ઉત્તમ વર્તનમાં કોઇ વખત "સ્ખલના (ભૂલ) થતી જોઇ પોતાને ધિક્કારે છે એટલે તે બાબતને "ખરાબ માને છે; સંસારી પ્રાણીઓ જેમ લોકોની કે લોકોનાં કાર્યોની "નિંદા કરે છે તેમ એ જૈનપુરવાસી લોકો પૂર્વે પોતાનો ભવચક્રમાં નિવાસ "થયેલો છે તે બાબતની વારંવાર નિંદા કરતા જણાય છે; સંસારી જીવો "જેમ સુંદર યુવતિની પ્રાર્થના કરે છે, તેને રાજી રાખવા તેને પૂજે છે, તેમ "જૈનપુરવાસીઓ તીર્થંકર મહારાજની આજ્ઞારૂપ યુવાન સ્ત્રીની આરાધના "કરે છે; સંસારી પ્રાણીઓ જેમ સુંદર લલનાની સેવના કરે છે તેમ એ "જૈનપુરવાસીઓ બે પ્રકારની [2]શિક્ષારૂપ લલનાની સેવા ઉઠાવે છે.

"આવી રીતે મામા! તમે જોશો કે સંસારી જીવોમાં-ભવચક્રનેવાસીઓમાં મૂર્છા, રંજન, સ્નેહ, પ્રેમ, સંતોષ, હર્ષ, દ્વેષ, ક્રોધ, રોષ, આનંદ, અહંકાર, વિશ્વાસ, વિસ્મય, ગૃદ્ધતા, વંચન, લોભ, ગૃદ્ધિ, રક્ષા,

૧ **ભય** સાત પ્રકારે છેઃ ૧ ઇહલોક ભય, ૨ પરલોક ભય, ૩ આદાન ભય, અકસ્માત્ ભય, ૫ અપયશ ભય, ૬ આજીવિકા ભય. ૭ મરણ ભય. મનુષ્યને મનુષ્યથી ભય તે ઇહલોક ભય અને મનુષ્યને દેવતિર્યંચનો ભય તે પરલોક ભય.

૨ **શિક્ષાઃ** અભ્યાસ. તે બે પ્રકારે છેઃ—૧ ગ્રહણશિક્ષા, ૨ આસેવના શિક્ષા ૧ **ગ્રહણ શિક્ષાઃ** પ્રતિદિન સૂત્ર અને અર્થનું વિધિપૂર્વક ગ્રહણ કરવું તે, ૨ **આસેવના શિક્ષાઃ** પ્રતિદિન વિધિપૂર્વક ક્રિયા કરવી તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૃષ્ણા, હિંસા, ભય, જુગુપ્સા, રમણતા, હાસ્ય, ઉદ્વેગ, શોક, તિરસ્કાર, નિંદા, યુવતિઆરાધના, લલનાસેવા આદિ જોવામાં આવે છે, તે તે ભાવોમાં રમણ કરતાં તેમને દેખવામાં આવે છે, તેમ આ જૈનપુરવાસીઓ પણ કરતા જણાય છે, મૂર્છા, સ્નેહ, પ્રેમ આદિ સર્વ ભાવો એક યા બીજા આકારમાં જૈનીઓમાં પણ જોવામાં આવે છે. આપ જાણો છો કે મૂર્છા રંજનાદિ સર્વ ભાવો મહામોહાદિ અંતરંગ શત્રુઓ સંસારી પ્રાણીઓમાં ફેલાવે છે અને એજ ભાવો જૈનપુરવાસીઓમાં પણ ચોખ્ખા દેખાય છે. ત્યારે આ પ્રમાણે હોવા છતાં આપશ્રીએ મને એમ શા માટે કહ્યું કે મહામોહ વિગેરે રાજાઓને તો આ જૈનપુરવાસીઓએ દૂરથી તજી દીધેલા છે?"

**વિમર્શ**—"ભાઇ! જે મહામોહ વિગેરેને તેં પ્રથમ જોયા હતા અને હાલ જૈન લોકોના સંબંધમાં તેં જે હમણા કહ્યા તે જૂદા જ છે. અહીં જે મહામોહાદિ જોવામાં આવે છે તે એ જૈન લોકો તરફ અત્યંત પ્રેમવાળા છે, બહુ હેત રાખનારા છે અને તેમનું શ્રેય વધારનારા છે.

અપ્રશસ્ત પ્રશસ્ત મોહાદિ.

એ મહામોહાદિ રાજાઓ બે પ્રકારના છે: તેમાંના એક પ્રકારના રાજાઓ સર્વ પ્રાણીઓના ખરેખરા મોટા દુશ્મનો છે અને બીજા પ્રકારના રાજાઓ લોકોના ખરેખરા બંધુઓ છે-પ્રેમી છે. એનું કારણ એ છે કે પહેલા પ્રકારના મહામોહ વિગેરે અંતરંગ જનો પ્રાણીઓને સંસારચક્રમાં ધકેલી મૂકે છે, તેમનો પાત કરાવે છે, કારણ કે તેઓ અપ્રશસ્ત-ખરાબ હોવાથી તેઓનો સ્વભાવ જ તેવા પ્રકારનો છે; જ્યારે બીજા મહામોહ વિગેરે એવા પ્રકારના છે કે જો તેઓ પાસે રહ્યા હોય તો પ્રાણીઓને નિર્વૃતિનગરી તરફ લઇ જાય છે, કારણ કે તેઓ પ્રશસ્ત હોવાથી તેઓનો સ્વભાવ જ તેવા પ્રકારનો છે. હવે આ જૈન લોકોના સંબંધમાં હકીકત એવી બની છે કે એમની પાસેથી પેલા શત્રૂભૂત (પહેલા પ્રકારના) મહામોહાદિ દૂર ગયા છે, તેનો ત્યાગ કરી ગયા છે અને મિત્રભૂત મહામોહાદિ તેમની પાસે રહ્યા છે, જે હકીકતને પરિણામે એ જૈનપુરવાસીઓ સજ્જન હોઇને નિરંતર આનંદમાં રહે છે.[1] એ જૈનલોકો સર્વ પ્રકારના કલ્યાણને ભોગવનાર

૧ આ હકીકતમાં પક્ષપાત જેવું જરા પણ નથી. મનોવિકારનો સર્વથા ત્યાગ તો ઘણી આગળ હદ વધે ત્યારે થાય છે પણ તે દરમિયાન તેની દિશા બદલી નાખવાની જરૂર સ્પષ્ટ દેખાય છે. પ્રશસ્ત રીતે યોગપ્રવૃત્તિ કરવાનો માર્ગ શાસ્ત્રકારે બહુ સ્થાને બતાવેલ છે. ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજય એક પ્રસંગે કહે છે કે 'રાગ ન કરશો કોઇ જન કોઇશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશું રે" વિગેરે. પરિણામે રાગનો એ રીતે જ નાશ થાય છે. આ બાબત ઘણી ગંભીર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે અને બહુ શ્રેષ્ઠ માણસો હોય છે, તેઓ સંબંધી હકીકત તને કહી સંભળાવી. હવે એ વિવેકગિરિના સદરહુ શિખરપર આવેલા ચિત્તસમાધાન મંડપ સંબંધી હકીકત તને કહી સંભળાવું તે તું ધ્યાન દઇને સાંભળઃ—

## ચિત્તસમાધાન મંડપ.[1]

"એ મંડપમાં એવી શક્તિ છે કે જ્યારે એ પ્રાણીને મળી જાય ત્યારે તે પોતાના વીર્યથી પ્રાણીને ઘણું સુખ આપે છે. ત્રણ જગતના બંધુ આ મહારાજાને બેસવા સારૂ એ મંડપ સૃષ્ટાએ બનાવી રાખ્યો છે. (આ હકીકત કહેતી વખતે સિંહાસનપર બેઠેલા ચતુર્મુખ નૃપતિ તરફ આંગળી બતાવીને વિમર્શ હકીકત આગળ ચલાવે છે.) **જ્યાં સુધી આ ચિત્તસમાધાન મંડપ પ્રાણીને મળતો નથી ત્યાં સુધી આખા ભવચક્રનગરમાં સુખની ગંધ પણ પ્રાણીને આવતી નથી.**

## નિઃસ્પૃહતા વેદિકા.[2]

"ભાઇ પ્રકર્ષ! આવી રીતે તારી પાસે ચિત્તસમાધાન મંડપની વાત ટુંકામાં કરી. હવે તારી પાસે નિઃસ્પૃહતા નામની તે મંડપના મધ્યમાં ગોઠવેલી વેદિકા સંબંધી હકીકત કહું તે સાંભળ. જે લોકો આ નિઃસ્પૃહતા નામની વેદિકાને વારંવાર સ્મરણમાં રાખ્યા કરે છે, યાદ કરે છે, તેમને શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગો તો તદ્દન ઝેર જેવા લાગે છે, તેમને એ ભોગોમાં કોઇ જાતનો રસ આવતો નથી અને એમાં આનંદ પણ પડતો નથી. તેઓનું મન એવા ભોગો ઉપર જરા પણ લાગતું જ નથી અને તેથી તેઓએ જે કર્મો અગાઉ એકઠાં કરેલાં હોય છે તે ઓછાં થતાં જાય છે, ક્ષય પામતાં જાય છે અને એવી રીતે કર્મરૂપ કચરો જવાને લીધે તેઓ મેલ વગરના થઇને સંસારમાં રહે છે, પણ તેમને ભવચક્ર ઉપર પ્રેમ હોતો નથી, તેનાથી કંટાળીને

---

૧ **ચિત્તસમાધાન** મંડપઃ મનની સમતા, આવેશમાં આવી જવાનો સર્વથા અસંભવ. સર્વ સુખનો આધાર મનની સમતા ઉપર છે એ દરરોજના અનુભવનો વિષય છે. આ મંડપની સાથે મહામોહ રાજાનો ચિત્તવિક્ષેપ મંડપ સરખાવો. તેના વર્ણન માટે જુઓ પૃ. ૮૦૭-૮.

૨ **નિઃસ્પૃહતાઃ** કોઇ પણ પ્રકારની સ્પૃહા-ઇચ્છા નહિ. નિર્મમત્વભાવ. જુઓ યશોવિજયજીનું નિઃસ્પૃહતા અષ્ટક. દુનિયામાં જે લંબાણ થાય છે તે આશા અને સ્પૃહાને જ આભારી છે. એકવાર સ્પૃહા નીકળી ગઇ એટલે કાર્ય સીધું, દિશા સ્પષ્ટ અને પ્રયાણ અટકાવ વગરનું થાય છે. આ નિઃસ્પૃહતા વેદિકા સાથે મોહરાજાને બેસવાની તૃષ્ણા વેદિકા સરખાવવા યોગ્ય છે. તેના વર્ણન માટે જુઓ પૃ. ૮૦૯.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

જ અહીં રહે છે. જે ભાગ્યવાન્ પ્રાણીઓનાં મનમાં એ નિઃસ્પૃહતા વેદિકા વસી ગઇ હોય છે તેમને પછી દેવતાઓની દરકાર નથી, ઇંદ્રનું પ્રયોજન નથી, રાજાની ખુશામત નથી અને કોઇની પણ ઓશિયાળ કે દરકાર નથી. એ વેદિકાને પણ વિધાતાએ આ સુંદર મહારાજાને બેસવા માટે જ બનાવી છે.

## જીવવીર્ય સિંહાસન[1].

"એવી રીતે ચિત્તસમાધાન મંડપમાં મૂકેલી નિઃસ્પૃહતા નામની વેદિકાનું તારી પાસે વર્ણન કરી બતાવ્યું. એ વેદિકા ઉપર જીવવીર્ય નામનું સિંહાસન મૂકવામાં આવ્યું છે તેની હકીકત તને હવે કહી સંભળાવું છું. જે પ્રાણીઓનાં મનમાં આ જીવવીર્યની સ્ફુરણા થઇ આવે છે તેમને સુખનો જ અનુભવ થાય છે, તેવાઓને પછી દુઃખનો પ્રસંગ પડવાનું કાંઇ કારણ રહેતું જ નથી. એ આસન ઉપર બેઠેલા આ રાજા ઘણા જ સુંદર અને તેજસ્વી શરીરવાળા છે, એમના ચાર સુંદર મુખ છે, એ સર્વ જગત્ના બંધુ અને સર્વને અત્યંત આનંદ આપનાર છે, એ રાજાનો જે આ બહુ સુંદર પરિવાર દેખાય છે, તથા એ રાજાનું જે આ સુંદર મહાન્ રાજ્ય તેની સંપત્તિ, તેનું મહત્ત્વ અને તેજ દેખાય છે તે સર્વનું કારણ આ જીવવીર્ય સિંહાસન છે. એ સિંહાસન સંબંધી તને કેટલી વાત કહું? ટુંકામાં કહું તો અહીં જે આ સાત્ત્વિકમાનસપુર દેખાય છે, તેમાં રહેનારા લોકો દેખાય છે, વિવેકપર્વત દેખાય છે, તેનું અપ્રમત્તત્વ શિખર દેખાય છે, તેમાં જૈનપુર દેખાય છે, તેમાં રહેનારા લોકો દેખાય છે, આ મંડપ દેખાય છે અને વેદિકા દેખાય છે, વળી પોતાના સૈન્ય સાથે આ મહાન્ રાજા પણ અહીં દેખાય છે, તેમજ આખા ભુવનમાં સર્વથી સુંદર મનોરાજ્ય અહીં દેખાય છે તે સર્વ એ જીવવીર્ય[2] સિંહાસનનો પ્રતાપ છે એમ તારે સમજવું. હકીકત એવી છે કે આ જીવવીર્ય નામનું સિંહાસન અહીં ન હોય તો આ આખા મંડપ ઉપર મહામોહ વિગેરે રાજાઓ ચડાઇ લઇ આવે

---

૧ **જીવવીર્યઃ** પ્રાણી પોતાની શક્તિ ફોરવે ત્યારે જ ખરો વિકાસ કરી શકે છે. આ જીવવીર્ય સિંહાસન સાથે મોહરાજાનું વિપર્યાસ સિંહાસન સરખાવવું. એની હકીકત માટે જુઓ પૃ. ૮૦૯.

૨ પ્રાણીમાં શક્તિ તો અનંત છે, પણ તેનો ઉપયોગ ન કરે, બેસી રહે અથવા વિભાવમાં પડી જાય તો આખું મનોરાજ્ય અપ્રશસ્ત મહામોહના કબજામાં પડી જાય છે. તેટલા માટે પ્રાણીએ વીર્યસ્ફુરણા કરવાની જરૂર છે. એ ઉપર ચિત્તની સમાધાનીનો અને મનોવિકારના નિગ્રહનો આધાર રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને જોત જોતામાં સર્વને હઠાવી દે છે અને આ મંડપમાં જો જીવવીર્ય સિંહાસનની બરાબર સ્થાપના કરેલી હોય છે તો પેલા મહામોહ વિગેરે (અપ્રશસ્ત) રાજાઓ આ મંડપમાં પેસી પણ શકતા નથી; અને વત્સ પ્રકર્ષ! કોઇ વખત મહામોહ વિગેરે રાજાઓ આ સૈન્યનો તિરસ્કાર કરે છે ત્યારે જીવવીર્યના પ્રભાવથી તે પોતાનો બરાબર દેખાવ આપે છે અને પોતાની હયાતિ સ્થાપિત કરે છે. જ્યાં સુધી આ જીવવીર્ય સિંહાસન અહીં બરાબર પ્રકાશિત હોય છે ત્યાં સુધી જ પેલું સર્વતોભદ્ર[1] સ્થિત દેખાય છે; હવે પછી વર્ણવવામાં આવશે તે રાજા પણ ત્યાં સુધી જ દેખાય છે; રાજાનું લશ્કર પણ ત્યાં સુધી જ જોવામાં આવે છે; આખો વિવેકગિરિ અને જૈનપુરની હાજરી પણ એ જીવવીર્ય સિંહાસનપર આધાર રાખે છે. આવી રીતે ભાઇ પ્રકર્ષ! તારી પાસે જીવવીર્ય સિંહાસન સંબંધી વાત કરી. હવે એ સિંહાસનપર બેઠેલા રાજા અને તેના પરિવારનું વર્ણન તારી પાસે કહી સંભળાવું છું તે બરાબર લક્ષ્ય દઇને સાંભળ.”

## પ્રકર્ષ તત્ત્વચિંતવન.

પ્રકર્ષે પોતાના મનમાં વિચાર કર્યો કે મામાએ જે વાત કરી તેનો ભાવાર્થ મારા મનમાં આવી રીતે સ્ફુરે છે—મામાએ પ્રથમ સાત્ત્વિકમાનસપુરનું વર્ણન કર્યું તે અકામ નિર્જરાની અપેક્ષાએ ઉત્પન્ન થયેલ જ્ઞાનવગરનું (મિથ્યાદષ્ટિ) પ્રાણીનું વીર્ય જણાય છે એટલે નદીમાં જેમ ઘડાતાં ઘડાતાં પથ્થર ગોળ થતો જાય તેમ કુટાતા પીટાતા પ્રાણીને અકામ નિર્જરા થઇ જાય છે, આત્મપ્રદેશથી કર્મો છૂટી જાય છે, પરંતુ તે વખતે તેને યોગ્ય અયોગ્યની વહેંચણ કરનાર વિશુદ્ધ જ્ઞાન હોતું નથી. સાધારણ રીતે ચાલુ ઓઘ દશા મૂકી દઇ પ્રાણી ધર્મની સન્મુખ થાય ત્યારે એ દશા હોય છે. એવા સાત્ત્વિકપુરમાં રહેનારા જે લોકો બતાવવામાં આવ્યા છે તે એવા વિશુદ્ધ જ્ઞાનવગર પણ સાત્ત્વિક મનને લઇને વિબુધાલયમાં (દેવલોકમાં) જાય છે. ત્યાર પછી જૈનધર્મના સિદ્ધાન્ત જાણ્યા વગર માત્ર કર્મની નિર્જરાથી પ્રાણીને એવી બુદ્ધિ થઇ આવે છે કે પોતે ધન સ્ત્રી પુત્ર શરીર અને સર્વથી તદ્દન જૂદો છે, પોતાને વાસ્તવિક રીતે એ ધન પુત્ર કે ઘરબાર સાથે કાંઇ સંબંધ નથી; વળી તેને એમ પણ જણાય છે કે મહામોહ વિગેરે શત્રુઓ ઘણા દુષ્ટ છે, મહા ભયંકર છે, ખરેખરા

---

૧ ચાર તરફ દ્વારવાળું ઘર-અહીં તે ચિત્તસમાધાન મંડપ માટે વપરાયેલ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુશ્મન છે-આવા પ્રકારના અવલોકનદ્વારા બુદ્ધિ થઇ આવે છે તેને વિવેક કહેવામાં આવે છે. આવા પ્રકારનો વિવેક આવવાથી કેટલાક પ્રાણીઓના દોષો ઓછા થઇ જાય છે, કારણ કે વિવેકને લીધે કષાયો પાછા હઠી જાય છે; એવા પ્રાણીઓમાં જે અપ્રમાદીપણું આવે તેને શિખર કહેવામાં આવ્યું હોય તેમ જણાય છે. ત્યાર પછી તે શિખર ઉપર જૈનપુર કહેવામાં આવ્યું તે (સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ) ચાર પ્રકારના સંઘવિભાગમાં વસનારાઓને અત્યંત આનંદ ઉત્પન્ન કરનાર [1]દ્વાદશાંગી રૂપ જૈન પ્રવચન જણાય છે. એ નગરમાં રહેનારા લોકો ત્યાર પછી બતાવવામાં આવ્યા તે ઉપર જણાવેલા સર્વ ગુણોથી ભૂષિત થયેલા અને તે દ્વાદશ અંગોમાં દર્શાવેલી આજ્ઞાને અમલમાં મૂકનારા ચાર પ્રકારના સંઘના લોકો સમજાય છે. ત્યાર પછી એ જૈનપુરમાં ચિત્તસમાધાન મંડપ બતાવવામાં આવ્યો છે તે સર્વના સાર જેવો છે, કારણ કે એ નગરની ખરેખરી શોભા એમાં રહેલા એ મંડપને લઇને જ છે. ત્યાર પછી (નિઃસ્પૃહતા) વેદિકાનું વર્ણન કર્યું, તેના પર (જીવવીર્ય) સિંહાસનનું વર્ણન કર્યું. તે પ્રગટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે જેથી તુરત સમજી શકાય એવું છે. વળી મને આ સર્વ હકીકત ભાવાર્થ સાથે સમજાઇ છે તો હવે રાજા અને તેના સૈન્ય સંબંધી હકીકત પણ સમજી શકીશ એમાં જરા પણ સંશય જેવું નથી. આટલી હકીકત પોતાને સમજાઇ ગઇ તેથી પ્રકર્ષ પોતાના મનમાં બહુ રાજી થયો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૩૪ મું.

## ચારિત્રધર્મરાજ.

આ જે પ્રકર્ષના આનંદનો પાર નહોતો. સાત્ત્વિકમાનસપુર અને ચિત્તસમાધાન મંડપ અને તેમાં આવેલી વેદિકા અને સિંહાસનના તત્ત્વચિંતવનમાં એ પડી ગયો. એ ચિંતવનમાં તેને બહુ માધુર્ય પ્રાપ્ત થતું ગયું અને એવા જીવવીર્ય સિંહાસનપર બેઠેલા રાજાનું વર્ણન સાંભળવા એની આતુરતા વધી પડી.

[1] જૈન ધર્મના મૂળસિદ્ધાન્તો. આચારાંગાદિ દ્વાદશાંગીમાં ગણવામાં આવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચતુર્મુખ રાજાધિરાજ.

પ્રકર્ષનું તત્ત્વચિંતવન પૂરૂ થતાં તેણે મામાને રાજાનું વર્ણન કરવા વિજ્ઞપ્તિ કરી એટલે બુદ્ધિદેવીના ભાઇએ વાર્તા આગળ ચલાવી.

"ભાઇ પ્રકર્ષ! આ રાજા જે અહીં દેખવામાં આવે છે તે લોકોમાં ચારિત્રધર્મના નામથી સારી રીતે પ્રસિદ્ધ છે; તે રાજા જાતે ઘણો સારો ભલો અને આનંદ આપનાર છે, એ રાજામાં અનંત શક્તિ છે, તે જગતનું હિત કરવામાં ઘણો તત્પર છે, તેનો ભંડાર ભરપૂર છે, તેની સજા કરવાની પદ્ધતિ પણ સાધનથી ભરપૂર છે, તે વિચારપૂર્વક સમજવા યોગ્ય છે, તે સર્વ ગુણોની ખાણ છે અને બહુ જાણીતો છે. એ રાજાને તું બરાબર ધારી ધારીને જોઇ લે. એનાં ચાર મુખ દેખાય છે. એ ચારે મુખનાં નામ કયાં કયાં છે અને તેઓની શક્તિ કેટલી છે તે હું હવે તને કહું છું તે ધ્યાન રાખીને સાંભળ. એ ચારે મુખને અનુક્રમે ૧ દાન ૨ શીલ ૩ તપ ૪ ભાવ કહેવામાં આવે છે. હવે એ ચારે મુખોનું કાર્ય તને કહી સંભળાવું.

૧. **દાનમુખ.** "એ ચારમાં પેહલું દાનમુખ છે. એ મોહરાજાનો નાશ કરવા માટે જૈનપુરમાં વસતા પાત્રોમાં સત્ય જ્ઞાનનો[1] ફેલાવો કરે છે અને આખા જગતને ઘણું જ વહાલું લાગે તેવું અભય[2] સર્વત્ર ફેલાવે છે. વળી તેજ મુખ કહે છે કે જે પ્રાણીઓ વિશુદ્ધ ધર્મના આધારભૂત શરીરને સહાય કરનાર હોય તેઓને જરૂરી વસ્ત્ર પાત્ર આહાર વિગેરે ઉપયોગી ચીજો આપો.[3] વળી હૃદયમાં દયા આવવાથી[4] કોઇ ગરીબ દુઃખીને અથવા આંધળા પાંગળા અથવા શરીરની ખોડવાળાને અથવા દીનને આહારવિગેરે આપવાની બાબતમાં આ દાનમુખ નિષેધ કરતું નથી. બાકી કેટલાક લોકો

---

૧ **જ્ઞાનદાન**નો આ વિષય છે.

૨ **અભય:** ભયરહિતપણું, કોઇના નાશ, ખૂન કે મરણ ન થાય, જીવન વધે તેને અભય કહેવામાં આવે છે. આ અભયદાન પ્રથમ મતમાં મુખ્ય ભાગ બજાવે છે.

૩ **સુપાત્ર.** યોગ્ય પ્રાણીને જરૂરીઆતો પૂરી પાડવી તે સુપાત્રદાન છે. તેમાં ભોજનની વસ્તુનો સમાવેશ થતો નથી. આ ત્રીજો દાનનો પ્રકાર છે.

૪ ચોથા પ્રકારના દાનને **અનુકંપાદાન** કહે છે. કોઇને જોઇને દયા આવવાથી વસ્તુ આપવી તેનો અહીં સમાવેશ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]ગાયનું દાન આપવાની વાતો કહે છે, ઘોડાનું દાન કરવા સમજાવે છે, જમીન દાનમાં આપે છે અથવા સોનું આપે છે અને એવા અનેક પ્રકારના દાન આપવાનું કહે છે, પણ એવા પ્રકારના દાનથી કોઇ પ્રકારનો ગુણ થતો ન હોવાને લીધે આ દાનમુખ એવા પ્રકારના દાનને પસંદ કરતું નથી. આ દાનમુખ સુંદર આશયને કરનાર છે તથા આગ્રહને મૂકાવી દેનાર છે અને દુનિયા ઉપર દયા ફેલાવી બંધુભાવનો વિસ્તાર કરનાર છે. આવી રીતે દાન નામના પ્રથમ મુખનું તારી પાસે વર્ણન કર્યું. હવે ત્યાર પછી એ ચારિત્રધર્મરાજનું **શીલ** નામનું બીજું મુખ છે તેની હકીકત કહી સંભળાવું તે સમજી લે.

૨ **શીલમુખ.** "જૈનપુરમાં જે સાધુ લોકો વસે છે તેઓ સર્વે આ **શીલમુખ** નામનું ચારિત્રરાજનું મુખ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે કરે છે. આ **શીલમુખ** સાધુઓને અઢાર હજાર (૧૮૦૦૦) નિયમો[2] બતાવે છે તે સર્વને તે મહાત્માઓ દરરોજ અમલમાં મૂકે છે અને આ **શીલ-**

---

૧ આ દાનનો પ્રકાર અપ્રશસ્ત છે. દાનમાં ચિત્ત, વિત્ત અને પાત્ર ત્રણ બાબતની શુદ્ધિ ધ્યાનમાં રાખવાની છે. ન્યાય માર્ગથી ઉપાર્જન થયેલ દ્રવ્ય, આશંસા રહિત ઉમંગી ચિત્ત અને દાન ગ્રહણ કરનાર સદાચારી વ્રતધારી નિર્મમ નિરારંભી પાત્ર એ ત્રણ વિશુદ્ધ જાણવાં એ ત્રણની શુદ્ધાશુદ્ધિથી આઠ ભેદ થાય છે તે નીચે પ્રમાણેઃ—

૧ શુદ્ધ પાત્ર શુદ્ધ ચિત્ત શુદ્ધ વિત્ત.
૨ શુદ્ધ પાત્ર શુદ્ધ ચિત્ત અશુદ્ધ વિત્ત.
૩ શુદ્ધ પાત્ર અશુદ્ધ ચિત્ત શુદ્ધ વિત્ત.
૪ શુદ્ધ પાત્ર અશુદ્ધ ચિત્ત અશુદ્ધ વિત્ત.
૫ અશુદ્ધ પાત્ર શુદ્ધ ચિત્ત શુદ્ધ વિત્ત.
૬ અશુદ્ધ પાત્ર શુદ્ધ ચિત્ત અશુદ્ધ વિત્ત.
૭ અશુદ્ધ પાત્ર અશુદ્ધ ચિત્ત શુદ્ધ વિત્ત.
૮ અશુદ્ધ પાત્ર અશુદ્ધ ચિત્ત અશુદ્ધ વિત્ત.

૨ **શીલાંગઃ** ૧૮૦૦૦ શીલાંગનું સંપૂર્ણ વિવેચન અધ્યાત્મકલ્પદ્રુમ પૃ. ૩૫૬ (દ્વિ.આ.) નોટમાં કર્યું છે ત્યાંથી જોઇ લેવું. અહીં ફરીવાર તે લખ્યા નથી. દશ યતિધર્મોની વિચાર પૂર્વક શુદ્ધ આચરણા શીલાંગમાં આવે છે. **શીલ** એટલે વર્તન સમજવું. શીલ અને શિયળને ભેળવી નાખવા નહિ. **શિયળ** એટલે બ્રહ્મચર્યપાલન એ અર્થ થાય છે. સાધુ 'અઢાર હજાર શીલાંગરથના ધોરી' કહેવાય છે તેની વિગત સદરહુ નોટમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખના હુકમોનો બરાબર આદર કરે છે. આ શીલ (વિશુદ્ધ વર્તન) છે તે સાધુઓને ખરેખરૂં આલંબન છે, તેમને આભૂષણ તુલ્ય શોભા આપનાર છે અને એ જ તે મહાત્માઓનું સર્વસ્વ છે. આ શીલમુખ મુનિવર્ગને સંપૂર્ણ આદેશ આપે છે, વળી મુનિ સિવાયનો જે વર્ગ હોય છે તેઓ પણ એમાંનો કેટલોક વિભાગ અમલમાં મૂકે છે[1]; થોડા થોડા હુકમો મુનિ સિવાયના ગૃહસ્થો પણ વર્તનામાં મૂકે છે. આવી રીતે **શીલ** નામના બીજા મુખ સંબંધી હકીકત તને સંક્ષેપમાં કહી, હવે **તપ** નામનું ત્રીજું મુખ છે તેની હકીકત કહું છું તે સાંભળ.

**૩. તપમુખ.** "ચારિત્રધર્મરાજાનું આ ત્રીજુ મુખ ઘણું મજાનું છે. અન્ય તરફથી કાંઇ આશા રાખવી (આકાંક્ષા) અને કોઇ પ્રકારની પીડા ભોગવવાની બાબત(અર્તિ)નો નાશ કરીને તે પ્રાણીને ઘણું સુખ કરી આપે છે. પ્રાણીને અન્ય પાસેથી આશા હોય છે તે દૂર થઇ જાય અને તે નિઃસ્પૃહી બને એટલે તેને કોઇની ઓશિયાળ રહેતી નથી,[2] અને આશા પીડા ગઇ એટલે દુનિયાનો માર્ગ સરલ સીધો અને સપાટ થઇ જાય છે. તપમુખ પ્રાણીઓમાં સુંદર પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન કરે છે, સંસારપર સંવેગ લાવે છે, મનની સમતા આણે છે અને શરીરસુખાકારી સુંદર કરી આપે છે અને એ પ્રાણીને છેવટે કોઇ પણ પ્રકારના દુઃખરહિત વિનાશ વગરના શાશ્વતા સુખને યોગ્ય બનાવી દે છે, કારણ કે સજ્જન પુરૂષો ચારિત્રધર્મરાજનું આ તપમુખ જોઇને તેની આરાધના કરીને અને પોતાનું અસાધારણ સત્ત્વ વાપરીને આખરે નિર્વૃતિ નગરીએ ચાલ્યા જાય છે. (કર્મની નિર્જરા કરવાનું પ્રબળ સાધન આ તપમુખ છે, તીર્થંકર મહારાજ તદ્‌ભવમુક્તિ જાણવા છતાં તપની આરાધના કરે છે. તપથી શરીરસુખાકારી વધે છે તે તપસ્યા કરનારના અનુભવનો વિષય છે.) આવી રીતે તારી પાસે **તપ** નામના ત્રીજા મુખનું વર્ણન કર્યું. હવે એ ચારિત્રરાજના **ભાવ** નામના ચોથા મુખસંબંધી હકીકત કહી સંભળાવું છું.

---

૧ સાધુ સર્વ વ્રતની પાલના કરે છે, શ્રાવકો દેશથી પાલના કરે છે.

૨ તપના બાર ભેદ છેઃ છ બાહ્ય તપ છે, છ આંતર તપ છે. આ બારે ભેદની હકીકત આવતા પ્રકરણમાં પાંચમા યતિધર્મને અંગે આવશે તેથી અત્ર લખી નથી.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૪. ભાવમુખ. "સુજ્ઞ સજ્જન પુરૂષો આ ચારિત્રરાજના ચોથા મુખને ભક્તિપૂર્વક યાદ કરે છે અથવા તેની સામું જુએ છે એટલે તે પ્રાણીના સર્વ પાપસમૂહને દૂર કરીને કાપી નાખીને તેને સારી રીતે સુખ કરે છે.[1] આ ભાવમુખના હુકમને અનુસરીને જૈન સત્પુરૂષો વિચાર કરે છે કે,[2] અહો! આ દુનિયામાં જે વસ્તુઓ દેખાય છે તે સર્વ ઘણી તુચ્છ છે, આખરે ટકે તેવી નથી, વખત જતાં જરૂર તેનો નાશ થવાનો છે ( અનિત્યભાવ ); સંસારમાં પ્રાણી જ્યારે પૂર્વ કર્મના ઉદયથી દુઃખ ભોગવે છે તે વખતે તેને કોઇનો આધાર મળતો નથી, અને કોઇ તેને શરણ આપી શકતું નથી, કરેલ કર્મ તેને જરૂર ભોગવવાં પડે છે ( અશરણભાવ ); આ સંસારમાં પ્રાણી એકલો આવે છે અને મરીને એકલો જાય છે, તેનું કોઇ નથી અને તે કોઇનો નથી ( એકત્વભાવ ); આ દુનિયામાં પ્રાણીને શરીર, ધન, ધાન્ય તથા બીજી જે કાંઇ બહારની વસ્તુઓ ખેંચાણ કરીને સંસારમાં રાખે છે તે સર્વ તેનાથી ભિન્ન છે, તેને તેની સાથે ખરેખરો સંબંધ નથી અને તે વસ્તુઓ વાસ્તવિક રીતે તેની પોતાની નથી ( અન્યત્વભાવ ); આ શરીર મૂત્ર, આંતરડાં, ચરબી અને વિષ્ટાથી ભરેલું છે અને તેમાં દુર્ગંધી અત્યંત હોવાથી તે ઘણું દુગંચ્છનીય છે. એવા શરીરમાં પવિત્રતાની ગંધ પણ હોવાનો જરાએ સંભવ નથી (અશુચિભાવ ); આ સંસારમાં એક ભવની સ્ત્રી અન્ય ભવમાં માતા થાય છે, વળી તે સ્ત્રી થાય છે, બાપ દીકરો અને દીકરો બાપ થાય છે—એવી રીતે અરઘટ્ટઘટ્ટી ચાલ્યા કરે છે અને પ્રાણી એક ખાડામાંથી નીકળી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ પડ્યા કરે છે ( સંસારભાવના ); મનવચનકાયાના યોગની પ્રવૃત્તિદ્વારા અને પાપસ્થાનકોના આચરણદ્વારા અનેક રીતે આશ્રવ ( કર્મગ્રહણ ) પ્રાણીને

---

૧ ભાવવગર સર્વ ક્રિયા બરાબર ફળ આપતી નથી. રસોઇમાં મીઠાને ( લુણને ) જે સ્થાન છે તે સ્થાન આંતર ભોજનમાં ભાવને છે.

૨ અહીં બાર ભાવનાનો વિસ્તાર છે. લંબાણ વિસ્તાર માટે જુઓ શાંત સુધારસ, બાર ભાવનાની સજ્ઝાયો. મારા "જૈન દૃષ્ટિએ યોગ"માં પૃ. ૬૬–૭૪ સુધી એની હકીકત વિસ્તારે અવતરણ કરેલી છે. અત્ર મુદ્દાસર ટુંકામાં તે હકીકત આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિરંતર ચાલ્યા જ કરે છે અને તે દ્વારા પ્રાણી કર્મથી ભારે થતો જાય છે (આશ્રવભાવ); કોઇ કોઇ પ્રાણી કર્મથી નિર્વૃત્તિ પામવાનો વિચાર કરે છે તે યતિધર્મ, ભાવનાઓ, પરીષહ, અષ્ટ પ્રવચનમાતા, ઇત્યાદિદ્વારા આવતાં કર્મોને રોકે છે ( સંવરભાવના ), બાર પ્રકારના તપદ્વારા અગાઉ બાંધેલાં કર્મો આત્મપ્રદેશથી ભોગવ્યા વગર ખરી જાય છે અને તેવી રીતે પ્રાણી કર્મના હલ્લાથી મોટી રાહત મેળવે છે ( નિર્જરા ભાવના ); પ્રાણીઓ આ સંસારમાં સર્વ સ્થાનકે મરણ પામેલા છે, જન્મ પામેલા છે અને આ દુનિયામાં જેટલા રૂપી દ્રવ્યો છે તે સર્વ તેણે એક યા બીજા આકારમાં અનેકવાર ભોગવ્યા છે છતાં એને સંસારભ્રમણથી થાક લાગ્યો નથી, ભક્ષણ કરવાની બાબતમાં કંટાળો આવ્યો નથી, સંસાર તેને કડવો લાગ્યો નથી ( લોકસ્વભાવભાવ ); આ સંસારસમુદ્રથી તારવાને વાસ્તે કોઇ પણ ખરેખરો શક્તિમાન્ હોય તો તે તીર્થંકર મહારાજે બતાવેલ સ્યાદ્વાદશૈલીયુક્ત શ્રી જૈનધર્મ છે (ધર્મભાવના ); પરંતુ એ ધર્મપ્રાપ્તિને યોગ્ય સામગ્રી આ સંસારચક્રમાં પ્રાણીને મળવી ઘણી જ મુશ્કેલ છે, મળે તો ઓળખવી મુશ્કેલ છે અને ઓળખાય તો આદરવી મુશ્કેલ છે ( બોધિદુર્લભભાવ ). આ ભાવમુખના હુકમ પ્રમાણે જે શ્રદ્ધાવાન્ વિશુદ્ધ બુદ્ધિશાળી પ્રાણીઓ આ અને એવી એવી બીજી ભાવનાઓ ભાવે છે તે ખરેખરા ભાગ્યશાળી છે અને તે સાચા શાણા છે. ચારિત્રધર્મરાજાનું આ ચોથું મુખ ઘણું સુંદર છે, એના દર્શનથી ઘણો આનંદ થાય તેમ છે અને સ્વાભાવિક રીતે પોતાની પ્રકૃતિથી તે સર્વને અપૂર્વ આનંદ આપે તેવું છે.

"આ રીતે એ મહારાજા ચારિત્રધર્મ આ પોતાનાં ચારે મુખોથી નગરવાસી જનોને સર્વ પ્રકારનાં સંપૂર્ણ સુખો આપે છે અને આનંદમાં મગ્ન કરે છે. એ ચારિત્રધર્મરાજ આ સંસારમાં ફરનારા સર્વ પ્રાણીઓને નિરંતર સુખ આપનાર જ છે, કારણ જે જાતે અમૃત હોય તે અન્યને દુઃખ દેનાર કેવી રીતે થઇ કે હોઇ શકે? ખરેખરી નવાઇ જેવી વાત તો એ છે કે એ પ્રમાણે હકીકત હોવા છતાં સંસારચક્રમાં રહેનાર અનંત પ્રાણીઓમાંથી માત્ર બહુ જ થોડા એને એ સ્વરૂપે ઓળખે છે અને એની હકીકત હૃદયમાં ધારણ કરે છે. બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો ઘણાખરા તેને ઓળખતા પણ નથી અને કેટલાક ઓછા પુણ્ય-વાળા પ્રાણીઓ હોય છે તે તો તેને ઓળખીને પણ તેની નિંદા કરે છે. આવી રીતે ભાઇ પ્રકર્ષ! તારી પાસે ચારિત્રધર્મરાજનાં દાન શીલ તપ અને ભાવ રૂપ ચારે મુખનું વર્ણન કર્યું. એ દ્વારા રાજાનું પણ વર્ણન કર્યું. હવે એ રાજાના પરિવાર[1] સંબંધી કેટલીક ઉપયોગી હકીકત તને નિવેદન કરૂં છું.

## વિરતિ દેવી.

"ભાઇ પ્રકર્ષ! ચારિત્રરાજની સાથે તેના અરધા આસન ઉપર બેઠેલી સર્વ અંગે અત્યંત સુંદર, સર્વ પરિમિત અવયવવાળી શુદ્ધ સ્ફટિક જેવી તદ્દન નિર્મળ સ્ત્રી દેખાય છે તે એ ચારિત્ર-ધર્મરાજની વિરતિ[2] નામની રાણી છે. જેવા રાજામાં અનેક ગુણો છે તેવા અને તેટલા જ ગુણો વિરતિ રાણીમાં છે. એ લોકોમાં સર્વને અત્યંત આનંદ આપનારી છે, મોક્ષને (નિર્વૃતિ નગરીને) માર્ગ બ-રાબર બતાવનારી છે અને જ્યારે ચારિત્રરાજની સાથે તે પણ એ-કતા પામેલી હોય છે ત્યારે તે અને રાજા જાણે એક બીજાથી જરા પણ જૂદા ન જ હોય તેવા દેખાય છે.

### ચારિત્રરાજનાં પાંચ મિત્રો.

"એ ચારિત્રરાજની પાસે જે પાંચ માણસો બેઠેલા દેખાય છે તે ચારિત્રરાજના ખાસ અંગભૂત[3] મિત્રો છે.

"એ પાંચમાં પ્રથમ મિત્ર છે તેનું નામ સામાયિક[4] કહેવામાં આવે છે. એ જૈનપુરમાં સર્વ પાપોથી નિરંતર વિરતિ કરાવ્યા કરે છે.

---

૧ **ચારિત્રરાજને પરિવારઃ** અહીંથી ચારિત્રરાજના પરિવારની હકીકત શરૂ થાય છે. આ પ્રકરણમાં દેવી વિરતિ રાણી અને પાંચ મિત્રો વર્ણવાશે, આવ-તામાં યુવરાજ અને ફટાયા કુંવર અને પુત્રવધૂઓ વર્ણવાશે અને તે પછીના પ્રક-રણમાં બાકીનો પરિવાર વર્ણવાશે.

૨ **વિરતિઃ** કોઇ પણ બાબતનો નિયમપૂર્વક ત્યાગ કરવો તેને **વિરતિ** કહેવામાં આવે છે. એ જૈન પારિભાષિક શબ્દ છે. સાધુ સર્વથા ત્યાગ કરે છે તેને **સર્વવિરતિ** કહેવામાં આવે છે, ઓછો ત્યાગ હદ મર્યાદા અને અપવાદ સાથે ગૃહસ્થો કરે છે તેને **દેશવિરતિ** કહેવામાં આવે છે.

૩ **મોહરાજાના** સાત રાજમિત્રો હતા તેની હકીકત પૃ. ૮૮૮ થી ૮૯૨ સુધી વર્ણવી છે તેની સાથે આ હકીકત સરખાવવા યોગ્ય છે.

૪ **સામાયિકઃ** બે ઘડિ અથવા તેથી વધારે વખત સંસારના સર્વ ભાવોથી મર્યાદા પ્રમાણે ત્યાગ કરી જ્ઞાનધ્યાનમાં વખત કાઢવો તે 'સામાયિક' કહેવાય છે. એમાં સર્વ સાવદ્ય યોગની મન વચન કાયાથી વિરતિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ત્યાર પછી બીજો મિત્ર દેખાય છે તેનું નામ 'છેદોપસ્થાપન' કહેવામાં આવે છે. એ સર્વ પ્રકારના પાપોને વધારે વધારે અટકાવે છે.

"ત્યાર પછી ત્રીજો મિત્ર દેખાય છે તેનું નામ **પરિહારવિશુદ્ધિ**[2] કહેવામાં આવે છે. એ મિત્ર અઢાર માસ સુંદર તપવિધાન બતાવે છે.

"આગળ ચોથો મિત્ર દેખાય છે તેનું નામ **સૂક્ષ્મસંપરાય**[3] કહેવામાં આવે છે.

"ત્યાર પછી છેલ્લો મિત્ર દેખાય છે તેનું નામ **યથાખ્યાત**[4] કહે-

---

૧ **છેદોપસ્થાપનઃ** પૂર્વના પર્યાયને છેદવા અને નવીન પર્યાયની ઉપસ્થાપના કરવી તેને **છેદોપસ્થાપન** કહે છે. (સામાયિક કરતાં આ દ્વિતીય ચારિત્રધર્મમાં વધારે ત્યાગભાવ આવે છે સાધુને પ્રથમ દિક્ષા આપતી વખત સામાયિકનો નિયમ કરાવવામાં આવે છે, પછી તે સ્થિર થાય ત્યારે જેને હાલ વડી દિક્ષા કહેવામાં આવે છે તે છેદોપસ્થાપન ચારિત્ર આપવામાં આવે છે. આ પ્રવૃત્તિ પહેલા છેલ્લા તીર્થંકરના શાસન માટે છે. મધ્યના ૨૨ તીર્થંકરોના શાસન દરમિયાન તો સામાયિક ચારિત્ર જ યાવજ્જીવિત માટે આપવામાં આવે છે. ત્યાં આ ચારિત્રની અપેક્ષા નથી.

૨ **પરિહારવિશુદ્ધિઃ** નવ સાધુઓનો સમુદાય મળી એ કલ્પ અંગીકાર કરે છે. તેમાં ચાર સાધુઓ તપ કરનાર થાય છે (એને નિર્વિશ માનક કહે છે), ચાર વૈયાવચ્ચ કરનાર હોય છે અને એકને કલ્પસ્થિત આચાર્ય બનાવે છે. અઢાર માસ સુધી ઉગ્ર તપ કરવામાં આવે છે. છ મહીના પ્રથમના ચાર કરે છે, પછી છ મહીના વૈયાવચ્ચવાળા કરે છે, પછી છ મહીના કલ્પસ્થિત બનાવેલ હોય છે તે કરે છે. એમ કુલ ૧૮ માસનું આ ચારિત્ર ખાસ પાપની વિશુદ્ધિ માટે છે. એનો વિધિ યોગ્યતા કાળ પર્યાય વિગેરે માટે જુઓ પ્રવચન સારોદ્ધાર દ્વાર ૬૯. પ્ર. રત્નાકર ભાગ ત્રીજો પૃ. ૨૩૧ થી ૨૩૭.

૩ **સૂક્ષ્મસંપરાયઃ** સંપરાય એટલે કષાય. એની અત્ર અત્યંત મંદતા થાય છે. નવમા ગુણસ્થાનકને અંતે ક્રોધ માન માયાને ખપાવી અથવા ઉપશમાવી સૂક્ષ્મ લોભ બાકી રહે તેને દશમા ગુણસ્થાનકે ખપાવે અથવા ઉપશમાવે તેને **સૂક્ષ્મસંપરાય** ચારિત્ર કહે છે. દશમા ગુણસ્થાનકનું એ જ નામ છે.

૪ **યથાખ્યાતઃ** આ ચારિત્ર અગીઆરમા તથા બારમા ગુણઠાણે હોય છે; અગીઆરમા ગુણઠાણે કષાયોનો સર્વથા ઉપશમ હોય છે. અંતર્મુહૂર્ત એ સ્થિતિમાં રહ્યા પછી પાછો ઉદય આવે છે અને એ ગુણઠાણેથી પ્રાણી પાછો પડે છે. બારમા ગુણઠાણે કષાયોનો સર્વથા ક્ષય હોય છે જેથી કષાયો ફરી ઉદયમાં આવતા નથી તેથી એ ગુણઠાણેથી મુનિઓ પાછા પડતા નથી અને કેવળજ્ઞાન પામી તે જ ભવમાં મોક્ષે જાય છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

વામાં આવે છે. એ ઘણો જ નિર્મળ અને સારભૂત મિત્ર છે અને સર્વ પાપનો નાશ કરનાર છે.

"ચારિત્રરાજના એ પાંચે મિત્રો તેનાં શરીરભૂત છે, તેનાં જીવન છે, તેનાં પ્રાણો છે, તેનાં સર્વસ્વ છે અને તેનું ઉત્તમ તત્ત્વ છે. આ પ્રમાણે ભાઇ પ્રકર્ષ! તારા જોવામાં ચારિત્રરાજના પાંચે મિત્રો આવી ગયા અને તેમની હકીકત સમજાણી. એની વધારે વિગતમાં ઉતરતાં તો વરસો પસાર થઇ જાય."

# પ્રકરણ ૩૫ મું.

## યતિધર્મ-ગૃહિધર્મ.

ચારિત્રરાજનું સુંદર વર્ણન કર્યું, વિરતિદેવીનો પરિચય કરાવ્યો અને મહારાજાના પાંચ મિત્રોને ઓળખાવ્યા. વિશાળ મંડપ, આકર્ષક વેદિકા અને ભવ્ય સિંહાસન એ સર્વ હૃદયને નિર્મળ કરી રહ્યા હતા અને રાજાના વર્ણને પ્રકર્ષને વધારે જિજ્ઞાસુ બનાવ્યો હતો. તે તો ચારિત્રરાજના આખા પરિવારને ઓળખવા આતુર થઇ રહ્યો. મામાએ વર્ણન આગળ ચલાવ્યું.

### યતિધર્મ યુવરાજ.

"હવે એ ચારિત્રરાજની પાસે જે બેઠેલો દેખાય છે, જેના મુખ ઉપર રાજતેજ છે, તે આ ચારિત્રરાજ મહારાજનો યુવરાજ ગાદિવારસ છે અને તેનું નામ યતિધર્મ છે. એ યુવરાજને બરાબર જોઇશ તો તે પિતાની પાસે જ બેઠેલો જણાશે. જો, ભાઇ! તેં જે બહારના ભાગમાં મહાત્મા મુનિઓને જોયા તેઓને આ યુવરાજ બહુ જ વહાલો છે અને તેઓ એ યુવરાજની આખો વખત ઘણા આનંદથી સેવા ઉઠાવ્યા કરે છે.[1] એ યતિધર્મ યુવરાજની આજુબાજુ

૧ યતિધર્મઃ એ સાધુજીવનનું રહસ્ય છે. સાધુએ દશ યતિધર્મમાં રમણ કરવાનું છે. દશે યતિધર્મ બહુ વિસ્તારથી વિચારવા લાયક છે. એના વિવેચનમાં ખુલાસા સારૂ મૂળના અવતરણમાં કેટલોક જરૂરી વધારો કર્યો છે. મો. ક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશ મનુષ્યો બેઠેલા છે તે દશે બહુ સારી રીતે સમજવા જેવા છે. તેઓ દરેક શું શું કાર્ય બજાવે છે તે હું તને ટુંકામાં કહી જાઉં તે તું સમજી લે.

૧ **ક્ષમા.** "એ દશ મનુષ્યોમાં પ્રથમ સ્ત્રી દેખાય છે તે ક્ષમા નામની છે. એ સર્વ પ્રાણીઓને કહે છે કે-તમે ક્રોધનો ત્યાગ કરો, અન્ય ઉપર રોષ કરવો છોડી દો અને તમારા ઉપર કોઇ ગુસ્સો કરે તો પણ તેના ઉપર શાંતિ રાખો, તમારા મનની સમાનાવસ્થા જાળવી રાખો અને મોટા સમુદ્ર જેવા ગંભીર બનો. આ ક્ષમા નામની સ્ત્રી ઉપર સ્ત્રીસંગત્યાગ છતાં મુનિઓ બહુ પ્રેમ રાખે છે.

૨ **માર્દવ.** "એ દશ મનુષ્યમાં ત્યાર પછી નાના બાળકના જેવું સુંદર રૂપવાન્ પ્રાણી દેખાય છે તે માર્દવના નામથી ઓળખાય છે અને તે પોતાની શક્તિથી સાધુઓમાં નમ્રતા ઉત્પન્ન કરે છે. એ ગુણ જ્યારે મનુષ્યમાં આવે છે ત્યારે ધનનો લાભ થતાં, વિદ્યાની પ્રાપ્તિ થતાં, દુનિયામાં ઐશ્વર્ય મળતાં, શરીરમાં બળ પ્રાપ્ત થતાં, તપસ્યામાં વધારો થતાં, ઉત્તમ જાતિમાં અથવા કુળમાં જન્મ થતાં અને એવા એવા પ્રકારની વિશેષતા મળી જતાં છતાં અભિમાન થતું નથી, પણ પુણ્યોદયની સહચારિતા સમજાય છે અને પ્રાણી તેથી વધારે વધારે નમ્ર બને છે. મદના ત્યાગને 'માર્દવ' કહેવામાં આવે છે.

૩ **આર્જવ.** "ત્યાર પછી એ દશ મનુષ્યોમાં જે ત્રીજો બાળકના જેવા ઘણા સુંદર રૂપવાળો મનુષ્ય દેખાય છે તે આર્જવના નામથી ઓળખાય છે. એ સુંદર બુદ્ધિવાળા મનુષ્યોમાં સરળતા ઉત્પન્ન કરે છે, સારો ભાવ લાવે છે અને પ્રાણીમાં જે આડાઇ હોય છે, વાંકાપણું હોય છે, ઘાલમેલ કરવાની ટેવ હોય છે તેને દૂર કરે છે. સાધારણ રીતે ઉપર ઉપરથી સારા દેખાવાની અને અંદરથી ગોટા વાળવાની પ્રાણીને અનાદિની ટેવ હોય છે, પણ આ બાળક તેઓનાં મન વચન કાયામાં સાદૃશ્ય લાવી આપે છે. માયાકપટના ત્યાગને 'આર્જવ' કહેવામાં આવે છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૪ મુક્તતા. "એ દશ મનુષ્યોમાં ત્યાર પછી ચોથી એક સુંદર સ્વરૂપવાળી લલના દેખાય છે તે મુક્તતાના નામથી જાણીતી થયેલી છે. એ મુનિઓનાં મનને બહારથી અને અંતરંગથી સર્વ સંગ સંબંધી તૃષ્ણા રહિત કરે છે, એના સંબંધમાં આવ્યા પછી ધન ઘરબાર કે વસ્તુવિશેષ પોતાના કબજામાં રાખવાની ઇચ્છા થતી નથી, મોટી રકમના માલેક થવાની હોંસ થઇ આવતી નથી અને જમેની રકમ જોઇને હર્ષ સન્નિપાત થતો નથી, એટલુંજ નહિ પણ અંતરંગ કષાયો, મલીન ભાવો અને વિકારોનો પણ ત્યાગ થઇ જાય છે. લોભના ત્યાગને 'મુક્તતા' કહેવામાં આવે છે. એથી બન્ને પ્રકારના (અંતરંગ અને બાહ્ય) પરિગ્રહ તજી દેવાની શુભ વૃત્તિ થાય છે.

૫ તપયોગ. "યતિધર્મ યુવરાજની આજુબાજુ વીંટળાઇને જે દશ મનુષ્યો બેઠેલા જણાય છે તેમાં પાંચમો મનુષ્ય તપયોગ નામનો છે. એ અત્યંત પવિત્ર અને વિશુદ્ધ છે. વળી એ પાંચમા મનુષ્યની આજુબાજુ તેના ખાસ અંગત બાર માણસો બેઠેલા દેખાય છે; એ બાર અંગત રક્ષકોના પ્રભાવથી જૈનપુરમાં તપયોગ શું શું ચમત્કારો કરાવી શકે છે તે પણ હું તને ટુંકામાં કહી દઉં છું તે લક્ષ્યમાં રાખી લેજે. તે પ્રાણીઓને કહે છે કે સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરી તદ્દન ઇચ્છાસ્પૃહાવગરના બની જાઓ ([1]અનશન); પ્રાણીઓને કહે છે કે ક્ષુધા કરતાં ઓછું ભોજન ખાવાથી તંદુરસ્તી સારી રહે છે, ઇંદ્રિયોપર કાબુ વધે છે અને વીર્યની વૃદ્ધિ થાય છે; વળી ત્રીજા રક્ષકના પ્રભાવથી પ્રાણીઓ નાના પ્રકારના અભિગ્રહો કરે છે, અમુક સંયોગમાં અમુક રીતે ભિક્ષા મળે તો જ લેવી, આટલી જ વસ્તુઓ ખાવી, આટલી જ ચીજો વાપરવી, અમુક વખતેજ ખાવું, અમુક વસ્તુનો ત્યાગ કરવો, મોજશોખ ન કરવા વિગેરે વિગેરે જીવનના નિયમો બાંધવા અને તેને દૃઢ વળગી રહેવું એ સર્વ એ ત્રીજા મનુષ્યના સહચારીપણાથી થાય છે, એથી પોતાની વૃત્તિ ઉપર ઘણોજ કાબુ આવે છે, મન જેમાં

[1] અમુક વખત સુધી આહારનો ત્યાગ કરવો તેને ઇત્વર અનશન કહે છે અને યાવજ્જીવિત ત્યાગને યાવત્કથિત અનશન કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં માથું મારતું બંધ થાય છે અને જીવન નિયમસરનું થાય છે અને સુખશાંતિ વૃદ્ધિ પામે છે (વૃત્તિસંક્ષેપ); રસવાળા પદાર્થો ખાવાથી મોહને વિશેષ જોર મળે છે અને સંસાર તરફ ગમન થાય છે તેથી ચોથા રક્ષકના પ્રભાવથી પ્રાણીઓ રસત્યાગ કરે છે (રસ-વિગય[1]ત્યાગ); શરીરને ધર્મસાધન પૂરતું સંભાળવું ઠીક છે, બાકી એને વધારે પોષવાની જરૂર નથી, એને ક્લેશસહનનો અભ્યાસ પડવાથી નિર્જરાનું સાધનભૂત થાય છે અને પ્રસંગોપાત્ત આવી પડતાં સંકટોને સમ ભાવે સહન કરી લે છે જેથી નવીન કર્મબંધ ન કરતાં ધર્મસાધનમાં સહાય કરે છે તેથી એવા સુખરૂપ ક્લેશો (લોચ વિગેરે) શરીરને સાધુઓ આપે છે (કાયક્લેશ); અંગોપાંગોને સંવરવાની, ગોપન કરવાની અને આચાર પવિત્ર રાખવાની ઘણી જ જરૂર છે તે હકીકત છઠ્ઠો રક્ષક શીખવે છે (**સંલીનતા**)[2]. આ છ પ્રકારના રક્ષકો સર્વ બાહ્ય બાબતો ઉપર વિજય પ્રાપ્ત કરાવે છે અને આ ભવમાં અનેક પ્રકારના ઘસારા ખાતાં શીખવી તે દ્વારા ત્યાગભાવ આદરવાનો સીધો સરળ પણ અત્યંત લાભકારી માર્ગ બતાવે છે.

"એ તપોયોગની સાથે બીજા છ મનુષ્યો દેખાય છે તે અંતરંગ સામ્રાજ્યને વિસ્તારે છે અને તે પણ ઘણા જ લાભ કરનાર થાય છે. કોઇ પણ પાપ, મલિન ચરિત્ર કે દોષ થયા હોય, થઇ ગયા હોય, તેને માટે અંતઃકરણના પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત્ત લેવું, લઇને તે પ્રમાણે કરવું અને ભવિષ્યમાં પાપ ન થાય તેની સાવધતા રાખવી તેને 'પ્રાયશ્ચિત્ત' નામનો અંતરંગ રક્ષક કહેવામાં આવે છે. એ પ્રાયશ્ચિત્ત દશ પ્રકારના છે.[3] ત્યાર પછી બીજો અંગરક્ષક દેખાય છે તે પ્રાણીને સૂચવે છે

---

૧ **વિગયઃ** દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ અને મીઠાઇ એ છ **વિગય** કહેવાય છે.

૨ **સંલીનતાઃ** એના ચાર વિભાગ છે. ઇંદ્રિયસંલીનતા, કષાયસંલીનતા, યોગસંલીનતા અને વિવક્તચર્યા સંલીનતા (એકાંત વસતિમાં રહેવું.)

૩ **પ્રાયશ્ચિત્તઃ** દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત નીચે પ્રમાણે છેઃ—

૧ ગુરૂપાસે અપરાધનું કથન કરવું તે 'આલોચન પ્રાયશ્ચિત્ત.'

૨ કથન કરેલી બાબતો માટે ક્ષમા માગવી તે 'પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત.'



JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે જ્ઞાન, વય, બુદ્ધિ અને ગુણમાં તમારાથી જે વધારે હોય તે સર્વને તેમના સ્થાનને યોગ્ય માન આપો, તેઓ તરફ પૂજ્ય બુદ્ધિ રાખો અને તેઓ તરફ નરમાશ બતાવો. આ 'વિનય' નામનો અંતરંગ રક્ષક ચાર પ્રકારનો છે.[1] ત્યાર પછી આચાર્ય મહારાજ ઉપાધ્યાય

---

૩ અપરાધની વિચારણા કરવી અને ક્ષમા પણ માગવી (મિચ્છામિદુક્કડ દેવો) તે 'મિશ્ર પ્રાયશ્ચિત્ત.'

૪ અશુદ્ધ પાણી ભોજન આદિનો ત્યાગ કરવો તે 'વિવેક પ્રાયશ્ચિત્ત.'

૫ શરીરપર પોતાના અંકુશ વગર સાવદ્ય સ્વપ્નો આવી જાય તેથી તેમજ ગમનાગમનાદિ ક્રિયા તથા સ્થંડિલ માત્રુ પરઠવ્યા પછી થતા દોષોને દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે 'કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.'

૬ જીવ સંઘટ્ટથી લાગતા દોષો દૂર કરવા તપશ્ચર્યા કરવી તે છઠ્ઠું 'તપઃપ્રાયશ્ચિત્ત.'

૭ દીક્ષાપર્યાયને હાનિ કરે તેવો દોષ થતાં તેનું નિવારણ કરવા અમુક દીક્ષાપર્યાયનો છેદ કરવો પડે તે 'છેદ પ્રાયશ્ચિત્ત.'

૮ મૂળ ગુણને હાનિ પહોંચતાં સર્વથા નવીન દીક્ષા લેવી પડે તે 'મૂલપ્રાયશ્ચિત્ત.'

૯ અતિ ક્લિષ્ટ પરિણામથી વધ થઇ ગયો હોય તો તેના દોષનિવારણ માટે મહા તપ કરી ફરી દીક્ષા લેવી તે 'અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત.'

૧૦ સાધ્વી, રાણી કે એવા કોઇ સાથે સંભોગ થતાં બાર વર્ષ તપ કરી તીર્થપ્રભાવના કરી ફરી દીક્ષા લઇ ગચ્છમાં આવવાની શિક્ષા તે 'પારાંચિત પ્રાયશ્ચિત્ત.'

[1] **વિનયઃ** અહીં મૂળમાં વિનયના ચાર પ્રકાર કહ્યા છે તે તીર્થંકરાદિ તેર સ્થાનકે ૧ અનાશાતના, ૨ ભક્તિ, ૩ બહુમાન અને ૪ તેમના ગુણની પ્રશંસા એમ ચાર પ્રકારે જાણવો. તીર્થંકરાદિ તેર સ્થાનક આ પ્રમાણેઃ—૧ તીર્થંકર, ૨ સિદ્ધ, ૩ કુલ, ૪ ગણ, ૫ સંઘ, ૬ ક્રિયા, ૭ ધર્મ, ૮ જ્ઞાન, ૯ જ્ઞાની, ૧૦ આચાર્ય, ૧૧ સ્થવિર, ૧૨ ઉપાધ્યાય, ૧૩ ગણી.

અથવા વિનયના ચાર પ્રકારમાં જ્ઞાન, દર્શન ચારિત્ર અને ઉપચારનો સમાવેશ થાય છે. જ્ઞાન એટલે જાણવું, દર્શન એટલે માનવું, ચારિત્ર એટલે સમિતિ ગુપ્તિ પાળવાં અને ઉપચાર એટલે આચાર્ય પાસે રહેવું.

અન્યત્ર (નવ તત્ત્વ ટીકામાં) વિનયના સાત પ્રકાર બતાવ્યા છે તે બહુ સમજવા યોગ્ય છે.

**૧ જ્ઞાનવિનયના પાંચ પ્રકાર છે.**

(ક) મતિ આદિ જ્ઞાનની અને જ્ઞાનીની બાહ્ય સેવા તે ભક્તિવિનય.

(ખ) જ્ઞાન અને જ્ઞાનીનું અંતરંગથી બહુમાન કરવું તે બહુમાન વિનય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિગેરે ગચ્છ ધુરંધરો હોય અથવા શરીરે અશક્ત હોય, ઉમરે નાના અથવા વૃદ્ધ હોય, મોટી તપસ્યા વિગેરે કરતા હોય તેમની ખાસ સેવા ચાકરી કરવી, તેમની જરૂરીઆતો પૂરી પાડવી, તેમની વારંવાર ખબરઅંતર રાખવી એ સર્વને 'વૈયાવચ્ચ' કહેવામાં આવે છે. એ વૈ" -

---

(ગ) જ્ઞાનથી જાણેલા પદાર્થની ભાવના કરવી તે ભાવના વિનય.

(ઘ) જ્ઞાનનું વિધિપૂર્વક ગ્રહણ કરવું તે વિધિગ્રહણ વિનય.

(ઙ) જ્ઞાનનો સારી રીતે અભ્યાસ કરવો તે અભ્યાસ વિનય.

૨ **દર્શન વિનય**ના મુખ્ય બે પ્રકાર છે.

(ક) સુશ્રૂષા વિનય અને (ખ) અનાશાતના વિનય.

તે પૈકી (ક) શુશ્રૂષા સાધુ અથવા સ્વધર્મીની કરવી એટલે તેમનો સત્કાર કરવો, તેમને આવતાં જોઈ આસનેથી ઊભા થવું, તેમને પૂજવા, તેમને ઊંચા આસન ઉપર બેસાડવા, તેમની વંદના કરવી એ સર્વનો સમાવેશ થાય છે.

(ખ) અનાશાતના વિનયમાં તીર્થંકર, ધર્મ, ધર્માચાર્ય, વાચક, સ્થવિર સાધુઓ, કુલ, ગણ, સંઘ અને એક મંડળી તથા ક્રિયા વિગેરે તેર પદ ઉપર કહ્યા છે તેમની બાહ્ય સેવા, આંતર બહુમાન અને ગુણગ્રહણ કરવા એનો સમાવેશ થાય છે.

૩ **ચારિત્રનો વિનય** પાંચ પ્રકારે છે.

પાંચ પ્રકારના ચારિત્ર જેનું વર્ણન ઉપર થઇ ગયું છે તેની સદ્દહણા કરવી તેમને આદરવા અને અન્ય પાસે તેની પ્રરૂપણા કરવી.

૪-૬ ત્રણ પ્રકારના **યોગનો વિનય.**

આચાર્ય આદિ વડીલ પુરૂષોનો સર્વ કાળે મન વચન કાયાથી વિનય કરવો એટલે મનથી તેમનું ખરાબ ચિંતવવું નહિ, વચનથી તેમની નિંદા કરવી નહિ અને શરીરથી તેમની વિરૂદ્ધ ખરાબ વર્તણુકે વર્તવું નહિ અને મનવચનકાયાથી તેમની ભક્તિમાં વર્તવું.

૭ **લોકોપચાર વિનય** સાત પ્રકારે છે.

(ક) ગુરૂ વડીલ વિગેરેની સમીપ વસવું, તેમની સેવામાં હાજર રહેવું.

(ખ) આરાધ્ય પુરૂષની ઇચ્છા અનુસાર પ્રવૃત્તિ કરવી.

(ગ) ઉપકારનો બદલો પ્રત્યુપકારથી આપવો.

(ઘ) ભોજનાદિ આપવાં.

(ઙ) માંદા અથવા નબળાની ઔષધ આદિથી સેવા કરવી.

(ચ) દેશકાળ ઉચિત ક્રિયા કરવી.

(છ) વડીલનું કાર્ય કરતાં તેમાં હોંશ રાખવી, માથાપરથી વેઠ કાઢવા ખાતર તે કરવું નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચ્ચ નામના અંતરંગ રક્ષકના દશ પ્રકાર છે.[1] ત્યાર પછી ચોથો અંતરંગ રક્ષક દેખાય છે તેને 'સ્વાધ્યાય' કહેવામાં આવે છે. અભ્યાસ કરવામાં જેટલો વખત એકાગ્રતા થાય છે તેટલો વખત નવીન કર્મબંધ અટકે છે એટલું જ નહિ પણ એથી બંધાયેલ કર્મો દૂર થાય છે. કોઇ પણ બાબત વાંચવી તેને વાચના કહેવામાં આવે છે, તેને માટે પૂછપરછ સવાલ જવાબ ચર્ચા કરવા તેને પૃચ્છના કહે છે, વાંચેલ ભણેલ બાબતો વિચારી જવી, તેની પુનરાવૃત્તિ કરવી તેને પરાવર્તના કહે છે, તે સંબંધી મનમાં બરાબર ઉહાપોહ કરવો અર્થનિર્ણય કરવો તેને અનુપ્રેક્ષા કહે છે અને ધર્મચર્ચા તથા કથા-વિનોદ કરવા તેને ધર્મકથા કહે છે. 'સ્વાધ્યાય' નામના રક્ષકના એ પાંચ પ્રકાર છે.[2] ત્યાર પછી જે પુરૂષ દેખાય છે તે 'ધ્યાન'ના નામથી ઓળખાય છે. એના ધર્મધ્યાન અને શુકલધ્યાન એવા બે પ્રકાર છે. ધ્યાનથી ખાસ એકાગ્રતા થાય છે, વૃત્તિપર કાબુ આવે છે અને મનની અસ્તવ્યસ્ત ભ્રમણતા અટકી જાય છે.[3] ત્યાર પછી જે છેલ્લો રક્ષક પુરૂષ દેખાય છે તે પણ અંતરંગ સામ્રાજ્યમાં વર્તે છે અને તે પ્રાણીઓને પોતાના ગણ ઉપર, પોતાની ઉપધિ (સાધુઓને વાપરવાની ચીજો) ઉપર અને પોતાના શરીર ઉપર તથા આહાર ઉપર પણ સ્પૃહા વગરના બનાવે છે અને યોગ્ય વખત આવે છે ત્યારે પ્રેરણા કરીને એ સર્વ બાહ્ય વસ્તુઓનો ત્યાગ કરાવે છે. એ 'ઉત્સર્ગ'ના નામથી ઓળખાય છે. કર્મ-ક્ષય માટે વારંવાર એકાગ્ર ધ્યાને કાઉસગ્ગ કરવો વિગેરે

---

૧ **વૈયાવચ્ચ**: દશ પ્રકારના **વૈયાવચ્ચથી** નીચે પ્રમાણે છે: (૧) આચાર્ય. (૨) ઉપાધ્યાય. (૩) સ્થવીર સાધુ. (૪) તપસ્વી. (૫) રોગી. (૬) નવ દીક્ષિત શિષ્ય. (૭) સ્વધર્મી બંધુ. (૮) કુળ સમાન. (૯) ગણ સમાન. (૧૦) સંઘ સમાન. એ દશેને ભોજન, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ વિગેરે લાવી આપીને તેમની યથાયોગ્ય સેવના કરવી તે દશ પ્રકારના વૈયાવૃત્યો છે.

૨ **સ્વાધ્યાય**: વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા જેનું વિવેચન ઉપર કર્યું છે તે **સજ્ઝાયધ્યાનના પાંચ પ્રકાર** છે. અભ્યાસ એ આંતરંગ તપ છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

૩. ધર્મધ્યાન શુકલધ્યાનના ભેદો માટે જુઓ જૈનદૃષ્ટિએ યોગ પૃ. ૧૪૪-૧૯૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાબતોનો પણ એમાં સમાવેશ થાય છે. આવી રીતે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એ અંતરંગ રક્ષકો છે. છ બાહ્ય અને છ અંતરંગ રક્ષકો પ્રાણીના સંબંધમાં કેવી ચેષ્ટા કરે છે, એ તપોયોગ પ્રાણીને શું શું કરી બતાવે છે, તે સંબંધી હકીકત તને ઘણી જ ટુંકામાં કહી સંભાળાવી. બાકી જો એનું બરાબર સંપૂર્ણ વર્ણન કરવામાં આવે તો તો એનો છેડો કદિ આવે તેમ નથી.

૬. **સંયમ.** "યતિધર્મ યુવરાજની આસપાસ જે દશ મનુષ્યો બેઠેલા જણાય છે તેમાં ત્યાર પછી જે છઠ્ઠો મનુષ્ય દેખાય છે તે **સંયમ**ના નામથી સારી રીતે પ્રસિદ્ધિ પામેલો છે, અને મુનિજનોને તે બહુ જ વલ્લભ લાગે છે. આ સંયમ નામના ઉત્તમ મનુષ્યની આજુબાજુ વળી સત્તર આદમીઓ વિંટળાઇને બેઠા છે એ સર્વ સુંદર જૈનપુરમાં શું શું કરે છે અને કેવો આનંદ કરી બતાવે છે તે ટુંકામાં તારી પાસે નિવેદન કરૂં છું. એ સત્તરમાંના પ્રથમના પાંચ મનુષ્યોને આશ્રવપિધાન ( આશ્રવને ઢાંકનાર ) તરીકે ઓળખવામાં આવે છે. સર્વ જીવવધથી વિરમી જવું ( પ્રાણાતિપાત વિરતિ ), સર્વદા હિત મિત સત્ય વચન બોલવું ( મૃષાવાદ ત્યાગ ), પારકી–અન્યની માલેકીની અથવા માલેકી વગરની કહેવાતી વસ્તુને બીજાએ આપ્યા વગર લેવાનો ત્યાગ કરવો ( અદત્તાદાન ત્યાગ ), સ્ત્રીસંગનો સર્વથા ત્યાગ ( મૈથૂન વિરમણ ) અને ઘરબાર માલમિલકતના સ્વામીત્વને તજી દેવું, પોતાની કોઇ વસ્તુ કે શરીર છે એવી માન્યતા પણ ન રાખવી ( પરિગ્રહ વિરતિ ). આવી રીતે પાંચ આશ્રવપિધાનો સંયમની આજુબાજુ બેઠેલા છે. ત્યાર પછી બીજા પાંચ મનુષ્યો બેઠેલા દેખાય છે તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને અવાજ રૂપ પાંચે ઇંદ્રિયો ઉપર મજબૂત કાબુ અપાવે છે અને તેમને જરા પણ જોર કરવા દેતા નથી. ત્યાર પછી બીજા ચાર મનુષ્યો છે તે ક્રોધ, માન, માયા અને લોભ ઉપર મજબૂત કાબુ અપાવે છે, તેમને જોર કરવા દેતા નથી અને છેલ્લા ત્રણ મનુષ્યો એ સત્તરમાં દેખાય છે તે મન વચન અને કાયાના સર્વ યોગો ઉપર મજબૂત કાબુ અપાવે છે. એવી રીતે એ સંયમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામનો ઉત્તમ મનુષ્ય પાંચ આશ્રવનું ઢાંકણુ કરીને મુનિવર્ગને શાંત બોધથી આકુળતા વગરના બનાવી દે છે, પાંચ ઇંદ્રિયો ઉપર મજબૂત કાબુ રખાવી તે તેમને બીલકુલ સ્પૃહા ઇચ્છા વગરના અને ચાલુ સ્થિતિમાં સંપૂર્ણ સંતોષવાળા રાખે છે, કષાયતાપને શાંત કરાવીને ચિત્તને એવું સુંદર બનાવી દે છે કે જાણે તેનો નિર્વાણ ન થઇ ગયો હોય તેવું સારૂં તે લાગે છે અને યોગ ઉપર કાબુ અપાવીને તે સર્વ મુનિને ઘણા જ મનોહર બનાવી દે છે. અને એવી રીતે એ સંયમ નામનો છઠ્ઠો મનુષ્ય પોતાના બળથી મુનિઓને ધૃતિસમુદ્રમાં તરબોળ રાખે છે.[1]

"અથવા[2] ટુંકામાં કહીએ તો પૃથ્વી, પાણી, અગ્નિ, પવન વનસ્પતિ તેમ જ બે, ત્રણ, ચાર અને પાંચ ઇંદ્રિયવાળા સર્વ પ્રાણીઓની મન, વચન કાયાથી કરવા, કરાવવા અનુમોદવા રૂપ કોઇ પણ પ્રકારની આરંભાદિકથી હિંસા કરવાનો તે સ્પષ્ટ નિષેધ કરે છે. (એ નવ પ્રકારનો જીવસંયમ છે. એ નવે પ્રકારના જીવોને મન વચન કાયાથી કોઇ પણ પીડા ઉપાધિ અથવા તેનો નાશ કરવાથી દૂર રહેવું એ જીવ સંયમ છે) એ ઉપરાંત જીવ વગરની વસ્તુઓ પુસ્તકાદિને પણ પ્રતિલેખના પ્રમાર્જના વિગેરે

---

૧ આ **સંયમના સત્તર પ્રકાર** થયા. એમાં પાંચ આશ્રવત્યાગ, પાંચ ઇંદ્રિયોપર કાબુ, ચાર કષાયપર વિજય અને ત્રણ યોગોપર અંકુશનો સમાસ થાય છે.

૨ હવે **સંયમ** સત્તર પ્રકારે બીજી રીતે વર્ણવે છે. આ અર્થ વિસ્તારથી કર્યો છે. પ્રવચન સારોદ્ધાર દ્વાર ૬૫ માંથી તે અવતરેલ છે. મૂળમાં તો સત્તર ભેદ છે એવું સમજાય તેમ પણ નથી. સત્તર ભેદ નીચે પ્રમાણે થશે.

૧-૯ જીવ સંયમ (પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, બે ત્રણ ચાર પાંચ ઇંદ્રિયવાળા જીવો વિષે હિંસાવિરતિ.)
૧૦ અજીવ સંયમ.
૧૧ પ્રેક્ષા સંયમ.
૧૨ ઉપેક્ષા સંયમ.
૧૩ પ્રમાર્જના સંયમ.
૧૪ પરિષ્ઠાપના સંયમ.
૧૫ મનઃસંયમ.
૧૬ વચન સંયમ.
૧૭ કાય સંયમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યતના પૂર્વક ગ્રહણ કરે. (આને 'અજીવ સંયમ' કહેવામાં આવે છે.) બીજ, વનસ્પતિ કે કોઇ પણ જંતુરહિત સ્થાને સુવા બેસવા ચાલવા વિગેરેની ક્રિયા કરવી, સંભાળી પુંજી પ્રમાર્જીને કરવાનું તે સંયમ શીખવે છે (આને 'પ્રેક્ષા સંયમ' કહેવામાં આવે છે). મલિન આરંભી ગૃહસ્થની ઉપેક્ષા કરવી, પણ તેને આરંભાદિક કાર્યમાં પ્રેરણા ન કરવી એવી ફરજ પણ એજ સંયમ પાડે છે ('ઉપેક્ષા સંયમ'). આસન શયનાદિની પ્રથમ પ્રેક્ષા કરવા છતાં પણ શુદ્ધ ભૂમિ વસ્ત્ર પાત્રાદિનો પ્રમાર્જનાપૂર્વક ઉપયોગ કરવો તથા પગ પ્રમાર્જવા વિગેરે ('પ્રમાર્જના સંયમ'). જે વસ્તુ પ્રાણિસંસક્ત હોય, અવિશુદ્ધ હોય અથવા પોતાના ઉપયોગમાં આવે તેવી ન હોય તેને વિધિ પ્રમાણે જંતુ રહિત સ્થાને પરઠવી દેવાનો ઉપદેશ પણ એ જ સંયમ કરે છે ('પરિષ્ઠાપના સંયમ'). હર્ષ, શોક, દ્રોહ, અભિમાન રીસ આદિ વિકારો દૂર કરી ધર્મકાર્યમાં મનને પ્રવર્તાવવું (એને 'મનઃ સંયમ' કહે છે). શુભ ભાષાનો ઉપયોગ કરવો અને હિંસક તથા કઠોર ભાષાનો ત્યાગ કરવો (એને 'વચન સંયમ' કહેવામાં આવે છે). અને અવશ્ય કરવા યોગ્ય કાર્યમાં ઉપયોગપૂર્વક શરીરની પ્રવૃત્તિ કરવી (કાય સંયમ). એવી રીતે મન વચન કાયાના યોગોને બરાબર પ્રવર્તાવવાનું પણ એ સંયમ કહે છે. આવાં આવાં સુંદર કાર્યો જે મુનિઓએ સંસારનાં કાર્યો છોડી દીધાં હોય છે અને જેઓ સર્વદા એકસરખી શાંત અવસ્થામાં હોય છે તેમની પાસે એ સંયમ કરાવે છે. આવી રીતે તારી પાસે સંયમ નામના છઠ્ઠા યતિધર્મના સહચારીઓનું વર્ણન કર્યું. હવે બાકીના ચાર રહ્યા તેનું પણ સંક્ષેપમાં વર્ણન કરી દઉં છું તે તું સમજી લે.

૭. સત્ય. "ત્યાર પછી એ યતિધર્મ યુવરાજની પાસે જે સાતમો સુંદર પુરૂષ દેખવામાં આવે છે તે સત્યના નામથી બહુ પ્રસિદ્ધિ પામેલ છે. એ પ્રાણીઓને હુકમ કરે છે કે તમારે જે વચન બોલવું તે અન્યનું હિત થાય તેવું બોલવું, જેટલું જરૂર હોય તેટલું માપીને બોલવું અને બીજા પ્રાણીઓને સાંભળીને આનંદ થાય તેવું વચન બોલવું, ગમે તેવી અ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવડ થાય તો પણ અસત્ય વચન તો બોલવું જ નહિ-અને આ પ્રમાણે જે હુકમ સત્ય ધર્મ કરે છે તેને મહા મુનિઓ અક્ષરશઃ પાળે છે.

૮. શૌચ. "એ યતિધર્મ યુવરાજની પાસે જે આઠમો માણસ દેખાય છે તે [1]શૌચના નામથી જાણીતો છે. તે પ્રાણીઓને બાહ્ય અને આંતર પવિત્રતા રાખવાનો ઉપદેશ આપે છે. બેંતાળીશ દોષરહિત આહાર લેવો વિગેરે બાહ્ય અથવા દ્રવ્ય શૌચ કહેવાય છે અને કષાયરહિત થઇ શુદ્ધ અધ્યવસાય દ્વારા સારા પરિણામ રાખવા તેને ભાવ અથવા આંતર શૌચ કહેવામાં આવે છે. મન વચન કાયાને પવિત્ર રાખવાં, દોષરહિત ચારિત્ર પાળવું અને કોઇની દીધા વગરની વસ્તુ કાંઇ પણ લેવી નહિ એનો સમાવેશ પણ આ શૌચ ધર્મના ઉપદેશમાં થાય છે. આ શૌચનો આદેશ પણ મુનિમહાત્માઓ ઉપાડી લે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૯. આકિંચન્ય. "ત્યાર પછી નાના બાળકના આકારને ધારણ કરનાર જે નવમો પુરૂષ યતિધર્મના પરિવારમાં જણાય છે તેનું નામ આકિંચન્ય (અકિંચનપણું) છે. એ મુનિઓને બહુ જ વહાલો લાગે છે. એ બાહ્ય અને અંતરની સર્વ બાબતોમાં શાંતિ અપાવે છે અને ઉકળાટ માત્ર મટાડી દે છે અને મુનિઓને અત્યંત સ્ફટિક જેવી નિર્મળ સુંદરતા પ્રાપ્ત કરાવે છે. (એને 'નિષ્પરિગ્રહ'ના નામથી પણ ઓળખવામાં આવે છે. બાહ્ય પરિગ્રહ ધન, ધાન્ય, ખેતર, મકાન, રૂપું, સોનું, અન્ય ધાતુઓ, દ્વિપદ અને ચતુષ્પદ એ નવ પ્રકારે છે અને આંતર પરિગ્રહમાં કષાય અને બીજા મનોવિકારોનો સમાવેશ થાય છે. એ બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો એ સાધુઓનું પાંચમું મહાવ્રત છે. કોઇપણ વસ્તુ ઉપર મૂર્છા કરવી, તેનાપર સ્વામીત્વ ભાવ રાખવો તે સર્વનો પરિગ્રહમાં સમાવેશ થાય છે અને સાધુઓ એનો સર્વથા ત્યાગ કરે એવો ઉપદેશ આ નવમો મનુષ્ય આપે છે.)

---

૧ શૌચઃ અતિચારરહિત સંયમનું પાળવું તે શૌચ. शौचं संयमं प्रति निरुपलेपता निरतिचारतेत्यर्थः ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૦ બ્રહ્મચર્ય.** “ત્યાર પછી યતિધર્મના પરિવારમાં ગર્ભ જેવો ઘણો મનોહર છેલ્લો બાળ બેઠેલો દેખાય છે તે **બ્રહ્મચર્ય** નામથી પ્રખ્યાત છે અને મુનિઓને તે બહુ જ પ્રિય છે. દિવ્ય અથવા ઔદારિક શરીર સાથે એટલે કોઇ પણ દેવાંગના સાથે, મનુષ્ય સ્ત્રી સાથે અથવા તિર્યંચણી સાથે મન વચન અને કાયાથી સંયોગ ન કરવો, ન કરાવવો અને કરનારની પ્રશંસા ન કરવી એ બાબતની પ્રેરણા એ દશમો મનુષ્ય મુનિઓને કરે છે અને મોક્ષને સાધ્ય કરવા ઇચ્છનારે, તેની વારંવાર પ્રશંસા કરનારે અને તેને આદરનારે કદિ પણ અબ્રહ્મ સેવવું નહિ એવો સ્પષ્ટ નિષેધ એ દશમો મનુષ્ય કરે છે. (સાધુધર્મમાં [1]બ્રહ્મચર્યને મુખ્ય સ્થાન છે. યોગસાધનમાં બ્રહ્મચર્યસેવનાની ખાસ અગત્ય છે અને કોઇપણ બાબતમાં પ્રગતિ કરવી હોય તો શારીરિક અને માનસિક બળનો આધાર બદ્ધવીર્યપણા ઉપર રહેતો હોવાથી બ્રહ્મચર્યની ખાસ અગત્ય છે.)

“આવી રીતે સુંદર દશ મનુષ્યોના પરિવારથી પરવરીને યતિધર્મ નામનો એ ચારિત્રધર્મરાજાનો યુવરાજ આ જૈનસત્પુરમાં લીલાથી લહેર કરે છે, આખા નગરમાં ફરે છે અને પોતાનો પ્રભાવ સર્વને બતાવે છે.

## સદ્ભાવસારતા પુત્રવધૂ.[2]

“ભાઇ પ્રકર્ષ! એ યતિધર્મને આ અત્યંત સુંદર અને પ્રકાશમાન કાંતિવાળી નિર્મળ લોચનવાળી બાળા **સદ્ભાવસારતા** નામની પત્ની છે. એટલે એ ચારિત્રધર્મરાજની પુત્રવધૂ થઇ. એ સદ્ભાવસારતા મુનિઓને બહુજ વહાલી લાગે છે અને એના પતિને તો એના ઉપર એટલો બધો સાચો પ્રેમ છે કે એ હોય તો જ યતિધર્મ (યુવરાજ) જીવે છે અને એ ન હોય તો પોતાના પ્રાણ કાઢી નાખે છે. એવી રીતે એ યુવરાજને આ પત્ની ઉપર ઘણો સ્નેહ છે અને સાચા હૃદયનું

---

૧ **બ્રહ્મચર્યઃ** એ અઢાર ભેદે પાળવાનું છે. દિવ્ય અને ઔદારિક શરીર. પ્રત્યેક મન, વચન અને કાયાથી એટલે છ ભેદ થયા, તેને ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું એમ ત્રિવિધ ગુણતા ૧૮ ભેદ થયા.

૨ **સદ્ભાવસારતાઃ** વિચારણાપૂર્વક સુંદર ભાવ, તત્ત્વયોગપૂર્વક વિશુદ્ધ આંતર જીવન. ભાવવગર યતિધર્મ ટકતા નથી એટલે સર્વનો સાર ભાવમાં છે. પત્ની વગર પતિ જીવતો નથી એ વાતનું રહસ્ય આ દંપતીમાં ખાસ વિચારવા યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વહાલ છે. એ બેના પ્રેમનું કેટલું વર્ણન કરૂં! દુનિયામાં ઘણાં સ્ત્રી ભરતાર (દંપતી) જોયાં છે, પરંતુ આવો અકૃત્રિમ સ્નેહમય દંપતીભાવ મેં બીજી કોઇ જગ્યાએ બીજા કોઇ ધણીધણીયાણીમાં જોયો નથી.

## [1]ગૃહિધર્મ કુટાયો.

"ત્યાં એક બીજો નાનો કુમાર દેખવામાં આવે છે તેનું નામ ગૃહિધર્મ છે અને તે યતિધર્મ યુવરાજનો નાનો ભાઇ થાય છે. એ બાર મનુષ્યથી પરવરીને બેઠેલો છે અને જૈનપુરમાં ભારે આનંદલીલા કરાવી રહ્યો છે તેનું સંક્ષેપમાં તારી પાસે હું વર્ણન કરી બતાવું તે તું ધ્યાન રાખીને સમજી લે.[2]

"(૧) સર્વ પ્રકારની સ્થૂળ હિંસાનો ત્યાગ કરવા તે સૂચવે છે. મતલબ એ છે કે ગૃહસ્થથી સાધુની માફક સર્વથા હિંસાનો ત્યાગ ન થઇ શકે તેથી તેણે સ્થૂળ હિંસાનો ત્યાગ કરવો જોઇએ. સાધુધર્મમાં સર્વ જીવની મન વચન કાયાથી હિંસા ન કરવા કરાવવાનું ફરમાન છે, ગૃહસ્થથી તેટલી અહિંસા પાળવાનું બની શકે નહિ તેથી તેણે સ્થૂળ અહિંસા તો અવશ્ય પાળવી જોઇએ. જેમકે પૃથ્વી જળ અગ્નિ પવન અને વનસ્પતિની હિંસા શ્રાવકથી થઇ જાય તેથી તેનો સર્વથા નિષેધ તે નિયમપૂર્વક કરી શકે નહિ, બાકી બેથી પાંચ ઇંદ્રિયવાળા (ત્રસ) જીવો રહ્યા તેમાં પણ તે સંકલ્પપૂર્વક હિંસા કરે નહિ, પણ આરંભ સમારંભને અંગે હિંસા થઇ જાય. વળી નિરપરાધીને તો તે મારે નહિ પણ અપરાધ કરનારની હિંસા ન જ કરવી એવો તેનાથી નિર્ણય થઇ શકે નહિ (આથી જોવાશે કે લડાઇ કે આત્મસંરક્ષણને અંગે ગૃહસ્થધર્મમાં હિંસાથી સર્વથા બચી શકાતું નથી). વળી સાપેક્ષ કારણે હિંસાનો નિષેધ તેને હોઇ શકે નહિ, નિરપરાધી છતાં પણ ભારવહન કરનારા પાડા, બળદ, ઘોડા વિગેરે તથા પ્રમાદી પુત્રાદિકને સાપેક્ષપણે વધબંધપ્રહારઆદિ કરવામાં આવે છે. ગૃહસ્થધર્મને અંગે આવશ્યક તરીકે તે નિરપેક્ષપણે નિરપરાધી બેથી પાંચ ઇંદ્રિયવાળા જીવોનો સંકલ્પપૂર્વક નાશ કરે નહિ, તે સિવાયના બીજાની હિંસા ન થાય તેનો વિચાર રાખે,

---

૧ **ગૃહિધર્મ:** ગૃહસ્થ ધર્મ, ચારિત્રધર્મનો મોટો કુંવર યતિધર્મ છે, તેમ ગૃહસ્થધર્મ નાનો કુંવર છે. ગૃહસ્થને ચારિત્રસામ્રાજ્યમાં સ્થાન છે. મોહરાજાને જેમ રાગકેસરી અને દ્વેષગજેંદ્ર પુત્રો છે તેમ ચારિત્રરાજાને પણ બે પુત્રો છે.

૨ આ **બાર વ્રત**ની બાબતમાં મૂળ કરતાં ઘણી વધારે હકીકત ઉપયોગી ધારીને અન્ય ગ્રંથોમાંથી જોઇને અહીં લખી છે. મૂળની હકીકત પૃ. ૧૦૮૬ થી પાછી શરૂ થાય છે. જેમને બાર વ્રતની સંક્ષેપ હકીકત ન વાંચવી હોય તેમણે આ આઠ પૃષ્ઠો છોડી દેવાં. મૂળ ગ્રંથમાં માત્ર નામોનો જ નિર્દેશ કર્યો છે. ભા. ક.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇચ્છા રાખે, પણ તેનો સર્વથા ત્યાગ તેનાથી થઇ શકતો નથી; છતાં તે સર્વ કાર્યો જયણાપૂર્વક કરે છે, સર્વ આહાર અને વ્યવહારમાં ઉપયોગ રાખે છે અને સંભાળપૂર્વક કામ કરે છે, એ નકામો જીવવધ કરતો નથી, જેટલું બની શકે તેટલું આરંભથી બચવાનો પ્રયત્ન કરે છે. આ પ્રથમ વ્રતને **સ્થૂળ પ્રાણાતિપાત વિરમણવ્રત** કહે છે.

"(૨) ત્યાર પછી બીજું **સ્થૂળ મૃષાવાદ વિરમણવ્રત** આવે છે. જગત્‌માં પોતાની અપકીર્તિ થાય અથવા ધર્મની નિંદા થાય એવું તીવ્ર સંક્લેશથી અતિ દુષ્ટ આશયપૂર્વક અસત્ય ગૃહસ્થ બોલે નહિ. એના મુખ્ય પાંચ ભેદ છે તે આ પ્રમાણે: (ક) કન્યાલીક એટલે કુંવારી કન્યા સંબંધી: નાનીને મોટી કહેવી, મોટીને નાની કહેવી, સારીને ખરાબ કહેવી, યા ખરાબને સારી કહેવી વિગેરે અસત્ય બોલી વરકન્યાનો વેવીશાળસંબંધ જોડાવી દેવો અથવા જોડાતાં અટકાવવો. બનતા સુધી સંબંધ જોડાવાના કાર્યમાં ભાગ લેવો નહિ, કારણ કે તેથી સંસાર વધે છે અને ફરજને અંગે ભાગ લેવો પડે તો જૂઠું કે ભળતું બોલવું નહિ. આમાં કન્યાની માફક વર તથા બીજા પણ દ્વિપદનો સમાવેશ જાણવો. (ખ) ગવાલીક. પોતાની કે કોઇની ગાય વેચવાની હોય તો તેને માટે ખોટા વખાણ ન કરવા. આ ગાય શબ્દમાં બળદ ઘોડા પ્રમુખ સર્વ ચતુષ્પદોનો સમાવેશ થાય છે. આ જનાવરોનાં વેચાણો કરવા યોગ્ય તો નથી જ, પણ સંસારમાં રહીને કરવાં પડે તો ખોટી વાત કરવી નહિ. (ગ) ભૂમ્યલિક જમીનની માલિકી સંબંધમાં ખોટું બોલવું; { એમાં ઘર દુકાન હવાપ્રકાશના હક્કો વિગેરે સઘળા (દ્વિપદ, ચતુષ્પદ સિવાયના) અપદ પદાર્થોનો સમાવેશ થઇ જાય છે. } એના સંબંધી ખોટું બોલી મામલો રસે ચઢાવવો નહિ (ઘ) થાપણમોસો. પારકી વસ્તુ થાપણ તરીકે રાખી પછી બારીકીઓ કાઢવી, સહી નથી, સ્ટાંપ નથી, સાક્ષી નથી–વિગેરે વાંધાઓ કાઢવા, મુદતનો બાધ લેવો, પારકો માલ કે પૈસા પચાવી પાડવા યુક્તિઓ શોધવી (ङ) ખોટી સાક્ષી. કોરટમાં સોગનપર ખોટી સાક્ષી આપવી, ખોટાં સોગનનામાં (એફીડેવીટ) કરવાં, ભળતી જુબાની આપવી. આ પાંચ બાબતો ગૃહસ્થે ખાસ ત્યાગવી જોઇએ અને ટુંકા જીવનમાં બનતાં સુધી કોઇ બાબત ખોટી ન જ બોલવી એવો નિર્ણય કરવો જોઇએ. વર્તનની બાબતમાં અને સત્યની બાબતમાં એક હાઇ કોર્ટના જજજને પણ શરમાવે એવું સુંદર તેનું વર્તન હોવું જોઇએ. કોઇની ખાનગી વાત પ્રકટ ન કરવી, કોઇને ખોટી સલાહ ન આપવી, ખોટા દસ્તાવેજો તૈયાર ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા, વગર તપાસે કોઇને કલંક ન ચઢાવવું-એવી સર્વ બાબતોનો આ બીજા વ્રતમાં સમાવેશ થાય છે.

"(૩) ત્રીજા સ્થૂળ અદત્તાદાન વિરમણ વ્રતમાં દીધા વગરની અન્યની વસ્તુ ઉપાડી ન લેવી એવો નિયમ હોય છે. ટુંકામાં કહીએ તો ચોરી ન કરવી, સ્થાનનો લાભ લઇ કોઇને લુંટવો નહિ અથવા સોંપેલ વસ્તુમાં (ડિપાઝીટ તરીકે) હેરફેર કરી મૂલ્યવાનને બદલે હલકી મૂકવી નહિ. અદત્ત ચાર પ્રકારનાં બતાવ્યાં છેઃ માલીકના આપ્યા વગર ચીજ લેવી તે સ્વામી અદત્ત, જીવવાળી (સચિત્ત) વસ્તુઓ લેવી અથવા છેદવી તે જીવ અદત્ત, તીર્થંકર મહારાજે જે વસ્તુઓનો નિષેધ કર્યો હોય તે લેવી તે તીર્થંકર અદત્ત અને ગુરૂની રજા વગર વસ્તુ વાપરવી તે ગુરૂ અદત્ત. અહીં આ ચારમાંથી સ્વામી અદત્તનો પ્રસ્તાવ છે. આ ચાર અદત્તનો સર્વથા ત્યાગ તો યતિધર્મમાં બને, ગૃહસ્થ તેના ત્યાગ માટે ઇચ્છા રાખે. બાકી ચાકરી કરતાં પોતે ગેરવાજબી કસુર કરે, નફો ખાવાની લાંચ લેવાની કે ગેરલાભ આપવાની ઇચ્છા રાખે, પગાર ઉપરાંત વધારે લાભ લેવાની કે ખાઇ જવાની વૃત્તિ રાખે અથવા ઘરમાંની વસ્તુ પણ યોગ્ય અધિકારીને પૂછ્યા વગર લેવાની વૃત્તિ રાખે તો તે અપરાધી થાય છે. આવી નાની મોટી કે નજીવી લાગતી બાબતોમાં પણ ઉપયોગ રાખવાની જરૂર છે. ચોરીનો માલ રાખવો, ચોરને ઉત્તેજન આપવું, સાધનો યોજી આપવાં, ચોરને સલાહ આપવી અને ચોરને આશ્રય આપવો-એ સર્વ દોષથી, ભરપૂર છે એમ સમજવું. એ ઉપરાંત હલકી ભારે વસ્તુનો ભેળ કરવો, ઘીમાં ચરબી નાખવી, દૂધમાં પાણી નાખવું-એ સર્વનો સમાવેશ તૃતીય અવ્રતમાં થાય છે. દાણચોરી કરવી અથવા લડાઇના વખતમાં રાજ્યે દુશ્મન સાથે વ્યવહારવ્યાપાર બંધ કર્યા હોય છતાં તે ચલાવવા યુક્તિઓ ગોઠવવી એ સર્વ દોષથી ભરપૂર છે; તેમજ ખોટાં તોલ માન માપ રાખવાં એ પણ આ નિયમાનુસાર ગેરવાજબી છે.

"(૪) સ્થૂળ બ્રહ્મચર્ય વ્રતમાં સ્ત્રીએ પુરૂષસંગ અને પુરૂષે સ્ત્રીસંગનો ત્યાગ કરવાનો છે. ગૃહસ્થ સ્વપત્નીનો નિષેધ આચરી શકે નહિ એટલે તે બાબત તેની ઇચ્છા ઉપર રાખવામાં આવી છે, છતાં તેમાં પણ બનતો સંકોચ કરે. આ વ્રતમાં [1]પરસ્ત્રીગમનનો નિષેધ અને

[1] પરસ્ત્રીઃ પોતાની સ્ત્રી સિવાયની મનુષ્ય દેવતા અથવા તિર્યંચ સાથે પરણેલી અથવા તેની રાખેલી સ્ત્રીનો ત્યાગ. જોકે અપરિગ્રહીતા દેવીઓ અને તિર્યંચણીનો રાખનાર તરીકે તથા પાણિગ્રહણ કરનાર તરીકે કોઇ હોતો નથી તેથી તે વેશ્યાસમાન સ્વતંત્ર છે તો પણ પરજાતિને ભોગવવા યોગ્ય હોવાથી તે પરસ્ત્રી જ છે, માટે તેનો ત્યાગ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વસ્ત્રીમાં સંતોષ એ બન્ને બાબતોનો સમાવેશ થાય છે. પરસ્ત્રીમાં વિધવા, વેશ્યા, કુંવારી સ્ત્રી અને બાળાનો સમાવેશ થાય છે. દેવ મનુષ્ય અને તિર્યંચની સર્વ સ્ત્રીઓ સાથે સંયોગસંબંધ બંધ કરવા અને તે ઉપરાંત તેમના ઉપરનો રાગ દૂર કરવો અને બનતા સુધી નવવાડો પાળવા અહીં પ્રેરણા થાય છે. સ્વસ્ત્રીને અંગે પણ બનતા સુધી બાર તિથિએ શિયળ પાળવાનો નિયમ રાખવો, દિવસે વિષય સેવવો નહિ, ઉંઘતી સ્ત્રીને જગાડવી નહિ, વિષયસેવન કરતાં બોલવું નહિ અને વારંવાર વિષયની વાતો યાદ કરવી નહિ. આ પ્રમાણે કરવાથી શરીરબળ વધે છે અને સંસારભ્રમણ ઘટે છે. પરસ્ત્રીને અંગે પારકી સ્ત્રીને કે વેશ્યાને રખાયત તરીકે પણ રાખવી નહિ, અનંગક્રીડા કરવી નહિ, કામવિલાસનાં આસનાદિ કરવા નહિ, પારકા વિવાહ જોડવા નહિ, તીવ્ર રાગ કોઇપર ધારણ કરવો નહિ. આ વિષયસેવન થોડો વખત ચાલે છે પણ તેમાં ચિત્તની એકતા વધારે થવાથી કર્મબંધ બહુ આકરો અને ચીકણો થાય છે તેથી તેના સંબંધમાં વધારે સાવધાન રહેવાની જરૂર છે. એ બાબતમાં જેમ જેમ વધારે લક્ષ્યપૂર્વક ત્યાગભાવ કરવામાં આવે છે તેમ તેમ વધારે આનંદ થાય છે અને કદાચ શરૂઆતમાં જરા ક્ષોભ લાગે છે તો પણ આખરે તેથી બહુ ઉચ્ચ રસની જમાવટ થાય છે. પરસ્ત્રી માટે ભ્રમણ કરવાથી લોકમાં આબરૂ જાય છે, તે રસવાળા માણસને ઘરમાં દાખલ કરતાં અન્ય સંકોચાય છે અને તેનું જીવન ભારરૂપ થઇ પડે છે. સ્વસ્ત્રી જેવી હોય તેવીને દેવીનું સ્થાન આપવું, તેમાં પણ રાગ કરતાં સહધર્મીપણાનો ભાવ વિશેષ આરોપવો અને સર્વથા બ્રહ્મચર્ય પાળવાની ભાવના રાખવી. આ ચતુર્થ ગૃહસ્થધર્મ છે.

“ (૫) **સ્થૂળ પરિગ્રહપરિમાણ વ્રત.** આ પંચમ ગૃહસ્થવ્રતમાં પોતાની મિલ્કતનું પરિમાણ કરવાનો ઉપદેશ છે. નવ પ્રકારનો પરિગ્રહ કહ્યો છેઃ (ક) [1]ધન—તેમાં સોના રૂપાના સિક્કા, નોટ લોન શેર વિગેરે રોકડ મિલ્કતનો સમાવેશ થાય છે. (ખ) ધાન્ય—સર્વ પ્રકારના અનાજ દાણાનો સંગ્રહ. (ગ) ક્ષેત્ર—ખેતર વાડીઓ બાગ બગીચા (ઘ) વાસ્તુ—સ્થાવર મિલ્કત. એમાં ઘર દુકાન હવેલી ભોંયરા વિગેરેનો

૧ **ધનઃ** ધનના ચાર પ્રકાર છેઃ **ગણિમઃ** ગણીને વસ્તુ લેવામાં આવે તે, નાળીએર સોપારી વિગેરે, **ધરિમઃ** તોળીને જે વસ્તુઓ લેવામાં આવે તે, ગોળ વિગેરે, **મેયઃ** માપીને જે વસ્તુઓ લેવામાં આવે તે, તેલ લવણ વિગેરે, **પારિચ્છેદ્યઃ** પારખીને જે વસ્તુઓ લેવામાં આવે તે, રત્ન મોતી હીરા વસ્ત્ર વિગેરે. સીક્કાનો સમાવેશ આ ચોથા વિભાગમાં છે.

જૈન સાહિત્ય JAINSITE જૈન ભારત્વર્ષીય સંસ્થાન
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સમાવેશ થાય છે. (ઙ) રૂપ્ય. કાચુ રૂપું, તથા રૂપાનાં ઘરેણાં. (ચ) સુવર્ણ—કાચું સોનું તથા સોનાનાં ઘરેણાં. (છ) કુપદ—એમાં ત્રાંબુ, પીતળ કાંસુ, સીસુ એ સર્વ ધાતુ અને તેનાં વાસણો, પલંગ, માંચા, શકટ, હળ, ફરનીચર વિગેરે સઘળી ઘરવખરીનો સમાવેશ થાય છે. (જ) દ્વિપદ–દાસદાસી ગુલામ તરીકે વેચાતાં રાખવામાં આવતાં હતાં અને તેની મિલ્કતમાં ગણના થતી હતી. વર્તમાન ન્યાયના ધોરણ પ્રમાણે તો કોઇને ગુલામ તરીકે રાખી કે વેચી શકાતા જ નથી. (ઝ) ચતુષ્પદ—હાથી, ઘોડા, બળદ, ગાય, ભેંસ, ઊંટ વિગેરે ચાર પગવાળાં જનાવરો. આ સર્વની સંખ્યા વિગેરેનો નિર્ણય કરવો, હદ બાંધવી. સ્થાવર મિલ્કતને અંગે જમીનના હકો કેટલા ભોગવવા, વસ્તુઓને અંગે ફરનીચર ઘરમાં કેટલું રાખવું તથા પોતાની મિલ્કત કેટલી રાખવી એ સર્વ બાબતની મર્યાદા બાંધી દેવી, એ હદ ઓળંગવી નહિ, કદાચ ઓળંગાઇ જાય તો વધારાની રકમ જાહેર સખાવતમાં તુરત જ ખરચી નાખવી, સ્ત્રી કે છોકરાને નામે કરવાની કે એવી ગોટા વાળવાની પદ્ધતિ રાખવી નહિ. વસ્તુ ઉપર માલીકી ભોગવવી એને પરિગ્રહ કહે છે. એથી મૂર્છાનો સર્વથા ત્યાગ ન બને તો હદ બાંધવી. એથી વ્યવહાર પરિમિત થાય છે અને વધારાના દ્રવ્યાદિનો શુભ માર્ગે વ્યય કરવા પ્રેરણા થાય છે. આ પ્રથમના પાંચ વ્રતને અણુવ્રત કહે છે. સાધુને એ વ્રતો સર્વાંશે હોય છે એટલે મહાવ્રત કહેવાય છે; ગૃહસ્થને એ અંશે હોય છે તેથી તેને અણુવ્રત કહે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

“(૬) ત્યાર પછી ત્રણ ગુણવ્રત આવે છે. પ્રથમના પાંચે અણુવ્રતને તે ગુણ કરે છે, લાભ કરે છે, પુષ્ટ કરે છે, તેથી છઠ્ઠા સાતમા અને આઠમા વ્રતને ગુણવ્રત કહેવામાં આવે છે. છઠ્ઠા વ્રતને દિશિ પરિમાણ વ્રત કહેવામાં આવે છે. દિશિ પરિમાણમાં ચારે દિશાએ તેમ જ ઊંચે અને નીચે અમુક મર્યાદા સુધી જ મુસાફરી કરવી, તેથી આગળ વધવું નહિ. આ નિયમથી અમુક ક્ષેત્રથી બહારના સર્વ જીવોના સંબંધમાં હિંસા આદિનો નિષેધ થઇ જાય છે અને સર્વ બાબતોની મર્યાદા બંધાઇ જાય છે, ત્યાંની વસ્તુસંબંધે અસત્ય બોલાતું નથી, ત્યાંની વસ્તુ ચોરાતી નથી, ત્યાંની સ્ત્રીઓ સાથે બ્રહ્મચર્ય પળે છે, ત્યાંના ધનાદિ પરિગ્રહનો ત્યાગ થાય છે. એ રીતે એ પાંચે અણુવ્રતને લાભ કરે છે. જળમાર્ગે તથા સ્થળમાર્ગે અને આકાશમાં એરોપ્લેનમાં કેટલું જવું તેનો અહીં નિર્ણય થાય છે. વિશેષ સૂજ્ઞ જીવો પત્રવ્યવહાર ક્યાં સુધી કરવો એનો પણ નિયમ કરે છે. મુખ્ય વ્રતોને ગુણ કરનાર આ વ્રતને ગુણવ્રતનું યોગ્ય નામ આપવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"(૭) ભોગોપભોગ વિરમણ વ્રત. આહાર પુષ્પ વિગેરે એકજ વાર ભોગમાં આવે તેને ઉપભોગ કહેવામાં આવે છે, સ્ત્રી મુકામ આદિ વારંવાર ભોગમાં આવે તેને પરિભોગ કહે છે. આ ઉપભોગ અને પરિભોગની ચીજોની હદ બાંધવી તે આ સાતમા વ્રતમાં આવે છે. આહાર અને ઉપભોગની ચીજોમાં પાપરહિત વસ્તુઓ તરફ ખાસ ઉપયોગ રાખવો, બાવીશ અભક્ષ્ય વસ્તુઓ જેમાં મધમાંસાદિ માદક વસ્તુઓ, તુચ્છ વસ્તુઓ અને રાત્રિભોજન વિગેરેનો સમાવેશ થાય છે તેનો ઉપયોગ કરવો નહિ, (ત્યાગ કરવો), એક શરીરમાં અનંત જીવો હોય તેવાં કંદમૂળ-૩૨ અનંતકાય ઉપયોગમાં લેવાં નહિ (ત્યાગ કરવો) એ ખાસ કર્તવ્ય છે. તે ઉપરાંત પોતે આખી જીંદગી માટે ઘણી વસ્તુઓ રાખી હોય છે, આવી પડનારી અનેક આપત્તિઓ કલ્પીને સંખ્યા અને પ્રમાણમાં વધારે છૂટ રાખી હોય છે તે દરેકમાં દરરોજ માટે સંકોચ કરવા સારૂ દરરોજ ચૌદ નિયમ ધારવાની પ્રણાલિકા અત્ર બતાવી છે. તેમાં દરરોજ વાપરવાની તથા ખાવાપીવાની વસ્તુઓની હદ બંધાય છે. એને માટે ૧૪ નિયમો ઠરાવેલા છે. એ ચૌદ નિયમથી પોતાની જાતપર ઘણો અંકુશ આવે છે અને આત્મચિંતવન બહુ સુંદર થાય છે. ઘણાં કર્મ બંધાય તેવાં પંદર કર્માદાનના વ્યાપાર આદિ ન કરવાની પ્રેરણા પણ આ સાતમા વ્રતમાં થાય છે. કોલસા કરાવવાનો વ્યાપાર, મીલનો વ્યાપાર, કુંભાર લુહારના વ્યાપાર-આ સર્વને 'ઇંગાલકર્મ' કહેવામાં આવે છે; ફળ ફૂલ શાક વન બગીચાનો વ્યાપાર, વનનાં ઝાડો કપાવવાં કે વેચવાં ઇત્યાદિ તે 'વનકર્મ'; ગાડા, રેલ્વે, ટ્રામવેનો વ્યાપાર તે 'શાટકકર્મ'; ઘોડા રથ ગાડી ગાડું ભાડે આપવાનો વ્યાપાર તે 'ભાટક કર્મ;' કુવા તળાવ કે સરોવર ખોદાવવા, પાતાળ કુવા કઢાવવા તે 'ફોડીકર્મ' આ પાંચ કુકર્મ કહેવાય છે. હાથીદાંત, કસ્તુરી, મોતી, કચકડાં, રેશમ, ઊન, પીંછાનો વ્યાપાર એ 'દંતવાણિજ્ય'; સાજીખાર, મણશીલ, ગળી, લાખનો વ્યાપાર તે 'લાખવાણિજ્ય'; દારૂ માંસ ઘી તેલ ગોળ ખાંડનો વ્યાપાર તે 'રસવાણિજ્ય'; ઘોડા બળદ ગાય તથા (અસલ વખતમાં) દાસદાસીને વેચવા લેવા તે 'કેશવાણિજ્ય' અને અફીણ સોમલ, વછનાગ, ગાંજો, ચરસ, તંબાકુનો વ્યાપાર તે 'વિષવાણિજ્ય'-આ પાંચ કુવ્યાપાર છે. શેરડીને પીલવી, સરાણ ચલાવવા, ચરખા, જીન, સ્પીંડલ, લુમ્સ એ સર્વ 'યંત્ર પીલણ કર્મ'; બળદનાં નાક વિંધાવવાં, ઘોડાનાં પૂંછડાં કપાવવાં, ખાંસી કરાવવી વિગેરે 'નિર્લાંછન કર્મ'; વનને બાળી મૂકવાં તે 'દાવાગ્નિ કર્મ'; તળાવ સરોવર કુવાને શોષાવવા તે 'શોષણ કર્મ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કુતરા પોપટ બિલાડી અથવા વાઘ હાથી સિંહ ચિત્તાને ઘરમાં કે બગીચામાં બાંધી રાખવા, તેમની કુદરતી સ્વતંત્રતા છીનવી લેવી અને તેનું પોષણ કરવું તે તેમજ અસતી સ્ત્રી વિગેરેનું પોષણ કરવું તે અસતીપોષણ.—આ પાંચ **સામાન્ય.** આ પંદર કર્માદાનથી જીવહિંસાને લઇને બહુ પાપ બંધાય છે તેથી તેવી બાબતમાં પોતાના ધંધાને અંગે સંકોચ કરવો, બનતા સુધી એવો ધંધો કરવો જ નહિ અને આજીવિકા માટે અન્ય ઉપાય ન જ હોય તો જરૂર પૂરતું કરવામાં પણ ઉપયોગ રાખવો અને ખાસ કરીને બીજાને તેવી બાબતોનો આદેશ કે ઉપદેશ તો આપવો જ નહિ.

(૮) **અનર્થદંડ વિરમણ** નામનું ત્રીજું ગુણવ્રત આવે છે. શરીર, ક્ષેત્ર, મકાન, ધન, ધાન્ય, સંબંધીવર્ગ વિગેરે પરિગ્રહ નિમિત્તે જરૂરી પાપ કરવાં પડે તે અનિવાર્ય હોય છે, ધનહાનિ ઘટાડવા માટે પણ કેટલીકવાર સંકલ્પવિકલ્પ કરવાં પડે છે, સ્વજન સંબંધી આશ્રિતને માટે જરૂરી પૈસા કમાવામાં પાપ કરવાં પડે છે અને ઇંદ્રિયતૃપ્તિમાં જરા રસ લેવાઇ જાય છે. આ સર્વ અર્થદંડ છે. પણ એ ઉપરાંત લેવા દેવા વગર પ્રાણી અનેક નકામાં પાપો બાંધે છે તે ઉપયોગ રાખે તો છૂટી જાય. ભવિષ્યમાં શું થશે તેની ફોકટ ચિંતા કરવામાં વખત ગાળવો તે તદ્દન નકામું છે, અન્યને આરંભ સમારંભ કરવાનો ઉપદેશ આપવો તે અર્થ વગરનો છે, હિંસાનાં સાધનો બીજાને યોજી આપવાં એ પણ નકામું છે અને આળસથી સુસ્ત પડ્યા રહેવું, હીંચકા ખાવાં, નાટક જોવાં, સીનેમામાં જવું વિગેરે તદ્દન નકામા હેતુ વગરનાં પાપો છે, લક્ષ્ય રાખવાથી દૂર કરી શકાય તેવાં છે. અપધ્યાનો જ એટલા પ્રકારના છે કે એનો વિચાર કરતાં વર્ષો ચાલ્યાં જાય. અનિષ્ટસંયોગ ઇષ્ટવિયોગ અને રોગચિંતામાં પ્રાણી આખો વખત નકામો ખુવાર થાય છે અને ફળ કાંઇ મળતું નથી. રાજકથા દેશકથા સ્ત્રીકથા અને ભોજનની કથા કરવામાં લાભ નથી, વિષયકષાયનો વધારો છે અને હેતુ વગરનું પાપબંધન છે તેનો પણ બનતો ત્યાગ કરવા આ વ્રત પ્રેરણા કરે છે.

"(૯) **સામાયિકવ્રત.** પૂર્વોક્ત આઠે વ્રતને પુષ્ટિ કરનાર ચાર શિક્ષાવ્રતો[૧] છે. વચન અને કાયા સંબંધી સાવદ્ય કર્મથી મુક્ત થઇ આર્ત્તરૌદ્રધ્યાનરહિત થઇને સમભાવપૂર્વક બે ઘડિ સુધી જ્ઞાનમાં પ્રવૃત્તિ કરવી તેને **સામાયિક વ્રત** કહે છે. એમાં આત્માને સમતાનો લાભ

---

૧ વારંવાર કરવામાં આવતા હોવાથી આ **શિક્ષાવ્રત** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળે છે અને સાંસારિક પરભાવોનો ત્યાગ થતો હોવાથી સ્વાભાવિક રીતે આત્મા ઉન્નત દશા ભોગવે છે. સામાયિકથી અનેક લાભો થાય છે તેપર અન્યત્ર ઘણું લખાયું છે.[1] સર્વ કાળ ( યાવજ્જીવિત ) મન વચન કાયાથી સામાયિક સાધુ આચરે છે તેને યાવત્કથિક સામાયિક કહે છે. આ સામાયિકને અંગે મન વચન કાયાની પ્રવૃત્તિ વિશુદ્ધ કરવી, ચાળા ચેષ્ટા આદિ દોષો દૂર કરવાં અને ચિત્તની એકાગ્રતા જેમ બને તેમ વધારે કરવી. મન વચન કાયાના ૩૨ દોષો અન્યત્ર વર્ણવ્યા છે તે વિચારી જવા અને ટાળવાનો નિરન્તર પ્રયત્ન કરવો.

"(૧૦) દેશાવગાશિક વ્રત. છઠ્ઠા વ્રતમાં આખા ભવ માટે જે દિશાપરિણામ રાખ્યું હોય છે તેનો અત્ર સંકોચ કરવામાં આવે છે. દરરોજ માટે કે પક્ષ માસ અથવા ચાતુર્માસ માટે અહીં તેનો વધારે સંક્ષેપ થાય છે.[2]

"(૧૧) પૌષધ વ્રત. સામાયિક નામના વ્રતનો આમાં વિસ્તાર થાય છે. બે ઘડિને બદલે અર્ધ દિવસ ( ૪ પ્રહર ) કે આખો દિવસ ( ૮ પ્રહર) સુધી સામાયિકદશામાં પોતાની જાતને રાખી પર્વદિવસે વિશેષ સાવધાનતા રાખી યતિધર્મની વાનકી અનુભવવી એ આ પૌષધનો મુખ્ય ઉદ્દેશ છે. એ પૌષધમાં એકાસણાદિ તપ કરે, શરીરની શુશ્રૂષાનો ત્યાગ કરે, પૂર્ણ બ્રહ્મચર્ય પાળે અને સર્વ સાવદ્ય વ્યાપારનો નિષેધ કરે.

"(૧૨) અતિથિસંવિભાગ વ્રતમાં સાધુ સાધ્વીને અશનાદિ ચાર પ્રકારનો આહાર, વસ્ત્ર, કમ્બલ, પાત્ર, મકાન, પાટ, શય્યા વિગેરેનું ભક્તિ અને બહુમાનપૂર્વક દાન કરવું, સોનૈયા, રૂપિયા વિગેરેનું તેમને દાન ન કરવું (કેમ કે મુનિને તેનો અધિકાર નથી), જે આપવું તે ભક્તિથી આપવું પરંતુ અનુકંપાથી નહીં, પાત્ર સિવાયના સ્થાને અનુકંપાપૂર્વક આપવું, હોંસપૂર્વક આનંદથી વિવેક સાથે આપવું અને ભાવના ઉત્તમ રાખવી. દાનના પાંચ ગુણ કહ્યા છે-આપનારને આપતી વખત હર્ષનાં આંસુ આવી જાય, રોમાંચ ખડાં થઇ જાય, મનમાં ખરેખરૂં બહુમાન પેદા થાય, પ્રિય મધુર વચનપૂર્વક દેવામાં આવે, અનુમોદના લાંબા વખત સુધી ચાલ્યા કરે અને અધિક દાન કરવાની ચાહના રહ્યા કરે. સ્વધર્મી બંધુને જોતાં તેને ભાઇ કરતાં વધારે ગણે, તેની દ્રવ્ય ભાવ દયા ચિં-

---

૧ જુઓ મારો **સામાયિક** ઉપરનો પ્રગટ થયેલો લેખ શ્રી જૈ. ધ. પ્ર. પુસ્તક.

૨ કોઇ એક દિવસે સવાર સાંજના પ્રતિક્રમણ કરી બીજા આઠ સામાયિક કરવા સાથે તે દિવસે દિશાનો સંક્ષેપ કરવામાં આવે છે તેને હાલમાં 'દેશાવગાશિક'નું નામ આપવામાં આવે છે.



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

તવે. કહ્યું છે કે પોતાને ઘેર આવેલા સાધુ, સાધ્વી, શ્રાવક અથવા શ્રાવિકાને દેખી ભક્તિપૂર્વક ઊભા થઇ આસન દેવું, તેમના પગ પ્રમાર્જવા, તેમને નમસ્કાર કરવા વિગેરે ભક્તિપૂર્વક યથાશક્તિ અન્ન, પાન, વસ્ત્ર, ઔષધ, મકાન વિગેરે દેવાએ કરીને તેમનો સંવિભાગ કરે, પોતાના સહોદર બંધુમાં અને સ્વધર્મી બંધુમાં તેને કાંઇ તફાવત લાગે નહિ અને તેને વધારવામાં અને ઠેકાણે પાડવામાં જાણે ઉપકાર કરે છે એમ તેને લાગે નહિ, માત્ર પોતાની ખરી ફરજ તે બજાવે છે એમ જ તેને જણાય અને તે અશક્ત રોગી અપંગને પણ બનતી સહાય આપે.

"ભાઇ પ્રકર્ષ! આ ગૃહિધર્મ નામનો ફટાયો કુંવર છે તે જૈનસત્પુરમાં પ્રાણીપાસે હિંસાના સંબંધમાં થોડી ઘણી પણ સુંદર વિરતિ ( ત્યાગભાવ ) કરાવે છે, એ પ્રાણીપાસે મોટી મોટી બાબતમાં અસત્યનો ત્યાગ કરાવે છે, પારકી વસ્તુ લેવાની બાબતથી તેને દૂર રાખે છે, પરસ્ત્રીની બાબતમાં તેને ઘણો પરાઙ્મુખ બનાવે છે અને સર્વ પરિગ્રહ એકઠો કરવાની બાબતમાં તેને હદમર્યાદા બાંધતો કરે છે, રાત્રીએ કોઇ પણ પ્રકારનું ભોજન ન કરવા તેને સમજાવે છે અને તેને સંવરનું પ્રમાણ કરાવે છે, યોગ્ય વસ્તુઓનો ભોગ ઉપભોગ કરવા અયોગ્યનો ત્યાગ કરવા તેને કહે છે, નકામા પાપોથી તેને દૂર રખાવે છે, સામાયિક કરવાની બાબતમાં તેને આસક્ત રાખે છે, દેશાવગાશિક વ્રતમાં સંસક્ત બનાવે છે, તેની પાસે પૌષધ કરવાની બાબતમાં નિર્ણય કરાવે છે અને તેના મનોબળને અતિથિ આમંત્રણની બાબતમાં ઘણું પવિત્ર રાખે છે ( પ્રેરે છે ). વળી એમાં ખૂબિની વાત તો એ છે કે એ યુવરાજ ગૃહિધર્મ પ્રાણીને જેટલા હુકમ કરે છે અને પ્રાણી તે પૈકી જેટલાનો અમલ પોતાની શક્તિ પ્રમાણે કરે છે તેને તેટલું ફળ પણ એ યુવરાજ બરાબર આપે છે.

**સદ્ગુણરક્તતા પુત્રવધૂ.**[1]

"ત્યાર પછી ભાઇ પ્રકર્ષ! એ ગૃહસ્થધર્મની બાજુમાં પોતાની આંખો હર્ષ અને જિજ્ઞાસાથી ઉઘાડી રાખીને બેઠેલી જે નવવધૂ જેવી બાળા દેખાય છે તેનું નામ સદ્ગુણરક્તતા છે અને તે આ ગૃહસ્થધર્મની પત્ની થાય છે. મુનિઓને એ બાળા ઉપર બહુ પ્રેમ

---

૧ **સદ્ગુણરક્તતા:** સદ્ગુણોનું આચરણ કરવામાં પ્રેમ. ગૃહસ્થધર્મને પ્રેમ એ બાબતપર હોય એ યોગ્યજ છે. દ્વેષગજેન્દ્ર ફટાયાને જેમ અવિવેકિતા બાર્યા છે તેમ આ પણ ફટાયાની સ્ત્રી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે અને તે સ્ત્રી પણ વડીલનો વિનય કરવા દરરોજ હોંસવાળી અને તૈયાર જ રહે છે. તેને તેના પતિ ગૃહિધર્મ ઉપર ઘણોજ પ્રેમ છે. આ બન્ને રાજપુત્રો અને તેની સ્ત્રીઓ સર્વ જૈન લોકોને પોતાના સ્વભાવથી જ નિરંતર આનંદ દેવાવાળા છે."

વિમર્શમામાએ અહીં જરા વિસામો લીધો.

# પ્રકરણ ૩૬ મું.

## ચારિત્રરાજનો અન્ય પરિવાર.

સાંભળતાં શાંતિ ઉત્પન્ન કરે તેવું ચારિત્રરાજનું તથા તેના બન્ને પુત્રોનું તથા પુત્રવધૂઓનું વર્ણન શ્રવણ કરતાં પ્રકર્ષના આનંદનો પાર રહ્યો નહિ. ચારિત્રરાજના પરિવારમાં બીજાં અનેક પ્રકાશ કરનારાં પવિત્ર રત્નો ઝગઝગાયમાન થઇ રહ્યાં હતાં તેનું વર્ણન સાંભળવા બુદ્ધિદેવીનો પુત્ર ઉત્સુક થઇ રહ્યો હતો. ક્ષણવાર વિસામો લઇ બુદ્ધિદેવીના ભાઇએ વર્ણન આગળ ચલાવ્યું:[1]—

Jainsite.com
જૈનમ્ જયતિ શાસનમ્

**[2]સમ્યગ્દર્શન સેનાપતિ.**

"મહારાજા ચારિત્રરાજે એ બે રાજપુત્રોની સંભાળ કરનાર અને તેમને પોષનાર તરીકે એક સેનાપતિ વડો પ્રધાન-ખાસ અધિકારી નીમ્યો છે તે પણ અહીં સાથે બેઠેલ જણાય છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન વિના એ રાજપુત્રો કદિ એકલા રહેતા જ

૧ **સૂચનાઃ**—આ આખો અહેવાલ **વિમર્શ**મામા **પ્રકર્ષ**ને કહી સંભળાવે છે, તે વાર્તા **વિચક્ષણસૂરિ** પોતાના જીવનવૃત્તને અંગે **નરવાહનરાજા** સમક્ષ કહી રહ્યા છે જે વખતે **રિપુદારણ** તરીકે **સંસારીજીવ** હાજર છે; અને એ આખું સંસારનાટક એજ **સંસારીજીવ** પોતાના જાતિઅનુભવથી **સદાગમ** સમક્ષ **ભવ્યપુરૂષ**ના સાંભળતાં **અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા**ની હાજરીમાં કહી સંભળાવે છે. આ સર્વ વાત લક્ષ્યબહાર ન જાય.

૨ **સમ્યગ્દર્શનઃ** શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની પરીક્ષા કરીને તેને આદરવા. સમ્યગ્દર્શન વગર પ્રગતિ થતી નથી અને ગુણસ્થાનમાં તેની ખાસ અગત્ય છે. જ્ઞાનવગર વધી શકાય પણ સુદર્શન વગર પ્રગતિ કદિ પણ થતી નથી. **મોહરાજ**નો સેનાપતિ **મિથ્યાદર્શન** છે તેની સાથે આ પ્રધાનનું વર્ણન સરખાવવા યોગ્ય છે. **મિથ્યાદર્શન**ની હકીકત માટે જુઓ પૃ. ૯૪૪ થી.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

નથી એવી રાજાએ મર્યાદા બાંધી આપી છે અને ગોઠવણ એવી રાખી છે કે એ સમ્યગ્દર્શન સેનાપતિ રાજપુત્રોની અત્યંત નિકટમાં રહીને અત્યંત વાત્સલ્યપૂર્વક બન્નેને વધારે છે, વિસ્તારે છે અને સ્થિર કરે છે. અગાઉના પ્રકરણમાં તને સાત તત્ત્વો જૈન સત્પુરમાં છે એમ બતાવવામાં આવ્યું હતું તે તને યાદ હશે.[1] જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સંબંધી સંક્ષેપથી હકીકત તને ત્યાં સમજાવવામાં આવી હતી. એ સાતે તત્ત્વો સંબંધી એ મંત્રીશ્વર દૃઢ નિર્ણય કરાવે છે. એ સમજાવે છે કે એ સાત તત્ત્વમાં સર્વ વસ્તુનો ન્યાયપૂર્વક સમાવેશ થઇ જાય છે અને તે સિવાય બીજી કોઇ બાબત બહાર રહી શકતી નથી. ઉપરાંત વળી તે ભવચક્ર નગરના પ્રાણીને ઉદાસીન રાખે છે, તે નગરમાંથી નીકળવાની ઇચ્છાવાળો તેને બનાવે છે, સમતા રખાવે છે, સર્વ સ્થૂળ પદાર્થોપર વિરક્ત ભાવ લાવે છે, આ સંસારપર ઉદાસીનતા ઉત્પન્ન કરે છે, સર્વ જીવોપર અનુકંપા ઉપજાવે છે અને શુદ્ધ દેવાધિદેવ પર પૂર્ણ આસ્તિકપણું લાવે છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચે મહાન્ ગુણો એ સમ્યગ્દર્શન સેનાપતિના રણશીંગું વગાડનારા દૂતો છે. એ ઉપરાંત પ્રાણીને તે કહે છે કે તમે સર્વ જીવો તરફ બંધુભાવ રાખો (મૈત્રી), ગુણવાનને જોઇ રાજી રાજી થઇ જાઓ ( પ્રમોદ ), દીન દુઃખીને જોઇ તેનાપર દયા કરો, તેને દુઃખમાંથી બચાવવા યત્ન કરો અને ભવિષ્યમાં તેનાં દુઃખો કેમ ઓછાં થાય તેની યોજના કરો (કરુણા) અને પાપ કરનાર તેના કર્માધીન છે, તમે તેને માટે જવાબદાર નથી, ઉપાયો કરવા છતાં પણ ન સુધરે તો તેના તરફ તમે મધ્યસ્થ થાઓ ( ઉપેક્ષા)—આવી આવી ઉત્કૃષ્ટ વિચારણાઓ જેને જૈન પરિભાષામાં 'ભાવનાઓ' કહેવામાં આવે છે તેનાથી મનને નિરંતર સુંદર રાખે છે; વળી નિર્વૃતિ(મોક્ષ)નગરીએ જવાની દૃઢ ઇચ્છા ઉત્પન્ન કરાવી પ્રાણીને તે દરરોજ થોડી થોડી નિર્વૃતિનગરી તરફ કુચ કરાવે છે.

**સુદૃષ્ટિ—સેનાપતિપત્ની.**

" એ સમ્યગ્દર્શનની બાજુમાં જે ઘણા સુંદર વર્ણવાળી અને અન્યનાં મનને પોતાની તરફ ખેંચનારી ઘણી સૌન્દર્યશાળી સ્ત્રી જોવામાં આવે છે તે સમ્યગ્દર્શન સૈન્યાધિપતિની સુદૃષ્ટિ[2] નામની સુંદર

૧ જુઓ ચાલુ પ્રસ્તાવનું પ્રકરણ ૩૧ મું. પૃ. ૧૦૩૩.

૨ સુદૃષ્ટિઃ—આઠ પૈકીની પછવાડેની ચાર દૃષ્ટિને સુદૃષ્ટિ કહે છે. સમ્યગ્દર્શન થતાં સુદૃષ્ટિ પ્રગટ થાય છે. એના વિવેચન માટે જુઓ 'જૈન દૃષ્ટિએ યોગ.' મિથ્યાદર્શનની કુદૃષ્ટિ ભાર્યાનું વર્ણન પૃ. ૮૫૯ પર કર્યું છે તે આ સાથે સરખાવવા જેવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણી છે. સન્માર્ગમાં પોતાની શક્તિને શોભાવનારી એ સુદૃષ્ટિની ખાસ વિધિપૂર્વક સેવા કરવામાં આવવાથી તે જૈન લોકોના મનને બરાબર સ્થિર કરે છે.

"આ પ્રમાણે હકીકત છે. હવે તને કેટલીક આગળ પાછળની હકીકત કહી તેનો મેળ મેળવી આપું. તને યાદ હશે કે અગાઉ મેં મહામોહના વડાપ્રધાન અને સેનાપતિ મિથ્યાદર્શનનું વર્ણન કરી તને ઓળખાવ્યો હતો, તને તેના સંબંધમાં જણાવ્યું હતું કે તે ઘણા વિચિત્ર ચરિત્રવાળો છે, વળી તેની સાથે કુદૃષ્ટિ નામની તેની સ્ત્રીને પણ તને બતાવી હતી. હવે આ ચારિત્રરાજનો સમ્યગ્દર્શન સેનાપતિ છે અને એ મોહરાજનો મિથ્યાદર્શન સેનાપતિ છે એ બન્નેને તેં જોયા. આ સમ્યગ્દર્શન સેનાપતિની સર્વ ચેષ્ટા પેલા મિથ્યાદર્શન સેનાપતિથી તદ્દન ઉલટા જ પ્રકારની જોવામાં આવશે, એની સર્વ ચેષ્ટાઓ જગતને આનંદ ઉપજાવનારી છે અને જેમ જેમ તેના પર વધારે વિચાર કરવામાં આવે તેમ તેમ તે વધારે સુંદર લાગે તેવી છે. પેલો મિથ્યાદર્શન સેનાપતિ મોહરાજના લશ્કરને આખો વખત તૈયાર કરે છે, ગોઠવે છે, એકઠું કરે છે અને દોરે છે, જ્યારે ચારિત્રધર્મરાજના લશ્કરને સર્વ યોગ્ય તાલીમ આપી આ સમ્યગ્દર્શન સેનાપતિ દોરવે છે. ટુંકામાં કહીએ તો આ સમ્યગ્દર્શન જે અહીં દેખાય છે તે મિથ્યાદર્શન નામના સેનાપતિનો ખરેખરો મોટો દુશ્મન છે અને તેથી તેના વિરોધી તરીકે જ તેની અહીં વ્યવસ્થા થયેલી છે.

સેનાપતિવ્યવસ્થા.

"આ સમ્યગ્દર્શન સેનાપતિનાં ત્રણ રૂપ દેખાય છે, એ જૂદાં જૂદાં કારણને પ્રાપ્ત કરીને નવાં રૂપ લે છે: કોઇ વખત તે ક્ષાયિક રૂપમાં આવે છે એટલે મિથ્યાદર્શનના સર્વ સેનાનીઓને મારી હઠાવી સર્વ સામગ્રિ હાથ કરી લે છે; કોઇ વાર તે ઔપશમિક રૂપે આવે છે એટલે મિથ્યાદર્શનના સેનાનીઓને થોડા વખત માટે મારી હઠાવી સામ્રાજ્ય સ્થાપે છે અને કોઇ વાર તે ક્ષાયોપશમિકરૂપે આવે છે એટલે મિથ્યાદર્શનના સેનાનીઓમાંથી કેટલાકનો ક્ષય કરે છે અને કેટલાકને દબાવી દે છે. આવાં ત્રણ રૂપ તેનાં થાય છે તે તેના સ્વભાવને લઇને જ છે અથવા તેની સાથે સદ્બોધ નામનો મંત્રી છે તે એનાં એવાં રૂપો કરે છે.

સેનાપતિનાં ત્રણ રૂપ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [1]સદ્બોધ મંત્રી.

"સમ્યગ્દર્શન સેનાપતિનાં ત્રણ રૂપો કરનાર એ સદ્બોધમંત્રીનું નામ તને કહ્યું તેની સાથે પણ ભાઇ પ્રકર્ષ! તારૂં ઓળખાણ કરાવી દઉં. આ સદ્બોધ મંત્રી તો ભારે જબરો પ્રધાન છે અને પુરૂષાર્થ સાધવાની બાબતમાં તો એ એવો એક્કો છે કે ત્રણ ભુવનમાં એવી એક પણ પુરૂષાર્થ સાધી આપનારી વસ્તુ નથી કે જેને આ મંત્રી બરાબર સ્વરૂપે જાણતો પીછાનતો ન હોય. એ મંત્રી અત્યારે જે બનાવો બનતા હોય તે સર્વ જાણે છે, ભૂતકાળમાં બની ગયા હોય તે જાણે છે, ભવિષ્યમાં બનવાના હોય તે પણ જાણે છે, એટલું જ નહિ પણ સામાન્ય ઉઘાડા ભાવોને તે જાણે છે તેવીજ રીતે તદ્દન સૂક્ષ્મ ભાવોને પણ સારી રીતે જાણે છે. અરે તને કેટલી વાત કહું! એ તો આ આખી સ્થાવર અને જંગમ દુનિયાને, પ્રાણી અને પદાર્થને અથવા જીવ અજીવ સર્વને અને તે પ્રત્યેક દ્રવ્યને તેના [2]ગુણોને અને તેના પર્યાયોને પણ સારી રીતે જાણે છે. એ નીતિના સર્વ માર્ગમાં ઘણો કુશળ છે, મહારાજાની તેના ઉપર ઘણી પ્રીતિ છે, રાજ્યના સર્વ કાર્ય ઉપર તે બહુ લાંબો વિચાર કરે છે અને લશ્કર ઉપર પણ આદર રાખે છે-મતલબ દિવાની અને લશ્કરી સર્વ બાબત તેના લક્ષ્યમાં રહે છે. વળી સેનાપતિ સમ્યગ્દર્શનને પણ એ બહુ વહાલો છે અને જ્યારે તે તેની પાસે હોય ત્યારે સમ્યગ્દર્શનમાં પણ સ્થિરતા આવે છે. આવો સારો, રાજ્યનિષ્ઠ, કર્તવ્યપરાયણ, લોકમાન્ય અને સર્વગ્રાહી મંત્રી બીજી કોઇ જગ્યાએ જોવામાં આવ્યો નથી.

"એ સદ્બોધ મંત્રી અહીં દેખાય છે તે પેલા સાત રાજાઓમાંના [3]જ્ઞાનસંવરણ રાજાનો ખાસ દુશ્મન છે અને તે જ્ઞાનસંવરણના ક્ષય અને ક્ષયોપશમ રૂપ બે પ્રકારે દેખાવ આપે છે.

## અવગતિ મંત્રીભાર્યા.

"એ મંત્રીની બાજુમાં સુંદર મુખવાળી જે સ્ત્રી બેઠેલી દેખાય

---

૧ સદ્બોધઃ સાચો બોધ, શુદ્ધ જ્ઞાન, વસ્તુસ્વરૂપનું યથાસ્વરૂપે ઓળખાણ.

૨ ગુણપર્યાયઃ સહભાવી ધર્મોને ગુણ કહેવામાં આવે છે, ક્રમભાવી ધર્મોને પર્યાય કહેવામાં આવે છે. ગુણ સર્વદા સાથે રહે છે, પર્યાય ફર્યા કરે આત્માના જ્ઞાન દર્શન ગુણ છે, મનુષ્ય દેવદત્તાદિ પર્યાય છે.

૩ જ્ઞાનસંવરણના વર્ણન માટે જુઓ પૃ. ૮૯૮. માત્ર મોહનોજ ઉપશમ થાય છે, બાકી તેના અને બીજા સર્વ કર્મોના ક્ષય અથવા ક્ષયોપશમ થાય છે. મોહ સિવાય બીજા કોઈ કર્મનો ઉપશમ થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, જેના સર્વ અવયવો તદ્દન [1]મળ વગરનાં ચોખાં દેખાય છે અને જેની આંખો ઘણી સુંદર દેખાય છે તે સદ્‌બોધ મંત્રીની સ્ત્રી છે અને તેનું નામ અવગતિ[2] છે. એ મંત્રીભાર્યા પોતાના પતિસાથે એકરૂપ છે, જરા પણ જૂદી નથી, પાપ વગરની અત્યંત પવિત્ર છે અને પતિના સ્વરૂપે રહેનારી, તેના જીવતર જેવી અને તેના હૃદયની પ્રાણેશ્વરી છે.

## સદ્‌બોધ મંત્રીના પાંચ મિત્રો.

"સદ્‌બોધ મંત્રીની સાથે જે પાંચ પુરૂષો બેઠેલા દેખાય છે તે બહુ ઉત્તમ માણસો છે અને તેઓ સદ્‌બોધ મંત્રીના અંગીભૂત ( એકાકાર ) ઇષ્ટ મિત્રો છે.

"એમાંનો પ્રથમ મિત્ર છે તેનું નામ **આભિનિબોધ** છે, એ નગરવાસી જનોમાં ઇંદ્રિય અને મનદ્વારા જ્ઞાન સારી રીતે ઉત્પન્ન કરે છે.[3]

"એ પાંચમાં જે બીજો મહાત્મા પુરૂષ દેખાય છે એ જાતે [4]**સદાગમ** છે ( આ વાર્તા પણ સદાગમ સમક્ષ જ ચાલે છે એ લક્ષ્યમાં હશે ). એ સદાગમના હુકમથી આ આખા નગરની પરિસ્થિતિ થયેલી છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. આ રાજ્યમાં જે રાજાઓ છે તે સર્વેના કામના સંબંધમાં એ બરાબર સલાહ આપે છે, કારણ કે એનામાં બોલવા ચાલવાની બાબતમાં સારી ચતુરાઇ છે, બાકીના એના ચારે મિત્રો છે તે તો તદ્દન મુંગા છે. બોલવા ચાલવાની બાબતમાં આ સદાગમની ઘણી કુશળતા જોઇને મહારાજ ચારિત્રધર્મ બહુ રાજી થયા અને તેને લઇને સદ્‌બોધને મંત્રીપણા પર સ્થાપિત કર્યો. આ સદાગમ સદ્‌બોધનો એક અંગભૂત હોવાથી સદ્‌બોધની પસંદગી કરવામાં આવી હતી. એ સદાગમ સર્વ રાજાઓ અને જૈન લોકોનો બાહ્ય સર્વ બાબતમાં ઉત્કૃષ્ટ કારણભૂત છે એમ

---

૧ **મળઃ** (૧) મેલ; (૨) આવરણ-અજ્ઞાન.

૨ **અવગતિઃ** જાણવું તે. સમજવું તે. બોધ પછી વસ્તુ જણાય છે તે.

૩ **મતિજ્ઞાનઃ** બુદ્ધિવૈભવનું નામ આભિનિબોધ જ્ઞાન કહેવાય છે. એ પાંચ ઇંદ્રિય અને મનદ્વારા થાય છે. એના આવરણના ક્ષયોપશમાનુસાર બુદ્ધિ વધારે ઓછી પ્રાણીમાં હોય છે.

૪ **સદાગમ** એટલે શ્રુત જ્ઞાન. ચારે જ્ઞાન મુંગા છે, સ્વયંપૂર્ણ છે, અન્યને જ્ઞાન જણાવવાનું કાર્ય શ્રુત જ્ઞાન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજવું;[1] એ સદાગમ વગર ચારિત્રરાજનું લશ્કર પણ હોય નહિ અને આ જૈન નગર જે આખા જગતમાં સારી રીતે પ્રકાશી રહેલ છે તે પણ સદાગમ વગર સંભવે જ નહિ. સર્વ કાર્યોનો ઉપદેશ કરનાર એ સદાગમ છે, બહુ સારો માણસ છે, સાચે માર્ગે દોરીને લઇ જનાર છે. આવી રીતે આ બીજા પ્રધાન પુરૂષ સદાગમની તારી પાસે હકીકત કહી સંભળાવી.

"ત્યાર પછી જે ત્રીજો પ્રધાન પુરૂષ દેખાય છે તે સદ્‌બોધ મંત્રીનો મિત્ર અવધિ નામનો છે. તે વળી પોતાનાં અનેક પ્રકારનાં રૂપો વિસ્તારે છે અને આનંદ કરાવે છે. કોઇ વખત તે બહુ લાંબું રૂપ, કોઇ વખત બહુ ટુંકું રૂપ, કોઇ વખત થોડું રૂપ, કોઇ વાર વળી ઘણુંજ રૂપ આ જગતમાં તે પોતાની લીલાથી જોઇ શકે છે.[2] (અવધિ જ્ઞાનથી સ્થૂળ વસ્તુ દૂર હોય તે પણ જોઇ શકાય છે ).

"ત્યાર પછી ચોથો પ્રધાન પુરૂષ એ સદ્‌બોધ મંત્રીશ્વરની પાસે દેખાય છે તેનું નામ મનઃપર્યાય કહેવામાં આવે છે. એનામાં વળી એવી શક્તિ છે કે એ પોતાની શક્તિથી પ્રાણીઓનાં મનના ભાવો જાણી શકે છે. સાધારણ રીતે કોઇ બોલે તે સમજાય પણ આ વિશિષ્ટ નરરત્નમાં તો એવી શક્તિ છે કે એ મનમાં ચાલતા વિચારો પણ જાણી શકે છે. એ મનોગત વસ્તુભાવ સમજનાર મનના વિચાર જાણવામાં એટલો કુશળ છે કે મનુષ્યલોકમાં મનોગત એવો એક પણ ભાવ નથી કે જે એ દેખી શકતો ન હોય. આવો મહા બુદ્ધિશાળી કુશળ નર એ છે. ( મનઃપર્યાય અથવા મનઃપર્યવ જ્ઞાનથી મનના ભાવ જણાય છે. )

"સર્વથી છેલ્લો જે મહા પુરૂષ અત્યંત સુંદર સ્વરૂપવાળો બેઠેલો દેખાય છે તે સદ્‌બોધ મંત્રીનો ખાસ મિત્ર કેવળ નામનો છે. એ તો અતીત

---

1 અંતરંગ રાજાઓ અને બહાર જૈન લોકો છે તેનું પરમ કારણ-મુખ્ય કારણ આ સદાગમ છે, જૈનત્વનું કારણ એ જ સદાગમ છે અને ચારિત્રરાજનું કારણ પણ એ જ સદાગમ છે.

2 અવધિ જ્ઞાનમાં અમુક દ્રવ્ય કે ક્ષેત્રની મર્યાદાથી વસ્તુનું જ્ઞાન થાય છે. આંખ ન પહોંચે તેટલે દૂરની હકીકત તે દ્વારા જોઇ શકાય છે. દ્રવ્ય અને ક્ષેત્રની અપેક્ષાએ તેના અસંખ્ય ભેદો છે અને તેને અત્ર તેનાં અનેક રૂપ તરીકે બતાવ્યાં છે. સાધારણ રીતે એના છ ભેદ છે, ક્ષેત્રમર્યાદાએ જ્યાં જાય ત્યાં સાથે આવે તે 'અનુગામી,' સાથે ન જાય તે 'અનનુગામી,' વધતું જાય તે 'વર્ધમાન,' ઘટતું જાય તે 'હીયમાન,' આવ્યા પછી જાય નહિ તે 'અપ્રતિપાતિ' અને જાય તે 'પ્રતિપાતિ.' આ સાધારણ ભેદો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળના, ભવિષ્ય કાળના અને વર્તમાન કાળના સર્વ પદાર્થો, ભાવો અને મનના વિચારો તથા તરંગો-સર્વને બરાબર જાણી શકે અને જોઇ શકે છે. દુનિયામાં એવો કોઇ પણ જાણવા લાયક પદાર્થ, ભાવ, અધ્યવસાય કે બનાવ નથી કે જે એ નરોત્તમના જાણવામાં ન આવે. જૈન નગરીથી જે પુરૂષો નિર્વૃતિનગરીએ જાય છે તેને એ મહા ઉત્તમ મનુષ્ય દોરે છે, તેઓનો નાયક (આગળ ચાલનાર) થાય છે અને તેનો માર્ગ તેમને બરાબર સ્પષ્ટ બતાવી આપે છે. આવી રીતે પાંચ મિત્રોના પરિવારથી સદ્બોધમંત્રી બહુ આનંદથી રહે છે અને એ મંત્રીશ્વર જાણે આ મનુષ્ય લોકમાં સાક્ષાત્ સૂર્યસમાન છે."

આટલું વિવેચન કરી મામા વિરમ્યા એટલે ભાણેજે શંકાઓ પૂછવા માંડી.

**સંતોષદર્શન.**

**પ્રકર્ષ**—"મામા! આપે સદ્બોધ મંત્રી અને ચારિત્રરાજના પરિવારને બતાવ્યો તે તો ઠીક કર્યું, પણ **સંતોષ** મહારાજના દર્શન કરવાની મને ઘણી જ જિજ્ઞાસા છે તેનું દર્શન હજુ સુધી તમે મને કરાવ્યું નહિ."

**વિમર્શ**—"ભાઇ! જો, આ સંયમ (નામના છઠ્ઠા યતિધર્મ)ની આગળ બેઠેલો છે તે સંતોષ છે. એમાં જરા પણ શંકા જેવું નથી."

**પ્રકર્ષ**—"જે સંતોષ[1] સાથે મોટી દુશ્મનાઇ કરીને **મહામોહ** વિગેરે મોટા મોટા રાજાઓ મનમાં મોટો વિક્ષેપ પામીને સામા આવીને ખડા થઇ ગયા છે તે સંતોષ શું અસલ મોટો રાજા નથી?"

**વિમર્શ**—"ભાઇ પ્રકર્ષ! એ સંતોષ મૂળ મોટો રાજા નથી, પણ મહારાજા ચારિત્રરાજની સેનામાં એક સાધારણ સેનાની છે. જો! હકીકત એમ છે કે એ સંતોષ ઘણો જ શૂરવીર છે, નીતિ ન્યાયમાં સર્વદા તત્પર છે, ઘણોજ કાબેલ છે અને ક્યે વખતે સલાહ કરવી અને ક્યારે લડાઇ કરવી એના સર્વ નિયમો બરાબર જાણનારો છે તેથી મૂળરાજાએ (ચારિત્રરાજે) તેને ખાસ અંગરક્ષક[2] (એડીકેંપ) તરીકે

૧ જે સંતોષને જોવાની આટલી પ્રબળ ઇચ્છા પ્રકર્ષને થઇ હતી તેને ચારિત્રરાજના યુવરાજ યતિધર્મના તાબાના માણસની સમક્ષ બેઠેલ જોઇ પ્રકર્ષને આશ્ચર્ય થાય એમાં નવાઇ નથી. એ તો સંતોષને મોટા મોહરાજાથી જબર રાજા ધારીને વારંવાર તેને માટે સવાલ પૂછતો હતો અને તેને જોવા તલપાપડ થઇ રહ્યો હતો.

૨ આને માટે મૂળ શબ્દ **'તંત્રપાલ'** છે. તંત્રનો અર્થ રાજાના રક્ષણ માટેનો ખાસ સરંજામ થાય છે. પ્રો. જેકોબી તંત્રપાલનો અર્થ પ્રધાન કરે છે તે ઠીક નથી, કારણ કે સદ્બોધમંત્રી તે કાર્ય કરે છે.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

નીમ્યો છે. મહારાજાના ખાસ લશ્કર અને બીજી સામગ્રીને લઇને એ કોટવાળની પેઠે અત્યંત લીલાપૂર્વક અહીં તહીં ફર્યા કરે છે. એક વખત એવું બન્યું કે એણે કોઇ જગ્યાએ સ્પર્શન વિગેરેને જોયાં (સ્પર્શનનું વર્ણન ત્રીજા પ્રસ્તાવમાં થઇ ગયું છે તે લક્ષ્યમાં રાખવું) અને એ સંતોષે પોતાની શક્તિથી એ સ્પર્શન વિગેરેને જીતીને માણસોને નિર્વૃતિ નામની નગરીએ મોકલી આપ્યા અને એ બાબતમાં આ ચારિત્રરાજના આખા લશ્કરે તેને મદદ કરી. હવે લોકોના મુખથી આ હકીકત જ્યારે મહામોહ વિગેરે રાજાઓના જાણવામાં આવી ત્યારે સાધારણ રીતે તેઓને મનમાં એમ થયું કે આ તો આપણા માણસો ઓછા થતા જાય છે અને આપણા આશ્રિતો ( સ્પર્શન રસન વિગેરે ) માર ખાતા જાય છે એટલે લડાઇ કરવાની ઇચ્છાથી તેઓ બહાર નીકળી પડ્યા.

> ચારિત્રરાજના મહારાજ્યમાં સંતોષનું સ્થાન અને મોહરાયનો તત્સંબંધી ભ્રમ.

હવે આ સંતોષ તો ચારિત્રરાજનો એક સાધારણ સેનાની છે પરંતુ પેલા મહામોહ વિગેરે રાજાઓએ તો એનું બળ જોઇને પોતાની બુદ્ધિ પ્રમાણે એને એક મોટો મૂળ રાજા માની લીધો છે. આમ થવાનું કારણ એ છે કે માણસ તો જેટલું દેખે છે તેટલું જ જાણે છે; દાખલા તરીકે ઉપરથી કાળા દેખાતા સર્પનું પેટ તો ધોળું હોય છે પણ લોકો તો તેનો ઉપરનો જ ભાગ દેખે છે તેથી તે સર્પને કાળો જ કહેશે. આવી રીતે લોકવાર્ત્તા સાંભળીને મોહરાજા તો સંતોષનેજ સ્પર્શનાદિના ઘાતક તરીકે ગણે છે અને વાત પણ એમ છે કે એ સંતોષ સ્પર્શન રસન વિગેરેને સારી રીતે ફટકાવે છે અને ત્રાહી ત્રાહી પોકરાવે છે; તેથી મોહરાજાને જેટલો ક્રોધ અને રોષ આ સંતોષ ઉપર છે તેટલો બીજા કોઇની ઉપર નથી. આટલા ઉપરથી સંતોષની પરિસ્થિતિ પોતાના મન ઉપર લાવીને તેને મારી હઠાવવાના ઇરાદાથી તેની સાથે મોટી લડાઇ કરવા સારૂ મહામોહ વિગેરે રાજાઓ પોતાના લશ્કરને લઇને પોતપોતાનાં સ્થાનથી બહાર નીકળી પડ્યા છે અને ચિત્તવૃત્તિ અટવી જે લડવા માટે ઘણી યોગ્ય જગા છે ત્યાં એ મહામોહ રાજા અને સંતોષ વચ્ચે અત્યાર સુધીમાં અનેકવાર લડાઇઓ થઇ ગઇ છે, પણ હજુ સુધી બેમાંથી એક્કે છેવટનો હારતો નથી કે જીતતો નથી. એવું થાય છે કે કોઇ વખત સંતોષ પોતાના દુશ્મનની આખી હરોલને હરોલ હઠાવી દે છે અને શત્રુઓનાં લશ્કરમાં ગાબડાં પાડી મૂકે છે અને કોઇ કોઇ વાર મહામોહ વિગેરે રાજાઓ પણ પોતાનો પ્રભાવ બતાવી આપે છે, પોતાનો હાથ બતાવે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'તોષને થાપ આપે છે.'[1] આવી રીતે એક બીજા ઉપરના ક્રોધ અને વડે બન્ને લશ્કરોનું યુદ્ધ ચાલ્યા કરે છે, [2]તેમાં અનંત કાળ ગયો અને જાય છે પરંતુ તેનું આખરે શું થશે તે હે કમળલોચન! હું જાણતો નથી.

"આવી રીતે મેં તને સંતોષ તંત્રપાળના દર્શન કરાવ્યા અને તેની હકીકત પણ તને કહી બતાવી, કારણ કે તને તે સંબંધમાં ઘણું કૌતુક હતું.

## નિષ્પિપાસિતા-સંતોષપત્ની.

"ભાઈ પ્રકર્ષ! એ સંતોષની બરાબર બાજુ કમળના જેવી આંખોવાળી અને સુંદર મુખવાળી એક યુવાન બાળા દેખાય છે તે આ સંતોષ મહારાજની ભાર્યા છે અને તેનું નામ [3]નિષ્પિપાસિતા છે. આ દુનિયામાં પાંચ ઇંદ્રિયોના જુદા જુદા પાંચ વિષયો છેઃ શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ. સંસારી પ્રાણીઓ એમાં ઘણા આસક્ત રહે છે. આ સંતોષની પત્ની એ સર્વ ઇંદ્રિયના વિષયો ઉપરથી તૃષ્ણાને દૂર રખાવે છે, મનને એવી બાબતની ઇચ્છા વગરનું કરે છે અને ઇંદ્રિયવિષયો તરફ રાગ કે દ્વેષ થતો હોય, અમુક વસ્તુ ગમતી હોય કે ન ગમતી હોય, ભાવતી હોય કે ન ભાવતી હોય, પસંદ હોય કે નાપસંદ હોય-એવો દ્વિધાભાવ છોડાવી દે છે; મતલબ એ ચિત્તને તૃષ્ણારહિત અને રાગદ્વેષ વગરનું બનાવે છે; કોઈ બાબતમાં લાભ થાય કે ન થાય, સુખ થાય કે દુઃખ થાય, કોઈ સુંદર વસ્તુ સાથે સંયોગ થાય કે ખરાબ વસ્તુ સાથે સંબંધ થાય, તેમજ આહાર વિગેરે પોતાને મનગમતો મળે કે અણગમતો મળે, તો પણ આ નિષ્પિપાસિતા ભાર્યા શાંતિ રખાવે છે, ધીરજ રખાવે છે, સ્થિરતા રખાવે છે.

## સર્વ સંક્ષેપ. (Summing up.)

"વત્સ પ્રકર્ષ! માટે હવે તું સંકલ્પ છોડી દઈને આ ચારિત્રરાજને પરમાર્થથી ખરેખરો નાયક (રાજા) તરીકે જાણ. યતિધર્મ

---

૧ જે પ્રાણીની પ્રગતિ થવાની હોય તેના સંબંધમાં સંતોષ વિજય પામે છે, જે પ્રાણી પડવાનો હોય તેના સંબંધમાં મોહરાજા વિજય પામે છે; દરેકની ચિત્તવૃત્તિ અટવી જૂદી તેથી દરેક મનુષ્યની, દેવની અથવા સંજ્ઞી પંચેંદ્રિયોની ચિત્તવૃત્તિમાં મોહ અને સંતોષ વચ્ચે મારામારી ચાલ્યા કરે છે.

૨ આ યુદ્ધનું વર્ણન આવતા પ્રસ્તાવમાં વિસ્તારથી આવશે.

૩ નિષ્પિપાસિતાઃ તૃષ્ણારહિતપણું. સંતોષ સાથે એ બરાબર ઘટે છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

નામનો એનો મોટો યુવરાજ પુત્ર છે અને ગૃહિધર્મ નામનો એનો નાનો પુત્ર છે એમ સમજ. સદ્બોધ નામનો એ મહારાજાનો મંત્રી છે તેને રાજ્ય સંબંધી સર્વ ચિંતા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. એ રાજાનો સેનાપતિ સમ્યગ્દર્શન નામનો છે એમ તું જાણ અને વત્સ! સમજ કે સંતોષ નામનો સેનાની છે તે રાજાનો ખાસ તંત્રપાલ-અંગરક્ષક (એડીકેંપ) છે. જેવી રીતે મહામોહ રાજા અને તેનો સર્વ પરિવાર ત્રણ ભુવનના લોકોને મોટો સંતાપ કરનારા છે તેવી રીતે આ ચારિત્રરાજ અને તેનો આખો પરિવાર ત્રણ ભુવનના સર્વ લોકોને આનંદ કરાવનારા છે. વળી વધારામાં એ ચારિત્રરાજ અને તેનો સર્વ પરિવાર આખા જગતને ખરેખર આલંબન રૂપ છે, જગતનું સાચું અને પરમાર્થથી હિત કરનારા છે અને આખા જગતના તે ખરેખરા બંધુઓ છે. વળી એ ઉપરાંત તેઓ આ અંત વગરના સંસારસમુદ્રને તરાવી તેને કાંઠે લઇ જનારા છે અને જગતને એ અનંત આનંદનો સમૂહ એવી રીતે પ્રાપ્ત કરાવી આપનારા છે કે તે આનંદનો પછી કદિ છેડો જ આવે નહિ. (મોહરાય કદાચ માની લીધેલો અતાત્ત્વિક સ્થૂળ આનંદ કરાવે, પણ તે આનંદ ટકી શકતો નથી, જ્યારે ચારિત્રરાજ છેવટે જે તાત્ત્વિક આનંદ કરાવે છે તેનો તો કદિ છેડો જ આવતો નથી.) ચારિત્રધર્મ રાજાની સાથે બીજા જે જે ઉત્તમ રાજાઓ[1] અહીં દેખાય છે તે સઘળા સર્વ પ્રાણીઓને સુખના હેતુભૂત છે. આવી રીતે ચારિત્રરાજના અંગભૂત બાંધવોનું તારી આગળ વર્ણન કર્યું. એ ઉપરાંત વળી વેદિકાની પાસે મંડપમાં શુભાશય વિગેરે બેઠેલા દેખાય છે તે સર્વ ચારિત્રરાજના લશ્કરીઓ છે અને તેની સેનામાં મોટો ઉપયોગી ભાગ ભજવે છે. એ રાજાઓ મહારાજા ચારિત્રરાજના હુકમથી લોકોને સર્વ સારા વાના કરે છે અને તેમ કરવામાં જરા પણ કચાશ રાખતા નથી, કારણ કે તે સર્વ અમૃતની ઉપમાને યોગ્ય છે.

"વળી ભાઇ પ્રકર્ષ! એ રાજાઓની વચ્ચે સર્વ પ્રાણીઓને સુખ આપનાર અનેક મનુષ્યો છે, સ્ત્રીઓ છે અને છોકરાઓ પણ છે. વાત એમ છે કે આ સભાસ્થાન સંખ્યાબંધ રાજાઓથી અને અસંખ્ય માણસોથી ભરપૂર છે તેનું પૂરેપૂરૂં વર્ણન કરવાને કોણ શક્તિમાન થઇ શકે? તેથી મેં ટુંકામાં આ મંડપ અથવા સભાસ્થાનનું તારી પાસે વર્ણન કર્યું છે. હવે જો તારૂં કુતૂહળ પૂરૂં થયું હોય તો આપણે દરવાજા તરફ જઇએ (એટલે હવે અહીંથી રજા લઇએ)."

---

1 આ ઉત્તમ રાજાઓ તે પાંચ ચારિત્ર લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ચારિત્રરાજનું લશ્કર.

પ્રકર્ષે જવાબમાં તેમજ કરવા જણાવ્યું. પછી બહાર નીકળતાં તેમણે ચારિત્રધર્મરાજનું [1]ચારે પ્રકારનું સૈન્ય બરાબર અવલોકન કરીને જોયું. એ ચતુરંગ સેનામાં [2]ગંભીરતા, શૂરવીરતા વિગેરે રથો આવેલા છે જેઓ ચાલતી વખત પોતાના ઘણઘણ થતા અવાજથી સર્વ દિશાઓને ભરી મૂકે[3] છે; [4]કીર્તિ, શ્રેષ્ઠતા, સજ્જનતા અને પ્રેમ-પ્રણયરૂપ મોટા હાથીઓ એ લશ્કરમાં દેખાય છે જેઓ વિલાસ કરતાં પોતાના ગુલગુલાયમાન થતા મોટા અવાજથી આખા ભુવનને રૂંધી મૂકે છે; [5]બુદ્ધિની વિશાળતા, વાક્ચતુરતા અને નિપુણતા રૂપ ઘોડાઓ એ ચતુરંગ બળમાં દેખાય છે જે પોતાના મોટા હેષારવોથી ઉત્તમ પ્રાણીઓનાં કર્ણકોટરોને ભરી દે છે; વળી અચાપલ્ય ( ચપળતાનો અભાવ-સ્થિરતા ), મનસ્વીપણું ( ડહાપણ ), દાક્ષિણ્ય[6] ( ઉદાર ચિત્ત-પૂર્વક અન્યનું મનરખાપણું ) વિગેરે સેનાનીઓ એ ચતુરંગ બળમાં છે જે અપાર ગંભીર અને વિસ્તીર્ણ શાંત સમુદ્રનો ભ્રમ ઉત્પન્ન કરે છે. આવા ચતુરંગ લશ્કરને જોઇ પ્રકર્ષ પોતાના મનમાં ઘણો રાજી થયો.

जैन साईट JAINSITE .com

**પ્રકર્ષની જિજ્ઞાસા તૃપ્તિ.**
**કુતૂહળશાંતિ માટે સંતોષ.**
**મામાનો અંતઃકરણથી આભાર.**

પ્રકર્ષે એ સર્વ નજરે જોઇને મામાને કહ્યું "મામા ! ખરેખર ! તમે મારૂં ઇચ્છિત સર્વ કુતૂહળ આજે પૂરૂં કરી દીધું અને તેથી આ વિશ્વમાં જે કાંઇ પણ ખાસ જોવા લાયક છે તે સર્વ આપે મને બતાવી આપ્યું: આપે મને નાના પ્રકારના અનેક બનાવોથી ભરપૂર ભવચક્ર નગર બતાવ્યું; વળી બીજાં બીજાં કારણો પ્રાપ્ત કરીને મહામોહ વિગેરે રાજાઓ પોતાની શક્તિ કેવી રીતે અને ક્યાં બતાવે છે તે પણ આપે મને બતાવ્યું; વળી આપે મને આ મનોહર વિવેક-

---

૧ ચાર પ્રકારના ચતુરંગ સૈન્યમાં ૧ રથ, ૨ હાથી, ૩ ઘોડા અને ૪ સેનાની હોય છે. અત્ર તે ચારેનાં નામો આવશે.

૨ ગંભીરતા, ઉદારતા અને શુરવીરતાની ગતિ રથ જેવી થાય છે, ધીમેથી પણ મક્કમપણે ચાલે છે અને કાર્યસાધનામાં બહુ સ્ફુર્તિ રખાવે છે.

૩ અહીંથી જે. ધ. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૭૦૧ શરૂ થાય છે.

૪ કીર્તિ, સૌજન્ય આખી દુનિયામાં પોતાનો અવાજ મોકલે છે તેથી તે હાથીની ઉપમાને યોગ્ય છે.

૫ બુદ્ધિવૈભવ નિપુણતા ઘોડાની પેઠે આનંદના અવાજ કર્યા કરે છે.

૬ દાક્ષિણ્ય અને મનસ્વીપણાના ભેદો અને પ્રસંગો એટલા હોય છે કે તેની કલ્પનાનો પાર આવે નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્વત બતાવ્યો અને એ વિવેકપર્વતના આધારભૂત ઉત્તમ પ્રાણીઓથી ભરપૂર સાત્ત્વિકમાનસ નામનું નગર પણ બતાવ્યું; વળી આગળ ચાલતાં આપે એ વિવેકપર્વતનું અપ્રમત્તતા નામનું શિખર બતાવ્યું અને તે શિખરપર વસેલ જૈનપુર મને દેખાડી દીધું ત્યારે મારા જાણવામાં આવ્યું કે એ નગર તો ખરેખરા મહાત્મા લોકોથી જ વસાયલું છે. વળી આપે ત્યાર પછી મને ચિત્તસમાધાન મંડપ બતાવ્યો, નિઃસ્પૃહતા નામની વેદિકા બતાવી અને તેનાપર જીવવીર્ય નામનું સિંહાસન પણ બતાવ્યું; આપે સાક્ષાત્કાર કરાવવા સાથે ચારિત્રમહારાજને ઓળખાવ્યા અને બીજા સર્વ રાજાઓનું વર્ણન પણ કરી બતાવ્યું ત્યારે મને સમજણ પડી કે એ સર્વ રાજાઓ તો ચારિત્રરાજના સેવકો છે; છેવટે આ ચતુરંગ લશ્કર પણ આપે બતાવ્યું અને આવું આવું સર્વ સુંદર બતાવીને આપે એવું કાંઇ પણ રહેવા દીધું નથી અથવા એવી કોઇ બાબત બાકી રહી નથી કે જે આપે મારે માટે કરી ન હોય. આપે તો ખરેખર આજે મારૂં પાપ ધોઇને મને નિર્મળ બનાવી દીધો, મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો; વળી આપ કૃપાળુએ હોંસપૂર્વક મારા સર્વ મનોરથો પૂર્ણ કર્યા. મામા! આ સુંદર જૈનપુર એટલું બધું રમણીય છે કે એમાં કેટલાક દિવસ રહેવાની મને અભિલાષા થાય છે, કારણ કે સદ્વિચારપૂર્વક આ નગરને તમારા પ્રભાવથી જેમ જેમ હું જોતો જઉં છું તેમ તેમ હું જાણે વધારે શાણો અને સમજુ થતો જતો હોઉં એમ મને લાગે છે. આપે મારાપર ઘણી કૃપા કરી છે તો હવે એ મહેરબાનીનો પૂરતો લાભ મને આપો, તેને છેવટની હદ સુધી[1] લઇ જાઓ અને આપ પણ આ નગરમાં રહેવામાં આનંદ માનીને મારી સાથે રહો એ મારી નમ્ર વિનતિ છે."

મામાએ જવાબમાં કહ્યું "ભાઇ! મને તો એવી ઇચ્છા રહ્યા જ કરે છે કે તને વધારે સુખ કેમ થાય! હું તારે વશ છું, તો આવી તારી સુંદર ઇચ્છાનો મારાથી ભંગ કેમ થાય? બહુ સારૂં, એમ કરશું, અહીં થોડો વખત રહેશું."

પ્રકર્ષે ઉત્તરમાં જણાવ્યું "મામા! એ પ્રમાણે સંમતિ આપીને આપે મારા ઉપર મોટી મહેરબાની કરી છે."

આવી વાતચીત કરીને મામા ભાણેજ બે માસપર્યંત જૈન સત્પુરમાં રહ્યા, કારણ કે તેમને જે એક વરસનો વખત રસનાની મૂળ શોધ માટે આપ્યો હતો તે હજુ પૂરો થયો ન હોતો અને પ્રકર્ષને નવું જોવા જાણવાની બહુ જિજ્ઞાસા હતી.

---

૧ હજુ આપેલ અવધિમાં બે માસ બાકી રહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૩૭ મું.

## કાર્યનિવેદન-( રિપોર્ટ ).

ગ્રીષ્મ વર્ણન.

વર્ષા વર્ણન.

વિમર્શ અને પ્રકર્ષ વિવેકપર્વતપર આવેલા જૈનપુરમાં બે માસ રહ્યા અને અનેક સદ્‌ગુણોનો સાક્ષાત્કાર કર્યો, અનેક શુભ દૃશ્યો જોયાં અને અનેક પ્રકારની જિજ્ઞાસા પૂર્ણ કરી. તે વખતે માનવાવાસ નગરમાં મહાદેવી શ્રી કાલપરિણતિના હુકમથી વસંતકાળ પૂરો થયો અને અત્યંત આકરો ગ્રીષ્મકાળ ( ઉન્હાળો ) આવ્યો.

*　　*　　*　　*

**<u>ગ્રીષ્મ વર્ણન.</u>**

[1]जगत्कोष्ठकमध्यस्थो लोहगोलकसन्निभः ।
ध्मायते चण्डवातेन जगद्दाहकरो रविः ॥

" દુનિયારૂપ ભઠ્ઠીના મધ્યભાગમાં આવી રહેલો અને લોઢાના ગોળાની જેવો દુનિયાને દાહ કરનારો સૂર્ય ઉષ્ણ પવનથી ધમી રહેલો છે.

[2]जायते पत्रशाटस्तरूणामलं, हीयते देहिनां यत्र देहे बलम् ।
पीयते प्राणिभिर्भूरि धाराजलं शुष्यते चास्यमेषां तृषात्यर्गलम् ॥

---

૧ અનુષ્ટુપ્. દુનિયારૂપ ભઠ્ઠી, સૂર્ય લોઢાનો ગોળો, ચંડ પવન રૂપ ધમણ. આથી સૂર્ય જગતને દાહ કરી રહ્યો છે.

૨ બન્ને શ્લોકમાં સ્ત્રગ્વિણી છંદ છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

दह्यते तीव्रतापेन सर्वो जनः,
खिद्यते स्वेदनिर्वेदितं तन्मनः ।
वान्ति वाताः सतप्ता जगत्तापिनः,
शुष्कपत्रावलीमर्मराराविणः ॥

"ઝાડો ઉપરથી પાંદડાંઓ પુષ્કળ ખરી પડે છે, પ્રાણીઓનાં શરીરમાંથી બળ ઘટતું જાય છે, પ્રાણીઓ નદીઓનું પુષ્કળ જળ પીએ છે, લોકોનાં ગળાં તૃષાથી તદ્દન સુકાઇ જાય છે, સખ્ત તાપથી સર્વે લોકો બળુ બળુ થઇ રહે છે, પરસેવાને લીધે કંટાળેલાં તેઓનાં મનમાં પણ વારંવાર ખેદ થયા કરે છે, દુનિયાને તાપ કરનાર ગરમ પવનો સખ્ત રીતે વાયા કરે છે અને સુકાં પાંદડાંઓનાં સમૂહો મરમર મરમર અવાજ કરે છે.

भानोरिव प्रतापेन संतुष्टं वर्धितं दिनम् ।
स्वामिनोऽभ्युदये सर्वः सन्तोषादाभिवर्धते ॥

"સૂર્યના પ્રતાપ (તેજ)થી સંતોષ પામીને દિવસ મોટો થયો છે કેમ જે સ્વામીની જ્યારે ચઢતી થાય ત્યારે સર્વ કોઇ તેના સેવકો સંતોષથી વૃદ્ધિ પામે છે. (પ્રતાપ એટલે સખ્ત તાપ અને તેજ. ઉન્હાળામાં દિવસ મોટા થાય છે તેપર આ ઉત્પ્રેક્ષા છે.)

"[1]આ ઋતુમાં મોગરાનાં છોડો વિકસ્વર થયા છે, જાતવાન્ પાટલનાં ઝાડો (રાતા લોધ્ર) ઘણાં વિકાસ પામ્યાં છે, શિરીષ (સરસડા)નાં વૃક્ષો ઉપર એટલાં તો ફૂલો આવી ગયાં છે કે જેથી તેનાં વનો આખાં ને આખાં લીલાંછમ થઇ ગયાં છે, ચંદ્રનાં કિરણો આંખોને ખુશ કરે તેવાં સુંદર થઇ ગયાં છે, પાણીનાં સ્થાનો હૃદયને પ્રેમ ઉપજાવી રહ્યાં છે, મોતીની માળાઓ મનને ઘણી જ વહાલી લાગી રહેલ છે, સુંદર મહેલની વિશાળ અગાશીઓ ચિત્તને બહુ વલ્લભ લાગે છે, આખા શરીરે ચંદનનાં (સુખડનાં) વિલેપનો બહુ પ્રિય લાગી રહેલાં છે, માથાપર ચાલી રહેલા પંખાઓ અમૃત જેવા લાગી રહેલા છે, ઠંડાં ફૂલના અંકુરાઓનાં બનાવેલાં ઓછાડો (ચાદરો) મનને સુખ આપી રહેલાં છે અને સુખડનું પાણી શરીરના બહારના ભાગોપર લગાડવામાં આવે છે છતાં શરીરની અંદર રહેલાં મનમાં શાંતિ ઉપજાવે છે.

* * * *

## ભવચક્રમાં વિશેષ વાસ.

આવા સમયમાં મામા વિમર્શે ભાણેજને કહ્યું "ભાઇ ચાલો, હવે આપણે દેશ તરફ પાછા ફરીએ."

---

૧ ગરમ ઋતુમાં ઠંડા ઉપચાર સારા લાગે છે તેના આ સર્વ દાખલાઓ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકર્ષ:**—"મામા! પાછા ફરવા માટે અત્યારનો વખત તો ઘણો ભયંકર છે. આવા સખ્ત ઉન્હાળામાં રસ્તે થઇને જવું એ તો મારાથી કોઇ પણ રીતે બની શકે તેવું નથી. આ બે મહિના તો સખ્ત તાપને લીધે ઘણા આકરા લાગે છે, માટે ગ્રીષ્મ ઋતુ તો અહીં રહી જાઓ, પછી જ્યારે દિશાઓ ઠંડી થઇ જશે ત્યારે હું શીઘ્ર ચાલી શકીશ. વળી મામા! આપણે બન્ને વિચારક છીએ તેથી આ જૈનપુર આપણને ઘણો ફાયદો કરે તેવું છે તેથી આપણું અહીં રહેવું પ્રયોજન વગરનું-નકામું થશે નહિ. આ ગુણભરપૂર શહેરમાં રહેવાથી મારામાં સ્થિરતા થતી જાય છે અને અહીં મને ગુણ થવાથી પિતાશ્રીને પણ આ સ્થાનઉપર આદર થશે."[1]

**વિમર્શ**—"જો તારી તેવી જ મરજી હોય તો ભલે એમ કરીએ."

મામાના જવાબથી પ્રકર્ષને બહુ આનંદ થયો. પછી મામા ભાણેજ તે નગરમાં બે માસ વધારે રહ્યા. અનુક્રમે વર્ષાઋતુ આવી પહોંચી.

* * * * *

**મામા ભાણેજનો વિનોદ.**
**ગુણવૃદ્ધિનું સાપેક્ષ લક્ષ્ય.**
**ચારમાસ જૈનપુરમાં રહેઠાણ.**

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

**વર્ષાવર્ણન.**

**घनतुङ्गपयोधरभारधरा,[2] लसदुज्ज्वलविद्युदलङ्करणा ।**
**कृतसन्ततगर्जितधीररवा, दृढगोपितभास्करजाररता ॥**
**रटदुद्भटदर्दुरखिङ्गनरा, चलशुभ्रबलाहकहासपरा ।**
**गिरिकोटरनृत्तशिखण्डिवरा, बहुलोकमनोहररूपधरा ॥**
**सुसुगन्धिकदम्बपरागवहा, विटकोटिविदारण[3]मोदसहा ।**
**इति रूपविलासलसत्कपटा, भुवनेऽत्र रराज यथा कुलटा ॥**

* * *

---

૧ મતલબ આ સ્થાનથી મને ગુણ થશે અને પિતા એ રોકાણ માટે નારાજ નહિ થાય, ઉલટા તેઓને પણ લાભ થશે. જૈનપુરમાં બને તેટલું વધારે રહેવાય તે સારૂં એમ કહેવાનો આશય જણાય છે.

૨ भारवरा પાઠાંતર છે.

૩ वितारण પાઠાંતર.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"એ વર્ષાઋતુ આ દુનિયામાં કુલટા(વ્યભિચારી સ્ત્રી)ની જેવી શોભી રહી હતીઃ તે [1]ઘન અને [2]ઉન્નત [3]પયોધરના ભારને વહન કરતી, ઝબકારા મારતી ઉજ્જવળ વિજળીઓ રૂપ અલંકારો[4] ધારણ કરતી વારંવાર ગર્જના રૂપ સુંદર અવાજ[5] કરી રહી હતી, સારી પેઠે છુપાયેલા [6]ભાસ્કર રૂપ જાર ઉપર તે ઘણી જ આસક્ત થઇ રહેલી હતી, મસ્ત દેડકા રૂપ લહેરી લોકો તેના તરફ મોટો નાદ[7] કરી રહ્યા હતા, ચાલતાં ધોળાં વાદળાંઓ દ્વારા હાસ્ય[8] કરવા તે તત્પર થઇ રહી હતી, પર્વત અને ગુફાઓમાં [9]મોર નાચ કરી રહ્યા હતા, ઘણા લોકોનાં મનને હરણ કરે તેવું આકર્ષક રૂપ[10] તેણે ધારણ કર્યું હતું, [11]સુગંધી કદંબવૃક્ષોનાં ફૂલોની રજને તે ચોતરફ ફેલાવી રહેલ હતી, [12]વિટના

---

૧ **ઘનઃ** શ્લેષ છેઃ (૧) ઋતુપક્ષે ગંભીર, (૨) સ્ત્રીપક્ષે કઠીન.

૨ **ઉન્નતઃ** શ્લેષ છેઃ (૧) ઋતુપક્ષે વિશાળ, (૨) સ્ત્રીપક્ષે ઊંચા.

૩ **પયોધર** શ્લેષ છેઃ (૧) ઋતુપક્ષે-વાદળાં, પાણીથી ભરપૂર હોય છે, (૨) કુલટાપક્ષે સ્તન.

૪ **અલંકારઃ** શ્લેષ છેઃ (૧) ઋતુપક્ષે શોભા, (૨) કુલટાપક્ષે ઘરેણાં. સ્ત્રીઓને ઘરેણાં બહુ પસંદ હોય છે.

૫ **અવાજઃ** (૧) ચોમાસામાં મેઘનો ગર્જારવ થાય છે, (૨) કુલટા પોતાની હાજરી બતાવવા અનેક પ્રકારે મોહક અવાજ કર્યા કરે છે.

૬ **ભાસ્કરઃ** (૧) સૂર્ય. ચોમાસામાં વાદળામાં છુપાયલો રહે છે. (૨) સોનું. કુલટાને સુવર્ણ આપનાર જાર વધારે વહાલો લાગે છે. જાર એટલે પતિસિવાયનો રખાયત ઉપપતિ. વર્ષા પોતાના પતિને છોડીને અંદર છુપાયલા સૂર્ય તરફ પ્રેમ કરવા વધારે લલચાયલી રહે છે.

૭ **નાદઃ** (૧) ચોમાસામાં દેડકાં ડેંહું ડેંહું કર્યા કરે છે, (૨) બીભત્સ જવાને લીધે કુલટા તરફ લહેરીઓ મશ્કરીના અવાજ દૂરથી પણ કર્યા કરે છે.

૮ **હાસ્યઃ** કુલટા સ્ત્રીઓ ઠઠ્ઠા ઘણી કરે છે, મોટેથી હસે છે, (૨) વર્ષા પણ ચાલતાં વાદળાંઓથી જાણે હસતી હોય તેમ જણાય છે.

૯ **મોરનાચઃ** (૧) ચોમાસામાં મોર બહુ આનંદથી સર્વત્ર નાચ કરી રહ્યા હોય છે, (૨) મોરનો અવાજ કામી પુરૂષોને ઉત્તેજન કરનાર છે. શિખંડીનો અર્થ મોર કર્યો છે. એનો બીજો અર્થ નપુંસક થાય છે. પાવૈયા નાચે છે.

૧૦ **રૂપઃ** (૧) ચોમાસાનો દેખાવ મનને આકર્ષણ કરે તેવો હોય છે, (૨) કુલટાનું રૂપ બહારથી મનને ખેંચે તેવું હોય છે.

૧૧ **સુગંધીઃ** (૧) ચોમાસામાં સુગંધ ચારે તરફ ફેલાય છે, (૨) કુલટા સ્ત્રીઓ શરીરપર સુગંધ લગાવે છે તે તે ચાલે છે ત્યારે ચોતરફ ફેલાય છે.

૧૨ **વિટઃ** શ્લેષ છેઃ (૧) વિટ એટલે પર્વત. ચોમાસામાં પર્વતને તોડી નાખવા જેવો વરસાદ થાય છે; (૨) કુલટા વિટને એટલે જાર પુરૂષને તોડી પોતાને વશ કરવા મથી રહેલ હોય છે. પર્વતને તોડવાનું કામ ચોમાસાને વહાલું લાગે છે તેમ જારને વશ કરવાનું કામ કુલટાને વહાલું લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૂહને કાપી નાખવા—તોડી પાડવામાં આનંદ લેતી હતી—આવી રીતે પોતાના રૂપ વિલાસ અને કપટથી કુલટાની પેઠે વરસાદની ઋતુ પોતાની સત્તા સર્વત્ર ફેલાવી મલકતી હતી.

આવા ચોમાસાને જોઇને પ્રકર્ષ પોતાના મનમાં ઘણો જ રાજી થયો અને હવે ઘર તરફ પાછા ફરવાની ઇચ્છાથી મામા પ્રત્યે બોલ્યો “મામા! હવે શીઘ્ર મારા પિતાશ્રીને જઇને મળીએ, કારણ કે હવા હવે ઠંડી થઇ છે જેથી માર્ગો સુગમ થઇ ગયા છે, માટે રસ્તે ચાલવામાં મુશ્કેલી પડે તેવું નથી.”

વિમર્શે જવાબમાં કહ્યું “ભાઇ! તું એમ કેમ બોલે છે? અત્યારે તો માર્ગોમાં મુસાફરોનું આવવું જવું બીલકુલ બંધ હોય છે તે તારા ધ્યાનમાં હોય તેમ લાગતું નથી. અત્યારે તો સારી રીતે આચ્છાદિત કરેલા ઘરમાં રહીને સ્વાધીન સ્ત્રીનાં મુખચંદ્રનું અવલોકન કરનારા અને પ્રવાસ તદ્દન બંધ કરીને ઘરે આવેલા હોય તેવા માણસોને ખરેખરા ભાગ્યશાળી ગણવામાં આવે છે; એનાં કારણો ખુલ્લાં છેઃ રસ્તાઓ પાણીથી ભરાઇ ગયેલા છે અને ચારે તરફ કાદવ કાદવ થઇ રહેલ છે તેવા રસ્તે ચાલતાં જો પગ જરા ખોટકી જાય કે ખસી જાય તો તેના તરફ ધૂળના ઢગલાઓ હસતા હોય તેમ દેખાય છે; ઉપરથી પડતી સખ્ત જળની ધારાઓથી હણાતા જે ભાગ્યહીન પાપી પ્રાણીઓ પરદેશમાં એ ઋતુમાં નીકળે છે તેને જાણે મારતો હોય નહિ એમ બોલતો વરસાદ આકાશમાં ગર્જારવ કર્યા કરે છે—આ પ્રમાણે હોવાથી ભાઇ પ્રકર્ષ! હમણા જવાની વાત તો પડી મૂક! આટલો વખત અહીં રહ્યા તો હવે થોડો વધારે વખત પણ અહીં રહીએ. અહીં જે વખત જશે તે નુકસાન કરનારો થવાનો નથી, પણ લાભ જ કરનાર થશે; કારણ કે અહીં એક પણ ક્ષણ જાય છે તે તારા અભ્યુદયના વધારાને માટે થાય છે.”

પ્રકર્ષે તેમ કરવાની ઇચ્છા જણાવવાથી મામાભાણેજ જૈનપુરમાં ચાર માસ[1] રહ્યા. પછી તેઓ પોતાના ઘર તરફ પાછા ફર્યા અને જે કાર્ય માટે ગયા હતા તે કાર્ય સિદ્ધ થયેલ હોવાથી તેમજ પોતાને ઘણું જાણવા જેવા શીખવાનું મળેલ હોવાથી મનમાં ઘણો હર્ષ પામતા હતા.

* * * * *

૧ એમ જણાય છે કે મામા ભાણેજ શરદ્‌ઋતુની આખરમાં નીકળ્યા હશે, જુઓ પૃ. ૭૮૫. ત્યાં સ્પષ્ટ લખ્યું નથી, પણ વર્ષનો અવધિ પૂરો ન થઇ જાય માટે આમ ધારવું યોગ્ય છે. વર્ષાકાળ ચાર માસનો છે પણ વર્ષાઋતુ તો બે માસની જ છે. બાહ્ય પ્રદેશમાં મામા ભાણેજ પંદરેક દિવસ જ ફર્યા હશે એમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મેળાપ અને કાર્યનિવેદન (રિપોર્ટ).

વિમર્શ અને પ્રકર્ષ ચાલતા ચાલતા પોતાના દેશમાં આવી પહોંચ્યા. તેઓ જ્યારે શુભોદય રાજા પાસે આવ્યા ત્યારે તેણે વિમર્શને રાજસભામાં મળવાનું માન આપ્યું. રાજસભામાં શુભોદય મહારાજા સાથે રાણી નિજચારૂતા પણ બીરાજમાન થયા હતા અને કુમાર વિચક્ષણ તથા સર્વ સભાજનો હાજર હતા. મામાભાણેજે રાજસભામાં પેસતાં શુભોદય રાજાને પ્રણામ કર્યા અને પછી બન્ને યોગ્ય વિનયપૂર્વક શુદ્ધ જમીનપર બેઠા. વિમર્શની બહેન બુદ્ધિદેવી (પ્રકર્ષની મા અને વિચક્ષણની પત્ની) જે રાજસભામાં હાજર હતી તેણે આગ્રહ કરીને ભાઇને જમીન પરથી ઊભો કર્યો, તે અને તેના પતિ (વિચક્ષણ) તેને વારંવાર પ્રેમથી ભેટ્યા અને તેનો બહુ સત્કાર કર્યો, તેના તરફ પ્રેમ બતાવ્યો અને તેને પોતાની બાજુના આસન ઉપર બેસાડ્યો. ત્યાર પછી દાદા શુભોદયે, દાદી નિજચારૂતાએ, તેમજ વિચક્ષણ અને બુદ્ધિદેવીએ અને બીજા હાજર રહેલા વડીલવર્ગે કુમાર પ્રકર્ષને અત્યંત આનંદથી બોલાવ્યો, તેનાં ઓવારણાં લીધાં અને ઘણા સ્નેહથી સર્વેએ તેને પોતાના ખોળામાં બેસાડ્યો, વારંવાર તેનું મસ્તક સુંઘ્યું.[1] પછી શુભોદય તથા વિચક્ષણ અને બીજા સર્વેએ રસનાની મૂળશુદ્ધિ કરવા એટલે તેની બરાબર હકીકત મેળવવા તેમને મોકલવામાં આવ્યા હતા તેને અંગે તેણે શું જોયું તે જણાવવા[2] વિમર્શને વિનતિ કરી. મેળાપવખતે થયેલા આનંદનાં આંસુઓ સાથે જ્યારે આવી વિનતિ વિમર્શને કરવામાં આવી ત્યારે તેણે પોતે અનુભવેલી અને મેળવેલી સર્વ હકીકત વિસ્તારથી શુભોદય સમક્ષ તેની રાજસભા સાંભળે તેમ કહી સંભળાવી. પોતે ઘરેથી નીકળ્યા ત્યારે કેટલોક કાળ તો બાહ્ય પ્રદેશમાં ફર્યા, ત્યાર પછી પોતે અંતરંગ પ્રદેશમાં ગયા, ત્યાં તેઓએ બે નગર જોયા (રાજસચિત્ત અને તામસચિત્ત), ત્યાર પછી તેઓએ ચિત્તવૃત્તિ નામની મોટી અટવી જોઇ, ત્યાં તેઓએ મહામોહ વિગેરે સાતે રાજાઓને બેસવાનાં સ્થાનો જોયાં, ત્યાં તેઓએ રસનાની મૂળ શોધ કરવા તેના સ્થાનનો કેવી રીતે નિર્ણય કર્યો તે સર્વ કહ્યું. રસના રાગકેસરીરાજાના મંત્રી વિષયા-

---

૧ બાળકના મસ્તકને પ્રેમથી સુંઘવાનો રિવાજ બંગાળામાં હાલ પણ પ્રવર્તે છે. તે વાત્સલ્ય બતાવે છે. છોકરાઓ વડીલના પગતળેથી રજ લઇ પોતાને માથે મૂકે છે તે વિનય અને પૂજ્યબુદ્ધિ બતાવે છે.

૨ જુઓ પૃ. ૭૮૧-૮૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભિલાષની છોકરી** કેવી રીતે થતી હતી અને તે બાબત તેઓએ કેવી રીતે જાણી હતી, ત્યાર પછી પોતે કુતૂહળથી **ભવચક્રનગરે** કેવી રીતે ગયા હતા અને અનેક પ્રકારના બનાવોથી ભરપૂર તે વિશાળ નગર તેઓએ કેવું જોયું અને તેમાં તેમણે શું શું જોયું, ત્યાર પછી **વિવેકગિરિપર** કેવા પ્રકારના મોટા મહાત્માઓ જોયા, એ પર્વતપર **ચારિત્રધર્મરાજાનું** સ્થાન કેવું સુંદર હતું અને કેવું લાગતું હતું. ત્યાં વળી સંતોષને જોતાં તેમના મનમાં કેવા કેવા વિચારો થયા, સંતોષની ચેષ્ટા કેવા પ્રકારની હતી, તે અનેક લોકને **ભવચક્રથી** તદ્દન બીજી નગરીમાં કેવી રીતે ઘસડી જતો હતો-આ વિગેરે સર્વ બાબતો વિમર્શે વિચક્ષણ (બનેવી) અને બીજા સર્વની સમક્ષ લંબાણથી કહી બતાવી.

# પ્રકરણ ૩૮ મું.

## રસના સાથે વિચક્ષણ જડ વ્યવહાર.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

જડનું મર્યાદા લોપન.
મનુષ્ય માંસ ભક્ષણ.
જડનું ખૂન.

હવે પેલો જડ કુમાર તો લોલતાના કહેવાને સાચું માનીને રસનાને માંસ મદ્ય વિગેરે ખોરાકોથી સારી રીતે પોષતો હતો, તેની લાલનાપાલના સારી રીતે કરતો હતો અને તેમાં એટલો બધો લુબ્ધ થઇ ગયો હતો કે બીજી કોઇ બાબતનો જરા પણ વિચાર કરતો ન હતો. એ તો રસનામાં એટલો બધો આસક્ત થઇ ગયો કે ગમે તેવું નિંદવા લાયક કામ કરતાં મોટામાં મોટું પાપ લાગે તે પણ જોતો ન હોતો, પોતાના ઊંચા કુળને તેથી કેટલો બટ્ટો લાગશે તે પણ વિચારતો ન હોતો અને પોતાના કુળની મર્યાદા કેવી હતી તેનો પણ ખ્યાલ કરતો ન હોતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વખત તે દારૂમાં લચપચ થઇને બેઠો હતો તે વખતે તેને લોલતાએ પ્રેરણા કરી તેથી તેનો વિચાર એક મોટા બકરાને મારવાનો થયો, પરંતુ દારૂને લીધે પોતાની જાતનું ઠેકાણું ન હોવાથી તેણે (જડે) બકરાને બદલે તેના ગોવાળીઆને મારી નાખ્યો. પ્રથમ તો ગોવાળીઆનું ખૂન પોતાને હાથે બકરો ધારીને થઇ ગયું, પરંતુ એ હકીકત જ્યારે જડના સમજવામાં આવી ત્યારે લોલતાના તરફથી થતાં દુઃખને અંગે જડે વિચાર કર્યો કે અત્યાર સુધી પોતે જનાવરનાં તથા પક્ષીઓનાં માંસથી તો લોલતાને વારંવાર ધરવી દીધી છે, પરંતુ તેને કદિ પણ મનુષ્યનું માંસ આપ્યું નથી; તો હવે આજ તો એને મનુષ્યનું માંસ આપું અને પછી જોઉં કે એથી રસનાને કેવો સંતોષ થાય છે! આવો મહા અધમ વિચાર કરીને જે ગોવાળીઆનું ખૂન કર્યું હતું તેના શરીરમાંથી માંસ કાઢ્યું, તેને સુધારી સમારી સારી રીતે રાંધ્યું અને લોલતાને આપ્યું. આ નવીન પ્રકારના ખોરાકથી રસનાને આનંદ થયો, તેવો તુચ્છ ખોરાક ખાવામાં તેની તુચ્છ વૃત્તિ વિશેષે પોષાણી, રસના અને લોલતાને હરખ થયો અને તેથી ભાઇસાહેબ જડના મનમાં પણ આનંદ થયો.

ત્યાર પછી લોલતા વારંવાર જડને પ્રેરણા કરવા લાગી કે તેણે મનુષ્યનું સુંદર માંસ તેને આપ્યા કરવું. તેથી મૂર્ખ ને અક્કલ વગરનો જડકુમાર પણ બીજા ત્રીજા માણસને મારી નાખીને તેનું માંસ પોતાની વહાલી રસનાને આપવા લાગ્યો અને તેની સાથે મનુષ્યમાંસ હોંસથી ખાતાં ખાતાં તે તો બરાબર રાક્ષસ જ થઇ ગયો. તેનું અતિ અધમ વર્તન જોઇને બાળકો પણ તેની નિંદા કરવા લાગ્યા, તેના સગાસંબંધી અને ભાઇભાંડુઓએ તેને તજી દીધો અને લોકો તેનું વારંવાર અપમાન કરવા લાગ્યા. આવી રીતે પાપકર્મ કરવાને પરિણામે તેને અનેક પ્રકારની શરીર અને મન સંબંધી પીડાઓ ઉત્પન્ન થઇ.

હવે એ જડકુમારની મનુષ્યમાંસ ખાવાની ઇચ્છા તો દિનપરદિન વૃદ્ધિ પામવા લાગી. એક રાત્રે મનુષ્યને મારવાની ઇચ્છાથી લોલતાને સાથે લઇને ચોરની પેઠે તે એક શૂર (નામના) ક્ષત્રિયના ઘરમાં પેઠો. ઘરમાં જોતાં જણાયું કે એ શૂર ક્ષત્રિયનો છોકરો ઉંઘી ગયો હતો. જડે તે છોકરાને (મારી નાખવા માટે) ઉપાડ્યો અને જેવો તે છોકરા સાથે બહાર નીકળવા જાય છે તેવો શૂર ક્ષત્રિયે તેને દીઠો. તેને જોતાં જ શૂરને તેના ઉપર પ્રચંડ ક્રોધ ઉત્પન્ન થયો અને તેણે મોટો કોળાહળ મચાવી દીધો, આડોશીપાડોશી સગાસંબંધી એકઠા થઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા, તેઓએ જડને ખૂબ માર્યો, પછી બાંધી લીધો અને પાદુ લાકડી તથા ધોકા વિગેરેથી તેને અધમુઓ કરી દીધો. આખરે તેને એટલો માર પડ્યો કે મારની ભયંકર પીડા વેઠીને તેજ ઘરમાં તેજ રાત્રે જડ મરણ પામ્યો. જડના મરણસમાચાર બીજે દિવસે સવારે લોકોમાં ફેલાયા, ત્યારે લોકો ઉલટા રાજી થયા અને જડના બંધુઓએ અને ખુદ રાજાએ પણ શૂરને કાંઇ કર્યું નહિ, કાંઇ પૂછ્યું પણ નહિ અને દરેક મનમાં સમજવા લાગ્યા કે એક પીડા દૂર થઇ અને તે એકંદરે સારૂં જ થયું. ઉપરાંત વળી તેઓ વિચારવા લાગ્યા કે એ જડ-કુમાર તો કુળને મોટું દૂષણ આપનારો અને સર્વની હલકાઇ કરાવનારો હતો તેને-એવા મહા નીચ પાપીને-મારી નાખવાનું કામ તો શૂર ક્ષત્રિયે બહુજ સારૂં કર્યું છે.

* * * * *

### વિચક્ષણની વિચક્ષણતા.
### વિમળાલોકઅંજન પ્રયોગ.
### વિવેકપર્વતનો સાક્ષાત્કાર.

જડના સંબંધમાં જે વૃત્તાંત બન્યો તે સર્વ વિચક્ષણ કુમારના જાણવામાં આવી ગયો એટલે એનું મન તો ઉલટું વધારે નિર્મળ થયું. તેથી તે વિચાર કરવા લાગ્યો કે-અહો! જુઓ તો ખરા! પેલી રસનામાં આસક્ત થઇ ગયેલા જડને આ ભવમાં આવું ફળ મળ્યું અને પરલોકમાં તેની અત્યંત ખરાબ ગતિ થશે. આવી વિચારણાને પરિણામે એ તો રસના તરફ વધારે વધારે વિરક્ત થતો ગયો. આ સર્વ બનાવ તો વિમર્શ પ્રકર્ષ મૂળશુદ્ધિ કરીને આવ્યા તે પહેલાં બની ગયો હતો. ત્યાર પછી તે (રસના) સંબંધી શી હકીકત પોતાનો સાળો લઇ આવે છે એ જાણવા માટે પોતે (વિચક્ષણ કુમાર) રાહ જોયા કરતો હતો. ઉપર જણાવ્યું તે પ્રમાણે જ્યારે વિમર્શે પોતાની સર્વ હકીકત નિવેદન કરી અને રસનાને બરાબર ઓળખાવી એટલે તો તુરત જ એને તજી દેવાનો નિર્ણય વિચક્ષણે પોતાના મનમાં કરી નાખ્યો અને તે જણાવવા સારૂ તેણે પોતાના પિતાને કહ્યું કે "પિતાજી! રસના કેવાં ભયંકર ફળ આપનારી છે તે આપણે જડના સંબંધમાં જોઇ ગયા છીએ અને હવે આપણને ખબર પડે છે કે એ તો રાગકેસરી મહારાજના મંત્રી દોષના સમૂહ વિષયાભિલાષની દીકરી થાય છે, તો હવે આપ રજા આપો અને હુકમ કરો તો એ અધમ કુળમાંથી ઉત્પન્ન થયેલી દુષ્ટ સ્ત્રીનો હું તો સર્વથા ત્યાગ કરી દઉં!"

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પુત્રનો આવો સવાલ સાંભળી પિતા શુભોદયે તેને ઉ જણાવ્યું કે "ભાઇ વિચક્ષણ! દુનિયામાં આ રસના તારી સ્ત્રી તરીકે પ્રસિદ્ધ થઇ ગયેલી છે તેથી એકદમ તેને અકાળે તજી દેવી તે ઠીક નથી. મારા કહેવાની મતલબ એ છે કે તારે એનો ત્યાગ કરવો હોય તો પણ ધીમે ધીમે-ક્રમે ક્રમે એને છોડતાં જવી એ વધારે ઠીક લાગશે. અત્યારે તારે એ સંબંધમાં શું કરવું ઠીક છે તે પણ હું તને વિસ્તારથી સમજાવું તે તું બરાબર સાંભળી લે. વિમર્શે વાત કરી તે ઉપરથી તારા ધ્યાનમાં આવ્યું હશે કે વિવેકપર્વત ઉપર મહામોહ વિગેરેનો નાશ કરનારા મહાત્માઓ વસે છે. હવે જો તું તેઓની સાથે રહે અને તેઓ જેવા પ્રકારનું આચરણ કરે છે તેવું આચરણ કરતો રહે તો આ રસના જો કે ઘણી દુષ્ટ છે તો પણ હે વત્સ! તને તે કાંઇ પણ કરી શકશે નહિ. એ વિવેકપર્વતપર રહેનારા મહાત્માઓ સાથે રહે અને તેમના આચાર પ્રમાણે ચાલે તેમના ઉપર રસનાની અસર કાંઇ પણ થઇ શકતી નથી, તેથી મારી સલાહ એ છે કે તું પ્રયત્ન કરીને એ વિવેકગિરિ ઉપર ચઢી જા અને રસનાના સર્વ દોષોથી દૂર રહી તારા કુટુંબ સાથે ત્યાં વાસ કર; જો કે રસના તારી સ્ત્રી તરીકે ત્યાં બધા કુટુંબીઓ વચ્ચે તારી સાથે રહેશે તો પણ તે તને કોઇ પ્રકારની પીડા ઉપજાવી શકશે નહિ."

[1]વિચક્ષણે ફરી વાર પૂછ્યું "પિતાજી! એ વિવેકપર્વત તો અહીંથી ઘણો દૂર છે, તો એટલે છેટે કુટુંબને સાથે લઇને હું કેવી રીતે જઉં અને તેમ કરવામાં મને ઉત્સાહ પણ કેવી રીતે થાય?" પિતા શુભોદયે જવાબમાં કહ્યું "ભાઇ વિચક્ષણ! તારે વિમર્શ જેવો સાળો છે તેથી એવી બાબતમાં તારે જરા પણ ચિંતા કરવા જેવું નથી. એ વિમર્શ તો જેની સરખામણી થઇ ન શકે તેવા ચિંતામણિ રત્ન જેવો છે. એ વિમર્શની પાસે એક સુંદર અંજન છે જે ઘણું અદ્ભુત કાર્ય કરનાર છે. એ અંજન તારી આંખોમાં આંજશે એટલે તે અંજનના પ્રભાવથી એ વિવેક મહાપર્વતનું દર્શન તને અહીં જ કરાવી શકશે, તારે દૂર જવાની જરૂર પડશે નહિ."

આ પ્રમાણે વાત ચાલતી હતી તે વખતે વચ્ચે પ્રકર્ષ બોલી ઉઠ્યો "પિતાશ્રી! એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. એ

---

૧ **વિચક્ષણ** આચાર્ય જે જાતે જ સંસારીપણે વિચક્ષણ કુમાર હતા તે આ વાર્તા **નરવાહન** સમક્ષ કહે છે અને રિપુદારણ નજીકમાં બેઠો બેઠો સાંભળે છે. સર્વ અનુભવ **સંસારીજીવ સદાગમ** સમક્ષ કહે છે અને **અગ્રહીતસંકેતા** સાંભળે છે-આ વાત લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગના અંજનની શક્તિનો મને પણ બરાબર અનુભવ થયો છે.[1] જ્યાં સુધી એ મહા તીવ્ર અંજનનો પ્રયોગ કરવામાં આવતો નથી ત્યાં સુધી એ વિવેકપર્વત જૈનપુર વિગેરે બરાબર દેખાઇ શકાતા નથી, પરંતુ જ્યારે એ વિમળાલોક અંજનનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે એ પર્વત અને નગર વિગેરે સર્વ જોઇ શકાય છે, એ દૂર લાગતા નથી પણ સર્વત્ર દેખાય છે-તે એ અંજનનો મહા પ્રભાવ છે."

આ પ્રમાણે હકીકત સાંભળીને વિચક્ષણે વિમર્શને કહ્યું "વિમર્શ! તારી પાસે એવું સુંદર અંજન હોય તો તે જરૂર તું મને જલ્દી આપ, જેથી મારી ચિંતા ટળી જાય અને ઇચ્છા પાર પડે."

વિમર્શે પોતાના બનેવી ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી તેને વિમળાલોક અંજન આદરપૂર્વક દર્શાવ્યું. ત્યાર પછી જેવો એ અંજનનો ઉપયોગ તેણે કર્યો કે તુરત જ તે પોતાની સમક્ષ સર્વ બાબતો દેખવા લાગ્યો, સર્વ હકીકત તેની નજર આગળ ખડી થઇ ગઇ: અગાઉ સેંકડો લોકોથી ભરપૂર સાત્ત્વિકમાનસપુર નામનું નગર વર્ણવવામાં આવ્યું હતું તે અને ત્યાર પછી અત્યંત સુંદર વિવેક નામનો વિશાળ પર્વત બતાવ્યો હતો તે પણ તેની સન્મુખ રજુ થઇ ગયો, વળી તે વિવેકપર્વતનું અપ્રમત્તત્વ શિખર વર્ણવવામાં આવ્યું હતું તે, તેમજ તેની ઉપર આવી રહેલ સુંદર જૈનપુર, તે જૈનપુરમાં રહેનારા મહાત્મા સાધુ પુરૂષો, એ નગરના બરાબર મધ્ય ભાગમાં આવી રહેલો ચિત્તસમાધાન નામનો મંડપ, એ મંડપની વચ્ચે રહેલી નિઃસ્પૃહતા નામની વેદિકા, એ વેદિકા ઉપર આવી રહેલું જીવવીર્ય નામનું મનોહર સિંહાસન, એ સિંહાસનપર બેઠેલા ચારિત્રધર્મરાજ નામના મહારાજા, એ ચારિત્રરાજનો મોટો પરિવાર-એ સર્વ વિચક્ષણના જોવામાં આવી ગયાં, તેની પાસે ખડાં થઇ ગયાં, સાથે વળી એ ચારિત્રમહારાજાના અને રાજાઓના ઉજ્જવળ સદ્ગુણો પણ તેના જાણવામાં આવી ગયા. [2]નરવાહન! તે વખતે વિચક્ષણકુમારે એ સર્વ બાબત જાણે પોતાની પાસે ખડી હોય તે પ્રમાણે સાક્ષાત્ જોઇ લીધી.

## વિચક્ષણની દીક્ષા.

વિચક્ષણ આચાર્ય પોતાની વાત આગળ ચલાવતા કહેવા લાગ્યા-રાજા નરવાહન! તે વખતે વિચક્ષણે પોતાના પિતા શુભો-

1 પ્રકર્ષને એ અનુભવ ભવચક્ર નગરમાં થયો હતો. જુઓ ચાલુ પ્રસ્તાવ પ્રકરણ ૨૧-પૃ. ૯૩૩-૩૪.

2 આચાર્ય વિચક્ષણ કહે છે—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દયને સાથે લઇ લીધા, પોતાની માતા નિજચારૂતા તથા બુદ્ધિ ભાર્યાને સાથે રાખી લીધી, પોતાના સાળા વિમર્શને પણ સાથે જોડી દીધો, છાતી ઉપર બેઠેલા પ્રિયતમ પ્રકર્ષ પુત્રને પણ સાથે રાખી દીધો અને પોતાની ભાર્યા રસનાને પણ વદનકોટરમાં સાથે જ રહેવા દીધી, માત્ર એકલી લોલતા દાસીને અત્યંત નિંદનીક ધારીને છોડી દીધી, અપમાનપૂર્વક તેનો તિરસ્કાર કરીને ધકેલી દીધી. એ દાસી સિવાય[1] આખા કુટુંબને સાથે લઇને તે (વિચક્ષણ) ગુણધર નામના આચાર્ય પાસે આવી પહોંચ્યો અને દીક્ષા ગ્રહણ કરી. હે રાજન્! પછી મને દીક્ષા આપી છે એમ માનતો વિચક્ષણ જૈનપુરમાં રહેતા બીજા મહાત્મા સાધુઓની વચ્ચે રહેવા લાગ્યો. ત્યાર પછી એ ગુણધર આચાર્યે પોતાનો સર્વ આચાર વિચક્ષણમુનિને શીખવ્યો, એ આચારની આસેવના પરમ ભક્તિપૂર્વક કરવામાં આવી અને વિચક્ષણે એ રસનાને લગભગ એટલી તો નિર્માલ્ય બનાવી દીધી કે તે તો તદ્દન વિસર્જન થવા જેવી જ થઇ ગઇ, તે કાંઇ પણ ન કરી શકે તેવી સ્થિતિમાં તેને મૂકી દીધી, અર્થાત્ તેને તદ્દન નકામા જેવી બનાવી દીધી. આખરે ગુરૂમહારાજે એ વિચક્ષણમુનિને પોતાના પદઉપર સ્થાપી તેને આચાર્ય બનાવ્યો. એ વિચક્ષણ બીજે પણ ફરતા હરતા દેખાય છે તો પણ પરમાર્થથી એ વિવેક મહાગિરિના શિખરપર આવી રહેલા જૈનપુરમાં જ વસે છે એમ સમજવું. મહારાજ નરવાહન! એ વિચક્ષણ કુમાર અને વિચક્ષણ આચાર્ય બીજો કોઇ નહિ પણ હું જ છું! વિવેકપર્વતપર સાધુઓ છે એમ કહ્યું હતું તે આ અહીં બેઠેલા સાધુઓ સમજવા. રાજન્! તેં મને પૂછ્યું હતું કે નાની ઉમરમાં મારા વૈરાગ્યનું કારણ શું બન્યું હતું તે મેં તને વિસ્તારથી કહી સંભળાવ્યું. આવી રીતે પૂર્વે બતાવેલા કારણોથી મેં દીક્ષા લીધી હતી.[2]

## રસના કથાનક સંપૂર્ણ.

* * * *

[1] દીક્ષા વખતે શુભોદય નિજચારૂતા વિગેરે સર્વને સાથે રાખવાની જરૂર છે, રસનાનો ત્યાગ તો થઇ શકતો નથી, પણ તેમાંથી લોલતા નીકળી જાય તો પછી તેની ચીકણાશ રહેતી નથી. લોલતા દાસીને કાઢી મૂકવામાં બહુ રહસ્ય છે તે વિચારી લેવું.

[2] પૃ. ૭૬૨ થી શરૂ થતી વાર્તા અત્ર પૂર્ણ થાય છે. આ પ્રસ્તાવના પ્રકરણ ત્યાંથી તેની શરૂઆત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૩૯ મું.

## નરવાહન દીક્ષા—રિપુદારૂણને રાજ્ય.

અનેક રહસ્યોથી ભરપૂર રસનાની મૂળશુદ્ધિ માટે યોજાયલું પણ આખા ભવચક્રનો અદ્ભુત ખ્યાલ આપનારૂં, મામાભાણેજના પ્રસંગથી વિકસ્વર બનેલું અને કવિત્વના ચમત્કારથી સુશોભિત બનેલું, ભવ્ય વિશાળ વિચક્ષણસૂરિનું ચરિત્ર પૂર્ણ થયું, તેના રના જુદા જુદા રસોનું પાન કર્યું. ચરિત્ર પૂરું કરી આચાર્ય અટક્યા નહિ, પણ વાર્તા આગળ ચલાવી, જ્ઞાનનું ફળ પ્રાપ્ત કરાવવાના મુદ્દાથી તેઓએ પ્રસંગ સાધ્યો. તેઓશ્રી (વિચક્ષણસૂરિ) બોલ્યા "એ પ્રમાણે હકીકત હોવાથી, હે રાજન્! આના દુઃખથી અને દોષથી બચવા ખાતર મેં દીક્ષા લીધી કહેવાય છે તેનો તો હજુ સુધી મેં સર્વથા ત્યાગ કર્યો નથી, એટલું જ નહિ પણ મારા અગાઉના [1]આખા કુટુંબનું પણ હજુ સુધી હું પાલન ઘાટે વધતે દરજ્જે કર્યા કરૂં છું, તો હે રાજન્! તમેજ કહોને કે એવા સંયોગોથી ઘેરાયલા મને દીક્ષા કે પ્રવ્રજ્યા ક્યાંથી હોઇ શકે? આ પ્રમાણે હોવા છતાં તમારો મારા તરફ આટલો બધો ઉચ્ચ ભાવ છે તેનું કારણ હું સમજતો નથી.[2] દોષવાળા પ્રાણીઉપર પણ ગુણનો આરોપ કરનાર અને જગત્‌ને આહ્લાદ ઉત્પન્ન કરનાર જેની સુંદરતાની તુલના ન થઇ શકે એવો

---

૧ આ વાર્તાવિલાસ આચાર્ય અહીં અંતર કુટુંબ સાથે આવ્યા છે તેને લઇને ચાલે છે. કુટુંબી હોય તેને દીક્ષા કેમ હોઇ શકે? એવી બાબત લઇને આચાર્ય નમ્રતા બતાવે છે. વાસ્તવિક રીતે આંતર કુટુંબ છે તે લક્ષ્યમાં રાખવું.

૨ મારામાં ગુણ ન છતાં તમે મારૂં ગૌરવ વધારો છો તે કાં તો સજ્જન પ્રકૃતિ છે અથવા તો જૈન લિંગનો મહિમા છે; બાકી આચાર્ય કહે છે કે પોતે તેવા માનને લાયક નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશુદ્ધ આંતરભાવવાળા સજ્જનની પ્રકૃતિનો શું એ ગુણ હશે? કહ્યું છે કે **સંત પુરૂષોની** દૃષ્ટિ તો કોઇ અપૂર્વ ધનુષ્યયષ્ટિ જેવી છે, કારણ કે ધનુષ્યયષ્ટિ તો અવસરે ગુણારોપણ કરે છે, પરંતુ સંતપુરૂષોની દૃષ્ટિ તો પ્રસંગ વગર પણ ગુણારોપણ[1] કરવા તૈયાર જ રહે છે. અથવા રાજન્! આ જૈન લિંગ જે ત્રણ ભુવનને નમસ્કાર કરવા યોગ્ય છે અને જેણે પોતાના પરમાર્થશત્રુઓને મારી હઠાવી દીધા છે અને જે લિંગને અમે આદરીને બેઠા છીએ તે જૈન લિંગનો (મહાવીર ભગવાનના વેશનો) શું આ ગુણ છે? કારણ કે એ તો પ્રસિદ્ધ રીતે કહેવામાં આવે છે કે જેના હાથમાં જૈન લિંગ પ્રાપ્ત થયેલું જોવામાં આવે છે તેમને દેવો અને દેવના ઇંદ્રો પણ અત્યંત ભક્તિના રસથી પૂજે છે, સેવે છે અને તેને ઘણું માન આપે છે. રાજન્! હું તો હજુ મારા કુટુંબમાં રહ્યો છું અને [2]ગૃહસ્થના આચારને ધારણ કરી રહ્યો છું છતાં એવા પ્રકારના મુશ્કેલ કામ કરનાર (દુષ્કરકાર) તરીકે મને ધારવામાં આવે છે તેનું કોઇ બીજું કારણ છે?"

સંતપુરૂષોનો ગુણારોપ.

**નરવાહનનું અપૂર્વ ચિંતવન.**
**ચિંતવનથી સત્ય માર્ગની પીછાન.**
**પીછાન થઇ ગયા પછીનું અન્વેષણ.**

JAINSITE .com जैन साइट जैनम् जयति शासनम्

વિચક્ષણસૂરિ આપ્રમાણે બોલતા હતા તે વખતે તેમના મનમાં જે કાંઇ મદ બાકી રહ્યો હતો તે પણ ગળી જતો હોય એમ સ્પષ્ટ જણાઇ આવતું હતું. નરવાહન રાજાએ વિચાર કર્યો કે અહો! આ આચાર્યે તો પોતાનું ચરિત્ર એવી સારી રીતે કહ્યું કે તે સાંભળતાં તો મારો મોહ પણ નાશ પામી ગયો! અને આ ભગવાનની વાત કહેવાની અને બોલવાની રીતભાત પણ કેવી સુંદર છે! અને તેમનું વિવેકીપણું પણ કેવું આશ્ચર્યકારી છે! કેવી સુંદર તેમની મારા ઉપર મેહેરબાની જણાય છે! અને એમણે તો કોઇ અદ્ભુત પરમાર્થ જાણ્યો છે! આચાર્ય ભગવાન્ પોતે જે વાત કરી રહ્યા છે તે વાતનું રહસ્ય મારા જાણવામાં આવી ગયું છે.

---

૧ **ગુણારોપણ:** (૧) ગુણ-સદ્ગુણનું આરોપણ કરવું. સજ્જન સર્વત્ર ગુણ જ જુએ છે; (૨) ગુણા એટલે પણછ. સાધારણ ધનુષ્યયષ્ટિ ઉપર તો પ્રસંગ આવી પડે ત્યારે જ પણછ ચઢાવવામાં આવે છે. શ્લેષાલંકાર છે.

૨ સૂરિના આ અત્યંત નરમાશ બતાવનારા શબ્દો છે. એનું કુટુંબ તો આંતર કુટુંબ હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર પ્રમાણે પોતાના મનમાં ચિંતવન કર્યા પછી નરવાહનરાજા આચાર્ય મહારાજ પ્રત્યે બોલ્યા "ભગવન્! આ લોકમાં આપને શુભોદય, નિજચારૂતા, બુદ્ધિદેવી, વિમર્શ, પ્રકર્ષ વિગેરેનું જેવું સુંદર કુટુંબ મળી ગયું છે તેવું સુંદર કુટુંબ મારા જેવા ભાગ્યહીન પ્રાણીઓને મળતું જ નથી. આપ તો ખરેખરા ભાગ્યશાલી છો. જૈન લિંગમાં રહીને આવા સુંદર પ્રકારના (અંતરંગ) કુટુંબની પોષણા કરનાર ગૃહસ્થો આપના જેવા ભગવાન્ તુલ્ય ગણાય. આપશ્રીએ તો હદ કરી છેઃ જુઓ, આપ મહાત્માએ યુક્તિપૂર્વક રસનાને તો તદ્દન માલ વગરની અને તમારાપર બીલકુલ અસર ન કરી શકે તેવી બનાવી દીધી છે અને તેનાથી પણ વધારે ખરાબ તેની દાસી લોલતા છે કે જેને આ દુનિયામાં ન જીતી શકાય તેવી ધારવામાં આવે છે તેને તો આપે તદ્દન હઠાવી જ દીધી છે; વળી આપે મહામોહ અને તેના આખા વર્ગને જીતી લીધો છે અને આપ પોતાના આખા કુટુંબને સાથે રાખીને અતિ સુંદર જૈન નગરમાં આવીને રહ્યા છો; વળી સર્વ સાધુઓની વચ્ચે સ્થિર થઇ ગયા છો; આપને દુષ્કર કામ કરનાર તરીકે મેં વર્ણવ્યા તે સંબંધમાં આપ વાંધો લો છો, પણ જો આપને દુષ્કર કામ કરનાર તરીકે ગણવામાં ન આવે તો બીજા આ દુનિયામાં દુષ્કર કામ કરનાર કોને ગણવા તે હું સમજતો નથી. સાહેબ! હું આપને એક બીજી વાત પૂછી લઉંઃ આપના સંબંધમાં આખા જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે તેવો વૃત્તાંત બન્યો તે જ પ્રમાણે હકીકત જે કોઇના સંબંધમાં બનતી હોય તે સર્વ ખરેખર વંદન પૂજનને યોગ્ય છે, તેઓ નમન કરવાને યોગ્ય છે એમ મને લાગે છે; તો મારે પૂછવાનું એ છે કે સાહેબ! આ સર્વ સાધુઓ આપની પાસે છે તેમના સંબંધમાં પણ એવો જ બનાવ બન્યો હશે કે નહિ? તે આપ મને જણાવો."

*સર્વ ચરિત્રોની એક વાકયતા.*

આચાર્ય વિચક્ષણે ઉત્તરમાં જણાવ્યું "નરવાહન! સર્વ સાધુઓના સંબંધમાં આવા જ પ્રકારનો બનાવ બને છે એમાં જરા પણ સંશય જેવું નથી. વળી એક બીજી વાત પણ તને કહી દઉં: જો, મેં જે પ્રમાણે કર્યું છે તેવું તું તારા સંબંધમાં કરે તો તારા સંબંધમાં પણ એવો જ વૃત્તાંત બને, માત્ર તારે પણ મારી પેઠે પ્રયત્ન કરવો જોઇએ. તારી ઇચ્છા હોય તો તને એક ક્ષણવારમાં વિવેકપર્વત બતાવી દઉં એટલે પછી જેવું મારૂં કુટુંબ થયું તેવું જ તારૂં કુટુંબ પણ તુરતમાં જ આપોઆપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઇ જશે. વળી ત્યાર પછી થોડા જ વખતમાં તું મહામોહ રાજા અને તેના ખાસ પરિવાર પર જાતે જ વિજય મેળવી શકીશ અને લોલતાનો તિરસ્કાર કરીને સર્વ સાધુઓની વચ્ચે રહી આનંદ કરી શકીશ."

## નરવાહનને વૈરાગ્ય-દીક્ષા.

વિચારની સ્થિરતા.

વિચક્ષણ આચાર્યના આવાં સુંદર વચનો સાંભળીને રાજા નરવાહન પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો! આચાર્ય ભગવાને જે વાત કરી તે તો દીવા જેવી ખુલ્લી જણાય છે. વાતનો સાર એ છે કે **य एवोत्सहते दोर्भ्यां, तस्यैव प्रभुता करे।** જે બાહુબળથી ઉત્સાહ રાખીને આગળ વધે છે તેના હાથમાં પ્રભુતા આવે છે, પણ પ્રયત્ન કર્યા વગર કાંઇ મળતું નથી અને પ્રયત્ન કરનારને જે જોઇએ તે મળે છે. તેટલા માટે ભગવાન્ મને કહેતા હોય એમ જણાય છે કે 'હે રાજન્! ભગવંતના મતની દીક્ષા તું ગ્રહણ કર, જેને પરિણામે પોતાની જેવાને જે કાંઇ પ્રાપ્ત થયું છે તે (દીક્ષા લેનાર) તને પણ પ્રાપ્ત થાય.' અરે ખરેખર, મહાત્મા આચાર્યે તો મને ખરેખરો ઉત્તમ ઉપદેશ આપ્યો છે, માટે હવે તો હું દીક્ષા લઇ જ લઉં. નરવાહન રાજાએ આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કર્યો. વિચક્ષણસૂરિનું વૃત્તાંત સાંભળી વૈરાગ્યવાસિત અંતઃકરણ થતાં નરવાહન રાજાના અનિષ્ટ પાપ પ્રકૃતિના પરમાણુઓનો નાશ થયો અને તેથી રાજા તે જ વખતે વિચક્ષણ આચાર્યના પગમાં પડ્યો અને બોલ્યો કે "ભગવન્! જો મારામાં કોઇ પણ એવા પ્રકારની યોગ્યતા આપ જોઇ શકતા હો તો તમારા જેવાએ જે કાંઇ કર્યું છે તેવું જ હું કરવા ઇચ્છા રાખું છું. વધારે વાતો કરવાથી શું? મારા ઉપર કૃપા કરીને આપ મને જૈન મતની દીક્ષા આપો. મને પૂર્ણ આશા છે કે આપસાહેબની કૃપાથી સર્વ સારાં વાનાં થશે."

નિશ્ચયમાં સ્થિરીકરણ.

વિચક્ષણસૂરિએ જવાબમાં ફરીવાર કહ્યું કે-"હે રાજન્! તેં જે નિશ્ચય કર્યો છે તે ઘણો સારો છે, તારા જેવા ભવ્યપુરૂષોએ એ પ્રમાણે કરવું એ જ ખાસ યોગ્ય કર્તવ્ય છે. મને ખાતરીપૂર્વક એમ લાગે છે કે મારા વાક્યમાં જે ગૂઢ ભાવ રહ્યો હતો તે તું બરાબર સમજી ગયો છે અને તેનો શુભ આશય તારા ધ્યાનમાં આવી ગયો છે અને તેથી તેવી સાચી સમજણને પરિણામે તને આવો સારો ઉત્સાહ થઇ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યો છે એ બહુ સારૂં થયું છે, કારણ કે જ્યારે મહામોહ વિગેરે જબરજસ્ત શત્રુઓ ભયંકર રીતે ચારે તરફથી ઘેરો ઘાલીને કુદાકુદ કરી રહ્યા હોય ત્યારે સુંદર જૈન નગર જે મજબુત કિલ્લાવાળું છે અને જે સારી રીતે રક્ષણ આપનાર છે તેનો આશ્રય કોણ ન લે? એવા જબરા હલ્લા વખતે તો સારા કિલ્લાનો આશ્રય કરવો તે તદ્દન ઉચિત જ ગણાય. ગૃહવાસ (સંસારવાસ) તો દુઃખસમૂહથી ભરપૂર છે, તેથી જે પ્રાણીને સુખના ભંડાર રૂપ જૈનપુરની બરાબર ખબર હોય તે એવા ગૃહવાસમાં ચિંતા વગરનો થઇને તે કેમ પડ્યો રહે! સમજુનું એ કર્તવ્ય નથી, ડાહ્યા માણસનું એ કામ નથી, સુજ્ઞનું એમાં ભૂષણ નથી. માટે આવા મોટા ભયને વખતે એક ક્ષણ પણ ઢીલ કરવી ઉચિત નથી. હવે જ્યારે તારા સમજવામાં તત્ત્વરહસ્ય આવી ગયું છે તો તારે તો જૈનપુરમાં પ્રવેશ કરી દેવો એ જ યોગ્ય છે."

**રાજ્યની ચિંતા. પુત્રત્યાગ માટે ખેદ.**
**સ્ફટિક જેવા નિર્મલ મનનાં વિશુદ્ધ વહનો.**
**આચાર્યશ્રીને પ્રશ્ન અને તેનો જવાબ.**

આવા વિચારને પરિણામે રાજાના મનમાં દૃઢ ઇચ્છા થઇ કે હવે જરૂર દીક્ષા લેવી. એવી પ્રબળ ઇચ્છાને લઇને રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે-આ મારા રાજ્યની જવાબદારી ઉપર હું કોને સ્થાપન કરૂં? શું મારો પુત્ર (રિપુદારણ) રાજ્યને યોગ્ય છે? હે [1]અગૃહીતસંકેતા! હું રિપુદારણ તે વખતે ત્યાં નજીક બેઠેલો હતો, તદ્દન દુઃખીઆ જેવો, નિર્ભાગી જેવો લાગતો હતો અને મારૂં રૂપ એક તદ્દન ભીખારી જેવું લાગતું હતું. હકીકત એમ બની કે તે વખતે જ્યારે મારા પિતા નરવાહનરાજાએ મારી સામું જોયું તે વખતે પુણ્યોદય નામનો પૂર્વ કાળનો મારો મિત્ર જો કે શરીરે બીલકુલ લેવાઇ ગયેલો અને નિર્બળ થઇ ગયો હતો તો પણ જરા સ્ફુરતા પામ્યો, જરા હાલ્યો ચાલ્યો અને તેણે કાંઇક જીવન બતાવ્યું; તેથી મારા પિતાશ્રીએ નિર્મળ અંતઃકરણથી મારી તરફ દૃષ્ટિપાત કરતાં તેને દેખ્યો અને તેથીજ પિતાશ્રીને મારા તરફ આદર થયો. મને જોતાં જ મારા પિતાશ્રીના મનમાં મારી પૂર્વેલી વાત સાંભરી આવી; તેમને એમ

---

1 સદાગમ સમક્ષ સંસારીજીવ પોતાનો અનુભવ કહે છે, રિપુદારણના ભવની વાત ચાલે છે. અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળા સાંભળે છે-આ ભૂમિકા આખી વાર્તામાં લક્ષ્યમાં રાખવાની છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

લાગ્યું કે પોતે મને ઘરમાંથી કાઢી મૂક્યો તેને લઇને જ હું અત્યંત દીલગીરી ઉત્પન્ન કરે તેવી ખરાબ સ્થિતિમાં આવી ગયો હતો અને એવી મારી ખરાબ સ્થિતિનું કારણ પોતે જ હતા. તેઓના મનમાં એમ પણ થયું કે અહો! પોતે જાતે છોકરાને તિરસ્કાર કરીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો તે જરાએ ઠીક કર્યું ન હોતું, કારણકે ઝેરી ઝાડ પણ એકવાર જાતે જ પાણી પાઇને વધાર્યું અને પછી તેને પોતાને જ હાથે કાપી નાખવું એ અયોગ્ય છે. વાસ્તવિક વાત તો એ હતી કે એવું ઝેરનું ઝાડ વાવવું જ ન હોતું. અત્યારે અવસર પ્રમાણે તો મારે આ છોકરા રિપુદારૂણની [1]પૂજા (સત્કાર) કરીને રાજ્ય ઉપર તેનો અભિષેક કરી પુત્ર પ્રત્યે મારી પિતા તરીકેની ફરજ બજાવવી. સજ્જન પુરૂષોએ તેમ કરવું ઉચિત છે અને એજ મારા તેના પ્રત્યેના પૂર્વના તેવા આચરણની શુદ્ધિ છે, એ પ્રમાણે કરવાથી હું કૃતકૃત્ય થઇશ, અને એવી રીતે રાજ્યની વ્યવસ્થા કરીને પછી હું નિર્મળ દીક્ષા ગ્રહણ કરીશ; અને અગૃહીતસંકેતા! તે વખતે હું તો દોષનો ભંડાર હતો તો પણ મારા પિતાશ્રીનું મન એવું સુંદર હતું તેનું કારણ છે તે તું સમજ. સજ્જન પુરૂષોનાં મન માખણ જેવાં સુકોમળ હોય, તેને જ્યારે પશ્ચાત્તાપ (પછવાડેથી થતો તાપ[2]-પસ્તાવો) નો સંબંધ થાય છે ત્યારે તે પીગળી જાય છે એમાં જરા પણ શંકા જેવું નથી. જે પ્રાણીઓનાં મન મેલ લગરનાં થઇ ગયાં હોય છે તેઓને તેમનો પોતાનો આત્મા સ્ફટિક જેવો શુદ્ધ હોય તો પણ તે દોષવાળો લાગે છે અને અન્ય મનુષ્ય દોષના ઢગલા હોય તો પણ તદ્દન નિર્મળ લાગે છે. મહા બુદ્ધિશાળી માણસો જેઓ પરોપકાર કરવામાં નિરંતર તત્પર હોય છે તે કદાચ કોઇ કારણને લઇને જરા કઠોર વચનવાળા-આકરા ગયા હોય તો પણ પછી જ્યારે તેઓ પોતાનું કરેલું કર્મ ય કરે છે, પોતે લીધેલા વલણ પર વિચાર કરે છે, ત્યારે તેમના મન જરૂર પશ્ચાત્તાપ થાય છે.

ઉપર પ્રમાણે વિચાર કર્યા પછી તુરત જ પિતાએ મને પોતા પાસે બોલાવી ખોળામાં બેસાડ્યો અને તેજ વખતે મારા પિતા

---

૧ પોષેલા વિષવૃક્ષને છેદાય નહિ એ ન્યાય વિચારવા યોગ્ય છે. પુત્રધર્મ અને સમાજધર્મ વચ્ચે વિરોધ છે. નરવાહનનો નિર્ણય એકલ્પ કારાય તેવો જણાતો નથી.

૨ તાપમાં રહેલ ગરમી માખણને પીગળાવે છે—એ શ્લેષ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગદ્‌ગદ વાણી વડે વિચક્ષણસૂરિને સવાલ કર્યો "મહારાજ! આપ તો જ્ઞાનચક્ષુવાળા છો, આપ સર્વ હકીકત જાણી શકો છો તો આપના તો ધ્યાનમાં હોવું જ જોઇએ કે રિપુદારૂણ આવા કુળમાં જન્મ્યો, તેને આવી સુંદર સામગ્રી મળી, છતાં તેનું આવું માઠું ચરિત્ર કેમ થયું? મહારાજ! આવી સામગ્રીવાળા ઉત્તમ કુળમાં તેનો જન્મ હોવા છતાં તેનું ચરિત્ર ખરાબ કેમ થયું? આપ મને તે જણાવો. આપની જ્ઞાન-દૃષ્ટીમા એ બાબતનો બરાબર ખુલાસો હોવો જોઇએ."

"રાજન્ નરવાહન!" આચાર્યે ઉત્તરમાં જણાવ્યું, "એ બાબતમાં આ બાપડા રિપુદારણનો કાંઇ દોષ નથી. એનું ખરાબ ચરિત્ર થયું તેનું કારણ તેના શૈલરાજ અને મૃષાવાદ નામના બે મિત્રો છે. એ બન્નેને લઇને જ તેની એ સ્થિતિ થઇ છે.

"મહારાજ વિચક્ષણજી!" મારા પિતાએ પૂછ્યું "એ મૃષાવા અને શૈલરાજ તો કુમારને મોટા અનર્થ કરનારા છે, પાપી મિત્રો છે; પણ કુમારને એ બન્નેથી હવે વિયોગ ક્યારે થશે? એની સોબતથી કુમાર કેવી રીતે છૂટી શકશે? તે આપ જણાવો."

**શૈલરાજ-મૃષાવાદમુક્તિઉપાય.**
**મૃદુતા-સત્યતા કન્યાશોધ.**
**પ્રયોજનચિંતકનું અનેરાપણું.**

"વાત એમ છે" આચાર્યે ઉત્તર આપતાં જરા સ્મિત કરીને જણાવ્યું, "કે એ શૈલરાજ અને મૃષાવાદ જો કે ઘણા પાપી અને અનર્થ કરનાર છે, છતાં તેના ઉપર રિપુદારણની ઘણી પ્રીતિ છે તેથી તેઓનો સંબંધ એકદમ છૂટે તેમ નથી, પરંતુ ઘણો કાળ વીત્યા પછી જ્યારે કારણ મળશે ત્યારે બન્નેનો વિયોગ થઇ જશે. એ બંનેનો વિયોગ કરનાર શું કારણ છે તે હાલ હું તને જણાવું છું.

"એક શુભ્રમાનસ નામનું નગર છે, ત્યાં [1]શુદ્ધાભિસન્ધિ નામનો રાજા છે, એ ઘણો પ્રસિદ્ધ અને કીર્તિવાળો છે. તેને બે રાણીઓ છે: એકનું નામ વરતા છે; બીજીનું નામ વર્યતા છે. એ પ્રત્યેક રાણીથી રાજાને એક એક દીકરી થયેલી છે. એકનું નામ મૃદુતા

---

૧ **શુભ્રમાનસ** નગર એ શુભ મન છે. **શુદ્ધ** બાબતસાથે સંયોગ કરાવનાર શુદ્ધાભિસંધિ રાજા છે. **વરતા** અને **વર્યતા** એટલે સારાપણું છે. **મૃદુતા** એટલે નમ્રતા-અક્ષમાનત્યાગ છે. **સત્યતા** પ્રસિદ્ધ છે. એ બન્નેનો સંયોગ થતા **શૈલ-રાજ** ( અભિમાન ) અને **મૃષાવાદ** ( અસત્ય ભાષણ ) ચાલ્યા જાય એ બરાબર યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, બીજીનું નામ સત્યતા છે. એ બન્ને કન્યાઓ આખા રાજભુવનને આનંદ આપનારી છે, ઘણી મનોહર છે, સાક્ષાત્ અમૃતરૂપ છે, સર્વેને સુખ આપનારી છે અને સંસારી પ્રાણીઓને તે મળવી અત્યંત દુર્લભ છે; હવે જો કોઇ પણ પ્રકારે તારા પુત્રને એ કન્યાઓ મળી જાય-તેની સાથે કુમારના લગ્ન થાય તો તેઓના સંયોગથી પેલા શૈલરાજ અને મૃષાવાદ સાથેનો કુમારનો સંબંધ છૂટી જાય એમ છે. એનું કારણ એ છે કે એ બન્ને કન્યાઓ ગુણોનો સમૂહ છે, ગુણોથી ભરપૂર છે અને આ કુમારના મિત્રો શૈલરાજ અને મૃષાવાદ દોષના ઢગલા છે, દોષોથી ભરેલા છે. તેથી તે બન્ને પાપી મિત્રો અને પેલી ગુણવાન્ કન્યાઓ એક સાથે એકી વખતે રહે તે બને તેવું જ નથી. હવે એ બન્નેના લગ્ન ક્યારે અને કેવી રીતે થશે, કોણ કરશે અને કેવા સંયોગોમાં થશે તેની ચિંતા કરનાર અને યોજના કરનાર[1] તો કોઇ બીજો જ છે, એમાં તારી યોજના કે વિચાર કામ આવે તેમ નથી. રાજન્! તારે અત્યારે જે કરવાની હોંસ થઇ આવી છે અને જે કરવું તને ઇષ્ટ છે તે તું ખુશીથી કર.”

આચાર્યમહારાજનાં આવાં વચન સાંભળી નરવાહન રાજા વિચાર કરવા લાગ્યો કે- અહો ! મારા છોકારાના આવા બે મોટા શત્રુઓ એની પાસે નિરંતર રહે છે એ તો ઘણું ખરાબ! બહુ ભુંડું! ખરેખર, આ તો મોટી પીડા છે! ખરેખર, એ બાપડો રિપુદારણ જેવો જોઇએ તેવો રિપુદારણ[2] તો નથીજ, પરંતુ આ બાબતમાં અત્યારે ઉપચાર જ થઇ શકે તેવું નથી ત્યારે કરવું પણ શું? માટે મારે તો આ સર્વ બાહ્ય બાબતોનો સંગ છોડી દઇને મારા આત્માને હિત થાય તેવું કરવું. આ બાબતમાં કાંઇ વળે તેવું લાગતું નથી. આગળ ઉપર એના નસીબમાં હશે તે પ્રમાણે થઇ રહેશે.

---

૧ એ બાબતની યોજના કર્મપરિણામ અને કાળપરિણતિ ઉપર રહે છે સ્થિતિ પરિપક્વ થાય ત્યારે પુરૂષાર્થ કરવામાં આવે તો સફળ થાય છે. પિતા ગમે તેટલી યોજના કરે તો તે નિષ્ફળ થાય તેમ છે એવાં વચન આચાર્યે કહ્યા રાજાએ આચાર્યનાં બે વચન પકડી લીધાંઃ એક તો એ બાબતમાં રિપુદારણનો પોતાનો કાંઈ દોષ નથી અને બીજું અત્યારે તે બાબતમાં કાંઇ થઇ શકે તેવું નથી

૨ દુશ્મનનો વિનાશ કરે તે રિપુદારણ કહેવાય, પરંતુ આ કુંવર તે દુશ્મનનો વિનાશ કરનાર નથી, કેમકે તેના બે શત્રુઓ હાલમાં તેની દુર્દશા કરી રહ્યા છે અને એ તેમનો તાબેદાર બની રહ્યો છે. રિપુદારૂણ નામ લઇએ તો શત્રુ તરફ સખ્ત, ભયંકર. એ નામ પણ અત્યારે સાર્થક નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રિપુદારણને રાજ્ય.**
**નરવાહનની દીક્ષા.**
**વિવેકે અને બાહ્યદેશે.**

અગૃહીતસંકેતા! ત્યારપછી તુરત યોગ્ય તૈયારી કરી મારા પિતા **નરવાહને** મને (રિપુદારણને) રાજ્ય ઉપર અભિષેક કર્યો, તે પ્રસંગે કરવા યોગ્ય સર્વ ક્રિયાઓ કરી, દાન દીધાં અને આચાર્ય વિચક્ષણ ગુરૂ પાસે દીક્ષા લઇ મારા પિતા **નરવાહનરાજાએ** રાજ્યનો ત્યાગ કર્યો અને મને રાજ્યચિંતા સોંપી દીધી. મારા પિતા આચાર્ય મહારાજશ્રી વિચક્ષણ સાથે વિવેકપર્વત ઉપર ગયા છતાં પોતે અત્યંત બુદ્ધિશાળી હોવાથી ગુરૂ મહારાજની સાથે બાહ્ય પ્રદેશોમાં પણ વિહાર કરતા રહ્યા.

# પ્રકરણ ૪૦ મું.

## રિપુદારણનો ગર્વ અને પાત.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

નરવાહન રાજા વિવેકપર્વતે ગયા, બાહ્ય આંતર પ્રદેશે ફરતા રહ્યા અને રિપુદારણ રાજ્યાસનપર આવ્યો, પાતળા પુણ્યોદયે એની સ્થિતિ ફેરવી આપી, આવે વખતે અગૃહીતસંકેતા સાંભળે તેમ પોતાની બનેલી વાર્તા આગળ ચલાવતાં સંસારીજીવ કહે છે—

**પાપી મિત્રોનું જોર.**
**જોરની સ્પષ્ટ અસર.**
**પાતળો પણ પુણ્યોદય.**

તે વખતે મને (રિપુદારણને) રાજ્ય મળ્યું એટલે મારા ખાસ મિત્રો **શૈલરાજ** અને **મૃષાવાદ** ઘણા ખુશી થયા અને તેઓ સમજ્યા કે હવે તેમને પાછો સારી રીતે અવકાશ મળશે. ત્યાર પછી તો તેઓ નિરંતર મારી પાસે રહેવા લાગ્યા, મારા પ્રેમમાં વધારો કરવા લાગ્યા અને પોતાના જોરમાં અને કાબુમાં પણ વધવા લાગ્યા. શૈલરાજના પ્રતાપથી મને તે વખતે આખું જગત એક તરણા જેવું લાગતું હતું અને જૂઠું બોલવું એ તો જાણે મ્હોંમાંથી પાણીનો કોગળો

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બહાર કાઢવા જેવું હતું.[1] એવા સંયોગોમાં મશ્કરા પુરૂષો મારી અંદર અંદર મશ્કરી કરતા હતા, પંડિત લોકો પોતાની અંદર મારી નિંદા કરતા હતા, ધૂતારા લોકો કાંઇ મીઠાં, ખુશામતનાં, ખોટાં વચનો કહે તેથી હું રાજી રાજી થઇ જતો હતો. મારામાં અભિમાન અને અસત્યનું એવું સામ્રાજ્ય સ્થાપન થઇ ચૂક્યું હતું કે હું તેઓને બરાબર વશ થઇ ગયો હતો; પરંતુ હજુ મારો પુણ્યોદય મિત્ર અંદરથી જોર આપ્યા કરતો હતો, તેને લઇને મેં કેટલાંક વર્ષ સુધી આનંદથી રાજ્ય પાળ્યું, મારાં બન્ને પાપી મિત્રો મારી પાસે હતા છતાં પણ મારૂં પુણ્ય તપ્યાં કર્યું. એવી રીતે રમત માત્રમાં કેટલાંક વર્ષો પસાર થઇ ગયાં.

* * *

**તપન ચક્રવર્તીનું આગમન અને તત્સત્કાર પ્રેરણા.**
**શૈલરાજની અસર તળે—મૃષાવાદને પાલવે.**
**અસત્ય બોલીને ન ગયો, અભિમાનથી ન નમ્યો.**

હવે તે વખતે ઉગ્ર પ્રતાપી આજ્ઞાવાળો અને શત્રુને તાપ કરનાર આખી દુનિયા ઉપર પોતાનું સાર્વભૌમપણું સ્થાપન કરનાર તપન નામનો એક ચક્રવર્તી રાજા હતો તે પૃથ્વી જોવાની ઇચ્છાથી પોતાના આખા લશ્કર અને બીજી સામગ્રી સાથે ભમતો ભમતો સિદ્ધાર્થ નગરે આવી પહોંચ્યો. મારા મોટા મંત્રીઓને તેના આવવાના સમાચાર મળી ગયા. તેઓ રાજનીતિમાં ઘણા કુશળ હતા તેથી તેઓએ મારૂં હિત લક્ષ્યમાં રાખી એકઠા થઇને મને કહ્યું કે "આ પૃથ્વીપતિ તપન નામનો ચક્રવર્તી દુનિયામાં સર્વથી મોટો છે તેથી હે દેવ! તેની સન્મુખ જઇ તેના દરજ્જાને યોગ્ય તેનું સન્માન કરો, તેનો આદર સત્કાર કરો. એ તપન ચક્રવર્તી સર્વ રાજાઓને ખાસ કરીને પૂજ્ય છે, તમારા પિતા અને વડિલો તેની પૂજા કરતા હતા, તેની આજ્ઞા સ્વીકારતા હતા અને તેને યોગ્ય માન આપતા હતા અને અત્યારે તો ચાલી ચલાવીને તમારે ઘરે (પરોણા તરીકે) તે આવ્યા છે તો ખરેખર, તે વધારે અને ખાસ માનને યોગ્ય છે માટે આપે તેની બરાબર પરોણાગત કરવી જોઇએ."

તે અરસામાં શૈલરાજે મારી ચેતનામાં પોતાનું ઝેર દાખલ કર્યું

---

૧ મતલબ કે જૂઠું બોલવામાં કોઈ પ્રકારનો વિવેક આડો આવી સ્ખલના કરતો નહોતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શૈલરાજનો ધમધમાટ.

હતું અને તેની અસર મારા સર્વ અંગો ઉપર ઘણી થયેલી હોવાથી હું ધમધમાયમાન થઇ ગયો અને સર્વાંગે સ્તબ્ધ બની ગયો. એવા પ્રકારની સ્થિતિમાં મેં મંત્રીઓનાં વચનો સાંભળી તેમને જણાવ્યું "અરે મૂર્ખાઓ! મારી પાસે તે તપન કોણ માત્ર છે? હું એની પૂજા કરૂં અને તે મારૂં પૂજન ન કરે એ તે ક્યાંનો ન્યાય? એને કરવી હોય તો તે મારી પૂજા કરે." રાજાનાં (મારાં) આવાં વચન સાંભળી મંત્રી અને સેનાપતિ મારી પ્રત્યે બોલ્યા "દેવ! આપ એવું વચન ન બોલો. જો આપ એ તપન ચક્રવર્તીનું પૂજન નહિ કરો તો એક તો તમારી પેઢી દરપેઢીથી જે નિયમ ચાલ્યો આવે છે તેનો ભંગ થશે, રાજ્યનીતિ આખી ઉલટાઇ જશે, પ્રજામંડળ આખું નાશ પામી જશે, રાજ્યસુખનો ત્યાગ કરવો પડશે, વિનયવિચાર દૂર થશે અને અમારાં વચનનો અનાદર થશે. માટે આપે તેવું બોલવું યોગ્ય નથી; તેથી હે પ્રભુ! અમારી ઉપર મહેરબાની કરીને આપ તપન ચક્રવર્તીનું યોગ્ય આદરાતિથ્ય કરો. અમને લાગે છે કે એમ કરવું એ આપશ્રીને ઉચિત છે." આ પ્રમાણે બોલતાં બોલતાં સર્વ મારા પગમાં પડ્યા અને મને વિનવવા લાગ્યા, તેથી શૈલરાજે મારા હૃદય ઉપર જે લેપ કર્યો હતો તે જરા નરમ પડ્યો; પરંતુ કમનસીબે તે જ વખતે મૃષાવાદે મારી ઉપર અસર કરી એટલે તેની અસર તળે મેં મારા મંત્રીઓને જવાબ આપ્યો કે "મંત્રીઓ! અત્યારે મને ત્યાં આવવાનો ઉત્સાહ થતો નથી, માટે તમે મારી અગાઉ ત્યાં જાઓ, યથાયોગ્ય સર્વ કરો અને સમય જાળવી લો; હું તમારી પછવાડે આવું છું અને તપન મહારાજાને એમની રાજસભામાં આવીને મળું છું." મારાં આવાં વચન સાંભળીને 'જેવી આપની આજ્ઞા' એમ બોલતા મારા મંત્રીઓ વિગેરે તપન ચક્રવર્તીની સન્મુખ ગયા.

મૃષાવાદે ઝડપ્યો.

JAINSITE
जैन साइट
www.jainsite.com

શૈલમૃષાનું સામ્રાજ્ય.

મારા મંત્રીઓ અને બીજા રાજલોકો સર્વ તપન ચક્રી પાસે ગયા. એ તપન ચક્રવર્તી પાસે વિવિધ દેશની ભાષા, વેશ, વર્ણ, સ્વર, ભેદ, વિજ્ઞાન અને અંદરની ગુપ્ત વાતો જાણનારા અનેક જાસુસો હતા. વાત એમ બની કે એ તપન ચક્રવર્તીના કોઇ જાસુસને મારી આ સર્વ હકીકતની ખબર પડી અને મારા મંત્રીઓ ચક્રવર્તી પાસે ગયા તે પહેલાં ચક્રવર્તીને આ સર્વ હકીકત તેણે નિવેદન કરી અને ત્યાર પછી મારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી સેનાપતિ વિગેરે તુરત જ તપન ચક્રવર્તી પાસે પહોંચી ગયા, તેમણે યોગ્ય રીતે વિનય કર્યો, તેને પગે પડ્યા, તેની પાસે અમૂલ્ય નજરાણાં ધર્યાં અને તેના હૃદયને વશ કર્યું. ચક્રીએ સર્વને રાજસભામાં બેસવાનું સ્થાન આપ્યું. સ્વાભાવિક રીતે ત્યાર પછી ચક્રવર્તીએ રિપુદારણ (મારી) સંબંધી હકીકત પૂછી અને તે કેમ આવેલ નથી એમ સવાલ કર્યો. મંત્રીઓએ હાથ જોડી તુરત જ ઉત્તર આપ્યો, "મહારાજ! આપશ્રીની કૃપાથી રિપુદારણ કુશળ છે અને એ આપશ્રીને નમસ્કાર કરવા તુરતમાં જ આવે છે." આ પ્રમાણે કહીને તેઓએ મને બોલાવવા માણસો મોકલ્યા.

ધૃષ્ટતાની પરિસિમા.

મને બોલાવનાર માણસો મારી પાસે આવી પહોંચ્યા તે વખતે શૈલરાજ અને મૃષાવાદ બન્ને એકી વખતે મારામાં બરાબર ખીલી રહ્યા હતા એટલે મારી પાસે આવનારાઓને મેં કહ્યું "તમે તુરત જ અહીંથી જઇને મારા મંત્રીઓને અને સેનાપતિઓને કહો કે 'મૂર્ખાઓ! મોટા અધમ પાપી દુરાત્માઓ! તમને ત્યાં (તપન ચક્રી પાસે) કોણે મોકલ્યા છે? હું તો ત્યાં આવવાનો જ નથી અને તમને જો તમારા જીવતરની ઇચ્છા હોય તો તુરત જ પાછા આવો, નહિ તો સમજી લેજો કે તમારૂં આવી બન્યું'" મારાં આવાં વચન સાંભળીને મને તેડું કરવા આવ્યા હતા તે તપન ચક્રી પાસે પાછા ગયા અને મારા મંત્રી અને સેનાપતિઓને મારાં વચનો કહી સંભળાવ્યાં.

### મંત્રીસેનાપતિની મુંઝવણ.
### મહાપુરૂષની વ્યવહારદક્ષતા.
### સેવ્યસેવકધર્મપર આલોચના.

મારા શબ્દો સાંભળીને મંત્રી સેનાપતિ તો બાપડા મુંઝાઇ ગયા, ગભરાઇ ગયા, ત્રાસી ગયા, ઉદ્વેગમાં પડી ગયા, બન્ને તરફથી જીવતરની આશા છોડી બેઠા, મુંઝવણમાં એક બીજાના મ્હોં સામું જોવા લાગ્યા અને શું કરવું તે બાબતનો મર્યાદાભંગને લઇને નિર્ણય કરવા તદ્દન અશક્ત થઇ ગયા. તપન ચક્રવર્તી જે ઘણો વિચક્ષણ હતો તે તેઓની મુંઝવણ તુરત સમજી ગયો અને બોલ્યો "અરે લોકો! ધીરા પડો, જરા પણ બીક રાખશો નહિ, એમાં તમારો કાંઇ પણ દોષ નથી, તમારો વાંક નથી, તમારો ગુન્હો નથી. રિપુદારણના ઢંગધડા કેવા છે એ તો હું સારી રીતે જાણું છું, તમારે એમાં જરા પણ ગભરાવાનું કારણ નથી. હું જાતે જ એ રિપુદારણને જોઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઇશ. તમને તો મારે એટલી જ ભલામણ કરવાની છે કે જે માણસ આવો ખોટી રીતનો દુરાગ્રહ રાખતો હોય તે નીચ છે. એવા અયોગ્ય ઉપર તમારે પ્રતિબંધ રાખવો યોગ્ય નથી. તમને એ રિપુદારણ તરફ સ્વામી તરીકેનું જે મોટું માન છે, ખાસ પ્રીતિ છે અને આજ્ઞાંકિતપણું છે તે તમારે છોડી દેવું; કારણ કે એ રિપુદારણ રાજ્યલક્ષ્મીને યોગ્ય નથી અને તમારી જેવા સેવકોનો નાયક થવાને પણ એ જરાએ લાયક નથી. માનસસરોવર પર બેસી મોતીનો ચારો કરનારા અને તે સુંદર સરોવરમાં આસક્ત અને ઘણા સુંદર ઉજ્જવળ રૂપવાળા રાજહંસોનો કાગડો નાયક થઇ શકતો નથી, હોતો નથી, હોય એમ કલ્પી પણ શકાતું નથી. માટે તમે એના ઉપર જે કાંઇ સ્નેહભાવ રાખો છો તે એકદમ છોડી દો.[1]"

### સેવકો નારાજ–બેદીલ–છોડી ગયા.

મારા સર્વ મંત્રી સેનાપતિ અને નોકરો મારા અભિમાની અને જૂઠા વર્તનથી મારી તરફ બેદીલ થઇ ગયેલા હતા. તેમણે ચક્રવર્તીની આવી આજ્ઞા સાંભળતાં જ તેની વાત ઉપાડી લીધી, સ્વીકારી લીધી અને ખુલ્લી રીતે તેવો જ નિર્ણય બતાવી આપ્યો.

### યોગેશ્વરના ચૂર્ણની અસર.
### સેવકો મુઝાયા અને બેસી ગયા.
### રિપુદારણને નેતરના ફટકાનો માર.

હવે તપન ચક્રવર્તીની પાસે એક યોગેશ્વર નામનો તંત્રવાદી હતો. તંત્રવાદીઓ મેલી વિદ્યામાં કુશલ હોય છે. તેને એકાંતમાં બોલાવી તપન રાજાએ શું શું કરવું અને કેવી રીતે કરવું એ સંબંધી હકીકત તેના કાનમાં ખાનગી રીતે કહી દીધી. તપન ચક્રવર્તીની આજ્ઞા યોગેશ્વરે પોતાને માથે ચઢાવી. પછી એ યોગેશ્વર ઘણા રાજ-પુરૂષોની સાથે મારી પાસે આવ્યો. તેણે જોયું કે મારો મિત્ર શૈલરાજ તે વખતે મને ટેકો આપીને બેઠો હતો અને મૃષાવાદ મને ભેટીને રહેલો હતો. આવી મારા અંતરંગ રાજ્યની સ્થિતિ હતી અને બાહ્ય પ્રદેશમાં અનેક મશ્કરાઓ ઠઠ્ઠા મશ્કરી કરતાં મને વિંટાઇ વળ્યા હતા અને મારી ખુશામત કરતા હતા. યોગેશ્વર તો કાંઇ પણ બોલ્યા

---

૧ ચક્રવર્તીનું આમાં કાંઇ કાવતરૂં નહોતું, તે સમજતા હતા કે રિપુદારણને તો ચોળી નખાશે, માત્ર તેનો ગર્વ ઉતારી તેને હલકો પાડવાની તેમની ઇચ્છા હતી અને તેમ કરતાં તેના નિર્દોષ સેવકો માર્યા ન જાય તે તેની આતુરતા હતી.

JAINSITE.com જૈન સાઇટ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલ્યા વગર મારી સામે આવ્યો અને પોતાની પાસેના યોગચૂર્ણમાંથી એક મુઠ્ઠી ભરીને મારા મોઢા ઉપર મારી. મણિમંત્ર અને ઔષધિઓનો પ્રભાવ કલ્પી કે સમજી ન શકાય તેવો હોવાને લીધે તેજ વખતે મારી પ્રકૃતિમાં મોટો ફેરફાર થઇ ગયો, મારૂં હૃદય જાણે તદ્દન શૂન્ય ગઇ ગયું, સર્વ ઇંદ્રિયોના વિષયો તદ્દન ઉલટા લાગવા માંડ્યા અને જાણે મને કોઇ મહા અંધકારમય વિષમ ગુફામાં ફેંકી દીધો હોય તેમ હું મારૂં પોતાનું સ્વરૂપ જાણી શક્યો નહીં. મારી પાસે મારો જે પરિવાર મને વીંટીને બેઠો હતો તે તો સમજી ગયો કે એ યોગેશ્વર તપન ચક્રી તરફથી આવેલો છે, એમ જણાતાં જ તેઓ સર્વ ડરી ગયા અને હાંફળાંફાંફળાં થઇને શું કરવું તેની મુંઝવણમાં પડી ગયા. આવી રીતે યોગેશ્વરે તો પોતાની યોગશક્તિથી તેમને પણ મુંઝાવી દીધા. યોગેશ્વરે હાથમાં એક નેતરની સોટી લીધી અને ભવાં ચઢાવી મુખેથી બોલ્યો "અરે પાપી! લુચ્ચા! દુરાત્મા! સ્વામી તપન ચક્રવર્તીની પાસે આવતો નથી અને તેમને પગે પડતો નથી તો લેતો જા!" આમ બોલી મને સોટીઓ ફટકાવી એટલે મારા શરીરમાં ભય દાખલ થઇ ગયો, હું દીન ગરીબ થઇ ગયો અને તેને પગે પડ્યો. હવે કમનસીબે તેજ વખતે મારો મિત્ર પુણ્યોદય મને છોડીને નાસી ગયો અને મૃષાવાદ અને શૈલરાજ પણ છુપાઇ ગયા.

## રિપુદારણનું નાટક.

આવી રીતે પરિવાર અને મિત્ર વગરનો હું થઇ ગયો. તે વખતે યોગેશ્વરે પોતાના માણસોને નિશાની કરી. એક ક્ષણવારમાં મારા આખા શરીરમાં ઉન્માદ થઇ ગયો, સખ્ત તાપ લાગવા માંડ્યો, બહારથી તેમજ અંદરથી બળુ બળુ થઇ ગયો, તેઓએ પણ મને જન્મ્યો તે વખતે હતો તેવો (વસ્ત્રવગરનો-નાગો) કર્યો, મારા પાંચે સ્થાનના બાલ કાપી નાખી મને બોડો-મુંડો કર્યો, મારે આખે શરીરે રાખ ચોળી અને મસના અથવા અડદના ચાંડલાથી આખે શરીરે ચર્ચા કરી. આવો મારો અત્યંત ખરાબ દેખાવ કરીને પછી યોગેશ્વર સાથેના માણસો તાળીઓ પાડી નાચવા કૂદવા લાગ્યા. પછી મારી પાસે તેઓ નાટક કરાવતા [1]ત્રણ તાલનો રાસ કરવા લાગ્યા. તેઓએ ચલાવ્યું-

---

૧ નીચે જે છંદો આપવામાં આવ્યા છે તેનું નામ મળતું નથી. દ્રુતવિલંબિતને મળતી રીતે બરાબર બોલાય છે, પણ તેમાં ત્રિતાલ આવતો નથી. બોલનાર શોધી કાઢે તે સારૂ અસલ છંદો પણ આપ્યા છે. ભાષા મીઠી છે.

૨, ન, મ, મ, જ, એમ ગણો છે. પંદર અક્ષર છે. આગલ ક્રુવ પદોમાં ચૌદ અક્ષર પણ આવે છે. દેશી રાગ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यो हि गर्वमविवेकभरेण करिष्यते,
बाधकं च जगतामनृतं च वदिष्यते ।
नूनमत्र भव एव स तीव्रविडम्बनां,
प्राप्नुवीत निजपापभरेण भृशं जनः ॥ ध्रुवक[1]

"જે પ્રાણી અવિવેકના જોરમાં આવી જઇને અભિમાન કરે છે અને જગતને નુકસાન કરનાર અસત્ય બોલે છે તે ખરેખર આ ભવમાં જ પોતાના પાપના ભારથી આકરી પીડા પામે છે અને અનેક રીતે હેરાન હેરાન થઇ જાયછે."

આ પદને તેઓ વારંવાર ઉલ્લાસ પૂર્વક બોલતા ગયા, મોટે મોટેથી બોલતા ગયા, લલકારી લલકારીને બોલતા ગયા, અરસ્પરસ વળગી વળગીને બોલતા ગયા, સામા સામા ઝીલીને ફરી ફરીને બોલતા ગયા, મને પોતાના કુંડાળામાં લઇને બોલતા ગયા અને બોલતા બોલતા વળી સાથે નાચતા પણ ગયા. તે વખતે નાચ ચાલે અને હું તે દરેકને પગે પડતો જઉં. વળી લોકો મારી મશ્કરી કરતા જાય. એવી રીતે હું તેઓ સાથે નાચું અને વળી નાચતાં નાચતાં તેઓ ઊંચે સ્વરે ગાય ત્યારે મારે પણ ઉલ્લાસ પામવાનો, મોટેથી ગાવાનો અને નાચવાનો દેખાવ કરવો પડે. સાથે તાળ પણ દેતો જઉં. વળી તેઓએ લલકાર્યું—

[1]पश्यतेह भव एव जनाः कुतूहलं,
शैलराजवरमित्रविलासकृतं फलम् ।
यः पुरैष गुरुदेवगणानपि नो नतः,
सोऽद्य दासचरणेषु नतो रिपुदारणः ॥
ध्रुवकं यो हि गर्वमविवेकभरेण करिष्यते विगेरे.

"અરે લોકો! તમે જરા કુતૂહળ તો જુઓ! આ તો ભારે આશ્ચર્યની વાત થઈ છે! શૈલરાજ મહા મિત્ર સાથેના વિલાસનાં ફળો તો જુઓ! જે રિપુદારણ પહેલાં પોતાના ગુરૂને કે દેવને પણ નમતો નહોતો અને અક્કડ ને અક્કડ રહીને ચાલતો હતો તે આજે તેના સેવકોને પગે પડે છે અને નમે છે! જરા નવાઇ તો જુઓ!"

આ પ્રમાણે બોલીને ધ્રુવપદ પાછું લલકારી લલકારીને વારંવાર બોલવા લાગ્યા.

---

૧ ધ્રુવકઃ ટેકનું ચરણ. કોરસ (Chorus)ની પેઠે દરેક વખતે ફરીફરીને બોલવાનું પદ હોય તેને ધ્રુવપદ કહે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે મારા મુખમાંથી પણ બોલાઇ ગયું:—

**शैलराजवशवर्तितया निखिले जने,**
**हिण्डितोऽहमनृतेन वृथा किल पण्डितः ।**
**मारिता च जननी हि तथा नरसुन्दरी,**
**तेन पापचरितस्य ममात्र विडम्बनम् ॥**

ध्रुवकं **यो हि गर्वमविवेकभरेण करिष्यते** ઇત્યાદિ.

"આ દુનિયામાં શૈલરાજ ( અભિમાન ) ને વશ પડીને હું ચાલ્યો અને વળી મારી જાતને પંડિત માનીને મૃષાવાદવડે ચારે તરફ ફર્યો, એના તાબામાં જઇને મેં મારી માને પણ મારી, અને નરસુંદરી જેવી સુંદર આજ્ઞાંકિત રમણીરત્નને આપઘાત કરવા દીધો-એ મારા પાપી ચરિત્રનાં ફળ તરીકે આ સર્વ વિડંબના મને થાય છે."

મારા હૃદયનાં આ ઉદ્ગાર ચાલુ રાગમાં નીકળી ગયા એટલે વળી નાચનારાઓ ધ્રુવપદને વારંવાર લલકારી લલકારીને બોલવા લાગ્યા-તેઓ જાણે મને ઠસાવતા હોય નહિ કે જે પ્રાણી ગર્વ કરીને અને અસત્ય બોલીને પાપ કરે છે તેનાં ભયંકર પાપોનાં ફળ પોતે જ ભોગવે છે એવું એ ધ્રુવપદ વારંવાર બોલે ત્યારે લાગતું હતું.

યોગેશ્વરને મારી અગાઉની આત્મકથાની ( કર્મકથાની ) બરાબર ખબર પડી હતી. તેણે નાચ કરનારાઓને કહ્યું કે 'અરે રાસ કરનારાઓ ! તમે આવી રીતે ગાઓ અને આ પ્રમાણે કરો.' એમ કહી યોગેશ્વરે લલકાર્યું:—

**योऽत्र जन्ममतिदायिगुरूनवमन्यते,**
**सोऽत्र दासचरणाग्रतलैरपि हन्यते ।**
**यस्त्वलीकवचनेन जनानुपतापयेत्,**
**तस्य तपननृप इत्युचितानि विधापयेत् ॥**

ध्रुवकं **यो हि गर्वमित्यादि.**

"જે જન્મ આપનાર અને બુદ્ધિ આપનાર વડીલજનોનો તિરસ્કાર કરે છે તે અહીં જ દાસલોકોના પગથી હેલાય છે અને તેનાથી હલકાઇ પામે છે ( અભિમાનનાં ફળ ) અને જે ખોટાં વચનવડે લોકોને સંતાપ કરે છે તેને તપન રાજા યોગ્ય ફળ આ પ્રમાણે બરાબર આપે છે." આ પ્રમાણે બોલીને વળી ધ્રુવપદ બોલી તેઓ ગર્વ અને અસત્યનાં ફળ તરફ મારૂં ધ્યાન ખેંચતા હતા.

આ પ્રમાણે ગાતાં ગાતાં તેઓ મુઠ્ઠીના ગડદાઓ અને પગના પાટુઓ નિર્દય થઇને મને મારવા લાગ્યા, મારા શરીર સાથે મોટેમોટેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાલ દેવા લાગ્યા અને જાણે મારા ચૂરેચૂરા કરી નાખવાના હોય તેમ વર્તવા લાગ્યા. તેઓના એટલા બધા પગો એવા જોરથી મારા શરીર ઉપર એકસાથે પડતા હતા કે જાણે આકરા લોઢાના પિંડનો માર મારા ઉપર મારવામાં આવતો હોય એવું આકરૂં તે સર્વ લાગતું હતું અને તે પાટુઓ એક સાથે મારા શરીર પર પડતા હોવાથી મારૂં શરીર દબાઇ જતું હતું. મારી ચેતના તે વખતે વધારે મૂઢ થઇ ગઇ, હું મુંઝાઇ ગયો, ગભરાઇ ગયો, અકળાઇ ગયો.

પેલા રાજપુરૂષો જે યોગેશ્વર સાથે આવ્યા હતા તેઓ તો જાણે નરકપાળ હોય (પરમાધામી રાક્ષસો હોય) તેમ કુંડાળામાં ચોતરફ ફરતા હતા અને મને અંદરથી બહાર નીકળવા દેતા નહોતા. સામ સામા રાસ ખેલતાં જાય, મોટેથી ધ્રુવપદ અને બીજા પદો બોલતાં જાય, ત્રીતાલ લેતાં જાય, રાસ ખેલતાં જાય અને તાલ આવે ત્યારે મારા શરીરપર પાટા ઠોકતાં જાય-એમ કરતાં કરતાં મારા આખા નગરમાં મને ફેરવી તદ્દન હલકો અસાર મરેલ જેવો કરીને અનુક્રમે જ્યાં તપન ચક્રવર્તી રહ્યા હતા ત્યાં લઇ આવ્યા. ત્યાં આવ્યા પછી તેમનામાં નવું જોર આવ્યું અને ચક્રવર્તીને વધારે નાટક બતાવવા લાગ્યા, લળી લળીને તાલ આપવા લાગ્યા, મને ખૂબ જોરથી પગના પાટુઓ મારવા લાગ્યા અને વળી મોટેથી ખડખડ હસવા લાગ્યા. મારી નગરીના અનેક લોકો જોવા એકઠા થયા હતા તેઓ તો ખુલ્લી રીતે શીટકાર આપતા કહેતા હતા કે એ દુરાત્મા રિપુદારણ (હું) આવા અપમાન માર અને તિરસ્કારને ખરેખર લાયક જ છે. પછી યોગેશ્વર રાસ લેનારાઓના કુંડાળામાં આવ્યો અને સર્વ સાંભળે તેમ બોલ્યો કેઃ-

> **नो नतोऽसि पितृदेवगणं न च मातरं,**
> **किं हतोऽसि रिपुदारण पश्यसि कातरम् ।**
> **नृत्य नृत्य विहिताहति देव पुरोऽधुना,**
> **निपत निपत चरणेषु च सर्व महीभुजाम् ॥**
>
> ધ્રુવક **यो हि गर्वमविवेकभरेण करिष्यते** ઇત્યાદિ.

"કોઇ દિવસ પોતાના બાપને દેવને કે માતાને માથું નીચું કરીને નમ્યો નથી તો હે રિપુદારણ! હવે કેમ મરવા પડ્યો છે? કેમ કાયર બની ગયો છે? હે રિપુદારણ! દેવ તપન ચક્રવર્તી પાસે આવીને અત્યારે હવે બરાબર નાચ, નાચ; અને આ સર્વ રાજાઓના ચરણે પડ!"

આ પ્રમાણે યોગેશ્વર બોલી રહ્યો એટલે તેઓ અવિવેકવાળું ધ્રુવપદ વારંવાર બોલવા લાગ્યા અને મને વધારે જોરથી પગના પાટુ મારવા લાગ્યા.

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

## રિપુદારણનો તિરસ્કાર.
### આખરે થયેલું તેનું મરણ.
### કુલભૂષણને રાજ્યાભિષેક.

આવી રીતે તપન ચક્રવર્તીની સમક્ષ નાટક ચાલતું હતું અને મને ખુલ્લી રીતે તિરસ્કાર થતો હતો તે વખતે મારામાં મૂઢતા અને ઉન્માદ વધતા જ ગયા, મને મારી જીંદગી જોખમમાં લાગી. આખરે દીનતાપૂર્વક અનેક પ્રકારના નાચ મેં કર્યા, હું છેવટે ઢેઢ અને ભંગીઓને પણ પગે પડ્યો અને તદ્દન નિર્માલ્ય જેવો નકામો થઇ ગયો.

તપન ચક્રવર્તીએ તે જ વખતે મારો એક કુલભૂષણ નામનો ભાઇ હતો તેને સિદ્ધાર્થપુરના રાજ્ય ઉપર ગાદીએ બેસાડ્યો અને તેનો તે જ વખતે અભિષેક કર્યો. હવે અગૃહીતસંકેતા ! તે વખતે મને ગડદાપાટુ એટલા બધા વાગ્યા હતા કે તેને લઇને મારૂં શરીર તદ્દન નખાઇ ગયું, આખરે તે જ વખતે મારા પેટમાંથી લોહી પડ્યું અને મને મોટો સંતાપ થઇ આવ્યો. તે જ વખતે મને એ રિપુદારણના ભવમાં ચાલે તેવી એક ગોળી ભવિતવ્યતાએ આપી હતી તે પૂરી થવા આવી. ભવિતવ્યતાએ તે વખતે મને બીજી ગોળી આપી.

* * * *

### નરકયાતના અને સંસાર ભ્રમણ.
### પારવગરના ત્રાસો અને દુઃખો.

ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી તેના પ્રતાપથી હું પાપિષ્ઠનિવાસ નગરીના [1]મહાતમઃ નામના પાડામાં ઉત્પન્ન થયો, ત્યાં રહેનારા પાપિષ્ઠ કુળપુત્રનું રૂપ મેં ધારણ કર્યું. ત્યાં હું તેત્રીશ [2]સાગરોપમ સુધી રહ્યો, મેં અનેક પ્રકારનાં મહા ભયંકર દુઃખો ત્યાં ભોગવ્યા, જાણે હું દડો હોઉં તેમ આમ તેમ ઉપર નીચે અથડાતો ગબડાતો હતો અને વજ્રના કાંટાઓ મને આગળ પાછળ ઊંચે નીચે ભોંકાતા હતા અને ભયંકર દુઃખ આપતા હતા. સાતમી નારકીમાં સર્વથી વધારે ભયંકર પીડા થાય છે. એવી રીતે અતી ભયંકર દુઃખસાગરમાં હું ઘણા લાંબા કાળ સુધી ડૂબી રહ્યો. જ્યારે એવો લાંબો તેત્રીશ સાગરોપમનો કાળ પૂરો થવા આવ્યો ત્યારે તેને છેડે ભવિતવ્યતાએ મને જે ગોળી આપી હતી તે પૂરી થવા આવી એટલે વળી ભવિત-

---

૧ સાતમી નારકી.

૨ સાગરોપમના અર્થ માટે જુઓ પૃ. ૨૬૪-૫.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યતાએ મને પાછી એક નવી ગોળી આપી. એ નવીન ગોળીના પ્રતાપથી હું વળી પંચાક્ષપશુસંસ્થાન નામના નગરમાં ગયો (તિર્યંચ પંચેંદ્રિય ગતિમાં ઉત્પન્ન થયો). ત્યાં વળી મારી પાસે [1]શિયાળવાનો આકાર મારી ભવિતવ્યતા સ્ત્રીએ ધારણ કરાવ્યો. મારી સ્ત્રી ભવિતવ્યતાને આનંદ રમત ખેલ કરવાનો ઘણો અજબ શોખ હતો, તેથી તેણે તો મને ખૂબ ફેરવ્યો, ઘણો રખડાવ્યો, કેટલીએ વખત પાપિષ્ઠનિવાસ નગરીના સાત જૂદા જૂદા પાડાઓમાં ફેરવ્યો, એક વાર તે એક પાડામાં લઇ જાય, વળી એક વાર કે વધારે વાર પંચાક્ષપશુસંસ્થાનમાં ફેરવે, વળી પાછી પાપિષ્ઠનિવાસમાં લઇ જાય, વળી કેટલીએ વાર વિકલાક્ષનિવાસ[2] નગરમાં લઇ જાય, અનેકવાર એકાક્ષનિવાસ[3] નગરમાં ફેરવી આવે, કોઇ કોઇવાર મનુજગતિ નગરમાં પણ લઇ જાય, એમ જૂદા જૂદા નગરમાં અનેક વાર ફેરવ્યો, માત્ર એક **અસંવ્યવહાર** નગરને મૂકીને બાકીનાં સર્વ નગરોમાં મને અનેકવાર ધકેલા ખવરાવ્યા[4], અનેક પીડાઓ આપી, અનેક અનુભવો કરાવ્યા. કર્મપરિણામ મહારાજાએ આપેલ એક ભવમાં વેદવા યોગ્ય કર્મની ગોળી પૂરી થાય કે તુરત જ બીજી એકભવવેદ્ય ગોળી આપવાની યોજના તે પ્રથમથી જ કરી મૂકતી હતી. આવીરીતે અરઘટ્ટઘટ્ટિ (રેંટના ઘડીયંત્ર) ન્યાયથી મને અનેક જગ્યાએ ફેરવ્યો, રખડાવ્યો, તગડાવ્યો. જેમ જળચક્રીમાં એક ઘડી ઉપરથી ખાલી થાય, વળી નીચે જાય ત્યાં ભરાય, વળી ઉપર આવે, પાછી ખાલી થાય, વળી નીચે જાય, એમ વારંવાર ઉપર નીચે થતાં અનેક આંટાઓ ફરે, ચકરાવાનાં સઘળાં સ્થળોને ફરસે–આવા મારા હાલ બરાબર થતા હતા. આવી રીતે સર્વ સ્થાનકે અનંત વાર મને ફેરવવામાં આવ્યો.

એવી રીતે અનેક સ્થાનકે મને રખડવામાં આવતો હતો ત્યાં વળી મારી જાતિ પણ તદ્દન હલકામાં હલકી થતી હતી, મારૂં કુળ પણ ઘણું જ નિંદા કરવા લાયક થતું હતું, મારૂં બળ તો તદ્દન નિર્માલ્ય

---

૧ અનેક ભવોમાં શિયાળનો ભવ ખાસ શા માટે નોંધ્યો છે તે સમજાતું નથી. અભિમાનનું તે પરિણામ હોવું જોઇએ, કારણ શિયાળ ચોપગામાં અતિ તુચ્છ ગણાય છે.

૨ વિકળેંદ્રીઃ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયમાં.

૩ એકેંદ્રિયમાં.

૪ અસંવ્યવહાર રાશિમાંથી નીકળ્યા પછી પ્રાણી સૂક્ષ્મ વનસ્પતિમાં જાય તો પણ તેને 'સંવ્યવહાર રાશિઓ' કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતું હતું, મારૂં રૂપ તો કોઇને મારા ઉપર થૂંકવું પણ ન ગમે તેવું કદરૂપું થતું હતું, કોઇ વખત તપસ્યા કરતો તો તે પણ પ્રશંસા કરવા યોગ્ય નહિ પણ નિંદાને યોગ્ય થતી હતી, જન્મથી જ ભિખારીનો અવતાર અને દારિદ્ર્યનું ઘર થતો હતો અને નિરંતર મૂર્ખતા તો મારી સાથે જ રહેતી હતી, સર્વત્ર ભિખારીવેડા મને પ્રાપ્ત થતા હતા અને માગવા છતાં પણ મળે નહિ તેના સંતાપથી એ ભીખનો ધંધો પણ નિરંતર અત્યંત ભયાનક અને આકરો થઇ પડતો હતો. સર્વ પ્રાણીઓ જાણે મને ઇચ્છતા જ ન હોય, મારાથી દૂર નાસી જવામાં આનંદ માનતા હોય અને મને પોતાનો દુશ્મન ગણતા હોય એવા પ્રકારની મારી સ્થિતિ થઇ પડી.

જૂદી જૂદી ગોળીઓ આપીને મારાં એવાં એવાં રૂપો ભવિતવ્યતાએ[1] પ્રકટ કર્યાં અને [2]ત્યાં અનેક પ્રકારે જૂદે જૂદે વખતે મારી જીભ ખેંચી કાઢવામાં આવી, તપાવેલું તાંબુ મને પાવામાં આવ્યું, હું અનેક વાર મુંગો થયો, ગુંગણો થયો અને અનેકવાર મારી જીભ કપાણી.

* * * * * * * *

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## પ્રજ્ઞાવિશાળાની વિચારભવ્યતા.

સંસારીજીવ આ પ્રમાણે બોલતો હતો ત્યારે પ્રજ્ઞાવિશાળાએ વિચાર કર્યો કે અહો! માન અને અસત્યભાષણ (શૈલરાજ અને મૃષાવાદ)નાં ભયંકર પરિણામો તો જુઓ! એને વશ પડીને આ સંસારીજીવ પોતાને મળેલો મનુષ્યભવ હારી ગયો, એ જ ભવમાં તેણે અનેક પ્રકારની વિડંબનાઓ સહન કરી, તેને પરિણામે અનંત સંસારસાગરમાં અવગાહન કર્યું, ત્યાં વિવિધ પ્રકારનાં દુઃખોનો સાક્ષાત્ અનુભવ કર્યો અને અત્યંત અધમ જાતિ કુળ વિગેરે પ્રાપ્ત કર્યાં. ખરેખર! શૈલરાજ અને મૃષાવાદની મિત્રતા તો બહુ આકરી પડી ગઇ!

* * * *

---

૧ એ સર્વ ગર્વ-અભિમાનનાં ફળ સમજવાં. વધારે હલકાઇ થવાના પ્રસંગો તેથી આવે છે.

૨ આ મૃષાવાદનાં ફળ સમજવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંસારીજીવે** આગળ વાર્તા ચલાવી—

**અગૃહીતસંકેતા !** ત્યાર પછી ભવિતવ્યતા વળી મને ભવચક્રપુરમાં આવેલ મનુજગતિ નામની નગરીમાં લઇ ગઇ. ત્યાં મારામાં મધ્યમ પ્રકારના ગુણો આવ્યા. એને લઇને ભવિતવ્યતા મારા ઉપર પ્રસન્ન થઇ, રાજી થઇ, અને સંતોષ પામીને મારી સાથે રહેવા માટે પાછો મારા પુણ્યોદય મિત્રને જાગૃત કર્યો અને મને કહ્યું "આર્યપુત્ર ! તમે મનુજગતિ નગરીના વર્ધમાનપુરમાં હવે પધારો અને ત્યાં સુખેથી રહો. આ પુણ્યોદય તમારી સાથે ત્યાં આવશે અને તમારી સેવા કરશે" સ્ત્રીને વશ હોવાથી મેં તો તેની આજ્ઞા માથે ચઢાવી. એ વખત પછી તુરતમાં એ ભવમાં ભોગવવા યોગ્ય જે ગોળી મારી પાસે હતી તે પૂરી થતાં મને ભવિતવ્યતાએ વર્ધમાનપુરમાં ભોગવવા યોગ્ય બીજી ગોળી આપી.

* * * * *

* * * *

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉપસંહાર.

[1]भवगहनमनन्तं पर्यटद्भिः कथंचि-
न्नरभवमतिरम्यं प्राप्य भो भो मनुष्याः ।
निरुपमसुखहेतावादरः संविधेयो,
न पुनरिह भवद्भिर्मानजिह्वानृतेषु ॥

"આ સંસારરૂપ મોટા ગહન વનમાં ફરતાં ફરતાં મહા મુશ્કે-
"લીએ કોઇ વખત અત્યંત રમણીય મનુષ્યભવ પ્રાપ્ત થાય તો હે
"મનુષ્યો! તેવે પ્રસંગે જે સુખની ઉપમા બીજા કોઇ સુખને આપી
"ન શકાય તેવા (મોક્ષના) સુખને મેળવવા માટે બરાબર સારી
"રીતે યત્ન કરવો અને ખાસ કરીને એવો સુંદર ભવ અભિમાન
"કરવામાં, અસત્ય બોલવામાં અથવા જિહ્વાના રસ ભોગવવામાં
"પડી જઇ ખરાબ તો ન જ કરી નાખવો.

[2]इतरथा बहुदुःखशतैर्हता,
मनुजभूमिषु लब्धविडंबनाः ।
मदरसानृतगृद्धिपरायणा,
ननु भविष्यथ दुर्गतिगामुकाः ॥

"જો એથી ઉલટી રીતે મનુષ્યભવમાં આવીને અભિમાન
"કરશો, રસલંપટ થઇ જીહ્વાસ્વાદમાં પડી જશો અને અસત્યને
"વશ પડશો તો તે મનુષ્યભૂમિમાં જ અનેક પ્રકારનાં દુઃખોથી
"હેરાન થશો, વિવિધ પ્રકારની પીડાઓ પામશો અને છેવટે દુર્ગતિ-
"એ જશો—એ વાત તમારા ધ્યાનમાં રાખશો."

एतन्निवेदितमिह प्रकटं मया भो
मध्यस्थभावमवलम्ब्य विशुद्धचित्ताः ।
मानानृते रसनया सह संविहाय,
तस्माज्जिनेन्द्रमतलम्पटतां कुरुध्वम् ॥

"આ પ્રમાણે મેં મધ્યસ્થ ભાવે તમારી પાસે માન રસના અને
"અસત્યનું ચરીત્ર બતાવ્યું, હવે તમે પણ મધ્યસ્થ ભાવ ધારણ કરી
"વિશુદ્ધ અંતઃકરણવાળા થઇ, જીહ્વેંદ્રિય, માન અને અસત્યનો ત્યાગ
"કરી, જૈનમતના સંબંધમાં ખાસ પ્રેમ ધારણ કરો."

* * * * *

૧ માલિનિ વૃત્ત છે.
૨ દ્રુતવિલંબિત વૃત્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]આ પ્રમાણે કરવું એ તમારૂં કર્તવ્ય છે, તમારી ફરજ છે, એમ કરવામાં તમારો સ્વાર્થ છે, પરમાર્થ છે, આત્મોન્નતિ છે, નિર્વૃતિ-નગરી તરફ પ્રયાણ છે, અનંત સુખપ્રાપ્તિનું કેંદ્ર છે અને પરમ અવ્યાબાધ સુખપ્રાપ્તિનું ઠ્હાનું છે-આવો શ્રીસિદ્ધર્ષિગણિનો ઉપદેશ છે.

इत्युपमितभवप्रपञ्चायां कथायां मानमृषावादरसनेन्द्रिय
विपाकवर्णनश्चतुर्थः प्रस्तावः

*　*　*

*　*

ઉપમિતિભવપ્રપંચા કથાનો માન, મૃષાવાદ, રસેન્દ્રિયના
વિપાકને બતાવનાર ચોથો પ્રસ્તાવ સમાપ્ત.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧ આ વાકય ભા. ક. તરફથી છે.

૫૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## પંચમ પ્રસ્તાવ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

### અવતરણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પાંચમો પ્રસ્તાવ.

| સ્થળાદિ. | મુખ્ય પાત્રો. | | નાના-ઓછી અગત્યના પાત્રો. | |
|---|---|---|---|---|
| વર્ધમાનનગર. (બહિરંગ) | ધવળ. | વર્ધમાન નગરનો રાજા. | | |
| | કમળસુંદરી. | ધવળરાજની રાણી. વિમળની માતા. | | |
| | વિમળ. | ધવળરાજનો પુત્ર. આ પ્રસ્તાવનો ઘણો અગત્યનો પાત્ર. | | |
| | સોમદેવ. | વર્ધમાન નગરનો શેઠીઓ. વામદેવનો પિતા. | | |
| | કનકસુંદરી. | સોમદેવ શેઠની સ્ત્રી. | | |
| | વામદેવ. | સંસારીજીવ. કથાનાયક. સોમદેવ અને કનકસુંદરીનો પુત્ર. | | |
| | સ્તેય. | વામદેવનો મિત્ર. (અંતરંગ) ચોરીનું રૂપક. | | |
| | બહુલિકા. (માયા) | વામદેવની સખી (અંતરંગ) | વૈતાઢ્ય પર્વતે-ગગનશેખર નગર. | |
| (ક્રિડાનન્દભવન.) | રત્નચૂડ. | વિદ્યાધર. વિમળનો મિત્ર. | મણિપ્રભ. | ગગનશેખરનો રાજા. |
| | | રત્નશિખા મેઘનાદનો પુત્ર-મણિપ્રભની દીકરીનો દીકરો. | કનકશિખા. | મણિપ્રભની રાણી. |
| | | | રત્નશેખર. | મણિપ્રભનો પુત્ર. |
| | અચળ. | મણિશિખા અને અમિતપ્રભનો પુત્ર-રત્નચૂડનો હરીફ. | રત્નશિખા. | મણિપ્રભની પુત્રી-મેઘનાદની સ્ત્રી. |
| | | | મણિશિખા. | મણિપ્ર૦ પુત્રી-અમિતપ્રભની સ્ત્રી. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચપળ.** અચળનો ભાઇ–રત્નચૂડનો વિરોધી.

**ચૂતમંજરી.** રત્નચૂડની સ્ત્રી–મણિપ્રભના પુત્ર રત્નશેખરની દીકરી.

વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીના ગગનશેખર નગરના વિદ્યાધરનો સંબંધ દર્શાવનાર વંશવૃક્ષ.

**મણિપ્રભ–કનકશિખા**

- **રત્નશેખર**–(રતિકાંતા)
  - **ચૂતમંજરી પુત્રી**
- **રત્નશિખા** (મેઘનાદ)
  - **રત્નચૂડ**
- **મણિશિખા** (અમિતપ્રભ)
  - **અચળ**
  - **ચપળ**

**ચંદન.** સિદ્ધિપુત્ર-રત્નશેખરનો મિત્ર.

**સુખર.** એક દૂત–જાસુસ–અચળ ચપળની હીલચાલપર નજર રાખવા રત્નચૂડે રાખેલો ગુપ્ત માણસ.

**બુધાચાર્ય.** એક મહાત્મા ઉપકારી સાધુ.

**બઠર ગુરૂ કથાનક** (અંતરકથા)

**ભવ ગ્રામે સ્વરૂપ સારગુરૂ.** શૈવાચાર્ય.
શિવમંદિર.

**ચોરો** વિગેરે……શૈવાચાર્ય સાથે ખોટો સંબંધ કરનાર.

| | | |
|---|---|---|
| | **અઠરગુરૂ.** | શૈવાચાર્યનું તસ્કરારોપિત નામ. |

## બુધચરિત્રના પાત્રો.

| | | |
|---|---|---|
| **ધરાતલ નગર.** (અંતરંગ) | **શુભવિપાક.** | ભૂતળ નગરનો રાજા–બુધસૂરિના પિતા. |
| | **નિજસાધુતા.** | શુભવિપાકની રાણી–બુધસૂરિની માતા. |
| | **બુધ.** | શુભવિપાકનો પુત્ર–બુધસૂરિની પૂર્વ-સ્થિતિ. |
| | **અશુભવિપાક.** | શુભવિપાકનો નાનો ભાઇ. |
| | **પરિણુતિ.** | અશુભવિપાકની રાણી. |
| | **મન્દ.** | અશુભવિપાકનો પુત્ર. |
| | **ધિષણા.** | વિમલમાનસનગરના શુભાભિપ્રાય. રાજાની પુત્રી, બુધની ભાર્યા. |
| | **વિચાર.** | બુધ અને ધિષણાનો પુત્ર. |
| | **ઘ્રાણ.** | નાસિકા પ્રદેશમાં રહેલ મંદનો મિત્ર. |
| | **ભુજંગતા.** | ઘ્રાણની પરિચારિકા. |
| | **માર્ગાનુસારિતા.** | વિચારની માસી. |

**મહેશ્વરો**—શિવભકતો.

**ભવનગરના ચારે પાડામાં પાત્રો.**

પ્રથમ પાડામાં ઠીંકરાનું પાત્ર.

બીજા પાડામાં સરાવળું.

ત્રીજા પાડામાં ત્રાંબાનું ભાજન.

ચોથા પાડામાં રૂપાનું પાત્ર.

**મોહરાય સૈન્ય.**

દુષ્ટાભિસંધિ વિગેરે–ચતુર્થ પ્રસ્તાવ પ્રમાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| | **સત્ય.** | ચારિત્રરાજનો દૂત. |
| | **સંયમ.** | ચારિત્રરાજનો સુભટ—મોહરાયથી કદર્થિત. |
| **વિશદમાનસ** નગર. (અંતરંગ) | **શુભાભિસન્ધિ.** | વિશદમાનસનો રાજા. |
| | **શુદ્ધતા.** | શુભાભિસન્ધિની પ્રથમ સ્ત્રી. |
| | **પાપભીરુતા.** | શુભાભિસન્ધિની બીજી સ્ત્રી. |
| | **ઋજુતા.** | શુભાભિસન્ધિ અને શુદ્ધતાની પુત્રી. (બહુલિકાને દૂર કરનાર) |
| | **અચોરતા.** | શુભાભિસન્ધિ અને પાપભીરુતાની પુત્રી (સ્તેયને દૂર કરનારી) |
| | **સરળશેઠ.** | એક ભદ્ર પ્રકૃતિના શેઠ. |
| | **બંધુમતી.** | વામદેવને આદરસહિત ઘરમાં રાખનાર સરળ શેઠની પત્ની. |

**ચારિત્રરાજ સૈન્ય.**
સદ્બોધ મંત્રી.
સમ્યગ્દર્શન સેનાપતિ વિગેરે–ચતુર્થ પ્રસ્તાવ પ્રમાણે.

| | |
|---|---|
| **લીલાવતી.** | દેવરાજની પત્ની, મંદકુમારની બહેન (નામમાત્ર આવે છે. પાત્રનો ભાગ કાંઇ નથી.) |
| **કમળ.** | ધવળરાજનો નાનો પુત્ર–દીક્ષાવસરે ધવળરાજા તેનો રાજ્યાભિષેક કરે છે. |
| | કાંચનપુર. |
| **બંધુલ.** | સરળશેઠનો મિત્ર |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ परमात्मने नमः

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## વિભાગ ૨ જો (ચાલુ).

## પાંચમો પ્રસ્તાવ.

### અવતરણ.

માયા, સ્તેય, ઘ્રાણેંદ્રિય.

## પ્રકરણ ૧ લું.

### વામદેવ-માયાસ્તેયપરિચય.

સંસારીજીવ પોતાની વાત આગળ ચલાવતાં સદાગમને કહે છે, ભવ્યપુરૂષ સાંભળે છે અને પાસે પ્રજ્ઞાવિશાળા તથા અગ્રહીતસંકેતા બેઠા છે. વાર્તા આગળ ચાલે છેઃ—

### વર્ધમાનપુરે વિમળકુમાર.

બાહ્ય પ્રદેશોમાં એક વર્ધમાન નામનું મોટું નગર છે, લોકમાં તે ઘણું પ્રસિદ્ધિ પામેલું છે અને જાણે સર્વ પ્રકારની સુંદરતાઓનું મંદિર જ હોય તેવું દેખાય છે. એ નગરનો પુરૂષવર્ગ પૂર્વાભાષી[1], પવિત્ર, સમજુ, ઉદાર, સગાસંબંધી તરફ અતિ પ્રેમ રાખનાર અને જૈનધર્મમાં અત્યંત પરાયણ હતો. તે નગરનો સ્ત્રીવર્ગ અત્યંત વિનયશીળ, શુદ્ધ,

---

૧ પૂર્વાભાષીઃ કોઈ ઘેર આવે ત્યારે તેને 'આવો, ભાઇ! પધારો!' એમ કહી પ્રથમથી આદર આપનારો, આતિથ્ય કરનારો, વિવેકી.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીળગુણથી વિભૂષિત, સર્વ અવયવે સુંદર, યોગ્ય પ્રકારની લજ્જા મર્યાદાને ધારણ કરનાર અને ધાર્મિક વૃત્તિવાળો હતો.

તે નગરમાં **ધવળ** નામનો રાજા રાજ્ય કરતો હતો: તે અભિમાનથી ઉદ્ધત થઇ ગયેલા દુશ્મન રૂપી હાથીઓનાં કુંભસ્થળને ભેદી નાખે તેવો અને કપટવગરની સાચી શક્તિવાળો હતો. તે રાજામાં ખૂબિ એ હતી કે તે પોતાના બંધુવર્ગ રૂપ કુમુદ (રાત્રીવિકાસી કમળ) ઉપર જ્યારે ચંદ્ર જેવો હતો ત્યારે શત્રુ રૂપ તામસ (અંધકાર) ઉપર તે તે જ વખતે આકરા સૂર્યનો આકાર ધારણ કરતો હતો.[1] સર્વ રાણીઓમાં પતાકા જેવી એ ધવળ રાજાને **કમલસુંદરી** નામની પટ્ટરાણી હતી જે સૌંદર્યનો નમુનો હતી અને[2] શીલગુણથી સંપન્ન હતી. તે પટ્ટરાણીના ગર્ભમાં સારા અને સાચા ગુણોના તીર્થસ્થાન જેવો એક **વિમળ** નામનો પુત્ર ઉત્પન્ન થયો. એ વિમળકુંવરમાં એવી મહત્તા હતી કે એ નાની વયનો હતો ત્યારે પણ બાળકના જેવી નકામી ચેષ્ટા કરતો ન હોતો, પણ પરિપક્વ માણસની જેમ મોટાઇનાં અનેક લક્ષણો બતાવતો હતો.

## કથાનાયક વામદેવનો જન્મ.

હવે તે વર્ધમાનપુરમાં એક **સોમદેવ** નામનો મહા ધનવાન્ શેઠ વસતો હતો; તે લક્ષ્મી, સરસ્વતી અને સજ્જનતા રૂપ ત્રિપુટિનું પ્રિય મિલનસ્થાન હોવાથી ઘણો જ પ્રખ્યાત હતો, સર્વને માનનીય હતો અને વળી જાતે પ્રાણીઓનું હિત કરવામાં સદા તત્પર રહેનારો હતો. એનામાં કોઇ પણ પ્રકારના અભિમાનનો અભાવ હતો. અત્યંત નમ્રતાની સાથે તે ધનમાં કુબેર ભંડારીને હઠાવી દે તેવો હતો, રૂપમાં કામદેવને હઠાવે તેવો હતો, બુદ્ધિમાં દેવતાના ગુરૂ બૃહસ્પતિને પણ પાછો પાડે તેવો હતો, અત્યંત ધૈર્યવાન્ હોવા સાથે તે આટલી મહત્તા જીરવી શકતો હતો, અને જાતે કોઇ બાબતનું અભિમાન કરતો નહિ. એ સોમદેવ શેઠને તેની જેવી જ ગુણવાળી **કનકસુંદરી** નામની **ભાર્યા** હતી, તે શીળગુણથી ભરપૂર હતી, લાવણ્ય રૂપ અમૃતથી ભરેલી હતી અને પોતાના પતિ તરફ અત્યંત ભક્તિવાળી હતી.

---

૧ બંધુને વિકસ્વર કરતો હતો, તે જ વખતે દુશ્મનો તરફ સૂર્ય જેમ અંધકારને હઠાવી દે તેવો પ્રચંડ હતો.

૨ સૌંદર્ય સાથે શીળ એટલે સુવર્ણમાં સુગંધ મળ્યા જેવું.



जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

હે અગૃહીતસંકેતા! મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને જે ગોળી આપી હતી તેના પ્રભાવથી મારી સાથે પુણ્યોદય મિત્રને લઇને હું તેની કુખમાં આવ્યો. સંપૂર્ણ કાળ થતાં મારી માતાના શરીરથી હું છૂટો પડ્યો અને રંગભૂમિમાં જેમ નટ બહાર પડે તેમ હું યોનિમાંથી બહાર આવ્યો. તે વખતે એક પવિત્ર સુંદર બાળકને પોતે જન્મ આપ્યો છે એવી મારી માતાના મનમાં ભાવના થઇ. મારી સાથે પુણ્યોદયને પણ જન્મ આપ્યો, પણ મારી માતાએ તેને દેખ્યો નહિ, કારણ કે એ અંતરંગના લોકો સાધારણ માણસની નજરે દેખાતા નથી. મારા પિતા સોમદેવને ઘરના નોકર ચાકરે મારા જન્મની ખબર આપી એટલે તેણે પુત્રજન્મનો મોટો મહોત્સવ કર્યો: યાચકોને બહુ દાન આપ્યાં, ગુરૂજનોની મહાન્ ભક્તિ કરી, સગા સંબંધીઓ વિગેરે આનંદનાં વાજીંત્ર વગાડતાં ખૂબ નાચ્યાં. મારા જન્મને બાર દિવસ થયા એટલે મોટા આડંબર સાથે મારા પિતાએ મારૂં વામદેવ[1] નામ પાડ્યું.

બે કાળા મનુષ્યોનો પરિચય.
પૂર્વ કાળના પરિચયની યાદ.
મૃષાવાદ અને માયાનો સંબંધ.

## માયાસ્તેય પરિચય.

ત્યાર પછી અનેક પ્રકારના લાડ અનુભવતો અને સુખ ભોગવતો હું અનુક્રમે વધતો ગયો, મોટો થતો ગયો અને મારી ચેતના વધારે વધારે વ્યક્ત થતી ગઇ. એમ કરતાં જ્યારે મારામાં વધારે સમજણ આવી તે વખતે મેં તદ્દન કાળા રંગના બે પુરૂષો જોયા અને તેઓની પાસે ઘણી વાંકી અને કેડ ભાંગી જવાથી વળી ગયેલી એક કદરૂપી સ્ત્રી મારા જોવામાં આવી. આ ત્રણ મનુષ્યો કોણ હશે અને શા માટે મારી પાસે આવ્યા હશે તેનો હું વિચાર કરતો હતો ત્યાં તો તેઓમાંનો એક પુરૂષ મને ખૂબ જોરથી ભેટયો અને મારે પગે પડ્યો. ત્યાર પછી તેણે મારી સાથે વાત કરવા માંડી:–

મનુષ્ય—"અરે મિત્ર! તું મને ઓળખે છે કે ભૂલી ગયો છે?"

વામદેવ (હું)—"હું ઓળખતો નથી, તમારો સંબંધ મને યાદ આવતો નથી."

મારો જવાબ સાંભળીને તે કાળા રંગનો મનુષ્ય શોકથી બ્હાવરો બની ગયો.

---

૧ શિવનું નામ વામદેવ છે. એ નામના એક ઋષિ પણ થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામદેવ—"બાપુ! તું કેમ આટલો બધો શોકાતુર થઇ બ્હાવરો બની ગયો?"

મનુષ્ય—"મારો અતિ પરિચય છતાં તું મને વીસરી ગયો એ જ મારા શોકનું અને તેથી બ્હાવરા બનવાનું કારણ છે."

વામદેવ—"અરે ભાઇ! સુંદર ચક્ષુવાન્! તને મેં અગાઉ ક્યાં જોયો હતો તે તો કહે."

મૃષાવાદનું ઓળખાણ.

મનુષ્ય—"તેં મને ક્યાં અને કેવી રીતે જોયો હતો તે તને કહું છું તે બરાબર સાંભળ. તને યાદ હશે કે અગાઉ તું [1]અસંવ્યવહાર નગરમાં વસતો હતો તે વખતે તારી પાસે મારા જેવા ઘણા મિત્રો હતા. એ અસંવ્યવહાર નગરમાં તે વખતે હું તારો મિત્ર થયો ન હોતો. ત્યાર પછી ફરવામાટે તું એક વખત એ નગરની બહાર નીકળ્યો અને એકાક્ષનિવાસ નગરમાં તથા [2]વિકલાક્ષપુરમાં ઘણો વખત ફર્યો. એમ ફરતાં ફરતાં તું પંચાક્ષપશુસંસ્થાન (તિર્યંચ) નગરે આવી પહોંચ્યો. એ [3]પશુસંસ્થાનમાં સંજ્ઞાવાળા ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા કુળપુત્રો રહે છે તેમના ટોળામાં અનેક સ્થાનકે ફરીને તું આવી પહોંચ્યો. જ્યારે તું એ ગર્ભજ સંજ્ઞી પંચાક્ષ પશુકુળપુત્રોમાં આવ્યો તે વખતે હું તારો મિત્ર થયો, પરંતુ હું છૂપો રહીને કામ કરતો હતો તેથી તેં મને બરાબર જોયો ન હોતો.[4] હે ભાઇ! ત્યાર પછી તારે તો અહીં તહીં રખડવાનો અને ભ્રમણ કરવાનો લગભગ સ્વભાવ પડી ગયો હતો તેથી તારી ભાર્યા (ભવિતવ્યતા) સાથે અનંત સ્થાનકોમાં અનેક વાર તું રખડયો, ફર્યો અને રોળાયો. એમ કરતાં તને યાદ હશે કે એક વખત કુતૂહળ થવાથી તું સિદ્ધાર્થ નગરે[5] તારી સ્ત્રીને સાથે લઇને ગયો. તે વખતે ત્યાં તું નરવાહન રાજાના રાજ્યમહેલમાં કેટલાક દિવસ રહ્યો હતો અને તે વખતે રિપુદારણ એવું તારૂં નામ હતું અને તે નામથી

---

૧ જુઓ-પ્રસ્તાવ બીજો, પ્રકરણ સાતમું. આ જીવ સૂક્ષ્મ વનસ્પતિમાં અનાદિ નિગોદમાં હોય ત્યારે અસંવ્યવહારીઓ કહેવાય છે. ત્યાં મૃષાવાદ પ્રત્યક્ષ હોતું નથી, કારણ ત્યાં વ્યવહાર જ કરવાનો નથી.

૨ એ ત્રણ ચાર ઇંદ્રિયવાળા જીવની જાતિ.

૩ પાંચ ઇંદ્રિય વાળા જળચર, સ્થળચર અને ખેચર.

૪ પંચેંદ્રિય તિર્યંચમાં જ્યારે ગર્ભજ સંજ્ઞી થાય ત્યારે સ્પષ્ટ મૃષાવાદ બોલવાનો પ્રસંગ થાય છે.

૫ ચોથા પ્રસ્તાવના નાયક રિપુદારણનું નગર. જુઓ પૃ. ૭૦૩.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તું ઓળખાતો હતો. તારૂં અસલ નામ તો સંસારીજીવ છે પણ અન્ય અન્ય સ્થાનોમાં વાસ કરતાં વારંવાર તારાં નામ પણ ફરતાં જાય છે[1] અહો સુંદર મિત્ર! વરલોચન! તેં તે વખતે મારો બહુ સારી રીતે પરિચય કર્યો હતો, તેં મને મૃષાવાદના નામથી ઓળખ્યો હતો, મારી સાથે ઘણો આનંદ કર્યો હતો, અનેક પ્રકારની લહેરો ભોગવી હતી, મને સારી રીતે રાજી કર્યો હતો અને મારાં જ્ઞાન તથા કુશળતામાં તને તે ભવમાં બહુ સારી રીતે પ્રેમ ઉપજ્યો હતો. તને યાદ હોય તો તેં તે વખતે મને એકવાર તો સ્પષ્ટ રીતે આનંદથી પૂછ્યું હતું કે 'મિત્ર! મને આનંદ આપનાર તારામાં આવી કુશળતા કોના પ્રસાદથી આવી? તે તું મને જણાવ.' તેવા તારા સવાલના જવાબમાં મેં તને તે વખતે જણાવ્યું હતું કે 'મેં એક બાઇ જે મૂઢતા અને રાગકેસરીની દીકરી માયા નામની છે તેને મારી બહેન તરીકે સ્વીકારેલી છે તેના પ્રસાદથી મારામાં એ સર્વ કુશળતા આવી છે.'[2] એ સર્વદા મારી પાસે જ રહે છે અને મોટી બહેન હોવાથી માતા જેટલો મારા ઉપર પ્રેમ રાખે છે. નાના બાળકો પણ સારી રીતે જાણે છે કે જ્યાં મૃષાવાદ હોય છે ત્યાં તે ઘણે ભાગે માયા સાથે જ હોય છે. તે વખતે તેં મને કહ્યું કે 'તું મને તે તારી બહેન દેખાડ.' મેં પણ તારી તે માગણી તે વખતે સ્વીકારી અને એ પ્રમાણે તને વચન આપ્યું હતું તે સંભારીને હું તે મારી બહેનને આજે લઇને આવ્યો છું અને તારી સાથે તેની ઓળખાણ કરાવું છું. અરે ભાઇ! જ્યારે તું રિપુદારણ હતો ત્યારે તારો મારા ઉપર એટલો બધો સ્નેહ હતો અને તું મારી સાથે એવી હોંસથી વાતો કરતો હતો અને આપણી દોસ્તી એટલી બધી મનને હરનારી અને ખેંચાણ કરનારી હતી કે તેનાં જેટલાં વખાણ અને વર્ણન કરૂં તે ઓછાં ગણાય. પણ અત્યારે તો તું મને તારી પાસે જુએ છે છતાં ઓળખતો પણ નથી! ખરેખર, આથી વધારે દિલગીરીની બાબત શું હોઇ શકે? ખરેખર, હું તો એક મોટો કમનસીબ મંદભાગી છું કે તારા જેવો પરમ ઇષ્ટ મિત્ર મને ભૂલી જાય છે અને પૂર્વનો સ્નેહ યાદ પણ કરતો નથી! હવે હું ક્યાં જાઉં અને શું કરૂં? અત્યારે મને મોટી ચિંતા કરાવે તેવી દુઃખદાયક પરિસ્થિતિ ઉત્પન્ન થઇ રહી છે!!!"

---

૧ અત્યારે મૃષાવાદ આ વાત કહી જાય છે. અસલમાં સંસારીજીવ પોતેજ પોતાનું ચરિત્ર સદાગમ સમક્ષ કહે છે એ લક્ષ્યમાં રાખવું.

૨ જુઓ પૃ. ૭૨૪. ત્યાં આ સર્વ સગપણ વિસ્તારથી બતાવેલ છે. એ માયા ને બતાવવાનું વચન તે વખતે મૃષાવાદે આપ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામદેવ—"ભાઇ! ખરી રીતે તો એ હકીકત મને અત્યારે યાદ આવતી નથી પણ મારા હૃદયમાં એવો ભાવ આવે છે કે જાણે તારી સાથે ઘણા લાંબા વખતથી પરિચય હોય[1], કારણ કે ભાઇ મૃષાવાદ ! જ્યારથી મેં તને જોયો છે ત્યારથી મારી આંખ શીતળ હીમ જેવી થઇ ગઇ છે અને મારા મનમાં આનંદ આનંદ થઇ ગયો છે.

**नूनं जातिस्मरा मन्ये, दृष्टिरेषा शरीरिणाम् ।**
**प्रिये हि विकसत्येषा, दृष्टे दन्दह्यतेऽप्रिये ॥**

પ્રાણીઓનું દર્શન પૂર્વ જાતિને જરૂર સ્મરણ કરે-યાદ લાવે તેવી (જાતિસ્મરણવાળી) જણાય છે, કારણ કે જ્યારે પોતાના વહાલા સ્નેહી સંબંધીને જુએ છે ત્યારે તે વિકાસ પામે છે અને જ્યારે પોતાને અપ્રિય હોય તેને જુએ છે ત્યારે તેને બળતરા ઉત્પન્ન થઇ જાય છે. માટે ભાઇ ! તારે આ બાબતમાં જરા પણ શોક કરવો ઉચિત નથી. મિત્ર ! તું મારા પ્રાણ જેવો છે. હવે તારે મને જે કહેવું હોય તે ખુશીથી કહે."

મૃષાવાદ—"ભાઇ વામદેવ ! મારે તને કહેવાનું પ્રયોજન તો એકજ છે અને તે એ છે કે હાલમાં આ મારી બહેન મારી સાથે આવેલી છે તેનો તારા ઉપર ઘણો સ્નેહ છે અને નવા નવા ટીખળ કરવામાં આનંદ માનનારા લોકોએ જોકે તે માયાના નામથી પ્રસિદ્ધ થયેલી છે તો પણ એના આચરણથી પ્રસન્ન થઇ ને એનું 'બહુલિકા[2] એવું બીજું સુંદર નામ પાડ્યું છે-હવે મારે તને કહેવાનું એ છે કે જેવી સારી રીતે તું મારી સાથે વર્તતો હતો તેવીજ સારી રીતે તેની સાથે વર્તન રાખજે. હું તો હાલ છૂપો રહેવાનો છું, કારણ કે હાલ મારો અવસર નથી. અત્યારે એ તારા સંબંધમાં વધારે આવવાની છે, પરંતુ તારે એટલું સમજી જ રાખવું કે જ્યાં એ હશે ત્યાં તત્વથી હું તો જરૂર હોઇશ જ, કારણ કે અમારૂં બન્નેનું સ્વરૂપ એક બીજામાં દાખલ થઇ ગયેલું છે.

માયા સાથે પરિચય.

અને ભાઇ વામદેવ ! આ મારી સાથે બીજો પુરૂષ આવેલો છે તે મારો નાનો ભાઇ છે, હાલમાં એ તારી સાથે મિત્રતા કરવાને યોગ્ય છે, તેથી એને પણ અહીં સાથે

સ્તેય સાથે પરિચય.

---

૧ જાતિસ્મરણ જ્ઞાન જે મતિજ્ઞાનનો ભેદ છે તે થાય તો પૂર્વ ભવ પ્રાણી દેખી શકે.

૨ બહુલિકાઃ માયાનું આ બીજું ફુલામણાનું નામ છે, શાસ્ત્રપ્રસિદ્ધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેતો આવ્યો છું. એનું નામ [1]સ્તેય છે. એનામાં ઘણી પ્રબળ શક્તિ છે, એ મહા તેજવાળો છે. પહેલાં એ છૂપાઇને રહેલો હતો, અત્યારે પોતાને યોગ્ય પ્રસંગ જાણીને તે અહીં આવેલ છે. મારે તને એના સંબંધમાં માત્ર એટલું જ કહેવાનું છે કે જેવો પ્રેમ તું મારા ઉપર રાખતો હતો અને જેવી સારી રીતે મારી તરફ જોતો હતો તેવી જ સારી રીતે અને તેટલા જ સ્નેહભાવથી તેના તરફ તું વર્તજે અને તેને તારો વહાલો ભાઇ ગણજે.”

**વામદેવ**—“સુજ્ઞ મિત્ર ! જે તારી બહેન તે મારી પણ મોટી બહેન છે એમ જ હું ગણીશ અને જે તારો સહોદર ભાઇ છે તે મારો પણ ભાઇ છે એમ હું માનીશ. તારે એ બાબતમાં કહેવાની જરૂર હોય જ નહિ.”

**મૃષાવાદ**—“મિત્ર ! ભારે કૃપા કરી, મારા ઉપર તેં મોટી મહેરબાની કરી, તેં આ પ્રમાણે કરવા વચન આપ્યું તેથી હું તો ખરેખર કૃતકૃત્ય થયો છું. ધન્ય છે નરોત્તમ તને !”

આ પ્રમાણે કહીને મૃષાવાદ અંતર્ધાન થઇ ગયો.

* * *

**માયા અને સ્તેયના પરિચયની અસર.**

હવે મને માયા અને સ્તેયનો પરિચય થયો, તેના પરિણામે મારા મનમાં જે વિચારો થવા લાગ્યા તે અત્ર સંક્ષેપમાં જણાવી દઉં: હું વિચારતો હતો કે અહો ! મારે માયા જેવી બહેન સાંપડી અને સ્તેય જેવો ભાઇ મળ્યો તેથી ખરેખર હું ધન્ય છું ! આવા ભાઇબહેન તો ભાગ્યે જ મળે છે ! વિગેરે. તેની સાથે વિલાસ કરતાં મારી ચેતના ભમવા લાગી અને મનમાં અનેક પ્રકારના તર્કવિતર્કો થવા લાગ્યા: મને માયાની અસરથી એવું થવા માંડ્યું કે જાણે આ આખી દુનિયાને છેતરી દઉં, અનેક પ્રકારના પ્રપંચોથી બધાને ભોળવી દઉં; અને વળી સ્તેયની અસરથી એવું લાગવા માંડ્યું કે પારકાનું સર્વ ધન હું ચોરી લઉં કે ઉઠાવી લાવું. ત્યારથી માંડીને હું તો અન્ય લોકોને છેતરવાના કામમાં અને પારકા પૈસા અને પારકી દોલત હરી લેવાની બાબતમાં પ્રવર્તવા લાગ્યો. લોકોએ તથા સંબંધીવર્ગે પણ મારી તુલના કરી લીધી અને મારૂં એવું ખરાબ વર્તન જોઇને તેઓ મને એક તરખલા જેવો હલકો ગણવા લાગ્યા.

* * *

---

૧ **સ્તેયઃ** ચોરી, લૂંટ, ધાડ. પારકી વસ્તુ પચાવી લેવી, રજા વગર લેવી, બીજે સ્થાનકે છુપાવી દેવી વિગેરે સર્વ **સ્તેય**માં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિમળ સાથે મૈત્રી.

વર્ધમાન નગરના મહારાજા ધવળ રાજાની પટરાણી કમળસુંદરી હતી. તેને મારી માતા કનકસુંદરી સાથે બ્હેનપણા હતા અને બન્નેને અરસપરસ સ્નેહ ઘણો સારો હતો. એ રાણીનો દીકરો વિમળ નામનો હતો. તે મને માતાઓના સંબંધથી નિખાલસ હૃદયથી ઘણો ચાહતો હતો અને અમે બન્ને એક બીજાના ઇષ્ટ મિત્રો થયા હતા. એ વિમળ કુમાર નિરંતર પરના ઉપર ઉપકાર કરવા માટે તત્પર રહેતો હતો, તેનું મન સ્નેહસંબંધથી ભરપૂર હતું અને તે એક મહાત્મા જેવો જ જણાતો હતો. કોઇ પણ જાતના ગોટાળા કે દાવપેચ વગર તે મારી સાથે પ્રમોદથી રહેતો હતો. વિમળ જ્યારે મારા ઉપર આવી એકનિષ્ઠાથી સરખો સ્નેહ રાખતો હતો, ત્યારે હું તો માયાના પ્રતાપથી મનમાં શઠતા રાખતો હતો, સ્નેહમાં સાચો રહેતો ન હોતો અને વિમળ જેવા પવિત્ર મહાત્મા તરફ પણ મળ (દોષ-મેલ-કચરો-ગૂઢ આંતર આશય)વાળો રહેતો હતો અને કુટિલતાનું એક ઘર જ બની ગયો હતો. વિમળ કુમાર સાચો શુદ્ધ પ્રેમ રાખતો હતો અને હું કપટમૈત્રી રાખતો હતો. તેવી વિચિત્ર અવસ્થામાં વર્તતા અમે અનેક પ્રકારની ક્રીડાઓ કરતા હતા, આનંદમાં વર્તતા હતા અને લહેર કરતા હતા. એવી રીતે શુદ્ધ પ્રેમ અને લુચ્ચાઇની વચ્ચે ઝોલાં ખાતાં અમારા પ્રેમસંબંધમાં અમે દિવસોના દિવસ કાઢી નાખ્યા.

હવે મહાત્મા વિમળે નાનપણમાં એક સારા ઉપાધ્યાયનો યોગ મેળવીને તેની પાસેથી સઘળી કળાઓનો અભ્યાસ કરી લીધો. અને અનુક્રમે યુવતિઓનાં નેત્રોને આનંદદાયી, કામદેવના મંદિર સમાન અને લાવણ્યસમુદ્રના આધારભૂત તરૂણાવસ્થાને તે પામ્યો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨ જું.

## નરનારી શરીરલક્ષણ.

વિમળ કુમારનો એક તરફ શુદ્ધ સાચો પ્રેમ અને બીજી તરફ મારી કૃત્રિમ મૈત્રી નિરંતર વધતી ચાલી, અમે અનેક પ્રકારના આનંદો ભોગવવા લાગ્યા અને વિલાસો કરવા લાગ્યા. એ પ્રમાણે એક વખત ક્રીડા કરતાં કરતાં અમે ક્રીડાનંદન નામના સુંદર વનમાં આવી પહોંચ્યા.

**ક્રીડાનંદન વન.**

[1]अशोकनागपुन्नाग-बकुलाङ्कोल्लराजितं,
चन्दनागरुकर्पूर-तरुषण्डमनोहरम् ॥ १ ॥
द्राक्ष्यमण्डपविस्तार-वारितातपसुन्दरम्, ।
विलसत्केतकीगन्ध-गृद्ध्यान्धीकृतषट्पदम् ॥ २ ॥
अनेकतालहिन्ताल-नालिकेरमहाद्रुमैः,
यदाह्वयति हस्ताग्रैः, सस्पर्धमिव नन्दनम् ॥ ३ ॥

" એ વન અશોકનાં ઝાડો, નાગનાં વૃક્ષો (નાગકેશર), પુન્નાગનાં વૃક્ષો (સોરંગીનાં ઝાડ અથવા જાયફળનાં ઝાડો), બકુલનાં વૃક્ષો, કાકોલી નામની વનસ્પતિનાં ઝાડો, અને અંકોલના વૃક્ષોથી વિરાજિત હતું, ચંદન અગર અને કપૂરનાં ઝાડોના સમૂહથી મનોહર લાગતું હતું, તેમાં દ્રાક્ષના માંડવાઓ એટલા વિસ્તારથી ફેલાયલા હતા કે સૂર્યના તાપને અટકાવી દઇ છાયો કરતા હતા અને તેથી તે વન ઘણું સુંદર જણાતું હતું. ઝુમી રહેલી કેતકી (કેવડા)ની સુંદર ગંધથી ભમરાઓને

---

૧ અનુષ્ટુપ્ વૃત્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આંધળા બનાવી દેતું હતું, તેમ જ તેમાં તાડનાં ઝાડો, હિંતાલનાં વૃક્ષો અને નાળીએરીનાં મોટાં મોટાં ઝાડો એટલાં ઊંચાં આવીને ઝુલી રહ્યાં હતાં કે જાણે તે નંદનવનની સાથે સ્પર્ધા કરીને તેને આમંત્રણ કરતાં હોય એવું દેખાતું હતું.''

વળી **विविधाद्भुतचूतलतागृहकं, क्वचिदागतसारसहंसबकम् ।**
**सुमनोहरगन्धरणद्भ्रमरं, द्युसदामपि विस्मयतोषकरम् ॥**
**स च तत्र मया सहितो विमलः, सरलो मनसा बहुपूतमलः ।**
**उपगत्य तदा सुचिरं विजने, रमते स्म मृगाक्षि मनोज्ञवने ॥**

"એ વનમાં અનેક પ્રકારનાં અદ્‌ભુત આંબાનાં લતાગ્રહો આવી રહેલાં હતાં, કોઇ કોઇ સ્થાનોએ સારસ હંસ અને બગલાઓ આમતેમ ફરી રહ્યાં હતાં, કોઇ ઠેકાણે મનને હરણ કરનાર ગંધથી ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા અને સંક્ષેપમાં કહીએ તો એ વન એવું સુંદર હતું કે દેવતાઓ પણ એને જોઇને મનમાં આશ્ચર્યપૂર્વક સંતોષ પામે–એવા ક્રીડાનન્દન નામના વનમાં વિમળ સાથે હું દાખલ થયો. વિમળ તો મનથી ઘણો સરળ સ્વભાવી હતો, એના પાપ બધાં ધોવાઇ ગયેલાં હતાં અને હે મૃગાક્ષિ ! એ મનને આનંદ આપે તેવા એકાંત વનમાં એ મારી સાથે વારંવાર રમતો હતો, ફરતો હતો અને આનંદ કરતો હતો."

**દૂરથી સંભળાયલો સુંદર મધુર ધ્વનિ.**
**તેની તપાસ કરવા ગયેલા બન્ને મિત્રો.**
**અવલોકનનો વિમળે બતાવેલ ચમત્કાર.**

હવે એવી રીતે લતામંડપમાં વિમળ અને હું (વામદેવ) આનંદ કરતા હતા તેવામાં અમારા કાનમાં કોઇ બે મનુષ્યો ધીમે ધીમે વાત કરતા હોય અને સાથે પગના નુપુરો (ઝાંઝરો) ઝીણી રૂપાની ટોકરી જેવો અવાજ કરતા હોય એવો અસ્પષ્ટ અવાજ અમારા કાનમાં પડ્યો. આવો અવાજ કાનમાં પડતાં જ વિમળ એકદમ બોલી ઉઠ્યો "મિત્ર વામદેવ ! આ કોનો અવાજ સંભળાય છે?" (વામદેવે) મેં જવાબ આપ્યો કે "એ અવાજ બરાબર સ્પષ્ટ ન હોવાથી તે કોનો છે અને કઇ દિશા તરફથી આવે છે તે મેં બરાબર બારીક રીતે સાંભળ્યું નથી. અહીં તો અનેક પ્રકારના અવાજનો સંભવ રહે છે, કારણ કે આ જંગલમાં યક્ષો વિચરે છે, મોટા માણસો ભમે છે, દેવતાઓ પણ સંભવે છે, સિદ્ધ લોકો રમે છે, પિશાચો ફરે છે, ભૂતો પણ આવજા કરે છે, [1]કિન્નરો ગાયન કરે છે, રાક્ષસો પરિભ્રમણ કરે છે, કિંપુરૂષો વાસ

૧ **કિન્નરઃ** વાણવ્યંતર જાતિના અર્ધ મનુષ્ય અર્ધ ઘોડાના આકારના હલકા દેવો. **કિંપુરૂષ** અને **મહોરગો** પણ વાણવ્યંતર જાતિના દેવો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે, મહોરગો વિલાસ કરે છે, ગાંધર્વો લહેર કરે છે અને વિદ્યાધરો અહીં ક્રીડા કરે છે; માટે આપણે જે બાજુથી એ શબ્દ આવે છે તે તરફ આગળ વધીને ત્યાં સુધી જઇએ અને એ શબ્દ કોનો છે તેનો નિર્ણય કરી આવીએ."

એ પ્રમાણે વાતચીતમાં મેં જે સૂચના કરી તે વિમળે સ્વીકારી અને મધુર અવાજ કરનાર કોણ છે તેની તજવીજ કરવા અમે બન્ને ચાલ્યા. થોડો રસ્તો અમે ચાલ્યા એટલે અમારી નજરે જમીનપર પડેલાં પગલાં દેખાયાં એટલે [1]પાદુકાજ્ઞાનમાં પ્રવીણ વિમળે કહ્યું "મિત્ર વામદેવ! આ કોઇ મનુષ્યના જોડલાનાં પગલાં જણાય છે, એક સ્ત્રી હોય તેમ લાગે છે અને એક પુરૂષ જણાય છે. જો, ભાઇ! આ વેળુમાં એક પગલાં તો તદ્દન કોમળ અને નાનાં જણાય છે અને તેમાં જે સૂક્ષ્મ સુંદર રેખાઓ છે તે પણ વેળુમાં (રેતીમાં) પડેલી દેખાઇ આવે છે. બીજાં પગલાં જે જણાય છે તેમાં ચક્ર અંકુશ અને મત્સ્ય વિગેરેનાં ચિહ્નો સ્પષ્ટ દેખાઇ આવે છે અને તે છૂટાં છૂટાં છે. હવે દેવતાઓનાં પગ તો જમીનને લાગતાં નથી (દેવો તો જમીનથી ચાર આગળ ઊંચા ચાલે છે) અને સાધારણ માણસોનાં પગમાં આવાં ચિહ્નો હોતાં નથી; માટે જે સુંદર જોડલાંનાં આ પગલાં છે તે કોઇ અસાધારણ મનુષ્ય હોવા જોઇએ."

મેં જવાબમાં કુમારને કહ્યું "તમે કહો છો તે ખરૂં જ હશે. ચાલો, આપણે આગળ જઇને એ બાબતની ચોકસી કરીએ."

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાર પછી અમે જરા આગળ વધ્યા. આગળ ચાલતાં સખ્ત ગીચ ઝાડીમાં અમોએ એક વિશાળ લતામંડપ જોયો. તેમાં એક લતાની વચ્ચે સહજ જગ્યા હતી તે બાંકોરામાંથી અમોએ લતામંડપમાં નજર કરી, તો રતિ અને કામદેવના સૌંદર્યને પણ હસી કાઢે એવું એક સુંદર સ્ત્રીપુરૂષનું જોડલું[2] એક બીજામાં એકમેક થઇ રહેલ જોયું. વિમળે તો એ બન્ને સ્ત્રીપુરૂષને નખના છેડાથી તે માથાના વાળ સુધી ધારી ધારીને જોઇ લીધાં, પણ એ બન્ને એવા રસમાં પડી ગયા હતા કે તેણે અમને જોયા નહિ. અમે પછી થોડાં પગલાં પાછા હઠ્યા એટલે વિમળે કહ્યું કે—"ભાઇ વામદેવ! આ સ્ત્રીપુરૂષ સાધારણ નથી, કારણ કે એમનાં શરીર ઉપર ઘણાં સારાં લક્ષણો દેખાય છે."

મેં પૂછ્યું "ભાઇ! નરનારીનાં શરીરપર કેવાં લક્ષણો હોય છે

---

૧ પાદુકાજ્ઞાનઃ પગનાં ચિહ્ન સંબંધી જ્ઞાન.
૨ આ જોડલું રત્નચૂડ અને ચૂતમંજરીનું છે તે આવતા પ્રકરણમાં જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તું મને જણાવ. એ જાણવાનું મારાં મનમાં ઘણુંજ કુતૂહળ છે, માટે પ્રથમ તો મને એ લક્ષણો જણાવ."

## [1]પુરૂષસ્ત્રીનાં શરીરલક્ષણ.

પછી વિમળે નરનારીનાં લક્ષણો કહેવા માંડ્યાં:—

"ભાઇ વામદેવ! પુરૂષોનાં લક્ષણો અનેક ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવેલાં છે તેને એકદમ ટુંકામાં વર્ણવવાને કોણ શક્તિમાન્ થાય? તેમજ વળી સ્ત્રીઓનાં લક્ષણો પણ બહુ વિસ્તારથી વર્ણવવામાં આવ્યાં છે તેના વર્ણનનો પાર કોણ પામી શકે અને કોણ તેને પોતાના ધ્યાનમાં સંપૂર્ણપણે અવધારી શકે? હવે તને આ બાબતમાં ઘણુંજ કુતૂહળ થયું છે તો એ લક્ષણ સંબંધી હકીકત તને સંક્ષેપમાં જણાવું. હું સ્ત્રી અને પુરૂષનાં જે લક્ષણો બતાવું છું તે તું બરાબર ધ્યાન રાખીને સાંભળજે." મેં સંજ્ઞાથી એ હકીકત જાણવાની ઇચ્છા બતાવવાથી તથા 'બહુ કૃપા કરી' એટલા શબ્દો મારા બોલવાની સાથે જ વિમળ કુમારે પોતાની વાત આગળ ચલાવી:—

### પુરૂષ લક્ષણ.

"પગનું તળીયું લાલ, સ્નિગ્ધ અને વાંકુ ચૂંકુ નહિ પણ સીધું હોય, કમળ જેવું, મનોહર અને સુકોમળ હોય તેમજ સારી રીતે લાગી રહેલ હોય તો તે બહુ વખાણ કરવા યોગ્ય-પસંદ કરવા યોગ્ય છે એમ સમજવું.

'જે પુરૂષના પગના તળીઆમાં ચંદ્ર, વજ્ર, અંકુશ, છત્ર, શંખ, સૂર્ય ઇત્યાદિ ચિહ્નો દેખાય તે પુરૂષ ભાગ્યશાળી છે એમ સમજવું.

'એ ચંદ્ર વિગેરે જે ચિહ્નો મેં કહ્યાં તે પૂરેપૂરાં ન હોય અને છુટાંછવાયાં દેખાતાં હોય તો તે માણસ પોતાની પછવાડેની જીંદગીમાં ભોગ ભોગવનાર ભાગ્યશાળી થશે એમ સમજવું.

'જે પુરૂષના પગને તળીએ ગધેડા, ડુક્કર અથવા શિયાળનું

---

૧ આ સામુદ્રિક શાસ્ત્રનો વિષય છે. મારા જોવામાં એક ભદ્રબાહુ સ્વામી કૃત સામુદ્રિક શાસ્ત્રનો ગ્રંથ આવ્યો છે તેનું ભાષાંતર શેઠ ભીમશી માણેક તરફથી બહાર પડયું છે. તે ગ્રંથમાં પુરૂષ, સ્ત્રી, અશ્વ, હાથી અને બળદનાં શરીર ઉપરનાં ચિહ્નો પર અને તેનાં ફળપર વિસ્તારથી વિવેચન છે. આ નિમિત્ત શાસ્ત્રનો જેને શોખ હોય તેમને એ ગ્રંથ વાંચવા ભલામણ છે. અર્થ સમજવામાં મેં એ ગ્રંથનો ઉપયોગ કર્યો છે. મો. ગિ.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ચિહ્ન સ્ફુટ રીતે દેખાય તે પુરૂષ નિર્ભાગી અને દુઃખીઓ છે એમ જાણવું.

{ મિત્ર વિમળ આ પ્રમાણે વાત કરતો હતો તે વખતે જરા ઉપહાસ કરવા સારૂ હું વચમાં (વામદેવ) બોલી ઉઠ્યો-"મિત્ર ! તું તો સારાં લક્ષણો મને જણાવતો હતો તેમાં વળી અપલક્ષણની વાત પણ ક્યાંથી કરવા મંડી ગયો ?" વિમળે જવાબમાં કહ્યું-"માણુસની સામે જોવાથીજ તેનાં સારાં અને ખરાબ લક્ષણો જણાય છે અને તેથી તેનાં બે પ્રકારનાં લક્ષણ ગણાય છેઃ કેટલાંક લક્ષણ સારાં હોય છે અને કેટલાંક ખરાબ હોય છે. આ પ્રમાણે હોવાથી શરીરપર જે બે પ્રકારનાં ચિહ્નો હોય છે તે સુખ અને દુઃખ બતાવનારાં હોય છે તેથી લક્ષણને વિદ્વાનો બે પ્રકારનાં કહે છે. આ પ્રમાણે હોવાથી નર (પુરૂષ)નાં લક્ષણ પ્રસ્તુત છે, તેમાં તેની સાથે તેનાં અપલક્ષણો સંબંધી વાત કરવી તે તદ્દન યોગ્ય છે એમ ભાઇ વામદેવ ! તું જાણ." વામદેવે જવાબમાં કહ્યું "ભાઇ વિમળ ! આ તો લક્ષણ અને અપલક્ષણ શબ્દની વ્યુત્પત્તિને લઇને મેં માત્ર મશ્કરી કરી હતી, બાકી બન્ને વાત કરવાથી તું તો મારા ઉપર બેવડો ઉપકાર કરે છે. હવે વાત આગળ ચલાવ." વિમળે પુરૂષનાં લક્ષણો સંબંધી વાત આગળ ચલાવી—}

'ભાગ્યશાળી માણસોનાં નખ અત્યંત ઊંચા હોય છે, વિસ્તીર્ણ હોય છે, રાતા હોય છે, ચીકાશદાર આરિસા જેવા ચળકતા હોય છે. એવા નખ જો પ્રાણીના હોય છે તો તે તેને ધન ભોગ અને સુખ આપનાર થાય છે; મતલબ તેવા નખવાળા પ્રાણીને ધનનો ભોગનો અને સુખનો સારી રીતે લાભ મળે છે. જો નખ ધોળા હોય તો તે પ્રાણી ભીખ ઉપર ગુજરાન કરનારો છે એમ સમજવું અને જો તે લુખા હોય અથવા જાત જાતના રંગવાળા હોય[1] તો તે નખવાળો માણસ ખરાબ વર્તનવાળો છે એમ સમજવું.

'જેના પગ વચ્ચેથી ટુંકા હોય તેનું સ્ત્રી સંબંધી કોઇ કામ આવી પડે તેમાં મરણ થાય. માંસવગરના પાતળા પચકેલ પગો સારાં નથી એમ કહ્યું છે અને પગ નાના મોટા હોય તે પણ સારા નથી એમ સમજવું. બાકી કાચબાની જેવા ઊંચા, જાડા, ચીકાશદાર, માંસળ (ભરેલા), સાધારણ રીતે કોમળ અને એક બીજાને અડકતા પગો

૧ પુષ્પિતક શબ્દ છે-એનો બીજો અર્થ ડાઘાડુઘીવાળા એવો પણ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ્યશાળી છે એમ સમજવું અને એવા પગો પ્રાણીને સુખ અપાવનાર છે એમ જાણવું.

'જે પુરૂષોની જાંગ (પીંડી) કાગડા જેવી દુર્બળ હોય છે, જેઓની પીંડીઓ લટકતી હોય છે અને જેઓની જાંગ બહુ લાંબી અને જાડી હોય છે તે પુરૂષો દુઃખીઆ હોય છે અને પોતાને પગે મુસાફરી કરનારા છે એમ જાણવું-મતલબ તેઓના નસીબમાં બેસવામાટે વાહન નથી-ઘરના ગાડી ઘોડા મ્યાના પાલખી વિગેરે તેમને મળવાનાં નથી એમ સમજવું.

'જે પુરૂષો ચાલે ત્યારે જેમની ગતિ (Gait) હંસના જેવી હોય, મોર જેવી હોય, હાથી જેવી હોય, બળદ જેવી હોય, તેવા પ્રાણીઓ આ લોકમાં સુખી થાય છે અને તેથી ઉલટા પ્રકારની જેઓની ચાલવાની ગતિ હોય છે તે દુઃખી છે અથવા થશે એમ સમજવું.

'બન્ને ઢીંચણો (જાનુઓ) જરા ગૂઢ હોય અને એના સાંધાઓ સારી રીતે ગોઠવાઇ ગયેલા હોય તો તે પ્રાણીને સુખી સમજવો, બહુ ઘટ્ટ અને જાડા જાનુઓ હોય તે સારા સમજવા નહિ.

'પુરૂષચિહ્ન ટુંકુ હોય, કમળ જેવી સુંદર કાંતિવાળું હોય, ઉન્નત હોય અને તેનો અગ્ર ભાગ શુભ હોય તો તે સારૂં સમજવું; જેનું પુરૂષચિહ્ન વાંકુંચૂકું હોય, લાંબું હોય અને મલીન હોય તે ખરાબ છે એમ જાણવું.[1]

'જે પુરૂષના વૃષણો સહજ લાંબા હોય છે તે મોટા આયુષ્યવાળા થાય છે, બે વૃષણ નાના મોટા હોય તો તે પ્રાણી ઓછા આયુષ્યવાળો છે એમ જાણવું.

'પુરૂષની કેડ[2] માંસથી ભરેલી અને વિસ્તારવાળી હોય તે વધારે સારી છે એમ સમજવું અને જો તે તદ્દન પાતળી અને સાંકડી હોય તો દારિદ્ર આપનારી છે એમ સમજવું.

'જે પુરૂષનું પેટ સિંહ વાઘ અથવા મોર (કુકડા)ના પેટ જેવું હોય અથવા જેનું પેટ બળદ અથવા મત્સ્ય (માછલા)ના પેટ જેવું હોય તે પ્રાણી અનેક ભોગ ભોગવનાર થશે એમ જાણવું, તેમજ જેનું

---

૧ ભદ્રબાહુ સામુદ્રિકમાં કહે છે-લક્ષણવિનાનું જેનું લિંગ હોય તેને ઘણા પુત્રો હોય, જેનું લિંગ ડાબી બાજુએ ગોળ આકારનું હોય તેને ઘણી પુત્રીઓ થાય.

૨ વિશાળ કેડવાળાને પુત્રથી સુખ મળે છે, માંસરહિત કેડવાળાને બહુ સુખ મળે છે, જેની કેડ કેસરીસિંહ જેવી હોય તે ચતુર નાયક થાય છે અને જેની કેડ ચાંદા જેવી હોય તે દુઃખી થાય છે. (ભદ્ર.)

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

પેટ ગોળ હોય તે પણ ભોગ ભોગવવાને યોગ્ય છે એમ લક્ષણ જાણનારાઓ કહે છે.

'જે પ્રાણીની કુક્ષી (બગલ) દેડકા જેવી હોય તે પુરૂષ શૂરવીર થાય છે.

'જે પુરૂષની ડુંટી ગંભીર (વિશાળ અને ઊંડી) હોય તેમજ દક્ષિણાવર્ત્ત એટલે જમણી બાજુએ વળ લેનારી હોય તેને સુંદર કહેવામાં આવે છે અને જે ડુંટી ઊંચી હોય અને વામાવર્ત્ત એટલે જેનો આવર્ત (વળ) ડાબી બાજુએ જતો હોય તે પસંદ કરવા યોગ્ય નથી એમ લક્ષણના જાણનાર જ્ઞાનીઓ કહે છે.

'ભાગ્યશાળી પુરૂષની છાતી (વક્ષઃસ્થળ) [1]વિશાળ હોય છે, ઉન્નત હોય છે, આગળ પડતી (તુંગ) હોય છે, ચીકાશદાર હોય છે, બહુ રૂવાડાંવાળી હોય છે અને સુકોમળ હોય છે અને એથી ઉલટી જેઓની છાતી ટુંકી, બેસી ગયેલી, લુખી, મવાળા વગરની અને કઠણ હોય છે તે નિર્ભાગી છે એમ જાણવું.

'જેમની પીઠ કાચબા સિંહ ઘોડા અથવા હાથીની પીઠ જેવી હોય છે તે પુરૂષ બહુ શોભાયમાન લાગે છે.

'જે પુરૂષનાં હાથ ઉદ્‌બદ્ધ[2] હોય તે જાતે દુષ્ટ થશે અથવા છે એમ જાણવું, ટુંકા હાથવાળા દાસ-નોકર થવાનાં છે એમ સમજવું, લાંબા હાથવાળા ભાગ્યશાળી છે એમ ધારવું; કારણ કે લાંબા હાથને બહુ પ્રશંસાપાત્ર ગણવામાં આવ્યા છે.[3]

'જેની બન્ને હથેળીઓ કઠણ હોય તેને વિશેષ કામ કરવું પડવાનું નથી એમ સમજવું. બાકી આંગળીના નખોનાં સંબંધમાં તો જે પ્રમાણે પગના નખો માટે હકીકત કહી છે તેજ પ્રમાણે સમજી લેવી.

'જે પુરૂષની ખાંધ બહુ લાંબી હોય, ઘેટા જેવી હોય અથવા માંસ વગરની હોય તે ભાર ઉપાડનાર મજુર છે એમ સમજવું, જે

---

૧ 'વિશાળ' વિશેષણ આજુબાજુને અંગે છે, 'તુંગ' વિશેષણ પેટની સાથે સરખામણીમાં ઊંચી એમ બતાવે છે અને 'ઉન્નત' તે પડખાની સાથે સંબંધ રાખે છે.

૨ ઉદ્‌બદ્ધઃ બંધાઇ ગયેલા. કેટલાકના હાથો ઊંચા થઇ ન શકે, પણ સાથે ચોંટી ગયેલા જેવા લાગે તે ખરાબ છે. કોઇ આ શબ્દનો અર્થ લઘુથી મોટા અને જોઇએ તેથી નાના એમ કરે છે.

૩ જે પુરૂષના હાથ છેક ઘુંટણ સુધી લાંબા અને દરવાજાની ભોગળ સરખા સીધા હોય છે તે માણસને અત્યંત ગુણી જાણવો, તથા જેના હાથ ટુંકા હોય તેને ધનરહિત જાણવો. (ભાષા.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાંધ માંસથી ભરપૂર હોય અને જે લઘુ હોય તે બહુ સુંદર છે એમ વિદ્વાનોનો અભિપ્રાય છે.

'પુરૂષનું ગળું પાતળું અને લાંબું[1] હોય તો તે દુઃખ આપનાર છે એમ સમજવું, પણ જે ગળું શંખના જેવું સારા આકારવાળું અને જેના ઉપર બરાબર ત્રણ વળીઆં પડતાં હોય તે ઘણું સારૂં છે એમ સમજવું.

'જે પુરૂષના હોઠ નાના મોટા હોય તે બીકણ સમજવો, જેના હોઠ લાંબા હોય તે ભોગ ભોગવનાર છે અથવા થશે એમ સમજવું, જેના હોઠ નાના હોય છે તે નિરંતર દુઃખીઓ છે એમ જાણવું અને જેના હોઠ જાડા હોય તે ભાગ્યશાળી છે એમ ધારવું.[2]

'દાંતો ચોખા હોય, સરખા હોય, ટોચ(અણી)વાળા હોય, ચીકાશદાર હોય અને પુષ્ટ હોય તે સારા સમજવા, એથી ઊલટી રીતે જે પુરૂષના દાંતો ગંદા, નાનામોટા, અણીવગરના, લુખા અને પાતળા હોય તે ખરાબ સમજવા. જે પુરૂષના .મુખમાં પૂરા બત્રીશે દાંતો હોય તે રાજા થાય છે, એથી એક ઓછો દાંત જેને હોય તે (૩૧ દાંત વાળો) ભોગી થાય છે એમ જાણવું, એથી પણ એક દાંત ઓછો (૩૦ દાંતવાળો) હોય તે મધ્યમ પ્રકારનો છે એમ જાણવું અને ત્રીશથી પણ જેને ઓછા દાંત હોય તે ભાગ્યશાળી નથી એમ જાણવું. જેઓને બહુ થોડા દાંત હોય, જેઓને ઘણા વધારે દાંત હોય, જેઓના દાંત ઘણા કાળા હોય અને જેઓના દાંત ઉંદરના દાંત જેવા હોય તે પાપી છે એમ કહેવામાં આવ્યું છે. જેઓના દાંતો ઘણા ભયાનક લાગતા હોય, ચીડ ઉપજાવે તેવા ખરાબ દેખાતા હોય અને જેમના દાંત આડાઅવળા આવી રહેલા હોય તે પ્રાણીઓ તદ્દન ખરાબ વર્તનવાળા છે, અત્યંત પાપી છે, નરપિશાચ છે એમ સમજવું.[3]

---

૧ મયૂર ઊંટ અથવા બગલાના જેવું. (ભદ્ર.)

૨ લાલ રંગના હોઠવાળો ભાગ્યશાળી હોય અને સ્ત્રીને બહુ વલ્લભ હોય; જેના હોઠ પાકેલા ઘોલા જેવા ગોળ અને હમેશ લીલા રહેતા હોય તે ઉત્તમ; જેના હોઠ કાળા, સુકલ, તરડાયલા અને વિષમ હોય તે માણસ કુટુંબમાં રહે તો વિરોધ કરાવે, પીળા હોઠવાળો વિષયી લંપટ હોય, બહુ જાડા હોઠવાળો અલ્પજીવી હોય, હોઠ ઉઘાડા રહે તે દરિદ્રી જાણવો અને જેના હોઠમાં ફાટ હોય તે પ્રથમ સુખી હોય તો દુઃખી થાય અને દુઃખી હોય તો સુખી થાય. (ભદ્ર.)

૩ જેના દાંત સફેદ રંગના હોય તેને બહુ માન મળે છે, લાલ રંગવાળો લંપટ હોય છે, પીળા દાંતવાળો કપટી હોય છે. (ભદ્ર.)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

'કમળના પાંદડા જેવી લાલરંગની જેની જીભ હોય અને અણીવાળી હોય તે શાસ્ત્ર જાણનાર વિદ્વાન માણસની છે એમ સમજવું અને જે જીભમાં જૂદા જૂદા રંગ પડતા હોય તે જીભ દારૂ પીનારની છે એમ સમજવું.[1]

'શૂરવીર માણસનું તાળવું કમળના પત્ર જેવી કાંતિવાળું અને મનને હરણ કરનાર હોય છે અને જે તાળવું કાળું હોય તે કુળનો ક્ષય કરનાર છે. કાળા રંગનું તાળવું દુઃખનું કારણ છે એમ સમજવું.[2]

'જેનો સ્વર હંસ અથવા સારસના જેવો હોય તે સુંદર સ્વરવાળા પુરૂષો જાણવા અને તેવા પ્રાણીઓ સુખી થાય છે, જેઓનો સ્વર કાગડા જેવો અથવા ગધેડા જેવો હોય છે તેને દુઃખી જાણવા.[3]

'લાંબા (દીર્ઘ) નાકવાળા નિરંતર સુખી હોય છે, વિશુદ્ધ નાકવાળા ભાગ્યશાળી હોય છે, ચપટા ( ચીબા ) નાકવાળા પાપી હોય છે અને વાંકા વળી ગયેલા નાકવાળા ચોર હોય છે.[4]

---

૧ જેની જીભ શ્યામ રંગની હોય તે દાસપણું કરે, લીસી જીભ દરિદ્રપણું આપે, મેલી જીભ અશુભ કાર્ય નીપજાવે, સફેદ જીભ લંપટપણું શીખવે; જેની જીભ તીક્ષ્ણ તથા ખડબચડી હોય તેને મિષ્ટાન્ન ભોજન મળે છે; જેની જીભ વાંકી હોય તે રાજ્ય તરફનું કષ્ટ ભોગવે, જેની જીભ બોલતા અચકાતી હોય તે સર્વ લોકોથી માન પામે તથા તેને ઘેર પુત્રોનો જન્મ થાય, વળી જેની જીભ લાલ રંગની અને અણીદાર હોય તે વિદ્વાન્ થાય, જેની જીભ મુખની બહાર નીકળી ન શકે તે પાપી અને નરકગામી થાય, જેની જીભ તાળવાને અડી ન શકે તે દુઃખી થાય અને જેની જીભ સ્વાદને જાણી ન શકે તેનું તત્કાળ મૃત્યુ થાય. (ભદ્રબાહુ.)

૨ જે માણસનું તાળવું શ્યામ રંગનું હોય તે માણસ કુળનો નાશ કરે, જેનું તાળવું લાલ રંગનું હોય તે રાજા થાય, જેનું તાળવું હમેશાં સુકાયલું રહે તે દુઃખ પામે, જેનું તાળવું વચ્ચે સાંધાની લીટીવાળું હોય તે ધનરહિત થાય, જેનું તાળવું હમેશા ભીનું રહે તે સુખી થાય, જેના મુખમાં ગયેલા ઉના ઠંડા પદાર્થોનો સ્પર્શ તાળુને ન જણાય તે માણસનું તત્કાળ મરણ થાય. (ભદ્ર.)

૩ જે પુરૂષનો સ્વર મહા ગંભીર હોય તે જ્ઞાની, દાતાર, શૂરવીર અને સુખી હોય એમ સામુદ્રિક શાસ્ત્ર કહે છે. (ભદ્ર.)

૪ જેની નાસિકા વાંકી તથા વિષમ હોય તે ભાગ્યહીન અને ધનહીન થાય છે અને અંતે અત્યંત દુઃખી થાય છે, પીળી નાસિકાવાળાને કાર્યમાં ધીરો જાણવો, હાથી સરખી નાસિકાવાળાને ભક્તિભાવવાળો જાણવો, પોપટની ચાંચ સરખી નાસિકાવાળાને ભાગ્યશાળી રાજા જાણવો, દિપક સરખી નાસિકાવાળાને પણ ઉત્તમ જાણવો. (ભદ્રબાહુ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મનસ્વી પુરૂષની દૃષ્ટિ નીલ કમળની પાંખડીની છાયા જેવી કાળી હોય છે તે ખાસ પસંદ કરવા યોગ્ય છે; જે દૃષ્ટિ મધ અથવા દીવાની શિખાના જેવા પીળા વર્ણવાળી હોય છે તે પણ સારી ગણાય છે; જે નજર બિલાડીના જેવી માંજરી હોય તે પાપી જાણવી. વાંકી નજર (દોઢી આંખ), ભયંકર દૃષ્ટિ, ત્રાંસી આંખ, દીન નજર, અતિ લાલ આંખ, લુખી આંખ અને કાળા અને પીળા મીશ્ર રંગવાળી આંખ (અથવા નજર) હોય તે ખરાબ કહેવાય છે. ભાગ્યશાળી પુરૂષોની આંખ કાળા કમળ જેવી હોય છે, લાંબુ આયુષ્ય ભોગવનારની નજર ગંભીર હોય છે, ભોગીની દૃષ્ટિ વિપુલ હોય છે અને થોડા વરસ જીવનારની આંખો ઉછળતી હોય છે. કાણા પુરૂષના કરતાં આંધળો વધારે સારો અને ત્રાંસી આંખવાળા (ફાંગા) કરતાં કાણો કાંઇક સારો હોય છે અને જે બીકણ બાયલા જેવો હોય તેના કરતાં તો આંધળો પણ સારો, કાણો પણ સારો અને ફાંગો પણ સારો. જે આંખો ઠેકાણા વગરની હોય કે કારણ વગર હાલ્યા ચાલ્યા કરતી હોય, જે એક લક્ષ્યને બાંધી શકતી ન હોય, જે તદ્દન લુખી સુકી હોય અને મલીન જેવી જણાતી હોય તે નજર પાપી પ્રાણીઓની છે એમ જાણવું. પાપી માણસ નીચું જોઇને ચાલે છે, સરળ માણસ સીધું જોઇને ચાલે છે, ભાગ્યશાળી ઊંચી નજર રાખીને ચાલે છે અને જે પ્રાણી વારંવાર ગુસ્સે થયા કરે તેવો ક્રોધી હોય છે તે વારંવાર આડું અવળું જોયા કરે છે.[1]

'જે પ્રાણીઓ માન અને સૌભાગ્યને યોગ્ય હોય છે તેઓનાં ભવાં (ભમ્મરો) લાંબા અને વિસ્તીર્ણ હોય છે અને જેનાં ભવાં તદ્દન હીન હોય છે તે પ્રાણી સ્ત્રીના સંબંધમાં મોટી આપત્તિમાં આવી પડે છે.'[2]

---

૧ જેનાં નેત્રો વિશાળ હોય તે મોટો ભાગ્યશાળી રાજા થાય, જેની આંખોના ખૂણા લાલ રંગના હોય તે માણસ કુટુંબમાં બહુ પ્રીતિવાળો થાય, જેની આંખો ગોળ આકારવાળી હોય તે શૂરો થાય, જેની આંખો કુટિલ હોય તે દુરાચારી થાય, જેની આંખો પીળી હોય તે રોગી થાય, જેની આંખો કમળ સરખી હોય તે ધનવાન્ અને ધ્યાન કરનારો થાય, જેની આંખો બિલાડી જેવી હોય તે લંપટ થાય, સુવર્ણ સરખી હોય તે ધનવાન્ થાય, પારા સરખી હોય તે ઉત્તમ થાય, મત્સ્ય સરખી હોય તે રાજા થાય, જેની આંખો માંજરી હોય તેને ઉત્તમ નહિ જાણવો, ત્રાંસી હોય તે દરિદ્રી થાય અને જેની એક આંખ ગયેલી હોય તે કપટી અને નિર્બુદ્ધિ થાય. (ભદ્રબાહુ.)

૨ જેની ભમ્મર રોમવાળી અને તરવાર જેવી વાંકી હોય તેને ગુણવાન્ માણસ જાણવો, જેની ભમ્મર સીધી અને છૂટા છૂટા રોમવાળી હોય તેને દરિદ્રી જાણવો, જેની ભમ્મર તમામ નીચી હોય તેને ધન ગુમાવનારો તથા નિર્બુદ્ધિ જાણવો, જેની ભમ્મરના વાળો ભૂરા રંગના હોય તેને લંપટ જાણવો, જેની ભમ્મરો બહુ જ જાડી હોય તેનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે. (ભદ્ર.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ધનવાળા અથવા ધનવાન્ થનારાના કાન ટુંકા અને જાડા હોય છે, ઉંદરના જેવા કાનવાળો માણસ બુદ્ધિશાળી થાય છે અને જેના કાનમાં બહુ રૂંવાડા હોય છે તે મોટું આયુષ્ય ભોગવનાર હોય છે એમ લક્ષણવેદીઓ કહે છે.

'જે પુરૂષનું કપાળ વિશાળ અને ચંદ્ર જેવું હોય તે સંપત્તિને સારી રીતે મેળવે છે, જેનું કપાળ ઘણું વધારે મોટું હોય તે પ્રાણી બહુ દુઃખી થવાનો છે એમ સમજવું અને જે પુરૂષનું કપાળ ઘણું નાનું હોય છે તે બહુ થોડા વખત જીવનારો છે એમ સમજવું.[1]

'જે પુરૂષના માથામાં ડાબી બાજુએ ડાબો વળ (આવર્ત-ભમરો) હોય તે પ્રાણી કોઇ પણ પ્રકારના લક્ષણ વગરનો, ભુખથી પીડા પામનારો અને ઘેર ઘેર ભીક્ષા માગનારો થવાનો છે અને તેમ કરવા છતાં પણ તેને રસકસ વગરના ટુકડા મળવાના છે એમ જાણવું. જે પુરૂષના માથામાં જમણે ભાગે જમણો વળ (આવર્ત-ભમરો) હોય તેના હાથમાં લક્ષ્મી તો દાસી થઇને રહેશે એમ સમજવું. જે પુરૂષના મસ્તકના ડાબા ભાગમાં જમણા વળવાળો ભમરો હોય અથવા જમણા ભાગમાં ડાબા વળવાળો ભમરો હોય તે પુરૂષ પોતાની જીંદગીના પછવાડેના ભાગમાં ભોગ ભોગવનાર થશે એમ સમજવું.[2]

'જે પુરૂષના બાલ (કેશ) ભિન્નભિન્ન થઇ ગયેલા (છૂટા છૂટા પડી જતા) લુખા, મેલવાળા હોય છે તે દરિદ્રી થાય છે એમ જાણવું; બાકી જે બાલ કોમળ અને ચીકાશદાર હોય છે તે સુખ આપનાર

---

૧ જેનું કપાળ વિશાળ હોય તે મોટી પદવી મેળવે છે, જેનું કપાળ નાનું હોય તે આયુષ્યે તથા બળે હીન થાય છે, વિષમ કપાળ હોય તે ધનહીન થાય છે, વાંકું હોય તે અપમાન પામે તથા ધનનો નાશ કરે, જેના કપાળપર કેશ ઉગે તે કુળનો નાશ કરનાર થાય, ખરબચડા કપાળવાળો ભાગ્યશાળી થાય, લીસા કપાળવાળો દરિદ્રી થાય, અર્ધચંદ્રસમા કપાળવાળો સુખભોગનો વિલાસી થાય, તેજ કરતા કપાળવાળો ધનવાન્ થાય, જેનું કપાળ હમેશાં શીતળ રહેતું હોય અથવા દુઃખ્યા કરતું હોય તેને દુઃખી અને રોગી જાણવો. (ભદ્ર.)

૨ વિશાળ મસ્તકવાળો ભાગ્યશાળી અને બુદ્ધિમાન્, ખૂણાવાળા વિષમ મસ્તકવાળો દરિદ્રી અને દુરાચારી, પર્વતની જેવા ઉંચા મસ્તકવાળો એકાવતારી, મસ્તકે ટાલવાળો ધન અને પુત્રથી સુખી અને મસ્તકપર બિલકુલ બાલ વગરનો હોય તેને દરિદ્રી જાણવો. (ભદ્ર.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે, ત્યારે જે અગ્નિ જેવા રંગવાળા દેખાતા હોય છે તે ક્રીડાઓ કરાવનાર થાય છે.[1]

'હવે સામાન્ય રીતે કહીએ તો સુખી અને ભાગ્યશાળી પુરૂષોનાં ત્રણ અવયવ **વિસ્તીર્ણ** હોય છેઃ છાતી (હૃદય), કપાળ અને મુખ; ભાગ્યશાળીના ત્રણ **ગંભીર** (ઊંડા) હોય છેઃ ડુંટી, સત્ત્વ[2] અને સ્વર. જો વાળ દાંત અને નખ **સૂક્ષ્મ** હોય તો સુખ આપનાર થાય છે અને ગળું, પીઠ, જંઘાઓ અને પુરૂષચિહ્ન ટુંકાં હોય તો તે પૂજવા યોગ્ય થાય છે. ભાગ્યશાળી જીવોની જીભ રાતી હોય છે અને તેવી જ રીતે હાથપગનાં તળીઆં પણ લાલ હોય છે તેને વધારે સારાં સમજવાં. જે ભાગ્યશાળી પુરૂષો વધારે વખત જીવવાના હોય છે તેમના હાથ અને પગ **વિશાળ** હોય છે. જેના દાંત **ચીકાશદાર** હોય [3]તેને સારૂં સારૂં ખાવાનું મળ્યા કરે છે અને જેની આંખો ચીકાશદાર હોય છે તે ભાગ્યશાળી હોય છે. જે પુરૂષ ઘણો લાંબો હોય, ઘણો ટુંકો હોય, ઘણો જાડો હોય અથવા ઘણો કાળો હોય તે નિંદા કરવા યોગ્ય છે, પસંદ કરવા યોગ્ય નથી એમ સમજવું. જેઓની ચામડી, રોમ, દાંત, જીભ, કેશ (મવાળા) અને આંખો ઘણાં લુખાં (ફીકાં) હોય તે પણ ભાગ્યશાળી નથી એમ લક્ષણશાસ્ત્રના જાણનારાઓ કહે છે.

'કપાળમાં જે પુરૂષને પાંચ રેખાઓ પડતી હોય તેનું આયુષ્ય સો વર્ષનું હોય છે, જેને ચાર રેખાઓ પડતી હોય તેનું નેવું વર્ષનું આઉખું હોય છે, જેને ત્રણ રેખાઓ કપાળમાં પડતી હોય તેનું સાઠ વર્ષનું આયુષ્ય હોય છે, જેને બે રેખાઓ પડતી હોય તેનું ચાળીશ વર્ષનું આયુષ્ય હોય છે અને જેને એક જ રેખા કપાળમાં પડતી હોય તેનું ત્રીશ વર્ષનું આયુષ્ય હોય છે.

'ધનનો આધાર હાડકાં ઉપર છે, સુખનો આધાર માંસ ઉપર છે, ભોગનો આધાર ચામડી ઉપર છે, સ્ત્રીપ્રાપ્તિ વિગેરેનો આધાર

---

૧ ભમરા સરખા શ્યામ રંગના કેશવાળો ભોગી જાણવો, ભુરા કેશવાળો લંપટ જાણવો, જાડા કેશવાળો ટુંકા આયુષ્યવાળો જાણવો, ટુંકા અને છૂટાછૂટા કેશવાળાને લોભીઓ જાણવો, બરડ કેશવાળાને સુખ મળતું નથી, લાલ કેશવાળો લોકપ્રિય થાય છે, લાંબા કેશવાળો સ્ત્રીને વલ્લભ થાય છે, નરમ કેશવાળાને માન મળે છે (**ભદ્ર.**)

૨ **સત્ત્વઃ** આખા શરીરનો સામાન્ય દેખાવ, કાયરતાનો અભાવ, અકલીબપણું. ભદ્રબાહુએ નાદ, હાસ્ય અને નાભિ ગંભીર હોય તેને ઉત્તમ કહ્યા છે. (સામુદ્રિક).

૩ શુભાહાર નો આ અર્થ છે. કવચિત્ શુભાચાર પાઠ દેખાય છે તેનો અર્થ '**સદાચારી હોય છે**' એમ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આંખો ઉપર છે, વાહન મળવા ન મળવાનો આધાર ગતિ (ચાલ) ઉપર છે, હુકમ કરવાની સ્થિતિ પ્રાપ્ત થશે કે નહિ તેનો આધાર સ્વર ઉપર છે અને સર્વ બાબતોનો આધાર [1]સત્ત્વ (અંતરંગ બળ) ઉપર રહેલો છે.

'ચાલવાની રીતિ (ગતિ) કરતાં શરીરનો રંગ (વર્ણ) વધારે અગત્યનો છે, વર્ણના કરતા સ્વર વધારે અગત્યનો છે, સ્વરથી પણ વધારે અગત્યની બાબત સત્ત્વ (અંતરંગ બળ) છે કારણ કે સર્વ બાબતનો છેવટનો આધાર સત્ત્વ ઉપર રહે છે.

'પુરૂષનો જેવો વર્ણ હોય છે તેવું તેનું રૂપ હોય છે, જેવું રૂપ હોય છે તેવું તેનું મન હોય છે, જેવું મન હોય છે તેવું તેનું સત્ત્વ-(અંતર બળ) હોય છે અને જેવું સત્ત્વ હોય છે તેવા તેનામાં ગુણો હોય છે.

'આવી રીતે પુરૂષનાં લક્ષણો તારી પાસે સંક્ષેપમાં મેં વર્ણવી બતાવ્યાં; હવે હું તને સ્ત્રીઓનાં લક્ષણો વર્ણવી બતાવું છું તે તું ધ્યાન રાખીને બરાબર સાંભળ.'"

## સત્ત્વ–વર્ધન–ઉપાય.

અહીં મેં (વામદેવે) વિમળકુમારને સવાલ કર્યો કે "મિત્ર! સર્વ લક્ષણના આધારભૂત અત્યંત નિર્મળ સત્ત્વ છે એમ તેં કહ્યું અને તેના છેવટે ભારે વખાણ કર્યાં તો તે (સત્ત્વ) પહેલેથી જેવું અને જેટલું હોય તેવું જ અને તેટલું જ રહે કે આ જન્મમાં કોઇ પણ પ્રકારે તે વધારે અને વિશુદ્ધ પણ થઇ શકે ખરૂ?"

વિમળે જવાબમાં કહ્યું—"એ સત્વ આજ જન્મમાં પણ વધી "શકે એવા ઉપાયો છે તે સાંભળઃ-જ્ઞાન, વિજ્ઞાન (વિશેષ જ્ઞાન–સાયન્સ "વિગેરે), ધૈર્ય (મજબૂતાઇ–હિમત), સ્મૃતિ અને સમાધિ એ સત્ત્વની "વૃદ્ધિના ઉપાયો છે. બ્રહ્મચર્ય, દયા, દાન, નિઃસ્પૃહીપણું (આશારહીત "થઇ કાર્ય કે ક્રિયા કરવાં તે), તપ અને ઉદાસીનતા એ સર્વ જગ્યોએ "સત્ત્વને વધારવાના હેતુઓ છે, એથી સત્ત્વ વધારે શુદ્ધ થાય છે "અને પ્રાણીની પ્રગતિ થાય છે. એ વિશુદ્ધિના ઉપાયો વડે સત્વ જે-"ટલા પુરતું અશુદ્ધ હોય તેટલું વિશુદ્ધ થાય છે; જેવી રીતે કાચ "ઉપર ખારો કપડું કે હાથ લગાવવાથી તે વધારે સાફ થાય છે તે "પ્રમાણે સત્વના સંબંધમાં જાણવું. એનું કારણ એ છે કે ઉપર જે

---

૧ સત્વનો અર્થ અહીં શું કરવો તે માટે જરા આગળ જુઓ. એનો અર્થ 'વિશુદ્ધ આત્મપારણતિ' હવે પછી કરવામાં આવશે તે અત્ર લાગુ પડતો લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભાવો જણાવ્યા છે તે ભાવમાં (અંતરંગ વર્તનમાં) જે કાંઇ ચીકાશ હોય "છે તેને તે દૂર કરી દે છે અને એને વારંવાર ફરી ફરીને સેવવાથી "તેઓ અંતર આત્માને લુખો પાડી દે છે. આવી રીતે આત્મા લુખો "પડી જાય છે એટલે તેમાંથી એકઠો થયેલ મેલ નીકળી જાય છે[1] "અને એક વખત મેલ નીકળી ગયો એટલે લેશ્યા (આત્મપરિણતિ) "શુદ્ધ થાય છે અને તેને અહીં "સત્ત્વ" કહેવામાં આવ્યું છે. સત્ત્વ "જ્યારે શુદ્ધ હોય છે ત્યારે સુંદર લક્ષણો બહારથી પોતાના ગુણો "બરાબર બતાવે છે, અને અપલક્ષણના દોષો એટલો બધો બાધ "કરતા નથી. આટલા ઉપરથી ભાઇ વામદેવ! જે ભાવોથી એ સમસ્ત "ગુણના આધારભૂત ઉત્તમ સત્ત્વ વધી શકે છે તેવા ભાવો વિદ્યમાન "છે, હયાત છે, એ હવે તારા સમજવામાં આવ્યું હશે."

[2]અહો અગૃહીતસંકેતા! સત્ત્વ સંબંધી આટલી બધી વાત મારા મિત્ર વિમળે કરી તે મારા સમજવામાં જરા પણ આવી નહિ, છતાં મારી બ્હેન (માયા) પાસે હોવાથી તેના દોષથી મેં તો હા પાડી, માથું ધૂણાવ્યું અને કુમારને કહ્યું "કુમાર! તેં બહુ સારી વાત કરી, મારા મનમાં જે શંકા પડી હતી તે બરાબર દૂર થઇ ગઇ. હવે તું સ્ત્રીનાં લક્ષણ કહેતો હતો તે આગળ ચલાવ. વળી આ સ્ત્રીપુરૂષનું જોડલું જેને જોઇને તને આટલો બધો વિસ્મય થયો છે તે તેનાં લક્ષણપરથી તને કેવું લાગે છે તે પણ જણાવી દે."

### સ્ત્રી લક્ષણ.

વિમળે આગળ જવાબ આપતાં જણાવ્યું "આ જોડલાં પૈકી નરમાં જે લક્ષણ છે તેથી તે ચક્રવર્તી થાય અને તેની સાથેની સ્ત્રીમાં જે લક્ષણો દેખાય છે તે પરથી તે ચક્રવર્તીની સ્ત્રી થાય તેવું છે એમ જણાય છે. આવાં સુંદર લક્ષણોથી યુક્ત જોડલાંને જોઇને મને વિસ્મય થયો હતો. હવે સ્ત્રીનાં લક્ષણો તને જણાવું છું તે ધ્યાનમાં રાખજેઃ—

'આખા શરીરનો અરધો ભાગ મુખ છે અથવા બીજી રીતે કહીએ તો બધો આધાર મુખ ઉપરજ હોવાથી તેજ આખું શરીર છે, મુખથી પણ નાસિકા (નાક) વધારે અગત્યની છે અને નાક કરતાં પણ આંખો વધારે ઉપયોગી અને લક્ષણસૂચક છે.

---

૧ ચીકાશ સાથે મેલ લાગે છે, લુખી વસ્તુને મેલ લાગતો નથી.

૨ વામદેવ આ સર્વ વાર્તા સંસારીજીવ તરીકે સદાગમ પાસે કહે છે અને અગૃહીતસંકેતા વિગેરે સાંભળે છે, લક્ષણો તે બરાબર સમજે છે, પણ સત્ત્વ અને તેને વધારવાના ઉપાયની વાત આવી એટલે સંસારરસીઆને તે કાંઈ સમજાતું નથી, છતાં માયાના જોરથી પોતે જાણે સમજી ગયો છે એમ બતાવ્યું.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

'જે સ્ત્રીના પગને તળીએ ચક્ર હોય, પદ્મનું ચિહ્ન હોય, ધજાનું લક્ષણ દેખાતું હોય, છત્રનું ચિહ્ન હોય, મોટો સાથીઓ દેખાતો હોય, અથવા [1]વર્ધમાનનું ચિહ્ન હોય તે સ્ત્રી રાજાની રાણી છે અથવા થવાની છે એમ જાણવું.

'જે સ્ત્રીના પગો મોટા વિસ્તારવાળા, વાંકા અને સુપડા જેવા હોય તો તે દાસી થવાની છે એમ સમજવું, તથા જે સ્ત્રીના પગો તદ્દન સુકા દેખાતા હોય તો તેનાથી તે દારિદ્ય પામે છે અને જૂદી જૂદી બાબતમાં શોક પામે છે એમ લક્ષણ જાણનાર મુનિઓનું કથન છે.

'જે સ્ત્રીના પગની આંગળીઓ જરા છેટી છેટી અને લુખી હોય તે કામ કરનારી થાય છે, અને જો તે વધારે પડતી જાડી હોય તો તે સ્ત્રી દુઃખ અને દારિદ્ય પામે છે એ બાબતમાં જરા પણ શંકા કરવા જેવું નથી. બાકી જે સ્ત્રીના પગની આંગળીઓ ચીકાશદાર હોય અને પાસે પાસે રહેલી દેખાતી હોય, બરાબર ગોળ હોય અને વળી લાલ હોય તેમજ બહુ મોટી ન હોય તો તે સ્ત્રી સુખી છે અથવા થશે એમ જાણવું.[2]

'જે સ્ત્રીનાં જંઘા[3] અને સાથળ[4] પુષ્ટ હોય, બહુ અંતરવાળાં ન હોય, ચીકાશવાળાં હોય, નસ અને મવાળા વગરનાં હોય અને હાથણીની સુંઢ જેવાં હોય તો તે પસંદ કરવા યોગ્ય છે.[5]

---

૧ **વર્ધમાનઃ** એક જાતના આકારનું નામ છે.

૨ જે સ્ત્રીના પગની આંગળીઓ એક બીજા સાથે મળી ગયેલી હોય તે રાજદ્વારને શોભાવે છે અને પુત્રવતી થાય છે, જેની તર્જની ( અંગુઠા પાસેથી પહેલી આંગળી ) બીજી આંગળીઓ કરતાં વધેલી હોય તે સાસુ સસરા પતિને પ્રિય થાય છે, તર્જની કરતાં મધ્ય આંગળી મોટી હોય તે અહંકારી થાય છે, જેની અનામિકા ( છેલ્લીની પહેલાની આંગળી) સર્વથી મોટી હોય તે બહુ ઉત્તમ થાય, જેની ટચલી આંગળી સર્વથી મોટી હોય તે સ્વજનમાં માન પામે છે, જેની સર્વ આંગળીઓ બહુ નાની હોય તે મર્યાદામાં રહી શકતી નથી, ટચલી આંગળીથી અનામિકા નાની હોય તો તે સ્ત્રી પતિને દગો દેનારી થાય છે, જે સ્ત્રીની વચલી આંગળી સર્વથી નાની હોય તે કદિ પરપુરૂષનો સંગ કરે નહિ, જેની તર્જની આંગળી સર્વથી નાની હોય તેને પરણ્યા બાદ પણ તજવી, કારણ કે તેવી સ્ત્રી પરપુરૂષ સાથે વિલાસ કર્યા કરે છે. ( **ભદ્ર.** )

૩ **જંઘાઃ** ઘુંટણની નીચેનો ભાગ.

૪ **સાથળઃ** ઉરૂ, ઘુંટણની ઉપરનો ભાગ.

૫ જે સ્ત્રીની પગની જંઘાઓ ગોળ આરિસા જેવી ચકચકતી અને માંસયુક્ત હોય તે સ્ત્રી ઉત્તમ જાણવી, જે સ્ત્રીની જંઘા પાતળી અને વિષમ હોય તેને ખરાબ જાણવી અને જે સ્ત્રીની જંઘાપર ઘણા કેશો હોય તેને પતિ તથા ધનનો ક્ષય કરનારી જાણવી. ( **ભદ્ર.** )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'સ્ત્રીની કેડ વિસ્તારવાળી, માંસથી ભરેલી, ચારે બાજુએ લોહીથી ભરેલી, શોભતી હોય અને જે કેડની નીચે કુલાઓ ઊંચા આવતા હોય તેવી કેડ ખાસ વખાણ કરવા યોગ્ય છે.

'જે સ્ત્રીના પેડું ઉપર ઘણી નાડીઓ દેખાતી હોય અને જેની ઉપર માંસ દેખાતું ન હોય તે સ્ત્રી દુકાળમાંથી આવેલી અને ભુખડી બારસ જાણવી અને જે સ્ત્રીના ઉદરનો મધ્ય ભાગ બરાબર લાગેલો અને શોભતો હોય તે સુખ ભોગવનારી થવાની છે એમ જાણવું.

'જે સ્ત્રીનાં હાથના નખો ખરાબ હોય, હાથપર ઝુમરાં દેખાતાં હોય, જે હાથોમાં પરસેવો વારંવાર થયા કરતો હોય, જે ઘણા મોટા હોય, જેના ઉપર રોમ-બાલ ઉગેલા હોય, જે હાથ કઠોર હોય, જેના હાથ બરાબર ઘાટસર ન હોય, જે હાથો પીળા પચકેલ જેવા લાગતા હોય અને લુખા હોય તેવા હાથવાળી સ્ત્રી ઘણી દુઃખી થવાની છે એમ જાણવું.[1] —"

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ અહીંથી સામુદ્રિક શાસ્ત્રનો સ્ત્રીલક્ષણવર્ણનનો ભાગ અટકી પડ્યો. બાકીનો વિભાગ વાંચવાનો શોખ હોય તેણે ભદ્રબાહુ સ્વામીનો ઉપર જણાવેલો સામુદ્રિક ગ્રંથ જોવો. એમાં સ્ત્રીનાં પયોધર, કેશ, યોનિ, મુખ, નાસિકા, આંખો વિગેરેની લક્ષણા બહુ વિગતવાર બતાવી છે. આવી રીતે વચ્ચેથી એકદમ વિવેચન બંધ કરી દેવાનો હેતુ સ્ત્રીશરીરનું વધારે વર્ણન કરવામાં લાભ લાગ્યો નહિ હોય એમ મને લાગે છે અથવા લખેલ વિભાગ ગુમ અથવા વહીએ સકારણ કદાચ નાખ્યો હશે. એ સંબંધી ઉપોદ્ઘાત જુઓ.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## પ્રકરણ ૩ જું.

### આકાશમાં યુદ્ધ.

વિમળ કુમાર લતામંડપના બીજા ભાગમાં વામદેવ સાથે વાત કરી રહ્યો હતો, યુગળ સ્ત્રીપુરૂષને જોઇને તેમનાં લક્ષણોપર વિવેચન કરતાં સામાન્ય રીતે સર્વ પુરૂષનાં લક્ષણો કહી ગયો હતો અને સ્ત્રીશરીરનાં કેટલાંક લક્ષણો કહી પોતાની વાર્તા આગળ ચલાવતો હતો તે વખતે એક ઘણો નવાઇજેવો બનાવ બન્યો અને ચાલુ વાત પડતી રહી.

લતાગૃહપર બે પુરૂષો,
સુંદરીનો ભય અને બચાવ,
વનદેવતાનું પ્રાસંગિક સહકારિત્વ.

આકાશમાં સૂર્યના જેવા તેજવાળા, હાથમાં ઉઘાડી તરવારવાળા અને ઘણા ભયંકર દેખાવવાળા બેપુરૂષો લતાગૃહ ઉપર સપાટાબંધ આવતા હોય તેમ મારા જોવામાં આવ્યું. વિમળની વાત પડી રહી અને મેં તુરત જ સંભ્રમપૂર્વક તેની સન્મુખ જોતાં વિમળનું તે તરફ ધ્યાન ખેંચ્યું અને મુખેથી 'કુમાર! કુમાર!' એમ મારાથી (વામદેવથી) બોલી જવાયું. અત્યાર સુધી વિમળ કુમાર તો કોમળ કમળનાં પત્રોમાં પોતાની નજર સ્થિર કરી રહ્યો હતો તેને પણ આ એકદમ શું થઇ ગયું એવો વિચાર આવ્યો અને તેણે તુરત જ એ બાજુ પોતાની નજર ફેરવી.

હવે તે જ વખતે પેલા આકાશમાંથી આવનાર બન્ને પુરૂષો લતાગૃહની ઉપર આવી પહોંચ્યા અને તેઓમાંથી એક બોલ્યો 'અરે અધમ! લાજ વગરના! તું અમે

હાકોટા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં નાસી જા કે સંતાઇ જા, પણ તારો છૂટકો થવાનો નથી. માટે હવે આ દુનિયા તરફ તારી છેલ્લી નજર નાખી લે અને તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી લે અથવા તારૂં પુરૂષત્વ (પરાક્રમ) દર્શાવ. આમ છૂપાઇ શું રહ્યો છે?'

આકાશમાં યુદ્ધ.

આવાં અતિ તિરસ્કારયુક્ત આકરાં અને યુદ્ધને આમંત્રણ કરનારાં વચન સાંભળીને પેલો લતાગૃહમાં રહેલો સુલક્ષણવાળો પુરૂષ પોતાની સાથેની સ્ત્રીને કહેવા લાગ્યો 'જરા ધીરજથી રહેજે, સાવધ રહેજે,' એમ બોલી એ સ્ત્રીને લતાગૃહમાં રહેવા દઇ પેલા નવા આવનાર બન્ને પુરૂષપ્રત્યે જોરથી બોલ્યો 'અરે! જે મારે માટે બોલ્યા છે, તે ભૂલી જતા નહિ. હવે તમે જુઓ કે આપણામાંથી કોણ નાસી જાય છે અને કોણ છૂપાય છે!' આ પ્રમાણે બોલી લતાગૃહમાં રહેલા પુરૂષે પોતાની તરવાર ખેંચી અને નવા આવનાર પુરૂષો તરફ દોડતો ઉપડ્યો. એ બન્ને પુરૂષો સાથે જોનારને અત્યંત વિસ્મય કરે તેવું આકાશમાં મોટું દારૂણ યુદ્ધ ચાલ્યું, તરવાર અને બખ્તર સામ સામે ખડખડવા લાગ્યા, હથિયારોના ખણખણ થતા અવાજોથી અને લડનારાઓના અરસપરસ સિંહનાદ જેવા હાકોટાથી યુદ્ધ ઘણું ભયંકર દેખાવા લાગ્યું અને અનેક પ્રકારનાં યુદ્ધવ્યાપાર, ઉગ્ર રીતે એક બીજાને વળગવાની રીત અને ઊંચે નીચે થઇ જવાની પદ્ધતિથી તે યુદ્ધ સુંદર જણાવા લાગ્યું.

ભયભીત સુંદરી.

આવી રીતે ત્રણે જણાનું યુદ્ધ ચાલતું હતું તે વખતે નવા આવનારા બે ભયંકર માણસોમાંનો એક વારંવાર લતાગૃહમાં પ્રવેશ કરવાની ઇચ્છા કર્યા કરતો હતો. તે વખતે પેલી સ્ત્રી લતાગૃહમાં એકલી હતી તેથી બીકને લીધે તે ગાભરી થઇ ગઇ હતી, મુંઝાઇ ગઇ હતી, તેનાં સ્તનો ધ્રુજતાં હતાં, સિંહના ત્રાસથી હરણી જેમ ગભરાઇ જાય તેવી તે દેખાતી હતી, દશે દિશાઓમાં મદદ માટે અસ્થિર નજર ફેંકતી હતી અને કોઇ રીતે ત્યાંથી નાસી છૂટાય તો ભાગી જવાનો માર્ગ શોધતી હતી. એવે અણીને વખતે તેની નજર વિમળકુમાર ઉપર પડી એટલે જરા હૃદયમાં ભરોસો લાવીને તેણે વિમળકુમારને કહ્યું "અહો મહા પુરૂષ! મારો બચાવ કર, બચાવ કર! મને છોડાવ! હું તારે શરણે છું.' વિમળકુમારે તેને કહ્યું 'સુંદરી! જરા પણ ગભરાશો નહિ! તમારે ત્રાસ પામવાનું કે બીવાનું હવે કાંઇ પણ કારણ નથી. તમને કાંઇ ઇજા કે અડચણ નહી થવા દઉં.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મસામર્થ્ય.

આ પ્રમાણે માગણી અને સ્વીકાર થયો ત્યાં તો તે સુંદરીને ઉપાડી લેવા માટે પેલો બીજો પુરૂષ ઉપરથી આવી પહોં-ચ્યો, અને હજુ તે લતાગૃહમાં ઉતરે તે પહેલાં તો વિમળકુમારના ગુણસમૂહના જોરથી ઉત્પન્ન થયેલા માનસિક બળને લીધે તેને વનદેવતાએ આકાશમાં થંભી દીધો. લતાગૃહ ઉપર આવેલો પુરૂષ તો આંખો ફાડીને ચારે તરફ જોયા કરતો હતો પણ પોતાનું કાંઇ ચાલી ન શકવાથી વિલખો થઇ ગયો અને ક્રિયારહિત થઇ હાલી ચાલી પણ શકયો નહિ અને કાંઇ પણ દેખી પણ શકયો નહિ, તેથી જાણે ભીંત ઉપર કાઢેલ ચિત્રમાં આળેખેલો હોય તેમ આકાશમાં લટકી રહ્યો.

પુંઠ પકડી.

હવે એ જોડલાંમાંના પુરૂષે પેલા નવા આવનારામાંથી બીજા પુરૂષને આકાશમાં હરાવી દીધો, હઠાવી દીધો એટલે તે હારનાર પુરૂષ નાસવા લાગ્યો, જોડલાંવાળો પુરૂષ તેની પછવાડે લાગ્યો. આ હકીકત જે પુરૂષ લતાગૃહ ઉપર થંભાઇ ગયો હતો તેણે જોઇ એટલે તેના મનમાં અત્યંત રોષ ભરાઇ આવ્યો અને તેની પછવાડે આકાશમાં જવાની ઇચ્છા તેના મનમાં થઇ આવી. વનદેવતા તેનો આ ભાવ જાણી ગયા. તેમનું કાર્ય તો માત્ર સ્ત્રીની મર્યાદાનો લોપ ન થાય તેમ કરવાનું અને વિમળ-કુમારના અસાધારણ ગુણને લઇને તેની ઇચ્છાને માન આપવાનું હતું. બાકી લડાઇમાં વચ્ચે પડવાની તેમને કાંઇ જરૂર નહોતી—એટલે તુરત જ તેને દેવતાએ છોડી દીધો. એ છૂટેલો બીજો પુરૂષ પણ અગાઉ જનારા બન્નેની પછવાડે જોરથી આકાશમાં ઉડ્યો. પેલા બન્ને તો એટલા દૂર ગયા કે તે નજરે પણ દેખાતા ન હોતા, છતાં આ બીજો પુરૂષ તેની પછવાડે ચાલ્યો.

### સુંદરીનો ક્ષોભ.
### કુમારનો વિજય.
### વિમળનો આભાર.

તે વખતે લતાગૃહમાં વિમળકુમારના આશ્રય તળે રહેલી સુંદરી ‘ અરે આર્યપુત્ર ! તમે ક્યાં ગયા ? મને એકલી મૂકીને ક્યાં ચાલ્યા ? ક્યારે આવશો ? શું થશે ? ” એમ બોલવા લાગી. મેં (વામદેવે) અને વિમળકુમારે તેને અનેક પ્રકારે ધીરજ આપી, આશ્વાસન આપ્યું.

હવે કેટલોક સમય ગયા પછી એ સુંદરી સાથેનો પુરૂષ વિજય-લક્ષ્મી પ્રાપ્ત કરીને સુંદર કાંતિથી દીપતો અને હર્ષથી તેમ જ આતુર-

જૈન શાસન JAINSITE.com જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાથી સુંદરીની શોધ કરતો એકદમ વેગથી ત્યાં (લતામંડપમાં) આવી પહોંચ્યો. એને આવી પહોંચેલ જોઇને અમૃતનો આખા શરીર પર છંટકાવ કર્યો હોય તેમ પેલી સુંદરીને ઘણોજ હરખ થયો, તેનાં સર્વે અંગો આનંદથી ઉભરાઇ જવા લાગ્યાં અને તેની છાતી હર્ષથી બહાર આવવા લાગી. સુંદરીએ વિમળકુમારના આશ્રય સંબંધી સર્વ હકીકત તેને ટુંકામાં જણાવી દીધી એટલે તેણે વિમળકુમારને પ્રણામ કર્યા અને કહ્યું 'અહો ! આવે અણીને વખતે તમે મારી પ્રિય પત્નીનું રક્ષણ કર્યું તેથી તમે મારા બંધુ છો, ભાઇ છો, પિતા છો, માતા છો, મારૂં જીવિતવ્ય છો ! ખરેખર ! પુરૂષોત્તમ નરોત્તમ ! તમને ધન્ય છે ! હું તમારો દાસ છું, નોકર છું, વેચાણ છું, ગુલામ છું, સંદેશો લઇ જનાર ચાકર છું. હવે હું તમારૂં શું હિત કરૂં તે મને ફરમાવો.'

વિમળકુમારે જવાબમાં કહ્યું "મહાપુરૂષ! આમ ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી, તેમજ એવો આભાર માનવાની પણ જરૂર નથી. હું તારી સ્ત્રીનું રક્ષણ કરનાર કોણ માત્ર છું? તારા પોતાના માહાત્મ્યથી તેં જ ખરેખરી રીતે તેને બચાવી લીધી છે. પરંતુ મને એક ભારે કૌતુક થયું છે. ભાઇ! તારી હકીકત મને કહે અને મને જણાવ કે આ બધી વાત શી બની છે? અને તું આકાશમાં ઉડ્યો ત્યાર પછી શું થયું?"

ઉપરના પ્રશ્નનો વિનયપૂર્વક જવાબ આપતાં પેલા જોડલાંવાળા પુરૂષે કહ્યું "જો આપને એ સર્વ હકીકત સાંભળવા કૌતુક થયું હોય તો આપ જરા સ્થિરતાથી બેસો, કારણ કે એ જરા લાંબી કથા છે."

પછી સર્વ લતાગૃહમાં જમીન પર બેઠા અને પેલા જોડલાંવાળા પુરૂષે પોતાની કથા કહેવા માંડી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રકરણ ૪ થું.

## રત્નચૂડની આત્મકથા.

વિમળકુમાર અને હું (વામદેવ) સાંભળીએ તેવી રીતે પોતાની સ્ત્રીની હાજરીમાં જોડલાંવાળા પુરૂષે પોતાની આત્મકથા ચલાવી. સર્વે લતામંડપમાં બેઠા છે અને કથા કહેનારનું આખુ શરીર પોતાના વિજયના ઉમળકામાં અને આભારના ખ્યાલમાં ઉછળી રહ્યું છે અને પતિ મળવાથી જોડલાંવાળી સ્ત્રીના આનંદનો પાર નથી. જીત કરી આવનાર સુલક્ષણવાળા યુવકે ચલાવ્યું:—

**રત્નચૂડની આત્મકથા.**

પાત્રો સાથે પરિચય.

શરદ ઋતુના શાંત ચંદ્રના કિરણસમૂહ જેવો શ્વેત અને રૂપામય વૈતાઢ્ય નામનો પર્વત છે. એ પર્વતની ઉત્તર અને દક્ષિણ એમ બે શ્રેણીઓ છે. ઉત્તર શ્રેણીમાં સાઠ વિદ્યાધરનાં નગરો આવેલાં છે અને દક્ષિણ શ્રેણીમાં પચાસ વિદ્યાધર નગરો આવી રહેલાં છે. એ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં એક ગગનશેખર નામનું નગર છે. એ નગરનો **મણિપ્રભ** નામે રાજા છે, તેને **કનકશિખા** નામની રાણી છે. એ **મણિપ્રભ** રાજા અને દેવી **કનકશિખા**ને એક **રત્નશેખર** નામનો પુત્ર છે અને **રત્નશિખા** અને **મણિશિખા** નામની બે પુત્રીઓ છે. એ બન્ને પુત્રીઓમાંની **રત્નશિખા**ને **મેઘનાદ** નામના વિદ્યાધરની સાથે પરણાવવામાં આવી છે અને **મણિશિખા**ને **અમિતપ્રભ** નામના વિદ્યાધર સાથે પરણાવવામાં આવી છે. હવે એ રત્નશિખા અને મેઘનાદનો હું પુત્ર થયો. મારૂં **રત્નચૂડ** એવું નામ રાખવામાં આવ્યું અને પેલી મણિશિખા જેને **અમિતપ્રભ** સાથે પરણાવવામાં આવી હતી તેને બે છોકરા થયા જેનાં નામો અનુક્રમે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અચળ** અને **ચપળ** રાખવામાં આવ્યાં. એ રીતે એ અચળ અને ચપળ મારી માસીના દીકરા થાય. હવે મારા મામા રત્નશેખર એક રતિકાન્તા નામની સ્ત્રી સાથે પરણ્યા હતા તેને એક દીકરી થઇ હતી તેનું નામ ચૂતમંજરી પાડવામાં આવ્યું હતું. તે આ અત્રે હાજર રહેલી છે તે જ છે. મારી માસીના છોકરાઓ અચળ અને ચપળ, હું અને આ ચૂતમંજરી-અમે સર્વે નાનપણામાં સાથે જ ઉછર્યાં હતા અને સાથે જ ક્રીડા આનંદ કરતા હતા. અનુક્રમે અમે સર્વે કુમાર અવસ્થાએ પહોંચ્યા અને અમારા કુળક્રમથી જે વિદ્યાઓ ચાલી આવતી હતી તે સર્વેનો અમે અભ્યાસ કર્યો.[1]

રત્નચૂડને ધર્મપ્રાપ્તિ.

"હવે મારી માતાના ભાઇ (મારા મામા) રત્નશેખરને નાનપણથી એક ચંદન નામના સિદ્ધપુત્રની સાથે દોસ્તી થઇ હતી. એ સિદ્ધપુત્ર જિનેશ્વરદેવ શ્રીસર્વજ્ઞે કહેલા આગમોમાં ઘણો નિપુણ હતો અને તે ઉપરાંત નિમિત્તશાસ્ત્રમાં, જ્યોતિષમાં, મંત્રતંત્રમાં અને મનુષ્યનાં લક્ષણો સમજવામાં ઘણો કુશળ હતો. એની સોબતથી મારા મામા રત્નશેખર પણ જૈનધર્મ ઉપર ઘણા રક્ત થયા હતા અને તે ધર્મ ઉપર તેની ઘણી ભક્તિ થઇ હતી. મારા મામા રત્નશેખરે એ સુંદર જૈનધર્મનું જ્ઞાન મારા પિતા મેઘનાદને આપ્યું, તથા મારી માતા રત્નશિખાને અને મને પણ એ ધર્મ શિખવ્યો. ચંદન સિદ્ધપુત્રે એક વખત મારાં લક્ષણ જોઇને મારા પિતા તથા મામાને જણાવ્યું કે આ છોકરો વિદ્યાધરચક્રવર્તી ( વિદ્યાધરોનો ચક્રવર્તી ) થશે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ પાત્રોનાં નામોમાં ગડબડ ન થઇ જાય તે માટે પ્રસ્તાવની શરૂઆતમાં મુખ્ય પાત્ર વિગેરેનું જે વંશવૃક્ષ આપ્યું છે તે જુઓ. હકીકત નીચે પ્રમાણે છે:—

**મણિપ્રભ**-એ ગગનશેખર નગરનો રાજા છે અને કથા કહેનાર રત્નચૂડના દાદા થાય.

**રત્નશેખર**-એ મણિપ્રભનો પુત્ર, અને રત્નચૂડનો મામો-સાસરો થાય.

**રત્નશિખા**-મણિપ્રભની પુત્રી, રત્નચૂડની માતા અને રત્નશેખરની બ્હેન થાય.

**મણિશિખા**-મણિપ્રભની પુત્રી, રત્નશેખરની બ્હેન અને રત્નચૂડની માસી થાય.

**અચળ**-રત્નચૂડની માસી મણિશિખાનો પુત્ર અને રત્નચૂડનો હરીફ.

**ચપળ**-રત્નચૂડની માસી મણિશિખાનો બીજો પુત્ર અને રત્નચૂડનો હરીફ.

**ચૂતમંજરી**-રત્નચૂડના મામા રત્નશેખરની દીકરી, આખરે રત્નચૂડની પત્ની.

**મેઘનાદ**-રત્નચૂડના પિતા તે રત્નશિખાને પરણ્યા હતા.

આ આખો હિસાબ રત્નચૂડને અંગે બતાવ્યો. આની સાથે વંશવૃક્ષ અને પાત્રો જોતાં હકીકત બરાબર બેસી જશે. ગ્રંથકર્તાએ જરાપણ ગુંચવણ કરી નથી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

(આ પ્રમાણે વાત સાંભળીને [1]વામદેવ કહે છે કે હું બોલી ઉઠ્યો કે 'કુમાર વિમળ ! તમે આનાં લક્ષણ જોઇને જે હકીકત કહી હતી કે એ ચક્રવર્તી થશે તે બરાબર મળતી આવે છે, તમારૂં વચન સાચું ઠરશે એમ જણાય છે.' કુમારે મને જવાબ આપ્યો 'એ વાત મેં કરી હતી તે કાંઇ મારા ઘરનું વચન હતું નહિ, એ તો આગમનું વચન છે અને તે જરૂર સાચું જ પડે છે; માટે એ બાબતમાં શંકા કે મતભેદ પડવા જેવો સંભવ ક્યાંથી હોય!' પછી રત્નચૂડે પોતાની વાર્તા આગળ ચલાવી:—)

"હું અને મારા મામા રત્નશેખર એક ધર્મને અનુસરનારા હોવાથી અમે સાધર્મી હતા, હું તેમના વિચાર પ્રમાણે યોગ્ય હતો અને લક્ષણયુક્ત હતો એમ ધારીને તેમણે મને પોતાની દીકરી ચૂતમંજરી આપી અને મારી સાથે તેના લગ્ન કર્યા. મારી માસીના દીકરા અચળ અને ચપળ એ બનાવથી ઘણા ગુસ્સે થયા અને મને હઠાવવા અને પાછો પાડવા ઘણો પ્રયત્ન કરવા લાગ્યા પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. આથી મને હરાવવા માટે કોઇ નીચ પ્રપંચ કરવા લાગ્યા અને મારાં છિદ્રો શોધવા લાગ્યા. મને એ વાતની ખબર પડી તેથી કદાચ પ્રપંચને લીધે મારૂં ખૂન ન થઇ જાય એટલા સારૂં તેઓની હીલચાલ ઉપર દેખરેખ રાખવા માટે એક મુખર નામના જાસુસને મેં ગોઠવ્યો જે તેઓની હીલચાલથી વાકેફગાર રહી મને તે જણાવ્યા કરતો હતો. એક વખતે એ જાસુસે આવીને મને જણાવ્યું કે 'કુમાર રત્નચૂડ ! એ અચળ અને ચપળે મહાપ્રયાસે કોઇની પાસેથી કાળી નામની વિદ્યા મેળવી છે અને હવે તેઓ એ વિદ્યા સાધવા માટે કોઇ જગ્યાએ ખાસ ગયા છે.' મારા જાસુસથી એવી હકીકત સાંભળીને મેં તેને જણાવ્યું કે 'જ્યારે તેઓ એ વિદ્યા સાધીને આવે ત્યારે પાછા મને ખબર આપજે.' મારી આ સૂચનાને બરાબર લક્ષ્યમાં લઇને મારો જાસુસ વિદાય થયો.

રત્નચૂડ ચૂતમંજરીના લગ્ન—અચળ ચપળનો દ્વેષ.

"મારો તે જાસુસ આજે જ સવારે મારી પાસે આવ્યો અને મને જણાવ્યું કે 'એ અચળ અને ચપળ આજે પાછા આવ્યા છે અને તેમને કાળી વિદ્યા સિદ્ધ થઇ છે. તેઓ આજે સવારે આવ્યા ત્યારે અંદર અંદર ગુપ્ત વાત કરી સંકેત કરતા હતા તે મારા સાંભળવામાં

વિદ્યાસિદ્ધિ અને દ્વેષ.

---

૧ રત્નચૂડ પોતાની આત્મકથા વિમળ અને વામદેવ પાસે કહે છે. વામદેવ સંસારીજીવ છે. એ પોતાનો સર્વ અનુભવ સદાગમ સમક્ષ અગૃહીતસંકેતા પાસે કહે છે તે વાત લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી ગયો છે. તેઓમાંથી અચળે કહ્યું કે 'ભાઇ ચપળ! હું રત્નચૂડની સાથે લડીશ અને રત્નચૂડ મારી સાથે લડવામાં રોકાયો હોય તે વખતનો લાભ લઇ તારે ચૂતમંજરીને હરણ કરી લેવી, ઉપાડીને લઇ જવી.' આ પ્રમાણે હે કુમાર! અચળ અને ચપળ વચ્ચે સંકેત થયો છે. હવે આપશ્રીને જેમ યોગ્ય લાગે તેમ કરો અને મને યોગ્ય હુકમ ફરમાવો.'

**રત્નચૂડની વિચારણા.**

"મારા જાસુસે મારી પાસે આ પ્રમાણે વાત કરી ત્યારે મેં વિચાર કર્યો કે જો કે તેઓએ નવી વિદ્યા સિદ્ધ કરી છે તો પણ તેઓને મારી હઠાવવા હું શક્તિમાન્ છું, માત્ર એ અચળ અને ચપળ માસીના છોકરા છે તેથી લોકોના અપવાદના ભયથી અને ખાસ કરીને ધર્મનો નાશ થાય તે સારૂં મારે તેમને મારવા તો નહિ. એમને મારવાથી ખૂન કરવાનો દોષ મારે માથે આવશે, જીવદયા પળશે નહિ અને સગાને મારવાથી લોકો પણ બુરૂં બોલશે. પણ એ ચપળ બહુજ ખરાબ વર્તનવાળો અને ભાન વગરનો છે તેથી કદાચ છળકપટ કરીને મારી ચૂતમંજરીને ઉપાડી જાય અને તેને મારી નાખે અથવા હેરાન કરે તો એને પાછી ગ્રહણ કરતાં અથવા એને છોડી દેતાં મારી હલકાઇ થાય. વળી બીજી અગવડ એ પણ છે કે એની સાથે હું લડું તે વખતે મને સહાય કરનાર બીજો કોઇ મજબૂત માણસ પણ દેખાતો નથી કે જે આ ચૂતમંજરીનું મારી લડાઇ દરમ્યાન રક્ષણ કરે, માટે અત્યારે આ મારા રહેવાના સ્થાનથી દૂર ખસી જવું એજ વધારે સારૂં છે.

**અચળ ચપળ સાથે યુદ્ધ.**

આ પ્રમાણે વિચાર કરીને ચૂતમંજરીને લઇને હું ત્યાંથી (વૈતાઢ્યગિરિપરના મારા ગગનશેખર નગરથી) નીકળી પડ્યો અને આ ક્રીડાનંદન નામનો બગીચો મારા જોવામાં ઘણીવાર આવ્યો હતો તેથી હું મારા નગરથી નીકળીને અહીં આવી આ લતામંડપમાં રહ્યો. ત્યાર પછી થોડા જ વખતમાં અમને બન્નેને શોધતાં શોધતાં પેલા અચળ અને ચપળ પણ અમારી પછવાડે અહીં આવી પહોચ્યાં. અચળે તો આકાશમાં રહીને મારી ઉપર તિરસ્કારનાં આકરાં વચનો સંભળાવવા માંડ્યાં અને મારી સાથે સ્પર્ધા (હરીફાઇ) કરતો હોય-તેમ મને તુચ્છ શબ્દો કહેવા લાગ્યો. એ વચનો સાંભળતાં મારા મનની કેવી સ્થિતિ થતી હતી તે હું તમને જણાવું છું: એક બાજુએ મારી વહાલી પ્રેમમૂર્ત્તિ પ્રિયાના સ્નેહના તાતણાના બંધથી જાણે બંધાઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયેલ હોય તેવું મારૂં મન થયું, ત્યારે બીજી બાજુએ શત્રુના ખરાબ વાકયોને લઇને લડાઇના રસમાં ઉછળવા લાગ્યું; મારા હૃદયની તો એવી ખરાબ સ્થિતિ થઇ ગઇ કે એ ઉઠે પણ નહિ અને ચાલે પણ નહિ, જાણે શું કરવું તેનો નિર્ણય કરવામાં તે તદ્દન મૂઢ બની ગયું અને જાણે હિંડોળે ચઢ્યું હોય તેવી તેની સ્થિતિ તે વખતે થઇ ગઇ. મારી સ્રીને એકલી મૂકીને જવું એ મને ઠીક લાગતું નહોતું અને પેલા અચળ ચપળના લડવાના આમંત્રણને વિસારી મૂકવામાં પણ મારી નબળાઇ દેખાતી હતી. આખરે હું એકદમ આવેશમાં આવી જઇને તેના તરફ દોડ્યો અને અચળની સાથે મારે તુરત જ લડાઇ જામી ગઇ. અમારી લડાઇ કેવી સ્થિતિમાં શરૂ થઇ તે તો તમે (વિમળકુમારને કહે છે કે તેણે) ત્યાં સુધી ઘણી ખરી જોઇ પણ હતી. જેવો અચળ નાઠો કે તુરત જ મેં તેની પુંઠ પકડી. હું તેની નજીક પહોંચ્યો એટલે મેં તેને આકરાં વચન કહેવાં માંડ્યાં, જ્યારે મેં ઘણા આકરા શબ્દો કહ્યા ત્યારે તે અટક્યો અને ફરીવાર અમારી લડાઇ ચાલી. મેં એક સખ્ત સપાટો તેને લગાવ્યો, તેથી તેનાં હાડકાં ભાંગી ગયાં અને આકાશમાં રહ્યા રહ્યા મેં તેને જમીનપર ઝીકયો, તેનાં અંગોપાંગોનાં ચૂરેચૂરા થઇ ગયા, તેની શક્તિ બધી ગળી ગઇ, તેનામાં દીનતા આવી ગઇ, વિદ્યાઓ તેની સાથે ચાલી નહિ અને શરીર પણ હીલચાલ વગરનું થઇ ગયું.

અચળ પડ્યો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

"હવે તે વખતે મેં વિચાર કર્યો કે આ અચળ તો એવો થઇ ગયો છે કે ફરીવાર મારી સાથે લડવાનો કે સામે આવવાનો કદિ પણ વિચાર કરશે નહિ; પરંતુ અરે રે! ચૂતમંજરીને છોડીને આની પછવાડે હું લાગ્યો તેમાં મેં તો આકાશને મુઠ્ઠીઓ મારી અથવા તો ફોતરાં ખાંડ્યાં, કારણકે એ બાપડી ચૂતમંજરી એકલી છે તે ઘણે ભાગે તો બીકથી મરી ગઇ હશે! અથવા તો પેલો પાપી ચપળ જરૂર એને એકલી જોઇને હરી ગયો હશે, ઉપાડી ગયો હશે! અરે રે! મેં આ શું વિચાર વગરનું કામ કર્યું! જરૂર એ બાળાને પેલો પાપી ઉપાડી ગયો જ હશે અને એને ઉપાડીને એ પાપી ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો હશે—મારા ખ્યાલમાં એ વાત રહી નહિ અને એ ક્યાં ગયો તેની મેં તપાસ પણ રાખી નહિ!! હવે એ દુરાત્મા પાપી ચપળ ક્યાં ગયો હશે! પણ ચાલ! જોઉં તો ખરો—આ પ્રમાણે વિચારીને હું એકદમ ત્યાંથી ચાલી નીકળ્યો. હું થોડે આવ્યો ત્યાં ચપળ મને બરાબર સામો મળ્યો.

ચૂતમંજરીનો ખ્યાલ આવ્યો.

"ચપળને દૂરથી જોતાંજ મારા મનમાં અનેક તર્કવિતર્કો આવવા લાગ્યા. સ્નેહ હમેશાં અશુભ શંકા ઉત્પન્ન કરે છે-એમ મારા સંબંધમાં પણ થયું. મેં વિચાર્યું કે અરે! આ ચપળ અહીં કેવી રીતે આવ્યો? શું ચૂતમંજરી એ પાપીના જોવામાં જ આવી નહિ હોય? અથવા તો એ સ્ત્રી એની વૈષયસુખ ભોગવવાની ઇચ્છાની સામે થવાથી શું એ પાપીએ તેને મારી નાંખી હશે? ગમે તેમ હોય પણ જો તે સ્ત્રી હજુ સુધી જીવતી હોય અને આ પાપી એને હાથ કરી શકે તેવા સંયોગો હોય તો એ અત્યારે અચળની પછવાડે અહીં આવે તે વાત કોઇ રીતે બંધબેસતી નથી. પ્રચલિત વાત છે કેઃ-

ચપળ પડ્યો.

शून्ये दधिघटीं दृष्ट्वा, काकः स्थगनवर्जिताम् ।
लब्धास्वादोऽपि तां मुक्त्वा कथमन्यत्र गच्छति ॥

મનુષ્ય વગરના એકાંત સ્થાનમાં ઢાંકણા વગરનું દહિંનું ભાજન પડેલું હોય તો તેના સ્વાદને જાણનારો કાગડો તેને છોડીને બીજે શા માટે જાય? આટલા ઉપરથી મારૂં એમ અનુમાન થાય છે કે મારી સ્ત્રી જરૂર જીવતી જ નથી. એ જીવતી હોય તો એને છોડીને આ ચપળ અહીં આવે જ નહિ-આવા આવા અનેક પ્રકારના વિચારો હું મારા મનમાં કરતો હતો, અનેક સાચી ખોટી શંકા કરી તેના ઉકેલ અને નીકાલ મનમાં ને મનમાં કરતો હતો, ત્યાં તો ચપળ મારી તદ્દન નજીક આવી પહોંચ્યો. તુરત મારૂં તેની સાથે યુદ્ધ થયું. મેં તેને પણ અચળની પેઠે જ જમીન પર પટક્યો અને તેના પણ અચળની જેવા જ હાલ થયા.

"આવી રીતે અચળ અને ચપળ બન્નેને ઠેકાણે પાડી પાછો મેં વિચાર કરવા માંડ્યો-અરે રે! શું મારી પ્રિયતમા મરી ગઇ!, અથવા શું નાશ પામી ગઇ! અથવા વિનાશને પ્રાપ્ત થઇ! અથવા શું તેને કોઇ જગ્યોએ ચપળે સંતાડી દીધી હશે! અથવા તો તેને કોઇ બીજાના હાથમાં સોંપી દીધી હશે! આવી રીતે સ્ત્રી સંબંધી અનેક પ્રકારના સારા માઠા વિકલ્પો રૂપ ઉછળતાં મોજાંઓની માળાથી ચાલતો અને મનરૂપ નદીમાં ડૂબકી મારતો હું આ પ્રદેશમાં આવી પહોંચ્યો. સ્નેહ શંકાશીળ છે, તેમાં ખાસ કરીને સંબંધી માટે શંકા વધારે થયા કરે છે. અહીં આવતાં જ મેં મારી પ્રેમમૂર્ત્તિને અખંડિત જોઇ. એ વખતે મારા શરીરમાં જીવ આવ્યો, મારૂં હૃદય ઉછળી ગયું, મારા

સ્નેહની શંકાઓ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખા શરીરમાં આનંદ ફેલાઇ ગયો, રોમાંચ ખડા થઇ ગયા, મારી ચેતના સ્થિર થઇ અને આખા શરીરમાં શાંતિ શાંતિ થઇ ગઇ અને હર્ષથી શરીર ડોલવા લાગ્યું, મારા ચિત્તમાં જે ઉદ્વેગ હતો તે ખસી ગયો અને આ મારી પ્રિયતમાએ તમારી સર્વ વાર્તા કહી અને તમારા માહાત્મ્યથી કેવો અદ્ભુત બનાવ બન્યો તે પણ કહી સંભળાવ્યો. આ પ્રમાણે મેં મારી આત્મકથા કરી."

# પ્રકરણ ૫ મું.

## વિમળ અને રત્નચૂડ-ચૂતમંજરી.

રત્નચૂડ વિદ્યાધરે પોતાનો વૃતાંત કહી સંભળાવ્યો, વિસ્તારથી આત્મકથા વિમળકુમાર પાસે વામદેવ સાંભળે તેમ કહી સંભળાવી, ચૂતમંજરી માટે અચળ ચપળ સાથે કેટલી અને કેવી ખટપટ થઇ હતી તે જણાવી દીધું, પોતાના ધર્મપ્રેમનો સાક્ષાત્કાર કરાવ્યો અને વિમળકુમારે કરેલી સહાય અને લીધેલ સંભાળ માટે આભાર દર્શાવ્યો. આત્મકથા પૂરી કરી રત્નચૂડે વાત ચલાવીઃ—

**કાર્યની બુઝ કરનાર રત્નચૂડ.**
**નિઃસ્પૃહી મહાનુભાવના ઉચ્ચ આદર્શો.**
**સજજનના ભાવમીલનની કિંમત.**

રત્નચૂડ—" બંધુ વિમળ ! તેં આ બાળાનું રક્ષણ કર્યું તે ખરેખર મારૂંજ રક્ષણ કરવા જેવું કર્યું છે ! એમ કરીને તેં મારા કુળની ઉન્નતિ કરી છે ! અને મને વિશુદ્ધ યશ આપ્યો છે ! ભાઇ ! મહાનુભાવ ! હું તને શું કહું ? કયા શબ્દોમાં કહું ? કેવી રીતે કહું ? આ દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી, ચીજ નથી, બાબત નથી, જે તેં મારે માટે કરી ન હોય ! તેં મારૂં સર્વસ્વ કરી આપ્યું છે. લોકોમાં કહેવાય છે કે-કોઇએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેનો બદલો વાળવો એ તો [1]વાણીઆનો ધર્મ છે,

---

૧ વાણીઆનો ધર્મઃ પૈસા લઇને તેના બદલામાં બીજી વસ્તુ આપવી. એક વસ્તુને બદલે બીજી વસ્તુ આપવી. વ્યાપાર-હિસાબની વાત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાં કાંઇ સાધુતા નથી, એમાં કાંઈ વિશેષતા નથી. હવે એમાં પણ જે પ્રાણીઓ મુઝાય છે, મતલબ કે એટલું પણ કરી શકતા નથી તેમને તો જનાવર જ સમજવા, કરેલ ઉપકારનો બદલો ન વાળનાર માણસ નથી એમ સમજવું. માટે વિમળકુમાર! મારા ઉપર મહેરબાની કરો, મને કાંઇ ફરમાવો એટલે આપને જે કાંઇ પ્રિય હોય તે હું આપનો સેવક આપનું કાર્ય બજાવું."

વિમળ—"અહો કૃતજ્ઞશ્રેષ્ઠ! તમારે એવા સંભ્રમમાં પડવાની જરા પણ જરૂર નથી. તમારા દર્શનનો મને આજે લાભ મળ્યો એટલે હવે અમારે તે શી વાતની બાકી રહી! એથી વધારે અમને વહાલું પણ શું હોય અથવા હોઇ શકે?

**वचःसहस्रेण सतां न सुन्दरं, हिरण्यकोट्यापि न वा निरीक्षितम्।**
**अवाप्यते सज्जनलोकचेतसा न कोटिलक्षैरपि भावमीलनम् ॥**

**"સજ્જન પુરૂષોનું એક સુંદર વચન હજારો સોનામહોરથી પણ મળી શકતું નથી, કરોડ સોનામહોરથી પણ એવા ભાગ્યવાનનું દર્શન મળતું નથી, તેમજ લાખો કરોડ સોનામહોરથી પણ તેમના હૃદયની સાથે ભાવપૂર્વક મળવાનું બની શકતું નથી."**

"અને ભદ્ર! મેં તે તારૂં એવું શું મોટું કામ કરી નાખ્યું છે કે તારી જાતને બદલો વાળવાના સંબંધમાં આટલી બધી વિચારમાં નાખી દીધી છે?"

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**અમૂલ્ય રત્ન અર્પણની માગણી.**
**નિ:સ્પૃહીની વિશિષ્ટ નિર્લેપતા.**
**પ્રાર્થના. દાક્ષિણ્ય. આગ્રહ. ભાવ.**

વિમળે જ્યારે આ પ્રમાણે જવાબ આપ્યો ત્યારે રત્નચૂડે પોતાના મનમાં વિચાર કર્યો કે આવા સજ્જન માણસ અમુક વસ્તુની માગણી તો શેના જ કરે? પણ મારે આ મારા અકારણ બંધુનો કાંઇક બદલો તો જરૂર વાળવો જોઇએ. જો તેમ નહિ કરૂં તો મારા મનમાં નિરાંત વળશે નહિ— આ પ્રમાણે વિચારીને રત્નચૂડે પોતાના હાથમાં એક રત્ન પ્રગટ કર્યું-તે રત્ન દેખાવમાં જ એવું અસાધારણ હતું કે સાધારણ લોકનજરથી તે ભુરૂં છે, કે લાલ છે, કે પીળું છે, કે સફેદ છે, કે કાળા રંગનું છે એમ નિર્ણયપૂર્વક કહી શકાય તેમ નહોતું, એણે સર્વ દિશાઓને ઝગઝગાયમાન કરી દીધી હતી, એ સર્વ રંગોથી સુશોભિત હતું અને જાણે ઇંદ્રધનુષ્ય (કાચબી) હોય નહિ તેમ પોતાની

કિરણજાળોથી તેણે પોતાની પ્રભા સર્વત્ર ફેલાવી હતી. એ રત્ન પોતાના હાથમાં વિમળકુમારને બતાવતો રત્નચૂડ વિદ્યાધર બોલ્યો "ભાઇ વિમળ! આ રત્ન સર્વ પ્રકારના રોગોને દૂર કરનાર છે, મહા ભાગ્યવાન છે, [1]દુનિયાના દારિદ્રને દૂર કરનાર છે અને [2]સર્વ રંગનું હોવાસાથે ગુણમાં તે લગભગ ચિંતામણિ રત્ન જેવું છે. દેવતાઓએ મારા કર્મથી રાજી થઇને ખુશીથી એ રત્ન મને અર્પણ કર્યું હતું. એ રત્નમાં એવી ખૂબિ છે કે આ લોકમાં તે મનુષ્યોની સર્વ આશાઓને પૂરે છે. કુમાર! બંધુ! મારા ઉપર મહેરબાની કરી આ રત્નને ગ્રહણ કર, જ્યાંસુધી એ રત્ન તું લેશે નહિ ત્યાંસુધી મારા જીવને કોઇ પ્રકારે નિરાંત થનાર નથી."

રત્નચૂડના આવા આગ્રહના જવાબમાં વિમળકુમારે કહ્યું "મા-હાત્મા! બંધુ! તારે આ બાબતમાં મને જરા પણ આગ્રહ કરવો નહિ અને તારે મનમાં ખેદ પણ રાખવો નહિ. તેં દીધું અને મેં લીધું, પછી કાંઇ બાકી છે? જો ભાઇ! એ તો તારી પાસે રહે એ જ સારૂં છે, માટે બરાબર સંભાળીને એને તું મૂકી રાખ અને મનમાં અન્ય અન્ય વિચારો ન કર."

**દેનાર લેનારની વિશિષ્ટ મહાનુભાવતા.**
**રત્નચૂડનો ગુણ પક્ષપાત અને ગૌરવ.**
**વિમળની અદ્‌ભુત નિઃસ્પૃહતા સાથે સ્થિરતા.**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારે વળી ચૂતમંજરીએ કહેવા માંડ્યું કે "બંધુ વિમળકુમાર! આર્યપુત્ર તમને વિજ્ઞપ્તિ કરે છે તેનો તમે ભંગ ન કરશો. જુઓ, વાત એમ છે કે:—

**निस्पृहा अपि चित्तेन, दातरि प्रणयोद्यते ।**
**सन्तो नाभ्यर्थनाभङ्गं, दाक्षिण्यादेव कुर्वते ॥**

"પુરૂષો પોતાનાં ચિત્તમાં તો સ્પૃહા વગરના હોય છે છતાં દાન કરનાર પ્રેમથી પ્રેરાઇને દાન આપવા ઉત્સુક થયેલ હોય તે વખતે તેની પ્રાર્થનાનો ભંગ કરતા નથી, કારણ કે તેમનામાં એટલું દાક્ષિણ્ય (મ્હોં રખાપણું) હોય છે તેથી તેઓ કોઇને ના કહી શકતા નથી, દુઃખ લગાડી શકતા નથી."

---

૧ પાઠાંતરે કષ્ટપણુ અને દળદરને.

૨ મૂળમાં 'સુમેચક' શબ્દ છે. એનો અર્થ મોરના પીંછાની પછવાડે જે સર્વ વર્ણયુક્ત સંઘટ્ટ હોય છે તે રંગનું રત્ન અથવા ઘાટા વાદળી રંગનું રત્ન એમ થાય છે. સંબંધ જોતાં 'સર્વ રંગનું' એ અર્થ વધારે યોગ્ય લાગ્યો છે.

ચૂતમંજરી આ પ્રમાણે બોલતી હતી તે વખતે હજુ તો વિમળ કુમાર તેને શો ઉત્તર આપવો તેનો વિચાર કરતો હતો, ત્યાં તો રત્નચૂડે આદરથી પેલું રત્ન જેને એક દેવતાની આપેલી કિમતી દાબડીમાં વાત દરમ્યાન મૂકેલું હતું તેને વિમળકુમારના વસ્ત્રના છેડા સાથે આદરપૂર્વક બાંધી દીધું. આવા અદ્દભુત અને દુર્લભ રત્નની પ્રાપ્તિ થતાં પણ તદ્દન સ્પૃહા-ઇચ્છા વગરના, તદ્દન મધ્યસ્થ ભાવે રહેલા અને કોઇ પણ પ્રકારની હર્ષની લાગણી વગરના વિમળને જોઇને રત્નચૂડને તેના ગુણ ઉપર બહુ લાગણી થઇ આવી. એક તુચ્છ ટૂકડો મળતાં પણ મનુષ્ય કેવો રાજી થઇ જાય છે તેનો તેને અનુભવ હતો અને આ રત્ન તો સર્વ દારિદ્ર દૂર કરનાર, યુવાવસ્થા ટકાવી રાખનાર અને રોગનો નાશ કરનાર હોવાથી સાધારણ રીતે કોઇ પણ મનુષ્ય ઘણી ખુશીથી રાખે, તેવા અદ્દભુત રત્નની પ્રાપ્તિ થતાં છતાં જ્યારે વિમળકુમારના મુખ પર જરા પણ ફેરફાર ન થયો ત્યારે સામાન્ય રીતે રત્નચૂડને ઘણો હર્ષ થયો અને વિસ્મયપૂર્વક પોતાના મનમાં તે વિચાર કરવા લાગ્યો કે-અહો ! આ ભાઇનું માહાત્મ્ય તો કાંઇ ભારે અપૂર્વ જણાય છે! અને આવી નિઃસ્પૃહ વૃત્તિ તો કોઇ જગ્યાએ જોવામાં આવી નથી! આ કુમારનું ચરિત્ર તો સાધારણ રીતે મનુષ્યલોકમાં જોવામાં આવે તેથી કાંઇ જૂદા જ પ્રકારનું જણાય છે. અથવા તો જે મહાત્મા પુરૂષનું ચિત્તરત્ન આવું કિમતી-અમૂલ્ય થઇ ગયું હોય તેવાને પછી બાહ્ય નિર્જીવ રત્નનું પ્રયોજન પણ શું રહે? ખરેખર, અનેક ભવોમાં ધર્મકાર્યથી જેઓએ પોતાનું ચિત રંગી નાખ્યું હોય તેવા પુણ્યશાળી જીવોનું ચિત્ત જ આવા પ્રકારનું થાય છે. જે પ્રાણીઓ નિરંતર પાપી હોય છે, શુદ્ધ ધર્મથી બહાર થયેલા હોય છે અને હલકા હોય છે તેઓનું ચિત્ત આવા પ્રકારનું નિર્મળ હોવાનો જરા પણ સંભવ નથી.

### પ્રત્યુપકાર ચિંતા.
### ધર્મદર્શનનો માર્ગ.
### રત્નચૂડનો નિર્ણય.

ઉપર પ્રમાણે વિચાર કરીને રત્નચૂડે વળી પોતાના મનમાં વિચાર કર્યો કે આ કુમાર તે ક્યાંનો હશે? એનું નામ શું હશે? એનું ગોત્ર શું હશે? એ અહીં શા માટે આવેલ હશે? એનું અનુષ્ઠાન (વિધાન) શું હશે? એ સર્વ હકીકત મારે બરાબર જાણવી જોઇએ. માટે એ કુમારની સાથે એનો સહચર (મિત્ર) છે તેને એ સર્વ હકીકત પૂછી બરાબર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાકેફગાર થઇ જઉં. પછી એ રત્નચૂડ વિદ્યાધર મને[1] એકાંત સ્થાનમાં લઇ ગયો અને મને ઉપર જણાવી તે સર્વ હકીકત વિમળકુમારને અંગે પૂછી. મેં રત્નચૂડને તેના સવાલોના જવાબ આપતાં કહ્યું "અહીં નજીકમાં વર્ધમાનપુર નામનું નગર છે, ત્યાં ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલ ધવળ નામે રાજા રાજ્ય કરે છે, તેનો આ વિમળ નામનો કુંવર છે. આજે સવારે તેણે મને કહ્યું 'મિત્ર વામદેવ ! લોકોના કહેવાથી મારા સાંભળવામાં આવ્યું છે કે આપણા નગર બહાર ક્રીડાનંદન નામનું ઉદ્યાન છે તે ઘણું સુંદર છે, બહુ આનંદ ઉપજાવે તેવું છે, રમણીય છે. એ ઉદ્યાન મેં આ જન્મમાં કદિ જોયું હોય એમ મને યાદ નથી, તો આજે આપણે જઇને એ ઉદ્યાન જોઇએ.' કુમારની એ ઇચ્છાને મેં માન આપ્યું. ત્યાર પછી અમે બન્ને આ ઉદ્યાનમાં આવ્યા; અહીં આવ્યા પછી તમારા બન્નેનો શબ્દ અમે દૂરથી સાંભળ્યો; શબ્દ સાંભળતાં એ શબ્દ કોનો છે તે જાણવાની અમને જિજ્ઞાસા થઇ; તેથી શબ્દ જે દિશાએથી આવતો હતો તે તરફ અમે ચાલ્યા; ચાલતાં ચાલતાં તુરતમાંજ અમે બેવડાં પગલાં જમીનપર પડેલાં જોયાં; પગલાં ઉપરથી અમે સમજ્યા કે આ રસ્તેથી સ્ત્રીપુરૂષનું જોડલું પસાર થયું છે; ત્યાર પછી આગળ ચાલતાં લતામંડપમાં દૂરથી અમે તમને બન્નેને જોયા; વિમળકુમાર મનુષ્યનાં લક્ષણ શાસ્ત્રદ્વારા બહુ સારી રીતે જાણે છે; તેણે તમારાં લક્ષણો ઉપરથી કહ્યું કે આ બન્નેમાંથી જે પુરૂષ છે તે ચક્રવર્તી થશે અને તેની સાથે જે સ્ત્રી છે તે ચક્રવર્તીની પત્ની થશે. અહીં અમારા આવવાનું આ પ્રયોજન છે. એનાં સર્વ અનુષ્ઠાનો (વર્તન-વિધાન) સર્વ વિદ્વાનોને પ્રશંસા કરવા યોગ્ય છે, લોકો તેને માન આપે છે, બન્ધુઓને આહ્લાદ ઉત્પન્ન કરે તેવાં છે, મિત્રોને ખાસ રૂચે તેવાં છે અને મુનિ મહારાજાઓ પણ એવાં વર્તનની સ્પૃહા કરે તેવાં છે. વાત માત્ર એટલી છે કે હજુ સુધી એણે કોઇ [2]દર્શનનો સ્વીકાર કર્યો નથી."

વિમળનો અંગત અને દર્શનપરિચય.

---

૧ મને એટલે **વામદેવને.** આ વાર્તા **વામદેવ-સંસારીજીવ** કહી રહ્યો છે, સામે **સદાગમ** બેઠા છે, બાજુમાં **અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા** બેઠા છે અને **ભવ્યપુરૂષ** ધ્યાન દઇ સાંભળે છે. **વામદેવ** તરીકે પોતાને થયેલો **અનુભવ સંસારીજીવ** કહે છે-આ ચિત્ર હૃદયપટ પર રાખવું.

૨ **દર્શનઃ** તત્વજ્ઞાન, મત, ફીલોસોફી. એટલે એ જૈન કે બૌદ્ધ કે નૈયાયિક કે યોગમતનો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૬ ઠું.

## વિમળનું ઉત્થાન–દેવદર્શન.

મહાનુભાવ વિમળ જે નૈસર્ગિક રીતે નિઃસ્પૃહ વૃત્તિવાળો ઉદાર દાક્ષિણ્યવાન્ મહાસત્વ હતો તેનો પરિચય રત્નચૂડને થયો, તેને રાજકુમાર તરીકે રત્નચૂડે ઓળખ્યો, તેની નિઃસ્પૃહ વૃત્તિ જાતે અનુભવી અને વિશાળ હૃદયની નિર્લોભ વૃત્તિનો જાતે સાક્ષાત્કાર કર્યો. તેની હકીકત વામદેવ ( મારી ) પાસેથી સાંભળી રહ્યા પછી રત્નચૂડે પોતાના મનમાં વિચાર કર્યો કે એ કુંવર સંબંધી બહુ સારી માહિતી મળી; હવે એ ઉપરથી આ વખતને યોગ્ય જે કાર્ય કરવાનું મને ઠીક લાગે છે તે એ છે કે એને ભગવાનની પ્રતિમા બતાવું, એ ભગવાનના બિંબના દર્શનને બરાબર યોગ્ય છે. મને એમ લાગે છે કે જો એને હું ભગવાનની પ્રતિમાના દર્શન કરાવીશ તો તેથી તેના ઉપર ઘણો મોટો ઉપકાર થઇ શકશે. મારા ઉપર તેણે જે મહા ઉપકાર કર્યો છે તેનો બદલો વાળવા મારા મનમાં જે મનોરથ થયા કરે છે તે પણ તેમ કરવાથી પૂર્ણ થશે.

આખરે બદલો વાળવાની દિશા સૂઝી

**ક્રીડાનંદનવનમાં યુગાદિનાથ પ્રાસાદ.**
**તેનો પૂર્વ ઇતિહાસ અને તેનું સૌંદર્ય.**
**યુગાદિનાથના સુંદર બિંબનું દર્શન.**

ઉપર પ્રમાણે વિચાર કર્યા પછી હું (વામદેવ) અને રત્નચૂડ વિમળકુમારની પાસે આવ્યા અને રત્નચૂડે વિમળકુમારને કહ્યું " કુમાર વિમળ ! મિત્ર ! કેટલાંક વર્ષો પૂર્વે મારા દાદા ( માતાના પિતા ) મણિપ્રભ[1] આ

---

૧ જૈનધર્મનું જ્ઞાન ચંદન સિદ્ધપુત્ર પાસેથી મણિપ્રભના પુત્ર રત્નશેખરને મળ્યું હતું એમ પૃ. ૧૧૬૯ માં જણાવ્યું છે. મણિપ્રભ જૈન હતા એવી હકીકત ત્યાં આવી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યાનમાં આવ્યા હતા અને તે વખતે તેમને આ ક્રીડાનંદન વન ઘણું સુંદર લાગ્યું હતું. તે વખતે આ ઉદ્યાનના કુદરતી સૌંદર્યથી હર્ષ પામીને વિદ્યાધરોને આવવા માટે એક ઘણો અદ્ભુત સુંદર પ્રાસાદ (મંદિર-દેરાસર) તેણે આ ઉદ્યાનમાં બંધાવ્યો અને ત્યાર પછી યોગ્ય અવસરે તેમાં તેણે યુગાદિદેવ શ્રી આદિનાથ ભગવાનના બિંબની સ્થાપના કરી. એ કારણને લઈને હું આ ઉદ્યાનમાં અગાઉ પણ ઘણી વખત આવ્યો હતો. એ પ્રાસાદ અને બિંબ બહુ સુંદર છે માટે તમે મારા ઉપર કૃપા કરીને તે જોવા જરૂર પધારો." જવાબમાં વિમળકુમારે કહ્યું "જેવી આર્ય મિત્રની ઇચ્છા! ચાલો!" આવો જવાબ સાંભળી રત્નચૂડ ઘણો રાજી થયો. અમે સર્વે દેવપ્રાસાદ તરફ ચાલ્યા અને ભગવાનનું મંદિર અમે જોયું.

[1]એ મંદિર સ્વચ્છ સ્ફટિક રત્નની કાંતિને ધારણ કરતું હતું, સુવર્ણની

---

૧ મંદિરનું અદ્ભુત વર્ણન છેઃ પ્રથમ એનો દૂરથી દેખાવ કેવો લાગતો હતો તે જણાવ્યું, પછી મંદિર નજીક જતાં કહે છે કે તેની ફરસબંધી (બેસવાની અંદરની જગ્યા) અત્યંત પ્રકાશમાન સ્ફટિક રત્નની છે, તે આરપાર દેખાતી નિર્મળ જગ્યાપર તેમાં ઊભા કરેલા સોનાના થાંભલાની છાયા પડે છે, સોનાના થાંભલામાં પર વાળા જડેલા છે તેની કાંતિથી સ્તંભપર બાંધેલી મોતીની માળાઓ લાલરંગની દેખાય છે, લાલ માળાઓની અંદર જડેલા મરકત મણિઓથી ચામર શ્યામ રંગના દેખાય છે, ચામરના ડાંડાની પ્રભાથી કાચમંડળ પીળું થઇ ગયું છે, એ કાચમંડળની ફ્રેમમાં લાલ મણિઓ જડેલી છે અને તેની નીચે સોનાની ઘુઘરી અથવા ઘંટડીઓ જડી છે.

આ અદ્ભુત વર્ણનનું મૂળ પણ વાંચવા લાયક છે. બહુ સુંદર વર્ણન મૂળમાં હોવાથી તે પણ અહીં આપ્યું છે—

**दृष्टं भगवतो मन्दिरं। तच्च कीदृशम्।**

**विमलस्फटिकच्छायं स्वर्णराजिविराजितं।**
**तडिद्वलयसंयुक्तशरदम्बुधरोपमम्॥**
**विलसद्वज्रवैडूर्यपद्मरागमणित्विषा।**
**नष्टान्धकारसम्बन्धमुद्योतितदिगन्तरम्॥**

**अपि च।**

**लसदच्छाच्छनिर्मलस्फटिकमणिनिर्मितकुट्टिमसंक्रान्तविलसत्तपनीयस्तम्भं स्तम्भविन्यस्तविद्रुमकिरणकदम्बकरक्तमुक्ताफलावचूलं अवचूलविरचितमरकतमयूखश्यामायमानसितचमरनिकरं सितचमरनिकरदण्डचामीकरप्रभापिञ्जरितादर्शमण्डलं आदर्शमण्डलगतविराजमानारुणमणिहारनिकुरम्बं हारनिकुरम्बावलम्बितविशदहाटककिङ्किणीजालमिति।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંક્તિથી બિરાજમાન થયેલું હતું, દૂરથી નજર કરતાં વિજળીના ચમત્કારરૂપ વલયયુક્ત શરદ્ ઋતુમાં આકાશનાં વાદળાં શોભે તેવી શોભાને ધારણ કરતું હતું; સુંદર શોભતા વજ્ર વૈડૂર્ય અને પદ્મરાગ (હીરા, રત્ન અને માણેક) મણિઓના તેજથી અંધકારનો સંબંધ તેણે દૂર કર્યો હતો અને તેનો પ્રકાશ ઘણે દૂર સુધી સ્પષ્ટ જણાતો હતો; ઝગઝગાયમાન થતા અત્યંત સ્વચ્છ અને નિર્મળ સ્ફટિક અને મણિઓની બનાવેલી ફરસબંધીમાં સંક્રમ પામેલા સોનાના થાંભલાઓ એ વિશાળ પ્રાસાદમાં રમણીય શોભા આપતા હતા; એના થાંભલાઓ ઉપર જડેલા લાલ પરવાળાના કિરણસમૂહથી તે પર લટકતી મોતીની માળાઓની ઝુલો લાલ રંગની લાગતી હતી; એ લટકતી મોતીની માળાઓની ઝુલોમાં જડેલાં લીલાં રત્ન (મરકત) નાં કિરણથી શ્યામ જેવા દેખાતા સુંદર સફેત ચામરો પાસે ગોઠવાઇ ગયેલા હતા; એ ધોળા ચામરોના સમૂહના દંડોમાં (હેંડલમાં) જડેલા સોનાના તેજથી ઉપરનું આખું કાચનું મંડળ પીળા રંગનું દેખાતું હતું; વળી એ ઉપર જડેલા કાચના મંડળમાં અહીં તહીં લાલ ચુનીઓની હારો જડવામાં આવી હતી અને એ મણિઓની હારની નીચે શુદ્ધ સોનાની ઘુઘરીઓની જાળો લટકાવવામાં આવી હતી-આવા અનુપમ સૌંદર્યવાળા સુંદર પ્રાસાદમાં પ્રવેશ કરીને યુગાદિનાથની પ્રતિમાનું સર્વેએ દર્શન કર્યું.

એ સુવર્ણનું બનાવેલ ભગવાનનું બિંબ એકદમ મનને હરણ કરી લે તેવું હતું, વિકાર વગરનું દેખાતું હતું, ખોટા ભભકા કે ખટાટોપ વગરનું લાગતું હતું, એકદમ શાંત જણાતું હતું, બહુ પ્રિય લાગે તેવું હતું અને એણે પોતાની પ્રભા ચારે તરફ ફેલાવી દીધી હતી.

તે વખતે સાથે આવેલા ચારે જણે અત્યંત આનંદપૂર્વક અને હર્ષથી આંખો ઉઘાડી ઉઘાડીને જિનબિંબનાં દર્શન કર્યાં અને યુગાદિનાથને વારંવાર પ્રણામ કર્યા. ત્યાર પછી રત્નચૂડ અને ચૂતમંજરીએ પ્રભુબિંબને વિધિપૂર્વક વંદન કર્યું, તે વખતે પવિત્ર આનંદની ઉર્મિઓ ઉછળતાં તેઓને આખે શરીરે રોમાંચ ખડા થઇ ગયા.

### મૂર્તિદર્શનથી વીર્યોલ્લાસ.
### ગુણાનુરાગથી જાતિસ્મરણ.
### પ્રેમમૂર્છાનો ઉપચાર-ચેતના.

ચર અને અચર ત્રણે ભુવનના સર્વ જીવોના બંધુ એ ભગવા-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નના બિંબને અવલોકતાં વિમળકુમારનું [1]જીવવીર્ય અતિશય ઉલ્લાસને પામ્યું, તેના મનમાં ઘણો પ્રમોદ થઇ આવ્યો, તેણે કર્મનાં મોટાં જાળાંઓને તોડી નાખ્યાં, તેની સદ્બુદ્ધિ ઘણી વધારે પ્રકાશી નીકળી, પ્રગટ થઇ આવી, જોસમાં આવી ગઇ અને ગુણ તરફ તેને ઘણો વધારે મજબૂત રાગ થઇ આવ્યો. એ પ્રસંગે તેણે વિચાર કર્યો, ચિંતવના કરવા માંડી કે અહો! આ ભગવાનનું કેવું સુંદર રૂપ છે! એ બિંબમાં કેટલી શાંતિ દેખાય છે! એનું નિર્વિકારીપણું કેટલું આગળ પડતું જણાય છે! અને એમના અતિશયો પણ કેવા સુંદર અને મોટા જણાય છે! એમનું માહાત્મ્ય તો એટલું અદ્ભુત લાગે છે કે એની ચિંતવના કરવી પણ ઘણી મુશ્કેલ જણાય છે! અહાહા! એમના કોઇ પણ પ્રકારના કલંકરહિત અને મનોહર આકાર ઉપરથી જ ગુણસમૂહની મહત્તા તો એ દેવમાં પાર વગરની હોય તેવું સ્પષ્ટ રીતે જણાઇ આવે છે! એમની પ્રતિમા ઉપરથી મારા મનમાં નિશ્ચય થાય છે કે આ દેવમાં કોઇ પણ પ્રકારનો કોઇ જીવ કે અજીવ વસ્તુ ઉપર રાગ નથી, દ્વેષ નથી અને તેઓ જાણે સર્વજ્ઞ અને સર્વદર્શી હોય તેવું લાગે છે!! અહાહા! ધન્ય છે! આનંદ છે! આશ્ચર્ય છે! અહોભાગ્ય છે!

આવી ચિંતવના કરતાં કરતાં વિમળકુમારે મધ્યસ્થભાવે પોતાના આત્માની સાથે લાગેલ મેલમાંથી કેટલોએ કાપી નાખ્યો અને એમ ચિંતવના કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, જેને લઇને પૂર્વ ભવોમાં પોતે કોણ હતો, કેવો હતો, પોતે કેવાં કર્મો કર્યાં હતાં અને કોના કોના સંબંધમાં પોતે આવેલ હતો તે સર્વેનું તેને સ્મરણ થયું. જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ ભવોની હકીકત હૃદયચક્ષુ સન્મુખ ખડી થાય છે અને તે સર્વનો ચિતાર હૃદયપટ પર બરાબર ચીતરાઇ જાય છે, કારણ કે એ જ્ઞાન મતિજ્ઞાનનો વિષય હોઇ પાછલા ભવ સંબંધી કેટલીક હકીકતનું સ્મરણ કરાવે છે. એવી રીતે જ્યારે પોતાના પૂર્વ ભવો વિમળકુમારે જોયા ત્યારે તેને મૂર્છા આવી ગઇ અને પોતે ચિંતવન ન કરી શકાય તેવા રસમાં તરબોળ થઇ ગયો. તુરતજ તે ઊભો હતો ત્યાં મંદીરમાં જ જમીનપર પડી ગયો એટલે સાથેના સર્વને મોટો સંભ્રમ થઇ ગયો, મનમાં વિચાર થઇ આવ્યો કે વિમળકુમારને આ શું થઇ

૧ નિમિત્તકારણ કેવાં બલવાન્ છે તે વિચારવાયોગ્ય છે, ગુણાનુરાગીને પણ સાધનધર્મથી કેટલો લાભ થાય છે તે લક્ષ્યમાં લેવાયોગ્ય છે. બીજી અગત્યની બાબત એ છે કે જેઓ સ્વાભાવિક રીતે આગળ વધેલા હોય છે તેઓને વીર્યોલ્લાસ થતાં તેની પ્રગતિ એકદમ થઇ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયું? તુરત તેના શરીર ઉપર શીતળ પવન નાખવામાં આવ્યો એટલે તેની મૂર્છા વળી ગઇ અને તેને ચેતના આવી.

### પૂર્વ સુકૃત્યનું સુસ્મરણ.
### વિમળનો આત્મોત્થાન કાળ.
### વિશિષ્ટ આભારનું દર્શન.

વિમળકુમારને જાગૃતિ આવી, ચેતના આવી, એટલે તેને અત્યંત આદરપૂર્વક રત્નચૂડે સવાલ પૂછવા માંડ્યા. તે વખતે તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ—

**રત્નચૂડ**—“બંધુ વિમળ! આવા અદ્‌ભુત દેવાલયમાં તને આ શું થઇ આવ્યું? આ સ્થાને તને મૂર્છા આવી ગઇ તેનું કારણ શું?”

રત્નચૂડ વિદ્યાધરે આવો સવાલ કર્યો એટલે વિમળકુમારમાં પાછો ભક્તિભાવ વધારે જાગૃત થઇ આવ્યો, આખા શરીરે રોમાંચ ખડા થઇ ગયા, હરખથી તેની આંખો વિશાળ થઇ ઉઘડી ગઇ અને બન્ને હાથ જોડાઇ ગયા. પછી તેજ સ્થિતિમાં તેજ જગ્યાએ વિમળ ઊભો થઇને રત્નચૂડના બન્ને પગ પકડીને તેના તરફ નીચો વળી આંખમાં હર્ષના આંસુઓ લાવી વારંવાર તેને પ્રણામ કરવા લાગ્યો, પગે પડી તેને વંદન કરવા લાગ્યો અને પછી મુખેથી બોલવા લાગ્યોઃ—

जैन साईट JAINSITE .com

**વિમળ**—“અહો મિત્ર! તું મારૂં શરીર છે! મારૂં જીવતર છે! મારો ભાઇ છે! મારો નાથ છે! મારો માબાપ છે! મારો ગુરૂ છે! મારો દેવ છે! અરે તું મારો પરમાત્મા છે! એમાં જરા પણ શંકા જેવું કે અતિશયોક્તિભરેલું કાંઇ નથી. અહો! હે ધીરવીર ઉપકારી! તેં આજે સર્વ પાપને ધોઇ નાખનાર અને સંસારનો છેદ કરનાર આ ભગવાનના બિંબના મને દર્શન કરાવીને મારૂં એટલું શ્રેય કર્યું છે કે તને હું જે કહું તે ઓછું છે. હે રત્નચૂડ! એ બિંબનું મને દર્શન કરાવીને તે દ્વારા તેં મોક્ષમાર્ગ બતાવ્યો છે, તેં મારી તરફ ખરેખરી સજ્જનતા કરી બતાવી છે, મારી ભવ (સંસાર) રૂપ વેલડીને છેદી નાખી છે, દુઃખનાં મોટાં જાળાંઓને મૂળમાંથી ઉખેડી નાખ્યાં છે, સુખરૂપ મોટું વૃક્ષ મને આપ્યું છે અને મને શિવધામ (પરમ સુખસ્થાન-મોક્ષ) નજીક કરી દીધું છે! અહો મારા ઉપકારી! હું તને શું કહું? ક્યા શબ્દોમાં તારા ઉપકારને વર્ણવી બતાવું?”

**રત્નચૂડ**—“ભાઇ! તને શું થઇ ગયું અને આ તું શું કહે છે? એ હજુ સુધી હું જરા પણ સમજતો નથી.”

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

**વિમળકુમાર**–" આર્ય ! આ ભગવાનના બિંબના દર્શન થતાં મને જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું તેથી આ ભવથી અગાઉના મારા ઘણા ભવો મારા જોવામાં આવી ગયા, મને તેની સ્મૃતિ બરાબર તાજી થઇ ગઇ. વાત એમ બનેલી કે અગાઉ પણ ઘણા ભવોમાં મેં બહુ પ્રેમ અને ભક્તિપૂર્વક ભગવાનના બિંબ ઉપર નજર કરેલી હતી એ વાત મારા સ્મરણમાં તાજી થઇ; વળી મને યાદ આવ્યું કે પૂર્વે ભવોમાં સમ્યગ્ જ્ઞાનરૂપ નિર્મળ પાણીવડે ચિત્તરત્નને મેં ઘણી વાર સાફ કર્યું હતું, સુંદર ધર્મ-અનુષ્ઠાનોને મારાં પોતાનાં બનાવી દીધાં હતાં, આત્માને ભાવનાવડે ભાવીને ભાવનામય કરી દીધો હતો, સાધુપુરૂષોની સેવાચાકરી કરીને અંતઃકરણને તેનાથી વાસિત કરી દીધું હતું, તે વખતે સમસ્ત જીવ-પ્રાણીવર્ગ ઉપર મૈત્રીભાવ–બંધુભાવ કરવો એ તો જાણે મારો સ્વ-ભાવ થઇ પડ્યો હતો, ગુણોમાં જે પ્રાણીઓ વધારે હોય તેમને જોઇને અનુભવાતા આનંદમાં હું એકતાર બની ગયો હતો, કોઇ પ્રાણી જરા પણ ક્લેશ પામતો હોય તો તેના ઉપર કરૂણા લાવવી તે હકીકત જાણે ચિત્તમાં રમણ કરી રહી હતી, જેઓ સમજાવ્યા છતાં પણ ઠેકાણે આવે તેવા ન હોય તેમના તરફ ઉપેક્ષાવૃત્તિ વધારે દૃઢ થઇ ગઇ હતી, વિષયોથી થતાં સુખ અને દુઃખમાં ઉદાસીનતા વધારે નિશ્ચળ થઇ હતી, પ્રશમરસ ( શાંતરસ ) એકરૂપ થઇ જામી ગયો હતો, [1]સંવેગ સારી રીતે પરિચિત થઇ ગયો હતો, સંસારપર વૈરાગ્ય ( નિર્વેદ )[2] બરાબર દૃઢ થઇ ગયો હતો, કરૂણા ઘણી વધારે થઇ આવી હતી, શુદ્ધ દેવ ગુરૂ ધર્મપર આસ્થા પરિપૂર્ણ થઇ હતી, ગુરૂ મહારાજ ઉપર અપૂર્વ ભક્તિ બહુ વૃદ્ધિ પામી હતી અને તપસંયમ તો તે વખતે જાણે ઘરનાં જ થઇ ગયાં હતાં. આ પ્રમાણે હોવાથી જેવું આજે આ ભગવાનનું બિંબ જોયું, એના નિષ્કલંકી ભાવો હૃદયપર અસર કરનારા થયા કે તુરત જ હું અમૃતરસથી જાણે સીંચાઇ ગયો હોઉં, પ્રીતિથી જાણે પૂર્ણ ભરાઇ ગયો હોઉં, સુખથી જાણે ડુબાઇ ગયો હોઉં અને હર્ષપ્ર-મોદથી જાણે ભરપૂર થઇ ગયો હોઉં તેવો થઇ ગયો ! !

પ્રતિમાદર્શન-નિમિત્તનું અદ્ભુત પરિણામ

" તે વખતે મારા મનમાં થઇ આવ્યું કે–અહો આ દેવ રાગરહિત છે, દ્વેષરહિત છે, ભયરહિત છે, અજ્ઞાનરહિત છે, શોક-રહિત છે અને એ ( રાગાદિ ) સર્વનું તેઓશ્રીમાં એક ચિહ્ન પણ

---

૧ સંવેગઃ સદ્ગતિ અથવા મોક્ષની અભિલાષા.

૨ નિર્વેદઃ સંસારપર અરૂચિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાતું નથી, એ દેવ તદ્દન શાંત મૂર્ત્તિ દેખાય છે અને એમને જોવાથી આંખોને આનંદ થાય છે, એમને વધારે વધારે નીરખતાં મને વધારે વધારે આહ્લાદ થાય છે, તેથી મને એમ લાગે છે કે મેં એ દેવને અગાઉ કોઇ વાર બરાબર સારી રીતે જોયેલા છે-આવી ચિંતવના કરતો હતો તે વખતે આ દુનિયામાં કદિ ન અનુભવી શકાય તેવો અસાધારણ રસ જેનો અનુભવથી જ ખ્યાલ આવી શકે છે અને જે ઘણો જ સુંદર છે તેમાં મેં પ્રવેશ કર્યો. તે વખતે મને અગાઉના એક ભવમાં મહા ઉત્તમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું ત્યારથી માંડીને આ ભવ સુધીના સર્વે ભવોની સ્મૃતિ થઇ આવી, તે સર્વે ભવોમાં બનેલી હકીકત યાદ આવી ગઇ અને મારૂં આખું પૂર્વ ભવોનું ચરિત્ર મારી સન્મુખ ખડું થઇ ગયું. ભાઇ ! આ પ્રમાણે દેરાસરમાં ઊભા ઊભા જ મને થઇ આવ્યું. માટે હે ભાઇ ! મોટા પરમ ગુરૂ પ્રાણીઓને જે લાભ કરે તે લાભ મને તેં આજે કરી આપ્યો છે.”

આ પ્રમાણે બોલતાં બોલતાં વળી વિમળકુમાર ફરીવાર રત્નચૂડને પગે પડ્યો; એટલે “અહો નરોત્તમ ! આવી રીતે સંભ્રમમાં પડી જવાની કાંઇ જરૂર નથી” એમ કહી રત્નચૂડ વિદ્યાધરે તેને ઉઠાડ્યો અને અત્યંત વિનયપૂર્વક સાધર્મી તરીકે તેને પ્રણામ કર્યા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૭ મું.

## વિમળનું ઉત્થાન-ગુરૂતત્ત્વપરિચય.

રત્નચૂડ ખરેખરો ઉપકાર કરી બદલો વાળી રહ્યો હતો, દેવદર્શન કરાવી વિમળના આત્માને સન્મુખ લઇ આવ્યો હતો અને કૃતજ્ઞ વિમળ તે હકીકતની યોગ્ય કિંમત આંકી રત્નચૂડનો આભાર દર્શાવી રહ્યો હતો. પગે પડેલા વિમળના ઉપકારનો બોજો રત્નચૂડ ખમી શક્યો નહિ, કારણ તે વિમળના તાજા ઉપકારથી દબાઇ ગયેલો હતો-આ વાત આપણે જોઇ ગયા. ત્યાર પછી એના અનુસંધાનમાં ગુરૂતત્ત્વનો પરિચય વિમળને રત્નચૂડે કરાવ્યો તે હકીકત અગૃહીતસંકેતા ! હું કહી બતાવું છું તે સાંભળઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### સર્વજ્ઞકથિત માર્ગનો પરિચય.
### ગુણગુણીનો સંબંધ અને રસ્તો.
### સહૃદય સાધર્મીનો હૃદયપ્રેમ.

રત્નચૂડે પ્રણામ કરી રહેલા વિમળને ઉઠાડ્યો અને પોતે તેને સાધર્મી તરીકે પ્રણામ કર્યાં એ વાત ઉપર જણાવી. તે વખતે પછી રત્નચૂડ બોલ્યો “ બંધુ ! મારા મનમાં જે હોંસ હતી તે અત્યારે પૂરી થઇ છે, મારા જે જે મનોરથો હતા તે બધા એક ક્ષણમાં પૂરા થઇ ગયા છે, તેં મારા ઉપર ઉપકાર કર્યો હતો તેનો બદલો વાળવા મારી ઇચ્છા હતી તે પણ પૂરી થઇ છે, કારણ કે જે મહા તત્ત્વજ્ઞાનનો તને આગાઉના ભવમાં પરિચય હતો તે તત્ત્વજ્ઞાનનું આ ભવમાં સ્મરણ થવાના સંબંધમાં મારા જેવો કારણિક થયો. મારી જે ભાવના હતી તે અત્યારે પૂરી થઇ છે અને હે કુમાર ! તને જે આટલો બધો હર્ષ થઇ આવ્યો તે પણ તદ્દન યોગ્ય સ્થાને થયો છે, કારણ કે:—

#### માર્ગપ્રાપ્તિનો આનંદ.

“ મહાત્મા પુરૂષોને તો સારી સ્ત્રી મળે, દીકરા મળે, રાજ્ય મળે, “ ધન મળે અને કિંમતી રત્નો ગમે તેટલાં મળે અથવા તો સ્વર્ગનું સુખ “ મળે પણ તેથી તેમને સંતોષ થતો નથી, કારણ કે એ સર્વે સુખો “ તુચ્છ છે, ઉપરઉપરનાં છે, બાહ્ય છે અને થોડો કાળ ચાલે તેવાં છે “ અને તેમ હોવાથી વિચારશીળ ધીર પુરૂષોને તેથી સંતોષ થતો નથી, “ પરંતુ એવા મહાત્મા પુરૂષો આ મહા ભયંકર ભવસમુદ્રમાં જૈન “ માર્ગ-તીર્થંકર મહારાજનો માર્ગ જે સાધારણ રીતે પ્રાપ્ત થવો મહા “ દુર્લભ છે તેને પ્રાપ્ત કરે છે ત્યારે હર્ષથી ભરપૂર થઇ જાય છે. આ “ પ્રમાણે અત્યંત હર્ષ અને આનંદ થવાનું કારણ એ છે કે સર્વજ્ઞ મહા- “ રાજાએ બતાવેલ એ માર્ગ પ્રાપ્ત થતાંની સાથે જ જે પ્રાણીને એ માર્ગ “ પ્રાપ્ત થાય છે તે સમતાસુખરૂપ અમૃતના સ્વાદનો બરાબર “ અનુભવ કરે છે અને તેને મનમાં પ્રતીતિ થાય છે કે એ માર્ગ અંત “ વગરના આનંદપૂર્ણ મોક્ષને સાધી આપવાના કારણભૂત છે. આવા “ અનંત સુખ પાસે સ્ત્રી પુત્ર રાજ્ય કે ધન અથવા તો સ્વર્ગનાં સુખ “ પણ કાંઇ બીસાતમાં ન હોવાને લીધે એ સર્વજ્ઞમાર્ગની પ્રાપ્તિથી “ સજ્જન મહાત્માઓને હર્ષ અને ઉલ્લાસ કેમ ન થાય ? વળી એક “ બીજી પણ વાત છે: સર્વે પ્રાણીઓ પોતાની તાકાત પ્રમાણે ફળ મે- “ ળવવાની વાંછા કરે છે. કુતરાને એક નિર્માલ્ય અન્નપિંડ મળી આવે “ તો તેથી તે હર્ષઘેલો થઇ જાય છે, જ્યારે સિંહને તો હાથીનો ઘાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મળે ત્યારેજ નિરાંત વળે છે, મતલબ એને સ્વપરાક્રમથી મેળવેલા
"હાથીના માંસથીજ સંતોષ થાય છે. ઉંદરને ચોખાનો દાણો ખાવાનો
"મળી જાય તો ઊંચો નીચો થઇને નાચવા કૂદવા મંડી જાય છે અને
"ડાકલી વગાડે છે ત્યારે હાથીને તો ઘણું સુંદર ભોજન બહુ પ્રયાસથી
"આપવામાં આવે છે ત્યારે પણ તે તદ્દન બેદરકારીથી ખાય છે.[1]
"જેમને તત્ત્વજ્ઞાનનું દર્શન થયેલ હોતું નથી તેવા મૂઢ પ્રાણીઓ
"નાના-ટુંકા મનવાળા હોય છે અને તેઓને તો જરા ધન કે રાજ્ય
"મળી જાય એટલે તે અભિમાનમાં આવી ઊંચાનીચા થઇ જાય
છે અને હે મિત્ર! તને તો અગાઉ જ્યારે મેં ચિંતામણિ રત્ન જેવું મહા

સ્થૂળ આનંદ: આત્મિક આનંદ.

મૂલ્યવાન અને ફળદાયી રત્ન આપ્યું ત્યારે પણ તું તો તદ્દન મધ્યસ્થ રહ્યો હતો, તારા મનપર કોઇ પણ પ્રકારની અસર થયેલી ન હોતી અને તારા ઉપર હર્ષની એક રેખા પણ મારા નીરખવામાં આવી નહોતી. જો કે એ વસ્તુની પ્રાપ્તિ એવી ઉત્તમ હતી કે કોઇ સાધારણ મનુષ્ય હોત તો એવી પ્રાપ્તિથી તે ઘણો જ આનંદમાં આવી જાય, છતાં તને કાંઇ ન થયું અને અત્યારે જ્યારે સર્વજ્ઞમાર્ગની તને પ્રાપ્તિ અને પ્રતીતિ થઈ ત્યારે તારા શરીરમાં રોમાંચ ખડા થઇ ગયા, તને અપૂર્વ આનંદ થયો અને તારા આખા શરીરમાં હર્ષ સ્પષ્ટ જણાઇ આવ્યો છે. માટે ભાઇ! તું ખરેખર શ્રેષ્ઠ પુરૂષ છે. હવે મારે તને એક જ બાબત કહેવાની છે કે ભાઇ! તારે મારૂં આટલું બધું એહશાન માનવાની કાંઇ પણ જરૂર નથી અને જાણે કે હું તારો ગુરૂ હોઉં એવો આરોપ કરવાની

---

1 નીતિના ગ્રંથમાં એક આવો જ શ્લોક આવે છે તે વિચારવા યોગ્ય છે.

लाङ्गूलचालनमधश्चरणावपातं,
भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिंडदस्य कुरुते गजपुंगवस्तु,
धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते ॥

કુતરો પોતાને એક નાનો રોટલીનો ટૂકડો આપનારની પાસે પૂંછડી હલાવે છે, બે પગો નીચે નમાવે છે, જમીન પર લેટીને પોતાનું મુખ અને પેટ બતાવે છે અને અનેક પ્રકારની ખુશામત કરે છે; ત્યારે મોટો હાથી હોય છે તે ખાવાની વસ્તુ તરફ બેદરકારીથી જુએ છે અને સેંકડો ખુશામતનાં વચન કહેવામાં આવે છે ત્યારે ખાય છે. (હાથીને ખવરાવવામાં કેટલી મુશ્કેલી પડે છે તેનો અનુભવ કરવા જેવું છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ જરૂર નથી અને મારે પગે પડીને તો તું મને ખરેખર મુંઝવી જ દે છે. મેં તે તને એવું શું આપી દીધું છે? હું તો એક માત્ર નિમિત્ત કારણ થયો છું. તું જાતે જ આવી કલ્યાણપરંપરાને યોગ્ય છે-તારામાં આવા પ્રકારની યોગ્યતા છે એમ જોઇને મેં તો માત્ર જરા તારા સંબંધમાં યત્ન કર્યો હતો. હે ભાઇ ! હું તને આ સંબંધમાં એક દાખલો આપું: તીર્થંકર મહારાજ જેઓ સર્વ ભાવને સારી રીતે જાણતા હોય છે તેમને લોકાન્તિક દેવો[1] જાગૃતિ આપે છે તેથી એ દેવો કાંઇ મહાત્મા તીર્થંકરોના ગુરૂ ગણાતા નથી, તેવી રીતે તારે માટે મારે સમજી લેવું."

લોકાંતિક દેવો અને તીર્થંકર.

**વિમળ:**—"મહાત્મા ! તું એવી વાત કર નહિ. તેં જે વાત કરી છે તેને અને લોકાંતિક દેવોના વર્તનને એકસરખાપણું છે જ નહિ. ભગવાનને બોધ થવામાં લોકાંતિક દેવતાઓ જરા પણ નિમિત્તકારણ નથી અને તેં તો ભગવાનના બિંબનાં દર્શન કરાવીને મારૂં સંપૂર્ણ કલ્યાણ કરી દીધું છે.

**निमित्तमात्रतां योऽपि, धर्मे सर्वज्ञभाषिते ।**
**प्रतिपद्येत जीवस्य, स गुरुः पारमार्थिकः ॥**

"સર્વજ્ઞના ધર્મની પ્રાપ્તિના સંબંધમાં જે પ્રાણી આ જીવનો જરા પણ નિમિત્તમાત્ર થાય તે પરમાર્થથી આ જીવનો ગુરૂ છે એમ સમજવું. તેં એ પ્રમાણે મને સર્વજ્ઞધર્મની પ્રાપ્તિ કરાવેલી હોવાથી તું ખરેખર મારો ગુરૂ છે એમાં જરા પણ સંશય જેવું નથી અને શુદ્ધ ગુરૂના વિનયવૈયાવચ્ચ કરવાં એ સજ્જન પુરૂષોનું કર્તવ્ય છે; તેથી તેં મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેના બદલામાં હું તારો વિનય કરૂં તે તદ્દન યોગ્ય છે. અને હે ભાઇ! ભગવાનની એવી આજ્ઞા છે કે પોતાનો સ્વધર્મી (સાધર્મી) બંધુ ગમે તેવો સામાન્ય સ્થિતિનો હોય તેનો પણ યોગ્ય વંદનાદિ વિનય કરવો જ જોઇએ. તો પછી ભાઇ! તારા જેવા મહાનુભાવ જેણે મને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરી આપી છે તેનો વિનય કરવો એમાં તો સવાલજેવું જ શું હોય? કોઇ પણ પ્રકારની આકાંક્ષા-અપેક્ષા વગરનો તું મારો પવિત્ર સદ્ગુરૂ છે અને તારો વિનય કરવો તે મને સર્વથા યોગ્ય છે."

---

૧ તીર્થંકર મહારાજને દીક્ષાનો કાળ પાસે આવે ત્યારે લોકાન્તિક જાતિના દેવોનો એવો આચાર છે કે તેઓ ભગવાન પાસે આવીને કહે છે કે 'ભગવન્! ધર્મતીર્થ પ્રવર્તાવો!' ત્યાર પછી વરસીદાન આપીને તીર્થંકર દીક્ષા લે છે. સર્વ તીર્થંકરના સંબંધમાં આ પ્રમાણે બને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રત્નચૂડ**—" અરે બંધુ ! તું આવી રીતે બોલ નહિ. તારામાં એટલા બધા ગુણો છે અને તું તે ગુણોની બાબતમાં એટલો બધો આગળ છે કે તેને લઇને તું દેવતાઓને પણ પૂજ્ય છે અને તેથી તું જ ખરે-ખરો અમારો ગુરૂ છે, નિઃસ્પૃહીપણું કેવું હોય અને કેમ રખાય તેનો પ્રત્યક્ષ ( જીવતો ) દાખલો આપીને તેં અમને વિશુદ્ધ માર્ગ દર્શાવ્યો છે તેથી તું આ પ્રમાણે બોલે તે કોઇ પણ પ્રકારે ઉચિત નથી."

નિઃસ્પૃહતાનું જ્વલંતદૃષ્ટાંત.

## ઉત્થાનની ભાવના.
## વિરક્તિના પરિણામો.
## કુટુંબચિંતા અને ફરજ.

**વિમળકુમાર**—" મહાગુણાધિક કૃતજ્ઞ મહાત્મા પુરૂષોનું આ
" એક સ્પષ્ટ ચિહ્ન છે કે તેઓ અત્યંત ભક્તિપૂર્વક
" પોતાના ગુરૂ ( ધર્મદર્શક ) નું પૂજન કરે છે, તેની
" સેવાચાકરી કરે છે અને તેને બહુમાન આપે છે.
" જે પ્રાણી પોતાના ગુરૂનો દાસ થાય છે, તેનો
" સંદેશો લાવનાર લઇ જનાર નોકર થાય છે, ગુરૂનું નાનું મોટું કામ
" હોંસથી ચાકરની પેઠે કરે છે અને ગુરૂ મહારાજની ગુલામગીરી
" કરતાં જેના મનમાં સહજ પણ શરમ આવતી નથી તે જ
" પ્રાણી ખરો મહાત્મા છે, ખરો પુણ્યાત્મા છે, ખરો ભાગ્યશાળી
" છે, ખરો કુળવાન્ છે, ખરો ધીરવીર છે, જગતને વંદનયોગ્ય છે,
" સાચો તપસ્વી છે અને ખરો સમજુ તેમજ ભણેલો છે. જે
" શરીર વિનયથી ગુરૂના કામમાં તત્પર રહે છે તે જ ખરૂં શરીર છે
" તેજ સાચી કાયા છે. જે વાણી ગુરૂની સ્તુતિ કરે છે, ગુરૂના ગુણનું
" ગાન કરે છે તે જ સાચી વાણી છે, સાચી જીભ્હા છે; અને જે
" મન ગુરૂમહારાજમાં આસક્ત હોય છે, ગુરૂસંબંધી વિચાર પ્રેમપૂર્વક
" કરે છે તે જ ખરૂં મન છે, ખરૂં ચિત્ત છે. જે પ્રાણીએ આપણા
" ઉપર ધર્મદાનનો ઉપકાર કર્યો હોય તેના ઉપકારનો બદલો કરોડો
" ભવમાં તેની સેવાચાકરી અને અનેક ઉપકાર કરવાથી પણ વળી
" શકતો નથી. હવે ભાઇ ! મારે તારી સાથે એક બાબતનો ખાસ વિચાર કરવાનો છે. આ સંસારરૂપ બંદિખાનાથી મારૂં મન તદ્દન ઉઠી ગયું છે, વિષયો મને તદ્દન દુઃખથી ભરપૂર લાગે છે, પ્રશમ ભાવ ( શાંતિ ) જાણે અપૂર્વ-અસાધારણ-લોકોત્તર અમૃતના આસ્વાદનો અનુભવ કરાવી રહ્યો છે, તો મારે હવે ગૃહસ્થાવાસરૂપ બંદિખા-

ગુરૂભક્તિ અને વિમળની વિરક્તિ.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નામાં ન રહેતાં ભગવાન જિનેશ્વર મહારાજ સંબંધી દિક્ષા અંગીકાર કરવી છે. હવે મારે પિતા માતા અને બીજા બંધુઓ તેમજ સગાંઓ ઘણાં છે. કોઇ પણ ઉપાયે કરીને તેઓને પણ જો પ્રતિબોધ થઇ શકે તો ઘણું સારૂં. જો તેઓ પણ ભગવાનના ધર્મનો પ્રતિબોધ પામે અને વિશુદ્ધ ધર્મ આદરે એવો કાંઇ પણ ઉપાય તું બતાવ તો ખરેખર તેથી હું પણ તેઓનું એક સાચું બંધુકાર્ય બરાબર કરી શકું, મતલબ તેમના બંધુ તરીકે તેમનાપર ઉપકાર કરવાનો મને પ્રસંગ પ્રાપ્ત થાય, અને હું તેમના તરફની મારી ફરજ બજાવી શકું. કેમ કે એ સિવાય બીજા કોઇ પણ પ્રકારે તેમના પ્રત્યેની મારી ફરજ હું બજાવી શકું એમ નથી.”

### ચિંતા નિવારણાનો ઉપાય.
### બુધાચાર્ય પરિચયની વાર્તા.
### દેવપૂજન અને ગુરૂપરિચય.

રત્નચૂડ—“ ભાઇ વિમળ! તું જે વાર્તા પૂછે છે તેનો એક ઉપાય મારા ધ્યાનમાં આવે છે. એક બુધ નામના આચાર્ય છે, તે અસાધારણ વિદ્વાન્ અને સંયમવાન્ છે. જો કદાચ કોઇ પણ કારણે ગમે તેમ કરીને તેઓશ્રી અહીં પધારે તો તેઓશ્રી તારા બંધુ વિગેરેને અવશ્ય યોગ્ય પ્રકારનો પ્રતિબોધ આપે; કારણ કે તેઓશ્રી [1]અતિશયના ભંડાર છે, અન્યના ચિત્તને જાણવામાં જોઇતી નિપુણતાની ખાણ છે, પ્રાણીઓને પ્રશમ રસની પ્રાપ્તિ કરાવવામાં અસાધારણ છે અને યોગ્ય સમયે યોગ્ય વચન બોલવાની બાબતમાં બહુ વિચક્ષણ છે.”

**વિમળ**—“ અહો! બંધુ! આવા અસાધારણ ગુણલબ્ધિસંપન્ન મહાત્મા બુધ આચાર્યને તેં ક્યાં જોયા ?”

રત્નચૂડ—“ ગઇ અષ્ટમીને દિવસે હું આ ક્રીડાનંદનવનમાં ભગવાનના પૂજન સારૂ આજ મંદિરમાં મારા પરિવાર સાથે આવ્યો હતો ત્યારે મેં એ મહાત્મા આચાર્યને આ મંદિરના બહારના દરવાજા પાસે જ જોયા હતા. હું મંદિરમાં પ્રવેશ કરતો હતો તે વખતે મેં તપસ્વી મુનિઓનું એક મોટું ટોળું જોયું. તેઓની વચ્ચે એક બહુ મોટા તપસ્વી મેં જોયા: તેમનો વર્ણ તદ્દન શ્યામ હતો, દેખાવ ઘણો

બુધ આચાર્યનો પ્રથમ દેખાવ.

---

૧ **અતિશય**:—આશ્ચર્યકારક લબ્ધિને ‘અતિશય’ કહેવામાં આવે છે. એ પુણ્યનો ઉપયોગ (વ્યય) છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીભત્સ હતો, માથું ત્રણ ખુણાંવાળું જણાતું હતું, ડોક લાંબી અને વાંકીચુંકી લાગતી હતી, નાક તદ્દન ચપટું દેખાતું, દાંત છૂટા છૂટા આડાઅવળા અને દેખાવમાં વિકરાળ લાગતા હતા, પેટ મોટું લાંબું અને વિચિત્ર લાગતું હતું અને એકંદરે તેમનું આખું શરીર એટલું ખરાબ લાગતું હતું તેમજ એટલું કદરૂપું જણાતું હતું કે જોનારને તેની સામું જોવાથી ઉલટો ઉદ્વેગ થઇ આવે. તેમનામાં જો જરા પણ પસંદ કરવા જેવી બાબત જણાતી હોય તો તે એક જ હતી અને તે એ હતી કે તેઓશ્રી ઘણા મધુર અને ગંભીર સ્વરથી અને સ્પષ્ટ સમજી શકાય તેવા વર્ણ અને ઉચ્ચારથી સુંદર ભાવાર્થવાળી ભાષામાં આકર્ષક રીતે ધર્મ કહી રહ્યા હતા. આ હકીકત જોતાં દૂરથી જ મારા મનમાં વિચાર થયો કે આ તપસ્વી મહારાજ વાત તો બહુ ઊંચા પ્રકારની કરે છે, તેમનું શબ્દગાંભીર્ય પણ ઘણું સારૂં જણાય છે, પણ જેવી ઊંચી શૈલીની તેઓ વાતો કરે છે અને તેનામાં જે ગુણો સ્પષ્ટ દેખાય છે, તે પ્રમાણે તેઓશ્રીનું રૂપ નથી. અસ્તુ, ગમે તેમ હો—આ પ્રમાણે વિચાર કરતો કરતો હું તો ચૈત્યમાં દાખલ થઇ ગયો.

રત્નચૂડનું દેવપૂજન કાર્ય.

"મંદિરમાં દાખલ થઇને મેં તો ભગવાનના બિંબ સાથે મારી નજરને જોડી દીધી. બીજી સર્વ સાંસારિક અને બહારની વાતો વિસરી ગયો. મેં ભગવાનના બિંબ ઉપરથી નિર્માલ્ય (જુના ફૂલ ચંદન આદિ) ઉતાર્યા, બરાબર પ્રમાર્જન કરી કોઇ જીવજંતુ ન રહે તેનો ઉપયોગ કર્યો, પછી ભગવાનના શરીરને જળ વડે પ્રક્ષાલન કરી લુછીને સારી રીતે વિલેપન કર્યું, પૂજા કરી અને ફૂલના સમૂહને પ્રભુના શરીર પર ચઢાવી ચારે બાજુએ પણ પાથર્યા, મંગળદીપક પ્રગટ કર્યો, સુગંધી ધૂપ કર્યો, પછી (ત્રીજી નિસીહી કહીને) સર્વ દેવમંદિર કાર્યનો પણ નિષેધ કર્યો, બેસવાની જગા બરાબર પુંજી,[2] જમીન પર બે ઘુંટણ અને બે હાથના તળીઆં મૂક્યાં,[3] ભગવાનના મુખ ઉપર

---

૧ **નિસીહીઃ**-નૈષેધિકી. દેવપૂજનમાં ત્રણ વખત નિસીહિ કહેવાની છે. પ્રથમ નિસીહીથી સંસારકાર્યનો પ્રતિબંધ થાય છે, બીજાથી મંદિર સંબધી કાર્યનો નિષેધ થાય છે અને ત્રીજાથી દ્રવ્યપૂજા સંબંધી કાર્યનો પ્રતિષેધ થાય છે. (જુઓ દેવવંદન ભાષ્ય ગાથા ૮ મી.)

૨ જીવજંતુ ન રહે તેવી રીતે (મોરપીંછી વડે) પ્રમાર્જન કર્યું.

૩ **પંચાંગ પ્રણામઃ**-ખમાસમણમાં એ ચાર ઉપરાંત લલાટને જમીન પર લગાડવાનો વિધિ છે. (દે. વં. ભા. ગા. ૨૫ મી.)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

બરાબર નજર લગાડી, સુંદર ભાવનાને લઇને શુભ પરિણામ વધવા લાગ્યા, ભક્તિનું અત્યંતપણું હૃદયમાં પ્રગટ થયું, બન્ને આંખોમાં હર્ષનાં આંસુઓ આવી ગયાં, આખા શરીરમાં આનંદના પલકારા એક પછી એક થવા લાગ્યા, રોમાંચ ખડા થઇ ગયા, જાણે આખું શરીર કદંબ પુષ્પ હોય તેમ વિકસ્વર થઇ ગયું, અત્યંત ભક્તિમાં આવી જઇને અર્થ સમજણપૂર્વક ભક્તિમાં લીન થઇ [1]શક્રસ્તવથી પ્રભુસ્તુતિ કરી; પછી પંચાંગ [2]પ્રણામ કર્યા અને જમીન પર હું બેસી ગયો; પછી યોગમુદ્રા[3] ધારણ કરીને સર્વજ્ઞ મહારાજે બતાવેલા શાસનની ઉન્નતિ કરે તેવા સુંદર સ્તોત્રો વડે ભગવાનની સ્તુતિ કરી; સ્તુતિ કરતાં કરતાં ભગવાનના ગુણોથી અંતઃકરણ રંગાઇ ગયું; ત્યાર પછી વળી ફરી વાર પંચાંગ પ્રણામ કર્યા (ખમાસણ દીધું) અને તેજ અવસ્થામાં પ્રમોદમાં વધારો કરનાર [4]આચાર્ય વિગેરેને પણ નમસ્કાર કર્યા; ત્યાર પછી જિનમુદ્રા[5] ધારણ કરીને ઉભો [6]થયો; ત્યાર પછી ચૈત્યવંદન કર્યું; (સ્તવન કહ્યું); તેની આખરે મુક્તાસુક્તિ મુદ્રાએ[7] પ્રણિધાન કર્યું.[8] હવે આટલા

---

૧ **શક્રસ્તવઃ**–નમુથ્થુણં–પ્રભુસ્તુતિનો એ પાઠ છે, ભગવદ્ગુણ વર્ણનની તેમાં મુખ્યતા છે, ભાષા બહુ જ પ્રૌઢ અને ખેંચાણ કરે તેવી છે.

૨ જુઓ નોટ ના. ૩. ઉપર. પૃ. ૧૧૯૧.

૩ **યોગમુદ્રા**–બંને હાથની દશે આંગળીઓને એકાંતરિતપણે અરસપરસ જોડી દેવી અને કમળના ડોડવાનો તેનો આકાર કરવો તેને યોગમુદ્રા કહેવામાં આવે છે. પંચાંગપ્રણામ અને સ્તુતિ કરતી વખતે એ મુદ્રા કરવાનો આદેશ છે. (દે. વં. ભાષ્ય–ગાથા ૧૫ તથા ૧૮.)

૪ અહીં જાવંત કેવિ સાહુ૦ વડે વંદના કરી જણાય છે.

૫ **જિનમુદ્રાઃ**—ઉભા રહીને પગના આગળના બન્ને અંગુઠા વચ્ચે ચાર આંગળનો અંતર અને પાછલી પાનીમાં કાંઇક ઓછો અંતર રાખી કાયોત્સર્ગ કરવો તેને જિનમુદ્રા કહે છે. વાંદણા કાઉસગ્ગ વિગેરે આ જિનમુદ્રાથી થાય છે. (દે. વં. ભાષ્ય–ગા. ૧૬ અને ૧૮.)

૬ આ પ્રસંગે ઊભા થવાનું કારણ જણાતું નથી. એવો વિધિ જાણવામાં નથી.

૭ **મુક્તાસુક્તિમુદ્રાઃ**—બન્ને હાથને પોલા અને સરખા રાખી કપાળ પર મુકવા તેને મુક્તાસુક્તિમુદ્રા કહે છે. જયવિયરાય આ મુદ્રાથી કહેવામાં આવે છે. (દે. વં. ભાષ્ય–ગાથા ૧૭–૧૮.)

૮ આ ત્રણે મુદ્રાઓ ચૈત્યવંદનમાંજ કરવાની છે. અહીં પ્રથમ બે મુદ્રા કરી સ્તુતિ કરી રહ્યા પછી ચૈત્યવંદન કરવાનું બતાવ્યું છે તે કેમ હશે તે વિચારવા યોગ્ય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતમાં[1] મારા પરિવારે ભગવાનને ધરવા માટેનું બળિ ( નૈવેદ્ય ) તૈયાર કર્યું હતું. સ્નાત્ર ભણાવવાની સર્વ સામગ્રી તૈયાર કરી દીધી હતી અને અનેક પ્રકારના વસ્ત્ર અલંકાર ચંદરવા વિગેરે તૈયાર કર્યા હતા. એમ કરીને તેઓએ સ્નાત્ર ભણાવવા માંડ્યું, સંગીત શરૂ કરવામાં આવ્યું, મધુર સ્વરવાળા કાહલા[2] વગાડવામાં આવ્યા, સુઘોષાઘંટને વગાડવો શરૂ કરવામાં આવ્યો, નરઘાં અને ભાણક-(ગોણીયું)ને જોરથી વગાડવામાં આવ્યાં, દિવ્ય દુંદુભિનો અવાજ ચાલુ કરવામાં આવ્યો, મોટા સુમધુર શંખોનો નાદ કરવામાં આવ્યો, સુંદર મોટા નગારાને વગાડવાની શરૂઆત કરવામાં આવી, ઘુઘરી વડે તબલાંને જોરથી વગાડવામાં આવ્યાં, કાંસીઓનો મોટો સુર શરૂ થઇ ગયો-આવી રીતે સર્વ વાજિંત્રોના સાજ સાથે સ્તોત્રનો ( સ્નાત્રનો ) પાઠ શરૂ થયો, એક બાજુએ મંત્રનો જાપ પણ ચાલુ થઇ ગયો, ફૂલનો વરસાદ વરસાવવામાં આવ્યો, સુગંધથી ભમરાઓની હારની હાર ઝણઝણાટ કરવા લાગી, મહા મૂલ્યવાન રસ ઘણી કિંમતી સુગંધી ઔષધિઓ અને મહા પવિત્ર તીર્થના જળ વડે વિધિપૂર્વક જગતના સર્વ જીવોના બંધુ ભગવાનના બિંબનો અભિષેક અત્યંત આનંદપૂર્વક કરવામાં આવ્યો. ત્યાર પછી શાંતિપૂર્વક ચૂતમંજરીએ અભિષેક [3]કર્યા, એની સાથે બીજી સખીઓ આવી હતી તેમણે પણ અત્યંત આનંદપૂર્વક સર્વ ઉચિત ક્રિયાઓ કરી અને ગાનપૂજનમાં હર્ષથી ભાગ લીધો, મહા દાન દીધાં અને ટુંકામાં સર્વ ઉચિત ક્રિયાઓ અને કરણીઓ કરવામાં આવી.

રત્નચૂડનું ગુરૂદર્શન.

"આવી રીતે અત્યંત આનંદપૂર્વક ભગવાનના બિંબનો અભિષેક અને પૂજન કરીને હું સાધુઓને વંદન કરવા માટે ત્યાંથી બહાર નીકળ્યો. તે વખતે તેજ મહાત્મા આચાર્ય ( જેમને મેં દેરાસરમાં જતી વખતે ઉપદેશ

---

૧ એમ જણાય છે કે અત્યાર સુધી તો રત્નચૂડે દર્શન જ કર્યા, પછી નાહીને સ્નાત્રપૂજાની શરૂઆત કરી. અથવા ભાવપૂજા કર્યા પછી સ્નાત્ર જે દ્રવ્યપૂજાનો વિષય છે તે કરવામાં વાંધો ન હોવો જોઇએ એ વિચારવાયોગ્ય છે. આ સંબંધી બે ખુલાસા વિદ્વાનો તરફથી મળ્યા છે: પ્રથમ સામાન્ય દર્શન અને પછી વિશેષ મોટી પૂજા કરી; અથવા પોતે ભાવ પૂજા કરી અને સ્નાત્ર તેના પરિવારે ભણાવ્યું. ભાવ પૂજા પછી દ્રવ્ય પૂજાનો નિષેધ નથી એવો એક વિદ્વાનનો અભિપ્રાય છે.

૨ કાહલાઃ—મોટા ઢોલ ( લશ્કરી. )

૩ સ્નાત્રપૂજાદિક પ્રથમ શ્રાવકો વૃદ્ધ લઘુના અનુક્રમ પ્રમાણે કરે અને ત્યાર પછી શ્રાવિકાઓ કરે. જુઓ ધર્મસંગ્રહ પ્રથમ વિભાગ, પત્ર ૧૩૯. स्नात्रपूजादिकं पूर्वं श्रावकैर्वृद्धलघुव्यवस्थया ततः श्राविकाभिः कार्यं ।

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેતા જોયા હતા તેઓશ્રી) કમળના આસન ઉપર સર્વ સાધુઓની વચ્ચે બેઠા હતા, મહાતપસ્વી દેખાતા હતા અને હું અંદર દાખલ થયો તે વખતે જેમ ધર્મનો ઉપદેશ આપતા હતા તેવી જ રીતે અત્યારે પણ ચાલુ ઉપદેશ મધુર વાણીથી આપી રહ્યા હતા, પરંતુ અત્યારે તેઓશ્રીનું રૂપ એવું સુંદર લાગતું હતું કે તેની ઉપમા બીજી કોઇ વસ્તુ સાથે આપી શકાય નહિ; જાણે રતિ વગરનો કામદેવ હોય તેવા રૂપવાન્ તેઓશ્રી દેખાતા હતા, અથવા તો જાણે રોહિણી ( ચંદ્રની પત્ની ) વગરનો શાંત ચંદ્રમા હોય તેવી પ્રભા ચોતરફ ફેલાવતા હતા, અથવા જાણે શચી ( ઇંદ્રાણી ) વગરનો ઇંદ્ર હોય તેવો તેમનો વૈભવ દેખાતો હતો, તપાવેલા સુવર્ણ સમાન તેજસ્વી પોતાના દેહની કાંતિથી તેઓ પોતાની ચોતરફ રહેલ મુનિમંડળને પણ પીળા કંચનમય બનાવી રહ્યા હતા, તેઓશ્રીનાં પગનાં તળીઆં કાચબાની પેઠે ઊંચાં આવી રહેલાં હતાં, તેઓની શીરાઓ તદ્દન ગુઢ અને છુપાઇ ગયેલી હતી, તેઓશ્રીનાં શરીર પર સુંદર લાંછન ( ચિહ્ન ) દેખાઇ આવતાં હતાં, તેઓશ્રીના નખો કાચ જેવા ઝગમગ થતા હતા, તેઓશ્રીના બન્ને પગોની આંગળીઓ પાસે પાસે રહેલી હતી, સુંદર હાથીની સુંઢ જેવાં તેઓશ્રીનાં બન્ને જંઘા અને સાથળો હતાં, કઠીન, પુષ્ટ, સુંદર ગોળાકાર અને વિસ્તારવાળી, સિંહના બચ્ચાંની લીલાની નકલ કરે તેવી તેમની કેડ હતી, તેમનો પેટનો ભાગ તોડેલા મોગરાના ફૂલ જેવો લાગતો હતો, છાતીનો ભાગ ઘણો વિશાળ જણાતો હતો, બન્ને હાથો ઘણાં લાંબા હતા, મદમસ્ત મોટા હાથીનાં કુંભસ્થળને પણ તોડી નાખે એવી સમર્થ તેમની હથેળીઓ જણાતી હતી, કંઠ પર ત્રણ વળીઓ ઘણી સુંદર જણાતી હતી, મુખ ચંદ્ર અથવા કમળની શોભાને પણ હસી કાઢે તેવું હતું, નાકની ડાંડી ઊંચી અને બરાબર ઘાટસર હતી, બન્ને કાનો સારી રીતે ચોંટેલા માંસળ ( માંસથી ભરેલા ) અને લાંબા દેખાતા હતા, બન્ને આંખો કમળપત્રની શોભાથી પણ અધિક શોભી રહી હતી, દાંતની હાર અંદર અંદર સારી રીતે મળેલી અને એકસરખી હતી અને તેની બહાર સ્ફુરણાયમાન થતાં કિરણોથી લાલ દેખાતા હોઠો સુંદર હોઇ શોભી રહ્યા હતા, તેમનું મસ્તક સુંદર અષ્ટમીના ચંદ્રસમાન લલાટથી સુશોભિત અને [1]નીચેના અવયવો ઉપર ચૂડામણિની શોભાને ધારણ કરતું હતું–એવા સુંદર શરીર સાથે એ જ મુનિ

---

૧ મતલબ નીચેનો શરીરભાગ જેવો નમણો હતો તેવો જ ઉપરનો હતો–આખું શરીર ઘણું નમણું સુંદર રૂપાળું હતું એ આશય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાજ ધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા. તેઓનું શરીર એટલું બધું શોભતું હતું કે તેને કોઇ પણ પ્રકારની ઉપમા આપી શકાય તેમ ન હોતું.

સાધુ પુરૂષોની મહા યોગલબ્ધિ.

"હું મંદિરમાં દાખલ થયો તે વખતે મેં સૂરિમહારાજનો ધર્મ-ઉપદેશ જરા સાંભળ્યો હતો તેથી તેમના સ્વરનો મને પરિચય થઇ ગયો હતો તેથી એ સ્વરપરથી મને એમ જ લાગ્યું કે હું મંદિરમાં દાખલ થયો ત્યારે જે સ્વર મેં સાંભળ્યો હતો તે જ આ સ્વર છે! તુરત જ મારા મનમાં વિચાર આવ્યો કે અહો! આ તો હું મંદિરમાં ગયો ત્યારે જે મુનિ ઉપદેશ આપતા હતા તે જ જણાય છે! ત્યારે અત્યારે એ મહાત્માનું આવું અત્યંત સુંદર રૂપ કેવી રીતે થઇ ગયું હશે! અથવા તો એમાં નવાઇ જેવું શું છે? મને અગાઉ મારા ધર્મગુરૂ સિદ્ધપુત્ર ચંદને જણાવ્યું હતું કે આવા મહાત્મા સાધુઓને તો અનેક પ્રકારની લબ્ધિઓ હોય છે; એ લબ્ધિને લઇને તેઓ પોતાની ઇચ્છાપ્રમાણે અનેક પ્રકારનાં રૂપો [1]ધારણ કરી શકે છે અને તેમાં જોત જોતામાં ફેરફાર કરી શકે છે:[2] તેથી તેઓ[3] પરમાણુ જેવા તદ્દન સૂક્ષ્મ (નાના) થઇ શકે છે, મરજી આવે તો પર્વત જેટલા મોટા (ગુરૂ) થઇ શકે છે, ધારે તો આકડાનાં પુમડાં જેટલા હલકા થઇ શકે છે, કારણ પડે તો ઇંદ્ર જાણે તેમનો નોકર હોય તેમ તેના ઉપર હુકમ કરે છે, મરજી પડે તો

---

૧ આને **આપ્તિશક્તિ સિદ્ધિ** કહેવામાં આવેછે. જુઓ નીચે નોટ નં. ૩ પેટાવિભાગ નં. ૮. એ વૈક્રિયલબ્ધિથી તદ્દન જૂદી છે.

૨ જૈન સાધુઓને લબ્ધિનો ઉપયોગ ધર્મનિમિત્ત વગર કરવાની મનાઇ છે. ખાસ લાભનું કારણ વિચારીને જ તેનો ઉપયોગ કરાય છે, પણ તે અંગત ઉપભોગ કે આનંદ માટે તો નહિ જ. અહીં લબ્ધિના ઉપયોગનો પ્રસંગ આગળ જણાશે. જુઓ પૃ. ૧૧૯૭. તથા આગામી પ્રકરણ ૧૧-૧૨.

૩ અહીંથી સિદ્ધિઓનાં નામો આવે છે તે નીચે પ્રમાણેઃ—

૧. પરમાણું જેવા તદ્દન સૂક્ષ્મ થાય તે **અણિમા સિદ્ધિ**.

૨. પર્વત જેટલા ગુરૂ થઇ શકે તે **ગરિમા સિદ્ધિ**.

૩. આકડાનાં પાન જેવા તોલમાં હલકા થઇ શકે તે **લઘિમા સિદ્ધિ**.

૪. તોલમાં ઘણા ભારે થઇ શકે તે **મહિમા સિદ્ધિ**.

૫. સર્વ ઉપર સામ્રાજ્ય સ્થાપન કરી શકે તે **ઇશિત્વ સિદ્ધિ**.

૬. સર્વ તેમને વશ થઇ જાય તે **વશિત્વ સિદ્ધિ**.

૭. પાણી પેઠે જમીનમાં ડૂબકી મારે તે **પ્રાકામ્ય સિદ્ધિ**.

૮. શરીરનાં અનેક પ્રકારનાં રૂપો કરે તે **આપ્તિ શક્તિ સિદ્ધિ**. વિગત માટે જુઓ આદીશ્વર ચરિત્ર સર્ગ ૧. ૮૫૨-૮૫૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કઠણમાં કઠણ પથ્થરની મોટી શિલા તળે ડૂબકી મારે છે, ઇચ્છા થાય તો એક ઘડામાંથી સેંકડો હજારો ઘડાઓ કરે છે, જરૂર પડે તો એક કપડામાંથી સેંકડો હજારો કપડાંઓ દેખાડી શકે છે, તેઓ માત્ર એક કાને જ સાંભળે છે એમ નહિ પણ શરીરનાં કોઇ પણ અંગ કે ઉપાંગેથી સાંભળી શકે છે, [1]સર્વ રોગોને માત્ર એક હાથ કે આંગળી અડાડવાથી દૂર કરી શકે છે, [2]આકાશમાં પવનની પેઠે જાય આવે છે,[3] વિગેરે અનેક આશ્ચર્યો કરી શકે છે. એ મહાત્મા સાધુઓને માટે કોઇ પણ ચીજ ન થઇ શકે તેવી નથી ( અશકય નથી ). જો એમને લબ્ધિ થઇ હોય તો તેઓ એવી એવી સર્વ બાબતો કરવાને શક્તિમાન્ થાય છે. આ મુનિ મહારાજને મેં પ્રથમ જોયા ત્યારે તે ઘણા કદરૂપા બેડોળ આકૃતિહીન લાગતા હતા અને અત્યારે ઘણા રૂપાળા, નમણા અને સુંદર આકૃતિયુક્ત લાગે છે તે પરથી જણાય છે કે જરૂર એમની પાસે એવી લબ્ધિઓ હોવી જોઇએ અને આ રૂપ કુરૂપનો અતિશય મારા જોવામાં આવ્યો તે તે લબ્ધિઓનું પરિણામ હોવું જોઇએ.

ધર્મદેશનાંતે ગુરૂપરિચય.

“ઉપર પ્રમાણે વિચાર કરતા કરતા મેં ભગવાન્ આચાર્ય મહારાજને વાંધા, ત્યાર પછી બીજા મુનિઓને વાંધા, તેઓએ પણ સ્વર્ગ અને મોક્ષનો રસ્તો બતાવનાર અને મોક્ષ અપાવનાર ‘ધર્મલાભ’ રૂપ [4]આશીર્વાદ મને આપ્યો જેથી મને અતિ આનંદ થયો. હું શુદ્ધ જમીન ઉપર બેસી ગયો અને એ ભગવાનની અમૃત જેવી ધર્મદેશના સાંભળી. એ દેશના[5] ભવ્ય પ્રાણીઓનાં મનને આકર્ષણ કરનારી હતી, વિષયની અભિલાષાઓને મહા વિક્ષેપ કરનારી હતી, મોક્ષનું સુખ પ્રાપ્ત કરવાનો અભિલાષ ઉત્પન્ન કરે તેવી હતી, આ સંસારના પ્રપંચ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવી હતી અને ખરાબ માર્ગનો અટકાવ કરનારી હતી. તે ભગવાનની એવી અદ્ભુત સુંદર દેશના સાંભ ભગવાનના ઉત્તમ ગુણોથી હું તો રાજી રાજી થઇ ગયો. પછી નજીકમા

---

૧ આવી રીતે આખા શરીરથી પાંચે ઇંદ્રિયોનો બોધ થઈ શકે છે તે **સંભિન્ન શ્રોત લબ્ધિ** છે.

૨ આ **આમર્ષૌષધિ લબ્ધિ છે.**

૩ આ **ચારણ લબ્ધિ** છે.

૪ જૈન સાધુને કોઈ નમસ્કાર કરે **તો** તેના બદલામાં તેઓ **ધર્મલાભ** એ શબ્દ બોલે છે—તમને ધર્મનો લાભ થાઓ એવી આશિષ્ આપે છે.

૫ **ધર્મકથાના** ચાર પ્રકાર છે તે અનુક્રમે વર્ણવ્યા જણાય છેઃ **૧** આક્ષેપિણી, **૨ વિક્ષેપિણી, ૩** સંવેજની, **૪ નિર્વેદની.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેઠેલા એક શાંતમુર્ત્તિ મુનિમહાશયને મેં પૂછયું કે 'આ ભગવાન્ કોણ છે? તેઓશ્રીનું નામ શું છે? અને તેઓ કયાંના છે?' મારા એ સવાલના જવાબમાં મને મુનિએ જણાવ્યું કે 'એ મહાત્મા અમારા ગુરૂ મહારાજ છે, તેઓશ્રીનું નામ બુધ આચાર્ય છે, તે ધરાતળ નગરના રહેવાસી હતા, એ નગરના રાજા શુભવિપાક નામે છે તેમના અને રાણી નિજસાધુતાના તેઓ પુત્ર થાય છે. રાજ્યને તરણા તોલે ગણીને તેઓએ તેને તજી દીધું છે, ઘરની બહાર નીકળી પડ્યા છે, અને હાલ તેઓ અસ્ખલિત વિહાર કરે છે અને જૂદી જૂદી જગ્યોએ વિચરે છે.'[1]

ધર્મસ્થિરતા. પરોપકાર.

"ભાઇ વિમળ! એ મુનિમહારાજે બુધઆચાર્યસંબંધી આટલી હકીકત કહી તે સાંભળીને, તેઓના અતિશયનો મહિમા નજરે જોઇને, તેઓશ્રીનું અદ્ભુત સુંદર રૂપ જોઇને અને ધર્મદેશના દેવાની તેમની કુશળતા અનુભવીને મેં મારા હૃદયમાં વિચાર કર્યો કે—અહો! આજે આદિનાથ ભગવાનનાં દર્શન તો ખરેખર [2]રત્નાકર (સમુદ્ર)નાં દર્શનજેવાં થઇ ગયાં! કારણ કે અહીં તો આવાં આવાં પુરૂષરત્નો પણ મળી આવે છે તેથી ભગવાનનાં દર્શન રત્નની ખાણ છે. તે વખતે તેવી વિચારણાને પરિણામે હું ભગવાનના મતમાં મેરૂપર્વતના જેવો અડગ થઇ ગયો. મારો આખો પરિવાર પણ એ મહાત્મા સૂરિનાં દર્શનથી જૈન ધર્મમાં સ્થિર થઇ ગયો. ત્યાર પછી ભગવાનને ફરી વારંવાર વંદન કરીને હું મારા સ્થાને પાછો ગયો અને ભગવાન્ સૂરિ મહારાજા પણ ત્યાંથી વિહાર કરી ગયા. આ હકીકત ગઇ આઠમે બની હતી. ભાઇ વિમળ! તેટલા માટે હું કહું છું કે જો તે મહાત્મા બુધ આચાર્ય અહીં આવી ચઢે તો તે તારા પરિવારને અને બંધુઓને જરૂર બોધ આપે. એ મહાત્મા આચાર્યને પારકા ઉપર ઉપકાર કરવાનું એક મોટું વ્યસન (ટેવ) છે, અને તે કારણને લઇને તેઓશ્રીએ તે દિવસે મારા ઉપર ઉપકાર કરવા અને મારા આખા પરિવારને ધર્મમાં સ્થિર કરવા બે વખત જૂદું જૂદું વૈક્રિય રૂપ (ઇચ્છા રૂપ) લીધું હતું."

વિમળ—"ત્યારે એ મહાત્મા અહીં પધારે એવી પ્રાર્થના તું તેઓશ્રીને ગમે તેમ કરીને કરજે."

---

૧ બુધ આચાર્ય પોતાની કથા આગળ વિસ્તારથી કહેશે. જુઓ સ્હાબળ પ્રકરણ ૧૭-૨૦. (ચાલુ પ્રસ્તાવ.)

૨ રત્નાકર: રત્નની ખાણ. દરિયો રત્નની ખાણ કહેવાયછે



JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નચૂડ—"જેવી કુમારની આજ્ઞા! હાલ તો મારા વિયોગથી મારા પિતા મુંઝાતા હશે અને મારી માતા તો ઘેલી થઇ ગઇ હશે, માટે તેઓનાં મનને શાંતિ આપવા માટે મારે તેમની પાસે થોડો વખત જવાની જરૂર છે, ત્યાર પછી તારા હુકમ પ્રમાણે સર્વ વ્યવસ્થા કરીશ. આ બાબતમાં તારે જરા પણ શંકા રાખવી નહિ કે મનમાં સંકલ્પવિકલ્પ કરવા નહિ."

**સંસારમાં સાર: સજ્જન મેળાપ.**
**સજ્જનથી છૂટા પડતાં થતો ખેદ.**
**ત્રણેનો પ્રેમ, આભાર, સૌજન્ય.**

વિમળ—"બંધુ રત્નચૂડ! ત્યારે શું તારે જવું જ છે?"

રત્નચૂડ—"ભાઇ વિમળ! તારી સોબતરૂપ અમૃતના ચૂર્ણનો એક વાર સ્વાદ લીધા પછી હવે મારે અહીંથી જવું છે એમ કહેતાં મારી જીભ ઉપડતી નથી. કારણ કે જડ હોય છે તેના ઉપર પણ **જો સજ્જનની નજર પડે તો તે સંતોષથી ભરપૂર થઇ જાય છે:** દાખલા તરીકે ચંદ્રમાનો ઉદય થાય છે એટલે કુમુદ (કમળની જાત) જડ છતાં પણ ચંદ્રદર્શનથી વિકસ્વર થઇ જાય છે. તે જડ પ્રાણીને પણ ક્ષણવારમાં સજ્જન ઉપર એટલી પ્રીતિ બંધાઇ જાય છે કે જીવતાં તેને છોડીને તે બીજી કોઇ જગ્યાએ જતો નથી. વળી **અનેક પ્રકારનાં અનંત દુઃખોથી ભરપૂર આ સંસારમાં જો અમૃત જેવું કાંઇ પણ હોય તો તે સજ્જન સાથે ચિત્તનો મેળાપ જ છે એમ સમજવું.** જો આ દુનિયામાં વિરહરૂપ મોઘર ન હોત તો સજ્જનસંગ જેવી અમૂલ્ય બાબતના બરાબર બે કટકા કરનાર બીજી કોઇ વસ્તુ હોઇ જ ન શકત. જે પ્રાણી સજ્જન પુરૂષને એક વખત મેળવીને છોડી દે છે તે મૂર્ખ ચિંતામણિરત્ન અમૃત અથવા તો કલ્પવૃક્ષને મેળવીને તેનો સમજણ વગર ત્યાગ કરે છે એમ સમજવું. હે કુમાર! તારા વિરહના મહા ત્રાસથી મારે તારી પાસેથી જવું છે એમ બોલતાં જીભ તાળવે લાગે છે. અહીંથી જવું છે એવો શબ્દ તારી આગળ હું કોઇ રીતે બોલી શકતો નથી. અરે! તારી પાસે એ શબ્દ બોલવો એ તો ખરેખર મને વજ્રના અગ્નિ જેવો આકરો લાગે છે, ઘણો કઠોર લાગે છે, અરે! એ શબ્દ મારા મુખમાંથી નીકળી પણ શકતો નથી, છતાં મારા માતાપિતાને અત્યારે મારે માટે ઘણી ચિંતાનું કારણ થઇ પડેલ હોવું જ જોઇએ, તેથી તેમની ખાતર અને તેમને નિરાંત વાળવા ખાતર મારે અત્યંત લાચારીએ તને કહેવું પડે છે કે મારે હવે અહીંથી તેમની પાસે જવું પડશે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિમળ**—" ભાઇ રત્નચૂડ! જો એમ છે તો તું હાલ ખુશીથી સીધાવ. માત્ર મેં જે વાત તને કહી છે તે ભૂલી ન જતો. ગમે તેમ કરીને મહાત્મા બુધસૂરિને અહીં એક વખત લઇ આવજે."

રત્નચૂડ—" ભાઇ! તારે એ બાબતમાં સંકલ્પવિકલ્પ કરવાનો છે જ નહિ."

તે વખતે તુરતમાં જ સજ્જનદર્શનનો વિયોગ થવાનો હતો તે હકીકતે ચૂતમંજરીનાં નિર્મળ હૃદયપર પણ બહુ જ અસર કરી, તેની આંખોમાં આંસુ આવી ગયાં અને તૂટતે અવાજે તે બોલી "કુમાર! તું મારો સહોદર છે! ભાઇ છે! હે નરોત્તમ! તું મારો દેવર છે! ખરેખર! તું મારૂં શરીર છે! જીવતર છે! મારો નાથ છે[1]! જો ભાઇ! મારામાં તો કોઇ ગુણ નથી, પણ મને જરા યાદ કરજે, ભૂલીશ નહિ! તારા જેવાની સ્મૃતિમાં-યાદગીરીમાં જે આવે તે પણ મોટા ભાગ્યશાળી ગણાય."

**વિમળ**—" આર્યે! જો મારા ગુરૂ કે ગુરૂપત્નીને હું યાદદાસ્તમાં પણ ન લાવું તો પછી મારો ધર્મ ક્યાં રહ્યો અને સજ્જનતા કે મોટાઇ પણ ક્યાં રહ્યા!"

આ પ્રમાણે વાતચીત કરતાં કરતાં ચૂતમંજરી અને રત્નચૂડ કાંઇક મારી[2] સાથે પણ બોલતાં ત્યાંથી વિદાય થયા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ **નાથ** એટલે યોગક્ષેમ કરનાર. 'યોગ' એટલે અપ્રાપ્તની પ્રાપ્તિ અને 'ક્ષેમ' એટલે પ્રાપ્તનું રક્ષણ. આ અર્થમાં 'નાથ' શબ્દ વપરાયો છે. બીજો કોઇ આશય અત્ર નથી.

૨ આ વાર્તા વિમળકુમારનો મિત્ર વામદેવના રૂપમાં તે વખતે **સંસારીજીવ** હતો તે કહે છે એ લક્ષ્યમાં રાખવું. પહેલો પુરૂષ તેણે પોતાને માટે વાપર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૮ મું.

## દૌર્જન્ય અને સૌજન્ય.

વામદેવ પોતાની વાર્તા આગળ ચલાવતાં અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સંસારીજીવ તરીકે કહે છે કે-અહો અગૃહીતસંકેતા ! આવી ઘણી ઊંચા પ્રકારની વાતો વિમળકુમાર અને રત્નચૂડ વચ્ચે થઇ, દેવી ચૂતમંજરીએ ઘણો ધર્મસ્નેહ બતાવ્યો, અરસ્પરસ આભાર અને નિઃસ્પૃહતા દેખાડ્યાં, પણ મારૂં તો તેમાંની કોઇ પણ બાબત ઉપર ધ્યાન રહ્યું જ નહિ. વિમળ અને રત્નચૂડે ધર્મસંબંધી આટઆટલી વાતો કરી, પણ ભારેકર્મીપણાને લઇને તથા મારામાં દૂરભવીપણું ( ઘણો કાળ સંસારમાં ફરવાપણું ) હોવાને લીધે જાણે હું તો દારૂ પીધેલ હોઉં, ઉંઘી ગયેલો હોઉં, વિક્ષિપ્ત ચિત્તવાળો હોઉં, મૂર્છા પામી ગયેલો હોઉં, ગેરહાજર હોઉં, મરણ પામેલો હોઉં, તેમ મારાં હૃદયમાં ધર્મનું એક પણ વચન ઉતર્યું નહિ અને મારૂં ચિત્ત જાણે વજ્ર જેવા સખ્ત પથ્થરના કટકાનું બનાવેલું હોય તેમ તેની ઉપર જિનવચનરૂપ અમૃતનું સીંચન કરવામાં આવ્યું તો પણ તે જરાએ પોચું પડ્યું નહિ, ભીનું થયું નહિ, નરમ પડ્યું નહિ અને દ્રવન પામ્યું નહિ. ત્યાર પછી તે ભગવાનની વિશેષ સ્તુતિ કરીને હું અને **વિમળકુમાર** જિનમંદિરમાંથી બહાર નીકળ્યા.

ભારેકર્મીના કેફનો છાક.

### રત્નનો ભૂમિમાં નિપાત.

મંદિરમાંથી બહાર નીકળ્યા પછી **વિમળકુમારે** મને કહ્યું “ ભાઇ વામદેવ ! આ રત્ન જ્યારે રત્નચૂડે મને આપ્યું હતું ત્યારે તે બોલ્યો હતો કે એ ઘણું કિંમતી છે અને તેમાં મોટો પ્રભાવ રહેલો છે. તો કોઇ મહાન્ લાભકારક પ્રસંગ આવી પડશે તો તેનો ઉપયોગ કરી શકાશે; બાકી મને તો એવા રત્નમાં કાંઇ ખાસ આસ્થા નથી અને તે તરફ

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારું કાંઇ ખાસ ખેંચાણ પણ નથી. આથી તે ખાસ ઇચ્છાવિના લીધેલ હોવાથી કદાચ તે જ્યાં ત્યાં ખોવાઇ જશે; માટે અહીં જ કોઇ સ્થાને મૂકીને આપણે જઇએ[1]. કાંઇ ખપ પડશે તો જોઇ લેશું." મેં જવાબમાં કહ્યું કે "જેવી કુમારની ઇચ્છા!" આટલું બોલતાંની સાથે જ વિમળે પોતાનાં વસ્ત્રના છેડા સાથે બાંધેલું તે રત્ન મને સોંપી દીધું. મેં જમીનના એક ભાગમાં તે રત્નને ગોપવીને મૂકી દીધું અને પછી તે ભાગ ઉપર બરાબર માટી નાખી ન ઓળખાય તેવો તે પ્રદેશ કરી દીધો. રત્નને એવી રીતે જમીનમાં મૂકીને અમે બન્ને નગર તરફ પાછા ફર્યા, નગરમાં દાખલ થયા. ત્યાર પછી હું મારે ઘરે ગયો અને કુમાર રાજમંદિરે ગયો.

**સ્તેયની ભયંકર અસર.**
**દુર્જનના ઘાતક વિચારો.**
**ચોરને પોટલે ધૂળની ધૂળ.**
**અધમતાનાં આકરાં પરિણામો.**

**દૌર્જન્ય.**

દૌર્જન્ય.

ઘરે ગયા પછી મારા શરીરમાં **સ્તેય** (ચોરી) અને માયાએ પ્રવેશ કર્યો તેની અસરતળે મેં (વામદેવે) વિચાર કરવા માંડ્યો-જ્યારે રત્નચૂડે એ રત્ન વિમળકુમારને આપ્યું તે વખતે તેણે જણાવ્યું હતું કે એનાથી સર્વ કાર્યો સિદ્ધ થઇ શકે તેમ છે અને ગુણમાં તે ચિંતામણિ રત્નની સરખામણી કરે તેવું છે. અરે! આવા મહા મૂલ્યવાન્ રત્નને તે કોઇ મૂકી દે! આવી વસ્તુ કાંઇ વારંવાર પ્રાપ્ત થતી નથી, માટે બીજી ખટપટ કે ચિંતા મૂકી દઇને એ રત્નને ઉપાડી લાવું.

ચોરી.

આવા અધમ વિચારને પરિણામે મેં (વામદેવે) તદ્દન નીચપણું આદર્યું, **વિમળનો** સ્નેહ વિસારી દીધો, **વિમળે** મારા તરફ કેટલો સદ્ભાવ દર્શાવ્યો હતો તે ભૂલી ગયો, ભવિષ્યમાં મારાં કૃત્યનું પરિણામ શું આવશે તેનો વિચાર પણ ન કર્યો, મહા પાપ થાય છે તેની ચિંતવના પણ ન કરી, કાર્યાકાર્યની તુલના વીસારી મૂકી અને માત્ર

---

૧ **વિમળકુમારની** નિઃસ્પૃહતા કેટલી વિશાળ! એને રત્ન ઉપર પ્રેમ જ નહોતો, કારણ કે એનાં ભાવના અને સાધ્ય તદ્દન જૂદાં જ હતાં. વ્યવહારૂ માણસને એ હસવા જેવું લાગે, પણ વિશુદ્ધતર જીવનનાં લક્ષ્યો તદ્દન જૂદાં જ હોય છે. આની સાથે **વામદેવની** નીચ વિચારધારા સરખાવવાયોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્તેય અને માયાને વશ થઇને જે પ્રદેશમાં રત્નને જમીનમાં નિશાની રાખી દાટ્યું હતું ત્યાં હું ગયો અને ત્યાં પહોંચતાંની સાથે જ જમીન ખોદીને રત્નને જમીન બહાર કાઢ્યું અને ત્યાંથી દૂર બીજી જગ્યાએ જમીનમાં દાટી દીધું. વળી તે વખતે મારા મનમાં તર્કવિતર્ક થવા માંડ્યા—કદાચ વિમળકુમાર હમણા જ અહીં આવી લાગશે અને જો તે આ પ્રદેશને ખાલી દેખશે ( જમીન ખોદતાં અહીંથી તેને રત્ન નહિ મળે ) તો તે એમ જ ધારશે કે વામદેવે (મેં) એ રત્ન ઉપાડી લીધું; માટે જો આ જ કપડા સાથે વીંટાળીને આ જ પ્રદેશમાં એ રત્ન જેવડો પથ્થરનો કકડો દાટવામાં આવે તો પછી ફરીવાર તે કાઢીને વિમળકુમાર જુએ અને તેને માલૂમ પડે કે એ તો પથ્થર છે ત્યારે તે વિચારશે કે—અહો એવું સુંદર મહા મૂલ્યવાન્ પ્રભાવશાળી રત્ન હતું, પણ પોતે એટલો પુણ્યશાળી ન હોવાને લીધે એ રત્ન બદલાઇને પથ્થર થઇ ગયો.— આ પ્રમાણે વિચાર કરીને રત્નના જેવડો જ એક પથ્થર લઇને તે કપડા સાથે વીંટાળ્યો અને જ્યાં પ્રથમ રત્ન દાટ્યું હતું ત્યાં તે જ સ્થાને અસલ કપડામાં વીંટીને પથ્થરને મૂકી દીધો. આ પ્રમાણે સર્વ ગોઠવણ કરીને હું ઘેર આવ્યો.

વિકલ્પો.

તે દિવસ તો પસાર થઇ ગયો. આખરે રાત્રી પડી. હું પલંગમાં પડ્યો. [1]પડ્યા પડ્યા મને ચિંતા થઇ કે—અરે પેલા રત્નને હું ઘેર ન લઇ આવ્યો એ તો ઘણું ખોટું કર્યું. મને લાગે છે કે એ કાર્ય કરતાં મને જરૂર કોઇએ જોયો હોવો જોઇએ અને તે ઠેકાણેથી જરૂર તે માણસ રત્નને ઉપાડી જશે. ત્યારે હવે મારે શું કરવું? આ તો અંધારી રાત છે! અત્યારે શું થાય? કેમ કરૂં?—આવી રીતે સાચા ખોટા તર્કવિતર્ક કરવાથી મન એટલું ચકડોળે ચઢી ગયું કે તેના સંતાપમાં આખી રાત જરા પણ ઉંઘ ન આવી. પલંગમાં આ બાજુથી તે બાજુ અને તે બાજુથી આ બાજુએ અફળાતાં પછડાતાં આખી રાત પસાર થઇ. સવારે તો ઉઠતાંની સાથે જ બેઠા થઇને જે સ્થાનકે રત્ન છુપાવ્યું હતું ત્યાં જંગલમાં હું ગયો.

લુચ્ચાઇ.

હવે વાત એમ બની કે તે જ વખતે વિમળકુમાર મારે ઘરે આવ્યો અને મારી તપાસ કરતાં તેણે મને ઘરે દીઠો નહિ. તેણે મારા ઘરના માણસો તથા નોકરચાકરને પૂછ્યું કે 'વામદેવ ક્યાં ગયો છે? હું

---

1 Conscience નો અવાજ અને સ્વાર્થના સામા મનસ્તાપો વિચારવાયોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્યાં ગયો હતો તેની તેઓને ચોક્કસ ખબર તો નહોતી પણ ક્રીડાનંદન ઉદ્યાન તરફ જતો જોવામાં આવ્યો હતો એમ તેઓએ જણાવ્યું. વિમળકુમાર પણ મારા પરના સ્નેહથી મારી પછવાડે પછવાડે જે રસ્તે હું ગયો હતો તે જ રસ્તે આવ્યો. દૂરથી એને આવતો મેં જોયો. એને જોતાં જ મારા મનમાં ધ્રાસકો પડ્યો અને ગભરાટમાં રત્નને જે નવા પ્રદેશમાં છુપાવ્યું હતું તે વાત હું ભૂલી ગયો. એને બદલે પાષાણને જમીનમાં દાટ્યા હતો તે ખોદી કાઢ્યો અને એમને એમ મારા કપડામાં વીંટાળી લઇને કેડે ચડાવી દીધો અને પાછી તે જમીન ન ઓળખાય તેવી કરી દીધી. એ પ્રમાણે કરીને હું ઉદ્યાનના બીજા ભાગમાં ચાલ્યો ગયો. પછી ત્યાં વિમળ આવી પહોંચ્યો. એણે જોયું કે બીકથી મારી આંખો ચકળવકળ થતી હતી. તેણે કહ્યું "મિત્ર વામદેવ! તું એકલો અહીં કેમ આવ્યો છે? અને અરે! તને કેમ બીક લાગે છે?" મેં જવાબમાં કહ્યું "અરે ભાઇ! [1]સવારમાં હું ઉઠ્યો ત્યાં તો મને સમાચાર મળ્યા કે તમે પોતે અહીં (ઉદ્યાનમાં) આવ્યા છો તેથી તમારી ખાતર હું પણ અહીં આવ્યો. અહીં આવીને મેં તો તમારી ઘણી તપાસ કરી પણ તમને ક્યાંઇ જોયા નહિ; એટલે વળી મારા મનમાં ત્રાસ થયો કે તમે ક્યાં ગયા હશો? આ ત્રાસથી મારી આંખોમાં ભય જણાતો હતો. હવે તમને જોયા એટલે બરાબર સ્વસ્થ થઇ જઇશ. મારા જીવને હવે નિરાંત વળી ગઇ છે." વિમળે મારો આવો જવાબ સાંભળીને કહ્યું કે "જો એમ છે તો તો બહુ સારૂં થયું કે આપણે અહીં જ મળી ગયા. ચાલો, ત્યારે હવે આપણે ભગવાનને મંદિરે જઇ દર્શન કરી આવીએ."

*પણ નસીબ!*

આ પ્રમાણે વાત થતાં જવાબમાં મેં હા કહી એટલે અમે બન્ને મંદિર તરફ ચાલ્યા અને ત્યાં પહોંચ્યા. વિમળ દેવમંદિરમાં દાખલ થયો; હું બ્હાનું કાઢી દરવાજા પર ઊભો રહ્યો. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ વિમળકુમાર બધું બરોબર જાણી ગયો છે, માટે ચાલ જીવ! અહીંથીજ પલાયન કરી જઉં, નહિ તો જરૂર એ મારા રત્નને ખુંચવી લઇ જશે; અને હું આ નગરમાં રહીશ ત્યાં સુધી એ કુમારથી મારો કદિ છૂટકારો થવાનો નથી, માટે હાલ તો આ દેશ બહારજ નાસી જઉં. આ પ્રમાણે વિચાર કરીને હું તો વેગથી નાઠો.

---

૧ અહીં માયાપ્રપંચ પણ શરૂ થઇ ગયો. એક પાપ પછવાડે કેટલાં બીજાં પાપો કરવાં પડે છે તે જોવા જેવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારે ઘેર પણ ન જતાં ત્યાંથી પરભાર્યો ઉપડ્યો. એવી રીતે વેગથી દોડતાં દોડતાં ઘણો પ્રદેશ પસાર કરી ગયો. એવી રીતે ત્રણ રાત્રી અને ત્રણ દિવસ લાગલાગટ ચાલ્યા જ કર્યું અને એમ કરીને ૨૮ [1]યોજન જમીન પસાર કરી ગયો. એટલે દૂર ગયા પછી મારી કેડેથી રત્નવાળું કપડું હાથમાં લીધું અને કપડાની ગાંઠ છોડી; પછી હાથમાં લઇને જોઉં છું તો રત્નને બદલે પથ્થર નીકળ્યો. તે વખતે 'અરે ! મરી ગયો ! મરી ગયો !' એમ બોલતાં બોલતાં હું મૂર્છા ખાઇને જમીન પર ઢળી પડ્યો. મહા મુશ્કેલીએ મને જરા ચેતના આવી. તે વખતે મારા મનમાં ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો અને મોટેથી રડીને બોલવા લાગ્યો કે 'અહીં તે સ્થાનકેથી હું શા માટે આવ્યો અને સ્થાન અને વસ્તુ બન્ને શા માટે ખોઇ બેઠો ? માટે જીવ ! ચાલ ! એ સ્થાનકે પાછો જઇને રત્ન તો લઇ આવું.' આવા વિચારથી સ્વદેશ તરફ પાછો ફર્યો.

**વિમળની સહૃદયતા.**
**વામદેવની શોધ કરાવવી.**
**વામદેવનું પાછું મળવું.**

**સૌજન્ય.**

હવે જિનમંદિરના બહારના ભાગમાંથી હું નાઠો ત્યાર પછી વિમળકુમારનું શું થયું તે વાત કહું. હે અગૃહીતસંકેતા ! વિમળ જિનભુવનમાંથી ભક્તિપૂર્વક દર્શન કરી બહાર નીકળ્યો ત્યારે તેણે મને ત્યાં જોયો નહિ. તે વખતે હું (વામદેવ) ક્યાં ગયો હોઇશ એવી તેને ચિંતા થઇ. તેણે આખા જંગલમાં મારે માટે શોધ ચલાવી, પણ મારો પત્તો લાગ્યો નહિ એટલે તેણે મારે ઘેર અને આખા નગરમાં સર્વત્ર મારી ખોળ કરાવી પણ મારો પત્તો તેને ન જ લાગ્યો. એવી સ્થિતિ થતાં તેણે ચારે દિશાએ મારી શોધ કરવા સારૂ માણસો મોકલી આપ્યા. હું પાછો ફરતો હતો તે વખતે મારી શોધ કરવા માટે નીકળી પડેલા વિમળના માણસોમાંથી કેટલાકને હું મળી ગયો, તેને જોતાં જ મારા મનમાં મોટી બીક લાગી. પણ તેઓ તો મારી બીકનો ખ્યાલ કર્યા વગર મને કહેવા લાગ્યા "અરે ભાઇ વામદેવ ! તમારા વિયોગથી તો વિમળકુમાર એકદમ વિલખા થઇ ગયા છે, આખો વખત દિલગીર રહે છે, અને શોકમાં ગરક થઇ ગયા છે. તમને પાછા

૧. ૧૧૨ ગાઉ-૨૨૪ માઇલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેડી જવા માટે અમને મોકલ્યા છે.” તેઓનાં આવાં વચન સાંભળી મારા મનમાં વિચાર થયો કે—હાશ ! ઠીક થયું. વિમળે મને રત્ન લેતાં જરૂર જોયો નથી એમ લાગે છે. આ વિચારથી મારા મનમાં જે ભય થયો હતો તે દૂર થઇ ગયો. એ શોધ કરનારા પુરૂષો મને વિમળની પાસે લઇ ગયા. વિમળે મને જોયો કે તુરત જ તે તો મોટા સ્નેહથી મને ભેટી પડ્યો. અમે બન્નેએ આંખમાંથી ખૂબ આંસું પાડ્યાં, પણ એમાં તફાવત એટલો હતો કે મેં આંસું પાડ્યાં તે સર્વ કપટનાં હતાં, જ્યારે વિમળકુમારે આંસું પાડ્યાં તે પ્રિય જનને મળવાના હર્ષનાં હતાં.

### વામદેવની અધમ નીચતા.
### ઉપજાવેલી બનાવટી વાર્તા.
### માયાનો પ્રસરેલો પ્રભાવ.

અરસ્પરસ મળી રહ્યા પછી વિમળે મને પોતાના અર્ધા આસન ઉપર બેસાડ્યો અને પછી મને પૂછવા લાગ્યો કે “મિત્ર વામદેવ ! તું ત્યાંથી શા માટે ચાલ્યો ગયો ? તેં કેવો અનુભવ કર્યો ? તેં શું શું વેઠ્યું ? શી હકીકત બની ? તે સર્વ મને બરાબર કહી બતાવ.”

મેં (વામદેવે) ઉત્તર[1] આપતાં કહ્યું, “મિત્ર ! બંધુ ! વિમળ ! સાંભળ. તે વખતે તું મંદિરમાં દાખલ થયો તે તો મને બરાબર યાદ છે. તારી પછવાડે હું પણ મંદિરમાં દાખલ થતો હતો ત્યાં તો મેં આકાશમાંથી કોઇ વિદ્યાધરીને જમીન તરફ આવતી જોઇ. તે વિદ્યાધરી રૂપ અને લાવણ્યથી ભરપૂર હોઇ દિશાઓને પોતાના તેજથી પ્રકાશી રહી હતી અને હાથમાં યમરાજાની જાણે જીભ હોય તેવી ભયંકર ઉઘાડી તરવાર લઇને આવતી હતી. આવી રીતે એકી વખતે તે સુંદર અને ભયંકર લાગતી હોવાથી હું પણ આનંદ અને ત્રાસ (શૃંગાર અને ભય રસના ભાવો)નો વિચિત્ર સંકરભાવ અનુભવવા લાગ્યો. ત્યાં તો તેણે મને ત્યાંથી ઉપાડ્યો અને આકાશમાર્ગે ઉતાવળે ચાલવા લાગી. હું તો તે વખતે મોટેથી ‘કુમાર ! કુમાર !’ એવી રાડો પાડતો રહ્યો અને એ વિદ્યાધરીએ તો વિહ્વલ થઇ ગયેલા અને મોટેથી રાડો પાડતા મને ઉપાડ્યો અને સપાટાબંધ આગળ આકાશમાં

---

૧ જવાબ આપવામાં વામદેવ કેટલી ધૃષ્ટતાથી અસત્ય બોલે છે અને માયાનો પ્રભાવ બતાવે છે તે વિચારવા જેવું છે. સંસારી જીવોના એવા જ માર્ગો હોય છે. પ્રથમ એને કેટલી બીક લાગે છે, પછી પોતાની સ્થિતિ ચોક્કસ જોતાં એ કેટલી અધમતાની હદે જાય છે એ સર્વ લક્ષ્યપૂર્વક જોવા યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલવા માંડ્યું. વળી આકાશમાં ચાલતાં પોતાના સ્થૂળ પયોધરોને મારી છાતી સાથે અડાડીને અત્યંત સ્નેહથી મને તે બાથ ભીડવા લાગી અને મારા મુખપર વારંવાર ચુંબન કરી કરીને મને રતિની પ્રાર્થના કરવા લાગી, પરંતુ મિત્ર! તે સ્ત્રી જો કે મારા ઉપર એટલો બધો સ્નેહ બતાવતી હતી તો પણ તારા વિયોગને લઇને મને તો તે ઝેર જેવી લાગતી હતી. હું તો એ આખો વખત એક જ વિચાર કરી રહ્યો હતો કે જો કે આ વિદ્યાધરી મારી ઉપર એટલી બધી આસક્ત છે અને ઘણા સુંદર રૂપવાળી છે, પણ મને તેનાથી મારા ઉત્તમ મિત્રની ગેરહાજરીમાં લેશમાત્ર પણ સુખ થાય તેમ નથી. આવી રીતે તે વિદ્યાધરી મારી પ્રાર્થના કરી રહી હતી ત્યાં વળી એક બીજી વિદ્યાધરી આવી પહોંચી અને તેણે મને જોયો. મને જોતાં જ તેને પણ મારી સાથે વિષયસુખ ભોગવવાની ઇચ્છા થઇ આવી એટલે તે પણ મને ખેંચવા લાગી. આ ખેંચતાણમાં મોટેથી એક બીજાને આકરા શબ્દો સંભળાવતી તે બન્ને ખેચરીઓ જોસથી લડવા લાગી અને બન્ને વચ્ચે મોટું યુદ્ધ થઇ રહ્યું. તેઓની લડાઇમાં તેઓ એટલી બધી આકુળવ્યાકુળ થઇ ગઇ કે તેઓને મારૂં ધ્યાન ન રહ્યું, હું તેઓના હાથમાંથી છૂટી ગયો અને જમીન પર પડ્યો. એટલે ઊંચેથી પડતાં મારાં હાડકાં ભાંગી ગયાં અને મારા શરીરને ઘણી ઇજા થઇ. આવી રીતે મારૂં શરીર દબાઇ ચૂરાઇ ગયું અને મારામાં વેદનાને લીધે નાસવાની શક્તિ જરા પણ ન રહી તો પણ મેં મારા મનમાં વિચાર કર્યો કે એવી સ્થિતિ છે છતાં એ બન્નેમાંની એક પણ મને આવીને પકડે નહિ ત્યાં સુધીમાં ગમે ત્યાં નાસી છૂટું તો જીવતો છતાં વિમળકુમારને (તમને) જરૂર મળી શકું અને મારી વિરહપીડા ભાંગી જાય. આવા વિચારથી ઘણી મુશ્કેલીએ પણ હું ત્યાંથી નાઠો, ત્યાં તો તારા મનુષ્યો જે મને શોધવા માટે ફરતા હતા તે મને મળી ગયા અને તેમની સાથે હું તારી પાસે આવ્યો. કુમાર! ભાઇ! મેં કેવો અનુભવ કર્યો તે હવે તારા લક્ષ્યમાં આવ્યું હશે.”

વિમળકુમારનો મારી ઉપર નિષ્કૃત્રિમ (કુદરતી) અને સાચો પ્રેમ હતો તેથી આ હકીકત સાંભળીને તે બહુ જ રાજી થયો. મારા મનમાં રહેલી માયા (બહલિકા) પણ બહુ જ ખુશી થઇ. તેને એમ લાગ્યું કે આ વામદેવે મૂરખા વિમળકુમારને સારો બનાવ્યો અને એને ઠગીને સારો વિશ્વાસ બેસાડ્યો. માયાને એવી હકીકત પસંદ હોવાથી તે બહુ જ રાજી થઇ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામઠ ને શૂળ.
રત્નની શોધ.
પોકળ પ્રકાશ.
વિઠની મહત્તા.

ઉપર પ્રમાણે વાત ચાલતી હતી ત્યાં તો જાણે મગરમચ્છે મને આખો ને આખો પકડ્યો હોય, વજ્રથી જાણે હું દબાઇ જતો હોઉં, યમદેવ જાણે મને ખાઇ જતો હોય તેવી મારી અવસ્થા એકદમ થઇ ગઇ. એકદમ શું થઇ ગયું તે સમજાયું નહિ, મારાં આંતરડાં એકદમ કપાઇ જવાં લાગ્યાં, પેટમાં એકદમ શૂળ જેવી સખ્ત પીડા થઇ આવી, આંખો જાણે નીકળી પડતી હોય તેવી માથામાં એકદમ આકરી વેદના થઇ આવી, આસકા આવવા માંડ્યા, શરીરના સર્વ સાંધાઓ ખળભળી ગયા, દાંત સર્વે એકદમ હાલવા મંડી ગયા, મુખમાંથી એકદમ શ્વાસ નીકળવા લાગ્યો, આંખો જાણે ભાંગવા માંડી અને જીભ એકદમ અચકાઇ ગઇ. આવો અણધારેલો બનાવ જોઇને વિમળકુમાર તો ગભરાઇ ગયો, આકુળવ્યાકુળ થઇ ગયો અને તેણે હાહારવ કરી મૂક્યો. તે વખતે ત્યાં ખૂદ મહારાજા ધવળરાજ આવી ચડ્યા અને લોકોનો મોટો સમુદાય પણ એકઠો થઇ ગયો. તુરત જ નગરના સર્વે વૈદ્યોને એકદમ તેડાવી મંગાવવામાં આવ્યા. તેઓએ પણ રાજ્યના આદેશથી મને ઓસડ આપવા માંડ્યું, પણ એથી મારા વ્યાધિમાં પીડામાં ને બળતરામાં જરા પણ ફેર પડ્યો નહિ.

આકરી વ્યથા.

આવી અવસ્થા થતાં વિમળકુમારને પેલું રત્ન યાદ આવ્યું. અત્યારે એ રત્નનો ઉપયોગ કરવાનો વખત છે એમ વિચારીને પોતે જાતે જ જે પ્રદેશમાં રત્નને મૂક્યું હતું ત્યાં ક્રીડાનંદનવનમાં પોતે ગયો અને સંભાળથી તે સ્થાને તપાસ કરી પણ જ્યારે રત્નનો પત્તો ન લાગ્યો ત્યારે વિમળને મારી[1] ચિંતા થઇ કે અહો તે કેવી રીતે જીવશે!! આવો વિચાર કરતો કુમાર મારી પાસે આવ્યો. મારી તો શરીરવ્યથા અગાઉ પ્રમાણે અત્યંત ભયંકર સ્થિતિમાં ચાલુ જ હતી.

મહાનુભાવતા.

---

૧ મહાનુભાવતા જુઓ! ચિંતા રત્ન ખોવાયાની થઇ નહિ, પણ વામદેવના જીવનની થઇ! ધન્ય છે સજ્જનતાને! એને રત્ન ગયું એ વાતનો વિચાર પણ થયો નહિ. આવા પુરૂષો જગતમાં કામ કરી જાય છે. એનું નામ ખરાં રત્નો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનદેવી ધૂણી.

તે વખતે એક ઘરડી સ્ત્રી ધૂણી. પ્રથમ એણે પોતાનું શરીર મરડ્યું, બન્ને હાથ ઊંચા કર્યા, માથાના કેશ છૂટા મૂક્યા, ભયંકર રૂપ કર્યું, ફટ ફટ અવાજ કરવા માંડ્યો અને તેનું આખું શરીર ભયંકર ચેષ્ટા કરવા લાગ્યું. રાજા અને સર્વ માણસો તેથી બ્હી ગયા, તેથી તેની પૂજા કરી, તેને ધૂપ કર્યો અને પછી તેને પૂછ્યું "ભટ્ટારિકા! તું કોણ છે?" તેણે જવાબમાં કહ્યું "હું વનદેવી છું. આ વામદેવની અત્યારે જે અવસ્થા થઇ છે તે મેં કરી છે, કારણ કે એ પાપીએ આ સદ્ભાવથી ભરપૂર સરળસ્વભાવી વિમળકુમારને છેતર્યો છે. એ પાપી એનું રત્ન ઉઠાવી ગયો, બીજી જગ્યોએ તેને સંતાડી આવ્યો, રત્નને બદલે પથ્થરને લઇને નાશી ગયો અને તપાસતાં રત્નને બદલે પથ્થર દેખ્યો જેથી ફરીવાર તે રત્ન લેવા અહીં આવ્યો છે અને આવી ખોટી જાળ ઊભી કરી કુમારને ઠગે છે." આ પ્રમાણે કહીને વનદેવીએ મારી આખી હકીકત બરાબર કહી બતાવી અને તે એટલા વિસ્તારથી કહી કે સર્વ તે બરાબર સમજી ગયા. પછી જે પ્રદેશમાં મેં રત્ન છૂપાવ્યું હતું તે પ્રદેશમાં જઇને તે રત્ન પણ બતાવ્યું. આટલો પ્રત્યક્ષ પુરાવો બતાવી પછી તેણે કહ્યું "એ દુરાત્મા વામદેવના હવે ચૂરેચૂરા કરવાની છું. એવા પાપીને શા માટે હૈયાત રાખવો?" વનદેવીનો આવો નિર્ણય સાંભળી વિમળકુમાર વચ્ચે પડ્યો અને મુખેથી બોલ્યો "દેવી! સુંદરી! એમ ન કરો, ન કરો! જો તમે એમ કરશો તો મારા મનમાં મોટો સંતાપ થશે."

શિષ્ટતાની હદ.

વિમળકુમારે જ્યારે દેવીની એવી રીતે પ્રાર્થના કરી ત્યારે વનદેવીએ મને છોડી મૂક્યો, પણ લોકોએ મારી ઘણી નિંદા કરી, સમજુ માણસોએ મારો તિરસ્કાર કર્યો, બાળકોએ મારી મશ્કરી કરી અને સ્વજન સંબંધીઓએ મને બહાર કાઢી મૂક્યો. ટુંકામાં કહું તો લોકોમાં હું તરણાથી પણ હલકો થયો. આટલી હકીકત બની છતાં પણ વિમળકુમારમાં તો એટલી બધી મહાનુભાવતા હતી કે તે તો મને અસલ પ્રમાણે જ જોતો હતો, મારા ઉપર એટલો જ સ્નેહ રાખતો હતો, પોતાના સ્નેહમાં જરા પણ ફેરફાર દેખાડતો નહોતો, પ્રેમભાવમાં ક્યાશ પડવા દેતો નહોતો, મારી ઉપર કૃપામાં ઓછાશ કરતો નહોતો અને મારાથી જૂદો એક ક્ષણવાર પણ પડતો નહોતો, એટલું જ નહિ પણ મુખેથી પણ મને કહેતો કે "મિત્ર વામદેવ! આવા અણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજુ લોકો ગમે તે બોલે તેથી તારે તારા મનમાં જરા ઉદ્વેગ ન કરવો કેમ કે એ સર્વ લોકોને ખુશી કરવા એ તો બહુ મુશ્કેલ છે, માટે તારા જેવાએ તો એમના તરફ તદ્દન બેદરકારી કરવા જેવું છે. ”

વિચારણા.

અગૃહીતસંકેતા ! આ પ્રમાણે જ્યારે વિમળકુમાર બોલતો હતો તે વખતે તેના ધ્યાનમાં મારૂં (વામદેવનું) ચરિત્ર નહોતું એમ કાંઇ નહોતું. તે મહાત્મા તો મનમાં બધું સ્પષ્ટ રીતે સમજતો હતો; તેમ છતાં હું (વામદેવ) માયાના પ્રતાપે એવા પ્રકારનું અત્યંત દુષ્ટ વર્તન કરી રહ્યો હતો અને તે મહા ભાગ્યશાળી પુરૂષ વિમળકુમાર મારા તરફ એવું સુંદર વર્તન રાખી રહ્યો હતો તેનું એક ખાસ કારણ એ હતું કે—**સૂર્ય કદાચ પશ્ચિમ દિશામાં ઉગે અથવા પૂર્વ દિશામાં અસ્ત પામે અથવા ક્ષીર સમુદ્ર પોતાની મર્યાદા છોડી દે અથવા તો કદાચ અગ્નિનો પિંડ હોય તે બરફના પિંડ જેવો ઠંડો થઇ જાય અથવા તો કદાચ આખો મેરૂ પર્વત તુંબડાની પેઠે પાણીમાં તરે તો પણ સજ્જનો જેની કરૂણા કોઇ પણ પ્રકારના કારણ કે હેતુ વગરની હોય છે અને જે પોતે સુંદર દાક્ષિણ્યરૂપ સમુદ્રથી ભરપૂર હોય છે તેણે જેનો આદર કર્યો હોય, પોતાનાં તરીકે જેને સ્વીકારેલ હોય તેને તે છોડતા નથી, જેની આંગળી પકડી હોય તેને મૂકી દેતા નથી, જેનો હાથ પકડ્યો હોય તેના તરફ ઉપેક્ષા રાખતા નથી. આ સજ્જન પુરૂષોની ખરેખરી મહત્તા છે. વળી સજ્જન પુરૂષ લુચ્ચા હરામખોરોનાં ચેષ્ટિતો જાણતા હોય છે છતાં પણ જાણે જાણતા જ નથી, દેખતા હોય તો પણ જાણે દેખતા જ નથી અને પોતે પરમ પવિત્ર શુદ્ધાત્મા હોઇ તેના ઉપર જરાએ શ્રદ્ધા રાખતા નથી.** અગૃહીતસંકેતા ! તે વખતે મારા સગાસંબંધીઓએ મને છોડી દીધો, તજી દીધો, લોકોએ મારી લઘુતા માની અને માત્ર વિમળકુમાર જેને મેં મોટો અન્યાય કર્યો હતો તેણે જ મને પોતાની પાસે રાખ્યો અને હું તેની સાથે રહેવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૯ મું.

## વિમળે કરેલી ભગવંતસ્તુતિ.

મારા અત્યંત અધમ વર્તન છતાં વિમળકુમારે તો પોતાનું સજ્જનપણું ચાલુ રાખ્યું, મારા તરફના પ્રેમભાવમાં ઓછપ કે ઉણપ ન થાય તેની સંભાળ રાખી, મારો સંબંધ અગાઉના જેવો જ ચાલુ રાખ્યો અને પોતાની મહાનુભાવતા અને વિશિષ્ટતા દાખવી આપી.

**ક્રીડાનંદનવનમાં ભગવદ્દર્શને.**
**રત્નચૂડનું તત્ર આગમન.**
**વિમળે કરેલી ભગવંત સ્તુતિ.**

એવી રીતે આનંદ કરતાં એક વખત હું (વામદેવ) અને વિમળકુમાર ક્રિડાનંદનવનમાં આવેલા તીર્થંકર મહારાજના મંદિરમાં દર્શન કરવા સારૂ ગયા. વંદનપૂજનનાં સર્વ કાર્ય થઇ ગયાં પછી વિમળકુમારે અત્યંત મધુર વાણી વડે શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ કરવાનો આરંભ કર્યો. હજુ વિમળકુમાર પ્રભુની સ્તુતિ કરી રહ્યો છે એટલામાં પોતાનાં તેજથી દિશાઓને પ્રકાશ કરતો રત્નચૂડ વિદ્યાધર ત્યાં આવી પહોંચ્યો. તે વખતે તેની સાથે અનેક ખેચરો પણ આવેલા હતા. તેણે પછવાડે ઊભા ઊભા કાનને અત્યંત પ્રિય લાગે તેવો મધુર અવાજ સાંભળ્યો એટલે રત્નચૂડને પોતાનાં મનમાં ઘણોજ પ્રમોદ થયો અને તે વિચાર કરવા લાગ્યો કે અહો! ધન્યાત્મા વિમળકુમાર જગત્બંધુ મહા ભાગ્યવાન્ શ્રી પરમાત્માની સ્તુતિ કરી રહ્યો છે! ધન્ય છે એને! એ સ્તુતિ કરે છે તે આપણે બરાબર સાંભળીએ.[1] પછી એણે કોઇ

---

1 એક પૂજક સુંદર સ્વરે સ્તુતિ કરતો હોય તો મોટા સ્વરથી રાગ કાઢી બન્નેની એકાગ્રતા તોડવાની દેખાતી વર્તમાન પદ્ધતિ સાથે આ વિચારશીળ વર્તના સરખાવવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ જાતનો અવાજ કર્યા વગર સંજ્ઞામાત્રથી સર્વ ખેચરોને ચૂપ કરી દીધા અને જાતે નિશ્ચળ થઇ ચૂતમંજરીની સાથે પોતે પણ જાણે ચિત્ર ચિતરેલ જ હોય તેમ તદ્દન હાલ્યા ચાલ્યા વગર સ્થિર થઇ રહ્યો. વિમળકુમારની આંખો તે વખતે આનંદઅશ્રુથી પૂર્ણ થઇ ગઇ હતી, તીર્થંકર મહારાજના મુખ ઉપર તેની નજર એકદમ સ્થિર થઇ ગઇ હતી, તેના અવાજમાં અત્યંત ગંભીરતા જણાતી હતી અને આખું શરીર રોમાંચથી વિભૂષિત થઇ ગયું હતું. તેનામાં તે વખતે ભક્તિનો આવેશ એટલો બળવાન્ થઇ ગયો હતો કે તે આવેશના પ્રભાવથી જાણે સનાતન શુદ્ધ પરમાત્મા શ્રી ભગવાન્ જિનેશ્વર પોતાની સન્મુખ જ ખડા હોય તેમ તેમને કાંઇક ઠપકો દેવાની ભાષામાં, કાંઇક વિશ્વાસના આશ્વાસનમાં, કાંઇક સ્નેહયુક્ત મીઠા શબ્દોમાં અને કાંઇક પ્રાર્થના અને પ્રેમની મીઠાશમાં તદ્દન વિશુદ્ધ મનવાળો વિમળકુમાર સ્તુતિ કરવા લાગ્યો.[1]

**ભગવંતસ્તુતિ.**

अपारघोरसंसारनिमग्नजनतारक !
किमेष घोरसंसारे नाथ ! ते विस्मृतो जनः ? ॥ १ ॥
सद्भावप्रतिपन्नस्य तारणे लोकबान्धव !
त्वयास्य भुवनानन्द ! येनाद्यापि विलम्ब्यते ॥ २ ॥
आपन्नशरणे दीने करुणामृतसागर ! ।
न युक्तमीदृशं कर्तुं जने नाथ ! भवादृशाम् ॥ ३ ॥
भीमेऽहं भवकान्तारे मृगशावकसन्निभः ।
विमुक्तो भवता नाथ ! किमेकाकी दयालुना ? ॥ ४ ॥

"પાર વાગરના મહા ભયંકર સંસારસમુદ્રમાં ડૂબી ગયેલા "પ્રાણીને તારનાર! હે નાથ! આ ભયંકર સંસારસમુદ્રમાં શું તમે "મને ભૂલી ગયા છો? વિસરી ગયા છો? ૧. હે નાથ! ત્રણ ભુવનને "આનંદ આપનાર! હું સદ્‌ભાવને ધારણ કરી રહ્યો છું, છતાં આપ "મને સંસારમાંથી તારવામાં ઢીલ કરો છો (તેથી મને જણાય છે કે "તમે મને તદ્દન ચૂકી ગયા છો.) ૨. અહો કરૂણામૃતના સમુદ્ર! જે "પ્રાણી જાતે દીન હોઇ આપને શરણે આવે તેની સાથે તમારા જેવા "દીનવત્સલે એ પ્રમાણે કરવું કોઇ પણ રીતે ઉચિત નથી. ૩. હે નાથ! "આપ આવા દયાળુ છો છતાં આવા ભયંકર જંગલમાં (ભવાટવીમાં)

---

૧ આ સ્તુતિ મુખપાઠ કરવા યોગ્ય હોવાથી સંસ્કૃત અને ભાષાન્તર બન્ને આપ્યા છે. મનનપૂર્વક વાંચવી અને પસંદ આવે તેણે મુખે કરી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इतश्चेतश्च निक्षिप्तचक्षुस्तरलतारकः ।
निरालम्बो भयेनैव विनश्येऽहं त्वया विना ॥ ५ ॥
अनन्तवीर्यसंभार ! जगदालम्बदायक !
विधेहि निर्भयं नाथ ! मामुत्तार्य भवाटवीम् ॥ ६ ॥
न भास्कराहते नाथ ! कमलाकरबोधनम् ।
यथा तथा जगन्नेत्र ! त्वहते नास्ति निर्वृतिः ॥ ७ ॥
किमेष कर्मणां दोषः ? किं ममैव दुरात्मनः ? ।
किं वास्य हतकालस्य ? किं वा मे नास्ति भव्यता ? ॥ ८ ॥
किं वा सद्भक्तिनिर्ग्राह्य ! सद्भक्तिस्त्वयि तादृशी ।
निश्चलाद्यापि संपन्ना ? न मे भुवनभूषण ! ॥ ९ ॥
लीलादलितनिःशेषकर्मजाल ! कृपापर !
मुक्तिमर्थयते नाथ ! येनाद्यापि न दीयते ॥ १० ॥
स्फुटं च जगदालम्ब ! नाथेदं ते निवेद्यते ।
नास्तीह शरणं लोके भगवन्तं विमुच्य मे ॥ ११ ॥

"મને એક હરણનાં નાનાં બચ્ચાંની પેઠે એકલો શા માટે મૂક્યો "અથવા રહેવા દીધો છે? ૪. હું તો ચકળવકળ આંખો આ બાજુ "અને પેલી બાજુ ફેરવ્યાં કરૂં છું અને મને કોઇનો આધાર નથી. "તમારા વગર એ જંગલમાં હું તો ભયથી એકલો મરી જઇશ એ "વાત આપ ધ્યાનમાં લો. ૫. અહો! અનંત વીર્યવાન! જગતને "આલંબન આપનાર! મને સંસારઅટવી ઉતારીને ભય વગરનો કરો, "મારી બીક દૂર કરો અને મને બચાવો. ૬. હે નાથ! કમળના "સમૂહને જાગૃત કરવા માટે જેમ સૂર્ય સિવાય બીજો કોઇ સમર્થ નથી "તેમ હે જગતના ચક્ષુ! તમારા વગર આ દુનિયાથી મારી નિર્વૃતિ "કોઇ પ્રાણી કરે તેમ નથી. ૭. હે ત્રણ ભુવનના ભૂષણરૂપ ભગવાન્! "શું એ તે મારા કર્મનો દોષ છે? અથવા મારો પોતાનો (મારા "અધમ કષ્ટસાધ્ય આત્માનો) દોષ છે? અથવા તો શું અત્યારના "કાળનો દોષ છે? અથવા તો મારામાં એવા પ્રકારની ભવ્યતા નથી? ૮. "અથવા તો હે સદ્ભક્તિથી ગ્રાહ્ય થનાર ભુવનભૂષણ મહાત્મા! મારી "હજુ તારામાં એવી નિશ્ચળ ભક્તિ જ થઇ નથી? કે હે નાથ! લીલા-"માત્રમાં-રમતમાં-કર્મના જાળને કાપી નાખનાર! અને કૃપાતત્પર "તમે મને મુક્તિના અર્થીને હજુ પણ તે આપતા નથી? ૯-૧૦. "(મને મુક્તિ મળતી નથી તેનું કારણ શું? એમાં વાંધો શું છે? ક્યાં "વાત અટકે છે? શા માટે અટકે છે?) હે જગતના અવલંબન!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

त्वं माता त्वं पिता बन्धुस्त्वं स्वामी त्वं च मे गुरुः ।
त्वमेव जगदानन्द ! जीवितं जीवितेश्वर ! ॥ १२ ॥
त्वयावधीरितो नाथ ! मीनवज्जलवर्जितं ।
निराशो दैन्यमालम्ब्य म्रियेऽहं जगतीतले ॥ १३ ॥
स्वसंवेदनसिद्धं मे निश्चलं त्वयि मानसम् ।
साक्षाद्भूतान्यभावस्य यद्वा किं ते निवेद्यताम् ? ॥ १४ ॥
मच्चित्तं पद्मवन्नाथ ! दृष्टे भुवनभास्करे ।
त्वयीह विकसत्येव विदलत्कर्मकोशकम् ॥ १५ ॥
अनन्तजन्तुसन्तानव्यापाराक्षणिकस्य ते ।
ममोपरि जगन्नाथ ! न जाने कीदृशी दया ? ॥ १६ ॥
समुन्नते जगन्नाथ ! त्वयि सद्धर्मनीरदे ।
नृत्यत्येष मयूराभो मद्दोर्दण्डशिखण्डिकः ॥ १७ ॥

"તમને આ બાબત બરાબર સ્ફુટ કરીને સ્પષ્ટ રીતે જણાવવાની રજા "લઉં છું કે હે નાથ ! આ લોકમાં મારે તમારા સિવાય બીજું કોઇ શરણ "નથી, બીજા કોઇનો આધાર નથી. ૧૧. મારા જીવનના પ્રભુ ! તમે "મારી માતા છો, મારા પિતા છો, મારા બંધુ છો, મારા સ્વામી છો, "મારા ગુરૂ છો અને જગતને આનંદ આપનાર પ્રભુ ! તમે જ મારૂં "જીવતર છો. ૧૨. હે નાથ ! તમે જો મારો તિરસ્કાર કરશો અથવા "મારા તરફ બેદરકારી કરશો તો હું તદ્દન આશાવગરનો અને નિરાશ "થઇ જઇશ અને જેમ માછલું જળવગરના સ્થળ ઉપર નિરાધાર થઇને "મરી જાય છે તેવા મારા પણ હાલ થશે. ૧૩. હે ભગવન્ ! મારૂં "મન તમારામાં બરાબર નિશ્ચળ થઇ ગયું છે અને તે હકીકત પોતાના "જાતિઅનુભવથી મને સિદ્ધ થઇ ગઇ છે: અથવા તો તમને તો "અન્ય પ્રાણીઓના અંતર્ગત ભાવો પણ સાક્ષાત્ થઇ ગયેલા હોવાથી "તમને એ વાત જણાવવાની જરૂર જ ક્યાં રહી છે? ૧૪. હે નાથ ! "ત્રણ ભુવનને પ્રકાશ કરનાર આપસાહેબને દેખતાં પદ્મ( કમળ )ની "પેઠે મારૂં ચિત્ત વિકાસ પામે છે અને કર્મરૂપ કોશેટાને (અંદરના ભાગને) "ભેદી નાખે છે. ૧૫. હે નાથ ! આપને તો અનંતા પ્રાણીઓના "વ્યાપાર ઉપર ધ્યાન આપવાનું છે, તેથી આપની મારા ઉપર હે "જગત્નાથ ! કેવી દયા છે તે હું જાણતો જ નથી. ૧૬. હે જગત્નાથ ! "આપશ્રી રૂપ વાદળ ચઢી આવતાં મારા હાથરૂપ મોર નાચ કરી

૧ મદ્દોર્દંડ પ્રત પાઠાંતર છે. દોર્દંડનો અર્થ લાકડી જેવો હાથ થાય છે. અસલ પાઠ શુદ્ધ જણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदस्य किमियं भक्तिः? किमुन्मादोऽयमीदृशः? ।
दीयतां वचनं नाथ! कृपया मे निवेद्यताम् ॥ १८ ॥

मञ्जरीराजिते नाथ! सच्चूते कलकोकिलः ।
यथा दृष्टे भवत्येव लसत्कलकलाकुलः ॥ १९ ॥

तथैष सरसानन्दबिन्दुसंदोहदायक! ।
त्वयि दृष्टे भवत्येवं मूर्खोऽपि मुखरो जनः ॥ २० ॥

तदेनं मावमन्येथा नाथासम्बद्धभाषिणम् ।
मत्वा जनं जगज्ज्येष्ठ! सन्तो हि नतवत्सलाः ॥ २१ ॥

किं बालोऽलीकवाचाल आलजालं लपन्नपि ।
न जायते जगन्नाथ! पितुरानन्दवर्धनः[1] ॥ २२ ॥

तथाश्लीलाक्षरोल्लापजल्पकोऽयं जनस्तव ।
[2]किं विवर्धयते नाथ! तोषं किं नेति कथ्यताम् ॥ २३ ॥

" રહ્યો છે, થનગન થનગન કરી રહ્યો છે. ૧૭. ત્યારે નાથ! શું એ " તે એની ભક્તિ છે કે આ તે એને કોઇ પ્રકારની ગાંડાઇ આવી " ગયેલી છે ( તેનો આવેશ છે) તે હે મહારાજ! મારા ઉપર કૃપા " કરીને મને જણાવો (એટલે વસ્તુસ્થિતિનું મને બરાબર ભાન થાય.) ૧૮. " જ્યારે સુંદર આંબાનાં વૃક્ષ ઉપર માંજર ( મહોર-મોર ) આવે છે " ત્યારે તેને જોઇને જેમ મધુર કોકિલપક્ષી (કોયલ) સુંદર રાગ ગાવા " મંડી જાય છે, ૧૯. તેવી રીતે હે સુંદર રસ અને આનંદબિંદુના " સમૂહને આપનાર મારા નાથ! તમને જોતાં આ પ્રાણી (હું) તદ્દન " મૂર્ખ-અણુસમજુ હોવા છતાં વાચાળ થઇ જાય છે અને તમારી સ્તુતિ " કરવા મંડી જાય છે. ૨૦. હે જગતમાં શ્રેષ્ઠ પુરૂષ! હે મારા નાથ! " હું આવું આડું અવળું ઠેકાણા વગરનું બોલનારો છું એમ માનીને " આપ મારી તરફ બેદરકારી બતાવશો નહિ, મને તિરસ્કારી નાખશો " નહિ, કારણ કે પોતાને નમન કરનાર પ્રાણીઓ તરફ સંત પુરૂષો તો " હમેશા વાત્સલ્યભાવ બતાવનાર જ હોય છે, પ્રેમભાવ દાખવનાર જ " હોય છે. ૨૧. હે જગતનાથ! એક બાળક અસ્તવ્યસ્ત, તોતડુંબોબડું, " કાલુંઘેલું, સાચુંખોટું બોલે તે શું પિતાના આનંદમાં વધારો કરનાર " થતું નથી? ૨૨. તેવી રીતે હે નાથ! હું ગામડીઆની જેવી " જેવીતેવી ભાષામાં બોલી જઉં છું, પટપટારો કરી જાઉં છું તેથી

१ वर्धकः પાઠાંતર.

२ किंचिद्वर्धयते नाथ પાઠાંતર પ્રતમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनाद्यभ्यासयोगेन विषयाशुचिकर्दमे ।
गर्ते सूकरसंकाशं याति मे चटुलं मनः ॥ २४ ॥
न चाहं नाथ ! शक्नोमि तन्निवारयितुं चलम्[1] ।
अतः प्रसीद तद्देव ! देव वारय वारय ॥ २५ ॥
किं ममापि विकल्पोऽस्ति ? नाथ ! तावकशासने ।
येनैवं लपतोऽधीश ! नोत्तरं मम दीयते ? ॥ २६ ॥
आरूढमियतीं कोटिं तव किङ्करतां गतम् ।
मामप्येतेऽनुधावन्ति किमद्यापि परीषहाः ॥ २७ ॥
किं चामी प्रणताशेषजनवीर्यविधायक ! ।
उपसर्गा ममाद्यापि पृष्ठं मुञ्चति नो खलाः ॥ २८ ॥
पश्यन्नपि जगत्सर्वं नाथ ! मां पुरतः स्थितम् ।
कषायारातिवर्गेण किं न पश्यसि पीडितम् ? ॥ २९ ॥
कषायाभिद्रुतं वीक्ष्य मां हि कारुणिकस्य ते ।
विमोचने समर्थस्य नोपेक्षा नाथ ! युज्यते ॥ ३० ॥

"આપના સંતોષમાં-આનંદમાં વધારો થાય છે કે નહિ તે આપ મને "કહો. ૨૩. હે નાથ! અનાદિ કાળથી મને એવો ખોટો અભ્યાસ પડી "ગયો છે અને તેના યોગથી મારી એવી સ્થિતિ થઇ ગઇ છે કે મારૂં "ચપળ મન વિષયરૂપ અપવિત્ર કાદવમાં અથવા ખાબોચીઆમાં ડુક્ક- "રની પેઠે ખુંચ્યાં કરે છે. ૨૪. હે નાથ! એ મારાં ચળ મનને અટ- "કાવવાને હું શક્તિમાન્ નથી, તો હે પ્રભુ! મારા ઉપર કૃપા કરો! "અને આપ એને અટકાવો, અટકાવો! એને વારો, વારો! ૨૫. હે "નાથ! શું આપના હુકમના સંબંધમાં હજુ કાંઇ શંકા છે? (એવી "કોઇ શંકા છે કે કરેલ હુકમ આ સેવક માનશે કે નહિ?) જેને "પરિણામે હું આટઆટલું કહું છું છતાં પણ હે નાથ! તમે મને ઉત્તર "પણ દેતા નથી? ૨૬. હે નાથ! હું તમારો નોકર થયો, તમારી "સેવામાં આટલી હદે ચઢ્યો, છતાં પણ મારી પછવાડે પરીષહો દોડે "છે તેનું કારણ શું? ૨૭. આપને નમસ્કાર કરનાર-પ્રણામ કરનાર "સર્વ જનોની શક્તિને વધારનાર હે મારા નાથ! હજુ સુધી લુચ્ચા "ઉપસર્ગો મારો કેડો છોડતા નથી તેનું કારણ શું? ૨૮. હે નાથ! "આખા જગતને આપ જુઓ છો, જોઇ શકો છો, છતાં આશ્ચર્ય છે "કે આપની સન્મુખ રહેલા આપના આ સેવકને કષાયરૂપ શત્રુવર્ગ "આટઆટલી પીડા કરે છે, હેરાન કરે છે, ત્રાસ આપે છે, તે આપ "કેમ જોતા નથી? ૨૯. આપ એવી રીતે કષાયોવડે મને ઘેરાયલો

[1] चलम् પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विलोकिते महाभाग! त्वयि संसारपारगे।
आसितुं क्षणमप्येकं संसारे नास्ति मे रतिः ॥ ३१ ॥
किं तु किं करवाणीह? नाथ! मामेष दारुणः।
आन्तरो रिपुसङ्घातः प्रतिबध्नाति सत्वरम् ॥ ३२ ॥
विधाय मयि कारुण्यं तदेनं विनिवारय।
उद्दामलीलया नाथ! येनागच्छामि तेऽन्तिके ॥ ३३ ॥
तवायत्तो भवो धीर! भवोत्तारोऽपि ते वशः।
एवं व्यवस्थिते किं वा स्थीयते? परमेश्वर! ॥ ३४ ॥
तद्दीयतां भवोत्तारो मा विलम्बो विधीयताम्।
नाथ निर्गतिकोल्लापं न शृण्वन्ति भवादृशाः? ॥ ३५ ॥

"જોવા છતાં અને આપ એવા દુશ્મનોથી છોડાવવાને શક્તિમાન્ છો અને "આપની કરૂણાને યોગ્ય હું છું, છતાં આપ મારી તરફ બેદરકારી "બતાવો છો-મારી ઉપેક્ષા કરો છો એ તો હે નાથ! કોઇ પણ રીતે "ઘટતું નથી, વ્યાજબી નથી, યોગ્ય નથી. ૩૦. અહો મહા ભાગ્યવાન્! "સંસારથી પાર ગયેલા આપને જોયા પછી આ સંસારમાં એક ક્ષણમાત્ર "પણ રહેવામાં મને જરા પણ આનંદ આવતો નથી; ૩૧. છતાં હે "મારા નાથ! આ મારો અંતરંગનો શત્રુસમૂહ મને સખ્ત બંધનથી "બાંધી રાખે છે તેથી હું શું કરૂં? (મારો ઉપાય ચાલતો નથી, "બાકી ચાલે તો આ શત્રુબંધનથી છૂટી અહીંથી તમારી પાસે આવી "જઉં.) ૩૨. હે નાથ! મારા ઉપર કૃપા કરીને એ મારા શત્રુસમૂહને "આપની પ્રચંડ લીલાથી દૂર કરી આપો, એનું નિવારણ કરી દો, જેથી "એકદમ હું આપસાહેબની પાસે આવી પહોંચું. ૩૩. હે ધીરવીર! "આ સંસાર તમારે આધારે છે અને મને સંસારસમુદ્રથી પાર ઉતા- "રવો તે પણ આપના હાથમાં છે-જો આ પ્રમાણે હકીકત છે તો હે "મારા ઇશ્વર! હે મારા પ્રભુ! હવે શા માટે બેસી રહેવામાં આવે "છે? કેમ મારો ઉદ્ધાર કરવામાં આવતો નથી? ૩૪. હે નાથ! હવે "તો મને સંસારસમુદ્રથી પાર ઉતારો, હવે ઢીલ ન કરો. મારા "જેવા જેની આપ સિવાય અન્ય ગતિ નથી, જેને અન્ય આધાર "નથી, તેના આવી રીતે નીકળેલા ઉદ્ગારો શું આપ જેવા મહા "પુરૂષો સાંભળતા નહીં હોય" (?) ૩૫.

૧ तथा પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૦ મું.

## મિત્રમેળાપ-સૂરિસંકેતનિર્દેશ.

વિમળકુમારે અત્યંત ભદ્રિકભાવે ભગવંતની આ પ્રમાણે સ્તુતિ કરી, બાજુમાં હું (વામદેવ) ઊભો હતો, પછવાડે રત્નચૂડ અને ચૂતમંજરી મોટા પરિવાર સાથે શાંતિ જાળવી સ્તુતિ સાંભળતા હતા અને આખા મંદિરમાં ભવ્ય શાંતિ અને દિવ્ય ગાન પ્રસરી રહ્યાં હતાં. એવા અતિ આનંદપ્રસંગે સ્તુતિના અક્ષરો ભાવપૂર્વક, રસપૂર્વક, એકાગ્રતાપૂર્વક, પ્રેમપૂર્વક વિમળના મુખમાંથી નિકળતા જતા હતા. આખરે સ્તુતિ પૂર્ણ થઇ.

**સ્તુતિ પૂર્ણ થતાં મિત્રોનો મેળાપ.**
**રત્નચૂડે સ્તુતિની કરેલી યોગ્ય સ્તુતિ.**

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

સુંદર માનસિક સદ્‌ભાવપૂર્વક પ્રાણીઓના નાથ ભગવાનની એ પ્રમાણે વિમળકુમારે સ્તુતિ કર્યા પછી પંચાંગ પ્રણામ કર્યા. તે વખતે એની વાણીથી અત્યંત પ્રસન્ન થયેલો અને ઉલ્લસાયમાન થતા રોમાંચથી સુશોભિત લાગતો રત્નચૂડ ખેચર પોતાના મનમાં ઘણો સંતોષ પામી ગયો અને "હે ધીર ! ભવ( સંસાર )નો ભેદ કરનાર ભગવાનનું અતિશય સુંદર અને ભાવદર્શક સ્તવન કર્યું" એમ બોલતા બોલતા પ્રગટ થયો અને વળી કહેવા લાગ્યો "અહો ! બંધુ ! મહા ભાગ્યશાળી ! ત્રણ ભુવનના બંધુ ભગવાન ઉપર તારી આટલી બધી ભક્તિ છે તો ખરેખર તું ભાગ્યશાળી છે, કૃતકૃત્ય છે અને તારૂં આ દુનિયામાં જન્મવું સફળ છે. હે નરોત્તમ ! તું ખરેખર સંસારથી મુક્ત થઇ ગયો છે, કારણ કે પ્રાણીને એક વાર ચિંતામણિરત્ન પ્રાપ્ત થઇ જાય પછી તેને કદિ દળદર પ્રાપ્ત થતું નથી અને તે દરિદ્રી થવાને યોગ્ય પણ રહેતો નથી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે ખેચરના અધિપતિ રત્નચૂડે અત્યંત સુંદર વાણીવડે વિમળકુમારને અભિનંદન આપ્યા પછી બહુ ભક્તિપૂર્વક ચૈત્યનાથ શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર કર્યા. ત્યાર પછી પ્રથમ વિમળે તેને વંદન કર્યું અને તેણે પણ પછી ઘણા સ્નેહપૂર્વક હોંસથી વિમળકુમારને પ્રણામ કર્યા અને શુદ્ધ જમીન તપાસીને બેઠા. ચૂતમંજરી પણ વંદન નમસ્કાર વિગેરે યોગ્ય કાર્ય કરીને થોડા વખતમાં ત્યાં આવી અને તેમની પાસે બેઠી. સર્વ ખેચરો અને વિદ્યાધર રાજાઓ પણ મસ્તક નમાવતા જમીન પર બેઠા. બન્નેએ (વિમળકુમારે અને રત્નચૂડે) એકબીજાની તંદુરસ્તીના સમાચાર પૂછ્યા અને આનંદસમાચાર મળ્યા પછી બન્ને વાત કરવા લાગ્યા.

ઢીલ થવાનાં કારણોનું નિવેદન.
રત્નચૂડને મહા વિદ્યાઓની પ્રાપ્તિ.
રાજ્યાભિષેકે પણ નિઃસ્પૃહ.
બુધસૂરિનો ગુપ્ત સંદેશો, તત્કથન.

રત્નચૂડ—"મહા ભાગ્યવાન્ બંધુ! મને અહીં આવતા વધારે વખત થઇ ગયો તેનું કારણ શું હતું તે તું સાંભળ. વળી તેં મને કહ્યું હતું કે મારે બુધ આચાર્યને લઇને અહીં જલ્દી આવવું તેમને પણ હજુ સુધી હું લઇ આવી શક્યો નથી તેનું કારણ પણ કહું છું તે તું સાંભળ. તારી પાસેથી છૂટો પડ્યો એટલે તુરત જ હું વૈતાઢ્ય પર્વત ઉપર મારા નગર તરફ ગયો અને ત્યાં જઇને જોઉં છું તો મારી માતા શોકથી બાવરી થઇ ગઇ હતી અને મારા પિતાશ્રી પણ દિલગીરીથી વિહ્વળ થઇ ગયા હતા; તેમને મેં ધીરજ આપી અને તેમની પાસે તે આખો દિવસ રહ્યો. એ દિવસ તો અરસ્પરસ મેળાપથી બહુ આનંદકારી થઇ ગયો હતો તે એમ જ પસાર થઇ ગયો. પછી દેવ-પ્રભુને નમસ્કાર કરીને હું પલંગમાં સુતો. પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવાનનું ધ્યાન કરતાં મને દ્રવ્યથી નિદ્રા આવી ગઇ, પણ ભાવથી નિદ્રા ન આવી. (મતલબ બાહ્ય નજરે હું ઉંઘતો હોઉં એમ જણાય, પણ અંદરથી હું જાગતો હતો.) એ અવસરમાં 'હે ભુવનેશ્વરના ભક્ત! મહા ભાગ્યશાળી! ઉઠ, ઉઠ!' એવા મનોહર શબ્દો મારે કાને પડ્યા એટલે હું જાગી ગયો. તે વખતે પોતાનાં તેજથી જેમણે દિશાઓને પણ તેજસ્વી કરી દીધી છે એવી અનેક દેવીઓ મારી આગળ ખડી રહી હોય તેમ મને લાગ્યું. મેં એકદમ સંભ્રમમાં ઉઠવા રૂપ તેમનું અતુલ્ય પૂજન કર્યું. તેઓ મારા વખાણ કરતી સર્વે મને કહેવા લાગી 'હે નરો-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમ ! તમારા મનમાં જિનવર ભાષિત ધર્મ સ્થિર થયો છે તેથી તમે ખરેખર ધન્ય છો, કૃતકૃત્ય છો અને અમારી જેવાને પૂજવા યોગ્ય છો. અમે [1]રોહિણિ વિગેરે વિદ્યાઓ છીએ, તમારા પુણ્યના જોરથી પ્રેરાઇને તમને વરવા માટે અમારી જાતે જ ચાલી ચલવીને અહીં આવ્યા છીએ. તમારા અત્યંત નિર્મળ ગુણથી અમે તમોને વશ થઇ ગયા છીએ અને અમે સર્વે અંતઃકરણપૂર્વક તમારા અત્યંત અનુરાગી થયા છીએ. હે ધીર ! જે ભાગ્યશાળીનાં હૃદયમાં ભગવાનને નમસ્કાર રહેલો છે અને તેને જે જગતમાં પ્રકાશિત કરી રહ્યો છે તેનું શાસન તો સર્વદા જગતમાં જાગતું જળતું રહે છે અને કોઇ પણ વસ્તુ એને મળવી દુર્લભ છે જ નહિ. અમે પંચપરમેષ્ઠિ નમસ્કાર (નવકાર) રૂપ મંત્રના જોરથી તમારી સાથે જોડાઇ ગયેલી છીએ અને અમારી મેળે આવીને તમારી દાસી થઇ ગયેલી છીએ. હે પુરૂષોત્તમ ! અમે તમારા શરીરમાં પ્રવેશ કરશું. તમે ભવિષ્યમાં ચક્રવર્તી થશો. અમારા આદેશથી આ વિદ્યાધરોનું મોટું લશ્કર છે એ સર્વે અત્યારે તમારા તાબામાં આવ્યું છે. એ આખું લશ્કર દરવાજા ઉપર ઊભું છે." તેઓ આમ કહેતી હતી તે જ વખતે ઝૂલતાં કુંડળ બાજુબંધ અને મુગટનાં મણિઓથી દિશાઓને દિપાવતા અનેક ખેચરો આવીને મને નમી પડ્યા.

"હવે તે વખતે ઘણા જોરથી પ્રભાતની નોબતના ઉદયના સૂર સાથે ગડગડાટ થવા લાગ્યા અને કાલનિવેદકે જણાવ્યું કે—

"આ સૂર્ય લોકમાં પોતાના સ્વભાવથી ઉદય પામ્યો છે, તે
"દૃષ્ટિને વધારે પ્રસાર આપે છે અને મનુષ્યોને પ્રબોધ કરે
"છે (દૃષ્ટિને પ્રસાર તે સ્થૂળ દૃષ્ટિનો વિસ્તાર સમજવો અને
"પ્રબોધ એટલે જાગવું-નિદ્રા દૂર કરવી એ અર્થ સમજવો).
"વિશુદ્ધધર્મની પેઠે એ સૂર્ય સુંદર અનુષ્ઠાનનું કારણ બને છે
"(સુંદર અનુષ્ઠાનો દિવસે થાય છે) અને સર્વે સંપત્તિઓને
"તે મેળવી આપનાર છે. તેથી હે લોકો ! તમે ઉઠો, જાગ્રત
"થાઓ અને વિશુદ્ધ ધર્મમાં આદર કરો કે જેથી તમે કદિ
"ખ્યાલ પણ ન કર્યો હોય તેવી સંપત્તિઓ તમને પ્રાપ્ત થાય."

"આ પ્રમાણે કાળનિવેદકના શબ્દો સાંભળીને મેં મારાં મનમાં ચિંતવના કરી. અહો ભગવાને ભાષેલા વિશુદ્ધ ધર્મનો મહિમા

[1] રોહિણિઃ એ મહાવિદ્યાની અધિષ્ઠાયિકા દેવી છે. નમિવિનમિને એ વિદ્યા ધરણેંદ્રે આપી હતી. એનો નિર્દેશ આદિશ્વર ચરિત્રમાં છે. સોળમાંની તે એક મહાવિદ્યા છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કેટલો જબરો છે કે મારા સ્વપ્નામાં પણ ખ્યાલ ન હોતો છતાં આ વિદ્યાઓ મને પોતાની મેળે સિદ્ધ થઇ!! પરંતુ એમાં હરખાઇ જવાનું નથી, એમાં રાચી માચી જવાનું નથી. ખરેખર આ તો મને એક અંતરાય-વિઘ્ન ઊભું થયું. કદાચ હવે મારાથી બંધુ વિમળ સાથે દીક્ષા લેવાનું બની શકશે નહિ. કારણ કે [1]પુણ્યાનુબંધી પુણ્યને પણ ભગવાને સોનાની બેડી જેવું કહ્યું છે. હવે બીજી રીતે વિચારૂં તો ચંદન સિદ્ધપુત્રે અગાઉથી જ કહ્યું હતું કે હું વિદ્યાધરનો ચક્રવર્તી થઇશ અને વિમળકુમારે મારાં શારીરિક લક્ષણો પરથી એ વાતને ટેકો આપ્યો હતો. તો હવે એમાં બીજું શું કરવું? એમ જ બનવાનું હોય એમ લાગે છે[2]. આ પ્રમાણે હું વિચાર કરતો હતો ત્યાં તો વિદ્યાદેવીઓએ મારા શરીરમાં પ્રવેશ કર્યો અને વિદ્યાધરોએ મારો રાજ્યાભિષેક કરવાની શરૂઆત કરી દીધી: અનેક જાતનાં કૌતુકો રચવામાં આવ્યાં, અનેક મંગળ કરવામાં આવ્યાં, પવિત્ર તીર્થોમાંથી જળ મંગાવવામાં આવ્યું, ચૌદ રત્નો પ્રગટ થયાં અને સોનાના અને રત્નના કળસો તૈયાર કરવામાં આવ્યા. આવી રીતે અત્યંત આનંદ અને મહોત્સવપૂર્વક મારો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

"બંધુ વિમળ! ત્યાર પછી દેવની પૂજના કરતાં, ગુરૂ અને વડીલ વર્ગને સન્માન આપતાં, રાજ્યનીતિનું બરાબર સ્થાપન કરતાં પ્રધાનમંડળ અને નોકરવર્ગની બરાબર નીમણુકો કરતાં, હાથનીચેનાં રાજ્યો તરફથી આવતી ખંડણી અને પ્રણામને સ્વીકારતાં અને નવીન રાજ્યને ઉચિત સર્વ વ્યવસ્થાઓ ગોઠવતાં મારા કેટલાક દિવસો વ્યતીત થયા. એ કામમાંથી જરા ફારેગ થતાં જ મને તારો આદેશ યાદ આવ્યો અને તુરત જ મનમાં આવ્યું કે- વિમળબંધુએ કહ્યું છે તે પ્રમાણે હજુ સુધી મેં બુધઆચાર્યની શોધખોળ પણ કરી

---

૧ **પુણ્યાનુબંધી પુણ્ય:** જે પુણ્યનો ઉપભોગ થતાં નવું પુણ્ય બંધાય તેને 'પુણ્યાનુબંધી પુણ્ય' કહેવામાં આવે છે. ધનનો સખાવતમાં વિવેકપૂર્વક ઉપયોગ કરવો, દાન કરવું એ **પુણ્યાનુબંધી પુણ્ય** છે. મોજશોખ શરીરસુખ અને આનંદવિલાસમાં ધન શરીરનો ઉપયોગ કરવાથી **પાપાનુબંધી પુણ્ય** ભોગવાય છે. એવી રીતે પાપના ઉદય વખતે હાયવોય કરવાથી પાપ બંધાય તેને **પાપાનુબંધી પાપ** કહેવાય છે જ્યારે સમતાથી વેદતાં પુણ્યબંધ થાય તેને **પુણ્યાનુબંધી-પાપ** કહેવામાં આવે છે. આમાં પુણ્યાનુબંધી પુણ્ય ઉત્કૃષ્ટ છે, છતાં પુણ્ય પણ આખરે કર્મ છે, સંસારમાં રખડાવનાર છે, ભોગવવું પડે જ છે, તેથી તત્ત્વદૃષ્ટિએ ત્યાજ્ય છે, પ્રાજ્ઞો તેમાં રાચી જતા નથી.

૨ નિઃસ્પૃહતા કેટલી ઉત્તમ છે તે અત્ર વિચારવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ અને તેમને મારા બંધુની પાસે લઇ પણ ન ગયો! અરેરે! મારો તે કેટલો પ્રમાદ! કેટલું આળસ! કેવી ભૂલ! ત્યાર પછી એ મહાત્માની શોધ કરવા સારૂં હું જાતે જ ઘણા ભૂમિપ્રદેશમાં ફર્યો, દૂર દેશ ગયો અને મેં આચાર્યની શોધ કરી. આખરે એક નગરમાં તેઓશ્રીનો મને પત્તો લાગ્યો. તેમને મળતાં જ તેઓશ્રી સન્મુખ તારી સર્વ હકીકત મેં જણાવી દીધી. તેઓશ્રીએ મને કહ્યું "તું અહીંથી જા અને વિમળને આ પ્રમાણે જણાવ. હું તારી પછવાડે આવીશ. વિમળના સગાંસંબંધીઓને બોધ કરવાનો એ જ ઉપાય છે, બીજો કાંઇ ઉપાય નથી."

### વામદેવ સંદેશો સમજ્યો નહિ.
### ઢીલનો ખુલાસો અને પ્રેમ-આભાર.

પછી બુધસૂરિએ જે [1]સંદેશો રત્નચૂડને કહ્યો હતો તે વિગતવાર રત્નચૂડે વિમળકુમારના કાન પાસે જઇ ધીરેથી સંભળાવ્યો. (વામદેવ કહે છે કે હે અગૃહીતસંકેતા!) એણે ખાનગીમાં જે સંદેશો કહ્યો તે મારા સાંભળવામાં ન આવ્યો. આ પ્રમાણે સંદેશો આપીને પછી રત્નચૂડે વિમળકુમારને સર્વ સાંભળે તેવી રીતે કહ્યું "આ કારણને લઇને અહીં આવવામાં મને ઢીલ થઇ અને એટલા માટે બુધસૂરિને સાથે લઇને હું આવ્યો નથી." વિમળકુમારે જવાબમાં કહ્યું "બંધુ! તેં બહુ જ સારૂં કર્યું."

ત્યાર પછી હું, વિમળકુમાર, રત્નચૂડ, ચૂતમંજરી અને ખેચરો નગરમાં આવ્યા. રત્નચૂડ ત્યાં બે ત્રણ દિવસ ઘણા આનંદથી રહ્યો અને ત્યાર પછી પોતાને સ્થાનકે ગયો.

૧ આ સંદેશો શો હતો તે આવતા પ્રકરણ બારમામાં સમજાશે.

૬૭

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૧ મું.

## પ્રતિબોધ રચના.

વિમળકુમારની વિરક્તિ.
ધવળરાજની મોહચિંતા.
વ્યવહારૂ નીકાલની ધારણા.

અતિ કુશળ ભાવનો ખાસ અભ્યાસ કરેલો હોવાને લીધે, કર્મજાળ તદ્દન હીન થઇ ગયેલ હોવાને લીધે, જ્ઞાનની ઘણી વિશુદ્ધિ થઇ ગયેલી હોવાને લીધે, એકંદર ઇંદ્રિયના વિષયો તજવા યોગ્ય સમજાવાને લીધે, પ્રશમ (શાંતિ) ભાવ ગ્રહણ કરવા યોગ્ય હોવાને લીધે, કોઇ પણ પ્રકારનું ખરાબ ચરિત્ર-વર્તન વિદ્યમાન ન હોવાને લીધે, આત્મવીર્ય ઘણું પ્રબળ થઇ ગયેલ હોવાને લીધે, તેમ જ પરમપદપ્રાપ્તિનો કાળ તદ્દન નજીક આવી ગયેલ હોવાને લીધે (ઉપરની હકીકત બન્યા પછી) વિમળકુમાર રાજ્યલક્ષ્મીમાં રાચી માચી જતો નથી, શરીરની કોઇ પણ પ્રકારની શોભા કે આળપંપાળ કરતો નથી, અનેક પ્રકારની જૂદી જૂદી લીલાઓનું લાલન કરતો નથી, લોકપ્રચલિત સાધારણ ધર્મના સંબંધની ગંધમાત્ર પણ અભિલાષા રાખતો નથી અને આ સંસાર રૂપ કેદખાના ઉપર તદ્દન વિરક્ત મનવાળો થઇને અને શુભ ધ્યાનમાં લીન થઇને પોતાનો વખત સારી રીતે નિર્ગમન કરે છે.

વિમળકુમારને એવા પ્રકારનો વિરક્ત ચિત્તવાળો જોઇને તેના પિતા ધવળરાજ અને માતા કમળસુંદરીને ચિંતા થઇ કે- અહો! આ વિમળકુમારની સુંદર તંદુરસ્ત જુવાની હોવા છતાં, કુબેરભંડારીના વૈભવને પણ હસી કાઢે તેવો વૈભવ હોવા છતાં, દેવાંગનાઓના લાવણ્યને પણ હસી કાઢે તેવી મોટા રાજાઓની કન્યાઓને જોવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છતાં, કામદેવના રૂપનો તિરસ્કાર કરે તેવું તેનું અત્યંત રમણીય રૂપ હોવા છતાં, સાથે વળી કળાઓમાં પણ પોતે સંપૂર્ણ કાબેલ હોવા છતાં, શરીરે તદ્દન નિરોગી છતાં, તેમ જ ઇંદ્રિયોની સામગ્રીથી પણ પરિપૂર્ણ હોવા છતાં અને તેને કોઇ મુનિનું દર્શન[1] હજુ સુધી થયેલ ન હોવા છતાં એના ઉપર જુવાનીનો જરા પણ વિકાર અસર કરતો નથી, એ અડધી આંખે કોઇના ઉપર કટાક્ષ પણ નાખતો નથી, આડાઅવળા સ્ખલના પામતા મન્મન વચનો તે કદિ બોલતો નથી, ગાવા બજાવવાની કળાનો કદિ ઉપયોગ કરતો નથી, ઘરેણાં ગાંઠાંનું બહુમાન કરતો નથી, મદથી અંધ થઇ જાય તેવી સ્થિતિને સ્વીકારતો નથી, સરળતાથી જરાએ દૂર ખસતો નથી (સરળતા મૂકતો નથી) અને વિષયસુખનું તો નામ પણ લેતો નથી! અરે આવું સંસારથી તદ્દન વિમુખ થઇ ગયેલું તેનું અલૌકિક (અસાધારણ) ચરિત્ર તે કેવું! જો એ છોકરો વિષયસુખથી વિમુખ થઇને આમ સાધુની પેઠે જ રહે તો આપણને આ રાજ્ય મળ્યું છે તે પણ તદ્દન નકામું થાય, આપણી પ્રભુતા ફોકટની થાય, આપણો વૈભવ બધો નિષ્ફળ થાય અને આપણું જીવતર ઝેર થાય, આપણે જીવતે મુવા જેવા જ થઇ જઇએ. ત્યારે હવે એ છોકરો વિષયોમાં કેવી રીતે પ્રવૃત્તિ કરે એ સંબંધમાં રાજારાણી વચ્ચે વિચાર ચાલ્યો. બન્નેએ એકાંતમાં ખૂબ વિચાર કર્યો અને પછી એવા નિર્ણય ઉપર આવ્યા કે વિષયસુખનો અનુભવ કરવા માટે (પરણવા સારૂં) તેઓએ જાતે જ વિમળકુમારને કહેવું. તેઓએ એમ માની લીધું કે પુત્ર ઘણો વિનયી છે અને વળી સાથે દાક્ષિણ્યનો ભંડાર છે તેથી માબાપના વચનને કદિ ઉલ્લંઘશે નહિ.

**માત પિતાની સુખ અનુભવ પ્રેરણા.**
**દુઃખ દૂર કરવાની વિમળ કુમારની વૃત્તિ.**
**વિકટ રાજ્યધર્મની ભાવનાનું સ્પષ્ટીકરણ.**
**પ્રતિબોધરચનાના પ્રથમ પ્રવેશનો પ્રારંભ.**

*પિતા માતાએ વાત શરૂ કરી.*

ધવળરાજે અને કમળસુંદરીએ ઉપર પ્રમાણે વિચાર કર્યા પછી એક દિવસ બન્ને વિમળકુમાર પાસે આવ્યા અને પ્રસંગ લઇને તેને કહેવા લાગ્યા—"ભાઇ! અમે સેંકડો મનોરથ કર્યા ત્યારે તેના ફળરૂપે તું અમને પ્રાપ્ત થયો છે, બહુ ચિંતા અને અભિલાષાઓનું ફળ

---

૧ મુનિદર્શન વૈરાગ્યનું કારણ છે, એવો પ્રસંગ કુમારને બન્યો નથી છતાં આ શું? એવો રાજારાણી વિચાર કરે છે.

અમને મળ્યું છે. તું હવે રાજ્યની ધોંસરી ઉપાડવાને પણ શક્તિમાન થયો છે. ત્યારે તારી અવસ્થાયોગ્ય વર્તન તું શા માટે કરતો નથી? હવે રાજ્યનું કામ હાથમાં કેમ લેતો નથી? તું શા માટે રાજ્યકન્યાઓનું પાણિગ્રહણ કરતો નથી? અનેક પ્રકારના ઇંદ્રિયના આનંદી વિષયોનો શા માટે અનુભવ કરતો નથી? કુળસંતાનોની વૃદ્ધિ કેમ કરતો નથી? આપણી આવી શાંત અને સુખી પ્રજાને આનંદ કેમ ઉપજાવતો નથી? આપણા સગા સંબંધી બંધુઓને આહ્લાદ કેમ ઉત્પન્ન કરતો નથી? તારા તરફ પ્રેમ બતાવનારને તું સંતોષ શા માટે આપતો નથી? આપણા પિતૃદેવોનું શાંતિતર્પણ શા માટે કરતો નથી? તારો મોટો મિત્રવર્ગ છે તેનું યોગ્ય સન્માન શા માટે કરતો નથી? અને અમારૂં આ વચન સ્વીકારીને અમને પુષ્કળ આનંદ શા માટે કરાવતો નથી?"

કુમારે તકનો લાભ લીધો.

પોતાનાં માતાપિતાનાં આવાં વચન સાંભળીને વિમળકુમારે મનમાં વિચાર કર્યો કે- માબાપે વાત તો બહુ સારી કરી, અત્યારે પ્રસંગ ઠીક મળી ગયો છે, તેઓને પ્રતિબોધ કરવાનો આ ઉપાય બહુ સારો નીવડશે એમ લાગે છે. તેમણે જે વાત કરી તે જ દ્વારા તેમને ઉપદેશ લાગે એવી વ્યવસ્થા હવે થઇ શકવી સંભવીત લાગે છે. પોતાનાં મનમાં આ પ્રમાણે વિચાર કરી વિમળકુમારે વિનયભાવે જવાબ આપતાં માતાપિતાને જણાવ્યું "આપ પિતાશ્રી મને જે આજ્ઞા કરો અને આપ માતાજી પણ મને જે હુકમ કરો તે સર્વ મારે ખાસ કરવા યોગ્ય જ હોય, એમાં સંકલ્પ વિકલ્પ કરવા ઘટે જ નહિ, કરવા યોગ્ય ગણાય પણ નહિ; પરંતુ મારો એ બાબતમાં એવો વિચાર છે કે **આપણા આખા રાજ્યમાં રહેનારા સર્વે લોકોનાં દુ:ખો દૂર કરી તેઓને સુખ નીપજાવી પછી જો હું જાતે સુખનો અનુભવ કરૂં** તો તે વધારે સારૂં કહેવાય. રાજ્યની ખરી સાર્થકતા એ પ્રમાણે જ થઇ શકે છે, બીજી કોઇ પણ રીતે થઇ શકતી નથી; રાજાનો એ ખાસ ધર્મ છે અને એમ કરવામાં જ એની પ્રભુતા છે. મારા સમજવામાં આવ્યું છે કે.[1]-

---

૧ જે કોઇ **પ્રભુતા-શેઠાઇ** અથવા અમલ ભોગવવાની સ્થિતિમાં હોય તેમણે આ શ્લોક ગોખી રાખી તે પ્રમાણે વર્તન કરવા યોગ્ય છે. શેઠાઇ કે અમલ ભોગવવા કરતાં નીચેના વર્ગને સુખ કેમ થાય તેની વિચારણા અને વર્તના એ જ ખરી પ્રભુતા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विधाय लोकं निर्बाधं स्थापयित्वा सुखेऽखिलम् ।
यः स्वयं सुखमन्विच्छेत्स राजा प्रभुरुच्यते ॥
यस्तु लोके सुदुःखार्ते सुखं भुंक्ते निराकुलः ।
प्रभुत्वं हि कुतस्तस्य कुक्षिंभरीरसौ मतः ॥

"રાજ્યધર્મ આ પ્રમાણે છે:– સર્વ પ્રજાજનોને બાધા–પીડા "વગરના કરીને તે સર્વને સુખભરપૂર સ્થિતિમાં સ્થાપન કરવા. એ "પ્રમાણે પ્રજાને–સર્વ જનને સુખમાં સ્થાપન કરીને પછી જે પ્રાણી "પોતાનું સુખ શોધે છે તે જ રાજા ખરેખરો પ્રભુ કહેવાય છે. પો- "તાની પ્રજા અથવા હાથ નીચેના લોકો અનેક પ્રકારનાં દુઃખો ભોગ- "વતાં હોય, દુઃખમાં સબડતાં હોય. તેવે વખતે તદ્દન આકુળતા વગર "જે રાજા કે પ્રભુ (શેઠ) પોતે સુખ ભોગવે છે તેનામાં પ્રભુતા ક્યાં "રહી? તે તો માત્ર પેટભરો જ કહેવાય. આવો વિચક્ષણ માણ- "સોનો અભિપ્રાય છે."

મનોનંદનમાં વિમળઆનંદ.

"પિતાજી! માતાજી! આ પ્રમાણે રાજ્યધર્મ મને જણાય છે. હવે આપણે આપણી હકીકત જોઇએ તો શું જણાય છે તે આપ વિચારી જુઓ. અત્યારે વખત કેવો વર્તે છે! આ સખ્ત ઉન્હાળાને લઇને આખી પૃથ્વી સંતાપમાં પડી ગઇ છે, લોકો તાપથી હેરાન થઇ ગયા છે; તેથી હું તો આ મનોનંદન[1] નામના ઉદ્યાનમાં જ રહીશ, આપણો બંધુવર્ગ મારી સાથે રહેશે, મારા મિત્રો પણ મારી આસપાસ નજીકમાં જ રહેશે, ઉન્હાળામાં રાજાઓ જેવા પ્રકારની લીલા કરે છે તે કરતો, આપશ્રી બન્ને મને જેમ ફરમાવો છો તે પ્રમાણે વર્તતો, હું તો ત્યાં જ રહીશ; માત્ર આપ રાજપુરૂષોને એટલો હુકમ કરી દો કે જે કોઇ પ્રાણી દુઃખ અથવા ત્રાસથી હેરાન થઇ જતા હોય તેમને સર્વને શોધી શોધી મારી પાસે લાવે અને તે (દુઃખી વર્ગ) સર્વે પણ મારી સાથે સુખને અનુભવે તેવી ગોઠવણ કરે. આવા પ્રકારની યોજના કરો એટલે રાજ્યધર્મ જળવાશે અને આપની આજ્ઞાનું પણ મારાથી બરાબર પાલન થશે."

વિમળકુમારનો આવો જવાબ સાંભળીને તેના માતપિતા બહુ રાજી થયા અને બોલ્યા કે "અહો પુત્ર! વડીલનું માન રાખનાર અમારા લાડકવાયા! તું ઘણું જ સારૂં બોલ્યો, તારા જેવા વિવેકીને આ પ્રમાણે બોલવું અને વર્તવું બરાબર યોગ્ય છે."

૧ મનોનંદન ઉદ્યાનનો આધ્યાત્મિક ભાવ સુજ્ઞ વાંચનારે વિચારી લેવો.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

શીતળ ગૃહવર્ણન, કુમારનો પ્રવેશ.
જનસમુદાયના સુખની સુંદર વ્યવસ્થા.
લોકોની સુખ સગવડ. માતપિતાનો સંતોષ.

## હિમભવન યોજના.

પછી ધવળરાજ મહારાજાના હુકમથી તે વખતે તુરતમાં એ મનોનંદન ઉદ્યાનમાં એક વિશાળ હિમગૃહની[1] યોજના કરવામાં આવી: એ હિમગૃહ ઉપર કમળનાં પાંદડાંઓ પાથરી દેવામાં આવ્યાં, નિરંતર નવાં કમળો પથરાયાં કરે એવી યોજના થઇ, નીલરત્ન જેવાં લીલાં કેળનાં ઝાડો ચારે તરફ બાંધી દેવામાં આવ્યાં અને તે ભવનમાં એક બનાવટી ઘરનદી ગોઠવી દેવામાં આવી જેમાં કપૂર વિગેરે સુગંધી પદાર્થોથી મઘમઘાયમાન થતું પાણી નિરંતર ચાલ્યા જ કરે એવી યાંત્રિક રચના કરવામાં આવી અને ચંદન તથા કપૂરના પાણીથી ચારે તરફ ગાર કરવામાં આવી અને ભીંતોમાં ચારે તરફ સુગંધી વાળા, કમળનાળનાં તંતુઓ અને નાળોથી જૂદા જૂદા વિભાગો પાડી હિમભવનને તૈયાર કરવામાં આવ્યું. ઉન્હાળાની ગરમીના સંતાપને દૂર કરનાર અને શિશિર( શિયાળા )ના જેવા પરંતુ સુખકર કંપને ઉત્પન્ન કરે એવા એ હિમભવનમાં શિશિર ઋતુના નવપલ્લવ સમાન સુંદર રંગબેરંગી શય્યાઓ રચવામાં આવી અને ઠંડાં સુખ આપનાર નરમ આસનો ત્યાં ગોઠવવામાં આવ્યાં. આવી રીતે જ્યારે હિમભવન તૈયાર થઇ ગયું ત્યારે વિમળકુમારનો લોકસમુદાય સહિત ત્યાં પ્રવેશ કરાવવામાં આવ્યો. પછી સર્વ લોકસમુદાય જે વિમળકુમાર સાથે ત્યાં દાખલ થયો તેમને અને વિમળકુમારને સુંદર ચંદનનાં વિલેપન કરવામાં આવ્યાં, કપૂરની પરાગથી સર્વને ઢાંકી દેવામાં આવ્યા, સુગંધી [2]પાટલા ( લોધ્ર )ના ફૂલોની માળાઓથી સર્વને વીંટી લેવામાં આવ્યા, સર્વને મોગરાના પુષ્પોથી સુશોભિત કરવામાં આવ્યા, સર્વના શરીર સાથે મુક્તાફળ ( મોતી અથવા એ નામનાં ફળ )નાં સમૂહોનું આલિંગન કરાવવામાં આવ્યું, સર્વને તદ્દન પાતળાં અને કોમળ વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં, ઝીણો ઠંડો વરસાદ વરસાવતા હોય તેવા સુગંધી ઠંડા પંખાઓ સર્વને વીંઝાવવામાં

જનસુખ અને અલિપ્ત વિલાસની વિમળ યોજના.

---

૧ હિમગૃહઃ ઉન્હાળામાં ઠંડક આપનાર ઘટાવાળો મંડપ. Summer house.

૨ પાટલા—લોધ્ર જાતનાં વૃક્ષ થાય છે તેનાં ફુલની માળા. પાટલનો અર્થ ગુલાબી પણ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યા, સર્વને બહુ રસમય લાગે તેવો સાત્ત્વિક આહાર તૈયાર કરી જમાડવામાં આવ્યા, સર્વને સુગંધી તાંબૂળથી રાજી કરવામાં આવ્યા, મનને હરણ કરનાર મધુર અને અસ્પષ્ટ ગીતોથી સર્વને પ્રમોદ ઉપજાવવામાં આવ્યો, આંગળી વિગેરેથી લટકા કરીને પ્રવર્તતા સુંદર વિવિધ પ્રકારના નાચો વડે આનંદ ઉપજાવવામાં આવ્યો, સુંદર ચેષ્ટાઓ કરતી મનોહર વિલાસી સ્ત્રીઓનાં કમળપત્ર જેવાં ચપળ લોચનોની હારોની હારોનું અવલોકન કરાવી અત્યંત હર્ષ ઉપજાવવામાં આવ્યો અને કુમાર સહિત સર્વ લોકો જાણે તે વખતે રતિસાગરમાં ડૂબી ગયા હોય તેમ સ્પષ્ટ દેખાવ કરી દીધો. વિમળકુમારે પોતાના માતપિતાને પ્રમોદ ઉપજાવવા સારૂ એવી સુંદર યોજના કરી દીધી કે સર્વ લોકોને પોતાના આત્માથી વધારે બાહ્ય સુખ મળે અને એ હકીકતથી માતપિતાને પણ ઘણો આનંદ થાય. (લોકને માટે આનંદવૈભવનાં સાધનો કુમારે યોજ્યાં અને સર્વને ઘણું સુખ થાય તેવી વ્યવસ્થા કરી દીધી).[1] ઉપર જણાવ્યું તે પ્રમાણે રાજ્ય તરફથી તે વખતે નોકરવર્ગને હુકમ થયો હતો કે 'જે કોઇ પ્રાણીને કોઇ પણ પ્રકારનાં દુઃખ કે ત્રાસ હોય તે સર્વને એ હિમભવનમાં લઇ આવવા'–તે હુકમ પ્રમાણે દુઃખી કે હેરાન થતાં સર્વ માણસોને એ હિમભવનમાં લઇ આવવામાં આવતા હતા અને ત્યાં જે જે માણસો આવતા હતા તે સર્વનાં દુઃખો દૂર કરવામાં આવતાં હતાં, તેમને અત્યંત આનંદ ઉપજાવવાને માટે બની શકતી સર્વ સગવડ અને અનુકૂળતાઓ કરી આપવામાં આવતી હતી. વિમળકુમાર જે ભવિષ્યનો રાજા હતો તે આવી રીતે ધવળરાજને (પિતાને) સર્વ પ્રકારે સંતોષ આપતો હતો. તેને આવી રીતે સુખસાગરમાં ઉતરેલો જોઇને રાજાએ આખા નગરમાં અત્યંત આનંદ મહોત્સવ કરાવ્યો અને આખી પ્રજાને હર્ષ થાય તેવાં આનંદનાં સાધનો રચાવી લોકોમાં નવો તહેવાર ઉજવાવ્યો.

### પ્રતિબોધ રચનાનો બીજો પ્રવેશ.

દીનદુઃખીની શોધે નીકળી પડ્યા.
આખરે એક દુઃખીને(?) શોધી લાવ્યા.
તેની સાથે થયેલી વિચિત્ર પ્રશ્નાવળી.

---

૧ વિષયસુખની બાબતમાં કુમાર જરા પણ મન ઘાલે તો માબાપને આનંદ હતો, તે પોતે વિલાસ કરે છે કે નહિ તે સવાલ અત્ર નહોતો; બીજા સારૂ આનંદસાધન યોજે તો પણ માબાપને એમ થાય કે વારૂ, એ હવે ઇંદ્રિયવિષયસુખની બાબતમાં પડ્યો છે તો આગળ જતાં ઠેકાણે આવી જશે. વિમળકુમાર પોતે તો અલિપ્ત જ રહ્યો જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે મહારાજ ધવળરાજ સંતોષ પામ્યા, મહાદેવી કમળસુંદરી તુષ્ટમાન થયા અને આખા રાજ્યના સર્વ પ્રજાજન અને પ્રધાનમંડળ પ્રમોદ પામ્યા; કારણ અત્યારે તેઓની ધારણાથી ઉલટી રીતે વિમળકુમાર સુખસાગરમાં ડૂબકી મારતો તેમને દેખાતો હતો. એક દિવસ દીનઃદુખીને લઇ આવવા માટે જે પુરૂષોની યોજના કરી હતી તેઓ હિમભવનમાં દાખલ થયા અને તેઓએ[1] રાજાની આડો પડદો નાખી દીધો, તે પડદાની પછવાડે એક પુરૂષને તેઓએ બેસાડ્યો અને તેઓએ અંદર આવી મહારાજાને પ્રણામ સાથે વિજ્ઞપ્તિ કરી કે "મહારાજ! આપશ્રીના હુકમથી અમે દીનદુઃખીની તપાસ કરતા અહીં તહીં ફરતા હતા, એટલામાં અમારી તપાસમાં અમે એક ઘણાજ દુઃખી પુરૂષને જોયો એટલે તેને અહીં લઇ આવ્યા છીએ. એ અત્યંત ઘૃણા (જુગુપ્સા-કંટાળો) ઉપજાવે તેવો હોવાથી આપના દર્શનને યોગ્ય નથી તેથી અમે તેને પડદાની પછવાડે રાખ્યો છે; આપના હુકમ પ્રમાણે અમે તેને અહીં લઇ આવ્યા છીએ; હવે આપ મહારાજશ્રીનો એ સંબંધમાં જેમ હુકમ થાય તેમ કરીએ." ધવળરાજે પૂછ્યું કે "અહો ભદ્રો! તમે એને ક્યાં જોયો અને તે કેવી રીતે ઘણો જ દુઃખી છે એ હકીકત જણાવો."

દુઃખીની શોધ.

ધવળરાજનો આવો સવાલ સાંભળીને રાજપુરૂષોમાંનો એક હાથ જોડીને બોલ્યો-"આપશ્રીના હુકમ પ્રમાણે દુઃખ અથવા ત્રાસથી હેરાન થતાં લોકોને અહીં લઇ આવવા માટે અમે અહીંથી વિદાય થયા. પછી અમે પ્રથમ તો આપણું આખું નગર તપાસી લીધું તો ત્યાં તો સર્વ લોકોને સુખી અને આનંદી જોયા. ત્યાંથી પછી અમે જંગલમાં ગયા તો ત્યાં દૂરથી અમે આ પુરૂષને જોયો: તે વખતે બરાબર મધ્યાહ્નનો વખત હતો, પૃથ્વીનું તળિયું અગ્નિ જેવું ગરમ થઇ ગયું હતું અને જાણે તપાવેલ લોઢાનો પિંડો જ હોય તેવો સૂર્ય આકાશમાં રહી જગતને તપાવી રહ્યો હતો-એવે વખતે ભડભડ થતા અગ્નિ જેવા સૂક્ષ્મ ધૂળના જથ્થામાં પગમાં જોડા (ઉપાન) વગર એ પુરૂષને ચાલતો અમે જોયો. અમે ધાર્યું કે એ ઘણો જ દુઃખી હોવો જોઇએ, નહિ તો આવે વખતે પગમાં જોડા વગર ચાલે નહી. પછી અમે દૂરથી એને બોલાવ્યો. બૂમ

ખરો દુઃખી (?)

---

[1] જ્ઞાતિભ્રષ્ટ, ચંડાળ, નીચકર્મી અથવા વ્યાધિગ્રસ્ત સાથે રાજા સામસામી વાત કરતા નહિ, વચ્ચે પડદો નખાવવાનો રિવાજ અસલ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારી કે 'અરે ભાઇ! જરા ઊભો રહે, ઊભો રહે.' અમારો આવો સ્વર સાંભળીને તે જવાબમાં બોલ્યો કે 'હું તો સ્થિત જ છું, તમે જ સર્વે ચાલો છો'–આ પ્રમાણે કહીને તેણે તો ચાલવા માંડ્યું. એટલે હું તો ઉતાવળો ઉતાવળો તેની પછવાડે ગયો અને મહા મુસીબતે બળાત્કારથી તેને ઝાડની નીચે લઇ આવ્યો.[1] એનો શરીરનો રંગ જોતાં જાણે મોટા દવના અગ્નિથી બળી ગયેલ ઝાડનું ઠુંઠું હોય તેવો તે તદ્દન કાળો જણાતો હતો, ભુખથી એનું પેટ બેસી ગયું હોય તેવું દેખાતું હતું, એના હોઠ તરસથી સુકાઇ શોષાઇ જતા હોય તેવા જણાતા હતા, ચાલીને મુસાફરી કરવાથી થતો રસ્તાનો થાક તેનાં દુઃખી થઇ જતાં અવયવો ઉપર સ્પષ્ટ જણાઇ આવતો હતો, તેનાં શરીર ઉપર એટલો બધો પરસેવો થયેલો હતો કે તે પરથી તેનાં મનમાં અને તનમાં ઘણો જ તાપ હોય એમ દેખાઇ આવતું હતું, એનાં શરીરમાંથી કોઢ ગળ્યા કરતો હતો, એનાં શરીર ઉપર દેખાતાં કરમીઆનાં જાળાં એનું અત્યંત વ્યાધિગ્રસ્તપણું બતાવતાં હતાં, એના મુખ ઉપર એવો વિચિત્ર ભંગભાવ જણાતો હતો કે એ પરથી એનાં હૃદયમાં શૂળ જેવી વેદના થતી હોય એમ દેખી શકાતું હતું, એનાં સર્વ અવયવો ધ્રૂજતાં હતાં અને ગાલપર વૃદ્ધાવસ્થાની નિશાનિઓ સ્પષ્ટ જણાઇ આવતી હતી, એ એટલો ઊંડો અને ગરમ નિસાસો મૂક્યા કરતો હતો કે એના શરીરમાં મહાજ્વરે પ્રવેશ કર્યો હોય– તેને સખ્ત તાવ આવ્યો હોય એમ દેખાતું હતું, એની આંખોમાં ચીપડા અને મેલ એટલા હતા અને એની આંખોમાંથી એટલાં આસું ચાલ્યાં જતાં હતાં કે એથી એની દરિદ્રતા જણાઇ આવતી હતી, એનું નાક અંદર બેસી ગયું હતું, એનાં હાથપગો લગભગ સડી ગયા જેવા દેખાતા હતા, તેના માથાઉપરના મવાળાનો જાણે તુરતમાં જ લોચ કરવામાં આવ્યો હોય તેવું બોડું તેનું માથું દેખાતું હતું, એનાં શરીર ઉપર અત્યંત મેલાં વસ્ત્રના ટુકડા અને એક કમ્બલ હતાં, એણે બે તુંબડાંઓ એના ડાંડાઓ સાથે હાથમાં લીધા હતા અને ઉનની બનાવેલી એક પીંછી હાથમાં લટકાવી દીધી હતી–હે મારા સ્વામી! જ્યારે એને અમે જોયો, જ્યારે એની અત્યંત ભયંકર મુદ્રા અમારી નજરે પડી, તે વખતે એ સર્વ દુઃખોનો ભંડાર છે, એ દારિદ્રની છેલ્લી હદે બેઠેલો છે એમ અમને લાગ્યું અને જણાયું કે એ ખરેખર દયાને પાત્ર

(margin notes: દુઃખીનો દેખાવ. / વિચિત્ર વાતચીત.)

[1] આગળ આ પ્રસ્તાવના પ્રકરણ ૧૩ માં આ આખા દેખાવનો આધ્યાત્મિક ભાવાર્થ વિસ્તારથી બતાવશે. હાલ એ દરેક વાત વિગતવાર લક્ષ્યમાં રાખવી.



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

છે. એને જોતાં અમારા મનમાં તો એવો જ વિચાર થયો કે આ દુનિયામાં તે એક ખરેખર નારકીનો જ જીવ છે, અહીં રહી તે નારકીની પીડા અનુભવે છે. એવા પ્રત્યક્ષ નારકીના પ્રાણીને જોઇને અમે તેને કહ્યું 'અરે ભદ્ર! આવે ખરે બપોરે તું શું કરવા રખડે છે? અરે ભાઇ! જરા શીતળ છાયામાં નિરાંતે શા માટે બેસતો નથી?' પેલા દુઃખી માણસે અમને જવાબ આપ્યો 'ભદ્રો! હું મારે સ્વાધીન નથી, હું સ્વતંત્ર નથી. મારા ગુરૂ (વડીલ)ના હુકમથી હું રખડું છું, મારે તેમના હુકમને અનુસરવું પડે છે.' અમે તે વખતે વિચાર કર્યો કે અરેરે! આ બાપડો તો પરાધીન છે, અહાહા! આના આવા મોટા દુઃખનું કારણ તો વિચારતાં વધારે ત્રાસ આવે તેવું છે, એક તો એ આવી અત્યંત ખેદ ઉપજાવે તેવી સ્થિતિમાં છે અને છતાં વળી તે પરાધીન છે. પછી અમે એ દરિદ્રીને પૂછ્યું કે 'ભાઇ! આવી રીતે તું તારા ગુરૂનો હુકમ હમેશાં ઉઠાવીશ તો તેના પરિણામે તને તે શો લાભ કરશે તે તો તું અમને જણાવ.' અમારો આવો સવાલ સાંભળી એ દુઃખી માણસે અમને કહ્યું કે 'ભદ્રો! મારે માથે આઠ મોટા લેણદારો છે જેઓ જમ જેવા ભયંકર છે, દયા વગરના છે અને મને ઘણો ત્રાસ આવે તેવા છે. તેઓને ગ્રંથીદાન (કોથળીનું દાન અથવા ગાંઠ કાપવી–શ્લેષ) કરીને (દ્રવ્ય દઇને) એ મારા ગુરૂ મારા લેણદારોના ત્રાસથી મને છોડાવશે.' આવા ભીખારી દુઃખીનો આવો વિચિત્ર જવાબ સાંભળીને રાજન્! અમે વિચાર કર્યો કે– અહો! આ તો ભારે દુઃખની વાત છે! આને તો મોટી પીડા જણાય છે! આ બાપડાનાં દુઃખનું કારણ તો ભારે કષ્ટ આપે તેવું વિચાર કરતાં જણાય છે! એ બાપડો આવી અતિ અધમ દશામાં વર્તે છે છતાં પણ એને હજુ દાન લેવાની અને પોતાના દેવાથી મુક્તિ થવાની અતિ દુઃખદાયી આશા છે! આ તો દુઃખની હદ થઇ! આવા દુઃખી માણસથી વધારે દુઃખી માણસ આ દુનિયામાં આપણને મળવો પણ મુશ્કેલ જણાય છે! આવી દુઃખી સ્થિતિમાં પણ હજુ તેને દેવું દેવા માટે દાન મેળવવું છે અને એની આશાએ એ વિશેષ દુઃખો સહન કરે છે! આ તો દુઃખની હદ થઇ!! એ પ્રમાણે વિચાર કર્યા પછી અમે તે દરિદ્રીને કહ્યું– 'ભદ્ર! તું અમારી સાથે અમારા રાજા પાસે ચાલ, ત્યાં લઇ જઇને તારાં સર્વ દુઃખો દૂર કરાવીએ, તારૂં દારિદ્ર દૂર કરાવીએ અને તારૂં દેવું છે તે સર્વ પણ ફીટાવી દઇએ.' અમારી આવી માગણીનો તો તેણે ઘણો જ વિચિત્ર જવાબ આપ્યો. તે બોલ્યો કે– 'ભદ્રો! તમારે મારી ચિંતા કરવાની જરા પણ જરૂર નથી. તમારી જેવા કે તમારા રાજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા મને (દેવામાંથી) છોડાવી શકે એમ નથી.' આ પ્રમાણે બોલીને તેણે તો ત્યાંથી ચાલવા માંડ્યું. તેનું આવું વિચિત્ર વર્તન જોઇ અમે વિચાર કર્યો કે- આ દુઃખીઓ પ્રાણી ઘેલો થઇ ગયેલો જણાય છે, પરંતુ આપણા રાજાએ આપણને જે હુકમ ફરમાવેલો છે તે તો આપણે જરૂર અમલમાં મૂકવો જોઇએ, આપણે તો એને હુકમ પ્રમાણે મહારાજા સમક્ષ જરૂર લઇ જવો જ જોઇએ-આ પ્રમાણે વિચાર કરીને અમે તેને અહીં લઇ આવ્યા છીએ."

રાજસેવક પાસેથી આ સર્વ હકીકત સાંભળીને ધવળરાજે કહ્યું "અહો ! આ બાબત તો ઘણી નવાઇજેવી છે! મને પણ એમાં તો ઘણું કુતૂહળ જેવું લાગે છે, માટે મને એને જોવા દો, વચ્ચેથી પડદો ખસેડી નાખો.' તુરત જ રાજસેવકોએ વચ્ચેનો પડદો ખસેડી નાખ્યો એટલે તેમણે જેવા પ્રકારનું વર્ણન કર્યું હતું તેવો પુરૂષ ધવળરાજની નજરે પડ્યો. એવા વિચિત્ર દર્શનવાળા પુરૂષને જોઇને રાજા અને તેનો આખો પરિવાર ઘણો વિસ્મય પામ્યા.

## પ્રકરણ ૧૨ મું.

### ઉગ્ર-દિવ્ય દર્શન.

અત્યંત નવાઇ જેવો બનાવ બની રહ્યો છે, વિચિત્ર પ્રશ્નાવળી કરનાર દેખાવમાં ઘણો દુઃખી અને કદરૂપો પ્રાણી ધવળરાજ સમક્ષ ખડો થઇ ગયો છે, એની આંખનો અને હકીકતનો વેગ વિચિત્ર હોય એમ એના દેખાવે અને એના સંબંધી રાજપુરૂષે કહેલી વાતે છાયા પાડેલી છે અને સર્વ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા છે.

**વિમળની વિશિષ્ટ કલ્પના.**
**મહાનુભાવતાનું ઉચ્ચ ચિંતવન.**
**આંતર નમસ્કાર-માનસિક ધર્મલાભ.**

એ વખતે વિમળકુમારે પોતાના મનમાં વિચારણા કરી કે ખરેખર એ જ બુધ ભગવાન્ આવી પહોંચ્યા જણાય છે! અહો ભગવાન્

JAINSITE.com જૈન સાઇટ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે ધારે તેવું રૂપ કરી શકે તેવી તેમની શક્તિને ધન્ય છે! અહાહા! તેમની મારા ઉપર કેટલી દયા છે! અન્યના ઉપર ઉપકાર કરવાની એકસરખી તેઓશ્રીની સાત્ત્વિકવૃત્તિને ધન્ય છે! અહો! પોતાના સુખસગવડની તેમને કેટલી ઓછી દરકાર છે! કોઇ પણ પ્રકારના હેતુ કે અપેક્ષા વગરની તેઓની સજ્જનતાને ધન્ય છે! સન્ત પુરૂષો પોતાના સ્વભાવથી જ પોતાનાં કાર્યની અવગણના કરીને પારકાં-કામો કરવાનો હમેશાં ઉદ્યમ કર્યાં કરે છે—એ પ્રમાણે કરવું તે જાણે તેમની પ્રકૃતિ જ પડી ગયેલી હોય છે એમાં જરા પણ શંકા જેવું નથી. અથવા તો પારકાના હિતને માટે પ્રવૃત્તિ કરવી તે જ તેઓનું પોતાનું કાર્ય હોય એમ જણાય છે: સૂર્ય સવારથી સાંજ સુધી લોકોને ઉદ્યોત કરે છે તેમાં લોકોને પ્રકાશ કરવા ઉપરાંત શું બીજા કોઇ પણ પ્રકારનાં ફળની તેને અપેક્ષા હોય છે? તે તો માત્ર પરોપકાર કરવાના હેતુથી જ પ્રવૃત્તિ કરે છે અને પરોપકાર એ જ તેનું કાર્ય હોય એમ જણાય છે. સાધુ પુરૂષોને પોતાનું કાંઇ કામ હોય તો પણ તેના ઉપર તેઓ જરાએ લક્ષ્ય રાખતા જ નથી, એ બાબતમાં લાંછનવાળા ચંદ્રનું દૃષ્ટાન્ત બરાબર બેસતું આવે છે,[1] એ તો જગતને ઉદ્યોત કરવાનું કામ કર્યા જ કરે છે. મોટા બુદ્ધિશાળી પુરૂષો પારકા કાર્ય માટે પ્રવૃત્તિ કરે છે તે માટે તેઓને કાંઇ પ્રાર્થના કરવી પડતી નથી, તેઓને વિનંતિ કરવી પડતી નથી, તેઓ પાસે ખોળા પાથરવા પડતા નથી; વરસાદ સારી રીતે વરસી જગતમાં ધાન્ય આદિ વસ્તુઓની વૃદ્ધિ કરે છે, સૃષ્ટિને નવપલ્લવિત કરે છે ગરમીને શાંત કરે છે તેની કોણે પ્રાર્થના કરેલી હોય છે? કોણ તેમને વિનવવા ગયેલ હોય છે? કોણ તેમની પાસે ખોળા પાથરવા ગયેલ હોય છે? સાધુ પુરૂષો સ્વપ્નમાં પણ પોતાનાં શરીરનાં સુખની વાંછા કરતા નથી, પારકાનાં સુખ માટે અનેક પ્રકારના ક્લેશો સહન કરવાં, તાપ સહન કરવો, દુઃખ ભોગવવાં—તે જ તેઓનું ખરેખરૂં સુખ હોય છે. જેવી રીતે અગ્નિનો સ્વભાવ જ એવો છે કે તે ગરમી આપે છે તથા અનાજ વિગેરેને પકાવી આપે છે, જેમ અમૃતનો સ્વભાવ જ એવો છે કે પ્રાણીઓનાં જીવન ટકાવી રાખે છે તેવી રીતે દુનિયામાં પારકાં કાર્ય કરવાં એ જ સાધુઓનો સ્વભાવ હોય છે, તેઓની

---

૧ ચંદ્રમામાં લાંછન છે તેથી તેનું પ્રથમ કાર્ય તો પોતાનું લાંછન દૂર કરવાનું છે, છતાં તે કાર્ય તરફ આદર ન કરતાં લોકપ્રકાશનું કાર્ય તે હોંસથી કરે છે. (ચંદ્રના ડાઘો લાંછનરૂપે ગણવામાં આવે છે.) સૂર્યને પોતાનું કામ નથી, ચંદ્રને ઘરનાં કામનું ઠેકાણું નથી, છતાં એ પરોપકાર કર્યાં કરે છે. આ ખરૂં સજ્જનપણું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિ જ એવા પ્રકારની પડી ગયેલી હોય છે કે જેટલું બને તેટલું પારકાનું હિત કરવું. એવા સંત પુરૂષો જે પારકાનું હિત કરવામાં અને પરોપકાર કરવામાં સર્વદા તૈયાર રહે છે અને જે પોતાના સુખને ધનને અને જીવતરને પણ એક તરખલા જેવાં ગણે છે તેઓ જાતે જ અમૃત કેમ નથી? (તેઓની પરોપકારવૃત્તિ અને પોતાની જાત તરફ બેદરકારીને લઇને તેઓને અમૃત કહેવા એ ઉચિત જ છે.) એટલા ઉપરથી એમ જણાય છે કે એવા મહાત્માઓ પોતાની જાતથી પોતાના ગમે તેટલા ધનને કે જીવનને ભોગે પણ પારકાનું હિત કરવા માટે નિર્ણય કરીને જ રહેલા હોય છે. ખરેખર, એવા મહાત્મા સંતો આ જીવનમાં જે પ્રયોજન સાધ્ય કરવા ઇચ્છતા હોય તે તેઓનું સિદ્ધ થયેલું જ છે એમ સમજવું, તેઓ ખરેખરા કૃતકૃત્ય છે, સાધ્યપ્રયોજન છે, પ્રાપ્તકલ્યાણ છે. આ પ્રમાણે હોવાથી મને એમ ચોક્કસ લાગે છે કે એ (બુધ ભગવાન્) મહાત્મા પોતે જાતે ઉદ્યમ કરીને મારા બંધુવર્ગને બોધ કરવા સારૂ આવું ઇચ્છારૂપ લઇને ખાસ આવ્યા છે. અરે હા! એ[1] ભગવાન્ મહાત્માએ મને રત્નચૂડ મારફતે ખાસ કહેવરાવ્યું પણ હતું કે મારે દીનદુઃખીની શોધખોળ કરાવવી અને તેઓશ્રી અહીં અન્ય રૂપ લઇને બોધ કરવા સારૂ આવશે, વળી તેઓએ મને કહેવરાવ્યું હતું કે કદાચ હું તેઓશ્રી અહીં પધારે ત્યારે તેમને ઓળખી જાઉં તો પણ મારે તેમને વંદના કરવી નહિ. તેઓએ મને વધારામાં કહેવરાવ્યું હતું કે જ્યાં સુધી મેં જે કામ કરવા ધાર્યું છે (બંધુઓને બોધ આપવાનું) તે કામ સિદ્ધ ન થાય ત્યાં સુધી મારે તેમની કોઇને ઓળખાણ આપવી નહિ.

આ સર્વ વાત યાદ કરીને મહાત્મા આચાર્યની પરોપકારવૃત્તિની પોતાના હૃદયથી પ્રશંસા કરતાં વિમળકુમારે તેઓશ્રીને માનસિક નમસ્કાર કર્યો—

नमस्ते ज्ञातसद्भाव! नमस्ते भव्यवत्सल!।
नमस्ते मूढजन्तूनां सम्बोधकरणे पटो!॥
अज्ञानापारनीरेशसन्तारणपरायण!।
स्वागतं ते महाभाग! चारु चारु त्वया कृतम्॥

"અહો સર્વ સદ્‌ભાવ (વસ્તુનું થવાપણું-હોવાપણું)ના જ્ઞાતા! તમને નમસ્કાર છે. અહો ભવ્ય પ્રાણીઓ તરફ પિતા જેવો પ્રેમભાવ રાખનાર! તમને નમસ્કાર છે! મૂઢ પ્રાણીઓને બોધ કરવામાં

---

[1] પ્રકરણ ૧૦, પૃષ્ઠ ૧૨૨૧ માં જે સંકેત ગુપ્ત રાખ્યો હતો તે અત્ર પ્રગટ થાય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નિપુણતા ધરાવનાર મહાત્મા! તમને નમસ્કાર છે! અજ્ઞાનરૂપ સમુદ્રનો પાર પામવો મુશ્કેલ છે છતાં ભવ્ય પ્રાણીઓને તેનો પાર પમાડવામાં તત્પર થયેલા હે મહાત્મા! મહા ભાગ્યશાળી વીર! તમને સ્વાગત છે! તમે ભલે પધાર્યા! તમે બહુ સારૂં કર્યું!"

આચાર્ય ભગવાને પણ વિમળકુમારને પોતાનાં મનથી જવાબ આપ્યો.

[1]संसारसागरोत्तारी सर्वकल्याणकारकः।
स्वकार्यसिद्धये [1]भद्र! धर्मलाभोऽस्तु तेऽनघ!॥

"હે ભદ્ર! હે પુણ્યશાળી! તારી કાર્યસિદ્ધિ માટે સંસારસાગરથી પાર ઉતારનાર અને સર્વ પ્રકારનું કલ્યાણ કરનાર તને [2]ધર્મલાભ હો."

**દીનદુઃખીનું ઉગ્રદર્શન.**
**આક્ષેપ પૂર્વક સખ્ત ભાષણ.**
**આંતરમાં રહેલો ઉચ્ચ આશય.**

હવે જે વખતે રાજપુરૂષો ખૂદ હિમભુવનમાં એ દીનદુઃખી પુરૂષને લઇ આવ્યા તે વખતે પ્રથમ તો એ દીનદુઃખી દેખાતો પુરૂષ જાણે પોતાથી ખેદ સહન ન કરી શકાતો હોય તેમ 'હાશ હાશ' એવો અવાજ કરીને જમીન ઉપર બેઠો અને બેઠા બેઠા નિદ્રા લેતો હોય તેવો તેણે દેખાવ કર્યો. એને આવી વિચિત્ર સ્થિતિમાં જોઇને ત્યાં રહેલા પુરૂષોમાંથી કોઇ હસે છે, કોઇ દીલગીર થાય છે, કોઇ તેની નિંદા કરે છે અને કોઇ તેનો તિરસ્કાર કરે છે, વળી કોઇ તો અંદર અંદર વાતો કરે છે કે "અરે આ તો ઘણો દુઃખી છે, ગરીબ છે, રોગથી ભરેલો છે, તદ્દન થાકી ગયેલો છે, ભુખડી બારસ જેવો છે, ખરેખર! એ અધમ પુરૂષ તો એક નાટક જેવો છે! એને ક્યાંથી લઇ આવ્યા? કોણ લઇ આવ્યું? વળી એ અતિશય દુઃખી છે છતાં એ બાપડો કાંઇ સમજતો નથી અને જુઓને બેઠો બેઠો ઉંઘે છે!" વિગેરે વિગેરે.

દેખાવથી અભિપ્રાય.

---

૧ सागरोत्तारी સ્થાને तारो પાઠ છે તે વિચારવાયોગ્ય છે. भद्र સ્થાને देव પાઠ છે તે અશુદ્ધ જણાય છે.

૨ જૈનસાધુ તેમને જે નમસ્કાર કરે તેને **ધર્મલાભ** એવો શબ્દ કહે છે. એ તેમનો આશીર્વાદ છે, એ તેમની આંતર ઇચ્છા છે, એ તેમનો સન્મુખ ઉચ્ચાર છે. ધર્મથી સર્વ સંપત્તિ મળે છે, યાવત્ મોક્ષ પણ મળે છે, એ તમને મળો એ તેમની આશિષ્ છે. **ધર્મલાભ** એ જૈન પરિભાષામાં ઘણો જાણીતો અને પ્રચલિત શબ્દ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખાતી ઉગ્રતા.

આવી પરિસ્થિતિ જોઇને એ રૂપાન્તરમાં રહેલા બુધ આચાર્યે પોતાની આંખો દીપકના જેવી તેજસ્વી કરી દીધી, અને કોપનો ફટાટોપ ધારણ કરીને સભાસ્થાન ઉપર નજર ફેંકી, એટલું જ નહિ પણ સાથે પોતે બોલવા લાગ્યા કે "અરે પાપીઓ! અધમ પુરૂષો! શું હું તમારાથી વધારે કદરૂપો છું કે તમે મને આવી મૂર્ખાઇ ભરેલી રીતે હસો છો? શું તમે મને તમારાથી વધારે દુ:ખી ધારીને હસો છો? અરે મૂર્ખ મનુષ્યો!* શરીરે કાળા વર્ણવાળા તમે જ છો,[1] ભુખથી બેસી જતા પેટવાળા પણ તમે જ છો,[2] તરસથી સુકાઇ જતા હોઠવાળા પણ તમે જ છો[3], થાકથી હેરાન થઇ જનારા પણ તમે જ છો[4], તાપથી પીડા પામનારા પણ તમે જ છો[5] અને કોઢીઆ પણ તમે જ છો;[6] હું તેવો નથી!! અરે નરાધમો! શૂળની પીડાથી તમે જ પીડાઓ છો,[7] ઘડપણની અસરથી જીર્ણ થઇ ગયેલા પણ તમે જ છો[8], મહા સખ્ત તાવથી પીડા પામતા પણ તમે જ છો,[9] ગાંડપણ અને ઘેલછાવાળા પણ તમે જ છો[10] અને આંધળા પણ તમે જ છો.[11] હું નથી. અરે મૂઢ માનવીઓ! પારકા ઉપર આધાર રાખનારા-પરતંત્ર તમે જ છો[12] અને તમે જ દેવાદાર છો,[13] તમે જ બેઠા બેઠા ઉંઘો છો,[14] હું તેવો નથી. અરે બાળકો! તમારા ઉપર જ કાળે દૃષ્ટિ દીધી છે જેથી તમે મુનિને દુર્બળ જાણીને હસો છો."[15]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### ધવળરાજની કલ્પના.
### કરેલ નમસ્કાર-વંદન.
### દીનનું દીવ્ય દર્શન.

સિંહ તે સિંહ.

એ નવા આવનાર દીન:દુખી પુરૂષની જાજ્વલ્યમાન સૂર્ય જેવી તેજસ્વી આંખો જેમાંથી ઉગ્ર પ્રકાશ બહાર નીકળી રહ્યો હતો અને જેનાથી સઘળી દિશાઓ પ્રકાશિત થઇ રહી હતી તેને જોઇને તેમજ વળી સાથે વીજળીના જેવી તેમની જીભ તથા અત્યંત પ્રકાશ કરતી તેમની દાંતોની હાર જોઇને અને સાથે આખી દુનિયાને થરથર કંપાવી દે તેવી તેમની વાણી સાંભળીને જેમ સિંહનાદ સાંભળીને હરણનું મોટું ટોળું

---

* આ સર્વ વર્ણન પૃ. ૧૨૨૯-૩૦ માં આવેલ છે તે જ લગભગ છે. તેનો ખુલાસો આવતા પ્રકરણમાં બરાબર થશે. આ આખી વાર્તા બહુ વિચારવા યોગ્ય છે. અહીં જે સંખ્યા સ્મોલ ટાઇપમાં લખી છે તેનો મેળ પણ ત્યાં મળશે. ત્યાં પંદરે નંબરના જૂદા જૂદા પેરેગ્રાફ આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખુંને આખું ભયથી કંપી જાય, થરથર ધ્રુજી જાય, તેમ આખું સભાસ્થાન બીકથી ધ્રૂજી ગયું. ગમે તેવી સ્થિતિ કે દેખાવ હોય પણ સિંહ તે સિંહ જ છે, તેનો દેખાવ કે અવાજ છૂપા રહેતા નથી.

રાજ વિચક્ષણતા. મહા વિચક્ષણ ધવળરાજ મહારાજ પોતાની કલ્પનાને બરાબર લંબાવી શક્યા, અને તુરત જ કાંઇક ખ્યાલ કરી વિમળકુમારને કહેવા લાગ્યા "કુમાર! આ કોઇ સાધારણ માણસ હોય એમ લાગતું નથી. એની આંખો પ્રથમ શરૂઆતમાં મેલ અને ચીપડાથી ભરપૂર હતી તે હાલમાં સૂર્યથી વધારે તેજસ્વી જણાય છે, એનું મુખ તેજથી દીપી રહ્યું છે, એ પુરૂષે રણસ્થાનમાં અનેક દુશ્મનોને-કરોડો શત્રુઓને છિન્નભિન્ન કરી નાખે તેવી ઊંચા સ્વરથી જે વાણી વિસ્તારી તેના જોરથી હજુ પણ મારૂં મન અંદરથી કંપી રહેલ છે- માટે મારૂં એમ ચોક્કસ માનવું થાય છે કે એ કોઇ સાધારણ મનુષ્ય નથી, મને તો એમ લાગે છે કે સાધુનો વેશ લઇને પોતાની જાતને છુપાવીને કોઇ દેવ અહીં આવેલ છે. હવે જો એ પ્રમાણે હકીકત હોય તો જ્યાં સુધીમાં તે પોતાના તેજથી આપણને સર્વને બાળીને ભસ્મ ન કરી નાખે તે પહેલાં ક્રોધથી અંધ થઇ ગયેલા મુનિ વેશધારીને શાંત પાડીએ, પ્રસન્ન કરીએ, એમનો પ્રસાદ મેળવીએ."

વિશિષ્ટતા. વિમળકુમારે ઉત્તરમાં કહ્યું "આપશ્રીએ જે નિર્ણય કર્યો તે મને પણ બરાબર લાગે છે, એ બાબતમાં શંકા રહેતી નથી. એ કોઇ સાધારણ પુરૂષ નથી, પણ એ કોઇ ખાસ મહાત્મા મોટા પુરૂષ હોય એમ લાગે છે. માટે હે તાત! એ આપણી કાંઇ વિક્રિયા[1] ન કરે ત્યાં સુધીમાં આપણે એને પ્રસન્ન કરીએ. મહાત્મા પુરૂષો ભક્તિથી જ પ્રસન્ન થાય છે, રીઝે છે, વશ થાય છે; માટે આપણે એને પગે પડીએ."

વિજ્ઞપ્તિ. વિમળકુમારનાં આવાં વચન સાંભળીને દેદીપ્યમાન ચપળ મુગટવાળા ધવળરાજા પોતાના બે હાથ જોડી મુનિમહારાજ તરફ દોડીને તેમને પગે પડ્યા. જેવા મહારાજા સૂરિને પગે પડ્યા અને તેમને વંદન કર્યું એટલે ત્યાં હાજર રહેલા આખા જનસમૂહે પણ મુનિને પગે પડીને નમસ્કાર કર્યા. નીચે પડ્યા પડ્યા રાજાએ કહ્યું-"હે મહારાજ! અમે અજાણ

૧ વિક્રિયાઃ વિકાર, ખરાબ કામ. વિમળની નજરે વિક્રિયાનો વિશેષ ક્રિયા-ખાસ કાર્ય-એવો અર્થ પણ થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અજ્ઞાની માણસોએ આપશ્રીનો જે દોષ કર્યો હોય તે સર્વ આપ ખમો અને અમારી ઉપર પ્રસાદ કરીને આપનું દિવ્ય દર્શન કરાવો.”

સાફલ્ય.

આ પ્રમાણે બોલીને રાજા અને સર્વ સમૂહ જમીનપરથી ઉઠીને ઊંચું જુએ છે તો તે વખતે તેઓએ જે દેખાવ જોયો તે તેમને ઘણો જ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર લાગ્યો. એક મહાત્મા મુનીશ્વર જેમનું આખું શરીર આંખને આનંદ આપનાર અને લાવણ્યમાં દેવતાના શરીરને પણ જીતી જાય તેવું હતું, જેઓ તેજના વિસ્તારથી એટલા દીપી રહ્યા હતા કે જાણે તેઓ પોતે જ સાક્ષાત્ સૂર્ય હોય તેવા જણાતા હતા, જે સર્વ લક્ષણોથી વિભૂષિત થયેલા સ્પષ્ટ દેખાઇ આવતા હતા અને જેમનાં સર્વ અવયવો સુંદર હતાં–તેવા એક મહાત્માને અત્યંત સુંદર અને શોભાવાળા તેમજ પ્રકાશ કરનારા સુવર્ણના દીવ્ય [1]કમળ ઉપર બેઠેલા તેમણે જોયા. એવા અત્યંત રૂપવંત મુનીશ્વરને બહુ જ સુંદર સ્વરૂપમાં જોઇને રાજા તેમજ સર્વ જનસમૂહ જે ત્યાં હાજર હતો તે સર્વની આંખો આશ્ચર્યથી ચકિત થઇ ગઇ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૧૩ મું.

## બુધસૂરિ–સ્વરૂપદર્શન.

ઉપર વર્ણવી તેવી જ્યારે પરિસ્થિતિ થઇ, દીનદુઃખી લાગતા ભીખારીએ જ્યારે પોતાનું અત્યંત આકર્ષક રૂપ કર્યું અને એક શાંત મુનીશ્વર સુવર્ણ કમળ ઉપર બેસી ઉપદેશ આપે છે તે દશા બતાવી એટલે હાજર રહેલા લોકો સ્વાભાવિક રીતે અંદર અંદર વાતો કરવા લાગ્યા–“અરે અહો! આ તો પહેલા કેવા હતા અને હમણા આવા સુંદર ક્યાંથી થઇ ગયા? ખરેખર એ ભાગ્યશાળી જરૂર કોઇ દેવતા હોય એમ જણાય છે.”

૧ તીર્થંકર મહારાજને સમવસરણ હોય છે, બાકી સામાન્ય કેવળી અને મુનિને કેટલીકવાર કમળપર બેસી ઉપદેશ આપવાની લબ્ધિ પ્રાપ્ત થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### રાજાનો પ્રશ્ન.
### સામાન્ય ઉત્તર.
### વિશેષ પ્રશ્ન.

લોકો આ પ્રમાણે વાતો કરતા હતા તે વખતે ધવળરાજ મહારાજે પોતાના બન્ને હાથ જોડી કપાળે લગાવી પૂછ્યું—"ભગવન્! આપશ્રી કોણ છો તે અમને જરૂર કૃપા કરીને જણાવો."

મુનિ—"મહારાજ! હું કોઇ દેવતા નથી કે રાક્ષસ નથી, હું તો એક સાધારણ સાધુ છું અને મારા વેશ ઉપરથી મારૂં યથાસ્થિત રૂપ તમે સર્વ બરાબર જોઇ શકો છો."

ધવળરાજ—"મહાત્મા! જો એમ હોય તો આપશ્રીએ પ્રથમ ઘણું બિભત્સ અને કંટાળો આવે તેવું રૂપ બતાવ્યું. એમ કરવાનું એટલે એવું અદ્દભુત કાર્ય કરવાનું કારણ શું? તમારા પ્રથમના શરીરમાં કાળો રંગ વિગેરે જે જે દોષો સ્પષ્ટ રીતે દેખાતા હતા તે બધા દોષો તમારા પોતામાં નથી, પણ તે સર્વે દોષો અમારામાં છે એમ આપશ્રીએ જણાવ્યું તે શું કારણ વિચારીને આપે કહ્યું હતું? અને વળી ક્ષણમાત્રમાં આપે આવું અદ્દભુત રૂપ શી રીતે કર્યું અને શા માટે કર્યું? મહાત્મા! મારા જેવાને તો એથી ઘણી નવાઇ લાગી છે અને મારા મનમાં મોટું કુતૂહળ થઇ આવ્યું છે તેને શાંત કરવા આપ એ સર્વ બાબતો મને બરાબર ખુલાસાવાર સમજાવવા કૃપા કરો."

### બુધસૂરિનો પ્રત્યુત્તર.
### આશ્ચર્યકારક ખુલાસાઓ.
### સંસારસ્વરૂપનું આંતર જ્ઞાન.
### સરખામણી અને સાદૃશ્યવૈધર્મ્ય.

બુધાચાર્ય—"મહારાજ ધવળરાજ અને સભાજનો! તમે મધ્યસ્થ આસન કરી શાંત થઇ નિરાંતે બેસો અને હું તમને એ સર્વ બાબતોનો વિગતવાર ખુલાસો આપું છું તે લક્ષ્યપૂર્વક સાંભળો. હે રાજન્! મેં જે રૂપ અસાર પહેલાં કર્યું હતું તે સંસારમાં રહેલા જીવોને ઉદ્દેશીને કરવામાં આવ્યું હતું. હકીકત એવી છે કે મેં જેવું રૂપ કર્યું હતું તેવા જ સર્વ સંસારી જીવો છે, માત્ર એમાં બાબત એવી છે કે તેઓ બાપડા મૂઢ હોવાથી પોતે તેવા જ છે એમ જાણતા નથી. એ પ્રમાણે હોવાથી એ સર્વ પ્રાણીઓને બરાબર દાખલો બેસે તેટલા માટે તેવું અત્યંત શરમ ઉપજાવે એવું ખરાબ રૂપ તેઓને બોધ આપવા સારૂં

JAINSITE.com જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે રાજન્! મેં કર્યું હતું. એ રૂપ મેં મુનિના વેશ સાથે કર્યું હતું તેમ જ તેવો કાળો રંગ વિગેરે કર્યો હતો તે સર્વેનું પણ ખાસ કારણ હતું અને કાળો રંગ વિગેરે શરીરના દોષો તમારામાં છે, અને મારામાં નથી એમ મેં કહ્યું હતું તે સર્વ પણ સકારણ હતું—એનો ખુલાસો હું તમને કહી સંભળાવું છું તે તમે તથા સર્વ સભાજનો બરાબર સાંભળો. એ હકીકત સમજવામાં તમારી બુદ્ધિને જરા વધારે સતેજ કરજો અને બરાબર ધ્યાન આપીને હું કહું છું તે વાત લક્ષ્યમાં રાખજો:-

**ખુલાસાઓ.**

કાળો રંગ.

"(૧). સર્વજ્ઞદર્શન (શ્રી જૈનશાસન)માં જે મહાત્મા બુદ્ધિશાળી મુનિઓ હોય છે, જેમનાં સર્વ પાપો અને દોષો તપ અને સંયમયોગથી ધોવાઇ ગયેલા હોય છે, તેઓ બહારથી દેખાવમાં કદાચ કાળા રંગના હોય, કંટાળો ઉપજાવે તેવા હોય, કોઢીઆ હોય, ભુખતરસની પીડાથી પીડાતા દેખાતા હોય તો પણ પરમાર્થથી વસ્તુતઃ તે ખરેખરા સુંદર છે. બાકી રાજન્! પાપમાં રાચીમાચી રહેલા અને વિષયરૂપ માંસમાં ગૃદ્ધિ પામી ગયેલા વિશુદ્ધ ધર્મથી દૂર રહેલા ગૃહસ્થો (સંસારી ઘરમાં રહેલા) કદાચ બાહ્ય નજરે નિરોગી અથવા સુખમાં આનંદ કરતા જણાય તો પણ તત્ત્વથી તેઓ દુઃખી છે અને રોગથી પીડિત છે એમ સમજવું. વળી કાળા રંગ વિગેરે દોષો જેવા ગૃહસ્થને છે તેવા સાધુઓને નથી, તેઓમાં એ દોષો હોતા નથી, તે હકીકત હવે હું તમને જરા વિસ્તારથી સમજાવું છું તે સમજો. બહારથી સોનાની જેવો શુદ્ધ રંગવાળો હોય પણ અંદરથી પાપરૂપ અંધકારથી લીંપાયલો જે પ્રાણી હોય તે પરમાર્થે કાળા રંગવાળો છે એમ પંડિતોનો અભિપ્રાય છે અને બહારની નજરે કદાચ અંગારા-કોલસા જેવા કાળા રંગનો પ્રાણી દેખાતો હોય પણ જો તેનું અંતઃકરણ સ્ફટિક રત્ન જેવું નિર્મળ હોય તો તે ખરેખરો સોનાના રંગનો છે એવો વિચક્ષણ માણસોનો મત છે. એ પ્રમાણે હોવાથી કાળા રંગનો અથવા કાળા વર્ણવાળો સાધુ હોય પણ જો તેનું મન ખરેખરૂં સારી રીતે શુદ્ધ થયેલું હોય તો હે રાજન્! પરમાર્થથી તે

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોનાના રંગનો છે અથવા સોનાના રંગવાળો છે એમ જાણવું અને ગૃહસ્થ સંસારમાં રહી અનેક પ્રકારના પાપયુક્ત આરંભ સમારંભ કરતો હોય, વિષયભોગ રૂપ કીચડમાં ડૂબેલો હોય, પરિગ્રહમૂર્છામાં ફસી રહેલો હોય, તેનું શરીર દેખાવમાં કદાચ સોનાથી પણ વધારે ઉજ્જવળ હોય તો પણ પરમાર્થે તે કાળા રંગનો જ છે એમ સમજવું. આ પ્રમાણે હોવાથી મેં વાજબી રીતે કોઇ પ્રકારની શંકા વગર તે વખતે તમને અને સભાજનોને કહ્યું હતું કે હું કાળા રંગનો નથી પણ તમે સર્વ તેવા કાળા રંગના છે. આ બાબતનો પરમાર્થ હવે તમારા સર્વના સમજવામાં બરાબર આવ્યો હશે.

“ (૨). હવે મેં તમને સર્વને ભુખ્યા કહ્યા તેનો બરાબર વિગતવાર ખુલાસો સાંભળો. પ્રથમ તો ભૂખ શબ્દની વ્યાખ્યા

**ક્ષુધા–ભૂખ.**

સમજો એટલે હકીકત બરાબર લક્ષ્યમાં આવે. ગમે તેટલા વિષયો પ્રાપ્ત થાય, આવી મળે, પણ તેનાથી તૃપ્તિ ન થાય, તેથી સંતોષ ન વળે તેનું નામ ખરેખરી પરમાર્થની નજરે ભૂખ છે એમ વિદ્વાનો કહે છે. ખાવાની ઇચ્છા થાય તેને તો વ્યવહારમાત્રથી ભૂખ કહેવામાં આવે છે, બાકી વાસ્તવિક ભૂખ તો મનના અસંતોષ ઉપર આધાર રાખે છે તે તમે વિચાર કરી જોશો તો તમને તુરત માલૂમ પડી આવશે. આ સંસારમાં રહેલા સર્વ પ્રાણીઓ પૈકી જેઓ સદ્ધર્મથી રહિત હોય છે અને સંસારમાં મૂઢ થઇ ગયેલા હોય છે તે બાપડા આવી ભૂખથી અથવા આવી ભૂખના સંબંધમાં ભૂખ્યા જ હોય છે. હવે એવા પ્રાણીઓ ખાઇપીને ધરાઇ ગયેલા જણાય અથવા ભરાઇ ગયેલા પેટવાળા દેખાય, તો પણ તત્ત્વની નજરે તેઓ ભૂખ્યા જ છે એમ સમજવું. હવે બીજી બાજુએ જો તમે સાધુઓને જોશો તો તેઓ નિરંતર સંતોષથી પોષણ પામનારા જણાશે અને તમે વધારે બારિકીથી અવલોકન કરશો તો દેખાશે કે એ ભયંકર ભાવભૂખ તેમના ઉપર જરા પણ અસર કરતી નથી એટલે કે તેઓનાં મનમાં કદિ અસંતોષ થતો જણાતો નથી. આથી તેઓનાં પેટ ખાલી હોય, તદ્દન ભુખ્યા ડાંસ જેવા તેઓ દેખાતા હોય તો પણ તેઓનાં

JAINSITE.com જૈન સાઇટ

સ્વસ્થ મનને લઇને તેઓ ખરેખરા ધરાયલા જ છે એમ સમજવું. આ પ્રમાણે હોવાથી એ હકીકતનો વિચાર કરીને મેં તે વખતે તમને સર્વને ભૂખ્યા ઢાંસ જેવા કહ્યા હતા અને હે ધરાનાથ! (રાજન્!) મારા આત્માને મેં તૃપ્ત કહ્યો હતો. મારા ઉપરથી તમારે સર્વ યોગ્ય આચરણવાળા સાધુસમુદાયને સમજવાના હતા અને તમારા ઉપરથી સંસારમાં વસનાર ધનધાન્યવિષયકષાયપરિગ્રહમાં આસક્ત ગૃહસ્થને સમજવાના હતા. આ હકીકત હવે તમારા સમજવામાં બરાબર આવી હશે.

તૃષા-તરસ.

"(૩). જે ભોગો ન મળ્યા હોય, જે ભોગો પ્રાપ્ત થયા ન હોય, તેને મેળવવાની અભિલાષા ભાવકંઠ (ગળા)ને શોષણ કરનારી હોવાથી તેને તરસ કહેવામાં આવે છે. જૈનધર્મથી જે પ્રાણીઓ બહાર હોય છે તેઓ કદાચ પાણી પીધા જ કરતા હોય તો પણ એવા પ્રકારની તરસથી તો તરસ્યા જ છે એટલે કે નવા નવા પ્રકારના વિષયભોગો મેળવવાની તેઓનાં મનમાં પ્રબળ ઇચ્છા અને અભિલાષા નિરંતર રહેલી જ હોય છે એટલે તેઓનું ભાવગળું તો શોષાયા જ કરતું હોય છે. હવે જો બીજી બાજુએ મુનિમહારાજાઓના સંબંધમાં વિચાર કરશો અથવા અવલોકન કરશો તો તમને જણાશે કે એ મહાત્માઓ ભવિષ્યમાં મેળવવાના ભોગોના સંબંધમાં તદ્દન ઇચ્છા-સ્પૃહા વગરના હોય છે તેથી સ્થૂળ જળ તેમને મળતું હોય કે ન મળતું હોય તો પણ વાસ્તવિક તરસથી તો તેઓ તદ્દન દૂર જ રહેલા છે એમ સ્પષ્ટ દેખાઇ આવે છે. ભોગ ભોગવવાની અભિલાષા કેવું કામ કરે છે અને પ્રાણીને કેવા બેબાકળા બનાવે છે તે જરા વિચારપૂર્વક જોવા જેવું છે. આ પ્રમાણે હોવાથી હે રાજન્! તમે સર્વે તરસ્યા છો અને હું નથી એમ મેં તે વખતે સર્વને પોકારીને જણાવ્યું હતું.

રસ્તાનો ખેદ.

"(૪). આ સંસારની શરૂઆત ક્યારે અને ક્યાંથી થઇ અને તેનો છેડો ક્યાં અને ક્યારે આવશે તેનો કાંઇ પત્તો નથી; એ સંસારમાર્ગ સેંકડો દોષરૂપ ચોરોથી આકુળવ્યાકુળ છે, આખો રસ્તો ઘણો વસમો છે, વિષયરૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મસ્ત હાથી અથવા ઝેરી સર્પથી ભરેલો છે અને દુઃખ રૂપ ધૂળથી પરિપૂર્ણ છે. આવા ઠરઠેકાણા વગરના, ચોર સર્પથી વ્યાકુળ અને વસમા રસ્તાને વિદ્વાનોએ ભાવ-ચક્ષુવડે વિસ્તારથી અવલોકન કરીને જોયો છે અને તે આખો રસ્તો ઘણો ભયંકર અને ખેદનું કારણ છે એમ તેના સંબંધમાં પોતાનો અભિપ્રાય આપ્યો છે. હવે આ સંસારમાં રહેલા જીવો એ સંસારમાર્ગને પ્રાપ્ત કરીને કર્મરૂપ ભાતુ સાથે રાખીને એ રસ્તે ચાલે છે પણ ( ઘાંચીની ઘાણીના બળદની માફક ) જરાએ આગળ પ્રયાણ કરતા નથી. સંસારમાર્ગે ચાલવામાં કર્મનું ભાતું સાથે હોય છે એટલે તેનાં સારાં ખરાબ ફળ મળ્યાંજ કરે છે. આને લઇને પરિણામ એ થાય છે કે જે મૂઢ પ્રાણીઓ વિશુદ્ધ જૈન ધર્મની પ્રાપ્તિથી બેનસીબ રહેલા હોય છે તેઓ સંસારના મહા માર્ગના ખેદથી નિરંતર કંટાળેલા અને દુઃખી થયેલા દેખાય છે, તેઓને થતો માર્ગખેદ તેઓનાં વર્તનથી સ્પષ્ટ જણાઇ આવે છે; તેથી તેઓ કદાચ શીતળ મંડપવાળા સુંદર ઘરમાં, હવેલીમાં કે રાજ્યમહેલમાં વસતા દેખાતા હોય તો પણ તેઓ નિરંતર રસ્તે ચાલનારા છે એમ સમજવું. હવે બીજી બાજુ મુનિઓને તમે બારિકીથી અવલોકશો તો જણાશે કે તેઓ તો નિરંતર [1]વિવેકપર્વતની ઉપર ચઢીને તેના શીખરપર જૈનપુર જે હમેશાં લહેર કરાવે તેવું રમણીય છે તેમાં રહે છે. એ જૈનપુરમાં વળી એક અત્યંત ઠંડો આનંદ ઉપજાવે તેવો ચિત્ત-સમાધાન મંડપ છે તેમાં તેઓ વસે છે અને ત્યાં રહી પોતાના આત્માને તદ્દન નિવૃત્ત કરી દે છે અને તેઓને રસ્તાનો કોઇ પણ પ્રકારનો થાક કે ખેદ થતો નથી, તેઓના સંબંધમાં તેવો ખેદ જણાતો પણ નથી અને તેઓને એ સંબંધી ત્રાસ થવાનું કારણ પણ રહેતું નથી. આથી કેટલીક વાર તમે મુનિઓને જોશો તો બહારથી અથવા ઉપર ઉપરથી એમ લાગશે કે જાણે તેઓ ખેદ-

---

૧ વિવેક પર્વત માટે જુઓ પૃ. ૯૯૯ અને ૧૦૪૭, અને જૈનપુરવર્ણન માટે જુઓ પૃ. ૧૦૪૯. ચિત્તસમાધાન મંડપ માટે જુઓ પૃ. ૧૦૫૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થી થાકી ગયેલા છે છતાં પરમાર્થનજરે તેઓ ખેદ અને થાકથી રહિત છે એમ સમજવું. આ પ્રમાણે હોવાથી હે રાજન્! તમે સર્વે ખેદથી થાકી ગયેલા છો અને હું તો ખેદરહિત છું એમ મેં અગાઉ જણાવ્યું હતું.

" (૫). સંસારી પ્રાણીઓને ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ એ ચાર પ્રકારના આખા શરીરને તપાવનારા, અંતઃકરણના ઊંડાં, બહુ આકરા, હેરાન કરનારા, ત્રાસ આપનારા તાપો છે. એ સંસારી પ્રાણીઓનાં શરીરપર ચંદનનાં વિલેપનો કરેલાં હોય અને બહારની નજરે તેઓ તદ્દન ઠંડા લાગતા હોય તો પણ એ ક્રોધ માન વિગેરેથી તેઓ નિરંતર બળી ઝળી જતા હોય છે. એક એક મનોવિકાર અંદરખાનેથી તાપ કરે છે તે જરા લક્ષ્ય આપવાથી સમજાશે. હવે બીજી બાજુએ સાધુઓને અવલોકશો તો તમને જણાઇ આવશે કે તેઓનાં મન તદ્દન શાંત થઇ ગયેલાં હોય છે, તેઓનાં મનમાં કોઇ પણ પ્રકારનો વિકાર હોતો નથી, તેઓને ઉપર દર્શાવેલા ચાર પ્રકારમાંથી કોઇ પ્રકારનો તાપ હોતો નથી અને તેઓ પાપનું નિકંદન કરનારા હોય છે. એવા મહાત્માઓ ખરે બપોરે તડકે તપસ્યા કરતા હોય કે ઉઘાડે માથે ફરતા હોય, કાઉસગ્ગ મુદ્રાએ સ્થિત હોય કે વિહાર કરતા હોય અને બાહ્ય નજરે તાપથી-તડકાથી પીડા પામતા દેખાતા હોય તો પણ પરમાર્થથી તેઓનો તાપ દૂર ગયો છે એમ સમજવું. આ પ્રમાણે હકીકતનો મેં જાતે અનુભવ કરેલો હોવાથી તમે સર્વે તડકાથી પીડા પામેલા છો અને હું તાપથી રહિત છું એમ મેં છાતી ઠોકીને તમારી પાસે કહ્યું હતું.

તાપ-તડકો.

" (૬). સાધારણ રીતે કોઢના વ્યાધિમાં શરીરમાં જીવાત (કરમીઆ) થઇ આવે છે, હાથ પગમાંથી કોઢ ગળે છે (જે ચીકાશવાળો પદાર્થ હોય છે), નાક ઉપર તે નિશાની પાડી તેને બેસાડી દે છે અથવા તેનો નાશ કરે છે, અવાજને ઘોઘરો બનાવે છે, હાથ અને પગનાં આંગળાંઓને ધીમે ધીમે બુઠાં બનાવી નાખે છે એ તમારા જોવામાં આવ્યું હશે. હે રાજન્! મિથ્યાત્વ

કુષ્ટ-કોઢ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( અજ્ઞાન અથવા કુદેવ કુગુરૂ કુધર્મમાં શ્રદ્ધા ) ને કોઢ કહેવામાં આવે છે તેનું કારણ એ છે કે એ અનેક પ્રકારના કુવિકલ્પો રૂપ કરમીઆઓને જન્મ આપનાર છે, એનાથી આસ્તિકતા રૂપ રસ (કોઢ) નિરંતર ગળ્યા જ કરતો હોય છે, એ સદ્બુદ્ધિરૂપ સુંદર નાકનો છેદ કરનાર–નાશ કરનાર છે, એ મદથી ઉદ્ધત થઇ જતા પ્રાણીઓનો અવાજ અભિમાનથી ઘોઘરો અને અસ્પષ્ટ કરી મૂકે છે, શમ (સમતા) સંવેગ (વૈરાગ્ય), નિર્વેદ ( સંસારની સ્થિતિથી કંટાળો ), અને કરૂણા જે હાથ પગની આંગળીઓ સમાન છે તેને એ મૂળથી ઉખેડી મૂકે છે અને વિદ્વાન્ સમજુ પ્રાણીને પણ એ અનેક પ્રકારના ઉદ્વેગ કરાવે છે. એવા પ્રકારનું મિથ્યાત્વ જે અનેક કુવિકલ્પોને કરનાર છે, સદ્બુદ્ધિને દૂર કરનાર છે, મદથી પ્રાણીને ઉદ્ધત બનાવનાર છે અને શમ-સંવેગ નિર્વેદ આસ્તિક્ય અને અનુકંપાનો નાશ કરનાર છે તેવા ઉદ્વેગ કરાવનારા મિથ્યાત્વથી મૂઢ પ્રાણીઓ હણાયલા રહે છે, નિરંતર ત્રાસ પામ્યા કરતા હોય છે, હમેશ હેરાન થતા હોય છે, તેથી એ પ્રાણીઓ બાહ્ય નજરે જોતાં કદાચ સર્વ અવયવોએ સુંદર દેખાતા હોય તો પણ ભાવથી અનેક કૃમિઓનાં જાળાંથી શરીરે ક્ષત પડી ગયેલા અને કોઢથી હેરાન થતા છે એમ સમજવું. હવે બીજી બાજુએ મુનિઓના સંબંધમાં અવલોકન કરશો અથવા વિચાર કરશો તો જણાશે કે તેઓ સમ્યગ્ભાવથી વિશુદ્ધ થયેલા હોય છે, તેઓ શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પર શ્રદ્ધા રાખી આગળ વધનારા હોય છે અને તેથી તેમનાં શરીરપર પેલો મિથ્યાત્વરૂપ કોઢ જરાએ હોતો નથી એટલું જ નહિ પણ તેઓ સર્વ અવયવોએ સુંદર હોય છે. વળી કદાચ તમને કોઇ વખત એવા મુનિ બહારની નજરે કોઢીઆ પણ દેખાય છતાં પણ અંદરના ભાવથી તેઓ તેવા પ્રકારના નથી એમ સમજવું, તેઓ વસ્તુતત્ત્વે કોઢ વગરના છે એમ જાણવું. આ પ્રમાણે હોવાથી હે રાજન્! તમે સર્વે કોઢીઆ છો અને હું તેવા પ્રકારનો નથી એમ મેં તે વખતે કહ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"(૭). હે રાજન્! હવે શૂળના સંબંધમાં ખુલાસો સમજાવું તે તમે તથા સર્વ જનો વિચારશો. પ્રાણીઓને અન્ય ઉ-

શૂળપીડા.

પર જ્યારે દ્વેષ થઇ આવે છે ત્યારે તેની ઋદ્ધિ સમૃદ્ધિ અથવા આબાદી જોઇને તેના ઉપર ઇર્ષ્યા થઇ આવે છે તેને સમજુ મનુષ્યો શૂળ કહે છે. એ ઇર્ષ્યા રૂપ શૂળથી પ્રાણીઓનાં હૃદયમાં દરેક ક્ષણે સણકા આવ્યા કરે છે, એ અન્યને દુઃખ દેવામાં રાજી થાય છે, દ્વેષથી ધમધમતા રહે છે અને વારંવાર પોતાના ચહેરાને ખરાબ કરે છે, દાંતો દાબે છે, હોઠોને પરસ્પર દબાવે છે અને ભવાં ચઢાવે છે. આ તેઓનો ખરેખરો મુખભંગ છે. હવે તમે મુનિમહારાજના સંબંધમાં જોશો તો જણાશે કે તેઓને આવું શૂળ હોતું જ નથી, તેઓનાં મનની સ્થિતિસ્થાપકતા ઓર પ્રકારની હોય છે, તેઓને સર્વ જીવ ઉપર સમભાવ હોય છે, તેઓને મારૂં તારૂં હોતું નથી, તેઓને અન્ય ઉપર દ્વેષભાવ કદિ હોતો નથી–આ કારણને લઇને તમે સર્વ શૂળની પીડાથી હેરાન થનારા છો અને હું એવી હલકા પાડનારી તુચ્છ પીડાથી મુક્ત છું એમ મેં તમને કહ્યું હતું. દ્વેષ અને ઇર્ષ્યાનાં પરિણામોનો અને તે વખતે થતી માનસિક પરિવર્તન દશાનો જરા પણ ખ્યાલ કર્યો હશે તો આ હકીકત સ્પષ્ટતાપૂર્વક સમજવામાં આવી જશે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

"(૮). હે રાજન્! એક બાબત તો તમને ઘણી નવાઇ જેવી લાગશે. વાત તો સ્પષ્ટ છે, જાણીતી છે, પણ તે ઉપર

ઘડપણ.

જ્યાં સુધી લક્ષ્ય ન ગયું હોય ત્યાં સુધી વ્યક્ત ન થાય તેવી છે. એ બાબત આ પ્રમાણે છે: અનાદિ કાળથી સંસાર ચાલ્યા કરે છે તેમાં આ પ્રાણી એકસરખી રીતે જન્મ્યો ત્યારે હતો તેવોને તેવો જ રહી વર્તના કર્યા કરે છે, કામ કરે છે અને હરે ફરે છે; વળી મરે છે જન્મે છે, આવે છે અને જાય છે; પણ તમે જોશો તો એમાં કોઇ પ્રકારની વિશિષ્ટતા નવીનતા કે ઉન્નતતા જોવામાં આવતી નથી. [1]એ કોઇ વખત મનોહર વિદ્યાજન્મ (વિદ્વત્તાનો અનુભવ) લેતો નથી, એનામાં

૧ આ વાત ખરેખર વિચારવા યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેકરૂપ જુવાની આવતી નથી, એ ભાવમૃત્યુએ કદિ મરતો નથી–માત્ર આવ જાવ કરી આંટા ખાધા કરે છે અને તેમાં તેને એટલાં બધાં સંખ્યાબંધ દુઃખો થયાં કરે છે કે એ દુઃખરૂપ વળીઆથી તે ઘરડો જ દેખાય છે. એવી રીતે સંસારી જીવો ઘડપણથી તદ્દન ખખ થઇ ગયેલા છે. હવે એવા પ્રાણીઓ કદાચ બહારની નજરે જુવાન દેખાતા હોય તો પણ તત્ત્વનજરે તેઓ તદ્દન ઘરડા છે એમ જ સમજવું. હવે બીજી બાજુએ તમે સાધુજીવનનું અવલોકન કરશો તો તમને જણાશે કે તેઓમાં વિદ્યાજન્મ અપૂર્વ હોય છે, તેઓનું જીવન જ વિદ્યામય હોય છે, વિવેક રૂપ જુવાનીના તેજમાં તેઓ ઝગઝગાયમાન થતા હોય છે અને દીક્ષાસુંદરી સાથે તેઓ આનંદથી વિલાસ કરતા દેખાય છે. વળી તેઓ જુવાનીમાં ને જુવાનીમાં મરીને પેલી મહા ત્રાસ આપનારી જરાની સ્થિતિએ પહોંચ્યા વગર જ આ દુનિયામાંથી એવી રીતે પસાર થાય છે કે તેઓની ફરીવાર ઉત્પત્તિ જ ન થાય. જીવે ત્યાં સુધી વિવેક રૂપ જુવાનીવાળા, આજીવન દીક્ષાસુંદરી સાથે ભોગ ભોગવનારા એ લોકોનું જીવતર જન્મ અને મરણ રૂપ સંસારનો સર્વથા છેદ કરનાર હોવાથી તેઓ વાસ્તવિક તરૂણ છે એમ સમજવું. બાકી સંસારમાં ઘણો કાળ રહેનારા જીવો તો ઘડપણથી તદ્દન ખખ થઇ ગયેલા છે એમ સમજવું. સંત પુરૂષો નિરંતર જુવાન છે તેનું બીજું પણ એક કારણ છે. જુવાન માણસો જ દુશ્મનોનો નાશ કરી શકે છે અને એ સંત પુરૂષો કર્મ રૂપ મોટા દુશ્મનોને હઠાવી દેવાને–તેનો વિનાશ કરવાને શક્તિમાન્ છે. આથી સંસારી જીવો ઘરડા છે અને અમે યુવાન છીએ એમ મેં જણાવ્યું હતું.

“ (૯). સંસારમાં રહેલા સર્વ મૂર્ખ પ્રાણીઓ રાગ રૂપી સંતાપે કરીને અનેક પ્રકારે તપી રહેલા છે તેથી હે રાજન્! 

જ્વર–તાવ. એ પ્રાણીઓ જ્વરથી પીડા પામનારા છે એમ કહેવામાં આવ્યું હતું. સાધુઓને તો એ રાગની ગંધ પણ હોતી નથી. કદાચ બાહ્ય નજરે તેઓને તાવ આવતો હોય તો પણ રાગ રૂપ સંતાપના અભાવથી તેઓ ખરી રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાવ–જ્વર વગરના છે એમ સમજવું અને સંસારી જીવો
ને તાવ આવ્યા જ કરે છે એમ વિચારવું.

"(૧૦). હવે આ સંસારી જીવોનાં વર્તન સંબંધી વિચાર કરશો તો તેમાં એક જાતનો ઉન્માદ (ઘેલાપણું) સ્પષ્ટ જોવામાં આવશે. તમે એ પ્રાણીને કોઇ સારૂં ધર્મઅનુષ્ઠાન બતાવશો અથવા એનું કર્તવ્ય કર્મ બતાવશો તો તે કરશે નહિ, તમારો કર્તવ્ય બતાવવાનો પ્રયાસ પણ નિષ્ફળ જશે, તમે એને વારશો–અટકાવશો તો પણ પાપક્રિયા અથવા અકર્તવ્ય તે બહુ જોરથી અને હોંસથી કરશે. આ પ્રમાણે હોવાથી સંસારી પ્રાણીઓ જો કે કેટલાક પોતાને સમજુ અને પંડિત તરીકે માનતા હોય તો પણ તેઓને ઉન્માદવાળા કહેવા એ જ યોગ્ય છે. ઘેલાપણાની નિશાની એ જ છે કે લાભ કરનાર કાર્ય કરે નહિ અને નુકસાન કરનાર કાર્ય કરતાં તેને વારંવાર અટકાવવામાં આવે તો પણ તે કરે. આથી સંસારી પ્રાણીઓને ઉન્માદવાળા કહેવામાં આવ્યા છે. હવે બીજી બાજુએ તમે સાધુઓના સંબંધમાં જોશો તો તમને જણાશે કે તેઓ વિશુદ્ધ અનુષ્ઠાન કરવાની બાબતમાં નિરંતર આસક્ત બુદ્ધિવાળા હોય છે, કર્તવ્ય સન્મુખ નિરંતર રહેનારા હોય છે અને તેથી જ તેઓમાં આવા પ્રકારનો ઉન્માદ નથી. આ કારણથી તેઓની બુદ્ધિ પણ ઘણી વિશુદ્ધ રહે છે. આ પ્રમાણે હકીકત હોવાથી હે રાજન્! મેં સંસારી પ્રાણીઓને ઘડપણથી જીર્ણ, રોગથી ઘેરાયલા અને છેવટે ઉન્માદવાળા જણાવ્યા હતા અને તેજ હેતુથી તમે તેવા છો અને હું તેવો નથી એમ મેં કહ્યું હતું.

ઉન્માદ.

"(૧૧). રાજન્! સંસારી પ્રાણીઓ બાહ્ય નજરે પોતાની આંખથી દેખતા દેખાય છે, પોતાની આંખો ફાડી ફાડીને જોતાં જણાય છે છતાં એજ મૂર્ખ પ્રાણીઓ અંદરથી જોશો તો કામથી અંધ થઇ ગયેલા જણાશે અને વિદ્વાનો તેમને તેટલા માટે કામાંધ કહીને જ બોલાવે છે. મેં એ પ્રાણીઓને આંખ વગરના અંધ કહ્યા હતા તેનું એ જ કારણ હતું. કામથી થતું એવા પ્રકારનું અંધપણું સાધુઓમાં સંભવતું નથી. કોઇ વખત બહારની

અંધતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નજરે સાધુઓની દૃષ્ટિ ટુંકી થઇ ગયેલી અથવા તદ્દન ગયેલી દેખાય તો પણ હે રાજન્! તેઓને અંધ કહી શકાય નહિ, કારણ કે તેઓ કદિ કામાંધ થતા નથી, થાય તેવા તેમને સંયોગો પણ નથી અને તેઓમાં એ દશા સંભવિત પણ નથી. આ પ્રમાણે હકીકત હોવાથી આ સર્વ પ્રાણીઓને મેં અંધ કહ્યા અને મને પોતાને સુંદર આંખોવાળો અને સારી ચક્ષુઓવાળો જણાવ્યો.

"(૧૨). હે રાજન્! ઘરબારી ગૃહસ્થો પરાધીન કેવી રીતે છે અને સાધુઓ સ્વતંત્ર કેવી રીતે છે તે તને હવે સમજાવું. બાહ્ય નજરે તો ગૃહસ્થો ઘણા સ્વતંત્ર અને પોતાની જાત ઉપર આધાર રાખનારા દેખાય છે પણ બરાબર બારિકીથી એ બાબતમાં ઊંડા ઉતરશો એટલે તમને તદ્દન જૂદી જ હકીકત માલૂમ પડશે. સંસારી જીવોનાં પુત્ર સ્ત્રી વિગેરેનો પ્રેમ તેના ઉપર કેટલીક વાર દેખાય છે, પણ પરમાર્થનજરે વાસ્તવિક સ્નેહ હોવો તો સંભવિત જ નથી. એ સગાસંબંધીઓ જૂદાં જૂદાં કર્મોથી એકઠા થયેલા હોય છે. તેઓનું ભરણપોષણ કરવામાં આ પ્રાણી સર્વદા ઉદ્યત રહે છે, ખડે પગે તૈયાર રહે છે, નિરંતર ચિંતાગ્રસ્ત રહે છે. એમાં અત્યંત ખેદની બાબત એ છે કે આ મૂઢ પ્રાણીઓ એ દરેક બાબતનો ખરો પરમાર્થ જાણતા ન હોવાથી એને સ્ત્રી પુત્રનું પાલનપોષણ કરવાની બાબત એટલી બધી વહાલી લાગે છે કે એની વાત જ થઇ શકે નહિ અને જાણે આ દુનિયામાં મુદ્દાની બાબત એ જ છે એમ તે સમજે છે. આવા ખોટા નિર્ણયને પરિણામે તે રાતદિવસ ક્લેશ-દુઃખ ખમે છે અને જાણે પોતે એક કામ કરનારો નોકર હોય તેવો થઇ જાય છે અને બિચારો પશુની જેમ રાતદહાડો વહીંતરૂં કર્યા જ કરે છે, આખી રાત ચિંતાને લઇને ઉંઘ પણ ન આવવાથી તળાઇમાં આળોટ્યા કરે છે, સુખે ખાતો નથી, પીતો નથી અને આખો વખત પૈસા મેળવવાના વિચારમાં અને ખ્યાલમાં તેની ચિંતા કર્યા જ કરે છે અને એવું અસ્થિર કુટુંબ તેને જે હુકમ ફરમાવે છે તે પ્રમાણે કરવામાં વખત ગાળે છે

પરાધીનતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એવી રીતે પરતંત્ર રહી ખરી સમજણ પ્રાપ્ત કરી શકતો નથી, વસ્તુતત્ત્વનો પરમાર્થ સમજી શકતો નથી અને પરવશપણું ખ્યાલમાં લઇ શકતો નથી. આ હકીકતમાં પરમાર્થ શો છે તે જરા વધારે સ્પષ્ટ કરીને તમને સમજાવું: આ મનુષ્યાદિ ચતુર્ગતિવાળા અનાદિ અનંત સંસારચક્રમાં સર્વ જીવો માતા, પિતા, ભાઇ, સ્ત્રી અને પુત્ર પુત્રી તરીકે સર્વ જીવોના સંબંધમાં આવી ગયા છે, વળી તે સંબંધોમાં અનેકવાર આવી ગયા છે તેમાં કાંઇ નવીનતા નથી. આવી વસ્તુસ્થિતિ જે પ્રાણી બરાબર સમજતો હોય તે જો ડાહ્યો હોય તો તેમની ખાતર પોતાનું કાર્ય શા માટે હારી બેસે? પોતાની તરફની ફરજ શા માટે વિસારી મૂકે? પોતે તેમની ખાતર શા માટે સંસારમાં દબાયલો ફસાયલો અને ઘુંચવાયલો રહે? આ પ્રમાણે ખરી હકીકત હોવાથી મહાત્મા પુરૂષો પુત્ર સ્ત્રી રૂપ પાંજરાનો ત્યાગ કરીને નિઃસંગ થઇ જાય છે એટલે તેમને પરસંગ અનાવશ્યક અને ભારભૂત લાગે છે અને તેઓ તેવા સંગને છોડી દે છે અથવા તે અકર્તવ્ય છે એમ સમજી લે છે. આવા સાધુઓજ પરાધીન નથી, તેઓજ ખરેખરા ભાગ્યશાળી છે, તેઓજ ખરેખરા આખી દુનિયાના સ્વામી છે એવા મહાબુદ્ધિશાળી મહાત્માઓ પોતાના ગુરૂને આધીન હોય તો પણ ઘરના પાસથી મુક્ત હોવાને લીધે તદ્દન છૂટા છે, મોકળા છે, સ્વતંત્ર છે, એમ સમજવું. સંસારમાં રહેનાર ગમે તેટલો વૈભવ માણતો હોય, મોટો શેઠ કે રાજા હોય તો પણ તે પરાધીન છે એમ સમજવું. આ પ્રમાણે હોવાથી હે રાજન્! મેં મારી જાતને સ્વતંત્ર કહી અને તમને સર્વને પરાધીન કહ્યા હતા.

"(૧૩). રાજન્! મેં તે વખતે તમને જણાવ્યું હતું કે મારે માથે આઠ લેણદારો છે તે પ્રાણીઓને લાગતાં અને લાગી રહેલાં આઠ પ્રકારનાં કર્મો છે. જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાનપર આવરણ થાય છે, દર્શનાવરણીયથી જોવામાં આવરણ થાય છે, વેદનીય કર્મથી સુખદુઃખ મળે છે, મોહનીય કર્મથી પ્રાણી ક્રોધ માન માયા લોભ હાસ્ય વિગેરે આંતરિક મનોવિકારો કરે છે અને મિથ્યા-

આઠ લેણદારો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્વમાં આસક્ત થાય છે, આયુષ્ય કર્મથી પ્રત્યેક ભાવમાં જીવનકાળ મુકરર થાય છે, નામ કર્મથી ગતિ જાતિ શરીર બંધારણ રૂપ સૌભાગ્ય વિગેરે સર્વ વિચિત્રતા આળેખાય છે, ગોત્ર કર્મથી ઉચ્ચ નીચ કુટુંબમાં જન્મ થાય છે અને અંતરાય કર્મથી લેવા દેવાની બાબતમાં ભોગ ઉપભોગમાં અને શક્તિ વાપરવામાં અંતરાય થાય છે. આ આઠે કર્મો વારંવાર પ્રાણીઓને ત્રાસ આપે છે, તેની પાસેથી પોતાનો હક્ક દબાવીને પણ લે છે અને જીવની મહા હેરાનગતિ કરે છે. એ કર્મો કોઇ વાર પ્રાણીઓને તદ્દન ભૂખ્યા રાખે છે, કોઇ વાર તેમને અત્યંત દીન બનાવી અનેક રીતે વિહ્વળ કરી મૂકે છે, કોઇ વખતે તેઓને નરકમાં નાખીને અનેક પ્રકારની પીડાઓ ઉપજાવે છે. હવે એ આઠે કર્મો સાધુઓને પણ હોય છે છતાં તે સાધુઓને તેટલી કદર્થના કે ત્રાસ નીપજાવી શકતા નથી, કારણ કે સાધુઓને જે દેવું હોય છે તે લગભગ નહીં જેવું અલ્પ હોય છે. વળી એ સાધુઓ એવા કાબેલ હોય છે કે પોતાને માથે જે દેવું હોય તે પૈકી દરરોજ કેટલુંએક દઇ દઇને ઘટાડ્યા કરે છે અને લેણદારોને સંતોષ આપ્યા કરે છે—આથી કરીને એ આઠે લેણદારો સાધુઓને ત્રાસ આપી શકતા નથી. હે રાજન્! આ પ્રમાણે હકીકત હોવાથી તમે સર્વ દેણદારો છો અને હું દેણારહિત છું એમ મેં તે વખતે જણાવ્યું હતું.

પ્રચલા-ઉંઘ.

“(૧૪). ત્યાર પછી સર્વ પ્રાણીઓ તમે ઉંઘતા છો એમ મેં કહ્યું હતું તેનો સ્પષ્ટ ખુલાસો કરી બતાવું છું તે લક્ષ્ય આપીને સાંભળો. જે પ્રાણીઓ જૈન ધર્મની બહાર હોય છે તેઓ ખરેખર ઉંઘે જ છે એમાં જરાપણ શંકા જેવું નથી, તેનાં કારણો વિચારો: કર્મપરંપરા ઘણી ભયંકર હોઇને પ્રાણીને મોટો ત્રાસ આપે તેવી અને ન છોડે તેવી આકરી છે, સંસારસમુદ્ર ઘણો વિશાળ અને સામે પાર પહોંચતાં હાથજીભ કઢાવે તેવો છે, પ્રાણીને રાગ-દ્વેષ વિગેરે દોષો લાગેલા છે તે ઘણા ભયંકર છે, પ્રાણીઓનું મન ઘણું જ ચપળ છે, પાંચે ઇંદ્રિયોનો સમૂહ ઘણો ચંચળ છે, જીવન જોતજોતામાં ચાલ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય તેવું અસ્થિર છે, એકઠી કરેલી કે કરવા ધારેલી સર્વ સંપત્તિઓ ચળ (ચાલી જાય તેવી) છે, શરીર ક્ષણમાત્રમાં પડી જાય તેવું નાશવંત છે, પ્રમાદ (આળસ અથવા પંચ પ્રમાદઃ મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા) પ્રાણીઓના શત્રુની ગરજ સારે છે, પાપસંચય મહા દુસ્તર છે, ઇંદ્રિયો ઉપર સંયમનો અભાવ મહા દુઃખદાયી છે, નરકરૂપ કુવો મહા ભયંકર છે, ગમે તેવા વહાલા માણસો સાથેના મેળાપ અનિત્ય છે, સંસારમાં મનને પસંદ ન આવે તેવા અનેક અપ્રિય મેળાપો અને સંબંધો થયા જ કરે છે, સ્ત્રી મિત્ર સગા અને સંબંધીઓ થોડી વાર ઘણા રાગી થાય છે અને વળી થોડી વાર પછી તદ્દન જાણે સંબંધ હોય જ નહીં તેવા વિરક્ત થઇ જાય છે, આ સંસારમાં મિથ્યાત્વરૂપ વૈતાળ મહા ભયંકર છે, વૃદ્ધાવસ્થા (ઘડપણ) હથેળીમાં જ રહેલી છે, ભોગો અંત વગરનાં મહા દુઃખો આપનારા છે, મૃત્યુરૂપ પર્વત મહા આકરો છે-આવી આવી અનેક બાબતો આ સંસારમાં પ્રાણીએ જોવાની છે, વિચારવાની છે, તપાસવાની છે, સમજવાની છે, લક્ષ્યમાં લેવાની છે, નિર્ણય કરવાની છે-એ સર્વ છતાં આ પ્રાણી તો એમાંની કોઇ પણ બાબતનો વિચાર ન કરતાં લાંબા પગ કરીને અને વિવેકચક્ષુ બંધ કરીને ઉંઘી જાય છે તેમ જ એવો ઘસઘસાટ ઉંઘે છે કે જાણે એને માથે કોઇ દુશ્મન નથી, એનો કોઇ લેણદાર નથી, એને કોઇને જવાબ દેવાનો નથી અને વળી મોટા શબ્દ કરી તાણી તાણીને તેને વિવેકી પ્રાણીઓ જાગૃત કરે છે તો પણ તે પોતાની ઉંઘમાંથી કોઇ રીતે ઉઠતો નથી, જાગતો નથી, જાગવાનાં ચિહ્ન પણ બતાવતો નથી અને વિવેકીના સર્વ પ્રયત્નો નકામા જાય છે અને ભાઇશ્રી તો મહામોહની ગાઢ નિદ્રામાં ઉંઘ્યા જ કરે છે, કદિ મહા મુસીબતે જાગ્રત થાય છે તો પણ તેની આંખો ઘેરાયા કરે છે તેથી ફરી પાછો પણ વારંવાર મોહનિદ્રામાં લીન થઇ જાય છે. વળી અવલોકન કરશો તો જણાશે કે આપણે ક્યાંથી આવ્યા છીએ? કયા કર્મથી આવ્યા છીએ? ક્યાં આવ્યા છીએ? ક્યાં જશું? એ સર્વનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ જરા પણ વિચાર કરતા નથી, જાણતા નથી, સમજતા નથી, સમજવા પ્રયત્ન પણ કરતા નથી, તેથી જો કે પ્રાણીઓ જૂદા જૂદા પ્રકારની ચેષ્ટાઓ કરતા અને ચાલતા જોવામાં આવે છે તો પણ વાસ્તવિક રીતે તેઓ ઉંઘતા જ છે એમ જાણવું. સંસારસમુદ્ર આવો આકરો હોય, તેમાં ભયંકર વૈતાળો અને વિકારો હોય, માથે મૃત્યુ જેવા દુશ્મન ગાજતા હોય, જે શરીર પર મોટી મદાર બાંધી હોય તે આટલું બધું નાશવંત અને ક્ષણિક હોય, જે સગાસંબંધીની ખાતર સર્વ સંસાર માંડ્યો હોય તે કેમ અને ક્યારે ઉપડી જશે તેનો જરા પણ ભરોસો ન હોય એવા સંસારને વળગવું કે ચોંટવું એમાં ભાવનિદ્રા સિવાય બીજું શું હોઇ શકે? હવે તમે મુનિઓના સંબંધમાં અવલોકન કરશો તો જણાશે કે તેઓના સંબંધમાં મહામોહ રૂપ અંધકારમય નિદ્રા જરા પણ જોવામાં આવતી નથી, તેઓ તો નિરંતર ભાગ્યશાળી હોઇ આત્મિક બાબતમાં જાગતા જ હોય છે અને વળી તેમની પાસે (હૃદયમાં) સર્વજ્ઞ મહારાજનો બતાવેલ આગમ રૂપ દીવો સર્વદા ઝળહળી રહેલો હોય છે તેના પ્રકાશમાં તેઓ પોતાની અને સર્વ પ્રાણીઓની ગતિ અને આગતિ (ક્યાં જવાના છે અને ક્યાંથી આવ્યા છે) વિગેરે સર્વ બાબતો બરાબર જોઇ શકે છે, જાણી શકે છે. હે રાજન્![1] એવા મુનિઓ કદાચ બાહ્ય નજરે થોડો વખત સુતા હોય તો પણ તેમનાં વિવેકચક્ષુ ઉઘાડાં હોવાને લીધે તેઓ ઉંઘતા નથી જ એમ સમજવું. આ સર્વ બાબતનો વિચાર કરીને પ્રથમ મેં તમને કહ્યું હતું કે તમે ઉંઘો છો અને હું જાગતો છું. મહામોહની નિદ્રામાં પડેલા હોવાથી તમે વસ્તુસ્વરૂપ પણ બરાબર જાણતા નથી અને મારી વિવેકચક્ષુઓ ઉઘડેલી હોવાથી મને તો આ બાબત તદ્દન સ્પષ્ટ જણાય છે.

---

૧ ધ્યાનમાં રાખશો કે બુધ આચાર્ય આ ખુલાસો **ધવળરાજ** પાસે કરે છે તે વખતે **વિમળ** અને **વામદેવ** પાસે બેઠા છે. **વામદેવ** એ **સંસારીજીવ** છે અને **સદાગમ** સમક્ષ તે પોતાનું ચરિત્ર કહે છે જે **અગ્રહીતસંકેતા** **ભવ્યપુરૂષ** વિગેરે સાંભળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“ (૧૫). હે રાજન્! વસ્તુસ્થિતિ આવા પ્રકારની છે. માટે વિશુદ્ધ ધર્મની બહાર જે પ્રાણીઓ હોય છે અને એવા ધર્મથી

દારિદ્ય.

જેઓ કમનસીબ રહેલા હોય છે તેઓ ખરેખરા દરિદ્રી છે, ભીખારી જેવા છે એમ તારે સમજવું. આ સર્વ હકીકત મેં તને અગાઉ જણાવ્યું તેમ પરમાર્થદૃષ્ટિએ સમજવાની છે, ઉપર ઉપરની કે બહારની નજરે જોવાની નથી. તે હકીકતનો મુદ્દો આ પ્રમાણે છેઃ જે પ્રાણીઓ સંસારમાં રહેલા હોય છે અને વિશુદ્ધ ધર્મથી રહિત હોય છે તેઓને પાપનો ઉદય હોવાથી તેવી ભાગ્યહીન દશામાં તેઓનાં નસીબમાં જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યાદિ ગુણરૂપ રત્નો હોતાં નથી. જ્ઞાનથી સર્વ વસ્તુ વિશેષ જણાય છે, દર્શનથી સામાન્ય દેખાય છે, ચારિત્રથી શુભ વર્તન થાય છે અને વીર્યથી શક્તિનો ઉપયોગ થાય છે. એ આત્મિક સંપત્તિ હોવાથી ખરેખર કિંમતી—અમુલ્ય રત્નો છે, બાહ્ય રત્નો તો નાશવંત હોવાથી આખરે નકામાં છે, પથ્થર રૂપ છે, કોલસા જેવાં છે; તેથી આત્મિક રત્નો જેમની પાસે ન હોય તેઓ પાપી છે, કમનસીબ છે, હીણભાગી છે. એ આત્મિક રત્નો જ ખરેખરી દોલત છે, એ રત્નો જ સાચું ઐશ્વર્ય ઉત્પન્ન કરે છે અને તેજ ખરેખરા સુંદર છે—એના વગર ધન કેવું? એના વગર સાચી ઋદ્ધિસિદ્ધિ કેવી? અને એના વગર દોલત પણ શી? હવે આ દુનિયામાં એ આત્મિક રત્ન વગરના પ્રાણીઓ હોય તેઓ કદાચ ધનના ભંડારથી ભરપૂર દેખાતા હોય તો પણ પરમાર્થે તેઓ તદ્દન નિર્ધન છે—ભીખારી છે—દરિદ્રી છે એમ સમજવું. તમે જો સાધુજીવનનો બરાબર અભ્યાસ કરશો તો તમને જણાશે કે તેમનાં ચિત્ત રૂપ મંદિરમાં આત્મિક રત્નો ઝળહળી રહેલાં હોય છે, પોતાનો પ્રકાશ ચોતરફ વિસ્તારી રહેલાં હોય છે, નિરંતર જાગતી જ્યોત લગાવી રહેલાં હોય છે. એ સાધુઓ જ તેટલા માટે ખરેખરા ધનવાળા છે, ખરેખરા ભાગ્યશાળી છે, ખરેખરા પરમેશ્વર છે અને તેઓ જ ત્રણ ભુવનને પોષવાની શક્તિવાળા છે—એ બાબત જરા પણ શંકા વાળી નથી. મૂઢ પ્રાણીઓ તેમને ( સાધુઓને ) બહારની નજરે જોશે



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તો તેઓનાં શરીરપર મેલવાળાં કપડાં દેખાશે તેને લઇને તેઓ મલીન લાગશે, હાથમાં તુંબડાં દેખાશે તેથી તેઓ દરિદ્રી લાગશે, પરંતુ પરમાર્થની નજરે તેમના તરફ જોઇને વિચાર કરવામાં આવશે તો સમજુ માણુસો તેમને મહા કિમતી (અમુલ્ય) રત્નોના માલિક અને પરમ ઐશ્વર્યવાળા તરીકે જોઇ શકશે. અરે રાજન્! તને શી વાત કરૂં? તને સાંભળીને નવાઇ લાગશે કે જો તે મહાત્માને એવું કોઇ કામ પડી જાય તો તેઓમાં એટલું તેજ રહેલું હોય છે કે તેઓ એક તરખલું હાથમાં લઇને તેમાંથી રત્નનો ઢગલો વરસાવી શકે.[1] આ પ્રમાણે હોવાથી એ રાજન્! તમે સર્વે દરિદ્રી છો એ બાબત ન જોતાં મારા જેવાને તમે દરિદ્રી કેમ કહ્યો? જો કે હવે તો તમને ખાતરી થઇ હશે કે હું તો ઘણો મોટો ધનવાળો છું. હવે મલીનતાને અંગે પણ જો તમે વિચાર કરશો તો જણાશે કે જે કર્મના મેલથી ભરેલા હોય તે જ આ સંસારમાં વાસ્તવિક મલીન છે અને એવા પ્રાણીઓએ પોતાનાં બહારનાં અવયવો ગમે તેટલાં ધોઇને સાફ કર્યાં હોય અથવા સુંદર વસ્ત્રો પહેર્યાં હોય તો પણ તેની મલીનતામાં જરા પણ તફાવત પડતો નથી. સાધુઓનું મન બરફ, મોતીના હાર, અથવા ગાયના દૂધ જેવું નિર્મળ હોવાથી બહારની નજરે કદાચ તેઓમાં મળ દેખાતો હોય તો પણ હે માનવેશ્વર! એ મુનિ તદ્દન નિર્મળ છે-મેલ વગરના છે-ચોકખા છે એમ સમજવું. આવી મલીનતા તમારાં પોતાનાં શરીરમાં રહેલી છે છતાં તે બાબતનો જરા પણ વિચાર કર્યા વગર તમે તે શું જોઇને મને હસ્યા? ક્યા ધોરણે તમે મારી મશ્કરી કરી? એવીજ રીતે તમારે સૌભાગ્ય-સુંદર નસીબ માટે વિચાર કરવાનો છેઃ જે પ્રાણી શુદ્ધ ધર્મમાં આસક્ત હોય તેનેજ ભાગ્યશાળી કહી શકાય, કારણ કે એવો

---

૧ લબ્ધિ અને સિદ્ધિપર આ બાબત છે. નંદિષેણુ વિગેરેનાં દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. ધર્મકાર્ય વગર મુનિ લબ્ધિઓનો કદિ ઉપયોગ કરતા નથી. અત્ર તાત્પર્ય એ છે કે ધન તો તેઓનાં વચનપર છે, જરૂર હોય તો તરખલામાંથી તેઓ અકલ્પ્ય ધન એકઠું કરી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણી હોય છે તે વિવેકી પ્રાણીઓને ઘણો વહાલો હોય છે. આ દુનિયામાં દેવ અને દાનવ, પશુ અને પક્ષી, જળચર અને સ્થળચર, કીડિ અને કુંજર, વનસ્પતિ અને જળ–ટુંકામાં ચર અને સ્થિર આખું જગત્ એવા મહાત્માઓને પોતાના બંધુ જેવું હોય છે, સર્વ પ્રાણી તરફ તે પ્રેમભાવે–મૈત્રીભાવે જુએ છે અને તેમને પોતાના જ માને છે, તેમને જરા પણ દુઃખ કે કષ્ટ દેતા નથી. તેટલા માટે સાધુઓને દુનિયામાં સદાચારી કહેવામાં આવે છે અને એવા સુંદર આચારવાન્ આ સાધુઓ જ દુનિયામાં સૌભાગ્યને યોગ્ય હોય છે. જે પ્રાણીઓ એવા સુંદર આચાર અથવા સાધુજીવનપર દ્વેષ કરે છે તે પાપી છે, અધમ છે, નીચ છે એમ સમજવું. જે પ્રાણીમાં અધર્મની બહુલતા જોવામાં આવે તે દુર્ભાગી છે, કમનસીબ છે એમ સમજવું, કારણ કે હે મહારાજ! વિવેકી પ્રાણીઓ એવા પુરૂષની નિંદા કરે છે, એના વર્તનને સ્વીકારતા નથી. આ પ્રમાણે હોવાથી જે પ્રાણી પાપમાં આસક્ત હોય છે તે ખરેખરા દુર્ભાગી છે એમ જાણવું અને હે રાજન્! એવા પ્રાણીના જે વખાણ કે પ્રશંસા કરે તે પણ અધમ પાપી માણસો છે એમ સમજવું. આ પ્રમાણે સ્થિતિ હોવાથી અને મુનિનો વેશ મેં લીધેલો હોવાથી હું ધર્મી તો હતો જ, વળી વેશથી પ્રગટ દેખાતો પણ હતો અને આ દુર્ભાગી લોકો મને તેવો જોઇ પણ શકતા હતા, છતાં શા માટે તેઓએ મને અભાગીઓ કહીને મારી નિંદા કરી?”



## પ્રકરણ ૧૪ મું.

### પારમાર્થિક આનંદ.

મહાત્મા પુરૂષે રાજા વિગેરેને સ્વરૂપદર્શન કરાવતાં સાંસારિક જીવનની અધમતા અને સાધુજીવનની મહત્તા ઉપર પંદર મુદ્દાઓ કહ્યા, સંસારીઓની ખોટી સમજણ દૂર કરવાનાં કારણો વિગતવાર જણાવ્યાં અને પોતાની નિંદા કરવાનું કોઇ રીતે યોગ્ય ન હોતું તે સ્પષ્ટ કર્યું. હવે સાધુજીવનની વિશિષ્ટતા, આનંદીતા, કર્તવ્યશીળતા વિગેરે ખાસ મહત્ત્વની બાબત જણાવતાં તેઓશ્રી આગળ વધ્યા—

આ સર્વ હકીકત ધવળરાજ સાંભળે છે, પાસે વિમળકુમાર બેઠેલ છે તે બુધસૂરિને ઓળખી મનથી નમી રહેલો છે, બાજુમાં વામદેવ (સંસારીજીવ) બેઠો છે, તે વખતે ઉપદેશધારા-વચનવેગ આગળ વધ્યા.

પંદરે મુદ્દાઓનો સમુચ્ચય સંક્ષેપ.
સર્વ ઇંદ્રિયતૃપ્તિ છતાં સુખનો અભાવ.
સુખાભાવ દર્શાવનાર બે દૃષ્ટાન્તો.

**સાંસારિક સુખ.**

" "એ પ્રમાણે હોવાથી હે રાજન્! જે પ્રાણીઓ જૈન વચન " રૂપ અમૃતથી કમનસીબ હોઇ સંસારના ગર્ભમાં ફર્યા કરે છે તેઓ " બાપડા નિરંતર કર્મપરંપરા રૂપ લાંબા દોરડાથી બંધાય છે, ગમે " તેટલા વિષય ભોગવે તો પણ તેથી સંતોષ ન થવા રૂપ ભૂખથી " પીડાય છે, વિષયો ભોગવવાની આશા રૂપ તરસથી શોષાયા કરે છે, " ભવચક્રમાં નિરંતર ભ્રમણ કરતા હોવાથી થાકી જાય છે (અથવા " ખેદ પામે છે), કષાય રૂપ તાપની ગરમીથી દરરોજ તપેલા અને " ધમધમાયમાન સ્થિતિમાં રહે છે, મિથ્યાત્વ રૂપ મોટા ભયંકર કોઢ-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વ્યાધિથી સપડાઇ જાય છે, અન્ય ઉપર નાની મોટી બાબતોમાં ઇર્ષ્યા
"કરવા રૂપ શૂળના મહા ભયંકર વ્યાધિથી હેરાન થાય છે, સંસારમાં
"ઘણો લાંબો વખત રહેવાનું હોવાથી ઘરડાખખ થઇ જાય છે, રાગ
"રૂપ મહા આકરા તાવથી બળુ બળુ થઇ રહે છે, છારી[1] જેવા કામ-
"ભોગથી આંધળા થઇ જાય છે, ભાવદરિદ્રતામાં ફસાઇ જાય છે,
"જરા રૂપ રાક્ષસી વડે પરાભવ પામે છે, મોહના ભયંકર અંધ-
"કારથી તેઓનાં હૃદયને આચ્છાદન થઇ જાય છે, પાંચ ઇંદ્રિયો રૂપ
"ઘોડાઓ વડે ચારે બાજુએ આડાઅવળા ખેંચાય છે, ક્રોધરૂપ
"આકરી અગ્નિથી રંધાયા કરે છે, માનપર્વતથી સ્તબ્ધ થઇ જાય છે,
"માયાની જાળોથી ચારે તરફ વીંટળાઇ જાય છે, લોભસમુદ્રના પૂર
"જોસમાં તણાતા જાય છે, પોતાના વહાલાઓ અથવા વહાલી વસ્તુ-
"ઓના વિયોગની વેદનાથી ગરમગરમ થઇ જાય છે, પોતાને પસંદ
"ન આવે તેવા પ્રાણી અથવા વસ્તુઓ સાથે સંયોગથી થતા સંતા-
"પમાં બળ્યા કરે છે, કાળપરિણતિને તાબે થઇને આમથી તેમ અને
"તેમથી આમ અટવાયા કરે છે, મોટા કુટુંબનું પોષણ લાંબા વખત
"સુધી કરવાનું હોવાથી વારંવાર દુઃખી દુઃખી થઇ જાય છે, કર્મ રૂપ
"લેણદારોથી વારંવાર કદર્થના પામે છે, મહામોહની દીર્ઘ નિદ્રાથી
"પાછળ પડી જાય છે અને મરણરૂપ મોટા ભયંકર મગરમચ્છના
"કોળીઆ થાય છે; એ પ્રાણીઓ હે રાજન્! જો કે કદાચ વિણા વેણુ[2]
"નરઘાં અને સુંદર વાજીંત્રોના સુંદર સૂરો સાંભળતા હોય, મનમાં
"વિભ્રમ ઉત્પન્ન કરે તેવા અનેક કટાક્ષ અને ચાળાંચસકાંવાળાં મનો-
"હર રૂપો જોતા હોય, સારી રીતે તૈયાર કરેલ કોમળ સ્વાદિષ્ટ અને
"હૃદયને ઇષ્ટ સુંદર પ્રકારનો આહાર ખાતા હોય, કપૂર અગરૂ કસ્તૂરી
"પ્રારિજાત (ફૂલ) મંદાર[3] નમેરૂ[4] હરિચંદન અને સંતાનક (કલ્પવૃક્ષ)-
"નાં ફૂલોની તેમજ સુંદર અગ્નિમાં પુટ[5] મૂકી તૈયાર કરેલ સુગંધી-
"ઓનો સારી રીતે ગંધ લેતા હોય, હાવભાવવાળી લલિત લલનાઓ

---

૧ આંખમાં કીકી ઉપર **છારી** વળવાથી અથવા ફુલું પડવાથી દેખાતું નથી અથવા ઘણું ઓછું દેખાય છે

૨ શ્રવણ, ચક્ષુ, રસ, નાસિકા અને સ્પર્શ ઇંદ્રિયોના વિષયો અનુક્રમે બતાવ્યા છે.

૩ **મંદારઃ** સ્વર્ગનું ઝાડ. એને પારિભદ્ર પણ કહે છે.

૪ રૂદ્રાક્ષ અથવા સુરપુન્નાગ. એક સુગંધી વૃક્ષ અને તેને થતાં ફુલ.

૫ **પુટઃ** ઔષધ (સુગંધી) પકાવવા માટે માટી વિગેરેમાં બે કોડીઆ ઉપર નીચે મૂકી તેને ભૂતડો વિગેરે ચોપડી બનાવેલું પાત્ર.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

" અથવા અત્યંત કોમળ સ્પર્શવાળી સુંવાળી શય્યાઓનો આનંદથી " સ્પર્શ કરતા હોય, તેમજ પ્રેમવાળા મિત્રો સાથે આનંદ કરતા હોય, " બહારથી ઘણા સુંદર દેખાતાં વાડી વન કે બગીચાઓમાં વિલાસ " કરતા હોય, પોતાને ઇષ્ટ લાગે તેવી સર્વ પ્રકારની ચેષ્ટાઓ કરતા " ફરતા હોય, નાના પ્રકારની ક્રીડાઓ કરતા હોય અને સુખના અભિ- " માનમાં જે રસનું વર્ણન ન થઇ શકે તેવા રસમાં લદબદ થઇ જતા " હોય અને તેમાં રસગૃદ્ધિને લઇને સુખમાંથી આંખો પણ ઊંચી " ન કરતાં હોય-છતાં પણ એવા પ્રાણીઓનો સુખનો અનુભવ માત્ર " કલેશ રૂપ અને નિરર્થક જ છે. હે રાજન્! મેં આપને ઉપર જ- " ણાવ્યું તેવા પ્રકારનાં સેંકડો દુ:ખના હેતુ જ્યાં તૈયાર થઇ રહેલા " જ હોય અને તેથી જે પ્રાણીઓ ઘેરાયલા હોય ત્યાં સુખ કેવું? " અને મનની શાંતિ પણ કેવી? આવી સ્થિતિ હોવા છતાં અને તે " પ્રાણીઓ પરમાર્થદૃષ્ટિએ અનેક પ્રકારનાં દુ:ખોથી ભરેલા હોવા " છતાં મનમાં પોતે જાણે ઘણા સુખી છે એમ મોહને લઇને માને " છે. એ પ્રાણીઓને સુખ કેવા પ્રકારનું હોઇ શકે તેના બે દાખલા " આપું છું તે બરાબર વિચારજો. હરણની પછવાડે શિકારીઓ શક્તિ[1] "નારાચ[2] અથવા તોમર (ભાલુ) લઇને લાગ્યા હોય અને તેને ત્રાસ " આપી રહ્યા હોય, બાણો વિગેરેથી મારી રહ્યા હોય, તે વખતે હર- " ણને જેવું સુખ લાગે તેવું સંસારી પ્રાણીઓનું સુખ છે! અથવા " મૂર્ખ માછલીને તાળવામાં આંકડો લાગે તે વખતે ગળું જ્યારે ઝલાઇ " જાય તેવે પ્રસંગે જેવું સુખ તેને હોય તેવું સુખ સંસારી જીવોને " હોય છે. એ પ્રાણીઓના ઉપર એટલાં બધાં દુ:ખો પડીને તેમનાં " મસ્તકો ભેદાઇ ગયેલાં હોવાને લીધે એ વિશુદ્ધ ધર્મ રહિત પ્રાણીઓ " ખરેખર નારકીના જીવો જેવા જ છે, મહા દુ:ખી છે, ખરેખરા " સુખની ગંધ પણ તેમને નથી એમ જાણવું.

**સાધુ સંતને ત્રાસનો અભાવ.**
**અગીઆર સુંદરીનો આનંદ.**
**સુખનો સાચો જાતિ અનુભવ.**

**સાધુનું સુખ.**

" હે રાજન્! મહાત્મા સંત સાધુઓના સંબંધમાં ઉપર જણા- " વેલા સર્વે ઉપદ્રવો અને ત્રાસો તદ્દન નાશ પામેલા હોય છે: એનું

૧ **શક્તિ:** ફેંકવાનું શસ્ત્ર.
૨ **નારાચ:** આખું લોહમય બાણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કારણ એ છે કે તેઓશ્રીનું મોહતિમિર (અંધકાર) તદ્દન નાશ "પામી ગયેલ હોય છે, તેમને વિશુદ્ધ સત્ય જ્ઞાન પ્રગટ થયેલું હોય "છે, કોઇ પણ બાબતમાં ખોટો આગ્રહ પકડી રાખવો કે ખાલી "મમતા કરવી એવી મનની જે ખોટી સ્થિતિ ઘણે ઠેકાણે જોવામાં "આવે છે તે તેઓના સંબંધમાં દૂર થયેલી હોય છે, સંતોષ રૂપ "અમૃત તેઓની રગેરગમાં વ્યાપી રહેલ હોય છે, કોઇ પણ પ્રકા-"રની ખોટી ક્રિયા બંધ થયેલ હોય છે, ભવવેલડી લગભગ તૂટી "ગયેલ હોય છે, ધર્મમેઘ રૂપ સમાધિ તદ્દન સ્થિર થયેલ હોય છે "અને તેઓનું અંતરંગઅંતઃપુર તેમના ઉપર અત્યંત આસક્ત હોય "છે. એ તેમનું અંતરંગઅંતઃપુર તેમના પર કેટલું પ્રેમ રાખનાર "હોય છે અને કેવું હોય છે તે જરા વિસ્તારથી સમજવા જેવું છે. "તેઓનાં અંતઃપુરમાં અગીઆર પ્રેમી પત્નીઓ હોય છે તેમનાં નામે "નીચે પ્રમાણે છેઃ—

| | |
|---|---|
| ૧ ધૃતિ. | (ધીરજ–ક્ષમા) |
| ૨ શ્રદ્ધા. | (આત્મિક અને ધાર્મિક) |
| ૩ સુખાસિકા. | (વાસ્તવિક સુખ પ્રાપ્તિની ઇચ્છા) |
| ૪ વિવિદિષા. | (જાણવાની ઇચ્છા-જિજ્ઞાસા) |
| ૫ વિજ્ઞપ્તિ. | (અરજી. જાહેરાત–નિયમાદિની) |
| ૬ મેધા. | (બુદ્ધિ) |
| ૭ અનુપ્રેક્ષા. | (વિચારણા-ચિંતવન) |
| ૮ મૈત્રી. | (મૈત્રી વિગેરે ચાર જાણીતી ભાવનામાં પહેલી) |
| ૯ કરૂણા. | (દયા–ભાવના બીજી) |
| ૧૦ મુદિતા. | (પ્રમોદ-ભાવના ત્રીજી) |
| ૧૧ ઉપેક્ષા. | (બેદરકારી-ભાવના ચોથી) |

"એ મહાત્માઓને ધૃતિ સુંદરી સર્વ સ્થળે શુભાશુભ યા ન્યૂ-"નાધિક પ્રાપ્તિમાં સંતોષ આપે છે, શ્રદ્ધા સુંદરી તેઓનાં મન હમેશા "પ્રસન્ન રાખે છે, સુખાસિકા સુંદરી તેઓનાં ચિત્તમાં અનેક પ્રકા-"રના આનંદ ઉપજાવી રહેલ હોય છે, વિવિદિષા સુંદરી તેઓનાં "હૃદયમાં શાંતિનું કારણ થયેલ હોય છે, વિજ્ઞપ્તિ સુંદરી તેઓને અનેક "પ્રકારે પ્રમોદ ઉપજાવ્યા કરતી હોય છે, મેધા સુંદરી તેઓને સુંદર "બોધ આપવાનું કામ કરે છે, અનુપ્રેક્ષા સુંદરી તેઓના સંબંધમાં "હરખના રસમાં અત્યંત સુંદર કારણભુત થઇ પડેલી હોય છે, મૈત્રી "સુંદરી તેઓના સંબંધમાં સર્વ પ્રકારની અનુકૂળતાઓ કરી આપતી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

" હોય છે, કરૂણા સુંદરી વિનાકારણે તેમના તરફ વાત્સલ્યભાવ " ધરાવતી જણાય છે, મુદિતા સુંદરી તેઓને સર્વદા આનંદ આપ્યા " કરતી હોય છે અને ઉપેક્ષા સુંદરી તેઓના સર્વ પ્રકારના ઉદ્વેગોનો " નાશ કરનારી હોય છે.

" હે રાજન્! એ અત્યંત વહાલી અને દૃઢ પ્રેમી અગીઆર " સુંદરીઓના પ્રેમમાં આસક્ત રહી અને તેઓના પ્રેમપરિચયમાં " વસી મુનીશ્વરો હમેશા આનંદમાં રહે છે, એના પ્રસંગથી મુનિમહા- " ત્માઓ પોતાની જાતને સંસારસાગર તરી ગયેલ અને નિર્વાણ " ( મોક્ષ ) સુખસમુદ્રમાં ડૂબી ગયેલ માને છે. એ તો અનુભવસિદ્ધ " અને શાસ્ત્રપ્રસિદ્ધ છે કે **શાંત ચિત્તવાળા અને વિશુદ્ધ ધ્યાનથી " પવિત્ર થયેલા મુનિઓને જે સુખ હોય છે તે સુખ નથી દેવોને, " નથી ઇંદ્રોને કે નથી મનુષ્યના સાર્વભૌમ રાજા ચક્રવર્તીઓને.** " હે રાજન્! જેઓ પોતાનાં દેહ રૂપ પિંજરામાં પણ જાણે પારકા " હોય તેમ રહેતા હોય છે તેઓને કેવું સુખ હોય તે પૂછી પણ " કોણ શકે? અરે, એની વાત કરવાની હિંમત પણ કોની ચાલી શકે? " એ મહાત્મા પુરૂષો જે સુખનો જાતે અનુભવ કરે છે તે સંસારના " સાધારણ સુખવાળાને તો ગોચર પણ થઇ શકતું ન હોવાથી તેના " સાચા રસનો સ્વાદ તો તેઓ જ ચાખી શકે છે, બીજાઓને તો " તેનો ખ્યાલ પણ આવી શકતો નથી. હે રાજન્! આ પ્રમાણે હકી- " કત હોવાથી હું જે તદ્દન સુખથી ભરેલો છું તેના વસ્તુતત્ત્વનું " પારમાર્થિક રહસ્ય સમજવા વગર દુઃખી લોકોએ દુઃખી તરીકે " વગર સમજ્યે નિંદા કરી છે તે ફોકટની છે, સમજણ વગરની છે, " પારમાર્થિક રહસ્ય રહિત છે. મતલબ કહેવાની એ છે કે હે રાજન્? " તમે સુખના ખોટા અભિમાનમાં એવું તો વિચિત્ર નાટક કરી રહ્યા " છો કે પરમાર્થ સુખ કોને કહે? વાસ્તવિક સુખ શું છે? ક્યાં છે? " કોને મળે? ક્યારે મળે? કેમ મળે? એ કાંઇ જાણતા નથી, સમ- " જતા નથી અને વિચારતા પણ નથી."

આ પ્રમાણે વિસ્તારથી ખુલાસો કરીને તે મહાત્માએ રાજાને પારમાર્થિક મુનિસ્વરૂપનું ભાન કરાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૫ મું.

## બઠરગુરૂ કથાનક.

વામદેવ (સંસારીજીવ) સદાગમ સમક્ષ પોતાનું ચરિત્ર આગળ જણાવતાં કહે છે કે મારા મિત્ર વિમળકુમારના પિતા ધવળરાજા સર્વ વિવેચન સાંભળી રહ્યા હતા, બુધઆચાર્ય જેઓ તે વખતે દરીદ્રીના વેશમાં ઉગ્ર રૂપ ધારી રહ્યા હતા તેઓએ બુલંદ અવાજે પોતાનું વિવેચન પૂરૂં કર્યું એટલે ધવળરાજાએ એક ઘણો મહત્ત્વનો અને મુદ્દાસરનો સવાલ કર્યો.

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**સત્યબોધના અભાવનું કારણ.**
**રાજાનો પ્રશ્ન-મુનિનો ઉત્તર.**
**દૃષ્ટાન્ત પ્રસંગનો ઉપોદ્ઘાત.**

ધવળરાજ—"મહાત્મા! જો આપ કહો છો તે પ્રમાણે વિષયો દુઃખમય હોય અને સર્વથી ઉત્તમ પ્રકારનું સુખ શમભાવમાં જ સમાઇ જતું હોય તો આ સર્વ લોકો એ બાબત બરાબર સમજી શામાટે સાચો બોધ વિચારતા નહિ હોય, વસ્તુતત્ત્વ કેમ ધ્યાનમાં લેતા નહિ હોય, સત્ય માર્ગે શામાટે પ્રયાણ કરતા નહિ હોય? એનું કારણ આપ અમને સમજાવો."

મુનિ—"રાજન્! લોકો મહામોહને વશ પડી જવાથી વસ્તુતત્ત્વ સમજતા નથી, સત્ય માર્ગે આવતા નથી અને પરમાર્થ સુખ સંબંધી વિચાર કે પ્રયત્ન કરતા જ નથી. એક બઠરગુરૂએ પણ તેજ પ્રમાણે અગાઉ કર્યું હતું."

ધવળરાજે—"મહારાજ! એ બઠરગુરૂ કોણ હતો અને તેને બોધ કેમ ન હોતો થયો? તે સર્વ આપ મને વિસ્તારથી કહી બતાવો."



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિ—"રાજન્! એ હકીકત બરાબર સાંભળ. હું ઉપનય સાથે સમજાય અને સ્પષ્ટ થાય તેટલા વિસ્તારથી એ હકીકતને કહી સંભળાવું છું.

## બઠરગુરૂ કથા પ્રસંગ.[1]

ભવ નામનું એક મોટું ગામ હતું. એ ગામમાં એક સ્વરૂપ નામનું શિવમંદિર હતું. એ દેવમંદિર મહા મુલ્યવાન્ અનેક રત્નોથી ભરપૂર હતું, મનને પસંદ આવે તેવા વિવિધ પ્રકારના ખાવા પીવાના પદાર્થોથી (અથવા ખાજાંથી) ભરેલું હતું, દ્રાક્ષ વિગેરેનાં સ્વાદિષ્ટ શીતલ મધુર પાણીથી યુક્ત હતું, ધનથી સમૃદ્ધ હતું, ધાન્યથી ખીચોખીચ હતું, સોના રૂપાથી ભરપૂર હતું, સુંદર કપડાંઓથી સંપન્ન હતું અને વાહનોથી પુષ્ટ થઇ ગયેલું દેખાતું હતું. એ વિશાળ ભવ્ય મોટું શિવમંદિર સ્ફટિક જેવું નિર્મળ અને સર્વથા સર્વ પ્રકારની સગવડો અને સામગ્રીઓથી યુક્ત હતું અને સુખનું કારણ હતું.

એ શિવભવનમાં એક સારગુરૂ નામનો શિવલોકોનો આચાર્ય પોતાના કુટુંબ સાથે રહેતો હતો. એ શૈવાચાર્ય એવો મૂરખો હતો કે એનું કુટુંબ જો કે એનું હિત કરનાર હતું, એના તરફ પ્રેમ રાખનાર હતું અને જાતે ઘણું સુંદર હતું, છતાં એ તેની બરાબર પાલના કરતો નહિ, એનું બરાબર સ્વરૂપ જાણતો નહિ અને એ શિવભવનમાં કેવી કેવી સમૃદ્ધિ ભરેલી છે તે પણ પોતે બરાબર જાણતો નહિ. એના ઘેલાપણાની એ પરાકાષ્ઠા હતી કે એ ઘરના માણસોને બરાબર જાણતો નહિ અને ઘરમાં કેટલી પુંજી છે તેની હકીકત પણ જાણતો નહિ.

એ શિવભવન આટલું બધું ધનવાન્ છે અને એની સમૃદ્ધિની એના વ્યવસ્થાપકને ખબર નથી એ બન્ને હકીકત તે ગામના ચોર લોકોના જાણવામાં આવી હતી. એ ચોર લોકો મોટા ધૂતારા હતા (સોનેરી ટોળીના મેંબરો હતા) તેથી તેઓએ બરાબર આચાર્ય પાસે આવીને તેની (સારગુરૂની) સાથે દોસ્તી કરી. હવે ઘેલાપણાને લીધે એ મૂર્ખ આચાર્ય પેલા ચોરોને ઘણા સારા માને છે, પોતાના ઉપર પ્રેમ રાખનાર માને છે, પોતાનું ભલું કરનારા ગણે છે અને પોતાના હૃદયવલ્લભ સમજે છે. આવી ગંભીર મૂર્ખતાનું પરિણામ એ

---

૧ આ કથાનકના દરેક શબ્દમાં રહસ્ય છે, ઉપનય છે, અન્યોક્તિ છે, આવતા પ્રકરણમાં ઉપનય બતાવશે. લક્ષ્ય રાખીને વાંચી સમજવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયું કે પોતાના સુંદર કુટુંબનો અનાદર કરી પેલો શૈવાચાર્ય આખો વખત ધૂતારા ચોર લોકો સાથે વિલાસ કરવા લાગ્યો અને પોતાના કુટુંબને તો જાણે તદ્દન ભૂલી જ ગયો હોય એમ દેખાવા લાગ્યો.

એ સારગુરૂનું એવું વિચિત્ર વર્તન જોઇને સમજુ શિવભક્તો તેને વારંવાર વારતા અને કહેતા કે "ભટ્ટારક! જે લોકોની સાથે તમે સોબત કરો છો તે તો ધૂતારા છે, મોટા ચોર છે, માટે તમારે એની સાથે જરા પણ સંબંધ કરવો નહિ." આવી બાબત અનેક વખત તેઓ કહેતા પણ સારગુરૂ તો તેમનું વચન જ સાંભળતો નહિ, કાન આડા હાથ જ મૂક્યા કરતો અને જાણે એ વાતમાં કાંઇ દમ જ ન હોય એમ બતાવતો. તેનામાં આવી વિચિત્રતા જોઇ તેની મૂર્ખાઇને લઇને સારગુરૂ નામ બદલીને બઠરગુરૂ[1] એવું લોકોએ તેનું નામ પાડ્યું અને પછી તો આખરે જ્યારે તેઓને જણાયું કે એ ધૂતારા ચોરલોકોથી ઘેરાઇ ગયેલો છે અને તેમની મિત્રતામાંજ આનંદ લેનારો છે ત્યારે તેઓ દેવમંદિર જ તજી ગયા, ચોરલોકથી ભરાયેલા દેવમંદિરમાં જવું પણ તેમને યોગ્ય લાગ્યું નહિ. શિવભક્તો મંદિરમાં આવતા બંધ થઇ ગયા એટલે પેલા ધૂતારાઓનો દોર વધ્યો, તેઓએ પોતાની કપટ-જાળ વધારે વધારે પાથરવા માંડી, પેલા બઠરગુરૂનું ગાંડપણ વધે તેવી સર્વ યોજના કરવા માંડી, તેને અમલમાં મૂકી, છેવટે આખા શિવમંદિરને તેઓએ પોતાને વશ કરી લીધું, એ બઠરગુરૂના કુટુંબને તદ્દન હરાવી હઠાવી દીધું, વચ્ચેના એક ઓરડામાં તે આખા કુટુંબને કેદ કરી દીધું અને તે ઓરડીનાં બારણાં ઉપર મજબૂત તાળાં દઇ દીધાં.

આવી રીતે આખા શિવમંદિરને અને બઠરગુરૂને પોતાને વશ કરીને પછી એ ધૂતારાઓ પોતાના મનમાં ઘણા જ રાજી થયા, બહુ પ્રસન્ન થયા અને પોતામાંથી એકને પોતાના નાયક તરીકે સ્થાપન કર્યો. જેને એવી રીતે નાયક (આગેવાન) બનાવવામાં આવ્યો હતો તે વળી સર્વથી વધારે મોટો ધૂતારો હતો. પછી તો એ ધૂતારાઓ તે નાયકની સન્મુખ ત્યાં નાચ કરે, તાળીઓ દે, મોઢેથી અવાજો કરે અને બઠરગુરૂ પાસે અનેક પ્રકારનાં નાટકો કરાવે-આવી ક્રિયા દર-રોજ ચાલવા લાગી. વળી તે વખતે ધૂતારાઓ ઉઘાડી રીતે નીચે પ્રમાણે ગાયન પણ કરવા લાગ્યાઃ—

---

૧ બઠરગુરૂઃ મૂર્ખ, અક્કલ વગરના ભોળા ગુરૂ.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

धूर्तभावमुपगम्य[1] कथंचिदहो जनाः
वञ्चयध्वमपि मित्रजनं हृतभोजनाः ।
मन्दिरेऽत्र वठरस्य यथेष्टविधायकाः
एत एत ननु पश्यथ वयमिति नायकाः ॥

"હે મનુષ્યો! તમે પણ કોઇ પણ પ્રકારે ધૂતારાનો ભાવ ધારણ કરીને મિત્રને છેતરો અને ભોજન હરણ કરી લો. જુઓ, અમે તો બાઠરગુરૂના મંદિરમાં દાખલ થઇને અમારી મરજી આવે તેમ કરીએ છીએ. માટે તમે જરા આવો આવો! અને જુઓ તો ખરા કે અમે કેવા તેના માલિક થઇ ગયા છીએ!"[2]

આ પ્રમાણે હસતા જાય અને બોલતા જાય. વળી બીજા ધૂતારાઓ ગાય કે—

[3]वठरो गुरुरेष गतो वशतां.
वसतिं वयमस्य सरत्नशताम् ।
निजधूर्ततया प्रकटं जगतां.
खादेम पिबेम च हस्तगताम् ॥

"અરે આ બાઠરગુરૂ તો અમારે વશ થઇ ગયો છે, એનું મંદિર અને એનાં સેંકડો રત્નો અમારે કબજે થઇ ગયાં છે. જગત જાણે તેવી ખુલ્લી રીતે અમારી ધૂર્તતાથી આ સર્વ અમારા હાથમાં આવ્યું છે તેથી અમે સર્વ ખાઇએ છીએ, પીએ છીએ (ને મજા કરીએ છીએ). તમે જુઓ!"

આટઆટલું થવા છતાં પેલો હીણભાગી બાઠરગુરૂ પોતાના આત્માને (પોતાની જાતને) થતી વિડંબના સમજી શકતો નથી, પોતાના કુટુંબના શા હાલહવાલ થયા છે તે જાણતો નથી. આખું ધનધાન્યથી ભરપૂર શિવમંદિર પારકાના હાથમાં હરાઇ ગયું છે તે જાણતો પણ નથી. એ શિવાયતનને હાથ કરનાર પોતાના ખરેખરા દુશ્મન છે એ જાણતો નથી અને તે દુશ્મનો જાણે પોતાના ખરેખરા દોસ્તદારો હોય એમ જ માને છે, એમ જ ગણે છે અને એમાં જ રાજી રહે છે.

---

૧ मवगम्य પાઠાંતર. પ્રત.

૨ આશય—અહો પ્રાણીઓ! તમે ધૂતારાપણું પામીને, લોકોનું ભોજન લઇ લઇને પણ તેમને ઠગો. અમારા મંદિરમાં અમે યથેષ્ઠ કરનારા છીએ અને અમે નાયક છીએ. તમે આવો અને જુઓ!

૩ ત્રોટકને મળતો રાગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી મૂર્ખતાથી મસ્ત સ્થિતિએ ધૂતારા ચોરોના કુટુંબ વચ્ચે રહી નાચતો કુદતો તે આનંદમાં રહે છે, દિવસોના દિવસો એ સ્થિતિમાં પસાર કરે છે અને મનમાં મલકાયા કરે છે.

ચારે પાડામાં અઠરગુરૂ પાસે મગાવેલી ભીખ.

### અઠર ગુરૂના મિત્રો.
### ચારે પાડામાં ભીખ.
### ત્યાં જૂદાં જૂદાં પાત્રો.

હવે એ ભવ ગામમાં ચાર પાડાઓ (મહોલ્લાઓ) છે તે આ પ્રમાણે:— એક પાડો અતિ જઘન્ય છે, બીજો પાડો જઘન્ય (હલકો) છે, ત્રીજો પાડો ઉત્કૃષ્ટ (સારો-ઊંચો) છે અને ચોથો પાડો અતિ ઉત્કૃષ્ટ છે. હવે પેલો અઠરગુરૂ ભૂખ્યો થાય છે ત્યારે ધૂતારાઓ પાસે ભોજનની માગણી કરે છે. તે વખતે ધૂતારાએ તેના હાથમાં એક ઠીંકરાનું પાત્ર આપી, તેને શરીરે મસના ચાંડલા કરી મુખેથી તેને ભલામણ કરી 'મિત્ર! ગુરૂમહારાજ! ભીક્ષા માગી લો, તે માટે જરા ફરો!'

*પ્રથમ પાડામાં ઠીંકરાનું પાત્ર.*

પછી ધૂતારાઓએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે પેલા અઠરગુરૂએ કર્યું, કારણ કે તેઓ જે કહે તે તેણે કરવું પડે એવી જ તેની સ્થિતિ હતી. પ્રથમ એ ધૂતારા લોકોને સાથે લઇને અતિ જઘન્ય પાડામાં ભીક્ષા લેવા માટે અઠરગુરૂ ગયો. એણે એ પાડામાં આવેલ ઘરે ઘરે નાચ કર્યા, પેલા ધૂતારાઓએ તાલ આપ્યા અને તેને નચાવ્યો. તે વખતે એ પાડામાં રહેલા હરામખોર લુચ્ચાઓને દૂરથી સંજ્ઞા કરી કે 'આ ગુરૂને ફટકાવો!' એટલે પેલા લુચ્ચાઓ અઠરગુરૂને મારવા લાગ્યા: ખૂબ લાકડીઓ ફટકાવી, મુઠ્ઠીઓ મારી, મોટા મોટા પથ્થરાઓ તેના ઉપર ફેંક્યા, લાતો લગાવી અને તે મારનારાઓ જાણે જમ જ હોય તેમ તેને ત્રાસ આપ્યો. આખો વખત અઠરગુરૂ ઊંચેથી બરાડા પાડે પણ કોઇ તેની પત કરતું ન હોતું. બિચારા અઠરગુરૂએ એ પાડામાં ઘણા વખત સુધી બહુ ભયંકર દુ:ખો સહન કર્યાં છતાં એને જરા પણ ભિક્ષા મળી નહિ. આખરે એને જે ઠીંકરાનું પાત્ર આપવામાં આવ્યું હતું તે ભાંગી જતા એ એ પાડામાંથી તે બહાર નીકળ્યો. અઠરગુરૂને આપેલુ ઠીંકરાનું પાત્ર ભાંગી જતાં ધૂતારાઓએ તેના હાથમાં એક શરાવળું[1] આપ્યું અને

---

[1] રામપાતર, શકોરૂં.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તેને સાથે લઇને બીજા જઘન્ય પાડામાં સર્વે આવ્યા.

બીજા પાડામાં સરાવળું.

આ પાડામાં પણ એ બઠરગુરૂ ઘણો વખત ફર્યો પણ એને જરાએ ભીખ ન મળી. ત્યાં પણ લુચ્ચા મશ્કરા હલકા લોકોએ તેને પીડા કરી. આખરે જે સરાવળું આપી તેને જઘન્ય પાડામાં મોકલવામાં આવ્યો હતો તે ભાંગી જતાં તે પાડામાંથી પણ બઠરગુરૂ પાછો ફર્યો. આ બીજા પાડામાં તે ગુરૂ ઘણો વખત રખડ્યો. ત્યાર પછી ધૂતારા લોકોએ બઠરગુરૂને ત્રાંબાનું પાત્ર આપ્યું અને ત્યાંથી તેને સાથે લઇને તેઓ ત્રીજા ઉત્કૃષ્ટ પાડામાં ગયાં. ત્યાં એ તો રત્નથી ભરપૂર દેવમંદિરનો નાયક છે-એવા તેના કાંઇક આભાસ માત્રથી એને જરા જરા ભીખ મળી, પણ જેવી રીતે અતિ જઘન્ય અને જઘન્ય પાડામાં લુચ્ચા લોકો હેરાન કરતા હતા તેવી રીતે અહીં પણ બીજા હરામખોર લોકો તે બઠરગુરૂને ત્રીજા પાડામાં પણ થોડો ઘણો ત્રાસ તો આપ્યા જ કરતા હતા. આવી રીતે એ ત્રીજા પાડામાં કેટલીક વખત ભીક્ષા માટે ફર્યા પછી બઠરગુરૂ પાસે ત્રાંબાનું પાત્ર હતું તે આખરે ભાંગી ગયું. જ્યારે એનું એ પાત્ર ભાંગી ગયું ત્યારે પેલા ધૂતારાઓએ તેને રૂપાનું એક સુંદર પાત્ર આપ્યું, એ પાત્ર લઇને ભાઇસાહેબ બઠરગુરૂ ધૂતારાઓને સાથે સોબતમાં લઇને ચોથા પાડામાં ગયા અથવા વાસ્તવિક રીતે કહીએ તો ધૂતારાઓ તેને ચોથા પાડામાં રૂપાના પાત્ર સાથે લઇ ગયા. ત્યાં એ રત્નના માલેક તરીકે ઘણો જાણીતો અને પ્રખ્યાત હોવાથી સારી રીતે તૈયાર કરેલી ભિક્ષા દરેક ઘરમાંથી મેળવવા લાગ્યો-ત્યાં તો દરેક ઘરના રહેવાસીઓ તેને મજાની વસ્તુઓ ભીખમાં આપતા હતા.

ત્રીજા પાડામાં ત્રાંબાનું ભાજન.

ચોથા પાડામાં રૂપાનું પાત્ર.

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

આવી રીતે પેલા ચોરલોકો એ બાપડા બઠરગુરૂને ચારે પાડાઓમાં વારંવાર રખડાવતા હતા. દરેક પાડામાં તેને વારંવાર વારા ફરતી લઇ જાય અને રાતદિવસ તેની પાસે નાટક કરાવીને ભમાવ્યા કરે, રખડાવ્યા કરે, નચાવ્યા કરે. દરેક ઘરમાં એને હસે, તેના ચૂરેચૂરા કરે અને વળી વળગી પણ પડે. ત્યાંના લોકો પણ નાટક કરે, તાલ દે અને સામા તાલ લે. ધૂતારાઓ તો તેને અનેક પ્રકારનાં રૂપો લેવરાવીને વિડંબનાઓ કર્યા કરે. આવી રીતે ધૂતારાઓ બઠરગુરૂને હેરાન કરે, ત્રાસ આપે, છતાં જેવી તેવી જે ભિક્ષા મળે તેથી પેટ ભરીને પેલો મૂર્ખ ગુરૂ મનમાં રાજી થાય, આનંદ પામે, સંતોષ પામે અને વળી કોઇ વાર આવી રીતે ગાવા પણ મંડી જાય—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अतिवत्सलको मम मित्रगणः**
**कुरुते विनयं च समस्तजनः ।**
**तदिदं मम राज्यमहो प्रकटं,**
**ध्रियते जठरं सुधया विकटम् ॥**

"અરે મારો મિત્રવર્ગ તો મારા ઉપર ખરેખરો પ્રેમ રાખનારો છે, અને સર્વ માણસો પણ મારો વિનય કરે છે. અરે! મને આ તો ખરેખરૂં રાજ્ય મળ્યું છે અને આ વિશાળ (મોટું) ઉદર પણ અમૃતના ભોજનથી ભરાય છે." વળી વધારે ખૂબિની વાત તો એ થઇ કે એ મૂર્ખ દુઃખમાં ડૂબેલો હતો છતાં પોતાની જાતને સુખસમુદ્રમાં તરબોળ થઇ ગયેલી માનતો હતો અને આ મૂર્ખ માણસ ધૂતારાઓના દોષોનું કથન કરી તેના સ્વરૂપને પ્રગટ કરનારા હિતસ્વી જનો ઉપર દ્વેષ કરતો હતો. એ બાપડો એમ તો જાણતો કે સમજતો જ નથી કે પોતે બાહ્ય ભાવમાં પડી રહેલો છે, રત્ન-

સ્વકુટુંબ તરફ અવગણના.

વિગેરે સમૃદ્ધિથી ભરપૂર પોતાના ઘરથી દૂર કઢાયલો છે, પોતાના ખરેખરા સુંદર કુટુંબથી દૂર થયેલો છે અને દુઃખસમુદ્રમાં ડૂબેલો છે-અને એ સર્વ કામ કરનાર પેલા ધૂતારાઓ જ છે.

હે રાજન્! આવી રીતે મેં તમને બઠરગુરૂની વાતનો એક ભાગ કહી બતાવ્યો. આ લોકો પણ એવા જ પ્રકારના છે."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૧૬ મું.

## કથાઉપનય. ઉત્તર વિભાગ.

મુનિ તરીકે પ્રગટ થયેલા પ્રથમ કદરૂપા અને હવે અદ્ભુત કાંતિવાળા તેજસ્વી મહાત્માએ ધવળરાજા પાસે મુનિજીવનની વિશિષ્ટતા અને સાંસારિક જીવનની તુચ્છતા બતાવી એટલે જો તેમ હોય તો પછી લોકો શા માટે સાચા માર્ગને છોડતા હશે અને તુચ્છને આદરતા હશે તેનું કારણ રાજાએ પૂછ્યું એટલે મુનિએ બઠરગુરૂની ઘણી નવાઇ

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

જેવી વાત કરી. એ રીતે સુસમૃદ્ધ માણુસ શામાટે ભીખ માગે એ કાંઇ ધ્યાનમાં આવ્યું નહિ. વાત કરતાં જગતના લોકો પણ એ બાઠરગુરૂ જેવા મૂર્ખ છે એમ ટીકા કરતાં મુનિ મહાત્મા જરા અટક્યા એટલે રાજાએ તક હાથ ધરી અનેક સવાલ કર્યા–

**ધવળરાજ પ્રશ્ન.**
**કથા રહસ્ય.**
**ઉપનય.**

**ધવળરાજ**—"મહારાજ! આપ કહો છો કે લોકો પણ બાઠરગુરૂની જેવા જ છે તે કેવી રીતે? શું લોકો બાઠરગુરૂ જેવા મૂર્ખ અને અણુસમજુ છે? આપ એ હકીકત અમને બરાબર સ્ફુટ કરીને સમજાવો."

**મહાત્મા**—"રાજન્! હું તમને બહુ મુદ્દાસર રીતે ટુંકામાં તેનો સાર સમજાવું છું તે તમે અને સર્વ સભાજનો બરાબર લક્ષ્ય રાખીને સાંભળજો અને વિચારજો! હકીકતનું રહસ્ય નીચે પ્રમાણે છે:–

ભવ નામનું ગામ બતાવવામાં આવ્યું તે હે રાજન્! આ સંસાર સમજવો.

એ સંસારમાં જીવલોકનું સ્વરૂપ (પોતાનું વાસ્તવિક રૂપ) તે અતિ વિસ્તારવાળું શિવમંદિર સમજવું.

એ શિવમંદિર રત્નથી ભરપૂર છે વિગેરે જે વર્ણન બતાવવામાં આવ્યું છે, તે પ્રમાણે આ જીવનું સ્વરૂપ અનંત જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય વિગેરે અમૂલ્ય રત્નોથી ભરપૂર અને સર્વ પ્રકારની ઇચ્છાઓને પૂરી પાડે તેવું તથા મહા આનંદનું કારણ છે.

એ મંદિરનો સ્વામી ભૌતાચાર્ય-સારગુરૂ કહેવામાં આવ્યો છે, તેવી રીતે જીવસ્વરૂપનો સ્વામી આ જીવલોક છે એમ સમજવું. સામાન્ય જીવસ્વરૂપનો સ્વામી આખો જીવલોક છે એમ સમુચ્ચયે સમજવું.

એ જીવના સ્વાભાવિક ગુણો છે તે સર્વ તેના કુટુંબીઓ સમજવા. એ ગુણો કુદરતી રીતે જ સુંદર છે અને જીવને હિત કરનાર છે. પેલા શૈવાચાર્યના કુટુંબીઓ હિત કરનાર અને વાત્સલ્યભાવ ધરાવનાર હતા એમ કહ્યું છે તેની સાથે આ બાબત બરાબર બંધબેસતી આવે છે. તેના કુટુંબીઓ એવા હિત કરનારા હતા છતાં સારગુરૂને જેવી રીતે તે તેવા લા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગતા ન હોતા, તેવી રીતે જીવના સ્વાભાવિક ગુણો તેને સુંદર અને હિત કરનાર લાગતા નથી.

એ સારગુરૂના ઘેલાપણાની એ પરાકાષ્ઠા હતી કે એ ઘરના પ્રેમી માણસોને પીછાનતો પણ નહિ અને ઘરની પુંજી કેટલી છે તે જાણતો પણ નહિ એમ પ્રથમ કહેવામાં આવ્યું છે તે જ પ્રમાણે આ પ્રાણી પણ કર્મયોગમાં ( સાંસારિક કાર્યપ્રણાલિકામાં ) મસ્ત રહી ઘેલા જેવો દેખાય છે અને પોતાનું રૂપ અનેક ગુણરત્નોથી ભરેલું છે અને પોતામાં મોટી ઋદ્ધિ સમૃદ્ધિ રહેલી છે એ વાત પોતે જાણતો નથી.

એ નગરમાં મોટા ચોર-ધૂતારાઓ વસે છે અને સારગુરૂને ધૂતવા આવે છે વિગેરે જે વાત કરી છે તે જ પ્રમાણે આ સંસારમાં રાગદ્વેષ વિગેરે દુષ્ટ ભાવો ચોર છે, ધૂતારા છે અને તે આ પ્રાણીને બરાબર છેતરે છે. વાત એવી બને છે કે પેલા ચોરોની પેઠે તેઓ પણ આ જીવલોકના ખરેખરા દોસ્તદારો હોય તેવો દેખાવ કરે છે, તેઓ આ પ્રાણીને તેવા જણાય છે, છતાં અંદરખાનેથી તેઓ જ આ પ્રાણીના કર્મ રૂપ ઉન્માદને ઘણો વધારી મૂકે છે, મહા તીવ્ર કરી મૂકે છે, ભારે આકરો કરી મૂકે છે. એ રાગદ્વેષાદિ ધૂતારાઓ આ પ્રાણીના સ્વરૂપ રૂપ શિવમંદિરને પોતાને વશ કરીને પછી એ પ્રાણીના કુટુંબીઓ જેવા તેનામાં જે અનંત ગુણો હોય છે તે સર્વને અંદર કેદ કરીને તેના ચિત્તદ્વારનો રોધ કરી દે છે, તેના ઉપર તાળું લગાવી દે છે. રાજન્! આ જીવનું અસલ સ્વરૂપ ગુણોના સમૂહથી ભરપૂર અને શિવમંદિર સાથે બરાબર સરખામણી કરી શકાય તેવું છે તેને તેઓ હરણ કરી લે છે અને તેમ કરવામાં તેના ભાવકુટુંબ રૂપ ગુણોને પ્રથમ હઠાવી દે છે અને પછી દાબી દે છે, છુપાવી દે છે અને ત્યાર પછી રાજ્ય ઉપર મોટા ધૂતારા જેવા મહામોહની સ્થાપના કરીને રાગ વિગેરે સર્વ દોષો મનમાં ઘણા જ મલકાય છે, પોતાની મસ્તીમાં વધારો કર્યા જાય છે અને આ જીવને વશ કરીને તેની પાસે અનેક પ્રકારનાં નાટક કરાવે છે, નાચ કરાવે છે અને તેને રમાડે છે. રાજન! ગીત તાલ અને અવાજનો જે આ મોટો સ્વર આખો વખત સંભળાયા કરે છે અને મોટો કોળાહળ સંસારમાં ઉઠી રહેલો જણાય છે તે સર્વ કરનાર રાગ વિગેરે ચોરો છે એમ સમજવું.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

હવે એ સંસારમાં જે શિવભક્તો આવીને સારગુરૂને સમજણ આપતા જણાવવામાં આવ્યા છે તે વિશેષ બોધ પામેલા જૈન દર્શનના ઉચ્ચ જીવો સમજવા. એવા વિશેષ બોધ પામેલા જીવો લોકોને વારંવાર વારે છે, સમજાવે છે, શિખામણ આપે છે. કહે છે કે "હે જીવલોક! હે બંધુ! તારે આ રાગ વિગેરે ચોરો સાથે સોબત કરવી એ જરા પણ યોગ્ય નથી, એ મહા ધૂતારા છે, તારૂં સર્વસ્વ હરી જાય તેવા છે, મહા ભયંકર છે, અતિ ખરાબ આશયવાળા છે અને વસ્તુતઃ તે તારા શત્રુ છે, દુશ્મન છે, રિપુઓ છે."

હવે પ્રાણીની ચેતના તો કર્મના મોટા ઉન્માદને લઇને તદ્દન અસ્તવ્યસ્ત થઇ ગયેલી હોય છે તેને લઇને તેને ગમે તેટલું હિત કરનાર વાક્ય કહેવામાં આવે તેની દરકાર ન કરતાં તે એ વાક્યને ઉલટો તિરસ્કારી નાખે છે, ધૂતકારી કાઢે છે, ઉપદેશને ઉલટો માને છે અને મનમાં એમ માને છે કે આ ( રાગ દ્વેષ વિગેરે ) મારા દોસ્તદારો છે તે જ સારા છે, તે જ મારા પ્રિય મિત્ર છે, તે જ ખરેખરા ભાગ્યશાળી છે અને તે જ મારૂં સારૂં કરનારા છે. એ મૂર્ખ જીવ ખરેખરી રીતે રાગદ્વેષને પોતાના હેતુ-હિતસ્વી તરીકે માને છે.

જ્યારે પ્રત્યક્ષ રીતે એ સારગુરૂ જેવો જીવ હિત કરનાર ઉપર તાળાં દે છે અને તેના દુશ્મનોને હિત કરનાર માને છે ત્યારે તેનું નામ સારગુરૂ બદલીને બઠરગુરૂ રાખે છે એટલે તેઓ એ જીવને સારો પ્રાણી કહેવાનો બદલે ભોળો અથવા મૂર્ખ કહે છે. આખરે એ શિવાચાર્યને જ્યારે ચોર અને ધૂતારાઓથી વિંટળાયલો જુએ છે ત્યારે જેમ શિવભક્તો શિવમંદિર તજી જાય છે તેમ જ જીવને જ્યારે રાગ વિગેરે ચોર ધૂતારાઓથી વિંટળાયલો જુએ છે ત્યારે જૈન મહાપુરૂષો આ જીવને તજી જાય છે.

ત્યાર પછી બઠરગુરૂના કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે તે બઠરગુરૂ ભુખ્યો થતાં પેલા ચોરોએ તેના હાથમાં એક ઠીકરાનું પાત્ર આપ્યું, તેના શરીરપર મસના ચાંડલાઓ કર્યા અને ભીખ લેવા માટે તેને અહીં તહીં રખડાવ્યો એ સર્વ આ જીવના સંબંધમાં પણ એ જ પ્રકારે બને છે. એ હકીકત કેવી રીતે બને છે તે આપણે જોઇએઃ-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાગાદિ ચોરને વશ પડેલા આ પ્રાણીને ભોગ ભોગવવાની અને તેનાં સાધનો મેળવવાની એટલી બધી ઇચ્છાઓ હોય છે કે તેની ભૂખ તેને બહુ આકરી લાગે છે. તેથી પોતાના મિત્ર ( માની લીધેલા ) રાગદ્વેષની પાસે ભોગ રૂપ ભોજનની ભિક્ષા માગે છે તે વખતે એ રાગદ્વેષો પણ આ ભોતાચાર્ય બઠરગુરૂ જેવા આ જીવને ભવગામમાં ભિક્ષા લેવા માટે કાઢે છે. એ રાગદ્વેષ વિગેરે ઘણા અભિમાની છે અને બીજાને હલકા પાડવાની ઇચ્છા ઘણી રાખે છે તે ખાસ લક્ષ્યમાં રાખવું. હવે ભિક્ષા લેવા માટે આ પ્રાણીને તેઓ ફેરવે છે તેની વિધિ આ પ્રમાણે જાણવી: પહેલાં તો કાળાં કર્મ (પાપ) રૂપ મસના ચાંડલાઓથી તેની ગાઢ ચર્ચા કરે છે, મતલબ કે પ્રથમ તેને અત્યંત કાળાં કર્મોથી પાપી બનાવે છે અને ત્યાર પછી મહાન્ નરકના આયુષ્ય રૂપ તેના હાથમાં ઠીકરાનું પાત્ર આપે છે.

એ ભવગામમાં તિર્યંચ, નારક, મનુષ્ય અને દેવોને લગતા ચાર મહોલ્લાઓ સમજવા. એમાંના પ્રથમ બે જઘન્ય અને અતિ જઘન્ય જાણવા અને પછીના બે ઉત્કૃષ્ટ અને અતિ ઉત્કૃષ્ટ જાણવા. તિર્યંચનો પાડો નીચ છે અને નારકીનો પાડો ઘણોજ નીચ-ખરાબ-સર્વથી ખરાબ છે, મનુષ્યનો પાડો ઉત્કૃષ્ટ છે-સારો છે એમ સમજવું અને દેવનો પાડો સર્વથી સારો સમજવો. હવે એ ચારે પાડામાં જતાં આપેલ ઠીકરાનું પાત્ર, સરાવળું, ત્રાંબાનું પાત્ર અને રૂપાનું પાત્ર કહેવામાં આવ્યું તે ચારે પાડાઓમાં જીવને ભોગવવાનું આયુષ્ય ( તેનો જીવનકાળ ) સમજવું. નરકનું આયુષ્ય ઠીકરાના પાત્ર સાથે સરખાવવા યોગ્ય છે, તિર્યંચનું આયુષ્ય સરાવળા સાથે સરખાવવા યોગ્ય છે, મનુષ્યનું આયુષ્ય ત્રાંબાના પાત્ર સાથે સરખાવવા યોગ્ય છે અને દેવનું આયુષ્ય રૂપાના પાત્ર સાથે સરખાવવા યોગ્ય છે. આ ચારે ભાજનો તે ચારે ગતિના આયુષ્ય સમજવા.

આ પ્રાણી જ્યારે રાગદ્વેષાદિ ચોરોથી વિંટળાયલો હોય છે ત્યારે તે મહાપાપ કરે છે અને તેને પરિણામે ભવગામના પહેલા પાડા જેવા નરકમાં જાય છે. ત્યાં એ બાપડો ભોગભોજન માગ્યા કરે છે પણ તેની સર્વ માગણી નિષ્ફળ થાય છે, એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજન મળતું નથી અને એ કાંઇ ખાતો પણ નથી. વળી ત્યાં હેરાન કરનારા તોફાની લોક જેવા નરકપાળો ( પરમાધામી અસુરો ) છે તે તેને અનેક પ્રકારનાં દુઃખો આપે છે, પીડા કરે છે, હેરાનગતિઓ નીપજાવે છે. ત્યાં તીવ્ર અસહનીય અનેક દુઃખો સહન કરીને જ્યારે આયુષ્ય પૂરૂં થાય છે ત્યારે તે ત્યાંથી બહાર નીકળે છે એ હકીકત પેલા બઠરગુરૂનું ઠીંકરાનું ભાજન ભાંગી જાય છે એમ કહ્યું હતું તેની સાથે સરખાવવા યોગ્ય છે.

એવી રીતે જ્યારે નરક આયુષ્ય પૂરૂં થાય છે ત્યારે વળી પ્રાણી કદાચિત્ તિર્યંચનો ભવ પ્રાપ્ત કરે છે અને ત્યાં પણ તે ભોગલંપટ હોઇ ભોગ રૂપ ભોજનની ભીખ લેવા ભમ્યા કરે છે. આ બીજા પાડામાં પણ એને ભોગનું ભોજન મળતું નથી અને ભૂખ તરસ પરવશતા વિગેરે લુચ્ચા લોકોથી માત્ર પીડા પામ્યા કરે છે. મનમાં વાત સમજાય પણ બોલી શકાય નહિ, પોતાનાં કાર્યપર જરાએ અંકુશ નહિ-એવી પરિસ્થિતિમાં એ સરાવળા રૂપ બીજું પાત્ર પણ પૂરૂં કરે છે.

ત્યાર પછી વળી એ ભાઇ મનુષ્યભવ રૂપ ત્રીજા પાડામાં આવે છે તે તેને આપેલા ત્રાંબાના પાત્ર જેવું સમજવું. અહીં એને કોઇ પણ પ્રકારે કાંઇક ઓછા વધતા પુણ્યનો પ્રસંગ થાય છે, કારણ કે એ આંતર ઐશ્વર્યયુક્ત હોય છે. આ પુણ્યનો અંશ જે અહીં પ્રાપ્ત થાય તેને છાયા કહેવામાં આવી હતી. આ ત્રીજા પાડામાં એ પ્રાણીને જે સહજ છાયા મળે છે તે પુણ્યના લેશ રૂપ સમજવી. એ છાયાના પ્રતાપે આ જીવ એ ત્રીજા પાડામાં સહજ ભોગભોજન પ્રાપ્ત કરે છે; છતાં એ ત્રીજા પાડામાં પણ ધૂતારા જેવા અનેક ચોરો તેને પીડા કરનારા હોય છેઃ રાજ્ય તરફથી તેને હમેશાં બીકમાં રહેવું પડે છે અને કોઇક વાર લુંટાઇ પણ જાય છે, સગાસંબંધીઓ તેને હેરાન કરે છે, ચોરલોકો તેની માલમિલ્કત ઉપાડી જાય છે અને આવી આવી અનેક રીતે ધૂતારા જેવા રાગાદિ ભાવો તેને એ પાડામાં પણ અનેક પ્રકારે પીડા નીપજાવ્યા કરે છે. આવી રીતે હેરાન થતાં જ્યારે આખરે એનું ત્રાંબાના ભાજન જેવું મનુષ્યનું આઉખું પૂરૂં થાય છે ત્યારે આ જીવ ચોથા પાડા જેવા દેવભવમાં જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ દેવભવમાં જીવની અંતરંગ ઐશ્વર્ય રૂપ છાયા વધારે મોટી હોય છે. એને પરિણામે એ દેવભવમાં અત્યંત ભોગભોજન મેળવે છે. રૂપાના પાત્રનો આકાર ધારણ કરનાર દેવઆયુષ્ય તે ત્યાં ભોગવે છે. દેવગતિમાં આવી રીતે તે ભોગભોજન વધારે મેળવે છે.

એવી રીતે હે રાજન્! એ બઠરગુરૂ ભૂખ્યો હોઇને ભવગ્રામમાં રાતદિવસ રખડ્યા કરે છે, એક પાડામાંથી બીજામાં જાય છે, કર્મયોગથી ઘણો જ ઉન્મત્ત રહે છે, પાપ રૂપ મેસથી લીંપાયલો રહે છે અને રાગ વિગેરે ચોર ધૂતારાઓ તેને વીંટીને તેની ચારે તરફ બેસે છે અને મોટેથી અવાજ કર્યા કરે છે, મોટેથી હસ્યા કરે છે, ગીત ગાય છે, ઘોંઘાટ કરે છે, અનેક પ્રકારના ધાંધલ કરે છે અને પેલા જીવની સાથે અનેક યોનિઓ રૂપ ઘરમાં સાથે ચાલે છે.

હવે એ બાપડા( પેલા ભૌતાચાર્ય )ને જે ભીખ મળે છે તેથી મનમાં ઓછો વધતો તે રાજી થાય છે, પણ નવાઇની વાત તો એ બને છે કે એને એમ ખબર જ પડતી નથી કે પોતાનું ઘર રત્નોથી ભરેલું છે અને પારકા લોકો તેના માલેકો થઇ ગયા છે, અને તેની લક્ષ્મીને હરી જાય છે અથવા પોતાને કબજે કરીને બેઠા છે. વળી તેને એમ પણ જણાતું નથી કે પોતાનું ખરૂં કુટુંબ તો પરાભવ પામી ગયું છે, જો કે તે જ કુટુંબ પોતાના તરફ મોટો પ્રેમ રાખનાર છે અને સારૂં છે; વળી પોતાનો આત્મા મોટા દુ:ખસાગરમાં ફસાઇ ગયો છે તે બાબતની પણ તેને ખબર પડતી નથી. એ તો બાપડો મોહને વશ પડીને જાણે પોતે ઘણો જ સુખી હોય એમ માને છે, એમાં સંતોષ પામે છે અને એ અનેક પ્રકારની ચેષ્ટા કરતો પોતાના આત્માને વધારે વિડંબના કરે છે એવીજ હકીકત આ જીવના સંબંધમાં બને છે: આ સંસારમાં એને જે કાંઇ વિષયસુખ મળે છે, તુચ્છ ભોગભોજન મળે છે અથવા તો કોઇ વખત ઇંદ્રપણું મળી જાય છે, કોઇ વાર દેવપણું મળી જાય છે, કોઇ વાર રાજ્ય મળે છે અથવા કોઇ વાર રત્ન અથવા ધનની માલીકી મળે છે અથવા તો પુત્ર કે સ્ત્રી વિગેરે મળી જાય છે ત્યારે એ ભાઇશ્રી ખોટા અભિમાનથી માને છે કે જાણે પોતે ઘણો જ સુખી છે અને પછી એ સુખમાં એટલો તરબોળ થઇ જાય છે કે જરા આંખ પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊંચી કરતો નથી, એને વશ પડી જાય છે અને જરાએ વિચાર કરતો નથી. ત્યાર પછી અહો મારૂં સુખ! અહો મારૂં સ્વર્ગ! અહો મારી ધનભાગ્યતા! વિગેરે વિચારતો એ તારા આ જનસમુદાય જેવી વિચિત્ર[1] ચેષ્ટાઓ કરે છે. વળી તે વખતે એ બાપડાને ખબર પડતી નથી કે પોતાનું સ્વરૂપ જ્ઞાન દર્શન વીર્ય આનંદ વિગેરે અનંત અમૂલ્ય રત્નોથી ભરેલું છે અને તે રત્નો ખરેખરાં છે, તેમ જ વળી એને એમ પણ ખબર પડતી નથી કે એવું મહામૂલ્યવાન્ રત્નથી ભરપૂર પોતાનું સ્વરૂપ જેને મંદિરની ઉપમા આપવામાં આવી છે તે રાગ વિગેરે ભાવશત્રુઓવડે લુટાયું છે. ક્ષમા (ક્રોધત્યાગ), માર્દવ (માનત્યાગ), સરળતા (માયાત્યાગ), નિર્લોભતા, સત્ય વિગેરે પોતાનું ભાવકુટુંબ ખરેખરૂં સારૂં છે, પ્રેમ રાખનાર છે અને હિત વધારનાર છે-એ બાબત એ પ્રાણીને જણાતી નથી. વળી એને એ પણ ખબર પડતી નથી કે એનું એવું સુંદર આત્મસ્વરૂપ છે તેને રાગ વિગેરે ચોરોએ ચિત્તરૂપ ઓરડામાં ઘાલી દઇને કેદ કર્યું છે અને ત્યાં તેને સંકડાવી રાખ્યું છે. આવી રીતે એ પ્રાણી એવા ઊંચા પ્રકારના અનંત આનંદ આપનાર મહા ઐશ્વર્યથી અને સુખના હેતૂભૂત કુટુંબથી દૂર કરાયલો રહે છે, તેનાથી વિયોગ કરાયલો રહે છે, તેનાથી ભ્રષ્ટ થયેલો રહે છે અને દુઃખના સમૂહથી ભરેલા ભવગામમાં ફસાયલો રહે છે. એમ છતાં પણ નવાઇની વાત તો એ છે કે એ પ્રાણી રાગદ્વેષાદિ દુષ્ટ ભાવોને એટએટલું નુકસાન કરનારાં હોવા છતાં પોતાના પરમ ઇષ્ટ મિત્ર તરીકે માને છે અને ભીખની જેમ વિષયસુખ જરા મળી જાય ત્યાં તો આનંદમાં આવી જઇને એ મૂર્ખ હસવા મંડી જાય છે, નાચવા મંડી જાય છે અને પેલા બઠરગુરૂની પેઠે તાળીઓ પાડવા કે ગાવા મંડી જાય છે.' આ પ્રમાણે હોવાથી રાજન્! આ લોકો દુઃખસાગરમાં ડૂબેલા હોવાથી વસ્તુતત્ત્વ બરાબર સમજતા નથી અને તેથી પોતે જાણે સુખી છે એમ માની લે છે એવી વસ્તુસ્થિતિ છે."

* * *

* *

૧ આ વાકય ઘણી બહાદુરીથી બોલાયલું છે અને આખા ઉપદેશનું રહસ્ય અહીં આણી દીધું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મોક્ષ કેમ થાય?

ધવળરાજે તથા આખી સમાજે ગુરૂમહારાજની ઉપરની હકીકત લક્ષ્યપૂર્વક સાંભળી. પછી ધવળરાજે સવાલ કર્યો "ભગવન્! જો એ પ્રમાણે હકીકત હોય તો તો અમે સદાના ઘેલા છીએ, સન્નિપાત થયેલા જેવા છીએ, રાગ વિગેરે ધૂતારા ચોરો બહુ આકરા છે, તેઓએ અમારૂં સ્વરૂપશિવમંદિર પોતાને તાબે કર્યું છે, ભાવકુટુંબનો નાશ કર્યો છે, અમે ભવગામમાં રખડીએ છીએ, ભોગની ભીખ મળવી પણ ઘણી દુર્લભ હોઇ એનો એક નાનો અંશ મળે તો પણ અમે તેમાં રાચી જઇએ એવા તુચ્છ છીએ, ખરી પરમાર્થની નજરે તો અમે દુઃખસાગરમાં ડૂબેલા છીએ-ત્યારે મહારાજ! અમારો આ દુઃખમાંથી અને આ પરિસ્થિતિમાંથી છૂટકારો (મોક્ષ) કેવી રીતે થશે?"

મહાત્મા મુનિએ જવાબમાં કહ્યું "મહારાજ! એ બઠરગુરૂને ત્યાર પછી જે હકીકત બની તે પ્રમાણે જો તમારા સંબંધમાં બને તો તમારો પણ આ સંસારવિડંબનાથી મોક્ષ થશે."

મહારાજ ધવળરાજે એ બઠરગુરૂને ત્યાર પછી શું થયું તે પૂછ્યું, જેના ઉત્તરમાં મહાત્માશ્રીએ વાર્તા આગળ ચલાવી.

* *

### બઠરગુરૂ કથા-ઉત્તર વિભાગ.

[1]"રાજન્! ઉપર જણાવ્યું તે પ્રમાણે એ બઠરગુરૂને મહા ઉપદ્રવ થયા કરતો હતો અને પેલા ધૂતારા ચોરો એને અનેક પ્રકારના ત્રાસ આપ્યા કરતા હતા એ હકીકત જોઇને એક ખરેખરા ચુસ્ત શિવભક્તને તેના ઉપર દયા આવી. તેને મનમાં વિચાર થયો કે આવો ભોળો અને વસ્તુસ્થિતિએ સાચો ધનવાન્ અને સાધનસંપન્ન મૂર્ખ ગુરૂ મહા પીડા ખમે છે તે તો કોઇ રીતે ઠીક નહિ! માટે એને એ ભયંકર દુઃખમાંથી છોડાવવાનો કાંઇ ઉપાય વિચારીને શોધી કાઢવો જોઇએ. એ બાબત વિચાર કરતાં કરતાં એ શિવભક્ત એક કોઇ મહાવૈદ્ય[2]

૧ બુધસૂરિ મુનિવેશમાં આ સર્વ વાર્તા ધવળરાજને કહે છે તે વખતે વિમળકુમાર અને વામદેવ પાસે બેઠા છે. વામદેવ એ સંસારીજીવ છે અને અને તે પોતાની આ સર્વ વાર્તા સદાગમ સમક્ષ કહી બતાવે છે જે સર્વ અગ્રહીતસંકેતા વિગેરે સાંભળે.

૨ વૈદ્યની પાસે 'મહા' શબ્દ મૂકતાં ખરાબ અર્થ થાય છે, પણ અહીં તે અર્થ લેવાનો નથી એમ સંબંધ ઉપરથી જણાય છે. શંખ, તેલ, માંસ, વૈદ્ય, જોશી, બ્રાહ્મણ, યાત્રા, પંથ, નિદ્રા-એટલા શબ્દ પાસે 'મહા'શબ્દ મૂકવાથી ખરાબ અર્થ થાય છે. મહાપંથ એટલે મરણનો માર્ગ વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે ગયો અને વૈદ્યને પૂછ્યું કે આવું મોટું દુઃખ બઠરગુરૂને છે તો તેનો ઉપાય શો કરવો? એના સવાલના જવાબમાં વૈદ્યે તેને ઉપદેશ આપ્યો, ઉપાય બતાવ્યો અને તે પેલા શિવભક્તે સમ્યગ્ પ્રકારે ધારણામાં લઇ લીધો.

બઠરગુરૂ માટે માહેશ્વરે કરેલો ઉપાય.
તત્ત્વપ્રીતિકર જળપાનથી આત્મભાન.
વજ્રદંડ ઉપયોગ અને સ્વકુટુંબ પ્રકટીકરણ.
ભવગ્રામ છોડી સારગુરૂનો શિવાલયમાં વાસ.

પછી વૈદ્યે જે ઉપાય બતાવ્યો હતો તે પ્રમાણે સામાન અને તદ્યોગ્ય સર્વ સામગ્રી સાથે લઇ તેજ રાત્રે એ શિવભક્ત શિવમંદિરમાં ગયો. પોતે મોડી રાત્રે ત્યાં ગયો તે વખતે તેને માલૂમ પડ્યું કે ઘણી વખત સુધી પેલા બઠરગુરૂને નાચ કરાવીને પેલા ધૂતારાઓ ઘણા થાકીને સુઇ ગયા હતા. આવી અણધારી તક મળેલી જોઇને એ શિવભક્ત શિવમંદિરમાં દાખલ થયો અને દાખલ થતાંની સાથે જ શિવમંદિરમાં તૈયાર પડેલો હતો તે દીવો સળગાવ્યો. દીવો સળગતાં પેલા બઠરગુરૂએ આ દાખલ થયેલા શિવભક્તને બરાબર જોયો, પછી તેનામાં તેવા પ્રકારની ભવ્યતા ( યોગ્યતા અથવા થવાની હકીકત ) હોવાથી તથા અતિશય થાકના ખેદથી બઠરગુરૂએ કહ્યું કે 'મને થાકથી બહુ તરસ લાગી છે માટે મને પાણી પાઓ!' આટલી હકીકત સાંભળતાં જ પેલા શિવભક્તે કહ્યું 'અરે ભટ્ટારક! આ મારી પાસે ઘણું મીઠું [1]તીર્થજળ છે, એનું નામ તત્ત્વરોચક જળ છે અને તે ઘણું સુંદર છે તેથી તે તમે પીઓ.' ભટ્ટારક ગુરૂએ એ વખતે તે જળ પીધું. એ પાણી પીતાંની સાથે જ એક ક્ષણવારમાં તેનો ઉન્માદ હતો તે નાશ પામી ગયો, એની ચેતના તદ્દન નિર્મળ થઇ ગઇ, અને એ સ્વસ્થ સ્થિતિને પરિણામે તેણે શિવમંદિર ઉપર નજર નાખી તે વખતે તેને જણાયું કે પેલા તેના મિત્રો થઇને રહ્યા છે તે તો ચોર અને ધૂતારાઓ છે. પછી તેણે માહેશ્વરને પૂછ્યું કે 'આ બધું શું છે?' ત્યારે તેણે ધીમે ધીમે સઘળી હકીકત દર્શાવી. બઠરગુરૂએ સર્વ હકીકત સાંભળી છેવટે પૂછ્યું કે 'ત્યારે હવે મારે શું કરવું?' એ વખતે એ શિવભક્તે તેને એક [2]વજ્રદંડ આપ્યો અને ચોકખા શબ્દોમાં કહ્યું

૧ **તીર્થજળ**: મોટી નદીઓ, હુંઅરો અને દૂરના સમુદ્રોના જળને તેની પવિત્રતાને અંગે **તીર્થજળ** કહેવામાં આવે છે. અહીં તો તે રૂપક છે. **તત્ત્વપ્રીતિકર** જળમાટે વિશેષ હકીકત પ્રથમ પ્રસ્તાવમાં આવી ગઇ છે. જુઓ પૃ. ૧૦૩.

૨ **વજ્રદંડ**: સખ્ત લોઢાની ન ભાંગે તેવી લાકડી અથવા લાઠી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે 'ભટ્ટારક! આ તારા મિત્રો થઇ રહ્યા છે તે તો તારા ખરેખરા દુશ્મનો છે, માટે એ લોકોને ફટકાવ. એ કામમાં જરા પણ ઢીલ કરીશ નહિ.' એ વખતે સાચા જુસ્સામાં આવીને ભઠરગુરૂએ પણ વજ્રદંડ ઉપાડીને પેલા ચોરોને ખૂબ જોરથી મારવા માંડ્યા અને ચોરોના ચૂરેચૂરા કરી નાંખ્યા. પછી એ ભઠરગુરૂએ પોતાના મંદિરની અંદરનો ઓરડો (ચિત્તાપવરક) ઉઘાડ્યો એટલે તેમાંથી પોતાનું કુટુંબ કેદ પડ્યું હતું તે બહાર નીકળી આવ્યું. પરિણામે રત્નના ઢગલે ઢગલા પ્રગટ થયા. તે વખતે પોતાના શિવમંદિરમાં કેટલી ભારે અમૂલ્ય સંપત્તિ ભરેલી હતી તે તેના જોવામાં આવી અને તેનું સ્પષ્ટ ભાન થયું. એને પરિણામે એના મનમાં ઘણો જ આનંદ થયો. વિચાર કરીને ઘણા ચોર લુંટારા અને ધૂતારાથી ભરેલું એ ભવગ્રામ એણે છોડી દીધું અને કોઇ પણ પ્રકારના ઉપદ્રવ વગરનો અને એ ભવગ્રામથી તદ્દન અલગ આવી રહેલ એક શિવાલય નામનો મઠ હતો ત્યાં જઇને તે રહ્યો અને ત્યાં સારગુરૂના નામથી તે જાણીતો થયો. આ પ્રમાણે સારગુરૂના સંબંધમાં હકીકત બની હતી."

## સંક્ષિપ્ત ઉપનય.

મહાત્મા મુનિએ આ પ્રમાણે ભઠરગુરૂની વધારે વાત કરી એટલે ધવળરાજે પાછો સવાલ પૂછ્યો "મહારાજ! આપે જે વાત કરી તે અમારા સંબંધમાં કેવી રીતે ઘટી શકે છે તે આપ જણાવો."

મહાત્માશ્રીએ જવાબમાં જણાવ્યું "રાજન્! સાંભળ, તને ટુંકામાં એ હકીકત કહી જઉં છું તે તું લક્ષ્યમાં લઇ લેજે અને સર્વ સભાજનો! તમે પણ એ હકીકતનું રહસ્ય જાણી લેજો.

આ હકીકતમાં જે મહા શિવભક્ત આવ્યો તે સત્ય ધર્મનો ઉપદેશ આપનાર સદ્ગુરૂ છે એમ સમજવું. એનું કારણ આ પ્રમાણે છેઃ આ પ્રાણી જ્યારે ભવગ્રામમાં એટલે આ સંસારમાં રખડતો હોય છે તે વખતે રાગવિગેરે ચોરો તેને અનેક પ્રકારની વિડંબના કરતા હોય છે, એ પ્રાણી અનેક દુઃખોથી પીડા પામતો હોય છે, પોતાના ખરેખરા ઐશ્વર્યથી ભ્રષ્ટ થયેલો હોય છે, પોતાના વાસ્તવિક સાચા અને હિત કરનારા કુટુંબથી વિયોગ પામેલો હોય છે, લોક(સંસાર)નો પૂજારી થયેલો હોય છે, ભીખારીની પેઠે ચારે તરફ વિષયભીખ માગવા નીકળી પડેલો હોય છે, જરા જરા ભીખ મળે તેથી સંતોષ પામી જતો દેખાય છે અને કર્મના મોટા ઉન્માદથી



જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રાસ પામી ગયેલો દેખાય છે. તે વખતે તેની એવી અત્યંત દયા ઉપજાવે તેવી સ્થિતિ જોઇને ગુરૂમહારાજને તેના ઉપર કરૂણા ઉત્પન્ન થાય છે અને એવા ભયંકર દુઃખમાંથી આ પ્રાણીને કેવી રીતે છોડાવવો તેનો તેઓ વિચાર કરે છે.

એવા વિચારને પરિણામે એવા દુઃખમાંથી એને છોડાવવાના ઉપાયની શોધમાં ગુરૂ તત્પર થાય છે અને શોધ કરતાં જિનેશ્વર ભગવાન્ રૂપ મહાવૈદ્યના ઉપદેશથી ઉપાય જાણી લે છે અને મનમાં બરાબર ગોઠવીને ધારી રાખે છે.

ત્યાર પછી કોઇ વખતે ચોર ધૂતારા જેવા રાગ વિગેરે જ્યારે સુઇ ગયા હોય, મતલબ જ્યારે તેઓ જરા ક્ષયોપશમભાવ[1] પામ્યા હોય તેવા વખતની બરાબર તક સાધી એ શુદ્ધ જીવસ્વરૂપ રૂપ ધર્માચાર્ય શિવમંદિરમાં જઇ સત્ય જ્ઞાનનો દીવો તૈયાર પડેલો હોય છે તેને સળગાવે છે અને તે પ્રાણીને સમ્યગ્ દર્શનરૂપ પ્રબળ વજ્રદંડ તેના હાથમાં આપે છે.

એ વખતે આ પ્રાણીનું આત્મસ્વરૂપ રૂપ શિવમંદિર સત્ય જ્ઞાન રૂપ દીપકથી ઝળઝળાયમાન થઇ જાય છે, મહા પ્રભાવશાળી સમ્યગ્ દર્શનરૂપ નિર્મળ જળપાનથી કર્મનો ઉન્માદ નાશ પામી જાય છે અને એ પ્રાણીના હાથમાં મહા વીર્યશાળી તેજસ્વી ચારિત્રનો વજ્રદંડ આવે છે એટલે ગુરૂમહારાજના વચનને અનુસરીને એ પ્રથમ મહામોહ વિગેરે આકરા ધૂતારાઓ જેને તે અત્યારસુધી પોતાના મિત્ર ગણતો હતો અને રાગવિગેરે ચોરો જેને પોતે પોતાના હિતસ્વી માનતો હતો તેને મોટા અવાજથી બોલાવે છે અને તેમના ઉપર વજ્રદંડના ફટકા લગાવવા માંડે છે.

એવી રીતે જ્યારે ધૂતારાઓ અને ચોરો ઉપર વજ્રદંડના પ્રહારો પડે છે ત્યારે આ પ્રાણીનો કુશળ આશય વિશાળ થતો જાય છે, પૂર્વ કાળમાં બાંધેલાં કર્મો પણ ક્ષય પામે છે, નવાં કર્મોનો બંધ થતો નથી, તુચ્છ વર્તન અને અધમ વ્યવહાર તરફ જે પ્રેમ બંધાયલો હોય છે તે વિલય પામે છે, એનું આંતર તેજ (જીવવીર્ય) ઉલ્લાસ પામે છે, એનો આત્મા નિર્મળ થાય છે,

૧ **ક્ષયોપશમ ભાવઃ** ઉદયમાં આવતાં કર્મને બંધ કરી અને અંદર સત્તામાં રહેલાંને દબાવી દઇ થોડા વખત સુધી રાગ વગરની દેખાતી સ્થિતિ પ્રાપ્ત થાય તેને ક્ષયોપશમભાવ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનામાં અપ્રમાદ (પ્રમાદનો અભાવ-ઉદ્યોગ-સાવધાનપણું) બહુ વધારે પ્રમાણમાં પરિણામ પામતા જાય છે, ખોટા સાચા વિકલ્પો થયા કરતા હોય છે તે બંધ થઇ જાય છે, એનું સમાધિરત્ન એનામાં ચોક્કસ સ્થિર થાય છે અને સંસાર-પરંપરા ઓછી થતી જાય છે.

ઉપર વર્ણવેલી પરિસ્થિતિ જ્યારે આ પ્રાણીની થાય છે ત્યારે તે પોતાના ચિત્તરૂપ ઓરડાના આવરણરૂપ જે બારણાંઓ બંધ થઇ ગયેલાં હતાં તે ઉઘાડે છે એટલે એમાંથી પોતાના સ્વાભાવિક ગુણોરૂપ કુટુંબી જનો પ્રગટ થાય છે. એ વખતે કેદ પડેલા કુટુંબીઓ પોતાનો સંબંધ સ્પષ્ટ વ્યક્ત કરે છે એટલે અનેક પ્રકારની સાચી દોલત દેખાવ આપે છે.

ઉપર પ્રમાણે આત્મઋદ્ધિનો દેખાવ થયા પછી આ પ્રાણી પાછો અત્યંત વિશુદ્ધ જ્ઞાનરૂપ પ્રકાશથી તેને અવલોકે છે એટલે એનાં મનમાં નિરવધિ આનંદ થાય છે, ખરી આત્મજાગ્રતિ થાય છે, મોટો પ્રમોદ થાય છે. એ આનંદને પરિણામે એને ભવગ્રામ અનેક દુઃખથી ભરપૂર જણાવાથી તે ગામને છોડી દેવાની અભિલાષા એનામાં ઉત્પન્ન થાય છે.

ભવગ્રામને તજવાની ઇચ્છા થતાં એ પ્રાણીને વિષય પ્રાપ્ત કરવાની જે મૃગતૃષ્ણા હોય છે તે શાંત થઇ જાય છે, અંતરાત્મા લુખો પડી જાય છે, સૂક્ષ્મ કર્મના પરમાણુઓ બાકી રહેલા હોય છે તે ખરી પડતા જાય છે, સર્વ પ્રકારની વ્યવહારૂ ચિંતા દૂર થાય છે, વિશુદ્ધ આત્મધ્યાન સ્થિર થાય છે, યોગરત્ન ચોક્કસ દૃઢ થાય છે, એ વખતે આ પ્રાણી મહાસામાયિક[1] આદરે છે, [2]અપૂર્વકરણ એને પ્રગટે છે, એનામાં

---

૧ **સામાયિકઃ** એટલે બે ઘડિ સંસારના ભાવનો ત્યાગ કરી મન વચન કાયાની શુદ્ધ પ્રવૃત્તિ કરી સમભાવનો લાભ લેવો. **મહાસામાયિક** એટલે સામાયિકની સ્થિતિમાં ચિર પ્રવૃત્તિ.

૨ આ **અપૂર્વકરણ** બીજું છે. અત્યાર સુધી આત્મદશા ન થઇ હોય તે કરી એક સાથે ઘણાં કર્મોનો ક્ષય કરી નાખવો તેને **અપૂર્વકરણ** કહે છે. આઠમા ગુણસ્થાનકનું નામ **અપૂર્વકરણ** છે. એના વિગતવાર સ્વરૂપ માટે જુઓ **કર્મગ્રંથ** બીજો.

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

ક્ષપકશ્રેણી[1] બહાર આવે છે, એ કર્મનાં મોટાં મોટાં જાળાંઓમાં જે શક્તિ હોય છે તે સર્વને કાપી નાખે છે, એનામાં તે વખતે [2]શુકલ ધ્યાનરૂપ અગ્નિ સળગી ઉઠે છે, ત્યાર પછી યોગનું વાસ્તવિક માહાત્મ્ય પ્રગટી નીકળે છે, આત્મા સર્વઘાતી[3] કર્મોના પાસથી મૂકાય છે, પરમ યોગ ઉપર એની સ્થાપના થાય છે, એ પછી વિમળ કેવળજ્ઞાનરૂપ આલોક (પ્રકાશ)થી તે દીપી નીકળે છે, ત્યાર પછી જગત્ ઉપર અનુગ્રહ[4] ( કૃપા–દયા–ઉપકાર ) કરે છે, પ્રાંતે એમનું આયુષ્ય અલ્પ રહે છે ત્યારે તે કેવળી સમુદ્ઘાત[5] કરે છે, એ

---

૧ **ક્ષપકશ્રેણી:** જ્યારે આ પ્રાણી પ્રગતિ કરે છે ત્યારે તે બે પ્રકારની શ્રેણીએ–દાદરે ચઢે છે. એકને **ક્ષપકશ્રેણી** કહેવામાં આવે છે જે માર્ગે તે આગળ વધ્યો જ જાય છે અને છેવટે ઇચ્છિત સ્થાનકે પહોંચે છે, બીજી **ઉપશમશ્રેણી** કહેવાય છે તેમાં પ્રગતિ થયા પછી પાછો અધઃપાત થાય છે. ક્ષપકશ્રેણી આદરનારા જીવો ગુણસ્થાનમાં એકદમ આગળ ચાલ્યા જાય છે અને તેરમે ગુણસ્થાનકે પહોંચે છે. ઉપશમ શ્રેણીવાળાનો અગીઆરમે ગુણસ્થાનકેથી પાત થાય છે.

૨ **શુકલધ્યાન:** વિશુદ્ધ ધ્યાનના ધર્મ અને શુકલ બે ભેદ છે. એ દરેકના ચાર ચાર પાયા છે તે બહુ વિચારવા યોગ્ય છે. 'જૈન દૃષ્ટિએ યોગ'માં ધ્યાનપર પૂરતું વિવેચન કર્યું છે તે પ્રાથમિક અભ્યાસીએ જોવું. જુઓ સદરહુ પુસ્તક પૃ. ૧૭૪–૮૧ વિશેષ રૂચિવાળાએ યોગશાસ્ત્રનો અગિયારમો પ્રસ્તાવ વિચારવો.

૩ **ઘાતીકર્મ:**–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મને ઘાતીકર્મ કહેવામાં આવે છે, એના નાશથી કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્ય પ્રગટ થાય છે, મોહનીય કર્મનો નાશ દસમાને અંતે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો નાશ બારમા ગુણસ્થાનકને અંતે પ્રાપ્ત થાય છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો છે, એના નાશથી પ્રાણીનો મોક્ષ થાય છે. એ સ્થિતિ ચૌદમા ગુણસ્થાનકને અંતે આવે છે.

૪ કેટલાક પ્રાણીઓ કેવળ જ્ઞાન પામીને તરતજ ( અંતર્મુહૂર્તમાં ) મોક્ષે જાય છે તેમને અન્તઃકૃત કેવળી કહેવામાં આવે છે. એમને અનુગ્રહ કરવાનો પ્રસંગ બનતો નથી.

૫ **કેવળીસમુદ્ઘાત:** 'સમુદ્ઘાત' શબ્દમાં 'સમ્' 'ઉદ્' અને 'ઘાત' ત્રણ શબ્દો છે. સમ્યક્ રીતે ઉત્ એટલે પ્રાબલ્યથી–જોરથી વેદનીય વિગેરે કર્મોનો જે ક્રિયામાં ઘાત–વિનાશ થાય તે **સમુદ્ઘાત.** અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે બાકીનાં કર્મોને આયુષ્યકર્મ સાથે સરખાં કરવાં કેવળી સમુદ્ઘાત કરે છે. ચાર અઘાતી કર્મો રહ્યાં હોય છે તે પૈકી વેદનીય, નામ અને ગોત્રને આયુષ્યની સરખાઇમાં મૂકવાનું આ અદ્ભુત આત્મકાર્ય બને છે. એમાં આઠ સમય લાગે છે. પ્રથમ સમયે આત્મપ્રદેશોનો 'દંડ' કરે છે એટલે ચૌદ રાજપ્રમાણ શરીરના પ્રમાણમાં આત્મપ્રદેશ ઉપર અને નીચે થાય છે. બીજે સમયે 'કપાટ' કરી ઉત્તર દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમુદ્ઘાત દ્વારા બાકી રહેલાં સર્વ કર્મોને સરખાં કરે છે, પછી યોગ ( મન વચન કાયાની પ્રવૃત્તિ )નો નિરોધ કરે છે, શૈલેશિ[1] અવસ્થા ઉપર આરોહણ કરે છે, આ સંસારને સંબંધમાં રાખનાર કર્મો જેને 'ભવોપગ્રાહી કર્મો' કહેવામાં આવે છે તેનાં સર્વ બંધનોને તોડી નાંખે છે, દેહરૂપ પાંજરાનો સર્વથા ત્યાગ કરે છે, તેને મૂકી દે છે, પછી આ ભવગ્રામ (સંસાર) સદાને માટે છોડી દઇને એ પ્રાણી નિરંતરનો આનંદ પ્રાપ્ત કરી, સર્વ પ્રકારની બાધાપીડાથી મુક્ત થઇ શિવાલય (મોક્ષ) નામના નગરે પહોંચી જાય છે, એ નગર મોટા મઠ જેવું છે, ત્યાં સારગુરૂ તરીકે સ્થાપન થઇ પેલા સારગુરૂની પેઠે પોતાના ભાવ કુટુંબીઓની વચ્ચે સર્વ કાળ નિરાંતે રહે છે.

[2]"આ પ્રમાણે હોવાથી હે રાજન્! મેં તમને કહ્યું હતું કે જેવું પેલા બહુરગુરૂને પછવાડેના ભાગમાં બન્યું તેવું જો તમારે બની આવે તો તમે અત્યારે જે બાધા ઉપાધિઓ ભોગવો છો તેનાથી તમને છૂટકારો મળે, તમારી હેરાનગતીઓ દૂર થાય અને તમે ત્રાસ વગરના થાઓ. આ સિવાય તમને વાસ્તવિક સુખ મળવાનો બીજો રસ્તો નથી."

---

અથવા પૂર્વ પશ્ચિમ કરી આત્મપ્રદેશને લંબાવે છે. ત્રીજે સમયે 'મંથાન' કરી પૂર્વ પશ્ચિમ અથવા ઉત્તર દક્ષિણ આત્મપ્રદેશ લંબાવે છે એટલે રવૈયાની ચાર બાજુ થઇ. ચોથે સમયે વચ્ચેના આંતરા પૂરે છે. આવી રીતે ચોથા સમયને છેડે લોકાકાશના સર્વ પ્રદેશ પર કેવળીના આત્મપ્રદેશો આવી જાય છે. પ્રત્યેક આત્માના પ્રદેશો લોકાકાશના કુલ પ્રદેશ જેટલા જ હોય છે એટલે એક લોકાકાશપર એક આત્મપ્રદેશ આવે છે. પાંચમે સમયે પૂરેલા આંતરાનો સંહાર કરે છે, છઠ્ઠે સમયે મંથાનનો સંહાર, સાતમે કપાટનો અને આઠમે દંડનો સંહાર કરી આઠમા સમયને અંતે અસલ સ્થિતિએ શરીરપ્રમાણ થઇ જાય છે. કર્મના અસંખ્ય ભાગ બુદ્ધિથી કલ્પવા, અનુભાગની તીવ્રતા સમજી લેવી. દંડાદિ કરતી વખતે આત્મા સાથે લાગેલાં ઉક્ત ત્રણ કર્મોના વધારાને ખેરવી નાખે છે. સમસ્થિતિ કરવા આ જબરો પ્રયોગ છે. એની વિગતવાર હકીકત માટે જુઓ કમ્મપયડી-શ્રીયશોવિજયજી ટીકા. પૃષ્ઠ ૩૦૩ ( જૈ. ધ. પ્ર. સભા ) અને શ્રીપન્નવણા સૂત્રનું છત્રીસમું દ્વાર.

૧ **શૈલેશીકરણઃ** આ છેલ્લું કરણ છે. શુકલ ધ્યાનના ચોથા પાયા ઉપર આરોહણ કરવાના કાર્યને શૈલેશીકરણ કહે છે. એ ચૌદમા ગુણસ્થાનકને અંતે થાય છે.

૨ મહાત્મામુનિ ધવળરાજને અને આખી સભાને કહે છે. ઉપદેશ આપ્યો, સાંસારિક સ્થિતિ બતાવી, સાધુજીવનની વિશિષ્ટતા વર્ણવી, દૃષ્ટાન્ત આપ્યું અને તેનો ઉપનય પણ કહ્યો.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

# પ્રકરણ ૧૭ મું.

## બુધચરિત્ર.

મહાત્મા મુનિએ બટરગુરૂની કથા ઘણા વિસ્તારથી કહી અને તેનો આંતર આશય અને ઉપનય વિસ્તારથી સમજાવ્યો તે સર્વ ધવળરાજાએ તથા આખી સભાએ બહુ હોંસથી સાંભળ્યો. તે સર્વ હકીકત સમજતાં તેમજ વિચારતાં સર્વને ઘણો પ્રમોદ થયો. એ હકીકત સાંભળતાં તેઓમાં પણ એટલો બધો ભક્તિનો રસ જામી ગયો કે તેઓનાં કર્મનાં જાળાંઓ પાતળાં પડી ગયાં અને તેઓએ હાથ જોડીને તેને પોતાનાં કપાળે લગાવ્યા. પછી સર્વ એક સાથે કહેવા લાગ્યાઃ—

જૈનમ્ જયતિ શાસનમ્

કર્તવ્ય સંબંધી પ્રશ્ન.
મહાત્માનો સદુપદેશ.
દીક્ષા લેવાની પ્રેરણા.

મુમુક્ષુ ચં કા.

"હે યતીશ્વર મહાત્મા! જે પ્રાણીના આપ ભગવાન્ પોતે નાથ થયા હો અને જેના ઉપર ભગવાન્ પોતે વત્સલભાવ ધારણ કરનારા થયા હોય તેને એવા પ્રકારનો બનાવ બને એમાં કાંઇ નવાઇ નથી. અહો! મહાત્મા! આપની વાત તો કાંઇ ખરેખર ઓરજ પ્રકારની છે. હે મહાત્મા! હવે આપ કોઇ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ વગર સ્પષ્ટ રીતે અમને જણાવવાની કૃપા કરો કે અમારા જેવાએ શું કરવું જોઇએ? અમે શું કરીએ તો અમારો નિસ્તાર થાય!"

આવા સાદા સવાલના જવાબમાં આચાર્ય મહારાજે યોગ્ય જ-

મારા જેવા થાઓ.

વાબ આપ્યો "ભદ્રો! તમે સર્વે બહુ સારૂં બોલ્યા અને અત્યારે તમારી બુદ્ધિ પણ બહુ સુંદર થઇ છે. મેં જે સર્વે ભાષણ વિવેચનપૂર્વક તમારી પાસે હમણા કરી બતાવ્યું તે સર્વે તમે સમજ્યા હો એમ જણાય છે. મારા વાક્યની અંદર રહેલ અર્થ ભાવાર્થસહિત તમારા સમજવામાં બરાબર આવી ગયેલ હોય એમ લાગે છે. હે ધવળમહારાજ! મને એમ પણ લાગે છે કે આજે તમને બધી હકીકત સમજાવવામાં મેં જે પરિશ્રમ ઉઠાવ્યો તે સર્વે સફળ થયો છે. હવે તમારે શું કરવું યોગ્ય ગણાય એ સંબંધી તમે મારો અભિપ્રાય માગો છો તો મારે તમને જણાવવું જોઇએ કે જે મેં કર્યું છે તે જ કરવું તમને સર્વથા યોગ્ય છે."

અને ઢીલ કરો નહિ.

પોતાના પ્રશ્નનો કાંઇક અસ્પષ્ટ જવાબ સાંભળી ધવળરાજે અને લોકોએ વાતની ચોખવટ કરવા પૂછયું કે "મહાત્મા! આપે શું કર્યું છે તે કૃપા કરીને અમને જણાવો." ગુરૂમહારાજ બુધાચાર્યે જવાબમાં જણાવ્યું—"લોકો! આ કેદખાના જેવા સંસારને અસાર જાણીને તેનો નાશ કરનાર ભાગવતી (જિનેશ્વર ભગવાને દર્શાવેલી) દીક્ષા મેં અંગીકાર કરી છે. હવે જો તમને મારા વચનથી અનંત દુઃખથી ભરપૂર સંસારરૂપ બંદીખાના ઉપર ખેદ થયો હોય અને તે ખેદ જો ખરેખરો સાચો હોય તો એ સંસારનો સર્વથા ઉચ્છેદ કરી નાખે તેવી ભાગવતી દીક્ષા તમે લ્યો અને તે બાબતમાં જરા પણ ઢીલ ન કરો. આપણામાં પ્રચલીત કહેવત છે કે **धर्मस्य त्वरिता गतिः** (ધર્મનાં કામમાં ઢીલ કરવી નહિ.)"

* *

### મહાત્માના ઉપદેશક કોણ? આત્મકથા કરવાથી લઘુપણું. રાજાનો આગ્રહ. જિજ્ઞાસા તૃપ્તિ.

ધવળરાજે જણાવ્યું "મહારાજ! આપશ્રીએ જે જણાવ્યું તે મારા મનમાં બરાબર બેસી ગયું છે, પણ સાહેબ! મને એક બાબતમાં જરા કુતૂહળ થયું છે તે શાંત થાય તેવો ખુલાસો સંભળાવવાની કૃપા કરો. જુઓ સાહેબ! આપશ્રીએ આટલો ખાસ પરિશ્રમ વેઠીને અમને પ્રતિબોધ કર્યો અને સુર્વને માર્ગપર લઇ આવ્યા, પણ સાહેબ! આપને કોણે પ્રતિબોધ કર્યો? કેવી રીતે કર્યો? ક્યારે કર્યો? અને ક્યા

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


નગરમાં કર્યો? અથવા તો સાહેબ! આપને અંદરથી આપોઆપ બોધ થઇ આવ્યો? (મતલબ શું આપ સ્વયંબુદ્ધ[1] છો?) મહારાજ! અમારા સૌનું હિત કરવાની ઇચ્છાથી એ સર્વ હકીકત આપ મને વિસ્તારથી કહો અને અમારી જિજ્ઞાસા તૃપ્ત કરો."

ઉપરના સવાલોનો જવાબ આપતાં બુધસૂરિ બોલ્યા—"સાધુ પુરૂષોએ પોતાસંબંધી આત્મકથા ન કરવી એવી શાસ્ત્રાજ્ઞા છે, કારણ કે આત્મકથા કરવાની ટેવ પરિણામે લઘુપણું લાવે છે. મને એમ લાગે છે કે મારૂં આત્મચરિત્ર તમારી પાસે કરવાથી મારી પણ લઘુતા થશે, કારણ કે સ્વચરિત્ર કહેતાં તે અનિવાર્ય છે, માટે તેનું કીર્તન કરવું ઇષ્ટ નથી."

મહાત્મા બુધસૂરિનો આવો જવાબ સાંભળીને ધવળરાજ સૂરીશ્વરના બન્ને પગમાં પડ્યા અને વારંવાર આગ્રહ કરીને તે હકીકત પૂછવા લાગ્યા. ધવળરાજનો આવો અત્યંત આગ્રહ હોવાથી તેમજ આ વાત દરમ્યાન સભામાં બેઠેલા સર્વ લોકોને પણ એ ચરિત્ર સાંભળવાનું કતુહળ બહુ વિશેષ પ્રકારે થયેલ હોવાથી સૂરિમહારાજ બોલ્યા—"રાજન્! લોકો! તમને જો એ હકીકત સાંભળવાની ઘણીજ જિજ્ઞાસા થઇ છે તો તમારા અત્યંત આગ્રહથી મારી આત્મકથા તમને કહી સંભળાવું છું તે સર્વ સાંભળો:—

## બુધચરિત્ર.[2]

### પરિવારપરિચય.




૧ સ્વયંબુદ્ધઃ કોઇના બોધ–ઉપદેશની અપેક્ષા રાખતા નથી. અંતરઆત્મા જાગૃત હોવાથી પોતે વસ્તુસ્થિતિ સમજી જાય છે. સ્વયંબુદ્ધ અવારનવાર થઈ આવે છે.

૨ આ ચરિત્રમાં જે નામો આવે છે તે ચોથા પ્રસ્તાવમાં આવેલ વિચક્ષણાચાર્યના ચરિત્રનાં નામો સાથે ઘણું સામ્ય ધરાવે છે. એ ચરિત્ર ત્યાં પૃ. ૭૬૩ થી શરૂ થાય છે. સરખામણી સારૂ અહીં નોટમાં તે પ્રસ્તાવનાં નામો બતાવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શુભવિપાક નિજસાધુતાનો બુધ.
## અશુભવિપાક પરિણતિનો મન્દ.
## બુધ અને મન્દનો બાળસહચાર.

આ લોકમાં પ્રખ્યાત અને અનેક બનાવોથી ભરપૂર મોટા વિસ્તારવાળું [1]**ધરાતળ** નામનું સુંદર નગર હતું. એ નગરમાં ઘણા સુપ્રસિદ્ધ થયેલા મહિમાવાળો અને જગતને આનંદ આપનાર **શુભવિપાક**[2] નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજાએ પોતાના પ્રતાપથી સમગ્ર ભૂમંડળને પોતાના કબજામાં લીધું હતું. સર્વ અવયવોએ અને અંગોએ ઘણી સુંદર એવી એ રાજાને અતિ વહાલી એક નિજસાધુતા નામની રાણી હતી, જે લોકોમાં સારી રીતે પ્રસિદ્ધિ પામેલી હતી. હવે એક વખતે સમય બરાબર થતાં એ નિજસાધુતા દેવીને પ્રાપ્ત કરીને તેની કુક્ષીદ્વારા **બુધ**[3] નામનો એક પુત્ર તે બન્નેને થયો. આ પુત્ર પણ જગતમાં ઘણો પ્રસિદ્ધ થયો, કારણ કે એ પુત્ર અનેક ગુણરત્નોની ખાણ હતો અને કળાઓમાં કુશળતાનું મંદિર હતો. અનુક્રમે એ કુમાર ઉમરે વધતો ગયો તેમ રૂપમાં કામદેવની પેઠે વધારે વધારે આકર્ષક બનવા લાગ્યો.

હવે એ શુભવિપાક રાજાને એક **અશુભવિપાક**[4] નામનો ભાઇ હતો જે દેખાવમાં ઘણો ભયંકર, આખી દુનિયાને સંતાપ કરનાર અને જનમેજય[5] જેવો હતો. એ અશુભવિપાક રાજાને એક **પરિણતિ**[6] નામની રાણી હતી: એ રાણીનો મહિમા દુનિયામાં સારી રીતે પ્રસિદ્ધિ પામેલો હતો; એ લોકોને ઘણો સંતાપ કરનારી હતી; એનું શરીર જ ઘણું ભયંકર હતું. આ અશુભવિપાક અને પરિણતિના

---

૧ વિચક્ષણાચાર્યે ચરિત્રમાં **ભૂતળ** નગર આવે છે. જુઓ પૃ. ૭૬૭.

૨ વિચક્ષણાચાર્યે ચરિત્રમાં રાજા મલસંચયનો પુત્ર **શુભોદય** હતો તેની સાથે આ વ્યક્તિ સરખાવવા યોગ્ય છે. જુઓ પૃ. ૭૬૩.

૩ આ બુધ ને **વિચક્ષણ** આચાર્યે ચોથા પ્રસ્તાવમાં આવે છે તેની સાથે સરખાવવા યોગ્ય છે. જે બુધ આચાર્ય કથા કરે છે તે પોતે જ બુધ કુમાર છે.

૪ આની સાથે **અશુભોદયનો** હેવાલ સરખાવો. જુઓ પૃ. ૭૬૩.

૫ **જનમેજય**-હસ્તીનાપુરનો એક રાજા હતો. તેને સર્વ સર્પોને મારી નાખવાનો વિચાર થયો હતો અને એક મોટો યજ્ઞ કરી તેમાં તેણે એક તક્ષક સિવાય સર્વ સર્પોને હોમ્યા. આ જનમેજયરાજા પાસે પ્રાયશ્ચિત કરાવવા સારૂ વૈશંપાયને આખું મહાભારત સંભળાવ્યું હતું. જનમેજય એ ક્રોધસ્વરૂપ ગણાય છે.

૬ આની સાથે સરખાવો દેવી **દૈવયોગ્યતા**. જુઓ પૃ. ૭૬૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધથી તેઓને એક ઘણી ભયંકર આકૃતિ ધારણ કરનાર ઘાતકી મન્દ[1] નામનો પુત્ર થયો જે સાક્ષાત્ વિષના અંકુરા જેવો ખરાબ હતો; કરોડો દોષોનું નિવાસસ્થાન હતો, ગુણોના સંબંધમાં તો તેની ગંધથી પણ રહિત જ હતો. તે જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મદ અને અભિમાનથી સર્વદા ઘુંચવાયલો જ રહેવા લાગ્યો. ટુંકામાં કહીએ તો આ મન્દ સર્વ પ્રકારે દોષનું પાત્ર ગુણ વગરનો અને અભિમાનનું સાક્ષાત્ પૂતળું જ હતો. બુધ અને મન્દ કાકાકાકાના છોકરા હતા તેથી તેમજ કાંઇક સ્વાભાવિક રીતે બન્નેને એક બીજા સાથે સારી દોસ્તી ચાલી આવતી હતી. બાળપણમાં સાથે ઉછરેલા હોવાથી અને નજીકના સગા હોવાથી એમને સુંદર સહચારીભાવ થાય તે તદ્દન બનવા જોગ જ હતું. બન્ને રમતા સાથે, ફરતા સાથે અને આનંદ પણ સાથે કરતા હતા. કોઈ વાર તેઓ નગરમાં સાથે ફરે, કોઇ વાર સાથે બાગબગીચામાં લટાર મારવા નીકળી પડે અને કોઇ વાર ક્રીડા કરવા સાથે નીકળી પડી આનંદરસનો અનુભવ કરે.

### બુધને ઘેર ધિષણાથી વિચારનો જન્મ.

હવે એક શુભાભિપ્રાય નામનો રાજા વિમલમાનસ નામના નગરમાં રાજ્ય કરતો હતો તેને અત્યંત રૂપવાન્ ધિષણા[2] નામની પુત્રી હતી. એ પુત્રી જ્યારે પૂર્ણ યુવાવસ્થામાં આવી ત્યારે સ્વયંવર-મંડપ કરીને બુધકુમારને વરી અને ત્યાર પછી તેના પિતાએ મોટો ઉત્સવ કરીને તેને બુધકુમાર સાથે મોટા આડંબરથી પરણાવી. આ બુધકુમાર અને દેવી ધિષણાને પુત્ર માટે અનેક મનોરથો થયા કરતા હતા. એમ થતાં થતાં જ્યારે એ સમય આવી પહોંચ્યો ત્યારે તેમને સર્વ ગુણોના મંદિર રૂપ એક વિચાર[3] નામનો પુત્ર ઉત્પન્ન થયો.[4]

---

૧ આ મંદના ચરિત્ર સાથે કુમાર જડનું ચરિત્ર જે પૃ. ૭૬૫ થી શરૂ થાય છે તે લક્ષ્યમાં રાખવા યોગ્ય છે.

૨ સરખાવો બુદ્ધિદેવીની હકીકત પૃ. ૭૬૬ થી.

૩ આ પાત્ર પ્રકર્ષ સાથે સરખાવવા યોગ્ય છે. જાણીતા ચોથા પ્રસ્તાવના મામા ભાણેજ પૈકી આ ભાણેજ છે. પૃ. ૭૬૬ માં એનો જન્મ વર્ણવ્યો છે.

૪ શુભવિપાકથી ને સ્વયંસાધુતાથી બુધ (વિદ્વાન્-સમજુ) પુત્ર થાય અને સમજણ સાથે ધિષણા એટલે બુદ્ધિનો મેળાપ થાય ત્યારે તેમાંથી વિચારનો જન્મ થાય. આ માનસશાસ્ત્રનો નિયમ છે અને વિચારને અંગે ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય બાબત એ છે કે શુભવિપાક અને નિજસાધુતા હોય તેમાંથી જ્યારે બુદ્ધિ અને સમજણ પૂર્વક વિચાર નીકળે ત્યારે તે વિચારો ખાસ સારા આદરણીય અને આકર્ષક લાગે છે. આ સાઇકોલોજી (Psychology) લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૮ મું.

## ઘ્રાણપરિચય-ભુજંગતાના ખેલો.

મહાત્મા મુનિ પોતાનું ચરિત્ર ધવળરાજ પાસે કહી રહ્યા છે, પાસે વિમળ અને રત્નચૂડ બેઠા છે, વામદેવ ઉત્સાહ વગર સાંભળી રહ્યો છે અને છેવટે બુધને ઘેર ધિષણા પત્નીથી વિચારનો જન્મ થયો છે ત્યાં સુધી વાત આવી છે.

વામદેવ સંસારીજીવ પોતે છે, પોતાનું ચરિત્ર સદાગમ સમક્ષ કહી બતાવે છે, ભોળી અગૃહીતસંકેતા સાંભળે છે, પ્રજ્ઞાવિશાળા તે પર વિચાર ચલાવે છે અને ભવ્યપુરૂષ લક્ષ્યપૂર્વક વાર્તા સાંભળતો જાય છે.

મહાત્મામુનિએ વાર્તા આગળ ચલાવી:—

* *

**લલાટપટ્ટ પ્રદેશે કબરી.**
**નાસિકાગુહામાં બે ઓરડા.**
**સુલોચના બાળાનું દર્શન.**
**પર્વત. ઝાડી. ગુફા.**

હવે એક પ્રસંગે બુધકુમાર અને મન્દ[1] પોતાના ક્ષેત્રમાં ક્રીડા કરી રહ્યા હતા તે વખતે એક ધ્યાન ખેંચનાર બનાવ બન્યો. એ બનાવનો હેવાલ વિસ્તારથી અત્ર કહેવામાં આવે છે તે લક્ષ્ય રાખીને સમજશો. જે ખેતરમાં બુધકુમાર અને મન્દ ક્રીડા કરતા હતા તેને છેડે તેઓએ એક લલાટપટ્ટ નામનો સુંદર પર્વત[2] જોયો. એ પર્વતની ઉપર એક ઘણું મોટું [3]શિખર આવી રહેલું હતું અને તે શિખર ઉપર

---

૧ આ ક્ષેત્ર-ખેતર તે બહારની કોઇ પણ જગા સમજવી. શરીરની બહારનો ભાગ.

૨ કપાળનો ભાગ.

૩ શિખરને મસ્તકનો ભાગ અને તેમાં ઝાડી તે કેશપાસ સમજવો (કબરી).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ઘણી સુંદર **કબરી** નામની ઝાડી તેમના જોવામાં દૂરથી આવી. તે ઝાડીમાં ભમરાઓનાં ટોળાંઓનો સમૂહ જાણે લયલીન થયો હોય તેવો દેખાવ લાગતો હતો. આવો સુંદર પર્વત અને વનઘટા જોઇને તે બન્નેને એનું વધારે સારી રીતે નિરીક્ષણ કરવાનું સ્વાભાવિક રીતે મન થઇ ગયું અને થયેલ વિચાર અમલમાં મૂકવા સારૂ તેઓ તુરત જ એ પ્રદેશ તરફ ચાલી નીકળ્યા. તેઓ એ પ્રદેશ તરફ આગળ વધતા હતા ત્યાં તેઓએ ઘણી લાંબી શીલાઓની બનેલી એક **નાસિકા** નામની મોટી ગુફા એ પર્વતની તળેટીના પ્રદેશમાં જોઇ, એટલે પર્વત જોવાની વાત તો બાજુ ઉપર રહી ગઇ, કારણ કે એ ગુફા દૂરથી એટલી રમણીય લાગતી હતી કે એને જોવાની લાલચ બન્ને રાજકુમારો દૂર કરી શક્યા નહિ. બહુ આનંદમાં આવીને તેઓ તે ગુફા તરફ ચાલ્યા. ત્યાં જઇ તેની સામે ઊભા રહેતાં તેઓએ જોયું કે એ ગુફામાં બે મોટા ઓરડાઓ હતા. એ બન્ને ઓરડાનાં બારણાં આગળ ઊભા રહેતાં તેઓને જણાયું કે એ બન્ને ઓરડાઓ અંધારીઆ હતા; પ્રકાશ વગરના હોવાથી એમાં આંખોનો વેગ તો જરા પણ ચાલી શકતો ન હોતો અને એ ગુફા કેટલી લાંબી હશે અને તેનો છેડો ક્યાં આવશે તે પણ માલૂમ પડી શકતું નહોતું.

આવી ગુફા પાસે આવી પહોંચતાં મન્દે બુધકુમારને કહ્યું "ભાઇ બુધ ! અરે જો તો ખરો ! આ ગુફામાં તો બે મોટા મોટા ઓરડાઓ છે અને તેથી આ ગુફાના બે ભાગો હોય એમ ચોખ્ખું લાગે છે."

બુધ—" હા ભાઇ ! તારૂં કહેવું સત્ય છે. એ બે ઓરડાઓ વચ્ચે જે મોટી શિલા દેખાય છે તે આખી ગુફાના બે ભાગ પાડવા માટે જ યોજી હોય એમ જણાય છે."

બુધ અને મન્દ આ પ્રમાણે વાતચીત કરતા હતા તે વખતે ચપળ આકૃતિવાળી એક બાળિકા ગુફામાંથી બહાર નીકળી. આ બાળા એ બહાર આવતાં જ એ બન્ને રાજકુમારોને પ્રણામ કર્યા, તેમને પગે પડી અને મ્હોઢેથી ઘણો સ્નેહ અને પ્રેમ બતાવ્યો.

**ભુજંગતાના ખેલો.**
**ઘ્રાણમિત્ર પરિચય.**
**પૂર્વસ્નેહનું સ્મરણ.**
**તત્પાલને આગ્રહ.**

પેલી રૂપવાળીએ પ્રેમ દર્શાવ્યા પછી બોલવા માંડ્યું—"અહો ! તમે ભલે પધાર્યા ! તમારી મારા ઉપર ઘણી મહેરબાની થઇ ! તમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં પધાર્યા અને અમારી સંભાળ લીધી તેથી ખરેખર આપે અમને ઘણો આનંદ ઉપજાવ્યો છે. આજનો દિવસ ધન્ય છે !"

એ સુંદર બાળાના આવા મીઠા શબ્દો સાંભળીને મન્દને મનમાં ઘણો સંતોષ થયો, વચન બોલવાની તેની પટુતા અને કુશળતા જોઇને તેના તરફ તેને રાગ થયો. પછી તેનો જવાબ આપતાં નમ્ર વચનથી સ્નેહપૂર્વક તે બોલ્યો-"હે સુલોચના ! તું કોણ છે તે અમને જણાવ અને આ ગુફામાં તું શા માટે રહે છે તે પણ વિગત સાથે અમને કહે."

શોકનો ઢંગ.

મન્દકુમારે એ બાળા જેનો વિશેષ પરિચય હવે પછી થશે તેને ઉપર પ્રમાણે સવાલ કર્યો તે સાંભળતાં જ એ બાળાના શોકનો પાર રહ્યો નહિ. એ શોકના આવેશમાં એ બાપડી જમીનપર પડી ગઇ, તેને મૂર્છા આવી ગઇ અને તેની સર્વ ચેતના નાશ પામી હોય તેવી તે જણાવા લાગી. મન્દકુમારને તેની આવી દશા જોઇને એકદમ લાગણી થઇ આવી અને તેને શુદ્ધિમાં લાવવા સારૂ તે પવન નાખવા લાગ્યો. કેટલાક ઠંડા પ્રયોગ કરી તેને સાવધ કરવાનો તેણે પ્રયત્ન કર્યો; આખરે તે બાળાને ચેતના આવી ત્યારે મોટાં મોતી જેવાં આંસુ તેની આંખોમાંથી ટપકવાં લાગ્યાં. તેને આવી રીતે દીલગીરીમાં પડી ગયેલી જોઇને તેને તેમ થઇ જવાનું કારણ પૂછ્યું. જવાબ દેતાં સ્નેહથી ગદ્ગદ થતી વાણીએ પેલી બાળાએ જવાબ આપ્યો "અરે નાથ ! મારા શેઠ ! આપ મારા શેઠ અને વડીલ હોવા છતાં આપ મને તદ્દન જ વિસરી ગયા એ તે કાંઇ મારા શોકનું નાનુંસુનું કારણ છે ? ખરે, મારા દેવ ! હું આપની દાસી જ છું: મારૂં નામ ભુજંગતા[1] છે અને આપે પોતે જ મારી આ નાસિકાગુફામાં નીમણુક કરી છે એ સર્વ વાત આપ ભૂલી જ ગયા જણાઓ છો. એ નાસિકાગુફામાં આપનો ખાસ મિત્ર 'ઘ્રાણ[2] નામનો રહે છે અને તમારા જ હુકમથી તેની દાસી તરીકે હાલ હું રહું છું. એ ઘ્રાણ સાથે તમારે બન્નેને ઘણા વખતથી સ્નેહ છે અને તમારી અને તેની સોબત પણ લાંબા કાળની છે. તે સોબત કેવી અને ક્યારથી થઇ હતી તે સંબંધી તમને હકીકત કહું તે જરા આપ બન્ને લક્ષ્યમાં લઇ લો.

---

૧ ભુજંગતાઃ સર્પ. લાગવાપણું. પ્રેમ. ઇન્દ્રિયના વિષયપર વિચારણા વગર સુરત રહેવું તે.

૨ ઘ્રાણ—નાક. સુંઘવાનો વિષય.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

પૂર્વ ઇતિહાસ.

"અગાઉ તમે બન્ને અસંવ્યવહાર[1] નગરમાં વસતા હતા અને તે વખતે તમારા ઉપર કર્મપરિણામ રાજાનું જોર ચાલતું હતું. એના હુકમથી જ્યારે તમને એ નગરથી ઉપાડવામાં આવ્યા ત્યારે તમે પ્રથમ તો એકાક્ષસંસ્થાન નામના નગરે આવ્યા. ત્યાર પછી તમે વિકલાક્ષસંસ્થાન નગરે આવી પહોંચ્યા. તમને યાદ હશે કે એ વિકલાક્ષનગરનાં ત્રણ પરાંઓ હતા અને એ ત્રણે પરાંઓમાં અનેક લોકો ભરેલા હતા. એ ત્રણે પરાંઓમાં વચ્ચે એક ત્રિકરણ નામનું પરૂં હતું તેમાં પણ ઘણા કુળપુત્રો રહેતા હતા. તમે પણ એ ત્રિકરણ નામના પરામાં ઘણો વખત રહ્યા. તમે જ્યારે એ વચલા પરામાં રહેતા હતા ત્યારે કર્મપરિણામ રાજાએ તમારી ઉપર રાજી થઇને તમને આ મોટી ગુફા આપી હતી. વળી એ ગુફાના રક્ષણ કરનાર તરીકે ઘ્રાણ નામના તમારા મિત્રની તે વખતે યોજના કરવામાં આવી હતી કારણ કે એ તમારો મિત્ર તમારૂં ઘણું હિત કરનાર છે એમ તે વખતે ધારવામાં આવતું હતું. ત્યાર પછી ન ચિંતવી શકાય એવી અપાર શક્તિ અને મહત્તાવાળો એ તમારો મિત્ર તમારે સમુદ્રસમાન અપાર સુખનું કારણ થઇ પડેલ છે, તમારા ઉપર ઘણો સ્નેહ રાખે છે અને તમારા મિત્ર તરીકે વર્તે છે. એમાં એક હકીકત એ પ્રમાણે બની છે કે કર્મપરિણામ મહારાજાના હુકમ પ્રમાણે ત્યાર પછી એ તમારો મિત્ર પેલી મોટી ગુફામાંથી કદિ પણ બહાર નીકળ્યો નથી. એ તો નિરંતર એ ગુફામાંજ રહે છે અને તમે બન્નેએ એ ત્યાં રહ્યો છે છતાં તેની સારી રીતે લાલનાપાલના કરી છે. ત્યાર પછી જ્યારે જ્યારે એવા પ્રકારનાં સ્થાનોમાં તમે ગયા ત્યારે ત્યારે નાના પ્રકારની સુગંધવડે તમે એની લાલનાપાલના કરી છે અને ત્યાર પછી જ્યારે એક સમયે તમે મનુજગતિ[2]માં આવ્યા ત્યારે તો ત્યાં તેની વિશેષપણે સારી રીતે અનેક પ્રકારે લાલનાપાલના કરી છે. તમે પોતે જ અત્યંત સ્નેહથી આ કમનસીબ ભુજંગતા દાસીને તેની પરિચારિકા (સેવા કરનારી) બનાવી ગયા છો. આ પ્રમાણે તમારી ઘ્રાણ સાથે દોસ્તી તો ઘણા જુના કાળથી છે તેમજ હું પણ ઘણા વખતથી તમારી દાસી તરીકે લોકોમાં

---

૧ અસંવ્યવહાર નગરનો હેવાલ પ્રસ્તાવ બીજામાં આવી ગયો છે. જુઓ પ્ર. ૨. પ્ર. ૭ એકાક્ષસંસ્થાન એકેંદ્રિય જાતિ માટે છે. જુઓ પ્ર. ૨. પ્ર. ૮. વિકલાક્ષસંસ્થાનમાં બે ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા જીવો સમાય છે. જુઓ પ્ર. ૨. પ્ર. ૯ એમાં ત્રીજી ઇંદ્રિય નાસિકા અથવા ઘ્રાણ છે. ત્રિકરણ પરામાટે જુઓ પૃ. ૩૨૯.

૨ મનુષ્યની ગતિ. વર્ણન માટે જુઓ પ્ર. ૨. પ્ર. ૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસિદ્ધિ પામી છું. છતાં તમે બન્ને આમ કાન આડા હાથ મૂકો છો અને જાણે મને ઓળખતા જ નથી એમ બતાવો છો તો પછી એથી તે વધારે શોક થવાનું કારણ શું હોઇ શકે? જુના વખતના આ તમારા કિંકર સામે નજર કરો અને તમારા મિત્રબંધુ ઉપરના સ્નેહનું બરાબર પાલન કરો.”

ઢોંગ જોઇને મન્દ ફસાઇ ગયો.
બુધ હકીકત સમજી ગયો.
ઘ્રાણુ લાલનપાલનના ઉપાયો.

ભુજંગતા દાસી ઉપર પ્રમાણે બોલીને પોતાના ખોટા સ્નેહનો ખાલી ઠઠારો કરવા સારૂ કાંઇક ભ્રમ બતાવતી બુધકુમાર અને મન્દ કુમારને પગે પડી. મંદકુમારને જ્યારે એ દાસીની સર્વ રીતભાત પસંદ આવી ત્યારે બુધકુમારને એમાં કૃત્રિમતા દેખાવા લાગી. તેને સર્વ રીતભાત જોતાં જણાયું કે એ બાળિકા ધૂતારી છે અને ઉપર જણાવ્યો તેવો પગે પડવાનો ખોટો દેખાવ કરે છે તે તેના મનમાં રહેલ કોઇ ગુપ્ત કારણને લઇને હોવું જોઇએ એમ તેને લાગ્યું. કોઇ પણ રીતે તે બાળા સારી નથી એમ તેને ભાસવા માંડ્યું. તેને લાગ્યું કે સાધારણ રીતે જે કુળવાન સ્ત્રીઓ હોય છે તે ગાલ ઉપર મંદ મંદ હસતી હોય છે, બોલે તો પણ નમ્ર ભાષામાં અને લજ્જા પૂર્વક બોલે છે અને નજર માંડીને જુએ તો પણ તેમાં વિકારનો બીલકુલ અભાવ હોય છે અને આ બાળા તો મોટો ખટાટોપ કરી મૂકે છે, એની આંખો વિલાસના ચમકારાથી ઊંચી નીચી થઇ રહી છે અને એના બોલવામાં પણ મોટો આડંબર સ્પષ્ટ જણાઇ આવે છે; તેથી એ બાળા દુષ્ટા છે એમાં જરા પણ શંકા જેવું લાગતું નથી. બુધકુમારે પોતાના મનમાં આવો વિચાર કરીને તેના તરફ મનમાં તિરસ્કાર રાખ્યો અને તેના સવાલનો કાંઇ પણ જવાબ ન આપ્યો.

બુધના વિચારો.

મંદકુમારે તો એ પગે પડેલી બાળાને હાથ આપીને ઊભી કરી અને તેના ઉપર પ્રેમ અને સ્નેહથી ભરપૂર થઇ જઇને કહેવા માંડ્યું “અહો સુંદર અંગવાળી બાળા! દીલગીરી છોડી દે અને અહો સુંદર સુમુખી! જરા ધીરી પડ! સુલોચના લલના! તું જે બોલી તે પ્રમાણે બોલવું તારે તદ્દન ઉચિત છે. બાકી સાચી વાત તો એ છે કે જે હકીકત તેં કહી બતાવી તે હું તો તદ્દન વિસરી ગયો છું, છતાં તેં અત્યારે એટલો

મન્દ તાબે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બધો સ્નેહ બતાવ્યો છે અને સર્વ પાછળની હકીકત એટલી સ્પષ્ટ રીતે કહી બતાવી છે કે જાણે તે સર્વ બનાવ બરાબર પ્રત્યક્ષ બન્યો હોય તેમ મને લાગે છે. હવે તો તું પોતે મને જણાવી દે કે મારે તારે માટે શું કરવું ઉચિત છે. તું જે કહીશ તે આ તારો તાબેદાર પ્રાણી (હું પોતે) કરવા તૈયાર છે, કારણ કે તેં મને સ્નેહથી વેચાણ લઇ લીધો છે."

બાળા ભુજંગતા—"હે નાથ! તમારે હાલ તો એક જ વાત કરવાની છે અને તે એ છે કે અત્યાર સુધી જેમ પૂર્વ કાળમાં તમે તમારા મિત્ર ઘ્રાણની લાલનાપાલના કરી હતી તે જ પ્રમાણે તમારે હવે પણ કર્યા કરવી. એ ઘ્રાણ તમારો જુનો મિત્ર છે તેને તમારે વિસરી જવો નહિ."

મન્દ—"અહો કમળમુખી સુંદરી! એ ઘ્રાણભાઇનું લાલનપાલન કેવી રીતે કરવું તે સર્વ હકીકત તું મને વિસ્તારથી નિવેદન કર."

જાળ પાથરી. ઉપાય દર્શન.

ભુજંગતા—"જુઓ મારા નાથ! એ તમારો મિત્ર હમેશા સુગંધમાં લુબ્ધ રહેનારો છે, માટે સુગંધી-દ્રવ્યથી એનું લાલનપાલન કરો: એને સુખડ, અગર, કપૂર, કસ્તુરી અને કેસરચુર્ણથી મિશ્ર સુગંધી વિલેપન ઘણું રૂચે છે; વળી એલાયચી, લવીંગ, કપૂર અને બીજાં સુગંધી ફળો અને દ્રવ્યોથી સુંદર પાનપટ્ટી બનાવેલી હોય તે એને ઘણી ગમે છે. જે પદાર્થોમાંથી સુગંધીવાળો મઘમઘાયમાન થતો ધૂપ નીકળતો હોય છે તે તથા સુગંધી દ્રવ્યની ગુટિકાઓ મેંઢાશીંગી જેવા જે પદાર્થો, સુગંધી ફૂલોની જાતિઓ અને ટુંકામાં કહીએ તો જે વસ્તુઓમાં થોડી પણ સુગંધી હોય છે તે બધી એને ઘણી વહાલી લાગે છે, તેના પર એનું ઘણું ખેંચાણ રહે છે અને તેના ઉપર એની રૂચિ બહુ હોય છે. વળી એક બીજી પણ વાત કહી દઉં: એને દુર્ગંધી વસ્તુનું નામ પણ ગમતું નથી, તેથી જો એને જેમ સુખ થાય એમ કરવા સંબંધી નિશ્ચય હોય તો એવી વસ્તુઓનું નામ પણ તેનાથી દૂર છોડી દેવું. હે નાથ! આવી રીતે સુગંધી વસ્તુઓનો આદર કરીને અને દુર્ગંધી વસ્તુઓને દૂરથી છોડી દઇને તમે એ તમારા પુરાણા મિત્રનું લાલનપાલન કરો; એથી એનું લાલનપાલનકાર્ય તમને ઘણાં સુખનું કારણ થઇ પડશે. આવી રીતે ઘ્રાણની સાથે જ્યારે આપ વર્તના કરશો અને તેનું લાલનપાલન કરશો ત્યારે તમારા મનમાં જે સુખ થવાનો સંભવ રહે છે તેનું તો વર્ણન જ થઇ શકે તેમ નથી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મન્દ—"સુંદરિ! તેં ઘણી સારી વાત કરી. ભદ્રે! તેં કહ્યું તે પ્રમાણે સર્વ હું કરીશ, માટે હવે સર્વ આકુળતા છોડી દઇને તું નિરાંતે રહે. તારી જે અસ્વસ્થ સ્થિતિ થઇ હતી તે યાદ કરતાં મને ખેદ થાય છે. હવે તું બરાબર સ્વસ્થ થઇ જા."

મન્દ જ્યારે આ પ્રમાણે બોલ્યો ત્યારે હર્ષથી તે બાળાની આંખો વિકસ્વર થઇ ગઇ અને 'ઘણી કૃપા થઇ!' એમ બોલતી આનંદના આવેશમાં તે મન્દકુમારને પગે પડી.

### ઘ્રાણનો સંબંધ.
### બુધની નિર્લેપતા.
### મન્દની લુબ્ધતા.

વર્તનામાં તફાવત.

આ વાત ચાલતી હતી તે વખતે બુધકુમાર તો જાણે એક શૂન્ય જંગલમાં મુનિ એકલા બેઠા હોય તેમ તદ્દન મૌન જ રહ્યો. એટલા ઉપરથી એ બાળાને ખાતરી થઇ ગઇ કે એ (બુધકુમાર) ઘણો પહોંચેલો હોવો જોઇએ. એટલી હકીકત તેના ધ્યાનમાં આવી ગઇ તેથી તેના પ્રત્યે તે કાંઇ બોલી નહિ, પરંતુ એ બાળાએ કાંઇક અસ્પષ્ટ ઉચ્ચાર કર્યો અને કાંઇક તેના તરફ તિરસ્કાર જેવી નજર કરી. એ અવાજના ગર્ભમાં રહેલ તેની છુપી ફ્રેતેહની દુષ્ટ વાસના જોઇ

બુધ અને ઘ્રાણ.

લઇને બુધે એકદમ નિર્ણય કરી દીધો કે અરે! આ તો ક્ષેત્ર પણ મારૂં છે, પર્વત પણ મારો છે અને મોટી ગુફા પણ મારી પોતાની છે અને તેની અંદર ઘ્રાણ રહે છે તેથી તે તો મારો આશ્રિત કહેવાય, એટલે જરૂર મારે એને પાળવો તો જોઇશે જ એમાં શંકા જેવું નથી, બાકી આ બાળા જે ઘણી શઠ દેખાય છે તે કહે છે તે પ્રમાણે પેલા ઘ્રાણની લાલનાપાલના તો કરવી જ નહિ, એ લાલનાપાલનાના બદલામાં સુખની આશા રાખવી તે ફોકટ જણાય છે. બાકી તો જ્યાં સુધી એ ક્ષેત્ર છોડી ન દઉં ત્યાં સુધી લોકયાત્રા પ્રમાણે એ ઘ્રાણનું પાલન તો કરવું જ પડશે, માત્ર એ પાલન આપણે વિશુદ્ધ રસ્તે કરવું જેથી વાંધો ન આવે. જ્યારે તેવો પ્રસંગ આવશે અને આ ક્ષેત્ર જ છોડી દેવાશે ત્યારે એનો સ્વતઃ ત્યાગ થઇ જશે[1]. આવી રીતે વિચાર કરીને ઘ્રાણને

1 નાકને ફેંકી દેવાતું નથી, પણ તેમાં લુબ્ધતા ન હોય તો કર્મબંધ ન થાય સર્વ ત્યાગને અવસરે ઘ્રાણેંદ્રિયનો પણ ત્યાગ થઈ શકશે. હાલ તો તેમાં આસક્તિ ન રહે તો બસ છે—આ ફલિતાર્થ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બુધકુમાર પાળતો રહ્યો પણ એની લાલનાપાલના કાંઇ કરે નહિ, એને લાડ લડાવે નહિ અને એને માટે કે એના સંબંધમાં કોઇ દોષ કરે નહિ, તેથી એ તો ઘણું સુખ મેળવવા લાગ્યો.

મન્દ અને ઘ્રાણ.

હવે બીજી બાજુએ મન્દકુમાર તો અત્યંત શઠતાયુક્ત મનવાળી ભુજંગતાને આગળ કરીને ઘ્રાણમિત્રની લાલનાપાલનામાં ઘણો લંપટ રહેવા લાગ્યો અને તેને પરિણામે અનેક પ્રકારનાં દુઃખસમુદ્રમાં અવગાહન કરી રહ્યો. તે સુગંધી દ્રવ્યો એકઠા કરવામાં અને તેની તૈયારી કરવામાં રાતદિવસ હેરાન થઇ જતો હતો, તેનું મન આખો વખત તે બાબતમાં પરોવાયલું રહેતું હતું અને તે બાબતમાં નકામો કલેશ પામતો હતો; વળી દુર્ગંધી વસ્તુઓનો ત્યાગ કરવામાં અને તેનાં સાધનો યોજવામાં તે વારંવાર નકામો ખેદ પામ્યા કરતો હતો; આવાં કારણોને લઇને શાંતિનું સુખ શું છે અને કેવું છે તેને તો તે જાણતો પણ ન હોતો. સમજુ અને વિવેકીઓ તેને માટે મનમાં હાસ્ય કરી રહ્યા હતા. આ પ્રમાણે સ્થિતિ હોવા છતાં મોહના જોરથી અને દોષથી પોતે જાણે ઘણા સુખમાં લોટતો હોય તેમ તે માનતો હતો અને ઘ્રાણની વધારે વધારે લાલનાપાલના કરતો હતો. સુખના સ્પષ્ટ ખ્યાલ વગરના પ્રાણી ઇંદ્રિયવિષયમાં આવી રીતે જ લુબ્ધ રહીને આનંદ માને છે, સુખ સમજે છે, સ્થૂળમાં સર્વ માની બેસે છે, બાકી એમાં વાસ્તવિક સુખની ગંધ પણ હોતી નથી, સમજુઓ એમાં સુખ માનતા પણ નથી. સ્થૂળ સુખનાં સાધન મેળવવામાં જે કષ્ટ પડે છે તેના પ્રમાણમાં સ્થૂળ સુખ પણ મળતું નથી અને તેના વિયોગે મહા ગ્લાનિ થાય છે. આવી સ્થતિ અનુભવતાં છતાં મન્દકુમાર એમાં સુખ માનતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૯ મું.

## મોહરાય ચારિત્રધર્મનું યુદ્ધ.

વિચારે કહેવા માંડેલ ઘ્રાણોત્પત્તિ.
માર્ગાનુસારિતામાસીકૃત પરિચય.
રાજ્યનીતિના મૂળતત્ત્વોની ચર્ચા.
મોહરાજ ચારિત્રરાજનું મોટું યુદ્ધ.

મહાત્મા મુનિ પોતાનું ચરિત્ર ધવળરાજ વિગેરેની સમક્ષ કહી રહ્યા છે, દરમ્યાન તેમણે બુધ અને મન્દનો પરિચય કરાવ્યો, લલાટદેશે ભુજંગતા મળી, તેમાં મન્દ ફસાયો, ઘ્રાણને રાજી કરવામાં એ રોકાઇ ગયો. હવે તેના સંબંધમાં વિશેષ માહીતગારી બુધને કેવી રીતે મળી તે સંબંધી વાત આગળ ચલાવતાં પેલા મહાત્મા મુનિ સભા સમક્ષ વાત કહેવા લાગ્યા તે બહુ મનન કરવા યોગ્ય છે. મુનિશ્રીએ ચલાવ્યું:—

**વિચારની યુવાવસ્થા અને દેશાટન.**
**પાછા ફરતાં મહોત્સવનો શુભ પ્રસંગ.**
**અવલોકનાથી ઘ્રાણુસંગતપર એકાંત.**

આપણે અગાઉ જોઇ ગયા કે બુધકુમારને દેવી ધિષણાથી વિચાર નામનો કુમાર થયો હતો. એ વિચારકુમાર યોગ્ય લાલનપાલનથી વધીને હવે યુવાન થયો હતો.

હકીકત એમ બની કે એ રાજપુત્ર વિચાર એક વખતે વિનોદ

---

૧ આ આખું પ્રકરણ વિચારના મુખમાં મૂક્યું છે, એ વિચારથી ભરપૂર છે, પ્રમાણમાં મોટું કરવામાં આવ્યું છે, વિચારનાં પરિણામો છૂટાં પડી ન જાય તેથી વચ્ચેથી એનો વિભાગ કર્યો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે દેશાંતરમાં ફરવા સારૂ નીકળી [1]પડ્યો. અનેક જગ્યોએ મુસાફરી કરીને સ્વદેશ તરફ પાછો ફર્યો. આપણો વાર્તાપ્રસંગ ચાલે છે તે અરસામાં તે બાહ્ય અને અંતરંગ પ્રદેશોમાં લાંબી મુસાફરી કરીને તુરતમાં જ પાછો આવ્યો હતો. એને ક્ષેમકુશળ પાછો આવેલ જોઇ બુધકુમાર અને ધિષણાદેવી બહુ રાજી થયા, સર્વને ઘણો આનંદ થયો અને આખું રાજમંદિર સંતોષ પામ્યું. તે પ્રસંગે પરસ્પર આનંદસમાગમનો મહા આડંબરપૂર્વક મહોત્સવ કરવામાં આવ્યો. એ મહોત્સવ દરમ્યાન બુધ અને મન્દ ( પિતા અને કાકા )ને ઘ્રાણ સાથે દોસ્તી થઇ હતી તે વાતની વિચારકુમારને ખબર પડી. આ હકીકત જાણતાં વિચારકુમાર પોતાના પિતા બુધકુમારને એકાંત સ્થાનમાં લઇ ગયો અને યોગ્ય વિનયપૂર્વક પ્રણામ કરી હાથ જોડીને કહેવા લાગ્યો.

**માર્ગાનુસારિતા માસી.**

### વિચારની નમ્રતા.
### માસીનું ઓળખાણ.
### દેશાટનના લાભો.

'પિતાજી ! જો કે આપને હું કાંઇ કહેવાજોગ નથી, છતાં મારે આપને જણાવવું જોઇએ કે આપને જે આ ઘ્રાણ સાથે દોસ્તી થઇ છે તે ઠીક નથી. એ ઘ્રાણ સારો માણસ નથી, પરંતુ મહા દુષ્ટ છે, તેનું કારણ આપ જરા વિસ્તારથી સાંભળો. આપ જાણો છો કે હું આપશ્રી અને મારી માતાને પૂછ્યાવગર દેશપરદેશ જોવા સારૂ નીકળી ગયો હતો.[2] પિતાજી ! એવી રીતે પૃથ્વીપર ફરતાં ફરતાં અનેક ગામો નગરો, ખેટો ( ખેડૂતને રહેવાનાં તદન નાનાં ગામડાંઓ—નેહડાં ) ખાણો વિગેરે સારી રીતે જોયાં. ફરતાં ફરતાં એક વખતે હું **ભવચક્ર**નગરમાં આવી પહોંચ્યો.[4] એ નગરના રાજમાર્ગમાં મેં એક સુંદર સ્ત્રીને જોઇ. એ

---

૧ આગળ જણાશે કે **વિચાર** રજા વગરજ દેશાંતર જોવા ગયો હતો. વિચાર રજા વગર પરદેશ દોડ્યા કરે છે એ માનસશાસ્ત્રનો નિયમ છે.

૨ **વિચાર**કુમાર પોતાના પિતા બુધકુમાર પાસે જાતિ અનુભવ કહે છે— બુધાચાર્ય ( મહાત્મામુનિ ) પોતાનું ચરિત્ર ધવળરાજ સન્મુખ કહે છે—એ આખું ચરિત્ર સંસારીજીવ સદાગમ સમક્ષ કહી બતાવે છે.

૩ વિચાર—ને અંકુશ હોતો નથી તેથી આ બાબત પુત્રધર્મને ન છાજતી છતાં માનસિક નજરે યોગ્ય છે.

૪ **ભવચક્ર**—સ્વરૂપ માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૨૦. વિસ્તારથી એ નગર અને તેના બનાવોનું વર્ણન સદર પ્રસ્તાવમાં ત્યાર પછી આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશાળ આંખોવાળી સુંદર લલના મને જોઇને ઘણી રાજી થઇ અને જાણે કોઇ અવર્ણનીય નવીન રસનો અનુભવ કરતી હોય તેવી દેખાઇ.

શુદ્ધ સ્નેહનાં નિર્ઝરણાંઓ.

એના દેખાવનું વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે પરંતુ સાધારણ ઉપમા આપીએ તો કલ્પવૃક્ષની સુંદર માંજરને અમૃતનું છાંટણું કર્યું હોય ત્યારે જેવી તે માંજર દેખાય અથવા તો વાદળાંનો ગડગડાટ સાંભળી ગાજતા આકાશ તરફ જોઇ જોઇને જેમ મયુરી ( ઢેલ ) નાચ કરતી હોય ત્યારે તે જેવી દેખાય અથવા ચક્રવાકી આખી રાતનો વિરહ સહન કર્યા પછી સવારના પહોરમાં પોતાની સાથે ફરનાર પ્રિયપતિ( ચક્રવાક )ને મળે તે વખતે તેના મુખનો જેવો દેખાવ થાય અથવા ચંદ્રની કળાની આસપાસથી વાદળાંઓનું આવરણ દૂર થયા પછી તેનો જેવો સુંદર દેખાવ શરદઋતુમાં પૂર્ણિમાએ થાય છે તેવી આંખોથી તાકી તાકીને એ શાંત સાધ્વી સ્ત્રી મારી સામું જોતી હતી ત્યારે લાગતી હતી. જાણે એનો કોઇ મહાન્ રાજ્ય ઉપર અભિષેક કર્યો હોય અથવા તો જાણે એ સુખસાગરમાં લદબદ થઇ ગઇ હોય તેવી સુંદર આનંદદશાને અનુભવતી તે મારા જોવામાં આવી. એને એટલા બધા હર્ષમાં આવેલી જોઇને મને પણ ઘણો આનંદ થયો, સ્નેહથી ભરપૂર સજ્જનને જોતાં ચિત્ત જરૂર આર્દ્ર થઇ જાય છે, નરમ થઇ જાય છે, પ્રેમાળ બની જાય છે એ સર્વ સાધારણ નિયમ પ્રમાણે મારી પણ એ પવિત્ર દેખાતી સ્ત્રી તરફ લાગણી થઇ આવી અને મેં એને પ્રણામ કર્યા એટલે તેણે મને આશિષ્ આપી.

ત્યાર પછી તુરત જ એ સુંદર લલના મને કહેવા લાગી "અહો મારા હૃદયનંદન! તું કોણ અને ક્યાંથી આવ્યો છે તે કહે."

મેં જવાબમાં કહ્યું "ધરાતલ નગરમાં રહેલી દેવી ધિષણામાતા અને પિતા બુધરાજનો હું પુત્ર છું અને દેશાટન કરી જ્ઞાન પ્રાપ્ત કરવા સારૂ હાલ મુસાફરીએ નીકળી પડ્યો છું.

મારો આવો જવાબ સાંભળીને એ સ્ત્રીની આંખમાં હર્ષનાં આંસું આવી ગયાં અને સ્નેહથી મને ભેટીને વારંવાર ચુંબન લેવા લાગી અને મારૂં માથું સુંઘવા લાગી.[1] ત્યાર પછી અમારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

---

૧ વડીલ બાળકનું માથું સુંઘે એ પ્રેમ દેખાડવાનો માર્ગ છે. બંગાળામાં અત્યારે પણ એ રિવાજ પ્રચલિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માર્ગાનુસારિતા**—"અરે મહાભાગ્ય! તું અહીં આવ્યો તે બહુ સારૂં કર્યું. દીકરા! તારાં હૃદય અને આંખોથી હું તો તને પ્રથમથી જ ઓળખી ગઇ હતી. **માણસની આંખો અને તેનું હૃદય એ બંને જાતિસ્મરો[1] છે, એ સામાને જોઇને કઇ જાતનો અને કોણ છે તેની બરાબર સાક્ષી આપે છે**, કારણ કે તે દેખવામાત્રથી જ પ્રિય અને અપ્રિયને બરાબર જાણી જાય છે; પણ ભાઇ! તું મને ઓળખતો નહિ જ હો, કારણ કે તું નાનો છે અને જ્યારે મેં તને મૂક્યો ત્યારે તો તું તદ્દન બાળક હતો. જો ભાઇ! હું તારી માતા બિષણાની બહેનપણી છું, બુધરાજનો પોતાનો પણ મારા ઉપર ઘણો સ્નેહ છે અને મારૂં નામ **માર્ગાનુસારિતા** છે. તારી નિષ્પાપ માતા વિષણાદેવી મારૂં શરીર છે, મારૂં જીવતર છે, મારા પ્રાણ જેવી છે અને તારા પિતા બુધદેવ તો મારા જીવનથી પણ મારે વધારે છે. એ બન્નેના હુકમથી હું લોકવિલોકન કરવા સારૂ નીકળી પડી તે વખતે તો માત્ર તારો જન્મ જ થયો હતો[2]. આ પ્રમાણે હોવાથી તું તો મારો[3] ભાણેજ છે, તું મારો પુત્ર છે, મારૂં જીવતર છે, અરે વહાલા! તું તો મારૂં સર્વસ્વ છે, મારો પરમાત્મા છે. અરે ભાઇ! દેશ જોવાની ઇચ્છાથી મુસાફરીએ નીકળી પડીને તેં ઘર છોડ્યું તે તો ઘણું સારૂં કર્યું. તું ઘણો જિજ્ઞાસુ હો એમ ચોક્કસ જણાય છે.

કુવાનાં દેડકાં.

આ દુનિયા અનેક પ્રકારના બનાવો, હેવાલો અને કુતૂહલોથી ભરેલી છે તેને જે પ્રાણી પોતાને **ઘરેથી નીકળીને પહેલેથી છેલ્લે સુધી જોતો નથી તે કુવાનાં દેડકાં જેવો છે એમ સમજવું.** એવા ઘરે બેસી રહેનારની દુનિયા બહુ ટુંકી હોય છે અને તેની નજર પણ ટુંકી જ હોય છે અને રહે છે, કારણ કે દુનિયામાં કઇ કઇ પ્રકારના વિલાસો હોય છે, કઇ કઇ જાતની હુશિયારીઓ હોય છે, કઇ કઇ પ્રકારની બુદ્ધિ હોય છે, કઇ કઇ પ્રકા-

---

૧ **જાતિસ્મરઃ** જાતિને યાદ કરાવનાર. બે આંખો અને હૃદય એની જાતિને યાદ કરાવે છે, એને જોવાથી જ પ્રિય અપ્રિય જણાઇ જાય છે; જો પૂર્વનો વહાલો હોય તો રાગ થાય છે, ન હોય તો રાગ થતો નથી; તેથી આંખો અને ચિત્તને જાતિસ્મર કહેવામાં આવે છે.

૨ વિચારનો જન્મ થતાં માર્ગવિલોકન થવાની શરૂઆત થાય છે, ત્યાં સુધી ઓઘ દૃષ્ટિ હોય છે, તે મટી જઇને યોગદૃષ્ટિ આવે છે અને માર્ગાનુસારી થતાં સમ્યગ્ માર્ગને રસ્તે ગ્રંથિભેદ તરફ પ્રયાણ થાય છે.

૩ આપણા દેશના રિવાજ પ્રમાણે માની બહેનપણી-સખી હોય તેને માસી કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રની ચાલાકીઓ હોય છે, કઇ કઇ પ્રકારની દેશભાષાઓ જાણવા લાયક હોય છે અને લોકોની અનેક પ્રકારની ઇચ્છાઓ અને આચારોની સુંદરતા જોવા લાયક હોય છે—આ સર્વ બાબતોની અનેક ધૂતારાઓ લુચ્ચાઓ છળકપટ કરનારાઓથી ભરેલી અને અનેક પ્રકારના બનાવોથી ભરપૂર પૃથ્વીને અનેક વાર જોવામાં ન આવે ત્યાં સુધી શી ખબર પડે! તેટલા માટે ભાઇ! તું મોટા જબરજસ્ત ભવચક્ર નગરમાં જોવા સારૂ આવી પહોંચ્યો તે બહુ સારૂં કર્યું. આ નગર અનેક બનાવોથી ભરપૂર છે, અનેક નવાઇજેવી અદ્ભુત વસ્તુઓથી યુક્ત છે અને ચતુર માણસોથી વ્યાપ્ત છે. જે પ્રાણી આ નગરને સારી રીતે બરાબર જુએ છે તેણે આ આખા ચર અને સ્થિર. સ્થાવર અને જંગમ ભુવનને જોયું એમ સમજવું. કારણ કે આખા ભુવનનો—સ્વર્ગ મૃત્યુ પાતાળનો—અત્ર સમાવેશ થાય છે. અહો મારા રત્ન! તું જાતે ચાલી ચલાવીને અહીં આવી પહોંચ્યો અને મારી નજરે પડ્યો તેથી ખરેખર હું ધન્ય છું, ભાગ્યશાળી છું, કૃતકૃત્ય છું."

મેં (વિચારે) "જવાબ આપ્યો—આપ કહો છો તે પ્રમાણે છે તો મને મારા નસીબે તમારી સાથે મેળવી આપ્યો તે બહુ સારૂં થયું. હવે મારી ઉપર કૃપા કરીને માતાજી! મને સારી રીતે આ ભવચક્રનગર બતાવો."

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### માર્ગાનુસારિતાએ બતાવેલ કૌતુક.
### ભવચક્રની અનેક નવીનતાઓ.
### સંયમ સુભટના હાલહવાલ.

**વિચારપુત્ર** પોતાના પિતાશ્રી બુધરાજને કહે છે કે—મારી માસીએ મારો આવો જવાબ સાંભળ્યો એટલે તેણે મારી માગણીનો સ્વીકાર કર્યો અને અનેક પ્રકારના બનાવો સાથે આખું ભવચક્રનગર મને સાથે રહીને બતાવ્યું.

પર્વતપર જૈનપુર.

હવે એ નગરમાં ફરતાં ફરતાં મેં જરા દૂર એક નાનું નગર (ગામડું) જોયું, એ નાના નગરની વચ્ચે એક મોટો ડુંગર ઘણે દૂરથી નજરે પડતો હતો, વળી એ ડુંગરના એક મોટા શિખર ઉપર એક નાનું શહેર વસેલું પણ ઘણે દૂરથી દેખાતું હતું. મેં માર્ગાનુસારિતાને પૂછ્યું "માતાજી! આ ભવચક્રનગરમાં વળી બીજું અંદર શહેર તે કેવું છે? વળી એ નગરમાંથી એક મોટો પર્વત બહાર નીકળેલો દેખાય છે તે કયો? અને તેના શિખર ઉપર શહેર કયું છે તે સર્વ મને સમજાવો."

માર્ગાનુસારિતાએ મને જવાબ આપ્યો કે "શું તેં આ નગર જોયું નથી? એ **સાત્ત્વિકમાનસ**[1] નગર નામે ઘણા કાળથી પ્રસિદ્ધ છે, એ નગરની અંદરથી જે પર્વત નીકળે છે તેનું નામ **વિવેકપર્વત**[2] છે અને એ પર્વતની ઉપર જે સુંદર નગર દેખાય છે તેનું નામ **જૈનપુર**[3] છે. તું તો બધી હકીકતનો સાર સમજે છે છતાં આવો સવાલ તેં કેમ કર્યો?"

ઘવાયલો રાજપુત્ર.

માર્ગાનુસારિતા એ પ્રમાણે વાત કરતી હતી તે વખતે એક બીજો ઘણો ધ્યાન ખેંચનારો બનાવ બન્યો. તે હકીકત આપ સાંભળો. એક રાજપુત્રના આખા શરીરે ઘા વાગ્યા છે, તેને લીધે તે ઘણો વિહ્વળ થઇ ગયેલ છે, બીજા માણસો તેને ઉપાડીને અન્યત્ર લઇ જાય છે અને તેની ચારે બાજુ પુરૂષો વીંટળાઇ વળેલા છે—આવો એક રાજપુત્ર અમારા જોવામાં આવ્યો. એને જોતાંજ પિતાજી! મેં મારી માસીને પૂછ્યું "અરે માતાજી! આ રાજપુત્ર જેવો લાગતો પુરૂષ કોણ છે? એના ઉપર સખ્ત ઊંડા ઘા કોણે કર્યા છે? એને ક્યાં લઇ જવામાં આવે છે? અને એની સેવામાં કોણ કોણ છે? એ સર્વ મને બરાબર જણાવો!"

સંયમને પડેલો માર.

માર્ગાનુસારિતાએ મને જવાબ આપ્યો "અહીં **ચારિત્રધર્મ**[4] નામનો રાજા છે, તેને **યતિધર્મ**[5] નામનો એક પુત્ર છે, એ યતિધર્મનો પ્રખ્યાત પરાક્રમવાળો આ **સંયમ**[6] નામનો માણસ છે. વાત એમ છે કે એના મોટા શત્રુઓ મહામોહ વિગેરે છે જેઓ ઘણા દુષ્ટ અને ભયંકર છે. તેમણે એને એક વખત એકલો જોયો એટલે લાગ જોઇને એને ખૂબ માર્યો. તે વખતે શત્રુઓ ઘણા હોવાથી અને તે એકલો હોવાથી એણે ઘણા પ્રહારો ખાધા અને એને લઇને આખે શરીરે તે જર્જર થઇ ગયો અને અત્યારે એને એના લશ્કરીઓ પાછો લઇ

---

૧ એનું વિસ્તારથી વર્ણન પ્ર. ૪. પ્ર. ૩૩ માં થઇ ગયું.

૨ વિવેક પર્વતનું વર્ણન સદર પ્રકરણમાં પૃ. ૧૦૪૭ થી ગઇ ગયું તે જુઓ.

૩ જૈનપુર વર્ણન સદર પ્રકરણમાં પૃ. ૧૦૪૯ થી શરૂ થાય છે.

૪ જુઓ પ્ર. ૪, પ્ર. ૩૪. પૃ. ૧૦૫૮.

૫ જુઓ પ્ર. ૪. પ્ર. ૩૫ પૃ. ૧૦૬૬.

૬ યતિધર્મના પરિવારમાં દશ માણસો છે તેમાં છઠ્ઠો **સંયમ** નામનો છે. એનું વર્ણન સદર પ્રકરણમાં પૃ. ૧૦૭૩ થી શરૂ થાય છે એ જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે. એના પાળાઓ હવે એને તેના રાજમંદિરમાં લઇ જશે. આ નગરમાં જ્યાં રાજમંદિર આવેલું છે ત્યાં એ સંયમના સર્વે સંબંધીઓ વસે[1] છે."

વિચારને કૌતુક.

આ પ્રમાણે સાંભળીને મેં જણાવ્યું—"અરે માતાજી! શત્રુઓએ આવી ભયંકર પીડા પોતાના માણસને કરી છે એ જોઇને હવે ચારિત્રધર્મરાજ વિગેરે શું કરે છે તે જોવાનું મારા મનમાં મોટું કૌતુક થયું છે, એ જોવાથી મને ઘણું જાણવાનું મળશે એવું મને લાગે છે, તો માતાજી! તમે મને પેલા ડુંગરના શિખર ઉપર લઇ જાઓ અને ત્યાં આ સંયમનો સ્વામી ( ચારિત્રરાજ ) કેવી ચેષ્ટા કરે છે તે જરૂર બતાવો!"

પિતાજી! મેં જે ઇચ્છા માર્ગાનુસારિતા માસીને દર્શાવી તે તેણે બહુ ખુશીથી સ્વીકારી.

### ચિત્તસમાધાન મંડપમાં ચારિત્રરાજ.
### સંયમના પરાભવથી સુભટોને ક્ષોભ.
### રાજાઓની પરિષદમાં વિચારવિનિમય.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાર પછી મારી માસીએ રસ્તો બતાવ્યો તે માર્ગે હું તેની પછવાડે[2] વિવેકગિરિના શિખરે ગયો. એ પર્વત ઉપર જૈનપુરમાં મોટા રાજ્યમંડળની વચ્ચે ચિત્તસમાધાન મંડપમાં ચારિત્રધર્મરાજ બેઠા હતા, એની પાસે બીજા રાજાઓ પણ બેઠા હતા તે સર્વનું વર્ણન તેણે જૂદું જૂદું કરી બતાવ્યું, કારણ કે એ પોતે તત્ત્વ બહુ સારી રીતે જાણી રહી હતી.[3] હવે એ પ્રમાણે અમારી વાત ચાલતી હતી તે વખતે પેલા લશ્કરી સંયમ સુભટને રાજસભામાં લઇ આવ્યા, ચારિત્રરાજને સંયમ બતાવવામાં આવ્યો અને બનેલ સર્વ હકીકત નિવેદન કરવામાં આવી.

હકીકત શ્રવણે રાજસભાસ્થિતિ.

શત્રુએ પોતાના માણસને આટલી સખ્ત ઇજા કરી એ હકીકત સાંભળતાં આખી રાજસભામાં રહેલા સુભટોમાં મોટો ખળભળાટ થઇ ગયો. તે વખતે સભાજનોના મોટા ભયંકર અવાજથી, તેમજ તેમના હાથના પછાડાથી જમીન કંપાયમાન થઇ ગઇ અને મોટા ખળભળાટથી

---

૧ સંયમના સંબંધીઓ તે ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તતા, તપ, સત્ય, શૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્ય—પ્ર. ૫. પ્ર. ૩૫ માં વર્ણવેલા છે, તે જુઓ.

૨ વિવેકગિરિનો માર્ગ માર્ગાનુસારીપણાથી જ શોધી શકાય છે.

૩ ચારિત્રરાજના આખા પરિવારનું વર્ણન પ્ર. ૪. પ્ર. ૩૪ થી શરૂ થયેલ છે. ત્યાં તે વિગતવાર આપેલ હોવાથી અત્ર તેનું પુનરાવર્તન કર્યું નથી.

૭૭

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ગાજી ઉઠેલ મહાસમુદ્ર જેવી તે રાજસભાની સ્થિતિ તે વખતે બની ગઇ. ક્રોધ પામેલા યમરાજની જેવો દેખાવ કરીને કોઇ મોટેથી હોકારો કરવા લાગ્યા, કોઇ પોતાના હાથને પછાડવા લાગ્યા, કોઇના રોમરાય લાગણીથી ઊંચા થઇ આવ્યા, કોઇ તે બનાવ જોઇને એવા આકરા થઇ ગયા કે રોષથી તેમનાં મુખ લાલ થઇ ગયાં અને તેમનાં ભયંકર ભવાં ચઢી ગયાં, કોઇ વળી છાતી કાઢીને ઊભા ઊભા પોતાની તરવારો ઉપર નજર નાખવા લાગ્યા, કોઇ ક્રોધથી એટલા અંધ થઇ ગયા કે તેની અસરથી તેમની આંખો રાતી થઇ ગઇ, કોઇ મોટેથી એટલું અટ્ટહાસ કરવા લાગ્યા કે તેના જોરથી જાણે આખી પૃથ્વી ગાજી રહી હોય એમ લાગ્યું, કોઇને તો એટલી સખ્ત ગરમી અંદર આવી ગઇ કે તેના તાપના જોરથી તેમના શરીર પર પરસેવાનાં બિન્દુઓ દેખાવા લાગ્યાં અને કેટલાકનું શરીર તો ક્રોધથી એટલું બધું લાલ થઇ ગયું કે જાણે તેઓ સાક્ષાત્ સળગતા અંગારા ( અગ્નિ ) જ હોય તેવું દેખાવા લાગ્યું.

શાંત થવાની જરૂરીઆત.

આવી રીતે આખા રાજમંદિરના સર્વ લોકોમાં મોટો ખળભળાટ થયેલો જોઇને ચારિત્રધર્મરાજને તેના સદ્બોધ મંત્રીએ કહ્યું "દેવ! જે ધીરા અને સમજુ પુરૂષો હોય છે તેમણે અકાળે થઇ આવેલાં વાદળાંની ગર્જના જેવો ખળભળાટ કરી મૂકવો યુક્ત નથી. માટે સાહેબ! આ રાજાઓને આપ જરા શાંત કરો, હવે વાતની હદ થઇ ગઇ છે, તેથી આપશ્રી તેઓની સાથે આપનો અભિપ્રાય મેળવો અને તેમની પણ પરીક્ષા કરો!"

સૂચનાનો અમલ.

સદ્બોધ મંત્રીની આવી સૂચના થતાં ચારિત્રરાજે સર્વ રાજાઓ તરફ માત્ર નજર કરી અને જાણે તે વખતે વર્તતો ક્ષોભ અટકાવવાની પોતાની ઇચ્છા છે એવી ચેષ્ટા બતાવી એટલે સર્વ વિચક્ષણ રાજાઓ, સુભટો અને સભાસદો એકદમ મૌન થઇ ગયા.[1] સમજુ માણસો ઇસારા માત્રમાં પોતાનું કર્તવ્ય અને સામાનું મન સમજી જાય છે.

તે વખતે ચારિત્રધર્મરાજે સર્વે સભાજનોને ઉદ્દેશીને કહ્યું "અહો મહીપાળો! આ પ્રમાણે હકીકત બની છે તે તમારા સાં-

---

૧ આની સાથે મોહરાજાની સભા સરખાવવા યોગ્ય છે. તેઓનું નિર્વિવેકીપણું આ પ્રકરણમાં આગળ જોવાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભળવામાં અને સમજવામાં આવી, હવે આપણે એ સંબંધમાં શું કરવું તેનો તમારા મનમાં જે વિચાર થયો હોય તે જણાવો."

યુદ્ધનો ઉત્સાહ.

મહારાજા ચારિત્રરાજનો આવો પ્રશ્ન સાંભળીને સત્ય, શૌચ, તપ, ત્યાગ,[1] બ્રહ્મચર્ય વિગેરે જે રાજાઓ ત્યાં બેઠા હતા તેઓનાં મનમાં યુદ્ધ કરવાનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો અને અત્યંત ઉત્સાહમાં આવી તેઓએ એકત્રપણે જણાવ્યું "અહો! આપણા સંયમ સુભટની આટલી બધી કદર્થના એ લોકોએ કરી તે સર્વ શું આપણે ખમીને બેસી રહીએ? શું હજુ પણ આપણને આ બાબતમાં વિલંબ કરવો ઘટે? અપરાધ કરે તેને ક્ષમા આપવાથી તે અપરાધની ક્ષમા જ જે પ્રાણીઓને અપથ્ય તરીકે પરિણમે-મતલબ જેને ક્ષમા આપવાથી ઉલટા જોરમાં આવે-તેવાઓને તો જડમૂળથી ઉખેડી નાખવા એ જ તેઓને ઠેકાણે લાવવાનું ઓસડ છે. કેટલાક પ્રાણીઓને ક્ષમા આપવી તે ઉલટી અપથ્ય ભોજન જેવી થાય છે અને તેઓ આપનારનો આશય ન સમજતાં નરમ પડવાને બદલે ઉલટા જોરમાં આવે છે, તેવાઓને યોગ્ય શિક્ષા કરવી એ જ તેમના સંબંધમાં યોગ્ય ઉપચાર છે. વળી સાહેબ! જ્યાં સુધી એ મહામોહ વિગેરે ભયંકર શત્રુઓને મારી હઠાવવામાં ન આવે ત્યાં સુધી અમારી જેવાઓને સુખની ગંધ પણ કેમ આવે? પણ સાહેબ! આપશ્રીની જ્યાં સુધી એ બાબતમાં પ્રબળ ઇચ્છા પ્રવર્તે નહિ ત્યાં સુધી એ દુરાત્માઓનો નાશ પણ થઇ શકે નહિ. જુઓ સાહેબ! આપનો એક એક સેનાની એવો બહાદુર છે કે મોટા ભયંકર સંગ્રામમાં તે એકલો શત્રુની આખી સેનાને નસાડી મૂકે, હરાવી દે અને નાશ પમાડે; જેવી રીતે એક કેશરી સિંહ એકલો હરણીઆના આખા ટોળાના ટોળાને નસાડી મૂકે છે તેવી રીતે તમારો પ્રત્યેક લશ્કરી સુભટ દુશ્મનોને દળી નાખે તેવો છે તે આપને સારી રીતે જાણીતી બીના છે. જો આપનો હુકમ વચ્ચે ન આવતો હોય-તેની રાહ જોવાની ન હોય, તો મોટા ખળભળાટ થયેલા સમુદ્રનાં મોજાંઓની જેમ તમારા સેનાનીઓ દુશ્મનના લશ્કરને ડૂબાડી દે."

**મહારાજાની વિચારણા. (Consultation.)**

આ પ્રમાણે મોહરાજા વિગેરેની સામે લડવા જવાની હોંસવાળા ગુમાની રાજાઓ સઘળા એક વિચારમાં આવી ગયા અને ઉપર

૧ આ મુક્તતા નામની ચોથી પુત્રી અગાઉ વર્ણવેલ છે તે સમજવી. જુઓ પ્ર. ૪. પ્ર. ૩૫. પૃ. ૧૦૬૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે બોલીને મહારાજા સમક્ષ ખડા થઇ ગયા. તેઓનાં આખા શરીર ઉપર લડાઇ લડવાની ખરજ આવતી જોઇને મહારાજે તેઓની સામે નજર કરી તો મહાભયંકર મદોન્મત્ત હાથીને વિદારણ કરવા સમર્થ સિંહ જેવા તેઓ દેખાવા લાગ્યા. પ્રસંગ વિચાર કરવા જેવો લાગવાથી અને ઉતાવળે કામ કરવાની ટેવ ન હોવાને લીધે ચારિત્ર-રાજ તે વખતે એક ખાનગી ઓરડામાં પોતાના [1]સદ્બોધ મંત્રીને લઇને ગયા. વળી પોતાના લશ્કરના બળ વિગેરેનો પણ વિચાર કર-વાનો હતો તેથી [2]સમ્યગ્દર્શન સેનાપતિને પણ સાથે વિચારણા કરવા માટે બોલાવી લીધો. પેલા સત્ય શૌચાદિ રાજાઓ રાજસભામાં રહ્યા અને મહારાજ પોતાના મંત્રી અને સેનાપતિ સાથે ખાનગી વિચારણા કરવા ગયા.

પિતાજી! તે વખતે પેલી મારી માસી માર્ગાનુસારિતા પણ અંતર્ધાન થઇ બીજા ન દેખે તેવી રીતે તે ઓરડામાં મને સાથે લઇને દાખલ થઇ ગઇ. એને લઇને એ રાજા મંત્રી અને સેનાપતિ વચ્ચે જે વાતચીત થઇ તે મારા જાણવામાં આવી ગઇ. મહારાજ ચારિત્રરાજે પોતાના મંત્રી અને સેનાપતિને પૂછ્યું કે તેઓના મત પ્રમાણે અત્યારે શું કરવું ઉચિત છે જેના જવાબમાં સેનાપતિ અને મંત્રીએ પોતાના [3]વિચારો નીચે પ્રમાણે જણાવ્યા.

પ્રથમ [4]સમ્યગ્દર્શન સેનાપતિએ મહારાજાને ઉદ્દેશીને કહ્યું "દેવ! આપના બહાદુર લડવૈયાઓ સત્ય શૌચ વિગેરેએ જે કહ્યું છે તે જ આ વખતે આપશ્રીને કરવું ઉચિત છે તે બાબતમાં સંશય કરવા જેવું નથી. એનું કારણ એ છે કે અત્યંત દુષ્ટ ચિત્તવાળા અને તદ્દન નાશ કરવા યોગ્ય શત્રુઓ તરફથી આવો ન સહન થઇ શકે તેવો ગુન્હો થયા પછી જે કોઇ પ્રાણીને સ્વમાનનો જરા પણ ખ્યાલ હોય તે

સમ્યગ્દર્શન સે-નાપતિનો જુસ્સો.

---

૧ જુઓ પ્ર. ૪. પ્ર. ૩૬. પૃ. ૧૦૯૦.

૨ જુઓ સદર પ્રકરણ. પૃ. ૧૦૮૮.

૩ વિચાર પોતાના પિતા બુધકુમારને કહે છે—મહાત્મા મુનિ જે બુધાચાર્ય છે તે પોતાનું ચરિત્ર ધવળરાજ વિમળકુમાર પાસે કહે છે-સંસારીજીવ પોતાની કથા સદાગમ સમક્ષ કહે છે.

૪ અહીં લશ્કરી માણસોની સલાહ અને કારસ્થાની મુત્સદ્દીઓ. (diplomats) ની સલાહમાં કેટલો ફેર પડે છે. તે જોવા જેવું છે; લશ્કરી માણસોમાં જુસ્સો ઘણો હોય છે, મુત્સદ્દીઓમાં દીર્ઘ દષ્ટિ, ગણતરી અને વિચારણા વધારે હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસી કેમ રહે? જે પ્રાણી શત્રુ તરફથી અપમાન પામે અને હારે, તેવો પ્રાણી તો મરી ગયો હોય તો વધારે સારૂં, તેવો હલકો પ્રાણી બળી ગયો હોય તો વધારે સારૂં, એવો પ્રાણી તો જન્મ્યો જ ન હોય તે વધારે સારૂં, અરે એવો પ્રાણી તો ગર્ભમાં જ ગળી હોય તો વધારે સારૂ. જે પ્રાણી ઉપર શત્રુઓ વારંવાર આક્રમણ કરે અને તેને ધૂળમાં રગદોળે, છતાં જે નિરાંતે બેસી રહે તેવો પ્રાણી તો ધૂળ જેવો છે, તરખલા જેવો છે, રાખ જેવો છે, અથવા તો કાંઇ પણ નથી એમ કહીએ તો પણ યોગ્ય છે. જે પ્રાણીને માથે એક પણ શત્રુ ગાજતો હોય છે તો તે શત્રુને પણ તે જીતી લેવાની ઇચ્છા રાખતો હોય છે, તો પછી જેને માથે અનંત શત્રુઓ ગાજી રહ્યા હોય તેનાથી તે બેસી કેમ રહેવાય? તેટલા માટે હે રાજન્! આપના આખા શત્રુવર્ગનો નાશ કરીને આ પૃથ્વીને આપ તદ્દન નિષ્કંટક બનાવો અને ત્યાર પછી નિરાંતે બેસો." આવી રીતે જુસ્સામાં આવી જઇને અત્યંત ઉત્કટ વાક્યો બોલીને સમ્યગ્દર્શન સેનાપતિએ પોતાનું બોલવું બંધ કર્યું. આ પ્રમાણે પોતાની ઇચ્છા પ્રમાણે જે ઉચિત કાર્ય તે વખતે કરવા યોગ્ય લાગ્યું તેનો નિર્ણય તેણે એકદમ જણાવી દીધો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

હવે તે વખતે લીલાયુક્ત શાંત નજરે ચારિત્રરાજે સદ્બોધ તરફ નજર કરી અને ઇંગિતથી તેનો અભિપ્રાય શો છે તે જણાવવા સૂચવ્યું. આ પ્રસંગે શું કાર્ય કરવા યોગ્ય છે અને વસ્તુતત્ત્વ શું છે તે સંબંધી દરેક બાબતમાં પ્રથક્કરણ કરી ઊંડા ઉતરી રહસ્ય સમજવામાં કુશળ સદ્બોધ મંત્રીએ આ બાબતના ગર્ભમાં રહેલ અર્થ વિચારી જવાબ આપ્યો "દેવ! તમારી પાસે વિદ્વાન પુરૂષે (સમ્યગ્દર્શને)

સદ્બોધની રાજનીતિ વિચારણા.

સારી હકીકત કહી છે તેથી હવે આપની પાસે અત્યારે મારા જેવાને આ બાબતમાં બોલવું અયોગ્ય છે, છતાં મહારાજ! આપને મારા ઉપર જે બહુમાન છે અને આપશ્રી પ્રસંગોપાત મારી સલાહ માગો છો તેથી આપની કૃપા મને ઉત્સાહી બનાવે છે, અને તે ઉત્સાહથી પ્રેરાયલો મારા જેવો પ્રાણી વાચાળ બને છે. (સમ્યગ્દર્શનને ઉદ્દેશીને) અહાહા! તમારામાં ખરેખરૂં ઉત્કટ તેજ છે! તમારો વાણી ઉપરનો કાબુ પણ ઘણો જબરો છે! અને સેનાપતિરાજ! તમારી આપણા સ્વામી (ચારિત્રરાજ) તરફ ભક્તિ તો ઘણી જ વખાણવા લાયક છે. તમે કહ્યું કે જે પ્રાણીને માનનો કાંઇ પણ ખ્યાલ હોય તે શત્રુઓ તરફથી થતો પરાભવ સહન કરી શકતો નથી તે

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

વાત તદ્દન સાચી છે! તેમજ શત્રુથી પરાભવ પામેલ પ્રાણી આ દુનિયામાં તદ્દન સાર વગરનો છે એ વાત પણ તદ્દન સત્ય છે. વળી મહામોહ વિગેરે શત્રુઓ ઘણા દુષ્ટ છે, લુચ્ચા છે, પાપી છે, માટે નાશ કરવાયોગ્ય છે એ વાત તમે કહી તે પણ સત્ય છે. અને આપણા મહારાજના સર્વે સેવકો તેનો ઘાત કરી શકે તેવા પરાક્રમી છે એ વાત પણ સત્ય છે. હું તો ત્યાં સુધી પણ કહું છું કે આપણા મહારાજાના હુકમમાં રહેનારા પુરૂષોને તમે બાજુ ઉપર રાખો, પરંતુ એમના લશ્કરની સ્ત્રીઓ પણ એ મહામોહ વિગેરે શત્રુઓનો વિનાશ કરવામાં સમર્થ છે. પરંતુ હકીકત એવી છે કે:-

> प्रस्तावरहितं कार्यं, नारंभेत विचक्षणः ।
> नीतिपौरुषयोर्यस्मात्, प्रस्तावः कार्यसाधकः ॥

ડાહ્યો માણસ અવસર વગર કોઇ પણ કામ કદિ શરૂ કરતો નથી કારણ કે નીતિ અને પુરૂષત્વનો અવસર જ બરાબર કામ સાધી આપી શકે છે. વળી પૂજ્ય મહારાજા અને આપ સેનાપતિ સમક્ષ નીતિશાસ્ત્રની વાતો જણાવવી એ જો કે પિષ્ટપેષણ જેવું છે, ભરડેલું ફરીવાર ભરડવા જેવું છે, તોપણ મુદ્દાની કાંઇક વાત તમને યાદ આપું છું.

JAINSITE.com
जैन साहित्य
જૈનમ્ જયતિ શાસનમ્

## રાજનીતિ.

"[1]રાજનીતિમાં છ ગુણો કહ્યા છે, પાંચ અંગો બતાવ્યા છે, ત્રણ શક્તિ વર્ણવી છે, ઉદયસિદ્ધિઓ ત્રણ બતાવી છે અને નીતિ ચાર પ્રકારની કહી છે; એ ઉપરાંત ચાર પ્રકારની રાજવિદ્યા સ્પષ્ટ કરી છે– આવી આવી બીજી અનેક બાબતો નીતિશાસ્ત્રમાં કહેલ છે તે આપને વિદિત છે તેથી તેનું વિશેષ વર્ણન અત્યારે કરવાની જરૂર નથી.

"[2]પરરાજ્ય સાથે રાજનીતિ ચલાવવામાં છ ગુણો ખાસ સંભાળવાં જોઇએ તે છ ગુણો આ પ્રમાણે છે: **સ્થાન, યાન, સંધિ,**

---

૧ અહીંથી રાજનીતિ બતાવવામાં આવી છે. એ સર્વ શ્લોકો તેને લગતાં શાસ્ત્રોમાં જૂદા જૂદા આકારમાં આવે છે. શુક્રનીતિમાં પણ સહજ ફેરફાર સાથે આવે છે. મનુસ્મૃતિનું ટાંચણ આપશું, અન્યત્ર જિજ્ઞાસુએ શોધ કરી લેવી.

૨ આ છ ગુણોના સંબંધમાં **મનુસ્મૃતિ અધ્યાય ૭ માં** નીચે પ્રમાણે હકીકત છે તે વિચારવી. ત્યાં 'સ્થાન'ને બદલે 'આસન' શબ્દ વાપર્યો છે. ઉપરના સર્વેનો પોતાના ઉદય અને પરની હાનિરૂપ કાર્યનું અવલોકન કરીને ઉપયોગ કરવો. એ પ્રત્યેક ગુણો બે બે પ્રકારના છે. વર્તમાન અથવા ભવિષ્યના લાભ માટે મિત્ર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિગ્રહ, સંશ્રય અને દ્વૈધીભાવ.** ('સ્થાન' એટલે લશ્કરને કઇ જગ્યાપર રાખવું તે સંબંધી વિચારણા. કુલક ભટ્ટ સ્થાનમાં લશ્કર, ખજાનો, નગર અને દેશનો સમાવેશ કરે છે. પરરાજ્ય સાથે નીતિ કેવી ચલાવવી તેમાં આસ્થાન ઉપર ખાસ લક્ષ્ય રાખવાનું છે. યાનમાં કુચ કરવાની અને હલ્લો કરવાની બાબતનો સમાવેશ થાય છે. કેટલીક વાર બચાવ કરવાનો હોય છે અને કેટલીક વાર પોતે જ સામી બાજુપર ધસારો કરવાનો હોય છે. આ યાનમાં લશ્કરને પૂરી પાડવાની જરૂરીઆતો સંબંધી બાબતનો પણ સમાવેશ થાય છે. (Commissariat & Transport) 'સંધિ અને વિગ્રહ' સંધિમાં પરરાજ્ય સાથે સુલેહ અને તેને લગતા કોલકરારોનો સમાવેશ થાય છે અને વિગ્રહમાં કેવા સંયોગોમાં લડાઇ જાહેર કરવી, તે વખતે કઇ બાબતો વિચારવી તે સર્વનો સમાવેશ થાય છે. 'સંશ્રય'માં જે રાજ્ય સાથે સુલેહ અથવા સંબંધના કોલકરાર થતા હોય તે રાજ્યે અન્ય રાજ્ય સાથે લડાઇના પ્રસંગે કેવી અને ક્યારે મદદ કરવી તે બાબતની શરતોનો સમાવેશ થાય છે. 'દ્વૈધી-

---

રાજાને મળીને બીજા રાજા ઉપર ચઢાઇ કરવામાં આવે તેને સમાનકર્મા 'સંધિ' કહે છે અને અમે અમુક રાજા પર ચઢાઇ કરશું, તમે બીજા અમુક ઉપર કરો, એમ ગોઠવણ કરી ચઢાઇ કરવામાં આવે તેને અસમાનકર્મા સંધિ કહે છે. શત્રુનો પરાજય કરવા પોતે લડાઇ કરવી તે એક પ્રકારનો 'વિગ્રહ' અને મિત્રરાજા ઉપર ઉપકાર કરવા લડાઇ જાહેર કરવી તે બીજા પ્રકારનો 'વિગ્રહ'. જરૂર પડતાં શત્રુપર એકલા આક્રમણ કરવું પડે તે એક પ્રકારનું 'યાન' ( ચઢાઇ ) અને મિત્રની સાથે મળી ચઢાઇ લઇ જવી તે બીજા પ્રકારનું 'યાન'. આસન એટલે સેના ભંડારથી ક્ષીણ થયેલા રાજાએ છાનામાના બેસી રહેવું તે એક પ્રકારનું આસન અને મિત્રના રોધથી બેસી રહેવું પડે તે બીજા પ્રકારનું 'આસન'. થોડા સૈન્યને અમુક સ્થાનપર રાખવું અને થોડા સૈન્ય સાથે રાજાએ પોતે કિલ્લામાં રહેવું એ બે પ્રકારનો 'દ્વૈધીભાવ'. શત્રુના આવી પડેલા સંકટને દૂર કરવા મોટા રાજાનો આશ્રય તે 'સંશ્રય' અને ભવિષ્યના તેવા સંકટને દૂર રાખવા આશ્રય કરવો તે બીજા પ્રકારનો સંશ્રય ( મનુ. ૭. ૧૬૦–૧૬૮).

ભવિષ્યમાં પોતાની ઉન્નતિ થશે એમ જાણે અને અત્યારે સામાન્ય પીડા થશે એમ લાગે તો 'સંધિ'નો આશ્રય કરવો (૧૬૯). જ્યારે મંત્રીમંડળ પ્રસન્ન થયેલું હોય અને પોતાને હાથી, ઘોડા, ધન, ભંડાર તથા પ્રભુશક્તિ મંત્રશક્તિ અને ઉત્સાહથી ભરપૂર જુએ ત્યારે શત્રુ સાથે 'વિગ્રહ' કરવો (૧૭૦). પોતાનું સૈન્ય ધનથી અને મનથી પ્રસન્ન હોય અને અન્નાદિથી પુષ્ટ હોય તથા શત્રુસૈન્ય તેથી વિપરીત જાણવામાં આવે ત્યારે શત્રુપર ચઢાઇ (યાન) કરવી (૧૭૧). જ્યારે પોતે હાથી ઘોડાથી ક્ષીણ થઇ જાય ત્યારે યત્નપૂર્વક 'આસન'નો આશ્રય કરવો એટલે શાંત બેસી રહેવું (૧૭૨) શત્રુ મહાબળવાન્ હોય ત્યારે 'દ્વૈધીભાવ' કરી સૈન્યના બે વિભાગ પાડવા. (૧૭૩). શત્રુ રાજાનાં સૈન્યને તાબે થવાનો વખત આવે ત્યારે કિલ્લામાંથી બહાર નીકળી બળવાન્ રાજાનો 'આશ્રય' કરવો (૧૭૪).

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ભાવ' એટલે એકની સાથે કાંઇ વાત કરવી અને અન્યની સાથે બીજી વાત કરવી તે. કારસ્થાનીપણાનો આમાં સમાવેશ થાય છે. કેટલાક નીતિકારોના મત પ્રમાણે દ્વૈધીભાવ એટલે લશ્કરના બે વિભાગ પાડી યુક્તિથી શત્રુને મ્હાત કરવો.[1] પરરાજ્યના સંબંધમાં આ છ ગુણો ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. )

"રાજનીતિનાં પાંચ અંગ બતાવવામાં આવ્યાં છે. ૧ કોઇ પણ કાર્ય કરતાં મુંઝવણ આવે ત્યારે તેના ઉપાયો યોજી રાખવા. (ઉપાય ચાર પ્રકારના નીતિકારો બતાવે છે. સામ: સમજાવવું; દાન: પૈસાની લાલચ દેવી. ભેદ: શત્રુમાં પરસ્પર ભેદ પડાવવો. દંડ: સજા કરવી; એ ઉપરાંત ત્રણ બીજા ઉપાયો પણ કેટલાક નીતિકારો બતાવે છે: માયા: છેતરપીંડી; ઉપેક્ષા: બેદરકારી અથવા ચાલાકી અને ઇંદ્રજાળ: જાદુથી છેતરવું ). ૨ દેશ અને કાળનો વિભાગ ( ભૂગોળનું સ્પષ્ટ જ્ઞાન અને ઋતુઓ ઓળખવાની સમજણ. તેમજ દરેક દેશ અને ત્યાંની ઋતુને અંગે થતા ફેરફારો વિગેરેનું સ્પષ્ટ જ્ઞાન ). ૩ પુરૂષ અને દ્રવ્ય ( મતલબ પોતાની પાસે પુરૂષોનું લશ્કર કેટલું તૈયાર છે, કેટલું બાકીમાં છે અને કેટલું બોલાવી શકાય તેવું છે અને પોતાનું ધન કેટલું પહોંચશે, સાધનો કેટલી હદ સુધી કામ આપશે એનું સ્પષ્ટ જ્ઞાન). ૪ આપત્તિઓનો ઉપાય ( કોઇ પણ વખતે આપત્તિ આવી પડશે તે ધારી લઇને તેના ઉપાયો પ્રથમથી યોજી રાખવા, તેને માટે ગોઠવણ કરી રાખવી અને તેને અંગે સર્વ વ્યવસ્થા કરી રાખવી). ૫ કાર્યસિદ્ધિ ( પોતાનું મુખ્ય કાર્ય-સાધ્ય શું તે સ્પષ્ટ રીતે લક્ષ્યમાં રાખવું, તેની સિદ્ધિ તરફ ચાલ્યા જવું અને વચ્ચે નકામી બાબતો આવે તો તેમાં ફસાઇ પડવું નહિ કે તેમાં સિદ્ધિ માનવી નહિ ). જે રાજનીતિજ્ઞ પુરૂષ હોય છે તે આ પાંચે રાજનીતિના અંગોને બહુ સારી રીતે જાણતો હોય છે.

"રાજ્ય સત્તાને અંગે ત્રણ પ્રકારની શક્તિને લક્ષ્યમાં રાખવાની છે: ૧ ઉત્સાહશક્તિ એટલે પોતામાં કાર્ય કરવાનો ઉત્સાહ ( માનસિક

---

૧ વર્તમાન મહા યુદ્ધ યુરોપમાં ચાલે છે તેને અંગે આ છ અંગો વિચારીએ તો સ્થાનમાં લડાઇની ભૂમિ, યાનમાં ત્યાં લઇ જવાની ગોઠવણ-ટ્રાન્સપોર્ટ, સંધિ રૂસિયાએ જર્મની સાથે કરી તે, વિગ્રહ શરૂઆતમાં લડાઇ જાહેર કરી તે, સંશ્રય એટલે ઇંગ્લાંડે જાપાન સાથે કરેલ પરસ્પર બચાવના કોલકરારો ( mutual defensive alliance. ) અને દ્વૈધીભાવ તે જર્મનીએ બલ્ગેરીઆને પોતાના પક્ષમાં લીધું અને ઇંગ્લાંડ ફ્રાંસે અમેરિકાને પોતાની તરફેણમાં લીધું તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રેરણા ) શક્તિ કેટલી છે, પોતાનું બળ કેટલું છે તેનો વિચાર કરવો; ૨ પ્રભુશક્તિ અથવા પ્રભાવશક્તિ એટલે રાજ્યતેજ અથવા રાજાનો પોતાનો પ્રભાવ અથવા મુખ્ય સ્થાન; અને ૩ મંત્રશક્તિ એટલે સારી સલાહ મેળવવાની શક્તિ. આ ત્રણે પ્રકારની શક્તિ રાજનીતિને અંગે ખાસ પ્રાપ્ત કરવા યોગ્ય છે, વધારવા યોગ્ય છે અને એ ત્રણ શક્તિનો સમુદાય એટલે રાજ્યસત્તા છે એમ સમજવું. એ ત્રણે શક્તિ જેમ વધારે તેમ રાજ્યસત્તા વધારે એમ નીતિકારોનું માનવું છે.

"નીતિકારો ત્રણ પ્રકારના 'ઉદય' કહે છે. એ ત્રણ પ્રકારની શક્તિથી પ્રભુતા ઉત્પન્ન કરાય છે અને મંત્રશક્તિમાં જેટલો બને તેટલો વધારો કરવો એ ત્રણેનો ઉદય બતાવે છે.[1]

"નીતિને અંગે ત્રણ પ્રકારની સિદ્ધિ બતાવવામાં આવી છે: સોનાનો લાભ, મિત્રનો લાભ અને જમીનનો લાભ. સોનામાં સર્વ ધનનો સમાવેશ થાય છે; મિત્રનો લાભ એટલે દુશ્મનની સાથે સુલેહ કરવી તે અને જમીનનો લાભ સુપ્રસિદ્ધ છે.

ચાર પ્રકારની નીતિ સુપ્રસિદ્ધ છે: ૧ 'સામ' એટલે સમજાવવું, ૨ 'ભેદ' એટલે સામામાં ભેદ પડાવવો, ૩ 'દાન' એટલે પૈસા આપવા અને 'દંડ' એટલે તેને સજા કરવી. આ સામાદિ ચારે નીતિનો અને ત્રણ અંતર નીતિનો વિચાર ઉપર નીતિના પ્રથમ અંગને પ્રસંગે થઇ ગયો છે. તેમાં પણ એમ કહેવામાં આવ્યું છે કે પ્રથમની ત્રણ નીતિ છે તે પ્રથમ તપાસવી અને તેમાં જો ફાવી ન શકાય તો છેવટે દંડ નીતિને અમલમાં મૂકવી.

રાજાએ ચાર પ્રકારની વિદ્યાઓ પોતાની નજરમાં ખાસ રાખવા યોગ્ય છે. ૧ 'આન્વીક્ષિકી' એટલે તર્કવિદ્યા; ૨ 'ત્રયી' એટલે સામવેદ યજુર્વેદ અને ઋગ્વેદ એ ત્રણ વેદનું જ્ઞાન ૩ 'વાર્તા' એટલે ખેતીવાડી, એનો અર્થ કથાનુયોગ અથવા ઇતિહાસ પણ થાય છે, અને ૪ દંડનીતિ એટલે લડાઇ ક્યારે કરવી વિગેરેનું જ્ઞાન. (આ ચારે વિદ્યામાં બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્યનાં કાર્યોનો સમાવેશ થાય છે. મનુ આ ચાર વિદ્યાસાથે પાંચમી આત્મવિદ્યા ઉમેરે છે જ્યારે અન્ય નીતિકારો તેનો આન્વીક્ષિકી વિદ્યામાં સમાવેશ કરે છે. અન્યત્ર વિદ્યાના ચૌદ પ્રકાર

---

[1] ત્રણ ઉદયનાં નામ ગ્રંથકારે આપ્યાં નથી, શક્તિનાં જે ત્રણ નામો ઉપર આપ્યાં તેજ ઉદયનાં નામો હોવાનો સંભવ તથા શબ્દથી થાય છે. ત્રણ ઉદયનાં નામ: રાજ્યરક્ષણ, પ્રજાભક્તિ અને શત્રુ (?) મળી આવ્યાં છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ કહેવામાં આવે છેઃ ચાર વેદ, છ અંગ અને ધર્મ, મિમાંસા, તર્ક, તથા પુરાણ. આ સર્વ વિદ્યાઓ રાજનીતિને જાણવી જોઇએ. છ અંગમાં શિક્ષા, કલ્પ ( ક્રિયાવિભાગ ), વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ આવે છે. )

મૂળના વાંધા.

“ આ સર્વ રાજનીતિનાં ગુણો, અંગો, શક્તિઓ, ઉદયો, સિદ્ધિઓ, નીતિ અને રાજવિદ્યા પૂજ્ય મહારાજાને અને આપ સેનાપતિને સારી રીતે વિદિત છે તેથી તેના પર વિવેચન કરવાની જરૂર રહેતી નથી. માત્ર જે કહેવાનું છે તે એજ છે કે-

केवलं ज्ञातशास्त्रोऽपि, स्वावस्थां यो न बुध्यते ।
तस्याकिञ्चित्करं ज्ञानमन्धस्येव सुदर्पणः ॥

પ્રાણી ગમે તેટલા શાસ્ત્રો જાણતો હોય પણ જો તે પોતાની અવસ્થા બરાબર સમજતો ન હોય તો જેમ આંધળા માણસની પાસે આરિસો ધરવામાં આવે તે નકામો થાય છે, તેમ તેનું જ્ઞાન પણ નકામું થાય છે. ન સાધી શકાય તેવી બાબત મેળવવા માટે જે પ્રાણી પ્રવૃત્તિ કરે છે અને યોગ્ય વિવેક તેને અંગે રાખતો નથી તેની લોકોમાં હાંસી થાય છે અને તે પોતે મૂળથી નાશ પામે છે. હવે ભાઇસાહેબ ! તમે જે કામ આદર્યું છે તેનાં મૂળ તો પ્રથમથીજ નાશ પામેલાં છે તે જરા વિચારી જુઓ ! અને તેમ હોવાથી તમને ગમે તેટલો લડાઇ કરવાનો કે શત્રુને જીતવાનો ઉત્સાહ હોય તે શા કામનો ? હું આ પ્રમાણે કહું છું તેનું કારણ તમે સાંભળોઃ આ આખું ભવચક્ર, આપણે પોતે, પેલા ( મહામોહ વિગેરે ) આપણા મોટા દુશ્મનો અને પેલા મહાબળવાન્ કર્મપરિણામ નામના આપણા મહારાજા એ સર્વ પેલા મહાત્મા પુરૂષના તાબામાં છે, એના ઉપર આધાર રાખનારા છે, એ મહાત્માનું નામ [1]સંસારીજીવ છે જેના તાબામાં આ આખી મહા અટવી છે; અને એ બાપડો સંસારીજીવ તો મારા જેવાનાં નામ પણ હજુ જાણતો નથી અને મહામોહ વિગેરે શત્રુઓને પોતાના ઘણાં વહાલાં માને છે. હવે વાત એમ છે કે જે લશ્કર અથવા બાજુ ઉપર સંસારીજીવનો વધારે પક્ષપાત હોય તે લશ્કરનો વિજય થાય છે તે બાબતમાં જરા પણ શંકા જેવું નથી, કારણ કે

૧ જે જીવને ઉદ્દેશીને વાત ચાલતી હોય તેના પૂરતી આ હકીકત સમજવી. અત્યારે સંસારીજીવ જે પોતાની વાત સદાગમ સમક્ષ કરે છે તેના પૂરતી વાત છે. પણ યોગ્ય ફેરફાર સાથે તે હકીકત સર્વ સંસારીજીવોને લાગુ પડે છે એમ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરેક બાબતમાં મૂળનાયક-રસરાજા તો એજ છે. આ પ્રમાણે હોવાથી જ્યાં સુધી આપણું સૈન્ય ઉત્તમ છે, હિત કરનાર છે અને ખાસ સંબંધ કરવા લાયક છે એમ તે જાણે નહિ અને જ્યાં સુધી તે આપણી બાજુમાં આવે નહિ ત્યાં સુધી લડાઇની તૈયારી કરવી, પ્રયાણ કરવું કે લડાઇ કરવી એમાં કાંઇ અર્થ નથી, એ સર્વે નકામું છે; રાજનીતિ કહે છે કે તેવા વખતે તો સામ નીતિનો આશ્રય કરવો, ઘેર બેસી રહેવું અને ઉપેક્ષા કરવી, હાથીની જેમ જોયા કરવું-એજ વધારે ઉચિત છે. કોઇ કામ જોઇને સમજુ માણસો પ્રથમ સંકોચ પણ કરે છે, જેમ હાથીને મારવાના વિચારમાં આવેલો સિંહ મોટી ફાળ મારવા પહેલા સંકોચાય છે તેમ. સમજુ પ્રાણી કદાચ કામથી નાસી જાય પણ તે તેનું નાસવાનું કામ જો સમજણપૂર્વકનું હોય તો તેમ કરવામાં તેનું પુરૂષત્વ ગળી જતું નથી; જ્યારે સામા મેંઢાને મોટો પ્રહાર કરવો હોય છે ત્યારે લડાઇ કરવા ઉધુક્ત થયેલો મેંઢો પણ પ્રથમ તો જરા પાછો હઠે છે, પાછો હઠીને જોર એકઠું કરીને માથું મારે છે."

સમ્યગ્દર્શન—"આર્ય! પણ એ સંસારીજીવ તો આપણને ઓળખશે કે નહિ તેની કાંઇ ખબર પડતી નથી અને અત્યારે આપણને જેવી હેરાનગતિ કરે છે તેવી હેરાનગતિ પેલા શત્રુઓ તો વારંવાર કરશે અને આપણને ત્રાસ આપ્યા જ કરશે. જુઓ! આજે તો એમણે લાગ જોઇને આપણા એક સેનાની સંયમને હેરાન કર્યો અને કાલે કદાચ એ આપણને સર્વને મારવા મંડી જશે તો પછી બેસી રહેવું તો કોઇ રીતે યોગ્ય નથી, કારણ કે સંસારીજીવનું કાંઇ ઠેકાણું નથી."

સદ્બોધ—"આર્ય! આ બાબત યોગ્ય વખતે સાધી શકાય તેવી છે તેથી તમે ઉતાવળ કે ગભરામણ કરો નહિ. એ સંસારીજીવ આપણને વહેલો મોડો બરાબર જાણશે માટે વ્યાકુળ ન થાઓ. એનું ખાસ કારણ છે તે આપ વિચારી જુઓ-પેલા કર્મપરિણામ મહારાજા છે તે આપણા લશ્કરમાં છે અને દુશ્મનના લશ્કરમાં પણ છે અને એ લગભગ દરરોજ બન્ને બાજુનો સરખો પક્ષ કરે છે. વળી બીજી વાત એમ છે કે સંસારીજીવ પોતે પણ એ કર્મપરિણામ મહારાજા જે વચન બોલે છે તે આખુંને આખું ઉપાડી લે છે અને તેના હુકમ પ્રમાણે વર્તે છે. મને તો એમ લાગે છે કે, કોઇ વખત ભવિષ્યમાં લાગ જોઇને એ કર્મપરિણામ રાજા સંસારીજીવ પાસે આપણી બરા-

કાળસાધ્ય સાધ્યત્વ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બર ઓળખાણ કરાવશે, આપણે કોણ છીએ, તેના કેટલા હિતસ્વી છીએ તે તેને બરાબર જણાવશે-એવો પ્રસંગ જ્યારે બનશે એટલે કે સંસારીજીવ જ્યારે આપણને બરાબર જાણશે અને પ્રસન્ન થઇને જયારે તે આપણી પૂજા કરશે, આપણને માન આપશે ત્યારે [1]આપણે શત્રુને હઠાવવા બરાબર શક્તિમાન્ થશું.

"આર્ય સમ્યગ્દર્શન! એમાં પણ વાત એમ છે કે કોઇ વખતે બરાબર અવસર જોઇ વિચારીને એ કર્મપરિણામ મહારાજ પ્રથમ તો પોતાની મોટી બહેન [2]લોકસ્થિતિનો અભિપ્રાય મેળવશે, વળી બરાબર અવસર થયો છે કે નહિ તે સંબંધમાં પોતાની સ્ત્રી [3]કાલપરિણતિને પૂછશે, પોતાના ખાસ સેનાપતિ [4]સ્વભાવને એ સંબંધી હકીકત કહી જોશે, વળી પોતાના પરિવારના નિયતિ યદૃચ્છા વિગેરે જે ખાસ માણસો છે તેમને એ સર્વ હકીકતથી બરાબર વાકેફગાર કરશે, સાથે વળી એ સંસારીજીવની સ્ત્રી[5] ભવિતવ્યતાને બરાબર અનુકૂળ કરી લેશે, વળી જીવ પોતે પણ નિર્મળ થયેલ હોવાથી તેને સર્વ હકીકત જણાવવાનો બરાબર અવસર થયો છે એમ તે જોશે-આવી રીતે સર્વ હકીકત એકઠી કરતાં જ્યારે સર્વને આપણી હકીકત રૂચશે, પસંદ આવશે, ત્યારે સંસારીજીવને આપણી હકીકત તે મહારાજા બતાવશે અને તે વખતે કોઇ પણ પ્રકારના પ્રતિબંધનો અભાવ હોવાથી-કોઇ અટકાયત કરનાર તત્ત્વ હાજર ન હોવાથી, એ હકીકત સંસારીજીવને બરાબર લાગશે અને તેને પરિણામે સંસારીજીવ આપણા તરફ નિર્મળ નજરે જોશે અને આપણી વાત સ્વીકારશે અને સમજશે.[6] જ્યારે એ

---

૧ આ હકીકત અમુક ચોક્કસ સંસારીજીવને આશ્રયીને સમજવી.

૨ જુઓ પ્ર. ૨. પ્ર. ૭. પૃ. ૩૦૩.

૩ જુઓ પ્ર. ૨. પ્ર. ૨. પૃ. ૨૬૨ થી.

૪ સ્વભાવ, ઇચ્છા અને નિયતિના વર્ણન માટે જુઓ પૃ. ૩૦૭.

૫ ભવિતવ્યતા સ્ત્રીનું વર્ણન પ્ર. ૨. પ્ર. ૭. પૃ. ૩૦૮ માં થઇ ગયું છે.

૬ પ્રાણીના ઉત્થાન માટે પ્રથમ તો લોકસ્થિતિ જોવાની છે. એ એવી અરઘટ્ટઘટી ચાલે છે કે જેટલા જીવો મોક્ષ જાય તેટલા નિગોદમાંથી નીકળે છે. એ સામાન્ય બાબત થઇ. ત્યાર પછી પ્રાણીનો પોતાનો પ્રયત્ન (પુરૂષાર્થ) અને તે ઉપરાંત કાળ, સ્વભાવ, કર્મ અને નિયતિ (ભવિતવ્યતા) એ ચારે સમવાયી કારણ જોઇએ. મતલબ જ્યારે સર્વ કારણોનો જોગ એકઠો થાય ત્યારે ઉત્થાન થાય છે. ત્યાં સુધી સેનાપતિ સમ્યગ્દર્શન ગમે તેટલા પછાડા મારે પણ તેમાં કાંઇ તેનું વળવાનું નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે બનશે ત્યારે સેનાપતિ સાહેબ ! આપણે દુશ્મનોને મૂળથી મારી હઠાવવા શક્તિમાન્ થશું. તેથી આ બાબતમાં વખત લંબાવવો મને તો બધી રીતે ઠીક લાગે છે, અવસર આવ્યે સર્વ કામ બરાબર થઇ જશે."

**સમ્યગ્દર્શન સેનાપતિ**—"જો મંત્રીશ્વર ! તમે કહો છો તેમ હકીકત છે તો પછી આપણા તરફથી એક દૂતને મોકલો, એટલે દૂત એ લોકોને જરા ઠમઠોરીને ઠેકાણે લઇ આવે, તો તેઓ કાંઇ નહિ તો આપણા માણસોને ત્રાસ તો ન આપે, અને પોતાની યોગ્ય હદ તો ઓળંગે નહિ. મને લાગે છે કે એટલું કરવું તો ખાસ જરૂરનું છે."

**સદ્બોધ મંત્રી**—"મારા પોતાના વિચાર પ્રમાણે તો હાલ દૂતને મોકલવાથી પણ કોઇ કામ થાય તેવું નથી, આપણે હાલ તો બગલાની જેમ ઇંદ્રિયોને સંકોચીને ચુપચુપ બેસી રહેવું એ જ વધારે ઠીક લાગે છે."

**સમ્યગ્દર્શન**—"અરે પુરૂષોત્તમ ! એમ બીક ખાઇ જવાનું કાંઇ કારણ નથી, એ પાપીઓ કદાચ ગમે તેટલા ગુસ્સે થાય તો પણ મારા જેવાને શું કરનાર છે? તમને એમ લાગતું હોય કે આપણે જે દૂતને મોકલવો તેને લડાઇની તૈયારી કરવાની ધમકી આપવાની વાત ન કહેવી, પણ માત્ર સમજાવટથી કામ લઇ હકીકત જણાવવાનું કહેવું, તો આપણે તેમ કરીએ, દંડનો ભય બતાવનાર દૂતને ન મોકલતાં સામનીતિવાળા દૂતને મોકલીએ અને તેને કહીએ કે સંધિના કોલકરાર યોગ્ય રીતે તે કરતો આવે. આ બાબતમાં તમને કાંઇ વાંધો લાગે છે ?"

**સદ્બોધ મંત્રી**—"આર્ય ! આપ એવા વચન બોલો નહિ. જુઓ, વાત એમ છે કે, જ્યારે સામો પક્ષ કોપથી ચઢી ગયેલ હોય ત્યારે તેની સાથે સામનીતિ ચલાવવી કે તેની સાથે સામનીતિ કરવાના કોલકરાર કરવા એ તદ્દન નકામા છે અને ઉલટા તેથી તો કજીઓ વધી પડે છે; તપેલાં ઘીમાં પાણી નાખવાથી ઉલટો મોટો ભડકો થાય છે એમાં જરા પણ શંકા જેવું નથી, અથવા તો એ બાબત તમે કહો છો તે પ્રમાણે એક વાર કરી જુઓ અને પછી તેનું કેવું પરિણામ આવે છે તે જોજો, તે વખતે તમને બરાબર ખાત્રી થશે કે અત્યારે હું જે પ્રમાણે હકીકત કહું છું તેવું જ પરિણામ આવશે. જો મહારાજાને પણ એમ લાગતું હોય તો ભલે એક [1]દૂતને મોકલી

---

૧ દૂત. સંધિ તથા વિગ્રહ દૂતને આધીન છે. દૂત જૂદા પડેલાને સાંધે છે અને એકઠા મળેલાને છૂટા પાડે છે. દૂત એવું કાર્ય કરે છે કે જેથી મનુષ્યો પરસ્પર લડીને છૂટા થાય છે. રાજદૂતે શત્રુરાજાના પુરૂષોના છૂપા આકાર, છૂપો મનોભિપ્રાય અને છૂપી ક્રિયાઓ વડે તેમના છૂપા આકાર મનોભિપ્રાય અને કર્મને તથા પ્રતિપક્ષી રાજાના કર્તવ્યને જાણી લેવું ( **મનુ.** ૭-૬૬-૬૭. )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપો, પછી તેઓના (દુશ્મનોનો) ભાવ બરાબર સમજી જઇને વખતને અનુસારે જે ઘટતું કરવા જેવું લાગશે તે પ્રમાણે કરી લેશું.”

### દૂતપ્રેષણ.

સદ્બોધે જે છેવટે વાત કરી તે બાબતમાં મહારાજા ચારિત્રધર્મરાજે પોતાની અનુમોદના આપી એટલે દુશ્મનોના લશ્કર તરફ સત્ય નામના એક દૂતને મોકલવામાં આવ્યો. પિતાજી! મારી જિજ્ઞાસા તે વખતે ઘણી ઉશ્કેરાયલી હતી તેથી મારી માસી માર્ગાનુસારિતા પણ મને સાથે લઇને જે રસ્તે દૂત ચાલ્યો તેની પછવાડે ચાલી, છેવટે સર્વે મહામોહ રાજાના લશ્કરમાં આવી પહોંચ્યા. [1]પ્રમત્તતા નદીને કાંઠે એક મોટો ચિત્તવિક્ષેપ નામનો મંડપ નાખવામાં આવ્યો હતો તેમાં બનાવેલા એક સભાસ્થાનમાં મહામોહ મહારાજા બિરાજમાન થયેલા હતા તે જોવામાં આવ્યા. દુશ્મનથી ભરેલી એ વિશાળ રાજસભામાં સત્ય નામનો દૂત દાખલ થયો અને સહજ પ્રણામ કર્યા એટલે તેને એક સારા આસનપર બેસાડવામાં આવ્યો. ત્યાર પછી અરસ્પરસ ક્ષેમકુશળ વિગેરે સમાચાર પૂછવામાં આવ્યા. આખરે એ દૂત જો કે સાહસનું તો ઘર હતો છતાં ઉદાર બુદ્ધિ વાપરીને ક્રોધની શાંતિ થાય તેવી રીતે પોતાનું કાર્ય જણાવતો બોલ્યોઃ—

### વિચક્ષણ સત્ય દૂતે આપેલો સંદેશો.
### વિરોધી રાજાઓનો ક્રોધી જવાબ.
### અભિમાન ઉદ્ધતાઇની પરિસિમા.

“આ ચિત્તવૃત્તિ નામની જે મોટી અટવી છે (જેમાં તમે સભાસ્થાન લગાવીને રહ્યા છો[2]) તેનો માલેક અને અધિષ્ઠાતા તો સંસારીજીવ છે અને તેથી ખરેખરી રીતે આ અટવીનો મૂળનાયક પણ એજ છે. વળી જુઓ! બાહ્ય અને અંતરંગના સર્વ સંસારી રાજાઓનો અને ગામો અને નગરોનો ખરેખરો સ્વામી તો તે જ છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. આ પ્રમાણે હોવાથી અમે કર્મપરિ-

---

૧ જુઓ પ્ર. ૪. પ્ર. ૯. ત્યાં ચિત્તવૃત્તિ અટવીમાં પ્રમત્તતા નદી અને ચિત્તવિક્ષેપ મંડપનું સંપૂર્ણ વર્ણન આપેલ છે.

૨ ચિત્તવૃત્તિ મહા અટવીનું વર્ણન પ્ર. ૪. પ્ર. ૯ માં થયું. મહામોહ રાજાએ પોતાનું સભાસ્થાન એ અટવીમાં નાંખ્યું છે. અત્યારે દૂત એ અટવીમાં નાંખેલ સભામાંજ વાત કરે છે. જે અટવી ઉપર મોહરાજા પોતાનું રાજ્ય માને છે તેના ઉપર ચારિત્રરાજનો પણ સરખો જ હક્ક છે એવી તેની દલીલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામ વિગેરે બીજા જે કોઇ અંતરંગ રાજાઓ છીએ તે સર્વે સંસારીજીવના નોકર છીએ. એ હકીકત હોવાથી આ રાજ્ય એક જ છે, સંસારીજીવ આપણા સઘળાનો એક જ સ્વામી છે, તો પછી આપણે અંદર અંદર વિરોધ શા માટે કરવો જોઇએ? ઉઘાડી વાત છે કે જે સેવકોને પોતાના સ્વામી (શેઠ) તરફ ભક્તિ હોય છે અને જેઓ શક્તિવાળા હોય છે તેઓ એક બીજા સાથે અરસ્પરસ મળી એકત્ર થઇને કામ કરે છે અને તેથી સેવકોને ભાઇઓ-બંધુઓની ઉપમા આપવામાં આવે છે. એવા ભક્તો જો પોતાના શેઠનું શ્રેય ઇચ્છતા હોય તો પોતાના જ પક્ષનો ક્ષય થાય તેવું કરે નહિ, અંદર અંદર લડે નહિ અને મારામારી ચલાવે નહિ. તેટલા માટે હે રાજેન્દ્ર! અમારો અને તમારો હવે પછી હમેશાંને માટે પ્રેમ રહે, આપણી પ્રીતિ અને આનંદમાં વધારો થાય અને આપણે એક બીજાની બાજુએ ઊભા રહીએ તેમ કરો, એ પ્રમાણે કરવાથી આપણા સ્વામી સંસારીજીવની સત્ય સેવા થશે.''

સત્ય દૂતે આ પ્રમાણે સત્ય વાત કહી એટલે તે સાંભળીને મદથી મસ્ત થઇ ગયેલી આખી મોહરાજાની સભામાં મોટો ખળભળાટ થઇ ગયો. ત્યાં જે રાજા અને સેનાનીઓ હાજર હતા તેઓ એ વાત સાંભળીને પોતાના હોઠ કરડવા લાગ્યા, આખે શરીરે લાલપીળા થઇ ગયા અને જમીન ઉપર પોતાના પગ પછાડવા લાગ્યા, એકંદરે સર્વની બુદ્ધિ ક્રોધથી અંધ થઇ ગઇ, સત્ય દૂતનાં સાચાં વાક્યો તમને ન રૂચ્યાં તે બતાવવા સારૂ તેઓ સર્વ એકી વખતે એક સાથે બોલવા મંડી ગયા. "અરે દુષ્ટ મુર્ખા! તને આવું તે કોણે શિખવ્યું કે સંસારીજીવ અમારો સ્વામી છે અને અમે અને તમે સંબંધી છીએ? તને આવી વાત કરનાર કયો મૂર્ખો હતો? તું આવું આલજાળ-કપોળકલ્પિત બોલે છે પણ તું અને તારા પક્ષવાળા સર્વ નરાધમો યાદ રાખજો કે તમે સર્વે પાતાળમાં પેસો તો પણ આવું બોલવાના બદલામાં હવે અમે તમને છોડનાર નથી. તું શું બોલ્યો? તું શું સમજે છે? શું સંસારીજીવ અમારો સ્વામી? અને તમે લોકો અમારા સંબંધી!! અરે વાહરે! બહુ મજેનો સંબંધ ઘટાવ્યો? ધન્ય છે તારાં વચનને! અને શાબાશ છે તારા ગુણોને! માટે હવે ભાઇસાહેબ! અહીંથી જલદી સીધાવો! અને તમે તમારા પોતાના ઇષ્ટદેવનું તમારી શાંતિને માટે સ્મરણ કરવા તૈયાર થઇ રહો. અમે પણ તારી પછવાડે જ આવીએ છીએ.''

જૈન સાઈટ JAINSITE જૈન(અથવા સમ્યક્)

### દૂત પાછો આવ્યો.
### લડાઇની તૈયારીઓ.

એક બીજાને સામસામી તાળીઓ દેતાં અને પરસ્પર હસતાં તેઓ ઉપર જણાવ્યાં તે અને બીજાં તેવાં હલકાં વાક્યો બોલી દૂતને ત્રાસ આપવા લાગ્યા. વળી તેજ વખતે તેઓએ શરીરપર બખ્તર ચઢાવી લીધાં અને પોતાનાં હથિયાર પણ હાથમાં લઇ અત્યંત ક્રોધ સાથે તેઓ મહામોહની સાથે રહી તેને આગળ કરી લડવા માટે ચાલી નીકળ્યા. સત્ય દૂતે ત્યાંથી એકદમ પાછા આવી તે સર્વ હકીકત ચારિત્રરાજ સમક્ષ વિસ્તારથી નિવેદન કરી. ચારિત્રરાજને ખબર પડી કે મહામોહનું આખું લશ્કર પોતાની નજીક આવતું જાય છે એટલે તેણે પણ પોતાના આખા લશ્કરને તૈયાર થઇ જવાનો હુકમ આપી દીધો અને તેનું લશ્કર પણ ઝટ તૈયાર થઇ ગયું. ચિત્તવૃત્તિ અટવીના છેડા ઉપર એક સુંદર પ્રદેશમાં એ બન્ને સૈન્યનું આગળ કહેવામાં આવશે તેવા પ્રકારનું જોનારને ખરેખર વિસ્મય ઉત્પન્ન કરે એવું યુદ્ધ થયું.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## ચારિત્રરાજ મહામોહનું જબરું યુદ્ધ.

### પ્રકાશ અને અંધકાર.
### શોરબકોર અને ધમાલ.
### ચારિત્રરાજની હાર.

એક બાજુએ ચારિત્રધર્મરાજને અનુસરનારા રાજાઓનો મોટો સમૂહ પોતાની સાથેના વિલાસ કરતા કરોડો સેનાનીઓના સમૂહ સાથે સર્વનાં શસ્ત્રોની અંદરથી નીકળતાં પ્રકાશનાં જાળાનો વિસ્તાર ફેલાવી ચારે તરફ પ્રસરેલ અંધકારનો નાશ કરી રહ્યો હતો; બીજી બાજુએ દુષ્ટાભિસંધિ વિગેરે મોહરાયના લશ્કરના અનેક પ્રચંડ ભયંકર રાજાઓ પોતાનાં રણશીંગડાઓ અને અવયવોની છાયા અને શરીરની શ્યામ પ્રભાના જોરથી એવો મોટો અંધકારનો પડદો ફેલાવી રહ્યા હતા કે જેથી જ્ઞાનરૂપ જે ઉદ્યોત ચાલ્યો આવતો હતો તે બંધ થઇ જતો હતો. બંને સૈન્યનું યુદ્ધ ઘણું ભયંકર ચાલવા લાગ્યું, એ બીકણ માણસોનાં મનમાં મોટો ભય ઉત્પન્ન કરતું હતું, એમાં અનેક પ્રકારના ચાળા થતા હતા, અનેક પ્રકારનાં વાજિત્રો વાગતાં હતાં, એ વાજિત્રોના અવાજથી સંસારમાં સંચાર કરનાર જીવોનો સમૂહ ત્રાસ પામી જતો હતો અને એ મહા યુદ્ધ જોવા માટે વિદ્યાસિદ્ધો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યાધરો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. એ યુદ્ધમાં મહામોહ રાજાના સેનાનીઓ પોતાના દુશ્મનોને પછાડતા હતા અને પોતાનો જય પોકારતા આગળ વધતા હતા.

તે વખતે

बहुदारुणशस्त्रशतैः प्रहतं;
दलिताखिलवारणवाजिरथम्।
श्रुतभीषणवैरिनिनादभया-
त्तदशेषमकम्पत धर्मबलम्॥

ચારિત્રરાજનું ધર્મસૈન્ય અનેક પ્રકારનાં સેંકડો ભયંકર શસ્ત્રોનો માર ખાઇ ગયું, તેમની હાથી ઘોડા અને રથોની સર્વ ટુકડીઓ દળાઇ ગઇ અને દુશ્મનની ભયંકર ગર્જના સાંભળીને એ આખું લશ્કર ધ્રૂજી ગયું.

પ્રાંતે એ વખતે મહાબળવાન્ ચારિત્રરાજ ઉપર બળવાન્ મહામોહ રાજાએ આ મહા યુદ્ધમાં જીત મેળવી. ચારિત્રરાજના લશ્કરમાં ભંગાણ પડ્યું અને તેઓ ભાગીને પોતાના સ્થાનમાં પેસી ગયા. મહામોહના સેનાનીઓ મોટેથી શોર બકોર કરતા પોતાના દુશ્મનની પછવાડે પડ્યા અને તેની ચારે તરફ ઘેરો નાખી દીધો. આખરે મોહરાજાનું રાજ્ય ચારે તરફ ફેલાયું અને ચારિત્રરાજ ઘેરામાં અંદર સપડાઇ રહ્યા.

જૈનમ્ જયતિ શાસનમ્

[1]પિતાજી! તે વખતે માર્ગાનુસારિતાએ મને કહ્યું "કેમ ભાઇ! કુતૂહળ બરાબર જોયું? હવે તારી જિજ્ઞાસા બરાબર તૃપ્ત થઇ?"

મેં જવાબમાં કહ્યું "અરે હા! માસી! તમારા પ્રસાદથી મારી હોંસ તો બરાબર પૂરી થઇ, હવે મારી એક માગણી છે તે આપ કૃપા કરીને પૂરી પાડો, આ લડાઇનું ખરેખરૂં મૂળ કારણ શું છે તે હજી મારા સમજવામાં આવ્યું નથી તે આપ સ્પષ્ટ કરીને મને જણાવો."

કલહનું મૂળ કારણ.
પ્રાણની મૂળ શુદ્ધિ.
વિચારનું સ્વદેશ પરિવર્તન.

માર્ગાનુસારિતાએ મને જવાબ આપ્યો. "ભાઇ! એ મોટી

1 વિચારકુમાર પોતાના પિતા બુધકુમારને વાર્તા કહેતાં કહે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લડાઇ ચાલતી હતી તે વખતે પેલા રાગકેસરિ[1] રાજા પાસે અનેક બહાદુરીનાં કામો કરીને નિપુણ થઇ ગયેલો મંત્રી[2] જોયો હતો તે તને યાદ હશે. એ મંત્રીએ આ જગતને સાધવાની ઇચ્છાથી અગાઉ પોતાના પાંચ માણસો મોકલી આપ્યા હતા. હવે વાત એમ બની હતી કે ચારિત્રરાજના એક સંતોષ નામના મંત્રીએ તે પાંચે માણસોને રમત માત્રમાં હરાવી દીધા હતા અને તેમને હડાવી પાછા કાઢ્યા હતા, એ વખતે આ બન્ને પક્ષોને જે અરસ્પરસ વિરોધ બંધાયો હતો તેને લઇને અત્યારે આવું મહા ભયંકર યુદ્ધ અંતરંગ રાજાઓમાં થયું. આ બધી અંદરના રાજાઓની અંદર અંદરની ખટપટનું પરિણામ છે."

અંદરની ખટપટ.

વિચાર કહે છે કે પિતાજી! મેં ત્યાર પછી માર્ગાનુસારિતાને પૂછ્યું "એ પાંચ મનુષ્યોની તમે વાત કરી તેનાં નામો શાં છે? અને પાંચે આ જગતને કેવી રીતે સાધે છે તે તો મને સમજાવો."

માસીએ મને જવાબ આપતાં જણાવ્યું "દીકરા વિચાર! એ પાંચેનાં નામ અનુક્રમે સ્પર્શ, રસના, ઘ્રાણ, દૃષ્ટિ અને શ્રોત્ર એમ કહેવાય છે. એ સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ પ્રથમ તો પ્રાણીના મનને પોતાની તરફ ખેંચે છે અને પછી તે દ્વારા ત્રણે જગતને સાધી લે છે. તને આ પાંચેની શક્તિની કેટલી વાત કહું! એ પાંચમાંનો દરેક દરેક એટલો બળવાન છે કે તે એકલો જ આખા જગતને વશ કરી શકે, સાધી શકે, કબજે કરી શકે, એટલી તેનામાં તાકાત છે. હવે જ્યારે એ પાંચે એકઠા થાય ત્યારે તેઓ જગતને સાધે તેમાં નવાઇ જેવું શું છે?"

પાંચેની શક્તિ.

પછી મેં મારી માસીને કહ્યું "માજી! હવે દેશ જોવાનું મારૂં કૌતુક પૂર્ણ થયું. તમારી કૃપાથી મેં થોડા વખતમાં બહુ જોઇ લીધું. હવે હું મારા પૂજ્ય પિતાજીની પાસે પાછો જઇશ."

માર્ગાનુસારિતા માસીએ મને કહ્યું "ભાઇ! આ લોકોની ચેષ્ટા તેં જોઇ છે. હવે હું પણ તારી પછવાડે ત્યાં આવું છું."

---

૧ મહામોહના આ પુત્રનું વર્ણન અગાઉ આવી ગયું, જુઓ પ્ર. ૩. પ્ર. ૪. તથા પ્ર. ૪. પ્ર. ૧૩.

૨ રાગકેસરિના આ મંત્રીનું નામ વિષયાભિલાષ છે, જુઓ પ્ર. ૩. પ્ર. ૪ સંતોષ સંબંધી હકીકત પણ ઉપર આવી ગઇ, જુઓ સદર પ્રકરણ તથા પ્ર. ૪. પ્ર. ૩૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ઘ્રાણ સાથે વર્તના.
### ( બુધનો તત્સંબંધી નિર્ણય. )

પિતાજી! આ પ્રમાણે બધી બાબતોનો નિર્ણય કરીને હું તુરત અહીં આવ્યો. હવે મારે આપને કહેવાની હકીકત એ છે કે આ ઘ્રાણ નામનો જે તમારો દોસ્તદાર થયો છે તે બીલકુલ સારો નથી, એ તો ભોળા માણસોને છેતરનારો છે અને મનુષ્યોને હેરાન કરનારો અને સંસારમાં રખડાવનારો છે. રાગકેસરિએ મનુષ્યોને હેરાન કરવા જે પાંચ માણસો મોકલી આપ્યા છે તેમાંનો તે ત્રીજો માણસ છે.[1]

*   *   *   *   *
*   *   *   *   *

વિચારકુમાર પોતાના પિતા બુધકુમાર પાસે આ હકીકત નિવેદન કરતો હતો તેવામાં તો માર્ગાનુસારિતા ત્યાં આવી ચઢી[2] અને વિચારકુમારે જે હકીકત કહી હતી અને તે પછી ઘ્રાણ સાથે કેવા પ્રકારનો સંબંધ રાખવો તે બાબતમાં જે હકીકત અને અભિપ્રાય બતાવ્યો હતો તે સર્વ બાબતનું તેણે સમર્થન કરી, વિચારની વાતને પોતાનો ટેકો આપ્યો, એને પરિણામે ઘ્રાણનો ત્યાગ કરવા સંબંધમાં બુધના મનમાં પાકો નિર્ણય થયો.

### ઘ્રાણ સાથે વર્તના.
### ( મંદનો તત્સંબંધે પ્રાણત્યાગ. )

હવે બીજી બાજુએ પેલો મન્દકુમાર ભુજંગતાની સોબતમાં પડી જઇને ઘ્રાણ મિત્રની લાલનાપાલના કરવામાં આખો વખત તૈયાર રહેતો હતો અને તેટલા સારૂ સારાં સારાં સુગંધી દ્રવ્યો મેળવવાની બાબતમાં હમેશાં પ્રયત્ન કરી રહ્યો હતો, પોતાના મિત્રને રાજી કરવા સારૂ અનેક કષ્ટ સહન કરીને પણ સુગંધી લેવાનો પ્રસંગ કદિ છોડતો ન હોતો. હવે હકીકત એમ બની કે એ જ ધરાતળ નગરમાં એક દેવરાજ નામનો રાજા હતો, તેને લીલાવતી નામની સ્ત્રી હતી.

---

૧ આ પ્રકરણની શરૂઆતમાં **ઘ્રાણની** ઉત્પત્તિ સંબંધી જે વાર્તા **વિચાર**-કુમારે પોતાના પિતા( બુધ )ને કહેવા માંડી હતી તે અત્ર પૂર્ણ થઇ. આ આખી વાર્તા **ધવળ**રાજ સન્મુખ મહાત્મા મુનિએ કહેવા માંડી છે તે હજુ ચાલુ છે. તેની શરૂઆત પ્રકરણ ૧૭ થી થઇ છે.

૨ વિચાર પછી માર્ગપર ચઢાય છે-એ વિકાસક્રમ છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

એ [1]લીલાવતી મંદકુમારની બહેન થતી હતી. હવે મન્દકુમાર એક દિવસ પોતાની બહેનને ઘેર ગયો. સંયોગ એવો થયો કે જે વખતે મન્દકુમાર પોતાની બહેનને ઘેર ગયો તે અવસરમાં તેના ગયા પહેલાં એ લીલાવતીએ પોતાની શોકના દીકરાને મારી નાખવા માટે એક ઘણા હલકા માણસ પાસે ગંધનો સંયોગ એકઠો કરાવ્યો અને તેની એક પડી તૈયાર કરી બાહ્યથી સુગંધી લાગતી તે વિષમય પુડી (પડિકુ) એવી તૈયાર કરી હતી કે તેને સુંઘતાં જ સુંઘનારનું મરણ થાય. હવે લીલાવતીએ અવસર જોઇને તેનો ઉપયોગ કરવા સારૂ એ પડિકાને પોતાના ઘરના બારણા આગળ મૂકી રાખ્યું. તેની ગણતરી એવી હતી કે શોકનો છોકરો આવીને તરત જ તે સુંઘશે એટલે એનું કામ પતી જશે. સુગંધી દ્રવ્યના પડિકાને બારણા આગળ ગોઠવીને તે ઘરમાં ગઇ, ત્યાર પછી થોડી જ વારમાં મન્દકુમાર ત્યાં આવી ચઢ્યો અને ઘરમાં દાખલ થતાં પેલું પડિકું તેણે જોયું. તે જ વખતે ભુજંગતાએ અંદરથી હુકમ કર્યો એટલે ભાઇસાહેબે એ પડિકું છોડ્યું અને ઘ્રાણને એ ગંધ અર્પણ કર્યો. ઘ્રાણે જેવું તે પડિકું સુંઘ્યું કે તુરત જ તેના આખા શરીરમાં મૂર્છા વ્યાપી ગઇ અને તે જ ક્ષણે તે જ વખતે મંદકુમાર જમીનપર પડી ગયો અને મરણ પામ્યો.[2]

ઘ્રાણની આસક્તિમાં લપટાયલા મન્દકુમારના આવા હાલહવાલ થયેલા જાણીને બુધકુમાર તેના સંબંધમાં વધારે વિરક્ત થયો.

### બુધ દીક્ષા.

પછી બુધકુમારે પોતાની સાળી માર્ગાનુસારિતાને પૂછ્યું "ભદ્રે! મને આ ઘ્રાણથી તો હવે ઘણો કંટાળો આવ્યો છે. હવે મારો એની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ ન થાય અને એ મારાથી દૂર જ રહે એવો કોઇ ઉપાય બતાવો."

માર્ગાનુસારિતાએ જવાબમાં કહ્યું "દેવ! પેલી ભુજંગતાનો ત્યાગ કરીને તમે સદાચારપરાયણ થઇ જાઓ અને સાધુઓના સમુદાયમાં રહો. એવી રીતે તમે સદાચાર સેવશો અને સાધુઓની વચ્ચે રહેશો એટલે એ ઘ્રાણ તમારી પાસે હશે તો પણ તમને કોઇ

---

૧ આ લીલાવતીનું પાત્ર નવું છે. મંદની બહેન હોવાથી અધમ પ્રકૃતિની હોય તે બનવા જોગ છે.

૨ શોકના પુત્રને મારવાની ઇચ્છાવાળી લીલાવતીએ પોતાના ભાઇનો ઘાત કર્યો તે વિચારવા યોગ્ય છે. અંતે નફટાઇ કરનાર પોતે જ ખાડામાં ઉતરે છે. આવા પ્રસંગ વ્યવહારમાં ઘણા બનતા જોવામાં આવે છે.

જૈન સાઇટ JAINSITE જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના દોષો લગાડી શકશે નહિ, એની છાયા તમારી પર જરાએ પડશે નહિ અને એમ કરતાં કરતાં ધીમે ધીમે તેનો સર્વથા ત્યાગ થઇ જશે."

માર્ગાનુસારિતાએ કહ્યું તે પ્રમાણે કરવું પોતાના આત્માને હિતકારી લાગવાથી બુધકુમારે તે પ્રમાણે કરવાનો નિર્ણય કર્યો અને તે વખતે એક સદ્ગુરૂનો યોગ પણ થઇ ગયો એટલે તેણે તે પ્રમાણે કરી દીધું; અર્થાત્ તેજ પ્રસંગે બુધકુમારે ગુરૂમહારાજ પાસે દીક્ષા લીધી અને પોતે સુંદર આચાર પાળવામાં તત્પર થઇ ગયા. ધીમે ધીમે આગમમાં બતાવેલ શુદ્ધ ભાવો એના જાણવામાં આવ્યા અને એ ગુરૂમહારાજની સેવામાં વધારે તત્પર થતો ગયો એટલે આચાર્ય મહારાજે એને પોતાનો ગચ્છ ચલાવવા સૂરિપદયોગ્ય પાત્ર જાણી લીધો અને તેનામાં કેટલીક લબ્ધિશક્તિઓ પણ ઉત્પન્ન થઇ. આખરે ગુરૂ મહારાજે એને સૂરિપદે-આચાર્યના સ્થાનપર-સ્થાપન કર્યો.

*　*　*　*
*　*　*

[1]બુધસૂરિ પોતાની હકીકત આગળ કહેતા ધવળરાજને કહે છે કે "હે રાજન્! તમને પ્રતિબોધ કરવા સારૂ એ બુધસૂરિ પોતાના ગચ્છને એક સ્થળે મૂકીને કોઇ પણ શિષ્યને સાથે લીધા સિવાય એકલા અહીં આવેલ છે. જે માણસ તમારી પાસે આ હકીકત કહે છે અને તમારા જેવા જે હકીકત સાંભળે છે તે કહેનાર બુધનામનો માણસ તે હું પોતે જ છું."

બુધચરિત્ર સંપૂર્ણ.

૧ આ ચરિત્ર પ્રકરણ ૧૭. પૃ. ૧૨૮૮૪ થી શરૂ થાય છે. આખી વાર્તા સંસારીજીવ સદાગમ સમક્ષ કહે છે તે લક્ષ્યમાં રાખવું. એ સંસારીજીવ અત્યારે વામદેવ છે અને બુધસૂરિ પોતાનું વૃત્તાંત ધવળરાજ અને વિમળકુમારને કહે છે તે વખતે તે પણ હાજર છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રકરણ ૨૦ મું.

## વિમળા દીક્ષા.

ધવળરાજના પૂછવાથી બુધસૂરિએ છેલ્લા ત્રણ પ્રકરણમાં વર્ણવ્યું તે ચરિત્ર ખાસ લાભનો હેતુ લક્ષ્યમાં રાખી અન્યપર ઉપકાર કરવા સારૂ સંભળાવ્યું, એમાં ઘ્રાણની ઉત્પત્તિ, ચારિત્રરાજની હાર, મંદની મૂર્ખાઈ, વિચારની અનેકદેશીયતા, બુધનું સારગ્રહણ, વિગેરે અનેક બાબતો મુદ્દાસર જણાવી અને છેવટે પોતાની ઓળખાણ આપી તે વાતનું રહસ્ય જણાવતાં તેઓશ્રીએ સંભાષણ આગળ ચલાવ્યું:-

* * *

**ઉપનય હકીકતનું સાદૃશ્ય.**
**મહામોહાદિનો સખ્ત સપાટો.**
**ભય વગરનું એક જ સ્થાન.**

બુધસૂરિ—"રાજન્! મારૂં આખું ચરિત્ર તમારી પાસે કહેવામાં આવ્યું તે સાથે મારા બોધનું કારણ પણ તમોને દર્શાવ્યું. જે હકીકત મારા સંબંધમાં બની છે તેને મળતી હકીકત તમારા સર્વના સંબંધમાં લગભગ સરખી જ બને છે એમ તમારે સમજવું. એનું કારણ એમ છે કે આ ત્રણે લોકમાં મનુષ્યો અહીં તહીં વિચરે છે, હરે ફરે છે અને તેની પછવાડે મહામોહ વિગેરે શત્રુઓ તેને હેરાન કરવા સારૂ દોડતા ફરે છે. એ મહામોહ અને તેના તાબાના સર્વ સેનાનીઓ ઘણા ભયંકર છે, બહુ આકરા છે અને તેથી જે જે પ્રાણી એના સપાટામાં આવે છે તેના તેઓ કકડે કકડા કરી નાખે છે અને એક ક્ષણવારમાં એ પ્રાણીને તદ્દન ઉથલાવી નાખે છે, ચુંટી નાખે છે, ફેંકી નાખે છે. એવી રીતે મોહરાય અને તેના સેનાનીઓ પ્રાણીઓને

JAINSITE.com જૈન સાઈટ જયતુ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુંઝવી રહેલા છે, તેના નિવારણ માટે આ જૈન શાસનરૂપ સ્થાન જ ઘણું સારૂં છે, ભયવગરનું છે અને હેરાનગતિનો સર્વથા અભાવ કરાવી શકે તેવું છે. જે પ્રાણીઓ આ તત્ત્વરહસ્ય સમજ્યા હોય, જેઓ એ ભયથી ત્રાસ પામ્યા હોય અને જેઓ તેનાથી મુક્ત થવા ઇચ્છતા હોય તેઓએ આ નિર્ભય સ્થાનમાં પ્રવેશ કરવો સારો છે અને હે રાજન્! એમ કરવામાં એક ક્ષણવાર પણ ઢીલ કરવી યુક્ત નથી; તેથી કાળકૂટ જેવા ભયંકર ઇંદ્રિયના વિષયોને છોડી દો અને આ દિવ્ય પ્રશમ સુખરૂપ અમૃતનું પૂરેપૂરૂં પાન કરો."

### ધવળરાજનો શુભ આશય.
### પ્રતાપથી પરિવારનો વિકાસ.
### રાજાના મત સાથે સર્વ સંમત.

ઉપર પ્રમાણે હકીકત કહી રહસ્ય સમજાવી બુધસૂરિ મૌન રહ્યા એટલે ધવળરાજે આશયપૂર્વક વિમળકુમાર સામું જોયું અને પોતે સહજ મ્હોં મલકાવ્યું, વળી તે જ વખતે ચોક્કસ આશયપૂર્વક સર્વ સભાજનો તરફ પણ નજર કરી. ચો તરફ નજર નાખ્યા પછી તેણે (ધવળરાજે) બોલવા માંડ્યું: "અરે લોકો! મહાત્મા બુધ ભગવાને આપણને સર્વને ઉપદેશ આપ્યો તે તમે સર્વએ સાંભળ્યો છે? તમારાં સર્વનાં ચિત્તમાં તે ઉપદેશ લાગ્યો છે? તેમનું વચન તમારાં મન ઉપર ચોટ્યું છે?"

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એ વખતે કમળનો આખો સમૂહ જેમ સૂર્યના પ્રતાપથી (આકરા તાપથી) વિકાસ પામે તે પ્રમાણે બુધસૂરિ રૂપ સૂર્યના પ્રતાપ (તેજ)થી સર્વ પરિવાર વિકાસ પામ્યો અને તેઓનાં મુખપર આનંદ છવાઇ રહ્યો, તેઓએ ભક્તિથી હાથ જોડ્યા અને કપાળ સુધી તેને લઇ આવી મસ્તક નમાવીને સર્વ લોકો એક સાથે નીચે પ્રમાણે જવાબ આપવા લાગ્યા—"દેવ! અમે આ મહાત્માનાં વચન બહુ સારી રીતે ધ્યાન આપીને સાંભળ્યાં અને આપ મહા ભાગ્યવાનના પ્રસાદથી તે વચનોમાં રહેલો સુંદર ભાવ અમે જાણ્યો પણ ખરો; અમારાં મન અત્યાર સુધી અજ્ઞાનરૂપ અંધકારથી છવાઇ રહેલાં હતાં તેને આ મહાત્માએ અંધકાર દૂર કરીને પ્રકાશમાન કર્યાં અને અમે સર્વે મિથ્યાત્વના ઝેરથી ઝોલાં ખાતાં હતાં તે સર્વના ઉપર અમૃતસિંચન કરીને અમને સર્વેને જીવતર આપ્યું. ઉપકારી મહાત્માએ જે વચન કહ્યાં તે અમને સર્વેને બરાબર પરિણામ પામ્યાં છે, અમારે ગળે એ સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત બરાબર ઉતરી છે, તેથી હવે મહારાજ! તત્સંબંધે એમણે જે આદેશ ફરમાવ્યો છે તે સંબંધમાં જરા પણ વિલંબ ન કરશો."

### રાજ્યચિંતા અને વિમળ.
### નિર્વાણને અંગે પિતૃધર્મ.
### વિમળનો પિતાસાથે સહચાર.

આખી પરિષદ્ તરફથી જ્યારે ધવળરાજને આવો સુંદર જવાબ મળ્યો ત્યારે તે મનમાં બહુ આનંદ પામ્યા. રાજાના મનમાં શું હતું તે સભાજનો સમજતા હતા અને સભાજનોનો જવાબ શો હતો તેનો આશય રાજા સમજતા હતા. જ્યારે મનના આશયને તુરત અમલમાં મૂકવાનો આંતર આશય સર્વેનો જણાતો હતો ત્યારે તે બાબતનો અમલ કરવા સારૂ પ્રથમ રાજ્ય ઉપર કોઇની સ્થાપના અવશ્ય કરવી જોઇએ, રાજ્યને માટે વ્યવસ્થા કરવી જોઇએ અને રાજ્યચિંતાનો ભાર કોઇના માથાપર મૂકવો જોઇએ. રાજાનું મન સ્વાભાવિક રીતે વિમળકુમારને રાજ્યગાદી આપવાનું જ થાય તેથી રાજાએ તેને ઉદ્દેશીને કહ્યું "પુત્ર! હું તો હવે દીક્ષા લઇશ, તું રાજ્યને બરાબર જાળવ. મારા મોટા પુણ્યના ઉદયથી આ મહાત્મા ગુરૂનો મને આજે યોગ મળ્યો છે."

રાજાએ જ્યારે આવી રીતે રાજ્યત્યાગ અને પુત્રરાજ્યાભિષેકની વાર્તા કરી ત્યારે વિમળકુમારે તેને જવાબ આપતાં કહ્યું "અરે પિતાજી! આ દુઃખથી ભરેલા રાજ્યપર આપ મને સ્થાપવા ઇચ્છા રાખો છો તે ઉપરથી મને એમ લાગે છે કે આપનું મારાપર હેત નથી, આપનો મારાપર ચાહ નથી, આપના ચિત્તનો મારાપર ખરો પ્રેમ નથી. અરે પિતાજી! આપ તો સંસારથી નિર્વાણ તરફ જાઓ છો અને મને દુઃખથી ભરેલા સંસારમાં ફેંકી જાઓ છો! એ તો આપે ઘણી સારી વાત કરી!"

વિમળકુમારનાં આવાં વચન સાંભળીને ધવળરાજ ઘણા રાજી થયા અને જવાબમાં તત્ત્વદર્શી પિતાએ કહ્યું કે "પુત્ર! તારા વિચાર સુંદર છે અને તેં અવસરને યોગ્ય બહુ સારૂં કહ્યું છે. તારી એવી ઇચ્છા છે તો તને પણ અહીં છોડી જઇશ નહિ."

### રાજ્યાસને કમળ.
### અષ્ટાન્હિકા મહોત્સવ.
### દીક્ષાદિ રત્નની પ્રાપ્તિ.

પછી ધવળરાજે કમળ નામનો બીજો પુત્ર હતો તેને રાજગાદીએ બેસાડ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી આઠ દિવસ સુધી ઘણા આડંબરથી જિનપૂજા કરી, મોટા પાયા ઉપર અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, આખા દેશમાં અને નગરમાં અનેક દીન, દુઃખી અને યાચકને વિધિપૂર્વક પુષ્કળ દાન આપ્યું, અનેક વસ્તુઓનાં દાન આપ્યાં, અભયદાન આપ્યું, આખા નગરમાં મોટો ઉત્સવ કરાવ્યો અને તે અવસરઉચિત પોતાનાં સર્વ કર્તવ્યો કરી લીધાં. પછી શુભ દિવસે શુભ અવસરે આઠમે દિવસે પોતે, પોતાની રાણી, વિમળકુમાર, પોતાનો બંધુવર્ગ અને અનેક નગરજનોસહિત બુધસૂરિ મહારાજા પાસે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરવા બહાર નીકળ્યા. વિશેષ શું કહેવું? તે દિવસે બુધસૂરિપાસે જે જે લોકોએ તે અમૃતમય ઉપદેશ સાંભળ્યો હતો તેમાંના બહુ જ થોડા દીક્ષા લીધા વિના રહ્યા, ઘણાખરાએ રાજા સાથે ચારિત્ર ગ્રહણ કર્યું, જેઓ ઘરે રહ્યા તેમણે પણ સમ્યક્ત્વસહિત દેશવિરતિ વ્રત તો લીધું, બાર વ્રતોથી વિભૂષિત થયા. એ તો ખરૂં જ છે કે જેઓ રત્નની ખાણને પ્રાપ્ત કરે તેને પછી દારિદ્ર શેનું રહે? શામાટે રહે?

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૨૧ મું.

## વામદેવની નાસભાગ.

મહાત્મા બુધસૂરિએ ધવળરાજના આગ્રહથી પોતાનું ચરિત્ર કહ્યું. ધવળરાજ, વિમળ અને સર્વ પરિવાર તેનું વસ્તુસ્વરૂપ સમજ્યા અને દીક્ષા લેવા બહાર પડ્યા. આ સર્વ વાર્તા વામદેવની સમક્ષ બની હતી. બુધસૂરિના ઉપદેશ દરમિયાન તે હાજર હતો. એ સંસારીજીવ—આપણો કથાનાયક છે અને પોતાનું ચરિત્ર સદાગમ સમક્ષ ભવ્યપુરૂષની હાજરીમાં કહે છે, અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળા સામે બેઠા છે. પોતાની હકીકત આગળ ચલાવતાં સંસારીજીવે (વામદેવે) કહેવાનું ચાલું રાખ્યું:—



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

દીક્ષાના ભયથી ગભરાયો.
મિત્રના પ્રેમસૌજન્યને વિસાર્યા.
ગુરૂવિષે કુતર્કો કર્યા.
અને નગર મૂકી નાસી છૂટ્યો.

અગૃહીતસંકેતા ! હું તો આખી હકીકત બની તે દરમિયાન વામદેવ તરીકે બેઠો જ રહ્યો અને એ આચાર્ય મહારાજની રૂપ બદલવાની શક્તિ જોઇને, હકીકત જણાવવાની અને ખીલવવાની કુશળતા જોઇને, વાતને રૂપક આપવાની શક્તિ જોઇને, તેમજ મહામોહના અંધકારને દૂર કરે તેવાં વચન સાંભળીને પણ જરાએ પ્રતિબોધ પામ્યો નહિ, મારા મન ઉપર તેની જરાએ અસર થઇ નહિ અને મને એ વાત જરાએ બેઠી પણ નહિ. એમ થવાનું કારણ તને કહું છું તે તું સાંભળ: તને યાદ હશે કે હું જન્મ્યો ત્યારથી મારી સાથે [1]બહુલિકા (માયા) નામની એક બહેન થઇ હતી; તને વળી યાદ હશે કે એ મારી બહેન યોગનો માર્ગ જાણતી હતી અને મરજી આવે ત્યારે મારા શરીરમાં પ્રવેશ કરીને મારા ઉપર આધિપત્ય (સત્તા) મેળવતી હતી. હું જ્યારે બુધસૂરિ પાસે આવ્યો ત્યારે તે મારા શરીરમાં જ હતી અને પૂર્ણ જોસથી ઉછળી રહી હતી.

*માયાનેયોગે અસદારોપ.*

અને હે અગૃહીતસંકેતા ! આવા આચાર્ય કે જે મહાત્મા હતા, અત્યંત દયાળુ હતા, પરોપકારી હતા, સર્વ બાબતમાં કુશળ હતા, મહાભાગ્યવાન્ પ્રતાપી હતા, તેવા વિશુદ્ધ જીવનવાળા મહાપુરૂષને મેં એ બહુલિકાની શીખવણીથી દુષ્ટાત્મા બનીને તે વખતે એક મોટા ધૂતારા માન્યા. મેં તો એમ જ માન્યું કે એ સાધુના વેશમાં કોઇ ખરેખરો પાખંડી આવેલો છે અને કોઇ ઇંદ્રજાળ જેવી રચના કરીને લોકોને ખોટી ચતુરાઇ બતાવી સર્વેને સારી રીતે છેતરનારો છે. હું વળી વિચારતો હતો કે અહો ! આની ઠગવિદ્યા તો જુઓ ! એણે કેવી મોટી યુક્તિબંધ જાળ પાથરી છે ! એનું વાચાળપણું પણ કેવું જબરૂં છે ! અરે આનાથી છેતરાઇ ગયેલા રાજા વિગેરે મૂરખા છે, અક્કલ વગરના છે, ભોળા છે ! અગૃહીતસંકેતા ! વાત એમ છે કે જે પ્રાણી એ બહુલિકાને વશ પડેલા હોય છે તેઓ જાતે દુરાત્મા (અધમ) હોઇ આખી દુનિયાને ધૂતારી માને છે; જેની આંખમાં કમળો થયેલ

*મહાત્માને ધૂતારા માન્યા.*

---

[1] જુઓ પ્ર. ૫. પ્ર. ૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તે સર્વત્ર પીળું દેખે છે, તેમ જેઓ લુચ્ચા અને માયાવી હોય છે તેઓ અન્યને પણ પોતાની જેવા જ માને છે. મેં પણ અનેક પ્રકારની સાચી ખોટી કલ્પના કરી, બુધાચાર્યને ધૂતારા લુચ્ચા છેતરનારા માન્યા અને એવી ખોટી કલ્પનાને પરિણામે એમનાં વિશુદ્ધ વચનની મારાપર જરાએ અસર ન થઇ અને હું જરા પણ પ્રતિબોધ ન પામ્યો.

આચાર્ય મહારાજ જ્યારે દેશના આપતા હતા અને પોતાનું ચરિત્ર કહેતા હતા ત્યારે ઉપરની સર્વ હકીકતનો બની; મતલબ, એ સર્વ વિચારો મને તેમના ઉપદેશના અવસરે આવી ગયા. હવે નગરમાં મહોત્સવ થઇ રહેવા આવ્યો અને રાજાને દીક્ષા લેવાનો અવસર તદ્દન નજીક આવ્યો તે વખતે મેં પાપીએ વિચાર કર્યો કે મારો મિત્ર વિમળ મને આગ્રહ કરીને જરૂર દીક્ષા અપાવશે, માટે એ મને દબાણ કરે કે આગ્રહ કરે તે પહેલાં જ તેને છેતરીને અહીંથી છટકી જઉં. જો અહીં રહ્યો તો જરૂર મનથી નહિ તો તેની ખાતર પણ દીક્ષા લેવી પડશે-આવો વિચાર કરીને મુઠ્ઠી વાળીને હું તો ત્યાંથી નાઠો અને એટલે દૂર ભાગી ગયો કે જ્યાંથી એ લોકોને મારું નામનિશાન પણ માલૂમ ન પડે, મને શોધવા માણસો મોકલે તો તેમને પણ મારો પત્તો ન મળે. એટલા દૂર પ્રદેશમાં ગયા પછી મારા જીવમાં જીવ આવ્યો, મને નિરાત વળી અને મેં છૂટકારાનો દમ ખેંચ્યો.

નાસી જ્વાની સંકળના.

### વામદેવ સંબંધી વિગતવાર પૃચ્છા.
### બાહુલિકા સ્તેય મુક્તિ ઉપાય વિચારણા.
### અયોગ્યતાને લઇને અવધીરણાનો ઉપદેશ.

હવે દીક્ષા લેવાનો દિવસ જ્યારે આવી પહોંચ્યો ત્યારે વિમળકુમારે મારે (વામદેવ) માટે ઘણી તપાસ કરાવી, ચો તરફ માણસો મોકલ્યા અને મારો પત્તો મેળવવા પ્રયાસ કર્યો પણ આખરે જ્યારે તેને મારા સંબંધી કાંઇ જ સમાચાર મળી શક્યા નહિ ત્યારે તે મારો મિત્ર હોવાથી તેમાં મનમાં મારે માટે ચિંતા થઇ અને આખરે તેણે બુધાચાર્યને પૂછ્યું કે "સાહેબ! વામદેવ ક્યાં ગયો છે? અને શું કારણ વિચારીને ગયો છે? તે અહીં જણાતો નથી તો તેનું શું થયું છે?" ગુરૂમહારાજે પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકીને મારૂં આખું ચરિત્ર જાણી લીધું[1] અને પછી તે સર્વ હકીકત તેમણે વિમળકુમારને કહી

સજ્જનની સહૃદયતા.

1 શ્રુત જ્ઞાનનો બરાબર ઉપયોગ મૂકે તો કેવળી જેવી રીતે ભાવો દેખીને કહે છે તેવા જ ભાવો શ્રુતજ્ઞાની અનુમાનથી કહી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બતાવી. વિમળે હું શામાટે નાસી ગયો હતો તે હકીકત જાણ્યા પછી ગુરૂમહારાજને પૂછ્યું "સાહેબ! આપની આવી અમૃતધારા જેવી દેશના સાંભળ્યા છતાં મારો એ મિત્ર વામદેવ આવા પ્રકારની ચેષ્ટા કરે છે, આપનાં વાક્ય ઉપર પ્રતીતિ લાવતો નથી અને હજુ પણ રખડ્યા કરે છે ત્યારે શું તે ભવ્ય[1] જીવ નથી?"

ગુરૂમહારાજે આ પ્રશ્નનો જવાબ આપતાં વિમળકુમારને કહ્યું

જ્ઞાનીનો ખુલાસો.

"કુમાર! એ વામદેવ અભવ્ય તો નથી, પણ અત્યારે એ આવા પ્રકારનું વર્તન કરે છે તેનું ખાસ કારણ છે તે તને કહી સંભળાવું છું: એને એક બહુલિકા નામની અંતરંગ બહેન છે, તે મહા ભયંકર જોગણી છે, અંદર રહીને કારસ્થાન કરનારી છે અને વામદેવને તેના ઉપર ઘણો જ સ્નેહ છે. વળી એને એક સ્તેય નામનો અંતરંગ ભાઇ છે તેના ઉપર પણ એનો ઘણો રાગ છે. એ વામદેવ ઉપર એ માયા અને સ્તેયનું ઘણું જોર ચાલે છે. તે બન્નેની અસરતળે એણે અત્યારે આવા પ્રકારનું વર્તન કર્યું છે. અગાઉ પણ એ બન્નેની અસરતળે જ એણે રત્નવિગેરેની ચોરી કરી હતી. એ વામદેવના ઘણા વિચિત્ર વર્તનનું કારણ એકંદરે તે અંતરંગ ભાઇ બહેનો (માયા અને સ્તેય) જ છે. આવા પ્રકારનું એ વર્તન કરે છે તેમાં એનો કાંઇ ખાસ દોષ નથી, એનું અત્યારે ચાલતું જ નથી, બાકી પ્રકૃતિથી[2] તો એ ઘણો સુંદર છે, અત્યારે તે જે જે દોષો કરે છે તેનું કારણ તેનો બહલિકા (માયા) અને સ્તેય (ચોરી) સાથેનો સંબંધ જ છે."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ગુરૂમહારાજનો આવો જવાબ સાંભળીને વિમળકુમારે એક ઘણો સૂચક સવાલ કર્યો "ગુરૂમહારાજ! ત્યારે એ બાપડો તે અંતરંગ દુષ્ટ ભાઇ બહેનથી કોઇ દિવસ છૂટશે ખરો કે નહિ? તે પણ આપ મને જણાવો."

ગુરૂમહારાજે અત્યંત ગંભીરતાથી જવાબ આપતાં કહ્યું "વિમળ!

છૂટકારાનો ઉપાય.

ઘણા લાંબા કાળ પછી એ બન્ને ભાઇ બહેનથી એનો છૂટકારો થશે, તેનું કારણ કહું છું તે લક્ષ્યમાં લઇ લેજે અને એનો છૂટકારો કેવી રીતે થશે તે પણ તું સમજી રાખજે.

---

૧ ભવ્યઃ યોગ્ય સામગ્રીના સદ્ભાવે મોક્ષ જવા યોગ્ય જીવ.

૨ મૂળ દૃષ્ટિએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વિશદમાનસ નામના નગરમાં એક **શુભાભિસન્ધિ**[1] નામનો રાજા છે, તેને અત્યંત નિર્મળ આચારવાળી બે ભાર્યાઓ છે, તેઓનાં નામ અનુક્રમે શુદ્ધતા અને પાપભીરૂતા છે. એ શુદ્ધતા ભાર્યાથી સદરહુ રાજાને ઋજુતા નામની દીકરી થયેલી છે અને પાપભીરૂતા ભાર્યાથી અચૌર્યતા નામની દીકરી થયેલી છે. એ બન્ને કન્યાઓ ઘણી સારી છે, ભલી છે, સુંદર છે. એમાંની જે ઋજુતા નામની કન્યા છે તે અત્યંત સરળ છે, સાધુજીવન ગાળનારી છે, સર્વ લોકને સુખ આપનારી છે અને તમારા જેવા પુરૂષોને સારી રીતે જાણીતી છે. એ રાજાની બીજી [2]અચૌર્યતા નામની દીકરી છે તે પણ કોઇ પણ પ્રકારની સ્પૃહા વગરની છે, શિષ્ટ પુરૂષોને ઘણી વહાલી છે અને સર્વ પ્રકારે ઘણી સુંદર છે. એ અચૌર્યતા રાજકન્યાની પણ તમારા જેવાને તો સારી રીતે પ્રતીતિ થયેલી છે. જ્યારે તારો મિત્ર (વામદેવ) એ બન્ને ભાગ્યશાળી કન્યાને પરણશે ત્યારે સ્તેય અને બહુલિકા તેના ઉપર કોઇ પણ પ્રકારનું જોર ચલાવી શકશે નહિ. એનું કારણ એ છે કે એ ઋજુતા અને અચૌર્યતા બહુલિકા અને સ્તેયના વિરોધી છે, તેથી બન્ને એક બીજાની સાથે રહી શકતા નથી, ઋજુતા હોય એટલે બહુલિકાને ચાલી જવું પડે છે અને અચૌર્યતા હોય એટલે સ્તેયને ચાલી જવું પડે છે, માટે જ્યારે એ ઋજુતા અને અચૌર્યતાનો એને લાભ થશે ત્યારે તે બહુલિકા અને સ્તેયથી છૂટકારો પામશે. અત્યારે વામદેવની ધર્મપ્રાપ્તિને માટે જરા પણ યોગ્યતા નથી, તેથી હાલ તો તેની ઉપેક્ષા કરવી, તેને માટે બેદરકારી રાખવી અને તેને જવા દેવો એ જ યોગ્ય છે. અત્યારે એને માટે પ્રયાસ કરવો તદ્દન નકામો છે, કારણ કે પેલી બહુલિકા અને સ્તેય તેને ધર્મસન્મુખ થવા દે એમ નથી."

મુનિમહારાજના આવાં વચન સાંભળીને મારા મિત્ર મહાત્મા વિમળકુમારે પોતાના મનમાં મારા સંબંધી તે જ પ્રમાણે નિર્ણય કરી દીધો અને મારી ઉપેક્ષા કરી મારા સંબંધી વિચાર પણ છોડી [3]દીધો.

---

૧ **શુભાભિસન્ધિ**–એટલે સારી બાબત સાથે જોડનાર–પુણ્ય. દુષ્ટાભિલાષથી વિપરીત. એની **શુદ્ધતા**–પવિત્રતા સ્ત્રીથી ઋજુતા–સરળતા દીકરી થાય, કારણ શુભ સંયોગ અને વસ્તુશુદ્ધતા સરળતાને જ જન્મ આપે અને ત્યાં સરળતા હોય તો કારસ્થાન, ગોટાળા કે કપટને સ્થાન રહેતું જ નથી.

૨ **પાપભીરૂતાથી અચૌર્યતા** એટલે ચોરી નહિ કરવી એવો ભાવ જન્મે એ પણ શુભ સંયોગનું પરિણામ જ છે.

૩ ત્યાર પછી **વિમળકુમાર** અને **ધવળરાજે** દીક્ષા લીધી અને તેની પાલના કરી આત્મોદ્ધાર કર્યો તે હકીકત ઉપરથી સમજી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૨ મું.

## વામદેવના હાલહવાલ.

હું મહા પ્રપંચ કરી વિમળથી છૂટો પડી ગયો, મારૂં જન્મનું નગર છોડી દીધું, મારા મિત્રનો અપૂર્વ સ્નેહ વિસારી દીધો, મારી સંસારવૃત્તિને વિસારી ચૂકયો અને સરળતા કે સૌજન્યના બદલામાં લુચ્ચાઇ અને તરકટને સ્થાન આપ્યાં અને મારી જાતને નસીબદાર માનતો હું બરાબર વખતે ખસી ગયો.

**ચોરી અને માયાનું વામદેવપર પ્રાબલ્ય.**
**સરળ શેઠપર તેણે કરેલો અયોગ્ય પ્રયોગ.**
**ચોકીદારોએ મેળવેલો પત્તો અને વામદેવને સજા.**

વિમળ મિત્ર પાસેથી નાસેલો હું કાંચનપુર નામના નગરમાં ગયો. ત્યાં જઇને હું બજારમાં ગયો. એક દુકાનપર સરળ નામનો શેઠ મારા જોવામાં આવ્યો. હું તેની દુકાનપર ગયો. તે વખતે મારા શરીરમાં રહેલી બહુલિકા (માયા) જોરમાં આવી, વિકસ્વર થઇ, એની અસરતળે હું તે શેઠને પગે પડ્યો, જાણે હું કોઇ નાટક કરનારો હોઉં તેમ કૃત્રિમ આડંબર કરી મારી આંખ મેં આનંદનાં આંસુથી ભરી દીધી, તે જોઇને સરળશેઠનું હૃદય પીગળી ગયું. પછી સરળશેઠ અને મારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:-

સરળશેઠ—"ભદ્ર! આ તને શું થયું છે? તું આમ શા માટે આંસું પાડે છે?"

વામદેવ—"પિતાજી! આપને જોતાં મને મારા પિતા યાદ આવી ગયા!"

સરળશેઠ—"ભાઇ! તું રડ નહિ, જો એમ જ છે તો જા, હું તને આજથી મારો પુત્ર ગણું છું."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વામદેવ**—"આપને હું મારા પિતા જ માનું છું."

સરળશેઠ મને તુરત જ પોતાને ઘેર લઇ ગયા અને પોતાની બંધુમતી નામની સ્ત્રી હતી તેને મને સોંપી દીધો, અર્પણ કર્યો, તેણે મને ભોજન વિગેરે કરાવ્યું, પછી મારૂં નામ કુળ વિગેરે સર્વ પૂછ્યું, જે મેં સર્વ બરાબર જણાવ્યું; સરળ શેઠને જ્યારે માલૂમ પડ્યું કે હું તેમની જ જાતનો છું ત્યારે તેને પણ ઘણો આનંદ થયો અને પછી તે બોલ્યા "પ્રિયે! વહાલી! આપણે ઘણાં ઘરડાં થયાં છીએ અને અપુત્રીયા છીએ, તેની સ્થિતિ વિચારીને દૈવે આપણને આ પુત્ર આપ્યો છે, અપુત્રીયાનો તે પુત્ર થશે અને વળી આપણું ઘડપણ પણ પાળશે. ચાલો, દૈવે આ વામદેવ આપણને આપ્યો તે ઘણું સારૂં થયું."

પોતાના પતિનાં આવાં સુંદર વચન સાંભળી બંધુમતી ઘણી રાજી થઇ. ત્યાર પછી [1]સરળશેઠે તો મારાપર આખા ઘરનો ભાર આરોપણ કરી દીધો, હું જાણે ઘરનો માલેક હોઉં તેમ મારી સાથે વર્તવા માંડ્યું, દુકાનની અંદર ગુપ્ત સંચોમાં જમીનમાં રાખેલ હીરા મોતી રત્ન પરવાળાં વિગેરે મહા મૂલ્યવાન ધન મને બતાવ્યું.

હવે શેઠને એ ધનની ઉપર ઘણી મૂર્છા હોવાથી તેઓ પોતાની દુકાનપર જ સુતા હતા અને મને પણ પોતાની સાથે સુવાડતા હતા. એક દિવસ એવો બનાવ બન્યો કે અમે બન્ને વાળુ કરી સંધ્યા વખતે ઘરે બેઠા હતા અને કાંઇ સામાન્ય વાતો કરતા હતા તે વખતે સરળશેઠના એક મિત્ર બંધુલ નામના તે નગરમાં વસતા હતા તેને ત્યાંથી શેઠને તેડું આવ્યું. તેડવા આવનારે કહ્યું કે તે રાત્રે બંધુલને પ્રાપ્ત થયેલ પુત્રની છઠ્ઠી છે, રાત્રીજાગરણ છે, તેથી શેઠે જરૂર ત્યાં આવવું.

આ નોતરૂં શેઠથી ના પાડી શકાય તેવું ન હોતું, તેથી શેઠે મને કહ્યું "પુત્ર વામદેવ! મારે તો બંધુલને ઘરે જવું પડશે. તું અત્યારે દુકાને જા અને સાચવીને રહેજે."

મેં તે વખતે જવાબ આપ્યો "પિતાજી! આપની વગર મને એકલાને દુકાને જવું તો ગમતું નથી, આજે તો ઘરે રહીને મારી માતાજીની સેવા ઉઠાવીશ."

---

૧ માયાવી અને ચોરને વગર મહેનતે મળે તે ગમતું નથી, ચોરી કરવા મન તલપી રહે છે, આ હકીકત વામદેવની ચેષ્ટાથી સ્પષ્ટ થાય છે. ઘરધન-વ્યાપાર મળ્યાં તો પણ ત્યાં સ્થિર રહી ન શક્યો એ માયાવીની ચળ પ્રકૃતિ બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરળશેઠે વિચાર કર્યો દીકરાનો એની માતા ઉપર સારો સ્નેહ છે એથી તેઓ રાજી થયા. છેવટે મારી મરજી આવે તો તેમ કરવાનું કહી તેઓ પોતાના મિત્ર બંધુલને ઘરે રાત્રીજગામાં ગયા.

હું ઘરે રહ્યો. રાત્રીને અવસર વધતો ગયો ત્યારે મારા શરીરની અંદર રહેલો મારો સ્તેય (ચોરી) ભાઇ જાગૃત થઇ જોરમાં આવ્યો એટલે તેની અસરતળે આવી શેઠનું અમૂલ્ય ધન અને તેની દોલત દુકાનમાં હતી તે સર્વ ઉઠાવી જવાનો મને વિચાર થઇ આવ્યો. એવો વિચાર આવતાં તેને અમલમાં મૂકવાનો નિર્ણય પણ મારા સ્તેય ભાઇની અસર તળે થઇ ગયો.

અરધી રાત્રે હું બરાબર ઊભો થયો અને દુકાનપર ગયો. હું જ્યારે દુકાન ઉઘાડતો હતો ત્યારે ચોકી કરનારા (રખેવાળો-પોલીસમેન) ત્યાં આવી પહોંચ્યા, તેઓએ મને દૂરથી જોયો અને જોતાં જ મને તેઓ ઓળખી ગયા. હું હજુ નવો માણસ હતો તેથી તેઓને જરા શંકા થઇ કે આ ભાઇશ્રી અત્યારે મધ્ય રાત્રે દુકાન ઉઘાડીને શું કરતો હશે? તેઓએ મને કાંઇ પૂછ્યું નહિ, પણ ચુપચૂપ રહીને હું તેઓને ન જોઉં તેવી રીતે તેઓ મારી સર્વ હીલચાલપર નજર રાખી રહ્યા. હવે શેઠે જે મહામુલ્યવાન્ ધન જમીનમાં દાટેલું હતું તે મેં ખોદીને બહાર કાઢ્યું અને તેજ દુકાનની પછવાડેના ભાગમાં જમીનમાં ખાડો ખોદીને તેમાં દાટી દીધું.

જૈનમ્ જયતિ શાસનમ્

એ સર્વ વ્યવસ્થા કરતાં લગભગ સવાર પડવા આવી તે વખતે મેં (વામદેવે) મોટો હાહારવ કરી મૂકયો, ધમાલ કરી દીધી અને મોટેથી બૂમ પાડવા માંડી એટલે નગરના અનેક લોકો ત્યાં એકઠા થઇ ગયા અને સરળશેઠ પણ ત્યાં આવી પહોંચ્યા. તે વખતે ચોકીદારો પણ જાહેર થયા અને આમતેમ પૂછપરછ કરવા મંડી ગયા.

પ્રથમ સરળશેઠે મને સવાલ કર્યો "ભાઇ વામદેવ! શું છે? આ બધી શેની ધમાધમ છે?"

મેં જવાબ આપ્યો "પિતાજી! અરે આપણે મરાઇ ગયા, ચોરાઇ ગયા, પિતાજી! ગજબ થઇ ગયો!" એમ કહી એણે ઉઘાડેલી દુકાન અને તેમાં જે જમીનના ભાગમાં મૂલ્યવાન્ હીરા વિગેરે દાટવામાં આવેલાં હતાં તે સ્થાન બતાવ્યું.

સરળશેઠે પૂછ્યું-"ભાઇ વામદેવ! તને આ બાબતની ખબર કેવી રીતે પડી?"

મેં જવાબમાં કહ્યું "પિતાજી! આપ તો રાત્રે આપના મિત્રને ત્યાં ગયા અને આપ ગયા તેથી હું એકલો પડ્યો; આપના વિરહની વેદનાથી મને જરા પણ ઉંઘ ન આવી; પછી તો મારી પથારીમાં આમથી તેમ અને તેમથી આમ અનેક પછાડા મેં ઘણા વખત સુધી માર્યા. પછી જ્યારે થોડી રાત્રી બાકી રહી ત્યારે મેં મારા મનમાં વિચાર કર્યો કે દુકાનમાં જે પથારી પાથરવામાં આવી છે તે પિતાજીના સ્પર્શથી ઘણી પવિત્ર થયેલી છે તેમાં મને જરૂર ઉંઘ આવશે, બીજી જગોએ ઉંઘ આવે તેમ લાગતું નથી. એવો વિચાર કરીને હું દુકાને આવ્યો અને જોઉં છું તો અહીં ચોરોએ આ સ્થિતિ ઊભી કરેલી દેખાઇ. એટલા માટે મેં હાહારવ કરી સર્વને હકીકત જણાવી."

ઉપર પ્રમાણે બરાબર બનાવી બંધબેસતી વાત મેં કહી તે વખતે રખેવાળો–ચોકીદારો અંદર અંદર વિચાર કરવા લાગ્યા કે ખરેખર! આ વામદેવ ખરો હરામખોર છે, મહા સેતાન છે, પાક્કો ચોર છે! એની બોલવાની ચતુરાઇ અને જાળ પાથરવાની શક્તિ ભારે જબરી છે! અરે તેની વાચાળતા કેવી ભારે છે! અહાહા! એનું ધૂતારાપણું મહા ભારે છે! એના જેવો કૃતઘ્ની તો કોઇક જ હશે! એનો વિશ્વાસઘાત તો કોઇ ભારે બળવાન્ જણાય છે! આવો વિચાર કરીને તેઓએ શેઠને જણાવ્યું કે, 'શેઠસાહેબ! તમે જરા પણ ચિંતા કરશો નહિ અને મનમાં જરાએ આકુળવ્યાકુળ થશો નહિ. અમને એ ચોરનો પત્તો લગભગ લાગી જ ગયો છે.'"

આ પ્રમાણે તેઓ બોલ્યા અને ત્યાર પછી આશયપૂર્વક તેઓએ મારી તરફ એક અર્થસૂચક નજર ફેંકી. મારા મનમાં તે વખતે બીક લાગી કે તેઓ મને બરાબર પારખી ગયા છે. એ ચોકીદારોનાં મનમાં એમ આવ્યું કે આ હરામખોરને બરાબર [1]મુદ્દામાલ સાથે જ પકડવો કે જેથી એ અંદરથી નીકળી જવાને પ્રયત્ન જ કરી શકે નહિ. તેઓએ માત્ર મારી પછવાડે હું ન જાણું તેમ મારી હીલચાલ પર નજર રાખનાર ગુપ્ત ચોકીદારોને મૂકી દીધા. મારા મનમાં તો તે આખો દિવસ અનેક સંકલ્પવિકલ્પ થયા જ કર્યા. ચોકીદારો મને ઓળખી ગયા હશે કે નહિ એ વાત મારા મનમાં વારંવાર આવ્યા કરતી હતી.

---

૧ ચોરીના ગુન્હામાં મુદ્દામાલ સાથે પકડવાથી પુરાવાની જરૂર પડતી નથી, નહિ તો ચોરી સાબીત કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. ખાસ કરીને ચોર દેખીતી રીતે આબરૂદાર હોય ત્યારે તે કાર્ય લગભગ અશક્ય જેવું લાગે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે થતાં આખરે સાંજ પડી. જરા રાતનો વખત થયો એટલે હું દુકાનની પછવાડે ગયો, છૂપાવેલ મુલ્યવાન્ માલ મેં ઉપાડ્યો અને જેવો હું ચાલવા માંડ્યો તેવો જ તેજ સ્થાનપર ચોકીદારોએ મને મુદ્દામાલ સાથે પકડ્યો. ત્યાં તે વખતે મોટો કોળાહળ જામી રહ્યો અને નગરના અનેક લોકો ત્યાં એકઠા થયા. તે વખતે ચોકીદારોએ મારી સઘળી હકીકત લોકોને વિગતવાર જણાવી. ગઇ રાત્રે મેં ધન ખોદી છૂપાવ્યું હતું અને સવારનો વખત થતાં ખોટી બૂમ ઉઠાવી હતી તે સર્વ વાત તેમણે વિગતવાર કહી દીધી. લોકોને તો મારી હકીકત સાંભળીને ઘણો અચંબો લાગ્યો. શેઠે જેને પુત્ર તરીકે માની સર્વ દોલત આપવાનો નિશ્ચય જાહેર કર્યો હતો તે જ માણસ વિશ્વાસઘાત કરી તેના ઘરમાંથી મૂલ્યવાન્ ધનની ચોરી કરે એ વાત તેઓને ઘણી નવાઇ જેવી-ન બને તેવી લાગી.

હવે ચોકીદારો મને રિપુસૂદન નામના એ નગરના રાજા પાસે લઇ ગયા. ચોરીની શિક્ષા દેહાંતદંડની હતી અને તેમાં પણ જે મુદ્દામાલ સાથે ચોક્કસ પકડાય તેને તો તે સજા કાયમ જ રહેતી, તેથી રાજાએ મને મારી નાખવાનો હુકમ આપ્યો.

**સરળની સરળતા.**
**દંડશક્તિ સાથે દયા.**
**વિચારપૂર્વક હુકમ.**

આવો હુકમ થતાં સરળશેઠ ત્યાં જાતે રાજા પાસે આવ્યા અને તેમણે રાજાના પગમાં પડી વિજ્ઞપ્તિ કરવા માંડી-"દેવ! મારા રાજા! આ વામદેવ મારો પુત્ર છે, મારું તેનાપર બહુ હેત છે, તેથી મારા પર દયા કરીને એને છોડી મૂકો. રાજા! ઇચ્છા હોય તો આપ મારી આખી દોલત લઇ લો, પણ એને તમે મારી નાખો નહિ; નહિ તો મારા રાજા! મારે મરવા સિવાય બીજો કોઇ રસ્તો નથી."

રિપુસૂદન રાજાએ વિચાર્યું કે સરળશેઠ ખરેખરો સરળ જ હતો, તદ્દન ભલો હતો, પાર વિનાનો ભોળો હતો. રાજાએ તેનું કાંઇ પણ ધન ન લીધું અને મને છોડી દીધો. રાજાએ માત્ર તે વખતે સરળશેઠને એટલું કહી દીધું "શેઠ! આ તમારા સપુતને મારી પાસે રાખો, કારણ કે એ ઝેરનો અંકુર છે, ખરેખરો ચોર છે અને લોકોને સંતાપ કરનારો છે, માટે એ બહુ ખરાબ હોવાથી એને તદ્દન છૂટો રાખવો સારો નથી, એને જાહેરમાં રહેવા દેવો ઘણો ભયંકર છે."

JAINSITE.com જૈન જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારો પુણ્યોદય[1] મિત્ર જે જન્મથી મારી સાથે હતો પણ જે હાલમાં દુબળો દુબળો થયા કરતો હતો તે હવે તદ્દન નાશ પામી ગયો અને મારી પાસેથી પસાર થઇ ગયો, કારણ કે તે મારૂં આવું દુષ્ટ વર્તન જોઇને મારાથી તદ્દન કંટાળી ગયો હતો.

જાણીતો ચોર માર્યો જાય.
રાજાની શંકા અને હુકમ.
આખરે વામદેવને ફાંસી.

રાજાએ જે હુકમ ફરમાવ્યો તે સરળશેઠે કબૂલ કર્યો. લોકોના તિરસ્કાર વચ્ચે રાંક દીનની માફક હું ત્યાર પછી રાજમંદિરમાં રહેવા લાગ્યો. મારા ભાઇ બહેન સ્તેય અને બહુલિકા બન્ને જો કે મારા શરીરમાં જ વસતા હતા તો પણ રાજભયથી જરાએ જોર કરી શકતા ન હોતા[2] અને અત્યારે તો જાણે અંદર શાંત થઇ ગયા હોય તેવા દેખાતા હતા. આ પ્રમાણે સ્થિતિ હોવા છતાં લોકો તો મારી તરફ શંકાની નજરે જ જોતા હતા અને કોઇ બીજો ચોરી કરે તો પણ મારી ઉપર જ તેનો શક લઇ જતા હતા. હું તદ્દન સાચી વાત કહું તો પણ લોકો મારી વાત માનતા જ નહિ, મારા વચન ઉપર વિશ્વાસ મૂકતા નહિ અને મને સાચો સમજતા નહિ. મારા તરફ ધિક્કાર બતાવી મને ઉઘાડી રીતે કહેતા કે 'અરે બેસ બેસ! તારી સચ્ચાઇ તો અમે બહુ જોઇ છે!' આવી રીતે જેમ કાળો સર્પ બીજા સર્વને સંતાપનો હેતુ થાય તેમ હું પણ સર્વને ઉદ્વેગ કરાવનારો થઇ પડ્યો હતો. અહો અગૃહીતસંકેતા! હું તો એ વખતે એવા સંયોગોમાં બહુ વખત સુધી અનેક પ્રકારની વિડંબના પામ્યા જ કરતો હતો.

હવે એક વખત એવી હકીકત બની કે રાજાનું લક્ષ્મીગૃહ (ભંડાર) કોઇ વિદ્યાસિદ્ધે ફાડ્યું અને ચોરી કરી તેમાંનાં સર્વ રત્ન અલંકારાદિ ચીજો તે ઉપાડી ગયો, પણ વિદ્યાના જોરથી તે પકડાયો નહિ. તે તદ્દન અદૃશ્ય રૂપે આવેલો હતો તેથી ચોરીની વસ્તુ લઇને ચાલ્યો ગયો ત્યારે કોઇના જોવામાં પણ આવ્યો નહિ. આનું આળ સર્વ મારે માથે આવ્યું. મે અગાઉ ચોરીનાં પરાક્રમ કર્યા હતાં તે

---

૧ જુઓ પૃ. ૧૧૪૨ ( પ્ર. ૫. પ્ર. ૧ )

૨ માણસો કાં તો નિયમથી અને કાં તો ભયથી સીધા ચાલે છે. નિયમથી ચાલનારને લાભ મળે છે, ભયથી અટકનારને માત્ર દુઃખ થતું નથી એટલો જ લાભ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વને યાદ હતાં અને બીજો કોઇ રાજમંદિરમાં આવે તેવો સંભવ ન હોતો, તેથી આખરે શકને આધારે મને પકડવામાં આવ્યો. મને અનેક પ્રકારે બહુ માર માર્યો એટલું જ નહીં પરંતુ ગુન્હો કબૂલ કરાવવા માટે મને અનેક પ્રકારની અસહ્ય વિડંબનાઓ કરવામાં આવી. આ વખતે મારા ઉપર અત્યંત કોપાયમાન થયેલ રાજાએ મને એટલી કદર્થનાઓ કરી કે તેનું વર્ણન થાય નહિ. આ વખતે સરળશેઠે આવીને ફરીવાર રાજા પાસે દયા માગી, પણ રાજાએ આ વખતે તેનું પણ માન્યું નહિ. આખરે હું મોટેથી પોકાર કરતો, રડતો રહ્યો અને મને ફાંસીને લાકડે લટકાવી દેવામાં આવ્યો.

* * * *

* * *

## સંસારજીવની રખડપટ્ટી.

જે વખતે મને ફાંસીને લાકડે ચઢાવવામાં આવ્યો તે વખતે મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને જે ગોળી આપી હતી તે તદ્દન જીર્ણ થઇ ગઇ, એટલે તેણે મને એક બીજી ગોળી આપી. એ ગોળીના પ્રતાપથી [1]પાપિષ્ટવાસ નામની નગરીના છેલ્લા પાડામાં હું ગયો. એ પાડો તીવ્ર દુઃખસમૂહથી જ ભરેલો હતો. ત્યાં મેં અનેક પ્રકારનાં મહા ભયંકર દુઃખો અસંખ્યાતા કાળ સુધી સહન કર્યાં. વળી ત્યાર પછી મને ભવિતવ્યતાએ એક બીજી ગોળી આપી તેના યોગથી હું **પંચાક્ષપશુસંસ્થાન** પાડામાં ( પંચેંદ્રિયતિર્યંચગતિમાં ) આવ્યો અને તેવી રીતે નવી નવી ગોળીઓ આપીને મને અનેક નગરમાં બહુવાર રખડાવ્યો. એક **અસંવ્યવહાર** નગર સિવાય એવું કોઇ ગામ કે નગર ન રહ્યું કે જ્યાં હું બહુ વખત રખડ્યો ન હોઉં અથવા જે નગર મેં ઘણીવાર જોયું ન હોય.[2] એમાં પણ મેં બહુલિકાને લઇને અગાઉ ઘણા દોષો કર્યાં હતા, તેથી પંચાક્ષપશુસંસ્થાન નગરમાં મારી પાસે સ્ત્રીનું રૂપ[3] વારંવાર ધારણ કરાવવામાં આવ્યું અને તેવી રીતે તે

---

૧ **પાપિષ્ટવાસ** તે નારકી. તેનો છેલ્લો પાડો તે સાતમી નારકી. એને અગાઉ પાપિપંજરના નામથી પણ ઓળખાવેલ છે. જુઓ **પ્ર.** ૪ પ્ર. ૨૭.

૨ **અસંવ્યવહાર** નગરમાંથી નીકળેલ જીવ ફરીવાર નિગોદમાં જાય તો પણ તે વ્યવહારીઓ કહેવાય છે તેથી અસંવ્યવહાર નગરે જવાનું ફરીવાર કોઇ પ્રાણીને રહેતું નથી. જુઓ પૃ. ૧૧૨૯.

૩ **માયા** કરનાર સ્ત્રી થાય છે, મલ્લિનાથના દૃષ્ટાન્તથી આ હકીકત સ્પષ્ટ છે. સ્ત્રીમાં માયા વિશેષ હોય છે અને માયાનું ફળ સ્ત્રીલીંગ છે એમ અનેક જગ્યોએ સૂચન થતું જોવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આકારમાં અને અનેક પ્રકારે વિડંબના કરવામાં આવી. એ બહુલિકા અને સ્તેયની પ્રેરણાથી હું પાપો કરતો ગયો અને તેના પ્રતાપે મેં દુઃખો પણ બહુ સહન કર્યાં. જે જે સ્થાને હું ગયો ત્યાં તેઓની મારાપર અસર પહોંચ્યા કરતી હતી અને તેને પરિણામે મારે અનેક દુઃખો સહન કરવા પડતાં હતાં.

{ * * * *
* * * }

## પ્રજ્ઞાવિશાળાની રહસ્યવિચારણા.

**સંસારીજીવે** આ પ્રમાણે વાર્તા કહી તે વખતે **પ્રજ્ઞાવિશાળાના** મનમાં ઘણો સંવેગ આવી ગયો અને તેણે વિચાર કર્યો કે—અહો પેલો **સ્તેય** મિત્ર તો કોઇ કલ્પી ન શકે તેવો દુઃખદાયક જણાય છે! અને **માયા** પણ ઘણી જ ભયંકર જણાય છે! આ બાપડો તે બન્નેમાં આસક્ત રહ્યો તેથી એને બહુ નાટક કરવાં પડ્યાં, ભારે દુઃખો સહન કરવાં પડ્યાં, બહુ ત્રાસો વેઠવા પડ્યા. એનું ચરિત્ર જોતાં એને કેવા ખેલ કરવા પડ્યા તેનો ખ્યાલ આવે છેઃ એ ખરાબ મિત્રની (માયાની) અસર તળે પ્રથમ તો એણે મહાત્મા વિમળકુમાર જેવા અત્યંત સત્પુરૂષને છેતરી તેનાપર માયાનો પ્રયોગ કર્યો અને તેને પરિણામે વર્ધમાન નગરમાં એ પ્રથમ તો તરખલાને તોલે થયો. ત્યાર પછી કાંચનપુરમાં એને અત્યંત પ્રેમ રાખનાર તદ્દન સીધો સરળશેઠ મળ્યો તેને ત્યાં એણે બીજા (સ્તેય) મિત્રની અસરતળે ચોરી કરી અને તેને પરિણામે એ મહા ઘોર વિડંબના પામ્યો. એનું આખું વામદેવ તરીકેનું ચરિત્ર **માયા** અને **સ્તેયની** સત્તાથી ઘેરાયલું જણાય છે. મહાત્મા બુધસૂરિ જેવાનો એને સંબંધ થયો અને એ મહાભાગ્યવાન્ મહાત્માનાં ઉપદેશક વચનો સાંભળવાનો એને પ્રસંગ મળ્યો છતાં તેની અસર પણ તેના ઉપર ન થઇ શકી તેનું કારણ પેલી માયા જ જણાય છે. કોઇ માણસ તદ્દન સાચી વાત કરે તો પણ તેના ઉપર વિશ્વાસ ન આવે અને ઉલટો સાચા બોલનાર પર તિરસ્કાર છૂટે ત્યારે જાણવું કે એવી સ્થિતિમાં પડનાર માણસ પોતે જ માયાની અસરમાં ડૂબી ગયેલો છે, કારણ કે એવા પ્રકારની સ્થિતિ માયા જ ઉત્પન્ન કરે છે. બીજા માણસે દોષ કર્યો તેનો આરોપ આ સંસારીજીવપર આવ્યો તેનું કારણ પણ **માયા** અને **સ્તેયનો** સંબંધ જ છે. ખરેખર એ **માયા** અને **સ્તેય** અનંત દોષોની ખાણ છે! આવું છતાં પણ પાપી લોકો એ બન્નેનો સંબંધ છોડતા નથી.

* * *

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

### ભવ્યપુરૂષને સંસારીજીવના ચરિત્રમાં લાગેલી વિચિત્ર અપૂર્વતા. ચરિત્ર કાલ્પનિક હોવાનો તેને મનમાં લાગેલો સંભવ. ચરિત્ર પૂર્ણ સાંભળ્યા પછી ખુલાસો મેળવવાનો નિર્ણય.

[1]સંસારીજીવ પોતાનું ચરિત્ર ઉપર પ્રમાણે કહેતો હતો તે વખતે ભવ્યપુરૂષ મનમાં ઘણો વિસ્મય પામીને વિચાર કરતો હતો કેઃ-

અહો ! આ ચોર ( સંસારીજીવ ) જે વાત કરે છે તે તો તદ્દન વિચિત્ર લાગે છે, ઘણી રીતે અસંભવિત જણાય છે, તદ્દન અપૂર્વ છે અને લોકોના દરરોજના માર્ગથી તદ્દન વેગળી છે; વળી તે વાત જો કે હૃદયનું આકર્ષણ કરનારી છે છતાં મને તો બીલકુલ અપરિચિત જેવી, ઘણી ઊંડી અને પ્રસિદ્ધ રીતે ન સમજાય તેવી જણાય છે તેથી એ વાતમાં રહેલું રહસ્ય મારા સમજવામાં કાંઇ બરાબર આવતું નથી. એ વાતમાં ઘણી ઘણી જાતનાં સવાલો ઉત્પન્ન થાય છેઃ દાખલા તરીકે એણે પ્રથમ તો એમ કહ્યું કે અસંવ્યવહાર નગરમાં તે એક કુટુંબી તરીકે વસનારો હતો,[2] ત્યાં તે પોતાની સ્ત્રી ભવિતવ્યતા[3] સાથે અનંતો કાળ રહ્યો અને ત્યાર પછી કર્મપરિણામ[4] મહારાજાના હુકમથી ત્યાંથી તે બહાર નીકળ્યો. ત્યાર પછી એકાક્ષપશુસંસ્થાનમાં અને બીજા અનેક સ્થાનોમાં ઘણાં દુઃખો ભોગવતો તે બહુ ભટક્યો. વળી તેણે સાથે એમ કહ્યું કે અનંતા કાળ સુધી અનેક સ્થાનોમાં તેની ભાર્યા ( ભવિતવ્યતા )એ તેને ભમાવ્યો, રખડાવ્યો અને તેની પાસે અનેક પ્રકારના ખેલ કરાવ્યા. વળી તેજ સ્ત્રીએ તેની પાસે નંદિવર્ધનનું[5] રૂપ લેવરાવ્યું, ત્યાર પછી રિપુદારણ[6] તરીકે તેને રખડાવ્યો અને છેવટે વામદેવ તરીકે તેની પાસે નાટક કરાવ્યું. વળી એ ચોર કહે છે કે દરેક વખત વચ્ચે અનંતો કાળ ગયો અને તેમાં પણ તેની પાસે તે ભાર્યાએ અનંત પ્રકારનાં નવાં નવાં રૂપો કરાવ્યાં, નાચો નચાવ્યા અને દુઃખો સહન કરાવ્યાં. વળી સર્વથી વધારે નવાઇ જેવી

---

૧ ચરિત્ર તો એક જ છે, પણ દરેક તેની હકીકત પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે સમજે છે. આ સ્થિતિ સ્પષ્ટ સમજાય તેવી છે. વાંચનાર પોતે પણ તેજ પરિસ્થિતિમાં છે એ લક્ષ્યમા રાખવું.

૨ જુઓ પ્રસ્તાવ ૨. પ્ર. ૭. ૩ જુઓ પૃ. ૩૦૮.

૪ કર્મપરિણામ રાજાના વર્ણન માટે જુઓ પ્રસ્તાવ ૨. પ્ર. ૨. નો પ્રથમ વિભાગ.

૫ ત્રીજા પ્રસ્તાવનો નાયક.

૬ ચોથા પ્રસ્તાવનો નાયક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત તો એ કરી કે આ સર્વ પ્રયોગ તેના ઉપર ગોળીઓ આપીને કરવામાં આવ્યા અને તેને જે નાટક કરવા પડતાં હતાં તેનું કારણ તે ગોળીઓ હતી. હવે એક તો ગોળીની શક્તિ કેટલી? અને વળી તે આપનાર તેની જ પત્ની!! આ તો બધી વાત તદ્દન વિરૂદ્ધ, ન સમજાય તેવી અને કલ્પિત જેવી લાગે છે.

આ પ્રમાણે તેની વાતમાં વિચિત્રતા લાગે છે. હવે જો તે પુરૂષ હોય તો તેની સ્થિતિ અનંત કાળ સુધી એવી જ રહેશે? અથવા શું આ ચોર આગળ જતાં અજરામર પણ થશે ખરો? ત્યારે એ કાળસ્થિતિ કોણ? અને આ ભવિતવ્યતા નામની સ્ત્રી કોણ? એ બાઇ તો ભારે જબરી! એ તો વળી પોતાની સ્ત્રી થઇને પોતાના જ પતિને આવી રીતે રખડાવ્યા કરે છે એ તો તદ્દન નવાઇ જેવું-ન બનવા જેવું લાગે છે. વળી એ સ્ત્રી વારંવાર મહા વીર્યવાળી ગોળીઓ તૈયાર કરીને આપે છે એટલે શું? એ ગોળીના પ્રતાપથી આ પ્રાણી એકને એક જ હોવા છતાં અનંત પ્રકારનાં રૂપો ધારણ કરતો હતો તેવી તે ગોળી કઇ? અને તે આપવાનું કાર્ય ભવિતવ્યતાથી કેવી રીતે બની શક્યું?

(વળી ભવ્યપુરૂષ આગળ વિચાર કરે છે કે) આ વાર્તામાં તો અનેક નગરો આવ્યાં, અંતરંગ મિત્રો આવ્યા, સગાસંબંધીઓ આવ્યા અને અનેક નામો આવ્યાં તે કોણ હતા એનો મારાથી નિશ્ચય થઇ શકતો નથી, મને તો આ સંસારીજીવે જે પોતાનું ચરિત્ર કહ્યું છે તે ઉંઘમાં આવેલ સ્વપ્ન જેવું અથવા તો કોઇ સિદ્ધ પુરૂષે પાથરેલ ઇંદ્રજાળ જેવું કપોળકલ્પિત જણાય છે, કોઇ પ્રતિભાવાળો પુરૂષ પોતાના મગજમાંથી અદ્ભુત-અસંભવિત ચરિત્ર લોકરંજન કરવા જોડી કાઢે તેવું આ સર્વ મને તો લાગે છે; પરંતુ અહીં આ પ્રજ્ઞાવિશાળા બેઠેલી છે તેના મુખનો રંગ જોતાં તે આ સર્વ વાર્તા બરાબર સમજી હોય એમ લાગે છે. વળી આ સંસારીજીવનું ચરિત્ર પ્રજ્ઞાવિશાળાએ અગાઉ પણ મને સહજ બતાવ્યું હતું, પરંતુ અત્યારે એ હકીકત મને વીસરી ગયા જેવી થઇ છે.[1] હવે અત્યારે જો હું કાંઇ સવાલ કરીશ તો અહીં બેઠેલ અગૃહીતસંકેતા વિગેરે જાણશે કે હું તદ્દન સમજણ વગરનો છું તેથી હાલ તો એ ચોર જે વાત કરે તે સાંભળું, એ વાત

---

૧ અહીં પ્રસ્તાવ ૪ ના પ્ર. ૧૧ માં પ્રજ્ઞાવિશાળાએ કરેલ અર્થયોજનાનો નિર્દેશ હોય એમ લાગે છે. અથવા પ્રસ્તાવ બીજામાં ચરિત્રની શરૂઆત થતાં પહેલા પ્રજ્ઞાવિશાળાએ બતાવેલી ચતુરાઇ અને બજારની વાતોનો નિર્દેશ લાગે છે.

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા મનમાં બરાબર ધારી રાખું, પછી જ્યારે પ્રજ્ઞાવિશાળા મને એકાંતમાં મળશે ત્યારે તેને તેનું રહસ્ય પૂછી જોઇશ.

ઉપર પ્રમાણે વિચાર કરીને સંસારીજીવ આગળ જે હકીકત કહે તે સાંભળતો ભવ્યપુરૂષ ચૂપ બેસી રહ્યો.

* * *

## અગૃહિતસંકેતાની સાદાઇ.

તે વખતે અગૃહીતસંકેતા વિસ્મય પામતી સરળ ભાવે સંસારીજીવના મુખ સામું જોયા કરતી હતી અને તેના ચહેરાપરથી સ્પષ્ટ જણાઇ આવતું હતું કે તે આ ચાલતી વાર્તામાં અંદરના ભાગમાં રહેલ રહસ્યને જરા પણ સમજી શકી નથી. તે માત્ર આ હકીકતને એક વાર્તા રૂપે જ સમજતી હતી અને તેના મનમાં તેની કિંમત એક વાર્તા જેટલી જ અત્યારે તો હતી. ચાલતી વાત સમજાય છે કે નહિ તે મુખપર થતાં ફેરફારોથી બરાબર જણાઇ આવે છે અને ભોળી અગૃહીતાસંકેતાનો ચહેરો એમ જ બતાવતો હતો કે તે આ વાતનું રહસ્ય જરા પણ સમજી નથી.

* * *

## સદાગમની ગંભીરતા.

આ વાર્તા ચાલતી હતી તે વખતે ભગવાન્ સદાગમ તો સંસારીજીવનું આખું વૃત્તાંત બરાબર જાણી રહેલા હતા તેથી તેઓ મૌન રહી સર્વ હકીકત સાંભળ્યા જ કરતા હતા. સદાગમ એટલે શુદ્ધ જ્ઞાન. તેનો વિષય જ જાણવાનો હોવાથી તેનાથી કોઇ હકીકત અજાણી હોતી નથી, ઉપયોગ મૂકવાનો જ એમાં સવાલ રહે છે. સદાગમનો મૌન ભાવ અર્થસૂચક પણ સમજાય તેવો હતો અને તેના મુખપરની ગંભીરતા તેના હૃદયની ઉંડાઇ બતાવતી હતી.

* * * *
* * *

## સંસારીજીવ આનંદનગરે.
## પુણ્યોદયનો સથવારો.
## સાગરમિત્રનો મેળાપ.

સંસારીજીવ પોતાની હકીકત આગળ ચલાવતાં સદાગમ સમક્ષ કહે છે. તે વખતે પ્રજ્ઞાવિશાળા સમજણપૂર્વક તે હકીકત સાંભળે છે, ભવ્યપુરૂષ કાંઇ રહસ્ય સમજતો નથી, પણ રહસ્ય છે એટલો ખ્યાલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી સવાલ પૂછ્યા વિના વાર્તા સાંભળ્યો જાય છે અને ભાવ ન સમજનાર અગૃહીતસંકેતા બેઠી બેઠી વાતોને વાર્તા તરીકે સાંભળે છે-તેમને ઉદ્દેશીને બોલતાં સંસારીજીવે કહેવા માંડ્યુંઃ—

અહો અગૃહીતસંકેતા! હવે ત્યાર પછી એક વખત મારી સ્ત્રી ભવિતવ્યતા મારા ઉપર તુષ્ટમાન થઇ, તેથી મારાં કોઇ શુભ કર્મને લઇને મારા ઉપર મહેરબાની કરી મને કહેવા લાગી—"આર્યપુત્ર! તમારે હવે લોકપ્રસિદ્ધ આનંદ નગરે જવું અને ત્યાં આનંદ લીલા કરતાં વસવું."

મેં તેને જવાબ આપ્યો—"દેવી! તારી મરજી હોય તે પ્રમાણે કરવું તે મારે હમેશા મારૂં કર્તવ્ય ગણવાનું છે અને તે પ્રમાણે મારે કરવાનું છે. જેવી તારી આજ્ઞા!"

તે વખતે તે ભવિતવ્યતાએ મને મારો અસલ પુણ્યોદય મિત્ર ભળાવ્યો. વળી એક સાગર[1] નામના મિત્રની મને સહાય કરી આપી અને જણાવ્યું કે એ મને મદદગાર થશે. તે મારી સમજુ સ્ત્રી સમજી ગઇ હતી કે અત્યારે હવે સાગરનો બરાબર વખત આવી લાગ્યો છે. વળી તે મદદગાર મિત્ર સાગર(લોભ)ને મને સોંપતાં તે બોલી કે 'આર્યપુત્ર! આ તારો સાગર મિત્ર રાગકેશરિનો દીકરો અને તેની રાણી મૂઢતાનો માનીતો પુત્ર છે. એ તને હવે સારી રીતે મદદ કરનાર થઇ પડે એવી મેં તારે માટે ખાસ ગોઠવણ કરી છે.'

તે વખતે એ બન્ને મદદ કરનાર મિત્રની સાથે હું આગળ ચાલ્યો અને મને જે એક નવી ગોળી આપવામાં આવી તેના યોગથી આનંદ નગરે જવાની મેં સર્વ તૈયારી કરી.

*   *   *   *

*   *   *

## ઉપસંહાર.

ये घ्राणमायानृतचौर्यरक्ता, भवन्ति पापिष्ठतया मनुष्याः ।
इहैव जन्मन्यतुलानि तेषां, भवन्ति दुःखानि विडम्बनाश्च ॥
तथा परत्रापि च तेषु रक्ताः, पतन्ति संसारमहासमुद्रे ।
अनन्तदुःखौघचितेऽतिरौद्रे[2], तेषां ततश्चोत्तरणं कुतस्त्यम्? ॥

---

૧ લોભને સાગર સાથે સરખાવામાં આવે છે. સ્વયંભૂરમણ સમુદ્રનો પાર આવે પણ લોભસમુદ્રનો પાર આવતો નથી તે આવતા પ્રસ્તાવમાં જોશું.

૨ अनंत दुःखोपचिते ઇતિ પાઠાંતર છે. ઉપજાતિ છંદ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * * *
* * *

" જે પ્રાણીઓ પાપને પસંદ કરનારા હોઇ ઘ્રાણઇંદ્રિય, માયા-
" કપટ અને ચોરીમાં આસક્ત હોય છે-થાય છે તેઓને આ ભવમાં
" જ અનેક પ્રકારનાં તુલના ન થઇ શકે તેવાં દુઃખો અને વિડંબ-
" નાઓ થાય છે અને પરભવમાં પણ તેઓ પાપથી ખરડાયલા હો-
" વાને લીધે અનંત દુઃખસમૂહથી ભરપૂર મહા ભયંકર સંસારસમુ-
" દ્રમાં ઊંડા ઉતરી જાય છે; પછી તેઓનો પાર કેવી રીતે આવે?
" તેઓનું તે સમુદ્રમાંથી તરવું કેમ બની આવે?"

* * * *
* * *

**जैनेन्द्रादेशतो वः कथितमिदमहो लेशतः किञ्चिदत्र,**
**प्रस्तावे भावसारं कृतविमलधियो गाढमध्यस्थचित्ताः ।**
**एतद्विज्ञाय भो भो मनुजगतिगता ज्ञाततत्त्वा मनुष्याः,**
**स्तेयं मायां च हित्वा विरहयत ततो घ्राणलाम्पट्यमुच्चैः ॥**

" આ પ્રસ્તાવમાં જિનેંદ્ર ભગવાનના ઉપદેશ પ્રમાણે જે હકી-
" કત કાંઇક કાંઇક લેશ માત્ર કહેવામાં આવી છે તેનો આંતર ભાવ-
" સાર-રહસ્ય સમજવા માટે પોતાની બુદ્ધિને નિર્મળ કરી સારી રીતે
" ચિત્તને મધ્યસ્થ કરીને તેનો આશય સમજવો. એ આશય બરાબર
" સમજીને અહો મનુષ્યગતિમાં રહેલા મનુષ્યો! તમે તત્ત્વ બરાબર
" સમજ્યા હો તો સ્તેય ( ચોરી ), માયા અને ઘ્રાણઇંદ્રિય ઉપરની
" લંપટતાને સર્વથા છોડી દો."

**इत्युपमितभवप्रपञ्चायां कथायां मायास्तेयघ्राणेन्द्रिय-**
**विपाकवर्णनः पञ्चमः प्रस्तावः ।**

* * *
* *

માયા, ચોરી અને ઘ્રાણેંદ્રિયના વિપાકને બતાવનાર ઉપમિતિ
ભવપ્રપંચા કથાનો પાંચમો પ્રસ્તાવ સમાપ્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ નં. ૧

(પ્રસ્તાવ ૪, પ્રકરણ ૧૨, પૃષ્ઠ ૮૫૯.)

{ ચોથા પ્રસ્તાવમાં કુદૃષ્ટિનું વર્ણન કરતાં જૂદા જૂદા પાખંડી મતોનાં નામો આપ્યાં છે. એ મતો પર તપાસ કરી બનતું પરિશિષ્ટ તેપર આપવા ત્યાં નોટ નં. ૧ કરી છે. એમાંના કેટલાક મતો તે વખતે પ્રચલિત હશે એમ જણાય છે, ત્યાર પછી તે વિલય પામી ગયા છે. વળી એ સર્વ મતોમાં ખાસ દાર્શનિક ભેદ જણાતો નથી. દર્શન માટે તો તેજ પ્રસ્તાવમાં પ્રકરણ ૩૧ મું આપ્યું છે અને તેનો વિસ્તાર પરિશિષ્ટ નં. ૩ માં કર્યો છે. આ ભેદો દૃષ્ટિના છે, તેમાં 'ચર્યા' ને અંગે ભેદ હોય એમ જણાય છે.

પાખંડ માટે અસલમાં **पाषंड** શબ્દ છે, એનો અર્થ 'વ્રત' થાય છે. વ્રત લેનારાને પાખંડી કહે છે. એમની માન્યતા જૂદે જૂદે પ્રકારે દેવને અંગે પણ જૂદી પડે છેઃ કોઇ ઇંદ્રને દેવ માને છે, કોઇ કાર્તિકસ્વામીને દેવ માને છે. કોઇ રૂદ્ર-હરને (શિવને) દેવ માને છે, કોઇ વૈશ્રવણ (યક્ષ-વિશેષ)ને દેવ માને છે, કોઇ નાગને દેવ માને છે, કોઇ યક્ષભૂત (વ્યંતરો)ને દેવ માને છે, કોઇ મુકુંદ (બળદેવ)ને દેવ માને છે, કોઇ દુર્ગાપૂજા કરે છે-આ સર્વ મતો મૂળ સૂત્ર અથવા ટીકામાંથી શોધ્યા છે. અન્ય મતનાં પુસ્તકમાંથી પણ શોધ્યા છે. અનુયોગદ્વારની ટીકામાંથી ૧૪ નામો મળી આવ્યા છે. ત્યાં દ્રવ્ય આવશ્યકનો પ્રસંગ ચાલે છે, તેને અંગે સ્વશરીર અને ભવ્યશરીરને અંગે દ્રવ્યાવશ્યક બતાવી તદ્વ્યતિરિક્ત શરીરના ત્રણ પ્રકાર બતાવતાં બીજા કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યકને અંગે હકીકત કહી છે તેનો આ નીચેની નોટ લખતાં આધાર લેવામાં આવ્યો છે. આ સંબંધી વધારે તપાસ કરતાં કાંઇ હકીકત મળશે તો આગામી આવૃત્તિમાં સુધારો વધારો કરવામાં આવશે. હજુ યથાવકાશ તપાસ ચાલે છે. }

**શાક્ય.** બુદ્ધ ભગવાનના કુટુંબનું આ નામ છે. શાક્ય એટલે બૌધ્ધ મતના અનુયાયીઓ સંભવે છે. એની ચર્ચા ઘણા વિસ્તારથી પ્રકરણ ૩૧ અને પરિશિષ્ટ નં. ૩ માં આવનારી છે તે જુઓ.

जैन साईट JAINSITE ज्ञानम् ज्योति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ત્રિદંડી.** હાથમાં ત્રિદંડ રાખનાર, બીજા હાથમાં કમંડલુ ધારણ કરનાર, ગૈરક વસ્ત્રધારી તાપસ. શૈવ સંપ્રદાયના સંન્યાસીઓ અત્યારે પણ મોટી સંખ્યામાં જોવામાં આવે છે. શંકરાચાર્યના એ સર્વ અનુયાયી છે. એમના ચાર મોટા મઠ છે. આવશ્યક–મલયગિરિજીમાં લખે છે કે मनोवाक्कायदण्डत्रयपरिज्ञानार्थं दण्डत्रयधारके वेदान्तावलम्बिश्रमणभेदे.

**શૈવ.** શિવસંપ્રદાયને અનુસરનારા. એ શૈવ મતના સ્વરૂપ માટે જુઓ સર્વદર્શનસંગ્રહ પૃષ્ઠ ૯૭ થી ૧૦૮. આ માહેશ્વર મત છે. એમાં કર્માદિ સાપેક્ષ પરમેશ્વરને કારણ તરીકે સ્વીકારવામાં આવે છે અને પશુ, પતિ અને પાશ એમ ત્રણ પદાર્થ માનવામાં આવે છે. વિદ્યા, ક્રિયા, યોગ અને ચર્યા એ ચતુષ્પાદ મહાતંત્ર છે. શિવનાં અહીં પંચકૃત્ય મનાય છેઃ સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહકરણ. આત્માને પશુ કહે છે. તે આ મતમાં નિત્ય અને વિભુ મનાય છે. એના વિજ્ઞાનકેવળ, પ્રલયકેવળ અને સકલ એમ ત્રણ પ્રકાર પડે છે. 'પાશ' ચાર પ્રકારના છેઃ મલશક્તિ, કર્મશક્તિ, માયાશક્તિ અને રોધશક્તિ. આત્માની શક્તિને આવરણ કરનાર મલશક્તિ--ત્રાંબા ઉપરના કાટ જેવી છે. રોધશક્તિ પાશના અધિષ્ઠાને કરીને પુરૂષનું તિરોધાન કરે છે. મહાપ્રલય વખતે સર્વ કાર્યશક્તિ તેમાં સમાઇ જાય અને સૃષ્ટિ વખતે વ્યક્તિ પામે તે માયાશક્તિ. ફળાર્થી પુરૂષથી કરાય તે કર્મશક્તિ. એ પ્રવાહરૂપે અનાદિ છે.

**ગૌતમ.** એ ન્યાયદર્શનનું બીજું નામ છે. તેને માટે પ્ર. ૪. પ્ર. ૧૨ ની નોટ નં. ૨ જુઓ. એનો વિસ્તાર એકત્રીશમાં પ્રકરણમાં તથા પરિશિષ્ટ નં. ૩ માં પણ થયો છે. સર્વદર્શનસંગ્રહકારે એનાપર વિવેચન કર્યું છે. અનુયોગદ્વારની ટીકાકાર તેનું વર્ણન આપતાં કહે છે કે "વિચિત્ર પ્રકારે પાદપતનાદિ વિશિષ્ટ કળાસમૂહયુક્ત અને કોડી વિગેરેની માળાથી પોતાના શરીરને વિભૂષિત કરનારા બળદને સાથે રાખીને કણભીક્ષા ગ્રહણ કરનારા" (સૂત્ર વીશપર ટીકા. છાપેલ પુસ્તક પૃષ્ઠ ૨૪–૨૫ માં આ સર્વ ટાંચણો આવે છે તે જ્યાં જ્યાં અનુયોગદ્વાર ટીકાનું નામ આવે ત્યાં ત્યાં સમજી લેવા.)

**સામાનિક.**

**ચરક.** धाटिवाहकाः सन्तः ये भीक्षां चरन्ति ते चरकाः अथवा ये भुञ्जानाश्चरन्ति ते चरकाः (અનુયોગદ્વાર ટીકા પૃ. ૨૪) ધાડાને વહન કરતા ભિક્ષાટન કરવાવાળા અથવા ભોજન કરતા કરતા ભ્રમણ કરવાવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

('ખાટિ'શબ્દનો અર્થ મને બરાબર બેઠો નથી. આ શબ્દનો ઉપયોગ એજ અર્થમાં નીચેની જગ્યોએ આવે છે. જ્ઞાતા. ૧ શ્રુ. ૧૫ અધ્યયન. દશવૈકાલિક. ૧ અધ્યયન. ગચ્છાચારપયન્ના ટીકા. ૨ અધિ. પ્રજ્ઞાપના ૨૦ મું પદ. આચારાંગ-૫ અધ્ય. ૧. ઉ.

**સામપરા.**

**વેદધર્મી.**

**ધાર્મિકા.**

**આજીવિક.** આ એક શ્રમણનો ભેદ છે. ગોશાલકના મતવાળાનું આ નામ છે. એ મતના સંબંધમાં કેટલાંક પુસ્તકો લખાયલાં છે. એ મતનો પ્રચાર ઇસ્વી સન પૂર્વે ઘણો હતો એમ જણાય છે. શ્રીભગવતીસૂત્રમાં એની વ્યાખ્યા કરતાં કહે છે કે 'જેઓ અવિવેકી લોક પાસેથી લબ્ધિ પૂજા ખ્યાતિ વિગેરે વડે તપ કરે અને તેપર આજીવિકા ચલાવે તે આજીવિકો.' ઔપપાતિક સૂત્રમાં તેમની ચર્ચા બતાવતા કહે છે કે 'એ ગોશાલકના મતને અનુસરનારા એક ઘરમાં ભિક્ષા લઇને બે ઘર છોડી દે છે અને ત્રીજે ઘરે ભીક્ષા લે છે અને તે ઘરોમાં નિરંતર કે એકાંતરે ભિક્ષા લેતા નથી, વળી કોઇ અભિગ્રહવિશેષ લઇ ત્રણ ઘર છોડે, ચાર છોડે, એમ સાત ઘર છોડે; વળી કોઇ અમુક વસ્તુ જ લે; કોઇ નિયમવિશેષે અમુક ગૃહસમુદાયમાં જ ભીક્ષા લે: વળી વીજળી પડે તો ભીક્ષા લેવા ન જાય-આવી અભિગ્રહાદિ દ્વારા તપસ્યા કરનારા 'આજીવિક મતવાળા' કહેવાય છે.

**શુદ્ધ.**

**વિદ્યુદ્દંતા.** તે આજીવિકમતનો એક પ્રકાર લાગે છે. विज्जुयंतरयत्ति નામનો એક પ્રકાર છે તેના વર્ણનમાં કહે છે કે विद्युति सत्यां अन्तरं भिक्षाग्रहणस्य येषामस्ति ते विद्युदन्तरिका विद्युत्संपाते भिक्षां नाटन्तीति भावार्थः

**ચુંચુણ.**

**માહેંદ્ર.**

**ચારિક.** અનુયોગદ્વારમાં એક 'ચીરિક' મત બતાવ્યો છે, તે કદાચ આ હોય. એનું સ્વરૂપ બતાવતાં કહે છે કે માર્ગમાં પડેલાં ફાટેલાં તૂટેલાં વસ્ત્રને પહેરવાવાળા અથવા વસ્ત્રનાં જ બનાવેલાં સર્વ ઉપકરણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારણ કરનારા. ( रथ्यापतितचिरपरिधानाश्चीरिकाः अथवा येषां चिरमयमेव सर्वमुपकरणं ते चीरिकाः અનુયોદ્વાર ) જ્ઞાતાસૂત્રના ૧૪ માં અધ્યયનમાં પણ લગભગ એવું જ વર્ણન તેમનું આવે છે.

**ધૂમ.** આ ચારણનો એક પ્રકાર જણાય છે. ગચ્છાચારપયન્નાના બીજા અધ્યયનમાં એનું વર્ણન કરતાં લખે છે કે 'ધૂમાડામાં રહીને અથવા ઊંધા લટકીને અથવા ઊંચા હાથ રાખીને જેઓ અસ્ખલિત ગમન કરે તે 'ધૂમચારણ' કહેવાય છે. આ અભિપ્રાય ચોક્કસ નથી.

**બદ્ધવેશી.**

**ખુંખુક.**

**ઉલ્કા.**

**પાશુપતમતવાળા.** આના સંબંધમાં પૃ. ૮૫૯ ની નોટ નં. ૪ જુઓ. આ શૈવ સંપ્રદાય છે. એને નકુલીશ પાશુપત મત કહે છે. એમના મતમાં આઠ પંચક અને ત્રણ ભેદ યુક્ત ગણને જાણનાર હોય તેને ગુરૂ કહેવાય છે. એની વિગત માટે જુઓ સર્વદર્શનસંગ્રહ ભાષાન્તર પૃ. ૮૯-૯૬. હઠયોગની અહીં મુખ્યતા છે.

**કણાદમતવાળા.** જુઓ પૃ. ૮૫૯ નોટ નં. ૫. વૈશેષિકદર્શનનું સ્વરૂપ ચોથા પ્રસ્તાવના પ્રકરણ ૩૧ માં તથા આ સાથેના પરિશિષ્ટ નં. ૩ માં બહુ વિસ્તારથી આપ્યું છે તેથી અત્ર તે પર વિવેચન કરવાની આવશ્યકતા રહેતી નથી.

**ચર્મખંડીઓ.** ચામડાંનાં વસ્ત્રો પહેરનારા અથવા સર્વ ઉપકરણો ચામડાંના ધારણ કરનારા. ( અનુયોગ૦ ) એજ પ્રમાણે ગચ્છાચારપયન્નામાં તથા જ્ઞાતાની ટીકામાં વર્ણન છે.

**સયોગીઓ.**

**ઉલૂક.** વૈશેષિક મતનું આ નામ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની કાંઇ કાંઇ અપેક્ષા લઇ એ મતવાળા છએ પદાર્થને નિત્ય એકાંત રૂપે પ્રતિપાદન કરે છે. એના વર્ણન માટે જુઓ પ્રકરણ ૩૧ (પ્ર. ૪) અને પરિશિષ્ઠ નં. ૩

**ગોદેહ.**

**યજ્ઞતાપસ.**

**ઘોષપાશુપતો.**

JAINSITE
जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુંદછેદા.

દિગંબર. વાચસ્પતિ લખે છે કે शिवे नग्ने आर्हतभेदे. મારા ધારવા પ્રમાણે એ નગ્ન રહેનારા જોગીઓનો મત હોવો જોઇએ.

કામર્દક.

કાળમુખો.

પાણિલેહા.

ત્રિરાશિઆ. निरासि. जीवाजीवनोजीवभेदास्त्रयो राशयः समाहृतास्त्रि- राशि. રાશિત્રયની હકીકત સ્થાનાંગસૂત્રના ૭ મા ઠાણામાં ત્રીજા ઉદ્દે- શામાં આપી છે. (જુઓ પૃ. ૪૧૨) જીવ અજીવ અને નોજીવની કલ્પના કરનાર ત્રિરાશિકનો મત. આને છઠ્ઠો નિન્હવ ગણ્યો છે. એ મત સ્થાપનારનું નામ 'છલુએ' અથવા રોહગુપ્ત છે. એની હકીકત આ પ્રમાણે છે:- અંતરંજી નામની નગરીમાં એક ભૂતગૂહા નામનું વ્યંતરનું ચૈત્ય હતું. તેમાં શ્રીગુપ્ત નામના આચાર્ય રહેલા હતા. તેમને વાંદવા રોહગુપ્ત ત્યાં આવ્યો. તે વખતે કોઇ વાદીનો પડહ વાગતો હતો તેનો નિષેધ કરી આચાર્યને તે સંબંધી વાત જણાવી. આચાર્યશ્રી- એ પ્રસંગે કામ આવે તેમ ધારી માયૂરી વિગેરે વિદ્યાઓ તેને આપી. તે સર્વ લઇને પોતે રાજસભામાં આવ્યો. બલશ્રી નામનો રાજા હતો, તેની પાસે પોટ્ટશાલનામના પરિવ્રાજક સાથે તેણે રાજસભામાં વાદ આરંભ્યો. છેવટે પોટ્ટશાલે જીવ અજીવ લક્ષણ બે પ્રકારની રાશિની સ્થાપના કરી. એને હરાવવા માટે રોહગુપ્તે નોજીવ લક્ષણ ત્રીજી રાશિની સ્થાપના કરી. પોતાની વિદ્યાઓથી તેને હઠાવ્યો. રોહગુપ્તે ગુરૂ પાસે આવી વાત કરી. ત્રણ રાશિ સ્થાપન કરી જીત મેળવી છે એમ જણાવ્યું. ગુરૂએ કહ્યું 'જા રાજસભામાં જઇને કહે કે મેં જે રાશિત્રણની સ્થાપના કરી છે તે સિદ્ધાન્ત વિરૂદ્ધ છે અને માત્ર વાદી- પર જીત મેળવવા કરી હતી.' રોહગુપ્તે આચાર્યને અભિમાનથી જવાબ આપ્યો 'રાશિ તો ત્રણ જ છે: જીવ, ઘટ વિગેરે અજીવ અને વળ પડતી દોરડીના દૃષ્ટાન્તે નોજીવ. દંડને પણ આદિ મધ્ય અને અંત હોય છે. એમ સર્વ પદાર્થનું સમજવું.' આચાર્ય પોતે રાજસભામાં ગયા. સર્વ વસ્તુ મળે તેવી દુકાને (કુત્રિકાપણે) જઇ જીવ માગતાં પૃથ્વી- કાયાદિ મળ્યાં, અજીવ માગતાં અચેતન પદાર્થ મળ્યા, નોજીવ માગતાં એવો કોઇ પદાર્થ નથી-એવી રીતે તેનો નિગ્રહ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કાપાલિક.**

**ક્રિયાવાદી.** કેટલાક ક્રિયાને પ્રાધાન્ય આપનાર મતો છે. એના ૧૮૦ ભેદો છે. નવ પદાર્થો જીવાજીવાદિ જાણીતા છે, તેને સ્વપર ભેદે તથા નિત્યાનિત્ય ભેદે અને તેને વળી કાળ, નિયતિ, સ્વભાવ, ઇશ્વર અને આત્મા સાથે ભેદ પાડતાં ૧૮૦ થાય. એને અસ્તિત્વવાદી કહે છે. દૃષ્ટાન્ત તરીકે ૧. જીવ છે પોતાથી નિત્ય કાળથી; ૨. જીવ છે પરથી નિત્ય કાળથી; ૩. જીવ છે પોતાથી અનિત્ય કાળથી; ૪ જીવ છે પરથી અનિત્ય કાળથી વિગેરે. આવી રીતે નિયતિ વિગેરે સાથે ભેદ પાડવા. ( સૂત્ર ૧ શ્રુ. ૧૧ અધ્યયન ) ( આચારાંગ ૧. શ્રુ. ૧. અ. ૧ ઉ. ) તથા જુઓ ( સૂત્ર. ૧ શ્રુ. ૧૨ અ. ). આ મતની સામે 'પઢમં નાણં તઓ દયા' વિગેરે સામા સૂત્ર છે. એકલી ક્રિયાને અંધ કહી છે, એકલા જ્ઞાનને પાંગળું કહ્યું છે. આના સંબંધમાં શાસ્ત્રમાં ઘણો વાદ છે. સેનપ્રશ્ન (૧૨૧) માં પણ ઘણી વિગતો છે.

ક્રિયાવાદીના ૧૮૦ ભેદપર વિવેચન કરતાં ષડ્દર્શન સમુચ્ચયના ટીકાકાર શ્રીસૂત્રકૃતાંગને આધારે કહે છે તે ક્રિયાવાદીઓ જીવાદિનું અસ્તિત્વ કહે છે. તે મરીચિ, કુમાર, કપિલ, ઉલૂક, માઠર વિગેરે છે. ત્યાર પછી ઉપર જણાવ્યા તે ૧૮૦ ભેદ વધારે વિગતથી બતાવ્યા છે. જુઓ ભાષાંતર ( વડોદરા સીરીઝ ) પૃષ્ઠ ૯-૧૦

**ગોવ્રતિક.** ગાયના વર્તનને અનુસાર વર્તન કરનારા. પોતે પણ તિર્યંચોની અંદર જ વસે છે એવી ભાવના ભાવતા ગાયના સમુદાયની સાથે નીકળે છે, ગાયની જેમ વર્તન કરે છે, ગાય ચાલે ત્યારે ચાલે છે, બેસે ત્યારે બેસે છે, ઊભી રહે ત્યારે ઊભા રહે છે અને ભોજન કરે ત્યારે તેની માફક તૃણ પત્ર પુષ્પ ફળાદિનું ભોજન કરે છે, **तह ते गावीहिं समं, निग्गमपवेसणाईं पकरंति । भुंजंति जहा गावी तिरिक्खवासं विभाविंता** ( અનુયોગદ્વાર. )

**મૃગચારી.**

**લોકાયતમતી.** આ નાસ્તિક મત છે. એ પરભવ કે આત્માને માનતા નથી, મોક્ષ જેવી કોઇ ચીજ નથી. એનુ વિવેચન પ્ર. ૪ ના પ્ર. ૩૧ માં અને આ સાથેના તે પ્રસ્તાવના પરિ. નં ૩ માં છે, ચોકખા Materialists હોય તેને આ મતના કહી શકાય. એમને 'બાર્હસ્પત્ય' અથવા 'નાસ્તિક' પણ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શંખધમનારા.** આ કાનફટા જોગીઓનો એક મત છે. તેઓ શંખને વગાડવામાં મહા પુણ્ય માને છે અને તે દ્વારા પોતાની પ્રગતિ માને છે. શરીરે રાખ, ઉપર ગૈરવ વસ્ત્ર, ગળામાં મુંડમાળા, કપાળે ત્રિપુંડ્ર, હાથમાં કમંડળ અને પગમાં ચાખડી. શંખ ડાબા હાથમાં રાખી ફુંકે છે.

**સિદ્ધવાદીઓ.**

**કુલંતપો.**

**તાપસ.** તાપ લેનારાને અથવા જેને તાપ હોય તેને તાપસ કહે છે (દશ. ૨. અ) અથવા જેમાં તાપની મુખ્યતા હોય તે તાપસ. (દશ. ૧૦. અ.) દર્શન શુદ્ધિ ગ્રંથમાં એની વ્યાખ્યા કરતા કહે છે કે **सतपस्के वनवासिनि पाखण्डिविशेषे** દર્શન. ૧. તત્ત્વ. શ્રી આદિનાથ જ્યારે એક વર્ષ સુધી ગોચરી માટે ફર્યા ત્યારે તેમના શિષ્યો વનમાં રહેવા લાગ્યા, કંદાદિ ખાવા લાગ્યા અને 'તાપસ' નામથી પ્રસિદ્ધ થયા.

**ગિરરોહા.**

**શૂચિઓ.**

**રાજપિંડવાળા.**

**સંસારમોચકો.**

**સર્વાવસ્થો.**

**અજ્ઞાનવાદીઓ.** આ મતપર વિવેચન કરતાં ષડ્દર્શન સમુચ્ચય ટીકામાં સાત નામો આપ્યા છે: શાલક્ય, સાત્યમુગ્રિ, મૌદ, પિપ્પલ, બાદરાયણ, જૈમિની અને વસ્તુ. એ સર્વ અજ્ઞાનવાદિઓ છે. કુત્સિત જ્ઞાન તે અજ્ઞાન, તે જેને હોય તે અજ્ઞાની. કૃતકર્મ બંધાદિકનો વિચાર નહિ કરનાર તે અજ્ઞાનવાદી. તેઓ કહે છે કે જ્ઞાનથી કાંઇ શ્રેય નથી, જ્ઞાન હોય તો વિરુદ્ધ પ્રરૂપણાનો દોષ થઇ જાય, ચિત્ત કલુષિત થાય અને તે ભાવનાથી સંસારપ્રવૃત્તિ લંબાતી ચાલે. અજ્ઞાનનો આશ્રય કરે તો અહંકારનો સંભવ રહે નહિ, પારકા તરફ ચિત્તકાલુષ્ય થાય નહિ. વળી જે ચિંતવનપૂર્વક કર્મ કરે છે તેને બંધ થાય છે અને તેના પરિણામ પણ અવશ્ય દારૂણ હોય છે, કારણ તે કર્મ તીવ્ર અધ્યવસાયથી કરેલું હોય છે. જે મનોવ્યાપાર વગર કર્મ કરે છે તેને આ વાંધો નથી, તેની તો માત્ર વચન કાયાની જ પ્રવૃત્તિ રહે છે અને દારૂણ મનઃ



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવૃત્તિ વગર બંધ સંભવતો નથી. જેમ જ્ઞાન વધારે તેમ અભિનિવેશ વધારે વળગે, માટે મુક્તિમાર્ગે પ્રવર્તતા મુમુક્ષુઓએ અજ્ઞાનનો જ અભ્યુપગમ કરવો. જ્ઞાનનો આશ્રય જો નિશ્ચય થઇ શકતો હોય તો કદાચ યોગ્ય ગણાય, પણ તેમ તો બનતું નથી. દર્શનોમાં જ પરસ્પર કેટલી વિરૂદ્ધતા છે? આવી દલીલથી અજ્ઞાન મતની સ્થાપના થાય છે. એના ત્રેસઠ વિકલ્પો માટે જુઓ સદર ગ્રંથનું ભાષાંતર પૃષ્ઠ ૧૮.

પાંડુરભિક્ષુઓ. ભિક્ષુ શબ્દથી બૌધના સાધુ સમજાય છે. અહીં જૈન ભિક્ષુનો-પ્રસંગ નથી.

કુમારવ્રતી.

શરીરરિપુઓ.

ઉદ્દંડકો.

ચક્રવાળો. ચક્રવાળ શબ્દનો અર્થ નિત્ય કર્મ થાય છે, દરરોજના અવશ્ય કરવાના કાર્યને ચક્રવાલ કહે છે (પંચવસ્તુ). ચક્રની પેઠે ફરતી અને તેને તે આવતી હકીકતને ચક્રવાળ કહેવાય છે (પ્રવચન સારોદ્ધાર વૃત્તિ. દ્વાર ૧૦૦). એ અર્થમાં આ શબ્દ ચક્રવાલ સામાચારીમાં વપરાય છે. કોઇ મત આવશ્યક ક્રિયાપર ભાર મૂકનારો તે વખતમાં હોવો જોઇએ એમ અનુમાન થાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ત્રપુ.

હસ્તિતાપસ.

ચિત્તદેવ.

બિલાવાસા. બિલ-ગુફામાં રહેનારા (અનુમાનથી).

મૈથુનચારીઓ.

અંબરા.

અસિધારા. તરવારની ધાર જેવું મુશ્કેલ વ્રત પાળવું તે (શબ્દાર્થ.)

માઠરપુત્રકા. આ એક આજીવિક મતનો વિભાગ જણાય છે.

ચંદ્રોદ્‌ગમિકા.

ઉદકમૃત્તિકા.

એકૈકસ્થાલિકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મંખ.** ગોસાલક મતવાળા. એને માટે ઉપર 'આજીવિક' શબ્દ સામે નોટ છે તે જુઓ. એના સ્થાપક ગોસાલકના પિતાનું નામ મંખલિ હતું. એની માતાનું નામ ભદ્રા હતું. એ ગોસાલકનો જન્મ ગાઇના તબેલામાં થયેલો હોવાથી તેનું નામ ગોસાલક પડ્યું હતું. એ મંખલિપુત્રના નામથી પણ પ્રસિદ્ધ છે. ભગવતીસૂત્રમાં એની ઉત્પત્તિ વિગેરેની હકીકત બહુ વિસ્તારથી બતાવવામાં આવી છે. (ભગવતી ૧૫, શ. ૧ ઉદ્દે.)

**પક્ષાપક્ષ.**

**ગજધ્વજો.**

**ઉલૂકપક્ષા.** ઉપર 'ઉલૂક' સાથે નોટ છે તે જુઓ. એ વૈશેષિક દર્શનવાળા છે.

**માતૃભક્તો.** દેવીને પૂજનારા, શક્તિના ઉપાસકો જણાય છે. શક્તિમત સંબંધમાં હાલમાં જસ્ટીસ વુડરોફે પુસ્તક પ્રગટ કર્યું છે તે વિચારવા યોગ્ય છે.

**કંટકમર્દકો.**

---

મૂળ ગ્રંથમાં ઉપરનાં નામો છે. સિદ્ધાન્તમાં નીચેનાં નામો મળે છે.

**ભિક્ષોંડા.** પોતે પાળેલી ગાઇ વિગેરેના દૂધ આદિનું ભક્ષણ નહિ કરતાં માત્ર ભિક્ષાનું ભોજન કરનારા. કેટલાક એને બૌદ્ધ મતની એક શાખાવાળા ધારે છે (ગચ્છાચાર. ૨. અધિકાર) (અનુયોગદ્વાર).

**પાંડુરાંગા.** **भस्मोद्धूलितगात्रे** ભસ્મથી વ્યાપ્ત શરીરવાળા (અનુયોગ).

**ગૃહિધર્મીઓ.** ગૃહસ્થ ધર્મને જ શ્રેય કરનાર તરીકે માનનાર અને તેને અનુસરીને વર્તન કરનારા (અનુ.)

**ધર્મચિંતકો.** યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિપ્રણિત ધર્મસંહિતાનું ચિંતવન કરનારા અને તે અનુસાર વર્તન કરનારા (અનુ.)

**અવિરૂદ્ધ.** દેવ, રાજા, માતાપિતા અને તિર્યંચ વિગેરેના વિરોધ વગરના એટલે સર્વનો એક સરખો વિનય કરનારા. **देवताक्षितीशमातापितृतिर्यगादिनामविरोधेनविनयकारीत्वादविरुद्धाः वैनयिकाः** (અનુયોગ. પૃ. ૨૫ વૃત્તિ.) ષડ્દર્શન ટીકામાં વિનયવાદીના બત્રીશ પ્રકાર બતાવ્યા છે. દેવતા, નૃપતિ, યતિ, જ્ઞાની, વૃદ્ધ, અધમ, માતા અને પિતા એ આઠે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિ કાયા, મન, વાણી અને દાન એ ચાર ચાર પ્રકારે દેશ કાળાનુસાર વિનય કરવો તે રીતે બત્રીશ પ્રકાર. એમાં 'વૈનયિક, વશિષ્ઠ, પરાશર, વાલ્મીકિ, વ્યાસ, ઇલાપુત્ર, સત્યદત્ત વિગેરેનો સમાવેશ થાય છે (પ્રથમ શ્લોકપર ટીકા.)

વિરૂદ્ધ. પુણ્ય પાપ પરલોક આદિને નહિ માનનારા અક્રિયાવાદીઓ. એ સર્વ પ્રકારના સાધુઓથી વિરૂદ્ધ વર્તન કરનારા હોવાથી વિરૂદ્ધ-વિરોધીના નામથી જાણીતા થયેલા છે (અનુ.)

ષડ્દર્શનકાર (ટીકા) કહે છે કે-સંસાર માત્ર ક્ષણિક છે અને જે અસ્થિર છે તેને ક્રિયા કેવી? તેમની ઉત્પત્તિ એજ ક્રિયા અને એજ કારણ. એમાં ક્રોકુલ, કાંઠેવિદ્ધિ, રોમક અને સુગતનો સમાવેશ થાય છે.

વૃદ્ધ. પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનના સમયમાં ઉત્પન્ન થયેલા અને ઘણું કરીને વૃદ્ધાવસ્થામાં દીક્ષા અંગીકાર કરવાથી વૃદ્ધ અથવા 'તાપસો' કહેવાય છે. (અનુ.)

શ્રાવક. ભરત રાજાના સમયમાં શ્રાવકો હતા તેમાંથી પાછળથી થયેલા બ્રાહ્મણો. અહીં શ્રાવકનો અર્થ બ્રાહ્મણ થાય છે. (અનુ.)

પાખંડી. વ્રતનું પાલન કરનારા. પાપનું ખંડન કરનારાને પાખંડી કહે છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ નં. ૨[1]

( પ્રસ્તાવ ૪, પ્રકરણ ૧૪, પૃ. ૮૬૮. )

( ૧ )

**બ્રહ્માના બાલવિપ્લવ.** શંકર કૈલાસમાં રહી એકાકીપણે તપ કરે છે ત્યાં એક વખત નારદ આવી પહોંચ્યા. શંકરને પ્રણામ કરી નારદે કહ્યું 'પ્રભુ! બીજી વાત તો ઠીક, પણ પુત્ર વગર સારી ગતિ નથી, માટે તમે પરણો અને પુત્ર ઉત્પન્ન કરો.' શંકરે તે વાત કબૂલ કરી અને નારદને જણાવ્યું કે તેણે શંકર માટે સારી કન્યા જોઇ આ-વવી. એવી સારી કન્યાને પરણી તેનાથી પોતે પુત્રઉત્પત્તિ કરશે અને વળી તેથી નારદને પરણાવ્યાનું પુણ્ય પ્રાપ્ત થશે. ટીખળી નારદ તો તુરત ત્યાંથી ઉપડ્યા અને હિમાચળ પર્વત પાસે જઇ તેની કન્યા શંકરને આપવાની માગણી કરી. હિમાચળને શંકર જેવા દેવ સાથે પોતાની પુત્રીનો સંબંધ થતો જાણી આનંદ થયો અને તેણે તે વાત કબૂલ કરી. નારદ તો તુરત લગ્ન લઇ શંકર પાસે આવ્યા અને વાત જણાવી.

શંકર તો રાજી થઇ ગયા, સુંદર ભાર્યા મેળવવાની મોજમાં પડી ગયા અને તુરત વૃષભ ઉપર બેઠા. સાથે જાનમાં ભૈરવ ભૂત અને જોગીઓને લીધા. શંકરની સાસુ મેનકાએ શંકરનું અને જાનૈયાનું રૂપ જોયું એટલે તે તો ઝાંખીઝબ થઇ ગઇ અને બોલી કે—આવી જગ્યોએ મારી દીકરીને કોણે નાંખી! અરે એ વર તો જાતે ઘરડો છે, વળી એને સ્વારી કરવાને બાંડો બળદ છે! એને રહેવાને ઘર કે ગામ નથી! એને માથે માબાપ પણ નથી! એના શરીરે ભસ્મ લગાવેલી છે! અને વળી ગળામાં બીહામણો સર્પ છે! અને વળી પોતે ભાંગ અને ધતુરો પી મસ્ત રહે છે! એના હાથમાં ખોપરી છે અને કાખમાં ઝોળી છે! એના માથા ઉપર મોટી જટા છે! અને એવાને

---

૧ આ પ્રસંગમાં મકરધ્વજે (કામદેવે) દેવોના કેવા હાલ કર્યા તેના છ દાખલા મૂક્યા છે. મારી ઇચ્છા એ છએ મૂળ કથાઓ શોધી લખવાની હતી. એને અંગે હું કેટલાક પુરાણી તથા પંડિતને મળ્યો, પણ હજુ મૂળ પુરાણનો પત્તો લાગ્યો નથી. પ્રથમની ત્રણ વાતો **ધર્મપરીક્ષામાંથી** મળી આવી છે તે તેના સ્થાનના નિર્દેષ સાથે લખી છે. નવી આવૃત્તિમાં વિશેષ શોધખોળનું પરિણામ રજુ કરીશ. કોઇ બંધુને આ સંબંધી હકીકત મળે તો મને મોકલવા કૃપા કરવી. મો. ગિ. કા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વળી કન્યા દેવાય ! એવા જમાઇને મારી રૂપાળી કન્યા આપશો તો હું તો મરી જઇશ! એના કરતાં તો દીકરીને પાણીમાં ડૂબાડું કે ઝેર પાઉં તો સારૂં! તેનાં આવાં વચન જાણીને તે વખતે ત્યાં બ્રહ્મા વિધિએ આવ્યા અને બોલ્યા 'અરે બાઇ! તમે તમારી કન્યા શંકરને આપો! એ દેવ જો કોપશે અને તમને શ્રાપ આપશે તો તમારા માટે મોટો અનર્થ કરી નાખશે. તમે વેવિશાળ તોડવાની (વિવાહ ઓછંડવાની) વાત લગાર પણ ન કરો.'

બ્રહ્માનાં આવાં વચન સાંભળી મેનકા ચુપ રહી, બોલતી અટકી પડી. લગ્નની તૈયારીઓ ચાલી. ત્યાં તો પછી પોમાદે, હાંસલદે, હરષાદે, સોમાદે, રંગાદે, નામલદે, દેમાદે, રહકાદે, માણેકદે, રતનાદે, કમલાદે, ભામાદે, મોકલદે વિગેરે સ્ત્રીઓ આવી પહોંચી. તેત્રીશ કરોડ દેવતાઓ આવી પહોંચ્યા. વર સાથે જોગી જોગણુ સેંકડો આવેલા હતા જ. વરને પોંખી ઘરમાં લીધા.

બ્રહ્માએ હર (શંકર) અને ગૌરી (પાર્વતી)નો હસ્તમેળાપ કરાવ્યો. ત્યાર પછી વરકન્યા ચોરીમાં બેઠા. બ્રહ્મા ચાર વેદ બોલી રહ્યા છે, ચાર મંગળ વર્તે છે અને જયજયકાર થઇ રહ્યો છે. આગળ શંકર ચાલે છે અને પાછળ પાર્વતી ચાલે છે અને તેવી રીતે ચોરીમાં ફેરા દે છે. હવે પાર્વતીએ પાનેતર પહેરીને અગ્નિની સામે ચોખા નાખવા માંડ્યા તે વખતે પાનેતરનો છેડો અગ્નિમાં પડી જવાથી જરા સળગ્યો તે ઊંચો લઇને તેને ઓલવવા લાગી. બ્રહ્મા જે આ આ વખતે વેદ બોલી રહ્યા હતા તેણે પાર્વતીનો છેડો ઊંચો થતાં જંઘા જોઇ અને રૂપકાંતિ જોઇ મુંઝાઇ ગયા, ચિત્ત ચલાયમાન થયું, મન ડોળાયું અને કામનો વિકાર થતાં તેજ વખતે તેમને ત્યાં વીર્ય પતિત થયું. બધા દેવો તે વખતે જોઇ રહ્યા હતા તેથી બ્રહ્મા લજવાણા અને શરમના માર્યા પોતાના પગથી વીર્યને ધૂળમાં રગદોળ્યું. એ ચોળેલી ધૂળમાંથી અઠાશી હજાર ઋષિઓ ઉત્પન્ન થયા, હાથમાં કમંડળ ધારણ કરેલા તેઓ ઉઠીને બ્રહ્માને પગે લાગ્યા. અઠાશી હજાર ઋષિઓ બ્રહ્માપુત્ર તરીકે 'વાલુષ'ના નામથી પુરાણમાં પ્રસિદ્ધ છે.

[1]ધર્મપરીક્ષા ખંડ ૨. ઢાળ ૧૭.

---

૧ ગ્રંથકર્ત્તા કહે છે કે આ વાત બ્રહ્મપુરાણમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૨)

**બ્રહ્મા અને મકરધ્વજ:** પુરાણમાં નીચે પ્રમાણે વાત છે. બ્રહ્માએ ઈંદ્રાસન મેળવવા માટે ગંગાને કાંઠે મહા તપ આદર્યું. ડોકમાં જનોઇ, હાથમાં કમંડળ આંગળીઓપર જપમાળા, પહેરવા ઓઢવામાં મૃગચર્મ અને ક્રોધમાન વિગેરે વિકાર તજી દઇ બ્રહ્મધ્યાન કરવા માંડ્યું, ઇંદ્રિયોને દમવા માંડી. એવી મોટી તપસ્યા કરવા માંડી કે આંખ ઉઘાડીને કોઇની સામે નજર પણ કરે નહિ. આવી રીતે સાડી ત્રણ ચોકડી કાળ ગયો, ( બ્રહ્માની એક ચોકડીમાં કરોડો વર્ષ થાય છે. ) ત્યારે ઇંદ્રનું આસન ડોલવા માંડ્યું. બ્રહ્મા ઇંદ્રાસન મેળવવા માટે જ તપ કરતા હતા. ઇંદ્રાસન ડોલતું જાણી ઇંદ્રે બ્રહસ્પતિને તેનું કારણ પૂછ્યું એટલે ગુરૂ બ્રહસ્પતિએ કહ્યું "હાલ બ્રહ્મા તારૂં સ્થાન લેવા તપ કરી રહ્યા છે, સાડી ત્રણ ચોકડી થઇ છે. બાકી રહેલી અરધી ચોકડી પૂરી થશે એટલે તે તારૂં સ્થાન લેશે." ઇંદ્ર આ હકીકત સાંભળી ચોંક્યા અને બ્રહ્માને ચલાયમાન કરવાના ઉપાયો યોજતા તેણે અપ્સરાને બોલાવી અને બ્રહ્માને ધ્યાનભ્રષ્ટ કરવા જણાવ્યું. અપ્સરાઓએ પોતાના તિલ તિલમાત્ર રૂપથી તિલોત્તમા નામની અતિ સૌંદર્યવાળી સ્ત્રી ઉપજાવી. એ તિલોત્તમાએ બ્રહ્માને ચલાયમાન કરવાનું બીડું ઝીલ્યું અને પોતાની સાથે નારદ તુંબરૂ વિગેરે દેવોને લઇને ગંગાપ્રદેશમાં આવી પહોંચી. બ્રહ્માની સમક્ષ એણે અદ્‌ભુત નાટક માંડ્યું. ઘુઘરીઓનો સુંદર અવાજ, ભેરીનો ભંભ અવાજ, નરઘાનો ધોંકાર અને પોતાના હાવભાવથી ઘણા સુંદર નવરસ નાટકની ભવ્ય જમાવટ કરતાં બ્રહ્મા સામું જોઇ રહ્યા, બહુ રાજી થયા અને તેજ કારણે તેમનું ધ્યાન દૂર જવા લાગ્યું. ચિત્ત વાદ્યપર જતાં વળી તિલોત્તમાને પણ જોઇ એટલે મનમાં વિહ્વળતા પણ થઇ. એટલે વળી તિલોત્તમાએ ગાયન આદર્યું, સુંદર આલાપ સ્વર સાથે ગાયન ગાતાં બ્રહ્મા વધારે વિહ્વળ થયા. એટલે જ્યાં બરાબર રસની જમાવટ થઇ ત્યાં તિલોત્તમા સન્મુખથી ઉઠીને બ્રહ્માને ડાબે પડખે ગઇ અને ત્યાં છ રાગ છત્રીશ રાગણીનો આલાપ માંડ્યો. બ્રહ્માને મનમાં થયું કે પોતે સર્વ ઋષિઓમાં વડા હોવા છતાં જો મુખ ડાબી બાજુ ફેરવી તિલોત્તમાને જુએ તો પોતાના ઋષિવર્ગમાં માનહાનિ થાય અને તિલોત્તમાને નજરે જોવાની આવી તક ગુમાવવી એ પણ તેમને ઠીક ન લાગ્યું. પરિણામે તેમણે સંકલ્પ કર્યો કે એક ચોકડી તપના ફળે તેમને ડાબી બાજુએ બીજું મસ્તક થાઓ. તુરતજ ડાબી બાજુએ બીજું મસ્તક થયું. બ્રહ્મા તિલોત્તમાના સુંદર પયોધર જોઇ રાજી થયા એટલે તિલોત્તમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાંથી ઉઠી બ્રહ્માની પછવાડે ગઇ અને ત્યાં નાટક માંડ્યું. વળી બ્રહ્માને વિચાર થયો કે પછવાડે ફરીને જોવાથી તો ઋષિમાં માનહાનિ થાય એટલે એક બીજી ચોકડી તપના ફળે પછવાડે નવું મસ્તક કર્યું. અતિ સૌંદર્યમય સુંદરીને જોઇ બ્રહ્મા રાજી થયા એટલે તિલોત્તમાએ જમણી બાજુએ નાટક માંડ્યું. ત્રીજી ચોકડી તપના બળે જમણી બાજુએ બ્રહ્માએ ઉપરનીજ રીતે અને કારણે ચોથું મસ્તક કર્યું એટલે તિલોત્તમાએ પોતાની બાજી સંકેલી આકાશમાં ઊભા રહી નાટક કરવા માંડ્યું. બ્રહ્માથી ન રહેવાયું, અરધી ચોકડી તપની બાકી રહી હતી તેના ફળે આકાશમાં મુખ થવાની ઇચ્છા કરતાં ગધેડાનું મુખ નીકળ્યું, ભુંકારવ કર્યો, તિલોત્તમાને જોઇ એટલે તિલોત્તમા ઉડી ચાલી અને ઇંદ્રને સર્વ હકીકત નિવેદન કરી. આવી રીતે બ્રહ્માએ સાડી ત્રણ ચોકડી તપ કર્યો તે નિષ્ફળ ગયો.

હવે બ્રહ્મા તો નાટક જોવાનું ભૂલી ગયા અને ગધેડાની જેમ ભૂં ભૂં કરવા લાગ્યા. દેવતાઓ તેને જોવા આવ્યા અને ભૂંકાર કરતા જોઇ આશ્ચર્ય પામ્યા અને ખડખડ હસવા લાગ્યા. બ્રહ્માને કોપ ચઢ્યો એટલે દેવોની પછવાડે દોડ્યા. દેવો આગળ અને બ્રહ્મા પાછળ. સ્વર્ગમાં આથી મોટો ખળભળાટ થઇ ગયો, લોકોમાં ગભરાટ થઇ ગયો, ઋષિઓ તપ જપ ભૂલી ગયા, આ તે ખાશે કે મારશે એવી ચિંતા થઇ પડી અને ચારે તરફ દોડાદોડી થઇ રહી. દેવતાઓ દોડતાં દોડતાં શિવ પાસે આવી પહોંચ્યા. રૂદ્ર તો રૂદ્ર (ક્રોધી) થઇ ગયા અને ગધેડાનું માથું પોતાના નખવડે ખણી નાખ્યું. બ્રહ્માને આથી ઘણી પીડા થઇ અને મુખેથી શિવને અસભ્ય વાત કહેવા લાગ્યા–'અરે પાપી હત્યારા! તારે તો આવી ભુંડી ટેવ જ રહી! તેં શા માટે મારૂં માથું તોડ્યું? તારે માથે તેની હત્યા ચઢી. માટે હવે એ મારૂં માથું તારા હાથપર ચઢી જાઓ! આથી હવે તું કોઇની સાથે આવી ચાલ ચલાવીશ નહિ!'

આ વાત–શ્રાપ સાંભળતાં શિવજી તો કાળાધબ થઇ ગયા, બ્રહ્માને નમી પડ્યા અને પોતાને માથે ચઢેલી હત્યા દૂર થવાનો માર્ગ બ્રહ્માને પૂછ્યો. એણે ઘણાં કોમળ વચનો કહ્યાં એટલે બ્રહ્મા શાંત થયા અને ઉપાય બતાવ્યો કે જો હવે પછી શંકર માથે જટા રાખે, સ્મશાનની રાખ શરીરે ચોળે, મનુષ્યની ખોપરીનો હાર હાડકાં અને રોમમાં ગુંથી ગળામાં પહેરે, ભાંગ અને ધતુરો ખાય, નાગા થઇને ગામે ગામ ફરે, ઘેર ઘેર ભીખ માગતા ફરે, વર્ણાવર્ણનો ભેદ મૂકી દે, જે ભીખ મળે તે એ ગધેડાના મ્હોંઢામાં લઇને દરરોજ ખાય તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનો શ્રાપ દૂર થાય; તે એવી રીતે કે એ મ્હોંઢામાં કોઇ આગળ જતાં લોહી ભરી આપશે ત્યારે શ્રાપ દૂર થશે.

બ્રહ્માનાં આવાં વચન સાંભળી શંકરે જોગીનું રૂપ ધારણ કર્યું, ગામે ગામ રખડવા માંડ્યું, કાપાલિક નામે પ્રસિદ્ધિ મેળવી, સ્મશાન-ભૂમિની સેવના કરી, એમ કરતાં કોઇ પાપીને ઘેર ગયા, ત્યાં તેણે લોહીથી પેલું માથું ભરી આપ્યું, ત્યારે હાથ સાથે જે માથું વળગી પડ્યું હતું તે છૂટ્યું.

હવે બ્રહ્મા તો કામથી વીંધાણા તે વિકળ રૂપે પણ આકાશમાં ચાલ્યા, આખી દુનિયાને સ્ત્રીમય જ જોવા લાગ્યા, ચોતરફ ઉપર નીચે ફરવા લાગ્યા અને એમને જોઇને સ્ત્રીપુરૂષો દોડાદોડી કરવા લાગ્યા. કોઇ ઝાડ આવે, બીડ આવે, તે સર્વને તિલોત્તમા ધારીને બાઝી પડે. એમ કરતાં જંગલમાં એક રીંછડી મળી, એને રંભાના રૂપને ધારણ કરનાર ધારી વૃદ્ધ બ્રહ્માએ તેને ભોગવી. તેનાથી જાંબુવંત ઉત્પન્ન થયો. એ ઘણો બળવાન્ થયો, રામચંદ્રનો દૂત થયો અને બ્રહ્માના પુત્ર તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો.

ધર્મપરીક્ષા રાસ ખંડ ૨. ઢાળ ૧૦-૧૧ નું અવતરણ.

---

## (૩)

**ગોપીપાદવંદન.** સોળ હજાર સ્ત્રીના પતિ દામોદરે એક દિવસ રાધા નામની ગોવાળણી જોઇ. એ માથા ઉપર દહીં દૂધની મટુકી લઇ વેચવા નીકળી પડી હતી. એના રૂપથી દામોદરરાય આશ્ચર્ય પામ્યા અને કામદેવથી એવા વીંધાયા કે બીજી કોઇ સ્ત્રી ગમે જ નહિ અને વાત એટલે સુધી વધી ગઇ કે એના વ્યામોહમાં અન્ય સ્ત્રી ઉપરનો પ્રેમ ગળી ગયો અને રાધા સાથે ઉઘાડી રીતે બોલ્યા કે "રાધા! તારા ઉપર મને પ્રેમ થઇ આવ્યો છે, તારા જેવી કોઇ સ્ત્રી દુનિયામાં નથી. આ તારા માથા ઉપર મટુકી છે તેનું દાણ હું માગું, તો દાણના બદલામાં મારા ઉપર પ્રેમ કર અને એમાં ખેંચતાણ ન કર."

રાધાએ જવાબમાં કહ્યું કે "હું તો આહેરની છોકરી, ભરવાડની બૈરી–હલકી જાતની છું. તમે તો મોટા માણસ અને આમ જાણી જોઇને ખાડામાં કાં પડો છો? તમે ધર્મશાસ્ત્રમાં કહ્યું છે તે વિચારો–પરનારીલંપટ પુરૂષ મરીને પણ દુર્ગતિમાં જાય છે તો તમે વાત કરો છો તે ઠીક નથી. રાતદિવસ જે પાપ બાંધે છે તેને તો અહીં પણ ઘણો સંતાપ થાય છે. એથી એક તો અશુભ ધ્યાન થાય છે અને વળી લોકો એવાને કાંઇ માન આપતા નથી. વળી કર્મજોગે જો રાજાના જાણવામાં એ વાત આવી જાય તો છેદન ભેદન થાય, દંડ થાય,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગધેડાપર અસવારી કરાવે, કેદખાને નખાવે, લિંગ કે નાક કાપી લે. આથી સગાસંબંધીઓનાં મ્હોઢાં પણ કાળાં થાય અને કુળવાન માણસ હોય તો લાજમાં ને લાજમાં મરી જાય. લોકમાં ફિટકાર થાય અને મિત્રોને દુઃખ થાય. આ ઉપર તમને એક વાત કહું છું તે સાંભળો.

એક શેઠ હતા. તેને શ્રીમતી નામની સ્ત્રી હતી. રંભા જેવી રૂપાળી અને અતિ સૌંદર્યશાળી હતી. શેઠને નગરના પુરોહિત સાથે મિત્રાઇ હતી. પુરોહિત શેઠને ઘેર દરરોજ આવે અને સર્વ સાથે પરિચયમાં રહે. કોઇ કારણે શેઠ એક વખત પરદેશ ગયા અને જતી વખત ઘર પુરોહિતમિત્રને ભળાવતા ગયા. શેઠ વિદાય થયા અને પુરોહિતે સ્ત્રીસાથે સ્નેહ માંડ્યો, પ્રણયપ્રાર્થના કરી. શ્રીમતી પવિત્ર હતી, પતિપરાયણ હતી, ઘરમાં એકલી હતી અને જાતે ઘણી ચતુર હતી. તેણે વખત વિચારી લીધો, પોતાની સ્થિતિની ગંભીરતા જાણી લીધી, પોતાના શિયળને જાળવવાની ચિંતા કરી લીધી અને એક ક્ષણમાં પોતે ઉપાય યોજ્યો કે પુરોહિતની લાજ જાય તો જ તે ઠેકાણે આવશે. ચતુર શ્રીમતીએ બહુ ટુંકા વખતમાં નિર્ણય કરી લીધો, લખતાં કે વાંચતાં વખત લાગે તેટલાથી પણ થોડા વખતમાં તે સ્નેહભરેલા દેખાવે બોલી કે પુરોહિતે એક પહોર રાત્રી પૂરી થયે આવવું એટલે એકાંતમાં આનંદ થશે. પુરોહિત રાજી થયો અને પોતાને ઘેર ગયો.

શ્રીમતી ત્યાર પછી તુરત જ કોટવાળને ઘેર ગઇ, કોટવાળને કહ્યું કે એને પુરોહિત સતાવે છે, પોતાની લાજ કોટવાળના હાથમાં છે. વિગેરે. એટલે કોટવાળ તો એ સુંદરીના હાવભાવ જોઇ લપટાઇ ગયો અને જવાબમાં કહ્યું કે " એ પુરોહિતના તે શા ભાર છે! તું મારી સાથે પ્રેમ કર, પુરોહિતને હું પહોંચી વળીશ." સુંદરી સમજી કે આ તો ઓલામાંથી ચુલામાં પડ્યા. કોટવાળને તે જ રાત્રે બીજે પહોરે પોતાને ઘરે આવવાનું કહી તેને રાજી કરી મનમાં વિમાસણ કરતી સુંદરી પ્રધાનના ઘર પર પહોંચી.

રૂપ પણ કેટલીકવાર નુકસાન કરી બેસે છે. એને ભય ઘણો છે તે તો આપણા દરરોજના અનુભવનો વિષય છે. કોટવાળ સંબંધી સર્વ હકીકત સુંદરીએ પ્રધાનને જણાવી એટલે પ્રધાન તો સુંદરીના રૂપ, લટકાં અને શરીરનો મરોડ જોઇ કામાંધ થઇ ગયો. સુંદરી પાસે પ્રેમયાચના કરી અને પોતાને વશ થતાં કોટવાળને ચપટીમાં ચોળી નાખવાની પોતાની શક્તિના વખાણ કર્યા. સુંદરી મનમાં મુંઝાણી પણ સમયસૂચકતા ન ચૂકી. અંતરભાવ છુપાવી સાધ્વી પતિવ્રતાએ પ્રધાનને પોતાને ઘરે ત્રીજે પહોરે તે જ રાત્રે આવવાનું જણાવી તેને આશાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસમાં બાંધી લઇ ત્યાંથી ચાલીને સીધી રાજા પાસે પહોંચી. તેને ખાત્રી હતી કે આખરે રાજા તો તેને રક્ષણુ આપશે અને પોતાની બધી ઘુંચ નીકળી જશે, પણુ એને તો ઘરમાં ઉઠ્યા વનમાં ગયા તો વનમાં લાગી આગ-જેવી વાત બની. રાજાને એણે સર્વ વાત કહી સંભળાવી. રાજા તો સુંદરીના શબ્દમાધુર્ય, સાદા પણુ સૌંદર્યભાવવાહક કપડામાં વ્યામૂઢ થયો, બોલવાની ઢબ અને આંખના તેજમાં અંજાઇ ગયો, પાતળી કેડ અને નખશીખ નમણાઇ જોઇ એકરસ બની ગયો, એને ન રહ્યું પોતાના સ્થાનનું ભાન કે ન રહ્યો પોતાની જવાબદારીનો ખ્યાલ. એણે રક્ષણુ માગવા આવેલી સુંદરી પાસે પ્રણુયભીક્ષા માગી, સુંદરીને જણાવી દીધું કે એ પુરોહિત, કોટવાળ અને પ્રધાનને કાઢી મૂકવાની તેનામાં શક્તિ છે, પણુ સાથે સુંદરીને પટરાણી બનાવવાની લાલચ પણુ આપી દીધી અને બદલામાં વ્યભિચારની પ્રાર્થના કરી. સુંદરી ચેતી ગઇ, ગભરાણી, લજવાણી, શરમાણી, પણુ વખત વર્તી ગઇ. રાજાને ચોથે પહોરે આવવાનું કહી ત્યાંથી ચાલી નીકળી. રાજા પણુ પોતાના કાર્યમાં સફળતા મળેલી જોઇ પોતાની (ફસાવવાની) શક્તિ માટે મગરૂબ થતો ત્યાં બેસી રહ્યો.

સુંદરી રાજમહેલમાંથી નીકળી ત્યારે તેના મનની સ્થિતિ અજબ થઇ રહી હતી, પોતાનું શિયળ જાળવવાના ઉપાયની મનમાં યોજના કરી રહી હતી. પડોશમાં એક ડોશી રહેતા હતા, તેને એક કાગળ લખી આપ્યો અને કહ્યું કે ચાર ઘડિ રાત રહે ત્યારે કાગળ લઇને ઘરે આવવું અને બહારથી રડારોળ કરી મૂકવી. ડોશીએ વાત સ્વીકારી. ઘરે જઇ એક પેટી (મંજુસ) ચાર ખાનાવાળી હતી તેને તૈયાર કરી રાખી મૂકી. સંધ્યાસમય થયો એટલે પોતે સોળ શણુગાર સજી તૈયાર થઇ. પુરોહિત આવ્યો, તેને આદરમાન આપ્યું, જણાવ્યું કે તેની વાટ જ પોતે જોઇ રહી હતી. વાતચીતમાં વખત નીકળી ગયો. પહોર પૂરો થયો, ત્યાં કોટવાળ આવી પહોંચ્યો, બહારથી બારણું ખખડાવ્યું એટલે પુરોહિતનાં હાંજાં ગગડી ગયાં. શ્રીમતી બોલી કે 'તમારી રાહ જ જોઇ રહી હતી' એટલે પુરોહિત વધારે ગભરાયો. બચવાનો ઉપાય માંગતાં શ્રીમતીએ મંજુસ બતાવી. એક ખાનું ઉઘાડી પુરોહિતને અંદર પૂરી ચાવી દઇ ઘરનાં બારણાં ઉઘાડ્યાં, કોટવાળ અંદર આવ્યો. તેની સાથે ખાવા પીવામાં એક પહોર સુંદરીએ વટાવી દીધો. બરાબર મધરાતે પ્રધાન આવી પહોંચ્યો એટલે કોટવાળ સાહેબ ગભરાઇ ગયા. ચૂપ થઇ પડી રહેવાની ઇસારત કરી પેલી મંજુસના બીજા ખાનામાં કોટવાળને ઘાલ્યો અને ચાવી દઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીધી. પ્રધાન પાસે સુંદરીએ ગાન આરંભ્યું. રસમાં એક પહોર વીતી ગયો ત્યાં રાજા સાહેબ પધાર્યા એટલે પ્રધાનને ઘણો ગભરાટ થયો. તેને પેલી મંજુસના ત્રીજા ખાનામાં પૂર્યો અને શ્રીમતીએ રાજાને ઘરમાં દાખલ કર્યો! રાજાને નયણબાણોથી રીઝવતી રહી અને જ્યાં બરાબર ચાર ઘડિ રાત રહી ત્યાં ડોશીમાએ ઘરબાહિર આવી ધમસાણ કરી મૂક્યું. મુખેથી રડવા લાગી કે 'અલિ મુરખી, જાગ, બારણાં ઉઘાડ. તારો ધણી મરી ગયો. તું રાંડી. આ તેના મરણનો કાગળ આવ્યો છે તે વાંચ' અંદરથી સુંદરીએ રડવા માંડ્યું. ઘર બહાર સગાઓ આવી પહોંચ્યા. મોટેથી પોક મૂકવા લાગ્યા. અંદર રહેલો રાજા મુંઝાયો, જાણ્યું કે આ તો રંગમાં ભંગ પડ્યો. ડુસકા લેતી સુંદરી બોલી કે 'તમારો ફજેતો થશે, તમે પેલી મંજુસમાં છુપાઇ જાઓ, નહિ તો બહુ બેઆબરૂ થશે! કણમણતે મને રાજા મંજુસમાં પેઠો અને સુંદરીએ ચાવી દઇ કેડે ચઢાવી. આવી રીતે ચારે દુરાચારીઓને એક જ પેટીમાં કેદ કર્યા.

સુંદરીને ઘરે તો સગાઓ ભેગા થયા, કાણમોકાણ થઇ અને સર્વે ન્હાયા. રાણીએ રાજાની તપાસ કરવા માંડી, રાજાનો પત્તો જ મળે નહિ. કોટવાળ, પ્રધાન, પુરોહિત પણ ગેપ થયેલા જણાયા. રાણીએ વખત વર્ત્યો, શેઠ વગરપુત્રે ગુજરી ગયા એટલે તે વખતના ધોરણ પ્રમાણે રાજ્યમાં તેનું ધન જાય તે લેવા રાજપુરૂષોને રાણીએ મોકલ્યા. ઘરમાંથી સારસાર વસ્તુ લઇ જવાની છે એમ જણાવતા સુંદરીએ કહ્યું ઘરની સર્વે માલમાલ વસ્તુ પેલી મંજુસમાં છે તેને ગાડામાં ઘાલી લઇ જાઓ. રાજસેવકોએ તેમ જ કર્યું. રાણીએ જાણ્યું કે શેઠ પરદેશ જતાં બધી મૂલ્યવાન્ ચીજો એ પેટીમાં મૂકી ગયા હશે એટલે એકદમ જાતેજ નીચેથી બારણાં ઉઘાડવા માંડ્યા. પહેલા ખાનામાંથી પુરોહિત નીકળ્યો. રાણી ઘણી આશ્ચર્ય પામી. રાણી બોલી 'અરે! તમે અહીં ક્યાંથી?' એટલે પુરોહિત કહે 'તમે બીજું બારણું ઉઘાડો.' રાણીએ તેમ કર્યું એટલે ત્યાંથી કોટવાળ નીકળ્યો. રાણી વધારે આશ્ચર્ય પામી. રાણીએ ટીકા કરી કે 'તમે તો ચોરને પકડવા અહીં બેઠા હશો! વારૂ વારૂ!!'

કોટવાળ તો ઝંખવાણો પડી ગયો અને ત્રીજું દ્વાર ઉઘાડવા કહ્યું. તેમ કરતાં ત્યાંથી પ્રધાનજી નીકળ્યા. રાણી બોલી અરે દિવાનજી! તમે તો દફતર માંડવા માટે આ એકાંત સ્થાનમાં બીરાજ્યા હશો!! પ્રધાન જરા પાક્કો હતો. શરમાયો નહિ. રાણીને કહે 'અમે તો રાજાજી સાથે કાંઇ કામસર ગયા હતા. ચોથું બારણું ઉઘાડો.' રાણીએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ કર્યું એટલે અંદરથી રાજા નીકળ્યો, બહુ શરમાઇ ગયો, અંદરથી મુખ ઢાંકી દીધું, લોકોએ ફીટકાર કર્યો. ત્રણે ઉઠી ઉઠીને પોતપોતાને ઘરે શરમાતા શરમાતા ગયા.

શ્રીમતીને સાસરવાસો કર્યો, તેના શિયળના વખાણ કર્યાં, ચારેએ તેને બહેન કરીને સ્થાપી અને ગયેલી આબરૂ સહજ પાછી મેળવી—આ પ્રમાણે વાત કરી રાધા કહેવા લાગી 'રાજવી! પારકી સ્રીના સંબંધથી આવો ઉત્પાત થાય છે.'

દામોદર ઉત્તરમાં કહેવા લાગ્યા. 'અમે સર્વે શાસ્ત્રો જાણીએ છીએ. તમે એની ચિંતા ન કરો, અમારો વિરહાનળ શાંત કરો. અમે તો કુબ્જા જેવી સ્રીઓનો ઉદ્ધાર કર્યો છે, માટે તમે ના પાડો નહિ.'

રાધા પ્રણયપ્રાર્થનાથી રાજી થઇ, એક ખાલી ઘર શોધી કાઢ્યું, તેમાં પોતે ગઇ, પછવાડે દામોદર આવ્યા, બન્ને સારી રીતે મળ્યા, દામોદરરાયે રાધાને સારી રીતે સંતોષી, રાધાએ પછી હાથ જોડી કહ્યું 'સ્વામી! હવે મને જવા દો, મારો ધણી જાણશે તો મારી ઉપર ગુસ્સે થશે. એક તો મારા ઘરમાં કામ ઘણું છે અને વળી હું વ્યભિચાર કરૂં છું એમ જાણશે તો મને જરૂર ગાળ દેશે. અત્યારે મને જવા દો, રાતે મારે ઘરે આવજો.!' આમ કહી ઘરની નિશાની બતાવી દીધી. આટલું કહી રાધા વિદાય થઇ.

ગોવિંદને વિરહાનળ વધ્યો, આખી દુનિયામાં રાધાને જ દેખવા લાગ્યા, એક દિવસ તે મોટો ચુપ થઇ પડ્યો, ઠંડી વસ્તુઓ ગરમ આગ જેવી લાગવા માંડી. આમ મહા મુશીબતે સૂર્ય અસ્ત થયો, રાત પડી, અંધારૂં થયું. એટલે ચોરની પેઠે ગોવિંદરાય ગોવાળણીને ઘરે આવ્યા. કમનસીબે તે વખતે ઘરનાં દ્વાર બંધ હતાં, એટલે વૈકુંઠનાથ વિચારમાં પડ્યાં કે જો બોલું તો બીજા લોક જાગે, ન બોલું તો કામ ન થાય; આખરે રસ્તો સૂઝ્યો. આગળથી દ્વારને ટપ ટપ કર્યું એટલે અંદરથી રાધા અને બહારથી ગોવીંદ વચ્ચે શબ્દજાળની વાતો થઇ. એકે પોતાને ચક્રીશ રહ્યા એટલે રાધાએ તેને કુંભારના ઇશ કહ્યા. આવી ટપાટપી પ્રેમથી કરી ગોવીંદરાયને અંદર લીધા. આખી રાત કામભોગ ભોગવ્યા. સવારે સૂર્યોદય થતાં પોતાને મહેલે જાય અને રાજ્ય કરે અને એવી રીતે ઘણા વખત સુધી પરસ્રી રાધા ગોવાળણી સાથે ખેલ શ્રીકૃષ્ણે કર્યો.

ધર્મપરીક્ષારાસ ખંડ ૨ ઢાલ ૭–૮–૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# [1]પરિશિષ્ટ નં. ૩.

(પ્રસ્તાવ ૪, પ્રકરણ ૩૧.)

## ષડ્પુરના નિર્વૃતિમાર્ગો.[2]

### નૈયાયિક.

"હવે એ છ દર્શનો પૈકી નૈયાયિકો પોતાનો નિર્વૃતિમાર્ગ આવી રીતે કલ્પે છે:

સોળ તત્ત્વોના યથાર્થ જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તે સોળ તત્ત્વો આ પ્રમાણે: (૧) પ્રમાણ. (૨) પ્રમેય. (૩) સંશય. (૪) પ્રયોજન. (૫) દૃષ્ટાન્ત. (૬) સિદ્ધાન્ત. (૭) અવયવ. (૮) તર્ક. (૯) નિર્ણય. (૧૦) વાદ. (૧૧) જલ્પ. (૧૨) વિતંડા. (૧૩) હેત્વાભાસ. (૧૪) છલ. (૧૫) જાતિ. (૧૬) નિગ્રહસ્થાન.

#### ૧. પ્રમાણ.

અર્થની ઉપલબ્ધિનું કારણ તે પ્રમાણ. તેના ચાર પ્રકાર છે:

૧ પ્રત્યક્ષ.
૨ અનુમાન.
૩ ઉપમાન.
૪ શબ્દ.

(૧) **પ્રત્યક્ષ.**[3] ઇંદ્રિય અને પદાર્થોના સંબંધથી ઉત્પન્ન થનાર,

---

૧ આ પરિશિષ્ટ બહુ વિચાર અભ્યાસ અને શ્રમ કરીને લખ્યું છે, તેનો વિષય દાર્શનિક છે તેથી સામાન્ય વાંચનારે તે આખું છોડી દેવું. આ વિભાગમાં મેં ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથ અને ટીકાનો છૂટથી ઉપયોગ કર્યો છે અને મૂળ લેખમાં ઘણો વધારો કર્યો છે. જિજ્ઞાસુને ઘણી હકીકત ભાષામાં મળે તેથી બહુ સ્થાનેથી મેળવી વિચારી હકીકત લખી છે. સામાન્ય વાંચનારે આ પરિશિષ્ટ છોડી દેવું. આમાં મૂળમાં જે નામો આવ્યાં છે તેની વ્યાખ્યા વિગત અન્ય સ્થાનેથી લીધા છે. કોઈ પણ બાબત આધાર વગર લખી નથી. મો. ગિ. કા.

૨ પ્રકરણ ૩૧ માંનો અત્ર વિસ્તાર છે. આ દાર્શનિક વિષય છે.

૩ **અવ્યપદેશ્ય** એટલે કલ્પનારહિત. ઇંદ્રિયાર્થ **સંનિકર્ષ**(સંબંધ) છ પ્રકારનો છે: પાંચ ઇંદ્રિય અને છઠ્ઠું અભાવ. વ્યભિચારી જ્ઞાન તે શુક્તિમાં રજત બુદ્ધિ. વ્યવસાયાત્મક એટલે નિશ્ચયાત્મક. આમાં **અયોગિ** અને **યોગિ** એમ બન્ને પ્રકારના **પ્રત્યક્ષનો** સમાવેશ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચનદ્વારા કથન ન કરી શકાય તેવું (અવ્યપદેશ્ય), વ્યભિચાર દોષથી રહિત વ્યવસાયાત્મક જ્ઞાન તો પ્રત્યક્ષ.

(૨) **અનુમાન.** તે પૂર્વક[૧] ઉત્પન્ન થનાર જ્ઞાન. તેના ત્રણ પ્રકાર છે: પૂર્વવત્, શેષવત્, સામાન્યતો દૃષ્ટ.

પૂર્વવત્—કારણથી કાર્યનું અનુમાન. જેમકે: આકાશમાં કાળાં વાદળાં ચઢી આવવાથી વૃષ્ટિ થવાનું જે અનુમાન કરવું તે.[૨]

શેષવત્—કાર્યથી કારણનું અનુમાન. જેમકે! નદીમાં મોટું પૂર આવ્યું છે તેમાં ફળો કાષ્ઠો વિગેરે તણાઇ આવ્યાં છે તે પરથી નદીના ઉપરના ભાગ તરફ વૃષ્ટિ થઇ છે એવું અનુમાન કરવું તે.[૩]

સામાન્યતો દૃષ્ટ.— કાર્ય કારણ ભાવ વિના પણ અન્ય રીતે સામાન્યથી અવિનાભાવ (વ્યાપ્તિ) બળથી જે લિંગ દેખવામાં આવે તે. જેમકે: દેવદત્તાદિકની દેશાંતરપ્રાપ્તિ ગતિપૂર્વક જાણીને તે જ પ્રમાણે સૂર્યની પણ દેશાંતરપ્રાપ્તિ ગતિપૂર્વક છે એવું જે અનુમાન કરવું તે.[૪]

(૩) **ઉપમાન.** પ્રસિદ્ધ વસ્તુ સાથેના સાધર્મ્યને લીધે જે અપ્રસિદ્ધ વસ્તુનું સાધન તે ઉપમાન કહેવાય. જેમકે જેવી ગાય દેખાય છે તેવાંજ ગવય હોય છે.[૫]

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

---

૧ **તે પૂર્વક** એટલે પ્રત્યક્ષ જ્ઞાનના ત્રણે વિશેષણો અત્ર યોજવા એટલે જે **લિંગાદિથી, અર્થોપલબ્ધિરૂપ, અવ્યભિચરિત, અવ્યપદેશ્ય, વ્યવસાયાત્મક તત્પૂર્વક જ્ઞાન થાય તે અનુમાન.**

૨ **પૂર્વવત્** એટલે પક્ષધર્મત્વ.

૩ **શેષવત્.** અહીં સપક્ષેસત્વ લાગુ થાય છે.

૪ અહીં લીંગી સાથે અવ્યભિચરિત સંબંધ છે; બલાકાથી જળના અનુમાન પેઠે. ટુંકામાં કહીએ તો પૂર્વજ્ઞાન તુલ્ય જ્ઞાન જેનાથી થાય તે **પૂર્વવત્ અનુમાન.** જે પ્રસક્ત હોય તેનો પ્રતિષેધ કરવાથી અન્યત્ર પ્રસંગ હોવો અસંભવિત થાય એટલે જે શેષ રહે તેની પ્રતીતિ થાય તે **શેષવત્.** જ્યાં ધર્મી તથા સાધનધર્મ પ્રત્યક્ષ હોય અને સાધ્ય ધર્મ સર્વદા અપ્રત્યક્ષ સધાય તે **સામાન્યતો દૃષ્ટ.**

૫ શેઠે નોકરને ગવય લાવવાની આજ્ઞા કરી, નોકર સમજતો નથી કે ગવય કેવું હોય. શેઠ સમજાવે છે કે 'ગા તેવું ગવય.' પછી જંગલમાં ગવય જોતાં શેઠના વાક્યાર્થના સ્મરણ અને ઇંદ્રિયાર્થ સન્નિકર્ષથી જે જ્ઞાન થાય–'આ ગો જેવું છે,' એવું જે સાધર્મ્ય જ્ઞાન થાય ને તેને લઇને સંજ્ઞાસંજ્ઞી સંબંધની જે પ્રતીતિ થાય છે તે ઉપમાન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) શબ્દ. એકાંત સત્ય અને હિત બોલનાર તે આપ્ત. તેમનો ઉપદેશ એટલે તેમનું વચન તે આપ્તોપદેશ. આપ્તોપદેશ એટલે આગમ-શબ્દ.[1]

૨. પ્રમેય. પ્રમાણુ ફળથી જે ગ્રાહ્ય તે પ્રમેય. તેના બાર પ્રકાર છે.

(૧) આત્મા. એની પ્રતીતિ સચેતનત્વ, કર્તૃત્વ, સર્વગતત્વ આદિ ધર્મથી થાય છે. એ કાંઇક હેય અને કાંઇક ઉપાદેય છે. (સુખ દુઃખાદિ ભોક્તા રૂપે હેય, વિમુક્ત રૂપે ઉપાદેય).

(૨) શરીર. તેનું જે ભોગાયતન તે શરીર. ૨ થી ૧૧ હેય છે.

(૩) ઇંદ્રિય. પાંચઃ ઘ્રાણુ, રસન, ચક્ષુ, ત્વક્, શ્રોત્ર.

(૪) અર્થ. પાંચઃ ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ.

(૫) બુદ્ધિ. એટલે ઉપલબ્ધિ અર્થાત્ જ્ઞાન.

(૬) મન. યુગપત્ જ્ઞાન થતું નથી તેનું કારણુ. અંતરકરણુ. એ અણું છે, વેગવાળું છે, આશુ સંચાર કરનારૂં છે અને નિત્ય છે.

(૭) પ્રવૃત્તિ. વાણી મન અને કાયાનો શુભાશુભ ફળવાળો વ્યાપાર.

(૮) દોષ. રાગ, દ્વેષ, મોહ ઇર્ષ્યાદિનો પણુ એમાં જ સમાવેશ થાય છે. સંસારમાત્ર એ દોષનો જ બનેલો છે.

(૯) પ્રેત્યભાવ. પૂર્વના દેહ ઇંદ્રિયાદિનો ત્યાગ કરી નવો દેહ ઇંદ્રિયાદિ સંઘાત ગ્રહણુ કરવો તે. એ જ સંસાર.

(૧૦) ફળ. પ્રવૃત્તિદોષથી પેદા થયેલું સુખ દુઃખાત્મક જે પરિણામ તે મુખ્ય ફળ, તેનું સાધન તે ગૌણુ ફળ.

(૧૧) દુઃખ. પીડા સંતાપ સ્વભાવવાળું તે.

(૧૨) અપવર્ગ. આત્યન્તિક દુઃખોચ્છેદ તે અપવર્ગ એટલે મોક્ષ. આ અપવર્ગ ઉપાદેય છે અને પરમ પુરૂષાર્થ છે. એ થવામાં તત્વજ્ઞાન એ જ મુખ્ય માર્ગ છે.

૩. સંશય. આ તે થાંભલો છે કે પુરૂષ છે? આવા પ્રકારના સંદેહવાળો પ્રત્યય થાય તે સંશય. એ સંદિગ્ધ એટલે કોઇ

---

૧ નૈયાયિકો આ ચાર પ્રકારનાં પ્રમાણો માને છે. અહીં જે પ્રમાણુ વિગેરેની વ્યાખ્યા છે તે તેમના મત પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક કોટિનો જેમાં નિશ્ચય હોતો નથી એવો અનેક કોટિના પરામર્શવાળો જે પ્રત્યય તે સંશય.

૪. **પ્રયોજન.** જેના અર્થે એટલે જેની અભિલાષાથી પ્રવૃત્તિ થાય એટલે તે પદાર્થના સાધન માટે યત્ન થાય તે જે સાધ્ય, અથવા કર્તવ્યરૂપે ઇષ્ટ પ્રયોજન અથવા ફળ, જેની ઇચ્છાથી પ્રવૃત્તિ થાય તેનું નામ પ્રયોજન જાણવું. પ્રમાણની પ્રવૃત્તિ થવી તે પ્રયોજનમૂલક છે.

૫. **દૃષ્ટાન્ત.** જણાયલો છે અંત એટલે નિશ્ચય જેમાં. વાદી પ્રતિવાદિના વાદમાં જે વિષયનો તકરાર ન હોય, એટલે બન્નેને જે મુદ્દાઓ સંમત હોય તે દૃષ્ટાન્ત. એવી વગર વાંધાની (અવ્યભિચારી) બાબતોનો બન્ને પક્ષકારો છૂટથી ઉપયોગ કરી શકે છે.

૬. **સિદ્ધાન્ત.** એના ચાર પ્રકાર છે:—

(૧) **સર્વતંત્ર સિદ્ધાન્ત.** સર્વ શાસ્ત્રો જે નિર્ણય માન્ય કરે તે, સર્વને અવિરુદ્ધ સિદ્ધાન્ત. સર્વમાન્ય સત્યો (Universal truths). જેમકે: પ્રમાણ પ્રમેયનાં સાધન છે, ઘ્રાણાદિ ઇંદ્રિય છે, વિગેરે.

(૨) **પ્રતિતંત્ર સિદ્ધાન્ત:** સમાન તંત્રમાં પ્રસિદ્ધ અને પરતંત્રમાં અસિદ્ધ એવો સિદ્ધાન્ત. જેમકે યોગવાળા અને વૈશેષિકો ઇંદ્રિયોનું ભૌતિકત્વ માને છે, સાંખ્યવાળા નથી માનતા; સાંખ્યવાળા સર્વની ઉત્પત્તિ સત્‌થી માને છે, નૈયાયિક સામગ્રીવશાત્ અસત્‌થી માને છે અને જૈનો સદસત્ ઉત્પત્તિ માને છે એ પ્રતિતંત્ર સિદ્ધાન્તો કહેવાય.

(૩) **અધિકરણ સિદ્ધાન્ત:** જેની સિદ્ધિ કરવા જતાં અન્યની સિદ્ધિ પ્રસંગને લઇને થઇ જાય. બાબત પ્રકૃત હોવી જોઇએ.

(૪) **અભ્યુપગમ સિદ્ધાન્ત.** પ્રૌઢ વાદીઓ પોતાની બુદ્ધિનો અતિશય દર્શાવવા કોઇ અપરીક્ષિત વસ્તુને પણ અંગીકાર કરીને તેના વિષયની પરીક્ષા કરે છે. કાયદાશાસ્ત્રીઓ સામાની દલીલ તકરાર ખાતર સ્વીકારી તેનાપર દલીલ કરે છે તેમાં સામાની દલીલનો સ્વીકાર થતો નથી, પણ તેનો સ્વીકાર માની લઇ તેપર વિશેષ દલીલ કરાય છે. શબ્દ દ્રવ્ય છે એમ કોઇ કહે તો સામો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સવાલ કરે કે દ્રવ્ય કહોછો તો તે નિત્ય છે કે અનિત્ય? આમ પરીક્ષા ચલાવે તે અભ્યુપગમ સિદ્ધાન્ત.

૭. **અવયવ.** પાંચ છેઃ પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય અને નિગમન.

**પ્રતિજ્ઞાઃ** એટલે પક્ષને ઉદ્દેશીને ધર્મધર્મી વચનઃ 'આ પર્વત વન્હિમાન્ છે.'

**હેતુઃ** એટલે સાધનરૂપ લિંગવચનઃ 'ધૂમવાન્ છે માટે.'

**દૃષ્ટાન્તઃ** એટલે ઉદાહરણ. બે પ્રકારના હોય છેઃ અન્વય કે વ્યતિરેક.

**ઉપનયઃ** એટલે હેતુનો ઉપસંહાર કરવા રૂપ વચન. 'આ ધૂમવાન્ છે.'

**નિગમનઃ** એટલે હેતુના ઉપદેશપૂર્વક સાધ્ય ધર્મનો ઉપદેશ કરવો તે. જેમકેઃ 'ધૂમવાન્ છે માટે આ વન્હિમાન્ છે.'

૮. **તર્ક.** વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય નહિ ત્યારે આ સ્થાણું (ઝાડનું ઠુંઠું) છે કે પુરૂષ? એવો સંદેહ થાય તે સંશયને ટાળવા માટે અન્વયધર્મઅન્વેષણ રૂપ તર્ક પ્રયુક્ત થાય. જેમકે આના ઉપર કાગડા વિગેરે બેસે છે, વેલડીઓ વીંટાઇ છે અને હાલતું નથી માટે એ 'સ્થાણું' હોવું જોઇએ.

૯. **નિર્ણય.** સંશય અને તર્ક થયા પછી જે નિશ્ચય થાય તે નિર્ણય. જેમકે 'આ સ્થાણુ જ છે,' અથવા 'આ પુરૂષ જ છે' વિગેરે.

૧૦. **વાદઃ** કથા ત્રણ પ્રકારની છેઃ વાદ, જલ્પ અને વિતંડા. તેમાં સત્ય સમજવા ખાતર ગુરૂ શિષ્ય પૂર્વપક્ષ ઉત્તરપક્ષ કરે, જેમાં સામાપર હારજીતનો ઉદ્દેશ ન હોય, માત્ર તત્ત્વગ્રહણબુદ્ધિ હોય તેને વાદ કહેવામાં આવે છે. અહીં હેતુ અભ્યાસવૃદ્ધિનો જ હોય છે.

૧૧. **જલ્પ.** માત્ર પરસ્પર વિજયની ઇચ્છાથી જ છલ, જાતિ, નિગ્રહસ્થાન જેનાં લક્ષણો હવે પછી કહેવાશે તેવા આરોપવાળી કથા તે જલ્પ. સન્માર્ગની પ્રતિપત્તિ માટે પર પક્ષમાં દૂષણનું આરોપણ કરવું તે શિષ્ટસંમત છે. ગતાનુગતિક લોકો છેતરાઇ કુમાર્ગે ન જાય તેટલા માટે કરૂણાવાન્ મુનિએ છલાદિની યોજના બનાવી છે.

૧૨. **વિતંડા.** ઉપરની કથા જ્યારે પ્રતિપક્ષવર્જિત હોય ત્યારે વિતંડા કહેવાય છે. વાદીએ જે કલ્પના કરી હોય તેનાથી વિરૂદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે બીજી કલ્પના તે પ્રતિપક્ષ. એવા પ્રતિપક્ષ વગરની એટલે પ્રતિપક્ષ સાધનાહીન જે કથા તે વિતંડા. વિતંડાવાદી પોતાના પક્ષને સ્થાપ્યા વિના ગમે તે પ્રકારે પરોક્તને દૂષવા તત્પર રહે છે.

૧૩. હેત્વાભાસ. હેતુ ન હોવા છતાં હેતુ જેવા દેખાય તે હેત્વાભાસ. તેના પાંચ પ્રકાર છે: અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાંતિક, કાલાત્યયાપદિષ્ટ, પ્રકરણસમ.

(૧) અસિદ્ધ: જેને પક્ષધર્મત્વ ન હોય તે. જેમકે: શબ્દ અનિત્ય છે, ચક્ષુવાળો છે તેથી.

(૨) વિરુદ્ધ: વિપક્ષમાં હોય અને સપક્ષમાં હોય જ નહિ તે. જેમકે શબ્દ નિત્ય છે, કાર્ય છે તેથી.

(૩) અનૈકાંતિક: પક્ષાદિ ત્રણેમાં હોય તે અનૈકાંતિક. જેમકે શબ્દ નિત્ય છે, કારણ કે પ્રમેય છે.

(૪) કાલાત્યયાપદિષ્ટ: હેતુના પ્રયોગનો કાળ હોય તેને પડતો મૂકી અથવા તે પસાર થઈ ગયા પછી પ્રયોજેલો અથવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ પક્ષમાં રહેલો હેતુ તે. જેમકે બ્રાહ્મણે દારૂ પીવો, કેમકે તે દૂધની પેઠે દ્રવ દ્રવ્ય હોવાથી પેય છે.

(૫) પ્રકરણસમ: સ્વપક્ષની સિદ્ધિમાં તેમજ પરપક્ષની સિદ્ધિમાં પણ જે ત્રિરૂપ હેતુ આવે છે તે. પક્ષ અને પ્રતિપક્ષમાં તુલ્ય હોય તે. એવા હેતુથી વિરુદ્ધ સાધ્ય પણ સધાય.

૧૪. છલ: પર પુરૂષે સ્થાપન કરેલા વાદમાં પોતાને માન્ય અન્ય અર્થની કલ્પનાથી વચનનો વિઘાત કરવો તે છલ. તેના ત્રણ પ્રકાર છે. વાક્છલ, સામાન્ય છલ, ઉપચાર છલ.

પરોક્તમાં અર્થાંતર કલ્પના તે વાક્છલ. જેમકે નવ કંબલવાન્ દેવદત્ત છે. એમાં નવનો અર્થ 'નવીન' છે તેને બદલે 'નવ' નો અર્થ નવ સંખ્યા કરી સામાને વચનવિઘાત કરવો કે 'અહો! દેવદત્તને નવ કાંબળો ક્યાંથી?' એ વાક્છલ.

અતિ પ્રસંગવાળા સામાન્યને હેતુકોટિમાં આરોપી તેનો જ નિષેધ કરવો તે સામાન્ય છલ.

લાક્ષણિક પ્રયોગમાં મુખ્યાર્થની કલ્પના કરીને વચનવિઘાત કરવો તે ઉપચાર છલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫. **જાતિ:** જેનાથી પક્ષહેતુ વિગેરે દૂષિત થતાં નથી એવા દૂષણાભાસને જાતિ-કહે છે. અદૂષણ છતાં પણ દૂષણવત્ આભાસે તે જાતિ. એના ચોવીશ પ્રકાર છેઃ સાધર્મ્ય, વૈધર્મ્ય, ઉત્કર્ષ, અપકર્ષ, વર્ણ્ય, અવર્ણ્ય, વિકલ્પ, સાધ્ય, પ્રાપ્તિ, અપ્રાપ્તિ, પ્રસંગ, પ્રતિદૃષ્ટાન્ત, અનુત્પત્તિ, સંશય, પ્રકરણ, અહેતુ, અર્થાપત્તિ, અવિશેષ, ઉપપત્તિ, ઉપલબ્ધિ, અનુપલબ્ધિ, નિત્ય, અનિત્ય, કાર્યસમ[1].

૧૬. **નિગ્રહસ્થાન.** સામો માણસ જે વડે નિગ્રહ પામે-વાદ કરતો બંધ પડે તે નિગ્રહસ્થાન-પરાજયસ્થાન. એના સામાન્યતઃ બે પ્રકાર છેઃ **વિપ્રતિપ્રત્તિ** અને **અપ્રતિપત્તિ.** સાધનાભાસમાં સાધનબુદ્ધિ અથવા દૂષણાભાસમાં દૂષણબુદ્ધિ તે વિપ્રતિપત્તિ. સાધનનું અદૂષણ કે દૂષણનું અનુદ્ધરણ એ અપ્રતિપત્તિ. વાદીને કર્તવ્યની પ્રતિપત્તિ ન થાય અથવા ઉલટી થાય એ બે રીતે વાદીનો પરાજય થઇ શકે. એના બાવીશ પ્રકાર છે તે નીચે પ્રમાણેઃ—

(૧) **પ્રતિજ્ઞાહાનિ:** પ્રતિવાદી તરફથી હેતુમાં અનૈકાંતિક દૂષણ બતાવવામાં આવે ત્યારે તે (પ્રતિવાદી)ના દૃષ્ટાન્તનો ધર્મ પોતાના દૃષ્ટાન્તમાં અંગીકાર કરતાં પ્રતિજ્ઞાહાનિ નામનું નિગ્રહસ્થાન.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૨) **પ્રતિજ્ઞાન્તર:** પ્રતિજ્ઞાત અર્થનો સામા તરફથી પ્રતિષેધ કરવામાં આવે ત્યારે એમ કહેવું કે પ્રતિજ્ઞાત જે ધર્મી છે તેના અન્ય ધર્મને અમે તો સાધવા ઇચ્છીએ છીએ એ દોષનું નામ પ્રતિજ્ઞાંતર. આમાં વાદીની પ્રતિજ્ઞા ખોટી થઇ જાય છે તેથી તે તેનું નિગ્રહસ્થાન થયું.

(૩) **પ્રતિજ્ઞાવિરોધ:** પ્રતિજ્ઞા અને હેતુનો જેમાં વિરોધ આવે તે નિગ્રહસ્થાન.

(૪) **પ્રતિજ્ઞાસંન્યાસ:** સામા પક્ષ તરફથી પક્ષ અને સાધનને દૂષિત કરવામાં આવે ત્યારે તેનો ઉદ્ધાર કરવાની શક્તિ ન હોવાથી પ્રતિજ્ઞા છુપાવવા પ્રયત્ન કરવો તે નિગ્રહસ્થાન.

---

૧ આ સર્વનાં લક્ષણ અને દૃષ્ટાન્ત જાણવા યોગ્ય છે પણ જગ્યા બહુ રોકાય તેથી વિસ્તારભયે તારવ્યા નથી. જિજ્ઞાસુએ ષડ્દર્શનની શ્લોક ૩૧ ની ટીકામાંથી જોઇ લેવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) હેત્વન્તર: પ્રથમ હેતુ કાંઇ પણ વિશેષણ વગર કહેવામાં આવતાં જ્યારે તેને દૂષણ આપવામાં આવે ત્યારે તેનું વિશેષણ કહેવું તે નિગ્રહસ્થાન.

(૬) અર્થાન્તર: પ્રકૃત પ્રસંગને લાગુ ન પડે તેવું બોલવું, અવ્યવસ્થિત વાતો કરવી તે (Irrelavancy) નિગ્રહસ્થાન. આ દૂષણ ઘણાં વાદમાં તેમજ ભાષણોમાં થઇ જાય છે.

(૭) નિરર્થક: તાત્પર્ય વગરનાં એટલે જેમાંથી કાંઇ પણ અર્થ ન નીકળે તેવાં વચનો બોલવાં અથવા અક્ષરો ક્રમમાત્ર બોલી જવા તે નિગ્રહસ્થાન. (Nonsense).

(૮) અવિજ્ઞાતાર્થ: જે સાધનવાક્ય અથવા દૂષણવાક્ય ત્રણ વાર ફરી ફરીને કહ્યા છતાં પણ પરિષદ્‌થી કે પ્રતિવાદીથી સમજી શકાય નહિ તે. ક્લિષ્ટ શબ્દ, અપ્રસિદ્ધ પ્રયોગ, અતિ-હસ્વોચ્ચાર-એ સર્વનો આ નિગ્રહસ્થાનમાં સમાવેશ થાય છે.

(૯) અપાર્થક: જેમાં પૂર્વાપર સંગતિ ન મળે એવા પદ સમુદાયના પ્રયોગથી વાક્યનો અર્થ જ ન મળી શકે અથવા જે અપ્રતિષ્ઠિત વાક્યાર્થ હોય તે અપાર્થક નિગ્રહસ્થાન.

(૧૦) અપ્રાપ્તકાલ: પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન. આ વચનક્રમ છે, તેનું ઉલ્લંઘન કરી અવયવોનો વિપર્યાસ કરી અનુમાન પ્રયોગ કરવો તે અપ્રાપ્તકાળ નિગ્રહસ્થાન.

(૧૧) ન્યૂન: પંચ અવયવવાળા વાક્યના પ્રયોગને સ્થાને એકાદ બે હીન વાક્યનો પ્રયોગ કરવો તે ન્યૂન નામનું નિગ્રહસ્થાન.

(૧૨) અધિક: એક જ હેતુ અથવા ઉદાહરણથી કોઇ પણ વાતનું પ્રતિપાદન કર્યા પછી તેમાં પાછો બીજો હેતુ કે બીજું ઉદાહરણ આપવું તે અધિક નિગ્રહસ્થાન.

(૧૩) પુનરૂક્ત: એકના એક શબ્દ અથવા અર્થનું વારંવાર ઉચ્ચારણ કરવું તે.

(૧૪) અનનુભાષણ: પરિષદ્‌થી સમજાયલું અને વાદીએ ત્રણ વાર કહી બતાવેલું એવું છતાં જેનું પ્રત્યુચ્ચારણ થઇ શકતું નથી તે પ્રતિવાદીનું અનનુભાષણ નામે નિગ્રહ-

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાન. જે પ્રત્યુચ્ચાર કરી શકતો નથી તે દૂષણ શા આધારે કહેશે?

(૧૫) **અજ્ઞાન:** પરિષદ્ જાણી શકી હોય પણ પ્રતિવાદી ન સમજી શક્યો હોય એવું જે વાદીનું કહેવું તે પ્રતિવાદીનું અજ્ઞાન નામે નિગ્રહસ્થાન. કેમકે ઉત્તરનો વિષય જ તે જાણતો નથી તે શું બોલે?

(૧૬) **અપ્રતિભા:** પરપક્ષનું ગ્રહણ થયું હોય, તેનું અનુભાષણ કરી બતાવ્યું હોય, છતાં તેનો ઉત્તર જડે નહિ એ અપ્રતિભા નામે નિગ્રહસ્થાન કહેવાય છે.

(૧૭) **વિક્ષેપ:** કાર્યવ્યાસંગના બ્હાનાથી કથાનો વિચ્છેદ કરવો તે. સાધવા ધારેલા કાર્યની સાધનતા શક્ય માની લઇ કથાને કોઇ પ્રકારે ઉડાવવી. જેમકે: આ કરવું મારે રહેવા દેવું પડે છે કેમકે કંઠ ઉપરુદ્ધ થયો છે. આ વિક્ષેપથી પરાજય.

(૧૮) **મતાનુજ્ઞા:** સ્વપક્ષમાં સામાએ કાઢેલા દોષનો ઉદ્ધાર કર્યા વિના પરપક્ષમાં દોષનું આરોપણ કરવા બેસવું તે. 'તમે પુરૂષ છો, માટે ચોર છો; પ્રસિદ્ધ ચોરાદિની પેઠે' ત્યાં એમ કહે કે 'તમે પણ પુરૂષ હોવાથી ચોર છો,' તો તેમાં પોતા પરના દોષનો સ્વીકાર થઇ જાય છે અને તેમ કરતાં વાદી પરાજય પામે છે.

(૧૯) **પર્યનુયોજ્યોપેક્ષણ:** નિગ્રહપ્રાપ્તનો અનિગ્રહ. પર્યનુયોજ્ય એટલે પ્રતિપક્ષીને પ્રેરણા કરે જે 'આ નિગ્રહસ્થાન તમે પામ્યા માટે તમારો પરાજય થયો' એમ કહેવામાં આવે તે છતાં તે ઉપેક્ષા કરી અંગીકાર ન કરે તો ઉક્ત નિગ્રહસ્થાન પામે.

(૨૦) **નિરનુયોજ્યાનુયોગ:** અનિગ્રહ સ્થાને નિગ્રહસ્થાન કહેવામાં આવે તે. નિગ્રહને અનર્હ એવા વાદીને કહેવામાં આવે જે તમે નિગ્રહ પામ્યા તો એમ કહેનાર પોતે જ અસદ્ દોષની ઉદ્ભાવનાથી નિગ્રહ પામે છે.

(૨૧) **અપસિદ્ધાન્ત:** સિદ્ધાન્તનો અભ્યુપગમ કરીને પછી અનિયમિત કથાપ્રસંગમાં પડવું તે. અમુક સિદ્ધાન્ત અંગીકાર કરી પછી આડી અવળી વાત કરવી તે. પોતે કહેલ સિદ્ધાન્તની વિરૂદ્ધ બોલવું તે નિગ્રહસ્થાન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૨) **હેત્વાભાસ:** ઉપર જણાવ્યા છે તે પાંચ અનૈકાંતિકાદિ. આ પ્રમાણે નૈયાયિક દર્શનનો સંક્ષેપ કર્યો.[1]

* * * *

## (૨)

## વૈશેષિક.

વૈશેષિકોએ આ પ્રમાણે નિર્વૃતિ નગરીએ જવાનો માર્ગ કહ્યો છે: (૧) દ્રવ્ય, (૨) ગુણ, (૩) કર્મ, (૪) સામાન્ય, (૫) વિશેષ, અને (૬) સમવાય એ છ પદાર્થના તત્ત્વજ્ઞાનથી મોક્ષમાર્ગ થાય છે. ઉપર દર્શાવેલી નિર્વૃતિનગરી તે મોક્ષરૂપ જાણવી. હવે એ [2]છ પદાર્થનું[3] સ્વરૂપ અત્ર આપીએ છીએ તે વૈશેષિક[4] મતાનુસાર સમજવું.

**૧. દ્રવ્ય.** આ પદાર્થના નવ ભેદ છે.

---

૧ **અક્ષપાદ** નામના આદિ ગુરુએ આ મત ચલાવ્યો છે તેથી નૈયાયિકો અક્ષપાદના મતના અનુયાયીઓ પણ કહેવાય છે, શિવને–ઇશ્વરને સહારકર્તા માને છે, એમના લિંગ તરીકે તેઓ દંડધારી, કાંબળી ઓઢનાર, જટાધારી, ભસ્મ લપેટનારા, યજ્ઞોપવિત રાખનારા, જલપાત્ર હાથમાં રાખનારા, પંચાગ્નિ સાધનારા, કંદમૂલ ખાનારા અને નગ્ન રહેનારા હોય છે. ગુરુશિષ્ય અરસપરસ 'ૐ નમ: શિવાય' બોલે છે. શૈવ, પાશુપત, મહાવ્રતધર અને કાલમુખ એ ચાર તેમના પ્રકાર છે અને અંતર્ભેદમાં ભરટ, ભક્તર, લૈંગિક, તાપસ આદિ છે. આ લિંગ અને વેશાદિ અત્ર બતાવ્યા છે તે વૈશેષિક દર્શનમાં પણ એજ પ્રમાણે સમજવાં કેમ કે વૈશેષિક અને નૈયાયિકો વચ્ચે પ્રમાણ અને તત્ત્વ સબંધે મતભેદ છે તથાપિ અન્યોન્ય–તત્ત્વાન્તર્ભાવ થઇ શકવાને લીધે બહુ થોડો જ અંતર રહે છે. એ બન્ને 'તપસ્વી' કહેવાય છે. નૈયાયિક શૈવ મતવાળા કહેવાય છે અને વૈશેષિકો પાશુપત મતવાળા કહેવાય છે. (ષ. દ. સમુચ્ચયને આધારે.) ઉપરના મૂળ વિભાગમાં પણ ઉક્ત ગ્રંથને આધારે ઘણો વધારો કર્યો છે.

૨ કેટલાક વૈશેષિકો એ છ પદાર્થ સાથે 'અભાવ'ને ભેળવીને સાત પદાર્થ માને છે.

૩ **પદાર્થ:** એટલે જેને નામ આપી શકાય તે. તેને આંગ્લ પરિભાષામાં categories કહે છે.

૪ **વૈશેષિક:** દેવના લિંગ વેષાચારાદિ નૈયાયિક મતનાં તે સર્વ કહેતી વખતજ કહેલાં છે. જુઓ ઉપરની નોટ. કોઇ મુનિ રસ્તામાં પડેલા તંદુલકણને ભેગા કરી આહાર કરતા હતા તે ઉપરથી તેની 'કણાદ' એવી સંજ્ઞા બંધાણી. તે કણાદ મુનિને શિવે ઉલૂક રૂપે આ મત કહ્યો તેથી તે મત **ઔલૂક્ય** પણ કહેવાય છે. આ મતવાળા પશુપતિના ભક્ત હોય છે માટે તે **પાશુપત** પણ કહેવાય છે કણાદના શિષ્ય હોવાથી વૈશેષિકો **કાણાદ** પણ કહેવાય છે. વૈશેષિક અને નૈયાયિકની વચ્ચે તત્ત્વનો જ ભેદ છે તે અત્ર બતાવ્યો છે. ઇશ્વરાદિનો ભેદ નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પૃથ્વી કાઠિન્ય લક્ષણવાળી. (૨) જળ. (૩) અગ્નિ. તેના ચાર પ્રકાર છેઃ લાકડા કે છાણાનો તે ભૌમ; સૂર્ય કે વિજળીનો તે દિવ્ય; આહાર પચાવનાર તે ઔદર્ય; અને સોના વિગેરેનો તે આકરજ. (૪) વાયુ. (૫) આકાશ. શબ્દગુણ. (૬) કાળ–પર, અપર, ચિર, ક્ષિપ્ર વિગેરે. (૭) દિગ્–દિશા દશ પ્રકારનો પ્રત્યય. (૮) આત્મા તે જીવ. તે અનેક નિત્ય અમૂર્ત અને વિભુ–દ્રવ્ય છે. (૯) મનસ્ તે ચિત્ત. તે અનિત્ય છે, દ્રવ્ય છે, અણુમાત્ર છે, અનેક છે, આશુસંચારી છે અને પ્રતિશરીરે એક એક છે.[1]

૨. ગુણ. પચીશ છેઃ—

(૧) સ્પર્શ. ત્વગિન્દ્રિયગ્રાહ્ય છે અને પૃથ્વી અપ્ તેજસ્ અને વાયુમાં રહે છે.

(૨) રસઃ રસનેંદ્રિય ગ્રાહ્ય છે અને પૃથ્વી તથા જળમાં રહે છે.

(૩) રૂપઃ ચક્ષુર્ગ્રાહ્ય છે અને પૃથ્વી, જળ અને તેજસ્‌માં રહે છે.

जैन साईट

(૪) ગંધઃ એ ઘ્રાણગ્રાહ્ય છે અને પૃથ્વીમાં રહે છે.

JAINSITE

(૫) શબ્દઃ શ્રોત્રેન્દ્રિય ગ્રાહ્ય છે, આકાશવૃત્તિ અને ક્ષણિક છે. કર્ણ શષ્કુલીને જે આકાશ અવિરૂદ્ધ હોય તે તેનો શ્રોત્ર એવી રીતે વિભાગ બને છે.

જૈનમ્ જયતિ શાસનમ્

(૬) સંખ્યાઃ એકત્વાદિ વ્યવહારહેતુ.

(૭) વિભાગઃ પ્રાપ્તિપૂર્વક અપ્રાપ્તિ તે વિભાગ.

(૮) સંયોગઃ અપ્રાપ્તિપૂર્વક પ્રાપ્તિ તે સંયોગ. એ બન્ને વિયુક્ત અને સંયુક્તના યથાક્રમ હેતુ છે.

(૯) પરિમાણઃ મહત્, અણુ, દીર્ઘ અને હ્રસ્વ.

(૧૦) પ્રથકત્વઃ સંયુક્ત દ્રવ્ય હોય પણ જેને લઇને આ આનાથી જૂદુ એમ થાય તેવા જૂદાપણાનું કારણ તે પૃથકત્વ.

---

૧ આત્મા સર્વગત છતાં જ્ઞાન ક્રમથી થાય છે તેનું કારણ મન છે. એ નવ પદાર્થોમાંથી પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર પ્રત્યેક નિત્યાનિત્ય ભેદથી દ્વિપ્રકાર છે. એમાં જે પરમાણુરૂપ તે નિત્ય અને પરમાણુથી બનેલાં દ્વયણુકાદિ દ્રવ્ય તે અનિત્ય. આકાશાદિ તો નિત્ય દ્રવ્ય જ છે કેમકે ઉત્પત્તિમાન નથી. નવ પ્રકાર છતાં દ્રવ્ય સામાન્યથી બે પ્રકારે છેઃ અદ્રવ્યદ્રવ્ય અને અનેક દ્રવ્યદ્રવ્ય. અદ્રવ્યદ્રવ્ય તે આકાશ, કાલ, દિગ્, આત્મા, મનસ્ અને પરમાણુ કેમકે તે કોઇ કારણદ્રવ્યથી બનતા નથી. અનેકદ્રવ્યદ્રવ્ય તે દ્વયણુકાદિ સ્કંધ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૧) (૧૨) **પરત્વ-અપરત્વ:** આ પર છે, આ અપર છે એવું જણાય તે. એ બન્ને દિક્કૃત અને કાળકૃત છે. એક દિશામાં રહેલો પદાર્થ એક દ્રષ્ટાની અપેક્ષાએ નજીક, બીજાને દૂર, તે દિક્કૃત, તેમજ કાળથી પણ સ્થિતિમાં યુવાવૃદ્ધાદિનો ફેર પડે છે.

(૧૩) **બુદ્ધિ:** જ્ઞાનાનંતર ગ્રાહ્ય જ્ઞાન તે બુદ્ધિ. તેના બે પ્રકાર છેઃ વિદ્યા અને અવિદ્યા. વિદ્યા ચાર પ્રકારની છેઃ પ્રત્યક્ષ, લૈંગિક, સ્મૃતિ અને આર્ષ. અવિદ્યા ચાર પ્રકારની છેઃ સંશય, વિપર્યય, અનધ્યવસાય અને સ્વપ્ન.

(૧૪) **સુખ:** અનુગ્રહ લક્ષણ.

(૧૫) **દુ:ખ:** એનો સ્વભાવ આત્માને ઉપઘાત કરવાનો છે.

(૧૬) **ઇચ્છા:** સ્વાર્થે કે પરાર્થે અપ્રાપ્ત પ્રાર્થન તે ઇચ્છા. કામ, અભિલાષ, રાગ, સંકલ્પ, કારૂણ્ય ઇત્યાદિ તેના ભેદ છે.

(૧૭) **ધર્મ:** કર્તૃફલ આપનાર આત્માનો ગુણ જે આત્મા અને મનના સંયોગથી ઉત્પન્ન થાય છે જે સ્વકાર્યનો વિરોધી છે તે ધર્મ અને અધર્મ ભેદવાળો અદૃષ્ટ નામનો ગુણ છે. એમાં ધર્મ છે તે પુરૂષગુણ છે, કરનારને પ્રિયહિત-મોક્ષાદિનો કારણભૂત છે, અતિન્દ્રિય છે અને અંત્ય સુખસંવિજ્ઞાનનો વિરોધી છે.

(૧૮) **અધર્મ:** એ પણ આત્મગુણ છે અને તેના કર્તાને અહિત્ય પ્રત્યવાયનો હેતુ છે, અતીન્દ્રિય છે અને અંત્ય દુ:ખસંવિજ્ઞાનનો વિરોધી છે.

(૧૯) **પ્રયત્ન:** તે ઉત્સાહ છે. એ અંતઃકરણને અન્ય ઇંદ્રિય સાથે યોગ કરાવનાર છે અને હિતાહિતપ્રાપ્તિપરિહાર માટેના ઉદ્યમરૂપ તથા શરીર વિધારક છે.

(૨૦) **સંસ્કાર:** એના બે પ્રકાર છેઃ ભાવના અને સ્થિતિસ્થાપક. ભાવના આત્મગુણ છે, જ્ઞાન છે, જ્ઞાનહેતુ છે; દૃષ્ટ અદૃષ્ટ શ્રુતની સ્મૃતિથી તે અનુમેય છે. સ્થિતિસ્થાપક એ મૂર્ત દ્રવ્યનો ગુણ છે.

(૨૧) **દ્વેષ:** પ્રજ્વલત્ રૂપ. દ્રોહ, ક્રોધ, અક્ષમા, અમર્ષ એ ભેદ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૨) સ્નેહ: એ જળનો ગુણ છે અને સંગ્રહ અને મૃદુતાનું કારણ છે.

(૨૩) ગુરૂત્વ: જળ અને ભૂમિમાં રહે છે, પતનનું કારણ છે અને અપ્રત્યક્ષ છે.

(૨૪) દ્રવત્વ: સ્યન્દન કારણ. સહજ અને નૈમિત્તિક બે પ્રકારે છે. જળનું દ્રવત્વ સહજ છે, પૃથ્વી અને તેજસનું દ્રવત્વ નૈમિત્તિક છે, અગ્નિસંયોગથી થાય છે.

(૨૫) વેગ: પૃથ્વી જળ તેજસ્ વાયુ અને મનમાં રહે છે, પ્રયત્નથી ઉત્પન્ન થાય છે, ચોક્કસ દિક્ક્રિયા પ્રબંધનો હેતુ છે.

ગુણો સર્વે દ્રવ્યાશ્રિત છે, નિષ્ક્રિય છે અને પોતે બીજા ગુણવાળા નથી. એમાં ૧-૨-૩-૪-૧૧-૧૨-૨૩-૨૪-૨૨-૨૫ એટલા મૂર્ત ગુણ કહેવાય છે, ૧૩-૧૪-૧૫-૧૬-૨૧-૧૭-૧૮-૧૯-૨૦-૫ એટલા અમૂર્ત ગુણ કહેવાય છે અને ૬-૯-૧૦-૮-૭ એટલા ઉભય ગુણ કહેવાય છે.

૩. કર્મ. પાંચ પ્રકાર છે.

(૧) ઉત્ક્ષેપણ: મુશળાદિનું ઊંચું લઇ જવું તે.

(૨) અવક્ષેપ: તેથી ઉલટું એટલે નીચે લઇ આવવું તે.

(૩) આકુંચન: ઋજુને કુટિલ કરનાર. સીધી આંગળીને આડી કરનાર કર્મ.

(૪) પ્રસારણ: વાંકા વાળેલા અવયવને સીધા કરનાર કર્મ.

(૫) ગમન: અનિયત દિગ્દેશ થકી સંયોગ તથા વિભાગ. એમાં સ્યન્દન, પતન, ભ્રમણ વિગેરેનો સમાવેશ થાય છે.

૪. સામાન્ય: બે પ્રકારે: પર અને અપર.

(૧) પર: દ્રવ્ય ગુણ અને કર્મમાં રહેનાર સત્તા જાતિ (આ સત્, આ સત્—એવા અનુગત આકારનું કારણ).

(૨) અપર: દ્રવ્યત્વાદિ તે અપર. દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ એ અપર સામાન્ય. નવે દ્રવ્યમાં દ્રવ્ય દ્રવ્ય એવી બુદ્ધિનો હેતુ તે દ્રવ્યત્વ. એજ પ્રમાણે ગુણોને વિષે ગુણબુદ્ધિવિધાયક તે ગુણત્વ, તેમજ કર્મમાં કર્મત્વ વિધાયક. હવે એમાં દ્રવ્યત્વાદિ પોતાના આશ્રય દ્રવ્યાદિમાં અનુવૃત્તિ પ્રત્યયહેતુ હોવાથી સામાન્ય કહેવાય છે તેમજ પોતાના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રયની ગુણાદિથી વ્યાવૃત્તિ કરે છે માટે વિશેષ પણ કહેવાય છે, માટે અપર સામાન્ય ઉભય રૂપ હોવાથી સામાન્ય વિશેષ એવી સંજ્ઞાને પામે છે.

૫. **વિશેષ.** નિત્ય-દ્રવ્ય-અણુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મનમાં રહેનાર અંત્ય તે વિશેષ જાણવા. નિત્ય દ્રવ્યમાં રહેનાર એટલે વિનાશ આરંભ રહિત એવા દ્રવ્યમાં રહેનાર. અંતે થાય તે અંત્ય કહેવાય. દ્રવ્યે-દ્રવ્યે વિશેષ એક એકજ હોય, અનેક નહિ, કેમ કે એક વિશેષ થકીજ પોતાના આશ્રયની અન્ય થકી વ્યાવૃત્તિ થઇ આવે છે, એટલે અનેક વિશેષની કલ્પના કરવી વ્યર્થ છે.

૬. **સમવાય:** અયુતસિદ્ધ એટલે અપૃથક્સિદ્ધ એટલે તંતુમાં રહેલા પટની પેઠે અન્ય આશ્રયમાં નહિ રહેનારા એવા આધાર આધેય ભાવવાળા બે પદાર્થોનો પરસ્પરનો સંબંધ જે ઇહ પ્રત્યયનો હેતુ તે સમવાય. જેમ કે આ તંતુમાં પટ છે, આ પટમાં ગુણ કર્મ છે, આ ગુણકર્મમાં સત્તા છે, આ દ્રવ્યમાં દ્રવ્યત્વ છે, આ ગુણમાં ગુણત્વ છે ઇત્યાદિ વિશેષ પ્રત્યય જેનાથી થાય છે તે સમવાય. ઇહ પ્રત્યય એટલે અત્ર તંતુમાં પટ છે એવા પ્રત્યયના હેતુરૂપ અસાધારણ કારણ તે સમવાય. તે એક, વિભુ અને નિત્ય છે.

JAINSITE.com

આ મતવાળા **પ્રમાણો** બે જ માને છે: પ્રત્યક્ષ અને અનુમાન (લૈંગિક). પ્રત્યક્ષ બે પ્રકારનું છે: ઐંદ્રિય અને યોગજ. આપણુ વિગેરેને પાંચ ઇંદ્રિય અથવા મનના સન્નિકર્ષથી થાય છે તે ઐંદ્રિય. તેના બે પ્રકાર છે: નિર્વિકલ્પક અને સવિકલ્પક. વસ્તુસ્વરૂપલોચન માત્ર તે નિર્વિકલ્પક. એનાથી માત્ર સામાન્ય ગ્રહાય છે એમ નહિ, ભેદ પણ તેમાં ભાસે છે, પરંતુ એમાં આ સામાન્ય અને આ વિશેષ એવો સ્પષ્ટ વિવેક થતો નથી. સવિકલ્પક સામાન્યવિશેષરૂપતાને સ્પષ્ટ કરી ગૃહે છે. યોગજ પ્રત્યક્ષના બે પ્રકાર છે: યુક્તનું પ્રત્યક્ષ અને વિયુક્તનું પ્રત્યક્ષ.

લૈંગિક (અનુમાન) એટલે લિંગ દર્શનથી અવ્યભિચારિત્વાદિ વિશેષણયુક્ત જ્ઞાન તે. આ આનું કાર્ય છે, કારણ છે, સંયોગી છે, સમવાયી છે, વિરોધી છે ઇત્યાદિ જ્ઞાન તે લૈંગિક.[1]

* * *

૧ વૈશેષિક દર્શનના વિશેષ સ્વરૂપ માટે **ન્યાયકંદલી** ગ્રંથ જોવો.

## (૩)

## સાંખ્ય.[1]

સાંખ્ય મતનો નિર્વૃતિમાર્ગ આ પ્રમાણે કલ્પાયો છે. નિરીશ્વર અને સેશ્વર બન્ને પ્રકારના સાંખ્યોની તત્ત્વવ્યવસ્થા એકસરખી છે. તેઓ પચીશ તત્ત્વને માને છે અને એ પચીશ તત્ત્વોના યથાર્થ જ્ઞાનમાં મુક્તિ માને છે.[2] તેમની તત્ત્વવ્યવસ્થા નીચે પ્રમાણે છેઃ—

૧ પ્રકૃતિ-પ્રધાન.

ત્રણ ગુણો છેઃ **સત્ત્વ: રજસ્, અને તમસ્.**

---

૧ **સાંખ્યઃ** ત્રિદંડ કે એક દંડ, કૌપીનધારી કે ધાતુ રક્તાંબર ધારી, શિખાવાળા કે જટાધારી, માથે મુંડેલા અને મૃગચર્મ આસનવાળા, દ્વિજઘરે જ જમનારા, પંચ ગ્રાસ પરાયણ, દ્વાદશાક્ષર જપનારા, પરિવ્રાજકો આ મતના ભક્તો હોય છે અને વંદના કરતાં 'ૐ નમો નારાયણાય' એમ ઉચ્ચાર કરે છે અને પ્રત્યુત્તરમાં પણ 'ૐ નારાયણાય નમઃ' એમ કહે છે. તેઓ દયા નિમિત્તે મુખનિશ્વાસને રોકનારી મુખવસ્ત્રિકા (લાકડાની) રાખે છે, જળજીવપર દયા રાખવા પાણી માટે ગળણું નિરંતર સાથે રાખે છે અને ભક્તોને ઉપદેશ આપી તેમની પાસે છત્રીશ આંગળ લાંબુ અને વીશ આંગળ પહોળું ગળણું રખાવે છે. તેઓ કહે છે ખારા જળથી મીઠા પાણીના પોરા મરી જાય છે અને મીઠાથી ખારાના મરી જાય છે માટે જળસંકર કરવો નહિ.

સાંખ્યમતમાં કેટલાક ઇશ્વરને દેવતા માને છે, કેટલાક ઇશ્વર માનતા નથી તે **નિરીશ્વર સાંખ્ય** કહેવાય છે. તેમનો (નિરીશ્વરનો) **નારાયણ** દેવતા છે. તેમના મતના પ્રવર્તક કપિલ, **આસુરિ**, પંચશિખ, ભાર્ગવ, ઉત્પૂલક વિગેરે થયા છે. કપિલ પ્રવર્તકના નામથી તે મત **કાપિલ** પણ કહેવાય છે; વળી કપિલનું બીજું નામ **પરમર્ષિ** હોવાથી તે મતને **પારમર્ષ** પણ કહેવાય છે.

બનારસમાં તે મતવાળા ઘણા હોય છે. કેટલાક તો માસ માસના ઉપવાસ કરે છે. તેઓ વેદમાં બતાવેલી હિંસાથી દૂર રહી અધ્યાત્મવાદિઓ કહેવાય છે.

૨ **સાંખ્ય** મતપ્રમાણે ત્રણ પ્રકારનાં દુઃખથી દાઝેલાને તત્ત્વજિજ્ઞાસા પેદા થાય છે. તે ત્રણ પ્રકારનાં દુઃખ આ પ્રમાણે છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. આધ્યાત્મિક દુઃખ બે પ્રકારે છેઃ શારીર અને માનસ. તેમાં વાત પિત્ત કફના વૈષમ્યથી જ્વર અતિસારાદિ થાય તે **શારીર** અને કામ ક્રોધ લોભ મોહ ઇર્ષ્યા આદિથી થાય તે માનસ. એ સર્વ આંતર ઉપાયથી સાધ્ય હોવાને લીધે **આધ્યાત્મિક** દુઃખ કહેવાય છે. બાહ્ય ઉપાયસાધ્ય દુઃખ બે પ્રકારનું છેઃ યક્ષ રાક્ષસ ગ્રહ વિગેરેના આવેશથી થયેલું તે **આધિદૈવિક** અને મનુષ્ય પશુ પક્ષી મૃગ સર્પ વિગેરેને નિમિત્તે થયેલું તે **આધિભૌતિક.** આ ત્રણ પ્રકારના દુઃખને લીધે બુદ્ધિમાં રહેલા રજઃપરિણામના ભેદથી પ્રાણીને પીડા થાય છે અને તે દુઃખ ટાળવા તત્ત્વજિજ્ઞાસા ઉદ્ભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સત્ત્વ** સુખલક્ષણ છે. એનાથી પ્રસાદ થાય છે. એનાં ચિહ્નો પ્રસાદ, બુદ્ધિપાટવ, અલાઘવ, અદ્વેષ વિગેરે છે. લોકોમાં સુખ પામે છે તે આર્દવ મૃદુતા સત્ય શૌચ લાજ બુદ્ધિ ક્ષમા અનુકંપા વિગેરેનું સ્થાન થાય છે, એ સત્વ.

**રજસ્** દુઃખલક્ષણ છે. એનાથી તાપ થાય છે. તાપ, શોષ, ભેદ, ચલચિત્તતા, સ્તંભ, ઉદ્વેગ એ એનાં ચિહ્નો અથવા કાર્યો છે. દુઃખ આવી પડે છે તે સમયે દ્વેષ, દ્રોહ, મત્સર, નિંદા, વંચન, બંધન, તાપ વિગેરેનું સ્થાન થઇ પડે છે એ રજસ્.

**તમસ્** મોહલક્ષણ છે. એનાથી દૈન્ય થાય છે. દૈન્ય મોહ મરણ આસાદન બીભત્સ અજ્ઞાન અગૌરવ વિગેરે તમો ગુણનાં ચિહ્નો અથવા કાર્યો જાણવાં. જેને મોહ થાય છે તે અજ્ઞાન મદ આળસ ભય દીનતા અકર્મણ્યતા નાસ્તિકતા વિષાદ ઉન્માદ સ્વપ્ન વિગેરેનું સ્થાન થાય છે તે તમસ્.

એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા એટલે તુલ્ય પ્રમાણથી ત્રણે જેમાં રહેલા હોય તેવી અવસ્થા તેને પ્રકૃતિ કહેવાય છે. એનું બીજું નામ પ્રધાન અથવા અવ્યક્ત પણ છે. એ નિત્ય, અચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એકસ્વભાવ-એવા કૂટસ્થ સ્વરૂપવાળી છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**૨. મહાન-બુદ્ધિ.**

એ પ્રકૃતિથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ ગાય છે અશ્વ નથી અથવા આ થાંભલો જ છે પુરૂષ નથી એવી વિષયનિશ્ચયરૂપ તે છે. એના આઠ રૂપ છેઃ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ ચાર સાત્વિક અને એ ચારેના પ્રતિપક્ષ (અધર્માદિ) તે તામસ ચાર.

**૩. અહંકાર.**

હું સુંદર છું, હું નસીબદાર છું-એવું અભિમાન થવું તે અહંકાર.

**૪-૧૯.** એ અહંકારમાંથી સોળ તત્ત્વો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણેઃ—

**પાંચ બુદ્ધીન્દ્રિયોઃ** સ્પર્શન એટલે ત્વચા. રસન એટલે જિહ્વા, ઘ્રાણ એટલે નાસિકા, ચક્ષુ એટલે આંખો અને શ્રોત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કાન એ પાંચ ઇંદ્રિયો પોતપોતાના વિષયને ગ્રહે છે માટે ઇંદ્રિયો પોતે જ બુદ્ધિઇંદ્રિય કહેવાય છે.

પાંચ કર્મેન્દ્રિયો. પાયુ તે ગુદા, ઉપસ્થ તે લિંગ અથવા યોનિ, વાક્ તે જેનાથી બોલાય છે તે, પાણિ તે હાથ, પાદ તે પગ. એમનાથી મલોત્સર્ગ, સંભોગ, વચન, આદાન, ચલનઆદિ કર્મ સિદ્ધ થાય છે માટે તેમને કર્મેંદ્રિય કહેવામાં આવે છે.

મન: એ જ્યારે બુદ્ધિઇંદ્રિય સાથે મળે છે ત્યારે બુદ્ધિરૂપ થાય છે અને કર્મેન્દ્રિય સાથે મળે છે ત્યારે કર્મરૂપ થાય છે. તેનો સ્વભાવ મુદ્દાવગર પણ સંકલ્પ કર્યા કરવાનો છે.

પાંચ તન્માત્ર: અહંકારથી અન્યાન્યપર જે રૂપ તે તન્માત્ર, તેજ સૂક્ષ્મ. તે પાંચ છે. રૂપ તન્માત્ર તે શુક્લકૃષ્ણાદિ રૂપવિશેષ; રસતન્માત્ર તે તિક્તાદિ રસવિશેષ; ગંધતન્માત્ર સુગંધ દુર્ગંધ આદિ ગંધવિશેષ; શબ્દતન્માત્ર તે મધુર કોમળ કઠોર આદિ શબ્દવિશેષ; સ્પર્શતન્માત્ર તે મૃદુ કઠિનાદિ સ્પર્શવિશેષ.

૨૦-૨૪ પાંચ ભૂતો. ઉપર્યુક્ત પાંચ તન્માત્રથી ભૂતો ઉત્પન્ન થાય છેઃ રૂપતન્માત્રસૂક્ષ્મથી અગ્નિ પેદા થાય છે, રસથી જળ પેદા થાય છે, ગંધથી પૃથ્વી થાય છે, શબ્દથી આકાશ થાય છે અને સ્પર્શથી વાયુ થાય છે.

૨૫ પુરૂષ: ઉપર કહ્યા તે ચોવીશ તત્ત્વો છેઃ પ્રકૃતિ, મહાન્, અહંકાર, પાંચ બુદ્ધિઇંદ્રિય, પાંચ કર્મેન્દ્રિયો, મન, પાંચ તન્માત્ર અને પાંચ ભૂતો એ ચોવીશ તત્ત્વરૂપ પ્રધાન-પ્રકૃતિ સાંખ્યમતમાં કહેલ છે, તેથી અન્ય પચીશમો પુરૂષ-આત્મા જાણવો. તે અકર્તા, વિગુણ અને ભોક્તા છે. પુરૂષ ચૈતન્ય સ્વરૂપ છે. જન્મ મરણનો નિયમ દેખવાથી તેમજ ધર્માદિ અનેક ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ હોવાથી પુરૂષ અનેક છે, જાતે અકર્તા છે.

આ પુરૂષપ્રકૃતિની કેટલીક જરૂરી હકીકત લક્ષ્યમાં રાખવા જેવી છે. પ્રકૃતિથી મહાન્ થાય છે, મહાન્થી અહંકાર, તેથી સોળનો સમૂહ અને તેમાંના પાંચથી પાંચ ભૂતો. આ પ્રકૃતિ તે વિકાર નથી કેમ કે કશાથી ઉત્પન્ન થયેલી નથી. બુદ્ધિ વિગેરે સાત તે પરનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ હોવાથી પ્રકૃતિ કહેવાય છે, તેમ પોતે જાતે કાર્યરૂપ હોવાથી વિકૃતિ પણ કહેવાય છે. સોળનો સમૂહ તો વિકૃતિ જ છે, અને પુરૂષ તો વિકૃતિ પણ નથી અને પ્રકૃતિ પણ નથી કેમ કે તે અનુત્પન્ન અને અનુત્પાદક છે. આત્મા પુણ્ય પાપાદિ કરતો નથી માટે અકર્તા છે, કર્તાપણું એ પ્રકૃતિનો ધર્મ છે. પુરૂષ વિગુણ એટલે સત્ત્વ રજસ્ તમસ્‌થી વર્જિત છે, નિર્ગુણ છે કેમ કે ગુણ પ્રકૃતિનો ધર્મ છે. એ ભોક્તા એટલે અનુભવ કરનાર છે પણ તે પણ સાક્ષાત્ ભોક્તા નહિ પણ પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિ જે ઉભયમુખદર્પણ જેવી છે તેમાં સુખદુઃખાદિનું જે પ્રતિબિંબ પડે તે સ્વચ્છ આત્મામાં પણ સ્ફુરે અને તેથી તેને ભોક્તા લક્ષણામાત્રથી કહી શકાય. પુરૂષ નિત્યચિત્ છે એટલે નિત્ય ચૈતનશક્તિ રૂપ છે. અહીં પુરૂષનું લક્ષણ ચૈતન્ય કહ્યું, જ્ઞાન નહિ. જ્ઞાન બુદ્ધિનો વિષય ગણાયો. પુરૂષ અનેક છે. પ્રધાન અને પુરૂષનો સંબંધ [1]પાંગળા અને આંધળાના સંબંધ જેવો છે.

બુદ્ધિમાં પ્રતિબિંબિત જે શબ્દાદિકનું પોતામાં પ્રતિબિંબ પડવાથી તેમાં પુરૂષ આનંદ માને છે અને એમ પ્રકૃતિને સુખરૂપ માની મોહમાં સંસારમાં પડ્યો રહે છે. પ્રકૃતિ અને પુરૂષના તફાવતના જ્ઞાનથી એટલે વિવેકજ્ઞાનથી પુરૂષનો પ્રકૃતિ થકી જે વિયોગ તે મોક્ષ. પ્રકૃતિનો વિવેક સમજાયો ત્યાં પ્રકૃતિ ટળી જાય છે અને પુરૂષ સ્વરૂપે રહે છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

બંધના છેદથી મોક્ષ થાય છે તે બંધ ત્રણ પ્રકારના છેઃ પ્રાકૃતિક, વૈકારિક અને દાક્ષિણ. પ્રકૃતિને આત્મા જાણી જે ઉપાસે છે તેમને પ્રાકૃતિક બંધ થાય છે; ભૂત, ઇંદ્રિય, અહંકાર, બુદ્ધિ એ વિકારને પુરૂષ જાણી ઉપાસે તેમને વૈકારિક બંધ થાય છે; ઇષ્ટાપૂર્તાદિ કર્મને પુરૂષ બુદ્ધિથી સેવે તેને દાક્ષિણ બંધ થાય છે. એ બંધાદિ સર્વ પ્રકૃતિને થાય છે પણ અવિવેકને લીધે પુરૂષસાથે સંબંધવાળા મનાય છે.

આ મતમાં પ્રમાણ ત્રણઃ પ્રત્યક્ષ, લૈંગિક, શાબ્દ.

પ્રત્યક્ષમાં ઇંદ્રિયો પોતે જ વિષયાકાર પામે છે.

---

૧ કોઇ આંધળો સંઘ સાથે પાટલીપુર નગર જવા નીકળ્યો. સાથને રસ્તામાં ચોરોએ મારી નાંખ્યો પણ આંધળો બચી ગયો. ત્યાંજ પડ્યો પડ્યો ફાંફાં મારવા લાગ્યો. તેને વનના ભાગમાં રહેતા એક પાંગળાએ દીઠો, બોલાવ્યો, ખાતરી આપી. વાતચીત કરી આંધળે પાંગળાને ખાંધે બેસાડ્યો; હવે પાંગળો માર્ગ બતાવે તેમ આંધળો ચાલવા લાગ્યો. આખરે તેઓ પાટલીપુર પહોંચ્યા. આત્મા-પુરૂષને પાંગળો ગણવો અને પ્રકૃતિને અંધ ગણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લૈંગિક અથવા અનુમાનઃ પૂર્વવત્, શેષવત્, સામાન્યતો દૃષ્ટ. ( નૈયાયિક પ્રમાણે )

શાબ્દ: આપ્તશ્રુતિવચન. આપ્ત તે રાગદ્વેષાદિ રહિત.

આ પ્રમાણે સાંખ્યમતનો સંક્ષેપ કહ્યો.

* * * *

## (૪)

## બૌદ્ધ દર્શન.[1]

બૌધ દર્શનકારોએ નિર્વૃતિ નગરીના માર્ગની કેવી કલ્પના કરી છે તે ભાઇ પ્રકર્ષ! હવે તને જણાવું છું.

બૌધ દર્શનમાં બાર આયતન કહેવાય છે તે આ પ્રમાણેઃ

પાંચ ઇંદ્રિયો, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, મન અને ધર્માયતન. છેલ્લું ધર્મ એટલે સુખદુઃખ વિગેરે તેનું આયતન એટલે ઘર તે શરીર જાણવું.

બૌધો પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણ માને છે.

બૌદ્ધો [2]ચાર આર્ય સત્ય માને છે. યથાવાસ્થત વસ્તુસ્વરૂપનો બરાબર વિચાર કરવાથી જે હિત લાગેલાં તે સત્ય કહેવાય છે અને સર્વ હેય ધર્મથી દૂર હોય તે આર્ય કહેવાય છે.

એ ચાર આર્ય સત્યો આ પ્રમાણે છેઃ દુઃખ, સમુદય, માર્ગ, નિરોધ.

(૧) દુઃખઃ ફળ રૂપ જે પંચ ઉપાદાન સ્કંધ તે દુઃખ એટલે સંસારી સ્કંધ. એક સ્થાનકેથી બીજે સ્થાનકે સંસરણ થાય,

---

૧ બૌધ. બુદ્ધ સાત છેઃ વિપશ્યી, શિખી, વિશ્વભૂ, કકુચ્છંદ, કાંચન, કાશ્યપ અને શાકયસિંહ. તેમનું જે દર્શન તે બૌધ. ચામર, માથે મુંડન, મૃગચર્મ અને કમંડલું એ તેનાં લિંગ. ગેરૂથી રંગેલું ઘુંટી સુધી આવે તેવું વસ્ત્ર તે વેશ. શૌચક્રિયા બહુ પ્રકારની છે, ભિક્ષાસમયે પાત્રમાં જે પડે તે બધું શુદ્ધ માનીને માંસને પણ ખાય છે, બ્રહ્મચર્યાદિ સ્વકીય ક્રિયામાં બહુ દૃઢ રહે છે. એ તેમનો આચાર જાણવો. ધર્મ બુદ્ધ અને સંઘ એ તેમની રત્નત્રયી કહેવાય છે. સુગતને ધર્મધાતુ કહે છે, તેનાં ભિક્ષુ, સૌગત, શાકય શૌદ્ધોદનિ, સુગત, તથાગત, શૂન્યવાદી વિગેરે નામો છે.

૨ આ ચાર આર્ય સત્યની હકીકત સૌતાંત્રિક બૌદ્ધ મતાનુસાર છે જે આગળ જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ભવમાંથી અનંત ભવમાં ભટકનાર તે સંસારી. તે અત્ર સ્કંધ છે. તે સચેતન અને અચેતન બન્ને છે. એ સિવાય બીજો કોઇ જીવ કે આત્મા નથી.

સ્કંધ પાંચ છે: વિજ્ઞાનસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસારસ્કંધ, રૂપસ્કંધ.

**વિજ્ઞાનસ્કંધ:** આલોચના માત્ર નિર્વિકલ્પક જ્ઞાન, શુદ્ધ વસ્તુથી થયેલ બાળ મૂક વિગેરેને થાય છે તે સર્વનો પણ અહીં સમાવેશ છે.

**વેદનાસ્કંધ:** સુખરૂપા, દુ:ખરૂપા, અદુ:ખરૂપા. એ પૂર્વકૃત કર્મના યોગે થાય છે.

**સંજ્ઞાસ્કંધ:** નિમિત્તનું ગ્રહણ. ગાયપણું એ ગાયના જ્ઞાનનું નિમિત્ત છે. જાતિવ્યક્તિના યોગથી સવિકલ્પક જ્ઞાન થાય તે.

**સંસ્કારસ્કંધ:** પુણ્ય અપુણ્યાદિ ધર્મસમુદાય. એના પ્રબોધથી પૂર્વાનુભૂત વિષયના સ્મરણાદિ ઉદ્ભવે છે.

**રૂપસ્કંધ:** પૃથ્વી ધાતુ વિગેરે.

એ પાંચે ક્ષણમાત્ર અવસ્થાયી છે. સર્વ સંસ્કાર ક્ષણિક છે.

(૨) **સમુદય:** દુ:ખનું કારણ સમુદય છે. જેનાથી લોકમાં રાગાદિનો હું અને મારાં રૂપી અખિલ ગણ ઉદય પામે છે તે સમુદય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૩) **માર્ગ:** સર્વ સંસ્કાર ક્ષણિક છે એવી વાસના બંધાવી તે માર્ગ. પોતાના કારણથી ઉત્પન્ન થતા પદાર્થ વિનાશી સ્વભાવવાળા પેદા થાય છે. જો નિત્ય સ્વભાવવાળા હોય તો ક્રમ અને યૌગપદ્યને લઇને તેનામાં અર્થક્રિયાપણું વ્યાપક હોવું જોઇએ તે આવશે નહિ તેથી તો તેના વ્યાપ્ય પદાર્થનો પણ અભાવ થઇ જાય. આ મુદ્દો સિદ્ધ કરવા બૌદ્ધો અનેક પ્રકારની દલીલ કરે છે તે જોવી.

સર્વ પદાર્થ ક્ષણિક છે અને આત્મા છે નહિ એવા આકારવાળી વાસના થાય, અર્થાત્ પૂર્વજ્ઞાનજનિત અને શક્તિપરંપરાથી ઉત્તર જ્ઞાનમાં આવેલી એવી માનસ પ્રતીતિ થાય તેનું નામ 'માર્ગ.'

(૪) **મોક્ષ:** ચિત્તની નિ:ક્લેશાવસ્થા તે મુક્તિ, નિરોધ. સર્વ પદાર્થનું ક્ષણિકત્વ અને આત્માનું નાસ્તિત્વ એવો જે ચિત્તનો વિશેષાકાર તે માર્ગ અને એ માર્ગ તે નિરોધનું કારણ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણ એટલે અવિસંવાદી જ્ઞાન. બૌદ્ધ મત પ્રમાણે પ્રમાણ બે છેઃ પ્રત્યક્ષ અને અનુમાન.

**પ્રત્યક્ષ:** કલ્પનાથી રહિત અને ભ્રમરૂપ નહિ તે પ્રત્યક્ષ. અક્ષ એટલે ઇંદ્રિયોથી જણાય તે. પ્રત્યક્ષ શબ્દરહિત સ્વલક્ષણથી જ જન્મ પામે છે. વળી એ જ્ઞાન ભ્રમ વગરનું છે એટલે કે વસ્તુને યથાવત્ ગ્રહણ કરનાર છે, એટલે કે યથાયોગ્ય રીતે પરસ્પરને સંતાન રૂપે વળગેલી એવી ક્ષણરૂપે ક્ષય પામવાવાળાં પરમાણુનું લક્ષણ તેને યથાર્થ ગ્રહણ કરનારૂં તે છે. એના ચાર પ્રકાર છેઃ ઇંદ્રિયજ્ઞાન, માનસ, સ્વસંવેદન અને યોગિજ્ઞાન. ચક્ષુ વિગેરેના આશ્રયથી ઉત્પન્ન થયેલું બાહ્ય રૂપાદિ વિષયનું પ્રત્યક્ષ તે 'ઇંદ્રિય પ્રત્યક્ષ.' પદાર્થના પ્રત્યક્ષ થયા પછી તે વિષયને ગ્રહણ કરનાર ઇંદ્રિયજન્ય જ્ઞાનની સમનંતર જે માનસ પ્રત્યય (અનુવ્યવસાય) થાય છે તે 'માનસ પ્રત્યક્ષ.' સર્વ ચિત્ત અને ચૈત્તનું જે આત્મસંવેદન તે 'સ્વસંવેદન.' ચિત્ત એટલે વસ્તુમાત્રનું ગ્રાહક જ્ઞાન અને ચિત્તમાં થયેલ તે ચૈત્ત. ભૂતાર્થ ભાવના પ્રકર્ષ પર્યન્તથી થયેલું જ્ઞાન તે 'યોગિજ્ઞાન'

**અનુમાન:** લિંગથી લિંગીનું જ્ઞાન થાય તે. જગતમાં છત્રાદિ ચિહ્ન (લિંગ) જોવાથી તે ચિહ્નનો ધારણ કરનાર રાજાદિ નિશ્ચયથી જણાય છે તેમ કોઇ ઠેકાણે જણાતાં ધૂમાદિ ત્રણ પ્રકારના લિંગથી પરોક્ષ રહેલો લિંગી-અગ્નિ તે પણ ત્યાં છે એવો નિશ્ચય થાય છે. એ લિંગના ત્રણ પ્રકાર આ છેઃ અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્ય. તેમાં અનુપલબ્ધિ ચાર પ્રકારે છેઃ

'વિરૂદ્ધોપલબ્ધિ.' દાખલોઃ અત્ર શીત સ્પર્શ નથી કેમ કે અગ્નિ છે.

'વિરુદ્ધકાર્યોપલબ્ધિ.' દાખલોઃ અત્ર શીત સ્પર્શ નથી કેમ કે ધૂમ છે,

'કારણાનુલબ્ધિ.' દાખલોઃ અત્ર ધૂમ નથી કેમ કે અગ્નિ નથી.

'સ્વભાવાનુલબ્ધિ.' દાખલોઃ અત્ર ધૂમની ઉપલબ્ધિ નથી કેમ કે લક્ષણાથી જે પ્રાપ્ત થાય તેની ઉપલબ્ધિ નથી.

'સ્વભાવ' દાખલોઃ આ વૃક્ષ છે કેમ કે સીતાફળી છે.
'કાર્ય' દાખલોઃ અત્ર અગ્નિ છે કેમ કે ધૂમ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

લિંગના ત્રણ રૂપ છે તે આ પ્રમાણેઃ પક્ષધર્મતા, સપક્ષે વિદ્યમાનતા અને વિપક્ષે નાસ્તિતા.

ધર્મવિશિષ્ટ ધર્મી તે પક્ષ. તે પક્ષનો ધર્મ તે પક્ષધર્મ. પક્ષમાં ધર્મીનું હોવાપણું તે 'પક્ષધર્મતા'.

સમાન પક્ષ તે સપક્ષ-તેમાં એટલે દૃષ્ટાન્તમાં હોવાપણું એટલે હેતુનું અસ્તિત્વ સમજવું. એ 'સપક્ષે વિદ્યમાનતા' થઇ. એનું નામ 'અન્વય' પણ કહેવાય છે.

વિરૂદ્ધ પક્ષ તે વિપક્ષ. જેમાં હેતુ સાધ્ય બન્ને ન હોય તે. તેવા વિપક્ષમાં હેતુનું અત્યંત અવિદ્યમાનત્વ તે 'વિપક્ષે નાસ્તિતા.' એનું નામ 'વ્યતિરેક' પણ કહેવાય છે.

હવે બૌદ્ધોના ચાર પ્રકાર છે તેનો સહજ ખ્યાલ કરી લઇએ.

**વૈભાષિક.**

આ મત એવો છે કે તેની માન્યતા પ્રમાણે ક્ષણિક વસ્તુ ચાર છેઃ જન્મ જન્મ આપે છે, સ્થિતિ સ્થાપન કરે છે, જરા જર્જરિત કરે છે અને વિનાશ વિનાશ કરે છે. આત્મા પણ તેવો જ છે અને તે પુદ્ગળ કહેવાય છે.

**સૌત્રાંત્રિક.**

રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર (જેનું વર્ણન ઉપર થઇ ગયું છે તે) એ પાંચ સ્કંધ શરીરી માત્રને છે પણ આત્મા એવું કાંઇ નથી. પર લોકમાં એ સ્કંધો જાય છે. તેઓ પાંચ માને છે તે આ છેઃ અતીત અધ્વા, અનાગત અધ્વા, સહેતુક વિનાશ, આકાશ અને પુદ્ગળ. અન્ય મતવાળાઓ નિત્યત્વ વ્યાપકત્વ વિગેરે ધર્મવાળો જે આત્મા કલ્પે છે તે અહીં પુદ્ગળ સમજવો. બાહ્ય પદાર્થ માત્ર નિત્ય અને અપ્રત્યક્ષ છે, માત્ર જ્ઞાનાકારની ઉપપત્તિ તેની સત્તા માન્યા વિના થઇ શકતી નથી માટે તે છે એટલું આ મતવાળા માને છે. સાકાર બોધ તેજ પ્રમાણ. સંસ્કાર માત્ર ક્ષણિક છે. અન્ય અપોહ એટલે ઇતર પદાર્થની વ્યાવૃત્તિ તે શબ્દાર્થ. નૈરાત્મ્ય ભાવ પામતાં જ્ઞાનસંતાનનો ઉચ્છેદ થાય તેજ મોક્ષ.

**યોગાચાર.**

વિશ્વમાત્ર વિજ્ઞાન માત્ર જ છે. બાહ્ય એવો પદાર્થ છે જ નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનમય અદ્વૈત તેજ તત્ત્વ છે. જ્ઞાનસંતાન અનેક છે. વાસનાના પરિપાકથી નીલપીતાદિકનો પ્રતિભાસ થાય છે. સાકાર બોધ તે પ્રમાણુ છે. આલયવિજ્ઞાન તે સર્વ વાસનાનો આધારભૂત છે અને આલયવિજ્ઞાનની વિશુદ્ધિ તેજ અપવર્ગ એટલે મોક્ષ.

માધ્યમિક.

આ મત સર્વથી વિલક્ષણ છે. આ સર્વ શૂન્ય છે અને પ્રમાણુ પ્રમેયનો વિભાગ તે માત્ર સ્વપ્ન સમાન છે. મુક્તિમાં શૂન્યતાની દૃષ્ટિ મળી જોઇએ એટલા માટે શેષભાવના ઉપયુક્ત છે.

ટુંકામાં કહીએ તો પદાર્થો જ્ઞાનસમન્વિત છે એમ બુદ્ધિમાન્ વૈભાષિક કહે છે; બાહ્ય વસ્તુવિસ્તાર પ્રત્યક્ષ નથી એમ સૌતાંત્રિકો આશ્રય કરે છે; યોગાચાર મતાનુયાયીઓ સાકાર બુદ્ધિને પર માને છે અને કૃતાર્થ બુદ્ધિવાળા માધ્યમિકો સ્વચ્છ પરસંવિદ્‌ને જ માને છે.[1] આ પ્રમાણે સંક્ષેપથી બૌધ મત કહ્યો.

* * * *

{ [2]લોકાયત ( ચાર્વાક ).

ચાર્વાકો( નાસ્તિક )ને લોકાયત અથવા બાર્હસ્પત્ય પણ કહેવામાં આવે છે. નિર્વિચાર સામાન્યમાત્રને લોક કહેવાય છે. લોકની માફક જે આચરણ કરે તે લોકાયત. બૃહસ્પતિએ તેમના મતની પ્રરૂપણા કરી

---

१ अर्थो ज्ञान समन्वितो मतिमता वैभाषिकेणोच्यते,
प्रत्यक्षो नहि बाह्यवस्तुविसरः सौतान्त्रिकैराश्रितः ।
योगाचारमतानुगैरभिमता साकारबुद्धिः परा,
मन्यन्ते बत मध्यमाः कृतधियः स्वस्थां परां संविदम् ॥

૨ કેટલાક નૈયાયિક અને વૈશેષિકને એક માની લોકાયતને છઠું દર્શન કહે છે. કેટલાક મિમાંસક ને આધુનિક ગણી તેની ગણના દર્શનસંખ્યામાં કરતા નથી. આ ગ્રંથકર્તાએ મિમાંસકને આધુનિક ગણી દર્શનસંખ્યામાં તેની ગણના કરી નથી. પ્રથમનો મત ષડ્દર્શન સમુચ્ચય ટીકાકારનો છે. અમે તે રીતે ગણીએ તેમાં વાંધો નથી. સર્વેએ આ નાસ્તિક મતનું સ્વરૂપ બતાવ્યું છે તેથી કોઈ પ્રકારે વાંધો આવતો નથી. અહીં નિર્વૃતિના માર્ગો બતાવવાના છે અને નાસ્તિકો તો નિર્વૃતિને સ્વીકારતાજ નથી તેથી તેમને દર્શનકારમાં સ્થાન ન હોય તે વધારે યોગ્ય લાગે છે. આથી તેમનો મત મેં કૌંસમાં મૂક્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી તેઓ બાર્હસ્પત્ય પણ કહેવાય છે. ચર્વ ધાતુનો અર્થ 'ચાવવું' ભક્ષણ કરવું થાય છે. પુણ્ય પાપાદિ પરોક્ષ વાતોનું જેઓ ભક્ષણ કરી જાય છે એટલે કે જેઓ તે વાતોને માનતા નથી તેમને ચાર્વાક કહેવામાં આવે છે. કાપાલિક, શરીરે ભસ્મ લગાડનારા યોગીઓ આ મતના હોય છે.

ચાર્વાકો માને છે કે નિર્વૃતિ નગરી નથી, જીવ નથી, પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી વિગેરે. ત્યારે છે શું? પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર તત્ત્વને તેઓ માને છે. એ ચારેના સમુદાયમાં જ શરીર, ઇંદ્રિય, વિષય વિગેરે સંજ્ઞા છે. મદ્યના અંગોમાં રહેલી મદશક્તિ સઘળાં અંગો એકઠાં થતાં પ્રકટ થાય છે, ગોળ ધાવડી વિગેરે એકઠા થતાં મદશક્તિ આવિર્ભાવ પામે છે, તેમ એ ચારે ભૂતોના સંયોગથી દેહ રૂપ જે પરિણતિ તેમાં ચૈતન્ય પેદા થાય છે તથા પાણીમાં જેમ પરપોટા ઉત્પન્ન થાય છે અને પાછા તેજ પરપોટા પાણીમાં સમાઇ જાય છે તેમ જ ભૂતસમુદાયમાંથી ચૈતન્ય ઉત્પન્ન થઇ ભૂતમાં જ સમાઇ જાય છે, એ જ્યારે આવિર્ભાવ પામે છે ત્યારે એને 'જીવ' સંજ્ઞા આપવામાં આવે છે, બાકી પરલોકગામી એવો જીવ જેવો કોઇ પદાર્થ છે નહિ અને હોઇ શકે નહિ.

પ્રવૃત્તિ અને નિવૃત્તિથી સાધ્ય જે પ્રીતિ તે પુરૂષાર્થ.[1] એ પુરૂષાર્થ તે એક 'કામ' જ છે, પરંતુ મોક્ષ વિગેરે અન્ય કોઇ બીજા નથી. આ ઉપરથી જોયું હશે કે પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર[2] સિવાય અન્ય કોઇ તત્ત્વ નથી માટે દૃષ્ટ એટલે પ્રત્યક્ષ અનુભવાતાં આ લોકનાં સુખનો ત્યાગ કરીને અદૃષ્ટ અને અચોક્કસ પરલોકનાં સુખો જે તપ વિગેરે કષ્ટક્રિયાથી સાધ્ય મનાય છે તેને માટે પ્રવૃત્તિ કરવી તે કોઇ રીતે યોગ્ય નથી.

---

૧ આ હકીકતમાં અશુદ્ધિ છે. હકીકત એમ જણાય છે કે 'સાધ્યવૃત્તિ નિવૃત્તિ થકી જનને જે પ્રીતિ થાય છે તે નકામી છે; કેમકે ધર્મ છે તે કામ કરતાં અન્ય કોઇ નથી.' (ષડ્દર્શન સ૦). સાધ્ય ધ્યાન બે પ્રકારનું છે: હેય અને ઉપાદેય. હેય તે આર્ત રૌદ્ર ધ્યાન, ઉપાદેય તે ધર્મ શુકલ ધ્યાન અથવા હેય તે વિષય સુખાદિ પાપકૃત્ય અને ઉપાદેય તે તપઃસંયમાદિ પુણ્ય કૃત્ય. એ હેય ઉપાદેયની નિવૃત્તિ પ્રવૃત્તિથી પ્રીતિ અર્થાત્ સુખ થાય છે તે નિરર્થક છે, નકામા છે, અતાત્વિક છે એમ ચાર્વાકો માને છે. તેઓ કહે છે કે કામ એટલે વિષયસુખસેવન કરતાં બીજો કોઈ ધર્મ નથી. તજ્જનિત જે પરમ સુખ તેજ સુખ છે. આ ચાર્વાકોનો મત છે.

૨ કેટલાક લોકાયતો 'આકાશ' નામનું પાંચમું તત્ત્વ પણ માને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મતવાળા સર્વજ્ઞને પણ માનતા નથી, મદ્યમાંસ ખાય છે, વર્ષમાં એક દિવસ સર્વે એકઠા થઇ નજરમાં આવે તે સ્ત્રી સાથે વ્યવહાર કરે છે, ધર્મને કામથી ભિન્ન માનતા નથી.

ઇંદ્રિયગોચર છે તેટલું જ જગત્ છે એમ તેઓ માને છે. પુણ્ય-પાપફળ સ્વર્ગ નર્ક અહીં કાંઇ માનવામાં આવતાં નથી. તેઓ કહે છે કે 'મૃદુ કે કઠોર વસ્તુ, તીખા કડવા કે કષાયલા દ્રવ્ય, સુગંધી કે કે દુર્ગંધી ભાવ, સ્થાવર જંગમ પદાર્થસમૂહ અને વેણુ કે વિણાના ધ્વનિ વીના બીજુ કાંઇ અનુભવમાં આવતું નથી એટલે ભૂતથી ઉત્પન્ન થયેલા ચૈતન્યથી જૂદો ચૈતન્ય હેતુરૂપે કલ્પાયલો અને પરલોક જ-નારો જીવપદાર્થ પ્રત્યક્ષ અનુભવાતો નથી; અર્થાત્ તે જીવના સુખ-દુઃખનાં કારણ ધર્માધર્મ અને તેના પ્રકૃષ્ટ. ફળભોગની ભૂમિ સ્વર્ગ નરક, અને પુણ્યપાપના ક્ષયથી થતા મોક્ષનું સુખ જેનું જૂદી જૂદી રીતે વર્ણન કરવામાં આવે છે તે બધા આકાશરચનામાત્ર હોઇ કોને હાસ્યાસ્પદ લાગતા નથી? આવું છે ત્યારે અસ્પૃષ્ટ અનાસ્વાદિત અનાઘ્રાત અદૃષ્ટ અશ્રુત એવા જીવાદિકનો આદર કરી જે લોક સ્વ-ર્ગમોક્ષાદિ સુખની લિપ્સાથી છેતરાઇ માથાનું મુંડન કરાવી આકરી તપસ્યા કરી કે ટાઢ તડકાદિના કલેશો વેઠી જન્મારો બગાડે છે તે બધા મહામોહમાં ભમે છે.'

સ્વેચ્છાચારે ખાવાપીવાની અને આ શરીરનો ભોગ દ્વારા અને તેટલો લાભ લઇ લેવાની જીવનસાર્થકતા અત્ર માન્ય છે. ગયેલું યૌવન પાછું આવતું નથી, પરલોકમાં તે મળવાનું નથી, માટે તેનો હોય ત્યારે પૂરતો લાભ લઇ લેવો. પરલોક વિગેરેને અત્ર ગપાટા માન-નવામાં આવે છે.

પ્રમાણ માત્ર પ્રત્યક્ષ જ માનવામાં આવે છે. આ લોકો લોક-યાત્રાસિદ્ધ્યર્થ ધૂમાદિ અનુમાન કવચિત્ માને છે પણ સ્વર્ગ અદૃષ્ટ વિગેરેને સાધનાર અલૌકિક અનુમાન સ્વીકારતા નથી.

* * * * }

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૫)

# મીમાંસક.[1]

**મીમાંસકો અથવા જૈમિનીઓ કહે છે કે સર્વજ્ઞાદિ વિશેષણવાળો**

---

૧ આ **મીમાંસક** દર્શનનું બીજું નામ જૈમિનીય કહેવાય છે. એ મત આધુનિક હોવાથી એની ગણના કેટલીક વાર છ દર્શનમાં થતી નથી ( જુઓ નોટ પૃષ્ઠ ૧૩૮૪ ). મૂળ ગ્રંથકારે એનાપર વિવેચન કર્યું છે પણ એને દર્શનસંખ્યામાં ગણેલ નથી. સાંખ્યની પેઠે જૈમિની એકદંડી અથવા ત્રિદંડી હોય છે, મૃગચર્મ ધારણ કરે છે, લાલ વસ્ત્રો પહેરે છે, કમંડળ ધારણ કરે છે, માથે મુંડો કરાવે છે અને સંન્યાસીના નામથી ઓળખાય છે. તેમનો ગુરૂ વેદ જ, બીજો કોઇ ગુરૂ નહિ. યજ્ઞોપવિતને ધોઇને તેનું ત્રણ વાર જળપાન કરે છે. એક પ્રકારના યજ્ઞ કરનારા **પૂર્વ મીમાંસાવાદી** કહેવાય છે, બીજા **ઉત્તર મીમાંસાવાદી** કહેવાય છે. પૂર્વ મીમાંસાવાદી કુકર્મ વર્જે છે, યજનાદિ ષટ્કર્મ કરે છે, બ્રહ્મસૂત્ર ધરે છે, ગૃહસ્થાશ્રમમાં વસે છે અને શુદ્રનું અન્ન વર્જે છે. તેમાં વળી બે પ્રકાર છેઃ **ભાટ્ટ** અને **પ્રાભાકર**. ભાટ્ટ છ પ્રમાણ માને છે, પ્રાભાકર પાંચ પ્રમાણ માને છે.

**ઉત્તર** મીમાંસાવાદી '**વેદાંતી**' કહેવાય છે અને તે બ્રહ્મ અદ્વૈતને જ માને છે. આ બધું બ્રહ્મ છે એમ કહે છે, સર્વ શરીરમાં એક જ આત્મા છે એમ કહે છે. આત્માને વિષે લય તે જ મુક્તિ એમ માને છે. એ વિના બીજી કોઈ મુક્તિ માનતા નથી. એમના ચાર પ્રકાર છે. કુટીચર, બહુદક, હંસ અને પરમહંસ.

કુટીચરઃ ત્રિદંડી, માથે શિખા રાખનાર, બ્રહ્મસૂત્રી, ગૃહત્યાગી, યજમાન પરિગ્રહી, પુત્ર ગૃહે એકવાર જમનાર, કુટીમાં વસનાર હોય તે 'કુટીચર' કહેવાય છે.

બહુદકઃ કુટીચરના જેવા વેશવાળો, વિપ્ર ગૃહે આવી મળેલી ભિક્ષા કરનારો, વિષ્ણુજાપ પરાયણ, નદીનીરમાં ન્હાનારો તે 'બહુદક' કહેવાય છે.

હંસઃ બ્રહ્મસૂત્ર અને શિખા વગરનો, કાષાયવસ્ત્ર અને દંડને ધરનારો, ગામમાં એક રાત્રી અને નગરમાં ત્રણ રાત્રી વસનારો, ધૂમરહિત અને અગ્નિ રહિત વિપ્રના ઘરની ભિક્ષા કરનારો, તપથી ક્ષીણ શરીરવાળો અને સર્વત્ર ફરનારો તે 'હંસ' કહેવાય છે.

પરમહંસઃ હંસને જ્યારે જ્ઞાન થઇ જાય ત્યારે તે ચારે વર્ણના ઘરે ભોજન લઇ શકે છે, સ્વેચ્છાએ દંડ ધરે કે ન ધરે, ઇશાન દિશાએ સંચરે, શક્તિહીનપણામાં ખાવાનું તજી દેનારો, માત્ર વેદાંતનું જ અધ્યયન કરનારો 'પરમહંસ' કહેવાય છે.

ઉપરના ચારેમાં ઉત્તરોત્તર અધિકતા જાણવી. એ ચારે બ્રહ્મ અદ્વૈતવાદના અનુયાયી હોય છે, શબ્દ અને અર્થના નિર્ણય બતાવવા અનેક યુક્તિઓ રચે છે અને અનિર્વાચ્ય તત્ત્વને જાણવા પ્રયત્ન કરે છે. આ ઉત્તર મીમાંસાવાદ-વેદાન્ત બહુ જ આધુનિક હોવાથી અત્ર તેનું વર્ણન કર્યું નથી, પણ તેને મીમાંસાનો ભેદ ગણવાનો છે.

JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઇ દેવ નથી કે જેનું વચન પ્રમાણ ગણાય. અગાઉના દર્શનકારો કોઇ સૃષ્ટિકર્તાને દેવ માનતા, કોઇ સર્વજ્ઞ સર્વદર્શીને દેવ માનતા, કોઇ વીતરાગને દેવ માનતા, તેવો કોઇ દેવ છે નહિ એવો મીમાંસકોનો મત છે. તેઓ માને છે કે પુરૂષ સર્વજ્ઞ હોઇ શકે નહિ, મનુષ્યપણામાં એ ગુણ અસંભવિત છે, તેમજ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર વિગેરેમાં પણ સર્વજ્ઞત્વની અસિદ્ધિ માનવામાં આવે છે.

હવે અતીંદ્રિય પદાર્થોને સાક્ષાત્ જોનાર કોઇ સર્વજ્ઞ નથી માટે સદાકાળસ્થાયી (નિત્ય) વેદવાક્યોથી યથાર્થપણાનો નિશ્ચય થાય છે. અતીંદ્રિય પદાર્થો તે ઇંદ્રિયવિષય નહિ એવા પદાર્થો: જેવા કે આત્મા, ધર્મ, અધર્મ, કાળ, સ્વર્ગ, નરક, પરમાણુ ઇત્યાદિ. એનો સાક્ષાત્ પ્રત્યક્ષથી જોનાર કોઇ નથી માટે ભૂલાવો ન ખવરાવે તેવા અનુત્પન્ન સ્થિર એક-સ્વભાવ વેદવાક્યથી તેનો નિર્ણય કરવો. પ્રથમ પ્રયત્નથી વેદપાઠ કરવો અને ત્યાર પછી ધર્મ સાધનાર એવી ધર્મજિજ્ઞાસા કરવી. એટલે કે ધર્મ અતીંદ્રિય છે તે ક્યા પ્રમાણથી જાણી શકાશે એવા પ્રકારની ધર્મ-સાધનના ઉપાયભૂત ઇચ્છા કરવી.

ત્યારે ધર્મ શું? તેનું નિમિત્ત કોણ? **चोदनालक्षणोऽर्थो धर्मः** નોદના એ નિમિત્ત જાણવું. નોદનાલક્ષણ જે અર્થ તે ધર્મ જાણવો. નોદના એટલે ક્રિયામાં પ્રવૃત્તિ કરાવનાર વેદવાક્ય. જેવા કે: જેને સ્વર્ગની અભિલાષા હોય તે અગ્નિહોત્ર હોમ કરે. ધર્મ અતીંદ્રિય છે માટે નોદનાથી ધર્મ જણાય છે પરંતુ બીજા કોઇ પ્રમાણથી નહિ, કેમ જે પ્રત્યક્ષાદિ પ્રમાણો તો વિદ્યમાનને જ ગ્રહણ કરનાર છે, પરંતુ ધર્મ કર્તવ્યતા રૂપ છે અને કર્તવ્યતા તે ત્રિકાળશૂન્યાર્થ રૂપ છે. આવો મીમાંસકોનો મત છે.

અનધિગત અર્થ અધિગંતા તે **પ્રમાણ** એટલે ન ગ્રહણ કરી શકાય તેવા અર્થનું સંશયાદિથી રહિત-પરિચ્છેદક જ્ઞાન તે. **પ્રમાણ** છ છે: **પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમા, અર્થાપત્તિ** અને **અભાવ.**

(૧) **પ્રત્યક્ષ:** ઇંદ્રિયોને સતનો સંપ્રયોગ સતે આત્માને બુદ્ધિ જન્મ તે પ્રત્યક્ષ. સત્ એટલે વિદ્યમાન વસ્તુ. બુદ્ધિજન્મ એટલે બુદ્ધિની ઉત્પત્તિ. સંપ્રયોગ એટલે સંબંધ.

(૨) **અનુમાન:** સંબંધના જ્ઞાનવાળાને એક દેશ જોતા નજીક (અસન્નિકૃષ્ટ) એવા બીજા અર્થનું જ્ઞાન તે અનુમાન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) શાબ્દ: શાશ્વત એટલે અપૌરૂષેય હોવાથી નિત્ય એવા વેદ, તેમાંથી થયેલું જ્ઞાન તે શાબ્દ. સાંભળેલા શબ્દના જ્ઞાનથી તુરત સન્નિકૃષ્ટ પ્રત્યક્ષ એવા ઘટાદ્યર્થનું જ્ઞાન તે શાબ્દ.

(૪) ઉપમાન. પ્રસિદ્ધ અર્થના સાધર્મ્યથી અપ્રસિદ્ધ અર્થનું સાધન તે ઉપમાન. ગાય જાણી હોય તે પુરૂષને પૂર્વે નહિ જોયેલ ગવયને જોતાં સાધર્મ્યથી પૂર્વે અજ્ઞાત એવા સાધર્મ્યનું જ્ઞાન થાય તે ઉપમાન. અહીં ગવયદર્શન ગોસ્મરણ કરાવે છે તે ઉપમાન જ્ઞાન.

(૫) અર્થાપત્તિ: દૃષ્ટ અર્થની અનુપપત્તિને લીધે કોઇ અર્થની કલ્પના જેના બળથી થઇ શકે છે તે અર્થાપત્તિ. એટલે ચાલુ પાંચ પ્રમાણોથી જે હકીકતની ઉપપત્તિ (સિદ્ધિ) થઇ શકતી નથી તેની ઉપપત્તિ ઘટાવવા જે કલ્પવું પડે તે. બીજા પ્રમાણથી દૃષ્ટ અને શાબ્દથી શ્રુત એવો અર્થ તેના વિના ઉપપન્ન નહિ થાય એમ માની જે અદૃષ્ટાર્થ કલ્પના કરવામાં આવે છે તે. અગ્નિનો ઉષ્ણ સ્પર્શ પ્રત્યક્ષથી જાણી તેની દાહક શક્તિનો યોગ અર્થાપત્તિથી મનાય છે, કેમ કે શક્તિ પ્રત્યક્ષ ગ્રાહ્ય નથી કે અનુમાનાદિથી ગમ્ય નથી. આવી રીતે બાકીના પ્રમાણો સાથે અર્થઘટના કરી લેવી.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૬) જે વસ્તુસ્વરૂપમાં વસ્તુસત્તાવબોધાર્થે પાંચે પ્રમાણની પ્રવૃત્તિ નથી ત્યાં અભાવ પ્રમાણતા સમજવી. પાંચે પ્રમાણો સદંશને (છે એવી વાતને) ગ્રહે છે પણ અસત્ અંશને ગ્રહતા નથી, ત્યારે આ પ્રમાણાભાવ રૂપ અભાવ અસદંશને ગ્રહણ કરે છે. આમાં પ્રાગભાવ (ક્ષીરમાં દહીંનો) પ્રધ્વંસાભાવ (દહીંમાં દૂધનો) અને અન્યોન્યાભાવ (બળદમાં અશ્વનો) એમ ત્રણે અભાવજ્ઞાનનો સમાવેશ થાય છે અને તે ન હોય તો વસ્તુ-વ્યવસ્થા બગડી જાય એવો મીમાંસકોનો અભિપ્રાય છે.

આ મત પ્રમાણે વેદ અપૌરૂષેય છે, વેદોક્ત હિંસા ધર્મ છે, શબ્દ નિત્ય છે, સર્વજ્ઞ છે નહિ, અવિદ્યા અથવા માયાને લીધે પ્રતિભાસમાન આખો પ્રપંચ મિથ્યા છે, પરબ્રહ્મ તેજ પરમાર્થસત્ છે.

* * * *



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૬)

## [1]જૈન દર્શન.

અને ભાઇ પ્રકર્ષ ! આ વિવેક પર્વતપર આરૂઢ થયેલા અને તેના અપ્રમત્તત્વ શિખર ઉપર રહેલા જૈનપુરનિવાસી જૈનોએ નિર્વૃતિ નગરીએ જવાનો માર્ગ આ પ્રમાણે જોયો છેઃ—

જૈનોનો જિનેંદ્ર દેવતા છે તે રાગદ્વેષ વિવર્જિત, મહામોહ મલ્લને હણનાર, કેવળ જ્ઞાન દર્શનવાન્, સુરાસુરેંદ્ર સંપૂજ્ય, સદ્‌ભૂત અર્થના પ્રકાશક છે અને સર્વ કર્મનો ક્ષય કરીને પરમ પદને પામેલ છે. તેઓ જગત્‌ને અનાદિ કહે છે અને તેનો કોઇ કર્ત્તા માનતા નથી, ઇશ્વરના

---

૧ જૈન બે પ્રકારના છેઃ શ્વેતાંબર અને દિગંબર. તેમાં શ્વેતાંબરોના સાધુઓ રજોહરણ (ઓઘો) રાખે છે, મુખવસ્ત્રિકા (મુહપત્તિ) રાખે છે અને વાળનો લોચ કરે છે. આ તેઓનું લિંગ છે. શરીરે ચોળપટ્ટો પહેરે છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વિગેરે તેમનો આચાર છે. તે અષ્ટ પ્રવચનમાતા આ પ્રમાણે છેઃ ઇર્યા-સાડા ત્રણ હાથ નજર નીચી રાખી ભૂમિ શોધતા ચાલવું. ભાષા-વિચારીને સત્ય હિત પ્રિય મિત અને તથ્ય બોલવું. એષણ-ખાવાપીવાની વસ્તુ શાસ્ત્રના નિયમ પ્રમાણે શુદ્ધ લેવી. આદાનભંડમતનિક્ષેપણા-વસ્તુ લેતા મૂકતા સંભાળ રાખવી, સમારવી, જીવની યતના કરવી. પારિષ્ઠાપનિકા-મળ મૂત્ર શ્લેષ્મ વિગેરે જીવ રહિત ભૂમિએ નાખવા. એ પાંચ સમિતિ. ત્રણ ગુપ્તિ તે મન વચન કાયાના યોગોપર યોગ્ય અંકુશ રાખવો. તેઓના આચારમાં તેઓ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અકિંચનત્વવાળા હોય છે, ક્રોધાદિપર વિજય કરનાર હોય છે, ઇંદ્રિયોનું દમન કરનારા હોય છે, જાતે નિર્ગ્રન્થ હોય છે, મધુ-કરી વૃત્તિથી નવ કોટિ શુદ્ધ આહાર લેનારા હોય છે,. વસ્ત્ર પાત્ર માત્ર સંયમના નિર્વાહ માટે ધારણ કરેછે, રાખે છે, તેઓને કોઇ વંદન કરે ત્યારે 'ધર્મલાભ' એવો શબ્દ બોલે છે.

દિગંબરો નગ્ન લિંગે છે, હાથ એજ તેઓનું પાત્ર હોય છે. તેમના ચાર ભેદ છેઃ કાષ્ઠાસંઘ, મૂલસંઘ, માથુરસંઘ અને ગોપ્યસંઘ. કાષ્ઠાસંઘવાળા ચમરીના વાળની પીંછી રાખે છે, મૂળસંઘવાળા મોરની પીંછી રાખે છે, માથુરસંઘમાં મૂળથીજ પીંછી રાખવામાં આવતી નથી અને ગોપ્ય સંઘવાળા મોરની પીંછી રાખે છે. પ્રથમના ત્રણ સંઘવાળાને કોઇ નમે ત્યારે 'ધર્મવૃદ્ધિ' એવો શબ્દ બોલે છે. તેઓ સ્ત્રીને મુક્તિ અને કેવળીને ભુક્તિ ( આહાર ) માનતા નથી, વ્રત ગમે તેટલા લે પણ વસ્ત્રધારી હોય તેને મુક્તિ માનતા નથી. ગોપ્યસંઘવાળા નમન કરે ત્યારે 'ધર્મ-લાભ' કહે છે અને સ્ત્રીને મુક્તિ અને કેવળીને ભુક્તિ માને છે. એ ચારે સંઘ-વાળાને ભિક્ષાઅટનમાં અને ભોજનમાં બત્રીશ અંતરાય અને ચૌદ મળ વર્જ્યે છે. બાકી તેઓના સર્વ આચાર ગુરૂ અને દેવ શ્વેતાંબર જેવાં જ છે. તેમના શાસ્ત્રમાં કે તર્કમાં અરસ્પરસ ભેદ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્તા તરીકેના અસ્તિત્વનું તેઓ અનેક દલીલોથી ખંડન કરે છે અને તેઓ છેવટે જણાવે છે કે સૃષ્ટિકર્તા ઇશ્વર કોઇ પણ પ્રકારે સિદ્ધ થઇ શકતો નથી. મનુષ્ય કર્મનો ક્ષય કરી મોક્ષ જાય છે. સર્વજ્ઞપણાની સિદ્ધિ તેઓ બહુ પ્રમાણો આપી કરે છે.

જૈનો નવ તત્ત્વ માને છે: જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. અથવા પુણ્ય પાપને બંધમાં અંતર્ગત કરી સાત તત્ત્વ માને છે તેની વ્યવસ્થા નીચે પ્રમાણે છે.

૧ જીવ. ચેતનાલક્ષણ જીવ. તેથી વિપરીત તે અજીવ. આ જીવ અને અજીવ એ બે પદાર્થો આખા જગત્‌માં રહેલા છે. તે બેમાં ગુણ કર્મ સામાન્ય વિશેષ સમવાયાદિ સમાય છે, એમની પ્રતિપત્તિ પણ જીવ અજીવ તરીકે જ થાય છે, તેમજ બૌદ્ધાદિકના દુઃખાદિતત્ત્વો પણ એ જીવ અજીવથી જૂદી જાતિવાળા નથી. એ બે પદાર્થોમાં જે સમાતું ન હોય તે સંભવતું પણ નથી, શશશૃંગવત્ છે એમ જાણવું. પુણ્યાદિ સમજવા માટે જરૂરના છે.

જીવની સંપૂર્ણ વ્યાખ્યા આ પ્રમાણે છે: જ્ઞાનાદિ ધર્મથી ભિન્નાભિન્ન, વિવૃતિમાન્, શુભાશુભકર્મ કર્તા, કર્મફલ ભોક્તા, ચૈતન્ય લક્ષણ જીવ.

'જ્ઞાનાદિ ધર્મ' એમ વ્યાખ્યામાં કહ્યું તે જ્ઞાન દર્શન ચારિત્ર સુખ દુઃખ વીર્ય ભવ્યત્વ અભવ્યત્વ સત્વ પ્રમેયત્વ દ્રવ્યત્વ પ્રાણધારિત્વ ક્રોધાદિપરિણતત્વ સંસારિત્વ સિદ્ધત્વ પરવસ્તુ વ્યાવૃતત્વ એ આદિ સ્વ અને પર પર્યાય જીવને છે તે જ્ઞાનાદિ ધર્મ કહેવાય. તેમના થકી જીવ ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી.

'વિવૃતિમાન' એટલે નર અમર આદિ પર્યાયમાં ભમવાપણું તે જેને છે તે. આથી એનું ભવાંતરગામિત્વ સમજાય છે અને કૂટસ્થ નિત્યતા ઉડી જાય છે.

'ચૈતન્ય' એટલે સાકાર નિરાકાર ઉપયોગઆત્મકતા. કર્મકર્ત્તા કર્મફળભોક્તા માનવાથી કરેલા શુભ કર્મોનો નાશ થતો બચે છે અને નહિ કરેલી બાબત ભોગવવી પડવાના સ્પષ્ટ ખોટા ખ્યાલને દૂર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે જીવની વ્યાખ્યા થઇ. હવે તેના ભેદો—વિભાગો મુખ્યપણે જોઇ લઇએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવોના મુખ્ય બે ભેદ છે: સિદ્ધ અને સંસારી. સંસારી જીવોને એકથી પાંચ ઇંદ્રિયો હોય છે.

એક ઇંદ્રિય (સ્પર્શ)વાળા જીવોના પાંચ પ્રકારછે: પૃથ્વી (માટી, પથ્થર વિગેરે ખાણમાં હોય ત્યારે), અપ્ (પાણી, હિમ, કરા, ધુમસ), તેજસ્ (અગ્નિ), વાયુ (પવન), વનસ્પતિ. વનસ્પતિ પ્રત્યેક અને સાધારણ બે પ્રકારે છે. એક શરીરમાં એક જીવ (ફળ, ફૂલ વિગેરે) અને એક શરીરમાં અનંત જીવ (કંદમૂળાદિ). વળી એ સર્વ (પાંચે) સૂક્ષ્મ અને બાદર હોય છે. સૂક્ષ્મનું શરીર ચર્મ ચક્ષુથી દેખાતું નથી.

સ્પર્શ અને રસ બે ઇંદ્રિયવાળા શંખ કોડા જળો વિગેરે છે. સ્પર્શ રસ અને નાસિકા ત્રણ ઇંદ્રિયવાળા જૂ માંકડ ગીંગોડા વિગેરે છે. સ્પર્શ રસ ઘ્રાણ અને ચક્ષુ ચાર ઇંદ્રિયવાળા વીંછી ભમરા તીડ વિગેરે છે.

સ્પર્શ રસ ઘ્રાણ ચક્ષુ અને કાન પાંચ ઇંદ્રિયવાળાના ચાર વિભાગ છે: નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા. નારકી સાત છે. તિર્યંચમાં કેટલાક જળચર, કેટલાક સ્થળચર અને કેટલાક ખેચર હોય છે; વળી કોઇ પેટથી ચાલનારા (ઉરપરિ) અને કેટલાક હાથથી ચાલનારા હોય છે (ભુજપરિ). મનુષ્ય કર્મભૂમિ અને અકર્મ ભૂમિમાં વસનારા હોય છે; અકર્મ ભૂમિમાં યુગલિકો રહે છે, તેમની ઇચ્છા કલ્પવૃક્ષો પૂરી પાડે છે. દેવોના ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ ચાર પ્રકાર છે. આ જીવોના અનેક ભેદો તેમને સમજવા માટે પાડવામાં આવ્યા છે.

પ્રાણ ધારણ કરે ત્યાં સુધી જીવ કહેવાય છે. પ્રાણ દશ છે: પાંચ ઇંદ્રિય, મન વચન કાયનાં બળ, શ્વાસોશ્વાસ અને ભાષા. એ દશ પ્રાણ પૈકી પ્રત્યેક જીવને ઓછા વધતા હોય છે. સંજ્ઞી પંચેંદ્રિયને કુલ દશે પ્રાણ હોય છે. આ પ્રમાણે જીવસંબંધી વિચાર જૈનો કહે છે.

૨ **અજીવ:** જીવથી વિપરીત ધર્મવાળો તે અજીવ. તેના પાંચ પ્રકાર છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળ અને કાળ. 'ધર્મ' ચાલવામાં મદદ કરે છે, ગતિપરિણામી છે, લોકવ્યાપ્ત છે, નિત્ય છે, અવસ્થિત છે, અરૂપી છે. એ ધર્મ ગતિનું અપેક્ષા કારણ છે. તે જ પ્રમાણે સ્થિતિનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપેક્ષાકારણ 'અધર્મ' છે. ત્રીજું 'આકાશ' લોક અને અલોકમાં વ્યાપ્ત છે, અનંત પ્રદેશાત્મક છે અને અવગાહ (અવકાશ-space) ને આપનાર છે. ચોથું 'કાળ' દ્રવ્ય છે તે સમય રૂપ છે. એનું વ્યક્તિગત રૂપ સૂર્યચંદ્રનક્ષત્રાદિની ગતિપર આધાર રાખે છે. કેટલાક કાળને અલગ દ્રવ્ય માનતા નથી પણ પર્યાય રૂપે માને છે. કાળના દ્રવ્યત્વ સંબંધમાં બહુ લંબાણ ચર્ચા છે. પાંચમું દ્રવ્ય 'પુદ્ગળ' છે. જેને સ્પર્શ રસ ગંધ અને વર્ણ હોય તે પુદ્ગળ કહેવાય છે. સ્પર્શ આઠ છેઃ મૃદુ, કઠિન, ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ. રસ પાંચ છેઃ તિક્ત, કટુ, કષાય, અમ્લ અને મધુર. ગંધ બે પ્રકારનો છેઃ સુરભિ અને દુરભિ. વર્ણ પાંચ છેઃ નીલો, કાળો, રાતો, શ્વેત, પીત. શબ્દ અંધકાર ઉદ્યોત એ સર્વ પુદ્ગળ છે. એના બે પ્રકાર છેઃ પરમાણુ અને સ્કંધ. પરમાણુ એક રસ-વર્ણ ગંધવાળો બે સ્પર્શવાળો સૂક્ષ્મ અને નિત્ય છે, કાર્યલિંગ છે અને અંત્ય કારણ છે. તે અવયવ રહિત છે અને પરસ્પર અસંયુક્ત છે. બે પરમાણુ કે તેથી વધારે સંખ્યાત, અસંખ્યાત કે અનંત સાથે હોય તે સાવયવ (સ્કંધ) કહેવાય છે.

આ પ્રમાણે જીવ અને અજીવના પાંચ મળી છ દ્રવ્ય થયા. તેમાં ધર્મ અધર્મ આકાશ અને કાળ એક દ્રવ્ય છે અને જીવ તથા પુદ્ગળ અનેક છે. પુદ્ગળ વગરના પાંચ અમૂર્ત અને પુદ્ગળ મૂર્ત. જીવ દ્રવ્ય અરૂપી છે તથાપિ તે ઉપયોગદ્વારા અસ્તિત્વવાળો છે એમ શ્રદ્ધા થાય છે. બીજા દ્રવ્યો પણ અનુમેય છે.

૩ **પુણ્યઃ** સુખનો અનુભવ કરાવે તેવો કર્મ પુદ્ગળ સમુચ્ચય તે પુણ્ય. એનાથી સ્વર્ગાદિનાં સુખ, શરીરનું સ્વાસ્થ્ય, તીર્થંકરાદિની ઋદ્ધિ, લોકમાં કીર્તિ વિગેરેનો અનુભવ થાય છે. એ કર્મવર્ગણા છે.

૪ **પાપઃ** પુણ્યથી ઉલટું જે દુઃખનો અનુભવ કરાવે તે પાપ.

(આ પુણ્ય અને પાપ માત્ર કર્મની વર્ગણાઓ છે અને તેનો 'બંધ' તત્વમાં સમાવેશ થાય છે. એનો સ્પષ્ટ નિર્દેશ જૈન શાસ્ત્રકારોએ કર્યો છે તેનો હેતુ પરમતમાં એ સંબંધી ઘણી ગુંચો ઊભી થયેલી છે તેનું સ્પષ્ટીકરણ કરવા માટે જ છે. બાકી વાસ્તવિક રીતે તત્ત્વો સાત છે અને આ ગ્રંથકાર પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્ત્વના નામનિર્દેશમાં સાતનો જ ઉલ્લેખ કરે છે. કેટલાક પુણ્ય જ છે એમ કહે છે, પાપને માનતા નથી, કેટલાક પાપને જ માને છે, કેટલાક બન્નેને અન્યોન્ય અનુલિદ્ધ સ્વરૂપે (મેચક મણિતુલ્ય) સ્વીકારે છે, કેટલાક બન્નેને એક જ માને છે, કેટલાક જગત્‌ને પ્રપંચ કહી પુણ્ય પાપ માનતા જ નથી, એ બધા મતને જવાબ આપવા પુણ્ય પાપનું તત્ત્વરૂપે અહીં દર્શન થાય છે. પુણ્ય પાપથી જગત્‌ની વિચિત્રતા થાય છે, આખો પ્રપંચ તેના ઉપર જ આધાર રાખે છે. એના બહુ ભેદો અને વિભાગો સૂક્ષ્મ દૃષ્ટિએ પાડવામાં આવ્યા છે તે વિચારણીય છે.

૫ આસ્રવ: મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગો કર્મબંધના હેતુ છે અને તે આસ્રવ કહેવાય છે. જેમ તળાવમાં પાણી આવવાના માર્ગને નાળું કહેવામાં આવે છે તેમ આત્મામાં કર્મ આવવાના માર્ગોને આસ્રવ કહેવામાં આવે છે. અસદ્ દેવગુરૂધર્મને સત્ રૂપે માનવાની બુદ્ધિ તે મિથ્યાદર્શન અથવા મિથ્યાત્વ. હિંસા વિગેરેથી વિરમવું નહિ તે અવિરતિ. મદ્ય વિષય વિગેરે તે પ્રમાદ. ક્રોધ માન માયા લોભ તે કષાય. મન વચન કાયાના વ્યાપાર તે યોગ. શુભ અને અશુભ કર્મબંધના હેતુ આ આસ્રવો છે. એ પ્રવાહઅપેક્ષાએ અનાદિ છે અને સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. એના સૂક્ષ્મ ભેદો અને વિભાગો વિશિષ્ટ ગ્રંથોથી જાણવા. એમાં પચીશ ક્રિયાનું સ્વરૂપ ખાસ વિચારણીય છે.

૬ સંવર: આસ્રવનો નિરોધ તે સંવર. નવાં આવતાં કર્મોનો નિરોધ, કર્મોનું રોકવું તે સંવર. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ રૂપ આશ્રવનો સમ્યગ્દર્શન, વિરતિ, પ્રમાદપરિહાર, ક્ષમાદિ, ગુપ્તિ ત્રય એ આદિ ધર્મના આચરણથી નિરોધ એટલે નિવારણ-ઢાંકવાપણું તે સંવર. સમિતિ, ગુપ્તિ, પરીષહ, યતિધર્મો, બાર ભાવના, ચારિત્ર વિગેરે દ્વારા આવતા કર્મોના નાળા આડું ઢાંકણું દેવાય છે તે સર્વ સંવર છે. જીવને કર્મોપાદાન હેતુભૂત પરિણામનો અભાવ તે સંવર એવો અભિપ્રાય છે.

૭ બંધ: જીવ અને કર્મનો અન્યોન્ય અનુગતિરૂપ અર્થાત્ અન્યોન્ય અનુપ્રવેશ રૂપ સંબંધ તે બંધ. એ આસ્રવનું કાર્ય છે. જીવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કર્મનો ક્ષીરનીરની પેઠે અને લોહ અને અગ્નિની પેઠે એક સંબંધ થાય તે બંધ. કર્મ પૌદ્ગલિક છે. રાગ દ્વેષ મોહ રૂપ પરિણામ અને તે રૂપ જે અધ્યવસાય વિશેષ તેણે કરીને જીવનું કર્મયોગ્ય પુદ્ગળ સાથે આશ્લેષણ તે બંધ એટલે તેલવાળા શરીરે રજ ચોંટવાની પેઠે આત્મા કર્મ ગ્રહણ કરે છે અથવા તો આત્માનું કર્મ સાથે મળી જવું થઇ જાય છે તેને બંધ કહેવામાં આવે છે. એ બંધ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારનો હોય છે અને પ્રકૃતિ સ્થિતિ રસ અને પ્રદેશના ભેદથી ચાર પ્રકારનો છે. ૧. પ્રકૃતિ એટલે સ્વભાવ; જેમ જ્ઞાનાવરણ તે જ્ઞાનનું આચ્છાદન કરનાર છે તેમ. ૨. સ્થિતિ એટલે અધ્યવસાયે કરેલો કાળ વિભાગ. ૩. અનુભાગ અથવા રસ તે ગાઢતા મંદતા બતાવે છે. ૪. પ્રદેશ તે કર્મદળનો સંચય. એમાં પ્રકૃતિની નજરે જોઇએ તો એના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુષ્ય અને અંતરાય એવા આઠ વિભાગ થાય છે અને તેના પેટા વિભાગો ૧૫૮ થાય છે તે કર્મગ્રંથથી જાણવા. આ કર્મનો વિચાર બહુ સૂક્ષ્મ રીતે જૈન દર્શનમાં કરવામાં આવ્યો છે અને આખો વિષય વૈજ્ઞાનિક રીતે ચર્ચવામાં આવ્યો છે. આસ્રવો છે તે પૂર્વ બંધની અપેક્ષાએ કાર્ય છે અને ઉત્તર બંધની અપેક્ષાએ કારણ છે. આસ્રવ અને બંધ અરસ્પરસ બીજાંકુર ન્યાયે પરસ્પર સંબંધવાળા છે અને પ્રવાહઅપેક્ષાએ અનાદિ હોવાથી તેમનામાં અન્યોન્યાશ્રય દોષનો સદ્ભાવ થતો નથી.

૮ નિર્જરા. આત્મા સાથે બંધાયલાં કર્મોનું સડવું તે નિર્જરા. એ સંવરનું ફળ છે. એના બે પ્રકાર છે: સકામા અને અકામા. સકામા તે આકરા તપની ચર્યા, કાયોત્સર્ગ, પરીષહસહન, લોચાદિકષ્ટસહન કરનાર અને શીલાંગ ધરનાર ચારિત્રીઓથી બની આવે છે અને અકામા તે આકરા શારીરિક દુઃખો સહન કરવાથી થાય છે. કર્મપુદ્ગળનું સડવું તે દ્રવ્ય નિર્જરા કહેવાય છે અને આત્માના શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારનાં તપે કરી રસવગરનાં કરેલાં કર્મપરમાણુ જેનાથી સડે એવા આત્માના પરિણામ થાય તે ભાવ નિર્જરા કહેવાય. દ્રવ્ય નિર્જરા તે અકામા છે અને ભાવ નિર્જરા સકામા છે. બાર પ્રકારના તપમાં ૭ બાહ્ય છે અને ૭ આંતર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯ મોક્ષ: દેહ વિગેરેનો આત્યન્તિક વિયોગ તે મોક્ષ. શરીર, ઇંદ્રિય, આયુષ્ય વિગેરે બાહ્ય પ્રાણ, પુણ્ય, પાપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પુનર્જન્મગ્રહણ, વેદત્રય, કષાયાદિ સંગ, અજ્ઞાન, અસિદ્ધત્વ વિગેરેની સાથે હમેશનો વિરહ તે મોક્ષ. વિશિષ્ટ કાળાદિ સામગ્રીના સદ્ભાવે રાગાદિ અનાદિ દોષોનો પણ નાશ થઇ શકે છે. વળી માટી અને સોનાનો અનાદિ સંબંધ છતાં તેનો સર્વથા વિયોગ થઇ શકે છે તેમ કર્મ અને જીવનો અત્યંત વિરહ થાય છે. પૂર્વ પ્રયોગથી જીવની ગતિ મુક્ત થતાં ઉર્ધ્વ થાય છે, કુલાલ ચક્ર, હીંચકો કે બાણની પેઠે જીવની ઉર્ધ્વ ગતિ મુક્ત થતાં સ્વભાવસિદ્ધ છે. દ્રવ્ય પ્રાણ મોક્ષમાં હોતા નથી, બાકી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ રૂપ ભાવ પ્રાણનો ત્યાં સદ્ભાવ છે. સિદ્ધોનું સુખ સર્વ સંસારસુખથી જૂદી જાતનું છે. તે પરમાનંદરૂપ સમજવું. આત્માને મુક્તિ મળે ત્યારે બુદ્ધિ વિગેરે ગુણનો ઉચ્છેદ થાય છે તેથી આત્માનો જ અસંભવ થાય છે એમ વૈશેષિકો માને છે, ચિત્તસંતાનનો અત્યંત ઉચ્છેદ થવાથી આત્માનો જ અસંભવ છે એમ બૌદ્ધો કહે છે, આત્મા અભોક્તા છે ત્યાં તેને મોક્ષદશામાં સુખમયતા માનવી કેમ બને? એમ સાંખ્યો કહે છે—એ સર્વ મતોનું તર્ક અને કોટિથી નિરસન કરવામાં આવે છે અને આત્માની અનંત સુખમય પરમ આદર્શ આનંદમય દશાનું અત્ર સ્થાપન કરવામાં આવે છે.

આવી રીતે જૈન દર્શનમાં સાત અથવા નવ પદાર્થ માનવામાં આવે છે. સ્થિર વૃત્તિથી એ તત્ત્વોપર શ્રદ્ધા કરે તેને જ્ઞાનયોગથી ચારિત્રયોગ્યતા થાય છે. જ્ઞાનની અને ચારિત્રની જરૂરીઆત દર્શન (શ્રદ્ધા) સાથે ખાસ સ્વીકારવામાં આવી છે અને જાણ્યા છતાં શ્રદ્ધા ન કરે તેને ફળ મળતું નથી એમ પણ જણાવી દીધું છે. જ્ઞાન કરતાં પણ સમ્યક્ત્વની જરૂરીઆત વધારે બતાવવા સાથે તે બન્ને સાથે હોય ત્યારે જ ચારિત્રયોગ્યતા કહી છે. ભવ્યત્વના પરિપાકથી જેને જ્ઞાન, સમ્યક્ત્વ અને ચારિત્ર પ્રાપ્ત થાય તે સમ્યગ્ જ્ઞાનક્રિયાયોગથી મોક્ષભાજન થાય. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ નથી પણ તે ઉભયથી છે એમ અત્ર સૂચના કરી છે. જ્ઞાન અને દર્શનનું સહચરત્વ છે.

જૈન દર્શનમાં વિધિ અને નિષેધની ઘણી વાતો કહી છે, કરવા યોગ્ય શું છે અને ન કરવા યોગ્ય શું છે તે બતાવ્યું છે. આ તેનો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

ચરણકરણાનુયોગ છે. તેમાં અનુષ્ઠાનો પણ વિગતવાર બતાવવામાં આવ્યાં છે. એ દર્શનમાં મુખ્ય બાબત પદાર્થોનો અવિરોધ છે. એક જગ્યોએ જે વાત કરી તે સર્વત્ર એક સરખી જ ચાલી આવે છે, અરસપરસ કે આગળ પાછળ વિરોધ જોવામાં આવતો નથી. આ જૈન દર્શનમાં સ્વર્ગ અથવા મોક્ષના અર્થી પ્રાણીએ તપ વિગેરે કરવા જોઇએ એવું કહેવામાં આવ્યું છે અને તેના પ્રકાર તથા વિધિ ગ્રંથોમાં બતાવવામાં આવ્યા છે. **સર્વે જીવા ન હંતવ્યા: અહિંસા પરમો ધર્મ:** એ એના સિદ્ધાન્ત છે. એના ઉપર ઘણું વિવેચન જૂદા જૂદા આકારમાં કરવામાં આવ્યું છે. એ દર્શનમાં જે ક્રિયાઓ બતાવવામાં આવી છે તે નિરંતર સમિતિ અને ગુપ્તિથી શુદ્ધ હોય છે. સમિતિ ગુપ્તિનું સ્વરૂપ આપણે ઉપર શરૂઆતમાં (નોટમાં) જોઇ ગયા છીએ. અસંપન્નો યોગ એવું પણ વચન છે.

સત્નું સ્વરૂપ અહીં આ પ્રમાણે બાંધ્યું છે. **उत्पादविगमध्रौव्यं युक्तं सत्** એટલે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ સમુદિત ધર્મ થકી યુક્ત હોય તે સત્ અર્થાત્ વિદ્યમાન કહેવાય. ઉત્પત્તિ વિનાશ અને સ્થિતિ એજ સદ્વસ્તુનું લક્ષણ છે એમ અર્થ જાણવો. પદાર્થનું સત્ત્વ જે માનવામાં આવે છે તે તે પદાર્થ થકી ભિન્ન એવાં ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય તેને આશ્રીને મળે એમ આનીને માનતા નથી પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોય તેજ સત એમ માને છે. દ્રવ્ય રૂપે વસ્તુમાત્રની સ્થિતિ જ છે અને પર્યાય રૂપે તો વસ્તુમાત્રની ઉત્પત્તિ પણ થાય છે અને વિનાશ પણ થાય છે. પૂર્વાકારનો ક્ષય અને અપરાકારનો પરિગ્રહ એ ઊભયનો આધાર એક જ છે એમ તત્ત્વ ત્રિરૂપે પ્રતિત થાય છે. ઘટ ઘટસ્વરૂપે વિનાશ પામે છે પણ કપાલસ્વરૂપે ઉત્પન્ન થાય છે અને તેમાં માટી દ્રવ્ય રૂપે ધ્રુવ છે. અથવા ઉત્પત્તિને અંગે જોઇએ તો ઘટ ઘટસ્વરૂપે ઉત્પન્ન થાય છે, માટીના પિંડરૂપે વિનાશ પામે છે અને માટી રૂપે ધ્રુવ છે. વસ્તુની પ્રતીતિ જે પ્રકારે સર્વને થતી હોય તે પ્રકારે જ વસ્તુનો અભ્યુપગમ કરવો જોઇએ, નહિ તો વસ્તુવ્યવસ્થા કદાપિ બને નહિ, માટે પ્રતીતિ અનુસાર વસ્તુ માનવી જોઇએ. માટેજ જે વસ્તુનો નાશ થયો તે જ નાશ પામે છે, પામશે; જે ઉત્પન્ન થાય છે તે જ થાય છે, થશે: જે સ્થિત છે તે જ છે ને થશે: તેમજ જે કોઇક રૂપે નષ્ટ થયું તે કોઇક રૂપે ઉત્પન્ન પણ થયું અને કોઇક રૂપે સ્થિત છે માટે જે નાશ પામે છે તે જ ઉત્પન્ન થાય છે, અને સ્થિતિ ગ્રહે છે, ઇત્યાદિ સર્વ વાત ઉપપન્ન છે કેમ કે અંતર તથા બહાર સર્વ વસ્તુનો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિરૂપે જ, અબાધિત પ્રત્યક્ષથી અનુભવ થાય છે અને વસ્તુનું જે અનુભૂયમાન સ્વરૂપ હોય તેમાં વિરોધ સિદ્ધ થઇ શકતો નથી; નહિ તો વસ્તુના રૂપ રસાદિમાં પણ વિરોધનો પ્રસંગ આવે. ઉત્પાદાદિ સ્વભાવ તેજ પરમાર્થ સત્, માટે જ પ્રમાણુવિષય એવી સર્વ વસ્તુ અનંતધર્માત્મક છે, કેમ કે અનંતધર્માત્મક હોય તો જ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મકતા પણ ઘટે, નહિ તો ન ઘટે.

હવે વસ્તુ અનંતધર્માત્મક છે એ વાત સ્પષ્ટ કરીએ. એના ઉપર સુવર્ણ ઘટનું એક દૃષ્ટાન્ત દેવામાં આવે છે. સદરહુ ઘટ સ્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી વિદ્યમાન છે અને પર દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી અવિદ્યમાન છે. જ્યારે એ ઘટનું સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વ એ આદિ ધર્મ થકી ચિંતવન થાય છે ત્યારે તેનાં જે સત્ત્વાદિ તે સ્વપર્યાય જ છે, કોઇ પણ પરપર્યાય નથી, કેમ કે વસ્તુમાત્ર સત્ત્વાદિ ધર્મને લઇને સજાતીય છે અને અભાવ તો વિજાતીયનો જ કહી શકાય છે. એટલે કોઇથી પણ વ્યાવૃત્તિ સંભવતી નથી, જ્યારે દ્રવ્યતઃ ઘટની વિવક્ષા પૌદ્ગલિક એમ થાય ત્યારે તો તે જે પૌદ્ગલિકત્વ તે દ્રવ્યત્વરૂપે વિદ્યમાન છે, પણ ધર્મ અધર્મ આકાશ એ આદિ દ્રવ્યત્વરૂપે નથી. અત્ર 'પૌદ્ગલિકત્વ' સ્વપર્યાય છે અને ધર્માદિ અનેકથી વ્યાવૃત્ત હોવાથી પરપર્યાય નથી, ને તે અનંત છે કેમ કે જીવદ્રવ્ય અનંત છે. ઘટ પૌદ્ગલિક છતાં વળી પાર્થિવત્વ રૂપે વિદ્યમાન છે, આપ્યાદિ રૂપે અવિદ્યમાન છે–ત્યાં 'પાર્થિવત્વ' એ સ્વપર્યાય છે અને તેની આપ્યાદિ બહુ દ્રવ્યથકી વ્યાવૃત્તિ છે; એ પરપર્યાય અનંત છે. એજ પ્રમાણે આગળ પણ સ્વપર્યાય વ્યક્તિ વિચારી લેવી. પાર્થિવ છતાં તે 'ધાતુત્વ' રૂપે છે, મૃત્ત્વ રૂપે નથી. ધાતુત્વ રૂપ છતાં સૌવર્ણત્વ થકી છે રૌપ્યાદિરૂપ થકી નથી. સુવર્ણ પણ ઘટિત વસ્તુરૂપે છે, અઘટિત વસ્તુરૂપે નથી. ઘટિતસુવર્ણાત્મા છતાં પણ દેવદત્તઘટિત વસ્તુરૂપે છે. દેવદત્તાદિઘટિત છતાં પણ પૃથુબુધ્ન્યાદિ ( મોટું નાનું ) આકાર થકી છે, મુકુટાદિ આકારે નથી. પૃથુબુધ્નોદરાદિ આકારવાળો પણ ગોળ રૂપે છે, ગોળ નહિ એવે રૂપે નથી. ગોળ પણ સ્વાકાર થકી છે, અન્ય ઘટાદિ આકાર રૂપે નથી. સ્વાકાર પણ સ્વકપાલ થકી છે, પરકપાલ થકી નથી–એ રીતે જે જે પર્યાય થકી એની વિવક્ષા થાય તે તે પર્યાય તે તેના સ્વપર્યાય અને તેનાથી જુદા તે બધા પરપર્યાય. એ રીતે દ્રવ્યતઃ સ્વપર્યાય થોડા થાય અને વ્યાવૃત્તિરૂપ પરપર્યાય અનંત થાય, કેમ કે અનંત થકી તે વ્યાવૃત્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ક્ષેત્રઃ ક્ષેત્રથી સદરહુ ઘટ ત્રિલોકવર્તીત્વ રૂપે વિવક્ષિત છે, કહીંથી પણ વ્યાવૃત્ત નથી; માટે એ સ્વપર્યાય જ છે, પરપર્યાય નથી. ત્રિલોકવર્તી પણ તિર્યગ્લોકવર્તીત્વ રૂપે છે, ઉર્ધ્વઅધોલોકવર્તિત્વ રૂપે નથી. તિર્યગ્લોકવર્તિ છતાં જંબુદ્વીપવર્તીત્વ રૂપે છે, તેનાથી બીજા રહેલા દ્વીપમાં વર્તિત્વ રૂપે નથી. તેવો પણ ભરતવર્તિત્વ રૂપે છે, અન્યત્ર વર્તિત્વરૂપે નથી. ઘરમાં પણ અમુક પ્રદેશવર્તિત્વ રૂપે છે, અપરપ્રદેશવર્તિત્વ રૂપે નથી. એમ ક્ષેત્રતઃ સ્વપર્યાય થોડા છે, પરપર્યાય અસંખ્ય છે.

હવે કાળઃ આ યુગસ્થ રૂપે વિવક્ષિત થાય ત્યારે તે રૂપે છે, તે ભૂતભવિષ્યાદિ યુગવર્તિત્વ રૂપે નથી. આ યુગમાં પણ આ વર્ષ સંબંધે તે છે, અતીત અનાગતાદિ સંબંધે નથી. આ વર્ષમાં પણ વસંતઋતુ સંબંધે છે, અન્ય ઋતુ સંબંધે નથી. તેમાં પણ નવત્વ રૂપે છે, પુરાણત્વ રૂપે નથી. તેમાં પણ અદ્યતનત્વ રૂપે છે, અનદ્યતનત્વ રૂપે નથી. છતાં પણ વર્તમાન ક્ષણ રૂપે છે, અન્ય ક્ષણ રૂપે નથી. એમ કાલતઃ સ્વપર્યાય અસંખ્ય છે (અનંત પણ થાય) અને પરપર્યાય તો અનંત છે.

હવે ભાવઃ ભાવતઃ તે પીળા વર્ણ થકી છે, નીલાદિ વર્ણ થકી નથી. પીત છતાં પણ બીજાં પીત દ્રવ્ય કરતાં એકગણો પીત છે, તે તેના કરતાં બીજાથી બમણો પીત છે ને ત્રીજા કરતાં તમણો પીત છે. અર્થાત્ એમ માનવું કે હરેક પીત દ્રવ્યની અપેક્ષા થકી અનંતગુણ પીત છે. બીજી અપેક્ષાએ એકગુણ હીન, તે કરતાં બીજાથી દ્વિગુણહીન ઇત્યાદિ છે તેથી એમ માનવું કે હરકોઇની અપેક્ષાથી અનંતગુણહીન પીતત્વવાળો તે થાય છે. આ પ્રમાણે પીતત્વ થકી અનંત સ્વપર્યાય થયા; અપીતવર્ણવાળા એવા દ્રવ્યના ન્યૂનાધિકત્વને લઇ, અનંત ભેદવાળા એવા નીલવિગેરે વર્ણ થકી વ્યાવૃત્તિ રૂપ પરપર્યાય પણ અનંત છે. એ પ્રમાણે રસ પક્ષે પણ સ્વમધુરાદિ રસની અપેક્ષાથી પીતત્વની પેઠે સ્વપર્યાય અનંત જાણવા. સુરભિ ગંધ રૂપે પણ એજ પ્રમાણે સ્વપર્યાય અનંત જાણવા. એજ પ્રમાણે ગુરૂ, લઘુ મૃદુ, ખર, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ—એ આઠ સ્પર્શની અપેક્ષાથી અધિકન્યૂનત્વ યોગવડે પ્રત્યેકના એમ જ અનંત સ્વપરપર્યાય જાણવા, કેમ કે એવા અનંત દેશવાળા સ્કંધમાં આઠે સ્પર્શની પ્રાપ્તિ થાય છે એવો સિદ્ધાંત છે. અથવા સુવર્ણ દ્રવ્યમાં પણ અનંત કાળથી પાંચે વર્ણ, બન્ને ગંધ, છએ રસ, આઠે સ્પર્શ તે સર્વે ન્યૂનાધિકત્વને લઇને અનંતશઃ સંભવે છે અને તેની તેની તેના તેના પરવર્ણાદિથી વ્યાવૃત્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગને છે-એ એ અપેક્ષાથી સ્વપરપર્યાય અનંત જાણવા. શબ્દતઃ પણ નાના દેશની અપેક્ષાએ ઘટને ઘટાદિ અનેક શબ્દવાચકત્વ છે તેથી અનેક સ્વધર્મ થાય છે અને ઘટાદિના વાચક નહિ એવા તે તે શબ્દથી વ્યાવૃત્તિ હોવાથી પરધર્મ પણ અનંત થાય છે, અથવા ઘટના જે જે સ્વપર ધર્મ કહ્યા અથવા કહેવાશે તેના વાચક જે જે ધ્વનિ છે તે બધા ઘટના સ્વધર્મ છે અને તે વિના જે બીજી બાબતના વાચક ધ્વનિ છે તે પરધર્મ છે. સંખ્યાથી પણ તે તે અપરઅપર-દ્રવ્યાપેક્ષાએ ઘટનું પ્રથમત્વ દ્વિતીયત્વ તૃતીયત્વ એમ અનંતતમત્વ સુધી થાય, એટલે તે રીતે સ્વધર્મ અનંત થયા, તે તે સંખ્યાના અવાચક એવાથી વ્યાવૃત્તિ રૂપે પરધર્મ અનંતા થયા. પરિણામ થકી પણ નાના પ્રકારના દ્રવ્યની અપેક્ષાએ તેનું અણુત્વ મહત્વ હ્રસ્વત્વ દીર્ઘત્વ એ આદિ અનંત સ્વધર્મ થાય. હવે એ ઘટને સ્વદ્રવ્યથી વ્યાવૃત્તિ હોવાને લીધે જે પરપર્યાય થાય તે જૂદા જાણવા જોઇએ. પરત્વ અપરત્વથી અન્યોન્ય અનંત દ્રવ્યની અપેક્ષાએ તે ઘટની સમીપતા, અધિક સમીપતા, બહુ સમીપતા, દૂરતા, બહુ દૂરતા, એક બે કે અસંખ્ય પર્યંત યોજન જેટલી સમીપતા દૂરતા થાય એટલે સ્વપર્યાય અનંત થાય; અથવા પરવસ્તુની અપેક્ષાએ તે પૂર્વે, તેનાથી બીજાની અપેક્ષાએ પશ્ચિમે, એમ દિશાવિદિશાનો આશ્રય કરી દૂર સમીપાદિ માનતાં સ્વપર્યાય અનંત થાય. આવી જ રીતે જ્ઞાનથી પણ ઘટનું અનંતધર્મત્વ સિદ્ધ થાય. કર્મથી જોઇએ તો ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ભ્રમણ, સ્પંદન, રેચન, પૂરણ, ચલન, કંપન, અન્યસ્થાનપ્રાપણ, જલાહરણ, જલાદિપ્રાપણ ઇત્યાદિ ક્રિયાના કાળ ભેદ થકી કે તેના અધિકન્યૂનત્વ થકી અનંત ક્રિયાના હેતુરૂપે ઘટના ક્રિયારૂપ સ્વપર્યાય અનંત થાય અને તે ક્રિયાના હેતુ નહિ એવા અન્ય થકી વ્યાવૃત્તિરૂપે ઘટના પરપર્યાય પણ અનંત થાય. સામાન્યતઃ જોતાં ઉપરની રીતે અતીતાદિ કાળને વિષે વિશ્વવસ્તુના જે જે અનંતાનંત સ્વપરપર્યાય થાય છે તેને વિષે રહેલા એક બે ત્રણ આદિ અનંત પર્યંત ધર્મ થકી સદૃશ એવા અનંતભેદવાળા ઘડાના અનંત ભેદ સાદૃશ્યના અભાવ થકી સ્વધર્મ અનંત થાય છે; અને વિશેષતઃ વિચારતાં અનંત દ્રવ્યમાં અપરાપર અપેક્ષા થકી એક બે ત્રણ કે અનંત એવા જેટલા ધર્મ થકી ઘટ વિલક્ષણ હોય તેટલા અનંત વૈલક્ષણ્યહેતુ એવા ધર્મ થકી અનંત સ્વધર્મવાળો મનાય. અનંત દ્રવ્યની અપેક્ષાએ ઘટ સ્થૂળ, કૃશ, સમ, વિષમ, સૂક્ષ્મ, બાદર, તીવ્ર, ચક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચકિત, સૌમ્ય, પૃથુ, સંકીર્ણ, નીચો, ઊંચો, વિશાળ મુખવાળો એમ પ્રત્યેક પ્રતિ અનંત પ્રકારનો હોય માટે તે તે પ્રકારે પણ તેના સ્વધર્મ અનંત છે. હવે સંબંધ થકી જોઇએ: અનંત કાળને વિષે અનંત પરવસ્તુની સાથે પ્રસ્તુત ઘટને આધાર આધેયભાવ અનંત પ્રકારનો બને, માટે તેની અપેક્ષાથી સ્વધર્મ અનંત થાય. એજ પ્રમાણે સ્વસ્વામિત્વ, જન્યજનકત્વ, નૈમિત્તિકત્વ, ષોઢાકારત્વ, પ્રકાશપ્રકાશકત્વ, ભોજ્યભોજકત્વ, વાહ્યવાહકત્વ, આશ્રયઆશ્રયિત્વ, વધ્યવધકત્વ, વિરોધ્યવિરોધકત્વ, જ્ઞેયજ્ઞાપકત્વ ઇત્યાદિ અસંખ્ય સંબંધો થકી પણ પ્રત્યેક પ્રત્યેકે અનંત સ્વધર્મ સિદ્ધ થાય. વળી અત્ર ઘટના સ્વપરપર્યાય જે અનંતાનંત કહ્યા તેમના પણ ઉત્પત્તિ વિનાશ સ્થિતિ પુનઃ પુનઃ અનંત કાળમાં અનંતવાર થયાં થાય છે અને થશે માટે તેની અપેક્ષાથી પણ ધર્મ અનંત છે—આ પ્રમાણે પીત વર્ણથી આરંભી આટલે સુધી જોતાં ભાવતઃ અનંત ધર્મ સિદ્ધ થયાં. હવે અહીં જે દ્રવ્ય ક્ષેત્ર વિગેરે આશ્રયીને ધર્મ કહ્યાં તેનાથી ઘટ તો અવક્તવ્ય રહે, કેમ કે એવા કોઇ શબ્દ નથી કે જેનાથી ઘટના સ્વધર્મ અને પરધર્મ કહેવાતાં યુગપત્ (એકી વખતે) કહેવાઇ શકાય. શબ્દથી જે કહેવાય તે તો ક્રમથી જ કહી શકાય છે, એટલે દ્રવ્યક્ષેત્રાદિ પ્રત્યેક પ્રકારે અવક્તવ્ય ધર્મ અને અન્ય દ્રવ્ય થકી વ્યાવૃત્ત હોવાથી અવક્તવ્ય એવા પરધર્મ પણ અનંત છે. એ પ્રકારે જેમ એક ઘટનું અનંતધર્મત્વ બતાવ્યું તેમ આત્માદિ સર્વ વસ્તુમાં પણ બેસાડવું. ધર્મો ઉત્પન્ન થાય છે, પાછા વ્યય પામે છે, પણ જે ધર્મી છે તે દ્રવ્યરૂપે નિત્ય રહે છે. ધર્મ અને ધર્મીનું કાંઇ અનન્યત્વ હોવાથી ધર્મો સદા સત્વરૂપે છે, કાલત્રયવર્તી જે ધર્મો તે પણ શક્તિરૂપે સદાસત્ છે (exist in potentiality).

વિવાદાસ્પદ વસ્તુ એક અનેક, નિત્ય અનિત્ય, સત્ અસત્, સામાન્ય વિશેષ, અભિલાપ્ય અનભિલાપ્ય ઇત્યાદિક ધર્મવાળું છે, એની એ પ્રમાણે પ્રતીતિ થાય છે. જેની જે પ્રકારે પ્રતીતિ થાય તે તે જ પ્રકારે પ્રમાણ વિષયરૂપે માનવું; જેમ કે ઘટ ઘટરૂપે પ્રતીત થાય છે તો તે જ રૂપે પ્રમાણવિષય માન્યો છે, પટરૂપે નહિ. આવી રીતે વસ્તુની પ્રતીતિ થાય છે, માટે વસ્તુને અનેકાંત રૂપે જ પ્રમાણવિષય માનવું. આનું નામ અનેકાંત વાદ છે. અને વસ્તુની સ્થિતિ જોતાં સર્વ દષ્ટિબિન્દુથી સ્વીકારયોગ્ય લાગે છે. આ અનેકાંત વાદમાં વિરોધ પ્રતીતિ નથી કારણ કે સ્વરૂપાદિથી વસ્તુ સત્ હોય તેજ સમયે પર રૂપાદિથી તેના અસત્વનો તેમાં અનુપલંભ નથી. બૌધ નૈયાયિક વૈશે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષિક સાંખ્યાદિ અનેક રીતે આ સ્યાદ્વાદનો સ્વીકાર કરે છે અને તેના દાખલાઓ સુદ્દામ રીતે એકઠા કરવામાં આવેલા છે.

જૈનમતમાં પ્રમાણ બે છેઃ પ્રત્યક્ષ અને પરોક્ષ. સ્વપરવ્યવસાયી જ્ઞાન તે પ્રમાણ. આ પ્રમાણનું સામાન્ય લક્ષણ છે. સ્વ તે આત્મજ્ઞાનનું સ્વરૂપ અને પર તે સ્વથી અન્ય અર્થ એમ જાણવું. તે સ્વ અને પર તેમનો યથાસ્થિત સ્વરૂપે વ્યવસાય એટલે નિશ્ચય જેનાથી થાય તે સ્વપરવ્યવસાયી અને જેનાથી પ્રાધાન્યતઃ વિશેષ ગ્રહણ થાય તે જ્ઞાન. પ્રત્યક્ષઃ અક્ષ એટલે ઇંદ્રિય તેનાથી જણાય, અર્થાત્ તેને આધીન જેની ઉત્પત્તિ તે પ્રત્યક્ષ. પ્રવૃત્તિનિમિત્તે તો અતીંદ્રિય પ્રત્યક્ષનો અત્ર સમાસ જાણવો. એ બાબતમાં અક્ષનો અર્થ 'જીવ' કરવો. અક્ષને પર અર્થાત અક્ષવ્યાપારનિરપેક્ષ તે પરોક્ષ-એટલે મનોવ્યાપારમાત્રથી અસાક્ષાત્ અર્થનું પરિચ્છેદક તે પરોક્ષ. પરોક્ષ છે તે પ્રત્યક્ષપૂર્વકજ પ્રવર્ત્તે છે એવો કાંઇ નિયમ નથી. અભાવ તો પ્રમાણની કોટિમાં આવતું જ નથી અને પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિ, સંભવ, ઐતેહ્ય, પ્રાતિભ, યુક્તિ, અનુપલબ્ધિ આદિ જે પ્રમાણ પરમતવાળા બતાવે છે તેમાં અનુમાન અને આગમ એ પરોક્ષના પ્રકાર છે; ઉપમાનનો સમાવેશ પણ પરોક્ષના અવાંતર ભેદ પ્રત્યભિજ્ઞામાં થાય છે; અર્થાપત્તિ અનુમાનમાં જ આવી જાય છે; ઐતિહ્યમાં તો વક્તા જણાયલો ન હોવાથી પ્રમાણ રૂપ જ નથી, સંશયરૂપ છે અને આપ્ત વક્તા હોય તો શાબ્દના પેટામાં જાય; પ્રાતિભમાં અકસ્માત જ્ઞાન થાય છે તે અતીંદ્રિય છે તેથી તેનો પ્રત્યક્ષમાં સમાવેશ થાય છે-આવી રીતે સર્વ પ્રમાણોનો સમાવેશ અથવા ખુલાસો પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણથી જૈનો કરે છે. સ્વપરવ્યવસાયી જ્ઞાન તે પ્રત્યક્ષ બે પ્રકારનું છેઃ સાંવ્યવહારિક અને પારમાર્થિક. સાંવ્યવહારિક તે બાહ્ય ઇંદ્રિય આદિ સામગ્રીની અપેક્ષા રાખીને આપણ વિગેરેને થાય છે તે અપારમાર્થિક જ્ઞાન. પારમાર્થિક તે આત્મસન્નિધિ માત્રથી અપેક્ષા કરવાવાળું અવધિ વિગેરે પ્રત્યક્ષ જ્ઞાન. સાંવ્યવહારિક બે પ્રકારનું છેઃ ચક્ષુ વિગેરે ઇંદ્રિયજન્ય અને મનોજન્ય. તે પ્રત્યેક ચાર પ્રકારના છેઃ અવગ્રહ, ઇહા, અવાય અને ધારણા. વિષય અને વિષયી (ચક્ષુરાદિ વિષયી)નો ભ્રાંતિ વિગેરે રહિત અનુકૂળ નિપાત થકી ઉત્પન્ન થયેલું પ્રથમ દર્શનથી સત્તામાત્ર રૂપે સામાન્ય જ્ઞાન થયેલું અને પછી મનુષ્યત્વાદિ જાતિ વિશેષથી વિશિષ્ટ જ્ઞાન થયેલું તે અવગ્રહ. આવા અવગ્રહના વિષયની બાબતમાં સંશય પડ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તેના વિશેષને જાણવાની આકાંક્ષા તે ઇહા. ઇહાના વિષયનો નિર્ણય તે અવાય આ અવેત વિષયની સ્મૃતિનું કારણરૂપ તે ધારણા. અત્ર પૂર્વ પૂર્વ તે પ્રમાણ અને ઉત્તર ઉત્તર તે ફળ. આ ચારે મતિજ્ઞાનના પ્રકાર છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા, અભિનિબોધ એ મતિના વાચક પર્યાયશબ્દો છે. શબ્દની યોજના પહેલાં અવિસંવાદી વ્યવહાર નિર્વર્તક સ્મૃતિ વિગેરે તે મતિજ્ઞાન અને શબ્દની યોજના થકી પ્રાદુર્ભૂત તે સર્વ શ્રુતજ્ઞાન એમ વિભાગ જાણવો. હવે પરોક્ષ પ્રમાણની વાત કરીએ. અવિશદ અને અવિસંવાદી જ્ઞાન તે પરોક્ષ. સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન, આગમ એ પાંચ ભેદથી તે પરોક્ષપ્રમાણ પાંચ પ્રકારનું છે. તે પાંચે પ્રકાર આ પ્રમાણે: સંસ્કારના પ્રબોધથી પેદા થયેલું અનુભૂત અર્થના વિષયવાળું અને અમુક આકારવાળું જે વેદન તે સ્મરણ; અનુભવ અને સ્મૃતિ બન્નેના કારણપૂર્વક સંકળના થાય તે પ્રત્યભિજ્ઞાન; ત્રણ કાળમાં સિદ્ધ એવા સાધ્યસાધનસંબંધને આધીન, અમુક હોય ત્યારેજ અમુક થાય એવા આકારવાળું સંવેદન તે તર્ક; અનુમાન બે પ્રકારનું છે: સ્વાર્થ અને પરાર્થ: હેતુગ્રહણસંબંધ સ્મરણહેતુક જે સાધ્યનું વિજ્ઞાન તે સ્વાર્થ અનુમાન ( અન્યથા ઉપપત્તિ જેના વિના બનતી નથી એમ નિશ્ચિત છે તે હેતુ ) અને પક્ષ હેતુ વચનાત્મક તે ઉપચારથી પરાર્થ અનુમાન કહેવાય છે; આપ્ત વચનથી થયેલું અર્થજ્ઞાન તે આગમ. અભિધેય વસ્તુને જે જેવી જાણે તેવી કહે તે આપ્ત કહેવાય. પ્રત્યક્ષ અને પરોક્ષમાં જે જે પ્રકારે અવિસંવાદી હોય તે તે પ્રકારનું પ્રમાણ મનાય અને જે વિસંવાદી હોય તે અપ્રમાણ ગણાય. અર્થાત્ એકના એક જ જ્ઞાનનો જ્યાં અવિસંવાદ ત્યાં ત્યાં તેની પ્રમાણતા અને તે વિના સર્વત્ર તેની પ્રમાણાભાસતા. પ્રમાણ કે અપ્રમાણ એ બાબતમાં સંવાદ કે વિસંવાદ એ જ નિયામક છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે જ પ્રમાણ છે. મતિ અને શ્રુત પરમાર્થતઃ પરોક્ષ પ્રમાણ છે અને અવધિ મનઃપર્યાય અને કેવળ પ્રત્યક્ષ પ્રમાણ છે.

સ્થિર વૃત્તિથી નવતત્ત્વ ઉપર શ્રદ્ધા કરે તેને સમ્યકત્વ કહેવાય. જાણ્યાવગર શ્રદ્ધા થાય નહિ એટલે તેમને જાણે તથા શ્રદ્ધાથી સેવે તેની ચારિત્રયોગ્યતા થાય. ચારિત્ર સર્વ નિંદ્ય વ્યાપાર નિવૃત્તિ રૂપ છે. ભવ્યત્વના પરિપાકથી જેને એ ત્રણે થાય એટલે કે જેને જ્ઞાનપૂર્વક શ્રદ્ધા અને તે બન્ને પૂર્વક ક્રિયા થાય તો તે મોક્ષભાજન થાય. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ થતો નથી, પણ તે ઉભયથી છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અત્ર જ્ઞાનશબ્દથી સદા સહચરત્વને લીધે દર્શન પણ સમજવું અને તેટલા માટેજ વાચકમુખ્યે કહ્યું છે કે 'સમ્યગ્ જ્ઞાનદર્શનચારિત્ર તે મોક્ષમાર્ગ.' આ મોક્ષ તે નિર્વૃતિનગરી સમજવી. ત્યાં ગયા પછી પાછા આવવાનું નથી, કર્મનો સર્વથા ત્યાગ થયા પછી પાછો તેની સાથે સંબંધ થતો નથી અને અનંત જ્ઞાનદર્શનચારિત્રસુખવીર્યના પ્રસાદથી સ્થિરતામાં રમણતા ચાલ્યા જ કરે છે અને તેનો કદિ અંત થતો નથી. આ જૈનનો મોક્ષ (નિર્વૃતિ) માર્ગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ નં. ૪.

(પ્રસ્તાવ ૪, પ્રકરણ ૩૨, પૃ. ૧૦૩૯.)

## પિંડવિશુદ્ધિના ૪૨ પ્રકાર.

{ સાધુ આહારના દોષો ટાળે એવો ત્યાં મૂળમાં ઉલ્લેખ છે. તે દોષો બહુ વિચારવા યોગ્ય છે. સાધુધર્મની ખરી મુશ્કેલીનો ખ્યાલ આપે તેવો આ વિષય છે. આ લેખ પ્રવચનસારોદ્ધાર ગ્રંથના ૬૭ મા દ્વારને આધારે સંક્ષિપ્ત કરીને લખ્યો છે (જુઓ પ્રકરણ રત્નાકર તૃતીય વિભાગ પૃ. ૧૬૯ થી આગળ). 'ધન્ય મુનિરાજ!' એવો ઉદ્ગાર કેમ નીકળે છે તેનો ખ્યાલ આ લેખ આપશે. }

**પ્રસ્તાવ:**

ઘણા સજાતીય તથા વિજાતીય કઠીન પદાર્થોનું એકત્ર મળવું થાય તેને પિંડ કહેવામાં આવે છે. એના આધાકર્માદિ દોષો જેને નીચે વર્ણવવામાં આવ્યા છે તેના ત્યાગથી વિશુદ્ધિ એટલે નિર્દોષતા થાય તે પિંડવિશુદ્ધિ. એ પિંડવિશુદ્ધિના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે.

૧. પિંડની ઉત્પત્તિમાં દોષો હોય તેને ઉદ્ગમ દોષો કહેવામાં આવે છે. આ દોષો પિંડ આપનાર ગૃહસ્થથી ઉત્પન્ન થાય છે. એના ૧૬ પ્રકાર છે.

૨. પિંડ શુદ્ધ હોય છતાં તેમાં બાહ્ય કારણોને લઇને દોષો ઉપજાવવા તેને ઉત્પાદન દોષો કહેવામાં આવે છે. આ દોષો ગ્રહણ કરનાર મુનિથી ઉત્પન્ન થાય છે. એના પણ ૧૬ પ્રકાર છે.

૩. ગૃહસ્થ પાસેથી પિંડ ગ્રહણ કરતી વખત જે દોષો થઇ જાય તેને એષણા દોષો કહેવામાં આવે છે. આ દોષો દેનાર તથા લેનાર બન્નેથી ઉત્પન્ન થાય છે. એના ૧૦ પ્રકાર છે.

એ ૧૬-૧૬ અને ૧૦ મળીને ૪૨ દોષની વિશુદ્ધિ કરવી, એ દોષોરહિત આહાર લેવો તેને 'પિંડવિશુદ્ધિ' કહેવામાં આવે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે એ સર્વ પ્રકારો આપણે સૂક્ષ્મ રીતે વિચારી જઇએ.

* * *

**૧૬ ઉદ્દગમ દોષો.**

૧. **આધાકર્મી.** ખાસ સાધુને માટે ભોજન તૈયાર કરવું, સચિત્તનું અચિત્ત કરવું અથવા અચિત્ત પદાર્થને પકાવવો. આવા પ્રકારના ખાસ સાધુ માટે તૈયાર કરેલા આહારને 'આધાકર્મી' આહાર કહેવાય છે.

૨. **ઉદ્દેશિક.** અર્થીઓને ઉદ્દેશીને વિભાગ પાડવો તે. તેના બે પ્રકાર થાય છે.

'ઓઘ' એટલે સામાન્યે-એટલે સ્વપરનો વિભાગ કર્યા વિના પોતાને જ માટે વસ્તુ બનાવતાં ભીક્ષા દેવા માટે અમુક વધારે નાખવું.

'વિભાગ'. એના ત્રણ ભેદ છેઃ ૧ ઉદ્દિષ્ટ, ૨ કૃત, ૩ કર્મ.

૧. પોતાને માટે તૈયાર કરેલ ભોજનમાંથી ભીક્ષાચરો માટે થોડું જૂદું રાખી મૂકવું તે 'ઉદ્દિષ્ટ'.

૨. પોતાને માટે તૈયાર કરેલ ભોજનમાંથી થોડું જૂદું કરી ભિક્ષા દેવા માટે ભાત વિગેરેને દહીં વિગેરેથી સંસ્કાર કરી તેનો કરંબો વિગેરે કરવો તે 'કૃત'.

૩. વિવાહાદિકમાં વધેલ લાડુ વિગેરેના ભુકાને વિશેષ ઘી વિગેરે નાખી તેનો પાક કરી ફરી તેના લાડુ વિગેરે ભિક્ષાચરો માટે બનાવી રાખવા તે 'કર્મ'.

આધાકર્મમાં પ્રથમથીજ સાધુને ઉદ્દેશીને પાક તૈયાર થાય છે અને કર્મ ઉદ્દેશિકમાં પોતાને માટે તૈયાર કરેલામાંથી ફરીવાર પાક કરી સંસ્કાર કરાય છે. પ્રથમ દોષમાં અને આ દોષમાં આવી રીતે તફાવત પડે છે.

૩. **પૂતિકર્મ.** પ્રથમ શુદ્ધ દ્રવ્ય હોય તેમાં અશુદ્ધ દ્રવ્યના કિંચિત્ પણ ભાગનું મળવું થાય ત્યારે સ્પર્શદોષથી આખું દ્રવ્ય અશુદ્ધ થાય છે. શુદ્ધ દ્રવ્ય સાથે આધાકર્મી વિગેરે દોષનો અંશ લાગે, અશુદ્ધનો અવયવ માત્ર પણ ભળી જાય તો આખું દ્રવ્ય અશુદ્ધ થાય છે. આધાકર્મી આહારના સ્પર્શવાળા થાળી વાટકો કડછી વિગેરે હોય તો તે પણ અશુદ્ધ હોઇ પરિહરણ યોગ્ય થાય છે, એટલે એ કડછી વિગેરેથી સાધુ આહાર ગ્રહણ ન કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. **મિશ્રજાત.** સાધુ અને અન્યના મિલન રૂપ મિશ્ર દોષ જેથી થાય તે મિશ્રજાતિ કહેવાય છે. અહીં પોતાને માટે અને સાધુને માટે પ્રથમથી જ કલ્પના કરવામાં આવે છે. એના ત્રણ વિભાગ છેઃ–

'યાવદર્થિકઃ' દુકાળ વિગેરે પ્રસંગે કોઇ પણ ભિક્ષાચર આવી ચઢશે એવા સંભવે કરી પોતાને તથા તેમને નિમિત્તે પાક કરાવે, ગમે તે ગૃહસ્થ કે અગૃહસ્થ આવે તે ખાઇ જાય એવી ઇચ્છા રાખે તે 'યાવદર્થિક.'

'પાષંડિમિશ્રઃ' પાખંડી યોગ્ય અને પોતાને યોગ્ય ખાસ રસોઇ તૈયાર થઇ હોય તે 'પાષંડિમિશ્ર.'

'સાધુમિશ્રઃ' અન્ય સાધુ માટે તૈયાર કરી હોય તે અને પોતા માટે કરવા ધારેલી રસોઇ સાથે તૈયાર થાય તે 'સાધુમિશ્ર.'

૫. **સ્થાપના.** અમુક વસ્તુ કેટલાક કાળ સુધી સાધુઓ માટે રાખી મૂકવામાં આવે, જૂદી ઢાંકી મૂકવામાં આવે, શીંકાપર ચઢાવી રાખવામાં આવે, મતલબ અમુક વસ્તુ સાધુને દેવી છે એમ જાણી તેનું વ્યવસ્થાપન કર્યું હોય તે 'સ્થાપના દોષ'. એના બે ભેદ છેઃ સ્વસ્થાન અને પરસ્થાન. ચૂલો વિગેરે 'સ્વસ્થાન' અને શીંકુ વિગેરે 'પરસ્થાન.'

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૬. **પ્રાભૃત.** પ્રાભૃતનો અર્થ ભેટ અથવા 'નજરાણું' થાય છે. પોતાનાં વ્હાલાંને અથવા પૂજ્યને બહુમાનપૂર્વક ઇષ્ટ વસ્તુનું દેવું તેને પ્રાભૃત કહેવામાં આવે છે. વિવાહાદિ પ્રસંગે ગુરૂમહારાજ અત્રે હશે તો વિવાહોત્સવાદિ માટે તૈયાર થયેલ રસોઇમાંથી ગુરૂમહારાજને અત્યંત દાન દઇ અધિક પુણ્ય ઉપાર્જન કરીશ–આવા પ્રકારની બુદ્ધિથી વિવાહાદિ પ્રસંગના મુહૂર્ત્તને પાછળ હઠાવવાં અથવા આગળ લંબાવવાં અને તે પ્રસંગે જે અશનાદિ તૈયાર થાય તેને સિદ્ધાંતમાં 'પ્રાભૃતિકા' કહેવામાં આવે છે. એના બે પ્રકાર છેઃ 'બાદર' અને 'સૂક્ષ્મ'. સ્થૂળ આરંભનો વિષય થાય તે બાદર અને સ્વલ્પ આરંભનો વિષય થાય તે સૂક્ષ્મ. એ પ્રત્યેકના વળી બે બે વિભાગ છેઃ ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ'. એનો ભાવ વિચારવા યોગ્ય છે.

'અવષ્વષ્કણઃ' અમુક બાબત અમુક વખતે થવાની હોય તે તેના વખત થયા પહેલાં કરવી તે અવષ્વષ્કણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ઉત્ષ્વષ્કણ:' અમુક બાબતનો સમય નિર્માણ થયો હોય, થઇ ગયો હોય, છતાં તે બાબત આગળ ઠેલવી, મુદતપર નાખવી.

આ બન્ને બાબતો દાખલો લેવાથી સ્પષ્ટ થાય તેમ છે.

પુત્રના લગ્ન મુકરર કર્યાં હોય, મુહૂર્તની તિથિ નીમાઇ ગઇ હોય, છતાં સાધુ હાલ વિહારમાં છે, લગ્ન વખતે આવી પહોંચશે નહિ, તેમને સારૂં દાન આપી શકાશે નહિ—એ વિચાર અને ગણતરી કરી લીધેલ મુહૂર્ત આગળ ઠેલવું અને તે વખતે પાક તૈયાર કરાવવા તે 'બાદર ઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા' સમજવી.

ઉપર પ્રમાણે લગ્ન લીધા હોય તેની તારિખ પહેલાં સાધુ આવી ચઢે તેને વહોરાવવાનો લાભ લેવા પાછળની તારિખ ફેરવી લગ્ન વહેલું કરવું અને પછી તન્નિમિત્તે ગુરૂને વહોરાવવાનો લાભ લેવા સારૂ રસોઇ જલ્દી કરાવવી તે 'બાદર અવષ્વષ્કણ પ્રાભૃતિકા' સમજવી.

બાળક ખાવા માગે છે, મા બેઠી બેઠી સુતર કાંતે છે, દૂરથી સાધુઓને નજીકના ઘરમાં વહોરવા જતાં જુએ છે, એટલે બાળકને કહે છે કે હજુ જરા વખત છે, સાધુને વહોરાવવા ઉઠીશ ત્યારે તને પણ ખાવાનું આપીશ. આવી રીતે બાળકને ભોજન આપવાનું મુલતવી રાખવું તે 'સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા' છે.

બાળક ખાવાનું માગે છે, મા કહે છે કે આ પુણી કાંતી રહું પછી આપીશ, ત્યાં કોઇ સાધુ આવી ચઢે છે એટલે ઉઠીને તેને ભીક્ષા આપે છે તે વખતે બાળકને પણ ખાવાનું આપે છે. અહીં સાધુઆગમનને લઇને બાળકને ખાવાનું આપવાનો કાળ નજીક આણવો તેને લઇને 'સૂક્ષ્મ અવષ્વષ્કણ પ્રાભૃતિકા' દોષ થાય છે. અહીં બાળકને ખાવાનું દેવા પછી હસ્તધાવનાદિ ષટ્કાય જીવનું ઉપમર્દન થાય તેથી તે ભિક્ષા અકલ્પનીય કહી છે.

૭. **પ્રાદુષ્કરણ.** આપવાની વસ્તુ અંધારામાં હોય તે સાધુ ન ગ્રહણ કરે માટે સાધુને નિમિત્તે અજવાળામાં લઇ આવી ત્યાં સ્થાપન કરવી તે 'પ્રકટકરણ'. અંધારામાં હોય ત્યાં તેજસ્વી મણિ સ્થાપન કરવો અથવા અગ્નિ સળગાવવો કે દીવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવો અથવા ગવાક્ષ કરાવવો, અથવા નાનો દરવાજો હોય તે મોટો કરાવવો–એ સર્વને 'પ્રકાશકરણ' કહેવામાં આવે છે. આવી રીતે પ્રાદુષ્કરણના બે વિભાગ છેઃ પ્રકટકરણ અને પ્રકાશકરણ.

૮. ક્રીતદોષ: સાધુને અર્થે મૂલ્ય આપીને વસ્તુ વેચાતી લેવી તે ક્રીતદોષ. તેના ચાર પ્રકાર છેઃ આત્મદ્રવ્યક્રીત; આત્મભાવક્રીત; પરદ્રવ્યક્રીત અને પરભાવક્રીત.

'આત્મદ્રવ્યક્રીત.' પોતે મોટા તીર્થની શેષ વિગેરે તથા રૂપપરાવર્તકારી ગુટિકા, સૌભાગ્યાદિ કરનાર રક્ષાદિ બીજાને આપવા અને બદલામાં ભીક્ષા લેવી. આમાં શાસનની હીલનાના અનેક પ્રસંગો આવે છે તે કલ્પના કરવાથી સમજાય તેમ છે. આ ગુટિકા, અવશેષ કે રાખોડી આપવાથી પછી દૈવયોગે તે લેનાર ગૃહસ્થ માંદો પડે અને લોકો આગળ એમ બોલે જે હું તંદુરસ્ત હતો તે મને સાધુએ માંદો પાડ્યો. આમ થવાથી શાસનની મલીનતા થાય. વળી પ્રથમ માંદો હોય અને શેષાદિક દેવા પછી તંદુરસ્ત થાય તો પણ લોકોમાં અવહેલના થાય જે આ સાધુઓ માત્ર બીજાઓને પ્રસન્ન કરી પેટ ભરનારા છે.

'આત્મભાવક્રીત'. પોતે ધર્મનો ઉપદેશ વિગેરે આપે, ધર્મકથા કરે, વાદ કરે અને લોકોને વશ કરી અશનાદિક ગ્રહણ કરે. આથી પોતાનું નિર્મળ અનુષ્ઠાન નિષ્ફળ થાય છે.

'પરદ્રવ્યક્રીત'. ગૃહસ્થે સાધુનિમિત્તે સચિત્ત અચિત્ત કે મિશ્ર દ્રવ્યે ખરીદ કરેલા અશનાદિકનું ગ્રહણ કરવું તે. આમાં ષટ્કાય વિરાધનાદિ દોષો રહેલા છે.

'પરભાવક્રીત'. યતિ આદિકની ભક્તિને લઇને પોતાના વિજ્ઞાન પ્રદર્શનદ્વારા અન્યને પીગળાવીને ગ્રહણ કરી યતિને આપે તે. આમાં ત્રણ દોષો રહેલા છેઃ ક્રીત, અભ્યાહૃત અને સ્થાપના.

૯. અપમિત્ય (પ્રામિત્ય). સાધુને અર્થે ચીજ ઉછીતી લેવી તે. 'લૌકિક' પ્રામિત્યમાં ગૃહસ્થ બીજા ગૃહસ્થ પાસેથી ઉછીતી લઇ સાધુને આપે અને 'લોકોત્તર' પ્રામિત્યમાં સાધુ સાધુની પાસેથી વસ્ત્રાદિ ઉછીતી ચીજ લે અને કહે જે થોડા દિવસ વાપરીને આપીશ અથવા એના જેવી અન્ય આપીશ. એમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેનારને આધીન રહેવું પડે, વસ્તુ વપરાય તેથી સામાને કલેશ થાય, ઘણીવાર આપેલી ચીજ જ પાછી મળી છે કે અન્ય તેનો વાંધો પડે-વિગેરે અનેક દોષો ઉત્પન્ન થાય છે.

૧૦. **પરાવર્તદોષ.** સાધુના નિમિત્તે અશનાદિકનું પરાવર્તન કરવું, ફેરફાર કરવો. એ બે પ્રકારે છે: એક વસ્તુ બદલી એજ જાતિની બીજી વધારે સારી સાધુ માટે લેવી તે 'તદ્દ્રવ્ય વિષય'-કોહેલા ઘીને બદલે સારૂં સુગંધી ઘી લેવું તે. વસ્તુ બીજી લેવી તે 'અન્યદ્રવ્યવિષય', કોદરાને બદલે ચોખા સાધુનિમિત્તે લેવા તે. આ બન્ને ગૃહસ્થ કરે તે લૌકિક અને સાધુઓ પોતપોતામાં વસ્ત્રપાત્રાદિની લેવડદેવડ કરે તે લોકોત્તર. સર્વ મળી ચાર પ્રકાર થયા. આમાં દોષો ઉપર પ્રમાણે જ જાણવા.

૧૧. **અભ્યાહૃત દોષ.** સાધુને નિમિત્તે બહારથી સાધુસન્મુખ લાવવું. એક ગામથી બીજે ગામ લઇ જવું અથવા એકને ઘરેથી બીજાને ઘરે સાધુને આપવા માટે લઇ જવું. સાધુને આપવા સારૂં આવી રીતે વસ્તુને બીજે લઇ જવી તે સર્વનો સમાવેશ અભ્યાહૃત દોષમાં થાય છે. એના પ્રગટ અને અપ્રગટ એવા બે ભેદ છે, તથા આચીર્ણ, અનાચીર્ણ વિગેરે પણ અનેક ભેદો છે.

JAINSITE.com

૧૨ **ઉદ્ભિન્ન દોષ.** ઉઘાડવું તે. બંધ વસ્તુને સાધુને ભીક્ષા દેવા માટે ઉઘાડી બહાર કાઢવી તે. એના બે પ્રકાર છે: 'પિહિતોદ્ભિન્ન' અને 'કપાટોદ્ભિન્ન.'

ગોળી કે કોઠી અથવા બરણી કે શીશીમાં વસ્તુ ભરી તેનું મુખ દીધેલું હોય તે ઉઘાડી તેમાંથી ભીક્ષા દેવા માટે વસ્તુ કાઢવી તે પિહિત એટલે બંધ તેને ઉદ્ભિન્ન એટલે ઉઘાડવું. ઓરડામાં મૂકેલી હોય તેનાં બારણાં ઉઘાડવાં અને પાછા વધારો મૂકી બારણાં બંધ કરવાં તે કપાટોદ્ભિન્ન. આમાં મોઢું ઉઘાડવામાં તથા બારણાં ઉઘાડવામાં છકાય જીવના મર્દનનો સંભવ છે તેથી આ દોષ કહ્યો. એવી જ રીતે સીલ કરેલી વસ્તુના સીલ ઉઘાડવા, ભીક્ષા દઇ બંધ કરવા, (જો તેમાં અગ્નિકાય વિગેરેનો ઉપયોગ કરવામાં આવતો હોય તો)-આ સર્વ ઉદ્ભિન્ન દોષમાં આવે છે. વળી મોઢું કે બારણાં ઉઘાડાં રહી જાય તે દરમ્યાન છકાયના જીવના ઉપમર્દનનો પણ અહીં સંભવ છે. જે ઓરડાનાં બારણાં દરરોજ ઉઘડતાં હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેના અણીઆરા ચણીઆરા (ઉલાળા) ભૂમિ સાથે ઘસડાતાં ન હોય અથવા મોઢે સીલ કરવાને બદલે ગાંઠ વાળી ચલાવી શકાતું હોય ત્યાં ઉક્ત દોષનો સંભવ નથી.

૧૩. **માલાપહૃત.** માલ એટલે ઊંચો પ્રદેશ. માળ ઉપરથી અથવા-શીંકા વિગેરે ઉપર રહેલી વસ્તુ લઇને આપવી તે 'માલાપહૃતદોષ'. એના ચાર ભેદ છેઃ—

૧. 'ઉર્ધ્વમાલાપહૃતઃ' છીંકા ઉપર જે વસ્તુ પડેલી હોય તે લેવા ઊંચા થઇ પાની ઊભી કરી લેવું તે. એના ત્રણ વિભાગ છેઃ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. પગની પાનીઓ ઊંચી કરી લેવામાં આવે તે જઘન્ય અને નીસરણીએ ચઢીને લેવું પડે તે ઉત્કૃષ્ટ અને એ બે વિભાગની વચ્ચે હોય તે મધ્યમ પ્રકાર.

૨. 'અધોમાલાપહૃતઃ' ભોંયરા વિગેરેમાં વસ્તુ પડેલી હોય તે નીચા વળીને લેવામાં આવે તે.

૩. 'ઉભયસ્થિત': પટારો, મોટી કોઠી કે કોઠાર અથવા એવા કોઇ મોટા પાત્રમાં રહેલી વસ્તુ જેને લેતાં પગની પાની ઊંચી કરવી પડે અને વસ્તુમાં અધોમુખ કરી હાથ લંબાવવો પડે તે.

૪. 'તિર્યગ્માલાપહૃતઃ' જેમાં પાનીઓ ઊંચી કરવાની જરૂર ન પડે એટલે પોતાના ખભા જેટલા ઊંચા સ્થળેથી ભીંતમાં રહેલા ગોખમાંથી વસ્તુ લેવામાં આવે તે.

આમાં વસ્તુ લેતાં વાગી જવાનો, પડી જવાનો અને તેથી થતી અયતના વિગેરે અનેક દોષોનો સંભવ છે અને કદાચ હાંસી થાય તો તેવે કારણે સાધુને પણ દોષારોપનો સંભવ છે તેથી એવી રીતે લઇને આપેલ આહારને વર્જ્ય ગણવામાં આવ્યો છે.

૧૪. **આચ્છાદ્યદોષ:** વસ્તુ જેની પાસે હોય તેની ઇચ્છા વગર તેના હાથમાંથી ઝુંટવી લઇ સાધુને દેવામાં આવે તે આચ્છિદ્ય દોષ કહેવાય છે, તેના ત્રણ પ્રકાર છેઃ સ્વામીવિષય, પ્રભુવિષય અને ચોરવિષય.

'સ્વામી' એટલે નગરનો રાજા. ઘરનો ઉપરી તે 'પ્રભુ'.

નગરનો સ્વામી સાધુને દેખી લોકો પાસેથી અશનાદિ ખુંચવી લે અથવા હુકમ કરી લઇ તે સાધુને વહોરાવે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામીવિષય. સ્ત્રી પુત્ર કે નોકર ઇચ્છા ન કરે છતાં તેમની પાસેથી દૂધ વિગેરે લઇને સાધુને આપે તે પ્રભુવિષય.

ચોર જંગલમાં સાધુને જોઇ નજીકના ગૃહસ્થ પાસેથી બળાત્કારે અશનાદિ પડાવી લઇને સાધુને પ્રતિલાભે તે ચોરવિષયક.

આ ત્રણે પ્રકારના 'આચ્છેદ્ય' સાધુને ન કલ્પે, કારણ કે તેમાં અપ્રીતિ, કલહ, આત્મઘાત, અંતરાય અને પ્રદ્વેષ વિગેરે અનેક દોષોનો સંભવ છે.

૧૫. 'અનિસૃષ્ટ'. નિસૃષ્ટ એટલે દીધેલું, આપેલું. અનિસૃષ્ટ એટલે નહિ દીધેલું. અનેકની માલીકીની અશનાદિ વસ્તુ તે સર્વે માલેકોની અનુમતિ સિવાય સાધુને દેવામાં આવે ત્યારે આ દોષ થાય છે. એના ત્રણ પ્રકાર છેઃ સાધારણાનિસૃષ્ટ, ચૌલકાનિસૃષ્ટ, જડાનિસૃષ્ટ.

૧. 'સાધારણ'–અમુક વસ્તુ કે ક્ષેત્ર ઘણા જનોને 'સાધારણ' હોય તે. ઉજાણી વિગેરેનું ભોજન.
૨. 'ચૌલક'–ખેતર વિગેરેમાં કામ કરનાર સઘળાં મજુરોને માટે એક સામટું આપવામાં આવેલું ભાથું તે 'ચૌલક'.
૩. 'જડ'–જડ એટલે હાથી. હાથી માટેનો ખોરાક તેનો માલીક રાજા અને હાથી બંને હોવાથી મહાવત આપે તો પણ રાજા (માલીક) અને હાથીની આજ્ઞા વિનાનો હોવાથી જડાનિસૃષ્ટ કહેવાય છે.

આવી ઘણાની માલીકીની અથવા તેમને માટે જૂદી કાઢેલી વસ્તુ હોય તે સર્વની રજા વગર જો તે વસ્તુ વપરાય, તેમાંના એકના કહેવાથી વસ્તુ વપરાય તો બીજા માલેકો અથવા હકદારોને દ્વેષ થવાનો સંભવ રહે તેથી તે વસ્તુઓ ત્યાજ્ય ગણી છે.

'સાધારણાનિસૃષ્ટ'. આખા ગામની સામાન્ય માલીકીવાળી વસ્તુ, જેમકે અમુક દુકાનમાં રહેલ તૈલ કે લાડુ, દધિ કે વસ્ત્ર વિગેરે.

'ચૌલકાનિસૃષ્ટ'માં અમુક ક્ષેત્રની ઉત્પત્તિ કામ કરનારા અને માલિક વચ્ચે વહેંચવાની હોય છે તેનો ભાગ પાડ્યા પહેલાં કે પછી સ્વામી અથવા કામ કરનારાઓમાંના એકાદની પણ અનુજ્ઞા વગર લેવાથી દ્વેષનો સંભવ થાય અથવા પરસ્પર લડાઇ અંદર અંદર થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જઢ્ઢાનિસૃષ્ટ'. હાથી માટે જૂદું કાઢેલ ભોજન રાજાજ્ઞા કે હાથીની સંમતિ વગર લેવાય નહિ. એમાં આપનારને નોકરી જવાનો ભય, રાજ્યની સાધુ તરફ અવજ્ઞા અને હાથી સચેતન હોવાથી તેનાથી સાધુ કે ઉપાશ્રયને વિનાશનો પ્રસંગ આવે અને તેમાં અદત્તાદાનનો પણ દોષ રહેલો છે.

આ અનિસૃષ્ટ દોષમાં 'હક્ક' અને 'વિભાગ'ના ઘુંચવણ ભર્યા સવાલો પણ કેટલીક વાર હોય છે તેથી તેવી વસ્તુ દોષાભાવની ખાત્રી થયા સિવાય ન લેવી એ વ્યવહારથી પણ યોગ્ય છે. સાધુઓને એવી બાબતમાં વચ્ચે આવવાથી જુબાની આપવી પડે અને નાની વાત મોટી થઇ જાય—આદિ અનેક પ્રસંગો આવી પડે છે.

૧૬. 'અધ્યવપૂરક', અમુક વસ્તુ પોતાને માટે રાંધવા ચૂલે ચઢાવી હોય, પછી સાધુ ભીક્ષા માટે આવનાર છે એમ જાણી તેમને માટે ભોજન તૈયાર કરાવવા સારૂ તેમાં વધારો કરવો, રંધાતા ભોજનમાં વધારે નાખવું તે 'અધ્યવપૂરક દોષ'. અહીં તૈયાર થતી રસોઇ મિશ્ર દોષવાળી થાય છે. જો પ્રથમથી જ પોતા માટે અને સાધુ માટે રંધાતી હોય તો તે મિશ્ર કહેવાય અને પોતાને માટે રસોઇ શરૂ કર્યા પછી તેમાં પાણી કે તંદુલ સાધુને નિમિત્તે વધારાય તો તે અધ્યવપૂરક.

આ પ્રમાણે ૧૬ ઉદ્ગમ દોષો થયા. એ પિંડની ઉત્પત્તિમાં થતા દોષો છે.

*　　　　*

## ૧૬ ઉત્પાદન દોષો.

૧. 'ધાત્રીપિંડ', બાળકને ધવરાવે તે ધાત્રી. અથવા બાળકને ઉછેરનારને 'ધાત્રી' કહે છે. એના પાંચ પ્રકાર છેઃ દૂધ ધવરાવનાર તે ક્ષીરધાત્રી, નવરાવનાર તે મજ્જનધાત્રી, કપડાં ઘરેણાં પહેરાવનાર તે મંડનધાત્રી, રમાડનાર તે ક્રીડનધાત્રી અને ખોળામાં બેસાડનાર તે ઉત્સંગધાત્રી.

ધાત્રીનું કરણ એટલે સાધન અને કારણ એટલે હેતુ. એ બન્ને બાબત લક્ષ્યમાં લેવાની છે. ધાત્રીપણાને કરનાર અને ધાત્રીપણાના હેતુથી થયેલ પિંડ હોય તે 'ધાત્રીપિંડ' કહેવાય છે. એવી યોજના આગળના દૂતી પિંડ વિગેરેમાં પણ કરી લેવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાળક રડતો હોય ત્યારે તેની માતાને કહેવું કે બાળકને ધવરાવી મને ભીક્ષા આપો અથવા મને જલ્દી ભીક્ષા આપી દો, અને બાળકને ધવરાવો. અથવા હું બીજે ફરી આવું છું, તમે બાળકને ધવરાવી લો, પછી મને ભીક્ષા આપજો. આવી રીતે પોતે જ ધાત્રીપણું કરવા લાગી જાય તે દોષ. સ્તનપાન કરાવવાનો ઉપદેશ આપવો, પુત્ર તરફ રાગ બતાવવો, બાળકની માતાને સારૂં લાગે તેવું બોલવું વિગેરે થયા પછી તેના ઘરની ભીક્ષા આવે તો તે ધાત્રીપિંડના દોષવાળી થાય. વળી એક ધાત્રીને નોકરીમાંથી ફારેક કરાવી ત્યાં પોતાને અનુકૂળ ધાત્રીને રખાવી આપવી, તે માટે ઘાલમેલ કરવી કે કાવાદાવા કરવા વિગેરે ધાત્રીકરણ દોષમાં આવે છે.

ધાત્રીકર્મ કરવાથી, તેના ઉપદેશથી, તેના હેતુ ઊભા કરવાથી અને તે બાબતમાં ભાગ લેવાથી ધાત્રીપિંડ થઇ જાય છે. ઉપરની બાબત પાંચે પ્રકારની ધાત્રીને–ધાત્રીકરણને અને ધાત્રીના હેતુને લાગુ પડે છે. આમ કરવાથી આધાકર્મ, વર્તનમાં શંકા, દ્વેષ અને કલહ વિગેરે અનેક દોષોત્પત્તિનો સંભવ રહે છે.

૨. 'દૂતીપિંડ'. સંદેશો લઇ જવાનું કાર્ય તે 'દૂતી.' દૂતી સંબંધી કાર્ય કરી જે પિંડ ઉપાર્જન કરવામાં આવે તે 'દૂતીપિંડ' કહેવાય છે.

દૂતી બે પ્રકારે હોઇ શકેઃ સ્વગ્રામમાં અને પરગામમાં. એ પ્રત્યેકના બે ભેદઃ પ્રગટ અને પ્રચ્છન્ન.

પ્રચ્છન્નના બે ભેદ છેઃ

'લોકોત્તર વિષયા'–સાથેના સાધુથી જે વાત છૂપી રાખવામાં આવે તે.

'લોકલોકોત્તર વિષયા'–સાથેના સાધુ અને પાસેના બીજા મનુષ્યોથી જે વાત છૂપી રાખવામાં આવે તે.

પ્રગટ–ભીક્ષા લેવા જનાર મુનિ વિશેષ લાભની આકાંક્ષાથી તેજ ગામના બીજા મહોલ્લામાં અથવા પરગામમાં માતા વિગેરેનો સંદેશો પુત્રી વિગેરેને સર્વ સાંભળતાં કહે તે પ્રગટ સ્વગ્રામ અથવા પ્રગટ પરગ્રામ દૂતીપિંડ કહેવાય. પ્રચ્છન્ન પણ એ જ રીતે સ્વગ્રામ પરગ્રામને અંગે સમજી લેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઇ મુનિ એમ બોલે કે 'તારી દીકરી કેવી ભોળી! અમારી સાથે આવો સંદેશો કહેવરાવતી હતી, પણ અમે તો સાધુ રહ્યા તે એવી વાતનો સંદેશો લઇ જઇએ નહિ એટલી પણ એને માહિતી નહિ!' એમ કહે, અથવા ગુપ્તપણે કહે તે પ્રચ્છન્ન દૂતીકાર્ય. વળી કેટલીકવાર સંદેશામાં ગુપ્ત ભાવ હોય છે: દાખલા તરીકે-મારી માને કહેજો કે ધારેલ કાર્ય સિદ્ધ થયું છે. આમાં સંદેશો લઇ જનાર 'કામ' શું છે તે જાણે નહિ, પણ જેને સંદેશો પહોંચાડ્યો હોય તે આગળ પાછળની હકીકતથી કાર્ય સમજી જાય. આવા દૂતીકાર્યથી વ્યાપાર, આરંભ, ખટપટ વિગેરે સાવદ્ય દોષોનો સંભવ હોવાથી નિરવદ્ય ધર્મમાર્ગનું આરાધન કરનાર મુનિઓને તે વર્જ્ય છે.

૩. 'નિમિત્તપિંડ:' અતીત, અનાગત અને વર્તમાનમાં થનાર લાભ આદિનું કથન કહેવું તે 'નિમિત્ત' કહેવાય છે, એ નિમિત્તદ્વારા જે પિંડ લેવામાં આવે તે નિમિત્તપિંડ જાણવો. ભૂતકાળમાં બનેલી વાતો કહેવી, ભવિષ્યમાં થનાર ઉપાધિ, મરણ કે રાજ્યાદિની કૃપા સંબંધી હકીકતનું નિમિત્ત કહેવું અથવા તેજ દિવસ સંબંધી નિમિત્ત કહેવું અને પછી તેના ઘરની ભીક્ષા લેવી, લાભાલાભની વાતો કરવી, તેજી મંદી જણાવવી, ભાવતાલના જોષ જોઇ આપવા વિગેરે બાબતોનો સમાવેશ આ નિમિત્તપિંડમાં થાય છે. ગૃહસ્થ પૂછે અને નિમિત્ત કહે અથવા વગર પૂછ્યે કહે એ સર્વનો સમાવેશ અહીં થાય છે. નિમિત્ત સાંભળી સારી ભિક્ષા આપે, વધારે આપે, રાગદ્વેષાદિ થાય વિગેરે પ્રસંગો આ નિમિત્તપિંડમાં આવે છે. એમાં સ્વપર તથા ઉભયને વધાદિ અનેક દોષોનો સંભવ છે, માટે મુનિ એવા પ્રકારનો પિંડ ગ્રહણ ન કરે.

૪. 'આજીવિકા દોષ:' એના પાંચ પ્રકાર છે:-

૧. જાતિવિષય, ૨. કુળવિષય, ૩. ગણવિષય, ૪. કર્મવિષય અને ૫. શિલ્પવિષય.

સાધુ કોઇને ઘરે ભિક્ષા માટે જાય ત્યારે તેને બ્રાહ્મણ જાણી તેની પાસે પોતાનું જ્ઞાન બતાવે. હોમ કેમ થાય, ઉદાત્ત અનુદાત્ત કેમ બોલાય વિગેરે સમજાવે અને તેમ કરી પોતાની અસલ બ્રાહ્મણજાતિ જણાવે. બોલીને જણાવાય અને વગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલવે પણ જાતિ આદિ જણાવાય (સૂચનાથી અને અસૂચનાથી સમજાવાય તે). જાતિ કે કુળ જણાવતા સામો માણસ ભળો હોય તો બ્રાહ્મણ જાણી જાતિના પક્ષપાતથી તેને માટે સારો આહાર તૈયાર કરી વધારે ભિક્ષા આપે, આથી આધાકર્મ દોષ લાગે, ખરાબ હોય તો બ્રાહ્મણપણું છોડી શ્રમણ થવા માટે દ્વેષ કરી ધિક્કારી કાઢી મૂકે-વિગેરે અનેક પ્રકારની ઉપાધિ થાય. આજ પ્રમાણે ક્ષત્રિયાદિ જાતિમાટે, શુદ્ર માટે સમજવું. કર્મ એટલે વ્યાપાર અને શિલ્પ એટલે કળા. એ બાબતની પોતાની પૂર્વ સ્થિતિ પ્રકટ કરવાથી કે તે માટે સૂચના કરી દેવાથી બહુ દોષ કે રાગની ઉત્પત્તિ થાય છે અને તેથી પણ ઉપર જણાવ્યા મુજબ આધાકર્માદિ દોષોત્પત્તિનો સંભવ હોવાથી આ ભીક્ષા દૂષિત ગણાય છે.

૫. 'વનીપક:' (વનુતેઃ યાચતે.) ભીક્ષાદાન દેનારની આગળ તેમના ઇષ્ટ ગુર્વાદિની પ્રશંસા કરી પોતાને પણ તેમના-ભક્ત જણાવી ભીક્ષાની યાચના કરે તે 'વનીપક' કહેવાય. ખુશામત કરી દેનારની સાથે મળતાપણું બતાવી ભીક્ષા લેવી તે વનીપકપિંડ જાણવો. શ્રાવકને ત્યાં જાય તો તેની આગળ તેના ઇષ્ટ ગુરૂની પ્રશંસા કરે, તેમને ક્રિયા અનુષ્ઠાન પરાયણ કહે, શિવમાર્ગના સાર્થવાહ કહે, તેના અનેક ગુણના વખાણ કરે; વળી કોઇ શાક્યના ઘરે શાક્યશિષ્યો (બૌદ્ધો) જમતા હોય તો જમનારની શાંતિના વખાણ કરે; કોઇ કુતરાનો ભક્ત હોય તો તેની આગળ કુતરાના વખાણ કરે, કહે કે એ શ્વાન તે શ્વાન (પશુ) નહીં પણ એ તો કૈલાસ પર્વતપરથી આવેલા યક્ષો શ્વાન રૂપે પૃથ્વી ઉપર ભ્રમણ કરે છે-આવી રીતે જ્યાં જાય ત્યાં ભળતું બોલે, રાજી કરવા પ્રયત્ન કરે, કહે કે ગમે તેને દાન આપવામાં આવે તે કદિ નિષ્ફળ થતું નથી. આવાં વચનો અર્ધ અસત્ય છે, એમાં અપાત્રદાનને પાત્રદાન સાથે સરખાવવાનો દોષ થાય છે, શાક્યાદિની પ્રશંસા લોકોને આડે માર્ગે ઉતારનારી થઇ જવાનો સંભવ રહે છે, એથી મિથ્યાત્વ સ્થિર થાય છે અને એવી રીતે ખુશામત કરીને ભિક્ષા લેવાની ટેવથી લોકોમાં ધર્મનો અવર્ણવાદ થાય છે. એથી મૃષાવાદ અને પ્રાણાતિપાતનું અનુમોદન થાય છે. એ મોટો દોષ કરી પછી એના ઘરનું ભોજન-ભિક્ષા લે તો તે ભીક્ષા સદોષ થઇ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. 'ચિકિત્સા દોષ:' વ્યાધિનો ઔષધ ઉપચાર અથવા તે સંબંધી ઉપદેશ. તેના બે પ્રકાર છે: સૂક્ષ્મ અને બાદર. કોઇ ગૃહસ્થને વ્યાધિ થયો હોય તેને કહેવું કે મને પણ એવો જ વ્યાધિ થયો હતો તે અમુક દવાથી મટ્યો અથવા અમુક વૈદ્યની દવાથી મટ્યો-એમ કહી વૈદ્ય કે દવા બતાવવા તે સૂક્ષ્મ દોષ. અને પોતે જ વૈદ્ય બની જાય, ક્વાથ વિરેચન વમન કરે અથવા કરાવે તે બાદર દોષ. સાજો થયેલો ગૃહસ્થ અનેક આરંભાદિ કરે તેના કારણિક થવાય, તેમજ સારૂં ન થાય તો ધર્મ વગોવાય એથી આ દોષ ગણવામાં આવ્યો છે. દવામાં અનેક કંદાદિ વનસ્પતિનો નાશ થાય તેથી અનેક જીવમર્દનાદિ દોષોનો સંભવ રહે. ગૃહસ્થને ઘેર જઇ ચિકિત્સા સૂચવી કે બતાવી પછી ભીક્ષા માગે તો મળેલી વસ્તુ સદોષ કહેવાય તે અત્ર સમજવાનું છે.

૭. 'ક્રોધપિંડ:' ક્રોધના નિમિત્તથી જે પિંડ આપવામાં આવે તે 'ક્રોધ-પિંડ.' સાધુને ભિક્ષા નહિ આપું તો શાપ આપશે, મારણાદિ અનર્થ કરી બેસશે અથવા કોઇ બ્રાહ્મણાદિને આપ્યું અને હવે સાધુને નહિ આપું તો ક્રોધ કરશે એવા ભયથી વ્યાપ્ત થઇ ભિક્ષા આપે તે ક્રોધપિંડ. સાધુમાં અસાધારણ વિદ્યા-પ્રભાવ જુએ, તેનામાં શાપ મારણ આદિની શક્તિ તપના પ્રભાવે થયેલી જુએ, સહસ્ર યોદ્ધાનું બળ જુએ અથવા રાજવલ્લભપણું જુએ તેના શાપ વિગેરેના પ્રભાવથી અન્યને થયેલા અનર્થને પોતે દીઠો હોય અને ભયથી ભિક્ષા આપે તે ક્રોધપિંડ. અહીં વિદ્યાતપવિગેરે સહકારી કારણો છે, મૂળ દોષ ક્રોધનો છે એ લક્ષ્યમાં રાખવું. વિદ્યા તપને મૂળ કારણ તરીકે બીજા દોષમાં ગણેલ છે તે આગળ જોવામાં આવશે.

૮. 'માનપિંડ:' માનનિમિત્ત જે પિંડ તે 'માનપિંડ.' આમાં અપ-માનનો પણ સમાવેશ થાય છે.

જેમકે:-કોઇ એક સાધુને અન્ય સાધુઓ કહે જે તને અમે લબ્ધિમાન્ ત્યારે જાણીએ કે જ્યારે તું અમુક અમુક ભીક્ષા અમોને લાવી આપે; આવી રીતે અન્યના ચઢાવવાથી અથવા કોઇ કહે જે તારામાં શી શક્તિ છે? તું કાંઇ પણ લાવી શકે એમ નથી. આવી રીતે અપમાનજનક શબ્દોથી અથવા અન્યથી પોતાની લબ્ધિની પ્રશંસા સાંભળી મનમાં મકલાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે હું જ્યાં જઉં ત્યાંથી સર્વ લાવી શકું છું. આવાં કારણોથી અભિમાનમાં પ્રેરાયલો તે મુનિ ગૃહસ્થને ત્યાં જઇ તેને એવા વચનોથી દાન સંબંધી ચઢાવે કે જેથી તે ગૃહસ્થ પણ અભિમાનથી પ્રેરાઇ ઘરનાં અન્ય મનુષ્યોની અનિચ્છા છતાં પણ ભીક્ષા આપે તે 'માનપિંડ' કહેવાય.

૯. 'માયાપિંડઃ' માયા એટલે પારકાને છેતરવાની બુદ્ધિ. માયાના પ્રયોગથી ગ્રહણ કરેલો પિંડ 'માયાપિંડ' જાણવો. કોઇ સાધુ મંત્રયોગાદિમાં કુશળ થઇને રૂપ પરાવર્તન કરે, મોદકાદિ પિંડ ઉપાર્જન કરે, તેને માયાપિંડ જાણવો. માયાકપટ કરી ગૃહસ્થને છેતરી ખોટો ખ્યાલ ઉત્પન્ન કરી પોતાનું ખરૂં સ્વરૂપ છુપાવવાની બાબતનો પણ અહીં સમાવેશ થાય છે. આ માયાકપટ ભિક્ષા મેળવતી વખત થાય છે તે લક્ષ્યમાં રાખવું.

૧૦. 'લોભપિંડઃ' લોભ એટલે આસક્તિ. લોભથી ભીક્ષાભ્રમણ કરી પિંડ લેવો તે 'લોભપિંડ' જાણવો. સાધારણ ભિક્ષા મળતી હોય તે છોડી મોદક દૂધપાક લેવાની ઇચ્છા કરવી, વાલચણા મળતાં હોય તે છોડી દઇ માલપાણી લેવા ઇચ્છા કરવી, દૂધ મળ્યું હોય તો હવે ક્યાંકથી ખાંડ મળી જાય તો સારૂં એમ ધારી ફરે, અથવા અગાઉ તેવી બુદ્ધિ ન હોય પરંતુ પિંડપ્રાપ્તિને અવસરે તેને સારૂં ધારી લે તે સર્વ 'લોભપિંડ'. આ ક્રોધાદિ ચાર પ્રકારના પિંડોમાં પ્રદ્વેષ, કર્મબન્ધ, શાસનની લઘુતા વિગેરે દોષોનો સંભવ હોવાથી મુનિને એ પિંડો ન કલ્પે.

૧૧. 'સંસ્તવ દોષઃ' સ્તુતિ, વખાણ. તેના બે પ્રકાર છેઃ વચન સંસ્તવ અને સંબંધી સંસ્તવ.

(૧) વચનથી પ્રશંસા કરવી તે વચન સંસ્તવ; (૨) માતા, સાસુ વિગેરે છતા અછતા સંબંધો દર્શાવવા તે સંબંધી સંસ્તવ. તે પ્રત્યેક બે પ્રકારના છેઃ પૂર્વ સંસ્તવ અને પશ્ચાત્ સંસ્તવ.

ભિક્ષા લીધા પહેલાં સ્તુતિ કરે તે 'પૂર્વ સંસ્તવ' અને પછી કરે તે 'પશ્ચાત સંસ્તવ'–એ વચન સંસ્તવના બે ભેદો. એવીજ રીતે સંબંધી સંસ્તવના પણ બે ભેદો આ પ્રમાણેઃ– માતા પિતા વિગેરેનો સંબંધ દર્શાવી ભીક્ષા ગ્રહણ કરવી તે પૂર્વ સંસ્તવ, કોઇ ગૃહસ્થને ઘરે ભિક્ષા લેવા માટે જઇ તેના દાનગુણના વખાણ કરે, અહો દાનપતિ! અમોએ જેવા સાં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભળ્યા હતા તેવાજ તમોને દીઠા; અમોએ ઘણા જોયા પરંતુ તમારા જેવા ઉદાર જોયા પણ નથી તેમ સાંભળ્યા પણ નથી. ધન્ય છે તમોને! તમારા સદ્‌ગુણોની ખ્યાતિ સઘળી દિશાઓમાં વ્યાપી રહી છે એ સર્વ વચનસંસ્તવ. એ પૂર્વે અને પશ્ચાત્ બન્ને હોય છે. એમાં માયા, મૃષાવાદ, અસંયત અનુમોદન વિગેરે અનેક દોષો સંભવિત છે અને સ્તુતિથી ગૃહસ્થ રાજી થઇ વધારે ભીક્ષા આપે એવો પણ સંભવ છે.

કોઇ વૃદ્ધ સ્ત્રીને જોઇ તેને માતા કહેવી, તેને કહેવું કે તેને જોઇ પોતાની માતા યાદ આવે છે, અથવા મધ્યમ વયવાળીને બહેન કહે અથવા છોટી ઉમરવાળીને પુત્રી કહે. એથી ગૃહસ્થને સાધુ તરફ પ્રતિબંધ થાય છે અને તે દ્વારા વધારે અથવા સારી ભિક્ષા આપે છે. એમાં માતાદિનો સંબંધ પૂર્વસંસ્તવમાં અને સાસુ આદિનો પશ્ચાત્સંસ્તવમાં આવે છે. એમાં પ્રતિબંધ, તિરસ્કાર, નિંદા વિગેરે દોષો ઉત્પન્ન થાય છે અને પ્રતિબંધથી આધાકર્માદિનો પણ સંભવ થાય છે.

આ દોષમાં અને પાંચમાં 'વનીપક' દોષમાં તફાવત ખુલ્લો છે. ત્યાં મુખ્યતાએ દાયકના ગુરૂ વિગેરેની પ્રશંસા છે, અહીં દાયકની પ્રશંસા છે; વળી પ્રથમમાં ખોટી ખુશામત છે અહીં સાચા વખાણ છે. બન્ને મીઠા દોષો છે અને ખબર ન પડે તેમ બહુ નુકસાન કરનારા થાય છે.

જૈન સાહિત્ય JAINSITE जैनम् जयति शासनम्

૧૨. 'વિદ્યાદોષ:' જેની અધિષ્ઠાતા પ્રજ્ઞપ્તિ આદિ સ્ત્રી હોય એવી અક્ષરપંક્તિવિશેષ તે 'વિદ્યા'. વિદ્યા હમેશા જપથી અથવા હોમથી સિદ્ધ થાય છે. એ વિદ્યાની શક્તિથી પિંડનું ઉત્પન્ન કરવું તે 'વિદ્યાપિંડ' કહેવાય છે. એમાં બીજા વિદ્યાવાળાને દ્વેષ થાય, કેટલીક વાર અન્ય મારણ સ્તંભન કરે, રાજ્યમાં કેસ જાય, લોકોમાં વિદ્યા સાધી પરદ્રોહ કરી પેટ ભરનારા આ શઠ પુરૂષો છે આવા પ્રકારે નિંદા થાય વિગેરે બહુ દોષો થાય છે. બીજા વિદ્યાવાળાને મહા દ્વેષ ઉત્પન્ન થવાના પ્રસંગો અહીં બહુ થાય છે.

૧૩. 'મંત્રદોષ:' જેના અધિષ્ઠાતા પુરૂષ દેવતા હોય અને જે પાઠ માત્રથી સિદ્ધ હોય એવી અક્ષરવિશેષપદ્ધતિ તે 'મંત્ર'. અમુક અક્ષરો બોલવાથી કાર્ય થાય તે 'મંત્ર'. એમાં વિદ્યાદોષમાં લખેલા સર્વે દોષોનો સંભવ છે તેથી મંત્રની શક્તિથી ઉત્પન્ન કરેલી ભીક્ષા સાધુને અગ્રાહ્ય ગણવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. 'ચૂર્ણદોષ:' આંખમાં અંજન આંજી અંતરધાન થવું તે ચૂર્ણના પ્રયોગથી બને છે. ચૂર્ણનો પ્રયોગ કરી પિંડ નીપજાવવો તે 'ચૂર્ણ પિંડ' છે. તેમાં વિદ્યાપિંડમાં કહેલા દોષોનો સંભવ રહે છે તેથી ત્યાજ્ય છે.

૧૫. 'યોગદોષ:' પગે લેપ લગાડવો તે 'યોગ' કહેવાય છે. એનાથી સૌભાગ્ય દૌર્ભાગ્ય થાય છે. એવી શક્તિથી પિંડ નીપજાવવો તેને 'યોગપિંડ' કહેવામાં આવે છે. ચૂર્ણ અને યોગ બન્ને ભૂકા રૂપ છે પણ ચૂર્ણ શરીરને બાહ્ય ઉપયોગી છે ત્યારે યોગ બહિર્ અને અંદર ઉપયોગી છે.

૧૬. 'મૂલકર્મ.' અતિ ગહન સંસારરૂપ વન તેનું મૂળ એટલે કારણ. પ્રરોહનો હેતુ કર્મ તે સાવદ્ય ક્રિયા. મૂળ રૂપ જે કર્મ તે મૂળકર્મ. ગર્ભસ્તંભન, ગર્ભાધાન, ગર્ભપાત, ક્ષતયોનિત્વકરણ, અક્ષતયોનિત્વકરણ. આવાં કાર્યોથી ઉપાર્જન કરેલ પિંડ તે 'મૂળકર્મપિંડ'. આવાં કાર્યોથી પ્રદ્વેષ, પ્રવચનની મલીનતા, જીવવધ વિગેરે મહાન્ દોષો થાય છે. આવી ક્રિયા કરી તે ગૃહસ્થના ઘરની ભિક્ષા લે તે ભિક્ષા ઉક્ત દોષવાળી થાય છે.

એ પ્રમાણે ભોજનની ઉત્પત્તિને અંગે સોળ દોષો તજવા જોઇએ. એ બીજો વિભાગ થયો.

* * *

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૦ એષણા દોષો.

૧. 'શંકિતદોષ:' આધાકર્માદિક દોષની શંકા એ 'શંકિતદોષ:'. એમાં એક તો ભિક્ષા લેતી વખતે શંકા પડે અને બીજી ભોજન કરતી વખતે શંકા થાય એ બન્નેને અનુક્રમે ગ્રહણશંકિત અને ભોજનશંકિત કહે છે. એના ચાર ભેદ પડે છે તે આ રીતે: ૧. ગ્રહણશંકિત ભોજનશંકિત: ૨ ગ્રહણશંકિત ભોજનઅશંકિત; ૩ ગ્રહણઅશંકિત ભોજનશંકિત; ૪ ગ્રહણઅશંકિત ભોજનઅશંકિત.

પ્રથમના ત્રણ પ્રકારમાં ઉદ્ગમના સોળ અને એષણાના હવે પછી કહેવાના નવ દોષોમાંથી કોઇ પણ દોષની શંકા રહે છે ત્યારે શંકિત દોષ પ્રાપ્ત થાય છે. આધાકર્મની શંકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો આધાકર્મ દોષ લાગે અને ઔદ્દેશિકની શંકા હોય તો ઔદ્દેશિક દોષ લાગે. એ પ્રમાણે ઉપર દર્શાવેલ પચીસ દોષોમાંથી જે દોષ સંબંધી શંકા હોય તે દોષ લાગે.

૧. આહાર ગ્રહણ કરે ત્યારે દોષની શંકા હોય અને પછી ભોજનાવસરે પણ દોષની શંકા રહે તેને 'ગ્રહણશંકિત ભોજનશંકિત' દોષ લાગે. લેતી વખત શંકા હોય કે આધાકર્મી આહાર હશે કે કેમ? અથવા ઔદ્દેશિક હશે કે કેમ? તેને આ પ્રકાર લાગે. શરમાળ સાધુ ભિક્ષા લેતી વખત સવાલ કરી શકે નહિ પણ મનમાં દોષની શંકા રાખે તે આ પ્રકારમાં આવે છે.

૨. લેતી વખત ચોખવટ ન કરે ત્યારે શંકા થાય પણ ઉપાશ્રયે આવી બીજા સાધુ જે ત્યાંથી જ ભિક્ષા લાવ્યા હોય તેની વાત જાણી સાંભળી શંકારહિત થાય તેને 'ગ્રહણશંકિત ભોજનઅશંકિત'નો પ્રકાર લાગે.

૩. ભિક્ષા લેતી વખત શંકા ન થાય પણ ઉપાશ્રયે આવી અન્ય સાધુને પૂછે ત્યારે જણાય કે એ તો આધાકર્માદિક દોષવાળો આહાર છે, બીજા સાધુની તપાસનું પરિણામ જાણી દોષની આશંકા કરે તે 'ગ્રહણઅશંકિત ભોજનશંકિત' વિભાગમાં આવે.

૪. ચોથા પ્રકારમાં લેતા કે આહાર કરતા જરા પણ કોઈએ દોષની શંકા ન પડે તે શુદ્ધ વિભાગ છે. એવા પ્રકારના આહાર લેવામાં કે તેનું ભોજન કરવામાં દોષનો સંભવ નથી. ચોથો વિભાગ શુદ્ધ છે. નિઃશંકિત ભોજનની અપેક્ષાએ બીજો ભાંગો પણ શુદ્ધ કહ્યો છે. (ધર્મસંગ્રહ.)

૨. **'ભ્રક્ષિતદોષ:'** ભ્રક્ષિત એટલે ખરડાયલું. એના બે વિભાગ છેઃ સચિત્તભ્રક્ષિત, અચિત્તભ્રક્ષિત.

સચિત્તભ્રક્ષિતના ત્રણ પ્રકાર છેઃ પૃથ્વીકાયભ્રક્ષિત, અપ્કાયભ્રક્ષિત, વનસ્પતિકાયભ્રક્ષિત.

ભીક્ષા આપતી વખત આપનારના હાથ કે વાસણ માટી કે ખડી સચિત હોય તેનાથી લેપાયલા હોય તે 'પૃથ્વીકાયભ્રક્ષિત.'

'અપ્કાયભ્રક્ષિત' એટલે પાણીથી ખરડાયેલ. તેના ચાર વિભાગ છેઃ પુરાકર્મ, પશ્ચાત્કર્મ, સસ્નિગ્ધ અને ઉદકાર્દ્ર.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીક્ષા દેવા પહેલા કાચા પાણીથી હાથ કે વાસણ ધોવા તે પુરાકર્મ, દઇને પછી ધોવા તે પશ્ચાત્કર્મ, કિંચિત્ માત્ર દેખાતા કાચા પાણીથી હાથ ખરડાયલા હોય અને ભિક્ષા દેવી તે સસ્નિગ્ધ અને સ્પષ્ટ જણાઇ આવે તેટલા જળના સંસર્ગવાળા હાથ વિગેરે હોય તે ઉદકાર્દ્ર.

તુરતના કરેલા વનસ્પતિના કટકાથી હાથ ખરડાયલા હોય તે વનસ્પતિમ્રક્ષિત.

બાકીના તેજસ્કાય વાયુકાય તથા ત્રસ સાથે ખરડાવાપણું નથી તેથી તે પ્રકાર અત્ર ગણ્યો નથી. આ સચિત્તમ્રક્ષિત સાધુને ત્યાગ કરવા યોગ્ય છે. અચિત્તમ્રક્ષિતમાં ગર્હિત એટલે નિંદવા યોગ્ય; જેમકે હાથ ચરબીથી ખરડાયલા હોય તે ત્યાજ્ય પ્રકાર છે અને ઘૃતાદિકે ખરડાયલા હોય તે ઇતરત્ પ્રકાર છે તે આચામ્લાદિ ન હોય તો કલ્પ્ય છે.

૩ 'નિક્ષિપ્તદોષ:' સચિત્ત (જીવવાળા) પદાર્થ ઉપર રાખેલ તે નિક્ષિપ્ત દોષ. ભીક્ષા આપવાની વસ્તુ પૃથ્વી, અપ્, તેજ, વાયુ, વનસ્પતિ કે ત્રસ જીવ ઉપર રાખવી તે. સચિત્ત સાથે સીધો સંબંધ હોય તે અનંતરનિક્ષિપ્ત કહેવાય છે અને વચ્ચે કોઇ વસ્તુદ્વારા સંબંધ હોય તો પરસ્પરનિક્ષિપ્ત કહેવાય છે. સચિત્ત માટી ઉપર પક્વાન્ન મૂક્યું હોય તો તે અનંતરનિક્ષિપ્ત કહેવાય અને સચિત્ત માટી ઉપર રૂમાલ હોય અને રૂમાલમાં પકવાન્ન હોય તો તે પરંપરનિક્ષિપ્ત કહેવાય. તેજ પ્રમાણે સચિત્ત પાણી સાથે માખણ હોય અથવા ઠરેલું ઘી હોય તે અનંતરનિક્ષિપ્ત અને જળમાં વાસણ હોય અને તેમાં માખણ હોય તો તે પરંપરનિક્ષિપ્ત. આ પૃથ્વી અને અપ્‌ની વાત થઇ. દેવતા ઉપર પાપડ તૈયાર થતો હોય તે અનંતરનિક્ષિપ્ત અને અગ્નિ ઉપર ઠામમાં શાક હોય તે પરંપરનિક્ષિપ્ત. પવનથી વાસીત થયેલ ભાત કે પાપડ તે પવનઅનંતરનિક્ષિપ્ત અને ધમણ ઉપર ચૂર્ણ હોય તે વાયુપરંપરનિક્ષિપ્ત. સચિત્ત દાણામાં રાખેલ પૂડા તે વનસ્પતિઅનંતરનિક્ષિપ્ત અને સચિત્ત પત્ર પુષ્પ ફળાદિ ઉપર મૂકેલી થાળીમાં રાખેલ વસ્તુ તે વનસ્પતિપરંપરનિક્ષિપ્ત. બળદની પીઠ ઉપર મૂકેલા મોદકાદિ તે ત્રસઅનંતરનિક્ષિપ્ત અને તેના ઉપર કોઇ થાળી કે વસ્તુ રાખી તેમાં ચીજ મૂકેલી હોય તે ત્રસપરંપરનિક્ષિપ્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતરનિક્ષિપ્ત અકલ્પ્ય છે પરંપરનિક્ષિપ્તમાં સંઘટ્ટ દોષ ન હોય તો કલ્પ્ય થઇ શકે છે.

૪. **'પિહિતદોષ'**. પિહિત એટલે ઢાંકેલું. દેવાની વસ્તુ સચિત્ત વસ્તુથી ઢાંકેલી હોય તે પિહિત દોષવાળી કહેવાય છે. ઉપર નિક્ષિપ્ત દોષ (નં. ૩–એષણા) કહ્યો તેની પેઠે અહીં પણ પૃથ્વીકાયાદિ છ ભેદ થાય છે અને તે પ્રત્યેકના ઉપરની પેઠે અનંતર અને પરંપર એમ બે વિભાગ થાય છે.

આપવાની વસ્તુ ઉપર સચિત્ત પૃથ્વીકાય ઢાંકેલ હોય તે પૃથ્વીકાયઅનંતરપિહિત કહેવાય અને આપવાની વસ્તુ ઉપર થાળી હોય અને તે થાળીમાં સચિત્ત પૃથ્વીકાય હોય તો પૃથ્વીકાયપરંપરપિહિત કહેવાય. આપવાની વસ્તુ ઉપર હિમ પડેલું હોય તો તે અપ્કાયઅનંતરપિહિત કહેવાય અને ઢાંકવાની થાળી ઉપર હિમ પડેલું હોય તો તે પરસ્પરઅપ્કાયપિહિત કહેવાય. આપવાની વસ્તુને અંગારાદિના સંયોગ વડે હીંગનો વઘાર દેવામાં આવે તે અગ્નિઅનંતરપિહિત અથવા ચણા વિગેરે પોણામાં સેકવામાં આવે છે તે અનંતરપિહિત અને ચણા (દાળીઆ)માં વચ્ચે હાંડલી મૂકી તેની ગરમી પડે ગરમ રાખવામાં આવે તે અગ્નિપરંપરપિહિત. વાયુથી ભરેલી કોથળી વડે આપવાની વસ્તુ ઢાંકવી તે વાયુપરંપરપિહિત. વળી જ્યાં અગ્નિ છે ત્યાં વાયુ છે એ વચને જે વસ્તુ અગ્નિથી અનંતરપિહિત છે તે જ વાયુથી પણ અનંતરપિહિત સમજી લેવી. ફળાદિકથી ઢાંકેલ વસ્તુને વનસ્પતિઅનંતરપિહિત કહેવાય અને ફળથી ભરેલી છાબડીથી ઢાંકેલને વનસ્પતિપરંપરપિહિત કહેવાય. મીઠાઇ ઉપર કીડિ ચઢેલ હોય તે ત્રસાનંતરપિહિત કહેવાય અને ઢાંકેલા સરવળામાં કીડિ હોય તો તે ત્રસપરંપરપિહિત થાય. આમાં પૃથ્વીકાયાદિકથી અનંતરપિહિત તો સર્વથા ત્યાજ્ય છે અને પરંપરપિહિત ઉપયોગ પૂર્વક લેવા યોગ્ય થઇ શકે છે.

અચિત્ત વસ્તુ અચિત્તથી ઢાંકેલી હોય તેના ચાર ભાગ છેઃ ભારે વસ્તુ ભારેથી ઢાંકેલ, ભારે વસ્તુ હળવાથી ઢાંકેલ, હળવી વસ્તુ ભારેથી ઢાંકેલ અને હળવી વસ્તુ હળવાથી ઢાંકેલ. એમાં પ્રથમ અને તૃતીય પ્રકાર વર્જ્યં છે, કારણ કે ભારે વસ્તુ ભાંગીને કોઇના પગ ઉપર પડે તો અંગભંગસં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવ થાય અને દ્વિતીય અને ચતુર્થ પ્રકાર ગ્રહણુ યોગ્ય છે. આમાં લક્ષ્ય એ રાખવાનું કે દેવા યોગ્ય વસ્તુનું પાત્ર ભારે હોય તેને વાંધો નથી કેમકે તેમાંથી કડછી વિગેરે સાધનોથી લઇને વહોરાવી શકાય છે.

૫. 'સંહૃતદોષ:' સંહૃત એટલે અન્યત્ર પ્રક્ષિપ્ત દોષ. એક તપેલીમાં વસ્તુ નાખી આપવી હોય તેમાં ન દેવા યોગ્ય વસ્તુ પડેલી હોય તે ત્યાંથી કાઢી અન્યત્ર નાખી દેવી અને તેમાં દેવા યોગ્ય વસ્તુ નાખી આપવી એ સંહૃતદોષ. અથવા કટોરામાં એજ પ્રમાણે ન દેવાની વસ્તુ હોય તે ક્યાંક ફેંકી દઇ તે વડે દેવાની વસ્તુ આપવી. અહીં જે વસ્તુ નાખી દે તે સચિત્ત પૃથ્વીકાયાદિમાં પડે તેથી દોષાપત્તિ થાય. મિશ્ર હોય તેમાં પણુ સચિત્તપણાનો સંભવ છે તે સંહૃત વસ્તુ સચિત્ત હોય અને સચિત્તમાં પડે, અચિત્તમાં પડે અથવા સંહૃત વસ્તુ અચિત્ત હોય અને સચિત્તમાં પડે એ ત્રણે પ્રકાર ત્યાજ્ય છે, માત્ર સંહૃત વસ્તુ અચિત્ત હોય અને અચિત્તમાં પડે તોજ દેવાની વસ્તુ અન્ય દોષના અભાવે કલ્પ્ય થઇ શકે છે. અત્ર પણુ અનંતર પરંપર દોષની ગણુના પૂર્વવત્ કરી લેવી.

૬. 'દાયકદોષ:' નીચેના આપનાર તરફથી અથવા તેને હાથે અપાતી વસ્તુ લેવી સાધુને ન કલ્પે. આપનાર (દાયક)ના અનેક પ્રકાર છે તેમાંથી અકલ્પ્ય દાયકનાં નામ (જરૂર પડે ત્યાં હેતુ સાથે) નીચે આપ્યાં છે.

(૧) 'વૃદ્ધ'–સ્થવિર. સાઠ સિત્તેર વર્ષની વયવાળો. જેને લાળ પડતી હોય તે. વસ્તુમાં લાળ પડે તો લોકોને ગ્લાનિ થાય, હાથકંપથી વસ્તુ જમીનપર પડી જાય તો ષટ્જીવનિકાયની વિરાધના થાય અને દેનાર પોતે પડી જાય તો તેને પીડા થાય અને જીવવિરાધના પણુ થઇ જાય. ઉમરલાયક હોય પણુ ઘરનો માલીક હોય અને અન્ય સહાયક તેની બાજુમાં હોય અથવા મજબૂત શરીરવાળો હોય તો લઇ શકાય.

(૨) 'અપ્રભુ'–ઘરનો કે વસ્તુનો માલેક ન હોય તે આપે તો તેમાં પણુ દ્વેષાદિ થઇ જાય.

(૩) 'નપુંસક'–આપનાર નપુંસક હોય તેના સંસર્ગથી વેદોદય થાય અને લોકમાં નિંદા થાય તે હેતુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) 'કંપાયમાન શરીરવાળો'. દેતી વખતે શરીર ધ્રૂજતું હોય તેવા શરીરવાળો. વસ્તુ પડી જાય, સાધુના પાત્રથી બહાર પડે, દેવાનું ભાજન ભાંગી નાખે તો અનેક દોષ થઇ જાય તે હેતુ. જો પુત્રાદિક તેના હાથ પકડીને આપે તો ગ્રહણ થઇ શકે.

(૫) 'તાપવાળો'. શરીરે તાવ (ફીવર) આવ્યો હોય તે આપે તે. કારણ (નં. ૪) પ્રમાણે. વળી જ્વર સંક્રમણ થાય તથા લોકમાં ઉડ્ડાહ થાય વિગેરે અનેક દોષોનો સંભવ છે.

(૬) 'અંધ'. આપનાર આંધળો હોય. એ પડી જાય કે વસ્તુ ઢળી જાય તેથી વિરાધના થાય. આંધળાનો હાથ તેના પુત્રાદિકે પકડ્યો હોય તો ભિક્ષા કલ્પ્ય છે.

(૭) 'બાળ'. આઠ વર્ષની અંદરનો હોય તે બાળ કહેવાય છે. એને પ્રમાણની ખબર હોતી નથી. બાળકોને લુંટારાઓ ઠગી જાય છે એવો આક્ષેપ આવે તે હેતુ. બાળકને આજ્ઞા મળેલી છે એમ ખાતરી થાય તો ભિક્ષા કલ્પ્ય છે.

(૮) 'મત્ત'. દારૂ પીધેલ કે કેફ કરેલ આપનાર.

(૯) 'ઉન્મત્ત'. ગાંડો જેને ઉન્માદ થયો હોય અથવા ગ્રહવાળો હોય તેવો આપનાર.

(૧૦) 'છિન્નકર'. જેના હાથ કપાઇ ગયેલા છે તેવો આપનાર. વસ્તુ પડી જવાથી જીવવધની અત્ર સંભાવના છે તથા હાથના અભાવે તેનું શરીર પ્રાયઃ અશુચી રહેવાથી લોકનિન્દાનો પણ સંભવ રહે છે તે હેતુ.

(૧૧) 'છિન્નચરણ'. જેના પગ કપાઇ ગયા છે તેવો દાતા. પોતે પડી જવાથી જીવવિરાધના દોષ પ્રાપ્ત થાય તથા લોકનિંદા થાય.

(૧૨) 'ગલત્કુષ્ટ'. કોઢથી જે દાયકનું શરીર ગળી ગયું હોય તેવો આપનાર.

(૧૩) 'બદ્ધ'. હાથમાં કે પગમાં બેડી નાખેલી હોય, કેદમાં પડેલ હોય તેવો દાયક.

(૧૪) 'પાદુકારૂઢ'. લાકડાની ચાખડી પગમાં પહેરેલી હોય તેવો દાયક. એનો પગ ખસી જાય તો એ પડી જાય તેથી વિરાધના થઇ જાય તે હેતુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૫) 'ખાંડતી દાતા'. દાન આપનાર શાળ ખાંડતી હોય.
(૧૬) 'પીસતી દાતા'. દાન આપનારી ઘાણીમાં તેલ પીસતી હોય. આમાં શાળ કે તલ કેટલાક સચિત્ત હાથમાં રહી જાય, હાથ ધોવા પડે, સંસક્ત દોષ થાય વિગેરે.
(૧૭) 'ધાણી વિગેરે સેકતી'. ચુલા ઉપર કઢાઇમાં ચણા વિગેરે હલાવતી હોય તેવી દાતા. આ હકીકત હલાવતી વખતને લાગે છે. સાધુ આવે તે જ વખતે હલાવવાનું કામ ચાલતું હોય તો તેની પાસેથી સાધુને આહાર લેવો અકલ્પ્ય છે.
(૧૮) 'કાંતનારી દાતા.' રૂની પુણીમાં સૂતર કરતી હોય તેવી દાયક.
(૧૯) 'લોઢનારી દાતા.' ચરખીમાંથી કપાસીઆ કાઢતી હોય તેવી દાતા.
(૨૦) 'પીંખનારી દાતા'. રૂને પીંખતી હોય તેવી દાતા.
(૨૧) 'પીંજનારી'. રૂને પીંજતી હોય તેવી દાતા. કપાસીઆ સચિત્ત છે અને પુંખ દૂર કરવા જળથી હાથ ધોવા પડે, પૂર્વ પશ્ચાત કર્મદોષ લાગે એ જીવવધનું કારણ છે. બાકી રૂમાં શ્વેતતા લાવવા શંખચૂર્ણાદિનો ઉપયોગ કરતી દાતા પાસેથી દાન લેવું કલ્પ્ય છે.
(૨૨) 'પીસતી દાતા'. ઘંટીપર ઘઉં વિગેરે અન્ન દળતી હોય તેવી દાતા.
(૨૩) 'વલોવતી દાતા'. દહીંનું વલોણું કરતી.
(૨૪) 'ભુંજાના દાતા'. દાન આપનારી જમવા બેઠેલી હોય, જમતી હોય. જમતાં ઉઠે તો પાણી પીએ તેથી વિરાધના થાય અને ન પીએ તો લોકમાં નિંદા થાય તે હેતુ.
(૨૫) 'આપન્નસત્ત્વા'. ગર્ભ ધારણ કર્યો હોય તે દાતા. (ગર્ભને બાધા થવાનો હેતુ.) આઠ માસ સુધી તેના હાથથી કલ્પે, નવમે માસે ન કલ્પે. જ્યાં બેઠી હોય તેજ સ્થાનેથી ઉભા થયા વિના બેઠા બેઠા દે તો કલ્પી શકે.
(૨૬) 'બાલવત્સા'. બાળકની માતા, ધવરાવતી હોય તે બાળકને મૂકી દે તો બિલાડી વિગેરે બાળકને કરડે અથવા બાળક કોમળ હોય તેને જમીનપર મૂકી દે તો તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પીડા થાય. બાળકની યોગ્ય જતના થાય તો ભિક્ષા કલ્પ્ય થઇ શકે છે.

(૨૭) 'ષટ્કાય સંઘટ્ટવાળી'. હાથ, પગ અથવા શરીરના કોઇ પણ અવયવે છકાયનો સંઘટ્ટ હોય, અંબોડે ફૂલની વેણી હોય, માથામાં ફૂલ હોય, માલતીમાળા ઉરસ્થળે હોય, કાનમાં જપાકુસુમ હોય, પગે જલકણ લાગેલ હોય તેવી દાયકા પાસેથી ભિક્ષા ન કલ્પે, સંઘટ્ટદોષનો સંભવ છે.

(૨૮) 'વિરાધક દાતા'. કોશથી જમીન ખોદતો, જળથી વસ્ત્ર ધોતો, ધમણ ચલાવતો, અગ્નિ ફૂંકતો, વનસ્પતિ કાપતો તાડતો, માકડ માંચીમાંથી કાઢતો આપનાર હોય તેની તે વખતે અપાતી ભિક્ષા અકલ્પ્ય છે.

(૨૯) 'સપ્રત્યપાયા'. અહિત ફળવાળી ઉપાધિનો જ્યાં સંભવ હોય તેવો દાતા. કોઇપણ પ્રકારની પીડા થવાનો સંભવ હોય, ગાય મારે તેવું હોય, સર્પ કરડે તેવું હોય, ઉપરથી કાંઇ વિગેરે પડવાનો સંભવ હોય. આ ઉપરાંત દાતાર તરફથી થનાર અપાયની સંભાવના કરી લેવી.

આવી રીતે દાતારના બીજા ઘણા ભેદો છે, જ્યાં જીવવધની સંભાવના હોય, સંઘટ્ટદોષ સંભવિત હોય, ત્યાં દાયકદોષ થાય છે એમ બુદ્ધિમાને સમજી લેવું.

૭. 'ઉન્મિશ્ર દોષ:' સચિત્તની સાથે મળેલ વસ્તુ. થોડી શુદ્ધ વસ્તુ હોય તેમાં થોડું સચિત્ત મિશ્ર કરી દે, ભક્તિથી વિરોધીપણાથી અથવા અનાભોગથી તેમાં સચિત્તનો દોષ ઉત્પન્ન કરે એ ઉન્મિશ્ર દોષ. સંહરણ દોષ ઉપર કહ્યો તેમાં ન દેવાની વસ્તુ હરણ કરીને દે અને અહીં મિશ્ર કરે એ તફાવત છે.

૮. 'અપરિણત દોષ:' અપરિણત એટલે અપ્રાશુક. સામાન્યથી એના બે પ્રકાર છે: ૧. દ્રવ્યથી; ૨. ભાવથી. એ પ્રત્યેકના બે બે પ્રકાર છે: ૧ દાતૃવિષયક; ૨ ગૃહીતૃવિષયક.

૧ 'દ્રવ્યથી' પ્રકાર વિચારીએ. પૃથ્વીકાય સજીવ હોય ત્યાં સુધી તે અપરિણત કહેવાય અને જીવમુક્ત થાય ત્યારે પરિણત કહેવાય. તેમજ બીજા જીવોને અંગે સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેનારની સત્તામાં હોય ત્યાં સુધી તે 'દાતૃવિષયક' કહેવાય છે અને લેનારની સત્તામાં હોય ત્યારે 'ગૃહીતૃવિષયક' કહેવાય છે. શંકા પડે તો પણ લેવાની મનાઇ છે.

૨. 'ભાવથી દાતૃવિષયક પરિણત.' વસ્તુના માલેક ઘણા હોય તેમાંથી કેટલાકની દેવાની બુદ્ધિ હોય અને કેટલાકની ન હોય તે માટે અગાઉ સાધારણ અનિસૃષ્ટ દોષ આવ્યો છે તેમાં દાયકનું પરોક્ષપણું છે અને અહીં પ્રત્યક્ષપણું છે. 'ભાવથી ગૃહીતૃવિષયક પરિણત'. ભીક્ષા માટે ગયેલ બે મુનિઓમાંથી એકને ભીક્ષા સદોષ લાગી અને બીજાને તે જ પિંડ નિર્દોષ લાગ્યો. તો એ પ્રથમને અપરિણત થયો, બીજાને પરિણત થયો.

૯. 'લિપ્ત દોષ:' ઘી દૂધ દહીં શાક વિગેરે પદાર્થો દેતાં હાથ ખરડાય છે તથા ભોજન પણ લેપવાળું થાય છે તે 'લિપ્તદોષ.'

સાધુએ બનતા સુધી વાલ ચણા ભાત વિગેરે અલેપવાળી વસ્તુ વહોરવી. સ્વાધ્યાય દવા વિગેરે કારણે લેપવાળી વસ્તુ લેવી પડે તો પશ્ચાત્કર્મ દોષ ન લાગે તેમ વહોરવું. એ વસ્તુ આપનારનો હાથ ખરડાયલો છે કે સ્વચ્છ છે? ભોજન ખરડાયલું છે કે સ્વચ્છ છે? તથા વહોરાવનાર ગૃહસ્થનાં ભોજનમાં પદાર્થ બાકી રહ્યો છે કે કેમ? એ સર્વે બાબતોનો બરાબર ઉપયોગ રાખવો. જો હાથ પ્રથમથી જ ખરડાયલો હોય અને વાસણ પણ ખરડાયલું હોય તથા વહોરાવેલ દ્રવ્યમાંથી કાંઇક શેષ બાકી રહેલ હોય તો ત્યાં મુનિને પશ્ચાત્કર્મ દોષ ન લાગે. આમાં ઉપયોગ રાખવાની જરૂર વધારે છે. જ્યાં અવશેષ દ્રવ્ય હોય ત્યાં ખરડાયલા હાથ વાસણ વિગેરે ભીક્ષા દઇને તરત જ ધોવા પડતાં નથી. નિરવશેષ હોય ત્યાં ધોવા પડે છે—એ ઉપયોગથી સમજી જવું. દોષ ન દેખાય ત્યાં ઉક્ત નિમિત્તે લેવામાં વાંધો નથી.

૧૦. 'છર્દિત:' વહોરાવનાર ઘી દૂધ વિગેરે પદાર્થોના છાંટા પાડે કે ઢોળે ત્યારે 'છર્દિત દોષ' લાગે. ભોજન આપનાર છાંટા પાડે કે ઢોળે તે સચિત્તમાં પડે કે અચિત્તમાં પડે કે મિશ્રમાં પડે એથી વિરાધનાદિ બહુ દોષસંભવ છે તેથી તેવી રીતે તેના હાથે ભીક્ષા ન લે.

એ એષણાના દશ દોષો થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે એષણાશુદ્ધિને અંગે લક્ષ્ય રાખવાના ૪૨ દોષો થયા તે નીચે પ્રમાણે:—

| ૧૬ ઉદ્દગમદોષો. | ૧૬ ઉત્પાદન દોષો. | ૧૦ એષણાના દોષો. |
|---|---|---|
| ૧ આધાકર્મ. | ૧ ધાત્રીકર્મ. | ૧ શંકિત. |
| ૨ ઉદ્દેશિક. | ૨ દૂતિકર્મ. | ૨ પ્રક્ષિત. |
| ૩ પૂતિકર્મ. | ૩ નિમિત્ત. | ૩ નિક્ષિપ્ત. |
| ૪ મિશ્રજાત. | ૪ આજીવિકા. | ૪ પિહિત. |
| ૫ સ્થાપના. | ૫ વનીપક. | ૫ સંહૃત. |
| ૬ પ્રાભૃત. | ૬ ચિકિત્સા. | ૬ દાયક. |
| ૭ પ્રાદુષ્કરણ. | ૭ ક્રોધ. | ૭ ઉન્મિશ્ર. |
| ૮ ક્રીત. | ૮ માન. | ૮ અપરિણત. |
| ૯ પ્રામિત્યક. | ૯ માયા. | ૯ લિપ્ત. |
| ૧૦ પરિવર્તક. | ૧૦ લોભ. | ૧૦ છર્દિત. |
| ૧૧ અભ્યાહૃત. | ૧૧ સંસ્તવ. | |
| ૧૨ ઉદ્ભિન્ન. | ૧૨ વિદ્યા. | |
| ૧૩ માલાપહૃત. | ૧૩ મંત્ર. | |
| ૧૪ આચ્છેદ્ય. | ૧૪ ચૂર્ણ. | |
| ૧૫ અનિસૃષ્ટ. | ૧૫ યોગ. | |
| ૧૬ અધ્યવપૂરક. | ૧૬ મુલકર્મ. | |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ બેતાળીશ દોષ સાધુએ શોધવા.

સાધુ પોતે હણે નહિ, વેચાતું લે નહિ અને રાંધે નહિ. તેમજ હણાવે નહિ, લેવરાવે નહિ, રંધાવે નહિ એ ત્રણ. અનુમોદનના ત્રણ કરતા નવ ભેદ થયા. એ નવ પદે પિંડવિશુદ્ધિ કરવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# श्रीसिद्धर्षिसूरिप्रबन्धः

श्रीसिद्धर्षिः श्रियो देयाद्धियामध्यानधामभूः[1] ।
निर्ग्रन्थग्रन्थतामापुर्यद्ग्रन्थाः साम्प्रतं भुवि ॥ १ ॥
श्रीसिद्धर्षिप्रभोः पान्तु वाचः परिपचेलिमाः ।
अनाद्यविद्यासंस्कारा यदुपास्तेर्भिदेलिमाः ॥ २ ॥
सुप्रभुः पूर्वजो यस्य सुप्रभः प्रतिभावताम्[2] ।
[3]बंधुर्बन्धुर्भाग्य[4]श्रीर्यस्य माघः कवीश्वरः ॥ ३ ॥
चरितं कीर्त्तयिष्यामि तस्य त्रस्यज्जडाशयम् ।
भूभृच्चक्रचमत्कारि वारिताखिलकल्मषम् ॥ ४ ॥
अजर्जरश्रियां धाम वेषालक्ष्यजरज्जरः ।
अस्ति गुर्जरदेशोऽन्यसज्जराजन्यदुर्जरः ॥ ५ ॥
तत्र श्रीमालमित्यस्ति पुरं मुखमिव क्षितेः ।
[5]चैत्योपरिस्थं कुम्भालिर्यत्र चूडामणीयते ॥ ६ ॥
प्रासादा यत्र दृश्यन्ते [6]मत्तवारणराजिताः ।
राजमार्गाश्च शोभन्ते मत्तवारणराजिताः ॥ ७ ॥
जैनालयाश्च सन्त्यत्र नवं धूपगमं श्रिताः ।
महर्षयश्च निःसङ्गा न वंधूपगमं श्रिताः[7] ॥ ८ ॥
तत्रास्ति हार्स्तिकास्वीया[8]पहस्तितरिपुव्रजः ।
नृपः श्री[9]वर्मलाताख्यः शत्रुमर्मभिदाक्षमः ॥ ९ ॥
तस्य सुप्रभदेवोऽस्ति [10]मैन्त्री मित्रं जगत्यपि ।
सर्वव्यापारमुद्राभृन्मुद्राकृद्दुर्जनानने ॥ १० ॥

---

१ ध्यान સ્થાને ध्याम પાઠાંતર. ૨ प्रतिभावानाम् પાઠાંતર ( અશુદ્ધ જણાય છે ). ૩ અહીં बन्धुः ઉચિત જણાય છે. ૪ भाग्यस्य પાઠાંતર. ૫ परिस्था પાઠાંતર વધારે શુદ્ધ જણાય છે. ૬ मन्दवारण પાઠાંતર. ૭ પ્રથમ પંક્તિમાં नवं धूपगमं છોડવું અને બીજીમાં न बन्धु उपगमं છોડવું. व અને ब નો અભેદ છે. ૮ काश्चीय પાઠાંતર વધારે અર્થાનુરૂપ જણાય છે. ૯ वर्मस्थाने चर्म; કોઈ જગોએ मर्म પણ છે. ૧૦ मंत्री मिततपः किल પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

देवार्यौशानसौर्यस्यं नीतिरीतिमुदीक्ष्य तौ ।
अवलम्ब्य स्थितौ विष्णुपदं कर्तुं तपः किल ॥ ११ ॥
तस्य पुत्रावुभावंसाविव विश्वभरक्षमौ ।
आद्यो दत्तः स्फुरद्दत्तो द्वितीयश्च शुभङ्करः ॥ १२ ॥
दत्तवित्तोनुजीविभ्यो दत्तचित्तसुधर्मधीः ।
अप्रवृत्तः कुकृत्येषु तत्र सुत्रामवत् श्रिया ॥ १३ ॥
हर्म्यकोटिस्फुरत्कोटिध्वजजालान्तरस्थिता: ।
जलजन्मतयेव श्रीर्यस्मादासीदनिर्गमा ॥ १४ ॥
तस्य श्रीभोजभूपालबालमित्रं कृतीश्वरः ।
श्रीमाघो नन्दनो ब्राह्मीस्यन्दनः शीलचन्दनः ॥ १५ ॥
ऐदंयुगीनलोकस्य सारसारस्वतायितम् ।
शिशुपालवधः काव्यं प्रशस्तिर्यस्य शाश्वती ॥ १६ ॥
श्रीमाघोऽस्तावधीः श्लाघ्यः प्रशस्यः कस्य नाभवत् ।
चित्तजाड्यहरा यस्य काव्यगङ्गोर्मिविप्रुषः ? ॥ १७ ॥
तथा शुभङ्करश्रेष्ठी विश्वविश्वप्रियङ्करः ।
यस्य दानाद्भुतेर्गीतिर्हर्यश्वो हर्षभूरभूत् ॥ १८ ॥
तस्याभूद्गेहिनी लक्ष्मीर्लक्ष्मीर्लक्ष्मीपतेरिव ।
यया सत्यापिताः सत्यः सीताद्या विश्वविश्रुताः ॥ १९ ॥
नन्दनो नन्दनोत्तमः कल्पद्रुम इवामरः ।
यथेच्छादानतोऽर्थिभ्यः प्रसिद्धः सिद्धनामतः ॥ २० ॥
अनुरूपकुलां कन्यां धन्यां पित्रा विवाहितः ।
भुङ्क्ते वैषयिकं सौख्यं दोगुन्दुग इवामरः ॥ २१ ॥
दुरोदरमनोदारो दारात्रारपराङ्मुखः ।
अन्यदा सोऽभवत्कर्म दुर्जयं विदुषामपि ॥ २२ ॥
पितृमातृगुरुस्निग्धबन्धुमित्रैर्निवारितः ।
अपि नैव न्यवर्तिष्ट दुर्वारं व्यसनं यतः ॥ २३ ॥

---

૧ मौर्यस्य પાઠાંતર. ૨ आद्यादत्तः પાઠાંતર. ૩ दत्तचित्तश्च પાઠાંતર. ૪ स्थिताः અશુદ્ધ જણાય છે. स्थिता વધારે ઠીક લાગે છે. ૫ मित्रंकृति स्वयोस्तावधीश्लाघ्यः प्रशंस्यकंस्य मानवन् આ પાઠાંતર છે તેનો અર્થ મને બેઠો નથી. અશુદ્ધ જણાય છે. ૧૭ મો શ્લોક સરખાવો. ૬ चित्तं અથવા चित्र પાઠાંતર. ૭ अपरः સમીચીન જણાય છે. જાણે બીજો કલ્પવૃક્ષ જ હોય તેમ અર્થીઓને દાન આપનાર હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अगूढातिप्ररूढेऽस्मिन्नहर्निशमसौऽवशः ।
तदेकचित्तधूर्त्तानां सदाचारादभूद्वहिः ॥ २४ ॥
सपिपासोशनायाति शीतोष्माश्च विमर्शतः ।
योगीव लीनचित्तोऽत्र व्यग्रस्यत्साधुवाक्यतः ॥ २५ ॥
निशीथातिक्रमे रात्रावपि स्वकगृहागमी ।
वध्वाः प्रतीक्ष्य एकस्यास्तथा नित्यं प्रतीक्ष्यते ॥ २६ ॥
अन्यदा रात्रिजागर्यानिर्यातवपुरुद्यमाम् ।
गृहव्यापारकृत्येषु विलानाङ्गस्थितिं ततः ॥ २७ ॥
ईदृग् ज्ञातेयसम्बन्धवशकर्कशवाग्भरम् ।
श्वश्रूरश्रूणि मुञ्चन्ती वधूं प्राह सगद्गदम् ॥ २८ ॥
मयि सत्यां पराभूतिं कस्ते कुर्यात्ततः स्वयम् ।
विद्यते कुविकल्पैस्त्वं गृहकर्मभरालसा ॥ २९ ॥
श्वशुरोऽपि च ते व्यग्रो यदा राजकुलादिह ।
आगन्ता च ततो देवावसरादावसज्जिते ॥ ३० ॥
मामेवाक्रोक्ष्यति त्वं तत्तथ्यं मम निवेदय ।
यथा द्राग्भवदीयार्त्तिप्रतिकारं करोम्यहम् ॥ ३१ ॥
सा न किञ्चिदिति प्रोच्य श्वश्रूनिर्बन्धतोऽवदत् ।
युष्मत्पुत्रोऽर्धरात्रातिक्रमेऽभ्येति करोमि किम् ? ॥ ३२ ॥
श्रुत्वेत्याह तदा श्वश्रूः किं नाग्रेऽजल्पि मे पुरः ।
सुतं स्वं बोधयिष्यामि वचनैः कर्कशप्रियैः ॥ ३३ ॥
अद्य स्वपिहि वत्से ! त्वं निश्चिन्ताहं तु जागरम् ।
कुर्वे सर्वं भलिष्यामि नात्र कार्याधृतिस्त्वया ॥ ३४ ॥
ओमित्यथ स्नुषा प्रोक्ते रात्रौ तद्द्वारि तस्थुषी
विनिद्रा पश्चिमे यामे रात्रेः पुत्रः समागमत् ॥ ३५ ॥
द्वारं द्वारमिति प्रौढस्वरोऽसौ यावदूचिवान् ।
इयद्रात्रौ क आगन्ता मातावादीदिति स्फुटम् ॥ ३६ ॥
सिद्धः सिद्ध इति प्रोक्ते तेन सा कृतकक्रुधा ।
प्राह सिद्धं न जानेऽहमप्रस्तावविहारिणम् ॥ ३७ ॥

---

१ प्ररूढोऽस्मि......सोधसः २ तदाकचित्तधू. ३ सपिपासाशनायातिशीतोष्णाच्च પાઠાંતર. ४ खिद्यसे પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अधुनाहं क यामीति सिद्धेनोक्ते जनन्यपि ।
अन्यदा शीघ्रमायाति यथास्मात्कर्कशं जगौ ॥ ३८ ॥
एतावत्यां निशि द्वारं विवृत्तं यत्र पश्यसि ।
तत्र याया: समुद्घाटद्वारा सर्वापि किं निशा ? ॥ ३९ ॥
भवत्वेवमिति प्रोक्ते सिद्धस्तत्साक्षिरीय च ।
पश्यन्ननावृतद्वारो द्वारेऽगादनगारिणाम् ॥ ४० ॥
सदाप्यनावृतद्वारं शालायां पश्यति स्म सः ।
मुनीन् विविधचर्यासु स्थितान्निष्पुण्यदुर्लभान् ॥ ४१ ॥
कांश्चिद्वैरात्रिकं काले विनिद्रस्य गुरोः पुरः ।
प्रवेदयत उत्साहात्कांश्चित्स्वाध्यायरङ्गिणः ॥ ४२ ॥
उत्कटिकासनान् कांश्चित् काश्चिद्गोदोहिकासनान् ।
वीरासनस्थितान् कांश्चित्सोऽपश्यन्मुनिपुङ्गवान् ॥ ४३ ॥
अचिन्तयच्छमसुधानिर्झरे निर्जरा इव ।
सुस्नातशीतला एते तृष्णाभीता मुमुक्षवः ॥ ४४ ॥
मादृशा[2] व्यसनासक्ता अभक्ता[3] स्वगुरुष्वपि ।
मनोरथद्रुहस्तेषां विपरीतविहारिणः ॥ ४५ ॥
धिग्जन्मेदमिहामुत्र दुर्यशो दुर्गतिप्रदम् ।
तस्मात्सुकृतिनी वेला यत्रैते दृष्टिगोचरा ॥ ४६ ॥
अमीषां दर्शनात्कोपिन्याप्युपर्कृतं मयि ।
जनन्या क्षीरमुत्तप्तमपि पित्तं प्रणाशयेत् ॥ ४७ ॥
ध्यायन्नित्यग्रतस्तस्थौ नमस्तेभ्यश्चकार सः ।
प्रदत्तधर्मलाभाशीर्निर्ग्रन्थः प्रभुराह च ॥ ४८ ॥
को भवानिति तैः प्रोक्ते प्रकटं प्राह साहसी ।
शुभङ्करात्मजः सिद्धो द्यूतान्मात्रा निषेधितः ॥ ४९ ॥
उद्घाटद्वारि यायास्त्वमोकसीयन्महानिशि ।
इयन्ती वाचना दत्ताऽप्रावृतद्वारि सङ्गतः ॥ ५० ॥
अतःप्रभृति पूज्यानां चरणौ शरणौ मम ।
प्राप्ते प्रवहणे को हि निस्तितीर्षति नाम्बुधिम् ? ॥ ५१ ॥
उपयोगं श्रुते दत्त्वा योग्यताहृष्टमानसाः ।
प्रभावकं भविष्यन्तं परिज्ञायाथ तेऽवदन् ॥ ५२ ॥

---

१ द्वारा યોગ્ય જણાય છે. द्वार પાઠાંતર છે. २ तादृशाः પાઠાંતર. ३ अभव्याः પાઠાંતર. ४ सूपकृतं मयि પાઠાંતર. ५ निर्ग्रन्थप्रभु પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

असद्वेषं विना नैवास्मत्पार्श्वे स्थीयतेतराम् ।
सदा स्वेच्छाविहाराणां दुर्ग्रहः स भवादृशाम् ॥ ५३ ॥
धार्यं ब्रह्मव्रतं घोरं दुष्करं कातरैर्नरैः ।
कापोतिका तथा वृत्तिः समुदाना पराभिधा ॥ ५४ ॥
दारुणः केशलोचोऽथ सर्वाङ्गीणव्यथाकरः ।
सिकतापिण्डवच्चायं निरास्वादश्च संयमः ॥ ५५ ॥
उच्चावचानि वाक्यानि नीचानां ग्रामकण्टकाः ।
सोढव्या दशनैश्चर्वणीया लोहमया यवाः ॥ ५६ ॥
उग्रं षष्ठाष्टमाद्यं तत्तपः कार्यं सुदुष्करम् ।
स्वाद्यास्वाद्येषु लब्धेषु रागद्वेषौ न पारणे ॥ ५७ ॥
इत्याकर्ण्य वदत्सिद्धो मत्सदृग्व्यसनस्थिताः ।
छिन्नकर्णोष्ठनासादिबाहुपादयुगा नराः ॥ ५८ ॥
क्षुधाकरालिताभिक्षा चौर्यादेर्वृत्तिधारिणः ।
अप्राप्तशयनस्थानाः पराभूता निजैरपि ॥ ५९ ॥
नाथ ! किं तदवस्थाया अपि किं दुष्करो भवेत् ।
संयमो विश्ववन्द्यस्तन्मूर्ध्नि देहि करं मम ॥ ६० ॥
यददत्तं न गृह्णीमो वयं यस्मात्स्थिरो भव ।
दिनमेकं यथा विज्ञापयामः पैतृकं तव ॥ ६१ ॥
ततः प्रमाणमादेश इत्युक्त्वा तत्र सुस्थिते ।
परं हर्षं दधौ सूरिः सुविनेयस्य लाभतः ॥ ६२ ॥
इतः शुभङ्करश्रेष्ठी प्रातः पुत्रं समाह्वयत् ।
शब्दादाने च सम्भ्रान्तः पश्यन् पत्नीं नताननाम् ॥ ६३ ॥
अद्य रात्रे कथं नागात्सिद्ध इत्युदिता सती ।
लज्जानम्रावदद् द्यूतीशिक्षितोऽथ सुतो ययौ ॥ ६४ ॥
श्रेष्ठी दध्यौ महेलाः स्युरुत्तानधिषणा ध्रुवम् ।
न कर्कशवचो योग्ये व्यसनी शिक्ष्यते शनैः ॥ ६५ ॥
इषत्करं ततः प्राह प्रिये ! भव्यं त्वया कृतम् ।
वयं किं प्रवदामोऽत्र वणिजां नोचितं ह्यदः ॥ ६६ ॥
गृहाद्बहिश्च निर्याय प्रयासाङ्गीकृतः स्थितः ।
व्यलोकयत्पुरं सर्वमहो मोहः पितुः सुते ॥ ६७ ॥

१ वासानां પાઠાંતર. २ यथाऽनुविज्ञापयामः પાઠાંતર. ३ सम्भ्रान्तोऽपश्यत् પાઠાંતર. ४ रात्रौ પાઠાંતર. ५ योग्यो ઠીક જણાય છે (જેકોબી). ६ कृतस्थितिः પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इतश्चरित्रिशालायामसावुपशमोर्मिभिः ।
आप्लुतोऽपूर्वसंस्थानं ततोऽवादि च तेन सः ॥ ६८ ॥
यथैवं शमिसामीप्यस्थितिं पश्यामि ते सुतः ।
अमृतेनैव सिच्येतं नन्दनानन्दनस्थिते ॥ ६९ ॥
द्यूतव्यसनिनां साध्वाचारातीतकुवेषिणाम् ।
संङ्गतो मम हृदुःखहेतुः केतुरिव ग्रहः ॥ ७० ॥
आगच्छ वत्स ! सोत्कण्ठा तव माता प्रतीक्षते ।
किञ्चिन्मद्वचनैर्दूना सन्तप्ता निर्गमात्तव ॥ ७१ ॥
स प्राह तात ! पर्याप्तं गेहागमनकर्मणि ।
मम लीनं गुरोः पादारविन्दे हृदयं ध्रुवम् ॥ ७२ ॥
जैनदीक्षाधरो मार्गं मार्गं निष्प्रतिकर्मतः ।
आचरिष्यामि तन्मोहो भवद्भिर्मा विधीयताम् ॥ ७३ ॥
याया अपावृतद्वारे वेश्मनीत्यम्बिकावचः ।
शमिसन्निध्यवस्थानं मतं नस्तदभूद्वचः ॥ ७४ ॥
यावज्जीवं हि विदधे यद्यहं तत्कुलीनता ।
अक्षता स्यादिदं चित्ते सम्यक्तात ! विचिन्तय ॥ ७५ ॥
अथाह सम्भ्रमाच्छ्रेष्ठी किमिदं वस्तु चिन्तितम् ? ।
असङ्ख्यध्वजविश्रेयं धनं कः सार्थयिष्यति ॥ ७६ ॥
विलस त्वं यथासौख्यं विदेहि निजयेच्छया ।
अविमुञ्चन्सदाचारं सतां श्लाघ्यो भविष्यसि ॥ ७७ ॥
एकपुत्रा तवाम्बा च निरपत्या वधूस्तथा ।
गतिस्तयोस्त्वमेवासीर्जीर्णे माजीगणस्तु माम् ॥ ७८ ॥
पित्रेत्थमुदिते प्राह सिद्धः सिद्धशमस्थितिः ।
सम्पूर्णं लोभिवाणीभिस्तत्र मे श्रुतिरश्रुतिः ॥ ७९ ॥

---

१ इतश्च यतिशाला પાઠાંતર. २ गतो ( જેકોબી ) સૂચન છે. ततो પણ અર્થ આપે છે. ३ सुतः સ્થાને सुत સંબોધન અર્થમાં ( જેકોબી ). યોગ્ય છે. મૂળ પાઠ અશુદ્ધ જણાય છે. ४ सिच्येय એ પાઠ ઉપરનાં પાઠાંતરો સ્વીકારતાં બંધ બેસે ( સૂચન જેકોબી ) અથવા नेव सिच्येत પાઠાંતર. ५ स्थिते ને બદલે स्थितिः પાઠાંતર છે તે સાચો અર્થ આપે છે. અથવા नन्दनी नन्दन स्थिते ! પાઠાંતર. ६ सङ्गतिः પાઠાંતર વધારે યોગ્ય છે. ७ वत्स પાઠાંતર. ८ प्रदेहि પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ब्रह्मणीव मनो लीनं ममातो गुरुपादयोः ।
निपत्य ब्रूहि दीक्षां (हि) पुत्रस्य[1] मम यच्छत ॥ ८० ॥
इति निर्बन्धतस्तस्य तथा चक्रे शुभङ्करः ।
गुरुः प्रादात्परिव्रज्यां तस्य पुण्ये स्वरोदये ॥ ८१ ॥
दिनैः कतिपयैर्मासमाने तपसि निर्मिते ।
शुभे लग्ने पञ्चमहाव्रतारोपणकर्मणि ॥ ८२ ॥
दिग्बन्धं श्रावयामास पूर्वतो गच्छसन्ततिम् ।
सत्प्रभुः शृणु वत्स ! त्वं श्रीमान् वज्रप्रभुः पुरा ॥ ८३ ॥
तच्छिष्यवज्रसेनस्याभूद्विनेयचतुष्टयी ।
नागेन्द्रो निर्वृतिश्चन्द्रः ख्यातो विद्याधरस्तथा ॥ ८४ ॥
आसीन्निर्वृत्तिगच्छे च सुराचार्यो धियां निधिः ।
तद्विनेयश्च गर्गर्षिरहं दीक्षागुरुस्तव ॥ ८५ ॥
शीलाङ्गानां सहस्राणि त्वयाष्टादश निर्भरम् ।
बोढव्यानि विविधाममभिजात्यफलं ह्यदः ॥ ८६ ॥
ओमिति प्रतिपद्याथ तप उग्रं चरन्नसौ ।
अध्येता वर्तमानानां सिद्धान्तानामजायत ॥ ८७ ॥
स चोपदेशमालाया वृत्तिं बालावबोधिनीम् ।
विदधेऽवहितप्रज्ञः सर्वज्ञ इव गीर्भरैः ॥ ८८ ॥
सूरिर्दाक्षिण्यचन्द्राख्यो गुरुभ्रातास्ति तस्य सः ।
कथां कुवलयमालां चक्रे शृङ्गारनिर्भराम् ॥ ८९ ॥
किञ्चित्सिद्धकृतग्रन्थसोत्प्रासः सोऽवदत्तदा ।
लिखितैः किं नवो[2] ग्रन्थस्तद्वस्थागमाक्षरैः ॥ ९० ॥
शास्त्रं श्रीसमरादित्यचरितं कीर्त्यते भुवि ।
यद्रसोर्मिप्लुता जीवाः क्षुत्तृडाद्यं न जानते ॥ ९१ ॥
अर्थोत्पत्तिरसाधिक्यसारा[3] किञ्चित्कथापि मे ।
अहो ते लेखकस्येव ग्रन्थः पुस्तकपूरणः ॥ ९२ ॥
अथ सिद्धकविः प्राह मनो दूनो(पि)षि नो खरम् ।
वयोतिक्रान्तपाठानामीदृशी[4] कविता भवेत् ॥ ९३ ॥

---

१ એક પ્રતમાં पुत्रस्य પછીનો આખો વિભાગ અને ૮૧ માં શ્લોકનો तस्य સુધીનો વિભાગ છોડી દીધો છે. ૨ नवैर्ग्रन्थैः પાઠાંતર. ૩ अर्थोत्पत्ति જોઇએ (જેકોબી). સૂચના બરાબર લાગે છે. ૪ મારા ધારવા પ્રમાણે वचो જોઇએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

का स्पर्धा समरादित्यकवित्वे पूर्वसूरिणां ।
खद्योतस्येव सूर्येण मादृग्मन्दमतेरिव ॥ ९४ ॥
इत्थमुद्वेजितस्वान्तस्तेनासौ निर्ममे बुधः ।
अन्यदुर्बोधसम्बद्धां प्रस्तावाष्टकसम्भृताम् ॥ ९५ ॥
रम्यामुपमितभवप्रपञ्चाख्यां महाकथाम् ।
सुबोधकथितां विद्वदुत्तमाङ्गविधूननीम् ॥ ९६ ॥
ग्रन्थाव्याख्यानयोग्यं यदेनं चक्रे शमाश्रयम् ।
अतः प्रभृति सङ्घोऽत्र व्याख्यातृबिरुदं ददौ ॥ ९७ ॥
दर्शिताथास्य तेनाथ हसितुः स ततोऽवदत् ।
ईदृक् कवित्वमाधेयं त्वद्गुणाय मयोदितम् ॥ ९८ ॥
ततो व्यचिन्तयत्सिद्धो ज्ञायते यद्पीह न ।
तेनाप्यज्ञाननता तस्मादध्येतव्यं ध्रुवं मया ॥ ९९ ॥
तर्कग्रन्था मयाधीताः स्वपरेपीह ये स्थिताः ।
बौधप्रमाणशास्त्राणि न स्युस्तद्देशमन्तरा ॥ १०० ॥
आपप्रच्छे गुरुं सम्यग् विनीतवचनैस्ततः ।
प्रान्तरस्थितदेशेषु गमनायोन्मनायितः ॥ १०१ ॥
निमित्तमवलोक्याथ श्रौतेन विधिना ततः ।
सवात्सल्यमुवाचाथ नाथप्राथमकोहिपकम् ॥ १०२ ॥
असन्तोषः शुभोऽध्याये वत्स ! किञ्चिद्वदामि तु ।
सत्त्वमत्र न सत्त्वानां समये प्रमये धियां ॥ १०३ ॥
भ्रान्तं चेतः कदापि स्याद्धेत्वाभासैस्तदीयकैः ।
अर्थी तदागमश्रेणेः स्वसिद्धान्तपराङ्मुखः ॥ १०४ ॥
उपार्जितस्य पुण्यस्य नाशं त्वं प्राप्स्यसि ध्रुवम् ।
निमित्तत इदं मन्ये तस्मान्माऽत्रोद्यमी भव ॥ १०५ ॥
अथ चेदवलेपस्ते गमने न निवर्तते ।
तथापि मम पार्श्वं त्वमागा वाचा ममैकदा ॥ १०६ ॥
रजोहरणमस्माकं व्रताङ्गं नः समर्पयेः ।
इत्युक्त्वा मौनमातिष्ठद्गुरुं च्चित्तव्यथाधरः ॥ १०७ ॥

---

૧ पूर्वसूरिणाम છઠ્ઠી વિભક્તિ વધારે ઠીક લાગે છે. ૨ शिद्द પાઠાંતર. ૩ प्रयव्या પાઠાંતર છે. સૂચન ग्रन्थं-બરાબર અર્થ આપે છે. ૪ नाथः જોઇએ (જૅકોબી). આ સૂચના બરાબર લાગે છે. પાઠ અશુદ્ધ જણાય છે. ૫ धियां પાઠાંતર. વધારે સમીચીન છે. मन्वं સાથે मत्यं પાઠાંતર. ૬ प्राप्यसि પાઠાંતર. ૭ गुरुं સ્થાને गुरु सूचन. પાઠાનર પણ તે છે.

प्राह सिद्धः श्रुतीश्छादयित्वा शान्तं हि कल्मषम् ।
अमङ्गलं प्रतिहतमकृतज्ञः क ईदृशः? ॥ १०८ ॥

चक्षुरुद्घाटितं येन मम ज्ञानमयं मुदा ।
पुनस्तद्व्यामयेत्को हि धूमायितपरोक्तिभिः ? ॥ १०९ ॥

अन्त्यं वचः कथं नाथ ! मयि पूज्यैरुदाहृतम् ।
कः कुलीनो निजगुरुक्रमयुगं परित्यजेत् ॥ ११० ॥

मनः कदापि गुप्येत चेद्वहुरभ्रमादिव ।
तथापि प्रभुपादानामादेशं विदधे ध्रुवम् ॥ १११ ॥

( दुरध्येयानि बौद्धानां शास्त्राणीति श्रुतश्रुतिः ।
स्वप्रज्ञायाः प्रमाणं तद् लप्स्ये तद्धुपिलाध्वनि ॥ )

इत्युदित्वा प्रणम्याथ स जगाम यथेप्सितम् ।
महाबोधाभिधं बौद्धपुरमव्यक्तवेषभृत् ॥ ११२ ॥

कुशाग्रीयमतेस्तस्याक्लेशेनापि प्रबोधतः ।
विद्वद्दुर्भेदशास्त्राणि तेषामासीच्चमत्कृतिः ॥ ११३ ॥

तस्याङ्गीकरणे मन्त्रस्तेषामासीद्दुरासदः ।
तमस्युद्योतको रत्नमाप्य माध्यस्थ्यमाश्रयेत् ॥ ११४ ॥

तादृग्वचःप्रपञ्चैस्तैर्वैदकैर्गूढकैरपि ।
तं विप्रलम्भयामासुर्मीनवद्धीवरा रसात् ॥ ११५ ॥

शनैर्भ्रान्तमनोवृत्तिर्बभूवासौ यथा तथा ।
तदीयदीक्षामादत्त जैनमार्गातिनिःस्पृहः ॥ ११६ ॥

अन्यदा तर्गुरुत्वेऽसौ स्थाप्यमानोऽवदत्ननु ।
एकवेलं मया पूर्वं संवीक्ष्या गुरवो ध्रुवम् ॥ ११७ ॥

इति प्रतिश्रुतं यस्मात्तदग्रे तत्प्रतिश्रवम् ।
सत्यसन्धस्त्यजेत्तत्कस्तत्र प्रहिणुताथ माम् ॥ ११८ ॥

इति सत्यप्रतिज्ञत्वमतिचारु च सौगते ।
मन्यमानास्ततः प्रेषुः स चागाद्गुरुसन्निधौ ॥ ११९ ॥

---

१ व्यामयेत् સ્થાને विनिमयेत् સૂચન ( પ્રો. જેકોબી ) અર્થ 'બદલો' કરવો. आमय એટલે વ્યાધિ ઉપરથી ક્રિયાપદ व्यामयेत् થયું છે એમ મારૂં ધારવું છે. ૨ तमसि उद्योति को ( સૂચન જેકોબી ). આ વધારે બંધ બેસે છે. उद्योतिને रत्न સાથે દ્વિ. એકવચન (નપું.) લેવું. ૩ पूर्वं પાઠાંતર. ૪ सचेतनः અથવા त्वं मतीरुते પાઠાંતર. અશુદ્ધ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गत्वाथोपाश्रये सिंहासनस्थं वीक्ष्य तं प्रभुम् ।
ऊर्ध्वस्था न शुभा यूयमित्युक्त्वा मौनमास्थितः ॥ १२० ॥
गर्गस्वामी व्यमृक्षच्च सञ्जज्ञे तदिदं कुलम्[1] ।
अनिमित्तस्य जैनीवाग नान्यथा भवति ध्रुवम् ॥ १२१ ॥
अस्माकं ग्रहवैषम्यमिदं जज्ञे यदीदृशः ।
सुविनेयो महाविद्वान् परशास्त्रप्रलम्भितः ॥ १२२ ॥
तदुपायेन केनापि बोध्योऽसौ यदि भोत्स्यते ।
तदस्माकं श्रियं भाग्यैरुदितं किं बहूक्तिभिः? ॥ १२३ ॥
ध्यात्वेत्युत्थाय गुरुभिस्तं निवेश्यासनेऽर्पिता ।
चैत्यवन्दनसूत्रस्य वृत्तिर्ललितविस्तरा ॥ १२४ ॥
ऊचुश्च यावदायामः कृत्वा चैत्यनतिं नयम्[2] ।
ग्रन्थस्तावदयं वीक्ष्य इत्युक्त्वा तेऽगमन् बहिः ॥ १२५ ॥
ततः सिद्धश्च तं ग्रन्थं वीक्ष्यमाणो महामतिः
व्यमृशत्किमकार्यं तन्मयारब्धमचिन्तितम् ? ॥ १२६ ॥
कोऽन्य एवंविधो मादृगविचारितकारकः ।
स्वार्थभ्रंशः पराख्यानैर्मणिं काचेन हारयेत् ॥ १२७ ॥
महोपकारी[3] स श्रीमान्हरिभद्रप्रभुर्यतः ।
मदर्थमेव[4] येनासौ ग्रन्थोऽपि निरमाप्यत ॥ १२८ ॥
आचार्य हरिभद्रो मे धर्मबोधकरो गुरुः ।
प्रस्तावे भावतो हन्त स एवाद्ये निवेशितः[5] ॥ १२९ ॥
अनागतं[6] परिज्ञाय चैत्यवन्दनसंश्रया ।
मदर्थं[7] निर्मिता येन वृत्तिर्ललितविस्तरा ॥ १३० ॥
विषं विनिर्धूय कुवासनामयं,
व्यचीचरद्यः कृपया मदाशये ।
अचिन्त्यवीर्येण सुवासनासुधां
नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥ १३१ ॥

१ कल्म् પાઠાંતર. સૂચન फल्म्. २ नयम् સ્થાને वयम् જોઇએ. મૂળ અશુદ્ધ જણાય છે. ૩ महोपकारी ( સૂચન. પ્રો. જેકોબી. ) ૪ આની સાથે ઉપમિતિ ગ્રંથની પ્રશસ્તિ સરખાવો. આઠમા પ્રસ્તાવની આખરે મૂળ પણ આપવામાં આવશે. ૫ ઉપમિતિમાં निवेदितः છે. ૬ સદર પ્રશસ્તિમાં આ શ્લોક પહેલા ૧૩૧ મો આવે છે. ૭ मदर्थेव कृता એવો પાઠ સદર પ્રશસ્તિમાં છે.

किं कर्त्ता च मया शिष्याभासेनाथ गुरुर्मम ।
विज्ञायैतन्निमित्तेनोपकर्त्तुं त्वाह्वयन्मिषात् ॥ १३२ ॥
तदङ्घ्रिरजसा मौलिं पावयिष्येऽधुनानिशम् ।
आगः स्वं कथयिष्यामि गुरुः स्यान्नह्यनीदृशः ॥ १३३ ॥
तथागतमतिभ्रान्तिर्गता मे ग्रन्थतोऽमुतः ।
कोद्रवस्य यथा शस्त्राघाततो मदनभ्रमः ॥ १३४ ॥
एवं चिन्तयतस्तस्य गुरुर्बाह्यभुवस्ततः ।
आगतस्तदृशं पश्यन् पुस्तकस्थं मुदं दधौ ॥ १३५ ॥
नैषेधिकीमहाशब्दं श्रुत्वोर्द्धः सम्भ्रमादभूत् ।
प्रणम्य रूक्षयामास शिरसा तत्पदद्वयम् ॥ १३६ ॥
उवाच किंनिमित्तोऽयं मोहस्तव मयि प्रभो ! ।
कारयिष्यन्ति चैत्यानि पश्चात्किं मादृशोऽधमाः ॥ १३७ ॥
उन्मीला दूषका स्फोटस्फुटवेदनविद्रुहः ।
स्वादविघ्नाश्चला दन्ताः कुशिष्याश्च गताः शुभाः ॥ १३८ ॥
आहूतो मिलनव्याजाद्बोधायैव ध्रुवं प्रभो ! ।
हारिभद्रस्तथा ग्रन्थो भवता विदधे करे ॥ १३९ ॥
भग्नभ्रमः कुशास्त्रेषु प्रभुं विज्ञपये ततः ।
स्वस्यान्तेवासिपाशस्य पृष्ठे हस्तं प्रदेहि मे ॥ १४० ॥
देवगुर्वाद्यवज्ञोत्थमहापापस्य मे तथा ।
प्रायश्चित्तं प्रयच्छाद्य दुर्गतिच्छित्कृपां कुरु ॥ १४१ ॥
अथोवाच प्रभुस्तत्र करुणाशरणाशयः ।
आनन्दाश्रुपरिश्रुत्या परिक्लिन्नोत्तरीयकः ॥ १४२ ॥
मा खेदं वत्स ! कार्षीस्त्वं को वनीवच्यते[1] नवा ।
पानशौण्डैरिवाभ्यस्तकुतर्कमदविह्वलैः ॥ १४३ ॥
नाहं त्वां धूर्तितं[2] मन्ये यद्वचो विस्मृतं न मे ।
मदेन विकलः कोऽपि त्वां विना प्राक्श्रुतं स्मरेत् ॥ १४४ ॥
वेषादिधारणं तेषां विश्वासायापि सम्भवेत् ।
अतिभ्रान्तिं च नात्राहं मानये तव मानसे ॥ १४५ ॥
प्रख्यातवक्तृकप्रज्ञ[3]ज्ञातशास्त्रार्थमर्मकः ।
कः शिष्यस्त्वादृशो गच्छेऽतुच्छे मच्चित्तविभ्रमः ॥ १४६ ॥

---

१ वनीवच्यते પાઠાંતર. वनीवश्च्यते સૂચન જેકોબી. २ धूर्तित સ્થાને घूर्वित સાચું રૂપ જોઇએ એવો પ્રો. જેકોબીનો મત છે. ३ प्रज्ञा પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इत्युक्तिभिस्तमानन्दे प्रायश्चित्तं तदा गुरुः ।
प्रददेऽस्य निजे पट्टे तथा प्रातिष्ठिपच्च तम् ॥ १४७ ॥
स्वयं तु भूत्वा निस्सङ्गस्तुङ्गद्रङ्गभुवं तदा ।
हित्वा प्राव्यर्थिचीर्णाय तपसेऽरण्यमाश्रयत् ॥ १४८ ॥
कायोत्सर्गी कदाप्यस्थादुपसर्गसहिष्णुधीः ।
कदापि निर्निमेषाक्षः प्रतिमाभ्यासमादधे ॥ १४९ ॥
कदाचित्पारणे प्रान्ताहारधारितशम्बरम् ।
कदाचिन्मासिकाद्यैश्च तपोभिः कर्म सोऽक्षिपत् ॥ १५० ॥
एवं प्रकारमास्थाय चारित्रं दुश्चरं तदा ।
आयुरन्ते विधायाथानशनं स्वर्ययौ सुधीः ॥ १५१ ॥
इतश्च सिद्धव्याख्याता विख्यातः सर्वतोमुखे ।
पाण्डित्ये पण्डितंमन्यपरशासनजित्वरः ॥ १५२ ॥
समस्तशासनोद्योतं कुर्वन्सूर्य इव स्फुटम् ।
विशेषतोऽवदातैस्तु कृतनिर्वृतिनिर्वृतिः ॥ १५३ ॥
असङ्ख्यतीर्थयात्रादिमहोत्साहैः प्रभावना ।
कारयद्धार्मिकैः सिद्धो वचःसिद्धिं परां दधौ ॥ १५४ ॥
श्रीमत्सुप्रभदेवनिर्मलकुलालङ्कारचूडामणिः ।
श्रीमन्माघकवीश्वरस्य सहजप्रेक्षापरीक्षानिधिः ॥
तद्वृत्तं परिचिन्त्य कुग्रहपरिष्वङ्गं कथञ्चित्कलिः ।
प्रागल्भ्यादपि सङ्गतं त्यजत भो लोकद्वये सिद्धये ॥ १५५ ॥
श्रीचन्द्रप्रभसूरिपट्टसरसीहंसप्रभः श्रीप्रभा-
चन्द्रः सूरिरनेन चेतसि कृते श्रीरामलक्ष्मीभुवा ।
श्रीपूर्वर्षिचरित्ररोहणगिरौ सिद्धर्षिवृत्ताख्यया ।
श्रीप्रद्युम्नमुनीन्दुना विशदितः शृङ्गो जगत्संख्यया ॥ १५६ ॥

इति श्रीसिद्धर्षिप्रबन्धः ।

---

१ स्तमानिन्ये પાઠાંતર. २ पण्डितंमन्यः પાઠાંતર. ३ अवदातैस्तु પાઠ. ४ कारयन् પાઠ. ५ सहजापेक्षा પાઠાંતર. सहजः. ६ कलि જોઇએ. ( સૂચન. જકોબી.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### શ્રી પ્રભાવકચરિત્રમાંથી

# શ્રી સિદ્ધર્ષિસૂરિનો પ્રબંધ ( ચૌદમું શૃંગ. )

બુદ્ધિ, અંકુશ અને ધ્યાનના ઘર બની ગયેલા શ્રી સિદ્ધર્ષિ જેમના ગ્રંથો હાલ પૃથ્વીમાં [1]નિર્ગ્રંથમતમાં ગ્રંથપણાને પામી ગયા છે તેઓ કલ્યાણલક્ષ્મી આપો. ૧. અત્યંત સંસ્કાર પામેલી ( પરિપક્વ થયેલી ) શ્રી સિદ્ધર્ષિ પ્રભુની વાણી જેની ઉપાસના કરવાથી અનાદિ કાળથી લાગેલા અવિદ્યાના સંસ્કારો નાશ પામી જાય છે તે તમારૂં રક્ષણ કરો. ૨. જેનો પૂર્વજ ( વડીલ ) વિદ્વાનોનો અગ્રેસર સુપ્રભ થયો હતો અને અતિ ઉત્તમ ભાગ્ય લક્ષ્મીવાળો કવીશ્વર માઘ જેનો બંધુ થતો હતો. ૩. જડ આશયવાળાને ( મંદ બુદ્ધિવાળાને ) ત્રાસ આપનારૂં ( ધ્રુજાવી દેનારૂં ), આખા રાજાઓના સમૂહને ચમત્કાર ઉત્પન્ન કરનારૂં અને સર્વ પાપસમૂહને વારનારૂં તેમનું ( શ્રી સિદ્ધર્ષિનું ) ચરિત્ર હું હવે વર્ણવીશ. ૪. નિરંતર યુવાન રહેલી લક્ષ્મીનું ધામ ગુર્જર ( ગુજરાત ) દેશ છે જેમાં ઘડપણ તો માત્ર વેશ ( કપડાં )માંજ દેખાય છે અને જે દેશ લડાઇ કરવાને તૈયાર થઇ રહેલ અન્ય બહારના રાજાઓને જીતવો ઘણો જ મુશ્કેલ છે. ૫. આખી પૃથ્વીનું જાણે મુખ ( મ્હોડું ) હોય તેવું ત્યાં ( એ દેશમાં ) શ્રીમાલ નામનું શહેર છે, જ્યાં મંદિર ઉપર આવી રહેલ શિખરો મુગટને સ્થાને દીપી રહેલ છે.[2] ૬. ત્યાં મહેલો સખ્ત વારણ ( કોટ વિગેરે )થી સુશોભિત છે. ત્યાંના રાજમાર્ગો મદમસ્ત હાથીઓથી શોભી રહેલ છે. ૭. ત્યાં જૈન મંદિરો નવા તાજા ધૂપની ગંધથી મઘમઘાયમાન થઇ રહેલા છે; મહાન્ ઋષિઓ તદ્દન નિ:સંગ થઇ ગયેલા છે અને પોતાના સગાસંબંધીનો આશ્રય જરા પણ કરતા–ઇચ્છતા નથી. ૮. ત્યાં શ્રી વર્મલાત નામનો રાજા હતો. એણે હાથીઓ અને ઘોડાઓના સમૂહથી પોતાના શત્રુવર્ગને દૂર ફેંકી દીધો હતો, એ શત્રુઓના મર્મભાગને ભેદી

---

૧ નિર્ગ્રંથ: અહીં ગ્રંથ શબ્દ શ્લેષ છે: (૧) ગ્રંથ એટલે બંધન. જૈન મતને નિર્ગ્રંથપ્રવચન કહેવામાં આવે છે. તેવા મતમાં. (૨) ગ્રંથ એટલે પુસ્તકપણાને જેમની કૃતિઓ પામી ગઇ છે, એટલે જેમની કૃતિ બહુ પ્રસિદ્ધ થયેલી છે એવા.

૨ પૃથ્વી આખી શરીર રૂપે, તેનું મુખ આ નગર. તેમાં ચૈત્યોપરનાં શિખરો તે મુગટ રૂપે. આખી ઉપમા બરાબર ઘટાવી છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાખનાર હતો અને જાતે (અપરાધને અંગે) અક્ષમ (ક્ષમા નહિ કરનારો) હતો. ૯. એ રાજાને **સુપ્રભદેવ** નામનો મંત્રી હતો. એ જગતનો (સર્વ લોકોનો) પણ [1]મિત્ર હતો, એ સર્વ વ્યાપારની મુદ્રાનો[2] ધારણ કરનારો હતો અને દુર્જન મનુષ્યોનાં મુખ ઉપર મહોર છાપ કરનારો હતો (તેને બંધ કરી દેનારો હતો). ૧૦. દેવો અને [3]ઉશનો એની રાજ્યનીતિ અને વ્યવહારરીતિ જોઇને વિષ્ણુપદનું અવલંબન કરીને તપ કરવા સારૂ આકાશમાં જ રહ્યા છે. ૧૧. એના જાણે બન્ને ખભા હોય તેવા આખી દુનિયાનો ભાર ઉપાડવાને સમર્થ બે પુત્રો હતાઃ પ્રથમ મોટો પુત્ર વિખ્યાત ચરિત્રવાળો **દત્ત** હતો અને બીજો **શુભંકર** હતો. ૧૨. પ્રથમ પુત્ર **દત્ત** જે લક્ષ્મીની બાબતમાં ઇંદ્રને મળતો હતો તે પોતાના ઉપર આધાર રાખનારને લક્ષ્મી સારી રીતે આપનાર હતો, પોતાનું સંપૂર્ણ ધ્યાન શુદ્ધ ધર્મમાં રાખનારી બુદ્ધિવાળો હતો અને ખરાબ કૃત્યમાં કોઇ પણ વખત પ્રવૃત્તિ કરનારો ન હોતો. ૧૩. તેના મહેલનાં શિખર ઉપર ફરકી રહેલ કોટિધ્વજની ધ્વજાના[4] ઝુંડમાં ઝબકી રહેલી લક્ષ્મી જાણે જળમાંથી જ જન્મેલી[5] હોય તેમ તેની પાસેથી કદિ ચાલી ગઇ જ નહિ, દૂર ગઇ જ નહિ. ૧૪. તેને (દત્તને) શ્રી **માઘ** નામનો પુત્ર હતો—જે ભોજરાજાનો બાળમિત્ર હતો, જે કૃતિ કરનારાઓમાં શ્રેષ્ઠ હતો, જે દેવી સરસ્વતીના રથ જેવો હતો, જે વર્તનની બાબતમાં ચંદન જેવો (સુવાસિત અને સુંદર, ઘસારો ખાનાર અને શાંતિ કરનાર) હતો. ૧૫. જેણે (માઘે) શિશુપાલવધ નામનું કાવ્ય બનાવીને આ કાળના લોકોને સરસ્વતી દેવીના રસનો સારાસાર સારી રીતે ચખાડી આપ્યો

૧ રાજાનો **મંત્રી** હોવા છતાં લોકોનો **મિત્ર** હતો, રાજ્ય પ્રજા બન્નેનું **હિત** કરનાર હતો. આ ગુણ બહુ અલ્પ સ્થાનકે સાથે હોય છે.

૨ **વ્યાપારની મુદ્રા** Chancellor of Exchequer. વ્યાપારવૃદ્ધિ ઉપર ધ્યાન રાખનારો.

૩ **ઉશન.** શુક્ર. એ ધર્મશાસ્ત્રના કર્તા કહેવાય છે. રાજનીતિ રીતિ જોઇને દેવો અને શુક્રો તો આકાશમાંજ રહે છે, પૃથ્વીપર આવવાનો વિચાર કરતા નથી.

૪ અગાઉ કરોડ મહોર થાય તેના ઘરપર ધજા ઉડતી હતી, તે **કોટિધ્વજ** તેટલા માટે કહેવાતા અને છપ્પન કરોડ થયે ઘરે ભેરી (નોબત-શરણાઈ) વાગતા ત્યારે 'છપ્પન ઉપર ભેરી વાગી' એમ કહેવાતું.

૫ **જલજન્મ** એટલે કમળ પણ થાય. એ જાલાંતર હોય છે એટલે લક્ષ્મી અહીં કમળ જેવી શોભે છે. પુરાણ પ્રમાણે લક્ષ્મી પણ સમુદ્રમંથન કાળે જળમાંથી નીકળેલ છે તેનું પણ સૂચવન જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને જે કાવ્ય તેની શાશ્વત (હમેશની) યાદગીરી છે. ૧૬. શ્રી માઘ જેના કાવ્ય રૂપી ગંગાની ઉર્મિના છાંટણા(સીકર)થી ચિત્તની જડતા (મંદતા) દૂર થઇ જાય છે તે અતિ ઊંડી બુદ્ધિવાળો હતો અને વખાણને પાત્ર હતો. તે કોની પ્રશંસાને પાત્ર ન થાય? ૧૭. હવે બીજો પુત્ર શુભંકર શ્રેષ્ઠી હતો તે આખી દુનિયાનું ભલું કરનાર હતો. એના દાનસંબંધી એટલાં બધાં અદ્ભુત ગીતો ગવાતાં હતાં કે તેથી ઇંદ્ર પણ રાજી થઇ ગયો હતો. ૧૮. લક્ષ્મીપતિ (કૃષ્ણ)ને જેમ લક્ષ્મી હતી તેવી તેને લક્ષ્મી નામની સ્ત્રી હતી. એણે આખી દુનિયામાં પ્રસિદ્ધ સીતા વિગેરે સતીઓને સાચી[1] કરી બતાવી હતી. ૧૯. (તેઓનો) સિદ્ધ નામથી પ્રસિદ્ધ થયેલ એક પુત્ર હતો, એ ઇંદ્રના નંદનવનના આભૂષણ જેવો હતો, દેવતાઓને જેમ કલ્પવૃક્ષ ઇચ્છા પૂરે તેમ માગનારાઓને એ ઇચ્છા પ્રમાણે દાન આપનારો હતો. ૨૦. ધન્યા નામની એક યોગ્ય ખાનદાન કુળની કન્યા સાથે એના માતપિતાએ એનો વિવાહ કર્યો હતો. એની સાથે [2]દોગુંદક દેવોની પેઠે એ વિષયસુખ ભોગવતો હતો. ૨૧. વખતના વહેવા સાથે એ જુગટું રમવાનો અત્યંત શોખીન થઇ ગયો અને પોતાની સ્ત્રીસાથેના સંસાર-વહેવારથી દૂર થતો ચાલ્યો. અહાહા! વિદ્વાન્-સમજુ માણસોને પણ પોતાનાં કર્મ ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે! કર્મ કોઇને છોડતાં નથી. ૨૨. એના પિતાએ માતાએ ગુરૂજનોએ ભાઇઓએ સંબંધીઓએ અને મિત્રોએ તેને જુગટાથી ઘણો વાર્યો, બહુ બહુ રીતે સમજાવ્યો પણ એ હરામચાસકાથી એ પાછો હઠ્યો નહિ. ખરેખર, વ્યસન (પડેલી કે પડતી ટેવ)ને વારવું ઘણું મુશ્કેલ છે. ૨૩. જ્યારે એ વાત બહુ વધતી ચાલી ત્યારે ગુપ્ત રહી શકી નહિ, જાહેર થઇ ગઇ. અને એ તો જુગટું રમવામાં એકતાન લગાવી રહેલા ધૂતારાઓને સંપૂર્ણ વશ થઇ રહ્યો અને સદાચારથી તદ્દન દૂર દૂર જતો ચાલ્યો. ૨૪. એણે જુગટા ઉપર પોતાનું ધ્યક ધ્યાન એવું લગાડ્યું કે એમાં એ યોગીની[3] પેઠે એકચિત્ત થઇ ગયો

---

૧ એને જોઇને **સીતા** વિગેરે સતીઓ જરૂર થઇ હશે, કવિની કલ્પનામાં જ નહિ હોય એમ ખાતરી થતી હતી.

૨ **દોગુંદક દેવઃ** એ એક જાતિના દેવો છે, બહુ સુખ ભોગવનારા છે, ઇંદ્રિય-સુખમાં આસક્ત છે અને આખી જીંદગીમાં એકસરખા વિષયસુખનો અનુભવ કરે છે.

૩ યોગીની **એકતાનતા** અને પરીષહસહન અત્ર સરખાવવા યોગ્ય છે. લોકો સર્વ સહન કરે છે, યોગી જેટલાં દુઃખો વેઠે છે પણ આશયમાં ફેરફાર હોવાથી ફળમાં મોટો તફાવત પાડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વિચારપૂર્વક તરસ સહન કરવા લાગ્યો, ભૂખ સહન કરવા લાગ્યો, ઠંડી ખમવા લાગ્યો, ગરમી ખમવા લાગ્યો; પણ માત્ર એ સાધુ પુરૂષ કે ભલા માણુસના વાક્યથી હજુ ડરતો હતો. ૨૫. અડધી રાત્ર (મધરાત) ગયા છતાં પણ એ પોતાને ઘરે આવતો ન હોતો. એકલી એની પત્ની એની રાહ જોઇ રહેતી હતી અને એમ એ બિચારી દરરોજ વાટ જોયા જ કરતી હતી. ૨૬. રાતોના ઉજાગરાથી એની (ધન્યાની) તંદુરસ્તી તદ્દન બગડી ગઇ અને ઘરના કામમાં આખો દિવસ પરોવાયલી રહેતી હોવાને લઇને એ શરીરે ઘણી લેવાઇ ગઇ. એવી તેની સ્થિતિ થઇ ગઇ હતી તેથી તેની સાસુ (લક્ષ્મી દેવી) આંખોમાંથી આંસુ સારતી તેની સાથેના ગાઢ સંબંધને લઇને કર્કશ વાણીએ ડુસકા ભરતી ભરતી તેને (વહુને) એક દિવસ કહેવા લાગી—૨૭-૨૮. "હું બેઠી છું ત્યાં સુધી તારૂં અપમાન કે તારો તિરસ્કાર કરનાર કોણ છે? તેથી કોઇ ખોટા સાચા વિકલ્પોથી તું ઘરકામમાં પૂરતું ધ્યાન આપી શકતી નથી એમ જણાય છે. તારા સાસરાજી પણ કામકાજમાં બહુ વ્યાકુળ રહે છે, હમણા તેઓશ્રી દરબારમાંથી આવશે અને પ્રભુપૂજાની સામગ્રી વિગેરે તૈયાર નહિ જુએ તો મારા ઉપર ગુસ્સે થશે; માટે તું મને સાચે સાચું કહી દે, જેથી તને થતી પીડાનો હું એકદમ ઉપાય કરૂં." ૨૯-૩૧. ધન્યાએ જવાબ આપ્યો "કાંઇ નથી"–[1]આ પ્રમાણે કહ્યા પછી સાસુએ બહુ આગ્રહ કર્યો ત્યારે તે બોલી "તમારા પુત્ર અ-રધી રાત ગયા પછી બહુ મોડા આવે છે! હું શું કરૂં?" ૩૨. પુત્ર-વધૂની હકીકત સાંભળી સાસુજીએ કહ્યું "અરે! આ વાત તેં મને અત્યાર પહેલાં કેમ ન કહી? હું જાતે જ છોકરાને કડવાં અને મીઠાં વચનોથી ઠેકાણે લઇ આવીશ. દીકરી! તું આજે સુઇ જજે, તારા મનમાં જરા પણ ચિંતા રાખીશ નહિ. આજે રાત્રે હું ઉજાગરો કરીશ અને બધી વાત સંભાળી લઇશ. તું તારા મનમાં જરા પણ અધીરપ રાખીશ નહિ." ૩૩-૩૪. પુત્રવધૂએ એ વાત કબૂલ કરી. તે રાત્રે સાસુ (લક્ષ્મીદેવી) જરા પણ ઉંઘ લીધા વગર ઘરનાં બારણાં પ-છવાડે રહી. રાત્રિને છેલ્લે પહોરે (ત્રણ વાગ્યા પછી) પુત્ર (સિદ્ધ) આવ્યો. ૩૫. ઉંચે સ્વરે તેણે કહ્યું કે 'બારણાં ઉઘાડો, બારણાં ઉઘાડો' એટલે અંદરથી માતાએ સંભળાય તેવી રીતે કહ્યું 'અરે! આટલી મોડી રાત્રે કોણ આવ્યો છે?' ૩૬. બહારથી સિદ્ધે જવાબ

૧ આર્યસ્ત્રીનું સતીત્વ જોવા લાયક, અનુસરવા લાયક, વિચારવા લાયક છે.



જૈન સાહિત્ય JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યો 'એ તો હું સિદ્ધ છું, સિદ્ધ છું' એટલે માતાએ ખોટો ક્રોધ કરીને અંદરથી જવાબ આપ્યો[1]–'આવા વખત ઠેકાણા વગરના રખડું કોઇ સિદ્ધને હું ઓળખતી નથી.' ૩૭ 'અરે! પણ અત્યારે હું ક્યાં જઉં?' એમ સિદ્ધે બહારથી કહ્યું એટલે ફરીવાર એ જલ્દી વખતસર આવી જાય એવા હેતુથી વધારે કડક ભાષામાં માતા ઘરમાંથી બોલી—૩૮. "આટલી રાત્રે જેનાં બારણાં ખુલ્લાં હોય એમ તું જો તેને ત્યાં તું જા; શું આખી રાત બારણાં ઉઘાડાં રખાય!" ૩૯. "ભલે, એમ કરીશ" એમ બોલીને ત્યાંથી સિદ્ધ ચાલ્યો અને ત્યાંથી થઇને [2]અણગારો (સાધુ)નાં બારણાં ઉઘાડાં જોઇને તેમને બારણે ગયો. ૪૦. સર્વદા ઉઘાડાં દ્વારવાળા મોટા ઓરડા (હોલ)માં એણે નજર નાખી તો પુણ્યવગરના પ્રાણીઓને (જોવા પણ) દુર્લભ એવા મુનિઓ જૂદા જૂદા પ્રકારની ક્રિયાઓ–અનુષ્ઠાનો કરી રહ્યાં હતાં. ૪૧. ત્યાં એણે મહાત્મા મુનિઓને જોયાં: કોઇ તુર્તમાં જાગેલાં ગુરૂમહારાજ પાસે [3]કાળગ્રહણ લેતા હતા, કોઇ પોતાના અભ્યાસમાં લાગી ગયા હતા, કોઇ [4]ઉત્કટિક આસને બેઠેલા હતા, કોઇ [5]ગોદોહિકાસને બેઠા હતા, કોઇ [6]વીરાસને બેઠા હતા. ૪૨–૪૩. (એવા સાધુઓને જોઇને) એણે (સિદ્ધે) વિચાર કર્યો–કે ખરેખર શમ (શાંતિ) રૂપ [7]અમૃ-

૧ માતાનું વાત્સલ્ય મજાનું છે, પણ પુત્રનો સ્વભાવ પારખી શકી નથી એમ જણાય છે.

૨ **અણગારઃ** એટલે જેને ઘર ન હોય તે. ન અસ્તિ અગારં યસ્ય. સાધુનાં દ્વાર એટલે ઉપાશ્રયનાં બારણાં રાત્રે પણ ખુલ્લાં જ રહેતાં. એમાં જોખમ જ હોય નહિ એટલે ચોરનો ભય નહિ. આ વાત વિચારવા યોગ્ય છે.

૩ **કાળગ્રહણઃ** યોગવહનની ક્રિયામાં સાધુ રાત્રે કાળગ્રહણ કરે છે. એ યોગનું એક વિધાન છે.

૪ **ઉત્કટિકાસનઃ** ઊક અને પગનાં તળીઆંનો યોગ તેમાં થાય છે (યોગશાસ્ત્ર–ચતુર્થ પ્રકાશ, શ્લોક ૧૩૨)

૫ **ગોદોહિકાસનઃ** પગની પાની જમીનને અટકે નહિ ત્યારે ગોદોહિકાસન થાય છે (યોગશાસ્ત્ર–શ્લોક. ૧૩૨)

૬ **વીરાસનઃ** જેમાં ડાબો પગ જમણા સાથળપર તથા જમણો પગ ડાબા સાથળપર કરાય છે તે વીરાસન (યોગશાસ્ત્ર–ચતુર્થ પ્રકાશ. ૧૨૬) અથવા અન્યમતે પૃથ્વીપર પગ રાખી, સિંહાસનપર બેસી સિંહાસનને ખેસવી લેવું તેને વીરાસન કહે છે. (૧૨૮) પતંજલીના મતે ઊભા રહી એક પગ જમીનપર અને બીજો ઘુંટણ સુધી ખેંચી ઊભો રાખવો તે વીરાસન.

૭ દેવતાઓ અમૃતનું પાન કરે છે, મુનિઓ શમરૂપ અમૃતનું પાન કરે છે. દેવતાઓ નિર્જરા (ઘડપણ વગરના) છે, મુનિઓ નિર્જર (વાવડી)માંથી અમૃતપાન કરનારા છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તની વાવડીમાં તેઓ દેવતાની પેઠે સારી રીતે ન્હાઇને શીતળ થઇ ગયેલા છે. તૃષ્ણાથી ટળી ગયેલા છે અને ખરેખરા મોક્ષના અર્થી છે. પણ મારા જેવા તો વ્યસનમાં આસક્ત છે, પોતાનાં ખુદ વડીલો તરફ પણ અભક્તિ રાખનારા છે, (વડીલોના) મનોરથનો મોટો ટોળ કરનારા છે અને (એમના વર્તન કે સંપ્રદાયથી) તદ્દન ઊલટા ચાલવાવાળા છે. ખરેખર આ ભવમાં અપજશ આપનાર અને પરભવમાં દુર્ગતિ પ્રાપ્ત કરાવનાર મારા આવા જન્મને ધિક્કાર પડો! મારૂં જીવતર નકામું છે! ખરેખર એટલા માટે આજનો વખત મારે માટે તો ખરેખરો સારો છે, ભાગ્યવાળો છે. કે જે વખતે આવા (મહાત્માઓ) મારી નજરે પડ્યા! મારી માતાજી આજે મારા ઉપર ગુસ્સે થઇ ગયા, પણ તેમ કરીને તેમણે આ મહાત્માઓનાં દર્શન કરવાની મને તક આપી તેથી ખરેખર, તેમણે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. સાચી વાત છે કે દૂધ ગરમ થયેલું હોય તો પણ પિત્તનું શમન કરે છે.

૪૪-૪૭. ઉપર પ્રમાણે વિચાર કરતો સિદ્ધ ત્યાં ઊભો રહ્યો અને તેમને તેણે પછી નમસ્કાર કર્યાં એટલે ગુરૂમહારાજે તેને ધર્મલાભ આપ્યો અને તેઓશ્રી બોલ્યા-૪૮. "અરે ભાઇ! તમે કોણ છો?" આ પ્રમાણે ગુરૂ મહારાજે પૂછ્યું એટલે એ સાહસિક નર બોલી ઊઠ્યો "સાહેબ! હું શુભંકરનો પુત્ર છું, સિદ્ધ મારૂં નામ છે, જુગારને કારણે માએ મને ઘરમાં જતો અટકાવેલો છે. 'આવી મોડી રાત્રે જેનું બારણું ઉઘાડું હોય ત્યાં તું જા'-આટલી 'શિખામણ[1] તેમણે મને આપી છે. હું તેથી ઉઘાડાં બારણાવાળા ઘરમાં આવી પહોંચ્યો છું. હવે તો આપ પૂજ્યશ્રીનાં ચરણકમળ મારે માન્ય છે, પૂજ્ય છે. વહાણ પ્રાપ્ત થયા પછી કોણ સમુદ્રને તરવાની ઇચ્છા કરે નહિ!

૪૯-૫૧. ગુરૂમહારાજે શ્રુતજ્ઞાનનો ઉપયોગ[2] મૂક્યો તો એ ભવિષ્યમાં પ્રભાવક[3] થશે એમ જાણીને તથા તેની યોગ્યતા[4] જોઇને પોતે

---

૧ **શિખામણ.** લક્ષ્મીદેવીએ ઘરમાં રહી મ્હેણું માર્યું તેને એણે શિખામણ ગણી લીધી. સંયોગબળ કેટલું કામ કરે છે તે વિચારવા યોગ્ય છે.

૨ **શ્રુત** જ્ઞાનનો ઉપયોગ મૂકે તો નજર પહોંચાડી ભવિષ્યના બનાવો પણ વિચારી શકે છે. આ અનુભવ અને વિપુળ જ્ઞાનનો મહિમા છે.

૩ **પ્રભાવકઃ** શાસનનો ઉદ્યોત કરનાર, શાસનને દીપાવનાર યુગપ્રધાન પુરૂષ.

૪ **યોગ્યતા.** સાચી વાત કહી દેવાની તેની રીતિથી અને નિઃખાલસપણાથી ગુરૂ વર્તમાન યોગ્યતા જાણી ગયા અને શ્રુતના ઉપયોગથી ભવિષ્યનું તેનું પ્રભાવકપણું જોઇ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનમાં ઘણા રાજી થયા અને બોલ્યા કે–"અમારો વેશ પહેર્યા વિના અમારી પાસે રહી શકાતું નથી અને તેમ કરવું (અમારો વેશ પહેરવો) તે તારા જેવા જે પોતાની મરજીમાં આવે તે પ્રમાણે ભટકનારા હોય તેને બહુ મુશ્કેલ લાગે છેઃ મુશ્કેલ એટલા માટે લાગે છે કે બીકણ માણસોને આકરૂં લાગે એવું અખંડ બ્રહ્મચર્ય વ્રત તેણે ધારણ કરવું પડે છે; [1]કબૂતરની જેવી રીતે આહારપાણી મેળવવા પડે છે, (એને કાપોતિકવૃત્તિ કહેવામાં આવે છે અને એનું બીજું નામ સમુદાના વૃત્તિ પણ કહેવાય છે); એમાં વળી કેશનો (બાલનો) લોચ કરવો એ તો ભારે આકરૂં કામ છે અને આખે શરીરે પીડા ઉપજાવે તેવું છે; એમાં ઇંદ્રિયોનો સંયમ પાળવો તે તદ્દન સ્વાદ વગરની અને વેળુ (નદીની રેતી)ના ગોળા[2] વાળવા જેવી બાબત છે; નીચ માણસો હલકાં ભારે જે વચનો સંભળાવે તે અને ગામના [3]કાંટાઓ (સાંઢડાઓ) જે બોલે તે સર્વ સહન કરવું પડે છે. ખરેખર, એ તો દાંતથી લોઢાનાં ચણા ચાવવા જેવી [4]વાત છે. વળી તેમાં બે ઉપવાસ (છઠ) ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) વિગેરે આકરાં તપ કરવાં જોઇએ અને એનાં પારણામાં પોતાને સ્વાદ ઉપજાવે તેવું કે સ્વાદિષ્ટ ન લાગે તેવું ભોજન જે મળે તેના ઉપર રાગ કે દ્વેષ ન કરવો. જો-

---

૧ **કાપોતિકવૃત્તિઃ** કબૂતર એક દાણો અહીંથી ખાય છે, બીજો પણેથી ખાય છે, ત્રીજી જગ્યાએ જળ પીએ છે તેમ. એને **માધુકરીવૃત્તિ** પણ કહે છે; મધમાખી કે ભમરી જેમ ફૂલને પીડા ન ઉપજે તેમ તેમાંથી જરા રસ ચૂસે છે, વળી બીજેથી જરા લે છે, એમ સાધુ આહારપાણી માટે ગોચરી કરે છે.

૨ **વેળુના ગોળા.** રેતીના લાડવા વળી શકે જ નહિ, વાળતા ભાંગી જાય. રેતીમાં ચીકાશ જ નથી એટલે લાડવો વળે જ નહિ.

૩ દરેક ગામમાં નિંદા કરનારા મમતી સ્વભાવના બીનજવાબદાર રીતે ટીકા કરનારા માણસો હોય છે. જેનું જીવન નકામી કુથળી કરવામાં, ગપાટા મારવામાં, લાકડા લડાવવામાં જાય છે. એને 'આંકેલા સાંઢડા' કહેવામાં આવે છે. અહીં તેને ગ્રામકંટક કહ્યા છે.

૪ સાધારણ રીતે દીક્ષા લેવા ઉદ્યુક્ત થયેલાને પ્રથમ સ્થિર કરવામાં આવે છે, પછી મુશ્કેલી પણ બતાવાય છે, પણ તે લેનાર હતાશ ન થઇ જાય તે રીતે. ગુરૂમહારાજ શ્રુત ઉપયોગવાળા હોય ત્યારે તે વ્યક્તિને ઓળખી પીછાની યોગ્ય રીતે કામ લે છે તેને સર્વ નિયમો કેમ ગોઠવવા તેનો ખ્યાલ હોય છે. આ નિયમનો ઉપયોગ વ્યક્તિપરત્વે જૂદી જૂદી રીતે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇએ." ૫૨–૫૭. ઉપર પ્રમાણે ગુરૂમહારાજનાં વચન[1] સાંભળીને સિદ્ધે કહ્યું "મહારાજ! મારા જેવા વ્યસની માણસો (કેવા હોય છે તે આપ વિચારો, તેઓ વ્યસનના ગુલામ હોય છે, તેઓ)નાં કાન હોઠ નાક હાથ અને પગ કપાઇ ગયેલાં કે કપાવાનાં હોય છે, ભીખ માગીને કે તેવી રીતે પોતાનાં ઉદરનો નિર્વાહ કરનારા હોય છે અથવા ચોરી કરીને પેટ ભરનારા હોય છે, એમને રાત્રે સુવાની જગ્યાનું પણ ઠેકાણું હોતું નથી, એનો પોતાનાં માણસો (સગાંસંબંધીઓ) પણ વારંવાર તિરસ્કાર કરતા હોય છે–પ્રભુ! આવી અવસ્થામાં રખડનારાને શું સંયમ મુશ્કેલ પડે? ખરેખર, એ સંયમ આખી દુનિયાને નમસ્કાર કરવા યોગ્ય છે. તો હવે આપશ્રી મારા [2]માથા ઉપર હાથ મૂકો.' ૫૮–૬૦. (ગુરૂએ ઉત્તરમાં કહ્યું) "કોઇએ અમને નહિ આપેલ અમે કાંઇ લેતા નથી, માટે તું અહીં એક દિવસ સ્થિર રહે, રાહ જો, જેથી અમે તારા પિતાને ખબર આપીએ, જાણ કરીએ." ૬૧. "આપશ્રીનો હુકમ મારે પ્રમાણ છે, માન્ય છે" એમ કહીને (સિદ્ધ) ત્યાં સારી રીતે રહ્યો એટલે આવા સારા શિષ્યનો લાભ થવાથી સૂરિમહારાજને ઘણો આનંદ થયો. ૬૨. હવે અહીં (શેઠને ઘેર) શુભંકર શેઠે સવારના પહોરમાં પુત્રને સાદ કર્યો–બોલાવ્યો અને જ્યારે વળતો જવાબ ન મળ્યો ત્યારે તેઓ ગભરાણા, વળી તેમણે પોતાની પત્નીને પડી ગયેલાં મ્હોઢાવાળી જોઇ ત્યારે તેમને વધારે ભય લાગ્યો. ૬૩. "આજે રાત્રે સિદ્ધ કેમ આવ્યો નથી?" આ પ્રમાણે જ્યારે તેને (લક્ષ્મીદેવીને) સવાલ પૂછવામાં આવ્યો ત્યારે લાજથી તેનું માથું નીચું ઢળી ગયું અને જવાબમાં બોલી કે "જુગારની બાબતમાં શિખામણ આપતાં છોકરો ચાલ્યો ગયો છે." ૬૪. શેઠે પોતાના

---

૧ ગુરૂ મહારાજે મુદ્દામ રીતે સાત મુશ્કેલી બતાવીઃ ૧ બ્રહ્મચર્ય, ૨ કાપોતિકાવૃત્તિ, ૩ કેશનો લોચ, ૪ સંયમ, ૫ નીચનાં વચન, ૬ તપ, ૭ પારણે ગમે તે મળે. આનાં પ્રત્યેકનાં જવાબ આ ઉત્તરમાં આવી જાય છે. ૧ રખડુને સુવાનું જ સ્થાન નથી, ૨ રખડુને ભીખથી કે ચોરી કરીને ઉદરનિર્વાહ કરવો પડે છે, ૩ નાક કાન કપાય તેથી લોચ આકરો નથી, ૪ હાથપગ બંધાય તેથી સંયમ આકરો નથી, ૫ નીચનાં વચનો કરતાં પોતાનાં ઘરનાં અપમાન કરે તે વધારે આકરી વાત છે, ૬ ખાવાનું ઠેકાણું નથી ત્યાં તપની વાતજ શી? અને ૭ ભોજનનાં જ વાંધા ત્યાં સ્વાદિષ્ટ અસ્વાદિષ્ટનો સવાલ જ કયાં રહે છે? આમાં વિચારવાનું એ છે કે દુનિયાની નજરે લહેર માણનારાઓ સાધુથી ઓછું દુઃખ વેઠતાં નથી. સાધ્યમાં ફેર તેથી ફળમાં મોટો તફાવત પડે છે.

૨ **માથા ઉપર હાથ** મૂકવો એટલે દીક્ષા આપવી, ઉપકાર કરવો.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મનમાં વિચાર કર્યો કે સ્ત્રીઓ હમેશા ઉપરછલ્લી બુદ્ધિવાળી (ઉંડાણ-વિચાર વગરની) હોય છે. જે માણસ વ્યસની થયો હોય તે આકરાં-કડવાં વચનને યોગ્ય નથી, એને તો ધીમે ધીમે શિખામણ આપવી જોઇએ.[1] ૬૫. જવાબમાં શેઠે એ બાબતમાં ઉપરથી બેદરકારી બતાવી અને પત્નીને કહ્યું "વહાલી! તેં ઠીક કર્યું! અમે તે આ બાબતમાં શું બોલીએ! આ કામ વાણીઆ( વેપારી )ને યોગ્ય નથી." ૬૬. ત્યાર પછી શેઠ ઘરની બહાર નીકળ્યા, મનમાં અત્યંત ક્લેશ પામતા ચાલ્યા, અને આખું ગામ ઢુંઢવા લાગ્યા. અહાહા! પુત્ર ઉપર પિતાનો કેવો મોહ હોય છે! ૬૭. ફરતાં ફરતાં તેણે સાધુઓની શાળા ( ઉપાશ્રય )માં તેને ( પુત્રને ) ઉપશમ રસની ઉર્મિઓથી ન્હાઇ ગયેલો અને અત્યાર અગાઉ કોઇ વખતે નહિ ધારણ કરેલ આકાર-દેખાવને ધારણ કરતો જોયો એટલે તેણે ( શેઠે ) તેને કહ્યું—૬૮. "પુત્ર! શાંત રસવાળાઓ ( સાધુઓ )ની નજીકમાં રહેવાની તારી સ્થિતિ હું આજે જોઇ રહ્યો છું તેથી હે છોકરા! સ્વર્ગમાં ગયા વગર સ્વર્ગના સુખને અનુભવી રહ્યો છું અને જાણે અમૃતથી ન્હાઇ રહ્યો છું. જુગટાના વ્યસનવાળાઓ જેઓ સારા માણસનાં વર્તનથી તદ્દન દૂર ગયેલા હોય છે ( ઉખડી ગયેલા હોય છે ) અને કપડાં પણ ગૃહસ્થને ન છાજે તેવાં પહેરનારા હોય છે તેઓની તું સોબત કરતો હતો તે [2]કેતુને જેમ ગ્રહની સોબત થઇ જાય તેવી રીતે મને હૃદયનાં ઊંડાં દુઃખનું કારણ થઇ પડી હતી. ભાઇ! હવે ચાલ! જો તારી માતા અત્યંત ચિંતાતુર થઇને તારી રાહ જુએ છે. એ કાંઇક મારાં વચનોથી દુભાયેલી છે અને તું ચાલી નીકળ્યો તેથી દુઃખી થયેલી છે." ૬૯-૭૧. એણે ( સિદ્ધે ) જવાબ આપ્યો-"હવે ઘરે આવવાની બાબતથી સર્યું! ઘણું થયું! મારૂં હૃદય તો હવે ગુરૂમહારાજના ચરણકમળમાં બરાબર પાકી રીતે લીન થઇ ગયું છે. જૈન ધર્મની દીક્ષા ધારણ કરીને હું તે માર્ગ આદરીશ. એ માર્ગ એવો

૧ વાણીઆની ધીરજ વિચારવા જેવી છે. આવો વિચાર છતાં એ પોતાની પત્નીને ખીજ્યો નહિ, ઘરમાં નવો કલેશ કર્યો નહિ, પણ છોકરાને શોધવા નીકળી પડ્યો.

૨ કેતુ એ એક ગ્રહ છે પણ તે બીજા ગ્રહોને પકડે છે ત્યારે હેરાન કરે છે. રાહુ ચંદ્રને ગ્રસે છે, કેતુ બીજા ગ્રહોને પકડે છે. એની નજીકમાં ગ્રહ જાય, એની સંગત કરે ત્યારે દુઃખ થાય-આવી પ્રાચીન ભૂગોળમાન્યતા છે તે ઉપર આ અલંકાર છે. આપ્ટે કહે છે કે એ નવમો ગ્રહ છે, એ સૈંહિકેય રાક્ષસનું શરીર છે અને તેનું મ્હોઢું તે રાહુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે જેનો [1]ઇલાજ ન હોય, ઉપાય ન હોય તે તેને (માર્ગને) આચરે છે. માટે પિતાજી! આપ હવે મોહ ન કરો. મારી માતાજીનું વચન હતું કે [2]"જેના બારણાં આટલી રાત્રે ખુલ્લાં હોય એમ તું જો તેને ત્યાં તું જા" એનો અર્થ એ થયો કે અમારે શાંત રસવાળાઓની નજીકમાં વસવું એ વાત તેને અનુકૂળ અને સંમત છે. હવે અમારૂં જે વચન છે તેને જો આખા જીવન પર્યંત પાળું તો મારૂં ખરૂં કુલીનપણું વગર વાંધે ઠેઠ સુધી ચાલુ રહે. માટે પિતાજી! આપ બરાબર વિચાર કરો." ૭૨–૭૫. પુત્રનો જવાબ સાંભળીને ગભરાઇ–મુંઝાઇ ગયેલા શેઠ (શુભંકર) બોલી ઉઠ્યા "અરે ભાઇ! તું બોલે છે તે વાતનો તેં જરા પણ વિચાર કર્યો છે? અરે, આ સંખ્યા વગરનું અને ધ્વજથી[3] જાણીતું થયેલું આટલું બધું (મારૂં) ધન છે તેને સાર્થક કોણ કરશે? તારા જીવને સુખ ઉપજે તે પ્રમાણે તું ભોગ વિલાસ લહેર કર, તારી ઇચ્છામાં આવે તે પ્રમાણે બીજાને આપી દે, જ્યાં સુધી તું સદાચારને છોડીશ નહિ ત્યાં સુધી સારા માણસોમાં પણ તું પ્રશંસાને પાત્ર થઇશ. જો ભાઇ! તારી માતાને તું એકનો એક છોકરો છે, તારી સ્ત્રીને કાંઇ છોકરો પણ નથી–એ બન્નેનો આધાર બધો તારા ઉપર છે. હવે હું તો ઘરડોખખ થઇ ગયો છું તેથી મારા ઉપર તો કોઇ કાંઈ ગણતરી ગણે નહિ, ગણી શકે નહિ." ૭૬–૭૮. ઉપર પ્રમાણે શેઠે (પિતાજીએ) કહ્યું એટલે સિદ્ધ જેની સ્થિરતા શમભાવમાં સિદ્ધ થઇ ચૂકી હતી તે બોલ્યો "આવી લાલચ બતાવનારી વાણીથી સર્યું! એવી વાણી સાંભળવા માટે મારે કાન છે નહિ, મારે એવી વાણી સાંભળવી જ નથી. મારૂં મન તો હવે [4]બ્રહ્મમાં લીન થઇ ગયું છે માટે આપશ્રી મારા ગુરૂમહારાજને પગે પડીને કહો કે 'મારા પુત્રને દીક્ષા આપો.'" ૭૯–૮૦. તેનો અત્યંત આગ્રહ જોઇને

---

૧ **પ્રતિકર્મ**નો અર્થ ઉપાય થાય છે. જે પ્રાણીઓ ઇલાજ–ઉપાય વગરના હોય, જેઓ અસાધ્ય કોટિમાં ગયા હોય તે એ માર્ગ આચરે છે. એના ઉંડાણમાં બહુ ભાવ છે તે સમજી લેવો. ખ્યાલ કરવાથી બેસી જશે.

૨ જુઓ ઉપર શ્લોક ૩૯,

૩ જુઓ અગાઉના શ્લોક ૧૫ ની નોટ. કહેવાની મતલબ પોતે કરોડાધિપતિ છે તેનું ધન. ધ્વજનો અર્થ પ્રો. જેકોબી ટ્રેડમાર્ક કરે છે તે સંપ્રદાયના જ્ઞાનનો અભાવ સૂચવે છે.

૪ **બ્રહ્મ**: શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે આત્મા. એમાં કર્મની રજ તેને હોતી નથી ચારિત્રમાં રમણતા હોય છે અને જ્ઞાન દર્શન આદિ અનંત ગુણોનો વગર આવરણે આવિર્ભાવ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુભંકર શેઠે તેમ કર્યું. શુભ [1]સ્વરોદય થતાં ગુરૂમહારાજે તેને દીક્ષા[2] આપી. ૮૧. ત્યાર પછી તેણે ( સિદ્ધે ) એક માસનો તપ કર્યા પછી કેટલાક દિવસ જવા દઇને શુભ લગ્નમાં જ્યારે પંચમહાવ્રતનો આરોપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે ગુરૂમહારાજે તેને ગચ્છપરંપરા બતાવનાર [3]દિગ્બંધ સંભળાવ્યો. "ભાઇ ! તું સાંભળ. અગાઉ શ્રીમાન્ [4]વજ્રપ્રભુ થયા, તેના શિષ્ય વજ્રસેન થયા, તેને ચાર શિષ્યો હતાઃ નાગેંદ્ર, નિર્વૃત્તિ, ચંદ્ર અને વિદ્યાધર. એ ચાર પૈકી નિર્વૃત્તિની પરંપરા (ગચ્છ)માં બુદ્ધિના ભંડાર સૂરાચાર્ય થયા, તેઓનો શિષ્ય હું ગર્ગર્ષિ તને દીક્ષા આપનાર ગુરૂ છું. તારે અવિશ્રાન્તપણે ( થાક્યાવગર-ચાલુ રીતે ) [5]અઢાર હજાર શીલાંગોને સારી રીતે વહન કરવાં. એ શીલાંગો અનિ ઉત્તમ ઉમદાં ફળને જરૂર આપનારાં છે." ૮૨-૮૬. ગુરૂમહારાજનાં વચનનો તેણે સ્વીકાર કર્યો અને મહા ઉગ્ર તપ કરવા માંડ્યો. વળી તે વખતે મળી શકતાં સર્વે [6]સિદ્ધાન્તોના એ મોટા અભ્યાસી થયા. ૮૭. એમણે [7]ઉપદેશમાળા ગ્રંથ ઉપર બાલાવબોધિની નામની નાની ટીકા લખી, એમાં એમણે પોતાની બુદ્ધિની

---

૧ સ્વરોદય. ત્રણ નાડી છેઃ સૂર્ય, ચંદ્ર અને સુષુમ્ણા. એ શ્વાસોશ્વાસની જમણી ડાબી અને મધ્યમ ગતિ બતાવે છે. દીક્ષા કાર્ય ચંદ્ર નાડીએ થાય છે. એ માટે જુઓ ચિદાનંદજીનું સ્વરોદય જ્ઞાન. આ હકીકત પ્રો. જેકોબીને જરા પણ સમજાઇ નથી તે નવાઇ જેવું લાગે છે.

૨ આ પ્રથમ નાની દીક્ષા આપવામાં આવે છે તે સમજવી. પછી જેને હાલ વડી દીક્ષા આપવાનું કહેવામાં આવે છે તે ખરૂં ચારિત્ર છે. એ અમુક અભ્યાસ અને યોગ પછી થોડા દિવસે પૂર્ણ વિધિથી કરવામાં આવે છે.

૩ દિગ્બન્ધઃ દિક્ષા આપવા વખતે આ ત્રણ વાર ગચ્છપરંપરા બોલવાનો રિવાજ છે. જુઓ દીક્ષાવિધિ. હાલ થોડાં વર્ષ પહેલાં વિજય સિંહસૂરિનું આચાર્ય સ્થાને અને સકળચંદજી ઉપાધ્યાયનું ઉપાધ્યાય સ્થાને નામ લેવાનો વિધિ તપગચ્છમાં પ્રચલિત હતો. વર્તમાન વિધિમાં વર્તતા આચાર્યોનાં નામો લેવાય છે.

૪ વજ્રસ્વામી. આર્ય વજ્ર. તેરમી પાટે. જુઓ સ્થવિરાવળી. આર્ય વજ્રસેન ચૌદમી પાટે. સ્થવિરાવળીમાં તેમને આર્ય નાગિલશાખાના સ્થાપનાર તરીકે વર્ણવ્યા છે.

૫ અઢાર હજાર શીલાંગ જુઓ નોટ-પ્રસ્તાવ પ્રથમ-પૃષ્ઠ ૯૨-૯૩.

૬ સિદ્ધાન્તઃ આગમ. એમાં હાનિ થતી ગઇ છે. તે વખતે લભ્ય સર્વનો અભ્યાસ કર્યો.

૭ ઉપદેશમાળાઃ ધર્મદાસગણિ કર્તા. આ ટીકા મળી શકે છે. જુઓ જૈનગ્રંથાવળી ( કોન્ફરન્સ ) પૃ. ૧૭૧. એ ગ્રંથ ઉપર બીજી કેટલીક ટીકાઓ છે. એ ગ્રંથ પાટણના બે ભંડારોમાં છે. પ્રો. જેકોબીને તેની ખબર મળી લાગતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકાગ્રતા કરીને વાણીનો ભર સર્વજ્ઞ જેવો બતાવ્યો ૮૮. એમના [1]ગુરૂભાઇ દાક્ષિણ્યચંદ્ર નામના હતા જેણે શૃંગારરસથી ભરપૂર કુવલયમાળા[2] નામની કથા બનાવી. ૮૯. સિદ્ધના કરેલા ગ્રંથના સંબંધમાં તેણે ( દાક્ષિણ્યચંદ્રે ) વક્રોક્તિ કરતાં કહ્યું કે "[3]એવી રીતે લખેલા આગમના અક્ષરો ફરી વાર લખી જવાથી શું નવો ગ્રંથ બની શકતો હશે? આ દુનિયામાં તો શ્રીસમરાદિત્ય ચરિત્ર[4] ખરૂં શાસ્ત્ર કહેવાય, જેના રસના ઉછાળામાં લેવાઇ ગયેલા લોકો ભુખ કે તરસને પણ જાણતા નથી. મારી કથામાં તો કાંઇ અર્થ ચમત્કૃતિ છે અને રસની પણ જમાવટ છે અને લખનાર તરીકે તારા ગ્રંથમાં તો તેં માત્ર ભરતિયું જ કર્યું છે, જ્યાં ત્યાંથી કોપી કરીને પાનાં ભર્યાં છે[5]." ૯૦-૯૨. સિદ્ધ કવિએ તેને જવાબ આપ્યો "આવું આકરૂં વચન અમારા મનને જરા પણ અકળાવતું નથી. તમે કહ્યું એવી કવિતા તો જેઓ નામ લેવાની હદથી પણ ઉપર ગયેલા હોય ( મહાન્ પૂર્વપુરૂષ હોય ) તેમની જ હોઇ શકે. પૂર્વ મહર્ષિઓના કહેલા સમરાદિત્ય ચરિત્રના કવિત્વ સાથે તે સ્પર્ધા-હરીફાઇ કેમ થાય? મારી જેવા મંદ બુદ્ધિવાળાની તેમની સાથે સરખામણી કેમ થાય? ખજવાની સૂર્ય સાથે સરખામણી કેવી?" ૯૩-૯૪. આ પ્રમાણે તેણે ( દાક્ષિણ્યચંદ્રે ) તેના મનમાં ઉદ્વેગ કરાવ્યો એટલે એ વિદ્વાન્ માણસે ઉપમિતિ ભવ-

જૈનમ્ જયતિ શાસનમ્

૧ **ગુરૂભાઇ:** એટલે એક ગુરૂના શિષ્ય. પ્રો. જેકોબી એને પોતાના કાકા ગુરૂ ( ગુરૂના ભાઇ ) કહે છે તે તેમની સમજફેર છે.

૨ **કુવલયમાળા કથા:** આ દાક્ષિણ્યચંદ્રકૃત કુવલયમાળા લભ્ય નથી, ઉદ્યોતનસૂરિની છે. જુઓ જૈન ગ્રંથાવળી પૃ. ૨૨૨-૨૫૦. રત્નપ્રભસૂરિની લભ્ય છે તેનું ભાષાન્તર અમારી સભાએ બહાર પાડેલ છે.

૩ ઉપરના શ્લોકનો અર્થ પ્રો. જેકોબી એમ કરે છે કે કુવલયમાળા ગ્રંથ દાક્ષિણ્યચંદ્રને માટે શ્રીસિદ્ધર્ષિએ બનાવ્યો અને પછી આ શ્લોકનો અર્થ બેસતો નથી એમ લખે છે. મને એમ લાગે છે કે દાક્ષિણ્યચંદ્રે ઉપરની ટીકા ઉપદેશમાળા ટીકા માટે કરી હશે. આગમ જેટલું જ માન ઉપદેશમાળાને આપવામાં આવે છે. એની ટીકામાં આગમના અક્ષર ફરીવાર જરૂર આવે. એમ કેમ નવો ગ્રંથ થાય? એવી ટીકા કરી જણાય છે.

૪ **શ્રીસમરાદિત્ય ચરિત્ર.** આ શ્રી હરિભદ્રસૂરિકૃત 'સમરાઇચ્ચ કહા' માટે જણાય છે. એ અદ્ભુત કથા છે. અને તેના પરથી શ્રી પદ્મવિજયજીએ ગુજરાતી કાવ્ય 'રાસ' લખેલ છે.

૫ ઉપરનો સર્વ સંબંધ દાક્ષિણ્યચંદ્રની ટીકા અને સિદ્ધનો જવાબ ૮૯ માં શ્લોકનો કરેલો મારો અર્થ બરાબર હોય એમ સૂચવે છે, એ સિવાય બીજી રીતે વાક્યનો મેળ પણ ખાતો નથી. દાક્ષિણ્યચંદ્રે એ વચન પ્રેરણા કરવા કહ્યું કે પોતાની શ્લાઘા કરવા કહ્યું તે વિચારવા યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રપંચા નામની મહા કથા બનાવી–એ અતિ રમ્ય બનાવી, સારો બોધ થાય તેવી રીતે તેને કહી બતાવી, અન્ય પ્રાણીઓનાં ખોટા બોધને બાંધી લે ( દૂર કરે ) તેવી બનાવી, આઠ પ્રસ્તાવથી ભરેલી બનાવી અને વિદ્વાન્ માણસોનાં મસ્તકને પણ ડોલાવે તેવી બનાવી. એ શમભાવનો આશ્રય કરનાર ગ્રંથ એમણે વ્યાખ્યાનને યોગ્ય બનાવ્યો અને તે વખતથી સંઘે તેઓશ્રીને વ્યાખ્યાતા( વ્યાખ્યાનકાર )ની પદવી આપી. ૯૫–૯૭. ગ્રંથ બનાવીને મશ્કરી કરનારને ( દાક્ષિણ્ય૦ ને ) સદરહુ ગ્રંથ જ્યારે તેણે બતાવ્યો ત્યારે તેણે કહ્યું કે 'આવા પ્રકારનું કવિત્વ ( ગ્રંથમાં ) લાવવું જોઇએ. જે મેં કહ્યું હતું તે તારા હિતને માટે જ કહ્યું હતું.' ૯૮.[1] ત્યાર પછી સિદ્ધે વિચાર કર્યો કે હજુ પણ કેટલીક વાતો અહીં જાણવામાં આવી નથી, [2]'તેણે પણ મારી અજ્ઞાનતા બતાવી–માટે હજુ પણ મારે વધારે અભ્યાસ કરવો જોઇએ. મેં આપણા પોતાના અને અન્ય દર્શનોના તર્કના ગ્રંથો જે મળી શક્યા તે સર્વનો અભ્યાસ કર્યો પણ બૌધ લોકનાં પ્રમાણશાસ્ત્રો તેઃ તેઓના દેશ બહાર મળી શકતા નથી. ૯૯–૧૦૦. ( ઉપરના વિચારને પરિણામે ) દૂર દેશમાં ( અભ્યાસ કરવા માટે ) જવાનું તેનું મન એકદમ થઇ આવ્યું એટલે તેણે તુરત ગુરૂમહારાજને નમ્ર વચનોવડે વિજ્ઞપ્તિ કરીને પૂછ્યું. ૧૦૧. ગુરૂમહારાજે વિધિપૂર્વક પોતાના શ્રુત જ્ઞાનનો ઉપયોગ મૂકીને નિમિત્ત જોઇ લીધું અને પછી અત્યંત પ્રેમપૂર્વક [3]નવો યોગ શરૂ કરવાની ઇચ્છાવાળાને કહેવા લાગ્યા "અભ્યાસની બાબતમાં કોઇ દિવસ ધરાઇ જવું નહિ–સંતોષ માની લેવો નહિ એ વાત તો બહુ સારી છે, પણ ભાઇ! તને કાંઇ કહેવાનું છેઃ એ કોઇ પણ વસ્તુની હયાતી નહિ માનનારા ( [4]અસત્વાદી )ના મતમાં બુદ્ધિનો ખુરદો થઇ જાય છે. તેઓની ઉલટીસુલટી સાબીત કરવાની પદ્ધતિમાં

---

૧ આ દાક્ષિણ્યચંદ્રની આખી હકીકત માટે ઉપોદ્ઘાત જુઓ. ત્યાં આ બનાવપર વિચવેન વિસ્તારથી જોવામાં આવશે. અહીં આ બનાવ પૂરો થાય છે, હવે સિદ્ધર્ષિના જીવનનું નવું પ્રકરણ શરૂ થાય છે.

૨ અહીં 'તેણે' એટલે દાક્ષિણ્યચંદ્રે એવો ભાવ પણ બેસે અથવા પોતે વિશેષ જાણવાથી પોતાનું વધારે પછાતપણું જણાય તેની અસર બતાવી હોય. થોડું જાણનારને બહુ લાગે છે, વધારે જાણે ત્યારે અલ્પ જ્ઞાનનો ખ્યાલ થાય છે.

૩ 'પ્રાથમકલ્પિક' એટલે પ્રથમ કલ્પરૂપ શિક્ષાગ્રંથનો અભ્યાસ શરૂ કરનાર. સિદ્ધ વિદ્વાન્ હતા પણ શિક્ષાને યોગ્ય હતા, પ્રાથમિક અવસ્થામાં હતા, હજુ અનુભવમાં બાળક હતા એવો આશય જણાય છે.

૪ નસત્વ કોઇ વાતની હૈયાતી ન માનનાર' શૂન્યવાદીઓ. બૌદ્ધો. જુઓ પ્ર. ૪ નું પરિશિષ્ટ ૩. પૃ. ૧૩૮૦–૮૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(હેત્વાભાસોમાં[1]) ચિત્ત કદાચિત ડોળાઇ જાય છે અને એના આગમના જેઓ અર્થી થાય છે તે કોઇ કોઇ વાર પોતાના સિદ્ધાન્તને પછી વિસારી મૂકે છે. અત્યાર સુધી તેં જે પુણ્ય એકઠું કર્યું છે તે સર્વનો તું નાશ કરી દઇશ અને એમ ચોક્કસ થશે એમ નિમિત્તજ્ઞાનથી મારૂં માનવું થાય છે, તેટલા માટે તું એ વાત પડતી મૂક. હવે જો તારા મનમાં જવાની બાબતમાં [2]અભિમાન જ હોય અને તેમાં ફેરફાર થઇ શકે તેવું ન જ હોય તો અમારા વ્રતોને સૂચવનાર તારી પાસે અમારૂં [3]રજોહરણ છે તે પાછું સોંપી જવા સારૂં તું એક વખત મારી પાસે પાછો આવીશ એટલું વચન તું મને આપ.” મનમાં અત્યંત દુઃખપૂર્વક આ પ્રમાણે બોલીને ગુરૂમહારાજ મૌન ધારણ કરી રહ્યા. **૧૦૨-૭.** પોતાના બન્ને કાનની આડા હાથ દઇને સિદ્ધ બોલ્યા “અરે પાપ શાંત થઇ જાઓ! અપમંગળ દૂર થાઓ! આવો (આપે કહ્યો તેવો) કરેલ ગુણને ન જાણનારો તે કોણ હોય? જેણે પોતાની જ્ઞાનમય આંખો[4] ઉઘાડી તે ધૂમાડા જેવી પારકી વાણીથી તે વળી કાંઇ બગાડે ખરો? કોઇ રાજીખુશીથી તેને ખરાબ કરે ખરો? અને મારા નાથ! આપશ્રી છેલ્લું વચન શું બોલ્યા? મારે માટે કેમ બોલ્યા? કયો કુળવાન માણસ પોતાની ગુરૂપરંપરાનો ક્રમ છોડી દે તજી દે? (છતાં) ધત્તૂરાના[5] ઉપયોગથી જેમ માણસ ગાંડો થઇ ભ્રમમાં પડી જાય છે તેમ મારૂં મન પણ ભમી જાય, ઘેરાઇ જાય તો પણ આપસાહેબનો હુકમ હું ચોક્કસ ઉઠાવીશ, અમલમાં જરૂર મૂકીશ.” **૧૦૮-૧૧** (મેં એમ સાંભળ્યું છે કે બૌદ્ધોનાં શાસ્ત્રો ભણવામાં ઘણાં મુશ્કેલ છે, તો એ રાજમાર્ગે મારી બુદ્ધિનું પ્રમાણ હું મેળવીશ.)[6] ઉપર પ્રમાણે જવાબ આપીને સિદ્ધે ગુરૂમહારાજને નમ-

---

૧ **હેત્વાભાસો.** હેતુ જેવા દેખાય તે. વિગત માટે માટે જુઓ સદર પરિશિષ્ટ પૃષ્ઠ. ૧૩૬૭.

૨ **અવલેપ.** નો અર્થ લેપ, ગર્વ થાય છે. આગ્રહ પણ યોગ્ય લાગે.

૩ **રજોહરણ.** સાધુ ઓઘો રાખે તે આનો અર્થ તેઓ broom કરે છે, વાંચનારને તેથી ઝાડુ એવો ખ્યાલ થાય છે જ્યારે એ પ્રોફેસરો ઓઘો જુએ છે ત્યારે આશ્ચર્યચકિત થાય છે. જૈન સાધુનું આ રજોહરણ ખાસ જોવા યોગ્ય છે.

૪ આંખો ઉઘાડી તે ધૂમાડાથી આવી જાય, બાબડી જાય, અંધ થઇ જાય. પરોક્તિ—પારકાના હેત્વાભાસને અત્ર ધૂમ સાથે સરખાવ્યા છે.

૫ **ધત્તુરો** ફેકી છે, પીવાથી કે ખાવાથી માણસને થોડા વખત માટે ગાંડો બનાવી દે છે, તેની અસર દરમ્યાન પ્રાણી પોતાના મનપરનો અને શરીરપરનો કાબુ ખોઇ બેસે છે.

૬ આ શ્લોક ઘણી પ્રતોમાં નથી. મને તે છાપેલી પ્રતમાંથી મળ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્કાર કર્યો અને પોતાની ઇચ્છા હતી તે પ્રમાણે કોઇ ન ઓળખે તેવો વેશ[1] લઇને **મહાબોધ** નામના બૌદ્ધોના નગરે પોતે ગયા. ૧૧૨. અત્યંત તીવ્ર બુદ્ધિવાળા એણે (સિદ્ધે) અભ્યાસ કરવા માંડ્યો એટલે બહુ થોડી મહેનતે જે શાસ્ત્રો મોટા મોટા વિદ્વાનોને પણ સમજવા મુશ્કેલ પડે તે એણે તૈયાર કરી લીધા જે હકીકતથી તેઓને (બૌદ્ધ લોકોને) ઘણી નવાઇ લાગી. ૧૧૩. તેને પોતાના વર્ગમાં દાખલ કરવાનો તેઓનો પ્રપંચ પણ ભારે ઊંડો અને આકરો હતો. અંધકારમાં અજવાળું કરનાર રત્નને પ્રાપ્ત કરીને કોણ એવો હોય કે જે મધ્યસ્થ ભાવ ધારણ કરીને મુંગો બેસી રહે? ૧૧૪. તેને ઊંચી પાયરીએ ચડાવવાનાં અને તેનો લોભ (ambition) વધારે તેવાં વચનોનાં પ્રપંચથી માયાજાળથી જેમ માછીમારો માછલાંઓને પાણીમાંથી બહાર આવવા લલચાવે તેમ તેઓએ તેને લાલચમાં નાખ્યો. ૧૧૫. ધીમે ધીમે તેની મનોવૃત્તિ એટલી બધી ભમી ગઇ કે તે જૈન માર્ગ તરફ તદ્દન ધ્યાન વગરનો થઇ ગયો અને તેની (બૌદ્ધ મતની) દીક્ષા તેણે અંગીકાર કરી. ૧૧૬. હવે એક વખત જ્યારે તેઓ (બૌદ્ધો) તેને (સિદ્ધને) ગુરૂના પદ પર સ્થાપન કરવા ઉદ્યુક્ત થયા ત્યારે તેણે કહ્યું કે "ખરેખર, મારે એક વખત મારા (પૂર્વના) ગુરૂમહારાજને જરૂર મળી આવવું જોઇએ કારણ કે એ પ્રમાણે કરવાનું મેં તેઓશ્રીની પાસે સ્વીકારેલું છે અને જે માણસ પોતાની લીધેલ પ્રતિજ્ઞા પાળનારો હોય તે પોતાના આપેલા વચનનો કેમ ત્યાગ કરી શકે? તેટલા માટે મને ત્યાં મોકલી આપો." ૧૧૭-૧૮. બૌદ્ધોના મતમાં પણ લીધેલ પ્રતિજ્ઞાને પાળવી તે ઘણું સારૂં છે એમ માનીને તેઓએ તેને (સિદ્ધને) મોકલી આપ્યો. તે પણ પોતાના અસલના ગુરૂમહારાજની પાસે આવી પહોંચ્યો. ૧૧૯. ઉપાશ્રયે આવી પહોંચતાં એણે પોતાના [2]ગુરૂમહારાજ (ગર્ગર્ષિ)ને સિંહાસનપર બેઠેલા જોયા એટલે પોતે બોલ્યા કે "આપ આટલા ઊંચે બેઠા છો તે સારૂં લાગતું નથી-" આ પ્રમાણે બોલીને સિદ્ધ મૌન રહ્યા[3] ૧૨૦. ગર્ગસ્વામીએ વિચાર કર્યો કે-ખરે-

---

૧ વેશ બદલવાનું કારણ એ કે બૌદ્ધ લોકોના વિદ્યાપીઠોમાં બૌદ્ધ સિવાય અન્યને દાખલ કરવામાં આવતા ન હોતા. (આ હકીકત પ્રો. જેકોબીના લક્ષ્યમાં આવી જણાતી નથી.)

૨ ગુરૂ મહારાજનું વ્યવહારકુશળપણું, નજરે જોવાથી નિર્ણય કરવાની શક્તિ, અભિમાન વૃત્તિનો ત્યાગ, શાસનની દાઝ અને સમયસૂચકતા જોવા યોગ્ય છે. આવા આચાર્યોના હાથમાં શાસનની લગામ શોભે.

૩ અથવા બીજો અર્થ એમ પણ થાય છે કે 'આપ તો ઊંચા સ્થાનકે જ સારા છો,-શોભો છો-'મતલબ આપ દૂરથીજ નમસ્કાર કરવા યોગ્ય છે. જુઓ ઉપર શ્લોક ૧૦૫.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

ખર, જે [1]ખરાબ શુકન અગાઉ થયા હતા તેનો આ [2]મુખભાગ (મોખરો-શરૂઆત) જણાય છે. મને ચોક્કસ લાગે છે કે તીર્થંકર મહારાજની વાણી કદિ પણ ઉલટી થતી નથી. ખોટી પડતી નથી. ખરેખર, આવો સારો શિષ્ય અને સારી રીતે તૈયાર થયેલો વિદ્વાન્ પારકા શાસ્ત્રમાં લોભાઇ-લલચાઇ ગયો તેથી મને એમ લાગે છે કે અમારા ગ્રહો જ નબળા છે. હવે તો કોઇ પણ ઉપાયે તેને બોધ કરવો જોઇએ, ઠેકાણે લાવવો જોઇએ અને તેમ કરવાથી તેને જો અમારા ભાગ્યને યોગે બોધ થઇ શકશે તો તે વાત બહુ સારી થશે. અત્યારે બહુ બોલવાથી શું? ૨૨૧-૨૩. ઉપર પ્રમાણે પોતાનાં મનમાં વિચાર કરીને ગુરૂમહારાજે સિદ્ધને પોતાના આસન ઉપર બેસાડ્યો અને તેને ચૈત્યવન્દન સૂત્ર ઉપર રચેલી (શ્રી હરિભદ્રસૂરિકૃત) [3]લલિતવિસ્તરા નામની ટીકા આપી અને બોલ્યા કે 'અમે જરા દેરાસરે નમસ્કાર (વંદન) કરી આવીએ ત્યાં સુધી તું (બેસ અને) આ ગ્રંથ જોઇ જા'-આ પ્રમાણે કહીને ગુરૂમહારાજ બહાર ગયા. ૧૨૪-૨૫. [4]મહાબુદ્ધિવાન્ સિદ્ધે ત્યાર પછી તે ગ્રંથ જોતાં વિચાર કર્યો કે અહો! વિચાર કર્યા વગર કેવા ખોટા કામનો મેં આદર કરી દીધો છે? મારા જેવો આવું વિચાર વગરનું કામ કરનાર તે બીજો કોણ હોય? પોતાના સ્વાર્થને હાનિ કરે તેવાં પારકા વચનોથી તે કોણ લેવાઇ જાય? કાચના કટકાથી રત્નને તે કોણ ખોઇ બેસે? ખરેખર, એ મહાન્ લક્ષ્મીમાન્ શ્રી હરિભદ્ર પ્રભુ મારા ખરેખરા ઉપકારી છે કે જેઓશ્રીએ મારે માટે જ એ ગ્રંથ પણ લખી રાખ્યો છે. ૧૨૬-૨૮. આચાર્ય હરિભદ્ર મારા ધર્મનો બોધ કરનાર ગુરૂ છે (ધર્મબોધકર છે)[5] અને પ્રથમ પ્રસ્તાવમાં એ વાત ભાવથી મેં દાખલ કરેલી છે. ૧૨૯. [6]'જેઓ-

---

૧ જુઓ ઉપર શ્લોક ૧૦૫.

૨ કુલ: એટલે ઘર, રહેઠાણુ અથવા મુખભાગ સમીચીન અર્થ છે.

૩ **લલિતવિસ્તરાવૃત્તિ** આ હરિભદ્રસૂરિનો ગ્રંથ છે. શેઠ દેવચંદ લાલભાઇ સીરીઝમાં પ્રગટ થયેલ છે. એના સંબંધમાં ઉપોદ્ઘાત જુઓ.

૪ ૧૨૬-૧૩૪ શ્લોકો સાથેજ છે પણ એ પ્રત્યેકના શબ્દાર્થપર ઘણી ટીકા કરવાની છે તેથી અથમાં તેની પ્રત્યેકની સંખ્યા જરૂર પ્રમાણે બતાવી છે.

૫ પ્રથમ પ્રસ્તાવના **ધર્મબોધકર** રસોડાપતિ. આમાં **ભાવથી** વિગેરે શબ્દોપર ઘણી ચર્ચા છે તે ઉપોદ્ઘાતમાં જુઓ.

૬ આ શ્લોક સાથે શ્રી સિદ્ધર્ષિના સમયની ઘણી ચર્ચા છે તે માટે ઉપોદ્ઘાત જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીએ ભવિષ્ય પ્રથમથી જાણીને મારે માટે ચૈત્યવન્દન સંબંધી **લલિતવિસ્તરા** નામની ટીકા રચી. ૧૩૦. જે **હરિભદ્રસૂરિએ** ખોટી વાસનાઓથી ભરપૂર ઝેર કાપી નાખીને મારે માટે સારી વાસનારૂપ અમૃત ન કલ્પી શકાય તેવી શક્તિથી કૃપાપૂર્વક શોધી કાઢ્યું તેઓશ્રીને નમસ્કાર થાઓ ૧૩૧. આવા દેખાવ માત્રથી શિષ્ય બનેલા મારા જેવાને ગુરૂમહારાજ શું કરશે? નિમિત્તજ્ઞાનથી એ પ્રમાણે બનવાનું જાણીને તેઓએ આ બ્હાને મારા ઉપર ઉપકાર કરવા માટે મને બોલાવ્યો જણાય છે. હવે તો તેઓનાં ચરણકમળની રજથી દરરોજ મારા માથાને પવિત્ર કરીશ (તેઓને દરરોજ પગે પડીશ). ગુરૂમહારાજ એવા ન હોય એમ બનેજ નહિ.[1] એ ગ્રંથથી મારા મનમાં તથાગત (બૌદ્ધ)ના મતે જે બુદ્ધિનો ભ્રમ ઉત્પન્ન કર્યો હતો તે ચાલ્યો ગયો છે; જેવી રીતે [2]કોદરા ઉપર મદનનો ભ્રમ થતો હોય તેને કોઇ પણ પ્રકારના હથિયારનો આઘાત લાગતા દૂર થઇ જાય છે તે પ્રમાણે. ૧૩૨-૩૪. સિદ્ધ ઉપર પ્રમાણે વિચાર કરતા હતા તે વખતે બહારના ભાગમાં ગુરૂમહારાજ આવ્યા અને તેમણે જ્યારે સિદ્ધને પુસ્તકની ઉપર એકાગ્રતાપૂર્વક વિચાર કરતાં જોયા ત્યારે પોતે રાજી થયા. ૧૩૫. 'નિઃસીહી'નો[3] શબ્દ મોટેથી સાંભળતાં જ નમ્ર ઉતાવળથી સિદ્ધ ઊભા થયા અને પ્રણામ કરીને તેઓશ્રીના બન્ને પગો પોતાના મસ્તકથી ઘસ્યા. ૧૩૬. પછી સિદ્ધ બોલ્યા 'પ્રભુ! મારા ઉપર આપશ્રીનો આટલો બધો [4]મોહ ક્યા કારણને લઇને છે? શું મારા જેવા અધમ પ્રાણીઓ પછવાડેથી (ભવિષ્યમાં) ચૈત્યો[5] કરાવશે! જે ખરાબ શિષ્યો હલી ગયેલા દાંતની પેઠે અરસ્પરસ

૧ તેઓ મારા ઉપર ઉપકાર કરનારા જ છે અને તેવા ન હોય તેમ સંભવે જ નહિ. 'છોરૂ કછોરૂ થાય તો પણ માવતર કમાવતર થતા નથી'–એવો ભાવ જણાય છે.

૨ **કોદરા.** એક જાતના જવના ફોતરા. ફોલવાથી અસલ માલ વગરના નીકળે. **મદન** એટલે અડદ. કોદરાનો દેખાવ અડદ જેવો લાગે પણ તેને કોઇ મુશળ કે ઘંટી લગાડે ત્યારે જણાય કે એ તો માત્ર ફોતરા જ છે, એ પ્રમાણે ઉક્ત ગ્રંથ વાંચતા મારી બુદ્ધિનો ભ્રમ દૂર થઇ ગયો.

૩ **નિઃસીહી.** સાધુ ઉપાશ્રય કે મંદિરમાં દાખલ થાય ત્યારે પ્રકટપણે નિઃ-સીહી (નૈષેધિકી) શબ્દ બોલે, બહાર જાય ત્યારે 'આવસ્સહી' બોલે–એવો આચાર છે. મંદિરપરત્વે તે નમસ્કાર અને અન્ય બાહ્ય વ્યાપારત્યાગ સૂચવે છે.

૪ **મોહ.** અહીં તેનો અર્થ 'પક્ષપાત' અથવા મૂર્છા બેસે છે.

૫ **ચૈત્ય.** સ્થૂભ, યાદગીરી અથવા દેવમંદિર. મતલબ શું મારા જેવા મોટાં કામો કરશે? શાસનની શોભા વધારશે! અથવા આપની યાદગીરી રાખશે? કહેવત છે કે 'કાં તો નર ભીંતડે અને કાં તો નર ગીતડે.' આનો ભાવ મને બેસે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળેલા ન હોય, દુઃખ્યા કરતા હોય, ફુટી જવાથી થતી વેદનાવડે હેરાન કરનારા હોય, સ્વાદ લેવામાં વિઘ્ન કરનારા હોય તે તો કાઢી નાખ્યા જ ભલા.[1] હે પ્રભુ! આપશ્રીએ મને મળવાને બ્હાને બોલાવ્યો હતો પણ ખરેખરી રીતે તો મને બોધ કરવા માટે જ બોલાવ્યો હતો; તેમજ વળી શ્રી હરિભદ્રસૂરિનો ગ્રંથ પણ (તે માટે જ) આપે મારા હાથમાં મૂક્યો. ખોટાં શાસ્ત્રોના સંબંધમાં મને જે ભ્રમ થયો હતો તે આપે ભાગી નાખ્યો. હવે આપશ્રીને વિજ્ઞપ્તિ કરૂંછું કે આ અધમ શિષ્યની પીઠ[2] ઉપર આપ હાથ મૂકો. મેં મહાપાપીએ દેવ અને ગુરૂની મહા અવજ્ઞા કરેલી છે, પણ હવે મારા ઉપર આપશ્રી કૃપા કરો અને મારી ભવિષ્યમાં દુર્ગતિ છેદાઇ જાય તેવું પ્રાયશ્ચિત મને આપો.' ૧૩૭–૪૧. કરૂણાના ભંડાર અને શરણાગતના આધાર પ્રભુ (ગુરૂ) જેમની આંખોમાંથી નીકળતાં આનંદનાં આંસુંથી ઉપરનો ચોળપટ્ટો (ઉપર ઓઢવાનું કપડું) ભીંજાઇ ગયો હતો તે [3]બોલ્યા–"ભાઇ! તું ખેદ કર મા! ખોટા સાચા તર્કના અભ્યાસથી મદમાં ચઢેલા અને તેથી મુંઝાઇ ગયેલા પીધેલ દારૂડીઆની પેઠે કોણ છેતરાતા નથી? વળી તું મને આપેલું વચન ભૂલી ગયો નહિ તેથી તું ધૂતાઇ ગયો હો એમ પણ હું માનતો નથી. તારા વિના બીજો કયો અભિમાનથી ઘેરાઇ ગયેલો માણસ પોતે આગાઉ આપેલું વચન યાદ રાખે–સંભારે? તેઓનો વેશ તેં ધારણ કર્યો એ તો તેઓના વિશ્વાસ (મેળવવા) માટે પણ સંભવે છે. બાકી આ બાબતમાં તારા મનમાં ઘણી ભ્રાંતિ થઇ આવી હોય–ટોળાણુ થઇ ગયું હોય એમ હું માનતો નથી. આ મોટા ગચ્છમાં સારી રીતે પ્રસિદ્ધિ પામેલા મહાન પ્રણેતાઓની વિશાળ બુદ્ધિને જણાવનારાં શાસ્ત્રોના મર્મો સમજી શકે એવો કયો તારા જેવો શિષ્ય છે? એ તો મારા મનમાં જ ખાલી ભ્રમ થયો હતો." ૧૪૨–૪૬. ઉપર પ્રમાણે કહીને ગુરૂમહારાજે તેને આનંદ કરાવ્યો, પછી ગુરૂમહારાજે તેને પ્રાયશ્ચિત્ત આપ્યું અને પોતાની [4]પાટઉપર તેની

---

૧ જે દાંત દુઃખ દેતા હોય, પીડા કરતા હોય, તેને તો કઢાવી નાખ્યા જ સારા. ભાવ બરાબર બેસતો આવે છે.

૨ પીઠ ઉપર હાથ હમેશા ઠપકો આપવાને અંગે દેવાય છે.

૩ ગુરૂમહારાજનો આખો જવાબ વ્યવહારકુશળપણું, સ્થીરીકરણ અને ઉગ્ર પ્રતિભાનો ખ્યાલ આપે છે. અન્ય કોઇ સાધારણ વ્યક્તિ ઠપકો આપત, આ તો બધી રીતે યોગ્ય શબ્દો વાપરી સ્થીર કરે છે.

૪ પાટ ઉપર સ્થાપના એટલે ગચ્છનાયકનું–પ્રવર્તકનું પદ અથવા ગચ્છનો ભાર તેને સોંપ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાપના કરી. ૧૪૭. પોતે ( ગુરૂમહારાજ ) તો [1]સર્વ સંગનો ત્યાગ કરી ઊંચી રંગભૂમિ છોડી દઇને પૂર્વ ઋષિઓની પેઠે ચર્યા કરવા માટે જંગલનો આશ્રય લીધો. ૧૪૮. અનેક ઉપસર્ગો સહન કરવાની બુદ્ધિથી તેઓશ્રી કોઇ વખત કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા હતા, કોઇ વખત આંખનો પલકારો માર્યા વગર [2]પડિમાનો અભ્યાસ કરતા હતા, કોઇ વખત પારણે લુખોસુંક્કો આહાર લેતા હતા, કોઇ વખત [3]માસખમણુ વિગેરે તપો કરીને કર્મ ખપાવતા હતા. આવી રીતે દુઃખે કરીને પાળી શકાય તેવું ચરિત્ર પાળીને એ મહાસુંદર બુદ્ધિવાળા પુરૂષ આયુષ્યને છેડે [4]અણુસણુ કરી સ્વર્ગે ગયા. ૧૪૯–૫૧. હવે અહીં વ્યાખાનકાર ( વ્યાખ્યાતૃ ) [5]સિદ્ધ સ્વર્ગસુધી પ્રસિદ્ધ થઇ ગયા. પંડિતપણામાં પોતાની જાતને પંડિત માનનાર પારકા શાસનવાળાને જીતનારા થયા. ૧૫૨. સૂર્યની પેઠે સારી રીતે આખા શાસનનો પોતાના પવિત્ર કાર્યોથી વિશેષ ઉદ્યોત કરીને એણે નિવૃત્તિ કુળને [6]નિવૃત્તિ ( નિરાંત ) કરી આપી. ૧૫૩. એણે અસંખ્ય તીર્થયાત્રાઓ કરી અને તે વડે ધર્મની પ્રભાવના કરી. સિદ્ધની વચનસિદ્ધિ ભારે જબરી હતી. ૧૫૪. (એ) શ્રી સુપ્રભદેવના નિર્મળ કુળમાં મુગટ જેવા અલંકાર તુલ્ય થયા. એ શ્રીમાન્ માઘ કવિવરની કુદરતી બુદ્ધિની પરિક્ષાના ભંડાર થયા. તેનું ચરિત્ર વિચારીને કોઇ પણ પ્રકારે કળિકાળના જોરથી જો ખરાબ ગ્રહ ( કુશાસ્ત્ર ) આદર્યો હોય અથવા તેની સંગત થઇ હોય તો અહો પ્રાણીઓ ! આ લોક પરલોકની સિદ્ધિને અર્થે તેને તજી દો. ૧૫૫. શ્રી ચંદ્રપ્રભસૂરિની પાટરૂપ સરોવરમાં હંસ જેવા શ્રી પ્રભાચંદ્રસૂરિ થયા. તેમણે શ્રીરામની લક્ષ્મી હૃદયમાં સ્થાપન કરી. મહાન્ પૂર્વાચાર્યોના ચરિત્ર રૂપ રોહણાચળ પર્વતમાં આ સિદ્ધર્ષિચરિત્ર નામનો ચૌદમો શૃંગ શ્રી પ્રદ્યુમ્ન મુનીશ્વરે રચ્યો. ૧૫૬.

શ્રી સિદ્ધર્ષિગણિનો પ્રબંધ સમાપ્ત.

---

૧ નિઃસંગભાવ. જેમા નિયંત્રણાદિ સર્વનો ત્યાગ કરી ધ્યાન થાય તે દશા. પૂર્વ ઋષિઓ જિનકલ્પ આચરતા હતા તે તો પંચમકાળમાં બંધ છે પણ તેની તુલના થઇ શકે છે. એ તુલના કેવી રીતે કરી તે આગળ બતાવે છે. સાધુની નવ પડિમાનોનો અત્ર ઉલ્લેખ છે.

૨ સાધુની **પડિમા.** આના સ્વરૂપ માટે જુઓ પ્રવચનસારોદ્ધાર ગ્રંથ.

૩ **માસખમણુ** એક માસના ઉપવાસ.

૪ **અણુસણુઃ** મરણ નિકટ જાણી બાહ્ય વસ્તુ કે ભોગનો ત્યાગ કરી નિયમો આદરી આનંદથી મરણ તૈયારી કરવી તે.

૫ જુઓ ઉપર શ્લોક ૯૭ મો.

૬ જુઓ શ્લોક ૮૫. આ નિર્વૃતિ શાખા છે તેને આનંદ ઉપજાવ્યો, તેને વિશેષ બહાર પાડી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com